4/25/2021

Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

14

# સરદાર વલ્લભભાઈ

## ભાગ પહેલો


નરહરિ દ્વા૦ પરીખ

REFERENCE BOOK
NOT TO BE ISSUED
REFERENCE BOOK
NOT TO BE ISSUED

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust




Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

# સરદાર વલ્લભભાઈ

## ભાગ પહેલો

REFERENCE BOOK
NOT TO BE ISSUED
REFERENCE BOOK
NOT TO BE ISSUED

લેખક

નરહરિ દ્વા૦ પરીખ

પ્રકાશક તરફથી ભેટ

નવજીવન

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021



મુદ્રક અને પ્રકાશક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, કાળુપુર, અમદાવાદ

14737

પહેલી આવૃત્તિ, પ્રત ૫,૦૦૦

W3(V2:5)Pat
PAR

સર્વ હક પ્રકાશક સંસ્થાને આધીન

1 OCT 1978

પાંચ રૂપિયા

ઑક્ટોબર, ૧૯૫૦

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

# નિવેદન

## ૧

હિંદમાં બ્રિટિશ હકૂમત શરૂ થયા પછી ૧૮૫૭ની સાલમાં તેની સામે લગભગ હિંદવ્યાપી કહી શકાય એવો પહેલો બળવો થયો. બ્રિટિશ અમલ ચલાવનારાઓએ તેને દાબી દીધો એટલું જ નહીં, હિંદમાં સ્થપાયેલા પોતાના અમલની સામે ફરી પડકાર થાય એવી સ્થિતિ સુધ્ધાં આપણે રહેવા દીધી નથી એમ એમણે નિરાંત અનુભવવા માંડી. પરંતુ કોઈ પણ પ્રજાની સ્વતંત્રતાની ઝંખના દાબી દબાતી નથી એ સત્યના પુરાવારૂપે ત્યાર પછી માત્ર દોઢ કે બે પેઢીના ગાળા બાદ ૧૮૮૫ની સાલમાં હિંદી રાષ્ટ્રીય મહાસભા એટલે કે કૉંગ્રેસની સ્થાપના થઈ. કૉંગ્રેસે પોતાની કારકિર્દીના આરંભથી જ પ્રજાની રાષ્ટ્રીયતાની ભાવનાને જગાડવાનું ને કેળવવાનું કામ શરૂ કર્યું. ત્યાર પછીના ઇતિહાસનું નિરીક્ષણ કરનાર સૌ કોઈ કબૂલ કરશે કે એ જાગૃતિ અને રાષ્ટ્રીયતાની ભાવનાની કેળવણીના ફળરૂપે આખરે આ દેશ પરથી પરદેશી હકૂમત ઊઠી ગઈ.

એ જ ઇતિહાસનું નિરીક્ષણ કરનારને બીજી એક હકીકત પણ ધ્યાનમાં આવ્યા વગર રહે એવી નથી. ગઈ સદીની આખરનાં પંદર અને ચાલુ સદીની શરૂઆતનાં બીજાં પંદર મળીને ત્રીસ વર્ષના ગાળા દરમિયાન થયેલા હિંદના પ્રજાજીવનના વિકાસની ગતિ અને પ્રકારમાં અને ત્યાર પછીનાં ૧૯૪૭ની સાલ સુધીનાં બત્રીસ વર્ષ દરમિયાન થયેલા વિકાસની ઝડપ અને પ્રકારમાં મોટો અને મૂળભૂત ફેરફાર દેખાઈ આવે છે. ૧૯૧૫ના આરંભમાં ગાંધીજીએ હિંદના રાષ્ટ્રીય જીવનમાં પ્રવેશ કરી અહીં સત્યાગ્રહની કાર્યપદ્ધતિ અમલમાં મૂકવા માંડી તેથી એ મોટો ફેરફાર થવા પામ્યો હતો.

આખા હિંદની વાત જવા દઈ અહીં ઘરઆંગણે ગુજરાતની વાત લઈએ તો એ ફેર વધારે સ્પષ્ટતાથી જોવાનો મળે છે. એક તો ગાંધીજીએ પોતાના વસવાટના સ્થાન માટે અમદાવાદને પસંદ કર્યું અને બીજું, ગુજરાતની ભૂમિને સત્યાગ્રહની કાર્યપદ્ધતિના અમલને માટે પસંદગી આપી ગુજરાતની પ્રજાને સત્યાગ્રહને માર્ગે વાળી તેથી એ ફરક ઉપર ઉપરથી જોનારને પણ અહીં વરતાયા વિના રહેતો નથી.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021





એ ફેર અહીં ગુજરાતમાં ચોખ્ખો જોવાનો મળે છે તેનું બીજું પણ એક મહત્ત્વનું કારણ છે. ગાંધીજીની કાર્યપદ્ધતિનું અસરકારકપણું જોઈ પોતાના પ્રાંતની પ્રજાની જાગૃતિ, કેળવણી તેમ જ તેના ઘડતરને માટે તેને અપનાવનારા સમર્થ આગેવાનો ગાંધીજીને હરેકેહરેક પ્રાંતમાંથી આવી મળ્યા. ગુજરાતને સદ્‌ભાગ્યે સત્યાગ્રહની કાર્યપદ્ધતિ વિષેની દૃઢ નિષ્ઠાવાળો, શિષ્યને છાજે એવી નમ્રતાથી એ પદ્ધતિ તેના પ્રણેતા પાસેથી બરાબર શીખી તેનો અમલ કરવાની વૃત્તિવાળો અને એ પદ્ધતિના અમલને માટે જરૂરી કુનેહ, બાહોશી અને વ્યવસ્થાશક્તિવાળો બિલકુલ નીડર અને અત્યંત તેજસ્વી આગેવાન પણ ગાંધીજીને ગુજરાતમાં મળી ગયો. પણ બીજા પ્રાંતોમાંથી ગાંધીજીને આવી મળેલા આગેવાનો વચ્ચે અને સરદાર વલ્લભભાઈ પટેલ વચ્ચે એક મોટો ફેર હતો. તેમણે અંગ્રેજી ને બૅરિસ્ટરીની કેળવણી લીધી હતી અને બૅરિસ્ટરી કરી હતી ખરી પણ તેમનું હાડ ખેડૂતનું છે. ગુજરાતનાં ગામડાંના જીવનનો તેમને બાળપણથી અનુભવ હતો. બલ્કે તેઓ શહેરમાં નહીં પણ પોતાના વતનના ગામડામાં મોટા થયા હતા.

જે એ ગાળાની પ્રજાજાગૃતિના વેગ ને પ્રકારમાં મોટો ફેર હોવાની વાત મેં કરી છે તેમાંનાં પાછલાં બત્રીસ વર્ષના ગાળામાં થયેલી ગુજરાતી બોલનારી પ્રજાની જાગૃતિ અને તેના ઘડતરની કથા જેવી અદ્‌ભુત છે તેવી જ સત્યાગ્રહની કાર્યપદ્ધતિ તેમ જ ગુજરાતના પ્રજાકીય જીવનના વિકાસ ને કાર્યપદ્ધતિ સમજવા માગનારને માટે બારીકાઈથી અભ્યાસ કરવા જેવી છે. આ સદીની શરૂઆતનાં વર્ષોમાં થયેલી એ જાગૃતિ નિર્માણ કરનારાં બળોનો ભાવિ પેઢીઓને પરિચય થાય તેટલા ખાતર પણ એ ઇતિહાસ સંઘરી રાખવાની જરૂર છે. એ ગાળાના પ્રજાજીવનના વિકાસનો સાંગોપાંગ ઇતિહાસ તો જ્યારે લખાય ત્યારે ખરો; એ ઘડતરમાં ભાગ લેનાર પ્રમુખ વ્યક્તિઓનાં ભાષણો, લખાણો ને ચરિત્રોમાંથી પણ એ બળોનો ખ્યાલ આવી શકે તેમ છે.

ગાંધીજીનાં ભાષણો ને લખાણો વ્યવસ્થિત રીતે સંઘરી બહાર પાડવાનું કામ નવજીવન સંસ્થા વર્ષોથી કરે છે. તેમનું સાંગોપાંગ ચરિત્ર લખવાનું કાર્ય પણ નવજીવન તરફથી ભાઈ પ્યારેલાલે હાથ પર લીધું છે. આ જ આશયથી સરદાર વલ્લભભાઈ પટેલનાં ભાષણોના સંગ્રહનો એક ભાગ નવજીવને ગયે વરસે બહાર પાડ્યો છે. તેની સાથે એમનું જીવનચરિત ગુજરાતની પ્રજાની આગળ મૂકવાની મને ખૂબ ઉત્કંઠા હતી. એ માટે સામગ્રી પણ મેં બને ત્યાંથી એકઠી કરી રાખી હતી. પણ એ સામગ્રીને વ્યવસ્થિત ગોઠવી ને બીજી ઘટતી મેળવી એમાંથી સરદારના ચરિત્રનું પુસ્તક તૈયાર કરી આપવાનું શ્રી નરહરિભાઈએ હોંસથી માથે લીધું ત્યાં સુધી મારી એ ઇચ્છા પાર પડી નહોતી. આજે એ અમુક

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021



અંશે પાર પડી છે ને સરદાર વલ્લભભાઈના ચરિત્રનો પૂર્વભાગ ગુજરાતી પ્રજાની આગળ રજૂ કરતાં મને આનંદ થાય છે.

૨

સરદાર વલ્લભભાઈ ઝવેરભાઈ પટેલના ચરિત્રની આજની તેમ જ હિંદની ભાવિ પ્રજાને બીજી એક દૃષ્ટિથી પણ જરૂર છે. પંડિત જવાહરલાલે એક ઠેકાણે કહ્યું છે કે જે લોકોએ ગાંધીજીની સાથે રહીને કામ કર્યું છે તે સિવાયના બીજાને માટે અને ભાવિની પ્રજાને માટે ગાંધીજી એક પૌરાણિક કથાના પાત્ર જેવી વ્યક્તિ બની ગયા છે. ગાંધીજી વિષે પંડિત નેહરુએ કહેલી આ વાત તેમની સાથે રહી હિંદની પ્રજાનું ઘડતર કરનાર તથા હિંદની આઝાદીની લડતમાં આગળપડતો ભાગ લેનાર તેમના સાથીઓમાંના ખુદ પંડિત નેહરુ, સરદાર વલ્લભભાઈ, રાજેન્દ્રપ્રસાદ ને ચક્રવર્તી રાજગોપાલાચાર્ય જેવા પુરુષોની બાબતમાં પણ અમુક અંશે સાચી છે. એથી આ સમર્થ, પ્રભાવશાળી તેમ જ પોતાના જમાનાના ઇતિહાસ પર છાપ મૂકી જનારા બધા પુરુષોનો સાચો પરિચય આપનારાં ચરિત્રો લખાય એ ભાવિ પ્રજાની કેળવણીની દૃષ્ટિથી જરૂરી છે. એમાંના ગાંધીજી, પંડિત જવાહરલાલ, રાજેન્દ્રબાબુ વગેરેએ પોતાનાં લખાણો અને આત્મકથાઓ આપણને આપ્યાં છે. એક સરદાર વલ્લભભાઈ એમાંના એવા પુરુષ છે જેમનાં ખાસ કાંઈ લખાણો આપણી પાસે નથી અને પોતાના મિત્રો આગળ પ્રસંગોપાત્ત એમણે પોતાના જીવનની કાંઈક વાત કરી હશે તે સિવાય બીજું આત્મકથા જેવું એમની પાસેથી આપણને કશું મળ્યું નથી. આથી એમની હયાતી દરમિયાન એમની આંખ તળેથી પસાર થયેલું એમનું ચરિત્ર લખાય એ બહુ જરૂરનું હતું.

વળી, રાજકારણના ક્ષેત્રમાં નીડરતાથી પોતાનો પક્ષ રજૂ કરનાર, ઢીલા લોકોને પોતાના આગ્રહથી તેમ જ પ્રેમથી કાબૂમાં રાખી સીધે રસ્તે દોરનાર અને અનેક વિરોધીને માત કરનાર આ પુરુષને વિષે સાચી ખોટી અનેક વાતો પણ પ્રચલિત થયેલી છે. તે પરથી સરદાર પટેલનું જે ભ્રામક ચિત્ર લોકમાનસમાં ઊઠે છે તેને સ્થાને તેમના સ્વભાવનું ને ચારિત્ર્યનું સાચું ચિત્ર પ્રજાને મળવું જોઈએ.

ઘણા લોકો માને છે ને સમજે છે કે સરદાર પટેલે રાજકારણના ક્ષેત્રમાં સફળતા ને સિદ્ધિ પોતાના આપખુદ જોહુકમીવાળા સ્વભાવથી અને સામાને માત કરવાને તરેહ તરેહના પેંતરા રચવાની કુશળતાથી મેળવી છે. એને અંગે તરેહ તરેહની વાતો પણ લોકોમાં ફેલાયેલી છે ને ફેલાયા કરે છે. સરદાર પટેલનું આ ચિત્ર કેટલું ખોટું છે અને રાજકારણના ક્ષેત્રમાં એમણે મેળવેલી સફળતા અને પ્રજાના હૃદયમાં એમણે મેળવેલું સ્થાન પ્રજાના હિતને માટે

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો



એમણે આદરેલી કેવી સાધનાને આભારી છે તે આ ચરિત્રનાં પ્રકરણો સ્પષ્ટ કરે છે.

બીજી એક માન્યતા એવી ફેલાયેલી છે કે સરદાર પટેલ સત્યાગ્રહના સિદ્ધાંતનો કક્કોયે સમજતા નથી ને સમજવા માગતા નથી. ગાંધીજી હિંદમાં આવ્યા તે પછી આ દેશની પ્રજાને ધર્મની વાતોથી ઊંધે રસ્તે ચડાવનાર સાધુઓની જમાતમાંના જ આ કોઈક છે એવી સાશંક દૃષ્ટિથી શરૂઆતમાં ગાંધીજી તરફ જોનાર, પણ પાછળથી એ પુરુષની વાણીમાંથી સત્યનો ને અભયનો રણકાર ઊઠે છે એ જોતાંવેંત તેમની સાથે તેમનાં કામોમાં નમ્રભાવે જોડાઈ તેમણે આપેલા પાઠો ધીરજથી વર્ષો સુધી પચાવનાર, તેમની ઇચ્છા ને આદેશોનું ચીવટથી પાલન કરનાર અને સત્યાગ્રહનો મોટાં મોટાં પ્રજાકીય હિતનાં ક્ષેત્રોમાં અમલ કરી બતાવનાર આ સમર્થ લોકનાયકની સત્યાગ્રહની સમજ કેટલી ઊંડી છે તે પણ આ ચરિત્રમાંથી જોવાનુ મળે છે.

સરદાર પટેલનાં ભાષણો પરથી તેમના ચારિત્ર્યનાં કેટલાંક લક્ષણો તેમની શૈલી દ્વારા પ્રગટ થાય છે. ખાસ કરીને અન્યાયની ચીડ અને હિંદના નરમ પ્રકૃતિના ખેડૂતને માટેની તેમની ઊંડી લાગણી તેમનાં ભાષણોમાંથી જોવાનાં મળે છે. પણ પ્રજાને સંગઠિત કરવાને માટે જરૂરી વ્યવસ્થાશક્તિ, ઘણા લોકોને સાથે રાખી તેમની પાસે ધારેલું કામ પાર પડાવવા ને તેમને એકઠા રાખવાને જરૂરી બાહોશી અને પ્રેમ, દુ:ખી અને સંકટમાં આવી પડેલાંઓની મદદે દોડી જવાની તાલાવેલી, કોઈ પણ મુદ્દાને પકડી તેનો પાર કાઢવાને જરૂરી તીક્ષ્ણ વિચક્ષણ બુદ્ધિ અને એવાં બીજાં સરદાર પટેલમાં રહેલાં લોકનાયકનાં આવશ્યક લક્ષણો આ ચરિત્ર વિના આપણને જોવા કે સમજવાનાં ન મળત.

મોટાં વહીવટી તંત્રો ઊભાં કરવાની, તેમના પર કાબૂ રાખવાની અને તેમને સીધે રસ્તે દોરવાની હથોટી આજના જમાનામાં અત્યંત જરૂરી છે. સરદાર પટેલમાં એ કામો પાર પાડવાની શકિત બીજરૂપે પહેલેથી જ હતી એ હકીકત પણ આ ચરિત્રમાંથી આપણને બરાબર જોવાની મળે છે.

પરંતુ એ સૌથીયે વધારે એમનામાં રહેલી તત્ત્વનિષ્ઠા, ગાંધીજી તરફની વફાદારી અને સ્વરાજની પ્રાપ્તિને માટે પ્રજાને લડતોને રસ્તે કેળવી તાકાતવાળી બનાવવાની આકાંક્ષાનું દર્શન આ પ્રકરણો આપણને સ્પષ્ટપણે કરાવે છે.

આ પ્રકરણો વાંચી જનાર સૌ કોઈ જોઈ શકશે કે સરદાર પટેલમાં સૂતી પડેલી બીજરૂપ શક્તિઓને જગાડી પ્રજાની કેળવણીને તેમ જ સેવાને માર્ગે વાળનાર ગાંધીજી છે એમ સરદાર પોતે અનેક સ્થળોએ સ્વીકારે છે. પરંતુ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



એના કરતાંયે આ પ્રકરણો પરથી જે હકીકત જાણવાની મળે છે તે એ છે કે ગાંધીજીને માર્ગે પ્રજાને ઘડવાને જરૂરી સાધના સરદાર પટેલે ખૂબ ચીવટથી, ધીરજથી અને ખંતથી વર્ષો સુધી કરી હતી. આ પુસ્તકમાં એક રીતે કહીએ તો એ સાધનાના કાળની વિગતો જ આવી છે. એ સાધના મારફતે સરદારે જે જે શક્તિ કેળવી તેનો લાભ હિંદની પ્રજાને કેવી રીતે મળ્યો અને દેશની સ્વતંત્રતાની લડત પાર પાડવામાં ને તે પાર પડ્યા પછી વસમા વખતમાં દેશનું સુકાન ધીરજ તેમ જ દૃઢતાથી સંભાળી આજે તે શક્તિઓનો તેઓ કેવો ઉપયોગ કરે છે તેની વિગતો હવે પછી પ્રગટ થનારા આ ચરિત્રના ઉત્તર ભાગમાં આવશે. એ ભાગ પૂરો કરી આપવાનું નરહરિભાઈએ માથે લીધેલું છે એ જાણીને વાચકો રાજી થશે.

બીજી એકબે વાતો પણ અહીં નોંધી લેવી જોઈએ. સરદારને વિષે એક એવી માન્યતા પ્રચલિત છે કે રચનાત્મક કાર્યક્રમને વિષે એઓ કશું સમજતા નથી ને તેની એમને કશી પડી નથી. પ્રજાને કેળવવાને કેવાં કેવાં રચનાત્મક કામો કરવાનાં રહે છે તેનો ખ્યાલ ઝાઝા લોકોને હોતો નથી. પરંતુ ગાંધીજીની સાથે જોડાયા પછી સરદારે રાષ્ટ્રીય કેળવણીના ક્ષેત્રમાં સરકાર સામે પાર પાડેલાં કામો, ખાદીના ક્ષેત્રમાં કરેલાં કામો, રેલસંકટ પછી ફરી વ્યવસ્થા ઊભી કરવાને સમે કરેલાં કામો, ગૂજરાત વિદ્યાપીઠના ઘડતર અને સંગોપનમાં બતાવેલી કાળજી, અમદાવાદ શહેરના વિકાસને માટે મ્યુનિસિપાલિટી મારફતે કરેલો શ્રમ, એ બધાં પરથી રચનાનાં કાર્યો વિષે સરદારનો કેવો આગ્રહ અને મમતા છે એનો ચોખ્ખો ખ્યાલ મળી રહે છે.

બીજું સરદારને વિષે એમ મનાય છે કે એમને કુટુંબજીવન જેવું કશું નહોતું ને નથી, ને એ બાબતની લાગણી પણ નથી. એક રીતે રાષ્ટ્રના કાર્યમાં પડ્યા પછી સરદાર પટેલે અંગત જીવનની, કુટુંબ જીવનની અને એવી બીજી જંજાળ વધારેપડતી રાખી નથી એ સાચું છે. રાષ્ટ્રની સેવાની ફરજ માથે લીધા પછી છેક સંન્યાસીની માફક નહીં તોયે તપસ્વીની માફક એમણે પોતાનું જીવન વીતાવ્યું છે એમ પણ આ પ્રકરણો પરથી જણાય છે. પરંતુ શરૂઆતનાં પ્રકરણોમાં આપવામાં આવેલી કુટુંબજીવનની વિગતો પરથી અને ‘ગૃહજીવનમાં ડોકિયું’ એ સ્વતંત્ર પ્રકરણ પરથી સરદારને પોતાનાં નિકટનાં સગાં અને પોતાનાં બાળકો માટે કેવો ઊંડો પ્રેમ હતો ને તેમની સેવા કરવાને તે હમેશ કેટલું કરતા રહેતા એ સાફ દેખાય છે. પોતાની ઉત્કટ લાગણીઓને ઊંડાણમાં સંઘરી રાખવાની ને એ વિષે કદી ઝાઝું ન બોલવાની પ્રકૃતિમાંથી ઊભી થયેલી સરદાર વિષેની આ ખોટી સમજ પણ આ ચરિત્રનાં પ્રકરણોથી દૂર થાય છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021





૩

નવજીવન સંસ્થાના કાર્યને અંગે મારું ગાંધીજી, સરદાર અને મહાદેવભાઈ તેમ જ બીજા મુરબ્બીઓ સાથે સંબંધમાં આવવાનું થયું. સંસ્થા સાથેના અને તેના કામની સાથેના મારા સંબંધને લીધે મારો એ સૌ સાથે નિકટનો સંબંધ બંધાયો છે. પરંતુ એ બધામાંથી ઉપર ગણાવેલ ત્રણની સાથે કેવળ કામને અંગેના સંબંધ ઉપરાંત અંગત મમતાનો સંબંધ પણ કેળવાયો છે. એ ત્રણે પ્રત્યેનું મારું ઋણ અદા કરવામાં એ ત્રણનાં ચરિત્રો આપવાની નવજીવન સંસ્થા ઉપરાંત મારી અંગત જવાબદારી હું માનતો આવ્યો છું. તેથી ‘મહાદેવભાઈના પૂર્વચરિત’ની માફક આ ચરિત્રના પ્રકાશનને અંગે કેવળ પ્રકાશકનું ઔપચારિક નિવેદન કરવાને બદલે આ અંગત નિવેદન કરવાની મેં છૂટ લીધી છે.

સરદાર વલ્લભભાઈ પટેલને માટે ગુજરાતી બોલનારી પ્રજાને ઊંડો પ્રેમ છે. તેની સાથે હિંદની બીજી બોલીઓ બોલનારી પ્રજાઓ પણ તેમના પર પ્રેમ રાખે ને તેમનું ચરિત્ર જાણવાને ઇચ્છે એ કુદરતી છે. એ વાત લક્ષમાં રાખી આ ચરિત્રના હિંદીમાં ને હિંદની બીજી ભાષાઓમાં અનુવાદો કરાવવાનું ઠરાવેલું છે એટલું જણાવી આ અંગત અને પ્રમાણમાં વિસ્તૃત નિવેદન હું પૂરું કરું છું.

અમદાવાદ, ૧૦–૧૦–’૫૦ — જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021

# પ્રસ્તાવના

સરદાર એક વખત બોલેલા : "મેં તો ધારેલું કે બાપુના જીવનચરિત્રની સાથે મહાદેવ આપણું પણ જીવનચરિત્ર લખશે. તેણે બધી નોંધો કરી રાખેલી છે અને બધા પ્રસંગોમાં તે હાજર અને ઓતપ્રોત હોવાથી તેની પાસે રજેરજ વિગતની માહિતી છે. પણ ઈશ્વરની કળા અકળ છે." આ જીવનચરિત્ર લખવાની પરિપૂર્ણ યોગ્યતા મહાદેવભાઈની જ હતી. તેઓનું અધૂરું છોડેલું કામ મારાથી થઈ શકે તેવું હોય તો યથાશક્તિ આગળ ચલાવવું એ લાગણીથી આ કામ હાથમાં લેવાનું મેં સાહસ કર્યું છે. પણ તેમની અદ્‌ભુત સાહિત્યિક કળા અને મો઼ક શૈલી હું ક્યાંથી લાવું ? મારામાં એ વસ્તુ નથી એની મને બરાબર ખબર છે. તેથી જ, જેને જીવનચરિત્ર કહી શકાય, જેમાં ચરિત્રનાયકના જીવનનું, ચાલુ જમાના ઉપર પડેલી અને ભવિષ્યના જમાના ઉપર પડનારી તેની અસરોનું યોગ્ય મૂલ્યાંકન કરેલું હોય, એવું કશું કરવાનો મેં પ્રયત્ન નથી કર્યો. મેં તો સરદારના જીવનચરિત્ર માટે જે સામગ્રી મને મળી તે મને આવડી તેવી રીતે ગોઠવીને રજૂ કરી છે અને એમના જીવનના મુખ્ય મુખ્ય પ્રસંગોનું વર્ણન કર્યું છે. મારો આ સંગ્રહ સાહિત્યિક શક્તિવાળા સમર્થ ચરિત્રકારને કામમાં આવે તો મારા પ્રયત્નને હું સાર્થક માનીશ.

અને આવું આ કામ કરવાનો પણ મને ખ્યાલ નહીં આવેલો. પણ ૧૯૪૫માં જેલમાંથી બહાર આવ્યા પછી મણિબહેન મને કહ્યાં જ કરતાં હતાં કે બાપુ (સરદાર) નું જીવનચરિત્ર કોણ લખશે ? તમારે જ એ કામ કરવું જોઈએ. મહાદેવભાઈ હોત તો તો એ કરત. પણ એ તો ગયા. હું કહેતો કે એવું લખવાની મારામાં કળા ક્યાં છે ? તેના જવાબમાં એ કહેતાં કે જેવું લખી શકો એવું પણ તમારે જ લખવું જોઈએ. મારી પાસે બધી ફાઈલો પડેલી છે પણ આપણા અંગત મંડળના પૂરેપૂરા વિશ્વાસુ માણસ સિવાય એ હું કોને આપું ? આમ તેમના લાગટ આગ્રહને વશ થઈ મેં હા પાડી. અને મણિબહેને પોતાની પાસે જેટલી સામગ્રી હતી તે બધી મને સોંપી દીધી, એટલે સુધી કે પોતાની ડાયરીઓ જેમાં તેમની અંગત અને ખાનગી ગણાય એવી બાબતો લખેલી છે તે પણ મારા માગ્યા વિના મને આપી. આ કામ હાથ ધરવામાં મને વધારેમાં વધારે આગ્રહ અને મોટામાં મોટી પ્રેરણા મણિબહેનની છે.



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો



સરદારનો મારી ઉપરનો વિશ્વાસ અને પ્રેમ એ પણ આ પુસ્તક લખવાનું સ્વીકારવામાં મોટું કારણ છે. સરદાર મને એ વખતે ન ઓળખતા હોય પણ હું એમને ૧૯૧૪થી ઓળખતો. ત્યાર પછી વકીલાતના કામને અંગે એકએક વાર એમના પ્રસંગમાં આવવાનું બનેલું. પછી ૧૯૧૭માં હું આશ્રમમાં દાખલ થયો અને એ પણ ગાંધીજીના સમાગમમાં આવ્યા ત્યારથી તેઓ હમેશાં મને એક નાના ભાઈ તરીકે ગણતા આવ્યા છે. આ તેત્રીસ વરસના તેમના નિકટ પરિચયમાં તેમના એક વિશ્વાસુ સાથી તરીકે કામ કરવાનો લહાવો મને બહુ મળ્યો છે. તેમાં કોઈ કોઈ વાર તેમને દૂભવ્યાના પણ પ્રસંગો બન્યા છે. તેમની વાત હું બરાબર ન સમજી શક્યો હોઉં તે કારણે, અથવા મારી ભિન્ન માન્યતાને લીધે ન સ્વીકારી શક્યો હોઉં તે કારણે તેમનું કહ્યું મેં નથી માન્યું એવું કોઈ કોઈ વાર બન્યું છે. પણ તેથી મારા પ્રત્યેના મમત્વમાં અને પ્રેમભાવમાં તેમણે રજ પણ ન્યૂનતા આણી નથી. એમને બરાબર ન ઓળખી શક્યા હોય એવા માણસોમાં એવી એક માન્યતા પ્રચલિત છે કે જે એમનો વિરોધ કરે એને જડમૂળથી ઉખેડી નાખવાનો એમનો સ્વભાવ છે. મને એમ જણાયું છે કે કોઈ માણસ દેશને નુકસાન થાય એવી પ્રવૃત્તિ કરતો હોય અથવા સેવાને નામે પોતાનો સ્વાર્થ સાધવાની પેરવી કરતો હોય તો તેનું તેઓ ચાલવા ન દે અથવા તેને ફાવવા પણ ન દે એ ખરું; પણ કોઈ માણસ પ્રમાણિકપણે એમનાથી ભિન્ન મત ધરાવે અને તે પ્રમાણે પોતાની પ્રવૃત્તિ ચલાવે, એની કશી હાડછેડ તેઓ કરતા નથી પણ તેની કદર કરે છે.

સરદાર લોખંડી પુરુષ કહેવાય છે. જાહેર કામકાજમાં પોતાના વિરોધી અથવા તો પોતાના પક્ષમાં પેસી ગયેલા ખોટા માણસોને માટે એ લોખંડી પુરુષ કદાચ ગણાય, પણ અંગત સંબંધો અને વ્યવહારોમાં તો મેં એમને એટલી નરમાશવાળા અને ‘હશે, જતું કરો’ એવી ઉપેક્ષાવૃત્તિવાળા જોયા છે કે એમના લોખંડીપણા વિષે શંકા ઉત્પન્ન થાય. જાહેર જીવનમાં એ વજ્રથી પણ કઠોર થઈ શકે છે, પણ અંગત અથવા ખાનગી સંબંધોમાં તો કુસુમ કરતાં પણ મૃદુ છે. માત્ર પોતાની અંદર રહેલા મૃદુપણાનો બાહ્ય દેખાડો તેઓ નથી કરતા તેને લીધે ઉપલક જોનાર માણસો એ પારખી ન શકે એવું બને છે ખરું.

જેને પોતાનો ગણ્યો એના પ્રત્યે એમની મમત્વની લાગણી બહુ ભારે છે. તેના સુખદુઃખમાં ભાગ લેવા અને એની મુશ્કેલીઓમાં મદદ કરવા તેઓ હંમેશાં તત્પર રહે છે. માણસને તેના પગલા ઉપરથી તેઓ પારખી લે છે, ખોટા માણસને ચાળી કાઢે છે, પણ પસંદ કરેલા માણસોમાંથી કોને કયું કામ સોંપી શકાય એ તેઓ બરાબર જાણે છે, અને એ પ્રમાણે તેની પાસેથી કામ લે છે. માણસની પસંદગી કરતી વખતે તેઓ પાકો વિચાર

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



કરી લે છે, પણ એક વાર કામ સોંપ્યા પછી તેના ઉપર પૂરો ભરોસો મૂકે છે, તેના કામમાં કશી દખલ કરતા નથી અને તેને જેટલી જોઈએ તેટલી મદદ મોકળે મને અને છુટ્ટે હાથે આપે છે, એ હું સ્વાનુભવ ઉપરથી કહું છું. આને લીધે આખા દેશમાં એક ગાંધીજીને બાદ કરીએ તો બીજા કોઈ પણ નેતા કરતાં તેમની પાસે વફાદાર કાર્યકર્તાઓ અને સાથીઓનું મોટામાં મોટું જૂથ છે. ગાંધીજી સેનાપતિ હોવા ઉપરાંત સ્વભાવે આદર્શ શિક્ષક હોઈ તેઓ જ્યાં ગયા ત્યાં તેમણે સાથીઓને ઘડીને તૈયાર કર્યા છે. જ્યારે સરદાર શિક્ષક નથી, કેવળ સેનાપતિ છે. પોતાના લશ્કર માટે તેમણે નવા માણસોને ઘડીને તૈયાર કર્યા નથી અથવા જે મળ્યા તેમને વિશેષ ઘડવાનો પ્રયત્ન કર્યો નથી, પણ માણસમાં જેટલી શક્તિ હોય તેનો પૂરેપૂરો ઉપયોગ કર્યો છે. હા, માણસને પોતાની મેળે આગળ વધવું હોય અને તેનામાં શક્તિ હોય તો સરદારની પાસે બધી છૂટ, તકો અને મદદ તેને મળે છે. પોતાની આસપાસ ખડા સૈનિકોનું જૂથ જમાવવાની અને દરેકની યોગ્યતા પ્રમાણે તેની પાસેથી કામ લેવાની અજબ કુનેહને લીધે નાગપુર, બોરસદ તથા બારડોલીની સત્યાગ્રહની લડતોમાં તથા ૧૯૨૭ના રેલસંકટના કાર્યમાં સરદારને કાર્યકર્તાઓની ખોટ ન પડી અને સારો યશ મળ્યો. એમના સાફલ્યની મુખ્ય ચાવી જ એ છે કે અણીને વખતે તત્કાલ તેઓ ખરો નિર્ણય લે છે અને તેના અમલ માટે પોતાની મદદમાં ખરા માણસોને પસંદ કરે છે.

આ પુસ્તકમાં હકીકતની કાંઈ ભૂલ ન રહી જાય એ દૃષ્ટિએ શ્રી દાદા સાહેબ માવળંકર આખું હસ્તલિખિત વાંચી ગયા છે અને તેમણે કેટલાક બહુ ઉપયોગી સુધારા કરાવ્યા છે. મારી પાસે પૂરતી માહિતી ન હોય અથવા વિગતો વિષે શંકા હોય એવાં કેટલાંક પ્રકરણો સરદાર પાસે પણ મેં વંચાવ્યાં છે. કેટલાંકમાં તેમણે બહુ મહત્ત્વના વધારા કરાવ્યા છે. એટલે આ પુસ્તકમાંની બધી હકીકતો સાધાર અને ચોક્કસ છે એમ કહેવાની સ્થિતિમાં હું છું.

સરદારના પૂર્વજીવનની કેટલીક ઉપયોગી હકીકત નડિયાદના સરદારના ગાઢ મિત્ર સ્વ૦ કાશીભાઈ શામળભાઈનાં પત્ની પાસેથી મને મળી છે. તેઓ બોરસદમાં રહ્યા તે વખતની કેટલીક હકીકત બોરસદના બહુ જૂના વકીલ શ્રી ફૂલાભાઈ નરસીભાઈ પાસેથી મળી છે. સરદારના નાના ભાઈ શ્રી કાશીભાઈએ કુટુંબની જૂની હકીકત મેળવવામાં સારી મદદ કરી છે. અમદાવાદ મ્યુનિસિપાલિટીની હકીકત તેના માજી પ્રમુખ શ્રી મણિભાઈ ચતુરભાઈ શાહે પૂરી પાડી છે. તે જ પ્રમાણે સુરત મ્યુનિસિપાલિટીના પ્રમુખ ડૉ. ઘિયાએ તથા નડિયાદ મ્યુનિસિપાલિટીના માજી પ્રમુખ શ્રી વિઠ્ઠલદાસ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

પુરુષોત્તમદાસ દેસાઈએ તે તે મ્યુનિસિપાલિટીના દફતરમાંથી હકીકત મેળવી આપી છે. ખેડા સત્યાગ્રહની વિગતો મારા મોટાભાઈ શ્રી શંકરલાલ પરીખ કૃત 'ખેડાની લડત' એ પુસ્તકમાંથી લીધી છે. બોરસદની લડતની કેટલીક હકીકત બોરસદના વકીલ શ્રી રામભાઈ પટેલ પાસેથી મળી છે. સરદારના કેટલાક જૂના સહાધ્યાયીઓ પાસેથી મણિબહેને પત્ર દ્વારા માહિતી મેળવી છે. જે જે ભાઈઓ તથા બહેનો પાસેથી મદદ મળી છે તે સૌનો આભાર માનું છું.

પણ વધારેમાં વધારે વિગતો તો મહાદેવભાઈની 'વીર વલ્લભભાઈ' અને 'એક ધર્મયુદ્ધ' એ પુસ્તિકાઓમાંથી, 'નવજીવન'માંના તેમના લેખોમાંથી, 'બારડોલી સત્યાગ્રહનો ઇતિહાસ' એ પુસ્તકમાંથી તથા તેમના છૂટાછવાયા કાગળોમાંથી મને મળી છે. ખરી રીતે તો જે સામગ્રીનો ભંડાર તેઓ મૂકી ગયા છે તેને કાંઈક ગોઠવીને રજૂ કરવાનું કામ જ મેં કર્યું છે.

આ ભાગમાં સરદારનું જીવનચરિત્ર ૧૯૨૯ના ડિસેમ્બરની લાહોર કૉંગ્રેસ સુધી આવે છે. તેમાં આલેખાયેલું મોટા ભાગનું જીવન ગુજરાતના રાજકીય ઘડતર સાથે સંકળાયેલું છે. એમ કહીએ તોપણ ચાલે કે છેલ્લાં બત્રીસ વર્ષનું ગુજરાતનું રાજકીય જીવન સરદારે જ ગાંધીજી પાસેથી પ્રેરણા લઈને ઘડ્યું છે. એટલે સ્વાભાવિક રીતે જ એ ઘડતરનો ઇતિહાસ આ પુસ્તકમાં આવી જાય છે. એમાંથી ગુજરાતનાં યુવકયુવતીઓને પ્રેરણા મળશે અને એ રીતે મારાથી કાંઈક તેમની સેવા થશે એ લાગણી આ પુસ્તક લખતી વખતે સદા મારા દિલમાં રહી છે અને મેં ધન્યતા અનુભવી છે.

હરિજન આશ્રમ,
સાબરમતી,
તા. ૩૦-૯-'૫૦

નરહરિ પરીખ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| | નિવેદન | જીવણજી ડા૰ દેસાઈ | ૭ |
| | પ્રસ્તાવના | | ૯ |
| ૧. | માતાપિતા | | ૩ |
| ૨. | વિદ્યાભ્યાસ | | ૧૦ |
| ૩. | વકીલાત | | ૧૮ |
| ૪. | વિલાયતમાં | | ૩૨ |
| ૫. | બૅરિસ્ટરી | | ૩૭ |
| ૬. | મ્યુનિસિપાલિટીમાં સાફસૂફી | | ૪૫ |
| ૭. | મ્યુનિસિપાલિટીમાં રચનાકાર્યનો આરંભ | | ૫૮ |
| ૮. | ગુજરાત સભા | | ૬૬ |
| ૯. | ખેડા સત્યાગ્રહ — ૧ | | ૭૬ |
| ૧૦. | ખેડા સત્યાગ્રહ — ૨ | | ૯૮ |
| ૧૧. | અમદાવાદની મજૂર હડતાળ | | ૧૨૧ |
| ૧૨. | સૈન્યભરતી | | ૧૨૫ |
| ૧૩. | રૉલૅટ કાયદા સામેનું આંદોલન | | ૧૨૮ |
| ૧૪. | અસહકાર | | ૧૩૭ |
| ૧૫. | મ્યુનિસિપાલિટી મારફત અસહકાર | | ૧૬૦ |
| ૧૬. | અમદાવાદની કૉંગ્રેસ — ૧૯૨૧ | | ૧૮૨ |
| ૧૭. | મ્યુનિસિપાલિટીની બરતરફી પછી | | ૧૯૦ |
| ૧૮. | નડિયાદ અને સુરત મ્યુનિસિપાલિટીની લડત | | ૨૦૦ |
| ૧૯. | લડતનો પડકાર, ચૌરીચોરાનો હત્યાકાંડ અને ગાંધીજીની ગિરફતારી | | ૨૨૦ |
| ૨૦. | ગાંધીજીની ગિરફતારી પછી | | ૨૪૦ |
| ૨૧. | નાગપુર ઝંડા સત્યાગ્રહ | | ૨૬૩ |
| ૨૨. | બોરસદના બહારવટિયા અને હૈડિયા વેરો | | ૨૯૪ |
| ૨૩. | ગૃહજીવનમાં ડોકિયું | | ૩૨૯ |
| ૨૪. | કોકોનાડા, ગાંધીજીની મુક્તિ અને સ્વરાજ પક્ષ | | ૩૪૨ |
| ૨૫. | મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે | | ૩૫૪ |
| ૨૬. | ગુજરાતમાં રેલસંકટ | | ૩૭૧ |
| ૨૭. | બારડોલી સત્યાગ્રહ | | ૩૮૭ |
| ૨૮. | ૧૯૨૫થી ૧૯૨૮ની રાજકીય પરિસ્થિતિ | | ૪૫૯ |
| ૨૯. | ૧૯૨૯નું તૈયારીનું વર્ષ | | ૪૬૬ |
| ૩૦. | પૂર્ણસ્વાતંત્ર્યનો ઠરાવ | | ૪૮૯ |
| | સૂચિ | | ૪૯૫ |




4/25/2021

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

2/2

4/25/2021



# ચિત્રસૂચિ

| | |
|---|---|
| ૧. સરદાર વલ્લભભાઈ | મુખપૃષ્ઠ |
| ૨. નડિયાદમાં વિદ્યાર્થી | ૮ |
| ૩. ગોધરામાં વકીલ | ૧૭ |
| ૪. બૅરિસ્ટર ભાઈઓ | ૪૧ |
| ૫. ખેડા સત્યાગ્રહ વખતે | ૧૧૩ |
| ૬. ગુજરાતનું ગૌરવ | ૨૫૭ |
| ૭. નાગપુર તથા બોરસદની લડતોના વિજેતા | ૨૧૮ |
| ૮. રેલસંકટ વખતે નડિયાદમાં | ૩૩૭ |
| ૯. બારડોલી સત્યાગ્રહ પછી | ૪૪૯ |
| ૧૦. વીર યોદ્ધાઓ | ૪૭૩ |



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021

# સરદાર વલ્લભભાઈ

REFERENCE BOOK
NOT TO BE ISSUED
REFERENCE BOOK
NOT TO BE ISSUED
Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

# સરદાર વલ્લભભાઈ

REFERENCE BOOK
NOT TO BE ISSUED
REFERENCE BOOK
NOT TO BE ISSUED
Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

# ૧

# માતાપિતા

પોતાની ઑફિસમાં ત્રીસેક વર્ષની વયના વકીલ વલ્લભભાઈ આરામ ખુરશીમાં પડ્યા પડ્યા બાજુમાં પડેલો રબ્બરની લાંબી નેહવાળો હુક્કો ગગડાવી રહ્યા હતા. બોરસદ, તાલુકાનું મુખ્ય ગામ પણ મુંબઈ કે અમદાવાદ જેવાં મોટાં શહેરોને મુકાબલે ગામડા જેવું ગણાય. ઑફિસનું બધું ફર્નિચર ફૅશનેબલ કે ફૅન્સી નહોતું પણ બોરસદના પ્રમાણમાં સારું હતું, અને સુઘડ રીતે ટાપટીપથી ગોઠવેલું હતું. આખો ઓરડો હંમેશ એવી જાજમ સાફ અને જરા પણ કરચલી વિનાની પાથરેલી હતી. વકીલસાહેબના ટેબલની સામે થોડી ખુરશીઓ ગોઠવેલી હતી. તે ઉપરાંત ગાદીતકિયાની પણ બેઠક હતી. ગાદીની ચાદર અને તકિયાનો ગલેફ બગલાની પાંખ જેવાં સફેદ હતાં. ટેબલ તથા બધી ખુરશીઓ પૉલિશ્ડ અને સ્વચ્છ હતાં. કબાટોમાં ચોપડીઓ અને ફાઈલો બરાબર ગોઠવીને મૂકેલાં હતાં. આખા ઓરડામાં ખૂણેખાંચરે ક્યાંય પણ ધૂળ કે કચરાનું નામ ન હતું. બારીબારણાં બધું સાફ ઝાપટેલું હતું. તમામ વસ્તુઓ સાફ અને ચળકતી હતી. ઑફિસમાં કશું ભભકાવાળું ન હતું પણ જે કાંઈ હતું તે બધું પોતાને સ્થાને બરાબર ગોઠવેલું હતું.

એક વૃદ્ધ પણ તંદુરસ્ત અને કસાયેલા શરીરવાળા ટટ્ટાર પુરુષ દાદર ચઢીને ઉપર આવ્યા. તદ્દન સફેદ. પોશાક તેમણે પહેરેલો હતો. ધોતિયું, પહેરણ, ખેસ અને પાઘડી પણ સફેદ. બધાં જ કપડાં ઊજળાં દૂધ જેવાં હતાં.

એમને જોતાં જ મોંમાંથી હુક્કાની નેહ કાઢી નાખી વલ્લભભાઈ ઊભા થઈ ગયા અને બોલ્યા : "મોટાકાકા, તમે ક્યાંથી?"

"ભાઈ, તારું કામ પડ્યું છે તેથી જ આવ્યો ને."

"પણ મને કહેવડાવવું હતું ને? હું કરમસદ આવી જાત. લાડબાઈને પણ મળાત."

"પણ કામ બોરસદમાં છે એટલે તને ત્યાં બોલાવીને શું કરું?"

"એવું શું કામ છે?"

"આખા જિલ્લામાં તારી હાક વાગે અને આપણા મહારાજ ઉપર વારંટ નીકળે એ કાંઈ ઠીક કહેવાય? તું બેઠા છતાં મહારાજને પોલીસ પકડી શકે?"



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

"મહારાજ ઉપર વળી વારંટ કેવું? એ તો પુરુષોત્તમ ભગવાનનો અવતાર કહેવાય. આપણને સૌને આ ભવમાંથી છોડાવનારા. એમને પકડનારા કોણ હોય?"

"અત્યારે તારું આ ટીખળ જવા દે. મેં પાકે પાયે સાંભળ્યું છે કે વડતાલ અને બોચાસણનાં મંદિરોના કબજા સંબંધી તકરાર થઈ છે અને તેમાં આપણા મહારાજ ઉપર પણ વારંટ નીકળ્યું છે. તારે એ વારંટ રદ કરાવવું જ પડશે. મહારાજને પકડે તો તો મારી સાથે તારી પણ આબરૂ જાય."

"આબરૂ શું કામ આપણી જાય? એવાં કરમ કરે તેની જાય. પણ હું તપાસ કરીશ. એમ વારંટ શેનાં નીકળે છે? મારાથી થઈ શકે તે બધું કરીશ."

પછી જરા ગંભીર થઈને પણ નમ્રતાથી પિતાશ્રીને જણાવ્યું: "તમે હવે છોડો આ સાધુઓને. જેઓ આવા પ્રપંચ કરે છે, કજિયા કરી કોર્ટે ચઢે છે, પોતાનું જેઓ આ ભવમાં રક્ષણ કરી શકતા નથી તે આપણને આવતા ભવમાં શું તારવાના હતા અને આપણો શો ઉદ્ધાર કરવાના હતા?"

"એ બધી પંચાત આપણે શું કામ કરીએ? પણ જો, તારે એટલું ધ્યાનમાં રાખવાનું કે મહારાજ ઉપર વારંટ નીકળ્યું હોય તો એ રદ થવું જ જોઈએ." એમ કહી પિતાશ્રી ઑફિસમાંથી ચાલ્યા ગયા.

પિતાશ્રી સ્વામીનારાયણના મહા ભક્ત હતા. પાછલી અવસ્થામાં તો સૂવા બેસવાનું પણ ગામના સ્વામીનારાયણના મંદિરમાં જ રાખ્યું હતું. એક વેળા જમતા અને જમવા માટે જ ઘેર આવતા. તેઓ ૧૯૧૪ના માર્ચ માસમાં લગભગ પંચાશી વર્ષની વયે ગુજરી ગયા ત્યાં સુધી દર પૂનમે વડતાલ જવાનું એક્કે વાર ચૂકચા નથી. સરદાર પણ અનેક વાર વડતાલ ગયેલા. સત્તર વર્ષના થયા ત્યાં સુધી પિતાશ્રી પાસે કરમસદમાં જ રહેલા અને ત્યાં સુધી નિરાહારી અને કોઈ કોઈ વાર નિર્જળા એકાદશી વિનાની ભાગ્યે જ કોઈ એકાદશી ગઈ હશે. આમ સ્વામીનારાયણ સંપ્રદાયમાં ઊછરેલા હોવા છતાં એ સંપ્રદાય તરફ એમણે ખાસ શ્રદ્ધા સેવી નથી. આગળ ભણવા માટે કરમસદ છોડ્યું તેની જ સાથે એનાં વ્રતયાત્રાદિ પણ છોડચાં. સહજાનંદ સ્વામી અને એમના સંપ્રદાય વિષે વાત કરતાં અગાઉના સાધુઓના પવિત્ર જીવનની સરદાર બહુ તારીફ કરે છે અને ઘણાં સામાન્ય માણસોનાં — પછાત કોમનાં બિનકેળવાયેલા માણસોનાં — જીવન સુધારવામાં સંપ્રદાયે સારો ફાળો આપ્યો એમ પણ તેઓ સ્વીકારે છે. પણ પાછળથી એ સંપ્રદાયમાં સ્વાર્થ અને લોભે પ્રવેશ કર્યો અને સંપ્રદાયનો સુધારક જુસ્સો જતો રહ્યો એમ તેઓ જણાવે છે.

ઉપર વર્ણવેલા પ્રસંગની હકીકત એવી છે કે એક યજ્ઞપુરુષોત્તમદાસજી નામના સાધુ, જે વિદ્વાન બ્રાહ્મણ હોઈ શાસ્ત્રીજી કહેવાતા તેમણે વડતાલની

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

ગાદીથી જુદા પડી બોચાસણમાં ગાદી સ્થાપેલી અને ત્યાં એક મોટું શિખરબંધી મંદિર બંધાવવા માંડેલું. સરદારના પિતાશ્રી આ બોચાસણવાળાના નવા પંથમાં ભળ્યા હતા અને શાસ્ત્રીજીના અનુયાયી થયા હતા. આ શાસ્ત્રીજી બળવો કરી વડતાલથી જુદા પડ્યા ત્યારે તેમની સાથે કેટલાક સાધુઓ અને પાળાઓ પણ ભળ્યા અને એ સુધારક ટોળીએ વડતાલના મંદિરના તાબાનાં જે મંદિરો ગામેગામ હતાં તેમનો કબજો લેવા માંડ્યો. એ કબજો લેવા જતાં, વડતાલના અસલ પક્ષના સાધુઓ અને પાળાઓ જેમના કબજામાં એ મંદિરો હતાં તેમની સાથે મારામારી થતી. આમ ગામેગામ બળજબરીના પ્રસંગો ઊભા થતાં જિલ્લામાં સુલેહનો ભંગ થવા લાગ્યો. એટલે બન્ને પક્ષના સાધુઓ અને પાળાઓ ઉપર સુલેહનો ભંગ ન કરવા બદ્દલ જામીન લેવા માટે સામસામે કેસ કરવામાં આવ્યા. આવા એક કેસમાં પહેલા નંબરના તહોમતદાર પેલા શાસ્ત્રીજી હતા અને તેમની સાથે તેમના પક્ષના બીજા દસ બાર સાધુઓ અને પાળાઓ હતા. આ કેસ બોરસદના રેસિડેન્સી મૅજિસ્ટ્રેટની કોર્ટમાં દાખલ થયેલો. પિતાશ્રીના આગ્રહને લીધે સરદારે એ કેસ હાથમાં લીધેલો અને કેસની માંડવાળ કરાવી બેઉ પક્ષના તહોમતદારોને છોડાવેલા.

એમ કહેવાય છે કે પંજાબમાંથી અમુક લેઉવા પાટીદારો ગુજરાતમાં આવેલા અને તેમણે નડિયાદ, વસો, કરમસદ, ભાદરણ, ધર્મજ, સોજિત્રા વગેરે બાર ગામો વસાવેલાં. તેમાં આ છ ગામ મોટાં અને વિશેષ કુળવાન ગણાય છે. કરમસદ ગામ વસાવનાર મૂળ એક જ પુરુષ હતા. એટલે કરમસદમાં રહેનાર બધા પાટીદારો મૂળ એક જ કુટુંબની પ્રજા ગણાય. એ કુટુંબની શાખાઓ અને ઉપશાખાઓ ગામની જુદી જુદી ખડકીઓમાં વસેલી છે. ઝવેરભાઈવાળી ખડકીમાં વસ્તી કાંઈક વધારે એટલે ઝવેરભાઈ પાસે દસેક વીઘાં જ જમીન આવેલી. વળી ઝવેરભાઈનું ખેતીમાં જરાય ધ્યાન નહીં એટલે સ્થિતિ ગરીબ રહેલી. પણ એ બહુ સ્વતંત્ર મિજાજના અને કડક સ્વભાવના હતા. કોઈ પણ બાબતમાં કોઈથી દબાય તો શાના જ? પહેલેથી ધર્મપરાયણ વૃત્તિના અને મંદિરમાં વધારે વખત ગાળતા. સરદાર ઘરમાં હોય ત્યારે બેસતા નથી, પણ આંટા મારવાની એમને ટેવ છે તે પિતાશ્રી તરફથી વારસામાં મળેલી છે. ઝવેરભાઈ મંદિરમાં કદી બેસી રહેતા નહીં. માળા ફેરવતા ફેરવતા અથવા ભજન ગણગણતા આંટા માર્યા કરવાની એમને ટેવ હતી. ગામની પંચાતમાં તો કદી ભાગ લેતા જ નહીં. પણ ભગવતી પુરુષ તરીકે ગામમાં એમનું માન સારું ગણાતું. સૌ એમની આમન્યા રાખતું અને કોઈનો વાંક હોય અને એ બે શબ્દ કહે તો સૌને સાંભળવા પડતા. વિઠ્ઠલભાઈ, સરદાર વગેરે ભાઈઓ એમને મોટાકાકા કહેતા. પણ ગામમાં સૌ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



એમને રાજભા કહેતું. શા ઉપરથી એમ કહેવાતા હશે તે મને ખબર આપનાર કહી શકતા નથી.

મહાદેવભાઈએ 'વીર વલ્લભભાઈ'માં નોંધ્યું છે કે, "પિતાશ્રીએ નાનપણમાં ૫૭ના બળવામાં ઝાંસીની રાણીના પ્રદેશમાં ભાગ લીધેલો. એ ત્રણ વર્ષ સુધી ઘેર એમનો પત્તો જ નહોતો લાગ્યો. મલ્હારરાવ હોલકરે એમને કેદ કર્યા હતા. કેદ કરી પોતાની સામે બાંધી રાખી એક વાર મલ્હારરાવ શેતરંજ રમતા હતા. શેતરંજમાં રાજા ખોટી ચાલ ચાલતા જાય ત્યાં ઝવેરભાઈ કહેતા જાય: 'રાજા, ફલાણું મહોરું આમ ચલાવો.' મલ્હારરાવ ચકિત થઈ ગયેલા અને કેદીને છોડી મિત્ર કરેલા." બોરસદ તથા નડિયાદમાં હું સરદારના કેટલાક સમવયસ્કોને મળેલો. તેમણે મને કહ્યું કે અમને આ વાતનું સ્મરણ નથી. પણ એ અરસામાં તેઓ કરમસદ છોડીને બહારગામ ઘણું કરીને ઇન્દોર તરફ કોઈને કહ્યા વિના ચાલ્યા ગયેલા ખરા. એટલે મહાદેવભાઈની વાત બરાબર હોવાનો સંભવ છે.

સરદારનું મોસાળ નડિયાદમાં દેસાઈ વગામાં છે. તેમનો જન્મ પણ ત્યાં જ થયેલો. એમના આજા — માના બાપ — નું નામ જીજીભાઈ વસ્તાભાઈ દેસાઈ અને મામાનું નામ ડુંગરભાઈ. એમની આર્થિક સ્થિતિ ઝવેરભાઈના પ્રમાણમાં સારી હતી. વિઠ્ઠલભાઈનો અંગ્રેજી વિદ્યાભ્યાસ બધો મોસાળમાં જ થયેલો અને સરદાર પણ હાઈસ્કૂલનાં ત્રણેક વર્ષ નડિયાદ રહેલા. પણ તે મોસાળમાં ન રહેતાં, પોતાના વિદ્યાર્થી મિત્રોની એક અલગ ક્લબ કાઢીને તેમાં રહેલા. માતુશ્રી લાડબાઈ નરમ અને સુશીલ સ્વભાવનાં હતાં. ઘર ચલાવવામાં બહુ કુશળ હતાં. સ્થિતિ ગરીબ હતી છતાં મહેમાન પરોણા સારી રીતે સાચવતાં. કોઈ સાથે તકરારમાં ઊતરવાનું તો એમના સ્વભાવમાં જ નહોતું. સેવાભાવી વૃત્તિનાં હતાં. પાડોશીનું પણ કામ કરી છૂટે. આસપાસનાં સૌનો પ્રેમ સંપાદન કરવાની શક્તિ એમનામાં સહજ હતી. વહુઓને પણ બહુ સારી રીતે રાખતાં. નાના દીકરા કાશીભાઈ વિધુર થયા પછી એમનું ઘર સંભાળતાં, અને છોકરાંને સાચવતાં. લગભગ પંચાશી વર્ષની ઉંમરે સને ૧૯૩૨માં ગુજરી ગયાં ત્યાં સુધી કાશીભાઈ બધું તૈયાર કરી આપે અને એ બેઠાં બેઠાં રાંધી જમાડે, એ પ્રમાણે ઘરનું કામ કર્યું. ગાંધીજીએ રેંટિયો કાઢ્યો ત્યાર પછી તો નવરાશ મળે કે તરત રેંટિયો લઈને બેસતાં. પિતાશ્રી પણ પંચાશી વર્ષની જ ઉંમરે સને ૧૯૧૪માં ગુજરી ગયેલા. આમ માતાપિતા વચ્ચે ઉંમરમાં અઢાર વર્ષનું અંતર હતું. આનું કારણ એ છે કે પિતાશ્રીનું પહેલું લગ્ન સુણાવ ગામમાં થયેલું. પણ પહેલાં પત્ની નિઃસંતાન ગુજરી ગયેલાં. માતુશ્રી લાડબાઈ બીજી વારનાં હતાં.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

સરદાર ભાંડુમાં પાંચ ભાઈ અને એક બહેન. બુદ્ધિપ્રભાવ અને સ્વભાવ ઉપરથી જોતાં એમ કહી શકાય કે સૌથી મોટા સોમાભાઈ અને સૌથી નાના કાશીભાઈમાં માના ગુણ વધારે ઊતર્યા હશે અને બીજા, ત્રીજા અને ચોથા— નરસિંહભાઈ, વિઠ્ઠલભાઈ અને સરદાર, એમનામાં બાપના ગુણ વધારે ઊતર્યા હશે. નરસિંહભાઈ અંગ્રેજી ભણ્યા ન હતા. તેમણે કરમસદમાં ખેડૂત તરીકે જ જીવન પૂરું કર્યું. તેમને વિષે સરદાર ઘણી વાર કહે છે કે, એ અંગ્રેજી ભણ્યા નહીં અને ગામ બહાર નીકળ્યા નહીં એટલે પ્રસિદ્ધિમાં આવ્યા નહીં; બાકી બુદ્ધિપ્રભાવ અને વ્યવહારકુશળતામાં વિઠ્ઠલભાઈને અને મને તો ક્યાંય ટપી જાય એવા હતા. બહેન ડાહીબા સૌથી નાનાં. તેઓ નામ પ્રમાણે જ બહુ ડાહ્યાં, ઠરેલ અને વિવેકી હતાં. સઘળા ભાઈઓનાં એ બહુ લાડકાં હતાં. સરદારનો એમની ઉપર સવિશેષ પ્રેમ હતો. એ સને ૧૯૧૬ના ફેબ્રુઆરીમાં ગુજરી ગયાં.

માતાપિતાનાં ધર્મપરાયણ અને સંયમમય જીવનનો વારસો સરદારને પૂરતા પ્રમાણમાં મળ્યો છે. સાધારણ પ્રચલિત અર્થમાં સરદારને ભાગ્યે જ કોઈ ધાર્મિક માણસ કહે. પણ એમની અનન્ય શ્રદ્ધા કે જે કાળે અને જે સ્થળે ઈશ્વર આપણને ઉપાડી લેવા ઇચ્છતો હોય છે તેમાં માણસ ગમે તેટલા ધમપછાડા કરે છતાં મીનમેખ ફેરફાર થઈ શકતો નથી અને તેથી મૃત્યુનો જરા પણ ડર નહીં એટલું જ નહીં પણ પ્રાપ્ત સંજોગોમાં શરીર સાચવવા માટે શક્ય તેટલી કાળજી લીધા પછી માંદગી કે મૃત્યુ વિષે બેપરવાઈ; જે કામ હાથમાં લીધું હોય તે પાર પાડવા તનતોડ પ્રયત્ન કર્યા પછી પરિણામ વિષે નિશ્ચિંતતા; જે સાથીઓ ઉપર વિશ્વાસ મૂક્યો, પછી તે પોતાથી મોટા હોય કે નાના હોય, તેમના ખોળામાં માથું મૂકી દેવાની પૂરેપૂરી તત્પરતા; એ બધું ધર્મપરાયણતામાં ગણાતું હોય તો એવી ધર્મપરાયણતા એમનામાં પૂરેપૂરી છે. ધાર્મિક વૃત્તિના માણસમાં જે સંયમ હોય છે, એનું જે તિતિક્ષામય અને તપોમય જીવન હોય છે એની સરદાર કદી ધાલાવેલી દેખાડતા નથી. છતાં એવા જીવન માટે પ્રયત્ન કરનારા, તે માટે પ્રાર્થના કરનારા અને વિવિધ વ્રતો આચરનારા કરતાં અનાયાસે જ એમનું જીવન ઓછું સંયમમય, તિતિક્ષામય કે તપોમય નથી. આ વસ્તુને હું માતાપિતા તરફથી મળેલો ધાર્મિક વારસો ગણું છું. બહાર દેખાય કે નહીં પણ જીવનમાં ઊંડે ઊંડે ધાર્મિકતા અથવા કોઈ મંગળ સ્વરૂપ એવી અદૃષ્ટ શક્તિ વિષે શ્રદ્ધા, એનો ઝરો વહેતો હોય તો જ નિઃસ્વાર્થ સેવાવૃત્તિ અને કશી ગણતરી કર્યા વિના શરીરને ઘસી નાખવાની ઉત્કટતા આવે છે. હા, સરદારની ધાર્મિકતા પ્રચલિત કરતાં જુદા પ્રકારની વિશિષ્ટ સ્વરૂપની ગણાય. પૌરાણિક પરિભાષા વાપરીએ તો એમ કહી શકાય કે સરદાર બ્રહ્મર્ષિ નહીં પણ રાજર્ષિ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



છે. એમની ધાર્મિકતા, એમનો સંયમ, એમનો ત્યાગ, એમની તિતિક્ષા સાધુ સંતોનાં નહીં પણ ક્ષત્રિય વીરનાં છે. એમનું વર્ણન એક જ શબ્દમાં કરવું હોય તો એમ જ કહેવું જોઈએ કે તે મહા યોદ્ધા છે, વીર સુભટ છે. તેથી જ લોકહૃદયે એમને સરદાર તરીકે અપનાવ્યા છે. આગ્રહ, દૃઢતા, હસતે મોંએ શારીરિક દુઃખો સહન કરવાની અપાર શક્તિ, સંપૂર્ણ નિર્ભયતા, એ બધા મહા યોદ્ધાના ગુણો જે સરદારમાં પરાકાષ્ઠાએ જોવામાં આવે છે તે પિતાના સંયમમય અને આગ્રહી જીવનનો જ વારસો છે. એ ગુણો પિતાશ્રીમાં બીજ રૂપે હશે તે એમનામાં વિકસીને ઉત્કર્ષ પામ્યા. આ ઉપરાંત મોટાં તંત્ર અથવા સંગઠન રચવાની અને ચલાવવાની શક્તિ પણ એમનામાં જન્મજાત છે. અત્યારે આપણા સ્વરાજનું તંત્ર ચલાવવામાં જે મુત્સદ્દીગીરીનો જગતને પરિચય આપી રહ્યા છે તે એમનામાં જન્મજાત છે એમ કહેવું મુશ્કેલ છે. પણ ચરોતરમાં ઘણા મુત્સદ્દીઓ પાક્યા છે. તેમનામાં એક વિશિષ્ટ પ્રકારની, બહાદુરી-વાળી મુત્સદ્દીગીરી જોવામાં આવે છે તે સરદારમાં પણ ઊતરી આવી છે એમ કહી શકાય. સરદારને જેમ જેમ પ્રસંગો મળતા ગયા અને એમનું પ્રવૃત્તિક્ષેત્ર જેમ જેમ વિશાળ થતું ગયું તેમ તેમ એ ગુણ અથવા શક્તિ ખીલતી ગઈ છે. એ બધા ગુણોનાં દર્શન તો વાચક જેમ જેમ આ જીવનચરિત્ર વાંચતો જશે તેમ તેમ એને થશે.

સરદારને શારીરિક સહનશક્તિ અથવા તિતિક્ષા પણ વારસામાં મળેલી છે. વકીલાતનો અભ્યાસ કરતા ત્યારે પોતાના એક મિત્રની સાથે વાંચવા માટે બે મહિના બાકરોલ રહેલા. ત્યાં એમને કાખબિલાડી થઈ. ગામડામાં બીજા ઉપાયો તો શેના જડે ? કોઈકે કહ્યું કે ગામમાં અમુક વાળંદ છે તે નસ્તર મૂકીને ગમે તેવું ગૂમડું ફોડી નાખવામાં બહુ હોશિયાર છે તેને બોલાવો. વાળંદને બોલાવ્યો. તેણે નસ્તર મૂકવા માટે સળિયો ધગધગતો કરીને કાખબિલાડીને લગાડ્યો પણ અંદરથી પરુનો બધો રોષ કાઢી નાખવાની તેની હિંમત ન ચાલી. સરદારે તેને કહ્યું: “આમ જોયાં શું કરે છે ? લાવ, તારાથી ન થાય તો હું કરું.” એમ કહીને સળિયો હાથમાં લઈ તરત અંદર ખોસી દીધો અને અંદર ચારે બાજુ ફેરવી બધું પરુ કાઢી નાખ્યું.

વિલાયતમાં ઘરમાલિક એક બાઈને ત્યાં તેઓ રહેતા. સને ૧૯૧૧ના મે મહિનામાં એક દિવસ નહાતી વેળાએ ચક્કર ખાઈને પડ્યા. પછી તો ખૂબ તાવ ચઢ્યો અને પગમાં વાળાનું દરદ માલૂમ પડ્યું. ડૉ. પી. ટી. પટેલ, જેઓ પાછળથી મુંબઈ કૉર્પોરેશનમાં હતા તેઓ તે વખતે ત્યાં ભણતા હતા. તેમની સલાહથી એક નર્સિંગ હોમમાં દાખલ થયા. ત્યાં ઑપરેશન કર્યું. પણ સર્જનને આ દરદની બરાબર ખબર નહીં એટલે વાળો પૂરેપૂરો બહાર ન નીકળ્યો. એણે

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો



નડિયાદમાં વિદ્યાર્થી

પૃ. ૧૨

14737

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

બીજી વાર ઑપરેશન કર્યું. તેથી તો ઊલટું દરદ વધ્યું અને ધનુર ધાયું. સ્થિતિ ગંભીર થઈ પડી. પેલા સર્જને કહ્યું કે જીવ બચાવવો હોય તો પગ તરત કાપી નાખવો પડશે. હિંદુસ્તાન પાછા આવીને બૅરિસ્ટરી કરવી હતી તે લંગડા પગે કરવાની કાંઈ શોભે? એટલે એ સર્જનને છોડ્યો. ડૉ. પી. ટી. પટેલના એક પ્રોફેસરે તપાસીને ફરી ઑપરેશન કરવાનો ચાન્સ લીધો, પણ ક્લોરોફૉર્મ ન લો તો સારા થવાનો વધારે સંભવ છે એમ તેણે કહ્યું. સરદારે કહ્યું કે, "મારે તો ક્લોરોફૉર્મ લેવાની જરૂર જ નથી. ગમે તેટલી પીડા કે દુઃખ થાય તે હું સહન કરી શકું એમ છું." અને ખૂબી એ થઈ કે ઑપરેશન પૂરું થયું ત્યાં સુધી એક ઊંહકાર સરખો તેમણે ન કાઢ્યો. સર્જન અને એના મદદનીશો તાજ્જુબ થયા અને બોલ્યા કે: "આવો દરદી અમને પહેલી જ વાર મળ્યો છે."

સરદારને સ્વચ્છતા અને સુઘડપણાની ટેવ પણ માતાપિતા તરફથી જ વારસામાં મળેલી છે. કેવળ અંગત સ્વચ્છતા જ નહીં, પણ આસપાસની વસ્તુઓ, આંગણું, ફળિયું અને અત્યારે દિલ્હીમાં જે બંગલામાં રહે છે ત્યાંના કમ્પાઉંડનો ખૂણોખાંચરો તમામ સ્વચ્છ રાખવાનો તેમનો આગ્રહ હોય છે. એમની સાથે ઘણી સંસ્થાઓમાં હું ફર્યો છું. ત્યાંનાં મકાનો તથા કમ્પાઉંડમાં કાંઈ પણ ભાંગેલુંતૂટેલું કે અવ્યવસ્થિત હોય, એના પ્લાન કે રચનામાં કાંઈ ખામી હોય તો તે તરફ એમનું ધ્યાન ગયા વિના રહે નહીં; તેમ બધું બરાબર હોય તો એની કદર કરવાની પણ સહેજે વૃત્તિ થઈ આવે. આ વસ્તુ એમના આખા કુટુંબમાં છે. કરમસદનું એમનું ઘર જેમાં અત્યારે એમના નાના ભાઈ કાશીભાઈ રહે છે તે આમ ભભકાવાળું નથી, પણ બહારથી અને અંદરથી સુઘડ છે. અંદર બધી વસ્તુઓ હમેશ તમે વ્યવસ્થિત ગોઠવેલી જુઓ. ઘરની આગળ થોડી છૂટી જમીન છે તે પણ સ્વચ્છ. તેમાં એકાદ ઝાડ અને થોડા ફૂલછોડ છે. એમનો બારડોલીનો આશ્રમ જુઓ તો ત્યાં પણ નમૂનેદાર સ્વચ્છતા અને સુઘડપણું દેખાશે. સરદારમાં જે ઊંચા પ્રકારની મ્યુનિસિપલ દૃષ્ટિ છે તેનાં બીજ એમના આખા કુટુંબમાં છે અને અત્યારે એમના સંબંધવાળી દરેક વસ્તુમાં જોવા મળે છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

२

# વિદ્યાભ્યાસ

સરદાર ખેડૂત કુટુંબમાં જન્મેલા હોઈ, ઘરમાં વિદ્યાભ્યાસંગનું કશું વાતાવરણ હતું જ નહીં. પોતાની જન્મતિથિની પણ એમને ખબર નથી. માતુશ્રીને કદાચ તિથિ ખબર હશે પણ તેય સાલ કે તારીખ જાણતાં નહીં. અત્યારે ૩૧મી ઑકટોબર, ૧૮૭૫, એમની જન્મતારીખ ગણાય છે તે મૅટ્રિકના એમના સર્ટિફિકેટમાંથી મળેલી છે. એ ખરી છે કે ખોટી તેની બહુ ખાતરી તો નથી. સરદાર તો હસતાં હસતાં કહે છે કે મનમાં આવ્યા પ્રમાણે પરીક્ષાના મંડપમાં મેં ભરી દીધી હશે. ૧૯૩૭ની ચૂંટણી, જેમાં કૉંગ્રેસે પૂરેપૂરો ભાગ લીધેલો, તે વખતે જન્મતારીખની જરૂર પડી. સરદારને યાદ નહોતી. શ્રી મુનશી તે વખતે હાજર હતા. તેમણે એક રૂપિયો ભરીને તેમનું મૅટ્રિકનું સર્ટિફિકેટ કઢાવ્યું અને તેમાંથી જન્મતારીખ લીધી. પ્રાથમિક નિશાળમાં ભણતા ત્યારે ભણવાની ચોપડીઓ કરતાં આસપાસનાં ખેતરોનું અને ગામડાંઓનું એમને વધારે જ્ઞાન હશે. છતાં સરદાર કહે છે કે, “મારા પિતાને મને ભણાવવાનો શોખ બહુ. રોજ સવારના પહોરમાં ખેતરે લઈ જાય, ખેતરમાં કામ કરવા નહીં, પણ આવતાં જતાં રસ્તે પાડા બોલાવવા અને પલાખાં ગોખાવવા.” સરદાર સત્તર અરાઢ વર્ષના થયા ત્યાં સુધી કરમસદમાં જ રહેલા છે એટલે ખેતરમાં કામ કરવાનું તો આવેલું જ. સરદાર કહે છે કે, “અમે બધા ભાઈઓએ ખેતરમાં કામ કરેલું, એકલા વિઠ્ઠલભાઈએ કદાચ નહીં કર્યું હોય, કારણ પહેલી અંગ્રેજીથી જ તેઓ અંગ્રેજી ભણવા નડિયાદ મોસાળમાં રહેલા.” સરદારે ગુજરાતી સાત ચોપડીનું ભણતર કરમસદમાં જ પૂરું કર્યું. તે સમયનાં બીજાં કશાં સંસ્મરણો તેઓ પાસેથી મળતાં નથી. પણ એક બહુ મહત્ત્વની વાત તેઓ કહે છે. બાળપણના તેમના એક શિક્ષક એવા હતા જેમને કશું પૂછવા જઈએ તો ગાળ દઈને કહેતા: “મને શું પૂછો છો? માંય માંય ભણો.” અને આ સૂત્ર એમના જીવનની જાણે ગુરુકિલ્લી છે. પોતાનું બધું ભણતર તેમણે ‘માંય માંય ભણીને’ જ કરેલું. એમાં કોઈ શિક્ષકનો કશો ફાળો હોય એમ જણાતું નથી. અને ગાંધીજી શિક્ષક મળ્યા ત્યાં સુધીનું પોતાના જીવનનું ઘડતર પણ એમણે આપમેળે જ કોઈની મદદ કે ઓથ વિના કરેલું છે. ગાંધીજીને શિક્ષક તરીકે સ્વીકાર્યા તે પણ પોતાનું વ્યક્તિત્વ કાયમ રાખીને.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



મહાદેવભાઈ કહે છે કે, “ગાંધીજી જેવા શિક્ષકના શિષ્ય થઈ જે વ્યક્તિત્વ ગુમાવી બેસે તે પોતાને અને ગાંધીજીને બંનેને લજવે.” સૌ જાણે છે કે સરદારે ગાંધીજીને લજ્જા પામવાનું જરાયે કારણ આપ્યું નથી, એટલું જ નહીં પણ પોતાના શિષ્યત્વને શોભાવ્યું છે.

કરમસદની શાળાના મહેતાજીને પોતાના જે વિદ્યાર્થીઓ સાત ચોપડી પાસ થાય તે બધાને સીનિયર ટ્રેન્ડ માસ્તર બનાવવાની ભારે હોંશ હતી. પણ સરદારમાં નાનપણથી જ, જોકે કોઈનું પણ પ્રોત્સાહન કે પ્રેરણા નહોતી છતાં, મોટા માણસ થવાની ભારે મહત્ત્વાકાંક્ષા હતી. અને તે વખતે મોટા માણસ થવું એટલે વકીલ કે બૅરિસ્ટર થવું. સાત ચોપડી ભણી રહ્યા તે વખતે વકીલ કે બૅરિસ્ટર થવાનો સ્પષ્ટ ખ્યાલ તેમના દિલમાં ઉદય ન પણ પામ્યો હોય. પણ કોઈ પણ રીતે આગળ અંગ્રેજી ભણવું એ તો મનમાં નક્કી હતું. ગામમાં અંગ્રેજી નિશાળ નહોતી. વિઠ્ઠલભાઈ અંગ્રેજી ભણવા મોસાળમાં નડિયાદ રહેતા જ. બીજા છોકરાને પણ મોસાળ મોકલવો એ પિતાશ્રીને ઠીક નહીં લાગ્યું હોય. એટલે અંગ્રેજી ભણવાનો મનસૂબો શી રીતે પાર પાડવો એના વિચારમાં ને વિચારમાં સરદાર કરમસદમાં ચાર છ મહિના રખડ્યા લાગે છે. એટલામાં ત્યાં ત્રણ ધોરણ સુધીની એક ખાનગી અંગ્રેજી નિશાળ નીકળી, તેમાં દાખલ થયા અને ત્રણ અંગ્રેજી ત્યાં ભણ્યા. તે વખતે એમની ઉંમર સત્તર વર્ષની હશે.

પછી આગળ ભણવા માટે પેટલાદમાં અંગ્રેજી પાંચ ધોરણ સુધીની નિશાળ હતી તેમાં દાખલ થયા. ત્યાં એક નાનું ઘર ભાડે રાખી સાતેક વિદ્યાર્થીઓ ક્લબ જેવું કરીને રહેતા. દરેક જણ પોતાને ઘેરથી અઠવાડિયાનું સીધું દર રવિવારે લઈ આવતો અને વારાફરતી હાથે રસોઈ કરી બધા જમતા.

પોતાના વિદ્યાભ્યાસનો કાળ કેવો ગરીબાઈમાં અને સાદાઈમાં ગાળ્યો છે તેનો એક દાખલો અહીં જ આપી દઉં. નડિયાદમાં એક વખત એમની સાથે મારે વિઠ્ઠલ કન્યા વિદ્યાલયમાં જવાનું થયેલું. આખો દિવસ વાતોચીતો અને ચર્ચાઓમાં ગાળ્યો. સાંજે મને કહે, ચાલ ફરવા. વાળુની થોડી વાર હતી અને ફર્યા વિના તો એમને ચેન ન પડે. બહાર ન જવાનું હોય તો ઘરમાં આંટા માર્યા જ કરે એ એમની ટેવ છે. વિદ્યાલયની આગળના નેળિયામાંથી વાતો કરતા ચાલતા ચાલતા રેલવે ક્રૉસિંગ આગળ અમે પહોંચ્યા ત્યારે મને કહે: “હું નડિઆદમાં જ્યારે મોસાળમાં રહેતો ત્યારે કોઈ વાર કરમસદમાં જાઉં ત્યારે મારાં દાદીમા મને અહીં સુધી મૂકવા આવતાં. નડિયાદથી આણંદ રેલવે હતી પણ કરમસદ જવામાં અમે કદી રેલગાડીનો ઉપયોગ ન કરતા. ઘેરથી નીકળું ત્યારે ખાવાનું લેવા માટે એ ચાર આના આપે પણ તે અમે ગાડીભાડામાં ન વાપરી નાખીએ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

એટલા માટે દાદીમા અહીં સુધી મૂકી જતાં." અંગ્રેજી ચોથી અને પાંચમી પેટલાદમાં પૂરી કરી. પેટલાદના જ વતની તેમના એક સહાધ્યાયી કહે છે કે, શિક્ષકોના ચાળા પાડવામાં અને ટીખળ કરવામાં તથા શિક્ષકોનાં નામ પાડવામાં તે આગળપડતો ભાગ લેતા. તે ઉપરાંત પેટલાદનાં એ વરસમાં કોઈ નોંધવા જેવી હકીકત મળી નથી.

પેટલાદથી છઠ્ઠા ધોરણમાં નડિયાદ ગયા. મૅટ્રિકમાં એક વરસ નપાસ થયેલા એટલે મૅટ્રિક થતાં સુધી ત્રણ વરસ થયેલાં. વચમાં મૅટ્રિક ક્લાસમાં હતા ત્યારે એએક મહિના વડોદરા હાઈસ્કૂલમાં જઈ આવેલા. સને ૧૮૯૭માં લગભગ બાવીસ વરસની ઉંમરે મૅટ્રિક પાસ થયા.

નડિયાદમાં મોસાળ હતું છતાં સ્વતંત્ર રહેવાની ખાતર તેમણે એક બોર્ડિંગ કાઢેલી અને તેમાં રહેતા. નડિયાદની હાઈસ્કૂલમાં એમનું અંગ્રેજી સારું ગણાતું. અંગ્રેજી ચોપડીઓ વાંચવાનો અને તેમાંથી ફકરા મોઢે કરવાનો પણ શોખ હતો. અને વિદ્યાર્થીઓની સભાઓ કરી તેમાં અંગ્રેજીમાં ભાષણ કરતા એમ એમના સહાધ્યાયીઓ કહે છે. નડિયાદથી વડોદરા જવાનું મુખ્ય કારણ ત્યાં અંગ્રેજી વધારે સારૂં શીખવાય છે એમ સાંભળેલું, એ હતું. આમ હાઈસ્કૂલમાં હતા ત્યારે અંગ્રેજીનો શોખ હોય એમ દેખાય છે પણ કામ પૂરતો અંગ્રેજીનો ઉપયોગ કરવા ઉપરાંત તેમણે કોઈ દિવસ પોતાની અંગ્રેજી ભાષા કેળવવા વિશેષ પ્રયત્ન પાછળથી કર્યો નથી.

નડિયાદ અને વડોદરાનાં આ ત્રણ વર્ષો વિદ્યાર્થીને માટે યાદગાર કહેવાય એવી ઘટનાઓથી ભરેલાં છે. એ ઘટનાઓ આપણને ભાવિ વીર યોદ્ધાનાં દર્શન કરાવે છે.

નડિયાદની હાઈસ્કૂલમાં સરદાર વિદ્યાર્થીઓના સેનાપતિ બનેલા. છઠ્ઠા ધોરણમાં એક પારસી માસ્તર બહુ કડક હતા. નેતરની સોટીનો છૂટથી ઉપયોગ કરતા. એક દિવસ એક છોકરાનો દંડ કર્યો અને એ દંડ ન લાવ્યો એટલે એને વર્ગ બહાર કાઢ્યો. વિદ્યાર્થી વલ્લભભાઈને થયું કે આનો કાંઈ ઇલાજ કરવો જ જોઈએ. પોતાનો વર્ગ તો તેમણે તરત ખાલી કરાવ્યો જ પણ બપોરની રજામાં આખી શાળાના છોકરાઓને એકઠા કરી હડતાલ પડાવી અને કોઈ વિદ્યાર્થી શાળામાં ન જાય એટલા માટે બરાબર ચોકી ગોઠવી. વિદ્યાર્થીઓને બેસવા માટે એક ધર્મશાળામાં ગોઠવણ કરી, ત્યાં પીવાના પાણી વગેરેની વ્યવસ્થા રાખી. હડતાલ ત્રણ દિવસ ચાલી. શાળાના હેડમાસ્તર બહુ કુનેહવાળા હતા. તેમણે સરદારને બોલાવીને સમજાવ્યા અને કોઈ વિદ્યાર્થીને ખોટી રીતે અથવા વધારેપડતી સજા ભવિષ્યમાં નહીં થાય એમ કહી સમાધાન કરાવ્યું.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

એક શિક્ષક પોતાના વર્ગમાં વપરાતી ચોપડીઓનો તથા વિદ્યાર્થીઓએ વાપરવાના કાગળ, પેન્સિલ, નોટબુક વગેરે સાહિત્યનો વેપાર કરતો અને પોતાની પાસેથી જ એ બધું ખરીદવાની વર્ગના વિદ્યાર્થીઓને ફરજ પાડતો. સરદાર પાસે આ ફરિયાદ આવતાં તેમણે વિદ્યાર્થીઓ પાસે એ શિક્ષકનો એવો બહિષ્કાર કરાવ્યો કે આખરે પેલા શિક્ષકને પોતાનો વેપાર છોડી દઈને નમવું પડ્યું.

આવી લડાઈઓ ઉપરાંત સાર્વજનિક સ્વરૂપની કહેવાય એવી પ્રવૃત્તિમાં પણ તેઓ ભાગ લેતા. મ્યુનિસિપલ ચૂંટણીમાં શાળાના એક મહાનંદ નામના માસ્તર ઉમેદવાર તરીકે ઊભા થયેલા. મહાનંદ માસ્તરના પક્ષે કામ કરવા શાળાના બધા છોકરાઓને સરદારે તૈયાર કર્યા. સામે નડિયાદના દેસાઈ કુટુંબના એક ભાઈ હતા. તે બોલી ગયેલા કે આ માસ્તરની સામે હું હારું તો મૂછ મૂંડાવી નાખું. સરદારે વિદ્યાર્થીઓની મદદથી મતદારોમાં એવું સજ્જડ કામ કર્યું કે મહાનંદ માસ્તરની બહુ મોટી બહુમતીથી જીત થઈ. તરત જ સરદાર તો પચાસેક છોકરાના ટોળા સાથે એક હજામને લઈને દેસાઈને મૂછ મૂંડાવાનું કહેવા ઊપડ્યા!

વડોદરાનું એક પરાક્રમ તો બહુ રમૂજી છે. ઉપર કહેવાઈ ગયું છે કે મૅટ્રિકમાં હતા ત્યારે વડોદરા હાઈસ્કૂલમાં સરદાર ગયેલા. સંસ્કૃતમાં બહુ રસ નહીં પડવાથી તેમણે મૅટ્રિકમાં સંસ્કૃત છોડી ગુજરાતી લીધેલું. શ્રેયઃસાધક અધિકારી વર્ગના પ્રસિદ્ધ છોટાલાલ માસ્તર તે વખતે ત્યાં ગુજરાતી શીખવતા હતા. તેઓ ગુજરાતી શીખવતા પણ દેવભાષા છોડીને ગુજરાતી શીખવા આવનાર પ્રત્યે તેમને સહેજે અણગમો રહેતો. સરદાર તેમના વર્ગમાં દાખલ થયા કે તરત છોટાલાલ માસ્તરે તેમને કહ્યું કે, “આવો મહાપુરુષ! ક્યાંથી આવ્યા? સંસ્કૃત છોડી ગુજરાતી લો છો પણ સંસ્કૃત વિના ગુજરાતી આવડે જ નહીં એ ખબર છે?” એમ કહીને સંસ્કૃતના ઘણા લાભો ગણાવ્યા. એટલે વિદ્યાર્થી વલ્લભભાઈ કહે: “પણ સાહેબ, અમે બધા સંસ્કૃતમાં જ રહેત તો પછી તમે શીખવત કોને?” શિક્ષક ખિજાયા અને હુકમ કર્યો: “મહાપુરુષ! જાઓ, એક એકાથી દસ એકા સુધીના પાડા લખી લાવજો.” એક દિવસ થયો, બે દિવસ થયા, મહાપુરુષ શેના લખી લાવે? માસ્તર સાહેબ રોજ ચિડાતા જાય અને રોજ સજા વધારતા જાય. “જાઓ, કાલે બે વાર લખી લાવજો,” “કાલે ચાર વાર,” “કાલે આઠ વાર” એમ વધતાં વધતાં બસો પાડા લખવાનો હુકમ થયો. પણ ‘મહાપુરુષ’ ઉપર કશી અસર ન થઈ. શિક્ષક શિક્ષા વધારતા ગયા અને શિષ્ય એ શિક્ષા મૂંગે મોઢે સાંભળતા ગયા. પછી તો છોટાલાલ માસ્તરે પૂછ્યું: “કેમ, લખી લાવવા છે કે નહીં? કે બીજી શિક્ષાનો વિચાર કરું?” શિષ્યે જવાબ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



આપ્યો: “બસો પાડા તો લાવ્યો હતો, પણ તેમાંથી એક મારકણો નીકળ્યો તેનાથી ભડકીને બધા દરવાજા આગળથી નાસી ગયા. એટલે એકે પાડો ન રહ્યો!” પોતાના વિદ્યાર્થીનો આવો મસ્ત વિનોદ સમજવાને અને સહન કરવાને માટે તો શિક્ષકમાં પણ એવી મસ્તી જોઈએ ને! છોટાલાલ માસ્તર એ સાંખી ન શક્યા અને ધમકાવીને તાકીદ આપી. બીજા દિવસે પાછું પૂછવામાં આવ્યું. જરાય ગભરાયા વિના વિદ્યાર્થીએ વિનોદ આગળ ચલાવ્યો: “હા સાહેબ, લખી લાવ્યો છું.” એમ કહીને એક કાગળ બતાવ્યો. તેમાં લખ્યું હતું: “બસેં પાડા.” મહાદેવભાઈ લખે છે કે, “છોટાલાલ માસ્તરની અહિંસાને ધન્ય છે કે તેમણે આ અપમાનનો સ્થૂળ પ્રહારથી જવાબ ન આપતાં આ ન સુધરી શકે એવા નઠોર છોકરાને મુખ્ય શિક્ષક નરવણે પાસે મોકલ્યો.” સરદારનો આ ધન્યવાદની સામે વાંધો છે. તેઓ કહે છે: “સ્થૂળ પ્રહાર શેનો કરે? કોઈ પણ શિક્ષક મને મારતાં ડરે એવો હું હતો.” આ મુખ્ય શિક્ષકની આગળ વિદ્યાર્થીએ નિવેદન કર્યું: “આવી તે સજા હોતી હશે? કાંઈ અમારા અભ્યાસમાંથી લખાવતા હોય તો મને ફાયદો પણ થાય. પહેલી ચોપડીના એકાના પાડાથી તો કોઈને ફાયદો ન થાય. ઊલટા એ લખતો જોઈ ને મને સૌ મૂરખ કહે.” મુખ્ય શિક્ષકે મનમાં આ દલીલની કદર કરી અને વિદ્યાર્થીને શાંતિથી સમજાવ્યો.

છોટાલાલ માસ્તર તો પોતાના વિદ્યાર્થીને મહાપુરુષ થયેલો જોવાને ન જીવ્યા. પણ નરવણે માસ્તરને એ સદ્ભાગ્ય પ્રાપ્ત થયેલું. તેઓ ગર્વથી કહેતા: “વલ્લભભાઈ મારા હાથ નીચે શીખેલા.”

આ પ્રસંગ પછી સરદાર વધુ વખત વડોદરા નહીં રહેલા. બીજા એક શિક્ષકની સાથે ઝઘડો કરીને એ જ મહિનામાં ત્યાંથી નડિયાદ આવતા રહેલા. નડિયાદમાં મામાએ પૂછ્યું, “કેમ પાછો આવ્યો?” તો કહે કે, “ત્યાં કોઈ માસ્તરને ભણાવતાં આવડતું નથી.”

છેવટે મૅટ્રિક નડિયાદ હાઈસ્કૂલમાંથી સને ૧૮૯૭માં થયા. તે વખતે એમની ઉંમર લગભગ બાવીસ વર્ષની હતી.

મૅટ્રિક પાસ થયા પછી શું કરવું એ પ્રશ્ન સામે આવીને ઊભો. ગુજરાતી સાત ચોપડી પાસ થયા પછી જેમ સીનિયર ટ્રેન્ડ માસ્તર થવાની સલાહ મળી હતી, તેમ આ વખતે પણ ઘરની સ્થિતિ સાધારણ છે અને કાંઈ નોકરી ધંધે લાગી જાય તો સારું એમ વિચારી મામા ડુંગરભાઈ જેઓ એલ. સી. ઈ. પાસ થયેલા હોઈ અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં મુખ્ય ઇજનેર હતા અને મ્યુનિસિપાલિટી તથા શહેરમાં સારી પ્રતિષ્ઠા ધરાવતા હતા તેમણે કહ્યું કે, અમદાવાદ આવે તો મ્યુનિસિપાલિટીમાં મુકાદમની જગા અપાવું. જેમ કામ શીખીશ તેમ આગળ વધવાનો સારો ચાન્સ મળશે. પણ આવી નોકરીઓકરીથી

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



સ્વતંત્ર ખવાસના આ સાહસિક યુવાનને સંતોષ થાય એમ ન હતું. એના મગજમાં બાળપણથી જ ભારે ભારે મહત્ત્વાકાંક્ષાઓ ભરેલી હતી. પણ ગુજરાતી સાત ચોપડી પાસ કરી ત્યાં સુધી કરમસદ, આણંદ અને વડતાલ ઉપરાંત બહારની દુનિયા બહુ જોઈ ન હતી એટલે નિશાળના માસ્તર નથી થવું એ ઉપરાંત એ મહત્ત્વાકાંક્ષાઓએ કશું ચોક્કસ રૂપ નહોતું પકડયું. આ વખતે તો નડિયાદ અને વડોદરામાં વકીલોને જોયા હશે, કોઈ બૅરિસ્ટરનું નામ પણ સાંભળ્યું હશે. એટલે જુવાન મગજમાં જાતજાતનાં સ્વપ્નાં ઊભરાતાં હશે. આ કાળના પોતાના મનોરાજ્યમાં આપણને સરદારે પોતે જ ૧૯૨૧ના સ્વરાજ્યના જુવાળના દિવસોમાં અસહકાર વિષે મોડાસામાં એક હૃદયસ્પર્શી ભાષણ આપતાં ડોકિયું કરાવ્યું છે:

"ભાઈ મોહનલાલે મારી ઓળખાણ આપતાં કહ્યું કે હું પહેલાં અંગ્રેજની આબેહૂબ નકલ કરતો હતો, તે સત્ય છે. વળી હું નવરાશનો વખત રમતગમતમાં ગાળતો એ વાત પણ ખરી છે. મારી માન્યતા તે વખતે એવી હતી કે આ અભાગી દેશમાં પરદેશીની નકલ કરવી એ જ ઉત્તમ કાર્ય છે. મને શિક્ષણ પણ એવું જ આપવામાં આવ્યું હતું કે આ દેશના માણસો હલકા અને નાલાયક છે અને આપણા ઉપર રાજ્ય કરનાર પરદેશી માણસો જ સારા અને આપણો ઉદ્ધાર કરવા સમર્થ છે; આ દેશના માણસો તો ગુલામગીરીને જ લાયક છે. આવું ઝેર આ દેશનાં તમામ બાળકોને પિવડાવવામાં આવે છે. હું નાનપણથી જ જે લોકો સાત હજાર માઈલ દૂર પરદેશથી રાજ્ય કરવા આવે છે તેમનો દેશ કેવો હશે તે જોવા અને જાણવાને તરફડિયાં મારતો હતો. હું તો સાધારણ કુટુંબનો હતો. મારા બાપ મંદિરમાં જિંદગી ગાળતા અને તેમાં જ પૂરી કરેલી. મારી ઇચ્છા પૂરી કરવા તેમની પાસે સાધન ન હતું. મને માલૂમ પડયું કે દસ પંદર હજાર રૂપિયા મળે તો વિલાયત જવાય. મને કોઈ એટલા રૂપિયા આપે એમ ન હતું. મારા એક મિત્રે કહ્યું કે, ઈડર સ્ટેટમાં દરબાર પાસેથી રૂપિયા વ્યાજે મળે એવો સંભવ છે. એ મિત્રના કાકા ઈડરમાં રહેતા. તે ઉપરથી એ મારો મિત્ર અને હું બંને ઈડર ગયા અને શેખચલ્લીના વિચારો કરી ગામની પ્રદક્ષિણા કરી પાછા આવ્યા. છેવટે નક્કી થયું કે વિલાયત જવું હોય તો પૈસા કમાઈને જવું. પછી વકીલાતનો અભ્યાસ કર્યો ને વકીલાતનો ધંધો કરી ખર્ચ જેટલી કમાણી કરી વિલાયત જવાનો નિશ્ચય કર્યો."

એક વાર સરદારે જ ઉચ્ચારેલા શબ્દોમાં કહું તો 'સસ્તું ભણવાનું અને સહેલાઈથી રળવાનો ધંધો' કયો તે વિચારી વકીલાતનો વિચાર કર્યો. તેય એલએલ. બી. થવાનો નહી પણ 'ડિસ્ટ્રિક્ટ પ્લીડર' થવાનો. કૉલેજમાં જઈ સાક્ષરી કેળવણી લેવા જેટલા તો ઘરમાં પૈસા નહોતા. પણ મોટું કારણ તો એલએલ. બી. થતાં છ વર્ષ લાગે એ જ હતું. અભ્યાસમાં એટલાં બધાં

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

વર્ષ ગાળવાનું એમને વાજબી ન લાગ્યું. ઉંમર મોટી થઈ હતી અને શક્ય એટલા વહેલા વકીલ થઈ, પૈસા કમાઈ વિલાયત જવું હતું. ડિસ્ટ્રિક્ટ પ્લીડરની પરીક્ષા માટે તો ઘેર રહીને વાંચી શકાય અને ખર્ચ કંઈ જ ન થાય એ પણ એની પસંદગીનું એક કારણ ખરું. વકીલો પાસેથી કાયદાની ચોપડીઓ માગી લાવી ત્રણ વર્ષ અભ્યાસમાં ગાળ્યાં અને ડિસ્ટ્રિક્ટ પ્લીડરની પરીક્ષા સને ૧૯૦૦ માં પસાર કરી.

વકીલાતના અભ્યાસ દરમ્યાન મોટે ભાગે નડિયાદમાં એમના મિત્ર કાશીભાઈ શામળભાઈને ત્યાં રહેતા. અહીં બનેલા એક પ્રસંગમાં, સરદારની ખૂબ નજીક રહેલા પણ બહુ ઓછા માણસો જે પારખી શક્યા છે એવી એમના જીવનની એક બાજુ પ્રગટ થાય છે. કાશીભાઈના પિતાના મિત્ર એક ડુંગરભાઈ મૂળજીભાઈ કરીને નડિયાદના પ્રખ્યાત વકીલ હતા. કાશીભાઈના પિતા ગુજરી ગયા ત્યારે આ ડુંગરભાઈએ કાશીભાઈના કુટુંબની સઘળી સારસંભાળ રાખેલી. જે વખતે સરદાર કાશીભાઈને ઘેર રહેતા હતા તે વખતે ડુંગરભાઈનાં પત્ની છએક મહિનાનો એકનો એક છોકરો મૂકીને ગુજરી ગયાં. એટલે કાશીભાઈનાં માતુશ્રી એને ઉછેરવા માટે પોતાને ઘેર લઈ આવ્યાં. કાશીભાઈ અને સરદાર ખડકીની મેડી ઉપર વાંચતા તથા સૂવા બેસવાનું રાખતા. એમણે બંનેએ છોકરાને માની જેમ ઉછેરી મોટો કર્યો. સરદાર તો છોકરાને પોતાને પડખે જ સુવાડતા અને રાત્રે ઊઠીને એને બે ત્રણ વાર દૂધ પાતા. રાતે છોકરો ઝાડો પેશાબ કરે તો એનાં બાળોતિયાં બદલાવતા અને બધું સાફસૂફ કરીને પાછા પોતાની પાસે સુવાડતા. આ છોકરાને ત્રણેક વર્ષનો થયો ત્યાં સુધી ઉછેરીને મોટો કરવામાં સરદારે ખૂબ જ પરિશ્રમ ઉઠાવેલો. સરદારમાં આ જાતની માતૃવૃત્તિ નૈસર્ગિક છે. પણ એમના કડક દેખાવ અને ઓછાબોલાપણાને લીધે એ બીજાઓને દેખાતી નથી. યરવડા જેલમાં '૩૨–'૩૩માં એ ગાંધીજીની સાથે રહ્યા ત્યારે ગાંધીજીએ એ બરાબર પારખી હતી અને સરદાર અહીં 'મારી મા' બન્યા છે એવું ગાંધીજીએ અનેક વાર કહેલું મહાદેવભાઈએ પોતાની ડાયરીમાં નોંધ્યું છે. ભાવતી વસ્તુ હેતપૂર્વક આગ્રહ કરીને ખવરાવવાની એમની ટેવનો પરિચય તો એમની સાથે રહેલા મિત્રોને અને સાથીઓને ઘણી વાર થયો છે. યરવડામાંથી ગાંધીજીના ઉપવાસ દરમ્યાન એમને નાસિક જેલમાં ખસેડ્યા ત્યારે '૩૩–'૩૪ માં ત્યાંના અને '૪૧ ની જેલ દરમ્યાન ત્યાંના એમના સાથીઓને એમના આ સ્વભાવનું દર્શન પહેલી જ વાર થયું તે એમણે કહી સંભળાવેલું ઘણાએ સાનંદાશ્ચર્ય સાંભળ્યું હશે. જેલમાં બધાને માટે એ વખત ચા સરદાર જાતે જ બનાવે. કોઈએ માત્ર એક પ્યાલો તો પીવાનો જ નહીં, ફરી વધારે ચા લેવી જ પડે, નાસ્તામાં જુદી જુદી વાનીઓ મંગાવીને અથવા તૈયાર

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

14737

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો



ગોધરામાં વકીલ

પૃ. ૧૮

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



કરીને જાતે જ પીરસે અને આગ્રહ કરી કરીને ખવડાવે, રસોડા ઉપર જાતે જ દેખરેખ રાખે, એ બધી વાતો હવે ઘણા જાણે છે.

આપણા હિંદુ સમાજમાં અને તે જમાનામાં વિદ્યાભ્યાસના કાળ દરમ્યાન જ છોકરાનાં લગ્ન થઈ જાય એમાં કશી નવાઈ નહોતી. સરદારનાં લગ્ન એમની અઢાર વર્ષની ઉંમરે થયેલાં. એ તો કાંઈક મોટી ઉંમરે થયાં ગણાય. એમનાં પત્ની ઝવેરબાની ઉંમર તે વખતે બાર તેર વર્ષની હશે. એ નજીકના જ ગાના ગામનાં હતાં. તે વખતે પરણ્યા પછી પાંચ સાત વર્ષે સ્ત્રીઓ સાસરે આવે એવો રિવાજ હતો. એટલે સરદારનો ગૃહસ્થાશ્રમ વકીલ થયા પછી અથવા થોડો વખત પહેલાં શરૂ થયો.

સમજણા થયા ત્યારથી જ પાટીદાર ન્યાતના પહેરામણી વગેરે રિવાજો પ્રત્યે એમને તિરસ્કાર હતો. પણ પોતાનો તિરસ્કાર સુધારાનો ઉપદેશ આપીને કે સુધારાનાં ભાષણ કરીને તેઓ વ્યક્ત કરતા નહીં. ભાષણ કે ઉપદેશ કરતાં હાડોહાડ લાગી જાય એવાં તીખાં કટાક્ષ અને માર્મિક ટીખળથી અસર પાડવાની તેમની પદ્ધતિ આજે પણ છે. કોઈની પહેરામણી લીધાની વાત સાંભળે ત્યારે પૂછે કે, “આખલાના પાંચ હજાર ઊપજ્યા કે સાત હજાર?” પોતાના સગામાં જ એક છોકરાની સગાઈ કરતી વખતે પહેરામણીની રકમ ઠરાવવાની વાટાઘાટો ચાલતી હતી ત્યારે કહે કે, “આ બધી ભાંજગડ છોડીને એ છોકરાને શુક્રવારીમાં જ મૂકો ને!” 14737

ભાષાના આવા પ્રયોગો કોઈ શિક્ષક પાસેથી કે ચોપડીમાંથી ક્યાંથી શિખાય? મેં આ પ્રકરણનું મથાળું વિદ્યાભ્યાસ એવું કર્યું છે પણ પ્રકરણ વાંચ્યા પછી સહેજે જણાશે કે શાળાના ભણતરે અથવા તો શાળાના કોઈ શિક્ષકે એમના ઘડતરમાં ખાસ કશો ફાળો આપ્યો નથી; આપ્યો હોય તોપણ જૂજ, નજીવો. એમણે તો જે કાંઈ મેળવ્યું તે અગાઉ કહ્યું તેમ ‘માંય માંય ભણીને’, જાતે જ નિરીક્ષણ અને પરીક્ષણ કરીને મેળવ્યું છે. તેઓ પોતે એને ‘કોઠા વિદ્યા’ કહે છે. અનુભવથી મેળવેલી અને કોઠે જરેલી એટલે કે બરાબર પચાવેલી હોય તે જ ખરી વિદ્યા. એવી વિદ્યા તેઓ બાળપણથી જ ભણતા આવ્યા છે અને હજી પણ ભણતા જ રહે છે. એ વિદ્યાનો અભ્યાસ કરતાં જેને આવડે છે, તેનો વિદ્યાભ્યાસ કદી પૂરો થતો જ નથી.



1 OCT 1978
REFERENCE BOOK
REFERENCE BOOK
Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021

૩

# વકીલાત

સરદારે વકીલાતની શરૂઆત ગોધરામાં કરી. નડિયાદમાં મોટા મોટા વકીલોએ પોતાની સાથે રહીને વકીલાત કરવા એમને નોતરેલા. પેલા ડુંગરભાઈ મૂળજીભાઈ તો સરકારી વકીલ હતા. તેમણે પોતાની સાથે રહી વકીલાત કરવા ખૂબ જ આગ્રહ કર્યો પણ એમણે સ્વતંત્ર રહેવાની ખાતર ગોધરાનું નાનકડું ક્ષેત્ર પસંદ કર્યું. ગોધરા પસંદ કરવાનું એક બીજું કારણ એ પણ લાગે છે કે વિઠ્ઠલભાઈ ૧૮૯૫માં વકીલ થયા પછી ગોધરામાં જ વકીલાત કરતા હતા અને થોડા વખત પહેલાં જ બોરસદ ગયા હતા, એટલે એમની ઓળખાણનો અને લાગવગનો લાભ મળે. વિઠ્ઠલભાઈએ તો પોતાની સાથે બોરસદ રહેવાનો જ આગ્રહ કર્યો હતો. પણ બીજાની છાયા નીચે રહેવાથી માણસની પોતાની શક્તિ પૂરેપૂરી ખીલી શકતી નથી એ વિચારના હોવાથી સરદારે પોતાના જ પગ પર ઊભા રહેવાનો નિર્ણય કર્યો. ગોધરે ગયા ત્યારે એમની પાસે કાંઈ જ સાધન નહોતું. ઘર માંડવા માટે જોઈતાં વાસણકૂસણ અને બીજું રાચરચીલું પણ સસ્તું મળે માટે નડિયાદની ગુજરીમાંથી અને તેમ દેવું કરીને ખરીદેલું. આમ જીવનની શરૂઆત બહુ સંકોચમાં કરી.

ગોધરાના નિવાસ વખતનું એક સ્મરણ નોંધવા જેવું છે. સરદાર ગોધરા ગયા તે અરસામાં જ ત્યાં ખૂબ પ્લેગ ચાલ્યો. તેમાં કોર્ટના નાજર જે પોતાના સ્નેહી હતા તેમનો દીકરો સપડાયો. સરદાર તેની સારવારમાં પડ્યા પણ દરદી બચ્યો નહીં. દરદીને સ્મશાને મૂકી આવીને પોતે પ્લેગમાં પટકાયા. મોટી ગાંઠ નીકળી. સરદાર ગભરાયા વિના પત્નીની સાથે ગાડીએ બેઠા. આણંદ આવીને પત્નીને કહે: "તમે જાઓ કરમસદ. હું નડિયાદ જાઉં છું. ત્યાં સાજો થઈ જઈશ." પ્લેગમાં પડેલા પતિને છોડીને જવાની કઈ પત્નીની હિંમત ચાલે? પણ પત્નીને જવાનો આગ્રહ કરવાની અને મોકલી દેવાની સરદારની હિંમત ચાલી. નડિયાદમાં રહીને પોતે સાજા થયા.

ગોધરામાં બે જ વર્ષ રહીને ૧૯૦૨ માં બોરસદ આવી ગયા. જલદી બોરસદ જવાનું મુખ્ય કારણ તો એ હતું કે બોરસદના સ્થાનિક અમલદારો સાથે વિઠ્ઠલભાઈને ભારે ખટપટ ઊભી થયેલી. બોરસદના મુખ્ય અમલદારોમાં રેસિડેન્ટ ફર્સ્ટક્લાસ મૅજિસ્ટ્રેટ, મામલતદાર તથા ફર્સ્ટક્લાસ સબ જજ એટલા



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



હતા. આ ત્રણે વિઠ્ઠલભાઈ સાથે દુશ્મનાવટ રાખતા, કારણ પહેલાંના સબ જજ ઉપર રુશવતો લીધા બાબત તપાસ કરવા માટે વિઠ્ઠલભાઈએ કમિશન નિમાવરાવ્યું હતું અને એની સામે આખો કેસ ચલાવી એને બરતરફ કરાવ્યો હતો. એટલે વિઠ્ઠલભાઈની વિરુદ્ધ કાંઈ પણ મળી આવે તો આ લોકો વેર લેવા માગતા હતા. બોરસદથી ઘણા વકીલોના કાગળો આવતા તે ઉપરથી સરદારને આ વાતની ખબર પડી. પોતે બોરસદમાં હોય તો વિઠ્ઠલભાઈને મદદરૂપ થવાય એ હેતુથી તેઓએ પોતાનો મુકામ એકદમ બોરસદ ફેરવ્યો.

બોરસદમાં સરદાર જુદું મકાન રાખીને રહેવા લાગ્યા. બહારનો બધો દેખાવ અને વહેવાર એવો રાખતા હતા કે બધા અમલદારો એમ માનવા લાગ્યા કે બે ભાઈઓને બનતું જ નથી. કોઈ કોઈ કેસમાં બેઉ સામસામા ઊભા રહેતા ત્યારે તો લોકોને ખૂબ જ રસ પડતો. સરદારે થોડા જ વખતમાં સઘળા અમલદારો ઉપર સારો પ્રભાવ પાડ્યો. સરદાર પાસેના એક કેસમાં મામલતદાર બરાબર ભેરવાયો હતો અને રેસિડેન્ટ મૅજિસ્ટ્રેટ એનો મિત્ર હોઈ એને બચાવવા ઇચ્છતો હતો. એટલે અમલદારોને સરદારને શરણે ગયા વિના છૂટકો નહોતો. પણ સરદારે માન્યું નહીં એટલે એમને વિઠ્ઠલભાઈની મદદ લેવી પડી. વિઠ્ઠલભાઈએ ભલામણ કરી ત્યારે એમની વિરુદ્ધ અમલદારો જે ખટપટ અને કાવતરાં કરતા હતા એ બધાની આગળ ખુલ્લાં કરી વિઠ્ઠલભાઈનો વિરોધ છોડી દેવાનું સરદારે અમલદારોને સમજાવ્યું અને બન્ને વચ્ચે મિત્રાચારી કરાવી તથા મામલતદાર ઉપર ઘેરાયેલું વાદળ પણ દૂર કરાવ્યું. સરદાર પાસેના કેસની વિગતો આ જ પ્રકરણમાં આગળ એમની વકીલાતના પ્રસંગો આપ્યા છે તેમાં આપેલી છે.

બોરસદમાં થોડા જ વખતમાં વકીલાતમાં સરદારની પ્રતિષ્ઠા ખૂબ જામી ગઈ અને કમાણી પણ સારી થવા માંડી. આખા મુંબઈ ઇલાકામાં સૌથી વધારે ફોજદારી ગુના ખેડા જિલ્લામાં થતા હતા અને જિલ્લામાં સૌથી વધારે બોરસદ તાલુકામાં થતા હતા. તેથી સરકારે આ તાલુકામાં એક ખાસ રેસિડેન્ટ ફર્સ્ટક્લાસ મૅજિસ્ટ્રેટની નિમણૂક કરી, જેને પહેલા વર્ગના કેસો ચલાવવા સિવાય બીજું કંઈ કામ કરવાનું ન હતું. આ કોર્ટમાં અગત્યના કેસો ચલાવવા માટે અમદાવાદના સરકારી વકીલને સરકાર તરફથી રોકવામાં આવતા હતા. બચાવ પક્ષે લગભગ દરેક કેસમાં સરદારને રોકવામાં આવતા હતા. બધા કેસોમાં આરોપીઓ છૂટી જવા માંડ્યા એટલે પેલા સરકારી વકીલ અને પોલીસ અમલદારો મૂંઝાયા. સરકારે પણ એમનો ખુલાસો માગ્યો. એ લોકોએ રિપોર્ટ કર્યો કે જ્યાં સુધી અહીં વલ્લભભાઈ વકીલ છે ત્યાં સુધી અહીં કેસો છૂટી જવાનો પૂરેપૂરો સંભવ છે. માટે આ કોર્ટ અહીંથી ખસેડી આણંદ લઈ જવી જોઈએ.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



આણંદ જિલ્લાનું મધ્ય સ્થળ હોવાથી આખા જિલ્લાના કેસ ત્યાં ચલાવવામાં સાક્ષીઓને પણ જવા આવવાની અનુકૂળતા થશે. આ ઉપરથી કોર્ટ આણંદ ખસેડવામાં આવી. સરદાર પણ પોતાનો મુકામ બોરસદથી ઉપાડી આણંદ લઈ ગયા. પરિણામ એ આવ્યું કે જિલ્લાના ઘણા કેસ છૂટી જવા લાગ્યા. આખરે એક વર્ષમાં થાકીને કોર્ટ પાછી બોરસદ લઈ જવામાં આવી.

સરદારની વકીલાતમાં કાયદાની બારીકીઓની ઝીણી છણાવટના કરતાં તેમનું ઊંડું વ્યવહારજ્ઞાન, માનવસ્વભાવની સૂક્ષ્મ પારખ, સાક્ષીની ઊલટતપાસની અજબ કુનેહ અને પુરાવાને છણવાની ભારે શક્તિ, એ ગુણોએ વધારે ભાગ લીધો છે. દીવાની કેસ તો તેઓ ભાગ્યે જ લેતા. એ વિષે પૂછતાં તેમણે કહેલું: "થોડા વખતમાં વધારેમાં વધારે કમાઈ શકાય એવા જ કેસો હું લેતો, દીવાની કેસો બહુ ઓછા અને તે પણ જેમાં કાયદાની ગલીકૂંચીઓમાં ઊતરવાનું હોય તેવા ન લઉં, પણ પુરાવાની સામે પુરાવા રજૂ કરવાના હોય અથવા સામા પક્ષના આખા પુરાવા ઉડાવી દેવાના હોય તેવા જ કેસો લેતો." ફોજદારી વકીલ તરીકે તેમની પ્રતિષ્ઠા ખૂબ જામી અને થોડા જ વખતમાં આખા ખેડા જિલ્લામાં તેમની હાક વાગતી થઈ. ઘણા ફોજદારી વકીલો, મૅજિસ્ટ્રેટનો મિજાજ સાચવીને તથા પોલીસ અધિકારીઓ સાથે દોસ્તી રાખીને પોતાનું કામ ચલાવે છે. પણ સરદારની એ રીત નહોતી. મૅજિસ્ટ્રેટની કે પોલીસ અધિકારીઓની રજ પણ મુરવ્વત તેઓ કદી રાખતા નહીં. પોતાના કેસની ઝીણામાં ઝીણી વિગતનો પાકો અભ્યાસ કરી, ફરિયાદ પક્ષના નબળા મુદ્દા શોધી કાઢી ઉઘાડા પાડવામાં તથા ફરિયાદ પક્ષે ઊભા કરેલા સાક્ષીઓને ઊલટતપાસમાં તોડી પાડવામાં તેમની ખૂબી રહેતી. આ કામ એટલી સુંદર રીતે તેઓ કરતા કે પુરાવા લેવાઈ રહ્યા પછી તેમને ઝાઝું દલીલ કરવાપણું પણ રહેતું નહીં. કોર્ટમાં તેમનાં દલીલનાં ભાષણ બીજા વકીલોને મુકાબલે બહુ ટૂંકાં, સીધાં અને મુદ્દાસર થતાં. પ્રજાને ત્રાસ આપનારા પોલીસ અધિકારીઓ તથા વકીલોનું અપમાન કરનારા અને તેમને ધમકાવનારા મૅજિસ્ટ્રેટોને તેઓ પાંશરાદોર રાખતા. સરદાર જે કેસમાં વકીલ તરીકે આવે તેમાં કોર્ટને તેમ જ ફરિયાદ પક્ષના વકીલને બહુ સાવધ રહેવું પડતું.

બોરસદ આવ્યા પછી ત્રણ જ વર્ષમાં વિલાયત જવાના પૈસા પાસે થઈ ગયા એટલે જવાની તૈયારી કરવા માંડી. પહેલાં તો વિલાયત જવાનો એક મનોરથ જ હતો પણ હવે તો બીજું એક સંગીન કારણ પણ મળ્યું. ભારે કેસોમાં જ્યાં અસીલ પૈસાપાત્ર હોય ત્યાં એ સરદારને વકીલ કરે તોપણ મનમાં અધીરાઈ રહે તેથી અમદાવાદથી બૅરિસ્ટર લઈ આવે. મૅજિસ્ટ્રેટોની સામે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



રોફબંધ બોલીને અને ધમપછાડા કરીને પોતાની હોશિયારી દેખાડનારા એ ત્રણ બૅરિસ્ટરો ખેડા જિલ્લામાં સારા જામી ગયા હતા. તેઓ સરદાર કરતાં વધારે ફીઓ લેતા. સરદાર જુએ કે કેસ ચલાવવાની આવડત હોશિયારીમાં તો આ લોકો પોતાની જરાયે તોલે આવે એવા નથી. છતાં એવા બૅરિસ્ટરોને ફી વધારે મળે અને એમના જ મદદનીશ તરીકે કોર્ટમાં બેસવું પડે એ એમને માથાના ઘા જેવું લાગતું. પોતે જ બૅરિસ્ટર થઈ આવે તો આ બધા બૅરિસ્ટરોને ક્યાંય આંટી દે એવી એમને ખાતરી હતી. એટલે સને ૧૯૦૫માં એમણે વિલાયત જવાનો નિશ્ચય પાકો કરી નાખ્યો. વિલાયત જવા માટે સ્ટીમર વગેરેની ગોઠવણ કરવા ટૉમસ કૂક ઍન્ડ સન્સ કંપની સાથે પત્રવ્યવહાર ચલાવ્યો. પણ એક નાનો અકસ્માત એવો બન્યો જેથી સરદારને બદલે વિઠ્ઠલભાઈ પહેલાં વિલાયત ગયા. બધું નક્કી થયાનો છેલ્લો જે જવાબ આવ્યો તે બંને ભાઈ અંગ્રેજીમાં વી. જે. પટેલ કહેવાય તે ઉપરથી વિઠ્ઠલભાઈના હાથમાં આવ્યો. વિઠ્ઠલભાઈએ સરદારને કહ્યું: “હું તમારાથી મોટો, માટે મને જવા દો. મારા આવ્યા પછી તમને જવાની તક મળશે, પણ તમારા આવ્યા પછી મારાથી નહીં જવાય.” વિઠ્ઠલભાઈની વાત સરદારે માન્ય રાખી એટલું જ નહીં પણ એમનું વિલાયતનું ખર્ચ પણ મોકલવાનું માથે લીધું. ઘરમાં કે બીજા કોઈને ખબર આપ્યા વગર બન્ને ભાઈઓ અસીલના કામનું બહાનું બતાવી મુંબઈ ગયા અને વિઠ્ઠલભાઈ વિલાયત ઊપડ્યા.

સરદાર બોરસદ પાછા આવ્યા ત્યારે વિઠ્ઠલભાઈના ગયાની બધાંને ખબર પડી. વિઠ્ઠલભાઈનાં પત્નીએ ખૂબ કંકાસ માંડ્યો. અત્યાર સુધી બોરસદમાં બન્ને ભાઈઓ જુદા રહેતા પણ વિઠ્ઠલભાઈના ગયા પછી સરદારે ભાભીને પોતાને ત્યાં રહેવા બોલાવ્યાં. ભાભીનાં ભાઈભાભી વિઠ્ઠલભાઈને ત્યાં રહેતાં એમને પણ સરદારે પોતાને ઘેર રાખ્યાં. વિઠ્ઠલભાઈનાં પત્નીએ તો માનતાઓ માનવા માંડી, બાધા આખડીઓ કરવા માંડી અને બ્રાહ્મણો જમાડવા માંડ્યા અને એવું ખોટું ખર્ચ કરવા માંડ્યું. તે સરદારે જરા પણ કચવાયા વિના બધું સહન કર્યું. પણ દેરાણી જેઠાણીને રોજ ઝઘડા થવા માંડ્યા અને ઘરમાં જબરો કલેશ પેઠો. ભાઈ પરદેશ ગયેલા હોઈ સરદારે ભાભીને કશું ન કહેતાં પોતાનાં પત્ની ઝવેરબાને પિયર મોકલી દીધાં તે વિઠ્ઠલભાઈ પાછા આવ્યા ત્યાં સુધી એટલે બેએક વરસ તેઓ પિયર જ રહ્યાં. આમ સરદારને માથે ઘરનું ખર્ચ વધ્યું, દર મહિને વિલાયત રકમ મોકલવાનું ખર્ચ વધ્યું અને ઝવેરબાને પિયર રાખવાં પડ્યાં તે તો વધારામાં. પણ સરદારે આ વિષે કોઈની આગળ વરાળ સરખી કાઢી નથી. ખર્ચ વધ્યું તેની તો એમને જરાયે પરવા જ ન હતી. વકીલાતનો ધંધો પ્રતિ વર્ષ વધતો જ જતો હતો.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



બોરસદમાં વકીલાત કરતા ત્યારે મણિબહેનનો જન્મ ૧૯૦૪ના એપ્રિલમાં અને ડાહ્યાભાઈનો જન્મ ૧૯૦૫ના નવેમ્બરમાં થયેલો. બન્ને એમના મોસાળ ગાનામાં જન્મેલાં.

સરદારને પાટીદાર ઢબની પાઘડી પહેરી મૅજિસ્ટ્રેટની કોર્ટમાં વકીલાત કરતા કલ્પવા અત્યારે બહુ મુશ્કેલ પડે ખરું, પણ ગોધરામાં તેઓ એવી પાઘડી પહેરતા. તેમના એક સહાધ્યાયીએ મને કહેલું કે નડિયાદ હાઈસ્કૂલમાં ભણતા ત્યારે એક બે વાર ટીખળ કરવાની ખાતર વર્ગમાં પાઘડી પહેરીને ગયેલા. બોરસદ ગયા પછી રેવન્યુ ખાતાના અમલદારો જે ઢબનો ફેંટો તે વખતે અને ત્યાર પછી ઘણા વખત સુધી પહેરતા એવી ઢબનો કસબી કિનારવાળો સફેદ ફેંટો પહેરતા.

વિઠ્ઠલભાઈ ૧૯૦૬ના આરંભમાં વિલાયત ગયા તે અઢી વર્ષમાં બૅરિસ્ટર થઈ ૧૯૦૮ના મધ્યમાં પાછા આવ્યા. તેમણે મુંબઈમાં વકીલાત શરૂ કરી અને ત્યાં ઘર માંડીને પત્ની સાથે રહેવા માંડયું. એટલામાં ઝવેરબા માંદાં પડ્યાં. તેમને આંતરડાંનો વ્યાધિ હતો. વિઠ્ઠલભાઈ ૧૯૦૮ની આખરમાં તેમને ઉપચાર કરવા માટે મુંબઈ લઈ ગયા. સાથે મણિબહેન અને ડાહ્યાભાઈ પણ મુંબઈ ગયાં અને ત્યારથી એ વિઠ્ઠલભાઈની પાસે રહેવા લાગ્યાં. ઝવેરબાને ઑપરેશન કરવું પડશે એમ દાક્તરોની સલાહ થઈ. તે માટે એમને કામા હૉસ્પિટલમાં દાખલ કર્યાં. સરદાર તે વખતે ત્યાં ગયેલા. પણ હૉસ્પિટલના દાક્તરે જણાવ્યું કે બીજી રીતે તબિયત કાંઈક સુધરે એટલે પંદરેક દિવસ પછી ઑપરેશન કરી શકાશે. ઑપરેશન કરવાનું નક્કી થાય ત્યારે મને બોલાવજો એમ કહી બીજે દિવસે આણંદ એક ખૂનનો બહુ અગત્યનો કેસ હતો તે માટે સરદાર આણંદ આવ્યા. પણ દાક્તરનો વિચાર ફર્યો, તેને એકદમ ઑપરેશન કરવાની જરૂર લાગી. એટલે એણે તો સરદારને ખબર આપ્યા વિના વહેલું ઑપરેશન કરી નાખ્યું. સરદારને તાર મળ્યો કે, "ઑપરેશન સફળ થયું છે." પણ બીજે જ દિવસે સ્થિતિ બગડી અને કોર્ટમાં સરદાર કેસ ચલાવતા હતા ત્યાં ઝવેરબા ગુજરી ગયાના કારમા સમાચારનો તાર મળ્યો (તા. ૧૧–૧–૧૯૦૯).

સરદારને માટે આ પ્રસંગ અતિશય દુઃખનો અને તેની સાથે ધર્મસંકટનો હતો. ખૂનનો કેસ હતો, આરોપી પ્રતિષ્ઠિત માણસ હતો. મહત્ત્વના સાક્ષીની સરદાર ઊલટતપાસ ચલાવી રહ્યા હતા. તે જ દિવસે કાળજીપૂર્વક એ પૂરી ન થાય તો કેસ કથળે અને આરોપીને જીવનું જોખમ આવી પડે. કારણ ફાંસીની સજા થવાનો સંભવ હતો. એટલે આવો દુઃખદ તાર મળ્યા છતાં અતિશય દૃઢતા રાખી, કાળજું કઠણ કરી કામ પૂરું કર્યું. સાંજે કોર્ટનું કામ પૂરું થયે તારના સમાચાર બીજાઓને આપ્યા. છેલ્લી ઘડીએ પત્નીની મુલાકાત ન થઈ શકી

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



તેનો ભારે આઘાત સરદારના દિલમાં રહી ગયો. તે વખતે એમની ઉંમર તેત્રીસ વર્ષની હતી. ફરી પરણવાનો આગ્રહ સગાંવહાલાં તથા મિત્રો તરફથી સરદારને ઘણો થયો. પણ ફરી નહીં પરણવાના વિચારમાં તેઓ ખૂબ દૃઢ હતા. વિલાયત ગયા ત્યાં પણ મિત્રો સારી સારી કન્યાઓનાં નામ સાથે કાગળો લખતા અને એક બે કન્યાઓના ફોટા પણ એમને મોકલવામાં આવેલા. કાગળોના જવાબમાં બીજી બધી વાતો લખે પણ આ વાતનો જવાબ જ ખાઈ જતા.

થોડા વખત પછી વિઠ્ઠલભાઈનાં પત્ની માંદાં પડ્યાં. તેમને બોરસદ બોલાવી પોતાને ત્યાં રાખ્યાં. ત્યાં તેઓ ૧૯૧૦ના આરંભમાં ગુજરી ગયાં. સરદારને આ મંદવાડને લીધે વિલાયત જવાનું મુલતવી રાખવું પડેલું હતું તે હવે તેમણે નક્કી કરી નાખ્યું અને તેને અંગે બધી વ્યવસ્થા કરી દીધી. મણિબહેન તથા ડાહ્યાભાઈને સહેજ મોટાં થાય એટલે વિલાયતમાં રાખી ત્યાંની જ કેળવણી આપવાનો વિચાર હતો. તેની પૂર્વતૈયારી તરીકે મુંબઈની સેન્ટ મેરિઝ સ્કૂલવાળાં એક મિસ વિલ્સનને ત્યાં 'બોર્ડર' — છાત્ર તરીકે રાખ્યાં જેથી તેઓ સીધી વાતચીત દ્વારા ('ડિરેક્ટ મેથડ'થી) અંગ્રેજી શીખી શકે. તેમને દરેકને માટે માસિક રૂપિયા સો આપવાના હતા. વિઠ્ઠલભાઈનું વિલાયતનું ખર્ચ દસ હજાર રૂપિયા થયું હતું. પોતાને પણ ઓછામાં ઓછું એટલું ખર્ચ તો થાય જ. તે ઉપરાંત પોતે વિલાયત રહે એ ત્રણ વર્ષ છોકરાંનું બોર્ડિંગ અને બીજું ખર્ચ મળી આશરે દસેક હજાર રૂપિયા ખર્ચ થાય. વકીલાતની કમાણીમાંથી બચાવેલી રકમમાંથી આ બધા ખર્ચની વ્યવસ્થા થઈ શકી. આમ બધી ગોઠવણ પાકી કરી ૧૯૧૦ના ઑગસ્ટમાં સરદાર વિલાયત જવા ઊપડ્યા.

હવે આ દસ વર્ષની વકીલાત દરમ્યાનના થોડા પ્રસંગો નોંધીશું :

૧. તેમના એક સ્નેહી રેલવે પોલીસમાં ઇન્સ્પેક્ટર હતા. તેને પોતાના ઉપરી અમલદાર જે સુપરિન્ટેન્ડેન્ટ હતા તેની સાથે અણબનાવ હતો. સુપરિન્ટેન્ડેન્ટે પેલા ઇન્સ્પેક્ટરને એક નજીવા કેસમાં સંડોવ્યો અને એ કેસને બહુ મોટું રૂપ આપ્યું. રેલવે વૅગનમાંથી એક રૂપિયાની કિંમતનાં બળતણનાં લાકડાંની પોતાના નોકર પાસે ચોરી કરાવ્યાનો આરોપ મૂકી એમને કેદમાં પુરાવી દીધા. સુપરિન્ટેન્ડેન્ટ બહુ મોટી લાગવગવાળો અંગ્રેજ હતો. એનો ભાઈ મુંબઈ સરકારમાં હોમ-મેમ્બર હતો. તે વખતે રેલવેમાં ચોરીલૂંટના ઘણા કેસો બનતા. એ બહાના હેઠળ આ નજીવા કેસને ભારે રૂપ આપવામાં આવ્યું અને આરોપી લાગવગવાળો હોવાનું જણાવી આ કેસ ચલાવવા એક સ્પેશિયલ મૅજિસ્ટ્રેટની નિમણૂક કરાવી. કેસ ખેડા જિલ્લામાં ચાલવાનો હતો છતાં અમદાવાદ જિલ્લાના સરકારી વકીલને આ કેસ ચલાવવા માટે ખાસ રોકવામાં આવ્યો. કેસ કોર્ટમાં મોકલતાં પહેલાં બધી તપાસ પેલા સુપરિન્ટેન્ડેન્ટે જાતે કરેલી. આરોપીને પ્રથમ કોઈ વાર સજા થયેલી

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



કે કેમ તેની બાતમી મેળવવા તેણે ખૂબ મહેનત કરવા માંડી. આ વાતની ખબર પડતાં સરદારની સલાહથી આરોપીએ જાતે જ સુપરિન્ટેન્ડેન્ટને મળીને કહ્યું કે, “ તમે નકામી મહેનત શું કામ કરો છો ? હું પોતે કબૂલ કરું છું કે મને પ્રથમ એક વાર નવ માસની સજા થયેલી અને બધો વખત ‘સૉલિટરી કન્ફાઈનમેન્ટ’ — એકાંત કેદમાં રાખવામાં આવેલો. પણ એને તો ઘણો વખત થઈ ગયો. ત્રીસ વરસ પહેલાં એ સજા ભોગવેલી. એટલે એનું કશું મહત્ત્વ ન ગણી શકાય.” આ હકીકતની પેલા સુપરિન્ટેન્ડેન્ટે ચાર્જશીટ ઉપર નોંધ કરી દીધી અને કેસ કોર્ટમાં મોકલ્યો. જ્યારે કેસ નીકળ્યો ત્યારે સરદાર માંદા પડી ગયેલા હોવાથી આરોપી તરફથી કેસ ચલાવવા માટે તેમને બદલે વિઠ્ઠલભાઈ ગયા હતા. સરકારી વકીલ સાથે તેમને ખૂબ બોલાચાલી અને તકરાર થઈ. ધારી મૂક્યું હતું તે પ્રમાણે મૅજિસ્ટ્રેટે તો આરોપીને ગુનેગાર ઠરાવી તેને છ માસની સખત કેદની સજા કરી અને જજમેન્ટમાં વિઠ્ઠલભાઈની વિરુદ્ધ કડક ટીકાઓ કરી. આ કેસની અપીલ સરદારે અમદાવાદ સેશન્સ કોર્ટમાં દાખલ કરાવી. આરોપીને જામીન પર છોડવાની અરજી કરવા ત્યાંના એક મશહૂર બૅરિસ્ટરને રોક્યા. સરકાર તરફથી જામીન પર છોડવા માટે સખત વિરોધ કરવામાં આવ્યો. પેલા સરકારી વકીલે કેસના મહત્ત્વ ઉપર ખાસ ભાર મૂકી જામીનઅરજી રદ કરાવી. એટલે સરદારે અપીલની સુનાવણી તરત જ કરવાની માગણી કરી, તે મંજૂર થઈ અને બે કે ત્રણ દિવસમાં અપીલની સુનાવણી રાખવામાં આવી. આવા કેસો ભાગ્યે જ પકડાય છે અને આરોપી પોલીસનો અમલદાર છે એ વાત પર વારંવાર ભાર મૂકી કેસ ખૂબ નબળો હોવા છતાં સરકારી વકીલ જોસથી દલીલ કરતા હતા. બચાવ પક્ષના બૅરિસ્ટર એમ દલીલ કરતા હતા કે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી આરોપી કોણ છે એ વાત લક્ષમાં ન લેવાય. જજનું મન ડામાડોળ થતું હતું. સરકારી વકીલે વધુમાં એ દલીલ કરી કે આ આરોપીને અગાઉ નવ માસની સજા થઈ ગયેલી છે એ વાત લક્ષમાં લેવી જોઈએ. એમ કહીને ચાર્જશીટ ઉપરની એ વિષેની નોંધ જજને બતાવી. આ સાંભળીને બચાવ પક્ષના બૅરિસ્ટર તો સ્તબ્ધ થઈ ગયા, અને જજે એમનો ખુલાસો પૂછ્યો એટલે એ તો સરદાર ઉપર ખૂબ ગુસ્સે થયા અને કહેવા લાગ્યા કે આ વાતની પ્રથમથી જ મને જાણ કરી હોત તો અપીલ ન કરવાની સલાહ આપત. એમ કહીને તેઓ તો બેસી ગયા. આરોપીનું ભવિષ્ય ત્રાજવામાં તોળાઈ રહ્યું હતું. કેસ રસાકસીનો હોવાથી આખી કોર્ટ ચિકાર ભરાઈ ગઈ હતી. તે વખતે સરદારે ઊભા થઈ કોર્ટને વિનંતી કરી કે આરોપીને અગાઉ સજા થયાનો પુરાવો અમને બતાવવો જોઈએ. જજે પેલી નોંધ સરદારને જોવા આપવાનો હુકમ કર્યો. સરકારી વકીલ ગુસ્સે થઈને દલીલ કરવા લાગ્યા કે આરોપીએ પોતે કબૂલ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



કર્યું છે કે એને પ્રથમ એક વખત નવ માસની સજા થયેલી છે અને એની નોંધ ઉપર આરોપીની સહી પણ લેવામાં આવી છે, પછી બીજો પુરાવો શો જોઈએ ? સરદારે આ નોંધ જોઈને જજને બતાવી. એમાં લખેલું હતું કે ત્રીસ વર્ષ ઉપર આરોપીને નવ માસની એકાંત જેલની સખ્ત સજા થયેલી. પછી સરદારે ચાર્જશીટમાં આરોપીની ઉંમર ત્રીસ વર્ષની લખેલી હતી તે હકીકત તરફ કોર્ટનું ધ્યાન ખેંચ્યું. કોર્ટમાં બેઠેલા સૌ ખડખડાટ હસી પડ્યા. સરકારી વકીલ તો તદ્દન ફિક્કા પડી બેસી ગયા. પછી સરદારે પોતાનો સપાટો ચલાવ્યો કે તપાસ કરનાર સુપરિન્ટેન્ડેન્ટમાં કેટલી અક્કલ હોવી જોઈએ? વળી આવી વાત પર ભાર દેનાર સરકારી વકીલને ખાસ અમદાવાદથી બોલાવી સરકારને નકામું ખર્ચ કરાવનાર અને આવા ક્ષુલ્લક કેસને અણઘટતું મહત્ત્વ આપી ખાસ મૅજિસ્ટ્રેટ નિમાવનાર બધા અમલદારો ઉપર સખત પ્રહારો કરી વિઠ્ઠલભાઈ પર કરેલી ટીકાઓ રદ કરવા અને આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા રમૂજ-ભરી પણ ચોટડૂક દલીલો કરી. આરોપી છૂટી ગયો, વિઠ્ઠલભાઈ ઉપરની ટીકાઓ રદ કરવામાં આવી અને સામેથી સુપરિન્ટેન્ડેન્ટ ઉપર સખત ટીકા થઈ, જેને પરિણામે એને રાજીનામું આપવું પડ્યું.

૨. એક અંગ્રેજ મૅજિસ્ટ્રેટની તુમાખીનો પાર ન હતો. અમદાવાદના મોટા મોટા વકીલોનું પણ તે અપમાન કરતો. તેની પાસે જતાં સૌ ડરતા. એક ખૂનનો કેસ એની પાસે ચલાવવાનું સરદાર પાસે આવેલું. સાક્ષીઓને શરમાવવા અને દબાવવા ખાતર એ મૅજિસ્ટ્રેટ દરેક સાક્ષીની સામે મોટો અરીસો મુકાવતો. આ કેસમાં એક પટેલ આરોપી હતો. તેની સામે એણે અરીસો મુકાવ્યો અને અરીસામાં જોતાં જોતાં જુબાની આપવા હુકમ કર્યો. સરદારે તુરત જ મૅજિસ્ટ્રેટને કહ્યું કે, “આ અરીસો સામે રાખીને આરોપીની જુબાની લેવાય છે એ વાતની નોંધ કરો.” મૅજિસ્ટ્રેટે કહ્યું : “એવી નોંધ કરવાની કશી જરૂર નથી.” સરદારે કહ્યું : “એ અરીસો તો પુરાવામાં રજૂ થયેલો ગણાશે અને કેસના કાગળો સાથે સેશન્સ કોર્ટમાં પહોંચશે.” હવે પેલો કાંઈક ગભરાયો કારણ આવી રીતે પડકારનાર કોઈ માથાનો વકીલ એને મળ્યો નહોતો. તોપણ એણે સરદારની વાત માની નહીં અને સામસામે ગરમાગરમ તકરાર થઈ. છેવટે, મારે આ કેસ તમારી પાસે ચલાવવો નથી, એમ કહીને સરદારે આ કેસ બીજી કોર્ટમાં ચલાવવો જોઈએ એવી અરજી આપવા માંડી એટલે પેલો મોળો પડ્યો અને સરદારને બચાવના સાક્ષીઓ લાવવા કહ્યું. સરદારે કહ્યું : “એકે સાક્ષી હું અહીં રજૂ કરવા માગતો નથી. પણ આ બંધ પાકીટમાં હું સાક્ષીઓનાં નામ લખું છું તે સાક્ષીઓ હું સેશન્સ કોર્ટમાં રજૂ કરીશ.” એ પાકીટ સેશન્સ કોર્ટમાં જ ફોડવામાં આવે એવી એના પર નોંધ કરીને કોર્ટને આપ્યું. મૅજિસ્ટ્રેટ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



હવે વધારે ગભરાયો. તેણે પાકીટ ફોડયું તો એમાં સાક્ષી તરીકે પહેલું નામ એ મૅજિસ્ટ્રેટનું જ હતું. જે સ્ત્રીનું ખૂન થયાનો આરોપ હતો તે જ સ્ત્રીને સાક્ષી તરીકે ટાંકી હતી અને એમાં બીજી કેટલીક ચીજો પણ પેલા મૅજિસ્ટ્રેટને ગભરાટમાં અને વિમાસણમાં નાખે એવી હતી. આ બધું જોઈ મૅજિસ્ટ્રેટ પાણીથીયે પાતળો થઈ ગયો. પોલીસના ઘણા સાક્ષીઓ ઉપર ઇતબાર કરવાની તેણે ના પાડી અને તેમની વિરુદ્ધ ટીકાઓ કરી. પણ પ્રથમ દર્શની પુરાવે કેસ સેશન્સ કમિટ કરવો જોઈએ એટલે કર્યો. સરદારને એટલું જ જોઈતું હતું. સેશન્સમાં પહેલે જ દિવસે એ કેસ ઊડી ગયો.

૩. વડોદરા રાજ્યની હકૂમત નીચેના એક નાના દેશી રાજ્યનો ઠાકોર પુત્રસંતાન વિના ગુજરી ગયો. એટલે મરનાર ઠાકોરના ભાઈનો ગાદી મળવાનો હક થયો હોવાથી પોતાના નામ ઉપર સ્ટેટ ચઢાવવાની તેણે વડોદરા રાજ્યના સરસૂબાને અરજી કરી. ઠકરાણીને વિધવા થયે છ માસ થયા બાદ એનો ભાઈ બોરસદ તાલુકાના કોઈ ગામમાં એનું પિયર હતું ત્યાં લઈ આવ્યો. ઠકરાણીનો બાપ ગામનો મુખી હતો. તેને થયું કે મરનાર ઠાકોરનો ભાઈ ગાદીએ આવે અને પોતાની દીકરીને થોડી જિવાઈ જ મળે એ કેમ ખમાય? એટલે પોતાની દીકરીને મહિના છે એવી વાત તેણે ચલાવી અને નવ મહિના પૂરા થયે એની સુવાવડ કરી કોક નવા જન્મેલા છોકરાને વેચાતો લઈ એની સોડમાં મૂકી દીધો. પોતે મુખી હોઈ પોતાના હસ્તકના જન્મમરણ પત્રકમાં પોતાની દીકરીને છોકરો જન્મ્યાની ખોટી નોંધ કરી અને વડોદરે સરસૂબાને તાર કરી નવા જન્મેલા વારસને નામે સ્ટેટ ચઢાવવા અરજી કરી. મરનાર ઠાકોરના ભાઈને આ બધું તરકટ લાગ્યું. કારણ છ મહિના સુધી વિધવા બાઈ પોતાને ઘેર હતી તે વખતે એને દહાડા હોવાની કશી વાત જાણવામાં નહોતી આવી. એટલે આ તરકટથી પોતાનો હક માર્યો ન જાય તેનો શો ઉપાય કરવો તે માટે અમદાવાદ જઈ ત્યાંના મોટા મોટા વકીલોની સલાહ લીધી. સૌ તેને દીવાની દાવો માંડવાની સલાહ આપવા લાગ્યા. છેવટે એ બોરસદમાં સરદાર પાસે ગયો. તેમણે તો તરત જોઈ લીધું કે દીવાની દાવો કરવાથી કશું વળે નહીં. કારણ ગમે તેટલી ઉતાવળ કરવામાં આવે તોપણ ઓછામાં ઓછા વરસ દહાડા પહેલાં દીવાની દાવો નીકળે નહીં. ત્યાં સુધીમાં તો બાઈને પ્રસૂતિ થઈ હતી કે નહીં તેની કશી ખબર દાક્તરી તપાસમાં પણ પડી શકે નહીં અને કશું પુરવાર થઈ શકે નહીં. કોઈ પણ રીતે તાબડતોબ બાઈની દાક્તરી તપાસ કરવામાં આવે તો જ ખરી હકીકત પકડાય. એટલે એમણે તો બોરસદના રેસિડેન્ટ મૅજિસ્ટ્રેટની કોર્ટમાં બાઈના બાપ, ભાઈ તથા બાઈ એ ત્રણ ઉપર ફોજદારી કરાવી. આરોપ એ મૂકયો કે જે વસ્તુ હકીકતમાં બની જ નથી તે બની છે એમ જાહેર કરી

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ખરા હકદાર માણસનો હક ડૂબે એવી જાતનો ખોટો પુરાવો આ ત્રણ આરોપીઓએ મળીને ઊભો કર્યો છે. તેની સાથે અરજી આપી કે બાઈને ખરેખર પ્રસૂતિ થઈ છે કે કેમ તેની ખાતરી કરવા માટે તેની દાક્તરી તપાસ થવી જોઈએ અને બોરસદની મિશન હૉસ્પિટલની બાઈ દાક્તર પાસે અથવા તો અમદાવાદ કે મુંબઈથી બાઈ દાક્તર બોલાવીને બાઈને અમારે ખર્ચે તપાસવામાં આવે. મૅજિસ્ટ્રેટ પાસે આવી ફરિયાદ આ પહેલી જ અને નવા પ્રકારની હતી. તેમણે કહ્યું કે અરજી તો બહુ કાળજીપૂર્વક અને ખૂબીદાર રીતે ઘડેલી છે પણ આ બાબત ચોખ્ખી દીવાની સ્વરૂપની છે એટલે અહીં ન્યાય માગવા તમે આવી શકતા નથી. છેવટે સરદારની દલીલો સાંભળ્યા પછી ત્રણે તહોમતદારો ઉપર વારંટ કેમ ન કાઢવાં એનાં કારણો બતાવવાની એણે નોટિસ કાઢી. આ નોટિસ રદ કરાવવા આરોપીઓએ સેશન્સ કોર્ટમાં અપીલ કરી. સેશન્સ જજ આગળ તો સરદારને કશી દલીલ કરવાની પણ જરૂર ન પડી. ફરિયાદીની અરજી અને તેની સાથેની ઍફિડેવિટો (સોગંદ ઉપર કરેલાં નિવેદનો) વાંચી તેણે તો કહ્યું કે આવા સંજોગોમાં બાઈની દાક્તરી તપાસ તુરત થવી જ જોઈએ. સરદારનો મુદ્દો એ હતો કે બાઈને ખરેખર પુત્ર પ્રસવ્યો હોય તો અમારા કુટુંબના છોકરાને ગાદી મળે એમાં અમે રાજી છીએ. પણ ભળતો જ છોકરો ગાદીએ આવી જાય તેની સામે અમારો વાંધો છે. માટે ચોક્કસ તપાસ કરાવવાનો હુકમ મેળવવા અમે આ અરજી કરી છે. સેશન્સ જજે આરોપીની અપીલ રદ કરી અને બાઈની દાક્તરી તપાસ કરાવવા હુકમ કર્યો.

દરમ્યાન ફરિયાદીએ ખેડા જિલ્લાના કલેક્ટરને પણ અરજી કરેલી અને તે ઉપરથી આ બાબતની તપાસ કરી પોતાને રિપોર્ટ મોકલવા તેણે બોરસદના મામલતદારને હુકમ કરેલો. આ હુકમ ઉપરથી મામલતદારે મુખીને બોલાવ્યો. મુખીએ મામલતદાર સાહેબને ખુશ કર્યા એટલે એણે દાયાણીનું સ્ટેટમેન્ટ લીધું અને છોકરાના જન્મની ખુશાલીમાં વસવાયાં વગેરેને કાંઈ બક્ષિસો આપેલી તેમના જવાબ લઈ બધું બરાબર છે એવો રિપોર્ટ કર્યો અને એ રિપોર્ટ રેસિડેન્ટ મૅજિસ્ટ્રેટની મારફત કલેક્ટર ઉપર રવાના કર્યો.

સેશન્સ કોર્ટનો હુકમ આવ્યો એટલે બાઈની દાક્તરી તપાસ કરાવવાનું રેસિડેન્ટ મૅજિસ્ટ્રેટ મામલતદારને જ સોંપવાનો હુકમ કરતા હતા તેની સામે સરદારે વાંધો લીધો કે આ બાબતમાં એક મુખી સંડોવાયેલો છે, તે મામલતદારનો જ માણસ ગણાય માટે તપાસનું કામ બીજા કોઈ સ્વતંત્ર માણસને સોંપવું જોઈએ. તે ઉપરથી મૅજિસ્ટ્રેટે એક વકીલ જેઓ પોલીસ પ્રૉસીક્યુટર હતા તેમને આ કામ સોંપ્યું. તેઓ બાઈ દાક્તરને લઈ પેલા મુખીને ગામ ગયા. સાથે સરદાર તથા ફરિયાદી પણ હતા. મુખીએ કહ્યું કે, “આમાં શી તપાસ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

કરવાની છે? આ બધા લોહીઉકાળામાં છોડીનું બિચારીનું તો ધાવણ સુકાઈ ગયું. હવે શી તપાસ કરશો?" સરદારે કહ્યું કે, "આ બાઈ દાક્તર આવ્યાં છે તેઓ જોઈએ તો બીજી બાઈઓની હાજરીમાં જ તપાસ કરશે." મુખીએ કહ્યું કે, "હું કશી તપાસ કરવા દેવાનો નથી અને તમને ઘરમાં પેસવા દેવાનો નથી." પણ તપાસના હુકમથી એ ગભરાયો તો ખરો જ અને કોઈ પણ રીતે કેસની માંડવાળ કરવા તૈયાર થયો. પણ ફોજદારી કાયદાની એવી કલમ મુજબ આરોપ હતો કે કોર્ટની પરવાનગી વિના ખાનગી રીતે માંડવાળ થઈ શકે નહીં. ફરિયાદી પાસે સરદારે કલેક્ટરને અરજી કરાવી કે મામલતદારે બરાબર ચોકસાઈથી તપાસ કરીને પોતાનો રિપોર્ટ કર્યો નથી; મેં રેસિડેન્ટ મૅજિસ્ટ્રેટની કોર્ટમાં આ બાબતની ફરિયાદ કરી છે તેમાં મૅજિસ્ટ્રેટનો અભિપ્રાય મારી વિરુદ્ધ બંધાઈ જાય એ હેતુથી કશા પ્રયોજન વિના પોતાનો રિપોર્ટ રેસિડેન્ટ મૅજિસ્ટ્રેટની મારફત તેણે મોકલ્યો છે; વળી બાઈનો બાપ બાઈની દાક્તરી તપાસ કરવા દેતો નથી. આ બધી હકીકત જાણી કલેક્ટર મામલતદાર ઉપર ખૂબ ગુસ્સે થયો, તેનો ખુલાસો માગ્યો અને કેસનું જે પરિણામ આવે તે પોતાને જણાવવા હુકમ કર્યો. રેસિડેન્ટ મૅજિસ્ટ્રેટ પણ સેશન્સ જજના હુકમથી તાબડતોબ દાક્તરી તપાસનો હુકમ પોતાને કાઢવો પડેલો તેથી અને જે કેસને પોતે દીવાની સ્વરૂપનો કહેતો હતો તેની ફરિયાદ બહુ વાજબી અને જાહેર હિતની નીકળી તેથી નરમ પડી ગયો હતો. કલેક્ટરના હુકમથી ગભરાઈ મામલતદાર તથા મૅજિસ્ટ્રેટ બન્ને કાંઈ રસ્તો કાઢવાનું શોધવા લાગ્યા. સરદારની સંમતિ વગર રસ્તો નીકળી શકે એમ નહોતું, પણ એમને કહેવું શી રીતે? અમલદારો સાથે સરદારે વહેવાર એવો રાખેલો કે એમને કશું કહેવાની હિંમત એ લોકો કરી શકતા નહીં. વિઠ્ઠલભાઈ મારફત એમને કહેવડાવવું એ એક જ રસ્તો હતો. પણ એમની સામે તો આ અમલદારોની ખટપટ ચાલતી હતી. વિઠ્ઠલભાઈની સામેના બધા આક્ષેપો ખેંચી લઈશું, ભવિષ્યમાં એમની બાબતમાં કદી આડા નહીં આવીએ, અત્યાર સુધીના વર્તન માટે દિલગીર છીએ, એવું એવું ત્રીજા માણસ મારફત કહેવડાવી પૂરેપૂરી સુલેહ કરી નાખવા એ લોકોએ વિઠ્ઠલભાઈને ત્યાં ચાપાણી રખાવ્યાં. એમાં સરદારને બોલાવવાનું પણ નક્કી કર્યું. ત્યાં પેલા કેસની વાત પણ કાઢી. પ્રથમ તો સરદારે હાથ જ મૂકવા દીધો નહીં પણ છેવટે વિઠ્ઠલભાઈના આગ્રહથી એમની શરતો પ્રમાણે રસ્તો કાઢવો એમ નક્કી કર્યું. પેલો છોકરો તો ખોટો જ હતો, એટલે જેનો હતો તેને પાછો આપી દેવો, હકરાણીનો છોકરો મરી ગયો એમ જાહેર કરી જન્મમરણના પત્રકમાં એ પ્રમાણે મુખીએ નોંધ કરવી, વડોદરે સરસૂબાને છોકરો મરી ગયાની મુખીએ ખબર આપવી, છોકરાનાં માબાપને છોકરાના ભરણપોષણ માટે સરદાર ઠરાવે એ રકમ આપવી, એ બધું સરદારના

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



કહેવા પ્રમાણે એ લોકોએ કબૂલ કર્યું. ફરિયાદીને તો પોતાને જોઈતું હતું તે મળી ગયું એટલે પોતાનાં સગાં ઉપર ફોજદારી કેસ ચલાવવાની તેની ઇચ્છા ન રહી. ફરિયાદી અને તેના પુરાવા બધા પરહદના હતા. તેઓ સરદારની સલાહથી કોર્ટમાં હાજર જ ન થયા. છેવટે ચાર પાંચ મુદતો પાડીને કેસ કાઢી નાખવામાં આવ્યો અને કલેક્ટરને ખબર આપવામાં આવી કે છોકરો મરી ગયો છે અને ફરિયાદી હાજર થતો નથી એટલે અરજી કાઢી નાખવામાં આવી છે. કલેક્ટર વહેમાયો અને ગુસ્સે પણ થયો, પણ આ સંજોગોમાં કંઈ કરી ન શક્યો. વિઠ્ઠલભાઈ પણ આ સમાધાન થયા પછી અમલદારોની ખટપટમાંથી મુક્ત થયા. સરદારનું હવે બોરસદમાં રહેવાનું કાંઈ મન રહ્યું નહીં અને વિલાયત જવાનો તેમણે વિચાર કર્યો. અમદાવાદના મોટા મોટા વકીલો તો એમને કહેતા કે તમારા જેવી કમાણીવાળી પ્રૅક્ટિસ તો અમારી પણ ચાલતી નથી, આવી પ્રૅક્ટિસ છોડીને શું કામ વિલાયત જવાનો વિચાર કરો છો? સરદાર કહેતા કે, એમાં તો દરજ્જાનો (સ્ટેટસનો) સવાલ છે.

૪. બોરસદમાં હૈડિયાવેરાની લડત ચાલતી હતી તે વખતે સરકારનો પ્રજાની સામે એક આરોપ એવો હતો કે ગાંધીજીની ખેડા સત્યાગ્રહની અને અસહકારની લડતોથી લોકોને સત્તાનો ડર રહ્યો નહીં અને બહારવટિયા પાક્યા તેમને લોકોએ ઉત્તેજન આપ્યું. સાધારણ માણસોને બહારવટિયા બનાવવામાં કેવી રીતે સરકારી અમલદારો જ કારણરૂપ હોય છે તેનું સભામાં વર્ણન કરતાં સરદારે પોતાની વકીલાતના અનુભવમાંથી એક દાખલો આપેલો:

"સિંગલાવનો પેલો ગુલાબરાજા બહારવટે નીકળ્યો ત્યારે તો ગાંધીજી હિંદુસ્તાનમાં આવ્યા પણ નહોતા. તે વખતના કલેક્ટર લુડને તે મારવા ફરતો હતો, કારણ એણે ગુલાબરાજાને ખોટા કેસમાં સંડોવી સજા કરાવી હતી. એક વખત કલેક્ટરનો મુકામ સિંગલાવ ગામમાં હતો ત્યાં તેણે સાંભળ્યું કે ગુલાબરાજા નામનો માણસ ગાયકવાડી હદમાં લૂંટો કરે છે અને અંગ્રેજી રાજ્યની પોલીસની તેને મદદ છે. તેણે એની તપાસ કરવા માંડી. તે વખતે પેલો ગુલાબરાજા કસબી ફેંટો અને ભેટ બાંધીને પાસે જ ઊભો હતો. તેણે કહ્યું: 'હું ગુલાબરાજા.' લુડે કહ્યું: 'તારા હાથ તે છૂટા હોય? તને તો બેડીઓ પહેરાવવી જોઈએ.' ગુલાબરાજા કહે: 'ગુનામાં પકડાઉં તો તારી સત્તા ચાલે તે સજા કરજે. પણ આજે તો હું રાજા છું.' પછી તેને ગુનામાં સંડોવવા ખાતર કલેક્ટરના કહેવાથી તેના ઉપર કેસ ઊભો કરવામાં આવ્યો. ચોરા ઉપર મામલતદારની શિખવણીથી એક વાણિયાએ ગુલાબરાજાને ગાળો દીધી. તેથી ગુસ્સે થઈ તેણે તેને કપાળમાં એક કાંકરો માર્યો. આ બાબતનો કેસ ચાલ્યો. ગુલાબરાજાએ મને વકીલ કર્યો. કેસમાં કંઈ થઈ શકે એમ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



નહોતું. પણ કલેકટરે જજને મળી એને નવ મહિનાની સજા કરાવી. પેલાને આ વાતની ગંધ આવેલી એટલે ફેંસલાને દિવસે કોર્ટમાં એ હાજર જ ન થયો અને તે દહાડાથી બહારવટું શરૂ કર્યું. આમ નાની વાતમાંથી કલેક્ટરે એક બેગુના માણસને બહારવટિયો બનાવ્યો. પછી તો એણે બાવન લૂંટો કરી અને પચીસ ત્રીસ ખૂનો કર્યાં. તેને સતાવવામાં પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ પણ ખરો. કલેકટરને બાતમી જાય કે ગુલાબરાજા રોજ રાત્રે વલ્લભભાઈ વકીલને ઘેર આવે છે. એટલે એણે મને બોલાવ્યો અને મોટી મોટી જગ્યાઓ આપવાની અનેક લાલચો આપી પેલાને પકડાવી આપવા કહ્યું. મેં કહ્યું : 'કાયદો હું થોડોઘણો જાણું છું. મારે ઘેર એ આવતો હોય તો મારે પોતે જ એ જાહેર કરવું જોઈએ. ન કરું તો ગુનો ગણાય એ હું જાણું છું. બાકી તમારી નોકરીની લાલચે એને પકડાવવાના કામમાં હું પડું એ તો કાળું કામ કહેવાય અને આમે હું તો સરકારી નોકરીને લાત મારું છું' કલેકટર સડક થઈ ગયો ને સાંભળી રહ્યો. ગુલાબરાજા પોતાને મારવાની પેરવી કરતો હતો એની કલેકટરને ખબર પડતાં છેવટે એ લાંબી રજા લઈ વિલાયત ચાલી ગયો."

૫. નીચે આપેલો પ્રસંગ વકીલાતનો નથી પણ સરદારના સ્વતંત્ર મિજાજ અને હાજરજવાબીનો નમૂનો છે. જાનકીદાસજી કરીને એક મહારાજ ૧૯૦૬-માં બોરસદ આવેલા અને ગામ બહાર એક ગૃહસ્થના બંગલામાં ઊતરેલા. તે કથા બહુ સારી કરતા અને ગામમાંથી ઘણા તે સાંભળવા જતા. મળવા આવનાર સૌને તે બીડી છોડવાનો અને ચોટલી રાખવાનો ઉપદેશ કરતા. સરદાર તો શેના આવા મહારાજને મળવા જાય? પણ એક દિવસ બધા મિત્રો જતા હતા તેમના આગ્રહથી એમની સાથે ગયા. તે દિવસે પણ એમણે બીડી છોડવાનો ઘણાને ઉપદેશ કર્યો. સરદાર તો દૂર બેઠા બેઠા બધું જોયાં કરતા હતા. એક જણે સરદારને બતાવીને મહારાજને પૂછ્યું: "આમને કેમ કશું કહેતા નથી? એ પણ બીડી પીએ છે." મહારાજે કહ્યું: "મેં એમને વિષે બહુ સાંભળ્યું છે, એમને કહેવા જેવું નથી, 'ગાંગડું કણ ન રંધાય, કરોડો મણ બાળો કાઠી.'" સરદાર અત્યાર સુધી કશું બોલ્યા ન હતા પણ આ સાંભળીને તરત મહારાજને સંભળાવ્યું: "મારી પાસે બીડી છોડાવવી હોય તો તમારાં આ ભગવાં ઉતારીને મને કહેવા આવો, નહીં તો તમારા ભગવાંવાળા જ ગાંજો તંબાકુ વધારે વાપરે છે એમને પહેલાં કહેવા જાઓ."

૬. ૧૯૦૮માં બોરસદમાં એક મુનસફ આવેલા. તેમણે કોર્ટરૂમનું એક તરફનું બારણું બંધ કરાવ્યું. વકીલોને પોતાની ઓરડીએ જવા માટે ફરીને જવાનું થયું અને અગવડ પડવા માંડી. પણ કોઈની મુનસફને કહેવાની હિંમત ન ચાલે. સરદારને દીવાની કોર્ટમાં ભાગ્યે જ જવાનું થતું. પણ આ વાતની

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



તેમને ખબર પડી એટલે વકીલોને તેમણે સલાહ આપી કે તમે એ મુનસફનો બહિષ્કાર કેમ નથી કરતા? બન્ને પક્ષના વકીલો એની કોર્ટમાં હાજર નહીં થાય એટલે એ કેસો શી રીતે ચલાવવાનો છે? વકીલોએ આ સલાહ માની અને પેલા મુનસફ સાહેબ તો બે જ દિવસમાં સમાધાન કરવા તૈયાર થયા. વકીલોએ કહેવડાવ્યું કે સમાધાન તો વલ્લભભાઈ મારફત જ થાય. સરદારે કહેવડાવ્યું કે મુનસફને સમાધાન કરવું હોય તો મારી પાસે આવે. છેવટે મુનસફે કહ્યું કે હું બધા વકીલોને મારે ત્યાં ચાપાણી માટે નોતરું અને એ રીતે આપણે સમાધાન કરીએ. તેમાં પણ પ્રથમ તો સરદારે જવાની ના પાડી પણ બધા વકીલોએ ખૂબ આગ્રહ કર્યો એટલે ગયા.

૭. જે દિવસે વિલાયત જવા માટે બોરસદથી નીકળવાના હતા તે દિવસે કલેક્ટર આગળ ચલાવેલી એક અપીલમાં ભારે રમૂજ કરેલી. એક સોનીના ઉપર એક બાઈની સાથે વ્યભિચાર કરવા માટે ગૃહપ્રવેશનો આરોપ હતો. તેને છ માસની સજા થઈ હતી અને કલેક્ટરને ત્યાં એની અપીલ હતી. કલેક્ટરનો મુકામ બોરસદ હતો. કલેક્ટર સાહેબ પીને ચકચૂર થઈને બેઠેલા હતા. એટલે શિરસ્તેદાર જ વચમાં વચમાં સવાલ પૂછવા મંડ્યો. તેને ધમકાવીને સરદારે કહ્યું: "હું શિરસ્તેદાર આગળ કેસ ચલાવવા આવ્યો નથી. મારે તો સાહેબ આગળ કેસ ચલાવવાનો છે એમ સમજી આવ્યો છું." પછી રકઝક ચાલી તે સાંભળી કલેક્ટર ચેત્યો અને સરદારને પૂછ્યું કે, "શી હકીકત છે?" શિરસ્તેદાર બોલવા જતો હતો, એને "Keep quiet — બકબક ન કરો," કહીને ચૂપ કર્યો અને સરદારને પોતાની દલીલ આગળ ચલાવવા વિનંતી કરી. થોડી વાર પછી તેણે પૂછ્યું: "Is adultery a crime? — વ્યભિચાર એ કાયદામાં ગુનો છે?" સરદાર કહે: "ના રે સાહેબ, સુધરેલા દેશોમાં એ ગુનો છે જ નહીં. પણ આ પછાત દેશમાં આ શિરસ્તેદાર અને નીચેની કોર્ટના મૅજિસ્ટ્રેટ જેવા જૂના રૂઢિચુસ્ત અને સાંકડા વિચારના બ્રાહ્મણો આ કામને બહુ કરડી નજરે જુએ છે!" પેલાએ પાંચ મિનિટમાં આરોપીને છોડી મૂક્યો: શિરસ્તેદાર કશું સમજ્યો નહીં પણ ગુસ્સાથી બળી રહ્યો. તે જ દિવસે મુંબઈ જઈ બીજે દિવસે વિલાયતની બોટમાં ઊપડી ગયા.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

૪

# વિલાયતમાં

વિઠ્ઠલભાઈની પેઠે સરદારે પણ પોતાના વિલાયત જવાની વાત બોરસદમાં પહેલેથી કોઈને કરેલી નહીં. બોરસદથી ઊપડવાને દિવસે કોર્ટમાંથી ઘેર આવ્યા પછી પોતાના મિત્ર એક દાક્તરને અને બીજા બે ચાર જણને વાત કરી. છોકરાંની, તેમના ખર્ચની અને વિલાયતના પોતાના ખર્ચની બધી વ્યવસ્થા તો પહેલેથી કરી જ હતી. નાના ભાઈ કાશીભાઈ તાજા જ વકીલ થઈને બોરસદ આવેલા, તેમને ઘર અને કામકાજ સોંપી દીધું અને રાતે મુંબઈ જવા ઊપડ્યા. ત્યાંથી ૧૯૧૦ના ઑગસ્ટમાં સ્ટીમર ઉપર ચઢ્યા. સ્ટીમર કોઈ દિવસ જોઈ નહોતી. વિલાયતી પોશાક તો તે જ દિવસે પહેરેલો. ખુરશી-ટેબલ ઉપર છરી-કાંટાથી કેમ ખાવું તે જોયું કે જાણ્યું નહોતું. એમ ને એમ જ ગામડિયા જેવા આગબોટ પર ચઢી બેઠા. મુંબઈથી ઊપડતાં કાઠિયાવાડના એક નાના રજવાડાના ઠાકોરનો સાથ વિઠ્ઠલભાઈએ કરી આપ્યો હતો. એડન સુધી દરિયો ખૂબ તોફાની હતો એટલે ઊલટીઓ ખૂબ થઈ અને બહુ બેચેની રહી. સરદાર કહે છે કે ચાર દિવસમાં આખું પેટ સાફ થઈ ગયું. પછી કાંઈક ઠીક લાગવા માંડ્યું. વિઠ્ઠલભાઈ પાસેથી થોડી કાયદાની ચોપડીઓ સાથે લીધેલી તેમાંથી જસ્ટીનિયનનો રોમન લૉ એડનથી માર્સેલ્સ પહોંચતાં સુધીમાં પૂરો વાંચી નાખ્યો.

લંડન પહોંચ્યા પછી પહેલે દિવસે તો પેલા ઠાકોરની સાથે હોટેલ સેસિલમાં ઊતર્યા. પણ તે એટલી મોંઘી હતી કે બદલીને બીજે જ દિવસે શ્રી જોરાભાઈ ભાઈબાભાઈ પટેલ જે બેઝ વૉટરમાં રહેતા હતા તેમને ત્યાં ગયા. પછી બોર્ડરોને રાખનારી એક બાઈને ત્યાં રહેવાની વ્યવસ્થા કરી.

બૅરિસ્ટરના અભ્યાસ માટે મિડલ ટેમ્પલમાં * દાખલ થયા. થોડા વખતમાં જ પરીક્ષા થતી હતી અને રોમન લૉ તો તેમણે સ્ટીમરમાં જ વાંચી નાખ્યો હતો એટલે એ પરીક્ષામાં રોમન લૉના પેપરમાં બેઠા અને બહુ સારા માર્ક્સ મેળવી ઑનર્સ સાથે પહેલે નંબરે પાસ થયા.

---

* બૅરિસ્ટરની પરીક્ષા લેનારી અને પરીક્ષામાં પાસ થનારને બૅરિસ્ટર તરીકે નોંધનારી ઇંગ્લંડમાં ચાર સોસાયટીઓ અથવા મંડળીઓ છે. લિંકન્સ ઈન, ઈનર ટેમ્પલ, મિડલ ટેમ્પલ અને ગ્રેઝ ઈન. આ ચાર સોસાયટીઓ સિવાય બીજા કોઈને બૅરિસ્ટર બનાવવાનો અધિકાર નથી. પરીક્ષા પાસ કરી હોય છતાં કોઈને બૅરિસ્ટર



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



પુખ્ત ઉંમરે અને જીવનનો અનુભવ લઈને વિલાયત ગયેલા હોવાને લીધે આપણા કેટલાક જુવાનોની વિલાયતમાં જે દશા થાય છે તેવી થવાનો સરદારને ભય નહોતો. અહીં હાઈસ્કૂલમાં વિદ્યાર્થી હતા ત્યારે જેટલા તોફાની હતા તેટલા જ સ્થિર અને એકાગ્રતાવાળા વિલાયતમાં તેઓ બન્યા. એમને તો બૅરિસ્ટર થઈને બને તેટલા વહેલા પાછા આવવું હતું. મા વિનાનાં બે છોકરાંને બીજી બાઈને સોંપીને તેઓ ગયા હતા. એટલે વિલાયતમાં બીજી કશી પ્રવૃત્તિમાં માથું માર્યા વિના એકાગ્રચિત્તે પરીક્ષાની જ તૈયારી કરવા માંડી. જ્યાં રહેતા હતા ત્યાંથી 'મિડલ ટેમ્પલ'ની લાઈબ્રેરી અગિયાર બાર માઈલ દૂર હતી. પોતાની પાસે તો થોડી જ ચોપડીઓ હતી અને ત્યાં નવી ખરીદવી નહોતી. એટલે દરરોજ એટલું ચાલીને ત્યાંની લાઈબ્રેરીમાં જઈને જ વાંચવાનું રાખ્યું. દરરોજ સવારે નવ વાગ્યે ત્યાં પહોંચતા અને છેક છ વાગ્યે ટેમ્પલની લાઈબ્રેરી બંધ થાય, બધા ચાલ્યા જાય અને પટાવાળો આવીને કહે કે, "સાહેબ, હવે બધા ગયા." ત્યારે ત્યાંથી ઊઠતા. બપોરનું ખાણું તથા સાંજનો ચા નાસ્તો વગેરે ત્યાં જ મંગાવીને ખાતા. આ દિવસોમાં તેમણે રોજ દસથી બાર કલાક વાંચ્યું હશે. રાતે પાછા ચાલતા જ ઘેર જતા. એટલે રોજ બાવીસ ચોવીસ માઈલ ચાલવાનું થતું અને વ્યાયામ ઠીક મળતો.

બૅરિસ્ટર થવા માટે કુલ બાર ટર્મ (દરેક ટર્મ ત્રણ માસની) ભરવાની હોય છે. દરેક ટર્મમાં અમુક ભોજનો (ડિનર્સ) થાય છે તેમાંથી ઓછામાં

---

તરીકે નોંધવો કે નહીં તેની તથા એક વાર પોતાની સોસાયટીમાં બૅરિસ્ટર તરીકે નોંધ્યા પછી તેનું વર્તન નાલાયક માલૂમ પડે તો બૅરિસ્ટર તરીકેની તેની નોંધણી રદ કરવાની સત્તા આ ચારે સોસાયટીઓ ધરાવે છે.

આ સોસાયટીઓ પોતાનો કારભાર પોતપોતાનાં નિયામકમંડળ મારફત ચલાવે છે. દરેક સોસાયટીના નિયામકમંડળના સભ્ય તે તે સોસાયટીના બેન્ચર કહેવાય છે. આ બેન્ચરો ઘણુંખરું મોટા પ્રતિષ્ઠિત જનો તથા મોટા (સિનિયર) બૅરિસ્ટરો હોય છે.

મિડલ ટેમ્પલની ખ્યાતિ એવી છે કે મોટા મોટા નામાંકિત બૅરિસ્ટરો એમાંથી બહાર પડેલા છે. ઈનર ટેમ્પલમાં ભણનારા મોટે ભાગે અમીર વર્ગના અને બહુ ફૅશનમાં રહેનારા હોય છે. ગાંધીજી ઈનર ટેમ્પલના બૅરિસ્ટર હતા. એમને ૧૯૨૨માં રાજ્યદ્રોહના આરોપ માટે છ વરસની સજા થઈ ત્યારે ઈનર ટેમ્પલે પોતાના પત્રકમાંથી એમનું નામ કાઢી નાખ્યું હતું.

દરેક સોસાયટીનાં મકાનોમાં એક મોટું ભોજનગૃહ, એક દીવાનખાનું (કૉમન રૂમ), એક પુસ્તકાલય તથા એક દેવળ એટલું તો હોય જ છે. તે ઉપરાંત પણ દરેક સોસાયટી બહુ સ્થાવર તથા જંગમ મિલકત ધરાવે છે. ચારે સોસાયટીઓ સમૂહમાં 'ઈન્સ ઑફ કોર્ટ' એ નામથી ઓળખાય છે.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ઓછાં અમુક તો દરેક ઉમેદવારે લેવાં જ પડે છે. એટલે સાધારણ રીતે ત્રણ વર્ષે બૅરિસ્ટર થવાય. પણ છ ટર્મ પૂરી કર્યા પછી એટલે દોઢ વરસ પછી કોઈને પૂરી પરીક્ષા આપવી હોય તો તેને આપવા દેવામાં આવે છે. આ પૂરી પરીક્ષામાં જે ઑનર્સમાં પાસ થાય તેને એ ટર્મની માફી મળે છે.

સરદારે છ ટર્મ ભરીને આખી પરીક્ષામાં બેસવાની તૈયારી કરી. આખી પરીક્ષા આપતા પહેલાં તૈયારીની પૂર્વકસોટીરૂપ (પ્રિલિમિનરી) એક પરીક્ષા થાય છે. તેમાં ઇક્વિટી (Equity)ના વિષયમાં જે પહેલા આવે તેને પાંચ પાઉન્ડનું ઇનામ મળતું. સરદાર આ પરીક્ષામાં બેઠેલા અને ઇક્વિટીનું ઇનામ તેમની અને મિ. જી. ડેવિસની વચ્ચે વહેંચાયેલું. આ મિ. ડેવિસ પછીથી આઈ. સી. એસ. થઈને હિંદુસ્તાન આવેલા અને અમદાવાદમાં ડિસ્ટ્રિક્ટ ઍન્ડ સેશન્સ જજ થયેલા. પાછળથી સિંધની વડી અદાલતના ચીફ જસ્ટિસ થયેલા. સરદારની અને એમની સારી મૈત્રી હતી.

છેવટની આખી પરીક્ષા તેમણે ૧૯૧૨ના જૂનમાં પસાર કરી. તેમાં પહેલા વર્ગ ઑનર્સમાં પહેલે નંબરે પાસ થયા અને તેમને પચાસ પાઉંડનું રોકડ ઇનામ મળ્યું.

પરીક્ષામાં આવો વિરલ યશ તેમને મળ્યો તેથી ત્યાંના હિંદીઓમાં તેમની બહુ નામના થઈ. ઍંગ્લો-ઇન્ડિયનોનું પણ તેમના તરફ ધ્યાન ખેંચાયું. મિ. શેપર્ડ નામના એક નિવૃત્ત આઈ. સી. એસ., જેઓ ઉત્તર વિભાગના કમિશનર તરીકે ગુજરાતમાં નોકરી કરી ગયેલા અને તે વખતે ગુજરાતની પાટીદાર કોમના સમાજ-સુધારાના કામમાં ખૂબ જ રસ લેતા, તેઓ આખા સામ્રાજ્યમાંથી બૅરિસ્ટર થવા આવનારાઓમાં એક ગુજરાતી અને પાટીદાર પહેલો આવ્યો અને તેને ઇનામ મળ્યું એ છાપામાં વાંચીને પોતાની મેળે સરદારને મળવા ગયા અને પોતાનું ઓળખાણ આપી તેમનું અભિનંદન કર્યું તથા પોતાને ઘેર એમને જમવા બોલાવ્યા.

આમ આખી પરીક્ષા ખૂબ માન સાથે પસાર કરી બૅરિસ્ટર માટેની સંપૂર્ણ યોગ્યતા પ્રાપ્ત કરી અને છ મહિનાની માફી મેળવી. પણ હજી બે ટર્મ બાકી રહી હતી, તે દરમિયાન ભોજન લેવા ઉપરાંત કશું જ કામ કરવાનું સરદારને બાકી રહ્યું નહોતું. એટલે પોતાની ઇનના નિયામકમંડળને તેમણે અરજી કરી. તેમાં પોતાને થયેલા વાળાના દર્દને (પહેલા પ્રકરણને અંતે એની હકીકત આપેલી છે.) કારણે ઑપરેશન કરાવવું પડેલું તથા માંદગી ભોગવવી પડેલી એ હકીકત જણાવીને ઇંગ્લંડના શિયાળામાં વધુ રહેવું પોતાની તબિયતને જોખમકારક છે તથા નાહક ઇંગ્લંડમાં રહેવાનું ખર્ચ વેઠવું પોતાને ભારે પડે એમ છે અને પૂરેપૂરી પરીક્ષા તો ઑનર્સ સાથે પોતે પાસ કરી જ છે માટે બાકી રહેલી બે ટર્મ્સની માફી આપી એમને વહેલા બૅરિસ્ટર તરીકે નોંધવામાં

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



આવે એવી વિનંતી કરી. નિયામકમંડળમાં આ અરજી ઉપર વિચાર ચાલ્યો. તેમાં જે બેન્ચરો ત્યાંના હતા તેમણે તો સંમતિ આપી પણ ઍંગ્લો-ઇન્ડિયન (હિંદુસ્તાનમાં લાંબો વખત રહી ગયેલા અંગ્રેજો) બેન્ચરોએ સખત વિરોધ કર્યો. તેમની દલીલ એ હતી કે એમ ટૂંક સમયમાં અને થોડા ખર્ચમાં બૅરિસ્ટર થઈ શકાશે તો હિંદુસ્તાનમાંથી બૅરિસ્ટર થવા વિલાયત આવનારાઓનો રાફડો ફાટશે. આ લોકોના વિરોધને લીધે સરદારની અરજી રદ કરવામાં આવી.

હવે અમુક ભોજનો લેવાનાં હતાં તે ઉપરાંત બીજા કશા ખાસ કામ વિના છ મહિના સરદારને વિલાયતમાં રહેવું પડ્યું. એટલે ઇંગ્લંડમાં તેઓ ઠીક ઠીક ફર્યા. તે વખતે બૅરિસ્ટર થવા ત્યાં ગયેલાઓ પૈકી ગુજરાતીઓમાં શ્રી મગનભાઈ ચતુરભાઈ પટેલ, શ્રી નગીનદાસ સેતલવાડ, શ્રી ઇન્દ્રવદન નારાયણભાઈ મહેતા, શ્રી સૂર્યશંકર દેવશંકર મહેતા વગેરે હતા. તેમને અવારનવાર મળતા, જોકે કોઈ સાથે ગાઢ પરિચય કે દોસ્તી જેવું થયેલું નહીં. બીજા વિદ્યાર્થીઓના પણ થોડાઘણા પરિચયમાં આવેલા. સરદારને પોતાને તો દેશના જાહેર જીવનનો બિલકુલ અનુભવ ન હતો. પણ ત્યાં ગયેલા બીજા હિંદી વિદ્યાર્થીઓ જાહેર જીવનની વાતો બહુ કરતા. જોકે તે વખતે હિંદી વિદ્યાર્થીઓ માટે ઇંગ્લંડમાં વાતાવરણ ગરમ હતું. ધિંગરાએ કર્ઝન વાઈલીનું ખૂન કરેલું, સાવરકરને રાજ્યવિરોધી કાવતરા માટે જન્મટીપની સજા થયેલી, બિપિનચંદ્ર પાલ ત્યાં ગરમાગરમ ભાષણો કરી ગયેલા એ બધું આ અરસામાં અથવા થોડા જ વખત પહેલાં બની ગયું હતું. એટલે હિંદી વિદ્યાર્થીઓ ઉપર ઠીક ઠીક જાસૂસી રહેતી. એકંદરે તો સરદારને ત્યાંના હિંદી વિદ્યાર્થીઓનું જાહેર જીવન દમ વિનાનું લાગેલું. ઘણા વિદ્યાર્થીઓ તો ત્યાં મોજશોખમાં પડી ગયેલા જણાતા હતા. એક વિદ્યાર્થીએ પોતાની મુશ્કેલીઓની ખોટી ખોટી વાતો કરી સરદાર પાસેથી પંચોતેર પાઉંડ ઉછીના લીધેલા, તે પાછા મેળવતાં એમને બહુ મુશ્કેલી પડેલી. વિલાયતમાં જ્યારે સરદાર બીમાર હતા અને ઑપરેશન કરાવ્યું હતું ત્યારે પૈસાની જરૂર પડી અને એની પાસે આપેલા પૈસાની માગણી કરી ત્યારે એણે ગુસ્સે થઈને કાગળ લખ્યો અને સરદારને મળવા કરવાનું બંધ કર્યું. બાકી રહેલી રકમ તો હિંદુસ્તાનમાં આવ્યા બાદ તેણે મોકલી આપી. તે વખતે કાગળ લખ્યો તેમાં પોતાના અસભ્ય વર્તન માટે માફી માગી અને સરદારની સુજનતા તથા માયાળુપણાની કદર બૂજી. પણ એકંદરે મોટા ભાગના વિદ્યાર્થીઓથી સરદારને નિરાશા સાંપડેલી.

ત્યાં બૅરિસ્ટર તરીકેની નોંધણીનો સમારંભ અને વિધિ આપણી અહીંની યુનિવર્સિટીઓના પદવીદાન સમારંભ જેવો લગભગ હોય છે. બધી ટર્મ્સ પૂરી થતાં સરદારને બૅરિસ્ટર તરીકે નોંધાવાનો સમય આવ્યો. ત્યાંના રિવાજ પ્રમાણે

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

એક ‘બેન્ચરે’ ઉમેદવારને બૅરિસ્ટર તરીકે નોંધવાની દરખાસ્ત કરવી પડે છે અને બીજા ‘બેન્ચરે’ તેને ટેકો આપવો પડે છે. સરદાર પોતાની ઇનના સઘળા બેન્ચરોનું લિસ્ટ જોઈ ગયા અને કશી ઓળખાણ કે ભલામણ વિના એક સિનિયર બેન્ચર પાસે પહોંચી ગયા અને પોતાની દરખાસ્ત કરવા તેને વિનંતી કરી. પેલા ભાઈએ હેતથી સરદારનું સ્વાગત કર્યું અને પોતે દરખાસ્ત કરવાનું સ્વીકાર્યું એટલું જ નહીં પણ ટેકો આપનારનું પણ નક્કી કરી આપ્યું. આ ભાઈ તે વખતના મુંબઈના ચીફ જસ્ટિસ સર બેસિલ સ્કૉટના પિત્રાઈ ભાઈ થતા હતા, એ વાત તો પાછળથી સરદારના જાણવામાં આવી.

આ દરખાસ્ત વગેરે વિધિની સભા જે હૉલમાં થાય ત્યાં બહુ દબદબાથી સરઘસના આકારમાં જવાનું હોય છે. પહેલે નંબરે પાસ થયેલા હોઈ સરઘસમાં સરદારને બહુ માનનું સ્થાન મળ્યું. સરઘસને મોખરે નિયામકમંડળનો ચૅરમૅન, તેની પાછળ ઑનર્સમાં પહેલે નંબરે આવેલા ઉમેદવાર તરીકે સરદાર, તેની પાછળ બધા બેન્ચરો અને તેની પાછળ નવા બૅરિસ્ટર થનારાઓ — એ ક્રમે સરઘસ સભાગૃહ તરફ ચાલ્યું. સ્વાભાવિક રીતે જ સૌ પ્રેક્ષકોનું ધ્યાન સરદાર તરફ ખેંચાયું.

આ વિધિ પૂરો થયો એટલે એમના નામની દરખાસ્ત મૂકનાર પેલા બેન્ચરે સરદારને બીજે દિવસે પોતાને ત્યાં જમવાનું આમંત્રણ આપ્યું. પણ બીજે જ દિવસે ત્યાંથી ઊપડી જવા માટે સ્ટીમરની ટિકિટ વગેરે લઈ રાખી છે એમ સરદારે જણાવ્યું, અને આવી ઉતાવળ કરવાના કારણમાં મા વિહોણાં બે નાનાં છોકરાંને અઢી વર્ષ થયાં ઘેર મૂકીને આવ્યો છું એમ કહ્યું, એટલે પેલા બેન્ચર ભાઈએ જમવાનો આગ્રહ છોડી દીધો. પણ પોતાના ભાઈ જે મુંબઈમાં ચીફ જસ્ટિસ હતા તેમના ઉપર ચિઠ્ઠી લેતા જવાનું કહ્યું અને જણાવ્યું કે જો મુંબઈ રહેવા ઇચ્છતા હશો તો ચિઠ્ઠી ઉપયોગી થશે. મારા ભાઈ તમને જરૂર મદદ કરશે. સરદારે ભારે આભાર સાથે ચિઠ્ઠી લીધી અને પોતાની ગોઠવણ પ્રમાણે બીજે જ દિવસે ઇંગ્લંડનો કિનારો છોડ્યો.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021

# ૫

# બૅરિસ્ટરી

સને ૧૯૧૩ના ફેબ્રુઆરીની ૧૩મી ને ગુરુવારે સરદાર હિંદુસ્તાનને કિનારે મુંબઈ બંદરે ઊતર્યા. બીજે જ દિવસે તેમને અમદાવાદ પહોંચવું હતું. એટલે આવ્યા તે જ દિવસે, મુંબઈ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સર બેસિલ સ્કૉટ ઉપર ચિઠ્ઠી લાવ્યા હતા તે લઈને તેમને મળવા ગયા. સર બેસિલે તેમનું બહુ સારી રીતે સ્વાગત કર્યું અને મુંબઈ રહેવાના હો તો પોતે મદદ કરશે એમ જણાવ્યું. ચિઠ્ઠીમાં પેલા ભાઈએ જણાવ્યું હતું કે આવા માણસને ન્યાય ખાતામાં ઊંચી જગ્યા આપવી જોઈએ. સરદારને નોકરી તો જોઈતી જ ન હતી. અને મુંબઈ રહે તો ત્યાં પ્રૅક્ટિસ જામતાં થોડાં વર્ષ લાગે. ખૂબ મોટું ખર્ચ તો કરી ચૂક્યા હતા તે કારણે પણ એટલી રાહ જોવાની પોતાની આર્થિક સ્થિતિ નથી એમ જણાવ્યું. પેલાએ ગવર્નમેન્ટ લૉ સ્કૂલ (તે વખતે એલએલ. બી.નો અભ્યાસ કરનારાઓને સાંજે સાડાપાંચથી સાડાછ એક જ કલાક ભરવો પડતો એટલે એ કૉલેજ નહીં પણ સ્કૂલ કહેવાતી)માં પ્રોફેસરની જગા અપાવી શકાય એમ કહ્યું. પણ સરદારને એથી સંતોષ થાય એમ નહોતું. એટલે આભાર માની દિલગીરી દર્શાવી. અમદાવાદમાં પ્રૅક્ટિસ મળવાની ખાતરી હતી, બલ્કે કેસો એમની રાહ જોતા હતા. મુંબઈના વકીલ મંડળમાં ઝળકવાની મહત્ત્વાકાંક્ષા નહીં હોય અને અમદાવાદમાં રહે તો લોકોની કાંઈ સેવા કરી શકાશે એવી પણ ઇચ્છા તે વખતે ઊંડે ઊંડે હોય. કોઈ પણ કારણે તેઓ મુંબઈ ન રહ્યા અને અમદાવાદ આવ્યા એમાં ભારતભાગ્યવિધાતાનો હાથ હોવો જ જોઈએ. બે વર્ષ પછી જ ગાંધીજી હિંદુસ્તાનમાં આવીને અમદાવાદમાં વસવાટ કરવાના હતા. સરદાર અમદાવાદમાં હતા તેથી જ ગાંધીજી સાથે એમનો યોગ થયો એમ સાધારણ માનવી બુદ્ધિએ આપણને લાગે.

સરદારને માટે અમદાવાદ આવી જલદી પૈસા કમાવા માંડવાનું બીજું પણ એક કારણ હતું. તેઓ વિલાયતમાં હતા ત્યારે જ વિઠ્ઠલભાઈ જાહેર જીવનમાં પડી ચૂક્યા હતા અને ઉત્તર વિભાગની સ્થાનિક સ્વરાજ સંસ્થાઓ તરફથી મુંબઈની ધારાસભામાં મેમ્બર થયા હતા. વકીલાતનું કામ અને લોકસેવાનું કામ એકી સાથે ન થઈ શકે એટલે વિઠ્ઠલભાઈએ ધારાસભાના કામમાં પોતાનો બધો વખત આપવો અને સરદારે પ્રૅક્ટિસ કરી વિઠ્ઠલભાઈનું ખર્ચ પણ ઉપાડી લેવું એમ બે ભાઈઓએ નક્કી કર્યું હતું. સરદારના અગાઉ ટાંકેલા મોડાસાના સને ૧૯૨૧ના ભાષણમાં તેમણે કહ્યું છે:



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો
41/56

4/25/2021



"સ્વતંત્રતા જોઈતી હોય તો આ દેશમાં સંન્યાસી જોઈએ, સ્વાર્થત્યાગ કરી સેવા કરવી જોઈએ. માટે અમે બન્નેએ નિશ્ચય કર્યો કે એમાંથી એકે દેશ-સેવા કરવી અને બીજાએ કુટુંબસેવા કરવી. ત્યારથી મારા ભાઈએ પોતાનો ધીકતો ધંધો છોડી દેશસેવાનું કાર્ય કરવા માંડ્યું અને ઘર ચલાવવાનું મારે માથે પડ્યું. આથી પુણ્યકામ તેમને નસીબે આવી પડ્યું અને મારે માથે પાપનું કામ આવી પડ્યું. પણ તેમના પુણ્યમાં મારો હિસ્સો છે એમ સમજી મન વાળતો."

બીજે દિવસે સરદાર અમદાવાદ આવ્યા. લાલ દરવાજા પાસે આવેલી કામાની હોટેલમાં ઊતરીને તરત એક કેસને અંગે પંચમહાલ જવા ઊપડ્યા. ત્યાંથી પાછા આવ્યા બાદ ડિસ્ટ્રિક્ટ કોર્ટની પાસે એક મકાન ભાડે રાખ્યું. એ મકાનમાં આઠેક મહિના રહ્યા હશે. બાદ ભદ્રમાં દાદાસાહેબ માવળંકરના કાકાના બંગલામાં રહેવા ગયા. મુંબઈથી ખાસ મંગાવેલા ફૅશનેબલ ફર્નિચરથી પોતાની ઑફિસ સજાવી અને ઠાઠથી રહેવા લાગ્યા. ફર્નિચરની પસંદગી કરવામાં સરદારની સુરુચિનાં વખાણ કરતાં શેઠ કસ્તૂરભાઈ ઘણી વાર કહેતા કે સરદારની ઑફિસના જેવું ફર્નિચર મેં અમદાવાદમાં બીજી કોઈ ઑફિસમાં જોયું નથી. ફર્નિચર ઝાઝું નહોતું, પણ સાદું, ઊંચા પ્રકારનું અને સુંદર હતું. તે વખતનું એમનું શબ્દચિત્ર દાદાસાહેબ માવળંકર સરદારની સિત્તેરમી જયંતી ઉપર લખેલા એક લેખમાં નીચે પ્રમાણે આપે છે:

"ફાંકડો જુવાન, છેક છેલ્લી ઢબના કટવાળાં કોટપાટલૂન પહેરેલાં, ઊંચામાં ઊંચી જાતની બનાતની હૅટ માથા ઉપર કંઈક વાંકી મૂકેલી, સામા માણસને જોતાં જ માપી લેતી તેજસ્વી આંખો, બહુ ઓછું બોલવાની ટેવ; મોઢું સહેજ મલકાવીને મળવા આવનારનું સ્વાગત કરે પણ તેની સાથે ઝાઝી વાતચીતમાં ન ઊતરે; મુખમુદ્રા દૃઢતાસૂચક અને ગંભીર; કાંઈક પોતાની શ્રેષ્ઠતાના ભાન સાથે દુનિયાને નિહાળતી તીણી નજર; જ્યારે પણ બોલે ત્યારે એના શબ્દોમાં આત્મવિશ્વાસથી અને પ્રભાવથી ભરેલી દૃઢતા; દેખાવ કડક અને સામા માણસને પોતાની આમન્યા રાખવાની ફરજ પાડે એવો — આવા આ નવા બૅરિસ્ટર અમદાવાદમા વકીલાત કરવા આવ્યા. તે વખતે અમદાવાદમાં છ સાત બૅરિસ્ટર હતા. તેમાં વધારે પ્રૅક્ટિસવાળા તો બે કે ત્રણ જ હતા. સ્વાભાવિક રીતે જ નવા અને જુવાનિયા વકીલોનું આ નવજવાન બૅરિસ્ટર પ્રત્યે ધ્યાન ખેંચાયું. એમના વ્યક્તિત્વમાં અને વર્તનમાં જ અમુક વિશિષ્ટતા હતી. કાંઈક આકર્ષણ, કાંઈક માન, કાંઈક અંજાઈ જવું, અને બીજાઓ પ્રત્યે તેઓ જે રીતે જોતા તેને લીધે કદાચ કાંઈક રોષ પણ — એવી મિશ્ર લાગણીઓથી વકીલમંડળમાં તેમનો સત્કાર થયો."

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



વકીલ તરીકેની તેમની કુશળતા વિષે દાદાસાહેબ એ જ લેખમાં કહે છે :

"તેમની પ્રૅક્ટિસ મોટે ભાગે ફોજદારી બાજુની હતી. સાક્ષીઓની તેમની ઊલટતપાસ ટૂંકી પણ મુદ્દાસરની રહેતી. જોતાંવેંત જ સાક્ષી કેવા પ્રકારનો છે તે તેઓ કળી જતા અને ઊલટતપાસમાં તે રીતે પોતાનો મારો ચલાવતા. કેસ ચલાવવાની તેમની ઢબમાં જ દેખાઈ આવતું કે કેસની વિગતો ઉપર તેમનો પૂરો કાબૂ છે. સામો પક્ષ કયા કયા મુદ્દા ઉપર પોતાના કેસનો મદાર રાખે છે અને કઈ લાઈન ઉપર પોતાનો કેસ રજૂ કરવાનો છે તેનો ચોક્કસ અંદાજ તેમની પાસે રહેતો અને એ બધું જાણીને કેવી રીતે બચાવનો પોતાનો કેસ રજૂ કરવો તથા કઈ રીતે સામા પક્ષ ઉપર હુમલો કરવો તેની પાકી રીતે વિચારી લીધેલી યોજના પણ તેમની પાસે હોતી. પણ આ બધામાં સૌનું એકદમ ધ્યાન ખેંચે એવો તેમનો મોટો ગુણ તો એ હતો કે કોર્ટ સાથેનો તેમનો વ્યવહાર સંપૂર્ણ નીડરપણાનો રહેતો. તે ગુણે જ આખા વકીલમંડળમાં તેમને આદરપાત્ર બનાવ્યા હતા. જજને સભ્યતાની મર્યાદા બહાર તસુભાર પણ કદી તેઓ ચસવા દેતા નહીં, તેમ અન્યાયી અથવા ગેરવાજબી રીતે કોર્ટ ફરિયાદ પક્ષ અથવા પોલીસ પ્રત્યે જરા પણ ઢળવા જાય તો તે પણ સાંખી લેતા નહીં. એમને હંમેશાં બચાવ પક્ષ તરફથી જ હાજર થવાનું રહેતું. એમને બૅરિસ્ટર તરીકે રોકીને એમના અસીલને નચિંતતા રહેતી. તેઓ કોર્ટને તથા ફરિયાદ પક્ષને વાજબી મર્યાદામાં રાખતા. કદી તેઓ જજને, ફરિયાદ પક્ષને અથવા તો પોલીસને એની વાત અથવા વલણ જરા પણ ગેરવાજબી હોય તો છટકવા દેતા નહીં અને જેવું હોય 'તેવું તડ અને ફડ કહી દેતા. ૧૯૧૩–'૧૪માં આ જાતનું વલણ રાખવામાં કેટલી વીશીએ સો થતી તેનો ખ્યાલ આજના જુવાન વકીલોને આવવો મુશ્કેલ છે. આજે તો અમલદારો પ્રત્યે આદર અને સભ્યતાના ખ્યાલો વિષે લોકોમાં તેમ જ વકીલોમાં બહુ ભારે પરિવર્તન થઈ ગયું છે. તે વખતે સભ્યતા અને આદર રાખવો એટલે ખુશામત કરવી અને નમતા રહેવું એમ જ મનાતું. સરદાર તે વખતે પણ આવી વસ્તુઓથી પર હતા અને કોઈ જજના તોરીપણાની અથવા તરંગીપણાની ટીકા કરવાથી અથવા તે ઉઘાડી પાડવાથી એ જજ આગળની પોતાની પ્રૅક્ટિસને ધોકો પહોંચશે એવા ડરથી એ વસ્તુ તેઓ નિભાવી લેતા નહીં. તેથી લોકોના તેમ જ વકીલોના સ્વમાનના તેઓ ભારે રક્ષક બની રહેતા."

કોર્ટ સાથે તેઓ કેવી રીતે લડતા તેનો એક દાખલો દાદાસાહેબ એ જ લેખમાં આપે છે:

"સરકારી અમલદારો ખેડા જિલ્લાને બહુ ગુનાખોર અને તોફાની જિલ્લો ગણતા. તે વખતે ખેડા જિલ્લાની સેશન્સ કોર્ટ અમદાવાદમાં હતી.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



એટલે ખેડા જિલ્લાના ભારે ફોજદારી કેસો ત્યાં આવતા. સેશન્સ કોર્ટ અમદાવાદમાં હોઈ જ્યૂરી અમદાવાદના ગૃહસ્થોની બનતી, પણ ખેડા જિલ્લાના આરોપીઓને તેમના કેસ જ્યૂરી મારફત ચલાવવાનો હક આપવામાં આવ્યો ન હતો. એક ખૂનના આરોપમાં બે ભાઈઓ સામે પ્રથમ દર્શની પુરાવો લગભગ નહીં જેવો હોવા છતાં, એમનો કેસ સેશન્સ કમિટ કરવામાં આવ્યો હતો અને સેશન્સ જજે આરોપીઓની જામીન ઉપર છોડવાની અરજી નામંજૂર કરી હતી. આરોપી તરફથી તરત સરદારને રોકવામાં આવ્યા. કેસના આરંભમાં જ આરોપીઓને જામીન ઉપર છોડવા માટે તેમણે ફરી અરજી કરી અને એ અરજીના સમર્થનમાં દલીલ કરતાં સેશન્સ જજ ઉપર જ આક્રમણ કર્યું. ‘આરોપીઓની જામીનઅરજી શા માટે નામંજૂર કરવામાં આવી? કારણ પોલીસ તરફથી તેમની રોજની દલીલ કરવામાં આવી કે આરોપીઓ છૂટા હશે તો ફરિયાદ પક્ષના પુરાવામાં ગોલમાલ કરશે; અને આ કેસ ખેડા જિલ્લાનો હોઈને આરોપીઓને ભયાનક માણસો ગણવા જોઈએ. મારે બહુ દિલગીરી સાથે કહેવું પડે છે કે આ કોર્ટમાં ખેડાના કોઈ પણ આરોપીનો વાજબી રીતે ઇન્સાફ તોળાતો નથી. તેની સામે થોડો કાંઈક પુરાવો મળી જાય તો એવા અપૂરતા પુરાવા ઉપર પણ તેને સજા થાય છે, કારણ આરોપી ખેડા જિલ્લાનો છે એટલે એણે પુરાવામાં ગોલમાલ કરી જ હોવી જોઈએ. આ અહીંનો ન્યાય છે! પુરાવો બરાબર હોય કે ન હોય, ખેડા જિલ્લો ગુનાખોર છે માટે આરોપીને સજા કરવી જ જોઈએ. આ કોર્ટ પણ આ ધોરણ પકડીને જ ચાલે છે એવું દેખાય છે. જો આમ ન હોય તો હું સમજી શકતો નથી કે આવા કેસમાં, જ્યાં આરોપીની સામે પ્રથમ દર્શની પુરાવો જરા પણ નથી ત્યાં કોર્ટે શા માટે એની જામીનઅરજી નામંજૂર કરવી જોઈએ?’

“સરદાર કેસ ચલાવતા હોય ત્યારે ઘણા વકીલો જોવા બેસતા. એટલે કોર્ટ વકીલોથી ઠઠ ભરાયેલી હતી, ત્યાં સરદારે આ શબ્દો ઉચ્ચાર્યા. પોતાની ઉપરનો સીધો આક્ષેપ સાંભળી જજ પણ સ્તબ્ધ થઈ ગયો. બચાવ પક્ષના બૅરિસ્ટરે પોતાની ઉપર કરેલા આક્ષેપની સત્યતાનું ભાન પણ એના દિલમાં હશે. એણે કહ્યું: ‘મિ. પટેલ, તમે કાંઈક ઉશ્કેરાઈ જઈને કોર્ટની સામે આવો ગંભીર આક્ષેપ કરતા લાગો છો. હમણાં આપણે કોર્ટ મુલતવી રાખીએ છીએ. અડધા કલાક પછી મળીશું.’

“જજ ચેમ્બરમાં ગયા અને થોડા જ વખત ઉપર નામંજૂર કરેલી જામીનઅરજી તરત મંજૂર કરી. કેસમાં આરોપીઓ નિર્દોષ છૂટી ગયા.”

હવે એમની ઊલટતપાસના એક બે નમૂના આપું. નીચેની વાત તો એમની ઊલટતપાસનો ભોગ થઈ પડેલા એક મુખીએ જ મને કહી છે.

એક બારૈયાનું ખૂન તેના પોતાના જ ઘરમાં થયેલું. જુદા જુદા ગામના બે બારૈયાઓ ઉપર પોલીસે ખૂનનો આરોપ મૂકી કેસ કરેલો અને આ પોલીસ-પટેલ સાક્ષીમાં ગયેલા. એક બારૈયાએ સરદારને રોકેલા.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

14737

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો



બેરિસ્ટર ભાઈઓ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



સર૦ — (પેલા પોલીસપટેલને) તમારા પ્રથમ રિપોર્ટમાં ખૂનીનાં જે નામ લખેલાં છે તે છેકી નાખીને કેમ બદલ્યાં છે?

પટેલ — મરનારના બાપે પહેલી વાર બે નામ આપ્યાં. પણ ત્યાર પછી તેની સ્ત્રીએ આ બીજાં બે નામ આપ્યાં. એટલે મેં બદલ્યાં.

સર૦ — તમે નામ બદલવાના કેટલા રૂપિયા લીધા છે?

પટેલ — મેં કાંઈ લીધું નથી.

સર૦ — વાહ, ધરમરાજાના અવતાર લાગો છો. પણ હું તમને પોલીસ-પટેલોને ઓળખું છું. તમારા લોકો તો ખૂન કરાવે, દેવતા મુકાવે, જાસા કરાવે, ચોરીઓ કરાવે, અને ચોરીનો માલ પણ રાખે. માટે ભગવાનને માથે રાખી જુબાની આપો છો તે સાચું બોલો. નહીં તો સવાલો પૂછીને તમારાં બધાં પોકળ મારે ખોલાવવાં પડશે.

પેલો મુખી તો ડઘાઈ જ ગયો અને બધું ઘણુંયે તૈયાર થઈને આવ્યો હશે પણ જુબાનીમાં સાવ તૂટી ગયો. પેલા બંને આરોપીઓ છૂટી ગયા.

તે અરસામાં ઉમરેઠ ગામમાં ખોટા દસ્તાવેજો બનાવવાનો વાયરો વાયેલો. એ દસ્તાવેજોના જોર ઉપર કેટલાયે માણસો ઉપર ખોટા દાવા થયેલા. કોઈના ઉપર અદાવત હોય તો તેની સામે ખોટો દસ્તાવેજ ઊભો કરી દાવો માંડવામાં આવતો અને તેને હેરાન કરવામાં આવતો. એના કેસો છેક હાઈકોર્ટ સુધી પહોંચેલા અને જ્યાં દસ્તાવેજના ખોટાપણાની ખાતરી થઈ ત્યાં હાઈકોર્ટ જજોએ સખત ટીકા કરેલી અને એવા દસ્તાવેજ રજૂ કરનાર ઉપર ફોજદારી કેસ ચલાવવાના હુકમો કાઢેલા. છેવટે તપાસ કરી ગુનેગારોને પકડવા માટે એક ખાસ પોલીસ અમલદાર નીમવામાં આવ્યો. તેણે એક ખોટા દસ્તાવેજ બનાવનારને ‘એપ્રૂવર’ (જે પોતાના ગુના કબૂલ કરે છે અને ગુનામાં સંડોવાયેલા બધાનાં નામ આપે છે અને તે બદલ એને સરકાર તરફથી માફી બક્ષવામાં આવે છે.) બનાવ્યો. એને પરિણામે ખોટા દસ્તાવેજ બનાવવાના આરોપના ખોટા ખરા સંખ્યાબંધ કેસો ઊભા થયા. એ બધા કેસો ચલાવવા સરકારે એક ખાસ વકીલ નીમ્યો. આમાંના ઘણા કેસોમાં આરોપી તરફથી પોતાના બચાવ માટે સરદારને રોકવામાં આવતા.

એક સાક્ષીની સરદારે ઊલટતપાસ કરવા માંડી. તેને પૂછ્યું: “તમે શરાફ છો?” પેલાએ કંઈ જવાબ ન આપ્યો એટલે ફરી પૂછ્યું: “તમે શરાફ છો?” જવાબ ન મળ્યો એટલે ત્રીજી વાર પૂછ્યું: “તમે શરાફ છો?” પેલો કંઈ ન બોલ્યો એટલે સરદારે કહ્યું: “જે હો તે કહી દો ને? હું તો તમને ઓળખું છું કે, ‘સત્તરપંચાં પંચાણુ, તેમાંથી પાંચ મૂક્યા છૂટના, લાવ નેવુ.’ એ ધંધો કરનારા તમે છો. પણ અહીં લાલચટક પાઘડી અને કડકડતું અંગરખું અને

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ખેસ ઓઢીને આવ્યા છો એટલે મેં જાણ્યું કે શરાફી પેઢી કાઢી હશે." પેલો સાક્ષી ધીરધારનો ધંધો કરતો પણ શરાફ કહી શકાય એવી તેની પેઢી નહોતી. આ હુમલાથી તે ગભરાઈ ગયો અને જુબાનીમાં ટકી શક્યો નહીં.

આ કેસોમાં સરદાર ઘણા આરોપીઓને છોડાવી શક્યા હતા. એક કેસમાં સરદારની સાથે વકીલ તરીકે દાદાસાહેબ માવળંકર હતા. ફરિયાદ પક્ષને પોતાનો આ કેસ મજબૂત લાગતો હતો પણ તે આખો ભાંગીને ભુક્કો થઈ ગયો. પેલા ફરિયાદી વકીલે બિચારાએ ઍસેસરો આગળ કહ્યું: "બુદ્ધિમાન અને હોશિયાર માવળંકર વકીલની મહેનતનો અને વલ્લભભાઈ જેવા વિચક્ષણ બૅરિસ્ટરના બચાવનો લાભ આરોપીને મળે પછી અમારું શું ચાલે?"

તે વખતે મહાદેવભાઈ અને હું તદ્દન નવા વકીલો હતા અને ખાસ રસ પડે એવા કેસો હોય ત્યારે સેશન્સ કોર્ટમાં સાંભળવા બેસતા. કેટલાક વકીલોનાં અમે નામ પાડ્યાં હતાં. સરકારી વકીલ શ્રી મણિલાલ ભગુભાઈ બહુ રુઆબદાર અને મિજાજી હતા અને સામા પક્ષ ઉપર એવા તડૂકતા કે એ વકીલ કાચો પોચો હોય તો દબાઈ જ જાય. એમને અમે વાઘ કહેતા. એક ત્ર્યંબકરાય મજમુદાર બૅરિસ્ટર વયોવૃદ્ધ હતા અને બહુ થોડા કેસોમાં આવતા પણ જ્યારે આવતા ત્યારે મોટી ગર્જનાઓ કરી કોર્ટને ગજાવતા. આ એ જ મજમુદાર બૅરિસ્ટર જે ગાંધીજી બૅરિસ્ટર થવા વિલાયત ગયા ત્યારે એમની સાથે સ્ટીમરમાં હતા અને વિલાયતમાં જેમણે ગાંધીજીને "તારામાં આ કળજુગ કેવો! તારું એ કામ નહીં. તું ભાગ અહીંથી." એમ કહીને પડતા બચાવ્યા હતા. આ વાત તે દિવસે કાંઈ અમે જાણતા નહીં પણ એમની આકૃતિ અને એમની ગર્જનાને લીધે અમે એમને સિંહ કહેતા. એક દિવસ મેં મહાદેવને કહ્યું: 'આ વલ્લભભાઈ બૅરિસ્ટર પણ સિંહ જ છે.' મહાદેવ કહે: 'છે ખરા, પણ એ હજી નાનો સિંહ છે. સિંહનું બચ્ચું છે. આપણે એમને સિંહશાવક કહીશું.' પુરુષસિંહ તરીકે આખા દેશમાં એ પછીથી જાણીતા થવાના હતા પણ સિંહનું બચ્ચું મોટા હાથી ઉપર કૂદીને ચઢી જાય અને તેના ગંડસ્થળને ચીરી નાખે તેમ તે વખતનુ આ સિંહશાવક પણ મોટા જબરા વકીલોને અને જજોને ભારે પડતું.

હું કોઈ કોઈ વાર આ મજમુદાર બૅરિસ્ટરને ઘેર જતો. વાતવાતમાં એક વાર તેમણે કહેલું મને બરાબર યાદ રહી ગયું છે કે, "વલ્લભભાઈના જેવી સારી રીતે કેસ ચલાવનાર બીજા કોઈ બૅરિસ્ટરને મેં જોયો નથી." સરદારમાં કેસના મૂળ મુદ્દાને તારવીને પકડી લેવાની અને અવાંતર બીનાઓને બાજુએ કાઢી નાખી પોતાનો કેસ રજૂ કરવાની શક્તિ અજબ હતી. સાક્ષીઓને પણ એટલા મુદ્દાસર સવાલો પૂછતા કે તેમની ઊલટતપાસ બહુ ટૂંકી પણ સાક્ષીને

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



તોડી જમીનદોસ્ત કરી નાખે એવી થતી. કોર્ટની આગળ દલીલો પણ બહુ જ મુદ્દાસર અને ચોટડૂક કરતા. તેથી કેસ ચલાવતાં બીજા વકીલોને, પ્રસ્તુત વસ્તુઓ ઉપર આવો અથવા પ્રસ્તુતને જ વળગી રહો એમ કહી કોર્ટે ટોકવા અથવા રોકવા પડે છે એવું તેમને વિષે કદી બનતું નહીં. કેસ ચલાવવામાં બીજા વકીલો કરતાં તેઓ અડધો વખત પણ લેતા નહીં અને છતાં કામ આબાદ કરતા.

વળી બહુ કેસો મેળવવાની પણ સરદાર પરવા કરતા નહોતા. તે વખતે અમદાવાદમાં બૅરિસ્ટરોની ફીના જે દર હતા તે કરતાં સરદારે પોતાની ફીનો દર ઊંચો રાખ્યો હતો. મુંબઈમાં વિઠ્ઠલભાઈનું ખર્ચ, અમદાવાદમાં પોતાના ઘરનું ખર્ચ તથા કુટુંબને કાંઈ મદદ કરવાની હોય તે, એ બધું દસ બાર દિવસના કામમાંથી જ તેઓ કમાઈ લેતા. કોર્ટના કામ પછી ગુજરાત ક્લબમાં જતા અને ત્યાં બ્રિજ રમતા. બૅરિસ્ટર શ્રી ચિમનલાલ ઠાકોર સાથે એમને બહુ દોસ્તી થઈ ગઈ હતી અને બ્રિજમાં ઘણુંખરું એ બે ભેરુ થતા. બ્રિજ રમવામાં એમની હોશિયારીની વાત ક્લબમાં થોડા જ વખતમાં જાણીતી થઈ ગઈ. શ્રી વાડિયા નામના એક જૂના બૅરિસ્ટરે ગુજરાત ક્લબમાં બ્રિજની રમત દાખલ કરાવરાવેલી અને પોતે બ્રિજ રમવામાં એક્કા છે એવો એમને ફાંકો હતો. એવો જ ફાંકો રાખનાર એક શ્રી બ્રોકર નામના વકીલ હતા. એ બે જણે સરદાર અને એમના ભેરુ શ્રી ચિમનલાલ ઠાકોરને હરાવવાનો વિચાર કરી શરત બકીને બ્રિજ રમવાનું તેમને કહેણ આપ્યું. સરદારે કહ્યું કે પૉઈન્ટનો આનો બે આનાની શરત બકી આપણે રમવું નથી. રમવું હોય તો પાંચ પાઉંડના સો પૉઈન્ટ એવી શરત બકીએ. વાડિયા બૅરિસ્ટર અને બ્રોકર વકીલને તો ભારે ખુમારી હતી કે આપણે જ જીતવાના છીએ એટલે એ લોકો કબૂલ થયા. પણ પહેલે જ દિવસે પંદર કે વીસ પાઉંડ હાર્યા. તોયે બીજે દિવસે રમ્યા અને બીજે દિવસે પચીસ કે ત્રીસ પાઉંડ હાર્યા. ક્લબમાં તો હાહાકાર થઈ ગયો. કેટલાક વકીલો તો આવી મોટી શરત બકીને રમવાની ક્લબમાં બંધી કરવી જોઈએ એવો વિચાર પણ કરવા લાગ્યા. ત્રીજે દિવસે વાડિયાનાં પત્નીને ખબર પડી એટલે એ તો લગભગ ચાર વાગ્યાનાં ગાડી લઈને ક્લબને દરવાજે આવીને ઊભાં. કોર્ટમાંથી વાડિયા ક્લબમાં જવા જતા હતા તેવાં જ કહે : "ચાલો ઘેર, ક્લબમાં નથી જવું." એમ આઠ દસ દિવસ સુધી કર્યું અને પછી સરદારને મળીને વિનંતી કરી કે કૃપા કરીને મારા ધણીને આવા છંદે ન ચઢાવશો. સરદાર આવી શરતો બકીને રમવાનું પસંદ નહોતા જ કરતા પણ પેલા ભાઈઓનું ગુમાન ઉતારવાની ખાતર જ શરત ઉપર રમવા તૈયાર થયા હતા.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



આમ તો સરદારે ૧૯૧૯ની લગભગ આખર સુધી વકીલાત કરી ગણાય. પણ ૧૯૧૮ના માર્ચમાં ખેડા સત્યાગ્રહની લડતમાં ઝંપલાવીને ગાંધીજી સાથે નડિયાદ ગયા ત્યારથી જ વકીલાતમાં તેઓ લક્ષ આપી શકતા નહીં. લગભગ ચાર મહિના તો ખેડાની લડતને અંગે એ નડિયાદ રહ્યા. પછી પણ અમદાવાદમાં એમની સાર્વજનિક પ્રવૃત્તિઓ વધતી જ જતી હતી. ૧૯૧૯ના આરંભથી રોલૅટ સત્યાગ્રહની નોબતો વાગવા માંડી. તેને અંગે જે તોફાનો થયાં એમાં પ્રજાને સીધે રસ્તે દોરવામાં અને જે લોકો આફતમાં આવી પડ્યા હતા તેમને માટે રાહતની વ્યવસ્થા કરવામાં એમનો ઘણો વખત જતો. પછી નડિયાદ અને બારેજડી વચ્ચેના પાટા ઉખેડવાના આરોપીઓના કેસ ચલાવવા ખાસ અદાલત નિમાઈ. એના કેસો લગભગ ચારેક મહિના ચાલ્યા. તેમાં ઘણા આરોપીઓએ પોતાના બચાવ માટે સરદારને રોક્યા હતા. અદાલતમાંની વકીલાતનું એ એમનું છેલ્લું કામ. બાકી સ્વરાજ માટે પ્રજાની વકીલાત તો આપણને સ્વરાજ્ય મળ્યું ત્યાં સુધી એમણે કરી જ છે. અને અત્યારે કાંટાળા તાજનો બોજો આપણા મોવડીઓને ઉઠાવવો પડ્યો છે તેમાં મુખ્ય ભાગ લઈને શરીરને ઘસવી રહ્યા છે એ આપણી નજર સામે છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

૬

# મ્યુનિસિપાલિટીમાં સાફસૂફી

વિલાયતથી બૅરિસ્ટર થઈને આવ્યા બાદ વિઠ્ઠલભાઈએ અને સરદારે કરી લીધેલી કામની વહેંચણીની યોજનાને અનુસરીને સરદાર બંનેના ખર્ચ માટે કમાવાના કામમાં પડ્યા. પણ આ જાતની કામોની વહેંચણી લાંબો વખત ટકી નહીં. અમદાવાદમાં આવ્યા એટલે સ્વાભાવિક રીતે જ સરદાર ગુજરાત ક્લબના સભ્ય બન્યા અને રોજ ક્લબમાં હાજરી આપવા લાગ્યા. તે વખતના અમદાવાદના કેટલાક જાહેર કાર્યકર્તાઓ શ્રી ગોવિંદરાવ પાટીલ, શ્રી શિવાભાઈ પટેલ, શ્રી ચિમનલાલ ઠાકોર, શ્રી મગનભાઈ ચતુરભાઈ પટેલ વગેરે પણ રોજ ક્લબમાં આવતા. આ બધા આગેવાન વકીલો પણ હતા. એ જમાનામાં જાહેર કામ, પછી તે રાજદ્વારી હો કે સામાજિક સ્વરૂપનું હો, તે વકીલ બૅરિસ્ટરોનો ખાસ ઇલાકો ગણાતું. સર રમણભાઈ નીલકંઠ તથા દી. બ. હરિલાલ દેસાઈભાઈ પણ અમદાવાદના આગેવાન જાહેર કાર્યકર્તાઓ હતા. પણ તેમની પાસે પોતાના વકીલાતના ધંધા ઉપરાંત જાહેર સેવાનાં એટલાં બધાં ખાતાં હતાં કે તેમને ક્લબમાં આવવાની ભાગ્યે જ ફુરસદ મળતી. ક્લબમાં બીજાં ગપ્પાંની સાથે અમદાવાદના જાહેર જીવનની તેમ જ દેશની રાજદ્વારી, સાંસારિક અને આર્થિક સ્થિતિની પણ ચર્ચાઓ થતી. આ આગેવાનો તો મુખ્યત્વે એની જ ચર્ચા કરતા અને તેમાંથી નવા જુવાનિયાઓને ઠીક ઠીક શીખવાનું તથા જાણવાનું મળતું.

સને ૧૯૧૪માં સરકારે જિલ્લા મ્યુનિસિપલ ઍક્ટમાં સુધારો કરી વધારે વસ્તીવાળાં મુફસિલ શહેરોની મ્યુનિસિપાલિટીઓને મ્યુનિસિપલ કમિશનર તરીકે સિવિલિયન અમલદારને રાખવાની ફરજ પાડી. સિવિલિયન અમલદાર એટલે કલેક્ટર અને કમિશનરની હારનો માણસ અને તેના હાથમાં મ્યુનિસિપાલિટીનો બધો વહીવટ હોય તો મ્યુનિસિપલ કાઉન્સિલરો તેની શેહમાં તણાય અને તેના ઉપર કશો કાબૂ ન રાખી શકે એ ઉઘાડું હતું. સને ૧૯૧૬માં મુંબઈ પ્રાંતની રાજકીય પરિષદ અમદાવાદમાં ભરાઈ હતી તેમાં ઠરાવ લાવીને આ ભય રજૂ પણ કરવામાં આવ્યો હતો અને મુફસિલ શહેરોની મ્યુનિસિપાલિટીઓમાં આવો અમલદાર માથાભારે થઈ પડશે એમ જણાવી આ પ્રથા નાબૂદ કરવાનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. પણ સરકારે એ બાબતમાં કશો ફેરફાર ન કર્યો.

પહેલા જ મ્યુનિસિપલ કમિશનર મિ. શિલિડી કરીને આવ્યા. તે એવા અમલદારી તોરવાળા અને તુંડમિજાજી હતા કે ઘણાને તેમનાથી અસંતોષ થયો.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

અમદાવાદના વકીલમંડળમાં સૌ સરદારની બાહોશી, કુનેહ અને વિશેષ તો તેમનું નીડરપણું જોઈ ગયા હતા. સૌને લાગ્યું કે મ્યુનિસિપલ કમિશનરની જગ્યા કાઢી નાખવા માટે ચળવળ ચલાવવાનું અને જ્યાં સુધી એ જગ્યા રદ ન થાય ત્યાં સુધી ગોરા સિવિલિયનને અંકુશમાં રાખવાનું કામ સરદાર જ કરી શકે એમ છે. એટલે એમને મ્યુનિસિપાલિટીમાં દાખલ થવાનો મિત્રો આગ્રહ કરવા લાગ્યા. વળી તે વખતે વકીલાત અથવા પોતાનો જે ધંધો હોય તે સંભાળીને આવાં કામ થઈ શકે એમ મનાતું. એટલે સરદારની કૌટુંબિક વ્યવસ્થાને વાંધો આવે એમ ન હતું. પણ તેમના ખાસ મિત્ર ચિમનલાલ ઠાકોર તેમને કહેતા કે અમદાવાદના જાહેર જીવનમાં પડવા જેવું નથી. અમદાવાદના લોકો ગોરી ચામડીથી કેટલા બીએ છે તેનો પોતાના અનુભવનો એક દાખલો તેઓ આપતા. છપ્પનિયાના દુકાળ વખતે (સને ૧૯૦૦માં) ઢોર બહુ સસ્તાં મળતાં તેથી તેમની કતલ કરી માંસ, ચરબી, ચામડાં વગેરે પરદેશ ચડાવવા માટે એક યુરોપિયને અમદાવાદમાં ખાનગી કતલખાનું જમાલપુર દરવાજા બહાર કાઢ્યું હતું. અમદાવાદની આખી પ્રજા આથી કકળી ઊઠી હતી અને આ બલા અહીંથી જાય એમ સૌ ઇચ્છતા હતા. પાંચેક વકીલો, જેમાં શ્રી ચિમનલાલ ઠાકોર પણ હતા, તેઓ આ કતલખાનું અહીંથી ખસેડવાનું પેલા યુરોપિયનને સમજાવવાના ઇરાદાથી ત્યાં ગયા. પેલા યુરોપિયને આ લોકોનું અપમાન કર્યું અને પોતાના માણસો પાસે તેમને પકડાવી ત્યાં બાંધી રાખ્યા. બીજા વકીલો ગાડીઓમાં બેસી ત્યાં ગયેલા પણ ચિમનલાલ ઠાકોર ઘોડા ઉપર હતા એટલે ત્યાંથી છટકી નીકળ્યા અને મારતે ઘોડે શહેરમાં આવી પોલીસને તથા પકડાયેલા વકીલોને ઘેર ખબર આપી. શહેરમાંથી લોકો લાકડીઓ લઈ ટોળાંબંધ ઊલટયા. પેલો ગોરો પોતાનો જીવ બચાવવા રાતોરાત ત્યાંથી નાસી છૂટયો. એને અમદાવાદમાંથી કતલખાનું ખસેડવું પડ્યું. પણ શ્રી ચિમનલાલ ઠાકોરનો વિચાર હુમલો, ગેરકાયદે અટકાયત અને અપમાન કર્યા બદલ એના ઉપર ફોજદારી કેસ કરવાનો હતો, તેમાં કોઈએ એમને સાથ ન આપ્યો. એ ઉપરથી એમનો અભિપ્રાય બંધાઈ ગયો હતો કે અમદાવાદીઓમાં જાહેર જુસ્સા જેવી વસ્તુ જ નથી. પણ સરદારે કહ્યું કે લોકો ગમે તેવા હોય તોપણ આપણે જાહેર કામ કરીએ તો જ તેઓ કેળવાય ને? એ વિચારથી તેઓ મ્યુનિસિપાલિટીમાં જવા તૈયાર થયા.

આ બધા વિચારો ચાલતા હતા, તેવામાં દરિયાપુર વૉર્ડના મ્યુનિસિપલ મેમ્બર ગુજરી ગયા. તેમની ખાલી પડેલી જગ્યા માટે પેટા ચૂંટણી થઈ તેમાં સરદાર ઉમેદવાર તરીકે ઊભા થયા અને ચૂંટાઈ આવ્યા. દરિયાપુરના આગેવાન ગૃહસ્થ શ્રી ચંદુલાલ મહાદેવિયા જેમની સાથે એમના મામાના વખતથી

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



સરદારને ઘરોબો હતો તેમણે આ ચૂંટણીમાં સરદારને બહુ મદદ કરેલી. પણ આ ચૂંટણી સામે કેટલાક વાંધા ઉઠાવવામાં આવ્યા અને એ તા. ૨૬–૩–’૧૭ના ડિસ્ટ્રિક્ટ કોર્ટના હુકમથી રદ થઈ. તા. ૧૪–૫–’૧૭ના રોજ ફરી ચૂંટણી થઈ તેમાં સરદાર સામે બીજો કોઈ ઉમેદવાર ઊભો ન થયો એટલે તેઓ બિનહરીફ ચૂંટાઈ આવ્યા.

આ વખતે બોર્ડ ચાળીસ સભ્યોનું હતું. સર રમણભાઈ તેના પ્રમુખ હતા અને રા. સા. હરિલાલ દેસાઈભાઈ મૅનેજિંગ કમિટીના ચૅરમૅન હતા. એ બંને મ્યુનિસિપાલિટીનું કામ સેવાભાવના અને બાહોશીથી કરતા. પણ તેમને કામમાં સાથ આપે એવું જૂથ મ્યુનિસિપાલિટીમાં તે વખતે ન હતું. આ બે નેતાઓથી સ્વભાવે તેમ જ વિચારોમાં સરદાર ઘણા જુદા પડતા હતા. પણ પૂરા દિલથી શહેરની સેવા કરવાની તમન્ના ત્રણેમાં સામાન્ય હતી અને તેથી ત્રણે સાથે મળીને એકરાગથી મ્યુનિસિપાલિટીનું કામ કરવા લાગ્યા. અસહકારના વખતમાં ત્રણેના રાહ જુદા પડ્યા ત્યારે પણ એકબીજા પ્રત્યે સદ્‌ભાવ અને આદર કાયમ રહ્યો. કારણ રાજદ્વારી વિચારો જુદા હોવા છતાં સરકારના અન્યાય અને જોહુકમીમાં પેલા બે નેતાઓ સરકારની હાએ હા ભણે એવા નહોતા. સાધારણ રીતે કોઈ સાક્ષર પ્રત્યે સરદારનું હેત ઊભરાઈ જતું જાણ્યું નથી. પણ સ્વ. રમણભાઈ પોતાની ઋજુતા, નિ:શંક પ્રામાણિકતા અને ઉત્કટ સેવાભાવનાથી તેમનું દિલ જીતી શક્યા હતા. અમલદારો સાથે લડવાની હિંમતથી અને શહેર સુધરાઈનાં કામો ઝપાટાથી આગળ ધપાવવાના જુસ્સાથી સરદાર મ્યુનિસિપાલિટીના ભાવિ નેતા તરીકે જતાંવેંત જ આગળ તરી આવ્યા.

મ્યુનિસિપલ કામની સરદારમાં કુદરતી જ રુચિ અને કુશળતા છે એ તો હવે સિદ્ધ થઈ ચૂકેલી વસ્તુ છે. ભલે પેલા સિવિલિયનને પાંશરો કરવાનું કામ એમના મ્યુનિસિપલ પ્રવેશનું નિમિત્ત બન્યું હોય પણ તે વખતેય એમનો ઉદ્દેશ તો અમદાવાદની સૂરત બદલી નાખી શહેરની સેવા કરવાનો જ હતો. પણ તેમ કરવા માટે સાથી કાઉન્સિલરો વફાદાર અને બાહોશ જોઈએ તથા મ્યુનિસિપલ અમલદારો પણ કુશળ અને કર્તવ્યનિષ્ઠ જોઈએ. અહીં તો કેટલાક મુખ્ય અમલદારો પણ ઘણી વાર શહેરના હિત પ્રત્યે બેદરકારી અને બિનજવાબદારી રાખતા જોવામાં આવતા. વળી કલેક્ટર અને કમિશનરની મ્યુનિસિપલ કામમાં ઠીક ઠીક દખલગીરી રહેતી. તેને લીધે આખા તંત્રમાં અંધેર અને સુસ્તી પેસી ગયેલાં હતાં. સરદારની મ્યુનિસિપલ કારકિર્દીનાં શરૂઆતનાં લગભગ બે વર્ષ આ બધું સાફ કરવામાં જ ગયાં. પહેલું કામ મ્યુનિસિપલ કમિશનરને ઠેકાણે લાવવાનું સરદારે હાથ ધર્યું. એનો કારભાર બારીકાઈથી તપાસવા માંડ્યો અને થોડા જ વખતમાં તેને બરાબર પકડ્યો.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

અમદાવાદમાં કાંકરિયા તળાવની પાસે શુષ્કર નામનું નાનું તળાવ છે. તે સરકાર તરફથી અમદાવાદ મ્યુનિસિપાલિટીને ૧૯૧૪ની સાલમાં સોંપવામાં આવેલું. તળાવને લીધે એ લત્તામાં મચ્છર ખૂબ થતા તેથી એ તળાવ પુરાવી નાખવાની મ્યુનિસિપાલિટીની યોજના હતી. પણ તે વખતના એક મ્યુનિસિપલ કાઉન્સિલર ફતેહમહમદ મુનશીની તળાવની પાસે જ દીવાસળીની મિલ હતી અને દીવાસળીઓ બનાવવા માટેનાં લાકડાં તેમાં કોહવા માટે રાખવા સારુ તેમને તળાવની બહુ જરૂર હતી. તેના ઉપર માલકી હકનો દાવો કરી સરકાર ઉપર તેમણે કેસ પણ માંડેલો. તેમાં હાઈકોર્ટ સુધી લડ્યા અને છેવટે તેની વિરુદ્ધ ફેંસલો આવેલો. પણ એમણે વૉર લોનમાં ઠીક ઠીક રકમ ભરેલી એટલે મ્યુનિસિપલ કમિશનર મિ. શિલિડી પાસે તેઓ પહોંચી ગયા અને કોઈ પણ રીતે તળાવનો કબજો પોતાની પાસે રહે અને મ્યુનિસિપાલિટી તરફથી તળાવ પુરાવવામાં ન આવે એમ કરવા તેમને સમજાવ્યા. મિ. શિલિડીએ તેમની યુદ્ધમદદની કદર કરવા સારુ, સરકારનો સ્પષ્ટ ઠરાવ છતાં એ તળાવ ઉપર મ્યુનિસિપાલિટીનો કશો હક નથી, એ મ્યુનિસિપાલિટીને કશા ખપનું નથી વગેરે ઉટાંગ બહાનાં કાઢી મુનશીનો કબજો ચાલુ રહે એવી તજવીજ કરી. છેવટે ઉત્તર વિભાગના કમિશનરે જ્યારે ફરી ઠરાવ્યું કે એ તળાવ મ્યુનિસિપાલિટીની માલકીનું છે ત્યારે મુનશીને એ કાયમી પટે આપવામાં આવે એવી મિ. શિલિડીએ સરકારને ભલામણ કરી. આમ જાતજાતનાં બહાનાં કાઢી બોર્ડની મીટિંગમાં થયેલા ઠરાવોનો તેઓ અમલ કરતા નહીં અને કોઈને ગાંઠતા નહીં.

સરદારની મ્યુનિસિપાલિટીમાં ચૂંટણી નક્કી થઈ ગઈ એટલે તેમણે પહેલું કામ આ હાથ ધર્યું. સરકાર ઉપરના દાવામાં મુનશી કેવી રીતે નિષ્ફળ ગયેલા તેની બધી હકીકત સરકારી વકીલ શ્રી મણિલાલ ભગુભાઈ પાસેથી મેળવી અને મિ. શિલિડીની દાંડાઈના દાખલા મ્યુનિસિપલ રેકર્ડ ફેંદીને કાઢ્યા. એમ તેની સામે સજ્જડ કેસ તૈયાર કરી બધી વિગતો સાથે લાંબો ઠરાવ જનરલ બોર્ડની તા. ૭–૬–'૧૭ની મીટિંગમાં લાવ્યા. ઠરાવની મતલબ એ હતી કે:

"શુષ્કર તળાવની બાબતમાં મ્યુનિસિપલ કમિશનરે જે વલણ લીધું છે તેથી બોર્ડ બહુ કઢંગી હાલતમાં મુકાય છે. કાં તો તેણે મ્યુનિસિપલ કમિશનરનું આવું પ્રતિગામી વલણ અને તોછડાઈ ચૂપચાપ સહન કરી લેવાં, કાં તો તેની પાસે બીજો એક જ માર્ગ ખુલ્લો છે તે અખત્યાર કરવો.

"મિ. શિલિડીએ બોર્ડને વગર પૂછ્યે કારવ્યે સરકારને પોતાનો અભિપ્રાય લખી જણાવ્યો છે કે 'મ્યુનિસિપાલિટીને આ તળાવની કશી જરૂર નથી, તેને એનો કશો ઉપયોગ નથી, સૅનિટરી કમિટીના પહેલા ઠરાવમાં ગૃહીત કરી લેવામાં આવ્યું છે કે તળાવ મ્યુનિસિપાલિટીની માલકીનું છે તે આધાર વિનાનું છે, એ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



કમિટીના છેલ્લા ઠરાવમાં પણ દરેકેદરેક તકરારી મુદ્દાને પોતાના લાભમાં તે સિદ્ધ થયેલા હોય તેમ તેણે માની લીધેલા છે અને કેટલાક કર ભરનારાઓની મ્યુનિસિપાલિટીના પ્રમુખ ઉપર અરજી આવી છે કે આ તો સૅનિટરી કમિટીનું ઊભું કરવામાં આવેલું તૂત છે.'

"આ બોર્ડને દિલગીરી થાય છે કે મિ. શિલિડીના જેવું સ્થાન ભોગવતા એક મ્યુનિસિપલ અમલદારને લગભગ ૫૩,૦૦૦ વાર જેટલી જમીન, જે રૂપિયા એક લાખ કરતાં ઓછી કિંમતની ન ગણાય અને જે કાંકરિયા રેલવે સ્ટેશનની નજીક શહેરના અગ્નિખૂણામાં આવેલી હોઈ અમદાવાદ જેવા વધતા જતા અને ખૂબ ગિરદીવાળા શહેરને નવાં મકાનો બાંધવા માટે ભવિષ્યમાં ભારે ઉપયોગી થઈ પડે એવી છે તેની કશી કિંમત નથી.

"આ બોર્ડને એ પણ દિલગીરી થાય છે કે મ્યુનિસિપાલિટીના કીમતી માલકીહકનું રક્ષણ કરવાની પોતાની ફરજ મ્યુનિસિપલ કમિશનર સમજ્યા નથી એટલું જ નહીં પણ મ્યુનિસિપાલિટીએ જ્યારે પોતાના માલકીહકનો અમલ કરવાના પ્રયત્નો કર્યા ત્યારે મ્યુનિસિપાલિટીના ઠરાવ સાથેનો તા. ૬-૧૨-'૧૬નો પોતાનો કાગળ સરકારને મોકલીને એ પ્રયત્નો ઊંધા વાળવાની તજવીજ કરી. એમ કરીને ખાનગી હિતો આગળ સાર્વજનિક હિતોને ગૌણપદ આપવાના આક્ષેપને તેઓ પાત્ર થયા છે.

"તેમનો ઉદ્ધત જવાબ, તેમના નિરાધાર આક્ષેપો અને કાઉન્સિલરોના ઠરાવોની ઠઠ્ઠા કરવાની તેમની ટેવ, એ તંત્રના એકરાગને હાનિકારક છે, એટલું જ નહીં પણ અસંતોષ અને અણરાગ ઉપજાવે એવી છે.

"વળી પ્રમુખ સાહેબે બોર્ડ સમક્ષ રજૂ કર્યા પછી બધાં કાગળિયાં બોર્ડના કબજામાં આવી ગયાં હતાં ત્યાર પછી પણ પોતાના સરકારને લખેલા કાગળના છેલ્લા પૅરાના તેર શબ્દો છેકી નાખવામાં તેમણે જે વર્તન બતાવ્યું છે તે માટે હળવામાં હળવા શબ્દો વાપરીએ તોપણ એટલું તો કહેવું જ જોઈએ કે એ વર્તન ભારે ઠપકાપાત્ર છે.

"આ સંજોગોમાં, મ્યુનિસિપાલિટીનું કામ એકરાગથી ચાલે તેની ખાતર બોર્ડને એવું ઠરાવવાની ફરજ પડે છે કે, મિ. શિલિડી આ મ્યુનિસિપાલિટીના મ્યુનિસિપલ કમિશનરના હોદ્દા ઉપર ચાલુ રહી શકે નહીં એ ઉઘાડું છે, અને તેથી પ્રમુખ સાહેબને વિનંતી કરે છે કે મ્યુનિસિપાલિટીનો ઍડમિનિસ્ટ્રેશન રિપોર્ટ જ્યારે સરકારને મોકલવામાં આવે ત્યારે તેની સાથે આ ઠરાવની નકલ મોકલી આપે."

અમદાવાદ મ્યુનિસિપાલિટીની કારકિર્દીમાં એક ગોરા સિવિલિયનની સામે આવો કડક ઠરાવ રજૂ થયો હોય એવો કદાચ આ પહેલો જ પ્રસંગ હશે.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



સરકારના ખેરખાહ એવા કાઉન્સિલરોને તો આ ઠરાવથી આભ તૂટી પડ્યા જેવું લાગ્યું હશે પણ તેની એક પણ વિગતનો તેઓ ઇન્કાર કરી શકે એમ નહોતું. છતાં ઠરાવને મોળો કરી નાખવાના ત્રણ ચાર સુધારા આવ્યા. એક સુધારો તો કાગળિયાં ફાઈલ કરવા સુધીનો આવ્યો. એ બધા ઉપર મત લેવાતાં આખરે સરદારની દરખાસ્ત બહુમતીથી પસાર થઈ.

આ મિ. શિલિડીએ પોતાના અધિકાર બહાર જઈને કેટલીક ખરીદીઓ કરેલી, અને કેટલાક ઑર્ડરો આપેલા તથા કૉન્ટ્રાક્ટો કરેલા તે વિષે પણ બોર્ડની મીટિંગમાં ઠરાવ પસાર કરીને તેમનો જવાબ માગવામાં આવેલો. પણ પહેલો ઠરાવ સરકાર પાસે ગયો કે તરત એમને અમદાવાદ મ્યુનિસિપાલિટીમાંથી પાછા બોલાવી લેવામાં આવ્યા અને તેઓ ગયા એટલે બીજા ઠરાવનું કામ માંડી વાળવામાં આવ્યું.

મિ. શિલિડીના ગયા બાદ મ્યુનિસિપલ કમિશનર તરીકે મિ. માસ્ટર આવ્યા. તેઓ મોળા હતા અને પોતાના કામમાં પણ ઢીલા હતા. એમને તો મ્યુનિસિપાલિટીની નોકરીમાંથી બને તેટલો આર્થિક લાભ મેળવી લેવો હતો. પોતાના પગાર ઉપરાંત કેટલાંક ભથ્થાંના એમણે માગણી કરી. સરદાર તે વખતે સૅનિટરી કમિટીના ચૅરમૅન હતા. પોતાની પાસે એ કાગળો આવતાં સરદારે એ દાબી મૂક્યા. એક દિવસ મિ. માસ્ટરે મૅનેજિંગ કમિટીના ચૅરમૅન રા. સા. હરિલાલભાઈને પૂછ્યું કે મારા કાગળોનું શું થયું? મને નુકસાન થાય છે માટે એનો વહેલો નિકાલ થાય એ જરૂરનું છે. વળી પોતાને માગ્યા પ્રમાણે ભથ્થાં ન મળે એમ હોય તો પોતે અહીં રહેવા રાજી નથી એમ પણ ઉમેર્યું. હરિલાલભાઈએ એ કાગળો સૅનિટરી કમિટી પાસે છે એમ જણાવી તરત જ મિ. માસ્ટરની રૂબરૂ જ એણે કહેલી બધી હકીકત સરદારને કહી. સરદારે તો સાફ સંભળાવી દીધું કે, "સરકારે પગાર વગેરે નક્કી કરી એમની નિમણૂક કરીને અહીં મોકલ્યા છે. એમને એ પ્રમાણે પરવડતું હોય તો રહે અને જવું હોય તો જાય." મિ. માસ્ટર તો આ સાંભળી ચૂપ જ થઈ ગયા. પછી થોડા વખતમાં તેઓ ચાલ્યા ગયા.

આ વખતે ઉત્તર વિભાગના કમિશનર મિ. પ્રૅટ કરીને હતા. ખેડા સત્યાગ્રહની લડતના પ્રકરણમાં તેમનો વિશેષ પરિચય આપણને થવાનો છે. તેઓ બાહોશ ગણાતા પણ તેની સાથે અમલદારશાહીનો દોરદમામ પણ તેમનામાં એટલો જ હતો. પોતાના વિભાગની સઘળી મ્યુનિસિપાલિટીઓ અને લોકલબોર્ડો ઉપર પોતાનો કાબૂ રહે એમ તેઓ ઇચ્છતા. એમના મનમાં તો એમ પણ હશે કે તો જ બધે કાર્યદક્ષતા સચવાશે. અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં મ્યુનિસિપલ કમિશનર તો ગોરો સિવિલિયન હતો જ. મ્યુનિસિપલ એન્જિનિયર અને હેલ્થ ઑફિસર પણ ગોરા લાવવાની તેમની પેરવી હતી.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021





એવામાં અમદાવાદમાં મ્યુનિસિપલ એન્જિનિયરની જગ્યા ખાલી પડી. તે માટે બે હિંદી ઉમેદવારો હતા અને તેઓ પૂરી લાયકાતવાળા હતા. છતાં પ્રૅટ સાહેબે મૅકાસે નામના એક ગોરાને ઉમેદવાર તરીકે ઊભો કર્યો અને તેને માટે સારી પેઠે ખટપટ કરવા માંડી. સરકારનિયુક્ત કાઉન્સિલરો ઉપર તેમણે ચિઠ્ઠીઓ પણ લખેલી. તેમના આ વિચારોની જાણ થતાં પહેલાં, એક ડેપ્યુટી કલેક્ટરે એક હિંદી ઉમેદવાર માટે કોઈ મ્યુનિસિપલ કાઉન્સિલરને ચિઠ્ઠી આપેલી તેની ખબર પડતાં પ્રૅટ સાહેબ પેલા ડેપ્યુટી કલેક્ટર ઉપર બહુ ગુસ્સે થઈ ગયેલા અને એની બદલી અમદાવાદથી ખેડા કરાવેલી. આ મૅકાસેએ રેલવેમાં એન્જિનિયર તરીકે કામ કરેલું પણ આવડત અને અનુભવની દૃષ્ટિએ અમદાવાદ મ્યુનિસિપાલિટીના એન્જિનિયર થવા માટે ગોરી ચામડી સિવાય બીજી કશી લાયકાત એનામાં નહોતી. બંને હિંદીઓ અનુભવ અને આવડતમાં એના કરતાં ક્યાંય ચઢી જાય એવા હતા. છતાં ૧૯ વિ. ૨૦ મતથી મૅકાસે એન્જિનિયર નિમાયો. તે વખતના રાજદ્વારી ક્ષેત્રમાં કામ કરનારાઓ પણ અંગ્રેજ અમલદારની શેહમાં કેવા તણાતા તેનો એક દાખલો આ પ્રકરણમાં જોવા મળે છે. મૅકાસેની તરફેણમાં મત આપનારમાં અમદાવાદમાં ૧૯૦૨માં કૉંગ્રેસની બેઠક ભરાઈ તેની સ્વાગત સમિતિના એક સેક્રેટરી અને આ પ્રસંગ વખતે પણ ગુજરાતની મુખ્ય રાજકીય સંસ્થા ગુજરાત સભાના સેક્રેટરી ડૉ. જોસેફ બેન્જામિન હતા. સામસામે લગભગ સરખા મત પડેલા હતા એટલે એમના એક મતથી જ પેલાની પસંદગી થઈ શકી એમ કહી શકાય. આથી બધા ડૉ. જોસેફ બેન્જામિન ઉપર બહુ ચિડાયા.

મૅકાસેની નિમણૂકથી મ્યુનિસિપાલિટીમાં બહુ કચવાટ ઊભો થયો. એના કામમાં એ પાવરધો હોત તો મુશ્કેલીઓ ઊભી ન થાત અને કશો ઝઘડો પણ ન થાત. પણ એ તદ્દન નકામો માણસ હતો. તેવામાં શહેરમાં પાણીની તંગીની બહુ બૂમો પડવા માંડી. શહેરની ઊંચી જગાઓ ઉપર, દાખલા તરીકે ઢાળની પોળ, ત્યાં તો દિવસે પાણી બિલકુલ પહોંચતું જ નહીં. રાતે પણ બહુ થોડું આવે. એટલે શહેરમાં બહુ ખળભળાટ થયો. ગુજરાત સભા તરફથી શહેરીઓની એક સભા ગાંધીજીના પ્રમુખપણા નીચે મળી. તેમાં જે ઠરાવ થયો તેની નકલ મ્યુનિસિપાલિટીના પ્રમુખ તેમ જ કલેક્ટર તથા કમિશનર ઉપર મોકલવામાં આવી.

કમિશનરે ગુજરાત સભાના સેક્રેટરીઓને મળવા ઇચ્છા દર્શાવી. એમના ઉપર પોતાનો રોષ ઠાલવવાનો જ તેનો ઇરાદો હતો. સભાના સેક્રેટરીઓ તરીકે શ્રી શિવાભાઈ મોતીભાઈ પટેલ અને દાદાસાહેબ માવળંકર તેમને મળવા ગયા. કમિશનર સાહેબે રોષ ઠાલવવા માંડયો : “ તમે આ કાગળ મને શું કામ મોકલ્યો ?

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021



મારે ને મ્યુનિસિપાલિટીને શો સંબંધ?" એમ કહીને ડિસ્ટ્રિક્ટ મ્યુનિસિપલ ઍક્ટ એમની આગળ ધર્યો.

શિવાભાઈએ ઠંડે પેટે જવાબ આપ્યો: "You can use your good offices with the municipality. — મ્યુનિસિપાલિટી ઉપર તમે તમારી લાગવગ વાપરી શકો."

આ ઉપરથી કમિશનર સમજ્યા કે મ્યુનિસિપલ એન્જિનિયરની નિમણૂકમાં પોતે જે ભાગ ભજવ્યો હતો તેના ઉપર આ ટકોર છે. તેઓ ફરી બોલ્યા કે, "મ્યુનિસિપાલિટી સાથે મારે કશી નિસ્બત નથી."

શિવાભાઈએ જવાબ વાળ્યો: "કાંઈ નહીં તો મ્યુનિસિપાલિટીના સરકારનિયુક્ત સભ્યો ઉપર તો તમે અસર પાડી શકો."

એટલે એ તો બરાબર છંછેડાયા. મ્યુનિસિપલ ઍક્ટ આગળ ધરીને ગુસ્સામાં બોલ્યા: "The Act speaks of 'the Municipality'. It makes no distinction between the elected and nominated sections of the municipality. If you have any grievance go to the Municipal Hall. Don't let the municipal committee have peace till you get what you want. Beat drums there. If you still do not get water, go to their houses and burn them. — કાયદામાં 'મ્યુનિસિપાલિટી' શબ્દ છે. એમાં ચૂંટાયેલી મ્યુનિસિપાલિટી અને સરકારનિયુક્ત મ્યુનિસિપાલિટી એવો કશો ભેદ કરવામાં આવ્યો નથી. એટલે તમારી કાંઈ પણ ફરિયાદ હોય તો મ્યુનિસિપલ હૉલમાં જાઓ. તમે માગો છો એ મળે નહીં ત્યાં સુધી મ્યુનિસિપલ કમિટીને પગ વાળીને બેસવા ન દો. ત્યાં ઢોલ પીટો, અને તેમ છતાં પાણી ન મળે તો મેમ્બરોને ઘેર જાઓ અને એમનાં ઘર ફૂંકી મૂકો."

આમ મુલાકાત પૂરી થઈ. સેક્રેટરીઓએ ઘેર આવી પોતાના મિત્રોને સઘળી હકીકત કહી સંભળાવી.

બીજે દિવસે સભાના સેક્રેટરી તરીકે દાદાસાહેબ મ્યુનિસિપાલિટીના પ્રમુખ સર રમણભાઈને મળવા ગયા. તેમની પાસે એક બાજુએ રા. સા. હરિલાલભાઈ મૅનેજિંગ કમિટીના ચૅરમૅન તરીકે અને બીજી બાજુએ સરદાર, સૅનિટરી કમિટીના ચૅરમૅન તરીકે બેઠા હતા. જાહેર સભાનો ઠરાવ એમની આગળ દાદાસાહેબે રજૂ કર્યો ત્યારે સરદારે પ્રમુખ પાસેથી બેએક સવાલો પૂછવાની રજા લઈ દાદાસાહેબને પૂછ્યું:

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



સર૦ — તમે કાલે ઉત્તર વિભાગના કમિશનરને આ સંબંધમાં મળવા એમને બંગલે ગયા હતા ?

દાદા૦ — હાજી.

સર૦ — ત્યારે કાઉન્સિલરોનાં ઘર બાળવાની તેમણે તમને સલાહ આપી હતી એ ખરું ને ?

જવાબમાં દાદાસાહેબે બનેલી બધી હકીકત કહી અને કેવી રીતે કમિશનરે એ સલાહ આપી હતી તે સ્પષ્ટ કર્યું. અને વધુમાં ઉમેર્યું કે એ સલાહનો શબ્દાર્થ લેવાને બદલે તે એક આલંકારિક ભાષા હતી એમ સમજવું જોઈએ. આમ દાદાસાહેબની મુલાકાત પૂરી થઈ.

મ્યુનિસિપાલિટીમાં બનતી તમામ હકીકતથી મિ. પ્રૅટ વાકેફ રહેતા. એટલે આ મુલાકાતની બાતમી પણ તેને મળી જ હશે. તેને માટે તો મૅકાસેને ટકાવવાનો અને તેની લાયકાત પુરવાર કરવાનો આ અણીનો પ્રસંગ હતો. એટલે એણે મુંબઈ સરકારમાં લખાણ કરી સરકારના કન્સલ્ટિંગ એન્જિનિયર મિ. ડાયર અમદાવાદ આવી પાણીની સ્થિતિ તપાસી જાય એવું ગોઠવ્યું. આઠ દિવસમાં આ કન્સલ્ટિંગ એન્જિનિયર અમદાવાદ આવ્યા અને મ્યુનિસિપલ એન્જિનિયરને મળી શહેરનાં જુદાં જુદાં સ્થળો જોવાનો કાર્યક્રમ ગોઠવ્યો. સૅનિટરી કમિટીના ચૅરમૅન તરીકે સાથે ફરવા સરદારને નોતરવામાં આવ્યા. આ બાબત મિ. પ્રૅટને કાંઈ લેવાદેવા ન ગણાય અને આ મંડળ શહેરમાં જગ્યાઓ જોવા ફરે તેમાં તેમણે હાજર રહેવાનું પણ ન હોય, છતાં એ પણ મંડળમાં સામેલ થયા. ઊંચામાં ઊંચી જગ્યા ઢાળની પોળ એટલે પ્રથમ ત્યાં ગયા. શું થઈ શકે એવું છે ? પાણીની વ્યવસ્થા કેવી રીતે કરવી જોઈએ ? વગેરે ચર્ચા ચાલી. કાંઈક સૂચના કરવાના હેતુથી સરદાર બોલ્યા : "The best way to meet the situation to my mind is — પરિસ્થિતિને પહોંચી વળવાનો ઉત્તમ ઉપાય મને એ લાગે છે કે . . ."

સરદારને વાક્ય પૂરું પણ ન કરવા દેતાં અંદરથી ધૂંધવાતા મિ. પ્રૅટ કકળી ઊઠ્યા : "The best way, Mr. Patel, is for your committee to co-operate with the Municipal Engineer, and not to — મિ. પટેલ, ઉત્તમ ઉપાય તો તમારી કમિટીએ મ્યુનિસિપલ એન્જિનિયર સાથે સહકાર કરવો એ છે અને . . ."

સરદાર આ અમલદારની આવી તોછડાઈ સાંખી લેવા તૈયાર નહોતા એટલે એને વાક્ય પૂરું કરવા દીધા વિના તેમણે ગર્જના કરી: "The best way is to dispense with the services of this incompetent fellow (pointing at Mr. Maccassay who was

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



standing by), whom you have fastened on this municipality. What is it that the Municipal Engineer wanted and my committee has not done? Ask him if there be any such thing? Yet, when the secretaries of the Gujarat Sabha waited on you in deputation, you had the impertinence to advise them to burn our houses. Why burn our houses? Why not burn the bungalow of that fellow where all the mischief is centred?—ઉત્તમ ઉપાય તો આ (મિ. મૅકાસે જે બાજુમાં જ ઊભેલા હતા તેના તરફ આંગળી કરીને) નાલાયક આદમીને નોકરીમાંથી ખડખડિયું આપવાનો છે. તમે એને મ્યુનિસિપાલિટીને માથે ઠોકી બેસાડ્યો છે. મ્યુનિસિપલ એન્જિનિયરે મારી કમિટીને શું કહ્યું અને અમે એ ન કર્યું? એવું કશું તો બતાવશો ને? એને જ પૂછો કે એવી એક પણ વસ્તુ છે? છતાં જ્યારે ગુજરાત સભાના સેક્રેટરીઓ તમને મળવા આવ્યા ત્યારે તેમને એવી સલાહ આપવાની તમે ધૃષ્ટતા કરી કે જાઈને અમારાં ઘર ફૂંકી મૂકો! શા માટે અમારાં ઘર બાળવાં જોઈએ? આ બધા તોફાનના મૂળમાં તો આ આદમી છે. બાળો નહીં એનો બંગલો!"

પ્રૅટ — મિ. પટેલ, મિ. પટેલ, તમે વાત કરવાના મિજાજમાં નથી....

સર૦ — શી રીતે હોઉં?

વાત અહીં જ અટકી. મિ. પ્રૅટ, મિ. મૅકાસે, મિ. ડાયર વગેરે મંડળ ઝપાટાબંધ પોતપોતાની ગાડીઓમાં બેસીને ત્યાંથી ભાગ્યું. શહેરમાં બધે ફરવાનો કાર્યક્રમ હવામાં ઊડી ગયો. પોતાના પાણીનું દુઃખ દૂર કરવા આટલા બધા સાહેબો આવ્યા હતા એટલે લોકોનું મોટું ટોળું ત્યાં ભેગું થયું હતું. સરદારે આવો ધડાકો કર્યો તે જોઈને બધાને બહુ મઝા પડી.

આ બનાવ પછી થોડા જ દિવસોમાં મૅકાસે રાજીનામું આપીને ચાલતા થયા. પ્રૅટ સાહેબે જ એને વેળા છતાં જવાની સલાહ આપી હશે.

આ મૅકાસેની નિમણૂક બાબત દીવાની કોર્ટમાં દાવો પણ થયો હતો. કર ભરનારા તરીકે ડૉ. કાનુગા અને પરસોતમદાસ ગજ્જર એ બે વાદીઓ હતા. પણ મૅકાસે ચાલ્યો ગયો એટલે દાવો આગળ ચલાવવાનું કાંઈ કારણ ન રહ્યું.

પછી સરદારે એક બીજો પ્રશ્ન હાથમાં લીધો. મ્યુનિસિપાલિટીના સઘળા કરવેરા કેટલાક માણસો પાસેથી પૂરેપૂરા વસૂલ થતા નહોતા. મ્યુનિસિપાલિટીની સેવાઓનો લાભ લેવામાં પહોળા થનારા, છતાં તેના કરવેરા ભરવામાં મૂઠીઓ વાળનારા અને વાંધા ઉઠાવનારામાં કેટલાક સરકારી અમલદાર, કેટલીક સાર્વજનિક સંસ્થાઓ અને કેટલાક આગેવાન ગણાતા શહેરીઓ હતા. સરદારે જૂનાં દફતરો

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ફૂંફોસીને આ બધું શોધી કાઢ્યું અને જનરલ બોર્ડની મીટિંગમાં પ્રમુખને આ સંબંધી સવાલો પૂછીને પેલા લોકોની દાંડાઈ ઉઘાડી પાડી. તેમનાં નામઠામ તથા કેટલાં વરસથી તેઓ કર ભરતા નથી અને તેમની પાસે કેટલી રકમ બાકી છે તે બધું જાહેરમાં આણ્યું. એક ભાઈ તો સરકારી પેન્શનર, ખાન બહાદુરના ખિતાબધારી અને ઑનરરી ફર્સ્ટક્લાસ મૅજિસ્ટ્રેટ હતા. વળી કર નહીં ભરેલો તે બધો વખત તેઓ મ્યુનિસિપલ મૅજિસ્ટ્રેટ તરીકે કામ કરતા હતા. એટલે જિલ્લા મૅજિસ્ટ્રેટને લખાણ કરી તેમને મ્યુનિસિપલ મૅજિસ્ટ્રેટના પદેથી ઉતારી નાખવાની વિનંતી કરવાની, તેમના ઉપર વારંટ કાઢવાની તથા છેવટે તેમના પાણીના નળ કાપી નાખવાની સૂચનાઓ કરી, તેમની બધી બાકીઓ વસૂલ કરાવી.

આ વખતે વૉટરવર્ક્સનો ઇજનેર એક વાડિયા કરીને હતો તે મ્યુનિસિપાલિટીને માથે ભાગેલો હતો. શહેરમાં પાણીની ભારે બૂમ હતી અને વૉટરવર્ક્સના તે વખતના કૂવાઓમાં પાણીનો પૂરતો જથ્થો ન હતો એટલે કૂવાઓમાંથી પાણી ખેંચવાનું અને શહેરમાં પાણી વહેંચવાનું એ બંને કામ પૂરતી કાળજી રાખીને ખબરદારીથી કરવામાં આવે તો જ લોકોને કાંઈ પણ સંતોષ આપી શકાય એવી સ્થિતિ હતી. પણ આ વાડિયા એન્જિનિયર પોતાના કામમાં ગાફેલ અને બેદરકાર હોવા ઉપરાંત એવો ખાઈબદેલો હતો કે મ્યુનિસિપલ એન્જિનિયરની, પ્રમુખની કે નિષ્ણાતોની સૂચનાઓનો અમલ જ કરતો નહીં. સરદાર આ માણસને પકડવાની બરાબર તજવીજમાં જ હતા એટલામાં બે ત્રણ પ્રસંગ ઉપરાઉપરી એવા બન્યા જેમાં પેલાની નાલાયકી તદ્દન ઉઘાડી પડી ગઈ.

ચાર મહિનાના ગાળામાં શહેરમાં બે મોટી આગો લાગવાના બનાવ બન્યા. પાણી માટે જે ખાસ નળો ખોલવા જોઈએ તે ખોલવાની બાબતમાં ગફલત કરી તેથી પાણી બહુ મોડું મળી શક્યું અને આગ ઓલવવામાં કેવળ પાણી ન મળવાને કારણે જ વિલંબ થયો અને તેથી ભારે નુકસાન થયું. સરદાર બન્ને વખતે આગને સ્થળે પહોંચી ગયેલા હતા એટલે પાણી બાબતમાં થયેલી આ ગફલત એમણે પ્રત્યક્ષ જોઈ હતી. એટલે બોર્ડની મીટિંગમાં સવાલો પૂછી વૉટરવર્ક્સના ઇજનેરની બેદરકારી જાહેર કરાવી.

વળી આ ઇજનેર વૉટરવર્ક્સમાં ચાર એન્જિન હોવા છતાં ત્રણમાં બહુ સમારકામની જરૂર છે એમ કહી એક જ એન્જિન ચોવીસે કલાક ધમધમાવ્યે રાખતો હતો. એ બાબત પણ સવાલો પૂછીને જનરલ બોર્ડ સમક્ષ એ વિગત રજૂ કરાવી કે જો આ ચોથા એન્જિનમાં કાંઈ સમારકામ કરવાનું થાય અથવા કાંઈ અકસ્માતથી અટકી પડે તો શહેરને બિલકુલ પાણી ન મળે એવું બને. મ્યુનિસિપલ કમિશનર અને મ્યુનિસિપલ ઇજનેર આ બાબતમાં એને વખતો-

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



વખત સૂચના આપતા પણ એમની સાથે એ બિલકુલ સહકાર કરતો નહીં અને સૂચનાનાં કાગળિયાં દબાવી મૂકતો.

આ એન્જિન ચોવીસે કલાક એકસરખું ચલાવવાથી, શહેરમાં રાતે જે વખતે પાણી ઓછું વપરાતું હોય તે વખતે ટાંકી ભરાઈને ઊભરાઈ જતી હતી અને કૂવાઓમાં પાણીના પુરવઠાની તંગી હોવા છતાં દરરોજ પાંચથી છ લાખ ગૅલન પાણીનો બગાડ થતો હતો. આ બાબત મ્યુનિસિપલ કમિશનર અને મ્યુનિસિપલ ઇજનેરના રિપોર્ટ એવા હતા કે, અમે બન્નેએ પાણીનો બગાડ અટકાવવાની મિ. વાડિયાને લેખી સૂચનાઓ આપી છે પણ તેનું કશું પરિણામ આવ્યું નથી. મ્યુનિસિપલ ઇજનેરનું કહેવું એમ હતું કે ટાંકીમાંથી વધારે પાણી તો રાતના એકથી પાંચની વચમાં ઊભરાઈ જતું હતું. તે વખતે એન્જિનની ગતિ ધીમી કરવામાં આવે અથવા એન્જિન થોડો વખત બિલકુલ બંધ રાખવામાં આવે તો પાણી ઊભરાઈ ન જાય.

આનો ખુલાસો વાડિયાએ એવો આપેલો કે, “એન્જિનની હાલની સ્થિતિ જોતાં તેની ગતિ વચમાં વચમાં ધીમી કરવાનું શક્ય નથી અને શહેરને ઓછું પાણી પૂરું પાડવામાં આવે છે તે વખતે વપરાશના પ્રમાણમાં જ પાણી પમ્પ કરવાનું ગોઠવવું એ પણ શક્ય નથી.”

એક વખત પાંચકૂવા દરવાજા બહાર સાકર બજારમાં આગ લાગેલી ત્યારે પણ આ ઇજનેરે ભળતા જ વાલ્વ ખોલી નાખી પાણીનો ભારે બગાડ કરેલો. તે બાબતમાં મ્યુનિસિપલ કમિશનરે એને તાકીદ આપેલી. એ તાકીદનો કાગળ એણે ગુમ કર્યો અથવા જાણી જોઈને એનો નાશ કર્યો એવી હકીકત સરદારે બોર્ડમાં સવાલો પૂછીને બહાર આણી.

આ ઇજનેરની નાલાયકીના આટલા દાખલા બહાર પાડીને આ ઇજનેરનો કેસ સરદાર જનરલ બોર્ડમાં લાવ્યા અને તા. ૧૯–૫–’૧૯ની મીટિંગમાં ઠરાવ રજૂ કર્યો કે, વાડિયા ઇજનેરને એકદમ સસ્પેન્ડ કરવો, મ્યુનિસિપલ કમિશનરને વિનંતી કરવી કે શા માટે તેને બરતરફ ન કરવો જોઈએ એનો તેની પાસેથી એ ખુલાસો માગે અને પંદર દિવસની અંદર એ ખુલાસો સૅનિટરી કમિટીના રિપોર્ટ સાથે બોર્ડ આગળ રજૂ કરવામાં આવે. મ્યુનિસિપલ કમિશનરને એવી વિનંતી પણ કરવી કે વૉટરવર્ક્સને લાયકાતવાળા ઇજનેરના ચાર્જમાં મૂકવાની તાબડતોબ તજવીજ કરે.

આ ઇજનેરની સામેનો કેસ આટલો સ્પષ્ટ હતો અને એની બેદરકારી તથા આડાઈને લીધે મ્યુનિસિપાલિટીને તથા શહેરને ભારે નુકસાન થતું હતું તેના ચોક્કસ પુરાવા બોર્ડ આગળ રજૂ થઈ ચૂક્યા હતા છતાં “એનો ખુલાસો

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

માગવો ", "એના ઉપર અધિકારીના રિપોર્ટ માગવા" એવા એવા સુધારા લાવીને વાતને ઢીલમાં નાખવાના પ્રયત્નો કેટલાક કાઉન્સિલરોએ કર્યાં પણ છેવટે સરદારનો ઠરાવ બહુમતીથી પસાર થયો. પેલાની નાલાયકી વિષે કોઈના પણ મનમાં જરાયે વસવસો રહે એમ નહોતું છતાં સરદારે પુષ્કળ સવાલો પૂછી પૂછીને બોર્ડ આગળ પૂરતી વિગતો રજૂ કરાવ્યા પછી જ અને આ શાસ્ત્રીય વિષય ગણાતો હોઈ તેના ઉપર નિષ્ણાતોનું સમર્થન મેળવ્યા પછી જ પોતાનો ઠરાવ આણ્યો એ લોકશાહી ઢબે કામ કરવાની તેમની કુનેહ બતાવે છે.

મ્યુનિસિપાલિટીની સાફસૂફીમાં એક મહત્ત્વનું નોંધવા જેવું પ્રકરણ કૅમ્પ વિસ્તારને પાણી પૂરું પાડવા બાબતનું છે. ત્યાં લશ્કરી છાવણી હતી અને મોટે ભાગે તો મોટા સરકારી અમલદારો, તેમાંયે મુખ્યત્વે ગોરા અમલદારો રહેતા. એ વિસ્તારમાં મ્યુનિસિપાલિટીના વૉટરવર્ક્સમાંથી પાણી આપવામાં આવતું. પણ એ પાણીના દર શહેરના કરતાં બહુ જ ઓછા હતા. સૅનિટરી કમિટી મારફત જનરલ બોર્ડમાં સરદાર ઠરાવ લાવ્યા કે, કૅમ્પના સત્તાવાળાઓને જણાવી દેવું કે તેમની પાસેથી પ્રારંભિક ખર્ચ અને ચાલુ ખર્ચ શહેરના વરાડે લેવામાં આવશે. કૅમ્પવાળાની દલીલ એ હતી કે ઠરાવેલા દરથી અમને પાણી પૂરું પાડવાને મ્યુનિસિપાલિટી કરારથી બંધાયેલી છે. આ પ્રકરણ બહુ લાંબું ચાલ્યું અને વચમાં તો મ્યુનિસિપાલિટી સસ્પેન્ડ થયેલી રહી. એટલે આ પ્રશ્નનો નિકાલ ફરી પાછા ૧૯૨૪માં સરદાર મ્યુનિસિપાલિટીમાં દાખલ થયા ત્યારે આવ્યો. એની બધી વિગતો તે વખતના મ્યુનિસિપલ પ્રકરણમાં આપી છે.

આવું જ લંબાયેલું એક પ્રકરણ વૉટરવર્ક્સ માટેના એન્જિનની ખરીદીનું હતું. વૉટરવર્ક્સ માટે એન્જિનની જરૂર હતી એ વાત ખરી, પણ કેવા પ્રકારનું અને કેટલા હોર્સપાવરનું એન્જિન જોઈએ એ વિષે મ્યુનિસિપાલિટીના અમલદારોને, સૅનિટરી કમિટીને કે જનરલ બોર્ડને કશું પૂછ્યાગાછ્યા વિના સરકારે પોતાના ઇજનેરોના જ અભિપ્રાયો લઈને એન્જિનનો ઑર્ડર આપી દીધો. સરદારે જોયું કે અમદાવાદના વૉટરવર્ક્સને જોઈએ તે કરતાં એ એન્જિન ઘણું વધારે મોટું છે એટલે એમણે સરકારને લખ્યું કે તમે ઑર્ડર રદ કરાવો, નહીં તો અમે એ એન્જિન લેવાના નથી. એ સવાલનો નિકાલ પણ ૧૯૨૪ પછી સરદાર જ્યારે મ્યુનિસિપાલિટીના પ્રમુખ હતા ત્યારે આવેલો. છેવટે એ એન્જિન તેની કિંમત અને બધું ખર્ચ આપીને સરકારને જ લેવું પડેલું.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

७

# મ્યુનિસિપાલિટીમાં રચનાકાર્યનો આરંભ

સને ૧૯૧૯ના ફેબ્રુઆરી માસમાં મ્યુનિસિપલ બોર્ડની ત્રૈવાર્ષિક ચૂંટણી થઈ. આ બોર્ડમાં કેટલુંક નવું લોહી મ્યુનિસિપાલિટીમાં દાખલ થયું અને સરદારનો પક્ષ એકંદરે સબળ થયો. જૂના બોર્ડમાં એમનો ખાસ કોઈ પક્ષ નહોતો છતાં એમની બાહોશી અને મહેનતથી અને શહેરના તથા મ્યુનિસિપાલિટીના ભલાની દૃષ્ટિએ એમના કામના ઉપયોગીપણાથી અને ન્યાયીપણાથી તેઓ ઘણાં કામોમાં બહુમતી મેળવી શકતા. તેથી જ બહુ જરૂરી સાફસૂફી તેઓ કરી શકેલા. આ નવી બોર્ડ ચૂંટાઈ તે વખતે રોલૅટ બિલો સામેના આંદોલનને લીધે દેશનું રાજકીય વાતાવરણ ક્ષુબ્ધ હતું છતાં મ્યુનિસિપાલિટીમાં એમનો જે પક્ષ બંધાયો હતો તે રાજદ્વારી હેતુ ધ્યાનમાં રાખીને નહોતો બંધાયો. જુસ્સાથી, ખંતથી અને નીડરપણે લોકહિતનાં કામો કરવાં અને આપણું તંત્ર આપણે જ ચલાવી શકવાની તાલીમ મેળવવી અને તાકાત કેળવવી એ જ તેનો ઉદ્દેશ હતો. ગાંધીજી ૧૯૧૫ના આરંભમાં હિંદુસ્તાનમાં આવ્યા અને એપ્રિલ માસથી અમદાવાદને પોતાનું નિવાસસ્થાન બનાવ્યું, ત્યારથી દેશના જાહેર જીવન ઉપર તેમનો પ્રભાવ પડવા માંડ્યો હતો પણ સરદાર લગભગ અઢી વર્ષ સુધી તેમનાથી દૂર રહ્યા હતા. સીધા તેમના પ્રભાવ નીચે તો ૧૯૧૭ના નવેમ્બરમાં ગોધરામાં પહેલી ગુજરાત રાજકીય પરિષદ ગાંધીજીના પ્રમુખપણા નીચે થઈ ત્યારથી તેઓ આવ્યા ગણાય. એ પરિષદમાં ગાંધીજીએ કહેલું કે આપણા ગામનું સ્વરાજ જો આપણે દક્ષતાથી, પ્રામાણિકપણે અને ન્યાયી રીતે ન ચલાવી શકીએ તો દેશના સ્વરાજ્યની અંગ્રેજો પાસે માગણી કરવી તેનો કાંઈ અર્થ નથી. એ જ દૃષ્ટિ-બિંદુ આ નવી ચૂંટણીમાં ચૂંટાઈ આવીને જેઓ સરદારના સાથીઓ બન્યા તેમનું હતું. જોકે ૧૯૨૦ના ઉત્તરાર્ધથી સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટે અસહકારનું સમસ્ત દેશવ્યાપી આંદોલન ગાંધીજીએ ઉપાડ્યું તેને કેવળ એક રાજકીય બાબત ગણવી હોય તો સરદારે અને તેમના સાથીઓએ તેનાથી પ્રેરાઈને મ્યુનિસિપલ શાળાઓ માટે સરકારની ગ્રાન્ટ તથા સરકારના અંકુશો ફગાવી દીધા તેને તેઓએ મ્યુનિસિપલ વહીવટમાં રાજદ્વારી તત્ત્વને દાખલ કર્યું એમ કહેવાય. જોકે સરકારી અંકુશ કાઢી નાખવામાં આપણાં બાળકોની કેળવણી આપણા દેશની પરિસ્થિતિને અનુકૂળ



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



બનાવવાનો એક ઉદ્દેશ હતો ખરો. વળી મ્યુનિસિપાલિટીની એ લડત કાયદાની મર્યાદામાં રહીને એમણે એવી રીતે ચલાવી હતી કે રાજદ્વારી બાબતોમાં નહીં પડનારા અને અસહકારી તો નહીં જ એવા કાઉન્સિલરોએ પણ સારી સંખ્યામાં તેમાં સાથ આપ્યો હતો. એ બધી વિગતો તો એ વિષેના અલગ પ્રકરણમાં આવશે.

મ્યુનિસિપાલિટીની દૃષ્ટિએ શહેરની સ્થિતિ સુધારવા માટે મ્યુનિસિપાલિટીના કારોબારમાં ખૂબ સાફસૂફી કરવાની જેમ જરૂર હતી તેમ અમુક રચનાકાર્યો પણ ઝડપથી હાથ ધરવાની જરૂર હતી. દાખલ થતાંવેંત જ સરદારે જોઈ લીધું કે શહેરની પાણીની તેમ જ ગટરની વ્યવસ્થા જ્યાં સુધી બરાબર સુધારવામાં ન આવે ત્યાં સુધી શહેરના લોકોનાં અગવડ અને અસંતોષ દૂર કરી શકાય નહીં એટલું જ નહીં પણ પૂરતા પાણી વિના કેટલાંયે આવશ્યક નવાં કામો પણ ઉપાડી શકાય નહીં. અહમદશાહ બાદશાહે અમદાવાદ સ્થાપ્યું ત્યારથી જ એ શહેર ઉદ્યોગધંધાનું તેમ જ કળાકારીગરીનું મોટું મથક રહેલું છે અને તેની આબાદી વધતી જ ચાલેલી છે. મુગલાઈની પડતી પછી બીજાં સ્થળોની માફક અમદાવાદમાં પણ થોડીઘણી અંધાધૂંધી ચાલેલી પણ અંગ્રેજી રાજ્ય સ્થિર થયું કે તરત ફરી પાછા તેના હુન્નરઉદ્યોગો અને વસ્તી વધતી રહી છે. ૧૮૯૧માં અમદાવાદમાં વૉટરવર્ક્સની રચના થઈ તે, તે વખતની વસ્તીની ગણતરીએ કરેલી. પણ ત્યાર પછી થોડાં જ વર્ષોમાં એ વૉટરવર્ક્સ ઘણું જ નાનું પડવા લાગ્યું. તે વધારવા થાગડથીગડ ઉપાયો કરીને ચલાવવા માંડ્યું પણ સરકારી ઇજનેરો અને નિષ્ણાતોને લાગ્યું કે આવા છૂટાછવાયા ઉપાયોથી પત્તો લાગશે નહીં. પાણીનો જથ્થો વધારવો હોય તો નદીને પાકો બંધ બાંધી પાણી રોકવું જોઈએ અને પાણી સ્વચ્છ મળે તે માટે પાણી ગળાઈ ને આવે તેની પણ ચોક્કસ યોજના કરવી જોઈએ. એ લોકોએ મુંબઈ સરકાર તરફથી જ આવી યોજના ૧૯૧૧માં તૈયાર કરી. એમાં સઘળી બાજુએથી વિચાર કરવામાં આવેલો હોઈ એ સર્વગ્રાહી યોજના (કૉમ્પ્રિહેન્સીવ સ્કીમ) કહેવાતી. તેના ખર્ચનો અંદાજ આશરે નવ લાખ રૂપિયાનો હતો. પણ તેનો અમલ થતાં પહેલાં જુદા જુદા નિષ્ણાતોએ તેમાં જુદા જુદા સુધારા સૂચવ્યા. તેને લીધે ખર્ચનો અંદાજ પણ બદલાતો ગયો. એમાં વળી ૧૯૧૪-૧૮નું મહાયુદ્ધ વચમાં આવ્યું એટલે ૧૯૨૦ સુધી આ યોજનાનો કાંઈ જ અમલ થઈ શક્યો નહોતો; જ્યારે શહેરમાં પાણીની બૂમ તો પડ્યાં જ કરતી હતી. કોઈ કાંઈ ઉપાય સૂચવે ત્યારે આ 'સર્વગ્રાહી યોજના' આગળ ધરવામાં આવતી. દરેક ચોમાસામાં કહેવામાં આવતું કે આવતા ઉનાળા વખતે પાણીની તંગી ન પડે એવી ગોઠવણ થઈ જશે, પણ ઉનાળો આવે ત્યારે સ્થિતિ એની એ જ હોય.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



સને ૧૯૧૯માં મ્યુનિસિપાલિટીના નવા બોર્ડમાં પ્રમુખ સર રમણભાઈ હતા અને સરદાર સૅનિટરી કમિટીના ચૅરમૅન હતા.

સરદારે જોયું કે દસ વરસ થવા આવ્યાં છતાં પેલી ‘સર્વગ્રાહી યોજના’-નાં કશાં ઠેકાણાં પડતાં નથી. પહેલાંની બોર્ડમાં પણ પોતે સૅનિટરી કમિટીના ચૅરમૅન હોઈ વૉટરવર્ક્સની બધી પરિસ્થિતિ તેમના જાણવામાં આવી ગઈ હતી તે ઉપરથી અને નિષ્ણાતો સાથે સલાહમસલત કરીને ઓછી ખર્ચાળ અને ઝટ અમલમાં મૂકી શકાય એવી યોજના તેમણે ઘડી કાઢી અને સૅનિટરી કમિટીના ચૅરમૅન તરીકે વૉટરવર્ક્સના આખા ઇતિહાસ સાથે વિસ્તૃત રિપોર્ટના રૂપમાં મ્યુનિસિપલ બોર્ડ આગળ રજૂ કરી. એ રિપોર્ટમાંથી અમદાવાદના વૉટર-વર્ક્સનો ઇતિહાસ જાણવા મળે છે અને સરદારની યોજનાશક્તિનો તેમ જ યોજનાને વ્યવહારુ બનાવવાની કુનેહનો ખ્યાલ આવે છે એટલે અહીં એમના રિપોર્ટનો ટૂંકો સાર આપ્યો છે. તેમાં યાંત્રિક રચનાઓને લગતી શાસ્ત્રીય વિગતો છોડી દીધી છે :

“અમદાવાદ શહેરમાં વૉટરવર્ક્સનું કામ ૧૮૯૧માં પૂરું થયું અને ૧૮૯૨માં એ મ્યુનિસિપાલિટીને સોંપી દેવામાં આવ્યું. તેમાં કુલ ખર્ચ લગભગ આઠ લાખ રૂપિયાનો થયેલો. પાણી લેવાને માટે ૨૫ ફીટ વ્યાસના ચાર કૂવા બનાવ્યા હતા. અને પાણીના ભંડાર માટે ચણતરની ટાંકી બનાવી હતી જેમાં દોઢ લાખ ગૅલન પાણી રહી શકતું. સવા લાખ માણસની વસ્તીને જણ દીઠ દસ ગૅલન પાણીનો વપરાશ ગણવાને હિસાબે આટલું પાણી ત્રણ કલાકના વપરાશ જેટલું ગણાય. ચાર કૂવા એ હિસાબે રાખેલા કે તેમાંથી મિનિટના ૧૮૦૦ ગૅલન પાણી મળે અને પમ્પ બાર કલાક ચાલે તો તેર લાખ ગૅલન પાણી ખેંચાય તે જણ દીઠ દસ ગૅલનને હિસાબે ૧,૩૦,૦૦૦ માણસને પૂરું પડે. ૧૮૯૧માં અમદાવાદની વસ્તી લગભગ દોઢ લાખની હતી. જેમ જેમ વસ્તી વધતી ગઈ અને વધુ પાણીની જરૂર પડતી ગઈ તેમ તેમ મ્યુનિસિપાલિટી વધુ કૂવા ખોદાવતી ગઈ.

“સને ૧૯૦૮માં પાણીનો રોજનો વપરાશ ૪૬ લાખ ગૅલન પર પહોંચ્યો એટલે મ્યુનિસિપાલિટીએ નવા કૂવા ખોદાવવા ઉપરાંત પાણી પૂરું પાડવાની પદ્ધતિમાં પણ ફેરફારો કરવાનું ઠરાવ્યું. એના બધા ખર્ચનો અંદાજ સાડા-ત્રણ લાખ રૂપિયાનો હતો. આ ઉપરાંત બીજી એક યોજના વિચારવામાં આવી તેના ખર્ચનો અંદાજ રૂપિયા પોણાબે લાખનો હતો.

“દરમિયાન પાણીનો વપરાશ વધીને રોજના પંચાવન લાખ ગૅલન પર પહોંચ્યો. શહેરના કોટની અંદરની વસ્તી વીસ વર્ષમાં એટલે ૧૯૧૧માં વધીને પોણાબે લાખની થઈ અને કોટની બહારનાં પરાંઓની વસ્તી પચાસ હજારની થઈ. આ બધાને શહેરના વૉટરવર્ક્સમાંથી પાણી પૂરું પાડવાનું

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



હતું. એટલે જણ દીઠ પાણી બહુ ઓછું મળતું હતું. એટલે ૧૯૦૮ પછી જે સૂચનાઓ આવી હતી તે બધાનો વિચાર કરીને તથા નવી ઊભી થયેલી બધી જરૂરિયાતોને પહોંચી વળવા માટે ૧૯૧૧માં એક સર્વગ્રાહી યોજના સરકારી નિષ્ણાતોએ તૈયાર કરવી એવું ઠર્યું. એમાં શહેરની વસ્તી અઢી લાખની ગણવી અને જણ દીઠ દરરોજ વીસ ગૅલન પાણી આપવું એવી ગણતરી રાખી. દર મિનિટે ૯,૦૦૦ ગૅલન પાણી ખેંચવાની શક્તિવાળાં ચાર એન્જિન ગોઠવવાનું નક્કી કરવામાં આવ્યું. પાણી ગળાઈને વિશુદ્ધ થાય એવી રચના પણ તેમાં સૂચવવામાં આવી. પાણીનો જથો વધારવા નદી ઉપર થોડા ભાગમાં પાકો બંધ બાંધવો એવું પણ તેમાં હતું.

"આ યોજના સરકારે તા. ૧૭–૧૦–'૧૩ના રોજ મંજૂર કરી. તેને માટે નવ લાખ રૂપિયાના ખર્ચનો અંદાજ પણ મંજૂર કર્યો અને સરકારી એક્ઝિક્યૂટિવ એન્જિનિયરને સૂચના આપવામાં આવી કે યોજના પ્રમાણે કામ પૂરું કરી દેવું.

"૧૯૧૪ના ચોમાસા પછી નદીનો પ્રવાહ વળી વધારે દૂર પશ્ચિમ તરફ ગયો. કૂવાઓમાં પાણીનો પુરવઠો ઝપાટાબંધ ઘટવા માંડ્યો. એટલે જાન્યુઆરી માસમાં નદીમાંથી નીક ખોદીને પાણી પાસે લાવવાનો કામચલાઉ ઉપાય મ્યુનિસિપાલિટીને અખત્યાર કરવો પડ્યો. પાણીનો પુરવઠો ટકાવી રાખવા માટે દસ હજાર રૂપિયા ખર્ચીને આ કામચલાઉ તદબીર મ્યુનિસિપાલિટી અખત્યાર કરતી આવી છે.

"પેલી સર્વગ્રાહી યોજના સરકારે મંજૂર કરી ત્યાર પછી સરકારના મિકેનિકલ એન્જિનિયરે તથા સૅનિટરી એન્જિનિયરે તેમાં મહત્ત્વના અને વધુ ખર્ચાળ સુધારા સૂચવ્યા. શહેરમાં પાણીની તાણ એટલી હતી કે મંજૂર થયેલી યોજના બને એટલી વહેલી પૂરી કરવાની જરૂર હતી. છતાં પેલા સુધારા સૂચવાયા એટલે એક્ઝિક્યૂટિવ એન્જિનિયરે કામ મુલતવી રાખ્યું.

"મ્યુનિસિપલ ચીફ ઑફિસરે મુંબઈ સરકારના સૅનિટરી એન્જિનિયરને કાગળ લખ્યો કે તમે સૂચવેલા સુધારા મુજબની યોજના અને તેના ખર્ચનો અંદાજ જલદી તૈયાર કરી આપો તો સારું. તેનો એમણે ટૂંકો અને તોછડો જવાબ આપ્યો કે અમદાવાદ જેવા મોટા શહેરની મ્યુનિસિપાલિટીએ પોતાનો જ હોશિયાર અને લાયકાતવાળો એન્જિનિયર રાખવો જોઈએ, જે આવી યોજના અને તેના ખર્ચના અંદાજ તૈયાર કરી શકે. અમે અને અમારો સ્ટાફ કાંઈ એકલા તમારા કામ ઉપર બેઠા નથી. એટલે બધું તૈયાર કરતાં અમને તો લાંબો વખત લાગશે."

તા. ૧૫–૬–'૧૪ના રોજ અમદાવાદના શહેરીઓની જાહેર સભા પ્રેમાભાઈ હૉલમાં શેઠ મંગળદાસ ગિરધરદાસના પ્રમુખપણા નીચે થઈ. તેમાં શહેરને પીવાના પાણીની તંગી પડે છે અને લોકોમાં ભારે અસંતોષ વ્યાપ્યો છે તે તરફ સરકારનું અને મ્યુનિસિપાલિટીનું ધ્યાન ખેંચનારો ઠરાવ પસાર

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



થયો. અહીં એ નોંધવા જેવું છે કે તે વખતે મ્યુનિસિપાલિટીનું જનરલ બોર્ડ ગેરવહીવટ માટે સસ્પેન્ડ થયેલું હતું અને કારભાર સરકારે નીમેલી કમિટી ઑફ મૅનેજમેન્ટના હાથમાં હતો. જાહેર સભાનો આ ઠરાવ સરકાર તરફ રવાના કરતાં કલેક્ટરે પોતાના તરફથી શેરો માર્યો કે 'આ પ્રશ્ન એટલો તાકીદનો છે કે તેનો નિકાલ જલદી લાવવો જ જોઈએ. સરકારની યોજના મુજબ કામ આવતા શિયાળામાં શરૂ કરવું જ જોઈએ. દરમિયાન ઑગસ્ટ અથવા સપ્ટેંબરમાં આ યોજના સાથે સંબંધ ધરાવતા સઘળા નિષ્ણાતોની એક મીટિંગ અમદાવાદમાં રાખવામાં આવે અને તેમાં બધું નક્કી કરી નાખવામાં આવે એ જરૂરનું છે. નહીં તો આવતા ઉનાળામાં કૂવા અડધા ખાલી, એન્જિનો બેકાર, પાઈપો અડધી જ ભરેલી અને ફરિયાદોનો વરસાદ એ સ્થિતિ ભોગવવી પડશે.' છેવટે સૂચવાયેલા સુધારા પ્રમાણે યોજના ફેરવવામાં આવી. તેના ખર્ચનો સુધરેલો અંદાજ રૂપિયા બાર લાખનો થયો, પણ કશું કામ થયું નહીં. દર વરસે ચોમાસા પછી કામ શરૂ કરીશું અને આવતા ઉનાળામાં પાણીની બૂમ નહીં રહે એમ વાયદા કરવામાં આવતા.

૧૯૧૭માં ગુજરાત સભા મારફત બોલાવેલી શહેરીઓની જાહેર સભા અને ગુજરાત સભાના મંત્રીઓની સાથે કમિશનર મિ. પ્રેટના વર્તનની હકીકત છઠ્ઠા પ્રકરણમાં આવી જાય છે એટલે પુનરુક્તિ નથી કરી. અહીં એ નોંધવા જેવું છે કે કૅન્ટોન્મેન્ટને પાણી પૂરું પાડવાની વ્યવસ્થા સરકારી અમલદારોએ એવી ગોઠવાવી હતી કે તેમને ચોવીસે કલાક પાણી મળે.

આટલો પૂર્વ ઇતિહાસ આપ્યા પછી પાણીની જરૂરિયાત કેટલી હતી અને તેને પહોંચી વળવા શું કરવું જોઈએ તે પોતાના રિપોર્ટમાં સરદાર જણાવે છે.

જણ દીઠ પાણીની વપરાશ રોજના ઓછામાં ઓછા ત્રીસ ગૅલન અને વસ્તી ઓછામાં ઓછી ત્રણ લાખ ગણીને દરરોજ નેવું લાખ ગૅલન પાણી જોઈએ એમ તેમણે ગણ્યું છે. તે વખતે જેટલા કૂવા હતા તે પચાસ લાખ ગૅલનથી વધુ પાણી આપી શકે એમ ન હતું અને પેલી સર્વગ્રાહી યોજના પૂરેપૂરી અમલમાં મુકાય ત્યારે પણ સાઠથી સિત્તેર લાખ ગૅલનથી વધુ પાણી મળી શકે એમ નહોતું એમ મુંબઈના સૅનિટરી એન્જિનિયરે પોતાનો અભિપ્રાય જણાવ્યો હતો. એટલે વધુ પાણી મેળવવાનો ઇલાજ તાત્કાલિક તો નદીનું પાણી સીધું લેવું એ જ છે એમ એણે પણ અભિપ્રાય આપ્યો હતો.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

પાણીના જથા સાથે પાણીની સ્વચ્છતાનો પણ રિપોર્ટમાં વિચાર કર્યો છે. અમદાવાદને નદીની રેતીમાંથી કુદરતી રીતે ગળાઈને પાણી મળે છે એમ લોકો માને છે પણ એ પૂરેપૂરું ખરું નથી. ચોમાસામાં કૂવા નદીની રેલમાં ઢંકાઈ જાય છે. રેલ દરમિયાન અને રેલ ઊતરી ગયા પછી પણ એનું પાણી જંતુઓવાળું હોઈ પીવાયોગ્ય હોતું નથી એમ નિષ્ણાતોને પૃથક્કરણ કરતાં માલૂમ પડ્યું હતું. વળી પાણી કુદરતી રીતે ગળાયેલું તો ત્યારે જ મળે જ્યારે કૂવો નદીના પ્રવાહથી ઓછામાં ઓછો ૧૫૦ ફીટ દૂર હોય. પણ કૂવા જેમ દૂર રાખવામાં આવે તેમ પાણીનો પુરવઠો ઓછો રહે એટલે કૂવા નદીના પ્રવાહની નજીક લઈ ગયા વિના છૂટકો નહોતો.

સરદારે ખાનગી નિષ્ણાતોની સલાહ લીધી હતી. તેમનું કહેવું એમ હતું કે કુદરતી રીતે ગળાયેલું પાણી મેળવવાનો વિચાર જ છોડી દેવા જેવો છે. એ પદ્ધતિ જ ભારે ખર્ચાળ છે. દવાઓથી પાણી સ્વચ્છ કરવાનું રાખશો તો એને માટેના યંત્રની કિંમત આશરે રૂ. ૨૩,૦૦૦ પડશે અને દવાઓ વગેરેનું ચાલુ ખર્ચ રૂ. ૧૩,૦૦૦નું રાખવું પડશે. સરકારના સનિટરી એન્જિનિયરનો આના ઉપર અભિપ્રાય લીધો તો તેઓએ પણ આ રીત લાભદાયી હોવાનું જણાવ્યું છે. સ્વચ્છ પાણી મેળવવાની બીજી રીતોમાં રૂપિયા દસ લાખનું પ્રારંભિક ખર્ચ અને રૂપિયા સવા લાખનું ચાલુ ખર્ચ કરવું પડે એમ હતું. વળી એ યોજના પ્રમાણે કામ પૂરું થતાં ઓછામાં ઓછાં ત્રણ વર્ષ લાગતાં હતાં, જ્યારે આમાં છ અઠવાડિયાંમાં બધી ગોઠવણ કરી શકાય એમ હતું.

રા. સા. હરિલાલભાઈએ સૂચવ્યું હતું કે એકદમ મોટી ખર્ચાળ યોજના હાથ ધરતાં પહેલાં ઓછામાં ઓછા એક મહિના સુધી સ્થળ પર જ પાણીની શાસ્ત્રીય તપાસ કરાવવી, જેથી કર ભરનારાઓનો આપણે વિશ્વાસ સંપાદન કરી શકીએ અને મોટું ખર્ચ કરવાનું હોય તો તેમનો ટેકો મેળવી શકીએ.

આ બધા સંજોગોનો વિચાર કરીને સરદારે એવી સૂચના કરી કે મુંબઈ સરકારના સૅનિટરી બોર્ડને આપણે વિનંતી કરવી કે સૅનિટરી બોર્ડના નિષ્ણાતોને જરૂરી સાધનો સાથે મોકલી આપે. સરકારને એવી પણ વિનંતી કરવી કે પૂના અને કરાંચીના જેવી જ શરતોએ અને ધોરણે પાણી તપાસવા માટે અમદાવાદમાં એક સ્થાયી પ્રયોગશાળા સ્થાપવામાં આવે. આવી લૅબોરેટરીની શહેરને બહુ જ જરૂર હતી.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

આમ પાણીની તંગીને પહોંચી વળવા માટે કામચલાઉ વ્યવસ્થા કર્યા પછી પાણીનો જથ્થો વધારવા માટે આગળ શાં પગલાં લેવાં તે વિષે મિ. આર. સેન્ટ જ્યૉર્જ મૂર નામના એક નિષ્ણાતને રૂ. ૬,૦૦૦ ફી આપવાનું ઠરાવીને રોક્યા. કારણ સરકારી નિષ્ણાતો ઉપર આધાર રાખવાથી કાંઈ શુક્કરવાર વળે એમ ન હતો તેનો પૂરતો અનુભવ થઈ ચૂક્યો હતો.

પાણી પછી બીજું મહત્ત્વનું કામ શહેરમાંથી ગિરદી ઓછી કરવાનું હતું. મિ. મિરેમ્સ નામના ટાઉન પ્લૅનિંગ એક્સપર્ટે શહેરના વિસ્તાર માટેની એક યોજના નકશા સાથે કરી આપેલી હતી. આ યોજનામાં સાકર બજારથી લાલ દરવાજા સુધીનો એક રિલીફરોડ નવો કરવાનું સૂચવેલું હતું, જેથી રિચીરોડ (હાલનો ગાંધીરોડ) ઉપરની ભીડ કાંઈક ઓછી થાય. આ યોજના મુજબ રસ્તો બનાવતાં કેટલાં મકાનો કાયદાથી લેવાં (એક્વાયર કરવાં) પડતાં હતાં તેનું અને રસ્તો બનાવવાનું કેટલું ખર્ચ થશે તેના નકશા તથા ખર્ચનો અંદાજ ચીફ ઑફિસરે બનતી તાકીદે તૈયાર કરવો એવો ઠરાવ જનરલ બોર્ડની તા. ૮–૭–'૨૦ની મીટિંગમાં પસાર કરાવ્યો.

આ વખતે દેશનું રાજકીય વાતાવરણ દિનપ્રતિદિન ગરમ થતું જતું હતું. ગાંધીજીએ અસહકારનું પ્રચંડ આંદોલન દેશમાં જગાવ્યું હતું અને સરદારે તેમાં પૂરેપૂરું ઝંપલાવ્યું હતું. અમદાવાદ મ્યુનિસિપાલિટી પાસે પણ તેના કાઉન્સિલરો-ની શક્તિ પ્રમાણે અને મ્યુનિસિપાલિટી એક કાયદાથી સ્થપાયેલી સંસ્થા હોઈ તેની મર્યાદાઓમાં રહીને તથા શહેરની સુખાકારીમાં કશી અડચણ ન આવે એ રીતે તેનાથી જેટલો ફાળો સ્વાતંત્ર્યની આ મહાન લડતમાં અપાય તેટલો અપાવવાનો તેમનો પ્રયત્ન હતો. છતાં સરકારી અમલદારો અત્યાર સુધી જે રીતે ટેવાયેલા હતા એ જોતાં, એમને એ ન રુચે એ સ્વાભાવિક ગણાય. મ્યુનિસિપાલિટી બહારની સરદારની અસહકાર અંગેની પ્રવૃત્તિઓ પણ તેમને ખૂંચતી જ હોવી જોઈએ. એક માણસના મ્યુનિસિપલ કામ અને બહારના રાજ-દ્વારી કામ, એનો તટસ્થતાથી ભેદ પાડી જુદી જુદી દૃષ્ટિએ જોવાની તેમને આદત જ નહોતી. આનો એક દાખલો અહીં આપવો બસ થશે. ૧૯૧૯-૨૦નો અમદાવાદ મ્યુનિસિપાલિટીનો ઍડમિનિસ્ટ્રેટિવ રિપોર્ટ રવાના કરતી વખતે તેની સાથે કલેક્ટરે કાગળ લખ્યો તેમાં સરદારે એ વર્ષમાં બજાવેલી કીમતી સેવાની કદર કરવાની તો ઘેર રહી, પણ એવી ટીકા કરી કે, "બોર્ડમાં કેટલુંક ગરમ ખોપરીવાળું એવું તત્ત્વ છે જેની અસરથી કેટલાક પ્રસંગે બોર્ડે અવિચારી અને કમનસીબ નિર્ણયો લીધા છે, તેમાં પ્રમુખનો કશો વાંક નથી."

આ ટીકા કોને ઉદ્દેશીને હતી તે સ્પષ્ટ હતું અને સરદાર એ શેના સાંખી લે? એટલે તા. ૨૭–૯–'૨૦ની બોર્ડની મીટિંગમાં તેઓ ઠરાવ લાવ્યા કે :

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



"'સામાન્ય ટીકાઓ' એ મથાળા નીચે પોતાના કાગળમાં અમદાવાદના નવા કલેક્ટરે (આ 'નવા' શબ્દ ધ્યાનમાં લેવા જેવો છે કારણ જૂનો કલેક્ટર તો સરદારના કામનું મહત્ત્વ સમજી ગયેલો હોવો જોઈએ, અને આ નવો હજી સરદારને બરાબર ઓળખતો નહીં હોય) કારણ વિના જે અપમાનભરી ટીકા કરી છે તે સામે આ બોર્ડ સખત વાંધો ઉઠાવે છે અને આગ્રહ કરે છે કે એ ટીકા એણે પાછી ખેંચી લેવી જોઈએ.

"જ્યાં સુધી આ ટીકાઓ પાછી ખેંચી લેવામાં આવે નહીં ત્યાં સુધી રિપોર્ટ ઉપર વિચાર કરવાનો બોર્ડ ઇન્કાર કરે છે.

"આ ઠરાવની નકલ સરકારને મોકલી આપવી."

આ ઠરાવમાંની હકીકતની તો ના પાડી શકાય એમ હતું નહીં છતાં તેને હળવો કરવા માટે તેના ઉપર સુધારા લાવનારા બોર્ડમાં પડ્યા જ હતા. છેવટે સરદારનો સુધારો ભારે બહુમતીથી પસાર થયો.

અસહકારની લડતમાં મ્યુનિસિપાલિટી પાસે સરદારે જે ફાળો અપાવ્યો તેની વિગતો અલગ પ્રકરણમાં આપવી ઠીક થશે. પણ તે ઉપર આવતાં પહેલાં રાજકીય ક્ષેત્રમાં સરદારનો પ્રવેશ અને અસહકારની લડત સુધીની તેમની પ્રવૃત્તિઓનું બ્યાન આપવું જોઈએ.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો
15/50

૮

# ગુજરાત સભા

તે વખતે ગુજરાતનું બધું રાજદ્વારી કામ ગુજરાત સભા કરતી. એ સંસ્થા સને ૧૮૮૪માં સ્થપાયેલી અને આખા ગુજરાતના રાજદ્વારી પ્રશ્નોમાં રસ લેતી. રાજદ્વારી દૃષ્ટિએ ફરિયાદ કરવા જેવા અથવા વાંધો ઉઠાવવા જેવા પ્રશ્ન ઉપર જૂની વિનીત વિચારસરણી પ્રમાણે સરકારને અરજી કરી પ્રજાની અડચણો તથા મુશ્કેલીઓ તે સરકારને જણાવતી. અમદાવાદના બે જાણીતા વકીલો શ્રી ગોવિંદરાવ આપાજી પાટીલ અને શ્રી શિવાભાઈ મોતીભાઈ પટેલ તથા એક દાક્તર શ્રી જોસેફ બેન્જામિન, એ ત્રણ ગૃહસ્થોએ ઘણાં વરસો સુધી તેના મંત્રી તરીકે કામ કરેલું. અમદાવાદમાં સને ૧૯૦૨માં કૉંગ્રેસનું અઢારમું અધિવેશન ભરાયેલું તે પણ આ ગુજરાત સભાના પ્રયાસોને આભારી હતું અને તેના મંત્રીઓમાંથી શ્રી ગોવિંદરાવ પાટીલ સ્વાગત સમિતિના પ્રધાન મંત્રી અને બીજાઓ સાધારણ મંત્રીઓ તરીકે ચૂંટાયેલા. સને ૧૯૧૬માં અમદાવાદમાં કાયદે-આઝમ ઝીણાના પ્રમુખપણા નીચે મુંબઈ પ્રાંતિક રાજકીય પરિષદનું અધિવેશન થયું તેની તૈયારીઓ પણ આ સભા મારફત જ શરૂ થઈ હતી. તે વખતે કાયદે-આઝમ ઝીણા ચુસ્ત કૉંગ્રેસી નેતા હતા, હિંદુ-મુસ્લિમ એકતાના તેઓ ભારે હિમાયતી હતા અને કૉંગ્રેસ તથા મુસ્લિમ લીગ એકબીજા સાથે હળીમળીને દેશની રાજદ્વારી નૌકા ચલાવે એવા પ્રયાસ કરવામાં અગ્રણી હતા. ૧૯૧૫માં બે સંસ્થાઓ વચ્ચે એકતા સાધી બંનેનાં અધિવેશન મુંબઈમાં સાથે સાથે ભરાવવામાં તેઓ સફળ થયા હતા. અમદાવાદની આ પરિષદ બીજી એક રીતે પણ બહુ મહત્ત્વની હતી. ૧૯૦૭ની સુરતની કૉંગ્રેસના ભંગાણ પછી તિલક મહારાજની આગેવાની નીચે ગરમ પક્ષ કૉંગ્રેસમાંથી અલગ પડી ગયો હતો. પણ ૧૯૧૫માં નરમ પક્ષના બે મોટા નેતાઓ ફિરોજશાહ મહેતા અને ગોખલેજી ગુજરી ગયા પછી તિલક મહારાજના પક્ષનું કૉંગ્રેસ સાથે સમાધાન થયું અને અમદાવાદની પરિષદમાં ઘણાં વર્ષો પછી નરમ દળના અને ગરમ દળના આગેવાનો એક જ મંચ પર એકઠા થયા. આ પરિષદમાં મુંબઈ પ્રાંતના નરમ દળના આગેવાનો સર ચિમનલાલ સેતલવાડ, ગોકુળદાસ કહાનદાસ પારેખ વગેરેએ હાજરી આપી હતી અને ગરમ દળના આગેવાનો તિલક મહારાજ, શ્રી કેળકર વગેરે પણ આવ્યા હતા. તિલક મહારાજના આગમનના સંબંધમાં એક નોંધવા જેવો પ્રસંગ અમદાવાદને



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



માટે બન્યો. અમદાવાદનો આખો જુવાન વર્ગ તિલક મહારાજનું ભારે જાહેર સ્વાગત કરવાના અને સ્ટેશન ઉપરથી તેમને ઉતારે સરઘસમાં લઈ જવાના બહુ ઉત્સાહવાળો હતો. પણ કૉન્ફરન્સની સ્વાગત સમિતિ જે મુખ્યત્વે વિનીત વિચારના સભ્યોની બનેલી હતી તે આવું કાંઈ કરવા ઇચ્છતી ન હતી. કોઈકે, ઘણું કરીને ડૉ. હરિપ્રસાદે આ વાત ગાંધીજીને કરી. ગાંધીજીને જુવાનિયાઓની માગણી સાચી લાગી કે, લોકમાન્યનું સ્વાગત તો અમદાવાદને શોભે એવું બહુ જ ભવ્ય થવું જોઈએ. તેમણે સ્વાગત સમિતિ પાસે ન જતાં પોતાના નામથી જ પત્રિકા કાઢી અને તિલક મહારાજના માનમાં શહેરને શણગારવાની તથા સ્ટેશને તેમનું ભવ્ય સ્વાગત કરવાની તથા સરઘસમાં ભાગ લેવાની અમદાવાદના શહેરીઓને અપીલ કરી. એને પરિણામે સ્ટેશન ઉપર તિલક મહારાજનું ભવ્ય સ્વાગત થયું તથા અમદાવાદમાં તે પહેલાં નહીં નીકળેલું એવું મોટું સરઘસ નીકળ્યું. આ ઉપરાંત શ્રી શ્રીનિવાસ શાસ્ત્રિયાર જેઓ ગોખલેજીના અવસાન પછી હિંદ સેવક સમાજના પ્રમુખ નિમાયા હતા તેઓ પણ પરિષદમાં આવ્યા હતા. ગાંધીજી અમદાવાદમાં આશ્રમ સ્થાપીને રહ્યા હતા એટલે સ્વાભાવિક રીતે જ તેઓ પરિષદમાં પૂરેપૂરો ભાગ લેતા હતા. વળી તે વખતે મિસિસ બેસન્ટને સરકારે નજરકેદ કર્યાં હતાં અને મુંબઈના હોમરૂલ લીગવાળાઓ તેમને છોડાવવા માટે કાંઈ સીધું પગલું ભરવાનો વિચાર કરી રહ્યા હતા અને તેમાં ગાંધીજીની આગેવાની મેળવવા પ્રયત્ન કરતા હતા. એ બધા પણ પરિષદમાં આવ્યા હતા. એ ઉપરાંત ઊગતા આગેવાનોમાં શ્રી વિઠ્ઠલભાઈ પટેલ મુખ્ય હતા. આમ અમદાવાદની પ્રાંતિક પરિષદ બહુ ઉત્સાહભરેલા અને કાંઈક ગરમ વાતાવરણમાં ભરાઈ હતી. સરદાર અમદાવાદમાં જ રહેતા હતા અને આ પરિષદમાં શ્રી વિઠ્ઠલભાઈની સાથે હાજરી આપતા; પણ પરિષદમાં બધું જોયા કરવા ઉપરાંત તેમણે બીજો કશો ભાગ લીધો નહોતો. મુફસ્સિલ શહેરોની મ્યુનિસિપાલિટીઓમાં સરકારે સિવિલિયન અમલદારને મ્યુનિસિપલ કમિશનર તરીકે નીમવાની જે પ્રથા શરૂ કરી હતી તેનો વિરોધ કરનારો એક ઠરાવ આ પરિષદમાં પસાર કરવામાં આવ્યો હતો તેમાં પણ સરદારે ભાગ લીધો નહોતો. એમણે તો વિઠ્ઠલભાઈ સાથે કામની વહેંચણી કરી લીધી હતી કે પોતે કુટુંબસેવા કરે અને વિઠ્ઠલભાઈ દેશસેવા કરે. પણ આ કારણ તો ઉપર ઉપરનું હતું. ખરી વાત એ હતી કે નરમ પક્ષવાળા સરકારને અરજીઓ કરતા અને ગરમ પક્ષવાળા લોકો આગળ તીખાં તમતમતાં ભાષણો કરતા, પણ સરકાર પ્રજાની વાત ન માને તો બેમાંથી એકે પાસે પ્રતિકાર શી રીતે કરવો તેનો કશો કાર્યક્રમ નહોતો. તે વખતે ચાલતા અરજી કરનારા અથવા નિરર્થક થૂંક ઉડાડનારા રાજકારણમાં સરદારને જરાયે રસ ન હતો. એ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



વસ્તુ એમને જરાયે આકર્ષી જ શકતી નહોતી. છતાં અમદાવાદની આ પરિષદ થઈ ગયા પછી મિત્રોએ જ્યારે એમને આગ્રહ કરવા માંડ્યો કે સિવિલિયન મ્યુનિસિપલ કમિશનરને અંકુશમાં રાખવા માટે મ્યુનિસિપલ બોર્ડમાં એનો દૃઢતાપૂર્વક વિરોધ કરી શકે એવા સમર્થ કાઉન્સિલરની જરૂર છે અને તમારે બીજા કશા માટે નહીં તો ખાસ એટલા માટે પણ મ્યુનિસિપાલિટીમાં આવવું જોઈએ, ત્યારે એમની રગમાં જ રહેલી યોદ્ધાવૃત્તિથી સહેજે આવી મળેલા પ્રજાહકના રક્ષણ માટેના યુદ્ધપ્રસંગનો ઇનકાર થઈ શક્યો નહીં અને એ મ્યુનિસિપાલિટીમાં ગયા. જોકે સાથે એ પણ કહેવું જોઈએ કે મ્યુનિસિપલ કામ એ એમના સ્વભાવમાં જ છે. કેવળ અંગત જ નહીં પણ પોતાની આસપાસના આખા વિસ્તારની સ્વચ્છતા અને સુઘડતાનો વિચાર કરવો અને તે સાચવવાની ભારે ચીવટ રાખવી એ એમના હાડમાં જ છે. ચોખ્ખાઈની ખાંખત એમના આખા કુટુંબમાં વંશપરંપરાથી ઊતરી આવેલી જણાય છે. એટલે મ્યુનિસિપલ કામ ઉત્સાહથી એમણે લીધું અને શોભાવ્યું. રાજદ્વારી કામને માટે એમને પ્રેરણા મળવાની, દર્શન લાધવાની હજી વાર હતી. એમની યોદ્ધાવૃત્તિને પૂરો અવકાશ મળે એવો માર્ગ બતાવનાર મળી આવતાં તેમાં ઝંપલાવતાં એમણે વાર લગાડી નહોતી.

સને ૧૯૧૫ના આરંભમાં ગાંધીજી હિંદુસ્તાનમાં આવ્યા. શાંતિનિકેતનમાં થોડું રહી એપ્રિલ મહિનામાં અમદાવાદ આવ્યા અને કોચરબ નામના પરાની પાસે બંગલો ભાડે રાખી ત્યાં પોતાના આશ્રમનો આરંભ કર્યો. આશ્રમની તેમ જ આશ્રમના એક અંગ તરીકે કાઢવા ધારેલી રાષ્ટ્રીય શાળાની યોજના સમજાવવા તેઓ એકેક વખત ગુજરાત ક્લબમાં આવેલા. બીજા ઘણા સભ્યો એમને સાંભળવા એકઠા થયેલા પણ સરદાર પોતાના મિત્રો સાથે ક્લબના મકાનના ઓટલા ઉપર બેઠા બેઠા પાનાં (બ્રિજ) રમતા હતા તે ત્યાંથી નીચે નહીં ઊતરેલા. દાદાસાહેબ માવળંકરે એક સ્થળે લખ્યું છે કે, હું સરદારની મંડળીમાં બેઠો હતો ત્યાંથી ગાંધીજી પાસે જવા ઊઠ્યો ત્યારે એમણે મને 'એમાં શું સાંભળવાનું છે?' એમ કહીને રોકવા માંડેલો. છતાં કાંઈ નવીન હોય એને વિષે કુતૂહલવૃત્તિ એવી હોય છે કે સરદાર અને એમના બીજા સાથી રમનારાઓના કાન તો ગાંધીજીની વાત તરફ જ મંડાયેલા હોવા જોઈએ. કાંઈક ત્રાંસી નજર કરીને વખતોવખત એમના તરફ તેઓ જોતા પણ હશે. કારણ થોડી વાર પછી એમની મંડળીમાંના એક બૅરિસ્ટર ચિમનલાલ ઠાકોરથી ન રહેવાયું, તે ગાંધીજી પાસે આવીને કહેવા લાગ્યા: "ગાંધી સાહેબ, તમે તો મોટા માણસ છો પણ તમે આ પાઠશાળા કાઢવાનું કહો છો એવી પાઠશાળામાં ભણાવીને છોકરાઓને भिक्षां देहि કહીને ભીખ માગતા અમારે નથી કરવા. એવા લોટ માગી ખાતા છોકરાઓની

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



પાઠશાળાએ અમદાવાદમાં બહુયે છે.” ગાંધીજી પોતાની વાતમાં અંગ્રેજી શબ્દ બિલકુલ ન આવે એની કાળજી રાખતા એટલે એમણે હાઈસ્કૂલ જ્યાં અભિપ્રેત હોય ત્યાં પાઠશાળા શબ્દ વાપર્યો હશે અને વિદ્યાર્થીઓને માતૃભાષા ગુજરાતીની સાથે જ હિંદી અને સંસ્કૃત પણ શીખવવું જોઈએ એમ કહ્યું હશે તે ઉપરથી શાસ્ત્રીઓની સંસ્કૃત પાઠશાળા જેવું કાંઈક ગાંધીજી કાઢવા માગે છે એમ કલ્પી લઈને ચિમનલાલ ઠાકોરે આ પ્રમાણે વિરોધ કરેલો. એ ગમે તેમ હો પણ ગાંધીજીની ગુજરાત ક્લબમાંની વાતોથી સરદાર એમના પ્રત્યે આકર્ષાયેલા નહીં એટલું ખરું.

પણ ૧૯૧૭ના એપ્રિલમાં ચંપારણ જિલ્લામાંથી ચાલી જવાના મૅજિસ્ટ્રેટના હુકમનો ગાંધીજીએ સવિનય અનાદર કર્યો, તેનો એમના ઉપર કેસ ચાલ્યો અને તે વખતે કોર્ટમાં એમણે જે ગૌરવયુક્ત નિવેદન કર્યું, એ બધું છાપામાં આવ્યું ત્યારે બંનેને થયું કે આ કોઈ ખરો મર્દ છે. થોડા દિવસ તો ક્લબમાં મુખ્ય વાત એ જ ચાલી. ગાંધીજી માટે આદરની લાગણી ખૂબ વધી ગઈ અને સૌએ ઠરાવ્યું કે ગુજરાત સભાના પ્રમુખ થવા એમને વિનંતી કરવી.

સરદાર સને ૧૯૧૫થી ગુજરાત સભાના સભ્ય થયેલા, પણ તેના કામકાજમાં સક્રિય ભાગ લેતા નહીં. જોકે જાહેરજીવનની શુદ્ધિના હિતનું, પણ આગળ પડીને કરવા જતાં કાંઈક કડવાશ વહોરવી પડે તેવું એક કામ સરદારે સભાને કરી આપેલું. સભાના ત્રણ મંત્રીઓનાં નામ આ પ્રકરણમાં જ આપ્યાં છે. તેમાંથી શ્રી ગોવિંદરાવ પાટીલ ગુજરી ગયા એટલે એમની જગ્યાએ શ્રી કૃષ્ણલાલ નરસીલાલ દેસાઈ જે અમદાવાદમાં બચુભાઈના નામથી વધારે જાણીતા હતા તેમને નીમવામાં આવ્યા. બીજા મંત્રી શ્રી શિવાભાઈ પટેલ તો હતા જ. ત્રીજા મંત્રી ડૉ. જોસેફ બેન્જામિન હતા. અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં સને ૧૯૧૬ની સાલમાં ઇજનેરની નિમણૂક કરવાનો પ્રસંગ આવ્યો ત્યારે વધારે લાયકાતવાળા હિંદી ઇજનેરો ઉમેદવાર તરીકે હોવા છતાં ઉત્તર વિભાગના કમિશનર મિ. પ્રૅટની ઇચ્છાને આધીન થઈ મ્યુનિસિપલ કાઉન્સિલરોએ બહુમતીથી એક ગોરા ઇજનેરની નિમણૂક કરેલી અને તેને સરદારે હુરિયો કરાવી ભગાડેલો એ વાત આ પહેલાંના પ્રકરણમાં કહેવાઈ ચૂકેલી છે. ગુજરાત સભામાં ઘણાં વર્ષોથી મંત્રીપદ ભોગવતા અને ૧૯૦૨માં અમદાવાદમાં કૉંગ્રેસ ભરાઈ ત્યારે તેની સ્વાગત સમિતિના પણ જેઓ મંત્રી હતા તે ડૉ. જોસેફ બેન્જામિને સરકારી અમલદારોને ખુશ કરવા આ ગોરા ઇજનેરની તરફેણમાં મત આપેલો. છતાં ગુજરાત સભાના મંત્રીપદેથી એમને ખસેડવાની દરખાસ્ત કોઈ સભ્ય લાવતા નહોતા. મનમાં એટલી જ વૃત્તિ કે કોણ કડવા થાય? આપણું શું જાય છે? તે વખતના જાહેરજીવનમાં આ પ્રકારની શિથિલતા તો કેટલીયે નભી જતી.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

સરદારના સભ્ય થયા પછી મંત્રીઓની નિમણૂકનો પ્રશ્ન આવ્યો ત્યારે તેમણે ઝટ ઊભા થઈને જૂના ત્રણ મંત્રીઓમાંથી ડૉ. જોસેફ બેન્જામિનનું નામ કાઢી નાખી દાદાસાહેબ માવળંકરના નામની દરખાસ્ત મૂકી. સૌને એ દરખાસ્ત એકદમ ગમી ગઈ અને સર્વાનુમતે એનો સ્વીકાર થયો.

ગુજરાત સભાએ ૧૯૧૭માં ગાંધીજીને પોતાના પ્રમુખ નીમ્યા પછી નક્કી કર્યું કે ગુજરાતમાં દર વરસે રાજકીય પરિષદો ભરવી. પહેલી પરિષદના સ્થળ તરીકે ગુજરાતના પછાત ગણાતા પંચમહાલ જિલ્લાનું ગોધરા શહેર પસંદ કરવામાં આવ્યું. પસંદગીમાં ત્યાંના વતની શ્રી વામનરાવ મુકાદમનો ઉત્સાહ પણ મોટું કારણ હતો. તેઓ તિલક મહારાજના અનુયાયી હતા અને બંગભંગના વખતથી રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લેતા હતા. તાજેતરમાં હોમરૂલની પ્રવૃત્તિને અંગે વેઠવારા નાબૂદ કરવાની ચળવળ ઊપડી હતી તેમાં તેઓ આગળપડતો ભાગ લેતા હતા. જ્યારે સરકારી અમલદારોનો ગામડાંમાં મુકામ થતો ત્યારે ગામના વસવાયા લોકોને અમલદાર તથા તેની કચેરીના માણસોની બધી સગવડોને માટે જુદાં જુદાં કામ ફરજિયાત કરવાં પડતાં અને તે માટે પૂરા દામ મળતા નહીં અને ઘણી વાર તો બિલકુલ મળતા નહીં. સુથારને સાહેબના તંબૂ ઠોકવા માટે લાકડાંની ખૂંટીઓ તૈયાર કરી આપવી પડતી, કુંભારને માટીનાં વાસણ પૂરાં પાડવાં પડતાં તથા પાણી ભરવું પડતું, વાળંદને વાળવાઝૂડવાનું અને દીવાબત્તીનું કામ કરવું પડતું, ભંગીને સફાઈનું અને સંદેશા પહોંચાડવાનું કામ કરવું પડતું, ગામના વાણિયાને જોઈએ તે સીધુંસામગ્રી પૂરી પાડવી પડતી, અને સાહેબનો મુકામ એક ગામથી ઊપડી બીજે જાય ત્યારે ખેડૂતોને તમામ સરસામાન પહોંચાડવા ગાડાં જોડવાં પડતાં. આમ ગામના દરેક માણસને કાંઈ ને કાંઈ કામ કરવાનું આવતું. એ બધાની વ્યવસ્થા ગામનો મુખી પટેલ કરતો. સાહેબનો મુકામ હોય ત્યાં સુધી એને અને એના રાવણિયાઓને ખડે પગે હાજર રહેવું પડતું અને સાહેબ ઉપરાંત શિરસ્તેદાર તથા કારકુનોની મરજી ઉઠાવવી પડતી. આ બધાં કામોનું યોગ્ય મહેનતાણું તથા પૂરા પાડેલા સીધાસામાનની વાજબી કિંમત ભાગ્યે જ મળતી. બધા લોકોને મુકામ ઉપર કલાકના કલાકો દિવસો સુધી ખોટી થવું પડતું એ વધારામાં. જે જે ગામમાં હોમરૂલ લીગની સ્થાપના થઈ હતી તે તે ગામે લીગના સભ્યોએ આ વેઠવારાની સામે ચળવળ શરૂ કરી હતી.

ગોધરાની પહેલી ગુજરાત રાજકીય પરિષદના પ્રમુખ ગાંધીજીને નીમવામાં આવ્યા. ગાંધીજીએ આ પરિષદને અત્યાર સુધી દેશમાં ભરાતી રાજકીય પરિષદોમાં અનેક રીતે અપૂર્વ બનાવી. પરિષદ ગુજરાતની હતી છતાં મુંબઈના ઘણા રાજદ્વારી આગેવાનોએ એમાં હાજરી આપી હતી. નામદાર વિઠ્ઠલભાઈ પટેલ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



મુંબઈમાં રહેતા પણ એ તો ગુજરાતના જ ગણાય એટલે તેઓ તેમાં હાજરી આપે અને આગળપડતો ભાગ લે એમાં કાંઈ વિશેષતા ન ગણાય, પણ કાયદે-આઝમ ઝીણા આ પરિષદમાં આવ્યા હતા, એ જરૂર તેની વિશેષતા હતી. હિંદુ-મુસ્લિમ એકતાના ચુસ્ત હિમાયતી તરીકે તેમને ગોધરામાં ભારે માન મળ્યું. તે ઉપરાંત તિલક મહારાજ અને એમના ખાસ મિત્ર શ્રી ખાપર્ડેએ આ પરિષદમાં હાજરી આપીને તેનું ગૌરવ વધાર્યું હતું. વિશેષ ખૂબી તો એ થઈ કે બધા જ નેતાઓ પાસે ગાંધીજીએ આગ્રહ કરીને ગુજરાતીમાં ભાષણો કરાવ્યાં. કાયદે-આઝમ ઝીણા પાસે પણ ગાંધીજીએ ગુજરાતીમાં જ ભાષણ કરાવ્યું, એ વાત જ્યારે વર્તમાનપત્રોમાં આવી ત્યારે સરોજિનીદેવીએ ગાંધીજીને કાગળ લખેલો કે અમારાં જેવાં ઉપર તો તમે હર વખત હિંદુસ્તાનીમાં ભાષણ કરાવવાનો જુલમ કરો છો અને અમે એને વશ પણ થઈએ છીએ પણ મહાન (ગ્રેટ) ઝીણા પાસે તમે ગુજરાતીમાં ભાષણ કરાવ્યું એને હું તમારી એક ચમત્કારિક ફતેહ ગણું છું અને એ માટે તમને મુબારકબાદી આપું છું. તિલક મહારાજને ગાંધીજીએ હિંદીમાં બોલવાની વિનંતી કરેલી. પણ એમણે કહ્યું કે હું હિંદીમાં બરાબર નહીં બોલી શકું ત્યારે છેવટે એમની પાસે મરાઠીમાં ભાષણ કરાવ્યું અને ખાપર્ડેએ પોતાની વિલક્ષણ શૈલીમાં એમનું આખું ભાષણ એવી સરસ રીતે ગુજરાતીમાં સમજાવ્યું કે તેમાં શ્રોતાઓને સ્વતંત્ર ભાષણના જેટલો જ આનંદ પડ્યો. અત્યાર સુધી પ્રાંતિક તો શું પણ જિલ્લા રાજકીય પરિષદોમાં પણ એવું ચાલતું કે મહત્ત્વનાં ભાષણો ઘણી વાર અંગ્રેજીમાં થતાં. વક્તાઓને એવો મોહ રહેતો કે અંગ્રેજીમાં બોલીએ તો આપણું બોલ્યું સરકારને કાને પહોંચે. પણ આ પરિષદમાં એક પણ ભાષણ અંગ્રેજીમાં ન થયું.

અત્યાર સુધી ભરાતી તમામ રાજકીય પરિષદો — જિલ્લા પરિષદથી માંડીને અખિલ હિંદ કૉંગ્રેસ સુધી —નો એક શિરસ્તો એવો હતો કે પહેલો ઠરાવ બ્રિટિશ સામ્રાજ્ય અને તાજ પ્રત્યે વફાદારીનો કરવો. આ શિરસ્તો ગાંધીજીએ તોડાવ્યો એ આ પરિષદની બીજી વિશેષતા હતી. ઘણાનું એમ કહેવું હતું કે એવો ઠરાવ કરવામાં આપણું જાય છે શું? અત્યાર સુધી ચાલતું આવ્યું છે માટે ભલે ચાલે. ગાંધીજીની દલીલ એ હતી કે બ્રિટિશ સામ્રાજ્ય પ્રત્યેની વફાદારીમાં તમારા કોઈના કરતાં હું ઊતરું એમ નથી પણ કશા કારણ વિના એવો ઠરાવ પસાર કરીને આપણે આપણી લઘુતા દેખાડીએ છીએ. અંગ્રેજો કાંઈ એમની પરિષદોનો આરંભ બ્રિટિશ સામ્રાજ્ય અને તાજ પ્રત્યે વફાદારીના ઠરાવથી કરતા નથી. ગાંધીજીના આ વલણથી ઘણાને એક નવું જ દર્શન થયું. જેઓ સામ્રાજ્ય કે તાજના પ્રેમી નહોતા તેમને પોતાની દૃષ્ટિએ ખૂબ આનંદ થયો.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ત્રીજી વાત તેમણે પરિષદ આગળ એ મૂકી અને તેનો અમલ પણ કરાવ્યો કે પરિષદે એક કારોબારી સમિતિ નીમવી અને તેણે બીજે વરસે બીજી પરિષદ ભરાય ત્યાં સુધી કામ કરતા રહેવું. આ પ્રથા પણ નવી જ હતી. અત્યાર સુધી તો પરિષદો અને કોંગ્રેસો પણ વાર્ષિક જલસા જેવી થતી. ભરાય ત્યારે લોકોમાં ઉત્સાહ આવે પણ પછી આખું વરસ ભાગ્યે જ કાંઈ કરવાનું હોય. કોંગ્રેસના પ્રમુખ પોતાની કારોબારી સમિતિ રચે અને તે સતત કામ કર્યા કરે એવો જે શિરસ્તો આગળ ઉપર પાડવામાં આવ્યો હતો તેનું બીજ ગોધરામાં નાખવામાં આવેલું. પરિષદના પ્રમુખ તરીકે સ્વાભાવિક રીતે જ ગાંધીજી આ કારોબારી સમિતિના પ્રમુખ થયા અને સરદારને તેના મંત્રી નીમવામાં આવ્યા. એમની સાથે જોડિયા મંત્રી તરીકે ઘણે ભાગે શ્રી ઇન્દુલાલ નિમાયા હતા. તેના કામકાજનું મથક અમદાવાદમાં રાખવાનું નક્કી થયું.

અગાઉ હું વેઠવારાની પ્રથાનો ઉલ્લેખ કરી ગયો છું. એ બાબત પરિષદમાં ઠરાવ કરવામાં આવ્યો અને પરિષદની કારોબારી સમિતિએ એ પ્રશ્ન હાથ ધરી એ અન્યાયી અને ત્રાસદાયક પ્રથા નાબૂદ કરાવવા પ્રયત્ન કરવો એમ નક્કી થયું. પણ પ્રજાને કાંઈ પણ સલાહ આપતાં પહેલાં સરકારને એ બાબતમાં શું કહેવાનું છે એ જાણી લેવા મંત્રીએ પ્રાંતના રેવન્યુ ખાતાના વડા તરીકે ઉત્તર વિભાગના કમિશનર મિ. પ્રૅટને કાગળ લખવો એમ ગાંધીજીએ સલાહ આપી અને કાગળનો મુસદ્દો પણ એમણે જ ઘડી આપ્યો. એ કાગળની મતલબ એ હતી કે, આ પ્રથાને કાયદાનો કશો આધાર હોય એમ જણાતું નથી અને અમને એ ગેરકાયદે લાગે છે. પણ એ પ્રથા ઘણાં વર્ષોથી ચાલતી જોવામાં આવે છે તેથી એ બાબતમાં સરકારનો કોઈ વહીવટી હુકમ હોય કે ઠરાવ હોય અને એને લીધે તેનું કાયદેસરપણું માનવામાં આવતું હોય તો તે અમને જણાવો. અમને એવા ઠરાવ કે હુકમની કશી માહિતી નથી. પણ ગુજરાતના બધા જિલ્લાઓમાં એ પ્રથા ચાલે છે અને રેવન્યુ ખાતાવાળા એનો વધુમાં વધુ લાભ લે છે. આ સવાલ સઘળા જિલ્લાઓને લગતો હોઈ અમે કલેક્ટર પાસે ન જતાં સીધા તમને લખીએ છીએ. આ પ્રથા ગેરકાયદે હોવાની અમારી માન્યતા ભૂલભરેલી હોય તો અમને જણાવશો. કારણ જે વસ્તુ કાયદાવિરુદ્ધ ચાલી રહી છે તે બાબત પ્રજાને ચેતવણી આપી કાયદાનું ઉલ્લંઘન થતું અટકાવવાનો અને વેઠવારાની પ્રથા નાબૂદ કરાવવાનો પરિષદે ઠરાવ કર્યો છે. કાગળની સાથે પરિષદના ઠરાવની નકલ મોકલી તથા પ્રથાની વિરુદ્ધ કાયદાના આધારો ટાંક્યા.

કમિશનર મિ. પ્રૅટનો વાચકને થોડો પરિચય થઈ ગયો છે. તેમના જેવા હુકમશાહી અમલદાર માટે આવો કાગળ આ પહેલવહેલો જ હતો. કાગળ વાંચતાં

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

જ તેઓ સાહેબ ખૂબ ગુસ્સે થયા અને 'ઉદ્ધત' (impertinent) એમ કહી પોતાના ટેબલની નીચે રહેતી કચરાની ટોપલીને હવાલે એ કાગળને કર્યો. એ બાતમી સરદારને પોતાની ખાનગી વ્યવસ્થા મારફત મળી. કમિશનરનું આ કૃત્ય પ્રજાનું ચોખ્ખું અપમાન કરનારું અને પ્રજાના પ્રતિનિધિઓ પ્રત્યે તિરસ્કારની લાગણી પ્રગટ કરનારું હતું.

તે વખતે ગાંધીજીએ ચંપારણના કિસાનોમાં રચનાત્મક કામ ઉપાડયું હતું અને તેઓ વધુ વખત ત્યાં જ રહેતા, છતાં દર મહિને અમદાવાદ થોડા દિવસ આવી જતા. આવે ત્યારે અહીં પોતાની દેખરેખ નીચે ચાલતાં કામકાજ બાબતમાં સલાહ સૂચના આપતા. તેમણે કહ્યું કે આ ન નિભાવી લઈ શકાય એવું આપણું અપમાન તો છે જ, છતાં કમિશનરને આપણા કાગળની યાદી આપતો એક બીજો કાગળ લખો. આ કાગળની પણ પહેલા કાગળના જેવી જ વ્યવસ્થા કમિશનરે કરી એમ જાણવામાં આવ્યું. એટલે ગાંધીજીની સલાહ પ્રમાણે સરદારે ત્રીજો કાગળ લખ્યો. તેમાં પહેલા બે કાગળોનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે અમારા પ્રથમના કાગળમાં જણાવ્યા મુજબ વેઠની પ્રથા ગેરકાયદે છે એ અમારી માન્યતાની વિરુદ્ધ કાંઈ પણ આધારો આપના તરફથી મળ્યા નથી. તેથી એ કાગળમાં જણાવ્યા પ્રમાણે વેઠના ગેરકાયદેપણા વિષે પ્રજાને જાહેર ચેતવણી આપતી અને હવેથી લોકોએ વેઠ કરવી નહીં એવી સલાહ આપતી પત્રિકા પરિષદ તરફથી કાઢવામાં આવશે. જો તેમાં કાંઈ કાયદાનો વાંધો હોય તો દસ દિવસની અંદર અમને જણાવશો. આ કાગળ જોઈ કમિશનર ખૂબ રોષે ભરાયા. તેમણે જવાબ આપ્યો કે આ બાબત ચર્ચા કરવા માટે કમિશનર સાહેબને મંત્રીએ અમુક દિવસે અમુક વખતે શાહીબાગ મળવા આવવું. સરદારે જવાબ આપ્યો કે મને આ બાબતમાં કાંઈ ચર્ચા કરવા જેવું લાગતું નથી. માત્ર કાયદાના આધારો કાંઈ હોય તો આપ લખી જણાવશો. છતાં આપને મળવું હોય તો પરિષદની ઑફિસમાં અમુક વખતે મને મળવા આવશો તો હું ખુશીથી મળીશ. મિ. પ્રૅટ જેવા મોટા અધિકારીને માટે આ તો વળી છેક જ નવી વાત હતી. પણ એ કાગળોના જવાબ પોતે જ આપ્યા નહોતા એટલે શું કરે? મનમાં સમસમીને બેસી રહ્યા. સરદારે તો દસ દિવસની મુદત વીત્યે પત્રિકા પ્રસિદ્ધ કરી ગુજરાતમાં ગામડે ગામડે ખૂબ વહેંચાવી. દરેક જિલ્લામાં કાર્યકર્તાઓ પ્રચાર કરવા નીકળી પડ્યા. શ્રી વામનરાવ મુકાદમે આખા પંચમહાલ જિલ્લામાં પ્રવાસ કરી ખૂબ કામ કર્યું. વેઠ વિરુદ્ધની હિલચાલે સારું જોર પકડ્યું. કેટલાક કેસો પણ થયા. વેઠની પ્રથા છેક જ નાબૂદ થઈ ગઈ એમ તો ન કહેવાય પણ એનો ત્રાસ બિલકુલ નીકળી ગયો.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

સને ૧૯૧૭ની આખરના ભાગમાં અમદાવાદમાં પ્લેગ ફાટી નીકળેલો અને તેણે ભયંકર રૂપ લીધેલું. નિશાળો, કોર્ટો બધું બંધ થયેલું અને શહેરમાંથી ઘણા લોકો બહારગામ રહેવા ગયેલા. જેમને શહેર બહાર રહેવાની સગવડ હતી તેઓ ત્યાં રહેવા ગયેલા. સરદાર તે વખતે મ્યુનિસિપાલિટીની સૅનિટરી કમિટીના ચૅરમૅન હતા. આ આપત્તિ વખતે સરદારે શહેર છોડેલું નહીં પણ ભદ્રના પોતાના મકાનમાં જ રહીને દરરોજ શહેરમાં બધે ફરતા અને સાફસૂફી કરાવતા. આની અસર મ્યુનિસિપાલિટીના કામદારો ઉપર ઘણી પડેલી અને આખા તંત્રમાં એક પ્રકારનું નવચેતન આવેલું.

૧૯૧૭–૧૮માં અમદાવાદ જિલ્લામાં દુકાળ પડ્યો હતો. ગુજરાત સભા તરફથી જ દુકાળ સંકટ નિવારણનું કામ ઉપાડવામાં આવેલું. તે કામમાં પણ સરદાર પડેલા અને દુકાળમાં સપડાયેલા લોકો માટે રાહતની સારી વ્યવસ્થા કરીને આ પ્રકારના કામમાં નવી ભાત પાડેલી. તેનો રિપોર્ટ ગાંધીજીને ચંપારણ મોકલવામાં આવેલો. તે જોઈ તેઓ ખૂબ રાજી થયેલા અને સરદારને મુબારકબાદીનો કાગળ લખેલો.

બીજે વર્ષે ૧૯૧૮માં અમદાવાદમાં ઇન્ફ્લ્યૂએન્ઝા બહુ જોસથી ચાલ્યો. તે વખતે ગુજરાત સભા તરફથી ભગુભાઈના વંડામાં એક ખાસ હૉસ્પિટલ ખોલેલી તથા લોકોને ઘેરેઘેર દવા પહોંચાડવાની વ્યવસ્થા પણ કરેલી.

આ બધાં વર્ષો યુરોપમાં ચાલતા મહાયુદ્ધ (સને ૧૯૧૪થી ૧૯૧૮)નાં હતાં. ૧૯૧૭માં અને ૧૯૧૮ના આરંભના મહિનાઓમાં જર્મનીના આક્રમણનું જોર વધી ગયું હતું અને ઇંગ્લંડ એટલી ભીંસમાં આવી ગયું હતું કે મદદને માટે ચોમેર તે ફાંફાં મારતું હતું. ૧૯૧૭ની આખરમાં ભારતમંત્રી મિ. મૉન્ટેગ્યુએ હિંદુસ્તાનને રીઝવવા એક બહુ મીઠું ભાષણ કર્યું હતું. હિંદુસ્તાનમાં બ્રિટિશ રાજ્યતંત્ર કાષ્ઠવત્ બની ગયું છે, યુદ્ધ પૂરું થતાં જ તેમાં ફેરફાર કરવામાં આવશે અને હિંદીઓને જવાબદાર રાજ્યતંત્ર આપવામાં આવશે, એવાં વચનો તેમણે ઉચ્ચાર્યાં હતાં. ત્યાર પછી અહીંની પરિસ્થિતિ જાતે જોવા અને કેવા સુધારા આપવા તેની વાઈસરૉય તથા જુદા જુદા પ્રાંતના ગવર્નરો, તેમ જ મોટા મોટા અમલદારો તથા દેશના જુદા જુદા પક્ષના રાજદ્વારી નેતાઓ સાથે ચર્ચા કરવા ૧૯૧૮માં તેઓ હિંદુસ્તાન આવ્યા. અહીંના નેતાઓમાં ગાંધીજીને પણ તેમણે મુલાકાત આપી હતી. ગાંધીજીએ એવી યોજના કરી કે પોતે મળવા જાય ત્યારે ગુજરાતમાંથી ઓછામાં ઓછા લાખ માણસોની સહીવાળી સ્વરાજ માટેની અરજી તેમને હાથોહાથ આપવી. એ અરજી ઉપર સહીઓ મેળવવાનું કામ ગુજરાત સભા તરફથી ઉપાડવામાં આવ્યું.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

૧૯૧૭ના ચોમાસામાં અતિવૃષ્ટિને લીધે ખેડા જિલ્લામાં પાક નિષ્ફળ ગયો હતો. તે કારણે મહેસૂલ લેવાનું મોકૂફ રાખવાની ચળવળ ગુજરાત સભાએ ઉપાડી હતી. તેને અંગે સત્યાગ્રહની લડત ગાંધીજીની સરદારી નીચે ઉપાડવામાં આવી. સરદાર પૂરેપૂરા રંગાયા તે એ લડતમાં. તેની બધી વિગતો અલગ પ્રકરણ માગી લે છે.

પહેલી રાજકીય પરિષદ ગોધરામાં થઈ ત્યાર પછી ૧૯૨૩ની સાલ સુધી જુદે જુદે સ્થળે પરિષદો ભરવાનું ચાલુ રહ્યું. કઈ સાલમાં કયે સ્થળે કોના પ્રમુખપદા નીચે પરિષદ ભરાઈ તેની યાદી અહીં જ આપી દેવી ઠીક છે:

| | સાલ | સ્થળ | પ્રમુખ |
|---|---|---|---|
| ૧. | ૧૯૧૭ | ગોધરા | ગાંધીજી |
| ૨. | ૧૯૧૮ | નડિઆદ | શ્રી વિઠ્ઠલભાઈ પટેલ |
| ૩. | ૧૯૧૯ | સુરત | શ્રી ગોકુળદાસ કહાનદાસ પારેખ |
| ૪. | ૧૯૨૦ | અમદાવાદ | શ્રી અબ્બાસસાહેબ તૈયબજી |
| ૫. | ૧૯૨૧ | ભરૂચ | સરદાર વલ્લભભાઈ પટેલ |
| ૬. | ૧૯૨૨ | આણંદ | શ્રીમતી કસ્તૂરબા ગાંધી |
| ૭. | ૧૯૨૩ | બોરસદ | શ્રી કાકાસાહેબ કાલેલકર |

૧૯૨૦ના નાગપુરના અધિવેશનમાં કૉંગ્રેસનું ધ્યેય સ્પષ્ટ કરવામાં આવ્યું તથા તેનું બંધારણ નવેસરથી ઘડવામાં આવ્યું. તે પ્રમાણે દરેક પ્રાંતમાં ધ્યેયને સ્વીકારનારા એવા રીતસર નોંધાયેલા સભ્યો મારફત ચૂંટાયેલી પ્રાન્તિક સમિતિઓની રચના થઈ, એટલે ગુજરાત સભાનું સ્થાન ગુજરાત પ્રાંતિક સમિતિએ લીધું. સરદાર તેના પ્રમુખ ચૂંટાયા અને મંત્રીઓ તરીકે શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક તથા દાદાસાહેબ માવળંકર ચૂંટાયા. ગુજરાત પ્રાન્તિક સમિતિએ પોતાની પ્રવૃત્તિ કેવળ રાજદ્વારી કામો પૂરતી મર્યાદિત કે સંકુચિત રાખી નહોતી પણ ગાંધીજીની પ્રેરણા નીચે ગુજરાતના સમગ્ર જાહેરજીવનમાં દોરવણી આપવાનું કામ તે કરતી. સુલતાની આફતોનો સામનો તેણે હંમેશાં કર્યો જ છે તે ઉપરાંત જ્યારે જ્યારે આસમાની આફત આવી પડી છે ત્યારે ત્યારે એના સંકટનિવારણનું કામ તેણે ઉપાડી લીધું છે અને યશસ્વી રીતે પાર પાડ્યું છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021

૯

# ખેડા સત્યાગ્રહ — ૧

## તપાસ અને રાહતના પ્રયાસો

જ્યારથી ગાંધીજીએ હિંદુસ્તાનમાં આવીને અમદાવાદમાં વસવાટ કર્યો ત્યારથી ગાંધીજી કોઈ સત્યાગ્રહની લડત ઉપાડે એને માટે શ્રી મોહનલાલ પંડ્યા બહુ ઉત્સુક હતા. તેઓ ખેડા જિલ્લાના કઠલાલ ગામના વતની હતા અને વડોદરા રાજ્યમાં ડેરી સુપરિન્ટેન્ડેન્ટ હતા. તેમના રાજદ્વારી વિચારો બહુ ઉદ્દામ હતા. સને ૧૯૦૪-૫માં બંગભંગની ચળવળ પછી બૉમ્બની જે ત્રાસવાદી પ્રવૃત્તિ ચાલી તે પ્રત્યે તેમની સહાનુભૂતિ હતી એટલું જ નહીં પણ તેમનું વિશેષ આકર્ષણ હતું. સને ૧૯૦૯માં વાઇસરૉય લૉર્ડ મિન્ટો અમદાવાદની મુલાકાતે આવ્યા ત્યારે શહેરમાં તેમના ફરવાને માટે નક્કી થયેલા રસ્તા ઉપર રાયપુર દરવાજા બહાર એક બૉમ્બ મળી આવેલો તે મૂકનાર આ પંડ્યાજી હશે એવો છૂપી પોલીસખાતાને વહેમ હતો. વળી ‘વનસ્પતિની દવાઓ’ એ નામની નનામી છપાયેલી ચોપડીમાં, આપણા દેશમાં નકામી વનસ્પતિ (અંગ્રેજોરૂપી) બહુ ઊગી નીકળી છે તેનો નાશ કરવાની દવાઓ આ ચોપડીમાં અમે આપીએ છીએ એમ કહીને જુદી જુદી જાતના બૉમ્બ બનાવવાના નુસખા આપેલા હતા. એ ચોપડી સરકારે જપ્ત કરી હતી. પણ તેના લખનાર અને છપાવનાર શ્રી મોહનલાલ પંડ્યા છે એ વાત ઘણા લોક જાણતા હતા. પોલીસને પણ તેમના ઉપર વહેમ હતો પણ કશો પુરાવો મળી શક્યો નહોતો. ૧૯૧૧ના ડિસેમ્બરમાં બાદશાહ પંચમ જ્યૉર્જ હિંદુસ્તાન આવેલા અને તેમના રાજ્યાભિષેકનો દરબાર દિલ્હીમાં ભરાયેલો તે વખતે શ્રીમંત સયાજીરાવ ગાયકવાડે ઠરાવેલા નિયમ પ્રમાણે કુરનિસ નહીં બજાવેલી તે કારણસર તેમના ઉપર હિંદ સરકારની તવાઈ આવેલી. તે નિમિત્તે ગાયકવાડી રાજ્યમાંના જે અમલદારો તથા સંસ્થાઓ ઉપર બ્રિટિશ પોલીસખાતાને વહેમ હતો તે અમલદારોને રાજ્યની નોકરીમાંથી છૂટા કરવાની તથા તે સંસ્થાઓને બંધ કરવાની ગાયકવાડને ફરજ પાડવામાં આવેલી. આ સપાટામાં પંડ્યાજી પણ આવી ગયા. પછી બ્રિટિશ પોલીસ એમના ઉપર દેખરેખ અને જાપ્તો રાખવાને બહાને એમને બહુ હેરાન કરતી હતી. ગાંધીજીને મોહનલાલ પંડ્યાએ પોતાનાં બધાં વીતક કહી સંભળાવ્યાં ત્યારે એમણે સલાહ આપી કે તમારી તમામ હિલચાલ અને પ્રવૃત્તિઓ પોલીસને



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો
26/50

4/25/2021



પૂરેપૂરી જાણ થાય એ રીતે તદ્દન જાહેર કરશો તો તમે જેને કનડગત માનો છો એવી કનડગત રહેશે જ નહીં, તમારી હિલચાલ તમે પોલીસને ખબર ન પડે એવી રીતે કરવાનો પ્રયત્ન કરો છો તેથી પોલીસ હેરાન થાય છે અને એ તમને હેરાન કરે છે. એમ તો મારી પાછળ પણ પોલીસ હોય છે પણ હું તો ઘણી વાર એની મદદ લઉં છું અને એ લોકો મારા મિત્ર બની જાય છે. પંડ્યાજી જેમ જેમ ગાંધીજીના પરિચયમાં આવતા ગયા તેમ તેમ ત્રાસનીતિનું મિથ્યાત્વ તેમને પ્રતીત થતું ગયું અને અહિંસા ઉપર શ્રદ્ધા બેસતી ગઈ. ખેડાની લડતના મૂળ ઉત્પાદકનો આટલો પરિચય વાચક અસ્થાને નહીં ગણે.

સને ૧૯૧૭ના ચોમાસામાં ખેડા જિલ્લામાં અતિવૃષ્ટિ થઈ. સામાન્ય રીતે ત્યાં વરસાદની સરેરાશ ત્રીસ ઇંચની છે પણ એ સાલ લગભગ સિત્તેર ઇંચ વરસાદ પડ્યો. વળી છેક દશેરા પછી પણ વરસાદ પડતો રહ્યો એટલે પહેલી વારનું વાવેતર વરસાદમાં ધોવાઈ ગયા પછી બીજી વારના વાવેતરની શક્યતા રહી નહીં. આમ ચોમાસુ પાક બિલકુલ નિષ્ફળ ગયો. ઢોર માટેનો ઘાસચારો પણ વધારેપડતા પાણીને લીધે કહોવાઈ ગયો. પાણી વધારે પડ્યું હોય ત્યારે શિયાળુ પાક, જેને રવી પાક કહે છે, તે સારો થવાની આશા રહે પણ તેમાં ઉંદરનો ઉપદ્રવ થયો અને જુદી જુદી જાતના રોગ લાગ્યા તેથી એ પાકને પણ બહુ નુકસાન થયું. આમ આખું વરસ લગભગ નિષ્ફળ ગયું અને ગરીબ લોકોને તથા ઢોરને ખાવાનું મેળવવાની ભારે મુશ્કેલી ઊભી થઈ. આવી મુશ્કેલીમાં લોકો જમીનમહેસૂલ ક્યાંથી લાવીને ભરે એ મોટો સવાલ હતો.

જ્યારે વરસાદ નથી પડતો અને સૂકો દુકાળ પડે છે ત્યારે સમાજમાં એક જાતનો ત્રાસ ફેલાઈ જાય છે અને કડક સરકારી અમલદારના દિલમાં પણ મહેસૂલઉઘરાતની બાબતમાં છૂટછાટ મૂકવાની અને બીજી રાહત આપવાની લાગણી થઈ આવે છે. મહાજનો પણ દુકાળ સંકટ નિવારણનાં કામો કરવા બહાર પડે છે. પણ લીલા દુકાળમાં ભારે નુકસાન થયું હોય છતાં તેનો ત્રાસ એટલો ઉઘાડો દેખાતો નથી. સરકારી અમલદારોને તો આ વર્ષે મહેસૂલમાં છૂટછાટ મૂકવાની જરૂર છે એવો વિચાર જ ક્યાંથી આવે? મહેસૂલઉઘરાતની બાબતમાં કાયદો એવો છે કે દર વર્ષે પાકની આનાવારી કાઢવી અને પાક છ આનીથી ઓછો ઊતર્યો હોય તો અર્ધું મહેસૂલ લેવાનું મુલતવી રાખવું અને ચાર આનીથી ઓછો ઊતર્યો હોય તો આખું મુલતવી રાખવું તથા તે પછીનું વર્ષ પણ ખરાબ નીવડે તો આગલા વર્ષનું મુલતવી રાખેલું મહેસૂલ માફ કરવું. અત્યાર સુધી કેટલીયે વાર વરસ તો ખરાબ નીવડ્યાં હશે પણ લોકો અજ્ઞાન અને રાંક હોવાથી તેમણે કાંઈ તકરાર ઉઠાવેલી નહીં. અમલદારોને પોતાને ઠીક લાગ્યું હશે ત્યારે તેમણે ક્વચિત્ મુલતવી કે માફી આપી હશે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



આ વર્ષે તો ખેડૂતોના હકની વાત કરનારા પંડ્યાજી કઠલાલમાં બેઠા હતા અને તેમની વાત સાચી લાગવાથી તેમને ટેકો આપનારા અને લડતને આગળ ધપાવનારા ગાંધીજી અને સરદાર હતા. અમલદારો શાણા હોત અને તેમણે સરકારને ખોટી સલાહ ન આપી હોત તો આ લડત ઊપડત જ નહીં. પૈસા ભરવાને અશક્ત એવા ખેડૂતોનું મહેસૂલ એ વર્ષે લેવાનું મુલતવી રાખે તો જેટલી રકમ બાકી રહે એટલી રકમના એક વરસના વ્યાજનું જ સરકારને નુકસાન હતું. પણ સરકારી અમલદારો એ રીતે વિચારતા નહોતા. તેમના મગજમાં તો એ તુમાખી ભરેલી હતી કે મહેસૂલની બાબતમાં અમે જે નિર્ણય કરીએ તે જ છેવટનો ગણાય. એની સામે વાંધો ઉઠાવનારા બીજા કોણ? અમે સરકાર માબાપ છીએ, ખેડૂતનાં સુખદુઃખ અમે જાણીએ છીએ, ખેડૂતનાં હિત અમારે હૈયે વસેલાં છે. ખેડૂતના તરફથી વાતો કરનારા આ બીજા લોકો તો શહેરોમાં રહીને વકીલાતનો અથવા બીજો ધંધો કરનારા રાજદ્વારી ચળવળિયા છે. એટલે આ લડતમાં મુદ્દો તો એ થઈ પડ્યો હતો કે ખેડૂતોના સાચા હિતેશરી કોણ? સરકારી અમલદારો કે લોકસેવકો? અને સરકારી અમલદારો કહે એ સાચું કે લોકો કહે એ સાચું? સરકારી અમલદારોનો આક્ષેપ એ હતો કે, લોકો જે બોલે છે તે તો પેલા ચળવળિયાઓની શિખવણીથી અને ઉશ્કેરણીથી બોલે છે. લોકોનું કહેવું માનીએ તો એ ચળવળિયાની આબરૂ લોકોમાં વધે અને અમલદારોની પ્રતિષ્ઠા ઓછી થાય. આમ સરકારી અમલદારોને પક્ષે આખી લડત તેમના મમતની, તેમણે માની લીધેલા પ્રતિષ્ઠાના ભૂતની હતી. લોકોને પક્ષે લડત એ હતી, કે પ્રજા સમસ્ત પોતાને વીતેલું કહે તે ખોટું અને સરકારી અમલદારો પૂરી હકીકત જાણ્યા વિના અને બરાબર તપાસ કર્યા વિના કહે તે ખરું, એમાં પ્રજાનું ભારે અપમાન હતું અને તેથી સ્વમાનની ખાતર તેમણે લડવું જોઈએ. નિષ્પક્ષ પંચનો ચુકાદો કબૂલ કરવા તેઓ તૈયાર હતા પણ સરકારી અમલદારો પંચની વાત કબૂલ રાખે તો તો એમની સત્તા શી રહે? આમ સત્તા અને સત્ય વચ્ચેનો આ ઝઘડો હતો.

પંડ્યાજીએ કઠલાલના ખેડૂતો પાસે બેસતા વરસને દિવસે તા. ૧૫–૧૧–'૧૭ના રોજ અરજી કરાવી કે આ સાલ અતિવૃષ્ટિને લીધે જિલ્લામાં એકંદર પાક ચાર આનીથી કમી થયો છે માટે સરકારે મહેસૂલ લેવાનું મુલતવી રાખવું જોઈએ. આ અરજી જોઈને નડિયાદના મિત્રોનો એવો અભિપ્રાય થયો કે અરજીમાં આખા જિલ્લાની હકીકત બહુ સારી રીતે રજૂ થાય છે માટે બની શકે તેટલાં વધુ ગામેથી અરજી મોકલાવવી. આ ઉપરથી ઘણાં ગામેથી અરજીઓ ઉપર સહીઓ લેવામાં આવી. નડિયાદ હોમરૂલ લીગની શાખા મારફત જુદા જુદા ગામના ૧૮,૦૦૦ ખેડૂતોની અને કઠલાલ હોમરૂલ લીગની શાખા

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

મારફત ૪,૦૦૦ ખેડૂતોની સહીઓવાળી અરજીઓ મુંબઈ સરકાર ઉપર રવાના કરવામાં આવી અને તેની નકલો જિલ્લાના કલેક્ટર, ઉત્તર વિભાગના કમિશનર, મુંબઈ પ્રાંતના રેવન્યુ મેમ્બર, ગાંધીજી, ના. ગોકુળદાસ પારેખ, ના. વિઠ્ઠલભાઈ પટેલ તથા ગુજરાત સભાના મંત્રીઓ ઉપર મોકલવામાં આવી. મુંબઈ સરકાર તરફથી જવાબ આવ્યો કે, "આ બાબતમાં કલેક્ટરને સઘળી સત્તા છે અને અરજીમાં જણાવેલા મુદ્દા ઉપર તેઓ પૂરતું ધ્યાન આપી રહ્યા છે." પછી અનેક ગામોએ જાહેર સભાઓ ભરવામાં આવી. તા. ૨૫–૧૧–'૧૭ના રોજ નડિયાદમાં એક મોટી સભા દેસાઈ ગોપાળદાસ વિહારીદાસના પ્રમુખપણા નીચે થઈ તેમાં ઠરાવ કરવામાં આવ્યો કે ધારાસભામાં ગુજરાત તરફથી ચૂંટાયેલા ના. ગોકુળદાસ પારેખ તથા ના. વિઠ્ઠલભાઈ પટેલને આ સવાલ ઉપાડી ખેડૂતોને રાહત અપાવવા વિનંતી કરવી. દરમિયાન, કપડવંજ અને ઠાસરા તાલુકામાં મહેસૂલ ઉઘરાતનો હપ્તો પમી ડિસેમ્બરથી શરૂ થતો હોવાથી એક નાના પ્રતિનિધિમંડળે તા. ૨૭મી નવેમ્બરના રોજ કલેક્ટરની મુલાકાત લીધી અને તેમને વિનંતી કરી કે અમારી અરજીઓનો નિકાલ થાય ત્યાં સુધી હપ્તાની મુદત લંબાવો. કલેક્ટરે જણાવ્યું કે, "શિયાળુ પાકની સારી આશા છે, છતાં હાલના સંજોગોમાં પાકની આનાવારી ચોક્કસ તૈયાર થયા બાદ ખેડૂતોને રાહત આપવાની જરૂર જણાશે તો રાહત આપવામાં આવશે." ગામેગામ સભાઓ ભરવાનું તો ચાલુ જ હતું અને તેની ખબર ગાંધીજી તે વખતે ચંપારણમાં રહેતા હતા ત્યાં તેમને આપવામાં આવતી. તેમણે ત્યાંથી લખેલું કે:

> "જે જે સભાઓ ભરાય તેમાં મર્યાદાનો ત્યાગ ન થાય, વાતો વિવેકપૂર્વક થાય, તેમ સહેજ પણ અતિશયોક્તિ ન થાય,— એ તમારાથી જળવાય તેટલે દરજ્જે જાળવજો."

નડિયાદની સભાની વિનંતી ઉપરથી ના. ગોકુળદાસ પારેખ તથા ના. વિઠ્ઠલભાઈ પટેલ તા. ૧૨મી ડિસેમ્બરના રોજ નડિયાદ આવી પહોંચ્યા. તેમણે કલેક્ટરને મળતાં પહેલાં નડિયાદ, કપડવંજ અને ઠાસરા તાલુકાનાં વીસ ગામોની મુલાકાત લઈ લોકોની હાડમારી નજરે જોઈ તથા સેંકડો ખેડૂતોના લેખી પુરાવા લીધા. વળી કઠલાલ, મહુધા તથા નડિયાદમાં જાહેર સભાઓમાં હાજરી આપી. દરેક સભામાં હજારો ખેડૂતોએ ભાગ લીધો અને ચોમાસુ પાકની નિષ્ફળતાનું તથા શિયાળુ પાક ઉપર પણ ઉંદર વગેરેના ઉપદ્રવનું તથા અનેક પ્રકારના રોગોથી થનારા નુકસાનનું આબેહૂબ વર્ણન કર્યું. આમ બધી માહિતી મેળવી તા. ૧૫–૧૨–'૧૭ના રોજ ખેડૂતોના પ્રતિનિધિમંડળ સાથે તેઓ ઠાસરા મુકામે જિલ્લાના કલેક્ટરને મળ્યા અને તેમની આગળ પોતાનું લેખી નિવેદન રજૂ કર્યું. તેમાં વર્ષની ખરાબ સ્થિતિ જોતાં પછાત વર્ગના

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ખેડૂતોનું તથા રૂપિયા ત્રીસથી ઓછું મહેસૂલ ભરનાર ગરીબ ખેડૂતોનું મહેસૂલ માફ કરવાની તથા જિલ્લાના બીજા તમામ ખેડૂતોનું મહેસૂલ ચાલુ સાલે મુલતવી રાખવાની જરૂર છે એવી માગણી કરી. કલેક્ટરે જણાવ્યું કે, “પાકના આનાવારી વગેરે આંકડા તૈયાર કરવામાં કાળજી અને ઉદારતાથી કામ લેવામાં આવશે અને નિયમ પ્રમાણે યોગ્ય રાહત આપવામાં આવશે. વળી જે તાલુકાઓમાં હપ્તાની મુદત શરૂ થઈ ગઈ હોવા છતાં જે ખેડૂતોએ મહેસૂલ ભર્યું નથી તેમના ઉપર છેવટના હુકમ નીકળતાં સુધી સખ્તાઈના ઇલાજ લેવામાં આવશે નહીં.”

ખેડૂતોની અરજીની એક નકલ ગુજરાત સભાને મોકલવામાં આવેલી. ના. પારેખ અને પટેલની સાથે તપાસમાં તેઓ પણ સામેલ થાય એવું તેમને આમંત્રણ પણ આપવામાં આવેલું. તે ઉપરથી તેના એક મંત્રી શ્રી દાદાસાહેબ માવળંકર અને બીજા કેટલાક સભ્યો ના. પારેખ–પટેલની સાથે ફરેલા અને ઘણા ખેડૂતોની જુબાનીઓ તેમણે લીધેલી. વળી તેના સભ્યોમાંથી રા. બ. રમણભાઈ, દી. બ. હરિલાલ દેસાઈભાઈ તથા સરદાર નડિયાદની જાહેર સભામાં હાજર રહેલા.

ના. પારેખ–પટેલની મુલાકાત પછી કલેક્ટરે તા. ૨૨મી ડિસેમ્બરના રોજ પોતાના હુકમો બહાર પાડ્યા અને તેમાં નડિયાદ, મહેમદાવાદ અને કપડવંજ તાલુકાનાં ગામોમાંથી ૧૦૪ ગામમાં એકંદરે રૂા. ૧,૭૫,૮૬૮ની રકમનું મહેસૂલ મુલતવી રાખવાનું ઠરાવ્યું. જિલ્લાના કુલ મહેસૂલનો આંકડો લગભગ તેવીસ લાખ રૂપિયાનો હતો એટલે મુલતવીની રાહત આખા જિલ્લાની મહેસૂલના ૭·૪ ટકા જેટલી માત્ર હતી. આવી નજીવી રાહતના હુકમની પણ લોકોને તો તે વખતે કશી ખબર આપવામાં જ આવેલી નહીં.

પહેલાં જ્યારે સરકાર વિરુદ્ધ ગણાતી કાંઈ ચળવળ ઊપડતી ત્યારે સરકારી અમલદારોને, અને તેમાંયે વિશેષે કરીને નીચલા વર્ગના અમલદારોને લોકો ઉપર જુલમ કરીને તેમને દબાવી દેવાનું શૂર ચઢતું. પોતાની વફાદારી અને કાબેલિયત બતાવવાની ખરી તક આવી છે એમ તેમને લાગતું, અને એ સ્વાભાવિક હતું. કારણ બ્રિટિશ અમલ દરમિયાન પ્રજા ઉપર જુલમ કરવાનો ઉત્સાહ ધરાવનારા નાના તથા મોટા અમલદારોની કદર પણ થતી. એટલે હપ્તો શરૂ થતાંની સાથે જ કેટલાક તલાટીઓ તો જબરદસ્તી કરીને વસૂલાત કરવા મંડી પડ્યા. તલાટીઓના જુલમની વાતો કાને આવવાથી કઠલાલની હોમરૂલ લીગે તેની તપાસ કરવા એક પ્રતિનિધિમંડળને ગામડાંમાં ફરવા મોકલ્યું. દૈયપ નામના ગામના એક મુસલમાન ખેડૂતે તેમને કહ્યું કે: “ગામમાં તો કાળો કેર વર્તી રહ્યો છે. એ દિવસથી લોકોને ત્યાં રાંધ્યાં ધાન રહ્યાં છે. તલાટી માબહેન સિવાય વાત કરતો નથી. બૈરાંની હાજરીમાં નઠારી ગાળોનો વરસાદ વરસાવે છે. ઘર વેચો, ઘરેણાં વેચો, જમીન વેચો, ઢોર વેચો, છેવટે બૈરી-

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

છોકરાં વેચો પણ સરકારના પૈસા ભરો, એમ ધમકાવે છે.” એક તરફથી આ જુલમ ચાલતો હતો ત્યારે એની સાથે સાથે જ અમલદારો એવી જ સખ્તાઈ કરીને ‘અવર ડે ફંડ’ અને ‘વૉર લોન’માં લોકો પાસેથી નાણાં કઢાવતા હતા. આ બધી હકીકતનો કાગળ ગાંધીજીને લખવામાં આવેલો તેના જવાબમાં તેમણે જણાવ્યું કે: “તલાટીના જુલમ બાબત તમે ન ભૂલશો અને ભાઈ માવળંકર વગેરેને ભૂલવા ન દેશો. સરકારી અમલદારોની વર્તણૂકનો હેવાલ બહાર પાડવો આવશ્યક છે. સરસ હેવાલ લખાવી બહાર પાડશો.”

દૈયપના જુલમની હકીકત છાપાંમાં આવી તે જોઈ શ્રી ઠક્કરબાપા કઠલાલ ગયા અને દૈયપ અને બીજાં ગામોએ જાતે જઈ તપાસ કરી. પોતાની તપાસનો લાંબો પત્ર તેમણે ‘ટાઇમ્સ ઑફ ઇન્ડિયા’માં લખ્યો. તેમાં જણાવ્યું કે:

“…દસેક ગામોની મુલાકાત લીધી તેને પરિણામે ચોખ્ખું જણાઈ આવે છે કે ચોમાસુ પાક કેવળ નિષ્ફળ ગયો છે અને શિયાળુ પાકની આશા ફોગટ છે. કેમ કે તેમાં અનેક રોગો અને ઉંદર પડ્યા છે. લોકોની બીજી એક ભારે ફરિયાદ એ છે કે ગામોના મુખી તલાટીએ કરેલી આનાવારીના આંકડા તાલુકા અમલદારના દબાણથી વધારવામાં આવ્યા છે. ચાર આનીની અંદરના આંકડા વધારીને કેટલાંક ગામોના સાડાચાર, છ અને છેવટે આઠ આની સુધી કરવામાં આવ્યા છે. તલાટી સામે લોકોની ફરિયાદ સંબંધે મેં ખૂબ તપાસ કરી, તેને પરિણામે જણાય છે કે એક ખેડૂતને પોતાની સનંદિયા જમીન વેચવી પડી, એક ખેડૂતને ૭૫ ટકા વ્યાજે નાણાં કરજે કાઢવાં પડ્યાં, છ ઢેડ ખેડૂતોને બે કલાક અંગૂઠા પકડાવ્યા અને છેવટે સરકારધારો ભરવાની ચોક્કસ ખાતરી આપી ત્યારે છોડ્યા, તેમને ૩૭॥ ટકા વ્યાજે નાણાં કરજે કાઢવાં પડ્યાં. કેટલાકને ગેરકાયદે અટકમાં રાખી જમીનમહેસૂલ ભરવાનાં વચન લીધાં. જમીનમહેસૂલ આખું ઉઘરાવવા ઉપરાંત સને ૧૯૧૨ની સાલમાં સરકારે આપેલી તગાવી આ સાલ આખી ઉઘરાવવામાં આવે છે. અનારા અથવા બારશીદાના એક મુસલમાન ખેડૂતને જમીનમહેસૂલ ભરવાની ખાતર પોતાની દસ વર્ષની કન્યાનું લગ્ન કરી જમાઈ પાસેથી પંદર રૂપિયા લેવા પડ્યા હતા. તેની ન્યાતના માણસોને પૂછવાથી ખાતરી થઈ કે જો તેણે કન્યાના બદલામાં લીધેલા રૂપિયા જમીનમહેસૂલ ભરવા સિવાય બીજા કોઈ કારણસર લીધા હોત તો તેને ન્યાતબહાર મૂકવામાં આવત. કેમ કે તેમની ન્યાતમાં દીકરીના પૈસા લેવાની સખત મનાઈ છે. આ મુસલમાન ખેડૂતને આવું અધમ કામ માત્ર ચોથાઈ દંડમાંથી બચવાની ખાતર કરવું પડ્યું હતું.”

બીજી તરફથી તાલુકા અમલદારો મુખી તલાટીઓને વસૂલાતની સખ્તાઈ માટે કેવી રીતે ઉત્તેજન આપતા હતા તે તા. ૧–૧–’૧૮ના કપડવંજ તાલુકાના મામલતદારના નીચેના સર્ક્યુલર પરથી જણાશે:



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

"સરકાર વિદ્યમાન મામલતદાર તાલુકે કપડવંજના સેજાના તલાટી પટેલને માલૂમ થાય જે ચાલુ સાલે કઠલાલ હોમરૂલ લીગ તરફથી લોકોને સરકારધારો નહીં ભરવા બાબત જાહેર ભાષણો કરી, જાહેરખબરો વહેંચી, અગર માણસો મોકલી સમજાવવામાં આવે છે. તે માટે નીચે મુજબનો સક્યુર્લર ગામ-કામદારો તથા મતાદાર પટેલોની જાણ માટે કાઢવામાં આવે છે :

૧. સરકારધારો વસૂલ કરવા સંબંધી મહે. કલેક્ટર સાહેબ બહાદુરનો હુકમ તમારા તરફ મોકલવામાં આવ્યો છે. તેથી વસૂલ કરવાનો આંકડો હવે નક્કી થયો છે. તેમાં ફેરફાર થશે નહીં એવી લોકોને ગામમાં અને મુવાડામાં સાદ પડાવી સમજૂત કરવી અને જણાવવું કે હવે જો ધારો નહીં ભરવામાં આવે તો સખ્તાઈના ઇલાજો લેવામાં આવશે.

૨. મતાદારી કાયદા મુજબ મુલકી પોલીસપટેલ તથા મતાદાર પટેલો સરકારધારો મુદતસર ન ભરે અને ઢાંટાઈ કરે તો નોકરી કરવા માટે નાલાયક ઠરાવી શકાય છે. . . . આ હુકમ પહોંચ્યેથી સાત દિવસમાં બાકી ન ભરી દે તો કાયદા મુજબ નોકરી માટે નાલાયક ઠરાવવા રિપોર્ટ વગરવિલંબે કરી મોકલવો.

૩. . . .જે લોકો સરકારધારો નહીં ભરવાની શિખામણ આપતા હોય એમનાં નામની નોંધ રાખી, તેમની બાકી હોય તો તે ચોથાઈ દંડ સાથે વસૂલ કરવા તાકીદે પત્રક ભરી મોકલવું.

૪. જે આગેવાન પાક થયા છતાં ભરતા નહીં હશે, તેમના સંબંધમાં જંગમ મિલકત જપ્ત કરવા હુકમ મંગાવવામાં દેર કરવી નહીં.

૫. હોમરૂલ લીગ અગર બીજા કોઈ શખ્સ તરફથી સરકારધારો નહીં ભરવા સંબંધી જે સૂચના થાય તેની નોંધ રાખી તાલુકે રિપોર્ટ કરી મોકલવો.

૬. સરકારધારો નહીં ભરવા લોકોને શિક્ષણ આપવામાં આવે છે, માટે તમારે વસૂલાત કામમાં કાળજી રાખી, ધીરજથી મંડયા રહી કામ પાર ઉતારવું. જો ડરી જઈ આળસથી નોકરીમાં ગફલત કરશો તો શિક્ષાને પાત્ર થશો તે જાણવું."

આ લડતની ઉત્પત્તિ કઠલાલ ગામથી થયેલી અને ત્યાંના લોકોએ અત્યાર સુધી બિલકુલ મહેસૂલ ભર્યું નહોતું તેથી ત્યાંના લોકોને લાલચમાં નાખી ફોડવાના હેતુથી મામલતદારે તા. ૮મી જાન્યુઆરીએ એક સક્યુર્લર કાઢ્યો કે કઠલાલમાં જમીનમહેસૂલ તથા તગાવી અર્ધાં લેવામાં આવશે. પણ તેની કશી અસર થઈ નહીં.

ગુજરાત સભાના વ્યવસ્થાપક મંડળે પોતાના મંત્રીઓ તથા કેટલાક સભ્યોને ખેડા જિલ્લાના પાકની તપાસ કરવા ના. પારેખ તથા પટેલની સાથે ફરવા મોકલ્યા

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



હતા. તેમના હેવાલ ઉપરથી ગુજરાત સભાને લાગ્યું કે આપણા તરફથી પણ માફી અને મુલતવીની અરજી મુંબઈ સરકારને મોકલવી જોઈએ. તે મુજબ તા. ૧–૧–'૧૮ના રોજ મંત્રીઓની સહીથી એક અરજી મોકલવામાં આવી. ત્યાર પછી થોડા જ દિવસે ગાંધીજી અમદાવાદ આવ્યા. ખેડા જિલ્લાના પોતાને મળવા આવેલા ખેડૂતો તથા ગુજરાત સભાના સભ્યો સાથે મસલત કરીને તેમણે એવી સલાહ આપી કે મુંબઈ સરકારને કરેલી અરજીઓનું પરિણામ ન જણાય ત્યાં સુધી જમીનમહેસૂલ ભરવાનું મુલતવી રાખવાની ખેડા જિલ્લાની પ્રજાને ગુજરાત સભાએ ખબર આપવી તથા એના પ્રતિનિધિઓએ ઉત્તર વિભાગના કમિશનર મિ. પ્રૅટને રૂબરૂ મળી તેમની સાથે મસલત કરવી અને સઘળી પરિસ્થિતિ તેમને સમજાવવી. તે ઉપરથી ગુજરાત સભાની કારોબારીની મીટિંગ સરદારને ત્યાં બોલાવવામાં આવી. તેમાં બહુમતી તો ગાંધીજીની સલાહને વધાવી લેવા તૈયાર હતી. પણ સભાના જૂના અને પીઢ ગણાતા કાર્યકર્તાઓમાં રા. બ. રમણભાઈ, શ્રી શિવાભાઈ મોતીભાઈ પટેલ, રા. સા. હરિલાલ દેસાઈભાઈ, શ્રી મૂળચંદ આશારામ શાહ, શ્રી મગનભાઈ ચતુરભાઈ પટેલ વગેરે વિનીત વિચારના હતા. આવી સલાહનાં પરિણામની જવાબદારી લેવા તેઓ તૈયાર નહોતા. લોકોને ન્યાય ન મળે તો ગાંધીજી તો લોકોને મહેસૂલ ન ભરવાની લડત ઉપાડવાની પણ સલાહ આપે એમાં તેઓ સમંત નહોતા જ. એમના રાજકારણમાં સરકારને અરજીઓ કરવી, વિરોધની સભાઓ ભરી આંદોલન કરવું અને બહુ તો દુઃખી લોકોને શક્ય તેટલી રાહત આપવા પ્રબંધ કરવો એથી આગળ જવાપણું આવતું નહોતું. ગાંધીજીનો આગ્રહ એ હતો કે આ જાતનું પગલું દેશમાં તદ્દન નવું જ હોઈ ગુજરાત સભામાં સર્વાનુમતિ થાય તો જ તેણે ખેડૂતોને સલાહ આપવા બહાર પડવું જોઈએ. સભાની કારોબારીમાં પુષ્કળ ચર્ચા થઈ. સભ્યોમાંથી મોટા ભાગના વકીલો હતા એટલે તેમણે ઘણા મુદ્દા ઉઠાવ્યા. એક દિવસમાં નિર્ણય ઉપર ન આવ્યા એટલે બીજે દિવસે મળ્યા, પછી ત્રીજે દિવસે એમ આઠ દિવસ સુધી દરરોજ સાંજે સરદારને ઘેર બે બે કલાક સભા ચાલી. રોજ શી ચર્ચા થઈ તેની ગાંધીજીને સરદાર, દાદાસાહેબ તથા બચુભાઈ ખબર આપતા. સરદાર ગાંધીજીને કહેતા કે તમને બહુમતી મળે છે પછી શી હરકત? પણ ગાંધીજીએ સર્વાનુમતિ માટેનો આગ્રહ પકડી રાખ્યો. છેવટે શ્રી મગનભાઈ ચતુરભાઈ પટેલ સિવાય બીજા સૌ સભ્યો સંમત થયા કે અત્યારે આવી સલાહ આપવામાં હરકત નથી. શ્રી મગનભાઈને તો સરકારના ઠરાવની વિરુદ્ધ જઈને ખેડૂતને થોડા વખત માટે પણ મહેસૂલ ભરવાનું મુલતવી રાખવાની સલાહ આપવામાં અંતઃકરણનો બાધ લાગતો હતો. વળી એક વાર ખેડૂત સરકારને મહેસૂલ ન ભરવાને ચાળે ચઢે તો પછી બીજે દિવસે જમીનના માલિકને ગણોત આપવાની પણ ના

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



પાડે અને એ રીતે પ્રજામાં અંદર અંદર ઘર્ષણ ઊભું થાય એ બરાબર નથી એવી એમની દલીલ હતી. એમને બહુ સમજાવવામાં આવ્યા ત્યારે આખરે એકકે તરફ મત ન આપવાને તેઓ કબૂલ થયા. સરદારે ગાંધીજીને કહ્યું કે હવે તમારે વિશેષ ખેંચવું ન જોઈએ. ગાંધીજીએ એ વાત સ્વીકારી. તેમની બીજી માગણી એ હતી કે જો આપણે ખેડા જિલ્લામાં લડત ઉપાડવી જ પડે તો ગુજરાત સભાના પીઢ કાર્યકર્તાઓમાંથી કોઈક એકે તો મારી સાથે ખેડા જિલ્લામાં આવીને લડત પૂરી થાય ત્યાં સુધી બેસી જવું જોઈએ. પછી વકીલાત માટે કે બીજા કામ માટે આવજા કરે તે ન ચાલે. પેલા ભાઈઓમાંથી તો કોઈ તૈયાર થાય એમ હતું જ નહીં. પણ સરદાર એ બીડું ઝડપવા તૈયાર થયા ત્યારે ગાંધીજી બહુ રાજી થયા. પછી ગુજરાત સભાએ બે ઠરાવો પસાર કર્યા. એક ઠરાવમાં તા. ૧લીના રોજ સભાએ કરેલી અરજીનો નિકાલ થાય ત્યાં સુધી વસૂલાત મુલતવી રાખવાની સરકારને વિનંતી કરી. બીજા ઠરાવમાં ખેડા જિલ્લાની પ્રજાને ખબર આપવાનો નીચે મુજબનો મુસદ્દો પસાર કરવામાં આવ્યો :

## ખેડા જિલ્લાની પ્રજાને ખબર

"ખેડા જિલ્લાનાં જુદાં જુદાં સ્થળેથી પૂછવામાં આવે છે કે વિઘોટી મુલતવી રહેવાની હિલચાલ સંબંધી શું થયું, અને રેવન્યુ ખાતા તરફથી વિઘોટી માટે તાકીદ થાય છે, તે સંબંધે શું કરવું? આ સંબંધમાં જણાવવાનું કે મુંબઈ સરકાર તરફથી હજી સુધી જવાબ મળ્યો નથી. તેથી જ્યાં સુધી મુંબઈ સરકારનો છેવટનો ઠરાવ માલૂમ નથી પડયો ત્યાં સુધી જેઓને પાક મુદ્દલ ન થયો હોય તેમણે હાલ વાટ જોવી અને વિઘોટી ભરવાનું મુલતવી રાખવું એ સલાહભરેલું છે."

ત્રીજો ઠરાવ એ કર્યો કે કમિશનર સાથે આ આખા પ્રશ્નની મસલત કરવા મંત્રી ઉપરાંત નીચેના સભ્યોએ જવું :

રા. બ. રમણભાઈ, રા. સા. હરિલાલ દેસાઈભાઈ, શ્રી મૂળચંદ આશારામ શાહ, શ્રી વલ્લભભાઈ ઝવેરભાઈ પટેલ અને શ્રી શંકરલાલ દ્વારકાદાસ પરીખ.

પછી ગાંધીજી ચંપારણ જવા ઊપડી ગયા.

ખેડા જિલ્લાના સઘળા જ તાલુકાના મામલતદારોએ કપડવંજના જેવા જ સક્યુંલરો તા. ૮–૧–'૧૮ સુધીમાં કાઢી દીધા હતા. તેમાં નીચેનાં વાક્યો ખાસ ઉમેરવામાં આવ્યાં હતાં :

"...મુખી તલાટીને વસૂલ ન કરવા બાબત જવાબદાર ગણવામાં આવશે. . . ."

"... મહેસૂલ ન ભરનાર ઉપર સખ્તાઈના ઉપાયો, જેવા કે ચોથાઈ દંડ, જમીન ખાલસા, જપ્તીઓ, વગેરે કાયદેસર લેવાં...."

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



"...જમીનમહેસૂલ ભરી દેવામાં જે લોકો ઢીલ કરશે તેમની મિલકત અને વતન કાયદાની રૂએ જપ્ત થઈ હરરાજ થઈ જશે."

સભાના મંત્રીઓએ તા. ૧૦મીએ કમિશનરને કાગળ લખી મુલાકાતનો વખત માગ્યો અને 'ખેડા જિલ્લાની પ્રજાને ખબર'ની પત્રિકા તેમણે તે જ દિવસે છપાવીને 'ખેડા જિલ્લામાં વહેંચવા માટે કાર્યકર્તાઓને આપી દીધી હતી તેની એક નકલ જાણ માટે સાથે મોકલી. કમિશનરે જવાબ આપ્યો કે પોતે મંત્રીઓ સાથે 'વાત કરવા' માગે છે અને તા. ૧૧મીએ સવારમાં નવ વાગ્યે મળવું. તેમણે મંત્રીઓને જ મળવા જણાવેલું છતાં રૂબરૂ વિનંતી કરતાં બધાની મુલાકાત લેશે એવા વિચારથી બીજા સભ્યો પણ ત્યાં ગયા અને કમિશનરને ખબર આપી. કમિશનરે ચિઠ્ઠી લખી જવાબ આપ્યો કે, "સભાના મંત્રીઓ સિવાય બીજા કોઈને હું મળવા ઇચ્છતો નથી." એટલે મંત્રીઓ શ્રી કૃષ્ણલાલ દેસાઈ અને શ્રી દાદાસાહેબ માવળંકર તેમને મળવા ગયા. તેમને કલેક્ટર સાથે થયેલા સંવાદમાંથી મહત્ત્વનો ભાગ નીચે આપ્યો છે:

શ્રી માવળંકર: ખેડા જિલ્લામાં જમીનમહેસૂલ ઉઘરાવવામાં આજકાલ સખ્તાઈના ઇલાજો લેવાય છે એવી ખબરો મળવાથી તમારી પાસે આવવાની જરૂર પડી છે.

મિ. પ્રૅટ: તમે આજકાલના ઊછરતા 'પોલિટિશ્યનો'એ આ નોટિસ બહાર પાડી છે, પણ તેની જવાબદારી તમે સમજો છો?

શ્રી દેસાઈ: હા, આ ખબર અમે આપી છે.

મિ. પ્રૅટ: તમે એ વહેંચાવી દીધી?

શ્રી માવળંકર: હા, ગઈ કાલે ખેડા જિલ્લામાં મોકલી દીધી છે.

મિ. પ્રૅટ: (માવળંકરને) તમને ખોટું ન લાગે તો પૂછું કે તમારી ઉંમર કેટલી છે?

શ્રી માવળંકર: ત્રીસની.

મિ. પ્રૅટ: હજી તમે બહુ જ કાચી ઉંમરના છો, બિનઅનુભવી છો. હજી તમારી જવાબદારી તમે પૂરેપૂરી ન સમજી શકો. કદાચ તમારા પ્રમુખ (ગાંધીજી)ને જણાવ્યા વિના તમે આ નોટિસ બહાર પાડી દીધી છે.

શ્રી માવળંકર: તેઓ જાણે છે એટલું જ નહીં, પણ તેમની સૂચનાથી જ તે બહાર પાડવામાં આવી છે.

શ્રી દેસાઈ: એનો મુસદ્દો ગાંધીજીએ જ કરેલો છે.

મિ. પ્રૅટ: હું દિલગીર છું. પણ ખેડા જિલ્લામાં યોગ્ય વહીવટ કરવાની કુલ જવાબદારી ત્યાંના કલેક્ટરની છે. આ નોટિસથી એમના હુકમનો અનાદર કરવાનું તમે ખેડૂતોને કહો છો, એ તમે સમજી શકો છો?

શ્રી માવળંકર: અમારો હેતુ એવો નથી. આ નોટિસ દ્વારા અમે તો માત્ર સરકાર તરફથી છેવટનો નિર્ણય થતા સુધી જમીનમહેસૂલ ભરવાનું

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



મુલતવી રાખવાની પ્રજાને સલાહ આપી છે. તે પણ તેઓ નિરંતર પૂછ્યા કરતા હતા તેથી. પ્રજાએ કલેક્ટરના હુકમને ન માનવા એવો ભાવાર્થ છે જ નહીં.

મિ. પ્રૅટ: તમે વકીલ છો તેથી તમે એટલું તો સમજી શકો કે દરેક વ્યક્તિ પોતે જે કામ કરે તેને માટે જવાબદાર ગણાય. આ નોટિસનો અર્થ એવો થાય કે પાકની આનાવારી કરવાનું તમે ખેડૂતને પોતાને જ સોંપી દો છો, પછી ભલે તે ગમે તેવો મામૂલી માણસ હોય.

શ્રી દેસાઈ: તમે નોટિસનો જે અર્થ કરો છો તે બરાબર નથી.

મિ. પ્રૅટ: હું દલીલમાં ઊતરવા ઇચ્છતો નથી. હું નોટિસનો બરાબર અર્થ કરી શકું છું. તમે જુવાન અને બિનઅનુભવી માણસ છો. હું ઇચ્છું છું કે તમારે આ નોટિસ વિષે ફરી પુખ્ત વિચાર કરવો અને આવતી કાલ સાંજ સુધીમાં તમારા છેવટના નિર્ણયની મને ખબર આપવી.

શ્રી દેસાઈ: એ પ્રશ્ન વિષે ફરી વિચાર કરવાની અમને જરૂર જણાતી નથી. વળી તમે મુદત ઘણી ટૂંકી આપો છો. અમારા પ્રમુખ સાહેબ હાલમાં ચંપારણ (બિહાર) ગયા છે.

મિ. પ્રૅટ: મને ખબર નહીં કે તમારા આગેવાનો હિંદની ચારે દિશાઓમાં ઘૂમતા ફરતા હશે. મારે એ જાણવાની જરૂર પણ નથી.

શ્રી માવળંકર: આ બાબત ફરી વિચાર કરવા માટે તો અમારે કારોબારી મંડળની સભા બોલાવવી પડે. તે આટલા ટૂંક સમયમાં બની શકે નહીં.

મિ. પ્રૅટ: તેમાં હું શું કરું? એ કાંઈ મારું કામ નથી. જો આવતી કાલ સાંજ સુધીમાં તમારા તરફથી કાંઈ ખબર નહીં મળે તો સરકારમાં એ વિષે લખાણ કરવામાં આવશે, અને સભાને સરકાર ગેરકાયદે ઠરાવશે.

તે જ દિવસે ગુજરાત સભાની કારોબારી મંડળની તાકીદની મીટિંગ બોલાવીને મુલાકાતનો બધો હેવાલ તેની આગળ રજૂ કરવામાં આવ્યો. તેણે ઠરાવ કર્યો કે :

"...ખેતરમાં પાક ચાર આનીથી કમી થયો હોય છતાં તેના જમીન-મહેસૂલની માગણી કરવામાં આવે તો તેવે પ્રસંગે જમીનમહેસૂલ ભરવાનું મુલતવી રાખવું એ ગેરવાજબી નથી, તેમ ગેરકાયદે પણ નથી... માટે મહેસૂલ ભરવાનું મુલતવી રાખવાની ખેડા જિલ્લાના ખેડૂતોને આપેલી ખબર ગેરકાયદે, અયોગ્ય કે વાંધાભરેલી નથી. સભાએ ભરેલું પગલું મહેસૂલ મુલતવી રખાવવા માટે કરેલા પ્રયાસનો લાભ ખેડૂતોને મળે તે માટે જરૂરનું છે."

આ ઠરાવની નકલ કમિશનરને મોકલી આપવામાં આવી.

તે જ દિવસે ગાંધીજીને પણ બનેલી બધી હકીકતની તારથી ખબર આપવામાં આવી. તેનો તેઓશ્રીએ તારથી નીચે પ્રમાણે જવાબ આપ્યો :

"કમિશનરને લેખી જવાબ આપો કે અમલદારોના ભય અને ત્રાસને લીધે કેટલાક ગરીબ ખેડૂતોને મહેસૂલ ભરવા માટે ઢોર વગેરે વેચવાની ફરજ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



પડેલી અને કેટલાક એથી પણ વધારે કફોડી સ્થિતિની આગાહી કરતા હતા. આવા સંજોગોમાં સભાએ આપેલી ખબર બહુ વિચારપૂર્વકની અને વાજબી છે. તે ખબરમાં ગુજરતા જુલમનો ભાસ આવવા દીધો નથી.

"વસૂલાતના કામમાં જે જે ગામોમાં જુલમ ગુજારવામાં આવે છે તેની સરકારને તાકીદે ખબર આપતા રહેશો.

"કમિશનરને બીજું પણ લખી દેજો કે સભાને વિષે તમારે સરકારમાં લખવું હોય તે બેલાશક લખી દેવું.

"જે ગૃહસ્થોની કમિશનરે મુલાકાત ન લીધી તેમના તેથી થયેલા અપમાન સામે વિરોધ દર્શાવવા એક સખત પણ સભ્યતાપૂર્વક કાગળ લખશો. જમીનમહેસૂલ મુલતવી રહે અને હાલ વસૂલાતનું કામ બંધ થાય તે માટે જબરી ચળવળ ઉપાડવી. કમિશનરે કરેલા અપમાન અને આપેલી ધમકીનો એ જ ઉપાય હોઈ શકે. આવા કટોકટીના પ્રસંગે હું ત્યાં નથી તે માટે દિલગીર છું.

—ગાંધી"

કાગળમાં ગાંધીજીએ લખ્યું:

"કમિશનરે પોતાનું પોત પ્રકાશ્યું છે. ભૂલ કાઢવાના હેતુથી નથી લખતો પણ ભવિષ્યની સૂચના તરીકે લખું છું કે જ્યારે તેમણે આખા ડેપ્યુટેશનને મળવાની ના લખી ત્યારે મંત્રીઓ પણ માનમાં રહી ન ગયા હોત તો વિશેષ સારું થાત. . . . તમારામાં શક્તિ હોય તો તમે નીડરપણે રૈયતને પડખે ઊભી વિગોટી નહીં ભરવાની સલાહ આપજો. તેમ કરતાં તમે પકડાઈ જાઓ તો તમારું કાર્ય પૂરું થયું કહેવાય. . . . આ સત્યાગ્રહ છે. તેમાંથી જ સ્વરાજ્ય મળવાનું એ નિશ્ચય છે. અત્યારે જ એ ન મળે એ સંભવિત છે. સત્યાગ્રહનો મહિમા પોતાની શક્તિ પ્રમાણે પ્રસંગ આવ્યે બતાવવો એ પરમ ધર્મ છે."

ખેડા જિલ્લાના કાર્યકર્તાઓને લખ્યું:

"તમારા કાગળોમાંથી હું ખૂબ રસ લઈ રહ્યો છું. પણ આ સમયે હું ત્યાં નથી તેથી અકળાયાં કરું છું. આપણે ભયરહિત થઈ આપણું કર્તવ્ય કરીએ તો પ્રજાને અદ્‌ભુત પદાર્થપાઠ મળે. અમલદાર વર્ગ ચિડાય એ તદ્દન સમજી શકાય એવું છે. પ્રજા ઊંઘમાંથી ઊઠે તે એ લોકોને કેમ ગમે? તમે બધા હિંમત નહીં તજો એવી ઉમેદ રાખું છું. આ સમયે જો આપણે કર્તવ્યપરાયણતા પૂરેપૂરી બતાવીએ તો સ્વરાજ્યની શુદ્ધ હિમાયત થઈ શકે."

બીજા એક કાગળમાં લખ્યું:

". . . જે લોકો મહેસૂલ આપવાને અશક્ત છે, તેઓની અશક્તિ સરકાર કબૂલ કરે કે ન કરે, છતાં તે અશક્તિ તો રહેવાની જ. પછી શેને સારુ તેઓ મહેસૂલ આપે? લોકોને એટલું સમજવાનું રહ્યું છે. ભલે એક જ માણસ મક્કમ રહે. તે તો જીત્યો ગણાશે. તેમાંથી બીજો પાક પેદા થઈ શકશે. . . ."

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



બીજી તરફથી ના. પારેખ–પટેલ મુંબઈ સેક્રેટરિયેટમાં પ્રયાસ કરી રહ્યા હતા. તેઓ રેવન્યુ મેમ્બર મિ. કાર્માઇકલને મળ્યા અને તેને પાક સંબંધી સ્વતંત્ર તપાસ કરવા વિનંતી કરી. પણ તેણે કરડાકીથી જવાબ આપ્યો: "ત્યાં કલેક્ટર મિ. નામજોશી એક હિંદી છે. અને તમારા મારા કરતાં આ વિષયની વધુ માહિતી ધરાવે છે. એ પોતે આ સંબંધમાં જવાબદાર હોવાથી સરકાર તેમાં વચ્ચે નહીં પડે." ના. પારેખ–પટેલે જણાવ્યું કે આવતી ધારાસભાની બેઠકમાં આ સવાલ અમે ચર્ચા માટે રજૂ કરીએ ત્યાં સુધી કલેક્ટરના હુકમનો અમલ મહેરબાની કરી મુલતવી રાખવામાં આવે. તેનો રેવન્યુ મેમ્બર સાહેબે જવાબ આપ્યો કે: "હું તેવું કશું જ કરવા માગતો નથી."

અહીં ખેડાના કલેક્ટરે તા. ૧૪–૧–'૧૮ના રોજ એક સર્ક્યુલર બહાર પાડ્યો. તેમાં ગુજરાત સભાની તા. ૧૦–૧–'૧૮ની જાહેરખબરનો ઉલ્લેખ કરી જણાવવામાં આવ્યું કે:

"આ સંબંધમાં ખાતેદારોને ચેતવણી આપવામાં આવે છે કે જમીન-મહેસૂલ વસૂલ કરવા અથવા મુલતવી રાખવાનો અધિકાર જિલ્લા કલેક્ટરને છે. તે અધિકારની રૂએ અમે જિલ્લાના પાકની બારીક તપાસ ચલાવી છેવટના હુકમો કાઢ્યા છે. જિલ્લાનાં કેટલાંક ગામોમાં જ્યાં જરૂર જણાઈ ત્યાં મહેસૂલનો અમુક ભાગ મુલતવી રાખવા અમે હુકમ કાઢી દીધા છે. સબબ તે હુકમોને અનુસરી જમીનમહેસૂલ અને તગાવી ભરવા હુકમ થયો છે તે મુજબ ખેડૂતોએ ભરી દેવું જોઈએ. છતાં જાણીબૂઝીને લોકોની બદસલાહ પ્રમાણે મહેસૂલ ભરવામાં જે કોઈ દાંડાઈ કરશે તેના ઉપર નિરુપાયે કાયદેસર સખત પગલાં ભરવાની જરૂર પડશે."

આ ઉપરાંત કલેક્ટર અને કમિશનરના હાથ મજબૂત કરવા મુંબઈ સરકારે તા. ૧૬–૧–'૧૮ના રોજ એક યાદી બહાર પાડી. તેમાં કલેક્ટરે કાળજીપૂર્વક તપાસ અને ચોકસી કર્યા પછી લાયક માણસોને યોગ્ય રાહત આપી છે વગેરે જણાવીને ગુજરાત સભા વિષે લખ્યું કે:

"તેનું મથક અમદાવાદ છે. તેના ઘણાખરા સભ્યો ખેડા જિલ્લામાં નહીં, પણ અમદાવાદમાં જ રહે છે. તેણે ખેડા જિલ્લાની પ્રજાને મહેસૂલ ભરવાનું મુલતવી રાખવાની તા. ૧૦–૧–'૧૮ના રોજ સલાહ આપી તે પહેલાં મુંબઈ સરકારને એક અરજી કરેલી, પણ કલેક્ટર જેને આ બાબતની સંપૂર્ણ સત્તા છે તેને કે કમિશનરને અરજી કરેલી નહીં, અથવા તેમની મુલાકાત માગેલી નહીં. વળી તેણે જાહેરખબર ખેડૂતોમાં વહેંચી તે પહેલાં કલેક્ટરના છેવટના હુકમ બહાર પડી ચૂક્યા હતા. એટલે કલેક્ટરના હુકમનો અનાદર કરવાની અથવા આદર કરવાનું મુલતવી રાખવાની ખેડૂતોને સલાહ આપવાના તેના પગલાને સરકાર અવિચારી અને તોફાની લેખ્યા વિના રહી શકતી નથી. . . . આ ધનવાન અને આબાદ જિલ્લામાં જમીનમહેસૂલ ઉઘરાવવાના

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



કામમાં ઉશ્કેરણીથી ઊભી કરવામાં આવેલી અને જિલ્લા બહારના માણસોથી ચાલતી રાજદ્વારી ચળવળની દખલ નામદાર સરકાર ચાલવા દેશે નહીં.”

આ યાદીના ખબર ગાંધીજીને તારથી આપવામાં આવ્યા. તેનો જવાબ તેમણે તારથી આપ્યો કે:

“ના. પારેખ–પટેલ જેમણે સ્થાનિક તપાસ કરી છે, તેમણે દાખલા-દલીલો સાથે સચોટ જવાબ આપવો જોઈએ. સ્વતંત્ર તપાસની માગણી માટે આગ્રહ કરો. લડતની ઉત્પત્તિ પ્રજાવર્ગમાંથી થઈ છે, તે તથા પારેખ–પટેલ અને ગુજરાત સભાએ પ્રજાની માગણીથી જ મદદ કરી છે એમ સાબિત કરો. જે ખેડૂતોને મહેસૂલ ભરવા માટે દેવું કરવું પડે કે ઢોર વેચવાં પડે એમ હોય તેઓ પોતાની મેળે એમ ન કરે, ભલે સરકાર તેમ કરી લે એવી સલાહ આપતાં હું અચકાઉં નહીં. સંકટનું કારણ સાચું અને કામ કરનારા બાહોશ હોય તો લડતમાં જરૂર ફતેહ મળવી જોઈએ.”

સરકારી યાદીના જવાબ ના. પારેખ–પટેલે, ગુજરાત સભાએ તેમ જ શ્રી શંકરલાલ પરીખે દાખલાદલીલો સાથે વિસ્તારપૂર્વક આપ્યા. તેમાં કલેક્ટરની ‘બારીક અને કાળજીપૂર્વક તપાસ’ બાબત જણાવવામાં આવ્યું કે તા. ૧૫મી ડિસેમ્બરે તો તેમણે ના. પારેખ–પટેલની મુલાકાત લીધી, તા. ૧૯મીએ આનાવારી પત્રકો દરેક તાલુકાએથી તેમના તરફ રવાના કરવામાં આવ્યાં અને તા. ૨૨મી ડિસેમ્બરે તો તેમણે પોતાના હુકમો બહાર પાડ્યા. ત્યારે જિલ્લામાં છ સો ગામની બારીક અને કાળજીપૂર્વક તપાસ તેમણે ત્રણ દિવસમાં શી રીતે કરી? ગુજરાત સભાએ પોતાના જવાબમાં જણાવ્યું કે, સભાને ટીકા કર્યા વગર નથી ચાલતું કે મોટરમાં બેસી ઝપાટાબંધ હંકારી જતાં જોયેલા પાક ઉપરથી કાઢેલા અડસટ્ટાને, કે ડેરાતંબૂ ઠોકી કરવામાં આવેલા મુકામની પાસેનાં ખેતરોમાં ઊંચી નજરે જોઈ લઈને મેળવેલી માહિતીને ‘કાળજીપૂર્વક કરેલી તપાસ’ ન કહેવાય. તેમ રેલવે ગાડીમાં મુસાફરી કરતાં દૃષ્ટિએ પડતાં ખેતરોની સ્થિતિ જોવાથી પણ સમસ્ત જિલ્લાના પાક સંબંધી પૂરો ખ્યાલ કોઈ કાળે આવી શકે નહીં. ગુજરાત સભા એ ખેડા જિલ્લા બહારની કોઈ સંસ્થા નથી પણ આખા ગુજરાતની સંસ્થા હોઈ ખેડા જિલ્લાના ઘણા વતનીઓ તેના સભાસદ છે. આખા ગુજરાતના કામમાં તે રસ લે છે અને આખા ગુજરાતના કામની જવાબદારી ધરાવે છે. તે ખેડા જિલ્લાના ખેડૂતોને ઉશ્કેરવા ઇચ્છતી નથી પણ તેમના ઉપરની આફતના વખતમાં તેમને મદદ કરવા ઇચ્છે છે. વળી ખેડૂતો ઉપરની વિપત્તિઓને લગતી અરજીઓ અને ખેડૂતોને આપેલી સલાહમાં રાજકીય હેતુનું આરોપણ કરવું એ પણ વિચિત્ર છે. અને જિલ્લાને ‘ધનવાન અને આબાદ’ કહીને તેની માગણીને ઉડાવી દેવી એમાં તો તેની ક્રૂર હાંસી છે. છેલ્લાં ચાળીસ વર્ષમાં તેની વસ્તીમાં અગિયાર ટકાનો ઘટાડો થયો છે તે ઉપરથી તેની ‘ફળદ્રુપતા અને સમૃદ્ધિ’

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



કેટલી વધી છે કે ઘટી છે તે જોઈ શકાય છે. ત્રણે જવાબોનો સાર એ હતો.

અત્યાર સુધી ખેડા જિલ્લાના કાર્યકર્તાઓને તથા ગુજરાત સભાને સલાહ-સૂચના અને શક્ય તેટલી દોરવણી આપવા ઉપરાંત ગાંધીજીએ આ પ્રકરણમાં કશો સીધો ભાગ લીધો ન હતો. પણ દિવસે દિવસે વસૂલાતની સખતાઈ વધતી જતી હતી અને ઉઘરાતદારોના જુલમ માઝા મૂકતા જતા હતા. બીજી તરફથી કલેક્ટર અને કમિશનરના આલમગીરી દોર સામે લોકો આવી રીતે માથું ઊંચકે તે જોઈ પોતાનો જ કક્કો ખરો, પોતાના જ હુકમ છેવટના, એ રીતની જીદે તેઓ ચઢ્યા હતા, અને મુંબઈ સરકાર તેમની પીઠ થાબડતી હતી. આવા ભયંકર સંકટમાં એક વરસ મહેસૂલમુલતવીની સરકારને માટે નજીવી — કારણ તેને એક વરસની વ્યાજખાધ જેટલું જ જતું કરવાનું હતું — રાહત પણ આપવા તે તૈયાર નહોતી અને ખેડૂતોને જૂઠા પાડતી હતી એટલે પોતાના હક અને પોતાની આબરૂ માટે તેઓ પણ મક્કમ બન્યા હતા. વળી જિલ્લાના તથા ગુજરાત સભાના કાર્યકર્તાઓ તેમને પડખે ઊભવા તૈયાર થયા હતા. આમ સરકાર અને લોકો વચ્ચે મડાગાંઠ પડી હતી. આવી પરિસ્થિતિ જોઈ આ પ્રકરણમાં પ્રત્યક્ષ હિસ્સો લેવાનો વિચાર કરી ગાંધીજી ચંપારણથી આ તરફ આવ્યા. તા. ૪ થી ફેબ્રુઆરીએ તેઓ મુંબઈ પહોંચ્યા. તે જ દિવસે સાંજે મૂળજી જેઠા મારકેટમાં જાહેર સભા થઈ તેમાં પોતાના આવવાનો ઉદ્દેશ ગાંધીજીએ સમજાવ્યો. તેનો સાર આ હતો :

"હું ખેડા જિલ્લાની સ્થિતિ સમજાવવા નહીં પણ સમજવા આવ્યો છું. ગુજરાત સભા વાળી નોટિસ ઘડવામાં મારો હાથ હતો. તેની સઘળી જવાબદારી મારે શિર લઉં છું. સંકટ ખમી રહેલી પ્રજાને આશ્વાસન આપવાની આવશ્યકતા જણાઈ ત્યારે મજકૂર નોટિસ કાઢી. . . . કમિશનર સાહેબે મુંબઈ સરકારને ખોટી સલાહ ન આપી હોત તો આવી ગંભીર પરિસ્થિતિ ઊભી થવા પામત નહીં. . . . સૌથી સારો માર્ગ એ હતો કે એક સ્વતંત્ર પંચ નીમી તપાસ કરાવવી. . . . સરકાર ભલે એમ કહે કે નોટિસનો હેતુ શુદ્ધ નહોતો. પણ જે હક સરકારી અમલદારોને છે તે જ હક પ્રજાને પણ છે. સત્તાવાળાઓ માની લે છે કે પ્રજા પાસેથી તેઓ જોઈએ તે લઈ શકે છે પણ તેમની આ માન્યતા ઘણી કફોડી સ્થિતિ ઉત્પન્ન કરે છે. આવા સંજોગોમાં મારે સ્પષ્ટ કહેવું જોઈએ કે જેમણે લોકોને ખરી સલાહ આપી છે તેમણે પ્રજાને પડખે છેવટ સુધી ઊભા રહેવું જોઈએ. . . . પ્રજા પાસે બે હથિયાર છે: યા તો બંડ કરવું, યા તો સત્યાગ્રહ આદરવો. સત્યાગ્રહનો આશ્રય લઈ દુઃખ સહન કરી શુદ્ધ ન્યાય મેળવવા મારી ખાસ હિમાયત છે, તે જ ખરો ક્ષાત્રધર્મ છે. આ હથિયારનો પ્રયોગ કરી મારે બ્રિટિશ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



સરકારને અને જગતને ખાતરી કરી આપવી છે કે એ રીતે પ્રજાને શુદ્ધ ન્યાય મળી શકે છે. . . .”

બીજે દિવસે એટલે તા. ૫મી ફેબ્રુઆરીએ અગાઉ કરેલી ગોઠવણ પ્રમાણે સર દિનશા વાચ્છા, ના. પારેખ–પટેલ તથા ગાંધીજી, એમણે ગવર્નરની મુલાકાત લીધી. ગવર્નરની સાથે રેવન્યુ મેમ્બર મિ. કાર્માઇકલ તથા ઉત્તર વિભાગના કમિશનર મિ. પ્રૅટ હાજર હતા. ચર્ચાને અંતે ગવર્નરે જણાવ્યું કે પોતાનો નિર્ણય એ ત્રણ દિવસમાં તેઓ લખી જણાવશે. ગાંધીજીએ પોતાને મુકામે પહોંચીને ગવર્નરને નીચે પ્રમાણે પત્ર લખી મોકલ્યો :

“હું આશા રાખું છું કે મારી આજની સૂચના મુજબ સરકાર તપાસ ચલાવવાના નિર્ણય ઉપર આવશે, એટલું જ નહીં પણ તે માટે એક સ્વતંત્ર પંચ નીમશે. તે માટે પાંચ સભાસદો પસંદ કરવામાં આવે તેમાં ના. પારેખ અને ના. પટેલને રાખવા મારી ખાસ ભલામણ છે. આ બંને ગૃહસ્થોએ આ વિષયમાં શરૂઆતથી જ રસપૂર્વક ભાગ લીધો છે. એટલે તેઓના નિર્ણય સામે કોઈને કહેવાનું રહેશે નહીં. પંચના પ્રમુખ તરીકે ડૉ. હૅરોલ્ડ મૅનનું નામ સર્વમાન્ય થશે એવું મારું માનવું છે. તેમને બદલે મિ. રુબૅન્કની પસંદગી પણ એટલી જ આવકારલાયક ગણાશે. હું આજ સાબરમતી જાઉં છું. બે ત્રણ દિવસ આશ્રમમાં રોકાઈશ. મારી જરૂર પડે તો ત્યાં મને ખબર આપશો.”

ગવર્નરના મંત્રીનો તા. ૯મીના રોજ ગાંધીજીને જવાબ મળ્યો કે :

“. . . તા. ૫મીએ ગવર્નર સાહેબની સાથે થયેલી વાતચીત અને વર્તમાનપત્રોમાં બહાર પડેલા હેવાલો જોતાં સ્થાનિક અમલદારો જાણીબૂજીને સખત થયા છે એમ માનવાનું સહેજ પણ કારણ તેમને દેખાતું નથી. તેથી તપાસ કરવા સ્વતંત્ર પંચ નીમવાથી લાભ થાય એવું તેઓ માનતા નથી.

“લોકોના મનમાં જે વહેમ ભરાયો છે તે કાઢવો જોઈએ, એવું જેમ તમે માનો છો તેમ તેઓ પણ માને છે. અને પાંચમી તારીખે તમે જે હકીકતો સાંભળી તે ઉપરથી તમે લોકોના મનમાંથી ખોટો ભ્રમ દૂર કરવામાં બનતી સહાય કરશો એવી તેઓ આશા રાખે છે.”

આમ ગવર્નર સાહેબ છૂટી પડ્યા.

તા. ૬ઠ્ઠીએ સાબરમતી આશ્રમમાં પહોંચ્યા પછી મામલતદારો અને કલેક્ટરે વખતોવખત કાઢેલી બધી નોટિસો અને સર્ક્યુલરો ગાંધીજીને બતાવવામાં આવ્યા. એની ભાષા એમને બહુ કડી અને ધમકીઓ વધારેપડતી લાગી. એટલે તા. ૭મીએ કમિશનરને તેમણે કાગળ લખ્યો :

“કપડવંજના મામલતદારની સહીની થોડીક નોટિસો મારા વાંચવામાં આવી. . . . તેમાં લખ્યું છે કે તા. ૧૧મી પહેલાં જમીનમહેસૂલ ભરી દેવામાં

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



નહીં આવે તો જમીનો ખાલસા કરવામાં આવશે. જે આસામીઓ ઉપર નોટિસો કાઢવામાં આવી છે તેઓમાંના કેટલાક મને મળ્યા. મને તો તેઓ આબરૂદાર માણસો લાગ્યા. તેમણે પોતાના હકની તકરાર ઉઠાવી છે. તેમાંના કેટલાકની જમીનો સનંદિયા છે. હું માનું છું કે સરકારનો નિર્ણય ગમે તે હોય, પણ જેમાં ડંખ રહેલો ગણાય એવા ઇલાજ લેવાનો હેતુ તો ન જ હોઈ શકે.

"આ જ મામલતદારની એક બીજી યાદી મને બતાવવામાં આવી છે. તેમાં આબરૂદાર અને પ્રતિષ્ઠિત ખાતેદારોને માટે 'લાંડિયા' શબ્દ વાપરવામાં આવ્યો છે. આ શબ્દનો અર્થ 'લુચ્ચો, બદમાશ' થાય એમ હું માનું છું. મારા અભિપ્રાય મુજબ યાદીની ભાષા અણછાજતી અને ખૂબ લાગણી દુખવનારી છે."

આનો જવાબ મિ. પ્રૅટે તા. ૧૦મીએ નીચે પ્રમાણે આપ્યો :

". . . જમીનમહેસૂલ ભરવામાં કસૂર કરનારની જવાબદારી 'લૅન્ડ રેવન્યુ કોડ'માં સ્પષ્ટ છે. . . . કાયદાવિરુદ્ધ કાંઈ પણ કરવામાં આવ્યું નથી, તેમ કરવામાં આવશે નહીં. છતાં કાયદા મુજબ લેવામાં આવતા ઇલાજોને તમે ડંખવાળા કેમ કહો છો એ હું સમજી શકતો નથી. . . . કપડવંજના મામલતદારની યાદી એના હાથ નીચેના કારકુને લખેલી છે. તમે મને એ યાદી બતાવશો અને એ વિષે જે વાંધા હોય તે જણાવશો."

ઉપરના કાગળના જવાબમાં ગાંધીજીએ લખ્યું :

"આ સાથે કલેક્ટરની સહીવાળી એક નોટિસની નકલ મોકલું છું. જે ભાષાને હું અણછાજતી અને ખૂબ લાગણી દુખવનારી માનું છું તેના ઉપર નિશાન કર્યું છે. એ વાક્યથી સભાના મંત્રીઓ અને તેમની સલાહ માનનાર બંનેનું અપમાન થાય છે. ગુજરાતી ભાષામાં એ શબ્દોનો જે અર્થ થાય છે તેવું લખાણ કરવાનો તેમનો ઇરાદો નહીં હોય એમ હું માનું છું.

"આ સાથે મામલતદારની યાદી પણ બીડું છું. તમે જોશો કે તેની ભાષા ઘણી વાંધાભરી છે.

"ખાલસાની નોટિસો વિષે મારે લખવું જોઈએ કે જમીનમહેસૂલની એક નજીવી રકમને માટે હજારો રૂપિયાની કીમતી જમીન ખાલસા કરવી એ કસૂરના પ્રમાણમાં બહુ વધારેપડતી સજા ગણાય અને તેથી તે ડંખીલી ગણાય."

તા. ૧૬મીએ મિ. પ્રૅટે ટૂંકો જવાબ આપ્યો :

"યાદીઓની ભાષા વિષે તમે કડક શબ્દો વાપર્યા છે. પણ એ બધી યાદીઓ તપાસતાં મને લાગે છે કે તમારી ફરિયાદ માટે કશું વાજબી કારણ નથી."

હવે આગળ શાં પગલાં ભરવાં તેનો વિચાર કરવા સરદારને ઘેર બધા કાર્યકર્તાઓની સભા થઈ. તેમાં ગાંધીજીની દોરવણી મુજબ જિલ્લાના ગામડે ગામડે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ફરી પાકની આનાવારીની તપાસ કરવી એવો ઠરાવ થયો. સત્યાગ્રહ શરૂ કર્યા વિના બીજો ઉપાય નથી એમ હવે સ્પષ્ટ દેખાતું હતું. ગુજરાત સભાના બધા સભ્યો સત્યાગ્રહનો ઉપાય લેવામાં ન પણ માનતા હોય એટલે હવેના કામમાં આખી સંસ્થાને ન સંડોવવાના ઇરાદાથી ગાંધીજીએ પોતાની અંગત જવાબદારી ઉપર કામ કરવા માંડ્યું. સભાના જે સભ્યો આ કામમાં સામેલ થાય તેઓ પોતાની અંગત જવાબદારી ઉપર કામ કરે એમ સમજૂત થઈ. બીજે દિવસે તા. ૧૬મીએ ગાંધીજી સાથે લગભગ વીસેક જણનું મંડળ નડિયાદ ઊપડ્યું અને ત્યાંના અનાથાશ્રમમાં મુકામ કર્યો. એમાં સરદાર પણ હતા. અત્યાર સુધી ગુજરાત સભાના એક સભાસદ તરીકે આ કામમાં પ્રસંગોપાત્ત તેઓ ભાગ લેતા પણ હવે આ કામમાં તેમણે પૂરેપૂરું ઝંપલાવ્યું. કોટ, પાટલૂન, હૅટ છોડીને ધોતિયું, ખમીસ તથા ઉપર હાફકોટ અને માથે ટરકીશ ઘાટની ટોપી જે બેંગલોર કૅપ કહેવાતી તે પહેરીને તેઓ નડિયાદ ગયા. જતાં પહેલાં ગાંધીજીએ કમિશનરને લાંબો કાગળ લખ્યો. તેમાં છેવટના ભાગમાં જણાવ્યું કે :

> “હું તમને સંપૂર્ણ ખાતરી આપવા માગું છું કે ખાલી ચળવળ ઊભી કરવાની કે તેને વિના કારણ ઉત્તેજન આપવાની મારી લેશમાત્ર ઇચ્છા નથી. હું કેવળ શુદ્ધ સત્ય શોધવાની ખાતર જ ખેડા જિલ્લામાં જાઉં છું. હું જોઉં છું કે તમારા સ્થાનિક અમલદારોના હેવાલો ખોટા પુરવાર ન થાય ત્યાં સુધી તમે મચક આપવાના નથી. વળી જિલ્લાના પ્રતિષ્ઠિત આગેવાનોની દૃઢ માન્યતા હોવા છતાં ખરી હકીકતની મારે જાતે ખાતરી કરી લેવી જોઈએ.
>
> “મારી તપાસનું પરિણામ જણાય ત્યાં સુધી જમીનમહેસૂલ ઉઘરાવવાનું કામ તમે મુલતવી રખાવશો તો લોકોમાં ફેલાયેલા અસંતોષને શાન્ત પાડવામાં તે ભારે મદદરૂપ થઈ પડશે.
>
> “લોકસેવક તરીકે મને જેટલી સહાય કરી શકાય તેટલી કરવા તમે કલેક્ટરને સૂચવશો. મારી તપાસ દરમ્યાન તમારા કોઈ પ્રતિનિધિને મારી સાથે તમે મોકલો તો મને હરકત નથી. . . .”

તે જ દિવસે કમિશનરે જવાબ આપ્યો. તેમાં જણાવ્યું કે:

> “ . . . તપાસ ચાલતાં સુધી મહેસૂલવસૂલાતનું કામ મુલતવી રાખવાની માગણી ફરીથી કરવામાં આવી છે પણ તેમ કરવાની બિલકુલ જરૂર જણાતી નથી. . . . કલેક્ટર મિ. ઘોશલ પાસે તમે માગણી કરશો તો જરૂરી માહિતી અને મદદ તેઓ આપશે. . . . ”

તા. ૧૬મીએ નડિયાદ પહોંચી કાર્યકર્તાઓની ટુકડીઓ પાડી નાખી તેમને ગામોની વહેંચણી કરી આપવામાં આવી અને બીજા દિવસથી કામ શરૂ કર્યું. બધાએ એક અઠવાડિયામાં પોતપોતાને સોંપેલું કામ પૂરું કરી તેનો હેવાલ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

લઈ નડિયાદ આવવાનું હતું. ગાંધીજીએ જાતે ૩૦ ગામોની તપાસ કરી. સરદારની ટુકડીએ પણ એટલાં જ ગામની તપાસ કરી. જિલ્લાનાં ૬૦૦ ગામોમાંથી ૪૨૫ ગામની તપાસના હેવાલ અઠવાડિયાને અંતે મળી ગયા. તે ઉપરથી તા. ૨૬મીએ ગાંધીજીએ કલેક્ટરને કાગળ લખ્યો :

"મેં જાતે કરેલી તપાસ અને મારી સાથે કામ કરનાર ભાઈઓએ મેળવેલી હકીકત ઉપરથી મારી તો ચોક્કસ ખાતરી થઈ છે, છતાં તમને તેથી સંતોષ ન થતો હોય તો સરકારી અને પ્રજાકીય ગૃહસ્થોના પંચ મારફત તપાસ કરાવવાનો સમય હજી પણ વીતી ગયો નથી.

"હું જોઉં છું કે ખાતેદારો ઉપર સખત દબાણ થવાથી હજારો ખેડૂતોએ પહેલા હપ્તાની રકમ ભરી દીધી છે અને કેટલાકોએ બંને હપ્તા સામટા ભરી દીધા છે. આ માટે કેટલાકને ઢોર વગેરે વેચવાની ફરજ પડી છે. . . . આ સાથે જે ગામોમાં પાક ચાર આની અથવા તેથી ઓછો ઊતર્યો છે તેની યાદી આપી છે. હું આશા રાખું છું કે તે ગામોએ મહેસૂલ ઉઘરાવવાનું મુલતવી રાખવાના હુકમો કાઢશો."

ગામોની આનાવારીનાં પત્રક કલેક્ટરને મોકલ્યાં તે ઉપરથી આનાવારી ગણવાની રીત બાબત એક મહત્ત્વનો પ્રશ્ન ઉપસ્થિત થયો. વડથલ નામના ગામની ગાંધીજીએ જાતે તપાસ કરી હતી. ત્યાં પાટીદારોની વસ્તી મોટા પ્રમાણમાં છે. તેઓ સારા ખેડૂતો છે. સીમમાં કૂવાની સંખ્યા પણ મોટી છે, જમીન સારી કસવાળી છે. આ ગામના ખેડૂતો સાધારણ સારા વર્ષમાં ખરીફ (ચોમાસુ) અને રવી (શિયાળુ) બંને પાક લે છે. આ ગામમાં પાક બે આની ઊતર્યો ગણાય એમ ગાંધીજીએ પોતાની તપાસમાં કાઢ્યું. આ ગામ જિલ્લામાં સારામાં સારા પૈકીનું ગણાતું હોવાથી અને ગાંધીજીએ જાતે ત્યાં તપાસ કરેલી હોવાથી ત્યાંનું જે પરિણામ આવે તેથી સારું પરિણામ જિલ્લાના કોઈ ગામનું સંભવે એમ નહોતું. એટલે ગાંધીજીએ કલેક્ટરને સૂચવ્યું કે તમે આ ગામની ચોક્કસ તપાસ કરો અને તમારી તપાસ વખતે મને હાજર રહેવાની તક આપો. પણ હાજર રાખવાની ગાંધીજીની વિનંતી ધ્યાનમાં ન લેતાં કલેક્ટરે એકલાએ તપાસ કરી અને ગામના પાક સંબંધી લાંબી નોંધ તૈયાર કરી. આ ગામની આનાવારીની સરકારની મૂળ આંકણી બાર આનીની હતી. કલેક્ટરે પોતાની એકતરફી તપાસને પરિણામે ઓછામાં ઓછી સાત આની હોવાનું જણાવ્યું. સરકારની આનાવારી કાઢવાની રીત એવી હતી કે આખા ગામના પાકના એકંદર ઉતારને તે જેટલી જમીનમાં વાવવામાં આવ્યો હોય તેના ક્ષેત્રફળથી ભાગી નાખવામાં આવે. વળી ખરીફ પાકની તેમ જ રવી પાકની બંને આનાવારીઓનો સરવાળો કરવામાં આવે. કલેક્ટરે તા. ૭મી માર્ચના રોજ આ બાબતનો ખુલાસો કરતો પત્ર ગાંધીજીને લખ્યો. તેમાં જણાવ્યું :

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

"તમારી ગણતરી મુજબ એક ખેતરમાં ખરીફ પાક બિલકુલ નિષ્ફળ ગયો હોય અને તે જ ખેતરમાં પાછળથી રવી પાક કર્યો હોય તે દસ આની ઊતર્યો હોય તો તમે $\frac{૦+૧૦}{૨}$= ૫ આની ગણો છો. એ હિસાબે ખેડૂત જમીનમહેસૂલની અર્ધી રકમ મુલતવી રાખવાનો હક કરતો આવે. પણ આમ ગણતરી ન થાય. એક જ જમીનમાંથી બીજો પાક લેવામાં આવે તો આનાવારી કાઢવા માટે બે પાકની આનીના સરવાળાને બેએ ભાગીને આનાવારી મૂકવી જોઈએ નહીં. (પણ બેના સરવાળા જેટલી આનાવારી ગણવી જોઈએ) કેમ કે બીજા પાકથી જે વિશેષ લાભ થાય છે, તે બદલ કાંઈ વિશેષ જમીનમહેસૂલ લેવામાં આવતું નથી. ખરીફ કરતાં રવી પાક વધારે કીમતી હોય છે. તેની પાછળ ખર્ચ પણ ઓછું થાય છે. બળદ, ઓજાર કે નીંદામણ પાછળ કાંઈ ખર્ચ કરવાનું હોતું નથી. બીજું જમીનમહેસૂલ ભરવાનું પણ હોતું નથી. બી અને સહેજસાજ પરચૂરણ ખર્ચ થાય. એટલે જેટલો બીજો પાક થાય એટલો તેને નફો જ રહે.

"(વળી તમે કરી છે તેવી) ખેતરવાર ગણતરી કરવાની રીત પણ ભૂલભરેલી છે. દરેક ખેડૂતના પાકની સ્થિતિ તપાસવી અને ગણતરી કાઢવી એ અશક્ય છે. આખા ગામની એકંદર સ્થિતિની ગણતરીનો ખ્યાલ રાખવો જોઈએ.

"વળી મારે જણાવવું જોઈએ કે સાધારણ રીતે આ જિલ્લામાં રવી પાક જૂજ પ્રમાણમાં કરવામાં આવે છે પણ આ વર્ષે રવી પાક વધારે થવા સંભવ છે. અતિશય વરસાદથી ખરીફ પાકને કેટલુંક નુકસાન થયું છે તેની નુકસાની આપણે ગણીએ તો અતિશય વરસાદને કારણે રવી પાકનો જે લાભ થયો છે તે લાભની બાજુ પણ જોવી ઘટે."

આ કાગળમાં એક જ ખેતરમાં બે પાક લેવામાં આવે તેની બેવડી આનાવારી ગણવી જોઈએ એવી દલીલ કરી છે, જેટલો બીજો પાક થાય તેટલો ખેડૂતને નફો જ રહે એવો હિસાબ ગણ્યો છે અને ખેડૂત બે પાક લે છતાં સરકાર બેવડું મહેસૂલ નથી લેતી એ જાણે એ મહેરબાની કરે છે એવો એમાં ભાવ છે, વળી રવી પાકને અનેક રોગ લાગ્યા હતા અને તેમાં ઉંદર પડ્યા હતા તે વાત તો ઉડાવી જ દેવામાં આવી છે, એ બધું જોતાં સરકાર રૈયતનાં માબાપ હોવાનો દાવો કરતી હતી તે કેટલો પોકળ હતો તે વિષે વધારે દલીલ કરવાની જરૂર રહેતી નથી. સત્યાગ્રહની લડત શરૂ થયા પછી કેવા સંજોગોમાં અને શા કારણે લડત શરૂ કરવી પડી તે વિષે ગાંધીજીએ છાપાં જોગું એક નિવેદન બહાર પાડ્યું. તેમાં વડથલનો દાખલો ટાંકીને તેમણે લખ્યું કે, "મારા ધારવા મુજબ વડથલના પાક વિષેની કલેક્ટરની લાંબી નોંધનું મેં આબાદ ખંડન કર્યું છે. . . . વળી કલેક્ટર કહે છે તેવી પાકની આનાવારી ગણવાની તદ્દન ભૂલભરેલી પદ્ધતિ ચલાવી લઈએ તોપણ તે હિસાબે આ ગામોનો પાક (કલેક્ટર કહે છે

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



તેમ સાત આની નહીં પણ) છ આનીથી ઓછો થાય છે. ખેડૂતોના હિસાબે તો પાક ચાર આની પણ ઊતરતો નથી.”

પ્રજા પક્ષ તરફથી રજૂ કરવામાં આવતી હકીકતો માનવા સરકારી અમલદારો તૈયાર નહોતા, તેમ બીજી કશી દલીલ સાંભળતા નહોતા. તેમણે તો અત્યાર સુધીમાં થયેલો પાક જમીનમહેસૂલ ભરવા માટે પૂરતો સંતોષકારક છે એવી છાપેલી પત્રિકાઓ કાઢી તેના ઉપર ખેડૂતોને ફોસલાવીને તથા દબાવીને તેમની સહીઓ લેવા માંડી હતી. આવાં સરકારનાં કામો સામે પોતાનો વિરોધ દર્શાવતા અને અમલદારોને સમજાવવાનો પ્રયત્ન કરતા કાગળો ગાંધીજીએ ઘણા લખ્યા. એ બધાના જવાબમાં કમિશનરે લખ્યું કે:

“તમારી અને કલેક્ટરની વચ્ચે હું એટલો બધો મતભેદ જોઉં છું કે તેનો મેળ ખાય તેમ નથી. મને પોતાને લાગે છે કે તમારું અને તમારા મિત્રોનું દૃષ્ટિબિંદુ ભૂલભરેલું છે. કલેક્ટરની દલીલ ખરી છે. આ સંજોગોમાં ખેડૂતો માટે સાચો અને ડહાપણભર્યો રસ્તો એ જ છે કે તેમણે વેળાસર જમીનમહેસૂલ ભરી દેવું. તેમની દાદ સાંભળવામાં નથી આવી એવી ફરિયાદ કરવાનું તેમને કાંઈ પણ કારણ નથી. પ્રજાએ રાજનો ભાગ રાજને આપવો જ જોઈએ. ખાસ કરીને દીવાની હકૂમતથી પણ મુક્ત રાખવામાં આવેલા અચલિત કાયદાના હુકમની સામે થવું અને કાયદાનો અનાદર કરવો એને હું દાંડાઈ જ કહું હું જાણું છું કે દાંડાઈ શબ્દ તમને પસંદ નથી પણ ગુજરાતના ખેડૂતો આવા વર્તનને માટે આ શબ્દનો ઉપયોગ કરે છે. . . .

“હિંદુસ્તાનમાં જમીનમહેસૂલ ભરવાના કાયદાનો ભંગ કરવો, જેના પરિણામે આખો રાજ્યવહીવટ થંભી જાય, એ બીજા કાયદાઓનો ભંગ કરવાથી જુદી વસ્તુ છે. . . .”

પછી ગાંધીજીએ ગવર્નરને કાગળ લખી જણાવી દીધું કે:

“. . . મને આશા છે કે મેં અને મારા મિત્રોએ મેળવેલી હકીકતો તથા પ્લેગ અને મોંઘવારીનાં સંકટ ધ્યાનમાં લઈ મહેસૂલ મુલતવી રાખવામાં આવશે અથવા તો મારી પ્રથમ માગણી મુજબ પંચ મારફત તપાસ ચલાવવામાં આવશે. પરંતુ આ મારી છેવટની વિનંતીનો સદંતર ઇનકાર કરવામાં આવશે તો મિલકતો જપ્ત થાય કે વેચાઈ જાય, અગર ખેતરો ખાલસા કરવામાં આવે, તોપણ જમીનમહેસૂલ નહીં ભરવાની ખેડૂતવર્ગને જાહેર રીતે સલાહ આપવાની મને ફરજ પડશે.

“. . . મેં ખેડા જિલ્લામાં પગ મૂક્યો ત્યારે આપને ખાતરી આપી હતી કે કોઈ પણ ઉગ્ર ઉપાય લેતા પહેલાં આપને ખબર આપીશ. હું ઉમેદ રાખું છું કે આ પત્ર દ્વારા નિવેદન કરેલી હકીકતો આપ ધ્યાનમાં લેશો. રૂબરૂ મળવાની જરૂર જણાય તો ખબર આપશો એટલે તરત આવીશ.”

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ગવર્નર સાહેબનો તા. ૧૭મી માર્ચે જવાબ આવ્યો કે :

"સરકારને ખેડા જિલ્લામાં બનતા બનાવો વિષે વાકેફ રાખવામાં આવે છે. કલેક્ટર અને રેવન્યુ ખાતાના અધિકારીઓ ખેડૂતોનાં હિત પૂરેપૂરાં ધ્યાનમાં લઈ નિયમ અને ધોરણ પ્રમાણે વર્તે છે એવો સરકારને પૂર્ણ વિશ્વાસ છે."

હજી સરકારને એક વધુ તક આપવા કમિશનર મિ. પ્રૅટને તા. ૨૦મીએ ગાંધીજીએ કાગળ લખ્યો :

"સત્યાગ્રહનાં પ્રતિજ્ઞાપત્રો બહાર પાડું અને સભાઓ ભરું તે પહેલાં તમને એક છેલ્લી વિનંતી કરવાની તક લઉં છું, કે બીજા હપ્તાની રકમ આખા જિલ્લામાં મુલતવી રાખવાના હુકમો બહાર પાડો. તેમાં જણાવશો કે સનંદિયા જમીન ધારણ કરનારાઓ મહેસૂલ પૂરેપૂરું ભરી દેશે એવી સરકાર આશા રાખે છે. આવા હુકમો બહાર પાડવા એ શું અશક્ય છે? આથી ખળભળાટ શાંત પડશે. હાલના સંજોગોમાં મારા માનવા મુજબ આ રહેમભરી રાહત મનાશે."

કમિશનરે જવાબ લખ્યો :

"તમારા પત્રમાં કરેલી માગણી મુજબ જાહેર કરવાનું શક્ય નથી. ખૂબ કાળજીપૂર્વક તપાસ કર્યા પછી, અને સંજોગો પૂરા ધ્યાનમાં લીધા બાદ જે રાહત આપવી જરૂરી હતી તે અપાઈ છે, અને તે પૂરતી છે. બાકી રહેલી રકમ ઉઘરાવવા માટે કલેક્ટરના હુકમો બહાર પડી ચૂક્યા છે."

આમ સમાધાનીના પ્રયાસોનો અંત આવ્યો. સમાધાનીનો એક પણ પ્રયત્ન બાકી ન રહે અને સામા પક્ષ તરફથી તમામ દ્વાર બંધ કરવામાં આવે ત્યાર પછી જ સત્યાગ્રહ કરી શકાય એ સિદ્ધાંતનું ગાંધીજીએ કેટલું ચીવટથી પાલન કર્યું હતું એ ઉપરના વર્ણનમાંથી જોઈ શકાય છે. જે રાહત મેળવવાનો ખેડૂતનો હક્ક હતો, તે જો ન મળે તો જમીનમહેસૂલ ભરવાનો ઇનકાર કરી કાયદાનો સવિનય ભંગ કરવાનો હિંદુસ્તાનમાં આ પહેલો જ પ્રયોગ હતો. પોતાની ઉપર ગુજરતા ત્રાસથી લોકો અકળાયા હતા અને તેનો સક્રિય વિરોધ કરવા અધીરા બન્યા હતા. પરંતુ વખત પાકે ત્યાં સુધી ગાંધીજીએ તેમની પાસે ખામોશી રખાવી હતી. અત્યાર સુધી વર્તમાનપત્રોમાં પણ કશી ચર્ચા ઉપાડી ન હતી. પણ લડત શરૂ કર્યા પછી તેનો ધોધ ચાલ્યો.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો
47/50

## ૧૦

# ખેડા સત્યાગ્રહ – ૨

### લડત

તા. ૨૨મી માર્ચે સાંજે છ વાગ્યે ખેડા જિલ્લાના તમામ ખેડૂતોની એક મોટી સભા નડિયાદમાં થઈ તેમાં સત્યાગ્રહની લડતનું મંગલાચરણ કરતાં ગાંધીજીએ એક પ્રેરક અને ભવ્ય ભાષણ કર્યું. અહીં તેમાંથી થોડાક ફકરા આપ્યા છે :

"આ જિલ્લો ઘણો સુંદર છે. લોકો પાસે દોલત છે. જિલ્લામાં લીલોતરી અને સુંદર વૃક્ષો છે. બિહાર સિવાય આવાં સુંદર વૃક્ષ મેં બીજે જોયાં નથી. બિહારને કુદરતે સુંદરતા આપી છે. પણ આ જિલ્લાએ તો ખેડૂતોની જાતમહેનત અને ખંતથી સુંદરતા મેળવી છે. આ જિલ્લાના ખેડૂતો બહુ હોશિયાર અને ઉદ્યોગી છે. તેમણે પોતાના પ્રદેશમાં સુંદર ઉપવન સર્જ્યું છે. તે માટે અભિમાન લેવા જેવું છે. આમ હોવા છતાં એમ નથી ઠરતું કે પાક ન થયો હોય છતાં લોકોએ મહેસૂલ ભરવું જોઈએ. સરકારની આકરી મહેસૂલ-નીતિથી આવા ઉદ્યોગી લોક ઘસાતા જાય છે અને ઘણાને ખેતી છોડી મજૂરી કરવાનો દહાડો આવ્યો છે.

"ખરી રીતે તો પાક થાય તેમાંથી વિઘોટી ભરવાની છે. પાક ન થયો હોય છતાં સરકાર દબાણ કરી વિઘોટી લે એ અસહ્ય છે. પણ આ દેશમાં તો નિયમ થઈ ગયો છે કે સરકારનો કક્કો જ ખરો થવો જોઈએ. લોકો ગમે તેટલા સાચા હોય છતાં તેમની વાત ન માની સરકારને પોતાનું જ ધાર્યું કરવું છે. પણ ખરો તો ન્યાયનો કક્કો રહે. તેની આગળ અન્યાયનો કક્કો ફેરવવો પડે. . . . મહેસૂલ મુલતવી રખાવી એક વર્ષના વ્યાજના બચાવ માટે હજારો લોકો જૂઠું બોલે એ માનવા જેવું નથી સરકાર એમ કહે એ આપણું અપમાન છે. માટે મારી સલાહ છે કે આપણી માગણી સરકાર કબૂલ ન કરે તો આપણે સરકારને કહેવું જોઈએ કે અમે મહેસૂલ ભરવાના નથી, તે માટે અમારે જે સહન કરવું પડશે તે ભોગવી લેવા તૈયાર છીએ.

"શું દુઃખ આવવાનું છે તેનો આપણે ખ્યાલ કરી લેવો જોઈએ. સરકાર આપણાં ઢોરઢાંખર અને સરસામાન વેચીને વિઘોટી વસૂલ કરે, ચોથાઈ દંડ લે, સનંદિયા જમીનો ખાલસા કરે અને લોકો દાંડાઈ કરે છે એમ કહી કેદમાં નાખે. દાંડાઈ શબ્દ સરકારનો છે. એ મને બહુ અળખામણો લાગે છે. જે સાચું કહે તેને દાંડ કેમ કહેવાય ? એ દાંડ નથી પણ બહાદુર છે. સારી સ્થિતિવાળા પાસે પૈસા છતાં પોતાના ખેતરમાં ન પાક્યું હોય



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



તેથી અને ગરીબના રક્ષણ ખાતર પોતાનું મહેસૂલ ન ભરે તેમા દાંડાઈ નથી પણ બહાદુરી છે. આમ કરતાં ઘરબાર ખોવાં પડે તો તે ખુએ એ જ માણસ આ વ્રત લઈ શકે છે.

"લોકો પ્રતિજ્ઞા લઈને તોડે અને ઈશ્વરથી વિમુખ થાય એ મને અસહ્ય છે. તમે ખોટી પ્રતિજ્ઞા લો તો મને અત્યંત દુઃખ થાય, મારે ઉપવાસ કરવા પડે. મને ઉપવાસથી એટલું દુઃખ નથી થતું, જેટલું લોકો મને છેતરે, પોતાની પ્રતિજ્ઞા તોડે તેથી થાય છે. સત્યાગ્રહમાં પ્રતિજ્ઞા સૌથી કીમતી છે. તે જાળવવી જ જોઈએ. ઈશ્વરને નામે લીધેલી પ્રતિજ્ઞા તોડી શકાય જ નહીં. હજારો માણસોની પ્રતિજ્ઞા મારે ભોગે પળાતી હોય તો આ દેહ જાય તો પણ ભલે. પ્રતિજ્ઞા ન લે તેનું મને દુઃખ નથી. પણ લીધા પછી પ્રતિજ્ઞા તોડીને મને આઘાત પહોંચાડે તેના કરતાં રાત્રે આવી મારી ગરદન કાપે એ ઠીક. મારી ગરદન કાપનારને માફ કરવા હું ઈશ્વરને કહું, પરંતુ પ્રતિજ્ઞા તોડનારને માટે હું માફી માગી શકું નહીં. માટે જે નિર્ણય કરો તે સાવધ થઈને કરજો. પોતાના નિશ્ચયને વળગી રહેનાર પ્રજા ચઢશે. ત્યારે સરકાર પણ તેને માન આપશે. તે જાણશે કે આ પ્રજા પ્રતિજ્ઞા પાળનાર છે. પ્રતિજ્ઞા તોડનાર નથી દેશને કામનો, નથી સરકારને કામનો કે નથી ઈશ્વરને કામનો."

તે જ દિવસે લગભગ બસો માણસોએ સત્યાગ્રહની પ્રતિજ્ઞા ઉપર સહી કરી. પછી તો દિનપ્રતિદિન પ્રતિજ્ઞા લેનારની સંખ્યા વધતી ગઈ.

બીજે જ દિવસે એક રમૂજી કિસ્સો બન્યો. કપડવંજ તાલુકાનાં ગામડાંમાં ફરી લડતનો પ્રચાર કરનાર એક સ્વંયસેવક શાહ ભૂલાભાઈ રૂપજી ઉપર મામલતદારે હુકમ કાઢ્યો :

"વસૂલાતના કામમાં લોકોને ખોટું સમજાવી ઉશ્કેરણી કરવા બદલ સને ૧૮૭૯ના લૅન્ડ રેવન્યુ કોડની કલમ ૧૮૯ મુજબ જવાબ આપવા કચેરીમાં તા. ૨૬–૩–'૧૮ના રોજ હાજર થવું."

શાહ ભૂલાભાઈ ઠરાવને દિવસે વખતસર મામલતદારની કચેરીમાં હાજર થયા. કામ નીકળતાં સરદાર એમના બૅરિસ્ટર તરીકે ઊભા રહ્યા અને ભૂલાભાઈ પાસે નીચે પ્રમાણે જવાબ રજૂ કરાવ્યો :

" . . . સમન્સમાં જણાવવામાં આવે છે કે વસૂલાતના કામમાં લોકોને ખોટું સમજાવી ઉશ્કેરો છો. પણ મેં કોઈને ખોટી સલાહ આપી નથી, તેમ જ કોઈને ખોટા ઉશ્કેર્યા નથી. લોકો કોઈ રીતે ખોટું સમજ્યા હોય અગર ઉશ્કેરાયા હોય એમ બન્યું નથી. હું લોકોને તદ્દન વાજબી અને સાચી સલાહ આપું છું. મારા ગામનો પાક ચાર આનાથી ઓછો થયો છે, અને તેથી સરકારના નિયમને આધારે મારા ગામના લોકો જમીનમહેસૂલ નહીં ભરવાને હકદાર છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



"મહાત્મા ગાંધીજીએ તા. ૨૨મી માર્ચના રોજ ખેડા જિલ્લાના ખેડૂતોની એક મોટી સભા ભરી બધાને ખુલ્લી રીતે સલાહ આપી છે કે પોતાનું સ્વમાન જાળવવાની ખાતર, તેમ રૈયત જૂઠું નથી બોલતી તે સાબિત કરવાની ખાતર લોકોએ પોતાની ખુશીથી પૈસા ભરવા નહીં એ જરૂરનું છે. એ સલાહ વાજબી છે એમ હું માનું છું. લોકોને એવી સલાહ આપવી એ મારી ફરજ છે એમ હું સમજું છું. તેથી એ પ્રમાણે લોકોને સલાહ આપું છું. તેમાં કાયદાનો કે નીતિનો ભંગ થતો હોય એમ સમજી શકાતું નથી. છતાં કાયદાનો ભંગ થતો હોય તો તેની શિક્ષા ભોગવવા ખુશી છું. માટે આપને યોગ્ય લાગે તે શિક્ષા ફરમાવવા કૃપા કરશો. મારે આપને જણાવવું જોઈએ કે જે કલમને આધારે આપે સમન્સ કાઢ્યો છે તે કલમ આ કામને બિલકુલ લાગુ પડતી નથી. પણ તે આપ ન જાણતા હો એમ મારાથી કેમ માની શકાય? છતાં આપે મને આમંત્રણ આપ્યું તે માટે આપનો આભારી છું અને હવે વિશેષ આભારી કરશો એ આપના અધિકારની વાત છે."

મામલતદાર તો સરદારને ભૂલાભાઈ તરફથી ઊભા રહેલા જોઈને અને આ જવાબ વાંચીને ઠંડા જ થઈ ગયા અને તરત જ કહ્યું કે: "આમાં ગુનો થતો નથી માટે તમને રજા છે."

એટલે સરદારે ભૂલાભાઈ પાસે પુછાવ્યું કે: "જમીનમહેસૂલ ન ભરશો એવું કહેવામાં હવે તમને ગુનો નથી લાગતો ને?"

મામલતદાર: "હા ભાઈ હા. તમને ગમે તે કહેજો."

આમ કહ્યા છતાં સરદાર અને ભૂલાભાઈના ગયા પછી મામલતદારે જવાબની તળે નીચે પ્રમાણે શેરો કર્યો, તે પાછળથી જાણવામાં આવ્યું:

"શા. ભૂલા રૂપજી બૅરિસ્ટર મિ. વલ્લભભાઈ ઝવેરભાઈ પટેલ સાથે હાજર થયા છે અને પોતાની લેખી હકીકત રજૂ કરી છે. તે વાંચતાં તે હોમરૂલ લીગનો મેમ્બર જણાય છે. તેને વસૂલાતના કામમાં આડે નહીં આવવા સમજૂત કરી, જવા રજા આપી, સબબ દફતરે."

પછી આ લડત પોતાને શા કારણે અને કેવા સંજોગોમાં શરૂ કરવી પડી છે અને સરકાર સાથે મતભેદના મુદ્દા કયા છે એ બધાનો ખેડા જિલ્લા બહારના લોકોને સ્પષ્ટ ખ્યાલ આપવા માટે ગાંધીજીએ છાપાં જોગું એક વિસ્તૃત નિવેદન પ્રગટ કર્યું. તેમાં છેવટના ભાગમાં જણાવ્યું કે:

"મહેસૂલી કાયદો અધિકારીઓને અમર્યાદિત સત્તા આપે છે. મહેસૂલી ખાતાના અધિકારીઓના નિર્ણય સામે દાદ માગવાનો પણ પ્રજાને હક નથી. આ સંજોગોમાં પ્રજા સિદ્ધાંતની ખાતર અને અધિકારીઓ પોતાની પ્રતિષ્ઠા ખાતર લડે છે. . . .

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021

Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો



"ખેડાના ખેડૂતોએ ન્યાય અને સત્યની લડત લડવાને હામ ભીડી છે. તેમને મદદ કરવાની પત્રકારોને અને પ્રજાકીય આગેવાનોને વિનંતી કરવાની રજા લઉં છું. વાચકોએ એ પણ યાદ રાખવું જોઈએ કે ખેડા જિલ્લાની પ્રજાનો આ વર્ષે પ્લેગે ઘાણ કાઢી નાખ્યો છે. હાલમાં પણ લોકો ગામબહાર ખેતરોમાં ખાસ ઊભા કરેલા માંડવાઓમાં રહે છે. . . . ભાવો ચઢી ગયા છે, પણ કશું પાક્યું નથી એટલે ખેડૂતોને ચઢેલા ભાવોનો કશો લાભ મળતો નથી અને મોંઘવારીના દરેક ગેરલાભ તેમને વેઠવા પડે છે. છતાં તેઓને નાણાંની મદદની જરૂર નથી. તેઓ તો એકે અવાજે આખી જનતાનો ટેકો અને સહાનુભૂતિ માગે છે."

પછી તરત જ ઇંદોરમાં હિંદી સાહિત્ય સંમેલનના પોતે પ્રમુખ નિમાયેલા હોવાથી થોડા દિવસ તેમને ત્યાં જવું પડ્યું. તેઓની ગેરહાજરીમાં સરદાર બધું કામ સંભાળતા હતા. તા. ૩૦ માર્ચના રોજ ખેડા જિલ્લાના ખેડૂતોની બીજી એક મોટી સભા નડિયાદમાં બોલાવવામાં આવી. તેમાં મુંબઈની હોમરૂલ લીગના ઘણા આગેવાન સભ્યોએ હાજરી આપી. એ સભાના પ્રમુખપદેથી સરદારે આપેલા ભાષણમાંથી કેટલાક ઉદ્‌ગારો અહીં નોંધીશું:

"આ લડતમાંથી આખો દેશ સળગી ઊઠશે. દુઃખ સહન કર્યા વગર સુખ મળતું નથી. અને મળે તો લાંબો વખત ટકતું નથી. મજબૂત અને મક્કમ વિચારની પ્રજા હોય તેમાં જ રાજ્યની શોભા છે. નાલાયક અને બીકણ પ્રજાની વફાદારીમાં માલ નથી. નીડર અને સ્વમાન જાળવનારી પ્રજા જે વફાદારી બતાવે છે તે જ પ્રજા સરકારને શોભા આપનારી છે. . . .

"તેવીસ લાખના મહેસૂલમાંથી પોણાબે લાખની રકમ મુલતવી રાખવામાં આવી છે. વળી પહેલો હપ્તો ઘણોખરો ભરાઈ ગયો છે. એટલે બાકી દસેક લાખ રહે. આટલી રકમ મુંબઈ કે ગુજરાતમાં ઉઘરાણું કરી ભેગી કરી સરકારને ભરી દઈએ તો લોકોને રાહત મળે અને સરકાર તરફથી થતી હાડમારીઓમાંથી બચાય. આવો વિચાર કેટલાકને થતો હશે.* પણ

* 'ઇન્ડિયન સોશિયલ રિફૉર્મર' સાપ્તાહિકમાં શ્રી નટરાજને ખેડાના સત્યાગ્રહ વિષે એક અગ્રલેખ લખ્યો હતો. તેની મતલબ એ હતી કે, માની લઈએ કે જિલ્લામાં પાક તદ્દન નિષ્ફળ ગયો છે તેથી જમીનમહેસૂલની મુલતવી માગવાને ખેડૂતો હકદાર છે, છતાં સરકાર મુલતવી આપતી નથી. તો તેનો ઉપાય સત્યાગ્રહ કરી મહેસૂલ ન ભરવું એ નથી. પણ મુંબઈ સરકાર ન માને તો હિંદી સરકાર પાસે જવું, આખા દેશમાં લોકમત જાગ્રત કરવો અને તેથીયે આગળ ઇંગ્લંડ જઈ પાર્લમેન્ટમાં પોકાર ઉઠાવવો તથા ઇંગ્લંડનો લોકમત જાગ્રત કરવા પ્રયત્ન કરવો. કાયદાભંગની હિલચાલની એકંદરે લોકમાનસ ઉપર માઠી અસર થાય છે, સમાજમાં સારા કાયદા પ્રત્યે પણ માનની વૃત્તિ ઘટે છે. વળી આવી લડતથી તો લોકો વધારે દુઃખી થાય છે. ખરાબ વર્ષનું દુઃખ તો છે જ.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

1/52

4/25/2021



જે વીર પુરુષે આ લડત ઉઠાવી છે, તે નામર્દને મરદ બનાવે એવા છે, અને ખેડા જિલ્લો હિંદમાં વીર પુરુષની ભૂમિ છે. તેઓ આવી મદદનો વિચાર પણ ન કરે. પૈસાની મદદથી ખરો લાભ ન થાય. તેથી કાંઈ ખરું દુઃખ ન ટળે. એક વખત દુઃખ ઉઠાવી સરકારની પદ્ધતિ ફેરવીશું તો જ હંમેશનું દુઃખ ટળશે.”

આ લડતનું મૂળ રોપવામાં શ્રી મોહનલાલ પંડ્યાની સાથે શ્રી શંકરલાલ પરીખનો પણ હાથ હતો. તેઓ શરૂથી તે આખર સુધી લડતમાં સામેલ રહ્યા હતા. આ જ અરસામાં શંકરલાલની જાણ બહાર તેમની જમીનનું મહેસૂલ તેમના ખેડૂતને સમજાવી, દબાવીને ગામના મુખીએ ભરાવી દીધું અને સરકારી દફતરે તે શ્રી શંકરલાલને નામે જમા થયું. શંકરલાલે બનેલી હકીકત અતિશય દુઃખ સાથે ગાંધીજીને કહી. તેમને પણ દુઃખ થયું. તેમને થયું કે આ વસ્તુનો બહુ અનર્થ થશે. તેમણે શંકરલાલને કહ્યું કે, “તમારું મહેસૂલ ગમે તે રીતે ભરાયું હોય પણ આથી તમારી પ્રતિજ્ઞાપાલનમાં દોષ તો આવે જ છે એમ મને લાગે છે. માટે દોષમુક્ત થવાનો ઉપાય એ જ કે એ જમીન તમારે ગામને સાર્વજનિક ઉપયોગ માટે ધર્માદા આપી દેવી.” શંકરલાલે આ સલાહ માની જમીન ગામને આપી દઈ પોતાની ગફલતના દોષનું નિવારણ કર્યું.

ગાંધીજી જ્યારે ઇંદોર ગયા હતા ત્યારે વડથલના કેટલાક આગેવાનોની હજારો રૂપિયાની કિંમતની જમીન થોડાક રૂપિયાના મહેસૂલ માટે ખાલસા કરવામાં આવી. ગાંધીજીએ આવીને તેમને સલાહ આપી કે જાણે ખાલસાની નોટિસો તમારા ઉપર બજી જ નથી એમ માનીને તમે ખેતરોમાં જે કામ કરતા હો તે કર્યાં કરો. અમલદારોએ ધારેલું કે ખાલસાથી ડરી જઈ ખેડૂતો ખુશામત કરતા અને સલામો ભરતા મહેસૂલ ભરવા આવશે. પણ આ ખેડૂતોએ તો ખાલસાની નોટિસોને ગણકારી જ નહીં અને ઊલટા વધારે મક્કમ બન્યા. એટલે અમલદારોએ ખાલસાની નોટિસો આપેલી હોવા છતાં એ આસામીઓને ત્યાં જપ્તીઓ કરીને મહેસૂલ વસૂલ કર્યું.

સરકારી અમલદારોનો જપ્તીઓનો સપાટો વધતો જતો હતો. બીજી તરફથી ગાંધીજી, સરદાર અને બીજા કાર્યકર્તાઓ ગામડે ગામડે ફરી લોકોને હિંમત આપી રહ્યા હતા, અને તેમની પ્રતિજ્ઞાની બાબતમાં જાગ્રત રાખતા હતા. ખેડા

---

એ ઉપરાંત સરકારની જપ્તીમાં મહેસૂલ કરતાં ઘણી વધારે કિંમતનો માલ જાય અને તે પાણીને મૂલે હરાજ થાય એ વધારાનું દુઃખ આવે છે. માટે જેઓ ભરી શકે એવા હોય તેઓને વાંધા સાથે ભરવાની સલાહ આપીએ અને જેઓ ગરીબ હોય તેમને માટે ફંડ કરી તેમાંથી મહેસૂલ ભરાવી દઈએ અને આપણી બંધારણીય લડત ચાલુ રાખીએ. સરદારના ભાષણમાં આ વસ્તુનો જવાબ છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



જિલ્લાની પ્રજાને અને ગુજરાતના કાર્યકર્તાઓને માટે આ કીમતી તાલીમ હતી. સરદારમાં નેતાગીરીના ગુણો જન્મથી જ હતા પણ આ લડતમાં તો તેમણે ખરેખરી સિપાહીગીરી બજાવી હતી. તેઓ ના છૂટકે જ બોલતા. ગાંધીજી કેવી રીતે સરકારી અમલદારો સાથે પત્રવહેવાર ચલાવે છે તથા વાતચીત કરે છે, કેવી રીતે પ્રજાને કસે છે અને ચઢાવે છે અને તીવ્રમાં તીવ્ર લડત ચાલતી હોય ત્યારે પણ સમાધાનીના પ્રયત્ન તો ચાલુ જ રાખે છે, તેની એક પણ તક જવા દેતા નથી એ બધું પોતાની તીક્ષ્ણ નજરથી તેઓ નિહાળતા હતા. આ લડતમાં મળેલી દીક્ષા અને પદાર્થપાઠોથી થોડાં જ વર્ષોમાં ગાંધીજીને ગુજરાતને વિષે તેઓ બિલકુલ નિશ્ચિંત કરી શકયા. બીજી તરફથી ગાંધીજી પણ સરદારને બારીકાઈથી નિહાળી રહ્યા હતા. તા. ૪ થી એપ્રિલના રોજ કરમસદની સભામાં ગાંધીજીએ કાઢેલા નીચેના ઉદ્‌ગારો આ વસ્તુની આપણને પ્રતીતિ કરાવે છે:

> “આ ગામ વલ્લભભાઈનું છે. વલ્લભભાઈ જોકે હજી ભઠ્ઠીમાં છે. એમણે સારી રીતે તપવાનું છે. અને લાગે છે કે એમાંથી આપણે કુંદન કાઢીશું.”

આ સભામાં પ્રતિજ્ઞા ઉપર ખેડૂતોની સહીઓ લેવાનું કામ ચાલતું હતું તે દરમિયાન ગાંધીજીએ કહ્યું કે, કોઈને કાંઈ શંકા હોય અને પૂછવું હોય તો પૂછો. એક જણે કહ્યું કે, ગામમાં વિરુદ્ધ પક્ષના કેટલાક એવા છે કે જેઓ સરકાર જમીન વેચે તેની રાહ જોઈને જ બેઠા છે અને હરાજી થયે તરત લઈ લેશે. ગાંધીજીએ જવાબ આપ્યો તે બહુ સૂચક છે. જમીન ઉપર સરકારનો હક કેટલો અને ખેડૂતનો હક કેટલો તે વિષે કાયદામાં ગમે તે લખ્યું હોય, પણ તે બાબત ગાંધીજીની લાગણી કેટલી તીવ્ર હતી તે એમાં વ્યક્ત થાય છે:

> “ભીખ માગતા થવાની તો આ લડત છે. બદદાનત રાખીને જે આપણી જમીન ઉપર ટાંપીને બેઠા છે, તેઓ તે લઈને પચાવી શકવાના નથી. સરકાર પણ જમીન ઉપર હાથ નાખશે ત્યારે આપણે તેની સામે બહારવટું લેવાનું છે. થોડા રૂપિયાના મહેસૂલ માટે સરકાર હજારો રૂપિયાની જમીન લેશે તો તે એને પચી શકવાની નથી. આ લૂંટફાટનું રાજ્ય નથી પણ ન્યાયનું છે.* આ રાજ્ય જે દિવસે ઇરાદાપૂર્વક લૂંટફાટનું છે, એમ મને ખબર પડશે, તે દિવસે હું બેવફા છું એમ માનજો. આપણી જમીન જશે તો આપણે શું કરવું, એ ધાસ્તી શું કરવા જોઈએ? એ જમીન કેમે કરી કોઈ વેચાવી શકવાનું નથી.”

સરદારને પોતાના વતન કરમસદના કુસંપની વાત સાંભળી બહુ દુઃખ થયું. તે તેમણે નીચેના શબ્દોમાં વ્યક્ત કર્યું:

---

* બ્રિટિશ ન્યાય ઉપર તે વખતે ગાંધીજીને ખૂબ શ્રદ્ધા હતી.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



"ગામની અત્યારની સ્થિતિ જોઈને મારા નાનપણના દિવસો મને યાદ આવે છે. તે વખતે અહીંના ધરડેરાઓનો એટલો માનમરતબો હતો કે અમલદારો તેમની સામે આવીને બેસતા અને પાછળ પાછળ ચાલતા. આજે તમારામાં બીક પેસી ગયેલી જોઈને મારું હૃદય કંપે છે. પણ આપણામાં કુસંપ પેઠો છે. આવે પ્રસંગે કુસંપ નહીં કાઢીએ તો ક્યારે કાઢીશું? પ્રભુ તમારી ટેક રાખો."

કમિશનર મિ. પ્રૅટને વિચાર આવ્યો કે ખેડૂતોની કાયદામાં શી સ્થિતિ છે અને સરકાર કેટલી રહેમદિલ છે એ લોકોને હું રૂબરૂ સમજાવું તો તેઓ અવળે રસ્તે ચઢી ગયા છે ત્યાંથી તેમને પાછા વાળી શકું. પણ તેઓ કે જિલ્લાના અધિકારીઓ સભા બોલાવે તો તેમાં આવે કોણ? સરકારના આટઆટલા જુલમ અને નીચલા અમલદારોની પાર વિનાની અવળચંડાઈઓ છતાં ગાંધીજી તો પોતાનું કામ બિલકુલ દ્વેષ વિના અને અતિશય સદ્‌ભાવપૂર્વક કરતા હતા, અને આ લડતને અંગે મિ. પ્રૅટને ઘણી વાર તેમને મળવાનું થયું હતું એટલે મિ. પ્રૅટ એ વસ્તુ સમજી ગયા હતા. પોતાની મીટિંગ માટે જિલ્લાના લોકોને ભેગા કરી આપવાની તેમણે ગાંધીજી પાસે માગણી કરી અને ગાંધીજીએ પત્રિકા કાઢી આખા જિલ્લાના લોકોને કમિશનરની મીટિંગમાં હાજર રહેવા સલાહ આપી.

તા. ૧૨મી એપ્રિલના રોજ નડિયાદ મુકામે મામલતદારની કચેરીના મેદાનમાં સાંજના ત્રણ વાગ્યે જિલ્લાના મુખ્ય મુખ્ય એવા લગભગ બે હજાર ખેડૂતોની સભા થઈ. તેમાં જિલ્લા કલેક્ટર તથા બધા તાલુકાના મામલતદારો તથા બીજા સરકારી નોકરો હાજર થયા. ગાંધીજી પોતે તો સભામાં ન ગયા પણ સરદાર અને બીજા કાર્યકર્તાઓને મોકલ્યા. કમિશનરે પોતાની કાલી કાલી ગુજરાતી ભાષામાં બહુ લાંબું ભાષણ કર્યું. અહીં તેનો મહત્ત્વનો ભાગ આપ્યો છે:

"મારી વાત સાંભળીને ધ્યાનમાં લઈ ઘેર જશો ત્યારે ગામમાં મહેરબાની કરી પ્રસિદ્ધ કરશો કે જેથી આખા જિલ્લામાં માહિતી ફેલાય. કારણ એ છે કે હું હમણાં બોલું છું તે કાંઈ તમારે માટે જ નહીં પણ આખા જિલ્લાને માટે છે.

"તમોને મહે. ગાંધી સાહેબે — શ્રીયુત મહાત્મા ગાંધીજીએ અને મહે. વલ્લભભાઈ સાહેબે તથા તેમની સાથે જે ગૃહસ્થો કામ કરે છે તેમણે બહુ સલાહ આપેલી છે, ગામેગામ ફરીને ભાષણો કરેલાં છે. આજે મહેરબાની કરી અમારું ભાષણ સાંભળો.

"ખેડૂત લોકોના હક એવા છે કે જમીન તમારા કબજા ભોગવટામાં વંશપરંપરા રાખી શકો. તેની સાથે તમારી ફરજ છે કે કાયદા પ્રમાણે જે આકાર બાંધેલો છે તે તમારે ભરવો. તે ફરજ પાળવાની શરત ઉપર તમારી

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



જમીન કબજા ભોગવટામાં રાખી શકશો. . . . સરકાર આકાર બેસાડે છે. તેના અમલદારો બેસાડે છે. એમાં વકીલનો કે બૅરિસ્ટરનો હાથ નથી. આકાર બાંધવામાં સરકાર સિવાય બીજી સત્તા નથી. તેની દીવાની કોર્ટમાં તકરાર જઈ શકશે નહીં. આકાર વધારે છે કહીને કોઈ દાવો લાવશે તે ચાલશે નહીં. . . . ખેડૂત લોકોને કાયદેસર હક નથી કે માગણી કરે કે તકરાર કરે કે આકાર મુલતવી રાખવો જોઈએ. એ બાબત અમારો હક છે. પાકની સ્થિતિ લક્ષમાં લઈને, વાંધા હોય તે સાંભળીને અમે છેવટનો હુકમ કાઢીએ છીએ. છેવટના હુકમ પછી તકરાર ન ચાલી શકે. છેવટનો હુકમ કાઢવાની સત્તા અમલદારના હાથમાં છે. મહે. ગાંધી સાહેબના હાથમાં તે નથી. મહે. વલ્લભભાઈ સાહેબના હાથમાં તે નથી. આ બાબતમાં તમારી કાંઈ લડત ચાલી શકશે નહીં, એવી સમજ તમારા મનમાં બેસાડવી જોઈએ. મારા શબ્દો તમારે સાંભળવા જોઈએ. મારા શબ્દો મારા છે એટલું જ નહીં પણ છેવટના હુકમરૂપ છે. મારા શબ્દો એકલા મારા જ નથી પણ ના. લૉર્ડ વિલિંગ્ડન સાહેબના છે. મારા હાથમાં તેમનો કાગળ છે કે આ કામમાં તમે જે હુકમ કરશો તે હું બહાલ રાખીશ. તમારે સમજવું જોઈએ કે આ હું જ બોલું છું એમ નથી, ના. ગવર્નર સાહેબ બોલે છે.

“મહે. ગાંધી સાહેબ ઘણા સારા માણસ છે, પવિત્ર માણસ છે. સારા હેતુથી, પવિત્ર અંતઃકરણથી, તમારો લાભ સમજી તમોને સલાહ આપે છે. તે એવી રીતે કહે છે કે ન ભરવાથી તમે ગરીબ લોકોનો બચાવ કરશો. કાલની મુલાકાતમાં મને એમ જ કહેતા હતા. . . . પણ સરકાર ગરીબ-પરવર નથી? ગરીબનો બચાવ કરવાની ફરજ તમારી છે કે સરકારની? તમોને દુકાળની યાદગીરી નથી? છપ્પનના વરસમાં, અઠ્ઠાવનના ઉંદરિયા દુકાળમાં, અમદાવાદ અને પંચમહાલમાં હું કલેક્ટર હતો. તમને યાદ હશે કે ગરીબના બચાવ માટે સરકારે કેટલાં બધાં બાંધકામો ઉઘાડેલાં. ગરીબ લોકો માટે રસોડાં ખોલ્યાં, તળાવ બાંધ્યાં, તગાવી આપી, લાખો રૂપિયા ખર્ચ્યા, તે મારી યાદગીરીમાં છે. જે તમારામાંના ઘરડા છે તેમને જરૂર યાદ હશે. આવી સરકાર સામે હમણાં આ જિલ્લામાં તમારી લડત ચાલે છે. દુનિયામાં મોટી લડાઈ ચાલે છે. વખત એવો છે કે સરકારને બધી જાતની મદદ આપવી જોઈએ. પણ આ જિલ્લામાં સરકારને શું મળે છે? મદદ મળે છે કે લડત મળે છે?

“સરકારની સામે તમે લડત ચલાવશો તેનાં જે પરિણામ આવશે તે તમારે માથે આવશે; હોમરૂલના ગૃહસ્થોના માથા ઉપર નહીં આવે. તેમને કાંઈ નુકસાન નથી થવાનું. હોમરૂલવાળા ભાષણો કરે છે તે કંઈ જેલમાં જવાના નથી. આફ્રિકામાં જ્યારે આવી લડત ચલાવી હતી ત્યારે શ્રીયુત મહાત્મા ગાંધી કેદમાં ગયા હતા. આ રાજ્યમાં તે કેદ નહીં જશે. એમને માટે જેલ લાયક નથી. હું ફરીથી કહું છું કે તે ઘણા સારા અને પવિત્ર માણસ છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



"સરકારના મનમાં ગુસ્સો નથી. માબાપને બાળકો લાત મારે તો માબાપને દિલગીરી થાય છે, ગુસ્સો નથી થતો. આ બધું નુકસાન — જપ્તી, ચોથાઈ, ખાલસા, નરવાનાં ગામો તોડી નાખવાં, એ બધાં નુકસાન તમારે શા માટે સહન કરવાં જોઈએ? તમારી મિલકત તમે નાખી દેશો? તમારા નરવા નાખી દેશો? તમારાં છોકરાં બૈરીનો વિચાર નહીં કરો? તમે મજૂર વર્ગમાં ઊતરી જશો? શા માટે?

"જમીનના કાયદા બાબતનો મને અઠ્ઠાવીસ વરસનો અનુભવ છે. શ્રીયુત મહાત્મા ગાંધી મારા મિત્ર છે. તે હમણાં બે ત્રણ વરસથી આફ્રિકાથી આવેલા છે. જિંદગીનો મોટો ભાગ તેમણે આફ્રિકામાં ગુજારેલો છે. તેઓ વિદ્યામાં, ભાષા બાબતમાં અને ધર્મ બાબતમાં બહુ પંડિત છે. તે વિષયમાં તેઓ જે બોધ આપે છે તે ખરો છે. પણ રાજકારભારના કામમાં, જમીનની બાબતમાં, આકાર બાબતમાં તે ઓછું જાણે છે. તેમાં હું વધારે જાણું છું. તમારા ઉપર જે પરિણામ આવશે તેથી હું દિલગીર થઈશ. સારા પાટીદાર લોકોના નંબર ખાલસા થશે તો હું દિલગીર થઈશ. સરકાર જાણે છે કે ખેડૂતોના હક બાબે ગેરસમજૂત થઈ છે. તેથી દયાળુ સરકાર તમને મારી સલાહ સાંભળવાની આ છેલ્લી તક આપે છે.

"હું છેવટની સલાહ આપવા આવેલો છું. એટલું જ મને કહેવાનું છે કે, ખેડુ લોકોની ફરજ છે કે અમારી તિજોરીમાં પૈસા લાવવા. અમારા મામલતદાર સાહેબો, તલાટીઓ તમારો માલ જપ્ત કરી પૈસા લેશે એમ ન ધારશો. અમે એટલી બધી તસ્દી નથી લેવાના. અમારા અમલદારોનો વખત કીમતી છે. તેઓ કોઈને ઘેર ઉઘરાવવા નહીં જાય. હું તમને ધમકી નથી આપતો. તમે સારી રીતે સમજો. માબાપ ધમકી નથી આપતાં, પણ સલાહ આપે છે. તમે આકાર નહીં ભરો તો જમીન ખાલસા થશે. ઘણા કહે છે કે જમીન ખાલસા નહીં થાય. હું કહું છું કે એમ બનશે. મને પ્રતિજ્ઞા કરવાની જરૂર નથી. મારા શબ્દો હું સાચા કરીશ. જે લોકો જાણીને ના પાડે છે તેમને ફરી જમીન આપવાની નથી. એવા ખેડૂતો સરકારના ચોપડામાં નથી જોઈતા. એવા ખેડૂતોનાં નામ અમારાં હકનાં પત્રક (રેકર્ડ ઑફ રાઇટ્સ)માં નથી લખવાં. જે નીકળી ગયા તે ફરી દાખલ નહીં થશે.

"હવે મારે બે શબ્દો કહેવાના બાકી છે. કોઈ માણસ ગેરસમજૂતીમાં અથવા ભૂલથી પ્રતિજ્ઞા કરે તો તે તેથી બંધાયેલો નહીં રહેશે. આવી પ્રતિજ્ઞા નભી શકશે નહીં. આવી પ્રતિજ્ઞા તમે તોડી નાખશો તો કોઈ માણસ નહીં કહી શકશે કે એ તમારું પાપ છે, દોષ છે. ભૂલભરેલી પ્રતિજ્ઞા કોઈ તોડશે તો દુનિયા તેને નિર્દોષ ઠરાવશે. અમદાવાદમાં શું થયું તે તમારા લક્ષમાં આવ્યું હશે. પણ ઘણા વર્તમાનપત્રો વાંચતા નથી. તો હું કહીશ કે અમદાવાદમાં એક લડત ચાલતી હતી. લડત શેઠિયાઓની અને મજૂર લોકની હતી. મજૂરોએ એમ પ્રતિજ્ઞા કરી કે ૩૫ ટકાનો વધારો અમને મળવો જોઈએ. ૩૫થી ઓછો કબૂલ ન કરવો. તે ન મળે ત્યાં સુધી કામ ન કરવું. છેવટે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



શું થયું? માલૂમ પડ્યું કે તે પ્રતિજ્ઞા વાજબી ન હતી. તે પ્રતિજ્ઞા નભી ન શકી. પ્રતિજ્ઞા તોડી નાખીને હમણાં તે બધા ૨૭ા ટકા કબૂલ કરીને પોતાના કામ ઉપર દાખલ થઈ ગયા છે. તે પ્રમાણે હું કહું છું કે જે વખતે તમે ભૂલભરેલી પ્રતિજ્ઞા લીધી તે વખતે સરકાર તરફની તમારી જે ફરજ છે તે વિસારીને પ્રતિજ્ઞા લીધી. તે ઉપરાંત આ પ્રતિજ્ઞા કરવાથી જે પરિણામ થશે તે બાબત તમોને પૂરો વિચાર ન હતો. તમારે માટે જ નહીં પણ તમારાં છોકરાં માટે પણ તમે પરિણામનો વિચાર ન કર્યો. આ બધું લક્ષમાં લઈ હવે તમે ફરી વિચાર કરો કે સરકાર પ્રત્યે ફરજ બજાવવી કે પ્રતિજ્ઞાને વળગી રહી જે પરિણામ આવે તે ભોગવવું."

પછી કરમસદના એક ખાતેદારે ઊભા થઈને કહ્યું કે, "અમારી આ લડત સરકારને કનડગત કરવા માટે નથી. પણ પૈસાદાર મહેસૂલ ભરે તો ગરીબોને લાચારીથી કરજ કરી પૈસા ભરવા પડે."

કમિશનર: "શું તમે એમ કહો છો કે આ લડત નથી? આ લડત છે જ. મહે. ગાંધી સાહેબ કહે છે, બધા કહે છે."

એમ કહી તેમણે સરદાર સામે જોયું એટલે સરદારે ઊભા થઈ જણાવ્યું કે, "આ લડત છે એમ તો એ ખેડૂત પણ કહે છે. પણ લડત કનડગત કરવાને માટે નથી એમ એમનું કહેવું છે." પછી સરદાર આગળ બોલવા જતા હતા એટલે કમિશનરે પૂછ્યું કે, "તમે ભાષણ કરવાના છો?" સરદારે જવાબ આપ્યો કે, "મારે બીજું તો કાંઈ કહેવું નથી પણ આપે અમદાવાદના મજૂરોને વિષે કહ્યું તે બાબત ખુલાસો કરવો છે." કમિશનરે કહ્યું: "ઠીક, તમે બોલો. પણ આજે અમારો વારો છે. અમારા તરફ બોલજો." પછી સરદારે જણાવ્યું કે:

"મહે. કમિશનર સાહેબે અમદાવાદના મજૂરોની પ્રતિજ્ઞાની વાત જણાવી, તેનો ખુલાસો કરવાની મારી ફરજ છે. કારણ કે તે વખતે કામ કરનારામાં હું પણ એક હતો. ત્યાં મજૂરોની પ્રતિજ્ઞા તૂટી જ નથી. જ્યારથી લડત ઊપડી ત્યારથી ઠરાવ હતો કે જો શેઠિયાઓ પંચ સ્વીકારે તો એ પંચ જે વધારો ઠરાવે તે મજૂરોને કબૂલ રહે અને તેઓ કામ પર ચઢે. પછી પંચ નિમાયું. પહેલે દિવસે મજૂરો ૩૫ ટકાથી કામ પર ચઢેલા અને પંચનો નિકાલ આવે ત્યાં સુધી ૨૭ા ટકા લે છે. પંચના ફેંસલા પ્રમાણે પછીથી વધઘટનો હિસાબ થશે. પંચની વાત તો સમાધાન પહેલાં પણ છાપાંમાં આવી હતી. સમાધાનને દિવસે મજૂરોની સભામાં આપણા કમિશનર સાહેબ પણ પધારેલા. એમને ગાંધી સાહેબને માટે ઘણું માન છે. (કમિશનર: હા, છે.) ગાંધી સાહેબના મનમાં પણ પ્રૅટ સાહેબને માટે માન છે. મારા મનમાં પણ છે. એ સાહેબે મિલમજૂરોને તે દિવસની સભામાં સલાહ આપેલી કે, 'ગાંધી સાહેબ તમને સાચેસાચી સલાહ આપશે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



એમની સલાહ પ્રમાણે તમે ચાલશો તો તમારો સુધારો થશે અને તમે ન્યાય મેળવશો.' હું તમને કહું છું કે તમે પણ આ બાબતમાં મહાત્માજીની સલાહ પ્રમાણે ચાલશો તો આ જ કમિશનર સાહેબને હાથે ન્યાય મેળવી શકશો. અહીં પણ કમિશનર સાહેબ કમિટી નીમી તપાસ કરાવે તો આપણને કંઈ જ વાંધો નથી. બધું સીધું ઊતરી જાય."

શ્રી મોહનલાલ પંડ્યાએ કહ્યું: "જે પ્રતિજ્ઞા લેવામાં આવી છે તે વિચાર કરીને લેવામાં આવી છે. સૂર્યનારાયણ આમના આમ ઊગે તોપણ તે ફરી શકે નહીં. છતાં સરકાર માબાપ આખી રૈયતને મારી નાખશે તો એ દુઃખ ધીરજથી સહન કરીશું, પણ પૈસા નહીં ભરીએ."

ચિખોદરાના એક ખેડૂતે કહ્યું: "કમિશનર સાહેબને મેં આજે જ જોયા. બહુ ભલા દેખાય છે. સાહેબ કહે છે કે ૮૦ ટકા તો ભરાઈ ગયા છે. ત્યારે બાકી થોડા જ રહ્યા હશે. એટલા રૂપિયાનું નવ મહિનાના વ્યાજનું નુકસાન સરકારને જાય એમ છે. એટલે રાજા ને પ્રજા વચ્ચે એકતા થતી હોય તો એ નુકસાન પેટે, હું બચરવાળ છું છતાં, એક હજાર રૂપિયા આપવા રાજી છું."

કમિશનર: "સરકારને પૈસા બાબત કંઈ મુશ્કેલી નથી. એક રૂપિયો પણ વધારે ન આપશો તો ચાલશે."

ઉત્તરસંડાના એક ખેડૂત: "મારા ઉપર ખાલસાનોટિસ આવેલી છે. મારે ચાર રૂપિયા ભરવાના છે. મેં આસિ. કલેક્ટર સાહેબને કહ્યું કે ચાર રૂપિયાની જ જમીન ખાલસા કરો. પણ ચાર રૂપિયાને માટે સરકાર હજાર રૂપિયાની જમીન લઈ શકે?"

કમિશનર: "હા. તે સરકારની મરજીની વાત છે. આ તકરાર ચાર રૂપિયાની નથી. ૩૬ કરોડની તકરાર છે. તમે તકરાર કરશો તો આખો દેશ તકરાર કરશે."

ઉપસંહાર કરતાં કમિશનરે કહ્યું: "જેટલું મારે કહેવાનું હતું તે હું કહી ગયો. છેવટનો ઠરાવ તમારા હાથમાં છે. જે માણસ સંન્યાસી છે તેની મિલકત જાય તેની ફિકર નથી. પણ તમે સંન્યાસી નથી તેનો વિચાર કરજો."

આ ભાષણ પ્રૅટ સાહેબે તો ખેડૂતોને એમની 'ગેરસમજૂતી'માંથી વાળવા માટે અને તેઓ પોતાને જે નુકસાન કરી રહ્યા હતા તેમાંથી બચાવવા માટે કર્યું હતું અને તેમાં મીઠાશ લાવવા તથા સહાનુભૂતિ બતાવવા તેમણે ઠીક ઠીક પ્રયત્ન કર્યો હતો, છતાં પોતાનો અમલદારી તોર તેઓ ઢાંક્યો રાખી શક્યા ન હતા. તેઓ બાહોશ અને બહુ અનુભવી સિવિલિયન અમલદાર ગણાતા હતા. પણ એવા બાહોશ ગણાતા અંગ્રેજ અમલદારો જ શાહીવાદી માનસ વધારે ધરાવનારા જોવામાં આવ્યા છે. એ માનસે જ બ્રિટિશ રાજ્ય પ્રત્યે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



બેદિલી અને વિરોધને પોષણ આપ્યું. છેલ્લાં પચાસ વર્ષમાં સ્વમાની અને ઝિંદાદિલ હિંદીઓમાં બ્રિટિશ હકૂમતથી આઝાદ થવાની જે તમન્ના જાગી તેમાં આવા અમલદારોની તુમાખીનો ફાળો ઘણો મોટો હતો. ગાંધીજી જેવાની બ્રિટિશ સામ્રાજ્ય પ્રત્યેની ચુસ્ત વફાદારીના મૂળમાં કુહાડી, આવા અમલદારોનાં આપખુદ અને જુલમી કૃત્યોએ જ મારી હતી. તેમની માન્યતાઓ પ્રામાણિક હોવાનો સંભવ છે પણ તેની સાથે તેમનું ‘દયાળુ’પણું, ‘માબાપ’પણું અને પોતાના ‘છેવટના હુકમ’ની સામે ‘રૈયત’થી થવાય જ નહીં એ જાતનો તેમનો ઘમંડ, એણે જ ગાંધીજી અને સરદાર જેવા અનેક મોટાનાના બહારવટિયાઓ પેદા કર્યા અને સામ્રાજ્યની ઘોર ખોદી.

જમીન સંબંધી આ અમલદારોની બીજી એક માન્યતા, જે આ ભાષણમાં વખતોવખત પ્રગટ થાય છે, તે પણ નોંધવા જેવી છે. આપણે જેમને જમીનના માલિક કહીએ છીએ તેમને જમીનમહેસૂલના કાયદામાં ‘કબજેદાર’ કહેલા છે. એ કબજેદારો જમીનનો ભોગવટો વંશપરંપરા કરી શકે પણ તે એક જ શરતે કે સરકાર વખતોવખત જે મહેસૂલ ઠરાવે તે તેણે નિયમસર, બિનતકરારે ભરવું જોઈએ. મહેસૂલ ભરવામાં કોઈ પણ કારણે તે કસૂર કરે તો સરકાર તેની તમામ જમીન ખાલસા કરી શકે એવો સરકારનો દાવો હતો. બીજા સરકારી કરોની બાબતમાં આવું નથી હોતું. માણસ કર ભરવામાં કસૂર કરે તો કર અને વસૂલાતના ખર્ચની અંદાજે જેટલી રકમ થાય તેટલી કિંમતનો માલ જપ્તીમાં લેવામાં આવે અને એ માલની જે કિંમત ઊપજે એમાંથી પોતાનું લેણું કાપી લઈ કાંઈ રકમ બાકી રહે તો સરકાર તે આસામીને મજરે આપે. પણ જમીનમહેસૂલનો કર નહીં ભરવાને કારણે તો જમીન ખાલસા કરવામાં આવે એટલે જમીન ધારણ કરનાર તેના ઉપરના તમામ હક ગુમાવે. એ જમીન સરકાર બીજાને આપે તો ઊપજેલી કિંમતમાંથી જમીનમહેસૂલને અંગે પોતાનું જે લેણું હોય તે કાપી લઈ વધારાની રકમ જમીનના અસલ ધારણ કરનારને ન મળે. તેથી જ સરકાર એને માલિક નહીં પણ કબજેદાર કહે છે. ગાંધીજીનો જબરો વાંધો સરકારના આ જાતના દાવા સામે હતો, અને તેથી જ તે આ લડતમાં ખેડૂતોને કહેતા કે આવી રીતે કોઈની જમીન જશે તો તે માટે હું બહારવટું લઈશ. સને ૧૯૨૮ની બારડોલીની લડત વખતે, તેમ જ ૧૯૩૦–’૩૨ના સત્યાગ્રહ વખતે જેમની જમીન ખાલસા કરવામાં આવી હતી તેમની જમીન પાછી મેળવવામાં આ જ મુદ્દો ઉપસ્થિત થયો હતો.

મિ. પ્રૅટની સભા પૂરી થયા પછી જિલ્લામાંથી આવેલા બધા ખેડૂતો ગાંધીજી પાસે ગયા. તેમને ગાંધીજીએ પ્રતિજ્ઞાનું મહત્ત્વ સમજાવ્યું અને પ્રતિજ્ઞા

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



પાળશો તો જય તમારો જ છે એવી ખાતરી આપી. આ ઉપરાંત ગામેગામ વહેંચવા માટે એક લેખી પત્રિકા બહાર પાડી તેમાં મિ. પ્રૅટે ઉઠાવેલા સઘળા મુદ્દાના રદિયા આપ્યા. અમદાવાદના મિલમજૂરોની પ્રતિજ્ઞા વિષે તેમણે પત્રિકામાં જણાવ્યું :

"હું દિલગીર છું કે પ્રૅટ સાહેબે અમદાવાદના મિલમજૂરોની હડતાલ વિષે હકીકતથી વિરુદ્ધ વાત પોતાના ભાષણમાં કરી છે. તેમાં તેઓ સાહેબે વિનયનો, ન્યાયનો, મર્યાદાનો અને મિત્રતાનો ભંગ કર્યો છે. હું ઉમેદ રાખું છું કે આ દોષો તેમણે અજાણતા કર્યા છે. કોઈએ આ જગતમાં પોતાની પ્રતિજ્ઞા પાળી હોય તો અમદાવાદના મજૂરોએ પોતાની પ્રતિજ્ઞા પાળી છે. તેઓએ હમેશાં કહેલું કે પંચ ઠરાવે તે પગાર લેવા તેઓ કબૂલ કરશે."

પત્રિકાના છેવટના ભાગમાં કમિશનરની ધમકીઓ વિષે તેમણે લખ્યું :

"કમિશનર સાહેબે ધમકી ખૂબ આપી છે. તેમણે એમ પણ કહ્યું કે એ ધમકી પોતે ખરી પાડી દેશે. એટલે તેઓ સાહેબ પ્રતિજ્ઞા કરનારાઓની બધી જમીન ખાલસા કરશે, અને તેમના વારસોને પણ ખેડા જિલ્લામાં જમીનની માલિકી ભોગવવાને બિનહકદાર ઠરાવશે.

"આ ઘોર વચન છે, ક્રૂર છે, કઠોર છે. હું માનું છું કે આ વચનમાં અતિ તીવ્ર રોષ ભરેલો છે. જ્યારે કમિશનર સાહેબનો રોષ શાંત થશે ત્યારે આ ઘોર વચનને સારુ તેઓ પશ્ચાત્તાપ કરશે. સરકાર અને પ્રજા વચ્ચેના સંબંધને તેઓ સાહેબે 'માબાપ અને છોકરાં' વચ્ચેના સંબંધ જેવો માન્યો છે. કોઈ માબાપે પોતાનાં છોકરાંને સવિનય સામે થવાને માટે પદભ્રષ્ટ કર્યાનો દાખલો આખી દુનિયાના ઇતિહાસમાં જોવામાં આવ્યો છે ખરો? ખેડા જિલ્લાની પ્રતિજ્ઞા ભૂલભરેલી હોય, એ અશક્ય નથી. પણ તે પ્રતિજ્ઞામાં અવિનય, ઉદ્ધતાઈ કે દાડાઇનો અંશ સરખોયે નથી. ધાર્મિક ભાવથી પોતાની ઉન્નતિને ખાતર લેવાયેલી આવી પ્રતિજ્ઞાને માટે ઉપર પ્રમાણે ઘોર સજા થાય એ વાત હું હજીયે અશકય સમજું છું. એવી સજા હિંદુસ્તાન સાંખી ન શકે, બ્રિટિશ રાજ્યાધિકારીઓ કદી મંજૂર ન કરે, બ્રિટિશ પ્રજાને આવી સજા વિષે ત્રાસ જ છૂટે. જો આવો ઘોર અન્યાય બ્રિટિશ સલ્તનતમાં થાય તો હું તો બહારવટે જ રહી શકું. પણ બ્રિટિશ રાજ્યનીતિ વિષે કમિશનર સાહેબ કરતાં મારો વિશ્વાસ વધારે છે. અને હું હજી પણ જે વચન મેં તમને પહેલાં કહેલાં છે, તે ફરી કહી સંભળાવું છું કે શુદ્ધ ભાવે કરેલા કાર્યને સારુ તમે તમારી જમીન ખોઈ બેસો એ હું અસંભવિત માનું છું. છતાં આપણી તૈયારી તો જમીન ખોવાની પણ હોવી જોઈએ. એક તરફ પ્રતિજ્ઞા અને બીજી તરફ આપણું સર્વસ્વ રાખો. બધી સ્થાવર જંગમ મિલકતની કિંમત પ્રતિજ્ઞાના પ્રમાણમાં કાંઈ જ નથી. તમારી પ્રતિજ્ઞાના પાલનરૂપી વારસો છોકરાં માટે લાખો રૂપિયાની મિલકત કરતાં ઘણો વધારે કીમતી છે. તેમાં આખા હિંદુસ્તાનને ઊંચે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

ચઢવાનો રસ્તો રહેલ છે. મારી ખાતરી છે કે એ રસ્તો તમે કદી નહીં છોડશો. ઈશ્વર એ પ્રતિજ્ઞા પાળવાનું તમને બળ આપો એવું ઇચ્છું છું.”

લડતને અંગે ઘણા સ્વયંસેવકોને ગામડાંમાં ફરવાનું થતું, અને કેટલાકને દિવસો સુધી ગામડે રહેવું પડતું. તેઓ ગામ ઉપર બોજારૂપ ન થઈ પડે એટલું જ નહીં પણ ઉપયોગી થઈ પડે એટલા માટે તેમને સારુ ગાંધીજીએ સૂચનાઓ બહાર પાડી. તેમાં સત્ય અને અહિંસા એટલે દ્વેષભાવ ન રાખવો, ઉદ્ધતાઈ ન કરવી, સંપૂર્ણ વિનય રાખવો એ સૂચનાઓ હતી જ. તે ઉપરાંત એમ કહ્યું હતું કે આપણે સત્તાના મદની, આંધળા અમલની સામે થઈએ છીએ, પણ બધી સત્તાની સામે નથી થતા એ ભેદ ગોખી રાખવાની જરૂર છે. એટલે અમલદારોને તેમનાં બીજાં કાર્યોમાં પૂરી મદદ કરવી એ આપણી ફરજ છે. વળી ગામડાંના લોકની ઓછામાં ઓછી સેવા લેવી. જ્યાં ચાલીને જવાય ત્યાં વાહનનો ઉપયોગ ન કરવો, સાદામાં સાદું ભોજન લેવાનો આગ્રહ કરવો, પકવાન્ન કરવાની મનાઈ કરવી, તેમાં જ તમારી સેવા શોભશે. આ ઉપરાંત ગામડાંમાં ફરતાં લોકોની આર્થિક સ્થિતિ, કેળવણી સંબંધી ખામીઓ વગેરેનું અવલોકન કરવું ને બચતા વખતનો ઉપયોગ ખામીઓ જણાય તે દૂર કરવામાં કરવો.

હજી મિ. પ્રૅટ સાથે સમાધાનની વાતો કરવાનું ગાંધીજીએ છોડ્યું જ ન હતું. મસલત કરવા માટે મળવાની માગણીના જવાબમાં પ્રૅટ સાહેબે લખ્યું:

> “તમારાં સઘળાં હથિયાર છોડી દઈ મસલત કરવા આવવું હોય તો જ્યારે આવો ત્યારે તમારે માટે બારણાં ખુલ્લાં છે. મારા હાથ તો કાયદા અને વહીવટના નિયમોથી બંધાયેલા છે.”

ગાંધીજીએ જવાબમાં લખ્યું :

> “હું તો સત્યાગ્રહી છું. મારાં હથિયાર તો શું પણ મારું સર્વસ્વ હું બીજી રીતે અર્પણ કરી દઉં, પણ સિદ્ધાંત તો મરણ પર્યંત મારાથી ન જ છોડાય.”

બીજા એક કાગળમાં લખ્યું :

> “તમારા મનમાં હોમરૂલવાળાઓ માટે ખોટા ખ્યાલ ભરાઈ ગયો છે. તેમનામાં જે સારા ગુણો છે તેનો તમે પણ મારી પેઠે ઉપયોગ કરો. . . . ખેડા જિલ્લાની પ્રજા અંધશ્રદ્ધામાં દોરાય છે એમ હું લેશ પણ જોતો નથી. મન ખાતરી છે કે જો તેઓ મારી સલાહ માનશે તો તેમને નૈતિક અને આધ્યાત્મિક નુકસાન તો નહીં જ થાય.”

બીજી તરફથી આ લડત પ્રત્યે સુશિક્ષિત લોકોની સહાનુભૂતિ મેળવવા સર નારાયણ ચંદાવરકર, સર સ્ટેનલી રીડ, શ્રી નટરાજન, નામદાર શાસ્ત્રિઆર

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



વગેરે સાથે ગાંધીજી સતત પત્રવ્યવહાર ચલાવી રહ્યા હતા. તા. ૨૩મી એપ્રિલના રોજ લડતને ટેકો આપવા મુંબઈમાં ના. વિઠ્ઠલભાઈના પ્રમુખપણા નીચે એક મોટી જાહેરસભા થઈ. ગાંધીજીએ લડતની ઉત્પત્તિ અને વિગતોનો ખ્યાલ આપનારું પ્રાસ્તાવિક ભાષણ કર્યું. તેમાં જણાવ્યું કે:

"... આ લડતના મૂળમાં બૅરિસ્ટરો કે વકીલો નથી, પણ હળ ચલાવનારા ખેડૂતો જ છે. ગોધરાની પરિષદ પછી કેટલાક ખેડૂતોએ વિચાર કર્યો કે આપણે આપણાં હિત જાળવવા પ્રયાસ કરવો જોઈએ. તેમણે મને લખ્યું કે સરકાર પાસે દાદ માગવાનો અમને હક છે, તમે મદદ કરશો? તમે જોઈ શકશો કે આ લડતનું મૂળ બહારની ચળવળ નથી. બહારની મદદથી એ લડત શોભી ઊઠી. આપણા પ્રમુખ સાહેબ અને ના. ગોકુળદાસભાઈએ એને શોભા આપી. તેથી જીત માટે લોકોને શ્રદ્ધા પડી. . . . ગુજરાત સભાના પ્રતિષ્ઠિત અને ઠરેલ સભાસદોએ પણ તપાસ કરી અને ખાતરી કરી કે રાહત મળવી જોઈએ. લોકોની દાદ માટે આટલો ટેકો બસ હતો. તે ઉપરાંત પણ અમલદારોને રીઝવવા ઓછું નથી થયું. હું એ બાબતની સાક્ષી પૂરું છું. . . .

"ખેડાના પુરુષો જ નહીં, પણ સ્ત્રીઓ પણ આ લડતમાં સામેલ રહે છે. ગામડાંઓની સભાઓમાં એક અલૌકિક દેખાવ થઈ રહે છે. તેઓ કહે છે કે સરકાર ભલે અમારી ભેંસો લઈ જાય, દાગીના લઈ જાય, ખેતરો ખાલસા કરે, પણ અમારા મરદોએ લીધેલી પ્રતિજ્ઞા પાળવી જ જોઈએ. . . .

"ખેડા અને ચંપારણનો અનુભવ મને એ શીખવે છે કે લોકનાયકો પ્રજામાં ફરશે, તેમની સાથે ખાશેપીશે તો બે વર્ષમાં એવા મહત્ત્વના ફેરફાર થઈ શકશે, જેની વાત નહીં. આ લડતનો ઊંડો અભ્યાસ કરજો. ખેડા જિલ્લાની પ્રજાને ઓળખી લેજો. લાગણીથી અને વચનથી જેટલી મદદ આપી શકાય તેટલી મદદ આપજો. આપણે અવિનયથી ન્યાય નથી માગતા. પણ સરકારના હૃદયમાં સત્ય જાગ્રત કરીને ન્યાય માગીએ છીએ. ન્યાય નહીં મળે ત્યાં સુધી એ પ્રજા ઝૂઝ્યાં કરવાની છે."

આ સભાની વિશેષતા એ હતી કે ખેડા જિલ્લાના ખેડૂતો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવતો અને નિષ્પક્ષ તપાસનું પરિણામ આવે ત્યાં સુધી મહેસૂલ ઉઘરાવવાનું મુલતવી રાખવાની સરકારને વિનંતી કરતો મુખ્ય ઠરાવ લોકમાન્ય તિલક મહારાજે રજૂ કર્યો હતો. આ રહ્યા તેમના શબ્દો:

"આ પ્રશ્ન માત્ર ખેડા જિલ્લાના ખેડૂતોને લગતો નથી. સને ૧૮૯૬માં આવી જ પરિસ્થિતિ કોલાબા જિલ્લામાં ઊભી થઈ હતી. અને આ જ મિ. પ્રૅટ તથા તે વખતના મિ. (હાલ સર) જેમ્સ ડુબોલે સાથે મતભેદ પડ્યો હતો. તે વખતે ખેડૂતોની જમીન ખાલસા કરવામાં આવી હતી. જમીન ખેડૂતની હોવા છતાં ફક્ત એક વરસના મહેસૂલની ખાતર સરકાર ખેડૂતને ભીખ માગતો કરી મૂકે છે! પાક બરાબર ઊતર્યો છે કે કેમ તે તપાસવાની

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

14737

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો



ખેડા સત્યાગ્રહ વખતે

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



સરકાર દરકાર રાખતી નથી અને લોકોની વાત માનતી નથી. તેમને તો એક જ લક્ષ હોય છે કે ગમેતેમ કરી મહેસૂલ વસૂલ કરવું.

"ખેડા જિલ્લાના ખેડૂતોએ દાદ માગી. પણ મિ. પ્રૅટ કહે છે કે પાક સંબંધી નિર્ણય કરવાનો હક માત્ર તેમને એકલાને જ છે. આ મુશ્કેલ પ્રશ્નનો નિકાલ લાવવા સ્વતંત્ર કમિશન નિમાવું જોઈએ.

"સંકટમાં આવી પડેલા ખેડા જિલ્લાના આપણા દેશબંધુઓને ઉત્તેજન આપવા આપણે આ ઠરાવને સંમતિ આપવી જ જોઈએ."

મુંબઈમાં સભા કરીને ત્યાંથી ગાંધીજી દિલ્હી ગયા. યુરોપનું મહાયુદ્ધ કટોકટીની સ્થિતિએ પહોંચ્યું હતું. અને હિંદુસ્તાનમાંથી બની શકે તેટલી વધારે મદદ મેળવવા માટે વાઈસરૉયે યુદ્ધપરિષદ બોલાવી હતી અને તેમાં ગાંધીજીને આગ્રહભર્યું આમંત્રણ કર્યું હતું. આ પરિષદમાં લોકમાન્ય તિલક મહારાજને તથા મિસિસ બેસન્ટને નહોતાં બોલાવ્યાં અને અલીભાઈઓ તો અટકાયતમાં હતા એટલે દેશના આ મહાન નેતાઓ વિના પોતે પરિષદમાં ભાગ ન લઈ શકે એ વસ્તુ વાઈસરૉયને રૂબરૂ કહી પાછા આવવું એવો ગાંધીજીનો પ્રથમ તો વિચાર હતો. પણ વાઈસરૉયે જે ભાવથી વાત કરી અને પોતાની મુશ્કેલીઓ જણાવી તે ઉપરથી તેમણે ભાગ લેવાનું નક્કી કર્યું, એટલું જ નહીં પણ સૈન્યભરતીમાં મદદ કરવાના ઠરાવને ટેકો આપ્યો. ખેડાના સ્વયંસેવકોને સૂચના આપતાં પોતે કહેલું કે, જમીન-મહેસૂલના પ્રશ્ન ઉપર અમલદારો ખોટી હઠ પકડી બેઠા છે તેની સામે આપણી લડત છે, પણ સરકારનાં બીજાં કામોમાં તો આપણે મદદ કરવી જ જોઈએ. એ પોતાના દાખલાથી એમણે બતાવી આપ્યું, એટલું જ નહીં પણ દિલ્હીથી આવીને ગુજરાત સભા પાસે સૈન્યભરતીમાં મદદ કરવાનો ઠરાવ પણ કરાવ્યો.

દરમ્યાન ચોવીસમી એપ્રિલના રોજ સરકારે એક લાંબી યાદી બહાર પાડીને ગાંધીજીની તપાસને 'અધ્ધર તપાસ' કહી અને કલેક્ટરે બહુ બારીકાઈથી તપાસ કરી છે એમ જણાવ્યું. વળી એમ પણ જણાવ્યું કે, "ઘણાખરા તાલુકાઓમાં ચાલુ વર્ષની મહેસૂલનો મોટો ભાગ અત્યાર પહેલાં ઉઘરાવી લેવામાં આવ્યો છે અને હવે તપાસ માટે કમિટીની જરૂર નથી. મિ. ગાંધી અને બીજાઓ હજી એક સ્વતંત્ર તપાસ ચલાવવાને સરકારને દબાણ કરે છે પણ સરકાર તેમ કરવા બિલકુલ તૈયાર નથી. . . . મહેસૂલ મુલતવી રાખવા કે માફ કરવા ખેડાના ખેડૂતો જેવો દાવો કરે છે તેવો દાવો હક તરીકે ખેડૂતોથી કરી શકાય નહીં, માત્ર મહેરબાની ખાતર રાહત મેળવવા તેઓ માગણી કરી શકે. . . . છતાં ઘડીભર માની લઈએ કે તપાસ માટે કમિટી નીમવા સરકાર પોતાની ખુશી બતાવે, પણ દેખીતું છે કે વહીવટીખાતામાં એવી તપાસ સહેજ પણ ઉપયોગી નીવડે નહીં કેમ કે વહીવટ કરવાનો છેવટનો અધિકાર તો એ ખાતાના હાથમાં જ રહેવાનો."



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ગાંધીજીએ દિલ્હીથી આવ્યા પછી તા. ૭ઠ્ઠી મેના રોજ આ યાદીના એકેએક મુદ્દાનો વિગતવાર રદિયો આપ્યો. મુખ્ય વાત તેમણે એ કહી કે, "સરકારને હવે સ્વતંત્ર પંચ નીમવાની આવશ્યકતા ન જણાતી હોય તો જ્યારે મહેસૂલની જૂજ રકમ બાકી છે ત્યારે સરકાર તે મુલતવી કેમ રાખતી નથી? આથી ચોખ્ખી પ્રતીતિ થાય છે કે સરકાર હઠ પકડીને બેઠી છે, અને કમિશનર તેમાં આગેવાન બન્યા છે."

ગાંધીજી દિલ્હી ગયા ત્યારથી અને તેમના પાછા ફર્યા બાદ આખા મે મહિનામાં બાકી રહેલું મહેસૂલ વસૂલ કરી લેવાને જપ્તીઓનો સપાટો બહુ વધી પડ્યો હતો. સરકારે તે માટે ખાસ વધારાના અમલદારો નીમ્યા હતા. ઘણા આસામીઓની જમીન ખાલસા કરવામાં આવી હતી, છતાં એ ખાલસાવાળા આસામીઓનું મહેસૂલ પણ તેમને ઘેર જપ્તી કરીને વસૂલ કરવામાં આવતું. અને મહેસૂલ વસૂલ થાય એટલે જમીન ખાલસા રહેતી નહોતી. આ જોઈ તા. ૧૨મીના રોજ ગાંધીજીએ બોરસદ તાલુકાના ઢુંડાકૂવા ગામમાં નીચે પ્રમાણે ભાષણ કર્યું:

"તમે જોયું હશે કે આપણી લડતમાં પૂરેપૂરી નહીં તોપણ લગભગ પૂરી જીત આપણને મળી છે. પ્રૅટ સાહેબે જે ધમકી આપી હતી અને જે પ્રતિજ્ઞા કરી હતી તે તેઓ પાળી શક્યા નથી. કોઈ પ્રતિજ્ઞા લે ને ન પાળી શકે એમાં સત્યાગ્રહી જીત ન માને. પણ પ્રતિજ્ઞા દૈવી પણ હોય અને રાક્ષસી પણ હોય. દૈવી પ્રતિજ્ઞા મરણ પર્યંત પાળવી જ જોઈએ. રાક્ષસી પ્રતિજ્ઞાની સામે મરણ પર્યંત લડવું જ જોઈએ. પ્રૅટ સાહેબની પ્રતિજ્ઞા રાક્ષસી હતી. તેમણે કહ્યું હતું કે તમારી જમીન ખાલસા થશે અને તમારા વારસોનાં નામ પણ સરકારના ચોપડામાં નહીં રાખવામાં આવે. પણ તેઓ જમીન ખાલસા નથી કરી શક્યા. તેમ કરત તો પ્રજાની હાય તેમને જરૂર લાગત. આખા હિંદુસ્તાનમાં ખેડાના કાળા કોપની બૂમ પડત. આ સ્થિતિમાંથી પ્રૅટ સાહેબ બચી ગયા છે."

જપ્તીઓનું દમન જિલ્લામાં પૂરજોસથી ચાલી રહ્યું હતું તે વખતે ગાંધીજીને ખાસ કામ પ્રસંગે બિહાર જવું પડ્યું. એટલે પ્રજાનો જુસ્સો ટકાવી રાખવાની મુખ્ય જવાબદારી સરદાર ઉપર આવી પડી. તેઓ અને બીજા કાર્યકર્તાઓ પગ વાળીને બેસતા નહીં. પણ આખા જિલ્લાને એકસરખું માર્ગદર્શન આપવાની જરૂર હતી તે માટે પ્રજા જોગ પત્રિકા દ્વારા સરદારે સંદેશો આપ્યો કે:

". . . પ્રજામત અને આંધળો અમલ એ બેની વચ્ચે દારુણ ધર્મયુદ્ધ ચાલે છે. સરકારે સત્તાના બળથી જમીનમહેસૂલ વસૂલ કરી લેવા નિશ્ચય કર્યો છે. . . . તે માટે ખાસ વધારાના અમલદારો નીમ્યા છે અને કચેરીના

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



કારકુનોને તે કામમાં રોકી લીધા છે. આખા જિલ્લામાં ખાલસાની નોટિસો કાઢી, ખાલસાના હુકમો પણ કર્યા, મુખ્ય માણસોને ઘેર જપ્તીઓ કરી, ચોથાઈ દંડ લીધા, ઊભો પાક જપ્તીમાં લીધો, જેલનો ડર બતાવ્યો, પણ પ્રજા અટગ રહી અને અમલદારો થાક્યા એટલે કમિશનર સાહેબ એમની મદદે આવ્યા. તમામ ખેડૂતોને નડિયાદ મુકામે ભેગા કરી તેમણે ખૂબ ધમકી આપી, ગવર્નર સાહેબનો પત્ર વાંચી સંભળાવ્યો, જપ્તીઓ બંધ કરવાનો નિશ્ચય કરી, ફૉર્મ ખૂટી ગયાં એટલી ખાલસાની નોટિસો કાઢી અને ખાલસાના હુકમો કર્યા. ખેડૂતોએ તે હર્ષથી વધાવી લીધા અને સરકારી તિજોરીમાં પૈસો આવ્યો નહીં. . . . . એટલે ખાલસાની વાત વીસરી જઈ જપ્તીઓનું કામ શરૂ કર્યું છે. . . .

"ખેડૂતોને ભારેમાં ભારે ત્રાસ આપી ડરાવવાના હેતુથી જપ્તીમાં લઈ શકાય એવી બીજી મિલકત હોવા છતાં સંખ્યાબંધ ભેંસો જપ્તીમાં લે છે, ખાસ કરીને દૂઝણી ભેંસો લે છે. તેમને તાપમાં બાંધવામાં આવે છે, પાડાપાડીથી વિખૂટી પાડવામાં આવે છે, જાનવરો રાડો પાડે છે, તે જોઈ સ્ત્રીઓ કકળાટ કરે છે અને બાળકો હૃદયભેદક રુદન કરે છે. આમાં ભેંસની કિંમત અડધી થઈ જાય છે. છતાં ધર્મ પાળનાર ખેડૂત ધીરજથી પ્રતિજ્ઞાનું પાલન કરે છે અને શાંતિથી દુઃખ સહન કરે છે. ચૂંટી ખણતાં લોહી નીકળે એવાં સાચવેલાં ઢોર ઉપર ગુજરતો આ ત્રાસ સ્ત્રીઓ જોઈ શકે નહીં, છતાં આવા પ્રસંગોમાં સ્ત્રીઓ ભારે હિંમત બતાવે છે. . . . .

"લડત લંબાતી જાય છે તેમ તેમ પ્રજાની કસોટી થાય છે. દુઃખ સહન કરવાનો પ્રસંગ જ ન આવ્યો હોત તો પ્રજાને આ લાભ મળત નહીં. . . . સત્તાના દોરથી સાહેબી ભોગવનારા અમલદારોને આજે ગામમાં કોઈ સત્કાર કરનાર મળતું નથી. મોં માગી ચીજ મફત મેળવનારને પૈસા ખર્ચતાં પણ જરૂરી ચીજ મળતી નથી. . . . . હવે એમનાં હૃદય પણ પીગળ્યાં છે. રૈયતના તરફ સત્ય છે એવી એમના હૃદયમાં ઝાંખી થયેલી માલૂમ પડે છે. પણ હાલની ચાલતી રાજ્યપદ્ધતિમાં તેઓ લાચાર છે. આવા કઠણ સંજોગોમાં તેઓ કોઈ વખત મર્યાદા છોડે, ક્રોધ કરે, ત્રાસ આપે તોપણ આપણે મર્યાદા ન છોડવી, વિનય ન છોડવો અને તેમના ઉપર રોષ ન કરતાં તેમની દયા ખાવી અને શાંતિ પકડવી એ ખાસ જરૂરનું છે. કઠોરમાં કઠોર હૃદયને પણ પ્રેમથી વશ કરી શકાય છે અને સામાની કઠોરતાના પ્રમાણમાં આપણો પ્રેમ તેટલો જ સબળ હોય તો જરૂર આપણે જીતી શકીએ એ સત્યાગ્રહની લડતનું રહસ્ય છે. . . . ."

એકસરખી જપ્તીઓ ચાલુ હોવા છતાં લોકો હિંમત રાખી શક્યા હતા અને આનંદથી પોતાનાં ઢોરઢાંખર, ઘરેણાં તથા વાસણ જપ્ત થવા દેતા હતા. તેમાં પુરુષોની સાથે સ્ત્રીઓએ આગળપડતો ભાગ લેવા માંડ્યો હતો, તે જોઈ મુંબઈનાં વર્તમાનપત્રોના પ્રતિનિધિઓ દિંગ થઈ ગયા અને

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

વર્તમાનપત્રોમાં ખેડૂતોની બહાદુરીની પ્રશંસાના લેખો લખવા માંડ્યા. એક પ્રસંગે તો ખુદ કલેક્ટર પણ બોલી ગયા કે, “જે રીતે રૈયત લડી રહી છે તે બહુ ખૂબીદાર છે.” બીજા પ્રાંતોમાં પણ મોટી મોટી સભાઓ ભરાવા માંડી અને ત્યાંથી સહાનુભૂતિના તાર આવવા લાગ્યા.

બિહારથી પાછા આવ્યા બાદ તા. ૩જી જૂને ગાંધીજી નડિયાદ તાલુકાના ઉત્તરસંડા ગામે પહોંચ્યા કે તરત જ મામલતદાર ગાંધીજીને ઉતારે ગયા અને થોડી વાતચીત બાદ તેમણે જણાવ્યું કે, જો સારી સ્થિતિવાળા મહેસૂલ ભરી દે તો ગરીબ લોકોનું મુલતવી રાખવામાં આવશે. ગાંધીજીના કહેવાથી મામલતદારે એ વસ્તુ લેખી રૂપમાં આપી. ગાંધીજીએ તરત કલેક્ટરને લખ્યું કે આવી જાતનો હુકમ આખા જિલ્લા માટે બહાર પાડવામાં આવે અને ચોથાઈ વગેરે દંડ માફ કરવામાં આવે તો અમારે લડવાપણું રહેતું નથી. ગાંધીજીને મતે તો આ લડત સિદ્ધાંતની અને ટેકની હતી, કલેક્ટરના ‘અફર’ ગણાતા ‘છેવટના હુકમ’ ફેરવવાની લડત હતી. એટલે એક આસામીનું મહેસૂલ બાકી રહ્યું હોય અને રીતસરનો હુકમ કાઢી તે મુલતવી રાખવામાં આવે, તો એટલાથી પણ પ્રજાની જીત થતી હતી. જેમ કમિશનરની ભારે ધમધમાટી સાથેના ખાલસાના હુકમો હવામાં અધ્ધર રહી ગયા હતા તેમ બારીક તપાસ પછી કાઢેલા કલેક્ટરના ‘છેવટના હુકમ’ પણ આવી જાતની મુલતવીથી ઓગળી જતા હતા. પ્રજાને કષ્ટ તો બહુ વેઠવું પડ્યું અને નુકસાન પણ બહુ ખમવું પડ્યું, પણ અમલદારોના કક્કાને પ્રજામત ખોટો પાડી શકે છે એ જાતના આત્મવિશ્વાસની પ્રજાએ ભારે કીમતી કમાણી કરી. ગાંધીજીની વાત કલેક્ટરે માન્ય રાખી અને તે પ્રમાણેના હુકમો જાહેર થયા. એટલે તા. ૬ઠ્ઠી જૂનના રોજની ગાંધીજીની તથા સરદારની સહીવાળી પત્રિકાથી લડત બંધ થયેલી જાહેર કરવામાં આવી.

આ પત્રિકા કાઢતાં પહેલાં ગાંધીજીની કલેક્ટર સાથે એક મુલાકાત થઈ. તેમાં અમલદારોની એક ચાલબાજીનો ભેદ ખુલ્લો પડી ગયો. કલેક્ટરે ગાંધીજીને કહ્યું કે, “ઉપર પ્રમાણે છૂટ આપવાનો હુકમ તો તા. ૨૫મી એપ્રિલે મામલતદારો ઉપર મોકલવામાં આવ્યો હતો. વળી તેનો બરાબર અમલ થાય એવા હેતુથી ફરી પાછો તા. ૨૨મી મેના રોજ હુકમ મોકલવામાં આવ્યો હતો. તેઓને એવું પણ જણાવવામાં આવ્યું હતું કે આપી શકે એવાની અને ન આપી શકે એવાની એમ બે યાદીઓ તૈયાર કરવી.” આમ છતાં આ હુકમોની પ્રજાને કે કાર્યકર્તાઓને કોઈને કશી જાણ કરવામાં આવી નહોતી એટલું જ નહીં પણ જપ્તીનું કામ આ હુકમની તારીખ પછી પણ આખો મે મહિનો વધુ જોસથી ચલાવવામાં આવ્યું હતું. અમલદારોના આવા વર્તન પાછળ શો

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ભેદ હશે તેનું અનુમાન કરતાં એમ જણાય છે કે દિલ્હીની યુદ્ધ પરિષદમાં જવા માટે નીકળતી વખતે ગાંધીજીએ કમિશનર મિ. પ્રૅટને કાગળ લખ્યો હતો કે :

"યુદ્ધ પરિષદમાં હાજર રહેવા હું દિલ્હી જાઉં છું. આ પરિષદ અને તેના હેતુ આગળ ધરી હું તમને ફરી વિનંતી કરતાં અચકાતો નથી કે બાકી રહેલી મહેસૂલ આવતી સાલ સુધી મુલતવી રાખો. તમે ખાતરી રાખજો કે સરકારનો આવો ઠરાવ બહાર પડતાંની સાથે જ સારી સ્થિતિવાળા લોકો આપોઆપ મહેસૂલ ભરી દેશે. હું જો ના૦ વાઈસરૉયને દિલ્હીમાં કહી શકું કે અમે ખેડામાં અમારા ઘરનો કજિયો હોલવ્યો છે તો તેમને કેટલી બધી શાંતિ વળશે ?"

સંભવ છે કે ગાંધીજીને આનો જવાબ ન આપતાં ઉપર મુજબના હુકમો કાઢીને મુંબઈ સરકારને અને હિંદ સરકારને ખબર આપવામાં આવી હોય, જેથી અમલદારો યુદ્ધ પરિષદમાં વાઈસરૉયને કહી શકે કે અમે તો ગાંધીની માગણી પ્રમાણે હુકમો કાઢી દીધા છે છતાં તેણે સત્યાગ્રહની લડત ચાલુ રાખી છે. આમ વાઈસરૉય આગળ પોતે સતા થવાની અને ગાંધીજીને ખોટા દેખાડવાની અમલદારોની યુક્તિ હોય. બીજું સંભવિત અનુમાન એ પણ છે કે વાઈસરૉયના કહેવાથી મુંબઈના ગવર્નરે કલેક્ટર કમિશનરને સૂચના કરી હોય કે સામ્રાજ્યની કટોકટીને વખતે આ ઝઘડો પતાવી નાખો. પણ સિવિલિયનોને એ વસ્તુ ગમતી ન હોય તો તેઓ વાઈસરૉય કે ગવર્નરની નીતિમાં હજાર જાતની મુશ્કેલીઓ ઊભી કરી તેનો અમલ અશક્ય બનાવી મૂકે છે એવું ઘણી વાર જોવામાં આવ્યું છે. એટલે આ હુકમ માત્ર ઉપરનાઓને બતાવવા પૂરતો જ કાઢ્યો હોય અને જિલ્લામાં તો પોતાની મરજી પ્રમાણે જ હાંકયે રાખ્યું હોય. 14737

લડત બંધ કરવાની પત્રિકામાં ગાંધીજીએ અને સરદારે જણાવ્યું કે :

"... લડતનો અંત તો આવ્યો છે પણ અમારે દિલગીરી સાથે કહેવું પડે છે કે તે અંત માધુર્યરહિત છે. ઉપરનો હુકમ ઉદાર દિલથી રાજી થઈને કરવામાં નથી આવ્યો, પણ પરાણે થયા જેવો ભાસ આવે છે. . . . તા. ૨૫મી એપ્રિલે એ હુકમો પ્રજાએ જાણ્યા હોત તો કેટલી હાડમારીમાંથી પ્રજા બચી જાત ? જપ્તીઓ કરવાનું જે નકામું ખર્ચ જિલ્લાના અમલદારોને તે જ કામ ઉપર રોકી કરવામાં આવ્યું તે બચી જાત. જ્યાં જ્યાં મહેસૂલ બાકી છે ત્યાં પ્રજા ઊંચા જીવે રહી છે. જપ્તી ન થઈ શકે તેમ કરવા ખાતર તેઓ ઘર તજી બહાર રહ્યા છે, ખાવાનું પણ પૂરું ખાધું નથી. બહેનોએ ન સહન કરવાનું સહન કર્યું છે. કોઈ કોઈ વેળા ઉદ્ધત સર્કલ ઇન્સ્પેક્ટરોનાં અપમાન પણ સહન કર્યાં છે, દૂઝણી ભેંસોને છોડી જતાં તેઓએ સાંખ્યું છે. ચોથાઈના દંડ ભર્યા છે. . . . અધિકારી વર્ગને ખબર હતી કે લડતનું મૂળ જ ગરીબ લોકોની કઠણાઈ હતું. આ કઠણાઈ સામું જોવાની કમિશનર

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

સાહેબે પ્રથમથી જ ના પાડી. ઘણુંયે કાગળો લખ્યા છતાં તેમની 'ના'-ની 'હા' ન થઈ. 'આસામીવાર છૂટ અપાય જ નહીં, એવો કાયદો જ નથી,' આ તેમના શબ્દો હતા. હવે કલેક્ટર સાહેબ કહે છે કે આમ છૂટ આપવાની વાત તો જગજાહેર છે. ત્યારે શું પ્રજાએ જાણી જોઈને હઠથી દુઃખ સહન કર્યું ? દિલ્હી જતી વખતે અમારામાંથી ગાંધીજીએ કમિશનર સાહેબને આવો જ હુકમ કાઢવા વિનંતી કરેલી પણ તેમણે એ વાત ન સાંભળી. અમને બંનેને પૂછીને એવી જ માગણી તા. ૨૫મી એપ્રિલ પછી રા૦ સા૦ દાદુભાઈએ કરેલી. પણ તેમને કલેક્ટર સાહેબે કહેલું કે એવી માગણી સ્વીકારવાનો હવે વખત જ નથી રહ્યો.

"પણ પ્રજાનું દુઃખ જોઈને તેઓ પીગળ્યા. તેઓને પોતાની ભૂલ જણાઈ અને આસામીવાર છૂટ આપવા તૈયાર થયા. ઉદાર દિલે જશ લેવાના રસ્તાનો અધિકારી વર્ગે હઠપૂર્વક ત્યાગ કર્યો છે. હવે પણ જે આપ્યું છે તે સંકોચાઈને, ન ચાલતાં, ભૂલનો સ્વીકાર કર્યા વિના, કંઈ નવી વાત નથી એમ કહીને આપ્યું છે. તેથી અમે કહીએ છીએ કે સમાધાનીમાં મીઠાશ નથી.

"અધિકારી વર્ગની આવી વર્તણૂક હોવા છતાં આપણી માગણીનો સ્વીકાર થાય છે એટલે આપણે સમાધાનીને વધાવી લેવી એ આપણી ફરજ છે. હવે મહેસૂલના આઠ ટકા જ વસૂલ થવાના બાકી છે. આજ લગી મહેસૂલ નહીં ભરવામાં માન હતું. સ્થિતિ બદલાતાં સત્યાગ્રહીને સારુ મહેસૂલ ભરવામાં માન રહ્યું છે. સરકારને જરા પણ તકલીફ દીધા વિના જે શક્તિમાન છે તેમણે મહેસૂલ તરત ભરીને બતાવી આપવાનું છે કે જ્યાં આધ્યાત્મિક કાયદા અને માનુષી કાયદા વચ્ચે વિરોધ નથી ત્યાં સત્યાગ્રહી કાયદાને માન આપવામાં ગમે તેની સાથે હરીફાઈ કરી શકે છે. . . . અશક્તોની યાદી તૈયાર કરવામાં આપણે એવો કડક નિયમ રાખવો કે આપણી યાદીની સામે કોઈ થઈ શકે જ નહીં.

"પોતાની બહાદુરીથી ખેડાની પ્રજાએ આખા હિંદુસ્તાનનું ધ્યાન ખેંચ્યું છે. સત્ય, નિર્ભયતા, એકસંપ, દૃઢતા અને સ્વાર્થત્યાગનો રસ ખેડાની પ્રજા આજે છ માસથી ચાખતી આવી છે. અમારી ઉમેદ છે કે એ મહાન ગુણોને પ્રજા વધારે ખીલવશે, વધારે આગળ ચઢશે ને માતૃભૂમિનું નામ વિશેષ ઉજ્જ્વળ કરશે. અમારી દૃઢ માન્યતા છે કે ખેડા જિલ્લાની પ્રજાએ પોતાની, સ્વરાજ્યની અને સામ્રાજ્યની શુદ્ધ સેવા કરી છે."

આ લડતનો અંત માધુર્યરહિત હતો અને જોકે અમલદારોને પોતાનાં વચનો અને ધમકીઓ ગળી જવાં પડ્યાં હતાં છતાં તેમના દિલ ઉપર કશી અસર થઈ નહોતી. એટલું જ નહીં પણ પ્રજાને કનડવાની એક પણ તક જવા દેવા તેઓ તૈયાર ન હતા. તેનું પ્રત્યક્ષ પારખું આ સમાધાનીના દિવસોમાં જ મળ્યું. સરકારે માતર તાલુકાના નવાગામ ગામના એક ખેડૂતની જમીન ખાલસા કરી હતી અને તેની સાથે તેમાંના એક નંબરના પાકને પણ ખાલસા

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



થયેલો માન્યો હતો. ખાલસાની નોટિસમાં આ નંબર બતાવેલો નહીં હોવાથી તે ખાલસા થયેલો ગણાય નહીં એમ ગાંધીજીએ કલેક્ટરને અગાઉથી લખી જણાવ્યું હતું. આ કહેવાતા ખાલસા નંબરમાં આશરે છસો રૂપિયાની કિંમતનો ડુંગળીનો પાક હતો. ચોમાસું માથા પર આવેલું હોવાથી પાક બચાવવાને માટે ડુંગળી ખોદી લેવાની ગાંધીજીએ સલાહ આપી. ગામના લોકોને પ્રોત્સાહન રહે તે ખાતર શ્રી મોહનલાલ પંડ્યા નવાગામ ગયા અને તા. ૪થી જૂનના રોજ તેમની આગેવાની નીચે ગામના લગભગ બસો માણસોએ એ ડુંગળી ખોદવા માંડી. મામલતદાર એકદમ ખેતર ઉપર જઈ પહોંચ્યા અને પંડ્યાજી તથા નવાગામના ચાર આગેવાનો ઉપર ચોરીનું તહોમત મૂકી તેમને પકડ્યા તથા ડુંગળી કબજે કરી. તા. ૮મીએ ખેડા મુકામે કલેક્ટર સમક્ષ તેમનો કેસ ચાલ્યો. બે જણને દસ દસ દિવસની અને પંડ્યાજી તથા બીજા બે મળી ત્રણ જણને વીસ વીસ દિવસની સજા કરવામાં આવી. કેસ વખતે ગાંધીજી અને સરદાર હાજર રહ્યા હતા. બીજા પણ ત્રણસોથી ચારસો માણસો હશે. કોર્ટની બહાર તેમને સંબોધીને ગાંધીજીએ કહ્યું: “અપીલમાં એક ક્ષણમાં જિતાય એવો આ કેસ છે. વલ્લભભાઈએ કે મેં સવાલ ન પૂછ્યા તે કેસ નબળો હતો એટલા માટે નહીં. અમે કશી ઊલટતપાસ ન કરી છતાં કોઈ પણ નિષ્પક્ષ મૅજિસ્ટ્રેટ જેને કાયદાનું સારું જ્ઞાન હોય તે કહી શકે કે આમાં ચોરી નથી. આમ છતાં આપણે અપીલ નથી કરવી. સત્યાગ્રહીથી થઈ શકે નહીં. એણે તો જેલ ભોગવવી એ જ સારો માર્ગ છે. . . . ભૂલાભાઈ (એમાંનો એક સત્યાગ્રહી)ના જમીનમહેસૂલના રૂપિયા ૯૪ બાકી છે તે મામલતદારને આવતી કાલે જ ભરી આવવા. આપણે સમાધાની જાળવવાની છે. . . .”

તા. ૨૭મી જૂને પંડ્યાજી અને બીજા કેદીઓ છૂટવાના હતા. તેમને ખૂબ માન આપવું એમ ગાંધીજીએ નક્કી કર્યું. ગુજરાતમાં આ પહેલા જ સત્યાગ્રહી જેલ ભોગવનારા હતા. એટલે જેલમાંથી નીકળે તે જ વખતે તેમનું સ્વાગત કરવા મહેમદાવાદથી સાત માઈલ પગે ચાલીને ગાંધીજી, સરદાર, ડૉ. કાનુગા, શ્રી માવળંકર, શ્રી કૃષ્ણલાલ દેસાઈ વગેરે ગયા. પંડ્યાજીને નવાગામ તથા કઠલાલમાં ખૂબ માન મળ્યું. એમના માનની બધી સભાઓમાં ગાંધીજી તથા સરદારે ભાગ લીધો. આ પ્રસંગથી પંડ્યાજી ગુજરાતમાં ‘ડુંગળી ચોર’ના ઉપનામથી જાણીતા થયા.

પછી તા. ૨૯મી જૂનના રોજ નડિયાદમાં આ લડતની પૂર્ણાહુતિનો ઉત્સવ ઊજવાયો. આ લડતમાં જ ગાંધીજીને સરદાર લાધ્યા અને બે વચ્ચે જીવનભરનો પ્રેમસંબંધ અને સેવાસંબંધ બંધાયો. એને ઉદ્દેશીને ગાંધીજીએ સભામાં કહ્યું :

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



“ સેનાપતિની ચતુરાઈ પોતાનું કારભારી મંડળ પસંદ કરવામાં રહેલી છે. ઘણા માણસો મારી સલાહ માનવાને તૈયાર હતા પણ મને વિચાર થયો કે ઉપ-સેનાપતિ કોણ થશે ? ત્યાં મારી નજર ભાઈ વલ્લભભાઈ પર પડી. મારે કબૂલ કરવું જોઈએ કે મેં ભાઈ વલ્લભભાઈની પહેલી મુલાકાત લીધી ત્યારે મને એમ થયેલું કે આ અક્કડ પુરુષ તે કોણ હશે ? એ શું કામ કરશે ? પણ જેમ જેમ હું એમના વધારે પ્રસંગમાં આવ્યો તેમ તેમ મને લાગ્યું કે મારે વલ્લભભાઈ તો જોઈએ જ. વલ્લભભાઈએ પણ માન્યું કે જબરી વકીલાત ચાલે છે, મ્યુનિસિપાલિટીમાં ભારે કામ કરું છું, તેથી પણ ભારે કામ આ છે. ધંધો તો આજ છે ને કાલે ન હોય. પૈસા કાલે ઊડી જાય. વારસો તેને ઉડાવી દે. માટે પૈસા કરતાં ઊંચો વારસો એમને માટે હું મૂકી જાઉં. આવા વિચારોથી એમણે ઝંપલાવ્યું. વલ્લભભાઈ મને ન મળ્યા હોત તો જે કામ થયું છે તે ન જ થાત. એટલો બધો શુભ અનુભવ મને એ ભાઈથી થયો છે.”

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

## ૧૧

# અમદાવાદની મજૂર હડતાળ

ખેડામાં ગાંધીજીએ જાતે તપાસ શરૂ કરી તે અરસામાં જ અમદાવાદમાં મિલમાલિકો અને મજૂરો વચ્ચે ગાંધીજીની રાહબરી નીચે એક ટૂંકી, પણ બંને પક્ષે જે મીઠાશ સચવાઈ હતી અને તેનાં આજે જે ભારે પરિણામો આવ્યાં છે તે જોતાં બહુ મહત્ત્વની, લડાઈ થઈ ગઈ. સ્વ. મહાદેવભાઈએ એને 'ધર્મયુદ્ધ' નામ આપ્યું છે. ગાંધીજીએ એનું સંચાલન કર્યું અને તેઓ બધો વખત હાજર હતા એટલે સરદારની એમાં સીધી જવાબદારી ન હતી. છતાં તેમાં તેમણે પૂરેપૂરો ભાગ લીધેલો. ગાંધીજીએ પોતાની આત્મકથામાં લખ્યું છે કે, "આ હડતાળ દરમ્યાન શ્રી વલ્લભભાઈ અને શ્રી શંકરલાલ બૅંકરને હું સારી રીતે ઓળખતો થયો કહેવાઉં." એટલે સરદારના જીવનચરિત્રમાં ટૂંકમાં એની હકીકત અહીં આવે તે ઉચિત જ ગણાશે.

સને ૧૯૧૭ના ચોમાસામાં અમદાવાદમાં ભયંકર પ્લેગ ચાલેલો તે વખતે મજૂરો અમદાવાદ છોડી ચાલ્યા ન જાય તે ખાતર તેમને પગારના ૭૦થી ૮૦ ટકા જેટલું પ્લેગ બોનસ આપવામાં આવેલું. પ્લેગ બંધ થયા પછી પણ તે વખતે ચાલતા યુરોપના મહાયુદ્ધને લીધે થયેલી સખ્ત મોંઘવારીને કારણે એ બોનસ ચાલુ રહ્યું. પછી જ્યારે માલિકોએ બોનસ બંધ કરવાની નોટિસ કાઢી ત્યારે સાળખાતાવાળા મજૂરોમાં ખળભળાટ થયો અને શ્રી અનસૂયાબહેનને મળી પ્લેગ બોનસને બદલે મોંઘવારીનો વધારો ઓછામાં ઓછો ૫૦ ટકા મળવો જોઈએ એવી તેમણે માગણી કરવા માંડી. સ્થિતિ દિન પ્રતિદિન ગંભીર સ્વરૂપ પકડતી હતી તે જોઈ અમદાવાદના કલેક્ટરે તા. ૧૧–૨–'૧૮ના રોજ ગાંધીજીને કાગળ લખ્યો કે, આ ઝઘડાને લીધે અમદાવાદમાં બહુ ગંભીર સ્થિતિ ઉત્પન્ન થવાની વકી છે. મિલમાલિકો મિલો બંધ કરવાની ધમકી આપે છે. તેઓ કોઈની સલાહ સાંભળે તેમ હોય તો આપની જ સાંભળે એમ છે, માટે આપ વચ્ચે પડો.

ગાંધીજી કલેક્ટરને મળ્યા, મજૂરોને મળ્યા, અને મિલ એજન્ટોને મળ્યા. તેમની સાથે મસલત ચલાવીને પ્લેગ બોનસની અવેજીમાં મોંઘવારીને લીધે કેટલો વધારો કરવો વાજબી છે તે નક્કી કરવા તા. ૧૪–૨–'૧૮ના રોજ પંચ નીમવાનો ઠરાવ કરાવરાવ્યો. પંચ તરીકે ગાંધીજી, શ્રી શંકરલાલ બૅંકર



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

અને સરદાર મજૂરો તરફથી, શેઠ અંબાલાલ સારાભાઈ, શેઠ જગાભાઈ દલપતભાઈ અને શેઠ ચંદુલાલ મિલમાલિકો તરફથી અને પ્રમુખ તરીકે કલેક્ટર સાહેબ નિમાયા. ત્યાર પછી કેટલીક મિલોમાં ગેરસમજથી મજૂરોએ હડતાળ પાડી. મજૂરોની ભૂલ બતાવવામાં આવી એટલે તેઓ તે સુધારવા તૈયાર થયા. પણ માલિકોએ કહ્યું કે મજૂરોએ પંચ નિમાયા છતાં હડતાળ પાળી એટલે હવે અમે પંચની વાત રદ કરીએ છીએ. તેની સાથે તેઓએ એવો ઠરાવ કર્યો કે જે મજૂરો ૨૦ ટકા વધારાથી ન રહેવા ઇચ્છતા હોય તેમને રજા આપવી. સાળખાતાવાળાએ એટલો વધારો કબૂલ ન કર્યો એટલે માલિકોએ તા. ૨૨-૨-'૧૮થી તેમનો 'લૉકઆઉટ' (કામબંધી) શરૂ કર્યો. મજૂર તરફના પંચોને એમ લાગ્યું કે મજૂરો યોગ્ય વધારો શો માગી શકે એ બાબત સલાહ આપવાની તેમની ફરજ છે. તેઓએ માલિકો તથા મજૂરોનું હિત વિચારી તથા તમામ પરિસ્થિતિની તપાસ કરી ૩૫ ટકાનો વધારો યોગ્ય છે એમ નક્કી કર્યું. મજૂરોને આ પ્રમાણે સલાહ આપતાં પહેલાં માલિકોને પોતાના આ અભિપ્રાયની ખબર આપીને તે બાબતમાં કાંઈ કહેવું હોય તો કહેવા માલિકોને જણાવ્યું. પણ માલિકોએ પોતાનો વિચાર જણાવ્યો નહીં. એટલે મજૂરોને ૩૫ ટકા વધારો માગવાની સલાહ આપી. તે તેમણે સ્વીકારી અને નિશ્ચય કર્યો કે ૩૫ ટકા વધારો ન મળે ત્યાં સુધી કામે ન ચઢવું. આમ લડત શરૂ થઈ. ગાંધીજીએ રોજ પત્રિકાઓ કાઢીને તથા મજૂરોની સભામાં તે પત્રિકા વાંચી સંભળાવીને તથા તેના ઉપર વિવેચન કરીને મજૂરોને ટેકની, સંપની, હિંમતની, મજૂરીની પ્રતિષ્ઠાની, મૂડી કરતાં પણ મજૂરીના વધારે મહત્ત્વની તથા પ્રતિજ્ઞાની પવિત્રતા અને ગંભીરતાની કેળવણી આપવા માંડી અને એ રીતે લડતને ધાર્મિક સ્વરૂપ આપવાના ઉપાયો યોજવા માંડ્યા.

તા. ૧૩-૩-'૧૮ના રોજ મિલમાલિકોએ કામબંધી (લૉકઆઉટ) ખોલી નાખી અને ૨૦ ટકા વધારો લઈને કામે ચઢવા ઇચ્છતા હોય તે મજૂરોને દાખલ કરવામાં આવશે એવું જાહેર કર્યું. તે દિવસથી મજૂરોની હડતાળ શરૂ થઈ. કારણ તેમનો તો નિશ્ચય હતો કે ૩૫ ટકા વધારો ન મળે ત્યાં સુધી કામે ન ચઢવું. બીજી તરફથી મજૂરોને ફોડવાની, ફોસલાવવાની, ઉશ્કેરવાની, એવી અનેક તજવીજો માલિકોના પક્ષ તરફથી થતી હતી. મજૂર પક્ષના મિત્રો મજૂરો માટે ફંડ ઊભાં કરીને તેમને આર્થિક મદદ આપવાની સૂચના કરવા લાગ્યા. એ સૌ હિતૈષીઓને ગાંધીજી કહેતા : "મજૂરોને પૈસા આપીને તમે સત્યાગ્રહ કરાવશો, અથવા તમે પૈસા આપીને તેમને ટકાવી રાખશો એવી આશાથી મજૂરો આ લડતમાં પડ્યા હશે તો તેમાં સત્યાગ્રહ શો ? સત્યાગ્રહનું મહત્ત્વ શું ? સત્યાગ્રહનું રહસ્ય તો રાજીખુશીથી દુઃખ ખમી લેવામાં રહેલું છે. સત્યાગ્રહી જેટલું દુઃખ વધારે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ખમે તેટલી તેની વધારે કસોટી થાય છે.” મજૂરોને પણ કહેતા કે, “તમે પરસેવો પાડીને પૈસા રળ્યા છો તે કદી કોઈની પાસે મફત પૈસો લેવા હાથ લાંબો ન કરશો. એમાં તમારી ઇજ્જત નથી. તમે પારકાને પૈસે લડ્યા એમ કહીને જગત તમારી હાંસી કરશે.” લડત લંબાતી ગઈ તેમ મજૂરોને ખાવાના સાંસા પડવા લાગ્યા. એવાઓને માટે કાંઈ કાંઈ કામ શોધવામાં આવ્યાં. એક પત્રિકામાં ગાંધીજીએ મજૂરોને વચન આપ્યું હતું કે, “આ લડતમાં જેઓ ભૂખે મરવાની સ્થિતિમાં આવી પડશે ને જેઓને કાંઈ કામ મળી નહીં શકે એવાને ઓઢાડ્યા પછી અમે ઓઢીશું, તેઓને ખવડાવીને અમે ખાઈશું.” થોડા જ દિવસમાં આ વચનો અમલમાં ઉતારવાનો પ્રસંગ આવ્યો. ગાંધીજીને કાને ટીકાની વાતો આવી કે, “ગાંધીજી અને અનસૂયાબહેનને શું? તેઓને મોટરમાં આવવાનું અને મોટરમાં જવાનું. ખાસું ખાવાપીવાનું. પણ અમારા તો જીવ જવા માંડ્યા.” આ સાંભળી ગાંધીજીનું હૈયું વીંધાઈ ગયું. તેવીસમે દિવસે સવારે સભામાં ગયા ત્યારે અગાઉથી દુઃખી થયેલા હૃદયે અને તેમની કરુણાર્દ્ર દૃષ્ટિએ શું જોયું? આ રહ્યા તેમના જ શબ્દો: “પોતાના મુખ ઉપર ઝળકી રહેલા અડગ આત્મનિશ્ચયવાળાં હંમેશ નજરે પડતાં પાંચ દસ હજાર મનુષ્યોને બદલે નિરાશાથી ખિન્ન મુખવાળાં એકાદ હજાર માણસો મેં જોયાં.” એક ક્ષણમાં અંતરનો સંકલ્પ થઈ ગયો અને હાજર સભાજનોને તેમણે કહી દીધું કે, “તમારી પ્રતિજ્ઞામાંથી તમે ચળો એ ક્ષણભર પણ મારાથી સહ્યું જાય એમ નથી. તમને ૩૫ ટકા વધારો ન મળે અથવા તો તમે બધા પડી ન જાઓ ત્યાં સુધી હું આહાર લેવાનો નથી કે મોટર વાપરવાનો નથી.” આની વીજળીક અસર થઈ. જે મજૂરો સભામાં નહોતા આવ્યા તે પણ મક્કમ થઈ ગયા. મિલમાલિકો ઉપર પણ ગાંધીજીના આ ઉગ્ર નિશ્ચયની જબરી અસર થઈ. જોકે તેમને લાગતું હતું કે એક વાર મજૂરોની વાત આપણે માનીશું તો તેઓ માથે ચઢી વાગશે. છતાં ગાંધીજી પ્રત્યે પ્રેમ અને પૂજ્યભાવ ઘણા માલિકોનાં દિલમાં હતો. તેઓ આવીને કહેવા લાગ્યા કે, “આ વખતે તમારી ખાતર અમે મજૂરોને ૩૫ ટકા આપીએ.” ગાંધીજી એમ કરવાની ચોખ્ખી ના પાડતા અને કહેતા કે, “મારી દયા ખાઈને નહીં, પણ મજૂરોની પ્રતિજ્ઞાને માન આપીને, તેઓને ન્યાય આપવાની ખાતર ૩૫ ટકા આપો.” છતાં પોતાના ઉપવાસથી માલિકો ઉપર દબાણ થાય છે અને એ રીતે આ ઉપવાસમાં દોષ રહેલો છે એ વાત ગાંધીજીના મનમાંથી ખસતી નહોતી. એક તરફથી દસ હજાર મજૂરોની પ્રતિજ્ઞા તૂટે તેથી થતા નૈતિક અધઃપતનને રોકવાની વાત હતી, અને બીજી તરફથી માલિકો ઉપર થતા દબાણનો દોષ આવતો હતો. એ દોષ તેમણે વહોરી લીધો અને માલિકોના જાણે ગુનેગાર હોય તેમ રાંક

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



થઈને તેમની સાથે વાટાઘાટો કરવા માંડી. માલિકોની કહેવાતી પ્રતિજ્ઞા જાળવવાના કૃત્રિમ ઉપાયો સ્વીકારવા તૈયાર થયા અને મજૂરોની પ્રતિજ્ઞાનો અક્ષર જળવાય તો પછી પંચ કહે તે મજૂરો કબૂલ રાખશે એમ તેમણે સ્વીકારી લીધું. એટલે ઉપવાસને ચોથે દિવસે તા. ૧૯–૩–'૧૮ના રોજ સવારે સમાધાન થયું કે મજૂરોની પ્રતિજ્ઞા જાળવવા પહેલે દિવસે ૩૫ ટકા વધારો આપવામાં આવે, માલિકોની પ્રતિજ્ઞા જાળવવા બીજે દિવસે ૨૦ ટકા વધારો આપવામાં આવે અને ત્રીજા દિવસથી મજૂરો અને માલિકોએ નીમેલા પંચ ઠરાવે તેટલા ટકા વધારો આપવામાં આવે. પંચ તરીકે બંને પક્ષને માન્ય એવા આચાર્ય આનંદશંકર ધ્રુવને નીમવામાં આવ્યા. તેઓ ત્રણ જ દિવસમાં નિર્ણય કરી શકે નહીં એટલે નિર્ણય માટે ત્રણ મહિનાની મુદત ઠરાવવામાં આવી, અને એટલા વચગાળાના વખતમાં મજૂરોને ૨૭૫ ટકા વધારો આપવો અને પંચનો નિર્ણય આવ્યે વધઘટ એકબીજાને મજરે આપવી એમ ઠર્યું. પણ પંચને તપાસમાં ઊતરવાની જરૂર જ પડી નહીં. કારણ સંજોગો એવા ઉપસ્થિત થયા કે પંચનો નિર્ણય આવે તે પહેલાં માલિકોએ મજૂરો સાથે અંદર અંદર સમજૂત કરીને લગભગ ૫૦ ટકા વધારો આપવા માંડ્યો હતો. એટલે શ્રી આનંદશંકરભાઈએ વ્યાવહારિક ન્યાય તોળીને માલિકોએ જેટલા દિવસ ૨૭૫ ટકા આપ્યા હોય તેટલા દિવસના ૭૫ ટકા વધારે મજૂરોને મજરે આપવા એમ ઠરાવ્યું. આમ બંને પક્ષ વચ્ચે ખૂબ મીઠાશથી આ લડત પૂરી થઈ.

અને તેનાં પરિણામ બહુ સુંદર આવ્યાં છે તે આજે આપણે જોઈ શકીએ છીએ. આ લડતમાં પંચની લવાદી મારફત બે પક્ષ વચ્ચેના ઝઘડાનો નિવેડો લાવવાના તત્ત્વનું જે બીજારોપણ થયું તેને ગાંધીજીએ જતન કરીને ઉછેર્યું અને તેમાં મિલમાલિક મંડળે તથા મજૂર મહાજન સંઘે સારો સાથ આપ્યો. એને પરિણામે જ અમદાવાદનો મજૂર મહાજન સંઘ હિંદુસ્તાનમાં એક અદ્વિતીય સંસ્થા બન્યો છે. આજે મજૂરો આગળ અમુક પગારવધારો કે અમુક સગવડો મેળવવાનું જ ધ્યેય નથી રહ્યું પણ મૂડી જેમ ધન છે, તેમ મજૂરી પણ ધન છે, બલ્કે વધારે કીમતી ધન છે એમ મજૂરો સમજ્યા લાગે છે અને એ સમજમાંથી મિલોના વહીવટમાં સુધ્ધાં કહેવાતા માલિકોની સાથે સરખો હિસ્સો મેળવવાની ભાવનાનો ઉદય થયો છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021

# ૧૨
# સૈન્યભરતી

ખેડાની લડત ચાલતી હતી તે વખતે જ વાઈસરૉયે બોલાવેલી યુદ્ધ પરિષદમાં હાજરી આપવા ગાંધીજી દિલ્હી ગયા. ત્યાં તા. ૨૯–૪–'૧૮ની પરિષદમાં તેમણે સૈન્યભરતીના ઠરાવને ટેકો આપ્યો. ટેકામાં ગાંધીજીએ ભાષણ નહોતું કર્યું, પણ હિંદીમાં આટલું જ બોલ્યા હતા : "મને મારી જવાબદારીનું પૂરતું ભાન છે, ને તે જવાબદારી સમજતો છતો હું આ ઠરાવને ટેકો આપું છું."* તે દિવસથી ગાંધીજીએ નિશ્ચય કર્યો હતો કે ગુજરાતમાં સૈન્યભરતીનું કામ કરવું. દિલ્હીથી અમદાવાદ પાછા વળ્યા બાદ ગુજરાત સભા પાસે ઠરાવ કરાવ્યો કે યુદ્ધ માટે બિનશરતે સૈન્યભરતીનું કામ ઉપાડવું. નડિયાદ પહોંચ્યા પછી સરદાર અને બીજા કાર્યકર્તાઓ સાથે મસલત કરી. બ્રિટિશ નાગરિકના સંપૂર્ણ હક આપણે માગીએ અને બ્રિટિશ સામ્રાજ્યમાં તેના સરખા ભાગીદાર ગણાવાનો દાવો કરીએ તો સામ્રાજ્યની આફતને પ્રસંગે એક અંગ્રેજ જેટલું કરવા તૈયાર થાય છે તેટલું કરવા આપણે તૈયાર થવું જ જોઈએ, એ વાત સરદાર તો સાનમાં સમજી ગયા. તેમના ઉપર એ દલીલની અસર વધારે થઈ કે લોકો આમલા જેવા થઈ ગયા છે તેમનામાં લડાઈમાં જવાથી હિંમત અને મર્દાનગી આવશે. વળી શિક્ષિત અને મધ્યમ વર્ગના લોકોને હથિયાર વાપરવાનું શીખવાનો આવો સારો મોકો બીજી રીતે મળે એમ છે જ નહીં, માટે એ મોકાનો બરાબર ઉપયોગ કરી લેવામાં જ ખરું ડહાપણ છે. છતાં કેટલાકને ઘૂંટડો ગળે ન ઊતર્યો. કાર્યમાં સફળતા મળવા વિષે ઘણાને શંકા હતી. જે વર્ગમાંથી ભરતી કરવાની હતી તેમને સરકાર પ્રત્યે કશી પ્રીતિ નહોતી અને સરકારી અમલદારોનો કડવો અનુભવ તાજો જ હતો. છતાં આ કામ શરૂ કરવાને ગાંધીજીએ કાર્યકર્તાઓને આગ્રહ કરવા માંડ્યો. સત્યાગ્રહ બંધ થયેલો જાહેર કરવાની પત્રિકા કાઢ્યા પછી થોડા જ દિવસમાં સૈન્યભરતીની પત્રિકા કાઢી અને સૈન્યભરતી માટે ગાંધીજી અને સરદારે ફરવા માંડ્યું. ગાંધીજીની સાથે સરદાર પણ ગાંધીજીના શબ્દોમાં 'રીક્રૂટિંગ સાર્જંટ' (ભરતી અમલદાર) થયા. પણ કામ કપરું હતું. યુદ્ધમાં અંગ્રેજોને મદદ કરવાનો લોકોને ઉત્સાહ નહોતો. મહેસૂલની લડત વખતે લોકો વાહન આપવાની હરીફાઈ કરતા, એક સ્વયંસેવકની જરૂર હોય ત્યાં ચાર હાજર થઈ

* ગાંધીજી અહિંસાધર્મી હોવા છતાં, સૈન્યભરતીના કામમાં કેમ પડ્યા તેના વિવેચન માટે જુઓ 'મહાદેવભાઈની ડાયરી'– પુસ્તક ૪. કિ. રૂ. ૩–૦–૦ (નવજીવન પ્રકાશન મંદિર).



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો
27/52

4/25/2021



જતા. પણ એ બધું હવે ડહોળાઈ ગયું. પણ એમ ગાંધીજી કે સરદાર નિરાશ થાય એવા નહોતા. એક ગામથી બીજે ગામ પગે ચાલીને જ જવાનું ઠરાવ્યું. કદાચ ગામડામાં ખાવાનું પણ ન મળે અને માગવું એ તો યોગ્ય નહીં જ એમ વિચારી પ્રત્યેક સેવક ખાવા પૂરતું પોતાની થેલીમાં જ લઈને નીકળે એમ ઠરાવ્યું. ઉનાળો હતો એટલે મોટા બિસ્તરાની તો જરૂર નહોતી. ગાંધીજી આ ભ્રમણમાં પોતાનો મુખ્ય ખોરાક શેકેલી અને ખાંડેલી મગફળી અને ગોળ, કેળાં અને એ ત્રણ લીંબુનું પાણી એ રાખતા. સરદાર પણ એનાથી ચલાવી લેતા. ભરતી માટે થોડા દિવસ માતર તાલુકાના નવાગામ ગામે મુકામ નાખ્યો. ત્યાં ગાંધીજી રાંધતા અને રોટલી અગર ખીચડી ને શાક બનાવતા અને એ તથા સરદાર જમતા. મહાદેવભાઈ નડિયાદથી દરરોજ ટપાલ લઈને બારેજડી સ્ટેશને આગગાડીમાં જતા અને ત્યાંથી નવાગામ અગિયાર માઈલ થાય તે ચાલીને જતા. એક વાર મહાદેવભાઈને થયું કે હું સરદાર માટે ભાખરી ને શાક લેતો જાઉં તો ઠીક. તરત ગાંધીજીએ કહ્યું: “તમે વલ્લભભાઈને એવા પરાધીન શું કામ કલ્પી લો છો? એ તો રાંધીને મને પણ જમાડશે.” પછી સરદારને રોટલી કરવા બેસાડવા માંડ્યા.

આ પ્રવૃત્તિ લોકોમાં એટલી અપ્રિય હતી કે જે ધર્મશાળામાં એમનો ઉતારો હતો ત્યાં ભાગ્યે જ કોઈ મળવા આવતું. એટલે સારી પેઠે વિશ્રાંતિ મળતી. બે જણ પ્રયત્ને વિનોદ મેળવી લેતા. નવાગામમાં અથવા આસપાસનાં ગામોએ સભા થાય તેમાં લોકો આવતા ખરા, પણ ભરતી થવા નહીં, સવાલો પૂછવા માટે. મુખ્ય પ્રશ્નો એ થતા કે, “તમે અહિંસાવાદી થઈને કેમ અમને હથિયાર લેવાનું કહો છો? આ સરકારે દેશનું શું ભલું કર્યું છે કે એને મદદ આપવાનું તમે કહો છો?” ભરતીમાં તો રડ્યાંખડ્યાં એક બે નામ મળતાં. પણ ગાંધીજી અને સરદાર મંડ્યા રહ્યા અને તેમના સતત કાર્યની અસર થવા માંડી.

સોએક નામો થયાં એટલે એમની તાલીમ માટે કેન્દ્ર ક્યાં રાખવું એની કમિશનર સાથે ચર્ચા ચાલી. ગુજરાતમાં તો એકે તાલીમ કેન્દ્ર હતું જ નહીં અને આટલા થોડા માણસો માટે ગુજરાતમાં નવું કેન્દ્ર ખોલવાને બદલે બીજા કોઈ પ્રાંતના ચાલુ કેન્દ્રમાં રંગરૂટોને મોકલી આપવા એમ કમિશનર કહેતા હતા. વળી સૈન્યભરતી માટે ગાંધીજીએ જે પત્રિકા કાઢી હતી તેમાંની એક દલીલ કમિશનરને બહુ ખૂંચતી હતી. એનો સાર આ હતો: “બ્રિટિશ રાજ્યનાં ઘણાં અપકૃત્યોમાં આખી પ્રજાને નિઃશસ્ત્ર કરવાના કાયદાને ઇતિહાસ તેનું કાળામાં કાળું કૃત્ય ગણશે. આ કાયદો રદ કરાવવો હોય અને શસ્ત્રનો ઉપયોગ શીખવો હોય તો આ સુવર્ણ તક છે. રાજ્યની આપત્તિને કાળે શિક્ષિત

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

અને મધ્યમ વર્ગ સ્વેચ્છાએ મદદ કરશે તો તેમની ઉપરનો અવિશ્વાસ દૂર થશે, અને જેને શસ્ત્ર ધારણ કરવાં હશે તે સુખેથી કરી શકશે.” કમિશનરને આ વાકય બહુ કડતું હતું. પણ બધું છેક ઉપરથી નક્કી થયું હતું એટલે “આ બાબતમાં તમારી અને મારી વચ્ચે મતભેદ છે” તે ઉપરાંત કમિશનર સાહેબ વિશેષ કાંઈ કહી શકયા નહીં. ગુજરાતમાં જ તાલીમ કેન્દ્ર ખોલાવું જોઈએ એવો ગાંધીજીનો આગ્રહ હતો. તેમની દલીલ એ હતી કે પ્રાંતના આગેવાન ગણાતા લોકોને લશ્કરી તાલીમ લેતા, કૂચ, કવાયત, નિશાનબાજી એવું બધું કરતા લોકો જોશે એટલે તેમને ઉત્સાહ આવશે અને પહેલા ટુકડી રણમેદાનમાં જવા નીકળી પડશે એટલે તો ઘણા લોકો જોડાશે. આ મુદ્દા ઉપર લખાપટ્ટી અને વાટાઘાટો ચાલતી હતી એટલામાં ગાંધીજી સખત માંદા પડયા. લશ્કરભરતી માટે ગાંધીજી ખેડા જિલ્લામાં ફરતા તે વખતે તેમને મરડાની સખ્ત બીમારી ભોગવવી પડી હતી. સાજા થયા પછી તેઓ આશ્રમમાં આવ્યા. ત્યાં એમની જન્મતિથિનો દિવસ એટલે ભાદરવા વદ ૧૨ તા. ૧–૧૦–’૧૮નો આખો દિવસ સહુને મળવા મૂકવામાં તેમણે ગાળ્યો. પણ રાત્રે લગભગ બાર વાગ્યે એકાએક તેમને એટલી બધી ગભરામણ થઈ આવી કે તત્કાળ પ્રાણ નીકળી જશે એમ લાગ્યું. આશ્રમનાં મુખ્ય મુખ્ય માણસોને જગાડી સૂચનાઓ આપી દીધી. સરદારને બોલાવવા માણસ મોકલ્યો. તે બે વાગ્યે ડૉ. કાનુગાને લઈને આવ્યા. સરદારને આશ્રમની ભાળવણી કરી અને બની શકે તો આશ્રમમાં રહેવા આવવા પણ કહ્યું. ડૉ. કાનુગાએ ગાંધીજીને તપાસ્યા તો તેમને કાંઈ ગભરાવા જેવું ન લાગ્યું. નાડી, હૃદય બધું બરાબર હતું. પણ ગાંધીજીને ભારે અશક્તિ લાગતી હતી. પથારીમાં હલનચલન કરવું પણ મુશ્કેલ અને કષ્ટદાયી લાગતું હતું. લગભગ એક અઠવાડિયું મરણોન્મુખ થઈને ગીતા તથા પોતાનાં પ્રિય ભજનો સાંભળવામાં દિવસો ગાળ્યા. પછી અંતરમાંથી પ્રેરણા થઈ અને જિજીવિષા જાગ્રત થઈ. પથારીવશ તો બે એક મહિના રહેવું પડેલું. તેવામાં એક દિવસ સરદાર ખબર લઈને આવ્યા કે, કમિશનરે કહેવડાવ્યું છે કે, જર્મનીની પૂરી હાર થઈ છે અને સૈન્યભરતી કરવાની હવે કશી જરૂર રહી નથી. આમ આ પ્રકરણ પતી ગયું.

ગાંધીજી અહિંસક હોવા છતાં એમણે સૈન્યભરતીનું કામ કેમ ઉપાડયું એ વિષે દેશમાં અને વિદેશમાં ખાસ કરીને અહિંસાવાદી મિત્રો તરફથી ઘણી ચર્ચા ઊપડી. તેના જવાબ ગાંધીજીએ આપ્યા છે તેમાં ઊતરવાનું આ સ્થાન નથી. અહીં એટલું જ નોંધીશું કે પહેલી ટુકડીના સેનાપતિ તરીકે ગાંધીજી અને ઉપ–સેનાપતિ તરીકે સરદાર જવાના હતા. તેમાં ગાંધીજીએ જાહેર કર્યું હતું કે પોતે રણમેદાનમાં ટુકડીને મોખરે રહેશે પણ બિલકુલ શસ્ત્ર ધારણ કરશે નહીં.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

## ૧૩

# રોલેટ કાયદા સામેનું આંદોલન

બ્રિટિશ અમલમાં હિંદુસ્તાને રાજકીય હક્કો ક્રમે ક્રમે પ્રાપ્ત કર્યા અને છેવટે આઝાદી મેળવી, તેના છેલ્લા ચાર તબક્કાનો ઇતિહાસ એવો છે કે દરેક સુધારા દાખલ થયા તે પહેલાં ભારે દમનચક્રમાંથી દેશને પસાર થવું પડયું છે. એક તરફથી રાજદ્વારી સુધારા દાખલ કરી લોકોને વધારે હક્કો આપવાની પ્રવૃત્તિ ચાલે છે ત્યારે બીજી તરફથી લોકોના નાગરિક સ્વાતંત્ર્યને કચડી નાખનારા કાયદા પસાર કરીને સેંકડો માણસોને જેલમાં ધકેલવામાં આવે છે તથા દેશપાર કરવામાં આવે છે. ૧૯૧૧માં મોરલી-મિન્ટો સુધારા દાખલ કરી ધારાસભાઓમાં લોકપ્રતિનિધિઓની સંખ્યા વધારવામાં આવી ત્યારે તેની અગાઉ ૧૯૦૮નો રાજદ્રોહી સભાઓને લગતો કાયદો (સીડિશ્યસ મીટિંગ્સ ઍક્ટ) તથા ૧૯૧૦નો ફોજદારી કાયદામાં સુધારો કરનારો કાયદો (ક્રિમિનલ લૉ ઍમેન્ડમેન્ટ ઍક્ટ) પસાર કરીને સેંકડો માણસોને જેલની તથા કાળા પાણીની સજાઓ કરવામાં આવી હતી. સૈકાજૂનો એક ધારો, સને ૧૮૧૮નો રેગ્યુલેશન ત્રીજો, એનો ઉપયોગ કરીને કેટલાક દેશભક્તોને દેશનિકાલ કરવામાં આવ્યા હતા. લોકમાન્ય તિલક મહારાજને રાજદ્રોહના આરોપસર ૧૯૦૮માં છ વરસની સજા કરવામાં આવી હતી. આમ જે વખતે નવી ધારાસભાઓ બેઠી તે વખતે લગભગ ૧૮૦૦ રાજદ્વારી કેદીઓ જેલના સળિયા પાછળ હતા.

મૉન્ટેગ્યુ–ચેમ્સફર્ડ સુધારા વખતનો ઇતિહાસ પણ આવો જ છે. જે વખતે સુધારાની ચર્ચાઓ અને તૈયારીઓ ચાલતી હતી તે જ વખતે પોલીસને અમર્યાદ સત્તાઓ આપી નાગરિક સ્વાતંત્ર્ય ઉપર તરાપ મારનારા રોલેટ કાયદા પસાર કરવામાં આવ્યા હતા. તેની વિરુદ્ધ જે આંદોલન ઊપડયું અને તેમાંથી અસહકારની લડત ચાલી તેને અંગે, જ્યારે નવા સુધારા અમલમાં મુકાયા તે વખતે ઓછામાં ઓછા વીસ હજાર માણસો, જેમાં દેશના મોટામાં મોટા નેતાએ પણ હતા તે બધા જેલના સળિયા પાછળ હતા.

તેવી જ રીતે હિંદુસ્તાનને પ્રાંતિક સ્વરાજ્ય આપવા માટેના બંધારણીય સુધારા સંબંધી મસલત કરવા ઇંગ્લંડમાં સને ૧૯૩૦ અને ૧૯૩૨માં ગોળમેજી પરિષદો ચાલતી હતી ત્યારે લોકોનું સાચું પ્રતિનિધિત્વ ધરાવતી અને જેના સહકાર વિના કોઈ પણ સુધારાનો અમલ થઈ શકે એમ ન હતું એ રાષ્ટ્રીય



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

કૉંગ્રેસ તેના લગભગ એક લાખ સ્વયંસેવકો સાથે જેલમાં હતી. ત્યાર પછી ૧૯૪૨થી '૪૫ સુધી કૉંગ્રેસના આદેશને માન આપી દેશે બ્રિટિશ સલ્તનત સામે બંડ પોકાર્યું અને પારાવાર દુઃખો વેઠ્યા પછી આઝાદી મળી.

અત્યારે તો આપણે રોલૅટ કાયદા, જે તે વખતે કાળા કાયદા કહેવાતા હતા તેનો જ વિચાર કરીશું. જોકે ૧૯૩૦ તથા ૧૯૩૨માં અને ૧૯૪૨માં જે કાયદા અને ઑર્ડિનન્સો (ફતવા)નો અમલ થયેલો તેની આગળ તો રોલૅટ કાયદા બહુ મોળા હતા. છતાં આ જાતના એ પહેલા જ કાયદા હોઈ તે કાળા કાયદા કહેવાયા અને દેશના એકેએક પક્ષે તેની સામે ઉગ્ર વિરોધ કર્યો. ધારાસભામાં પણ તેની સામે સખત ભાષણો થયાં. છતાં એ કાયદા સરકારપક્ષની બહુમતીવાળી ધારાસભામાં પસાર થયા.

ગાંધીજી તે વખતે ગંભીર બીમારીમાંથી માંડ માંડ ઊઠ્યા હતા અને અશક્ત હતા. છતાં આ રોલૅટ કાયદાની વાત વાંચીને તેઓનો પુણ્યપ્રકોપ સળગી ઊઠ્યો. સરદાર લગભગ રોજ એમને આશ્રમમાં જોવા આવતા. તેમને ગાંધીજીએ કહ્યું : "આ વિષે કાંઈ થવું જોઈએ." સરદારે પૂછ્યું : "શું થાય ?" ગાંધીજીએ કહ્યું : "થોડા માણસો પણ તૈયાર થાય તો ધારાસભામાં કાયદા પસાર થાય એટલે આપણે સત્યાગ્રહ કરવો જોઈએ. પથારીવશ ન હોઉં તો હું એકલો પણ ઝૂઝું અને બીજાઓ મળી રહેવાની પછી આશા રાખું. પણ મારી લાચાર સ્થિતિમાં એકલા ઝૂઝવાની મારી શક્તિ મુદ્દલ નથી." બીજી તરફથી મુંબઈની હોમરૂલ લીગવાળા, મુખ્યત્વે શ્રી ઉમર સોબાની અને શ્રી શંકરલાલ બૅંકર આ બાબત કાંઈ કરવું જોઈએ એવું દબાણ ગાંધીજીને કરી રહ્યા હતા. પરિણામે વીસેક માણસોની એક નાની સભા સાબરમતી આશ્રમમાં બોલાવવામાં આવી. તેમાં સરદાર ઉપરાંત શ્રીમતી સરોજિની નાયડુ, મિ. હૉર્નિમૅન, શ્રી ઉમર સોબાની, શ્રી શંકરલાલ બૅંકર અને શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક એ મુખ્ય હતાં. એક પ્રતિજ્ઞાપત્ર ઘડાયું અને હાજર રહેલાં બધાંએ તેની ઉપર સહી કરી. કોઈ ચાલુ સંસ્થા સત્યાગ્રહનું નવું હથિયાર ન ઉપાડી લે એટલે સત્યાગ્રહ સભા નામની નવી સંસ્થા સ્થાપવામાં આવી. તેની સાથે જ આ કાયદા પસાર ન કરવા ગાંધીજીએ વાઈસરૉયને બહુ વીનવ્યા, ખાનગી કાગળો લખ્યા, જાહેર કાગળો લખ્યા, સત્યાગ્રહ સિવાય પોતાની પાસે બીજો માર્ગ નથી એ સ્પષ્ટ જણાવ્યું. પણ એ બધું એળે ગયું અને કાયદા પાસ થયા.

સત્યાગ્રહની લડત આત્મશુદ્ધિની હોઈ ઉપવાસ અને હડતાળથી લડતનો આરંભ કરવો એમ ગાંધીજીએ ઠરાવ્યું. હિંદુ લોકો સાધારણ રીતે ૩૬ કલાકનો ઉપવાસ કરે છે પણ મુસલમાનો રોજા ઉપરાંત વધારે ઉપવાસ ન રાખે, એટલે આગલા દિવસની સાંજથી બીજા દિવસની સાંજ સુધીના ચોવીસ કલાકના રાષ્ટ્રીય



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ઉપવાસની ગાંધીજીએ શોધ કરી. તે વખતે ગાંધીજી આ પ્રશ્નને અંગે જ મદ્રાસ ગયેલા હતા. ત્યાંથી તેમણે આ જાતની સૂચના કાઢી. તેમાં ૧૯૧૯ના માર્ચની તા. ૩૦મી ઉપવાસ અને હડતાળ માટે જણાવવામાં આવી. પણ એટલા વખતમાં આખા દેશમાં ખબર પહોંચી નહીં વળે એમ લાગવાથી પાછળથી તે તારીખ ફેરવીને ૬ઠ્ઠી એપ્રિલ કરવામાં આવી. આ ફેરફારની ખબર દિલ્હી વખતસર ન પહોંચી એટલે દિલ્હીમાં ૩૦મી માર્ચ ઊજવાઈ. પહેલાં કદી ન પડેલી એવી હડતાળ પડી. હિંદુ અને મુસલમાન એકદિલ થઈ ભળ્યા. તે વખતે દિલ્હીમાં હકીમ સાહેબ અજમલખાનજી અને સ્વામી શ્રદ્ધાનંદજીની આણ વર્તતી હતી. શ્રદ્ધાનંદજીને જુમ્મા મસ્જિદમાં ભાષણ કરવા માટે નોતરવામાં આવ્યા. આ બધું સત્તાવાળાઓ સહન ન કરી શક્યા. સરઘસને પોલીસે રોકવા માંડ્યું પણ તે વિખેરાયું નહીં એટલે પોલીસે ગોળીબાર કર્યો. ઘણા જખમી થયા અને થોડાના જાન પણ ગયા. વાતાવરણ બહુ જ તંગ થઈ ગયું. શ્રી શ્રદ્ધાનંદજીએ ગાંધીજીને દિલ્હી બોલાવ્યા. પંજાબમાં લાહોર–અમૃતસરમાં પણ એવું જ ગરમાગરમ વાતાવરણ હતું. ત્યાંથી ડૉ. સત્યપાલ અને કીચલુએ ગાંધીજીને પંજાબ આવવા તાર કર્યા. તા. ૬ઠ્ઠી મુંબઈમાં ઊજવી સાતમીની રાતે ગાંધીજી દિલ્હી થઈ અમૃતસર જવા નીકળ્યા. પણ દિલ્હી પહોંચે તે પહેલાં પલવેલ નામના સ્ટેશને ગાડીમાંથી ઉતારી લઈ તેમને પકડવામાં આવ્યા.

છઠ્ઠી તારીખ આખા દેશમાં — શહેરોમાં તેમ જ ગામડાંમાં – બહુ ઉત્સાહપૂર્વક ઊજવાઈ. અમદાવાદમાં ઘણા લોકોએ ઉપવાસ કર્યા. હડતાળ તો પરિપૂર્ણ હતી અને સાંજે નક્કી કરેલે વખતે સરદારની આગેવાની નીચે શહેરમાં પહેલાં કદી નહીં નીકળેલું એવું મોટું સરઘસ નીકળ્યું. સ્ટેશન પરથી નીકળી નદીની રેતમાં પહોંચી સરઘસ સભાના આકારમાં ફેરવાઈ ગયું. સભા વિસર્જન થયા પછી કાયદાભંગનો કાર્યક્રમ શરૂ થયો. તે માટે ગાંધીજીની જપ્ત થયેલી ચોપડીઓ 'હિંદ સ્વરાજ' અને 'સર્વોદય' છપાવીને વેચવાનું નક્કી થયું હતું. સરદાર અને બીજા જેમણે પ્રતિજ્ઞાઓ લીધી હતી તેઓ એ વેચવા નીકળી પડ્યા. લોકોએ છાપેલી કિંમત કરતાં પણ વધારે પૈસા આપીને તે ખરીદી. પણ કોઈને પકડવામાં ન આવ્યા. એમ માલૂમ પડ્યું કે સરકારે તો અમુક આવૃત્તિઓ જપ્ત કરી હતી એટલે નવી આવૃત્તિ છાપવામાં, વેચવામાં કે ખરીદવામાં ગુનો ન ગણાય. બીજા દિવસથી પ્રેસ ઍક્ટ પ્રમાણે સરકારની પરવાનગી લીધા વિનાના 'સત્યાગ્રહ પત્રિકા' નામના દૈનિકની સાઇક્લોસ્ટાઇલથી કાઢેલી નકલો વેચવા માંડી. એ પત્રિકા તૈયાર કરવાનું બધું કામ સરદારના ભદ્રના મકાનમાં જ થતું. તેમાં પણ સરકારે કાંઈ કાયદાભંગ ન ગણ્યો. તા. ૯મીએ તો ગાંધીજીને પકડ્યાના સમાચાર દેશમાં વીજળીવેગે ફેલાઈ ગયા અને લાહોર-

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



અમૃતસરમાં અને અમદાવાદ તથા વીરમગામમાં ભારે તોફાનો થયાં. અમદાવાદમાં જેટલી હથિયારબંધ પોલીસ તથા લશ્કર હતું તેની મદદથી છૂટથી ગોળીબાર કરીને પહેલે દિવસે તો કેટલોક વખત તોફાનોને કાબૂમાં રાખવાનો સત્તાવાળાઓએ પ્રયત્ન કર્યો. પણ તા. ૧૦મીએ તોફાનીઓની સંખ્યા અને જોસ એટલું વધી પડયું કે પોલીસનું કાંઈ ચાલ્યું નહીં. તોફાને ચઢેલા લોકોએ પોલીસ ચોકીઓ બાળી, તાર ઑફિસ બાળી, કલેક્ટરની ઑફિસ તથા ભદ્રની સરકારી ઑફિસો બાળી. મૅટ્રિકની પરીક્ષા તે દિવસોમાં ચાલતી હતી તેનો મંડપ બાળી મૂક્યો અને એક ગોરા સાર્જંટનું ખૂન કર્યું. મુંબઈથી ત્રીજે દિવસે લશ્કર આવી પહોંચ્યું અને માર્શલ લૉ જાહેર કર્યો. તેમાં ઘણા માણસો ઘાયલ થયા તથા માર્યા ગયા. ત્યાર પછી તોફાન કાબૂમાં આવ્યું. આ દિવસોમાં સરદાર અને શહેરના કેટલાક કાર્યકર્તાઓ તથા આશ્રમવાસીઓ શહેરમાં ઘૂમતા, લોકોને શાંત પાડવા પ્રયત્ન કરતા તથા ઘાયલ થયેલાઓને ઇસ્પિતાલમાં પહોંચાડવાની અને તેમનાં સગાંવહાલાંને અનાજ પૂરું પાડવાની વગેરે મદદ કરતા. લશ્કરી પહેરો શહેરમાંથી ઊઠી ગયા પછી પણ તાર ઑફિસ તથા ઇમ્પીરિયલ બૅન્ક આગળ તથા સરદારના ઘર પાસે ગુજરાત ક્લબમાં ગોરી પલટણો રાખવામાં આવેલી. એક સાંજે ઇન્દુલાલ યાજ્ઞિક જેઓ ઘણી વાર સરદારને ત્યાં સલાહ મસલત માટે આવતા તેઓ ઘરમાં કોઈ નહોતું અને આવેલા. મોં ધોવા માટે બાથરૂમમાં ગયા. ત્યાંની બત્તી કરી. તે ઠારીને બીજા ઓરડામાં ગયા. ત્યાંની બત્તી ઠારી ને ત્રીજા ઓરડાની બત્તી કરી. પેલી પલટણવાળાને લાગ્યું કે સરદારના મકાનમાંથી આ કાંઈ સિગ્નલો થાય છે એટલે તેમણે તો મકાનની આસપાસ પહેરો ગોઠવી દીધો. સરદાર બહારથી તે વખતે જ ઘેર આવ્યા ત્યારે લશ્કરના ઉપરીએ તો લશ્કરી ઢબે તેમને ઘરમાં દાખલ થતા રોકીને સામે પિસ્તોલ ધરીને વાત કરવા માંડી. ઘરમાં આવીને કાંઈ તપાસ કરવી હોય તો કરવા સરદારે એને કહ્યું. પેલો આ નાહકની ધાંધલ કરવા માટે શરમાઈને ચાલ્યો ગયો.

સરકારી અમલદારોની હલકી ખુશામત કરનારા એક મ્યુનિસિપલ કાઉન્સિલરે પોલીસને એવી ખબર આપી કે મેં સરદારને તાર ઑફિસને બાળી મૂકવા માટે દીવાસળી ચાંપતા જોયેલા. તેમની સાથે ડૉ. કાનુગા અને બચુભાઈ વકીલ હતા. આ બાતમી પરથી પૂનાથી છૂપી પોલીસ આવી. તેણે તપાસ કરવા માંડી. કલેક્ટરને એની ખબર પડી ત્યારે એણે કહ્યું કે, “આ મકાનો બાળવામાં આવ્યાં ત્યારે તો બધો વખત સરદાર મારી પાસે બેઠેલા હતા અને શા ઉપાયો લેવા તેની અમે ચર્ચા કરતા હતા.” આ પરથી એ તપાસ માંડી વાળવામાં આવેલી. પેલા બાતમી આપનારનું નામ આપીને કલેક્ટરે પોતે આ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



વાત સરદારને પાછળથી કરી ત્યારે જાહેર સંસ્થાઓમાં ભાગ લેતા આપણા માણસો અમલદારોને વહાલા થવા કેટલી હદ સુધી જાય છે અને કેવા ભાગ ભજવે છે તે ખબર પડી. આ તોફાનો દરમિયાન અને પછીના સરદારના શાંતિ સ્થાપવાના પ્રયાસોથી અમદાવાદના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ મિ. હિલીનો સરદાર ઉપર એટલો બધો વિશ્વાસ બેસી ગયો કે એ માણસે ત્યાર પછી દસ વર્ષે સરકારને એવી સલાહ આપેલી કે, "વલ્લભભાઈ વિના બારડોલીમાં શાંતિ ન જળવાય."

ગાંધીજીને તા. ૮મીએ પલવેલને સ્ટેશને પકડ્યા પછી પોલીસે તા. ૧૦-મીએ બપોરે મુંબઈ આણીને છોડી મૂક્યા. એમના પકડાયાના સમાચાર તો એમની આગળ મુંબઈ પહોંચ્યા હતા અને લોકો તોફાને ચઢ્યા હતા. ગાંધીજી ઊતરીને તરત તોફાનને સ્થળે પહોંચ્યા પણ તેઓ કાંઈ કરી શકે તે પહેલાં જ ભાલા ઉગામતી પોલીસની ઘોડેસવાર ટુકડીએ લોકોને વીખેરી નાખ્યા. ઘણા લોકો છૂંદાયા અને ઘાયલ થયા એ ગાંધીજીએ નજરે જોયું. તેઓ ત્યાંથી પોલીસ કમિશનરની ઑફિસે ગયા અને તેને સમજાવવા લાગ્યા કે, "ઘોડેસવાર ટુકડી મોકલવાની જરૂર નહોતી એમ મને તો લાગે છે." કમિશનરે જવાબ આપ્યો: "એની તમને ખબર ન પડે. તમારા શિક્ષણની લોકો ઉપર કેવી અસર થઈ છે તેની ખબર અમને પોલીસને તમારા કરતાં વધારે પડે. . . . તમે જાણો છો કે અમદાવાદમાં શું ચાલી રહ્યું છે? અમૃતસરમાં શું થયું છે? લોકો બધે ગાંડા જેવા થઈ ગયા છે. મને પણ પૂરી ખબર નથી. કેટલીક જગ્યાએ તાર પણ તૂટ્યા છે. હું તો તમને કહું છું કે, આ બધાં તોફાનની જવાબદારી તમારે શિર છે."

ગાંધીજીનો ઇરાદો તો વળતી ટ્રેને પાછા જઈ પોતાની ઉપરના હુકમનો અનાદર કરવાનો હતો. પણ મુંબઈનો મામલો જોઈને એમને લાગ્યું કે તે ને તે દિવસે તો જવાનું બને એમ નહોતું. સાંજે ચોપાટી ઉપર સભા કરી તેમાં એકઠી થયેલી પ્રચંડ માનવમેદનીને પોતાના લેખી ભાષણ દ્વારા ગાંધીજીએ સમજાવ્યું કે: "લોકો શાંતિ ન જાળવે તો મારાથી સત્યાગ્રહની લડત કદી ન લડી શકાય."

બીજે દિવસે અમદાવાદના વધારે સમાચાર મળ્યા. અમદાવાદમાં સત્તા-વાળાઓ કાબૂ ગુમાવી બેઠા હતા. મુંબઈથી અમદાવાદ જતી લશ્કરી ટુકડીને રોકવાના ઇરાદાથી કેટલાક લોકોએ નડિયાદ સ્ટેશન પાસે રેલના પાટા ઉખેડી નાખ્યા હતા, વીરમગામમાં મામલતદારનું ખૂન થયું હતું, વગેરે. એટલે દિલ્હી અને પંજાબ જવાનું તો માંડી જ વાળ્યું અને તે જ રાતે અમદાવાદ જવા નીકળ્યા. ત્યાં પહોંચીને જોયું કે ત્યાં તો માર્શલ લૉ ચાલતો હતો. સ્ટેશનેથી

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



સીધા કમિશનર મિ. પ્રૅટને જઈને મળ્યા. તેઓ તો ભારે ગુસ્સામાં હતા. છતાં બની શકે તેટલી વાતો કરી પરિસ્થિતિ સમજી લીધી અને તા. ૧૩મી ને રવિવારે આશ્રમમાં સભા ભરવાની રજા મેળવી તથા લોકોને ત્યાં આવવા દેવામાં પોલીસ કે સોલ્જરો તરફથી કશી દખલ ન થાય એવી ગોઠવણ કરી. ગાંધીજીનું લખેલું ભાષણ સરદારે વાંચ્યું. ભાષણમાં લોકોને પોતાના દોષોનું ભાન કરાવવાનો પ્રયત્ન હતો. ગાંધીજીએ પ્રાયશ્ચિત્ત તરીકે ત્રણ દિવસના ઉપવાસ કર્યા અને લોકોને એક દિવસના ઉપવાસ કરવાની સલાહ આપી. લોકોને પોતાના ગુના કબૂલ કરવાનું તથા સરકારને ગુના માફ કરવાનું સૂચવ્યું. એ સલાહ તો એમાંથી એક્કેયે ન માની. ન લોકોએ ગુના કબૂલ કર્યા, ન સરકારે માફ કર્યા. જ્યાં લગી શાંતિનો પાઠ લોકો ન શીખી લે ત્યાં સુધી સત્યાગ્રહ મુલતવી રાખવાનો પોતાનો નિશ્ચય ગાંધીજીએ જાહેર કર્યો.

પંજાબમાં તો લોકોને દાબી દેવાને પાર વિનાના અત્યાચારો થયા. જે ગલીમાં એક ગોરી બાઈના ઉપર હુમલો થયો હતો ત્યાં થઈને જતા આવતા લોકોને હુમલાની જગ્યા આગળ કેટલાય દિવસ સુધી પેટે ચલાવ્યા. કૉલેજના વિદ્યાર્થીઓને યુનિયન જૅકને સલામ ભરવા માટે જવા આવવાના થઈને સોળ સોળ માઈલ લાહોરના એપ્રિલ માસના તાપમાં ચલાવ્યા અને અમૃતસરમાં જલિયાં બાગમાં સભા ઉપર ગોળીબાર કરી સેંકડો માણસોની કતલ કરી. એ બધા સમાચારો જ્યારે બહાર આવ્યા ત્યારે આખા દેશમાં પ્રકોપ ભભૂકી ઊઠ્યો.

અમદાવાદમાં તોફાન ચાલતું હતું તે વખતે નડિયાદ સ્ટેશનની પાસે કેટલાક લોકોએ રેલના પાટા ઉખેડી નાખ્યા હતા. બારેજડી સ્ટેશન પાસે તારનાં દોરડાં કાપી નાખ્યાં હતાં. આને માટે એ બંને સ્થળે એક વર્ષ સુધી વધારાની પોલીસ રાખવાનું સરકારે ઠરાવ્યું અને તેના ખર્ચના રૂ. ૧૫,૫૫૬ નડિયાદના પાટીદારો તથા વાણિયાઓ પાસેથી અને રૂ. ૬,૦૨૮ બારેજડી તથા નાંદેજના ખાતેદારો પાસેથી દંડ તરીકે લેવાનું નક્કી કરી એ પ્રમાણેનો હુકમ તા. ૧૬મી મેએ ખેડાના કલેક્ટરે બહાર પાડ્યો. આમાં ગમ્મત એ છે કે આ બધા ખળભળાટ દરમિયાન નડિયાદમાં સારી શાંતિ જળવાઈ તે માટે એ જ કલેક્ટરે નડિયાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ શ્રી ગોકળદાસ તલાટી ઉપર ધન્યવાદનો નીચે પ્રમાણે કાગળ તા. ૨૧મી એપ્રિલે લખ્યો હતો:

> “હું માનપૂર્વક કહેવા ઇચ્છું છું કે ચિંતા અને ખળભળાટના જે સમયમાંથી સદ્ભાગ્યે હવે આપણે નીકળી ગયા છીએ તે સમયે નડિયાદના વતનીઓએ ઘણી સારી રીતે કાયદો અને શાંતિ જાળવી રાખ્યાં તે વખાણવા યોગ્ય હતું. જે આગેવાનોએ સુલેહ જાળવવામાં પોતાની લાગવગ વાપરી તેઓને ખસૂસ ધન્યવાદ ઘટે છે.”

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



પણ ત્યાર પછી કલેક્ટર, મુંબઈ પ્રાંતના પોલીસ ઇન્સ્પેક્ટર જનરલ અને ઉત્તર વિભાગના કમિશનર મિ. પ્રૅટ વચ્ચે મસલતો થઈ અને આખી બાજી ફરી ગઈ. પાટા કોણે ઉખાડ્યા તેની તપાસ ચલાવી અમુક માણસોને પકડવામાં આવ્યા. તેમના કેસનો ચુકાદો અદાલતે તો ૧૨મી ઑગસ્ટે આપ્યો પણ તે પહેલાં જ નડિયાદના પાટીદારો અને વાણિયાઓને કલેક્ટરે ગુનેગાર ઠરાવી દીધા અને તેમનો દંડ કર્યો. તેનાં જે કારણો કલેક્ટરે પોતાના હુકમમાં આપ્યાં છે તે રમૂજી હોઈ ટૂંકાવીને નીચે આપ્યાં છે:

૧. નડિયાદના લોકોએ રેલના પાટા ઉખેડી નાખ્યા એમાં કાંઈ શક જ નથી. તેમાંના ઘણાખરા પાટીદાર છે.

૨. ગયે વર્ષે જમીનમહેસૂલ નહીં ભરવાની હિલચાલ ચાલતી હતી ત્યારે મિ. ગાંધીનું મથક નડિયાદમાં હતું. એ હિલચાલથી લોકોમાં અમલદારો અને સરકાર પ્રત્યેનું માન ઘટ્યું.

૩. વાણિયાઓને ખાસ જવાબદાર ગણવાનું કારણ એ છે કે તેઓએ સરકારની સામે ઉશ્કેરણી કરી. વાણિયાઓ મુખ્યત્વે કરીને વેપારી છે. તેમણે દુકાનો બંધ કરીને ખળભળાટ મચાવ્યો અને હુલ્લડખોરોને ઉત્તેજન આપ્યું. નડિયાદમાં પહેલી હડતાલ ૬ઠ્ઠી એપ્રિલે કંઈ પણ કારણ વિના પાડવામાં આવી અને તેમાંથી જ ૧૧મી તારીખે જે દંગો થયો, તેની તૈયારી થઈ. . . . મિ. ગાંધી, મિ. ગોકળદાસ તલાટી અને મિ. ફૂલચંદ શાહ વાણિયા છે.

૪. જે ગુનો નડિયાદમાં થયો તે સાબિત કરવામાં મદદ આપવાની નડિયાદીઓને મેં તક આપી હતી. પણ નડિયાદના એક પણ આગેવાને મને અગત્યની ખબર નથી આપી.

જેમ નડિયાદ–બારેજડીનો દંડ કર્યો તેમ અમદાવાદ શહેરનો પણ રૂપિયા નવ લાખ દંડ કરવામાં આવ્યો અને વીરમગામનો રૂ. ૪૨,૦૦૦ દંડ કરવામાં આવ્યો. શહેરીઓમાંથી યોગ્ય લાગે તેવાઓને મુક્ત કરવાની કલેક્ટરને સત્તા હતી. છતાં સરદાર અને બીજાઓ જેમણે ભારે મદદ કરેલી તેમને મુક્તિ આપવામાં નહોતી આવી. તેમાંથી જે પ્રકરણ ઊભું થયું તે વિષે ગાંધીજી તા. ૧૧–૭–'૨૦ના 'નવજીવન'માં લખે છે:

> "કેટલાકને દંડમાંથી મુક્તિ આપવામાં આવી પણ શ્રી વલ્લભભાઈ પટેલ અને ડૉ. કાનુગાને એ મુક્તિનો લાભ મળી શક્યો નહીં. . . . તેઓએ રમખાણને શમાવવામાં તથા લોકોને શાંત પાડવામાં જીવને જોખમે અમલદારોને મદદ કરી હતી. . . . વિના વાંકે નાહક દંડ ભરવો એ આ બંને ગૃહસ્થોને માટે મુશ્કેલ કાર્ય હતું. સરકારને કનડવાની એમને ઇચ્છા નહોતી પરંતુ સ્વમાન જાળવવાની અને સત્યને જ માન આપવાની ઇચ્છા તેમનામાં તીવ્ર હતી.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



એટલે કશી હિલચાલ કે ધાંધલ કર્યા વિના દંડ ભરવાની પોતાની અનિચ્છા તેમણે સરકારને જણાવી. પરિણામે જપ્તીની નોટિસ નીકળી. ડૉ. કાનુગાના દવાખાનામાંના તેમના ગલ્લાને જપ્ત કરી તેમાંથી જોઈતાં નાણાં વસૂલ કરવામાં આવ્યાં શ્રી વલ્લભભાઈને ત્યાં તો જપ્તી અમલદારને ગલ્લો જોવામાં આવ્યો નહીં તેથી દીવાનખાનામાંથી એક કોચ જપ્ત કરી રીતસર નોટિસ સાથે હરાજ કરી તેમાંથી દંડ વસૂલ કરવો પડ્યો. આ બંને સત્યાગ્રહી ભાઈઓએ પોતાના અંતરના ધ્વનિને માન આપી શુદ્ધ સત્યાગ્રહનો દાખલો બેસાડ્યો છે તે માટે અમે તેમનું અભિનંદન કરીએ છીએ.”

પછી વળી બીજું પ્રકરણ ઊભું થયું. સરદાર તથા અમદાવાદના બીજા એક બૅરિસ્ટર શ્રી જીવણલાલ વ્રજરાય દેસાઈ તથા વકીલોમાંથી શ્રી ગોપાળરાવ રામચંદ્ર દાભોલકર, શ્રી કૃષ્ણલાલ નરસીલાલ દેસાઈ, શ્રી કાળીદાસ જસકરણ ઝવેરી તથા શ્રી મણિલાલ વલ્લભજી કોઠારી, જેમણે રોલટ કાયદા સામે સત્યાગ્રહ કરવાની પ્રતિજ્ઞા ઉપર સહીઓ કરી હતી, તેમને સત્યાગ્રહ સભામાંથી છૂટા ન થાય ત્યાં સુધી વકીલાત કરવાને માટે નાલાયક ગણવા જોઈએ, એવી મતલબનું લખાણ અમદાવાદના ડિસ્ટ્રિક્ટ જજે હાઈકોર્ટમાં કર્યું. તે ઉપરથી હાઈકોર્ટે તેમના ઉપર નોટિસ કાઢી અને કેસની સુનાવણી મુંબઈ હાઈકોર્ટના જજોની ‘ફૂલ બેન્ચ’ આગળ તા. ૨૪–૭–’૧૯ના રોજ થઈ. વકીલ–બૅરિસ્ટરો તરફથી સર ચિમનલાલ સેતલવાડે મુખ્ય દલીલો કરી. સર ચિમનલાલની દલીલોનો ધ્વનિ એ હતો કે :

> સત્યાગ્રહની પ્રતિજ્ઞા પર સહી કરવી એ વકીલાતના ધંધાને અંગે ગેરવર્તણૂક કહેવાય જ નહીં. . . . આ પ્રતિજ્ઞા લેવાથી બીજા કોઈ પ્રકારની ગેરવર્તણૂકનો આરોપ પણ તેમની ઉપર મૂકી શકાય નહીં. આવી પ્રતિજ્ઞા લીધાથી તેમને કલંક લાગતું નથી પણ ઊલટા તેઓ આબરૂદાર ઠરે છે. કારણ કે તેમની અંતઃકરણની માન્યતા પ્રગટ કરવાની હિંમત તેમનામાં છે. આ માન્યતા ભૂલભરેલી હોઈ શકે, પણ તેમાં કશો નૈતિક દોષ સમાયેલો નથી. પ્રતિજ્ઞામાં ચોખ્ખું જણાવ્યું છે કે સત્યથી ચાલવાનું છે, અને કોઈને ઈજા કરવાની નથી. આવી પ્રતિજ્ઞા લેનાર માણસને કલંકિત કેમ ગણી શકાય?

સર ચિમનલાલે બીજો મુદ્દો એ રજૂ કર્યો કે :

> સરકારનાં કેટલાંક કૃત્યો વિષે ટીકા કરતાં ઇંગ્લંડમાં ઘણી ઊંચી પદવી ધરાવતા કેટલાક નામાંકિત બૅરિસ્ટરોએ લશ્કરી બળથી સરકારની સામે થવાની ધમકી આપી હતી. તે છતાં તેમની સનંદ ખૂંચવી લેવા વિષે કાંઈ પણ વિચાર કરવામાં આવ્યો ન હતો. હા, તેઓ કાંઈ કાયદા વિરુદ્ધ કાર્ય કરે તો તેમની સામે ફોજદારી કાયદાની રૂએ કામ ચલાવી શકાય, પણ તેમની સનંદને ઈજા પહોંચાડી શકાય નહીં. . . . આ કામ ઘણું જ વહેલું

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ચલાવવામાં આવ્યું છે, કારણ હજી સુધી કોઈ પણ ગેરકાયદે કૃત્ય કરવામાં આવ્યું નથી.

હાઈકોર્ટના જજોએ આ દલીલ સ્વીકારી અને ઠરાવ્યું કે માણસે કાયદાભંગ કર્યો હોય તોપણ જેથી કોઈ જાતનું નૈતિક કલંક ચોંટે એવો દોષ તેમાં ન હોય ત્યાં સુધી કોઈ વકીલની સનંદ છીનવી ન લેવાય કે માણસને બીજી બાબતોમાં પણ નાલાયક ન ઠરાવી શકાય. આ ચુકાદાએ વકીલ-બૅરિસ્ટરો માટે કાયદાના સવિનય ભંગની લડતમાં ભાગ લેવાનો માર્ગ મોકળો કર્યો, એટલું જ નહીં પણ એવી લડતમાં જેઓ જેલ જઈ આવ્યા હોય તેવા હરકોઈને માટે ધારાસભાઓ, મ્યુનિસિપાલિટીઓ તથા લોકલબોર્ડોનાં દ્વાર બંધ ન કરી શકાય એવું સ્પષ્ટ કર્યું.

પછી પાટા ઉખેડવામાં, તારનાં દોરડાં કાપવામાં તથા અમદાવાદ વીરમગામનાં રમખાણોમાં ભાગ લેવા બદલ જેમને પકડ્યા હતા તેમના કેસ ચલાવવા માટે એક ખાસ અદાલત નિમાઈ અને ખટલા ચાલ્યા. તેમાંના ઘણા મોટા ભાગના કેસોમાં બૅરિસ્ટર તરીકે સરદાર અને તેમની સાથેના વકીલ તરીકે શ્રી કૃષ્ણલાલ દેસાઈ તથા શ્રી મણિલાલ કોઠારી ઊભા રહ્યા. મોટા ભાગના આરોપીઓને નિર્દોષ પુરવાર કરી તેમણે છોડાવ્યા. એક કેસમાં બહુ રમૂજ થઈ. નડિયાદના સ્ટેશન પાસે રેલના પાટા ઉખેડવાનો એક પાટીદાર ખેડૂત ઉપર આરોપ મુકાયેલો અને તેના ઘરમાં જપ્તી કરીને મુદ્દામાલ તરીકે ચાકીઓ ફેરવવાનાં કેટલાંક પાનાં રેલના પાટાની ચાકીઓનાં ગણીને પકડવામાં આવેલાં. આરોપીના કૂવા ઉપર એન્જિન પંપ મૂકેલાં હતાં એટલે તે માટે એને ઘેર આવાં પાનાં રહેતાં. ચાલુ કેસ દરમ્યાન ગુનાની જગા જોવા માટે જજ, સરકારી વકીલ, સરદાર અને બીજા વકીલો જવાના હતા, ત્યારે જતી વખતે સરદારે મુદ્દામાલ સાથે રાખવાની કોર્ટને વિનંતી કરી. સ્થળ વગેરે જજે તપાસી લીધું એટલે સરદારે કહ્યું કે, મુદ્દામાલમાં પકડાયેલાં પાનાં વડે પાટાની ચાકીઓ ફેરવી જુઓ. ફેરવવા ગયા તો એક્કે પાનું બેસે નહીં. તપાસ ચલાવનારા પોલીસ અમલદારોની કાપો તો લોહી ના નીકળે એવી દશા થઈ. સરદારે જજને કહ્યું કે, આ કેસોમાં આવું ડીંડવાણું છે. ગુનો થયો છે માટે કોઈને પણ પકડીને કેસ તો કરવો જ જોઈએ ને!

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021

## ૧૪

# અસહકાર

લાહોર, અમૃતસરનાં રમખાણો પછી સરકારે પંજાબમાં કરેલા અત્યાચારોના સમાચાર દેશમાં જ્યારે ફેલાયા ત્યારે આખા દેશમાં ભારે પુણ્યપ્રકોપ પ્રગટ્યો. સરકારનાં જુલમી કૃત્યો સામે અવાજ ઉઠાવે એવા પંજાબના તમામ આગેવાનોને સરકારે પકડી લીધા હતા. એટલે કૉંગ્રેસે ઠરાવ કર્યો કે ત્યાં જઈ તપાસ કરવી. એ ઠરાવને અનુસરીને ત્યાં બધી પરિસ્થિતિ જોવા જવા ઇચ્છનારા મિ. ઍન્ડ્રૂઝ, પં૦ માલવીયજી, પં૦ મોતીલાલજી, દેશબંધુ દાસ વગેરેને પંજાબમાં દાખલ થવાની રજા છેક જુલાઈમાં મળી અને ગાંધીજીને તો છેક ઑક્ટોબરમાં મળી. ગાંધીજીને રજા મળી તેના થોડા જ દિવસ અગાઉ એટલે તા. ૧૪-૧૦-'૧૯ના રોજ લશ્કરી કાયદા દરમિયાન પંજાબના અમલદારોએ કરેલાં કૃત્યો વિષે તપાસ કરવા સરકાર તરફથી એક કમિટી નીમવામાં આવી. એ કમિટી તેના પ્રમુખ લૉર્ડ હંટરના નામ ઉપરથી હંટર કમિટી કહેવાય છે. પણ એ કમિટી નીમતાં પહેલાં વાઈસરૉયે અમલદારોને મુક્તિ આપનારો એક કાયદો પસાર કરીને કમિટીની સત્તાઓ મર્યાદિત કરી નાખી. એ કાયદાની મુખ્ય કલમનો સાર એ હતો કે, "૧૯૧૯ના માર્ચની તા. ૩૦મીએ અથવા ત્યાર પછી શુદ્ધ ઇરાદાથી અને તે કામ જરૂરનું હતું તેવી વાજબી સમજથી કોઈ અમલદારે તોફાન મટાડવા અને શાંતિ જાળવવાને સારુ જે કામ કર્યું હશે તે બાબતમાં તેની સામે દીવાની કે ફોજદારી કેસ કોઈ પણ કોર્ટમાં ચાલી શકશે નહીં." બીજી એક કલમ એવી હતી કે, "કોઈ પણ માણસને માર્શલ લૉ દરમ્યાન સજા થઈ હશે તે સજા જ્યાં સુધી ગવર્નર અથવા તો તેના જેવા અધિકાર ભોગવતી બીજી કોઈ સત્તા રદ નહીં કરે ત્યાં સુધી કાયમ રહેશે." બીજું, આ કમિટીમાં પાંચ ગોરા સભ્યો અને ત્રણ હિંદી સભ્યો હતા. કૉંગ્રેસની માગણી એવી હતી કે હિંદી સભ્યોમાં એક કૉંગ્રેસના પ્રતિનિધિને અને એક મુસ્લિમ લીગના પ્રતિનિધિને લેવા જોઈએ. પણ એ માગણી વાઈસરૉય સાહેબે નકારી. ત્રીજું, પંજાબના જે આગેવાનોને જેલમાં રાખવામાં આવ્યા હતા તેઓને જુબાનીઓ આપવા માટે બોલાવવામાં આવે એટલું જ નહીં પણ કમિટી આગળ પુરાવા રજૂ કરવા માટે વકીલો સાથે સલાહમસલત કરવાની તેમને પૂરી સગવડ આપવામાં આવે, એવી કૉંગ્રેસની



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો
39/52

4/25/2021



માગણી હતી, તે પણ નકારવામાં આવી. મુખ્યત્વે આ અને બીજાં કેટલાંક કારણોને લીધે પંજાબમાં હંટર કમિટીનો કોંગ્રેસ તરફથી બહિષ્કાર કરવામાં આવ્યો. પણ ત્યાંના અત્યાચારોની સત્તાવાર વિગતો દેશ આગળ રજૂ થવાની જરૂર હતી. એટલે કોંગ્રેસે પં૰ મોતીલાલ નેહરુ, દેશબંધુ દાસ, અબ્બાસ સાહેબ તૈયબજી, શ્રી જયકર અને ગાંધીજી તથા સેક્રેટરી તરીકે શ્રી કે. સન્તાનમ્ એટલાની એક તપાસસમિતિ નીમી.

પંજાબનું આ પ્રકરણ ચાલતું હતું તેની સાથે જ એક બીજો મહાન પ્રશ્ન દેશ આગળ ઊભો થયો હતો. યુરોપીય મહાયુદ્ધમાં તુર્કી જર્મનીના પક્ષમાં ભળ્યું હતું. તુર્કીનો સુલતાન ખલીફ કહેવાતો અને એ રીતે આખી ઇસ્લામી આલમનો તે ધર્મગુરુ ગણાતો તથા મુસલમાનોનાં પવિત્ર મનાતાં સ્થળો તેની હકૂમત નીચે જ રહેવાં જોઈએ એવી મુસલમાનોની માન્યતા હતી. હિંદુસ્તાનના મુસલમાનો પોતાના ખલીફ સામે લડતાં સંકોચ ન પામે તે ખાતર ઇંગ્લંડના વડા પ્રધાને સ્પષ્ટ વચનો આપેલાં કે અમારી જીત થયા પછી બીજા દુશ્મનોનું ગમે તે કરવામાં આવે પણ તુર્કીના સુલતાનની હકૂમત નીચેનો તમામ પ્રદેશ અમે અકબંધ રહેવા દઈશું. આમ છતાં એ વચનો આપ્યાં ને થોડા જ વખત પછી મુસલમાનોના દિલને ચોટ લાગે એવી બીના એ બહાર આવી કે જે વખતે એક તરફથી ઇંગ્લંડનો વડો પ્રધાન આવાં વચનો આપી રહ્યો હતો તે જ વખતે પોતાના મળતિયા ઇટાલી, ગ્રીસ અને રશિયા સાથે ઇંગ્લંડ છૂપા કોલકરારમાં ઊતર્યું હતું જેમાં તુર્કીના સુલતાનની હકૂમત નીચેનો પ્રદેશ એ બધા દેશો વચ્ચે અમુક અમુક રીતે વહેંચી લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું. યુરોપમાં આ છૂપા કોલકરારોની જાણ વહેલી થઈ હતી પણ સેન્સરશિપને લીધે હિંદુસ્તાનમાં તો છેક ૧૯૧૮ના એપ્રિલમાં જ્યારે એન્ડ્રૂઝ વિલાયતથી આ ખબર લાવ્યા ત્યારે જાણ થઈ. ગાંધીજીને વાઇસરૉય તરફથી યુદ્ધ પરિષદમાં ભાગ લેવાનું આમંત્રણ આપવામાં આવ્યું ત્યારે બીજાં કારણોની સાથે આ કારણે પણ ભાગ લેવાની બાબતમાં પોતાની મુશ્કેલી તેમણે જણાવી. વાઇસરૉયે ગાંધીજી આગળ એવી દલીલ કરી કે આ બધી તો છાપાંની વાતો છે. બ્રિટિશ પ્રધાનમંડળને શું કહેવાનું છે એ સાંભળ્યા કે જાણ્યા વિના એ ખરી છે એમ કેમ મનાય ? વાઇસરૉયની આ દલીલ ગાંધીજીને વાજબી લાગી અને તેમણે લશ્કરભરતીમાં મદદ કરવાનું સ્વીકાર્યું. પણ યુદ્ધ પૂરું થયા પછી જે સુલેહની શરતો થઈ તે મુજબ તુર્કીના સુલતાનની હકૂમત નીચેના પ્રદેશની વહેંચણી થઈ ત્યારે મુસલમાનોને ચોક્કસ લાગ્યું કે ખલીફની હકૂમત એટલે કે ખિલાફતની બાબતમાં આપણી સાથે વચનભંગ અને દગો થયો છે. પોતાના દેશબાંધવ મુસલમાનોને તેમની આફતને સમયે મદદ કરવી જ જોઈએ એમ વિચારીને

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ખિલાફતના પ્રશ્નમાં એમની સાથે ગાંધીજી પૂરેપૂરા ભળ્યા. ૧૯૨૦ના માર્ચમાં મુસ્લિમ ઉલેમાઓની સભામાં ગાંધીજી ગયા હતા ત્યાં આના ઉપાયનો વિચાર કરતાં કરતાં ગાંધીજીને એકાએક સ્ફુરી આવ્યું કે ખિલાફતની બાબતમાં મુસલમાનોને ન્યાય ન મળે ત્યાં સુધી સરકારને રાજ્ય ચલાવવામાં મદદ ન કરવી જોઈએ. પહેલાં તો એમને અંગ્રેજી શબ્દ 'નૉન-કોઓપરેશન' સૂઝેલો. તે ઉપરથી ગુજરાતીમાં 'અસહકાર' શબ્દ એમણે જ બનાવ્યો. ખિલાફતને અંગેની સભાઓમાં ધીમે ધીમે એ વિચારને ખીલવ્યો અને તેની વિગતો આપતા ગયા.

તા. ૨૬-૫-'૨૦ના રોજ હંટર કમિટીનો રિપોર્ટ અને તેની ભલામણો ઉપર સરકારી ઠરાવ બહાર પડ્યા. ગાંધીજીની સત્યાગ્રહની તથા કાયદાના સવિનય ભંગની હિલચાલથી લોકોની કાયદાને માન આપવાની વૃત્તિ શિથિલ થઈ, અને તેને લીધે તોફાનો થયાં એ જાતના હંટર કમિટીના નિર્ણયમાં ગોરા સભ્યોની સાથે હિંદી સભ્યો સંમત થયા પણ બીજી બધી બાબતોમાં ગોરા સભ્યોથી એઓ છૂટા પડ્યા. હિંદી સભ્યોએ સ્પષ્ટ અભિપ્રાય આપ્યો કે તોફાનોને બળવો ધારી માર્શલ લૉ ચાલુ કરવામાં પંજાબની સરકારે ભૂલ કરી હતી અને માર્શલ લૉમાં જે જુલમો કર્યા તે અમાનુષી અને હિંદી પ્રજાનું અપમાન કરનારા હતા. છતાં આ બાબત ઉપર હિંદી સરકારે જે ઠરાવ બહાર પાડ્યો તે તો ચોખ્ખો આખી વસ્તુનો ઢાંકપિછોડો કરનારો હતો. પંજાબના અમાનુષી અત્યાચારો પાછળ મૂળ જેનો હાથ હતો તે પંજાબના લેફ્ટનન્ટ ગવર્નર સર માઇકલ ઓડવાયર વિષે ઠરાવમાં જણાવ્યું કે તેણે જે ભારે શક્તિ અને હિંમતથી મહા મુશ્કેલીના સમયમાં પોતાની ફરજ બજાવી તે માટેના૰ શહેનશાહની સરકાર તેની કદર કરે છે. જલિયાંવાલા બાગની કતલ કરનાર જનરલ ડાયર વિષે જણાવ્યું કે તેણે જલિયાંવાલા બાગમાં જે લશ્કરી બળ વાપર્યું તે ટોળાંને વિખેરવા જોઈએ તે કરતાં ઘણું વધારે હતું અને તેને ફરમાવવામાં આવે છે કે પોતાના હોદ્દાનું તેણે રાજીનામું આપવું. સર માઇકલ ઓડવાયરની પ્રશંસા કરનારા અને જનરલ ડાયરને નોકરીનું માત્ર રાજીનામું અપાવી જતો કરવાના આ ઠરાવથી હિંદી પ્રજાનો અસંતોષ ખૂબ જ વધ્યો.

હવે ખિલાફતના દગા સાથે પંજાબના અત્યાચારો અને બન્ને બાબતમાં પ્રજાને થયેલો અન્યાય એ અસહકાર માટે કારણો થયાં. આપણું સ્વરાજ્ય ન સ્થપાય ત્યાં સુધી આવા અન્યાયો થતા અટકાવવાનું શક્ય નથી, માટે સ્વરાજ્ય એ અસહકારનો ત્રીજો મુદ્દો થયો. દેશમાં ઠેર ઠેર સભાઓ દ્વારા આનો પ્રચાર થવા લાગ્યો. અલ્લાહાબાદમાં તા. ૯-૬-'૨૦ના રોજ મળેલી ખિલાફત પરિષદે અસહકારના ઠરાવને છેવટનું રૂપ આપ્યું અને પરિષદ તરફથી વાઇસરૉયને છેલ્લી તક આપવા એક કાગળ લખ્યો. ગાંધીજીએ પણ વાઇસરૉયને આ બાબતમાં

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



છેલ્લો પત્ર તા. ૨૨–૬–'૨૦ના રોજ લખ્યો. તેના જવાબ સંતોષકારક ન મળ્યા એટલે દેશભરમાં અસહકારની તૈયારીઓ ચાલી.

ગુજરાત રાજકીય પરિષદ જે દર વર્ષે મળતી તેના તરફથી આખું વર્ષ કામ ચાલુ રાખવા નિમાયેલા ગુજરાત રાજકીય મંડળની એક બેઠક તા. ૧૧–૭–'૨૨ના રોજ નડિયાદ મુકામે મળી. તેમાં સરદારની દરખાસ્તથી અસહકારનો ઠરાવ પાસ કરવામાં આવ્યો.

ગાંધીજીએ તા. ૧લી ઑગસ્ટે પોતાને મળેલા બધા ચાંદા — બોઅર વૉર મેડલ, ઝૂલુ વૉર મેડલ અને કૈસરે હિંદ સુવર્ણ ચાંદ — વાઈસરૉયને પાછા મોકલી આપીને અસહકારની શરૂઆત કરી. અસહકાર વિષે વિચાર કરવા સપ્ટેમ્બરની શરૂઆતમાં કૉંગ્રેસની ખાસ બેઠક કલકત્તામાં મળવાની હતી. તે પહેલાં ગુજરાતનો અભિપ્રાય ત્યાં રજૂ થઈ શકે તે માટે તા. ૨૭–૨૮–૨૯ ઑગસ્ટના રોજ ગુજરાત રાજકીય પરિષદ અમદાવાદમાં શ્રી અબ્બાસ સાહેબ તૈયબજીના પ્રમુખપણા નીચે બોલાવવામાં આવી. સરદાર સ્વાગતસમિતિના પ્રમુખ ચૂંટાયા. તેમના ભાષણમાંથી થોડા ઉતારા અહીં આપીશું. પરિષદ બોલાવવાનું કારણ જણાવતાં તેઓશ્રીએ કહ્યું:

> "કલકત્તામાં આવતા અઠવાડિયામાં કૉંગ્રેસ મળશે તે પહેલાં હિંદુસ્તાનની પ્રજાએ અસહકારના વિષય ઉપર ખૂબ વિચાર કરી પોતાનો મત કૉંગ્રેસને જાહેર કરવો એવો ઑલ ઇન્ડિયા કૉંગ્રેસ કમિટીએ ઠરાવ કર્યો છે. તેથી આ પરિષદ વહેલી ભરવામાં આવી છે. . . . અસહકારનો માર્ગ ચાલતી આવેલી દિશાથી વિરુદ્ધ છે અને ભારે જોસથી ચાલતા આવેલા પ્રવાહને તે દિશામાં લઈ જવાનો મહાન પ્રશ્ન આપની સમક્ષ રજૂ થયો છે. . . . અસહકારની તરફના તેમ જ તેની વિરુદ્ધના — બંને વિચારનાને આગ્રહપૂર્વક આ પરિષદમાં નોતરવામાં આવ્યા છે. . . . ઉભય પક્ષને ખૂબ ધીરજ અને સભ્યતાથી સાંભળવાની જરૂર છે. સ્વરાજ ઇચ્છનાર પ્રજા પ્રજામતના કોઈ પણ પક્ષનો અનાદર કરી શકતી નથી. સર્વ પક્ષનું અંતિમ લક્ષ્ય તો એક જ છે. ફક્ત સાધનોની પસંદગીમાં મતભેદ છે. . . ."

ત્યાર પછી અસહકાર કરવાની હદ સુધી આપણે કેમ પહોંચ્યા તેનો ઇતિહાસ આપ્યો છે. તેમાંના મુખ્ય મુદ્દા અહીં આપ્યા છે:

> "સને ૧૯૧૪માં યુરોપમાં યુદ્ધ શરૂ થયું તે વખતે એમ કહેવામાં આવ્યું કે નાનાં નાનાં રાજ્યોની સ્વતંત્રતાના બચાવ ખાતર તેમ જ સત્ય અને ન્યાયની ખાતર ઇંગ્લંડને તલવાર ખેંચવી પડી છે. રણસંગ્રામમાં હિંદના લાખો સિપાઈઓ યુરોપ, આફ્રિકા અને એશિયાનાં જુદાં જુદાં મેદાનમાં પોતાનું લોહી રેડવા ગયા. અત્યારે હિંદુસ્તાનના જેવી ગરીબાઈ પૃથ્વીના પડ ઉપર ભાગ્યે જ કોઈ જગ્યાએ હશે. છતાં પોતાનાં કરોડો બાળકોને ભૂખે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



મરતાં રાખી હિંદે ઇંગ્લંડને દોઢ અબજ રૂપિયાની ભેટ કરી. શરૂઆતમાં હિંદની વફાદારીને માટે ભારે શંકાઓ રાખવામાં આવતી હતી. પણ હિંદની આવી અણધારી વફાદારી જોઈ ઇંગ્લંડની પ્રજા આશ્ચર્યચકિત બની. . . . આપણા ડાહ્યા અને વિચક્ષણ આગેવાનોએ સામ્રાજ્યને અણીને પ્રસંગે મદદ આપતાં કોઈ પણ જાતની શરત કરવી એમાં ખાનદાનીના ભંગનો દોષ જોયો. . . . ઇંગ્લંડના વડા પ્રધાન અને બીજા પ્રધાનોનાં વચનો ઉપર વિશ્વાસ રાખી હજારો બહાદુર મુસલમાનો ખુદ તુર્કીની સામે લડવા ગયા. . . .

"લડાઈ પૂરી થયે આના બદલામાં આપણને શું મળ્યું? વ્યક્તિની સ્વતંત્રતાનો જડમૂળથી નાશ કરે એવા રોલૅટ નામથી ઓળખાતા કાયદાની ભેટ અતિશય આગ્રહપૂર્વક આપણને કરવામાં આવી. . . . પંજાબના હાકેમની જુલમી રાજનીતિના ભાર નીચે કચડાયેલી પ્રજા બળી રહી હતી. રોલૅટ કાયદાની સામે ચાલતી ચળવળ જોરથી દાબી દેવાની નીતિ ગ્રહણ કરી સરકારે બળતામાં ઘી હોમ્યું. મહાત્મા ગાંધીજીને પંજાબમાં જતા અટકાવ્યા, ત્યાંના આગેવાનોને અલોપ કરી દીધા. પરિણામે પ્રજાનો કેટલોક ભાગ ગાંડો બની ગયો અને ક્ષણિક ગાંડપણમાં એણે અનેક અત્યાચારો કર્યાં. ગુસ્સાના આવેશમાં ભાન ભૂલી જઈને લોકોએ કરેલા અત્યાચારોનો આપણે બચાવ નથી કરી શકતા. . . . નિર્દોષ માણસોનાં ખૂન થાય, સરકારી મકાનો બળાય, દેવળો બળાય, સ્ત્રીઓ ઉપર હુમલા થાય, ત્યારે સરકાર ગુસ્સે થાય અને કેટલેક અંશે સખ્તાઈની મર્યાદા સાચવી ન શકે તે સમજી શકાય તેમ છે. . . . પણ સરકારે તો જુલમ કરવામાં કશી મણા જ ન રાખી. કોઈ સુધરેલા રાજ્યના ઇતિહાસમાં પ્રજા ઉપર આવો જુલમ કર્યાનો દાખલો જોવામાં આવતો નથી. . . . આ અત્યાચારોની જવાબદારીમાંથી અપરાધી અમલદારોને બચાવવાને ખાતર સરકારે મુક્તિનો કાયદો પસાર કર્યો. ત્યાર પછી આ પ્રકરણની તપાસ કરવા કમિટી નિમાઈ. . . . એ કમિટીએ તો ઢાંકપિછોડો કર્યો."

પછી અમલદારોના અત્યાચારો વિષે તથા કમિટીના રિપોર્ટ સંબંધે ઇંગ્લંડની પાર્લમેન્ટમાં કેવી ચર્ચા થઈ તેનું વર્ણન કરતાં કહે છે:

"આમની સભા એ બ્રિટિશ ન્યાયની છેલ્લી અદાલત છે. ઈશ્વરના અસ્તિત્વ કરતાં બ્રિટિશ ન્યાયમાં વધારે આસ્થા રાખનાર આ દેશમાં પડેલા છે. આમની સભાએ એમનાં અંધકારનાં પડળ ઉઘાડી નાખ્યાં. કોઈ માણસ પથ્થરને હીરો માની લાંબા કાળ સુધી સાચવી રાખી ભીડને પ્રસંગે વટાવવા જાય અને પસ્તાય તેમાં પથ્થરનો શો દોષ? બ્રિટિશ ન્યાયમાં શ્રદ્ધા રાખવાથી અત્યારે આપણી એ દશા થઈ છે. . . . ઉમરાવની સભામાં તો ઉમરાવોએ પોતાની ખાનદાની ખરેખરી બતાવી! પંજાબનાં ગંભીર દુઃખોની તેમણે ઠેકડી કરી. એક હિચકારા ગોરા અમલદારની ઇજ્જત સાચવવા ખાતર સેંકડો નિરપરાધી માણસોનાં ખૂન ભૂલી જવાયાં, તેને બહાદુર લેખવામાં આવ્યો અને નિર્દોષ માર્યા ગયેલાઓને બળવાખોર ઠરાવવામાં આવ્યા. . . .

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



"સેંકડો ખૂન કરવામાં જનરલ ડાયરની દાનત સાફ હતી, એણે ફક્ત ગણતરી કરવામાં ભૂલ કરી, એણે થોડી વધારે ગોળીઓ છોડી, પણ એણે હિંદુસ્તાનને બચાવ્યું . . . સર માઈકલ ઓડવાયર જે આ બધા અત્યાચારો માટે મુખ્ય જવાબદાર હતો તેણે કરેલી પંજાબની સેવાઓ યાદ કરીને પ્રધાનમંડળે એની પ્રશંસા કરી. પંજાબની પ્રજાએ જે સેવાઓ કરેલી તે પાણીમાં ગઈ!"

પછી પંજાબના અત્યાચારોની થોડી વિગતો આપી હિંદુસ્તાનની ધારાસભામાં બનેલા પ્રકારનું વર્ણન કરે છે:

"લશ્કરી અમલ દરમિયાન પંજાબમાં ત્રાસ વર્તાવવા ઇરાદાપૂર્વક કતલ ચલાવી, પંજાબીઓનાં નાક ઘસાવ્યાં, તેમને પેટે ચલાવ્યા, જાહેર રસ્તા ઉપર ઊભા રાખી ફટકા લગાવ્યા, શહેર વચ્ચે ફાંસીના માંચડા ઊભા કર્યા, વિમાન-માંથી ગોળા ફેંક્યા, બ્રિટિશ વાવટાને સલામ ભરવા વિદ્યાર્થીઓને સોળ સોળ માઈલ ચલાવ્યા, આગેવાનોને પકડી પકડી કેદમાં પૂર્યા, ખોટા પુરાવા ઊભા કરવા જુલમ કર્યા, પીવાનાં પાણી બંધ કર્યાં, હિંદુ મુસલમાનના ઐક્યની ચેષ્ટા કરી, સ્ત્રીઓની લાજ લૂંટી અને એવાં બધાં અનેક રાક્ષસી કામ કર્યાં. . .

"હિંદની ધારાસભામાં પેટે ચાલવાના હુકમ વિષે ચર્ચા ચાલી ત્યારે જુગારીઓ અને દારૂડિયાનું ટોળું ભરાઈ જેવી ભાષા વાપરે તેવી ભાષા સરકાર પક્ષના કેટલાક સભાસદોએ વાપરી અને પેટે ચાલનારની મશ્કરીઓ કરી. ભલા પંડિત મદનમોહન માલવીયજીનું અપમાન કરવામાં કંઈ બાકી રાખી નહીં."

ઉપર પ્રમાણે વર્ણન કરી કેટલાક સૂચક સવાલો પૂછે છે:

"પંજાબનું નાક કાપી હિંદુસ્તાનની ઇજ્જત ઉપર હાથ નાખ્યો અને ન્યાય આપવાને બદલે અસહ્ય દુઃખમાં પીડાતી પ્રજાનાં દુઃખોની મશ્કરી કરી તે કેમ ભૂલી જવાય? ભવિષ્યની પ્રજાનો આપણા ઉપર કંઈક હક તો છે. આપણે તેમના ટ્રસ્ટી છીએ. જો આપણે અપમાનનો જ વારસો એમને માટે મૂકી જઈએ તો આપણી દોલત અને આપણી સાહેબી તેમને શા કામની છે? આપણે આ અપમાન ગળી જઈએ તો સુધરેલી પ્રજાઓ આપણો તિરસ્કાર કરે તેમાં નવાઈ શી?"

પછી ખિલાફતના દગા વિષે બોલતાં જણાવ્યું:

"તુર્કીના રાજ્યના ભાગલા પાડ્યા, કૉન્સ્ટંટીનોપલમાં સુલતાનને એક કેદી જેવો બનાવ્યો, સીરિયાને ફ્રાન્સે પચાવી પાડ્યું, સ્મર્ના અને થ્રેસ ગ્રીસ ગળી ગયું અને મેસોપોટેમિયા અને પેલેસ્ટાઈનનો કબજો આપણી સરકારે લીધો. અરબસ્તાનમાં પણ પોતાનો કાબૂ રાખી એક નામનો હાકેમ ખડો કરી દીધો. ખુદ વાઈસરૉય સાહેબે પણ કબૂલ કર્યું કે સુલેહની કેટલીક શરતો મુસલમાન કોમને દૂભવે એવી છે. લડાઈ દરમિયાન વડા પ્રધાને

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

હિંદના મુસલમાનોને આપેલાં પવિત્ર વચનોનો ભંગ કરી, તે કોમની લાગણીનો અનાદર કરી, કેવળ સ્વાર્થબુદ્ધિથી મિત્ર રાજ્યોએ ખલીફની સત્તાનો નાશ કર્યો છે. આ અન્યાયથી આખી મુસલમાન કોમનું હૃદય ચિરાઈ ગયું છે. . . . મુસલમાનોની આવી દુ:ખી સ્થિતિમાં હિંદુઓ તટસ્થ રહી શકતા નથી. . . .

"કેટલાક એવી દલીલ કરે છે કે તુર્કીના પ્રતિનિધિઓએ સુલેહની શરતો સ્વીકારીને સહી કરી દીધી એટલે હવે હિંદુસ્તાનને બોલવાનો શો હક છે? બંદૂક બતાવી કરાવેલી સહીથી અન્યાય કાંઈ ન્યાય થતો નથી. અને ન્યાય માગનારનો હક નથી નાબૂદ થતો નથી. પંજાબમાં માર્શલ લૉ દરમિયાન પંજાબીઓને પેટે ચલાવનાર અમલદારોએ એવો વિચિત્ર બચાવ કરેલો કે લોકો ખુશીથી પેટે ચાલતા હતા અને કેટલાક તો આ હુકમ ઉપર ફિદા થઈ બબ્બે ત્રણ ત્રણ વખત પેટે ચાલી ગયા અને છેવટે તેમને રોકવા પડયા. વળી તેમણે એમ પણ કહેલું કે માર્શલ લૉ લોકોને એટલો બધો ગમ્યા કે તેઓ 'માર્શલ લૉ કી જય' બોલવા લાગ્યા અને માર્શલ લૉ ચાલુ રાખવાની આજીજીઓ કરવા લાગ્યા. આથી શું માર્શલ લૉના અન્યાય વિરુદ્ધ બોલવાનો હક જતો રહ્યો?"

ગાંધીજી જેઓ અત્યાર સુધી બ્રિટિશ સામ્રાજ્યને ભારે વફાદાર હતા, બ્રિટિશ પ્રજા ઉપર મોહિત હતા અને તે સાથે શુદ્ધ સહકાર કરવામાં માન સમજતા તેઓ પણ અસહકાર કરવાની સલાહ આપે છે, એમ કહી ૧૯૧૯ની છેલ્લી સહકારી કૉંગ્રેસનું એક દૃશ્ય વર્ણવે છે:

"આ સ્થળે અમૃતસરની કોંગ્રેસના છેલ્લા દિવસની બેઠકનો ચિતાર મારી આંખ આગળ ખડો થાય છે. હિંદુ, મુસલમાન અને શિખના લોહીથી તાજી ખરડાયેલી જલિયાંવાલા બાગની ભૂમિનો સ્પર્શ કરી, પંજાબના અત્યાચારોથી ક્રોધે ભરાયેલા ડેલીગેટોથી ચિકાર મંડપ વચ્ચે મહાત્મા ગાંધીજીએ ટોપી ઉતારી શુદ્ધ સહકારનો માર્ગ ગ્રહણ કરવા અને શાહેનશાહી ઢંઢેરાનાં ઉદાર વચનો ઉપર વિશ્વાસ રાખી મિત્રતાનો લંબાવેલો હાથ પ્રેમથી પકડી લેવા અને અવિશ્વાસનો ત્યાગ કરવા ગદ્‌ગદ કંઠે પ્રાર્થના કરી.[1] તે જ મહાત્મા આજે આખા હિંદુસ્તાનમાં અસહકારનો પોકાર મુક્ત કંઠે કરી રહ્યા છે."

---

૧. હિંદુસ્તાનમાં નવા દાખલ થનારા રાજકીય સુધારાને લગતા બાદશાહી ઢંઢેરામાં અમૃતસરની કૉંગ્રેસ વખતે ગાંધીજીની આંખ આશાનાં કિરણો જોતી હતી. પંજાબ ને ખિલાફતના પ્રશ્નો તે વખતે પણ હતા જ. પણ તે વખતના ભારત મંત્રી મૉન્ટેગ્યુ હિંદને દગો નહીં થવા દે એમ ગાંધીજી આશા રાખતા હતા. દેશબંધુ દાસનો દૃઢ અભિપ્રાય હતો કે સુધારાને છેક અસંતોષકારક અને અધૂરા ગણી ફેંકી દેવા જોઈએ. લોકમાન્ય એટલે સુધી નહોતા જતા છતાં દેશબંધુ જે ઠરાવ પસંદ કરે તેની તરફ પોતાનું વજન નાખવાનો એમનો નિશ્ચય હતો. આ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



આ પરિષદના થોડા જ દિવસ અગાઉ સર નારાયણ ચંદાવરકર અને કેટલાક નેતાઓએ અસહકારની વિરુદ્ધ એક જાહેરનામું કાઢ્યું હતું. તેમાં જણાવ્યું હતું કે દુનિયાના મુખ્ય ધર્મગ્રંથો — ગીતા, કુરાન, બાઇબલ અને પારસી અવેસ્તા અસહકારને ધર્મવિરુદ્ધ ગણે છે. એનો જવાબ આપતાં સરદારે જણાવ્યું :

"અસહકારમાં કેટલાક ધર્મભંગનો દોષ જુએ છે. હું એમના જેટલી વિદ્વત્તાનો કે ધર્મનાં તત્ત્વોના જ્ઞાનનો દાવો કરતો નથી. છતાં હું એમને પૂછું છું કે પ્રજાને અસહકારમાં નહીં જોડાવા, અસહકારથી દૂર રહેવા, ટૂંકામાં અસહકારવાદીઓની સાથે અસહકાર કરવાની સલાહ આપતાં ધર્મભંગનો દોષ ક્યાં જતો રહે છે? આપણે સર નારાયણ ચંદાવરકરને એટલું તો વિનયપૂર્વક પૂછી શકીએ છીએ કે જે સામ્રાજ્યમાં સર માઈકલ ઓડવાયર જેવા 'સર'નો ઇલકાબ ધારણ કરી શકે છે અને સર રવીન્દ્રનાથ ટાગોર જેવા મહાન કવિને પોતાનો 'સર'નો ઇલકાબ ફેંકી દેવો પડે છે અને જેને આપ માથું નમાવવા લાયક 'પ્રૉફેટ' (પયગંબર) ગણો છો તેમને પણ પોતાના ચાંદાનો ત્યાગ કરવો પડે છે, ત્યાં આપને 'સર'નો ઇલકાબ પાછો સોંપી દેવામાં ગીતાજીના કયા શ્લોકનો બાધ આવે છે?"

અસહકારની હિલચાલમાં જોખમ છે, તોફાન થવાનો ભય છે એવા આક્ષેપોનો જવાબ આપતાં કહે છે:

"જોખમ છે એ ખરી વાત છે. સ્વતંત્રતા સહેલાઈથી દુનિયાના કયા દેશને મળી છે? મૂંગા બેસી રહેવામાં ઓછું જોખમ છે? . . . જોખમના ડરથી પ્રજાની ઉન્નતિના મહાન અખતરા કોઈએ છોડી દીધા છે ખરા? આટલું મોટું સામ્રાજ્ય બાંધનારાઓએ જોખમનો ડર રાખ્યો હોત તો આજે તેનું અસ્તિત્વ ક્યાંથી હોત? . . . દરેક વખતે પ્રજાને પછડાતી જોઈએ અને તેમાંથી બચવાનો કોઈ માર્ગ બતાવે તો તેમાં આડો પગ મૂકીએ તો પ્રજાની ચડતી શી રીતે થાય? બંગાળના ભાગલાથી પ્રજાનું જે અપમાન થયું હતું તેના કરતાં ખિલાફત અને પંજાબના અન્યાયો શું ઓછા અપમાનકારક છે? તે વખતે આખા દેશમાં ભડકો સળગાવનારાઓને અત્યારે કાંઈ જ લાગતું નથી? . . ."

---

રીતે અનુભવી અને બહુમાન્ય નેતાઓથી ગાંધીજીનો મત ભિન્ન હતો. તેમને એ કઠતું હતું. પણ એમનો અંતર્નાદ એમને સ્પષ્ટ કહેતો હતો કે બ્રિટિશ રાજપુરુષો ઉપર વિશ્વાસ મૂકી સુધારા સ્વીકારવા જોઈએ. એટલે કૉંગ્રેસમાં દેશબંધુ દાસના ઠરાવ ઉપર ગાંધીજીએ સુધારો મૂક્યો. ભાષણો થયાં. સામસામે મત લેવાવાની અણી સુધી મામલો પહોંચ્યો. એટલામાં સમાધાનીનો પ્રયાસ કરનારાઓએ ગાંધીજીના સુધારામાં થોડોક ફેરફાર સૂચવ્યો જે ગાંધીજી અને દેશબંધુ બંનેએ સ્વીકારી લીધો. એની વિગતો માટે જુઓ ડૉ. પટ્ટાભી કૃત કૉંગ્રેસનો ઇતિહાસ.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

અત્યારે આપણી સામે સુધારાની જાળ પાથરવામાં આવી છે એમ કહી સુધારાનું પોકળ બહાર પાડે છે:

"હાલનું ચાલતું રાજ્યતંત્ર પ્રજાનું વિત્ત અને નૂર ચૂસી લઈ તેને કચડી નાખનાર યંત્ર જેવું છે. તેમાંથી થોડાક વિલાયતી ભાગ ખસેડી દેશી ભાગ ગોઠવવાથી શો ફેર પડવાનો છે? એક દેશી ગવર્નર થવાથી આપણો શો ઉદ્ધાર થવાનો છે? અંગ્રેજ ગવર્નરોમાં ઊંચા ખવાસના અને ચારિત્ર્યવાન ક્યાં નથી હોતા? પોતાના ઉપર પ્રાણઘાતક હુમલો થયા છતાં ચાંદની ચોકમાં કે દિલ્હીમાં કોઈનો વાળ પણ વાંકો ન થવા દીધો એવા ના. લૉર્ડ હાર્ડિંજ જેવા મહાન પુરુષો એમનામાં ક્યાં નથી મળી આવતા? પણ ગટરમાં ગંગાજળના ચાર છાંટા નાખવાથી ગટર થોડી જ પવિત્ર થવાની હતી? જ્યાં સુધી આખી રચનામાં ફેરફાર થાય નહીં, હિંદનું રાજ્યતંત્ર હિંદના હિતને માટે ચલાવાય નહીં, પરદેશીઓના હિતને જ અગ્રપદ આપવામાં આવે, અંગ્રેજ નોકરોને રીઝવીને જ થોડાઘણા નામના સુધારા મહેરબાની દાખલ આપવામાં આવે, ન્યાય, સ્વતંત્રતા અને સમાનતાના હક આપવામાં ન આવે ને આપણે જેની ભાગીદારી ઇચ્છીએ છીએ તેમનો મોટો ભાગ આપણા ઉપર ઝેર અને તિરસ્કારની નજરથી જુએ, ત્યાં સુધી એ સુધારાની જાળમાં ફસાવાથી આપણને શો લાભ થાય? પંજાબના જેવું ફરીથી નહીં બને એની સુધારામાં શી ખાતરી છે?"

સરદારના ભાષણમાંથી ઉપર થોડા ઉતારા આપ્યા છે તે ઉપરથી એમની સીધી અને સોંસરી વિચારધારાનો આપણને પરિચય થાય છે. વળી ગુજરાતી ભાષામાં ઓજસ્વી શૈલીની છટા પણ લાવી શકાય છે તેનું એક સરસ ઉદાહરણ આપણને મળે છે. ગાંધીજીએ તા. ૫મી સપ્ટેમ્બર ૧૯૨૦ના 'નવજીવન'ના અગ્રલેખમાં લખ્યું છે:

"શ્રી વલ્લભભાઈ પટેલનું ભાષણ અને બુઝુર્ગ અબ્બાસ તૈયબજીનું ભાષણ વાંચતાં સૌ કોઈ કબૂલ કરશે કે તેમનાં ભાષણ દૃઢ, વિનયથી ભરેલાં અને દ્વિઅર્થથી રહિત હતાં. શ્રી વલ્લભભાઈએ સાદામાં સાદી ગુજરાતી ભાષામાં અસરકારક રીતે પોતાના વિચારો ટૂંકામાં બતાવી આપ્યા. અબ્બાસ સાહેબની ભાષા વિષે આપણે કંઈ કહી ન શકીએ કેમ કે તેમનું ભાષણ અસલ અંગ્રેજીમાં હતું. આવાં ટૂંકાં છતાં આટલાં સીધાં, પ્રમુખોનાં ભાષણો મેં ભાગ્યે જ જોયાં કે સાંભળ્યાં છે."

અત્યાર સુધી ગુજરાતમાં કૉંગ્રેસનાં કામોમાં આગેવાનીભર્યો ભાગ લેતા રા૦ બ૦ રમણભાઈ, બૅરિસ્ટર શ્રી મગનભાઈ ચતુરભાઈ વગેરે આ પરિષદમાં હાજર હતા અને તેમણે અસહકારના ઠરાવનો સખત વિરોધ કરેલો. પણ લોકોમાં અસહકારની હવા એવી ફેલાવા માંડી હતી કે તેમને બહુ ઓછા મત



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



મળ્યા. લોકોમાં વિશેષ ઉત્સાહ હોવાનું મુખ્ય કારણ એ હતું કે કૉંગ્રેસના અને આવી રાજકીય પરિષદોના અત્યાર લગીના ઠરાવોમાં સરકાર પાસે માગણીઓ કરવામાં આવતી. આ પરિષદમાં બધા જ ઠરાવો લોકોને કાંઈ ને કાંઈ કરવાને અપીલ કરનારા હતા.

અસહકારના ઠરાવમાં સરકારી ખિતાબોનો ત્યાગ કરી તથા સરકારી શિક્ષણ સંસ્થાઓ, અદાલતો તથા ધારાસભાઓનો બહિષ્કાર કરી સરકારને રાજ્ય ચલાવવામાં પ્રજા તરફથી મળતી મદદ ક્રમે ક્રમે પાછી ખેંચી લેવાનું હતું.

બીજો મહત્ત્વનો ઠરાવ આ પરિષદમાં થયો તે ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપનાને લગતો હતો. ઠરાવ નીચે પ્રમાણે છે:

> “૧. આ પરિષદની એવી માન્યતા છે કે અંગ્રેજ સરકારે દાખલ કરેલી કેળવણીની પદ્ધતિ આપણા દેશની સંસ્કૃતિ અને પરિસ્થિતિને પ્રતિકૂળ તેમ જ અવ્યવહારુ નીવડી છે. અને તેથી વિદ્યાર્થીઓને સ્વદેશાભિમાની, સ્વાશ્રયી, ચારિત્ર્યવાન હિંદીઓ બનાવવાની તાલીમ આપવાને સરકારથી સ્વતંત્ર ધોરણ પર રાષ્ટ્રીય કેળવણીની સંસ્થાઓ રચવાની જરૂર આ પરિષદ સ્વીકારે છે.
>
> “૨. ઉપરનો હેતુ ખાસ કરીને ગુજરાતમાં સિદ્ધ કરવા માટે રાષ્ટ્રીય ધોરણ પર શાળાઓ, મહા પાઠશાળાઓ, ઉદ્યોગશાળાઓ, ઉર્દૂ શાળાઓ, આયુર્વેદિક આરોગ્ય શાળાઓ સ્થાપવાની અને તે બધી સંસ્થાઓનો સમન્વય કરવાને ગુજરાતી વિદ્યાપીઠ (યુનિવર્સિટી) સ્થાપવાની આ પરિષદને જરૂર જણાય છે.
>
> “૩. ઉપર જણાવ્યા મુજબ રાષ્ટ્રીય શિક્ષણનો ગુજરાતમાં પ્રચાર કરવાને સારુ યોગ્ય ઉપાયો યોજવા આ પારષદ એક કમિટી વધારાના સભાસદો નીમવાની સત્તા સાથે નીમે છે.”

આ કમિટીના મંત્રી તરીકે શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક અને શ્રી કિશોરલાલ મશરૂવાળા નિમાયા. કમિટીએ વિદ્યાપીઠનું બંધારણ તથા નિયમાવલી ઘડી કાઢ્યાં. ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના ૧૯૨૦ના ઑક્ટોબરમાં અને ગુજરાત મહા વિદ્યાલયની સ્થાપના નવેમ્બરમાં થઈ. વિદ્યાપીઠની સ્થાપના થઈ ત્યારથી જ સરદારે એને પોતાનું માનીતું બાળક માની લીધું છે અને ઉત્સાહપૂર્વક તેનું પાલનપોષણ કર્યું છે. એની શિક્ષણવિષયક બાજુ એના નિષ્ણાતો ઉપર છોડી દઈ એમાં કદી એમણે માથું માર્યું નથી. પણ વિદ્યાપીઠની સ્થાપનાથી તે આજ લગી એને માટેના દ્રવ્યનો ભાર એમણે વહન કર્યો છે અને એ બાબતમાં હંમેશ એને નિશ્ચિંત રાખી છે.

સપ્ટેમ્બરમાં લાલા લજપતરાયના પ્રમુખપણા નીચે મળેલી કલકત્તાની ખાસ કૉંગ્રેસે અસહકારનો ઠરાવ બહુમતીથી પસાર કર્યો. તેમાં વિદેશી કાપડના

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



બહિષ્કારની અને ખાદીની વાત ખાસ ઉમેરવામાં આવી. કલકત્તામાં મોટા મોટા કૉંગ્રેસ નેતાઓ જેવા કે, બૅરિસ્ટર (પછીથી દેશબંધુ) દાસ, બિપિનચંદ્ર પાલ, બૅરિસ્ટર જયકર, બૅરિસ્ટર (પછીથી કાયદે આઝમ) ઝીણા, પં. માલવીયજી, મિસિસ બેસંટ, પં૦ ગોકર્ણનાથ મિશ્ર, બૅરિસ્ટર બેપ્ટિસ્ટા તથા શ્રી સત્યમૂર્તિ, એમણે ઠરાવનો વિરોધ કર્યો અને મતગણતરીની માગણી થઈ. એમાં ગાંધીજીની તરફેણમાં ૧૮૫૨ અને વિરુદ્ધમાં ૯૦૮ મત થયા. આ કૉંગ્રેસથી દેશના રાજકારણમાં ગાંધીયુગનો પ્રારંભ થયો એમ કહી શકાય. એમ તો અમૃતસરની કૉંગ્રેસ ઉપર ગાંધીજીનો પ્રભાવ ઓછો ન હતો, પણ કલકત્તાની કૉંગ્રેસથી નવી જ નીતિ શરૂ થઈ. બ્રિટિશ સરકારની મહેરબાનીથી આપણને સ્વરાજ્ય નથી મળવાનું, એ તો આપણી સ્વરાજ્યની કૂચમાં એનાથી બની શકે તેટલી અડચણો જ નાખવાની. એટલે એનો વિરોધ કરીને પ્રજાએ પોતાના પુરુષાર્થથી, પોતાના પરાક્રમથી સ્વરાજ સ્થાપવાનું છે એ વસ્તુ કૉંગ્રેસે સ્પષ્ટ રીતે જાહેર કરી. આને લીધે નરમ પક્ષે તો કૉંગ્રેસનો ત્યાગ જ કર્યો અને જેઓ ગરમ પક્ષના ગણાતા હતા પણ અસહકારમાં ભળવા તૈયાર ન હતા તેમણે પણ નાગપુરની કૉંગ્રેસમાં છેવટનો પ્રયત્ન કરીને કૉંગ્રેસનો ત્યાગ કર્યો.

ત્યાર પછી ડિસેમ્બર મહિનામાં નવા સુધારા પ્રમાણેની વિસ્તૃત મતાધિકારવાળી ધારાસભાઓની ચૂંટણી આવી. દાસબાબુ જેવા નેતાઓને ધારાસભાઓનો બહિષ્કાર પહેલેથી જ પસંદ ન હતો. કલકત્તામાં તેમણે અસહકારના ઠરાવનો વિરોધ કરેલો, પણ ધારાસભાબહિષ્કારની બાબતમાં પ્રબળ લોકમત જોઈ ને તેમણે ઉમેદવારી ન કરી. પ્રજાના જાણીતા આગેવાનોમાંથી ભાગ્યે જ કોઈએ ઉમેદવારી કરી. પણ નરમ દળના આગેવાનો અને બીજા કેટલાકને તો રખેવાળ કે વાડ વિનાના ખેતરમાં ભેલાડ કરવાનો સારો લાગ મળ્યો. ચૂંટણી મથકો ઉપર કોઈ જગ્યાએ એક ટકો, કોઈ જગ્યાએ બે ટકા અને પાંચ ટકાથી વધારે તો ક્યાંય નહીં એમ મતદારો મત આપવા ગયા. ઘણી જગ્યાએ એક પણ મતદારે મત ન આપ્યાનું જાહેર થયું. કેટલાક ઉમેદવારો તો સામે બીજો ઉમેદવાર જ ઊભો થયેલો ન હોવાથી બિનહરીફ ચૂંટાયા. સ્વાભિમાનને કોરે મૂકી તેઓ પોતાની મેળે જ પોતાને પ્રજાના પ્રતિનિધિ કહેવડાવવા લાગ્યા. સુરતમાં સરદારના પ્રમુખપણા નીચે મતદારોની એક પરિષદ ભરવામાં આવી. તેમાં ધારાસભાના આ સભ્યોને સ્વમાનનો વિચાર કરી પોતાની જગ્યાનાં રાજીનામાં આપી દેવા વિનંતી કરનારા, અને જેઓ પોતાની હઠને વળગી રહી ધારાસભામાં બેસવાની પોતાની જીદ કાયમ રાખશે તેમનામાં મતદારોનો બિલકુલ વિશ્વાસ નથી તથા તેમને ધારાસભામાં પ્રજાના પ્રતિનિધિ તરીકે બોલવાનો કશો અધિકાર નથી એવું જાહેર કરનારા ઠરાવો પસાર કરવામાં આવ્યા.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



પછી નાગપુરની કૉંગ્રેસ થઈ. કૉંગ્રેસના ઇતિહાસમાં અનેક રીતે આ કૉંગ્રેસ મહત્ત્વની ગણાય. અગાઉની કોઈ કૉંગ્રેસ કરતાં આમાં પ્રતિનિધિઓની સંખ્યા વધારે હતી. કલકત્તાની કૉંગ્રેસમાં અસહકારનો ઠરાવ પસાર થયો પણ ત્યાં વિરોધી મતની સંખ્યા ઠીક ઠીક હતી, જ્યારે નાગપુરમાં લગભગ વીસ હજાર પ્રતિનિધિઓ હતા તેમાંથી વિરુદ્ધ મત બે જ હતા. મને ખ્યાલ છે તે પ્રમાણે એ બેમાં એક તો જનાબ ઝીણા હતા. તેમણે અસહકારના ઠરાવ વિરુદ્ધ બહુ જબરું ભાષણ કર્યું હતું. પછી ઠરાવ ઉપર મત લેવાતાં પોતાના ઉપરાંત બીજો એક જ હાથ ઊંચો થયો એટલે તેઓ કૉંગ્રેસ છોડીને ચાલ્યા ગયા. નાગપુરમાં જે મહત્ત્વનું કામ થયું તે તો કૉંગ્રેસનું પાકું બંધારણ ઘડાયું એ હતું. એ બંધારણનો મુસદ્દો ગાંધીજીએ કરેલો હતો અને ૧૯૪૭માં આપણું સ્વરાજ્ય થયું ત્યાં સુધી મોટે ભાગે એ જ બંધારણ ચાલુ રહ્યું. કૉંગ્રેસનું જૂનું ધ્યેય બદલીને નીચે પ્રમાણે રાખવામાં આવ્યું :

> "હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસનું ધ્યેય હિંદી પ્રજાએ શાન્તિમય અને શુદ્ધ સાધનોથી સ્વરાજ્ય મેળવવું એ છે."

પહેલાંનું ધ્યેય સામ્રાજ્યની છત્રછાયા નીચે વસાહતી સ્વરાજ્યનું હતું. જ્યારે આ નવા ધ્યેયમાં સામ્રાજ્યનો ઉલ્લેખ જ નથી. તેનો ખુલાસો સરદારે પોતાના તે વખતના એક ભાષણમાં નીચે પ્રમાણે કર્યો છે :

> "કેટલાક કહે છે કે આપણે સામ્રાજ્યમાંથી છૂટા પડવા માગીએ છીએ. હિંદુસ્તાન સામ્રાજ્યમાં રહેશે કે છૂટું પડશે તેનો આધાર અંગ્રેજોની દાનત અને કૃત્યો ઉપર છે. અત્યારનો આપણો નિશ્ચય તો એટલો છે કે સામ્રાજ્યમાં રહીને સંપૂર્ણ સ્વતંત્રતા ભોગવી શકીએ તો ભેગા રહેવું એ ઇચ્છવા યોગ્ય છે, પણ તેમ ન બની શકે તો જુદા પડીને પણ સ્વતંત્રતા મેળવવી એ એટલું જ ઇચ્છવા યોગ્ય છે. છતાં જો એવો વખત આવશે કે આપણે સામ્રાજ્યમાંથી છૂટા પડયે જ આરો છે તો એ સ્થિતિની જવાબદારી આપણા ઉપર તો નહીં જ હોય. એને માટે તો જવાબદાર અંગ્રેજ પ્રજા જ રહેશે."

બંધારણના બીજા મહત્ત્વના મુદ્દા એ હતા કે ઉપરનું ધ્યેય કબૂલ રાખી તેના ઉપર સહી કરે અને કૉંગ્રેસની વાર્ષિક ફી ચાર આના આપે એવાં એકવીસ વર્ષની ઉંમરે પહોંચેલ સ્ત્રી કે પુરુષ કૉંગ્રેસનાં સભાસદ થઈ શકે. કૉંગ્રેસના પ્રતિનિધિઓ ચૂંટવાનો તેમને અધિકાર હતો. પચાસ હજારની વસ્તીવાળા પ્રદેશને એક પ્રતિનિધિ ચૂંટવાનો અધિકાર આપવામાં આવ્યો. એ રીતે કૉંગ્રેસના પ્રતિનિધિઓની સંખ્યા ૬૦૦૦થી ૬૫૦૦ સુધીની મુકરર થઈ. વળી ભાષાવાર પ્રદેશો પ્રમાણે પ્રાંતિક સમિતિઓ રચવામાં આવી. અને કૉંગ્રેસનું કામ આખું વર્ષ ચાલુ રાખવા માટે કૉંગ્રેસની મહાસમિતિ ઉપરાંત કેવળ પંદર સભ્યોની

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



કારોબારી સમિતિ પ્રમુખે બનાવી લેવી એવો શિરસ્તો પાડવામાં આવ્યો. આ બંધારણ અનુસાર ગુજરાતમાં પ્રાંતિક સમિતિ રચાઈ. તેના પ્રમુખ સરદાર ચૂંટાયા. તે ૧૯૪૨માં તેઓને અહમદનગરના કિલ્લામાં નજરકેદ રાખવામાં આવ્યા ત્યાં સુધી ચૂંટાતા આવ્યા.

કલકત્તાની કૉંગ્રેસમાં જ ગાંધીજીએ જાહેર કર્યું હતું કે, અસહકારના ઠરાવમાં દર્શાવેલો આખો કાર્યક્રમ લોકો શાન્તિથી પાર પાડે તો એક વરસમાં સ્વરાજ્ય સ્થાપી શકાય. નાગપુરની કૉંગ્રેસ પછી ‘એક વરસમાં સ્વરાજ્ય’ની હાકલે બહુ જોર પકડ્યું અને લોકોમાં અજબ જુસ્સો ફેલાયો. લોકોને એક પછી એક નિશ્ચિત કાર્યક્રમ આપવો જોઈએ એ હેતુથી નાગપુર કૉંગ્રેસ પછી મહાસમિતિની બેઠક થઈ, એમાં નક્કી કરવામાં આવ્યું કે ૧૯૨૧ના જૂનની ૩૦મી તારીખ પહેલાં કૉંગ્રેસ માટે તિલક સ્વરાજ્ય ફાળામાં દેશે એક કરોડ રૂપિયા ભેગા કરવા, ચાર આનાવાળા એક કરોડ સભાસદો બનાવવા અને દેશમાં વીસ લાખ રેંટિયા ચાલુ કરવા. આમાંથી ગુજરાત કાઠિયાવાડને ફાળે દસ લાખ રૂપિયાનો ફાળો કરવાનું, ત્રણ લાખ સભાસદ બનાવવાનું અને એક લાખ રેંટિયા ચાલુ કરવાનું આવ્યું હતું. બધા પ્રાંતોને વરાડે તો ગુજરાતને ત્રણ લાખ રૂપિયાનો ફાળો કરવાનો આવે, પણ ગુજરાત લડતનો મોરચો બનવા માગતું હતું એટલે તેના ઉપર વધુ બોજો નાખવામાં આવ્યો. બસ, સ્વતંત્રતાના રસિયા કાર્યકર્તાઓ અને સ્વયંસેવકોને કામ મળી ગયું. સરદારે ગાંધીજીને ગુજરાતને વિષે નિશ્ચિંત રહેવા કહી દીધું હતું. સભાસદો માટે અને ફાળા માટે સરદાર અને બધા કાર્યકર્તાઓ ગામડે ગામડે અને ઘેરેઘેર ઘૂમવા મંડી પડ્યા. તેમાં સૌથી ભવ્ય દૃશ્ય બુઝુર્ગ અબ્બાસ સાહેબને ઘૂમતા જોવાનું હતું. અત્યાર સુધી તેમણે તદ્દન વિલાયતી ઢબે જીવન ગાળેલું અને ગામડાંમાં તો સૂવાની અલગ ઓરડી ન મળે, પાયખાનાની બરાબર સગવડ ન મળે, નાહવાની ઓરડી ન મળે, કપડાં બદલવાની જગ્યા ન મળે છતાં પગ વાળીને બેઠા વિના તેઓ ગામડે ગામડે ફર્યા અને પરિણામે એમને અનુભવ થયો કે પોતે ઉંમરમાં વીસ વર્ષ નાના બન્યા છે. આ બધા કાર્યકર્તાઓની મહેનતને પરિણામે ગુજરાત કાઠિયાવાડે તિલક સ્વરાજ્ય ફાળામાં દસને બદલે પંદર લાખ કર્યા, સભાસદો લગભગ પૂરા કર્યા અને રેંટિયાની સંખ્યા પણ પૂરી કરી, જોકે તે ચાલુ ન રહી શક્યા.

સરકાર આ હિલચાલને કેવી નજરે જોઈ રહી હતી તે જરા જોઈ લઈએ. પહેલાં તેને લાગ્યું હશે કે અસહકાર ચાલવાનો જ નથી એટલે હિલચાલને તેણે હસી કાઢી. પણ જ્યારે વિદ્યાર્થીઓએ શાળાઓ અને કૉલેજો છોડવા માંડી ત્યારે એની ગંભીરતા એના ધ્યાનમાં આવી અને વર્ષની આખર સુધીમાં તો

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



એ મૂંઝાઈ જ ગઈ. ચળવળની શરૂઆતમાં હિંદ સરકાર તરફથી બહાર પડેલી એક યાદીમાંથી નીચે થોડા ઉતારા આપું છું. તેનો ગર્ભિત અર્થ વાંચતાં સરકારની મૂંઝવણની ઝાંખી થાય છે :

"આ હિલચાલના મુખ્ય પ્રવર્તકોએ તો મક્કમપણે પોતાની પ્રતિજ્ઞાઓ જાહેર કરી છે કે તેમનો હેતુ હાલની સરકારનો નાશ કરવાનો, હિંદમાંની બ્રિટિશ રાજ્યસત્તાને જડમૂળથી ઉખેડી નાખવાનો છે. તેમણે પોતાના અનુયાયીઓને ખાતરી આપી છે કે જો તેઓ તેમનું કહ્યું કરશે તો એક વરસમાં હિંદ સ્વતંત્ર અને સ્વરાજ્ય ભોગવતું થઈ જશે. . . . સ્થિર રાજ્યતંત્ર અને બેદખલ સુલેહના જે લાભો એક સૈકા કરતાં વધુ વખતના શ્રમથી પ્રગતિ કરીં કરીને હિંદે મેળવ્યા છે અને સુધારાની યોજનાને યોગે જેના વધુ મોટા લાભ હિંદ ઉઠાવવાની તૈયારીમાં છે તે, તેમ જ તેની આબાદી, તેની રાજદ્વારી પ્રગતિ — સર્વ કાંઈ હોમી દેવાની આ વાત છે.

"વધુમાં વધુ અનીતિમય તો એ છે કે દેશના યુવક વર્ગ ઉપર આ હિલચાલ કરનારાઓની તરાપ પડી છે. . . . આ હિલચાલના આગેવાનો ગૃહજીવનના પાયા ઢીલા પાડતાં અગર બાપદીકરા કે શિક્ષકવિદ્યાર્થી વચ્ચે અંટસ પડાવતાં બિલકુલ ખંચાતા નથી. . . . આ આગેવાનોના અવિશ્રાંત ઉદ્યમનું એવું પણ પરિણામ આવે કે ગમે તે વખતે રમખાણો ફાટી નીકળી ભયંકર રૂપ લે. આ આગેવાનો એક ગામથી બીજે ગામ ભટકે છે, ફિતૂરી ભાષણો કરે છે અને લોકોને ઉશ્કેરે છે. . . . આ ભય દૂર કરવાનું ઉત્તમ શસ્ત્ર ઠરેલ ચિત્તના અને વિનીત વિચારના માણસોની અમલી મદદ તથા દિલસોજી છે. માટે જે કોઈને હિંદનું સાચું હિત હૈયે છે તે સર્વ લોકોએ એકઠા થઈ આ હિલચાલની સામા થવું જોઈએ તથા કાયદા અને સુલેહના અમલ માટે સંગઠિત યત્નો કરવા જોઈએ. . . . આવી મદદ આપનાર વર્ગની સરકાર સહાય માગે છે."

સરકારની આવી અપીલ જોઈ અમદાવાદ શહેરના 'મૉડરેટો' અને સરકાર પક્ષના માણસોએ સ્થાનિક નેશનલ હોમરૂલ લીગ તરફથી 'અસહકાર — તેનું કાર્ય, વિકાસ અને ક્ષય' એ વિષય ઉપર એક જાહેર ભાષણ ગોઠવ્યું. આ સભામાં અસહકારીઓએ પણ સારી સંખ્યામાં હાજરી આપી અને સરદાર પણ તેમાં ગયા. દરેક શહેરમાં સરકારની સૂચનાથી આવી સભાઓ થતી અને તેમાં સારી પેઠે ગમ્મત પણ થતી. તેના નમૂના તરીકે તેની થોડીક વિગતો આપવાની લાલચ છોડી શકાતી નથી. રા૦ બ૦ રમણભાઈ પ્રમુખસ્થાન લેશે એવું જાહેર થયું હતું પણ તેમને આવતાં જરા મોડું થયું એટલે શ્રી મજમુદાર બૅરિસ્ટરને પ્રમુખસ્થાન આપ્યું. સભામાં કલેક્ટર સાહેબ, પોલીસખાતાના અમલદારો, મૅજિસ્ટ્રેટો, મામલતદાર તથા એ બધાની કચેરીના કારકુનોએ પણ ઠીક જગ્યા

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021





રોકી હતી. ભાષણકર્તા પોતાનું ભાષણ અંગ્રેજીમાં લખી લાવ્યા હતા. તે પૂરું થયું એટલે પ્રમુખની રજા લઈ સરદાર તેનો જવાબ આપવા ઊભા થયા. તેમણે ગુજરાતીમાં શરૂ કર્યું એટલે કલેક્ટરની વિનંતીથી પ્રમુખે એમને અંગ્રેજીમાં બોલવાની સૂચના કરી. સરદારે કહ્યું કે, "હું ચર્ચા કરું એમ તમે ઇચ્છતા હો તો પછી મને જે ભાષામાં બોલવાનું યોગ્ય લાગે તે ભાષામાં બોલવાની છૂટ હોવી જોઈએ. કલેક્ટર સાહેબને તો હું ઓળખું છું. તેઓ મારા કરતાં પણ સારું ગુજરાતી જાણે છે. એમની સાથે બીજા ગોરા ગૃહસ્થ બેઠા છે તેમને હું ઓળખતો નથી. પણ જો તેઓ અમલદાર હોય તો તો એમને ગુજરાતી આવડવું જ જોઈએ." અંતે કઈ ભાષામાં બોલવું તે પ્રમુખ સાહેબે ભાષણકર્તાના વિવેક ઉપર છોડયું અને સરદારે ગુજરાતીમાં બોલવાનો વિવેક વાપર્યો. પણ કલેક્ટર સાહેબથી આ સહન ન થયું, એટલે સરદારે બોલવાનું શરૂ કર્યું કે તરત તેમણે અને તેમની સાથે આવેલા ગોરા ગૃહસ્થે ઊઠીને ચાલવા માંડવાનો વિવેક વાપર્યો! સરદારે પોતાની તળપદી ગુજરાતીમાં ભાષણકર્તાના સઘળા મુદ્દાના સચોટ રદિયા આપ્યા.

પણ સહકારીઓને વધારે ઊધડા તો એમના જ પસંદ કરેલા પ્રમુખ સાહેબે લીધા. તેમણે કહ્યું:

> "અસહકારીઓનું જોર આટલું વધી ગયું છે તેનું કારણ એ જ છે કે તેઓ ખૂબ ભાષણો કરે છે, લોકોમાં ભળે છે અને કામ કરી તેમનાં મન હરણ કરી લે છે. આપણને 'મોડરેટો'ને એમ લાગે છે કે તેઓ દિશા ભૂલેલા છે, પણ આપણે લોકોને સાચી દિશા તરફ દોરવા માટે શું કર્યું? અમદાવાદમાં રા૦ બ૦ રમણભાઈ જેવા, શ્રી મૂળચંદ શાહ જેવા, અને દી૦ બ૦ હરિલાલ દેસાઈ જેવા ભારે 'મોડરેટો' પડયા હોય છતાં અસહકારનો વિરોધ કરવાનું કામ આજના વ્યાખ્યાતા જેવા નાના માણસને માથે આવી પડે છે એ 'મોડરેટો'ની કર્તવ્યવિમુખતા સૂચવે છે."

પછી તા. ૩૦મી મે અને ૧લી જૂનના રોજ પાંચમી ગુજરાત રાજકીય પરિષદ થઈ. સરદાર તેના પ્રમુખ ચૂંટાયા. એ પરિષદમાં મૌ૦ મહમદઅલી અને શૌકતઅલીએ હાજરી આપી હતી. 'એક વર્ષમાં સ્વરાજ્ય'ના ઉત્સાહના પૂર જોશમાં આ પરિષદ ભરાઈ હતી. સરદારનું પ્રમુખ તરીકેનું ભાષણ એ ઉત્સાહનો પડઘો પાડે એવું હતું. આપણે કેવું સ્વરાજ્ય જોઈએ છે તેનો ખ્યાલ આપતાં તેમણે કહ્યું :

> "આપણે એવું સ્વરાજ્ય ઇચ્છીએ છીએ કે જેમાં સૂકા રોટલાને અભાવે સેંકડો માણસો મરતાં નહીં હોય; પરસેવો પાડી પકવેલું અનાજ ખેડૂતોનાં છોકરાંઓનાં મોંમાંથી કાઢી પરદેશ ઘસડી જવામાં નહીં આવતું હોય, જેમાં પ્રજાને વસ્ત્ર સારુ પારકા દેશ ઉપર આધાર રાખવો પડતો નહીં હોય, થોડા પરદેશીઓને સગવડ કરી આપવાની ખાતર રાજકારભાર પરદેશી

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021



ભાષામાં ચાલતો નહીં હોય, આપણા વિચાર અને શિક્ષણનું વાહન પરદેશી ભાષા નહીં હોય, રાજ્યનો કારભાર આમ અને ધરતી વચ્ચે પૃથ્વીની સપાટીથી સાત હજાર ફૂટ ઊંચેથી નહીં ચાલતો હોય, મહાન દેશભક્તોની સ્વતંત્રતા જોખમમાં હોય પણ દારૂડિયાની સ્વતંત્રતાનું રક્ષણ કરવા ખાસ કાળજી રાખવામાં આવે એવી સ્થિતિ સ્વરાજ્યમાં નહીં હોય. . . . સ્વરાજ્યમાં દેશના રક્ષણ માટે દેશને ગીરો મૂકી દેવાળું કાઢવા વખત આવે એટલું લશ્કરી ખર્ચ નહીં હોય. સ્વરાજ્યમાં આપણું લશ્કર પેટિયું નહીં હોય. તેનો ઉપયોગ આપણને ગુલામ બનાવવામાં અને બીજી પ્રજાઓની સ્વતંત્રતાનો નાશ કરવામાં નહીં થતો હોય. મોટા અમલદારોના અને નાના નોકરોના પગારની વચ્ચે આભ જમીન જેટલું અંતર નહીં હોય, ઇન્સાફ અતિશય મોંઘો અને અશક્ય જેવો નહીં હોય અને સૌથી વિશેષ તો એ છે કે આપણું સ્વરાજ્ય હશે ત્યારે આપણે આપણા પોતાના દેશમાં તેમ જ પરદેશમાં જ્યાં અને ત્યાં હડે હડે નહીં થતા હોઈએ.”

બ્રિટિશ હકૂમત નીચેથી છૂટ્યા એટલે દરજ્જે આપણે સ્વતંત્ર થયા છીએ પણ ઉપર સ્વરાજ્યનું જે ચિત્ર આપ્યું છે અને તેની કેટલીક વિગતો આપી છે તેમાંની ઘણી સિદ્ધ કરવી હજી બાકી જ છે.

પશ્ચિમની પદ્ધતિ દાખલ કરવામાં કેટલું જોખમ રહેલું છે તે બાબત એમણે આપેલી ચેતવણી આજે પણ વિચારવા જેવી છે :

“કેટલાક પશ્ચિમના સુધારાના પૂજારી છે. તેઓ રેંટિયામાં દેશને દોઢસો વરસ પાછો લઈ જવાનો ડર દેખી રહ્યા છે. પશ્ચિમનો સુધારો જગતની અશાંતિનું મૂળ છે એ તેઓ જોઈ શકતા નથી. રાજા પ્રજા વચ્ચે કલેશ કરાવનાર, મોટી મોટી સલ્તનતોના ભુક્કા ઉડાવનાર, મહાન રાજ્યોને ગ્રહોની માફક અથડાવી પૃથ્વીનો પ્રલય આણનાર, માલિકો અને મજૂરો વચ્ચે જાદવાસ્થળી મચાવનાર પશ્ચિમનો સુધારો શેતાની શસ્ત્રો અને સામગ્રી ઉપર રચાયેલો છે. એ સુધારાનો વંટોળિયો આખા જગત ઉપર જોસભેર ફેલાતો જાય છે. તે વખતે એકલું હિંદુસ્તાન એની સામે અડગ રહી પોતાનો અને બને તો જગતનો બચાવ કરવા ઇચ્છે છે. પશ્ચિમનો સુધારો હિંદમાં દાખલ કરવા ઇચ્છનારાઓની પાસે તે સુધારાને પચાવવાની શી સામગ્રી છે? હિંદુસ્તાન એ સુધારાની પાછળ દોડતાં હંમેશાં પાછળ જ રહેવાનું. તે આ ભૂમિને અનુકૂળ જ નથી. આત્મબળને પૂજનાર હિંદુસ્તાન એ શેતાનના તેજમાં કોઈ દિવસ તણાવાનું નથી.”

દેશમાં કેટલાંક શહેરોમાં અમન સભાઓ (Leagues of Peace and Order) સ્થપાવા માંડી હતી. તેનું પોગળ ખુલ્લું પાડતાં તેમણે કહ્યું :

“સુલેહ શાંતિનાં મંડળ હિંદુસ્તાનમાં બધે ઠેકાણે નીકળવા માંડ્યાં છે. ગુજરાત એ ઢોંગ અને પ્રપંચમાંથી બચી જશે એમ હું ધારતો હતો

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



પણ તે ખોટું પડ્યું છે. . . . અમલદારોની પ્રેરણા કે આશ્રયથી આ મંડળો સ્થપાતાં હોય તો તેથી શાંતિને બદલે અશાંતિનો ભય વધારે છે. આ મંડળ સ્થાપનારાઓનો હેતુ શો હશે એની મને સમજ પડતી નથી. શું આજ સુધી તેઓ અશાંતિ કે અરાજકતા પસંદ કરનારા હતા? તેમનો પ્રજા ઉપર કેટલો કાબૂ છે તેની એમને ખબર હોવી જોઈએ. આવાં મંડળ કાઢવાથી તેઓ પોતાનું કાર્ય સાધી શકશે કે જાણ્યેઅજાણ્યે સરકારનાં હથિયાર બની થોડીઘણી રહેલી પ્રતિષ્ઠા પણ ગુમાવશે એ વિચારવાનું કામ હું એમને સોંપું છું. શું એમને ખબર નથી કે અત્યારની હિંદુસ્તાનની અજબ શાંતિ સરકારની તોપ કે બંદૂકથી નથી રહેલી? દેશમાં જે શાંતિ વર્તી રહી છે તે તો અહિંસાત્મક અસહકારનો જ પ્રતાપ છે. શાંતિનાં મંડળો અસહકારીઓએ ગામેગામ અને શેરીએ શેરીએ લડત શરૂ કરી ત્યારથી જ સ્થાપેલાં છે. ગાડા તળે પેસી કૂતરું ગાડું ઘસડવાનું માન ખાટવા ઇચ્છે તો ભલે, પણ બકરું કાઢતાં ઊંટ ન પેસે એ યાદ રાખવાની જરૂર છે. . . ."

આ ભાષણ વિષે 'નવજીવન'ની એક નોંધમાં ગાંધીજી જણાવે છે:

"પ્રમુખનું ભાષણ ટૂંકું, સાદું, મુદ્દાસર અને વિનયી હતું. તેમાં જેટલો વિવેક તેટલું જ શૌર્ય હતું. હિંમત અથવા શૌર્યની સાથે તોછડાઈ, ગરમ વિશેષણો વગેરે હોવાં જ જોઈએ એમ આપણે ઘણી વાર માની લઈએ છીએ. શ્રી વલ્લભભાઈ પટેલે બતાવી આપ્યું છે કે શુદ્ધ જોરની સાથે તો શુદ્ધ સભ્યતા જ હોય."

તા ૩૦મી જૂને કરોડ રૂપિયાનો તિલક સ્વરાજ્ય ફાળો કરવાનો કાર્યક્રમ પૂરો થયો. પછી ૩૦મી સપ્ટેમ્બર પહેલાં વિદેશી કાપડનો બહિષ્કાર પૂરો કરવાનો કાર્યક્રમ પ્રજા આગળ મૂકવામાં આવ્યો. કારણ એક વરસમાં સ્વરાજ્ય સ્થાપવાનું હતું અને ગાંધીજી કલકત્તાની ખાસ કોંગ્રેસથી એક વર્ષ ગણતા હતા. વિદેશી કાપડનો બહિષ્કાર પૂરો કરવા માટે પહેલી ઑગસ્ટે એટલે તિલક મહારાજની પહેલી સંવત્સરીને દિવસે આખા દેશમાં – શહેરોમાં તથા ગામડે ગામડે વિદેશી કાપડની હોળી કરવાનું ઠરાવવામાં આવ્યું. એમાં અમદાવાદ અને મુંબઈની હોળીઓ કદાચ સૌથી મોટી હશે. સરદારે એમના બૅરિસ્ટરના ઝભ્ભા ઉપરાંત ડઝનબંધી સૂટો, નેકટાઈઓ, બસો અઢીસો જેટલા કૉલર (કૉલર મુંબઈ ધોવા મોકલતા) અને દસેક જોડી બૂટ બાળ્યા હતા. લોકોનો ઉત્સાહ પણ માતો નહોતો. હોળી શરૂ થયા પછી તેમાં લોકોએ પોતાનાં અંગ ઉપરથી કાઢીને પરદેશી વસ્ત્રો અને ટોપીઓનો વરસાદ વરસાવ્યો.

પરદેશી કાપડની હોળીની સાથે જ પરદેશી કાપડની દુકાનો પર અને દારૂનાં પીઠાં ઉપર ચોકી શરૂ થઈ. એમાં બહેનોએ આગળપડતો ભાગ લીધો. પરદેશી કાપડના બહિષ્કારનો કાર્યક્રમ ખૂબ ઝપાટાથી ચાલ્યો, એટલે સ્વાભાવિક રીતે જ દેશમાં કાપડની તંગી ઊભી થઈ. પણ અંકુશો અને મોંઘવારીને કારણે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



આજે લોકો કાપડની જેવી બૂમો પાડે છે તેવી બૂમ તે વખતે લોકોએ જરા પણ પાડી નથી. રેંટિયા ચાલવા શરૂ થયા હતા પણ ખાદીની ઉત્પત્તિ કાંઈ વધારે થવા માંડી નહોતી. સરદાર પોતાના ભાષણમાં રેંટિયાની વાત કરતા તેની સાથે ખાસ ભાર ઓછાં કપડાં વાપરવા પર, થીંગડાં મારીને પહેરવા પર, કોઈ પણ સંજોગોમાં નવું કાપડ ન ખરીદવા પર મૂકતા. ત્યાર પછી કાપડની હોળીઓ તો ઘણી થઈ, તેમાં સરદાર પરદેશી ટોપીઓ બાળવવા ઉપર વિશેષ ઝોક રાખતા.

સરદારે ૧૯૨૧ના ઉનાળાથી ખાદી પહેરવા માંડી. તે અરસામાં જ ઘણું કરીને ઉમરેઠની એક સભામાં ગાંધીજીની પરદેશી કાપડ બાળવાની અપીલને પરિણામે હોળી થઈ તેમાં સરદારે પોતાના માથા ઉપર વિદેશી ટોપી હતી તે નાખી અને સભામાંથી ઘણાની ટોપીઓ બળાવી. એમનાં બીજાં કપડાં સ્વદેશી એટલે આપણા દેશની મિલનાં હતાં. પણ તે કાઢી નાખી તેઓ ખાદી ધારણ કરવાનો વિચાર કરી રહ્યા હતા. એટલામાં ગોધરામાં જિલ્લા કે તાલુકા પરિષદ હતી ત્યાં ગાંધીજીની સાથે જવાનું થયું. તે વખતે મહાદેવભાઈ અલ્લાહાબાદ હતા. એટલે ગુજરાતમાં ફરવાનું હોય ત્યારે હું ઘણી વાર ગાંધીજીની સાથે જતો. અમે સવારની ગાડીમાં નીકળવાના હતા. આગલી સાંજે સરદાર આશ્રમમાં આવ્યા હતા. ત્યાં મને કહ્યું કે, તારાં કપડાંમાં બે ધોતિયાં અને બે પહેરણ વધારે લેતો આવજે. ગોધરા પહોંચીને નાહ્યા પછી સરદારે ખાદીનાં ધોતિયું પહેરણ પહેર્યાં અને મિલનાં કપડાંને કાયમની તિલાંજલિ આપી. મણિબહેન અને ડાહ્યાભાઈએ તે પહેલાં ખાદી પહેરવા માંડેલી. મણિબહેનને ઘણી વાર થતું કે હજી બાપુ ખાદી કેમ પહેરતા નથી? પણ સરદાર સાથે તેઓ વાત પણ કરતાં નહીં ત્યાં આવો સવાલ તો પૂછે જ શી રીતે? વળી તે વખતે ખાદી ઠીક ઠીક જાડી મળતી. લાંબા પનાની તો બહુ જ થોડી મળતી. એટલે ધોતિયાં અને સાડીઓ, વચ્ચે સાંધો કરીને બનાવવાં પડતાં. મણિબહેને સંકલ્પ કરેલો કે, મારા કાંતેલા સૂતરનાં બાપુ (સરદાર)ને માટે ધોતિયાં વણાવવાં. પણ કાંતતાં નવું નવું શીખેલાં એટલે લગભગ દોઢ વર્ષે ૧૯૨૩ની શરૂઆતમાં સંકલ્પ પાર પાડી શક્યાં. ત્યાર પછી થોડાં વર્ષ સુધી મોટે ભાગે અને ૧૯૨૭ પછી પૂરેપૂરી મણિબહેનના કાંતેલા સૂતરની ખાદી સરદાર પહેરે છે.

દારૂનાં પીઠાં ઉપરની ચોકીમાં પોલીસ તરફથી અને પોલીસની હૂંફથી પીઠાં-વાળાઓ તરફથી સતામણી થવા લાગી. અમદાવાદના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટે ડિસ્ટ્રિક્ટ પોલીસ ઍક્ટની કલમ ૪૮ (૧) અ મુજબ હુકમ કાઢ્યો કે ચોકી કરનારા સ્વયંસેવકોની સંખ્યા પીઠા દીઠ પોલીસ મુકરર કરે તેટલી જ હોવી જોઈએ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



અને ચાકી કરનારાઓએ પીઠાના બારણાથી ત્રીસ ફૂટ દૂર ઊભા રહેવું જોઈએ. આ શરતોથી ચોકી લગભગ અશક્ય થઈ જતી હતી. સ્વયંસેવકો તો આ હુકમનો ભંગ કરી લડત આપવા થનથનાટ કરવા લાગ્યા. પણ સરદાર ઉતાવળ કરે એમ નહોતા. તેમણે જોયું કે પોલીસ સુપરિન્ટેન્ડેન્ટનો હુકમ સાવ કાયદા વિરુદ્ધ હતો. એટલે દારૂનિષેધ સમિતિ પાસે ઠરાવ કરાવીને જાહેર કરાવ્યું કે હુકમ કાયદા વિરુદ્ધ છે અને સમિતિનો ઉદ્દેશ, પોલીસ અધિકારીઓના જેટલો જ, બલ્કે વધારે શાંતિ જાળવવાનો છે. પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ ડાહ્યો માણસ હોવો જોઈએ. તે પોતાની ભૂલ સમજી ગયો. પહેલાં તો પોતાના હુકમમાં ફેરફાર કર્યો પણ પછી આખો હુકમ પાછો ખેંચી લીધો.

સપ્ટેમ્બર માસમાં લશ્કરમાં ફિતૂર ફેલાવવાના આરોપસર અલીભાઈઓને સજા કરવામાં આવી. મુંબઈના ગવર્નરે એમાં રાજદ્રોહ જોયો એટલે ગાંધીજીએ જાહેર કર્યું કે :

> "તેઓ નામદારને ખબર હોવી જોઈએ કે ચાલુ સરકાર સામે અપ્રીતિ ફેલાવવી એ તો કૉંગ્રેસનું બિરદ જ થઈ પડયું છે. જેને કાયદાનું રૂપ આપવામાં આવ્યું છે એવા જોર ઉપર સ્થપાયેલી આ સરકાર સામે અપ્રીતિ ફેલાવવા પ્રત્યેક અસહકારી બંધાયેલો છે. અસહકાર મૂળે ધાર્મિક અને નૈતિક પ્રવૃત્તિ હોવા છતાં ચાલુ રાજ્યતંત્રને ઇરાદાપૂર્વક ઉથલાવી નાખવા માગનારી એ પ્રવૃત્તિ છે અને તેથી ઇન્ડિયન પિનલ કોડની રૂએ અલબત્ત તે રાજદ્રોહી પ્રવૃત્તિ છે."

આ ઉપરાંત તા. ૫–૧૦–'૨૧ના રોજ સેંકડો અસહકારીઓ — જેમાં અલબત્ત સરદાર હતા જ — ની સહીથી એક જાહેરનામું બહાર પાડયું. તેમાં ભારપૂર્વક જણાવ્યું કે :

> "હિંદની પ્રજાકીય આકાંક્ષાઓને કચડી નાખતા આ રાજ્યતંત્રમાં કોઈ પણ હિંદીએ મુલ્કી અને ખાસ કરીને લશ્કરી સિપાઈ તરીકેની નોકરી કરવી એ હિંદના રાષ્ટ્રીય મોભાને ધક્કો પહોંચાડનારું છે. દરેક હિંદી સિપાઈ અને મુલ્કી નોકરની એ ફરજ છે કે તેણે સરકારની જોડેનો પોતાનો સંબંધ છોડી દેવો અને પોતાના ગુજરાનનું બીજું કાંઈ પણ સાધન શોધી લેવું."

આમ અલીભાઈઓને જે ગુનાસર સજા કરવામાં આવી હતી તે ગુનો લગભગ બધા જ આગેવાનોએ જાહેર રીતે કર્યો.

કચ્છના કેટલાક ભાઈઓના આગ્રહથી દિવાળી પછી ગાંધીજી કચ્છના પ્રવાસે ગયા. સરદાર સાથે હતા જ. ઉપરાંત શ્રી લક્ષ્મીદાસભાઈ, વેલાંબહેન અને તેમની પાંચ છ વર્ષની ઉંમરની દીકરી ચિ. આનંદી સાથે હતાં. મહાદેવભાઈ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

અલ્લાહાબાદ ગયેલા એટલે તેમની જગાએ કામ કરતા એક બંગાળી ભાઈ કૃષ્ણદાસ સાથે હતા. બધું મંડળ મુંબઈથી સ્ટીમરમાં કચ્છ ગયેલું. માંડવી બંદરે ઊતરતાં સ્વાગત કરવા આવનારાઓને મંડળની ઓળખાણ આપતાં સરદારે બહુ ઠાવકી રીતે આનંદીને ગાંધીજીએ દત્તક લીધેલી હરિજન બાળા લક્ષ્મી તરીકે અને ભાઈ કૃષ્ણદાસને એક હરિજન તરીકે ઓળખાવ્યા. તે વખતે કચ્છમાં અસ્પૃશ્યતાનું જોર બહુ ભારે હતું એ સરદાર જાણતા હતા. લક્ષ્મી નામની હરિજન બાળાને ગાંધીજીએ દત્તક લીધાનું થોડા જ વખત ઉપર જાહેર થયું હતું. એટલે સરદારે સ્વાગત કરનારાઓને મૂંઝવવા આ વિનોદ કર્યો અને તે આખા પ્રવાસમાં ચાલુ રાખ્યો. જ્યાં જાય ત્યાં ગમે ત્યાંથી પ્રસંગ કાઢીને સરદાર ભાઈ કૃષ્ણદાસનું અને આનંદીનું આ પ્રમાણે ઓળખાણ આપવાનું ચૂકતા નહીં. જે એ ચાર ભાઈઓના પ્રયાસથી ગાંધીજીને આમંત્રણ અપાયેલું તેઓ તો અસ્પૃશ્યતાનિવારણના હિમાયતી હોઈ તેમને જરાય હરકત નહોતી, પણ સરદારના આ અમલી વિનોદથી તેમની મુશ્કેલી બહુ વધી. કયે કયે ગામે જવું એ કાર્યક્રમ અગાઉથી જાહેર થઈ ચૂકેલો હતો. ગાંધીજીની સાથે હરિજનો છે એ વાત જાણ્યા પછી કેટલાંક ગામના લોકો એમને બોલાવવા નારાજ હોય તોપણ ગાંધીજી કાર્યક્રમમાં ફેરફાર થવા દે જ નહીં. એટલે જેમને ત્યાં ઉતારાનું ગોઠવ્યું હોય તે લોકોએ પોતાને ત્યાં ગાંધીજી અને એમની મંડળીને ઉતારવાની ના પાડી, એવા દાખલા પણ બન્યા. એવી જગ્યાએ ધર્મશાળામાં ઉતારો ગોઠવવો પડ્યો. પોતાને ઘેર ગાંધીજીને જેમણે ઉતાર્યા અને મંડળીને જમાડી તેમણે ગાંધીજીની મંડળીને અછૂત ગણી ઊંચેથી પીરસ્યું અને એમના ગયા પછી આખું ઘર ધોઈ નાખ્યું, એવા દાખલા પણ બન્યા. એક ગામે તો ધર્મશાળામાં પણ ગાંધીજીની મંડળી માટે કોઈ રસોઈ કરનાર ન મળ્યું, એટલે સૌએ હાથોહાથ રસોઈ કરી લીધી. કેટલાંક ગામે સભામાં ધાંધલ થયાં. છતાં સરદારે તો કચ્છ છોડ્યું ત્યાં સુધી ઠાવકે મોઢે પોતાનો વિનોદ ચાલુ રાખ્યો અને ગાંધીજીને કચ્છનાં ખરાં દર્શન કરાવ્યાં.

આ આખા વરસ દરમ્યાન વાઈસરૉય અને ગવર્નરથી માંડીને કલેક્ટર સુધીના ગોરા અમલદારો અસહકારની હિલચાલથી સારી પેઠે મૂંઝાઈ ગયા હતા. એની સામે શા ઉપાયો લેવા તે એમને સૂઝતું ન હોતું. કાંઈ પણ કરવા જતા તો તેથી ચળવળ ઊલટાનું વધારે જોર પકડતી અને તેઓ બની જતા. છેવટે વાઈસરૉયને એક નવો તુક્કો સૂઝ્યો. હિંદી લોકોમાં રાજા અને રાજકુટુંબ પ્રત્યે એક પ્રકારનો ભક્તિભાવ હોય છે, માટે યુવરાજને હિંદુસ્તાનમાં બોલાવી બધે ફેરવીએ અને એની પાસે ભાષણો કરાવીએ તો લોકોનું ધ્યાન બીજી તરફ ખેંચાય, લોકોને અસહકારમાંથી પાછા વળાય અને ગાંધીજીની લોકપ્રિયતામાં

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

પણ ઘટાડો થાય, આવી તરંગી ગણતરી કરીને તેમણે યુવરાજની હિંદમાં પધરામણી કરવાનું નક્કી કર્યું. યુવરાજને બોલાવવામાં ચોક્કસ રાજદ્વારી ઉદ્દેશ હતો, છતાં લૉર્ડ રીડિંગે જાહેર કર્યું કે યુવરાજ પોતાની ભાવિ હિંદી પ્રજા પ્રત્યેના સદ્‌ભાવ અને પ્રેમની વૃત્તિને આધીન થઈને જ હિંદુસ્તાન આવે છે. યુવરાજના આગમનની વાત સાંભળી કે તરત જ ગાંધીજીએ જાહેર કર્યું હતું કે, વ્યક્તિ તરીકે રાજા કે યુવરાજ પ્રત્યે અમારા દિલમાં અપ્રીતિ નથી. પણ યુવરાજ અત્યારે સલ્તનતના એક પ્રતિનિધિ તરીકે અહીં આવે છે, અને આ સલ્તનતને મિટાવી દેવાની આખા દેશે લડત ઉપાડી છે તે વખતે તેઓ અહીં ન આવે એમાં જ એમની શોભા છે. એમ છતાં પ્રજાની લાગણીઓને તુચ્છકારી એમને અહીં બોલાવવામાં આવશે તો એમના માનમાં થનારા તમામ માનમેળાવડા, સરઘસ વગેરેનો બહિષ્કાર કરવાની પ્રજાને મારે સલાહ આપવી પડશે. ગાંધીજીની આ ચેતવણીની સરકારે અવગણના કરી અને યુવરાજ હિંદુસ્તાન આવ્યા. ૧૭મી નવેમ્બરે તેઓ હિંદુસ્તાનને કિનારે મુંબઈ બંદરે ઊતર્યા. તે દિવસે આખા દેશમાં સોગ પાળવામાં આવ્યો અને હડતાળો પડી. પણ આમવર્ગની ઉશ્કેરણીના કેટલાક પ્રસંગો બન્યા તેને પરિણામે મુંબઈમાં તોફાનો થયાં. તે દિવસે ગાંધીજી મુંબઈમાં હતા. એમણે તોફાનો શમે નહીં ત્યાં સુધી અનશન જાહેર કર્યું. શહેરના તમામ કોમના આગેવાનો મુંબઈમાં લત્તે લત્તે શાંતિ સ્થાપવા ફર્યા. ગાંધીજીને શાંતિ સ્થપાયાની ખાતરી થઈ એટલે તેમણે તા. ૨૨મીએ પોતાના ઉપવાસ છોડ્યા. વર્ષ પૂરું થતાં પહેલાં સ્વરાજ્ય ન મળે તો ગાંધીજી પોતે પસંદ કરેલા ક્ષેત્રમાં સામુદાયિક સવિનય ભંગની લડત ઉપાડવાના હતા. પણ મુંબઈનાં તોફાનને લીધે એ કાર્યક્રમ તત્કાળ પૂરતો મુલતવી રાખ્યો અને ક્યારે લડત ઉપાડવી તેનો વિચાર અમદાવાદમાં ડિસેમ્બર આખરે કૉંગ્રેસ ભરાય તે વખતે કરવાનું રાખ્યું. દરમ્યાન લોકો ઉપર બરાબર કાબૂ રાખી શકે અને શિસ્તનું પાલન કરી તથા કરાવી શકે એવાં સ્વયંસેવક દળો રચી તેમને સંગઠિત કરવાનું કૉંગ્રેસે નક્કી કર્યું. એની સામે સરકારે છૂટેદોર દમન શરૂ કર્યું. કૉંગ્રેસનાં સ્વયંસેવક દળોને ગેરકાયદે ઠરાવ્યાં અને અખિલ ભારતીય ગણાતા ઘણાખરા નેતાઓને પકડી લીધા. આમાં દેશબંધુ દાસ, પંડિત મોતીલાલ નેહરુ, પંડિત જવાહરલાલ, પુરુષોત્તમદાસ ટંડન, લાલા લજપતરાય, મૌલાના અબુલ કલામ આઝાદ, રાજાજી, એ મુખ્ય ગણાય. તે ઉપરાંત પચીસથી ત્રીસ હજાર નાના મોટા કાર્યકર્તાઓ તથા સ્વયંસેવકોને પકડ્યા. છતાં જ્યાં જ્યાં યુવરાજ ગયા ત્યાં ત્યાં એમનો સખત બહિષ્કાર થયો. એમનું સરઘસ નીકળે ત્યાં રસ્તાની બાજુએ લોકો કાળા વાવટા લઈને ઊભા રહેતા, અને મકાનોનાં બારીબારણાં તથા દુકાનો બંધ રાખતા. આ સ્થિતિ લાહોર, દિલ્હી, અલ્લાહાબાદ, પટણા

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

વગેરે શહેરોમાં થઈ. છેવટે કલકત્તામાં યુવરાજ પહોંચે તે પહેલાં સમાધાન થાય તો ત્યાં ખરાબ દેખાવો થતા અટકે એ હેતુથી વાઈસરૉયે એક પેંતરો રચ્યો. તેમણે માલવિયાજીને સાધ્યા. યુવરાજનો બહિષ્કાર ગાંધીજી પાછો ખેંચી લે તો પોતે રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સ બોલાવવા તૈયાર છે એમ તેમને કહ્યું. તે ઉપરથી માલવિયાજીએ તા. ૧૬મી ડિસેમ્બરે ગાંધીજીને તાર કર્યો કે:

"સાત જણનું પ્રતિનિધિમંડળ વાઈસરૉયના મન ઉપર રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સની જરૂર ઠસાવવા માટે તા. ૨૧મીએ તેમને મળે એવી હું તજવીજ કરું છું. જો તેઓ પરિષદની વાત કબૂલ કરે અને દમન બંધ કરી નેતાઓને મુક્ત કરે તો તમે શાહજાદાના સત્કારનો વિરોધ છોડી દેશો અને પરિષદ ખતમ થતાં સુધી સવિનય ભંગ મુલતવી રાખશો એમ વાઈસરૉયને જણાવવાને તમારી પરવાનગી ઇચ્છું છું"

બંગાળ સરકારે જેલમાં બેસાડેલા દેશબંધુ દાસ સાથે ખાનગીમાં મસલત કરી, તેમની તથા અબુલ કલામ આઝાદ પાસે ગાંધીજી ઉપર નીચે પ્રમાણે તાર કરાવ્યો:

"કલકત્તા, તા. ૧૯મી ડિસેમ્બર. નીચેની શરતોએ હડતાલ ખેંચી લેવાની અમે ભલામણ કરીએ છીએ: ૧. કૉંગ્રેસે કાઢેલા બધા પ્રશ્નોનો વિચાર કરવા સરકાર એક પરિષદ તરત નીમે. ૨. સરકારે તાજેતરમાં જે જાહેરનામું બહાર પાડ્યું છે તે તથા પોલીસ તથા મૅજિસ્ટ્રેટોના હુકમો પાછા ખેંચી લે. ૩. આ નવા કાયદાની રૂએ પકડેલા બધા કેદીઓને બિનશરતે છોડી દે. તરત જવાબ આપો."

ગાંધીજીએ જવાબ આપ્યો:

"તાર પહોંચ્યો. પરિષદના સભ્યોનાં નામ તથા તારીખ અગાઉથી નક્કી થવાં જોઈએ. છોડવાના કેદીઓમાં ફતવા માટે પકડાયેલા — કરાંચીના સુદ્ધાં — કેદીઓનો સમાવેશ થવો જોઈએ. તમારી શરતો ઉપરાંત આટલી હોય તો મારે મતે હડતાલ પાછી ખેંચી લઈ શકીએ."

ગાંધીજીની શરતોમાં અલીભાઈઓ અને લશ્કરમાં ફિતૂર કરવાના આરોપસર સજા પામેલા બીજા કેદીઓનો સમાવેશ થતો હતો. સરકારે આ શરતો કબૂલ ન કરી અને કલકત્તામાં પણ યુવરાજના સત્કારનો બીજાં શહેરો જેવો જ ફજેતો થયો. દેશબંધુ દાસને ગાંધીજીએ ગ્રહણ કરેલું ધોરણ પસંદ ન પડ્યું અને છૂટ્યા પછી જાહેરમાં "ગાંધીજીએ ભારે થાપ ખાધી, તુમાખીમાં તુમાખી સરકાર નમવા તૈયાર થઈ હતી, પણ છબરડો વાળ્યો. હાથમાં આવેલી બાજી બગાડી" વગેરે ટીકાઓ કરી. આમાં ગાંધીજીએ થાપ ખાધી કે દાસબાબુ થાપ ખાવા તત્પર થયા હતા એ વાચકે વિચારવા જેવું છે. અનિશ્ચિત પરિષદના

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



અધ્રુવ વચન ઉપર વિશ્વાસ રાખી યુવરાજના સ્વાગતનો બહિષ્કાર પાછો ખેંચી લેવા ગાંધીજી તૈયાર ન હતા, ત્યારે એવા વચન ઉપર દાસબાબુ આશાના કિલ્લા ચણી રહ્યા હતા. છૂટનારા કેદીઓમાં કરાંચી કેસના અને ફતવાવાળા કેદીઓને શામેલ કર્યાં વિના હડતાલ ઉઠાવવાનો વિચાર સુધ્ધાં ગાંધીજીને સ્પર્શ કરી શકતો નહોતો, જ્યારે દાસબાબુ એ કેદીઓને જેલમાં પડ્યા રહેવા દેવા તૈયાર હતા. વળી આ પરિષદ જે કાંઈ ઠરાવ ઉપર આવે તે ઠરાવ સરકારને બંધનકારક થશે એવી કબૂલત દાસબાબુ મારફત મોકલેલી શરતોમાં ક્યાં હતી? કશી બાજી હાથમાં આવ્યાનું ઉપરના તારમાં હતું જ નહીં.

એટલામાં અમદાવાદની કૉંગ્રેસની તારીખો આવી પહોંચી. એ અધિવેશનને આપણે અલગ પ્રકરણ જ આપીશું. અસહકારના આખા વર્ષમાં ઉપર જણાવેલી પ્રવૃત્તિઓ ઉપરાંત સરદારે અમદાવાદ મ્યુનિસિપાલિટી મારફત કેળવણી બાબતમાં સખત અસહકાર ચલાવેલો અને નડિયાદ તથા સુરત મ્યુનિસિપાલિટીઓને એવી જાતના અસહકારમાં દોરવણી આપેલી એની વિગતો પણ અલગ અલગ પ્રકરણમાં આપી છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

## ૧૫

# મ્યુનિસિપાલિટી મારફત અસહકાર

૧૯૨૦ની નાગપુર કૉંગ્રેસમાં અસહકારનો ઠરાવ પસાર થયા પછી અને સરકારી કેળવણી, સરકારી અદાલતો, સરકારી ધારાસભાઓ અને પરદેશી કાપડ, એનો બહિષ્કાર એ ચતુર્વિધ કાર્યક્રમનો સંપૂર્ણ અમલ કરવામાં આવે તો એક વરસમાં સ્વરાજ્ય આપણા ખોળામાં આવીને પડે એવી ગાંધીજીએ ઘોષણા કર્યા પછી અમદાવાદ મ્યુનિસિપાલિટીએ પણ પોતાની મર્યાદામાં રહી એ લડતમાં પોતાનો હિસ્સો આપવો એવો ઘણા કાઉન્સિલરોનો વિચાર થયો. તે માટે મ્યુનિસિપાલિટીને હસ્તક જેટલી કેળવણી હતી અને જે કેળવણીનો પ્રબંધ કરવાની તેની ફરજ ગણાતી હતી તે કેળવણી માટે સરકારની મદદ બિલકુલ ન લેવી અને સરકારનો તેના ઉપર કોઈ જાતનો અંકુશ ન સ્વીકારવો એ વિચાર ઉપર તેઓ આવ્યા. તેની પાછળ કઈ વિચારસરણી હતી તે ગાંધીજીએ આગળ ઉપર ‘નવજીવન’માં લખીને સ્પષ્ટ કર્યું હતું. તેમના જ શબ્દો અહીં આપું છું:

> “તકરાર તો કેળવણીની હતી. દીવાબત્તી, પાયખાનાં, પાણી વગેરેમાં મ્યુનિસિપાલિટી સરકારને અનુકૂળ થવા જ ઇચ્છતી હતી. રસ્તાના દીવા સરકાર કરે તેથી આપણને ભારે નુકસાન ન હતું. આપણાં બાળકોનાં હૃદય-મંદિરમાં સરકાર જ્યોતિ પ્રગટાવે અથવા તેમનાં મગજને સરકાર ઘોળે એ આપણને અસહ્ય હતું. એ જ્યોતિ અને ઘોળ સ્વાભાવિક ન હતાં. તેથી આપણે કેળવણીને રાષ્ટ્રીય બનાવી. આ જ વિષય ઉપર ‘હા’ ને ‘ના’ને વેર થયું. આમાં શહેરીઓ સર્વોપરી રહી શકે છે. રસ્તા સરકાર સાફ કરે તો ભલે કરે. રસ્તા કંઈ આપણે સાફ કરવા એને ત્યાં મોકલતા નથી. પણ બાળકોને તો આપણે મરજીથી નિશાળોમાં મોકલીએ ત્યારે જ સરકાર તેઓને ભણાવે. એટલે કેળવણીની બાબતમાં શહેરીઓ વિચાર માત્ર કરે તો તેની સ્વતંત્રતા પૂરી રીતે જાળવી શકે છે.”

કલકત્તાની કૉંગ્રેસમાં અસહકારનો ઠરાવ થયા પછી, મ્યુનિસિપાલિટીના સભ્યોમાંથી કેટલા અસહકારમાં સાથ આપી શકે એમ છે એ ચોક્કસ જાણી લેવા માટે ૧૯૨૦ના ઑક્ટોબરમાં સરદારે બે શિક્ષકો પાસે મ્યુનિસિપલ સ્કૂલ કમિટીને કાગળ લખાવ્યો કે અમે કૉંગ્રેસના અસહકારના ઠરાવનું પાલન કરવા ઇચ્છીએ છીએ, જો મ્યુનિસિપલ સ્કૂલ કમિટી પણ શાળાઓને અસહકારી બનાવવા ઇચ્છતી હોય તો અમને બહુ આનંદ થશે અને તેમ ન ઇચ્છતી હોય તો આને અમારું રાજીનામું



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ગણશો અને અમને નોકરીમાંથી છૂટા કરશો. મ્યુનિસિપલ બોર્ડમાં આ કાગળ ઉપર સારી પેઠે ચર્ચા થઈ. તેમાં કેટલા સભ્યો અસહકાર કરવાના ઉત્સાહવાળા, કેટલા પોતાના મતદારોના અભિપ્રાય જાણી લઈ જે તે પગલું ભરવું એવા વિચારવાળા અને કેટલા અસહકારનો વિરોધ કરનારા હતા એ જણાઈ આવ્યું. પણ પોતાના મતદારોનો અભિપ્રાય લેવાની સભાસદોને તક મળે તે માટે નિર્ણય મુલતવી રાખવામાં આવ્યો. ત્યાર બાદ નાગપુર કોંગ્રેસ પછી શહેરીઓની રૂખ એકંદરે કેવી છે તે જાણી લઈને તા. ૩–૨–'૨૧ની જનરલ બોર્ડની મીટિંગમાં સરદાર નીચે પ્રમાણે ઠરાવ લાવ્યા :

"નાગપુરની કોંગ્રેસમાં સ્પષ્ટ રીતે જાહેર કરવામાં આવેલા રાષ્ટ્રના આદેશને માન આપી, આ બોર્ડ એવું ઠરાવે છે કે મ્યુનિસિપલ શાળાઓમાં, પ્રાથમિક કેળવણી ઉપર સરકારનો જે અંકુશ છે તે ફગાવી દેવાની દૃષ્ટિએ હવેથી સરકારની કેળવણીગ્રાન્ટ બિલકુલ લેવી નહીં.

"આ ઠરાવની નકલ સરકારને મોકલી આપવી."

એના ઉપર બે કાનૂની વાંધા ઉઠાવવામાં આવ્યા :

૧. ઠરાવમાં કોંગ્રેસનો ઉલ્લેખ આવે છે તે બરાબર છે કે કેમ ?

૨. 'મ્યુનિસિપલ શાળાઓમાં પ્રાથમિક કેળવણી ઉપર સરકારનો જે અંકુશ છે તે ફગાવી દેવાની દૃષ્ટિએ' એ શબ્દો ઠરાવમાં છે તે બરાબર છે કે કેમ ?

પ્રમુખે નિર્ણય આપ્યો કે, કોંગ્રેસના અથવા તો બીજી કોઈ બહારની સંસ્થાના નિર્ણયો અનુસાર મ્યુનિસિપાલિટી ચાલે નહીં, છતાં તેનો ઉલ્લેખ કાનૂન બહાર નથી, કેમ કે તેથી આ ઠરાવ લાવવાનું કારણ જ સૂચવાય છે. પણ મ્યુનિસિપાલિટીની પ્રાથમિક શાળાઓ ઉપર સરકાર કાયદાની રૂએ અમુક અંકુશ ધરાવે છે માટે 'સરકારનો અંકુશ ફગાવી દેવાની દૃષ્ટિએ' એ શબ્દો કાનૂન બહાર છે અને એ આ ઠરાવમાંથી કાઢી નાખવાનું હું ઠરાવું છું. એટલે ઠરાવમાંથી એટલા શબ્દો કાઢી નાખવામાં આવ્યા. એ શબ્દો વિનાના ઠરાવ ઉપર ઘણા સુધારા સૂચવાયા અને બહુ ચૂંથણાં થયાં છતાં છેવટે સરદારનો ઠરાવ ભારે બહુમતીથી પસાર થયો.

પણ આ ઠરાવ લાવવામાં મુખ્ય ઉદ્દેશ સરકારનો અંકુશ ફગાવી દેવાનો હતો જ. એટલે સ્કૂલ્સ કમિટીએ તા. ૧૧–૨–'૨૧ના રોજ ઠરાવ કર્યો કે :

"જનરલ બોર્ડના તા. ૩–૨–'૨૧ના ઠરાવની દૃષ્ટિએ સ્કૂલ્સ કમિટી એવા અભિપ્રાયની છે કે મ્યુનિસિપલ શાળાઓની વાર્ષિક પરીક્ષા તથા નિરીક્ષણ ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર અથવા તેના મદદનીશોએ કરવું જોઈએ નહીં."



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

એ ઠરાવ ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરને એની જાણ માટે મોકલવામાં આવ્યો અને તેની સાથે કાગળ લખ્યો કે, વાર્ષિક પરીક્ષાઓ માટે તમારે આવવું નહીં અને તમારા મદદનીશોને પણ ન આવવાની સૂચના આપી દેવી. બીજી તરફથી સ્કૂલ્સ કમિટીએ પોતાના સુપરવાઈઝરોને પરીક્ષાઓનું કામ ઉકેલી નાખવાની સૂચના આપી.

એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરે મ્યુનિસિપાલિટીના પ્રમુખને તા. ૧૪–૨–'૨૧ના રોજ કાગળ લખ્યો કે, સ્કૂલ્સ કમિટીનો ઠરાવ કાયદાથી વિરુદ્ધ છે માટે તમારે સ્કૂલ્સ કમિટીને સૂચના આપવી કે ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર અને તેમના મદદનીશોને પરીક્ષાઓનું અને નિરીક્ષણનું કામ કરવા દે.

પ્રમુખે સ્કૂલ્સ કમિટીના ચૅરમૅનને લાંબો કાગળ લખીને જણાવ્યું કે, તમારો ઠરાવ કાયદાથી વિરુદ્ધ છે માટે એ ઠરાવને હું સસ્પેન્ડ કરું છું અને આ પ્રશ્ન જનરલ બોર્ડમાં મૂકવાની ગોઠવણ કરું છું. એ મુજબ તા. ૨૮–૨–'૨૧ની જનરલ બોર્ડની મીટિંગમાં આ પ્રશ્ન રજૂ થયો. પ્રમુખે દરખાસ્ત મૂકી કે, સરકારના કેળવણી ખાતાને કાયદા પ્રમાણે આપણી નિશાળોની પરીક્ષાઓ લેવાનો તથા નિરીક્ષણ કરવાનો અધિકાર છે, માટે એને લગતા નિયમોનું પાલન કરવું. સરદારે ડૉ. કાનુગાના ટેકાથી સુધારો મૂક્યો કે, જનરલ બોર્ડના તા. ૩–૨–'૨૧ના ઠરાવનો સ્કૂલ્સ કમિટીએ જે અર્થ કર્યો છે તે આ બોર્ડ માન્ય રાખે છે અને ઠરાવે છે કે કાગળો દફતરે કરવા. પ્રમુખે નિર્ણય આપ્યો કે, આ સુધારામાં કાયદાનો ભંગ અભિપ્રેત છે, માટે તેને હું કાનૂન બહાર ઠરાવું છું. એટલે કૃષ્ણલાલ નરસીલાલે કાળિદાસ ઝવેરીના ટેકાથી બીજો સુધારો મૂક્યો કે, પ્રમુખના સ્કૂલ્સ કમિટી ઉપરના તા. ૧૫–૨–'૨૧ના કાગળથી માંડીને બધા કાગળો દફતરે કરવા. આના ઉપર ઘણા સુધારા રજૂ થયા, તે બધા ઊડી ગયા. છેવટે પ્રમુખના ઠરાવ અને કૃષ્ણલાલના સુધારા પર મત લેવાતાં કૃષ્ણલાલનો સુધારો બહુમતીથી પસાર થયો.

આમ સામસામે પેંતરા રચાવા માંડ્યા. ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરે તા. ૧૧–૩–'૨૧ના રોજ પ્રમુખને કાગળ લખીને જણાવ્યું કે, કેળવણી ખાતાને સત્તા છે એ રૂએ હું આવતી કાલે નિશાળોની પરીક્ષા લઈશ. પ્રમુખે આ કાગળ સ્કૂલ્સ કમિટીના ચૅરમૅનને મોકલ્યો. તેમણે તરત જ પ્રમુખને જવાબ આપ્યો કે, પરીક્ષાઓ તો લેવાઈ ચૂકી છે. માટે ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરને જણાવવા કૃપા કરશો કે તેઓ ફરી પરીક્ષા લઈ શકે નહીં. ત્યાર બાદ એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરે પ્રમુખને કાગળ લખીને જણાવ્યું કે, તમે સ્કૂલ્સ કમિટીને જણાવશો કે ચોથા ધોરણની પરીક્ષા અમારા નિયમ પ્રમાણે નહીં લેવાય તો એ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



વિદ્યાર્થિઓ સરકારી અથવા બીજી સરકારમાન્ય શાળામાં દાખલ થવાને યોગ્ય નહીં ગણાય.

આમ ખેંચાખેંચી ચાલતી હતી, દરમ્યાન તા. ૩–૩–'૨૧ના રોજ કલેક્ટરે પોતાની સત્તાની રૂએ હુકમ કાઢયો કે, સ્કૂલ્સ કમિટીનો તા. ૧૧–૨–'૨૧નો ઠરાવ ગેરકાયદે છે. માટે એ ઠરાવનો અમલ પોતે મોકૂફ રખાવે છે અને એ ઠરાવને અનુસરીને કાંઈ પણ કામ કરવાની મ્યુનિસિપાલિટીને મના કરે છે. આ હુકમને પોતાના તા. ૧૮–૩–'૨૧ના હુકમથી કમિશનરે બહાલી આપી.

તા. ૩–૩–'૨૧ના કલેક્ટરના હુકમ ઉપર વિચાર કરવા પ્રમુખે તા. ૧૭–૩–'૨૧ના રોજ જનરલ બોર્ડની ખાસ સભા બોલાવી. તેમાં શ્રી ચાહેવાળા એવો ઠરાવ લાવ્યા કે, કલેક્ટરના હુકમની નોંધ લેવી અને એ હુકમ જાણ માટે અને દોરવણી માટે સ્કૂલ્સ કમિટીને મોકલી આપવો.

આના ઉપર સરદાર સુધારો લાવ્યા કે, કાગળો દફતરે કરવા અને કલેક્ટરને જણાવવું કે:

૧. મ્યુનિસિપલ શાળાઓની પરીક્ષા ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર અથવા તેના મદદનીશોના અંકુશ વિના સ્વતંત્ર રીતે લેવાઈ ચૂકી છે.

૨. કલેક્ટરના હુકમમાં સ્કૂલ્સ કમિટીના જે ઠરાવનો ઉલ્લેખ છે તે ઠરાવ જનરલ બોર્ડે ગંભીર વિચારણા પછી નક્કી કરેલી નીતિનું આવશ્યક પરિણામ છે.

૩. ડિસ્ટ્રિક્ટ મ્યુનિસિપલ ઍક્ટની કલમ ૫૪માં જે કામો મ્યુનિસિપાલિટીએ ફરજિયાત કરવાં જ જોઈએ એમ જણાવેલું છે એ કામો કર ભરનારા શહેરીઓની ઇચ્છાને અનુસરીને જ મ્યુનિસિપાલિટી કરી શકે.

૪. શહેરીઓની ઇચ્છાને અનુસરીને મ્યુનિસિપાલિટીએ પોતાની નીતિ નક્કી કરેલી હોવાથી, જો મ્યુનિસિપાલિટીને શહેરીઓની ઇચ્છા વિરુદ્ધ જવાનો જબરદસ્તીથી પ્રયત્ન કરવામાં આવશે તો મ્યુનિસિપાલિટી પાસે શાળાઓ બંધ કરવા સિવાય બીજો કશો વિકલ્પ રહેશે નહીં. જરૂર પડયે તેમ કરવાની સ્કૂલ્સ કમિટીને સૂચના આપી દેવામાં આવી છે.

આ સુધારો બહુમતીથી પસાર થયો અને મૂળ ઠરાવ ઊડી ગયો.

પછી તા. ૨૬–૪–'૨૧ના રોજ આસિસ્ટન્ટ ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરે સ્કૂલ્સ કમિટીને કાગળ લખીને જણાવ્યું કે, અમે તમારા હિસાબ તપાસવા આવીશું. એનો તે જ દિવસે સ્કૂલ્સ કમિટીના ચેરમેને જવાબ આપ્યો કે, અમે સરકારી ગ્રાન્ટ નહીં લેવાનો ઠરાવ કર્યો છે અને તે મુજબ ગ્રાન્ટ લેવાનું બંધ પણ કર્યું છે. એટલે તમારા ખાતાએ હિસાબ તપાસવા આવવાનું કશું કારણ નથી અને મ્યુનિસિપાલિટી સરકારના નિરીક્ષકોને હિસાબ તપાસવા દેવા રાજી નથી.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



હજી કેળવણી ખાતાનો વિચાર મ્યુનિસિપાલિટીને વધુ ચકાસી જોવાનો હતો. એટલે એણે ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર પાસે તા. ૧૧–૬–’૨૧ના રોજ મ્યુનિસિપાલિટીના પ્રમુખ ઉપર કાગળ લખાવ્યો કે, શહેરની મ્યુનિસિપલ શાળાઓનું નિરીક્ષણ આવતા મહિનામાં હું અને મારા મદદનીશો કરવા આવવાના છીએ તેનો કાર્યક્રમ આ સાથે મોકલું છું. અને તેની મ્યુનિસિપલ શાળાઓના શિક્ષકોને ખબર આપશો. આમાં યુક્તિ એ હતી કે શાળાના શિક્ષકોને ખબર આપવાની વિનંતી સ્કૂલ્સ કમિટીના ચેરમૅનને ન કરતાં સીધી મ્યુનિસિપાલિટીના પ્રમુખને કરી હતી. પ્રમુખે કાગળ સ્કૂલ્સ કમિટીના ચેરમૅન તરફ રવાના કર્યો. તેમણે એના ઉપર કમિટીમાં ઠરાવ કરાવીને ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરને તા. ૨૯–૬–’૨૧ના રોજ કાગળ લખીને જણાવ્યું કે, અમારી નીતિ અમે ચોક્કસ ઠરાવી દીધી છે અને તેની તમારા ખાતાને સ્પષ્ટ જાણ પણ કરી છે. છતાં તમે નિરીક્ષણ માટે આવવાનું પ્રમુખ સાહેબને લખો છો તેથી મને આશ્ચર્ય થાય છે. અમે તમને નિરીક્ષણ કરવા દેવાના નથી એ જાણશો. આની સાથે જ શિક્ષકોને સક્યુર્લરથી ખબર આપી કે :

> “ સરકારી અધિકારીઓ પૈકી કોઈ તમારી શાળાનું ઇન્સ્પેકશન કરવા આવે તો તેને ઇન્સ્પેકશન કરવા દેવું નહીં, છતાં એ આગ્રહ કરે તો તમારે શાળા બંધ કરી સ્કૂલ્સ કમિટીના ચેરમૅનને તાત્કાલિક રિપોર્ટ કરવો.”

આમ છતાં એક આસિસ્ટન્ટ ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરને સરસપુરની શાળામાં નિરીક્ષણ માટે મોકલવામાં આવ્યા. શાળાના મહેતાજીએ નિરીક્ષણ ન કરવા દીધું અને સ્કૂલ્સ કમિટીના ચેરમૅન શ્રી બલુભાઈને ખબર આપી. તેઓ શાળામાં ગયા અને પેલા ભાઈને કાગળ લખીને આપ્યો કે :

> “ હું દિલગીર છું કે અમદાવાદ મ્યુનિસિપાલિટીના ઠરાવની રૂએ હું આપને શાળાનું ઇન્સ્પેકશન કરવા દઈ શકતો નથી. મ્યુનિસિપાલિટીનો નિર્ણય લેખી શબ્દોમાં પોતાની પાસે હોવા છતાં મહે૦ એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબે આપને અત્રે આવવાની ફરજ પાડી છે એ જોઈ હું દિલગીર થાઉં છું. મારી વિશેષ દિલગીરી તો એ માટે છે કે શિષ્ટાચારનો ભંગ થાય અને શિક્ષકો તેમ જ અધિકારીઓની પ્રતિષ્ઠા જનસમાજમાં હલકી પડે તેવો માર્ગ ગ્રહણ કરવાનો હુકમ ઉત્તર વિભાગના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબ જેવા જવાબદાર અધિકારી તરફથી કરવામાં આવ્યો છે.”

આ બનાવ બન્યા પછી તરત એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરને કાગળ લખીને જણાવ્યું કે, અમે સરકારના કેળવણી ખાતા સાથે કશો સંબંધ રાખવા માગતા નથી. માટે તમારા સઘળા શિક્ષકોને તમારે પાછા બોલાવી લેવા. શિક્ષકોની સંખ્યા ત્રણસો ઉપરની હતી. તેમને પાછા બોલાવી લે તો ક્યાં કામ આપવું એ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર આગળ મોટો પ્રશ્ન હતો. અમદાવાદમાં સરકારની કોઈ શાળા નહોતી. એટલે એ ગભરાયો. કેળવણી ખાતાના ડાયરેક્ટરની સલાહ લઈને તેણે જણાવ્યું કે, શિક્ષકોને હાલ તુરત પાછા નહીં લઈ શકાય. જવાબમાં મ્યુનિસિપાલિટીએ જણાવ્યું કે, હવે જો શિક્ષકોની માગણી કરશો તો અમારી સગવડે છૂટા કરી શકાશે. પરંતુ એક જ મહિના પછી તા. ૧૬–૨–’૨૧ના રોજ ડી. પી. આઈ.-એ એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરને કાગળ લખીને જણાવ્યું કે, “અમદાવાદ મ્યુનિસિપાલિટીની સ્કૂલ્સ કમિટી કાયદાની વિરુદ્ધ થઈને કેળવણી ખાતાના ઇન્સ્પેક્ટરોને પરીક્ષા નથી લેવા દેતી તથા નિરીક્ષણ નથી કરવા દેતી તેથી મ્યુનિસિપાલિટીની નોકરીમાં અત્યારે કામ કરતા શિક્ષકો, જેમની નિયમ પ્રમાણે સરકારી અથવા તો લોકલબોર્ડની સ્કૂલોમાં બદલી કરી શકાય એમ છે તેમને મ્યુનિસિપલ શાળાઓમાં રહેવા દેવાનું શક્ય નથી. માટે આવા શિક્ષકોને તમે સીધું જણાવી દેશો કે તેઓ અમદાવાદ વિભાગના ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર આગળ હાજર થાય. મ્યુનિસિપલ પ્રમુખને પણ જણાવશો કે મ્યુનિસિપલ પ્રાયમરી શાળાઓમાં કામ કરતા તમામ શિક્ષકોને ખબર આપો કે મ્યુનિસિપલ પ્રમુખને આ કાગળ મળ્યેથી દસ દિવસની અંદર ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સમક્ષ હાજર થવામાં જે શિક્ષકો ચૂક કરશે તેઓ સરકારમાંથી પેન્શન મેળવવાના હક ખોઈ બેસશે અને સરકાર તરફથી ચાલતી, મદદ મેળવતી અથવા માન્ય થયેલી કોઈ પણ શાળામાં કદી પણ નોકરીને માટે લાયક ગણવામાં આવશે નહીં.” શિક્ષકોને પોતે કામ આપી શકશે નહીં એમ જાણવા છતાં મ્યુનિસિપાલિટીને નમાવવા અને ધમકીથી શિક્ષકોને પાછા લેવા માટે આ લખાણ કરવામાં આવ્યું હતું.

આ કાગળ એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર તરફથી મ્યુનિસિપલ પ્રમુખને અને મ્યુનિસિપલ પ્રમુખ તરફથી સ્કૂલ્સ કમિટીના ચેરમૅનને પહોંચાડવામાં આવ્યો. સ્કૂલ્સ કમિટીએ તો એક સર્ક્યુલર કાઢીને પગાર પેન્શનનો પૂરેપૂરો સધિયારો બધા શિક્ષકોને આપ્યો હતો અને જેમને ડર લાગતો હોય તેમને વેળાસર ચાલ્યા જવાની ચેતવણી પણ આપી હતી. છતાં આ કાગળ મળ્યો એટલે સર્ક્યુલર કાઢી તમામ શિક્ષકોને ખબર આપી કે:

> “અમદાવાદ મ્યુનિસિપાલિટીની જનરલ બોર્ડની મીટિંગે ગઈ તા. ૧૭–૮–’૨૧ના રોજ અમદાવાદ મ્યુનિસિપલ શિક્ષકોને સિવિલ સર્વિસ રેગ્યુલેશનના નિયમો મુજબ પેન્શન આપવાનો અને તેમના પગારનો દર સરકારનું કેળવણી ખાતું વખતોવખત મુકરર કરે તેનાથી ઓછો નહીં રાખવાનો ઠરાવ પસાર કર્યો છે.
>
> “છતાં જે શિક્ષકોએ મ્યુનિસિપાલિટીની નોકરીમાં રહેવા ખુશી બતાવી છે તેઓમાંના કોઈનો પણ વિચાર ફર્યો હોય અને તેમને લોકલબોર્ડની નોકરીમાં જવાની ઇચ્છા થઈ હોય તો તેમણે તે બાબતની લેખી ખબર

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

તા. ૨૪–૮–'૨૧ને બુધવારની સાંજના પાંચ વાગ્યા સુધીમાં મ્યુનિસિપલ સ્કૂલોના મહેo સુપરિન્ટેન્ડેન્ટ સાહેબને આપી જવી. જેથી તેમને મહેo ડિરેક્ટર સાહેબે નક્કી કરેલી મુદ્દત દરમિયાન છૂટા કરી મોકલી આપવાની ગોઠવણ કરવામાં આવશે.”

આના જવાબમાં મ્યુનિસિપાલિટીના ત્રણસો ઉપર શિક્ષકોમાંથી માત્ર અગિયાર જ જવા તૈયાર થયા.

કેળવણી ખાતાના ડિરેક્ટરનો કાગળ મ્યુનિસિપલ પ્રેસિડેન્ટને તા. ૧૮-૮-'૨૧ના રોજ મળ્યો હતો અને તેમાં લખ્યા પ્રમાણે ત્યારથી દસ દિવસ સુધીમાં એટલે તા. ૨૭મી સુધીમાં જે શિક્ષકો મ્યુનિસિપલ નોકરી ન છોડે તેઓને કદી પણ સરકાર સાથે સંબંધ ધરાવતી કોઈ પણ શાળામાં લેવાના ન હતા. છતાં તેમનો ઘા નકામો ગયો એટલે તા. ૨૮–૮–'૨૧ના અમદાવાદ વિભાગના ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરે ‘ગુજરાતી પંચ’ પત્રમાં નીચે પ્રમાણે જાહેરખબર આપી :

### નવી સરકારી પ્રાથમિક શાળાઓ

સરકાર તરફથી કેટલીક પ્રાથમિક શાળાઓ અમદાવાદ શહેરમાં ઉઘાડવાની છે, જેમાં અમદાવાદ મ્યુનિસિપાલિટીમાંથી સરકારી નોકરીમાં પાછા આવનાર શિક્ષકોને જગ્યા આપવામાં આવશે. જે શિક્ષકો સરકારી પેન્શનનો હક અને પાછલી નોકરીનો લાભ ખોવા ઇચ્છતા ન હોય તેમણે મહેo ડિરેક્ટર સાહેબ બહાદુરના ઠરાવ મુજબ દસ દિવસની અંદર અમને આવીને મળવું.

આ જાહેરખબર તા. ૪થી સપ્ટેમ્બરના અંકમાં ફરી આપવામાં આવી એટલે પેલી ‘પછી કદી પણ નહીં લેવામાં આવે’વાળી ધમકી તો હવામાં ઊડી ગઈ. પછી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરે પોતાની જાહેરખબર મુજબ કેટલીક સરકારી શાળાઓ ખોલી અને વિદ્યાર્થીઓના વાલીઓ ડરીને પોતે ખોલેલી શાળાઓમાં બાળકોને મોકલે એ હેતુથી ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરે નીચે મુજબની જાહેરખબર કાઢી :

### જાહેરખબર

અમદાવાદ, નડિયાદ અને સુરતની મ્યુનિસિપાલિટીઓએ પોતાના તાબાની શાળાઓને સરકારી અંકુશ અને દેખરેખથી સ્વતંત્ર બનાવવા ઇચ્છા જાહેર કરી છે. તેથી કેળવણી ખાતાના મહેo ડિરેક્ટર સાહેબના નં. સા. ૧૮ તા. ૩૧–૮–'૨૧થી સદરહુ શાળાઓને સરકારે મંજૂર રાખેલી શાળાઓની યાદીમાંથી કાઢી નાખવામાં આવી છે. હવે પછી આ શાળાઓએ આપેલાં લીવિંગ સર્ટિફિકેટો ખાતાએ સ્વીકારેલી કોઈ પણ શાળા સ્વીકારશે નહીં.
૩–૯–'૨૧

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



પણ સરકારી શાળાઓમાં કોઈ ચકલુંયે ફરક્યું નહીં. પણ આટલેથી અધિકારીઓ અટક્યા નહીં. પોતાના આસિસ્ટન્ટો મારફત લાલચ, ભય, વગેરેનો પ્રચાર કરી શિક્ષકોને ફોડવાના પ્રયત્નો આદર્યા. છતાં માંડ બીજા સાત શિક્ષકો તેમને મળ્યા. સ્કૂલ્સ કમિટીના ચૅરમૅન તરીકે શ્રી બલુભાઈએ ડિરેક્ટરનું ધ્યાન ખેંચ્યું કે, “તમે મારે ત્યાંથી દસ-બાર શિક્ષકો લઈ જાઓ તેનું મને દુઃખ નથી, પણ તમે બાંધેલી મુદ્દતને તમે જ વળગી રહેતા નથી અને તમારા આસિસ્ટન્ટો ખટપટ કરે છે તેથી કેળવણીના ક્ષેત્રમાં શિસ્તનું જે ઊંચા પ્રકારનું ધોરણ હોવું જોઈએ તેને હલકું પાડવામાં આવે છે તે તરફ તમારું ધ્યાન ખેંચું છું.” આનો જવાબ ડિરેક્ટરે મ્યુનિસિપલ પ્રમુખ મારફત આપ્યો કે, “અમારા જે શિક્ષકો અવમાન્ય કરેલી શાળાઓમાં નોકરી કરે છે તેમાંના કોઈને પણ કોઈ પણ વખતે પાછા લેવાનો હક અમે અનામત રાખીએ છીએ.”

મ્યુનિસિપાલિટીને વળગી રહેલા શિક્ષકોને ડરાવવા માટે ખાતાએ સાથે સાથે એક બીજો દાવ પણ ફેંક્યો. ટ્રેનિંગ કૉલેજમાં તાલીમ માટે અમદાવાદ મ્યુનિસિપાલિટી તરફથી મોકલાયેલા શિક્ષકોને ટ્રેનિંગ કૉલેજમાંથી તા. ૩–૯–’૨૧ના રોજ કાઢી મૂકવામાં આવ્યા. તેની પણ એ શિક્ષકો ઉપર કે બીજા શિક્ષકો ઉપર કશી અસર થઈ નહીં. ઊલટું મ્યુનિસિપાલિટીને પોતાની શિક્ષક-સંખ્યામાં એટલો ઉમેરો થયો. ખાતાના ભારે પ્રયત્નો પછી કુલ અઢાર જ શિક્ષકોએ મ્યુનિસિપલ નોકરી છોડી હતી. તેને બદલે મ્યુનિસિપાલિટીને ટ્રેનિંગ કૉલેજમાંથી પાછા ફરેલા ઓગણીસ શિક્ષકો મળ્યા.

મ્યુનિસિપાલિટીને અગવડમાં મૂકવા વળી એક ત્રીજો દાવ કેળવણી ખાતાએ ખેલ્યો. મ્યુનિસિપલ શાળાઓના સુપરિન્ટેન્ડેન્ટ શ્રી પ્રાણલાલ કિરપારામ દેસાઈની નોકરી સરકારે ઉછીની આપેલી હતી. સરકારે તેમને પાછા સરકારી નોકરીમાં આવી જવાનું લખ્યું. સરદાર તથા શ્રી બલુભાઈની સલાહથી શ્રી પ્રાણલાલ દેસાઈએ પોતાની સરકારી નોકરીનું રાજીનામું આપી દીધું અને મ્યુનિસિપલ નોકરીમાં જ રહ્યા. મ્યુનિસિપાલિટીએ રૂ. ૨૦૦થી ૪૦૦ના ગ્રેડમાં તેમની કાયમી નિમણૂક કરી. આ નિમણૂકને ઉત્તર વિભાગના કમિશનરની મંજૂરી જોઈએ, તે એણે ન આપી. આમ પોતાના પ્રમોશનનું તદ્દન અનિશ્ચિત થઈ ગયું. છતાં એ જોખમ ખેડીને શ્રી પ્રાણલાલ મ્યુનિસિપાલિટીને વળગી રહ્યા તેની અસર કેળવણી ખાતા ઉપર ઘણી પડી અને તે ગભરાટમાં પડ્યું. આ ઉપરાંત કેળવણી સિવાયની બીજી બાબતોમાં પણ મ્યુનિસિપાલિટીને તંગ કરવાના પ્રયાસો કરવામાં આવ્યા.

શહેરમાં રસ્તા પહોળા કરવા માટે તથા બીજાં કેટલાંક કામો માટે મકાનો તથા જમીનો ‘એક્વાયર’ કરવાની (સરકાર મારફત ઠરાવેલી કિંમતે વેચવાની માલિકને ફરજ પાડવાની) જરૂર હતી. સરકારે એ એક્વાયર કરી આપવાની

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

ના પાડી, એમ ચોખ્ખું કહીને કે તમે અસહકાર કરો છો પછી સરકારે તમને શું કામ મદદ કરવી જોઈએ? પણ મ્યુનિસિપાલિટીને લોકોનો સહકાર અને સાથ એવાં હતાં કે મકાનો અને જમીનોના માલિકો સાથે વાટાઘાટો કરીને સરકારની દરમ્યાનગીરી વિના મ્યુનિસિપાલિટીને એ મકાનો અને જમીનો મળ્યાં અને શહેરના સુધારાની નક્કી કરેલી યોજના પ્રમાણે મ્યુનિસિપાલિટીનું કામ જરાયે અટક્યા વિના ચાલી શક્યું.

મ્યુનિસિપાલિટીના ટૅક્સનો આંકડો નક્કી કરવા માટે ઘરોનાં ભાડાંની આંકણી કરવામાં આવે છે અને તેની સામે જેનો વાંધો હોય તેમની અપીલો સાંભળવા માટે ખાસ અમલદારો નીમવામાં આવે છે. સરકારને આવા અમલદારો નીમવાનો અધિકાર હોય છે. પણ સરકારે ઉપરના જેવું જ કારણ આપી અધિકારીઓની નિમણૂક કરવાની ના પાડી. પણ તેથીયે મ્યુનિસિપાલિટીનું કામ અટક્યું નહીં. મ્યુનિસિપલ ઍક્ટ મુજબ ઘરનાં ભાડાંની આંકણી સામેની અપીલો સાંભળવા માટે સરકારે નીમેલા ખાસ અમલદારોને બદલે મ્યુનિસિપલ બોર્ડ પોતાના સભ્યોમાંથી ખાસ કમિટીઓ નીમી શકે છે. એટલે એવી કમિટીઓ નીમવામાં આવી. શ્રી દાદાસાહેબ માવળંકર કહે છે કે કમિટીઓમાં નિમાયેલા અમારે આશરે ત્રણ મહિના સુધી રોજ સવારમાં ત્રણ ત્રણ કલાક શહેરમાં આ કામ માટે રખડવું પડેલું, પણ તેથી લોકોને ઊલટો વધારે સંતોષ થયેલો.

આમ સરકારના સઘળા પાસા અવળા પડ્યા અને સરકારના અંકુશ ફગાવી દીધા છતાં અમદાવાદની મ્યુનિસિપલ શાળાઓને ન તો વિદ્યાર્થીઓની તંગી પડી, ન તો શિક્ષકોની તંગી પડી અને સ્કૂલ્સ કમિટીના ચૅરમૅન શ્રી બલુભાઈ અને શાળાઓના સુપરિન્ટેન્ડેન્ટ શ્રી પ્રાણલાલ કિરપારામ દેસાઈ, એ બંનેની બાહોશીને લીધે તથા તમામ શિક્ષકોની હોંશ, ઉત્સાહ અને વફાદારીને લીધે શાળાઓમાં કાર્યદક્ષતાનું ધોરણ બહુ ઊંચું રહ્યું. છેવટે મુંબઈ સરકાર જાતે મેદાનમાં ઊતરી. અત્યાર સુધી ઉત્તર વિભાગના કમિશનર મિ. ઘોષલ હતા. પણ તાજેતરમાં જ તેમની બદલી થઈ હતી અને તેમની જગ્યાએ, પહેલાં ૧૯૧૭માં સરદાર સાથે મલ્લકુસ્તીમાં ઊતરી એમની પહેલવાનીનો સ્વાદ જેઓ ચાખી ચૂકેલા હતા અને ૧૯૧૮માં ખેડા સત્યાગ્રહની લડતમાં જેમનો અમલદારી તોર કાંઈક ખંડિત થયો હતો, તે મિ. પ્રૅટ આવ્યા હતા. પોતાના મનથી પોતે ખોયેલી આબરૂ પાછી મેળવવા તેમણે મ્યુનિસિપાલિટીને ઠેકાણે લાવવાનું બીડું ઝડપ્યું.

પ્રથમ તો મ્યુનિસિપાલિટીની સામે જેટલાં તત્ત્વોને ઉશ્કેરી શકાય તેટલાંને ઉશ્કેરનારો અને મ્યુનિસિપલ કાઉન્સિલરો કેટલી અંગત જોખમદારી ખેડી રહ્યા છે તેનું સૂચન કરી તેમને ઢીલા પાડવાના પ્રયત્નો કરનારો એક ઠરાવ તા. ૨૩–૯–’૨૧ના રોજ સરકારે બહાર પાડ્યો :

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



૧. સરકારનો કેળવણી ખાતાને લગતો તા. ૫–૪–’૨૧નો હુકમ નં. ૧૮૩૩ જેની તે વખતે પુષ્કળ જાહેરાત કરવામાં આવી હતી. તેનાથી મુંબઈ સરકારે, નડિયાદની મ્યુનિસિપાલિટીએ સરકારી મદદ લેવાનો ઇન્કાર કરવાનું તથા પ્રાથમિક કેળવણી ઉપરનો સરકારનો અંકુશ ફગાવી દેવાનું જે કૃત્ય કર્યું હતું તે વિષે સરકારનું વલણ સ્પષ્ટ કર્યું હતું. ત્યાર બાદ અમદાવાદની અને સુરતની મ્યુનિસિપાલિટીઓએ એ જ જાતના ઠરાવો પસાર કર્યા છે. તેથી મ્યુનિસિપલ કાઉન્સિલરોના, કર ભરનારા શહેરીઓના, તેમ જ આમજનતાના હિતાર્થે, આમ કરવાનાં કેટલાંક પરિણામો, જે બહુ ઉઘાડાં છે, તે કેવાં આવે અને તેમાંથી કેવી સ્થિતિ ઊભી થાય તે સ્પષ્ટ કરવું જરૂરનું છે.

૨. પહેલો સવાલ તો એ ઊભો થાય છે કે મ્યુનિસિપાલિટીની સત્તા કેટલી બાબતમાં તદ્દન સ્વતંત્ર છે? આ સંસ્થાઓ મોટાં નગરો તથા મુફસિલ શહેરોમાં મ્યુનિસિપલ કામકાજનો વધારે સારો વહીવટ થાય તે માટે સરકારે કાયદાથી સ્થાપેલી છે. કાયદેસર તેઓ એટલી જ સત્તા ભોગવી શકે જેટલી બૉમ્બે ડિસ્ટ્રિક્ટ મ્યુનિસિપલ ઍક્ટની રૂએ સરકારે તેમને આપેલી હોય. એની મર્યાદામાં રહીને પોતાને મળેલી સત્તાઓ ભોગવવાની તેમને છૂટ છે. પરંતુ સરકાર પાસેથી જે સત્તા તેમને મળી હોય તે ઉપરાંત તેમને કશી સત્તા નથી. જો તેમને એમ લાગતું હોય કે તેમની સત્તાઓ વધારવી જોઈએ તો તે માટે બંધારણીય માર્ગ તો એ છે કે પોતાના પ્રાંતની ધારાસભા સમક્ષ એને લગતી પોતાની જે દરખાસ્તો હોય તે તેમણે લાવવી. પણ અત્યારે જ જે સત્તાઓ તેઓ ધરાવે છે તેનો દુરુપયોગ કરવાનું વલણ અખત્યાર કરવાની તેઓ જક પકડી બેઠા છે; તો છે તેથીયે વિશાળ સત્તાઓ માગવાનો તેમનો કેસ મજબૂત થાય છે કે કેમ તે મ્યુનિસિપલ કાઉન્સિલરોએ વિચારવા જેવું છે. છતાં એ વિચાર બાજુએ રાખીએ તોપણ એટલું તો નક્કી છે કે અત્યારે જે સત્તાઓ તેઓ ધરાવે છે અથવા ભવિષ્યમાં ધરાવતા થશે તે સરકારે જ તેમને આપેલી હશે. જે મ્યુનિસિપાલિટી સરકાર સાથેનો સંબંધ ખરેખર કાપી નાખે છે તે શરીરમાંથી કાપીને છૂટા પાડી નાખેલા માણસના હાથ જેવી છે. એટલે કે તે મરી ગયેલી છે.

૩. મ્યુનિસિપલ ઍક્ટની રૂએ કેટલાક નિયમો ઘડવામાં આવેલા છે. એ નિયમો ખુદ કાયદાની કલમો જેટલા જ બંધનકર્તા છે. બધી મ્યુનિસિપાલિટીઓ જાણે છે કે મ્યુનિસિપલ ઍક્ટની ૫૮મી કલમની રૂએ કારોબારી સરકારે ઘડેલા નિયમોથી, સાર્વજનિક કેળવણીની બાબતમાં મ્યુનિસિપાલિટીઓની સ્વતંત્ર સત્તા કેટલી છે તેની મર્યાદા આંકવામાં આવેલી છે. જે કોઈ મ્યુનિસિપાલિટી એ નિયમોનું અતિક્રમણ કરે છે તે તેટલે દરજ્જે પોતાની સત્તાની બહાર જાય છે અને મ્યુનિસિપલ ઍક્ટે તેમના ઉપર મૂકેલી ફરજ અદા કરવામાં ચૂકે છે અને તેથી મ્યુનિસિપલ ઍક્ટની કલમ ૧૭૮ તથા ૧૭૯માં જણાવેલા ઉપાયોને પાત્ર થાય છે. જોકે સરકારની ઇચ્છા હાલને તબક્કે એ ઉપાયોનો અમલ કરવાની

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

નથી. એને બદલે મ્યુનિસિપાલિટીના કર ભરનારા શહેરીઓ તથા જનતાની સમજદારી ઉપર ભરોંસો રાખવાનું એ વધુ પસંદ કરે છે.

૪. મ્યુનિસિપલ વિસ્તારમાં પ્રાથમિક કેળવણીનો ફેલાવો થાય તે માટે મ્યુનિસિપાલિટીની હદમાં રહેનારાઓ સરકારને કર ભરે છે તેમ જ મ્યુનિસિપાલિટીના વેરા પણ ભરે છે. મ્યુનિસિપાલિટી પ્રાથમિક કેળવણી પાછળ જેટલું ખર્ચ કરે તેની અડધી રકમની મદદ સાધારણ રીતે સરકાર આપે છે. એટલે કે એક વર્ષમાં જો એક લાખ રૂપિયા ખર્ચવામાં આવે તો પચાસ હજાર રૂપિયા સરકાર આપે છે અને પચાસ હજાર રૂપિયા મ્યુનિસિપાલિટી આપે છે. જે પચાસ હજાર રૂપિયા સરકાર આપે છે તે ત્યાંના રહીશોએ સરકારને જે કર ભર્યો હોય છે તેમાંથી જ આવે છે. એટલે જો મ્યુનિસિપાલિટી એ પચાસ હજાર લેવાનો ઇન્કાર કરે તો તેણે પ્રાથમિક કેળવણી પાછળ એટલી રકમ ઓછી ખર્ચવી જોઈએ અને એટલે દરજ્જે શહેરીઓનાં બાળકોની કેળવણી રખડાવવી જોઈએ અથવા શહેરીઓ પાસેથી એટલા રૂપિયા ઉઘરાવવા જોઈએ અને એટલે દરજ્જે શહેરીઓના ઉપર બેવડો બોજો નાખવો જોઈએ. આવી નીતિને પસંદ કરવી કે કેમ તે અમદાવાદ, સુરત અને નડિયાદના શહેરીઓએ વિચારવું જોઈએ. તેમણે કાં તો પોતાનાં બાળકોની કેળવણી રખડવા દેવી રહી, કાં તો બાળકોની કેળવણી માટે બેવડું ખર્ચ આપવું રહ્યું. જો આવી નીતિ તેમને પસંદ ન હોય તો પોતાની નાપસંદગી મ્યુનિસિપલ કાઉન્સિલરોને તેમણે જણાવી દેવી જોઈએ.

૫. ઉપર જણાવેલી ત્રણે મ્યુનિસિપાલિટીઓ બીજો એક અગત્યનો મુદ્દો એ વીસરી ગઈ લાગે છે કે બૉમ્બે ડિસ્ટ્રિક્ટ મ્યુનિસિપલ ઍક્ટમાં દર્શાવેલાં કામો માટે જ અને તેમાં જણાવેલી શરતોને આધીન રહીને જ કાયદા પ્રમાણે તેને ખર્ચ કરવાની સત્તા છે, બીજી રીતે નહીં. એટલે ઍક્ટની કલમ ૫૮ની રૂએ જે નિયમો ઘડવામાં આવેલા છે તે નિયમોને વેગળા મૂકીને ચલાવેલી શાળાઓ પાછળ તેમણે જે ખર્ચ કર્યું હશે તે રકમ ઍક્ટની ૪૨મી કલમ પ્રમાણે તેમણે ખોટી રીતે વાપરેલી ( misapplied ) ગણાશે. દરેક કાઉન્સિલર જેણે આવું ખર્ચ કરવામાં હિસ્સો લીધો હશે તે એ રકમને માટે એ કલમમાં જણાવ્યા પ્રમાણે અંગત રીતે જવાબદાર થશે. જે કાઉન્સિલરોએ સરકારના અંકુશો ફગાવી દેવાની તરફેણમાં મત આપ્યો છે તેઓ, જે કાંઈ ખર્ચ અધિકાર બહાર કરવામાં આવ્યું હશે તેમાં હિસ્સેદાર બન્યા છે. તેમણે વિચારી લેવું રહ્યું કે ઍક્ટની કલમ ૪૨ અનુસાર પોતાની અંગત જવાબદારી વધાર્યે જવા દેવી કે કેમ? આ ઉપરાંત તેમના ઉપર દાવો કરવામાં આવશે તો તેના ખર્ચ માટે પણ તેઓ જવાબદાર થશે. માટે પોતાની ઉપર દરરોજ વધતી જતી જવાબદારી આવી પડે એવા ઠરાવને રદ કરીને પોતાની સ્થિતિ કાયદેસર બનાવી લેવાને પગલાં લેવાનો તેમણે વિચાર કરવો જોઈએ.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

૬. બધા પક્ષોને પોતાની સ્થિતિ વિચારી લેવાનો વાજબી વખત મળે એ હેતુથી સરકારે એવો વિચાર રાખ્યો છે કે આગળ કાંઈ પણ પગલાં ભરતાં પહેલાં આ ત્રણે મ્યુનિસિપાલિટી પાસેથી ઑક્ટોબરની આખરે પરિસ્થિતિનો રિપોર્ટ મંગાવવો. પણ ત્યાં સુધીમાં મ્યુનિસિપાલિટીના કર ભરનારા શહેરીઓમાંથી કોઈને પણ જો એવી સલાહ મળે તો તેને કોઈ પણ જવાબદાર કાઉન્સિલર ઉપર દીવાની દાવો લાવવાની કશી રુકાવટ નથી.”

આ ઠરાવ બહાર પડ્યા પછી મ્યુનિસિપલ કાઉન્સિલરો ઉપર દાવો કરાવવાના પ્રયાસ સરકાર તરફથી શરૂ થયા. તેમાં નડિયાદ અને સુરતમાં તો ફાવ્યા નહીં, પરંતુ અમદાવાદમાં એક સરકારનિયુક્ત મ્યુનિસિપલ કાઉન્સિલર પાસે દાવો કરાવવામાં સફળતા મળી. આપણે આગળ જોઈશું કે સરકારે પોતે અમદાવાદ મ્યુનિસિપાલિટીના સત્તર કાઉન્સિલરો ઉપર દાવો કરેલો તે ખર્ચ સાથે નીકળી ગયો તેની સાથે જ આ દાવો પણ નીકળી ગયેલો. અંગત જવાબદારી આવી પડવાના ભયથી અસહકારી કાઉન્સિલરો ડરી જશે અને મ્યુનિસિપાલિટીમાં તેમની બહુમતી તૂટી જશે એવી સરકારે ઉમેદ રાખેલી. પણ તેમાંનું કશું બનવાને બદલે તા. ૨૪–૧૦–’૨૧ની મ્યુનિસિપલ જનરલ બોર્ડની મીટિંગમાં સરદારે શ્રી બલુભાઈના ટેકાથી નીચેની દરખાસ્ત મૂકી તે ભારે બહુમતીથી પસાર થઈ :

“ઠરાવવામાં આવે છે કે તા. ૨૩-૯–’૨૧ના સરકારી ઠરાવની જોહુકમી-ભરેલી ભાષાથી અને તેમાં આપેલી સલાહ, જે કર ભરનારા શહેરીઓની ઉશ્કેરણી કરનારી છે અને જે કર ભરનારાઓ પ્રત્યે અમારી ફરજ બજાવવામાં દખલ કરે એવી છે, તેથી આ બોર્ડને દિલગીરી થાય છે.

“આ બોર્ડનો દાવો એવો છે કે કર ભરનારાઓની કેળવણીવિષયક જરૂરિયાતો વિષે સરકાર કરતાં અમે વધારે સમજીએ છીએ અને અમે એમ કહેવા ઇચ્છીએ છીએ કે કર ભરનારાઓની ઇચ્છા સ્પષ્ટ જાણી લઈને તેનો જ માત્ર અમે અમલ કર્યો છે.”

મ્યુનિસિપલ કાઉન્સિલરોને સમજાવી કાંઈ સમાધાન થઈ શકે તો કરવાના હેતુથી સ્થાનિક સ્વરાજ્ય ખાતું જે લોકનિયુક્ત સભ્યોને સોંપાયેલું ( transferred subject ) હતું તેના પ્રધાન સર રઘુનાથ પરાંજપે અમદાવાદ આવ્યા. તેઓ શેઠ અંબાલાલ સારાભાઈને બંગલે ઊતર્યા હતા. મ્યુનિસિપાલિટીના સહકારી સભ્યો એમને મળવા ગયા પણ સરદાર ન ગયા અને પ્રધાનને મુખ્ય તો એમને જ મળવું હતું. એટલે પરાંજપે સાહેબના કહેવાથી અંબાલાલભાઈએ એમને ચા માટે બોલાવ્યા. વાતચીતમાં સરદારે તો પ્રધાનને ચોખ્ખું પૂછ્યું કે આપણે સમાધાન કરીએ પણ ગવર્નર સાહેબ એ નામંજૂર કરે તો તમે શું કરશો ? સર રઘુનાથ આ પ્રશ્નને માટે તૈયાર નહોતા. સરદારની તો ગળા સુધી ખાતરી હતી કે મ્યુનિસિપાલિટી ભલે કાયદાની હદમાં રહીને લડત ચલાવતી

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



હોય પણ મ્યુનિસિપાલિટીનું પગલું અસહકારની મહાન લડતના એક ભાગરૂપે હતું એ વિષે કોઈને શંકા નહોતી. સિવિલિયન નોકરશાહી એ રીતે જ એને ગણતી હતી અને તેઓની ઉપરવટ થઈને ગવર્નર એક લોકનિયુક્ત ખાતાના પ્રધાનની વાત માને એવી જરાયે આશા નહોતી. સરદારે સર રઘુનાથ સાથે બિલકુલ સમાનતાના નાતાથી વાત કરેલી. મ્યુનિસિપાલિટીના એક પક્ષનો નેતા આવી સાફ સાફ વાત પોતાને સંભળાવીને સરકારમાં પોતાનું સ્થાન ક્યાં છે એનું પ્રધાન સાહેબને ભાન કરાવે એ પણ એમને કઠેલું. સરદારના ગયા પછી તેઓ બોલેલા કે, મને આવો સવાલ પૂછવાની એ માણસની ધૃષ્ટતા તો જુઓ! (Look at the cheek of that man!)

આમ મ્યુનિસિપાલિટી મક્કમ રહી અને તેની શાળાઓ ધમધોકાર ચાલ્યાં કરી એટલે સરકારે છેવટનું પગલું લેવાનો નિશ્ચય કર્યો. તેણે તા. ૭–૧૨–’૨૧ના રોજ નીચેનો ઠરાવ બહાર પાડ્યો :

“મુંબઈ સરકારને ખબર મળી છે કે અમદાવાદ મ્યુનિસિપાલિટીએ, સને ૧૯૦૧ના બોમ્બે ડિસ્ટ્રિક્ટ મ્યુનિસિપલ ઍક્ટની કલમ ૫૮ની રૂએ સરકારે ઘડેલા નિયમો પૈકી નિયમ નં. ૩ની વિરુદ્ધ જઈને, તા. ૨૦–૯–’૨૧ના પોતાના ઠરાવ નં. ૧૮૧થી એવું નક્કી કર્યું છે કે સરકારના ઇન્સ્પેક્ટરોને મ્યુનિસિપલ શાળાઓની પરીક્ષા લેવા દેવી નહીં. મજકૂર ઠરાવને તેમણે અમલમાં પણ મૂક્યો છે. અને તેમ કરીને સદરહુ ઍક્ટની સદરહુ કલમની રૂએ ઘડેલા નિયમોને અધીન રહીને તે નિયમો મુજબ પ્રાથમિક શાળાઓ સદરહુ કાયદા પ્રમાણે ચલાવવાની તેમના ઉપર નાખેલી ફરજ બજાવવામાં કસૂર કરી છે.

“વળી મુંબઈ સરકારને યોગ્ય તપાસ પછી સંતોષપૂર્વક ખાતરી થઈ છે કે અમદાવાદ મ્યુનિસિપાલિટી સદરહુ કસૂર માટે ગુનેગાર છે અને એનો ગુનો ચાલુ જ છે.

“તેથી, સદરહુ કાયદાની કલમ ૧૭૮ પ્રમાણે પોતાને જે સત્તાઓ આપવામાં આવેલી છે તે સત્તાઓની રૂએ મુંબઈ સરકાર ઉત્તર વિભાગના કમિશનરને ફરમાશ કરે છે કે સદરહુ ફરજો અમદાવાદ મ્યુનિસિપાલિટી બજાવતી થાય તે માટે ચોક્કસ મુદત બાંધવી.”

આ ઠરાવ અનુસાર કમિશનર મિ. પ્રૅટે મ્યુનિસિપલ પ્રમુખને તા. ૮–૧૨–’૨૧ના રોજ કાગળ લખીને જણાવ્યું કે, મ્યુનિસિપાલિટીએ કાયદાની રૂએ પોતાની ફરજ બજાવતા થઈ જવાની મુદત તા. ૧૭–૧૨–’૨૧ના રોજ સાંજના પાંચ વાગ્યાની પોતે ઠરાવે છે. તેમણે એમ પણ સૂચવ્યું કે મ્યુનિસિપલ બોર્ડ પાસે આનો વિચાર કરાવવા તમારે જનરલ મીટિંગ તાબડતોબ બોલાવવી.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

તા. ૧૨–૧૨–'૨૧ના રોજ મ્યુનિસિપલ બોર્ડની ખાસ મીટિંગ બોલાવવામાં આવી. તેમાં સરકાર અને અસહકારી પક્ષ વચ્ચે સમાધાન કરાવવાના ઉદ્દેશથી દી૦ બ૦ હરિલાલભાઈ ઠરાવ લાવ્યા કે:

“અત્યારે પ્રાથમિક શાળાઓની પરીક્ષાઓ તથા નિરીક્ષણને લગતા જે નિયમો કાયદાની રૂએ ઘડવામાં આવેલા છે, તેમાં ગૃહીત કરી લેવામાં આવેલું છે કે બધી મ્યુનિસિપાલિટીઓ પોતાની પ્રાથમિક શાળાઓના નિભાવને અર્થે સરકારી મદદ લેવાની જ; પરંતુ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને ઉત્તરોત્તર વધુ સ્વતંત્રતા આપવાનો સરકારનો અસલ ઉદ્દેશ હોવાથી જે મ્યુનિસિપાલિટીઓ પોતાના જ ફંડમાંથી પ્રાથમિક શાળાઓ ચલાવવા ઇચ્છે તેમને માટે અમુક પ્રકારના નિયમો ઘડવામાં આવે અને જે મ્યુનિસિપાલિટીઓ મદદ લેતી હોય તેમને માટે જુદા પ્રકારના નિયમો ઘડવામાં આવે. આમ કરવાથી જેઓ વધુ જવાબદારી ઉપાડવા અને વધુ સ્વતંત્રતા ભોગવવા ઇચ્છતી હશે તેમને વધુ સત્તા આપી શકાશે અને અત્યારે ઊભું થયેલું ઘર્ષણ દૂર કરી શકાશે.

“આ બાબતનો સત્વર નિર્ણય થવાની જરૂર છે. માટે પ્રમુખને વિનંતી કરવામાં આવે છે કે આ ઠરાવ સીધો સ્થાનિક સ્વરાજ્ય ખાતાના પ્રધાનને મોકલી આપવો.”

સરકારને સમાધાન કરવાની તક આપવાના હેતુથી સરદાર અને બીજા કેટલાક ચુસ્ત અસહકારીઓએ તટસ્થ રહી એકે તરફ વોટ આપ્યા નહીં. મ્યુનિસિપાલિટી ગ્રાન્ટ લે કે ન લે પણ સઘળી મ્યુનિસિપાલિટીઓ ઉપર સરકારનો સરખો જ અંકુશ હોવો જોઈએ એવા ચુસ્ત સહકારીઓએ પણ વોટ ન આપ્યા. એટલે કોઈના વિરોધ વિના દી૦ બ૦ હરિલાલભાઈનો ઠરાવ પસાર થયો.

વળી પાછી તા. ૧૪–૧૨–'૨૧ના રોજ મ્યુનિસિપાલિટીની ખાસ જનરલ મીટિંગ થઈ. તેમાં દી૦ બ૦ હરિલાલભાઈનો ઠરાવ પસાર થયો કે, જુદી જાતના નિયમો ઘડવાનું સરકારને સૂચન કરનારો ઠરાવ મ્યુનિસિપાલિટીએ પસાર કર્યો છે, તેથી કમિશનરે સરકારી ઠરાવનો અમલ કરવા માટે તા. ૧૭–૧૨–'૨૧ સુધીની મુદ્દત આપી છે, તે લંબાવવા એમને વિનંતી કરવી.

આ ઠરાવનો કશો જવાબ ન આપતાં ઉત્તર વિભાગના કમિશનરે તા. ૧૭-મીના રોજ અમદાવાદના કલેક્ટર મારફત મ્યુનિસિપલ પ્રમુખને હુકમ મોકલાવ્યો કે આજે સાંજના પાંચ વાગ્યાથી સ્કૂલ્સ કમિટીને પ્રાથમિક શાળાઓ ઉપરની તમામ સત્તા અને જવાબદારીઓથી ફારગ કરવામાં આવે છે અને તેણે તેના વહીવટમાં હવે કશી દખલ કરવી નહીં. મ્યુનિસિપલ પ્રમુખને વિનંતી કરવામાં આવે છે કે સઘળી મ્યુનિસિપલ પ્રાથમિક શાળાઓનો તથા સ્કૂલ્સ કમિટીની ઓફિસનો 'ચાર્જ' અમદાવાદ વિભાગના ડેપ્યુટી એજ્યુકેશનલ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ઇન્સ્પેક્ટરને સોંપી દેવો તથા એ શાળાઓના ખર્ચ માટે આજથી સાત દિવસની અંદર રૂા. ૭૨,૦૦૦ની રકમ ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરને હવાલે કરવી.

મ્યુનિસિપલ પ્રમુખે આ હુકમ તા. ૨૩–૧૨–'૨૧ની જનરલ બોર્ડની ખાસ મીટિંગમાં મૂકવો એમ શેરો કર્યો. ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર તો તા. ૧૮-મીએ શાળાઓ ખૂલે તેવો જ એનો કબજો લેવાના હતા. તેઓ એમ ન કરી શકે માટે તથા કૉંગ્રેસનું અધિવેશન માસની આખરે અમદાવાદમાં ભરાવાનું હોઈ સઘળા કાર્યકર્તાઓ તેમાં રોકાયેલા હતા તેથી સ્કૂલ્સ કમિટીએ સર્ક્યુલર કાઢીને સઘળી શાળાઓમાં એક મહિનાની રજા પાડી દીધી અને તા. ૧૮માએ સવારે અમદાવાદની પ્રજાને અપીલ કરતી નીચેની પત્રિકા સત્તર મ્યુનિસિપલ કાઉન્સિલરોની સહીથી બહાર પાડી :

"મ્યુનિસિપલ શાળાઓમાં આપનાં બાળકોને પ્રજાકીય કેળવણી મળી શકે તે માટે પ્રજાના પ્રતિનિધિ તરીકે અમો નીચે સહી કરનારાઓએ આજ સુધી અમારાથી બનતું કર્યું છે. અમારો ચોક્કસ અભિપ્રાય છે કે તેથી બાળકોમાં નવું ચેતન આવ્યું છે. સરકારને એ વાત રુચી નથી. તેથી તેણે સખ્તાઈના ઉપાય લેવાનું શરૂ કર્યું છે. અમદાવાદ, સુરત અને નડિયાદ ત્રણે મ્યુનિસિપાલિટીઓ ઉપર ધાડ આવી છે. સુરત અને નડિયાદ મ્યુનિસિપાલિટીએ સરકારનો આ ઇરાદો જાણી પોતાની શાળાઓ સ્થાનિક કેળવણી મંડળને સ્વાધીન કરી, છતાં સરકારે તાળાં તોડી જબરદસ્તીથી શાળાઓનો કબજો લીધો છે. અમદાવાદમાં આપણે કૉંગ્રેસને આમંત્રણ કરેલું હોવાથી આખા હિંદુસ્તાનના આગેવાનો આપણે આંગણે પધારવાના છે. ઉત્તર વિભાગના કમિશનર મિ. પ્રૅટ ગુજરાતની કેળવણી બાબતમાં અસહકારની પ્રવૃત્તિ જોસભેર ચાલતી જોઈ ગભરાયા છે. તેમનો ઇરાદો કૉંગ્રેસ અને લીગની બેઠકો પહેલાં તે ચળવળને દાબી દેવાનો હોય એમ ચોક્કસ જણાય છે. કૉંગ્રેસના અધિવેશનમાં અંતરાય ઊભો કરવાનું કોઈ પણ બહાનું ન મળે તે માટે અમે તા. ૧૭મીથી એક માસને માટે મ્યુનિસિપલ શાળાઓ બંધ રાખવાનો ઠરાવ કર્યો છે. કમિશનર સાહેબના હુકમથી કેળવણી ખાતાવાળાએ સ્કૂલ્સ કમિટીની ઑફિસનો કબજો ગઈ કાલે સાંજે લઈ લીધો છે. અને તેમનો ઇરાદો શાળાઓ ખોલી નાખી શાળાઓનો વહીવટ પોતાના હાથમાં લઈ સરકારી ધોરણસર કેળવણી આપવાનો છે. અમે બધા કૉંગ્રેસના કામમાં રોકાયેલા છીએ તે પ્રસંગનો લાભ લઈ આ પગલું ભરવામાં આવ્યું હોય એમ અમારું માનવું છે. આજ સુધી અમે પ્રજાની ઇચ્છા મુજબ અમારાથી બની તેટલી સેવા કરી છે. અમે આશા રાખીએ છીએ કે કેળવણી ખાતા તરફથી ગમે તેવાં જાહેરનામાં બહાર પાડવામાં આવે તોપણ માબાપ છોકરાંઓને એક મહિનાની રજા દરમિયાન શાળાઓમાં મોકલશે નહીં. અમે કૉંગ્રેસના કામમાંથી છૂટા થયા પછી આ બાબતમાં યોગ્ય ઉપાયો લેવા ચૂકીશું નહીં. જે વખતે દેશના મહાન આગેવાનો

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

કારાગૃહમાં પડેલા છે તે વખતે આપણાં બાળકોની કેળવણી થોડા દિવસ મોકૂફ રહે તો તેથી આપણે કાંઈ ગુમાવવાનું નથી. પ્રજામતની પરીક્ષાનો આ સમય છે. અને તેનો સચોટ જવાબ અમદાવાદની પ્રજા આપશે એવી અમારી ઉમેદ છે.”

તા. ૧૯–૧૨–’૨૧ના રોજ સ્કૂલ્સ કમિટિએ ઠરાવ કર્યો કે,

“ડિસ્ટ્રિક્ટ મ્યુનિસિપલ ઍક્ટની ૫૪ કલમમાં દર્શાવેલી ફરજો અમે બરાબર બજાવતા રહેલા હોઈ સદરહુ ઍક્ટની કલમ ૧૭૮માં જણાવી છે એવી કોઈ કસૂર અમોએ કરી નથી. તેથી કમિશનરનો હુકમ ગેરકાયદે છે. અમારો એવો દૃઢ અભિપ્રાય છે કે મ્યુનિસિપલ પ્રમુખે સ્કૂલ્સ કમિટી અથવા તો ચેરમૅનને પૂછ્યા વિના ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરને શાળાઓનો વહીવટ સોંપવો જોઈતો ન હતો. વળી આ કમિટી જનરલ બોર્ડને વિનંતી કરે છે કે કમિશનરના હુકમ પ્રમાણે ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરને રૂા. ૭૨,૦૦૦ની રકમ સોંપવી નહીં.”

મ્યુનિસિપલ પ્રમુખે ઠરાવ્યા પ્રમાણે તા. ૨૩–૧૨–’૨૧ના રોજ જનરલ બોર્ડની મીટિંગ થઈ. તેમાં દી૦ બ૦ હરિલાલભાઈ ઠરાવ લાવ્યા કે,

“એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરને તો માત્ર પરીક્ષાઓ લેવાનો અને નિરીક્ષણ કરવાનો અધિકાર છે અને સ્કૂલ્સ કમિટીની કાંઈ કસૂર હોય તો એટલી જ છે કે તેણે એ કરવા ન દીધું. તે સુધારી લેવા કમિશનર વચ્ચે પડી શકે. પણ તેથી સ્કૂલ્સ કમિટી પોતાની સત્તાઓથી વંચિત થતી નથી. વળી પરીક્ષાઓ તથા નિરીક્ષણ માટે અત્યાર સુધી ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરે મ્યુનિસિપાલિટી માટે કાંઈ ખર્ચ લેવાનો શિરસ્તો નથી. માટે રૂા. ૭૨,૦૦૦ની રકમ તેને આપવાની જરૂર નથી”

આ વખતે અમદાવાદમાં કૉંગ્રેસ ભરાવાની હતી, તેની તડામાર તૈયારીઓ ચાલતી હતી. તેમાં બધા રોકાયેલા હતા અને કાયદાની આંટીઘૂંટીઓની ચર્ચા કરવાની કોઈને ફુરસદ નહોતી. એટલે સરદારે દરખાસ્ત મૂકી કે આ મીટિંગ તા. ૬–૧–’૨૨ સુધી મુલતવી રાખવામાં આવે. એ દરખાસ્ત પસાર થઈ ગઈ.

દરમિયાન, સ્કૂલ્સ કમિટીના સક્યુંલરથી શાળાઓ એક માસ માટે બંધ થયેલી હતી તે ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરે પોતાના કેટલાક શિક્ષકો મારફત ઉઘાડવાનો અને તેનો વહીવટ પોતાના હાથમાં લેવાનો પ્રયાસ કર્યો. પણ શાળાઓમાં વિદ્યાર્થીઓ હાજર થયા નહીં. બીજી તરફથી કમિશનરની નાણાંની માગણી ઉપર વિચાર કરી જનરલ બોર્ડ ઠરાવ કરે અને મ્યુનિસિપાલિટી તરફથી જવાબ આપવામાં આવે તે પહેલાં, પોતે ઠરાવેલી મુદત પૂરી થતાં, મ્યુનિસિપાલિટીને ખબર આપ્યા સિવાય ઇમ્પીરિયલ બૅંકના મ્યુનિસિપાલિટીના ખાતામાંથી રૂા. ૭૨,૦૦૦ કમિશનરે ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરને નામે ચઢાવરાવી દીધા. આ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

રૂપિયામાંથી રૂપિયા દસ હજાર લઈને પેલા ભાઈ તા. ૫મી જાન્યુઆરીએ મ્યુનિસિપલ શિક્ષકોનો પગાર આપવા સારુ ઑફિસમાં ગયા. પરંતુ મ્યુનિસિપલ શિક્ષકોએ તેમની પાસેથી પગાર લેવાની ના પાડી.

પછી તા. ૬-૧-'૨૨ના રોજ જનરલ બોર્ડની મીટિંગ થઈ. તેમાં દી૦ બ૦ હરિલાલભાઈ તા. ૨૩-૧૨-'૨૧ના રોજ જે ઠરાવ લાવેલા તેમાં બદલાયેલી પરિસ્થિતિ પ્રમાણે ફેરફાર કરીને પોતાનો ઠરાવ લાવ્યા. તેમાં દર્શાવ્યું કે ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરને માત્ર પરીક્ષાઓ લેવાનો અને નિરીક્ષણ કરવાનો જ અધિકાર છે. તેથી સ્કૂલ્સ કમિટી શાળાઓનો કબજો અને વહીવટ ચાલુ રાખશે. વળી બૅન્કમાંથી રૂપિયા ઉપાડવાનું કમિશનરનું કૃત્ય ગેરકાયદે છે. તેથી ઇમ્પીરિયલ બૅન્કને નોટિસ આપવી કે સદરહુ રકમ મ્યુનિસિપાલિટીના ખાતામાં પહેલાં હતી તેમ તેણે ફેરવી નાખવી અને તેમ ન કરે તો તેના ઉપર દાવો માંડવો. આ ઠરાવ ભારે બહુમતીથી પસાર થયો.

કમિશનરને ખાતરી જ હતી કે અસહકારી સભ્યો, એમને સરદાર જેવા આગેવાન મળ્યા હતા એટલે, પોતાના હુકમને ગાંઠવાના નથી અને શાળાઓનો કબજો છોડવાના નથી. વળી એના મનસ્વી અને કાયદાવિરુદ્ધ વર્તનને લીધે દી૦ બ૦ હરિલાલભાઈ જેવા બિન અસહકારી સભ્ય પણ ગુસ્સે થયા હતા અને છેવટ છેવટના ભાગમાં તો આ લડતમાં આગેવાનીભર્યો ભાગ તે જ લેતા હતા. જનરલ બોર્ડ જે ઠરાવ કરે તેની નકલ તરત જ પોતાને મોકલી આપવાનું કમિશનરે મ્યુનિસિપલ પ્રમુખને કહી રાખ્યું હતું. તે મુજબ ચીફ ઑફિસર તેની પાસે તે દિવસે રાતે જ નકલ લઈને ગયા. એણે કલેક્ટર સાથે મસલત કરી તેની પાસે નીચે પ્રમાણે હુકમ કઢાવ્યો. તેના ઉપર તારીખ ૭મીની હતી છતાં છઠ્ઠીએ રાતે જ — લગભગ મધરાતે — મ્યુનિસિપલ પ્રમુખને એ પહોંચાડ્યો :

> "અમદાવાદ મ્યુનિસિપાલિટીની તા. ૬-૧-'૨૨ના રોજ મળેલી જનરલ મીટિંગનાં પ્રોસીડિંગ્સ વાંચીને કલેક્ટરનો એ અભિપ્રાય છે કે પ્રાથમિક શાળાઓ વિષે જનરલ બોર્ડના ઠરાવનો નીચેનો ભાગ કે 'ઉત્તર વિભાગના કમિશનરને જણાવવું કે સ્કૂલ્સ કમિટી શાળાઓ નિભાવવાનું અને તેનો વહીવટ કરવાનું ચાલુ રાખશે અને અમદાવાદ વિભાગના ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરને નિરીક્ષણ કરવાની તેની કહેવાતી ફરજ બજાવવા ઉપરાંત બીજી દરમિયાનગીરી કરવાની કશી સત્તા રહેશે નહીં.' એ ગેરકાયદે છે, કારણ તેથી ઉત્તર વિભાગના કમિશનરે ડિસ્ટ્રિક્ટ મ્યુનિસિપલ ઍક્ટની કલમ ૧૭૮ (૨) અને (૩) મુજબ કાઢેલો હુકમ અસરકારક રહેતો નથી.
>
> "તેથી કલેક્ટર કલમ ૧૭૪ (૧) મુજબ સદરહુ ઠરાવના ઉપર જણાવેલા ભાગનો અમલ કરવાની અટકાયત કરે છે. અને મ્યુનિસિપલ પ્રમુખને હુકમ કરે છે કે, તેમણે એનો અમલ કરવો નહીં."

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

છઠ્ઠીએ રાતે કલેક્ટર અને કમિશનરને બંગલે કેવી દોડાદોડી થઈ અને શા શા તાગડા રચાયા તેની બધી ખબર સરદારને પોતાના માણસો મારફત રાતે જ પડી ગઈ હતી. શિરસ્તા પ્રમાણે તો આ હુકમ મ્યુનિસિપલ ઑફિસમાં ચીફ ઑફિસર બારેક વાગ્યે આવે ત્યારે મ્યુનિસિપલ પ્રમુખ તેમને પહોંચાડે. તે પહેલાં સાતમીએ સવારે સરદારે સ્કૂલ્સ કમિટીની મીટિંગ બોલાવરાવી અને શિક્ષકોનો પગાર મ્યુનિસિપલ ટ્રેઝરીમાંથી ચૂકવી દેવાનો ઠરાવ કરાવ્યો. ચીફ ઑફિસરના પર્સનલ આસિસ્ટંટને ચેક ઉપર સહી કરવાની સત્તા હોય છે એટલે એને બોલાવી પગારની રકમનો ચેક લખાવી દસ વાગ્યે બૅન્ક ઊઘડે કે તરત ચેકનાં નાણાં મંગાવી સ્કૂલ્સ કમિટીના ચૅરમૅને શિક્ષકોનો પગાર વહેંચી દીધો. ચીફ ઑફિસર બાર વાગ્યે ઑફિસમાં આવ્યા. રાતની બધી વાતમાં પોતે શામેલ હતા એટલે કલેક્ટરના હુકમની એમને ખબર તો હતી જ. છતાં મ્યુનિસિપલ પ્રમુખ મારફત એ હુકમની નકલ પોતે આવ્યા ત્યારે મળી અને તે સ્કૂલ્સ કમિટીને પહોંચાડે તથા એનો અમલ કરે તે પહેલાં તો શિક્ષકોનો પગાર વહેંચાઈ પણ ગયો હતો.

ચીફ ઑફિસરના આવ્યા પછી કલેક્ટરના હુકમની નકલ મૅનેજિંગ કમિટીના ચૅરમૅન તરીકે સરદારને શિરસ્તા પ્રમાણે મળી. સરદારે તરત ચીફ ઑફિસરને યાદી લખી કે, “ગઈ કાલની મીટિંગ થયા પછી તરત પ્રોસીડિંગ્સની નકલ કલેક્ટરને શી રીતે મળી તે જણાવો.” ચીફ ઑફિસરે જવાબ આપ્યો કે, “કલેક્ટરે મોઢે હુકમ આપ્યો હતો તેથી તે જ રાતે પ્રમુખ સાહેબની સહી લઈને એ તેમને પહોંચાડવામાં આવી હતી.” સરદારે તુરત જ મૅનેજિંગ કમિટીની મીટિંગ બોલાવી નીચે પ્રમાણે ઠરાવ પસાર કરાવ્યો :

> “આ કમિટીને એ જોઈને બહુ દુઃખ થાય છે કે મ્યુનિસિપાલિટી સાથે સંબંધ ધરાવતા જવાબદાર માણસોએ મ્યુનિસિપાલિટીને તકલીફમાં ઉતારવાના ચોખ્ખા ઇરાદાથી બોર્ડનો ઠરાવ સ્થગિત રખાવવા માટે કલેક્ટરને બંગલે રાતોરાત દોડાદોડી કરવાની કારવાઈમાં ભાગ લીધો છે. ઠરાવ પસાર થાય તે જ રાતે તેની નકલ મેળવવા કલેક્ટર આતુર છે એમ પ્રમુખ સાહેબે અથવા ચીફ ઑફિસરે મ્યુનિસિપલ મેમ્બરોને જણાવવાનું ઉચિત ન માન્યું એ દુઃખની વાત છે. એ ઉઘાડું દેખાય છે કે ઠરાવના અમુક ભાગને સ્થગિત કરનારો હુકમ છઠ્ઠીએ રાતે જ પસાર કરેલો હોવો જોઈએ અને તા. ૭મીએ ઑફિસ વખતની બહુ અગાઉ પ્રમુખ સાહેબ અથવા ચીફ ઑફિસરને મળી ગયેલો હોવો જોઈએ. આ કમિટીનો એવો અભિપ્રાય છે કે મ્યુનિસિપલ પ્રોસીડિંગ્સની નકલો કોઈ પણ સરકારી અમલદારને ઑફિસના ચાલુ શિરસ્તાની બહાર જઈને મૅનેજિંગ કમિટીની પરવાનગી સિવાય આપવી જોઈએ નહીં. સ્થગિત કરવાના હુકમની બાબતમાં કમિટી જણાવે છે કે, ઠરાવનો સ્થગિત કરેલો ભાગ અમલી સ્વરૂપનો નહીં હોવાથી સ્થગિત કરવાનો હુકમ નિરર્થક છે. સ્કૂલ્સ



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



કમિટીને મ્યુનિસિપલ શાળાઓ નિભાવવાની તથા તેનો વહીવટ કરવાની જે સત્તા છે તે કાંઈ કલેક્ટરે સ્થગિત કરેલા ઠરાવથી મળેલી નથી. તેથી સ્કૂલ્સ કમિટીની મજકૂર સત્તા જે એને કાયદાથી મળેલી છે તેને કલેક્ટરના સ્થગિત કરવાના હુકમથી કશો બાધ આવતો નથી. સ્થગિત કરવાના હુકમનો અર્થ તો એટલો જ થાય છે કે સ્કૂલ્સ કમિટીના અધિકાર અને સત્તા ચાલુ જ રહે છે એની કમિશનરને ખબર આપવી નહીં પણ એમ જણાય છે કે પોતે જે પગલું લીધું છે તેની કમિશનરને જાણ કરીને કલેક્ટરે એને ખબર આપી જ દીધી છે. તેથી આ કમિટી ભલામણ કરે છે કે કલેક્ટરનો હુકમ ફાઈલ કરવો. કાગળો સ્કૂલ્સ કમિટી મારફત જનરલ બોર્ડ તરફ રવાના કરવા.”

કલેક્ટરના હુકમમાં રહી ગયેલી ગંભીર ખામી મૅનેજિંગ કમિટીએ પોતાના ઉપરના ઠરાવમાં બહાર પાડી તે હકીકતની જાણ કમિશનરને તુરતાતુરત મ્યુનિસિપાલિટીના કોઈ અમલદારે કરી હોવી જોઈએ. એટલે કમિશનરે તે જ દિવસે મ્યુનિસિપાલિટીને પોતાનો સુધારેલો હુકમ પહોંચાડ્યો :

“વસ્તુસ્થિતિ તદ્દન સ્પષ્ટ થાય તે ખાતર કલેક્ટરના હુકમમાં હું ફેરફાર કરું છું અને નીચેનો હુકમ મોકલી આપું છું :

“મ્યુનિસિપાલિટીના તા. ૬–૧–’૨૨ના ઠરાવ ઉપરથી જણાય છે કે કમિશનરના કલમ ૧૭૮ (૨) મુજબના તા. ૨૭–૧૨–’૨૧ના રોજના હુકમનું મ્યુનિસિપાલિટી ગેરકાયદે રીતે ઉલ્લંઘન કરવાનો ઇરાદો રાખે છે અને સ્કૂલ્સ કમિટી મારફત જ પોતાની શાળાઓ નિભાવવાનું અને તેનો વહીવટ કરવાનું ચાલુ રાખવાનો ઇરાદો રાખે છે. તેથી ડિસ્ટ્રિક્ટ મ્યુનિસિપલ ઍક્ટની કલમ ૧૭૪ અનુસાર આપવામાં આવેલી સત્તાની રૂએ હું મ્યુનિસિપાલિટીને મનાઈ ફરમાવું છું કે જ્યાં સુધી ઉપર જણાવેલો કમિશનરનો હુકમ ઊભો છે ત્યાં સુધી મ્યુનિસિપલ પ્રાથમિક શાળાઓને નિભાવવાનું તથા તેનો વહીવટ કરવાનું કામ મ્યુનિસિપાલિટીએ કરવું નહીં.”

આમ સાતમી તારીખે આખો દિવસ તડાતડી ચાલી. પગાર માટે ચેક કાઢ્યો તે બાબત ઑડિટરે વાંધો ઉઠાવેલો. પણ મૅનેજિંગ કમિટીએ તેનો વાંધો ઉડાવી દીધો એટલે એ પણ ગભરાટમાં પડ્યો. કલેક્ટરનો હુકમ બાજુએ રહી ગયો અને શિક્ષકોનો પગાર વહેંચાયો. પર્સનલ આસિસ્ટંટ જેણે ચેક ઉપર સહી કરેલી તેને પણ ચીફ ઑફિસરે ગભરાવેલો કે તમારે સ્કૂલ્સ કમિટીનાં બિલ કે ચેક ઉપર સહી ન કરવી જોઈએ. એટલે એણે તો મૅનેજિંગ કમિટીને લેખી સવાલ પૂછ્યો કે. આવા પરસ્પર વિરોધી હુકમો હોય ત્યાં મારે શું કરવું? કલેક્ટર અને કમિશનરના હુકમો મ્યુનિસિપલ નોકરોને મ્યુનિસિપલ બોર્ડના હુકમોનો અમલ કરતાં રોકે છે કે કેમ?

આના ઉપર સરદારે મૅનેજિંગ કમિટી પાસે તા. ૯–૧–’૨૨ના રોજ નીચે પ્રમાણે ઠરાવ કરાવ્યો :

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



"કમિટીનો એવો અભિપ્રાય છે કે કલેક્ટર અથવા કમિશનરના હુકમને લીધે મ્યુનિસિપલ બોર્ડના સ્પષ્ટ ઠરાવનો જાણીજોઈને અનાદર કરવાનું કોઈ પણ મ્યુનિસિપલ નોકરને કારણ મળતું નથી. કલકટર અને કમિશનરના હુકમો મ્યુનિસિપાલિટી પ્રત્યે હોય છે, મ્યુનિસિપાલિટીના અમલદારો પ્રત્યે હોતા નથી. વળી આ કમિટીનો અભિપ્રાય છે કે એ હુકમો તેમના અધિકાર બહારના અને ગેરકાયદે છે. આવા હુકમોનું કાયદેસરપણું તથા લાગુ પડવાપણું, એનો વિચાર બોર્ડે કરવાનો છે. બોર્ડના નિર્ણયોના ખરાપણા વિષે પ્રશ્ન ઉઠાવવાનો મ્યુનિસિપલ અમલદારોનો અધિકાર નથી. કલેક્ટર તથા કમિશનરના મ્યુનિસિપાલિટી ઉપરના હુકમોના વાજબીપણા કે ગેરવાજબીપણાનો વિચાર કરવાનો તથા તે માનવાલાયક છે કે કેમ તેનો છેવટનો નિર્ણય કરવાનો અધિકાર બોર્ડને છે. એટલે જ્યાં સુધી કલેક્ટર કે કમિશનરના હુકમને અનુસરીને બોર્ડે પોતાનો નિર્ણય ન ફેરવ્યો હોય ત્યાં સુધી પર્સનલ આસિસ્ટન્ટ તથા મ્યુનિસિપલ તિજોરી અમલદાર, જેઓ મ્યુનિસિપાલિટીના નોકરો છે, તેઓ બોર્ડના નિર્ણયોને માનવાને બંધાયેલા છે. શિસ્ત જળવાય તે ખાતર જો જરૂર પડશે તો બોર્ડના નિર્ણયોનો અમલ કરાવવા માટે આ કમિટીને બંદોબસ્ત સાચવવાની પોતાની સત્તાઓ વાપરવાની દુઃખદાયક ફરજ બજાવવી પડશે. ગમે તેવા ઊંચા હોદ્દાનો અમલદાર પણ જો આજ્ઞાભંગ કરશે તો આ કમિટી તે સાંખી લેશે નહીં. ચીફ ઑફિસરના પર્સનલ આસિસ્ટંટ આ ઠરાવની નોંધ લે અને ઑડિટર તથા બીજા તિજોરી અમલદારોને તેની જાણ કરે. મૅનેજિંગ કમિટી ફરમાવે છે કે સ્કૂલ્સ કમિટીએ રજૂ કરેલા ચેકોનાં નાણાં તત્કાળ ચૂકવાવાં જોઈએ."

ચીફ ઑફિસર અને ઑડિટર જેઓ તા. ૭મીએ શિક્ષકોનો પગાર ચૂકવાયો તે સંબંધમાં ઊંચાનીચા થયા હતા અને મ્યુનિસિપલ નોકર હોવા છતાં જેમની વફાદારી સરકાર તરફ ઢળતી હતી તેઓ આ ઠરાવ વાંચીને ઠંડાગાર થઈ ગયા. એમણે જોયું કે અહીં રહેવામાં પોતાની ખેરિયત નથી એટલે તે ને તે દિવસે રજા ઉપર ઊતરી ગયા.

પછી તા. ૧૬–૧–'૨૨ના રોજ મ્યુનિસિપલ બોર્ડની ખાસ જનરલ મીટિંગ થઈ. એમાં તા. ૬ઠ્ઠીએ રાતે શા માટે મ્યુનિસિપલ બોર્ડનો ઠરાવ કલેક્ટરને પહોંચાડવામાં આવ્યો, કયા મ્યુનિસિપલ અમલદારો કે કાઉન્સિલરો કલેક્ટરને બંગલે ગયા હતા અને મ્યુનિસિપલ શિક્ષકોને પગાર આપતાં સ્કૂલ્સ કમિટીને અટકાવવા માટે ત્યાં કેવી મસલત થઈ હતી વગેરે સવાલો પ્રમુખને સરદારે પૂછ્યા. પછી દી૦ બ૦ હરિલાલભાઈ ઠરાવ લાવ્યા કે:

"કલેક્ટરના હુકમથી તો બોર્ડના ઠરાવનો, સ્કૂલ્સ કમિટી શાળાઓનો વહીવટ ચાલુ રાખશે વગેરે બાબતોની મ્યુનિસિપાલિટીએ કમિશનરને ખબર આપવા બાબતનો જ ભાગ સ્થગિત થાય છે. એટલે એ હુકમનો કશો અર્થ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

નથી. તમે કહો છો કે ખબર ન આપવી તો અમે ખબર નહીં આપીએ. પછી કમિશનરે બીજો હુકમ મોકલ્યો છે પણ એ એના અધિકારની બહારનો છે. મ્યુનિસિપલ ઍક્ટની કલમ ૧૭૪ (૨) અનુસાર એને કલેક્ટરનો હુકમ રદ કરવાની અથવા કશા પણ ફેરફાર કર્યા વિના ચાલુ રાખવાની જ સત્તા છે. તેને બદલે તે તો બીજો નવો જ હુકમ મોકલે છે. વળી એ હુકમ પણ ગેરકાયદે છે, કારણ પ્રાથમિક શાળાઓ ચલાવવાની મ્યુનિસિપાલિટીને જે સત્તા છે તે સત્તાનો ઉપયોગ કરતાં કોઈ તેને રોકી શકતું નથી. માટે બધા કાગળો દફતરે કરવા. સ્કૂલ્સ કમિટી તથા મૅનેજિંગ કમિટીએ મ્યુનિસિપલ તિજોરીમાંથી શિક્ષકોને પગાર આપ્યો છે તેને આ બોર્ડ મંજૂરી આપે છે.”

આ ઠરાવ બહુમતીથી પસાર થયો. આ ઠરાવની નકલ સ્થાનિક સ્વરાજ્ય ખાતાના પ્રધાન ઉપર મોકલી તેમને વચ્ચે પડવાની વિનંતી કરવામાં આવી. તેમના તરફથી જવાબ આવ્યો કે, “ઠરાવ ગવર્નર-ઇન-કાઉન્સિલ સમક્ષ મૂકવામાં આવશે.” પણ તેને જવાબ આપવો ભારે થઈ પડ્યો હશે અને કમિશનર સાહેબને ખાતરી થઈ જ ગઈ હતી કે કોઈ રીતે મ્યુનિસિપાલિટીને નમાવી શકાય એમ નથી, એટલે છેવટે ૯–૨–’૨૨ના રોજ મ્યુનિસિપલ બોર્ડને સરકારી હુકમથી બરતરફ કરવામાં આવ્યું.

શાળાઓના કબજાની અને વહીવટની લડત ચાલતી હતી તે દરમિયાન મ્યુનિસિપાલિટીને બીજી રીતે હેરાન કરવાના પ્રયત્નો કમિશનર સાહેબે ઓછા નહોતા કર્યા તે આપણે ઉપર જોઈ ગયા છીએ. આ બધી તડાતડી થઈ ત્યાર પછી ‘નવજીવન’ના પ્રતિનિધિએ સરદારની મુલાકાત લીધી હતી. મ્યુનિસિપલ બોર્ડમાં અસહકાર પક્ષનું કેટલું બળ છે એ સવાલના જવાબમાં સરદારે આપેલો જવાબ નોંધવા જેવો છે:

“હાલના બોર્ડની મુદત પૂરી થવા આવી છે. ફક્ત બે જ માસ ખૂટે છે. હાલના બોર્ડમાં અમારી બહુમતી ઘણી થોડી છે. પરંતુ કમિશનર સાહેબની આપખુદીથી તેમ જ મ્યુનિસિપાલિટીને સતાવવામાં તેમણે વારંવાર કાયદાનું ઉલ્લંઘન કરેલું હોવાથી કેટલાક ચુસ્ત સહકારી સભ્યો પણ હાલની લડાઈમાં અમારી સાથે સંપૂર્ણ રીતે સામેલ છે. ખરી રીતે અત્યારે મ્યુનિસિપાલિટી અને કમિશનર વચ્ચે ચાલતી લડતમાં આગેવાનીભર્યો ભાગ કેટલાક સહકારી ભાઈઓએ જ લીધો છે. અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં સહકારી અને અસહકારી સભ્યો વચ્ચે કાંઈ કડવાશની લાગણી નથી એટલું જ નહીં, પરંતુ અસહકાર શરૂ થતાં પહેલાં અમારે એકબીજા સાથે જેટલી મિત્રાચારી હતી તેટલી જ અમે જાળવી રહ્યા છીએ. અને એકબીજાની લાગણી કોઈ પણ રીતે દુભાય નહીં તે સારુ બન્ને પક્ષ હંમેશાં ઇંતેજાર રહ્યા છે.”

મ્યુનિસિપાલિટીને બરતરફ કર્યા પછી સરદારે એ વિષે તા. ૧૯–૨–’૨૨ના ‘નવજીવન’માં એક લેખ લખી સરકારના હુકમો કેવા ગેરકાયદે હતા તે બતાવ્યું.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

વળી બરતરફીનો ઠરાવ પણ હિંદી સરકારની નીતિથી કેવો વિરુદ્ધ હતો તે પણ બહુ સચોટ રીતે દર્શાવ્યું. એ ભાગ નીચે ઉતાર્યો છે:

"મૉન્ટેગ્યુ ચેમ્સફર્ડ સુધારા બહાર પડ્યા પછી સને ૧૯૧૮ના મે માસમાં સ્થાનિક સ્વરાજ્યની નીતિ ઉપર હિંદી સરકારે એક ઠરાવ બહાર પાડ્યો હતો. . . . સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને ભૂલો કરવા તેમ જ તે ભૂલોને અનુભવથી સુધારવાની જેમ બને તેમ પૂરતી તક આપવી અને સરકારી અમલદારોએ તેમના વહીવટમાં દખલગીરી કરવી નહીં, એ વાત સદરહુ ઠરાવમાં મુખ્ય સિદ્ધાંતરૂપે સ્વીકારવામાં આવી છે. ઠરાવમાં કહ્યું છે:

"'આ ઠરાવના આરંભમાં જ જણાવ્યું છે તેમ હિંદ સરકારનો મુખ્ય સિદ્ધાંત એ છે કે ખાસ ગંભીર ગેરવહીવટવાળા દાખલાઓ સિવાય બીજે બધે જ સ્થાનિક મંડળો ભૂલો કરે તો તેવી ભૂલો કરવા દઈને પણ એવી ભૂલોથી જ એમને શીખવા દેવાનું અને તેમની વ્યવસ્થામાં અંદરથી કે બહારથી દખલ ન કરવાનું ધોરણ રાખવું. આથી ઉપર જણાવ્યા મુજબના ક્વચિત્ અપવાદ સિવાય એવી દખલગીરીની કશી જ સંગીન સત્તા સરકારી અમલદારોને આપવાની હિંદી સરકારની ધારણા નથી અને તેને ઉમેદ છે કે આમ કાયદાથી મળતી વધુ વિશાળ સત્તાનો ઉપયોગ કરવામાં ઉપર જણાવેલા સિદ્ધાંતને નજર સામે રાખવામાં આવશે. વળી કોઈ પ્રસંગે કાયદાથી મળતી આકરા ઇલાજો લેવાની સત્તા ચલાવતાં પહેલાં પ્રાંતિક સરકારે મ્યુનિસિપલ અગર સ્થાનિક મંડળોને ફારગ કરી નાખી નવેસર ચૂંટણી કરવાનો હુકમ કાઢવાનું પગલું લેવું અને મ્યુનિસિપાલિટીને સીધી સજા કરવાનું પગલું ટાળવું.'

"અમદાવાદ જેવી સરકારી અહેવાલોમાં પણ કાબેલ તરીકે પંકાયેલી મ્યુનિસિપાલિટીના વહીવટમાં પણ વારંવાર દખલ કરીને સ્થાનિક અમલદારોએ હિંદ સરકારના આ ઠરાવનું હડહડતું ઉલ્લંઘન કર્યું છે. તેને મુંબઈ સરકારે આ બરતરફીનો હુકમ કરી બહાલી આપી છે. . . . હિંદ સરકારના ઠરાવમાં આગળ કહ્યું છે કે:

"'વળી આ ઠરાવની ઘણીખરી સૂચનાઓનો અમલ, કાયદામાં ફેરફાર કરવાની રાહ જોયા વગર જ કરી શકાય તેમ છે અને તેથી જ્યાં તેમ થઈ શકે તેમ હોય ત્યાં વગર ઢીલે તેવો અમલ કરવો.'

"અમદાવાદ મ્યુનિસિપાલિટીની બાબતમાં તો મ્યુનિસિપલ ઍક્ટમાં કશા ફેરફાર કર્યા વગર જ મુંબઈ સરકાર વડી સરકારની ઉપલી ભલામણોનો અમલ કરી શકે તેમ હતું, કારણ નવી ચૂંટણીનો સમય છેક નજીક આવી પહોંચ્યો હતો. ચૂંટણીની તારીખો સુધ્ધાં મુકરર થઈ ચૂકી હતી અને મિલમાલેકો તરફના પ્રતિનિધિની ચૂંટણી તો થઈ પણ ગઈ હતી. આટલું છતાંયે બધા રીતસરના રસ્તા વીંટાળી મૂકી એકે સપાટે મ્યુનિસિપાલિટીને બરતરફ કરીને મુંબઈ સરકારે હિંદ સરકારની ભલામણનો ચોખ્ખો અનાદર કર્યો છે."

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

# ૧૬

# અમદાવાદની કૉંગ્રેસ — ૧૯૨૧

નાગપુર કૉંગ્રેસ વખતે જ ગુજરાત તરફથી કૉંગ્રેસના અધિવેશન માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું અને એ સ્વીકારાયું હતું. ગુજરાત પ્રાંતિક સમિતિએ અમદાવાદમાં કૉંગ્રેસ ભરવાનું નક્કી કર્યું. અમદાવાદમાં પહેલાં ૧૯૦૨માં કૉંગ્રેસ ભરાયેલી, એટલે ઘણે વર્ષે અમદાવાદમાં આ કૉંગ્રેસ ભરાતી હતી. તેને લીધે અમદાવાદ શહેરનો એ વિષે ખૂબ ઉત્સાહ હતો. પણ ઉત્સાહનું મોટું કારણ તો આ વર્ષ સ્વરાજ્યનું ગણાતું હતું તે હતું. લોકોમાં એવી આશા પ્રગટેલી હતી કે અમદાવાદની કૉંગ્રેસમાં આપણે સ્વરાજ્યનો ઉત્સવ ઊજવવા એકઠા થવાનું હશે. એ ઉત્સાહની સાથે વિશાળ પાયા ઉપર સુંદર રચના કરવાની કુદરતી શક્તિ અને કુનેહવાળા સરદાર સ્વાગતપ્રમુખ તરીકે અને દરેક કામની ઝીણી વિગતો ઉપર બરાબર ધ્યાન આપી તેની વ્યવસ્થિત ગોઠવણી કરવાની ટેવવાળા દાદાસાહેબ માવળંકર સ્વાગતમંત્રી તરીકે મળ્યા. અને બધી તૈયારીમાં નવી દૃષ્ટિ અને નવી પ્રેરણા આપનારા ગાંધીજી તો બેઠા જ હતા.

નવા બંધારણ મુજબની આ પહેલી જ કૉંગ્રેસ હતી. એટલે પ્રતિનિધિઓની સંખ્યા મર્યાદિત — લગભગ છ હજારની હતી. પ્રતિનિધિ તરીકે જેઓ ન આવી શકે તેવાઓને કૉંગ્રેસના અધિવેશનનો લાભ લેવો હોય તો તેમને પ્રેક્ષકો તરીકે આવવાની વ્યવસ્થા રાખેલી હતી. લિબરલ પક્ષના તથા બીજા સ્વતંત્ર પક્ષોના નેતાઓને ખાસ આમંત્રણ આપવામાં આવ્યાં હતાં. અત્યાર સુધીની કૉંગ્રેસોમાં નેતાઓ માટે સારી વ્યવસ્થા થતી હશે પણ સામાન્ય પ્રતિનિધિઓ માટે વધારે ખર્ચ કરતાં પણ ખાવાપીવાની વ્યવસ્થા રેઢિયાળ રહેતી અને જાજરૂ, પેશાબખાનાં તથા સામાન્ય સફાઈ વિષે તો મૌન રાખવામાં જ માલ છે. સરદારનો સંકલ્પ હતો કે પ્રતિનિધિઓ, પ્રેક્ષકો વગેરે પરોણાની રહેવાની, ખાવાપીવાની નાહવા-ધોવાની તથા શૌચ વગેરેની વ્યવસ્થામાં કશી મણા ન રહેવી જોઈએ. ગાંધીજીનો આગ્રહ સાદાઈનો હતો. પણ એમની સાદાઈમાં સફાઈ ઊલટી વધારે હોય, કચરા તથા મેલાની શાસ્ત્રીય વ્યવસ્થા હોય, મેલાને ગમે તેમ ઢાંકવાની વાત ન હોય. એટલે પાયખાનાં, પેશાબખાનાં તથા કચરાપેટીઓની સંખ્યા ઘણી મોટી



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



રાખવામાં આવી અને તેની સફાઈ માટે કેવળ ભંગીઓ ઉપર આધાર ન રાખતાં હરિજન સેવામાં જૂના જોગી મામાસાહેબ ફડકેની સરદારી નીચે સફાઈ સ્વયંસેવકોની મોટી ટુકડી રાખવામાં આવી. પાયખાનાં તથા પેશાબખાનાં કેમ વાપરવાં તથા સામાન્ય સફાઈ માટે કેવી કાળજી રાખવી તેની ખુદ ગાંધીજીએ ઘડી આપેલી સૂચનાઓ અગાઉથી વર્તમાનપત્રોમાં આપવામાં આવી હતી. તે ઉપરાંત ઉર્દૂ, હિંદી તથા ગુજરાતીમાં છાપેલી પત્રિકાઓ પ્રતિનિધિઓમાં છૂટથી વહેંચવામાં આવી.

પીવાના તથા નાહવાધોવાના પાણી માટે અલગ વૉટરવર્ક્સ ઊભું કરવામાં આવ્યું હતું. કૉંગ્રેસનું સ્થળ નદીને કિનારે જ હોઈ ત્યાં નાહવાધોવાની સગવડ હતી જ. તે ઉપરાંત પ્રતિનિધિઓ અને પ્રેક્ષકોના ઉતારાની પાસે સ્થળે સ્થળે નાહવાધોવાની પાકી વિશાળ ચોકડીઓ બાંધવામાં આવી હતી. ત્યાં જેને જોઈએ તેને ગરમ પાણી પૂરું પાડવામાં આવતું. બહેનો તથા નબળી તબિયતવાળાંને નાહવાને માટે ઓરડીઓ પણ બાંધવામાં આવી હતી. નાગપુરમાં જોવામાં આવ્યું હતું કે ઢોળાતા પાણીના નિકાસનો પૂરતો બંદોબસ્ત નહીં હોવાથી જ્યાં ત્યાં પાણીનાં તળાવડાં ભરાતાં હતાં. તે અહીં ન થવા પામે માટે ગટરની પણ સુંદર વ્યવસ્થા રાખવામાં આવી હતી. અમદાવાદ મ્યુનિસિપાલિટીએ આ બધી વ્યવસ્થા કરવામાં પોતાથી થઈ શકે તે બધી જ મદદ કરી હતી.

જમવાની સગવડથી પણ પ્રતિનિધિઓ અને પ્રેક્ષકો ખુશ થયા હતા. અત્યાર સુધીની કૉંગ્રેસોમાં દેશી ઢબની અને વિલાયતી ઢબની એમ બે જાતની વ્યવસ્થા રાખવામાં આવતી. પણ અમદાવાદમાં એકલી દેશી ઢબની વ્યવસ્થા જ રાખવામાં આવી હતી. જેમને વિલાયતી ઢબની સગવડ જોઈતી હોય તેવાઓને અગાઉથી ખબર આપવાનું કહેવામાં આવ્યું હતું અને જેમના તરફથી ખબર મળી તેમની વ્યવસ્થા બારોબાર એ ઢબની હોટેલોમાં કરવામાં આવી હતી. એવી હોટેલોનાં નામઠામ, દરો વગેરે પણ સ્વાગત સમિતિ તરફથી વર્તમાનપત્રોમાં આપવામાં આવ્યાં હતાં. સ્વાગત સમિતિ તરફથી એક સામાન્ય રસોડું ચાલતું તેમાં ઠરાવેલા દરે સ્વચ્છ અને સારી રસોઈ મળતી. પણ કોઈ પ્રાંતવાળાને પોતાની ઢબની રસોઈ કરવી હોય તે જો પોતાનું રસોડું ચલાવવાની બધી જવાબદારી લેવા ખુશી હોય તો તેમને રસોડાની તથા વાસણકૂસણની સગવડ મફત આપવામાં આવી હતી અને સામાન્ય કોઠારમાંથી સીધું સામાન પડતર ભાવે પૂરું પાડવામાં આવ્યું હતું. થોડા ખર્ચે કૉંગ્રેસ જોવા આવવા ઇચ્છતા પ્રેક્ષકો માટે એક વિશાળ મંડપ ઊભો કરવામાં આવ્યો હતો જેમાં તેઓ રહે અને બેસે સૂએ. ત્યાં પાણીની વ્યવસ્થા પણ રાખવામાં આવી હતી અને ખાવાને માટે પૂરી શાક વગેરેની દુકાનોની ગોઠવણ કરવામાં આવી હતી.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



પ્રતિનિધિઓ તથા પ્રેક્ષકોને રહેવા માટે ઝૂંપડીઓ ખાદીની જ બનાવી હતી. ખાદીની ઝૂંપડીઓના એ નગરને ખાદીનગર એવું સાર્થ નામ આપ્યું હતું. તેની રચના કોઈ નમૂનેદાર નગરની રચના જેવી હતી. અનેક રસ્તા અને ઉપરસ્તા તથા વચમાં વિશાળ ચોક, રસ્તા ઉપર વીજળીના દીવા, દરેક ઝૂંપડીમાં પણ વીજળીની બત્તી, એ બધાથી આખી નગરી રાતે ઝગમગી ઊઠતી હતી. તે દિવસો પૂર્ણિમાની આસપાસના હતા. એટલે રાતની દૂધ જેવી ચાંદનીમાં દૂધ જેવી ખાદીની શોભા હરકોઈના હૃદયમાં નવીન આશા અને ઉત્સાહનો સંચાર કરતી. કૉંગ્રેસની સાથે ખિલાફત પરિષદ તથા મુસ્લિમ લીગની બેઠકો હતી. તેમણે પોતાના પ્રતિનિધિઓ માટે મુસ્લિમ નગરની રચના કરી હતી. ગાંધીજીની ખાદીની ઝૂંપડી ખાદીનગર, મુસ્લિમ નગર તેમ જ કૉંગ્રેસના મંડપને બને તેટલી નજીક પડે એ રીતે એક નાના સરખા ચોકમાં રાખવામાં આવી હતી.

કૉંગ્રેસના સભામંડપની રચના પણ અદ્‌ભુત હતી. કૉંગ્રેસના મંડપમાંથી પહેલી જ વાર ખુરશીઓને દેશવટો દેવામાં આવ્યો હતો. સભા માટે કોઈ જગ્યાએ ખોદીને તો કોઈ જગ્યાએ પૂરણી કરીને એકસરખા ઢાળવાળી જમીન બનાવવામાં આવી હતી, અને તેની ઉપર નદીની સ્વચ્છ રેતી પાથરી દેવામાં આવી હતી. પ્રમુખ તથા સ્વાગત મંડળના સભ્યોને સારુ સામેને છેડે પૂરણી કરીને વિશાળ ઓટલો બનાવી દીધો હતો. વ્યાસપીઠની રચના એ બેની વચ્ચે કરવામાં આવી હતી. સ્વ. ડૉ. હરિપ્રસાદે ગાંધીજી સાથે મીઠો ઝઘડો કરીને મંડપમાં ફૂલપાંદડાંનો શણગાર કરવાની રજા મેળવી હતી અને ફૂલ તથા પાંદડાંથી મંડપને કળામય રીતે શણગારવામાં આવ્યો હતો.

મંડપમાં ખુરશીઓ કાઢી નાખી હતી એટલે જોડા પહેર્યા વિના સઘળા જાય એવો નિયમ રાખ્યો હતો. સવાલ એ ઊભો થયો કે હજારો માણસોના જોડા બહાર સચવાય શી રીતે? જુદે જુદે દરવાજે બહાર જોડા સાચવનારા રાખવા, તેઓ અમુક નંબરની ચિઠ્ઠી જોડાના માલિકને આપે અને એ જ નંબરની ચિઠ્ઠી જોડામાં મૂકી રાખે, જે ઉપરથી માણસ બહાર નીકળે ત્યારે એના જ જોડા એને પાછા આપી શકાય એવી એક સૂચના આવી. પણ હજારો જોડાની આવી વ્યવસ્થા કરવી મુશ્કેલ લાગી અને ચિઠ્ઠી ઉપરથી જોડા ઓળખી પાછા સોંપવામાં બહુ વખત જાય એમ લાગ્યું. બહાર કાગળની કોથળીઓ વેચાતી મળે અને તેમાં મૂકીને દરેક માણસ પોતાના જોડા પોતાની સાથે અંદર લઈ જાય એવી સૂચના આવી. પણ એ કાગળની કોથળી એક જ વપરાશમાં ફાટી જાય. એટલે છેવટે બહાર ખાદીની થેલીઓ ચાર ચાર આને વેચવાની વ્યવસ્થા રાખી, જેમાં જોડા રાખીને અંદર લઈ જઈ શકાય. આ વ્યવસ્થા સફળ થઈ અને હજારો થેલીઓ ત્યાં ખપી.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



કૉંગ્રેસના મંડપની પાસે જ એક ખુલ્લો વ્યાખ્યાન મંડપ રાખવામાં આવ્યો હતો. કૉંગ્રેસની બેઠકોમાં ચાલતા કામ વિષે તથા અન્ય વિષયો ઉપર પ્રસિદ્ધ નેતાઓ ત્યાં આવીને આમજનતા સમક્ષ ભાષણ આપતા.

કૉંગ્રેસની સાથે એક સુંદર સ્વદેશી પ્રદર્શન ગોઠવ્યું હતું. તેમાં કાપડમાં હાથકંતામણ અને હાથવણાટની ખાદી જ રાખવામાં આવી હતી. તે વખતે ખાદી નવી નવી હતી એટલે પ્રદર્શનનો પ્રયોગવિભાગ જેમાં કપાસમાંથી ખાદી બનાવવા સુધીની બધી ક્રિયાઓ — ખાસ કરીને આંધ્રની બારીક ખાદીની ક્રિયાઓ — બતાવવામાં આવતી તે ખૂબ ધ્યાન ખેંચતી હતી. સાથે એક સંગીત પરિષદ પણ રાખી હતી. એના તરફથી પ્રસિદ્ધ સંગીતાચાર્યો અને ઉસ્તાદોના સંગીતના જલસા દરરોજ થતા. આમ લાખો લોકો ત્યાં આવે તેઓ ભલે કૉંગ્રેસની બેઠકમાં ભાગ ન લઈ શકે પણ વિવિધ જ્ઞાનદાયી મનોરંજક પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકે તથા દેશનેતાઓનાં ભાષણ સાંભળી રાષ્ટ્રીયતાનું પાન કરી શકે એવી વ્યવસ્થા રાખી હતી.

પ્રદર્શનની બધી વ્યવસ્થા શ્રી લક્ષ્મીદાસ આસરે અને સંગીત વિભાગની બધી વ્યવસ્થા સંગીતશાસ્ત્રી ખરેએ કરી હતી. પ્રદર્શનમાં ચિત્રકળા વિભાગ બહુ સમૃદ્ધ હતો. તે સજાવવામાં શ્રી રવિશંકર રાવળ તથા શ્રી કાકાસાહેબે પુષ્કળ શ્રમ લીધો હતો.

આ કૉંગ્રેસને વિષે લોકોમાં ઉત્સાહ એટલો બધો હતો કે તેમાં ઘણી વાર વિવેકની મર્યાદા રહેતી નહીં અને લોકોમાં તરેહવાર અફવાઓ ચાલતી. એક જોરદાર અફવા એવી હતી કે કૉંગ્રેસને પહેલે જ દિવસે મંડપ ઉપર રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવશે અને તે જ વખતે ગાંધીજી, સરદાર અને બીજા નેતાઓ દેશની સ્વતંત્રતા જાહેર કરશે અને સરકાર કૉંગ્રેસની બેઠક ઉપર ગોળીબાર કરશે. તે માટે ઈડરના રાણા કર્નલ પ્રતાપસિંહ પોતાના લશ્કર સાથે ખાસ આવવાના છે. એમના લશ્કરને રાખવા માટે કૉંગ્રેસના સ્થળની નજીક આવેલું અમદાવાદનું કોચરબ નામનું પરું તથા ગુજરાત કૉલેજનાં મકાનો ખાલી કરાવવામાં આવનાર છે. આ અફવા એટલી જોરદાર થઈ અને તેણે અજ્ઞાન અને ભોળા લોકોમાં ગભરાટ પણ ફેલાવા માંડ્યો કે ગાંધીજીને ‘નવજીવન’માં ‘પધારો કર્નલ પ્રતાપસિંહજી’ એ નામની નોંધ લખવી પડી. સરદારે પણ ‘ખોટી અફવા’ એ મથાળાથી ખુલાસો બહાર પાડ્યો કે :

> “લશ્કર આણવાની અને ગોળીબાર કરવાની બધી અફવાઓ તદ્દન ખોટી છે. તોફાની અને ડરપોક માણસોએ તે ચલાવેલી છે. આજે જ અમદાવાદના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ સાહેબ મને મળ્યા હતા. તેમણે પોતે મને કહ્યું કે કૉંગ્રેસના અઠવાડિયામાં તેઓ એક પણ લશ્કરી સિપાઈ કે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



હથિયારબંધ પોલીસનો વધારાનો સિપાઈ અમદાવાદમાં લાવવાના નથી. અને કૉંગ્રેસના મંડપ કે નગર તરફ એ દિવસોમાં પોલીસ નજર સરખી પણ કરવાની નથી.”

અને સાચે જ તેઓ એ પ્રમાણે વર્ત્યા. ખાદીનગરમાં, પ્રદર્શનમાં તથા કૉંગ્રેસના મંડપમાં તો કૉંગ્રેસના સ્વયંસેવકો સઘળી વ્યવસ્થા રાખે જ પણ એલિસબ્રિજની પાર સરિયામ રસ્તા ઉપર મોટરોની, ઘોડાગાડીઓની તથા લોકોની અવરજવરની તમામ વ્યવસ્થા પણ પોલીસે સ્વયંસેવકોને કરવા દીધી. સ્વયંસેવક દળના કૅપ્ટન શ્રી જીવણલાલ દીવાન હતા. તેમની દેખરેખ નીચે સ્વયંસેવકોને સુંદર તાલીમ આપવામાં આવી હતી. નાનામોટા સૌની સાથે વિનયથી અને અદબથી વર્તવાની અને મદદ કરવા તત્પર રહેવાની તથા કૉંગ્રેસ જોવા આવનારાં સહકારી ભાઈબહેનો પ્રત્યે ખાસ વિનય જાળવવાની તેમ જ પોલીસના હુકમોનું પાલન કરવાની સૂચનાઓ ગાંધીજીએ સ્વયંસેવકોને વખતોવખત આપી હતી.

અમદાવાદમાં જે વખતે કૉંગ્રેસની તડામાર તૈયારીઓ ચાલતી હતી તે વખતે ઉત્તર હિંદુસ્તાનમાં યુવરાજનો પ્રવાસ ચાલતો હતો. જે જે શહેરમાં તે જતા ત્યાં તેમના સ્વાગતનો સખત બહિષ્કાર થતો હતો. તે ન થઈ શકે તેટલા માટે સ્વયંસેવકોની તથા નેતાઓની સરકાર અગાઉથી ધરપકડ કરી લેતી હતી. એ કાર્યક્રમ પ્રમાણે દેશબંધુ દાસ જેઓ કૉંગ્રેસના વરાયેલા પ્રમુખ હતા તેમની બંગાળ સરકારે કલકત્તામાં ધરપકડ કરી. ગાંધીજીએ તરત ‘નવજીવન’માં નોંધ લખી :

> “આપણા પ્રમુખ પકડાયા તેથી આપણે જરાયે હડબડવું ન જોઈએ. આપણી કૉંગ્રેસમાં તેમનો આત્મા બિરાજતો હશે. . . . આપણી કૉંગ્રેસ મળે ત્યાં સુધીમાં આપણામાંના જે કોઈ જેલ બહાર રહ્યા હોઈએ તેમણે કોઈ એકને પ્રમુખનું કામ ચલાવવાને સારુ ચૂંટી કાઢવો રહ્યો. . . . આથી વધારે શુભ અને મંગળ સંજોગોમાં આજ સુધી કોઈ કૉંગ્રેસની બેઠક મળી નથી. . . . આપણામાંના ઘણાખરા અગ્રેસરો જેલમાં હોય એ જ સ્વરાજ છે.
>
> “અને આ બધી ખટપટ મૂકી જો સરકાર એકેએક અસહકારીને તા. ૨૬મી ડિસેમ્બર પહેલાં નજીકમાં નજીકની પોલીસ ચોકી ઉપર જઈને પકડાવાને સારુ હાજર થવાનો એક જ સામટો હુકમ કાઢે તો તો વળી હું સંપૂર્ણ સ્વરાજ્ય મળ્યું સમજું. એ શરતે તો, શ્રી વલ્લભભાઈ અને તેમની બહાદુર ટોળીએ આજે મહિનાઓથી રાતના દિવસ કરીને કૉંગ્રેસના પ્રતિનિધિઓ તેમ જ પ્રેક્ષકોને માટે ગુજરાતના પાટનગરને છાજે એવો આવકાર આપવાને ચાહે તેવી ભારે તૈયારીઓ ભલે કરી હોય તોપણ કૉંગ્રેસની બેઠકને હું જતી કરું. . . .”

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



પણ એ સદ્‌ભાગ્ય અમદાવાદની કૉંગ્રેસને ન સાંપડ્યું અને નક્કી કરેલા દિવસોએ કૉંગ્રેસની બેઠક મળી. દેશબંધુ દાસે પોતાનું ભાષણ લખી મોકલ્યું હતું. કૉંગ્રેસની બેઠકનું કામ ચલાવવા માટે દિલ્હીના હકીમ સાહેબ અજમલખાનજીને પ્રમુખ નીમવામાં આવ્યા. સરદારે સ્વાગતપ્રમુખ તરીકે બહુ જ ટૂંકું ભાષણ કર્યું. આ અધિવેશન માટે કરેલી વિશેષ તૈયારીઓનો ખુલાસો આપતાં તેમણે કહ્યું :

"અમે આશા રાખી હતી કે આપણે સ્વરાજ્યની સ્થાપનાનો ઉત્સવ ઊજવવા ભેગા મળીશું અને તેથી તેવા પ્રસંગને છાજે એવા પ્રકારનું સ્વાગત કરવા અમે પ્રયત્ન કર્યો છે. એ શુભ અવસર ઊજવવાનું બની શક્યું નથી. દયાનિધિ પરમાત્માએ આપણી કસોટી કરવા અને આવા મોંઘા દાનને લાયક થવા આપણે માટે કષ્ટ મોકલ્યું છે. કેદના, શારીરિક હુમલાના, જબરાઈથી જડતીના, આપણાં કાર્યાલયો તથા શાળાઓનાં તાળાં તોડ્યાના, — એ બધા પ્રસંગોને પાસે આવતા સ્વરાજ્યનાં ચોક્કસ ચિહ્નો માની લઈ તથા આપણા મુસલમાન ભાઈઓને તેમ જ પંજાબીઓને થયેલા જખમ ઉપર ઠંડા મલમ રૂપ ગણી લઈ આપના સ્વાગતને માટે કરેલા અમારા શણગારમાં, સંગીતના જલસામાં કે બીજા આનંદના કાર્યક્રમોમાં અમે કોઈ રીતનો ફેરફાર કે ઘટાડો કર્યો નથી."

ખાદીનગર તથા મંડપોની રચના મુખ્યત્વે ગુજરાતમાં તૈયાર થયેલી ખાદીથી કરવામાં આવી હતી તે જણાવતાં કહ્યું :

"અત્યાર સુધીમાં આશરે બે લાખ રતલ ખાદી અમે તૈયાર કરી છે. . . આ બધા મંડપો તથા ખાદીનગર બાંધવામાં કરેલો ખાદીનો ઉપયોગ એ સ્વદેશીની બાબતમાં અમે શું કરી શક્યા છીએ તેનો પ્રત્યક્ષ પુરાવો છે."

પછી ગુજરાતને દમનનો લાભ હજી મળ્યો નથી એ વિષે કહ્યું :

"બંગાળ, પંજાબ, સંયુક્ત પ્રાંત તથા બીજા પ્રાંતો જે અગ્નિપરીક્ષામાંથી પસાર થઈ રહ્યા છે તેમાંથી અમે પસાર નથી થયા એ હું જાણું છું. હું આશા રાખું છું કે અમારી જે અહિંસાનો મેં કંઈક ગર્વથી ઉલ્લેખ કર્યો છે તે અહિંસા અશક્તિની નથી પરંતુ અમે સ્વેચ્છાપૂર્વક સ્વીકારેલા સંયમનું પરિણામ છે."

પછી ગુજરાતની લડત માટેની તૈયારીઓનો ઉલ્લેખ કર્યો :

"સુરત અને નડિયાદની મ્યુનિસિપાલિટીઓ પાસેથી રાષ્ટ્રીય શાળાઓનો જબરદસ્તીથી કબજો લઈને સરકારે અમને અમારી શક્તિ બતાવવાની તક આપી છે. અમદાવાદને પણ એ જ પ્રશ્ન ઉકેલવાનો છે. એ પ્રશ્ન છેવટે તો માત્ર કાયદાના સવિનય ભંગથી જ ઊકલશે. સામુદાયિક સવિનય કાયદાભંગને માટે બારડોલી તથા આણંદ તાલુકા ભારે તૈયારી કરી રહ્યા છે. આ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



કોંગ્રેસની પ્રાર્થના હું ઉચ્ચારું છું કે ઈશ્વર અમને એ કષ્ટસહનની કસોટીમાંથી પાર ઊતરવા જેટલું અને બીજા પ્રાંતોની હારમાં ઊભા રહેવા જેટલું બળ આપે.”

આ કૉંગ્રેસમાં મુખ્ય ઠરાવ તો સામુદાયિક સવિનય ભંગને લગતો હતો. એ ઠરાવ ગાંધીજીએ રજૂ કર્યો અને શ્રી વિઠ્ઠલભાઈ પટેલે તેને ટેકો આપ્યો. ઠરાવ બહુ વિગતવાર અને લાંબો હતો. તેમાં મુદ્દાની વાત એ હતી કે કોઈ પણ સત્તાનો આપખુદ, જુલ્મી અને મર્દાની હરી લેનારો ઉપયોગ અટકાવવા સારુ બીજા બધા ઉપાય અજમાવી લીધા પછી હથિયારબંધ બળવાની અવેજીમાં સવિનય કાયદા ભંગ એ જ એકમાત્ર સુધરેલો અને અસરકારક ઉપાય છે. માટે ચાલુ સરકારને હિંદુસ્તાનના લોકો પ્રત્યેના કેવળ બિનજવાબદાર સ્થાનેથી ઉતારી પાડવા માટે લોકોએ વ્યક્તિગત અને જ્યાં તે માટે પૂરતી તૈયારી હોય ત્યાં સામુદાયિક સવિનય કાયદાભંગ પણ આદરવો. તે યોગ્ય સાવચેતી રાખીને તથા કારોબારી સમિતિ અથવા પોતાની પ્રાંતિક સમિતિ વખતોવખત જે સૂચનાઓ કાઢે તેને અનુસરીને ઉપાડવામાં આવે. આ માટે ગાંધીજીને કૉંગ્રેસના સર-મુખત્યાર નીમવામાં આવ્યા. ગાંધીજીએ આ ઠરાવ રજૂ કરતાં જે ટૂંકું પણ ભવ્ય ભાષણ કર્યું તેમાંનાં નીચેનાં વાક્યો તેમની તીવ્ર વેદનાનાં દ્યોતક છે:

“આ ઠરાવમાં આપણે ઉદ્ધત બનીને યુદ્ધ માગી લેતા નથી. પરંતુ જે સત્તા ઉદ્ધતાઈ ઉપર આરૂઢ થયેલી છે તેને આપણે જરૂર પડકાર આપીએ છીએ. જે સત્તા પોતાનું રક્ષણ કરવા ખાતર વાણીનું અને મંડળો બાંધવાનું સ્વાતંત્ર્ય કચડી નાખવા ઇચ્છે છે — પ્રજાનાં આ બે ફેફસાંને દબાવી દઈને તેને પ્રાણવાયુથી વંચિત કરે છે, તેને તમારી તરફથી હું નમ્ર છતાં અફર પડકાર આપું છું. જો એવી કોઈ સત્તા આ દેશમાં ચાલુ રહેવા ઇચ્છતી હોય તો તેને હું તમારી તરફથી સંભળાવી દઉં છું કે! તો તે જમીનદોસ્ત થઈ જશે, કાં તો એ મહાન કાર્ય બજાવતાં હિંદુસ્તાનમાંનાં હરેક નરનારી આ પૃથ્વીના પડ ઉપરથી નાબૂદ થઈ જશે ત્યાં સુધી જંપીને બેસશે નહીં.

“આ ઠરાવમાં દૃઢતા, નમ્રતા અને નિશ્ચય એ ત્રણે રહેલ છે. સમાધાનીની મસલતમાં ભાગ લેવાની સલાહ જો હું આપી શકત તો જરૂર એ સલાહ આપત. એક મારો પ્રભુ જાણે છે કે સમાધાની અને શાંતિ મને કેટલી પ્રિય છે. પરંતુ હું ગમે તે ભોગે એ મેળવવા નથી ઇચ્છતો. સ્વમાનને ભોગે હું સમાધાની ન ઇચ્છું. પથ્થરની શાંતિ હું ન માગું. મારે કબ્રસ્તાનની શાંતિ નથી જોઈતી. આખી દુનિયાનાં બાણના વરસાદની સામે ખુલ્લી છાતીએ એકમાત્ર ઈશ્વરને આશરે ફરનારા મનુષ્યના હૈયામાં વસતી શાંતિ મારે જોઈએ છે.”

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



આ કૉંગ્રેસ સારી પેઠે ગરમાગરમ વાતાવરણમાં ભરાઈ હતી. એથી વધુ ગરમ વાતાવરણમાં એ વિખરાઈ. એ વિષે ગાંધીજીએ 'નવજીવન'માં લખ્યું :

"ગુજરાતે શોભાવ્યું એમ કહી શકાય. સાડાત્રણ લાખ રૂપિયાની ખાદીના તંબૂ તાણ્યા, મંડપો બનાવ્યા, વીજળીની બત્તીઓ કરી, સુંદર પ્રદર્શન ભર્યું, ભજનકીર્તન કર્યાં, હિંદુસ્તાનના સંગીતનો મહિમા બતાવ્યો, હિંદુ મુસલમાનો સાથે જ ઘર કરી રહ્યા, કોઈએ એક શબ્દ ઊંચે સાદે એકબીજાને ન કહ્યો. ગુજરાતની બાળાઓ સ્વયંસેવિકાઓ બની, ગુજ-રાતના જુવાનોએ ભંગીનું પણ કામ કરીને પ્રતિનિધિઓની સેવા કરી, ઓરતોની જંગી સભા થઈ, વ્યાખ્યાનો થયાં; મહાસભાના મંડપમાં કરકસરના નિયમો જાળવી સૌ કોઈ જોઈતું જ બોલ્યા. લાંબાં ભાષણ કોઈએ ન કર્યાં ને સરકારે શરૂ કરેલી દમનનીતિનો જવાબ આપનારો, સરકારને ચમકાવનારો, સચોટ પણ મર્યાદામય ઠરાવ પસાર કર્યો."

એ ઠરાવને અનુસરી સામુદાયિક સત્યાગ્રહ માટે બારડોલી તાલુકાને પસંદ કરવામાં આવ્યો.

જ્યાં કૉંગ્રેસનો મંડપ બાંધવામાં આવ્યો હતો તે જગ્યા સરકાર મારફતે મેળવીને (એક્વાયર કરાવીને) ત્યાં ગોખલેના ભારત સેવક સમાજ જેવો ગુજરાત સેવક સમાજ સ્થાપી તેનાં મકાનો બાંધવાં એવી સરદારની ઇચ્છા હતી. પણ તેની કિંમત પાંચ લાખ રૂપિયા માગવામાં આવી. સરદાર ચાર લાખ રૂપિયા આપવા સુધી તૈયાર થયા હતા, પણ એ વાત પડી ભાંગી. પછી ભાવ ઊતરી જવાથી એ જમીન મ્યુનિસિપાલિટીને દોઢ લાખ રૂપિયામાં મળી. અને આજે ત્યાં શેઠ વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલનાં મકાનો છે. હૉસ્પિટલના મુખ્ય મકાનની સામે જે ફુવારો છે તે તો કૉંગ્રેસના વખતનો જ છે. આ કૉંગ્રેસનું તમામ ખર્ચ જતાં જે પૈસા બચ્યા તેમાંથી અમદાવાદનું કૉંગ્રેસ હાઉસ બાંધવામાં આવ્યું છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021

## ૧૭

# મ્યુનિસિપાલિટીની બરતરફી પછી

મ્યુનિસિપાલિટીની બરતરફીનો હુકમ તા. ૯–૨–'૨૨ના ગુરુવારના સરકારી ગેઝેટમાં બહાર પડ્યો કે તરત અમદાવાદના શહેરીઓની એક ગંજાવર જાહેર સભા મળી અને તેમાં નીચે પ્રમાણે ઠરાવ પસાર કરવામાં આવ્યો :

"અમદાવાદના શહેરીઓની આ જાહેર સભા ઠરાવ કરે છે કે અમદાવાદ મ્યુનિસિપાલિટીને બરતરફ કરી સરકારે પ્રજાની પ્રાથમિક કેળવણી પોતાને હાથ કરવા નિશ્ચય કરેલો હોવાથી, શહેરનાં બાળકોને સરકારના કાબૂથી સ્વતંત્ર કેળવણી મળે તે માટે આ શહેરમાં એક પ્રજાકીય પ્રાથમિક કેળવણી મંડળ સ્થાપવું અને તેની યોજના તૈયાર કરી અમલમાં મુકાય ત્યાં સુધી વાલીઓએ પોતાનાં બાળકોને સરકારના કાબૂવાળી મ્યુનિસિપલ શાળાઓમાં મોકલવાં નહીં. સરકારના આ કૃત્ય સામે કેળવણી સિવાય બીજી બાબતોમાં શાં પગલાં લેવાં તે હવે પછી નક્કી કરવામાં આવશે.

"પ્રજા તરફથી નિમાયેલા જે મ્યુનિસિપલ કાઉન્સિલરોએ નીડરપણે પોતાની ફરજ બજાવી છે તેનાથી રાષ્ટ્રીય કાર્યને પુષ્કળ મદદ મળી છે એવો આ સભાનો અભિપ્રાય છે. અમારી સેવા બજાવતાં જોકે મ્યુનિસિપાલિટીની સત્તા ઝૂંટવી લેવામાં આવી છે છતાં અમારો વિશ્વાસ અમારા પ્રતિનિધિઓ ઉપર સંપૂર્ણ છે અને આજ સુધી તેમણે બતાવેલી સ્વદેશભક્તિ માટે અમે એ સર્વે સભાસદોનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ."

નવા સ્થપાયેલા પ્રજાકીય પ્રાથમિક કેળવણી મંડળે ચોથા ધોરણના વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષા તા. ૨૬–૨–'૨૨ના રોજ લેવાની વ્યવસ્થા કરી અને તા. ૨૩મી સુધીમાં ૩૩ નિશાળો ખોલી; જેમાં ૧૮ છોકરાઓની અને ૧૦ છોકરીઓની, ૧ મિશ્ર અને ૪ ઉર્દૂ શાળાઓ હતી.

અમદાવાદની સાથે સુરતની મ્યુનિસિપાલિટી પણ એ જ કારણસર બરતરફ કરવામાં આવી હતી. એટલે અમદાવાદ અને સુરતના શહેરીઓને ઉદ્દેશીને ગાંધીજીએ તા. ૧૯–૨–'૨૨ના 'નવજીવન'માં એક નોંધ લખી. તેમાં જણાવ્યું છે કે :

"તમારી ઉપરવટ થઈને સરકારે પોતાની કમિટી નીમી છે. તેમાં તમારા જ શહેરવાસીઓ કામ કરવા તૈયાર થયા છે એ જોઈ મને તો ખૂબ દિલગીરી થઈ છે. પણ તેથી કાંઈ નિરાશ થવાનું નથી. શહેરીઓની સહાય



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો
40/50

4/25/2021



વગર તેઓ કારભાર નહીં જ ચલાવી શકે. એ કમિટીની નિશાળોમાં એક પણ બાળક તમારા મોકલ્યા વિના તો ન જ જાય. તમારી ઇચ્છા વિના તમે કર પણ નહીં આપો. ભલે એક તરફથી બળાત્કારે નિમાયેલી સરકારની કમિટી ચાલે ને બીજી તરફથી તમારું શહેરી મહાજન ચાલે. તેમાંથી જણાઈ રહેશે કે પ્રજા કોની સાથે છે. . . .''

પછી વળી તા. ૨૬–૨–'૨૨ના 'નવજીવન'માં 'અમદાવાદ સુરતની કસોટી' એ નામના લેખમાં ગાંધીજીએ લખ્યું :

"... નવા સુધારામાં કેટલું પોકળ છે તેની આ બે મોટી મ્યુનિસિપાલિટીઓ બંધ કરવા જેવી બીજી સારી સાબિતી ન મળી શકે. જો શહેરી પ્રતિનિધિઓ આપખુદ હોત તો તેઓની સત્તા છીનવી લેવી કદાચ વાજબી ગણાત. પણ અહીં તો સરકાર જાણે છે, સ્થાનિક સ્વરાજ ખાતાના હિંદી પ્રધાન પણ જાણે છે કે શહેરીઓ અને તેમના પ્રતિનિધિઓ બંને આ ઝઘડામાં એકમત છે, બંને કેળવણીખાતું સ્વતંત્ર રાખવા ઇચ્છે છે. તેમ છતાં મ્યુનિસિપાલિટી સામે કાંઈ કાયદેસર ઇલાજ હોય તો તે લેવાને બદલે મ્યુનિસિપાલિટીને બંધ કરી છે. એટલે પ્રજામતની વિરુદ્ધ સરકાર અને 'આપણા' પ્રધાન થયા છે! આમ નવા સુધારામાં કેવળ આપખુદી જ ભરેલી છે.

"પણ સુધારાના ગેરલાભનો વિચાર કરવા કરતાં શહેરીઓનો લાભ શેમાં છે એ જ આપણે તો વિચારવું આ સ્થળે યોગ્ય છે. આવી સામાન્ય બાબતમાં જો શહેરીઓ હારી જાય તો તેઓ સ્વરાજ્ય ભોગવવા લાયક નથી એમ હું તો કહું અને જગત કહે. સ્વરાજ્યની લાયકાત જેમ તે મેળવવાથી સિદ્ધ થાય છે તેમ જ તે સાચવવાની શક્તિથી પણ સિદ્ધ થાય છે. બહારથી થતા હુમલા છતાં ટકી શકાય તો જ આપણે શક્તિમાન કહેવાઈએ. બહારનાં જંતુઓ ચઢાઈ કરે છતાં પણ આરોગ્યવાન રહી શકે તેવું જ શરીર સારું ગણાય. આ લડાઈનું મધ્યબિંદુ કેળવણી છે. બીજી બાબતમાં શહેરીઓ પોતાના હક સાચવે યા ન સાચવે પણ કેળવણીની બાબતમાં તો તેઓ હારે તો તદ્દન હાર્યા ગણાય, અને ચોખ્ખું એમ જ સાબિત થાય કે શહેરીઓ સ્વતંત્ર વિચાર કે કાર્ય કરતા નથી થયા. જો તેઓ ટેક છોડે તો એમ સિદ્ધ થાય કે પ્રતિનિધિઓ કળાવાન હતા તેથી સરકારની સાથે લડી લેતા હતા, તેમાં શહેરીઓને રસ આવતો હતો, પણ જાતે કંઈ કરવાની કે વિચારવાની તસ્દી લેતા ન હતા.

"તેથી બંને શહેરના શહેરીઓની પ્રથમ ફરજ એ છે કે પોતાનાં બાળકોની કેળવણીનો કબજો તો પોતે પૂરેપૂરો રાખવો, એટલું જ નહીં પણ તે કેળવણીને એવા સુંદર પાયા ઉપર મૂકવી કે કોઈ સરકારની શાળામાં જવા લલચાય જ નહીં. . . .''

પછી તો ગાંધીજી પકડાયા અને ૧૮મી માર્ચે એમને છ વરસની સજા થઈ. પણ તેથી તો ઊલટો અમદાવાદના શહેરીઓનો ઉત્સાહ વધ્યો. કમિટીએ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



મ્યુનિસિપલ શાળાઓ ચાલુ રાખી પણ તે ખાલી જેવી રહી, જ્યારે પ્રજાકીય શાળાઓમાં વિદ્યાર્થીઓ ઊભરાતા રહ્યા. તા. ૨૫–૬–'૨૨ના 'નવજીવન'માં સરદારે 'આપણો હિસાબ' એ નામના લેખમાં આની વિગતો દીવા જેવી ચોખ્ખી આપી છે :

"અમદાવાદ મ્યુનિસિપાલિટીને બરતરફ કર્યાને ચાર માસ થઈ ગયા. મ્યુનિસિપાલિટીને બરતરફ કરી કેળવણી ઉપર પાછો પોતાનો કાબૂ મેળવવાની સરકારે ઉમેદ રાખેલી. સરકારને પોતાના કાનને પ્રિય લાગે એવી જ વાતો સાંભળવાની આદત પડેલી છે. એટલે ખરી હકીકત તેના જાણવામાં ભાગ્યે જ આવે છે. મ્યુનિસિપાલિટી બરતરફ કરવાથી બધી ચળવળ ભાંગી પડશે, નાણાંને અભાવે સ્વતંત્ર શાળાઓ કોઈ ચલાવી શકશે નહીં, લોકો પૈસા આપશે નહીં, માબાપ છોકરાંઓને નવી પ્રજાકીય શાળાઓમાં મોકલતાં ડરશે, શિક્ષકો બિચારા અપંગ છે, તેઓ કાયમની નોકરી છોડી આવી નવી નિશાળોમાં જાય જ નહીં. આવી અનેક વાતો સાંભળી તે ઉપર વિશ્વાસ રાખી અમદાવાદ અને સુરત મ્યુનિસિપાલિટીઓને બરતરફ કરી. પણ સરકારની બધી ધારણાઓ ખોટી પડી. પ્રજાકીય કેળવણી મંડળ તરફથી આજે અમદાવાદમાં ૪૩ શાળાઓ ચાલે છે. તે પૈકી ૧૩ કન્યાશાળાઓ છે અને ૮ ઉર્દૂ શાળાઓ છે. શાળાઓનાં મકાનો માટે ન્યાતની વાડીઓનાં કેટલાંક ભવ્ય અને સુંદર મકાનો મળ્યાં છે. આ શાળાઓમાં ૨૭૦ શિક્ષકો કામ કરે છે. તેમાં ૬૫ ટકા ટ્રેન્ડ શિક્ષકો છે. તેઓ પૈકી ૧૬૦ મ્યુનિસિપાલિટીની નોકરી છોડી દઈ આવેલા છે. ચાલુ અઠવાડિયામાં વિદ્યાર્થીઓની સંખ્યા ૮,૪૦૦ જેટલી થઈ છે. મુસલમાન છોકરાઓની સંખ્યા ૯૦૪ની છે. કન્યાશાળાઓમાં ૨,૧૦૭ બાળાઓ ભણે છે. ઘણીખરી શાળાઓમાં સંખ્યા હજી વધતી જાય છે.

"આજ સુધીમાં ત્રીસ હજાર રૂપિયા ખર્ચ થયો છે. માસિક ખર્ચ દસ હજાર રૂપિયાનો આશરે થશે. પ્રજાકીય કેળવણી મંડળે આજ સુધીમાં એક લાખ પચીસ હજાર રૂપિયા ભરાવ્યા છે, જે પેટે રૂપિયા પચાસ હજાર વસૂલ આવ્યા છે.

"સરકારે નીમેલી કમિટી તરફથી ચાલતા વહીવટમાં હાલ નવી ખોલેલી બે શાળાઓ સાથે ૫૭ શાળાઓ ચાલે છે. તેમાં ૨૫૦ શિક્ષકો છે અને વિદ્યાર્થીઓની સંખ્યા વધારેમાં વધારે ૨,૦૦૦ ની અંદર હોવી જોઈએ. મ્યુનિસિપાલિટીને બરતરફ કરી તે પહેલાં મ્યુનિસિપલ શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા સાડાદસ હજાર કરતાં વધારે કોઈ વખત થયેલી નહોતી. આ ધોરણે અત્યારે કમિટીની શાળાઓમાં ૧,૭૦૦ કરતાં ઓછી સંખ્યા હોવી જોઈએ. કેટલીક શાળાઓ તો તદ્દન ખાલી જ છે. કેટલીકમાં શિક્ષકો જેટલા વિદ્યાર્થીઓ નથી. છતાં પ્રજાકીય શાળાઓને તોડવાની આશાથી દસ હજાર

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



વિદ્યાર્થીઓ હતા તે વખતે જેટલી શાળાઓ ચાલતી હતી તેમાં બેનો ઉમેરો કરી ૫૭ શાળાઓ ૧૬૦૦–૧૭૦૦ વિદ્યાર્થીઓ ઉપર ચલાવવામાં આવે છે.”

તા. ૧૩–૮–’૨૨ના ‘નવજીવન’માં ‘સ્થાનિક સ્વરાજની દુર્દશા’ એ નામના લેખમાં ઇલાકા મ્યુનિસિપાલિટીઓ વિષે સરદાર લખે છે:

“સેંકડે ૭૫ ટકા જેટલી મ્યુનિસિપાલિટીઓ મોતની અણી પર છે. જ્યાં જુઓ ત્યાં ઊપજ કરતાં ખર્ચ ઘણું વધી ગયું છે. વિશેષ કર નાખવાની જગા રહી નથી. કેળવણી ખાતાનો વહીવટ બાહોશ પ્રધાનના હાથમાં છે. તેમણે શિક્ષકોના પગારનું ધોરણ નક્કી કર્યું પણ તે પ્રમાણે મ્યુનિસિપાલિટીઓ પગાર આપી શકશે કે નહીં તેનો વિચાર તેમણે કર્યો જણાતો નથી. મ્યુનિસિપાલિટીઓ આ બોજો ઉપાડી શકતી નથી. અને સરકાર કાંઈ મદદ કરી શકતી નથી. . . . આમ છતાં ઇલાકાની મોટામાં મોટી બે મ્યુનિસિપાલિટીઓએ પોતાની કેળવણીનો વહીવટ પોતાને ખરચે પોતાના હાથમાં લેવાનો પ્રયત્ન કર્યો તે સરકારથી સહન ન થયું. . . . સરકારી કેળવણી ખાતાના નિયમો પૈકી ત્રીજા નંબરના (સરકારી ઇન્સ્પેક્ટરોને પરીક્ષાઓ લેવા દેવાના તથા નિરીક્ષણ કરવા દેવાના) નિયમનો અમદાવાદ, સુરત અને નડિયાદની મ્યુનિસિપાલિટીઓએ ભંગ કર્યો તેથી સરકારની તે મ્યુનિસિપાલિટીઓ પર ઇતરાજી થઈ. આજે સેંકડે પોણોસો ટકા મ્યુનિસિપાલિટીઓ બીજા નંબરના (સરકારે ઠરાવેલો પગાર શિક્ષકોને આપવા વગેરે) નિયમનો ભંગ કરે છે, કારણ કે તે નિયમ પાળવા માટે જોઈતાં નાણાં નથી, તેને સરકાર કાંઈ કરી શકતી નથી. તેમ તે નિયમ પાળવાને કાંઈ મદદ કરી શકતી નથી. કારણ કે સરકાર પાસે પોતાને હસ્તકનાં ખાતાં ચલાવવાને જ પૂરતાં નાણાં નથી તો પ્રજાને જવાબદાર ખાતાંમાં મદદ ક્યાંથી આપે?”

તા. ૯–૨–’૨૪થી અમદાવાદમાં પ્રજાકીય મ્યુનિસિપાલિટી ફરીથી પાછી અસ્તિત્વમાં આવી તોપણ પ્રજાકીય કેળવણી મંડળે કાઢેલી શાળાઓ ચાલુ રાખવામાં આવી, અને મ્યુનિસિપાલટીએ એ શાળાઓ નિભાવવા માટે દોઢ લાખ રૂપિયાની ગ્રાન્ટ પ્રજાકીય કેળવણી મંડળને આપી. કાયદા પ્રમાણે સરકારે મંજૂર કરેલી ન હોય એવી કેળવણીની સંસ્થાઓને મ્યુનિસિપાલિટી ગ્રાન્ટ આપી શકે છે. તે વખતના કેળવણી ખાતાના ડિરેક્ટર મિ. લૉરીને લાગ્યું કે આટલાં બધાં બાળકો સરકારી કેળવણી ખાતાની બહાર અને સરકારે માન્ય નહીં રાખેલી એવી શાળાઓમાં ભણે એ ઠીક નહીં. એને લીધે સરકારી કેળવણી ખાતાની પ્રતિષ્ઠાને તો હાનિ થતી જ હતી. એટલે તે વખતના ઉત્તર વિભાગના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર શ્રી વકીલ મારફત તેણે વાટાઘાટ કરવાનું શરૂ કર્યું. કૉંગ્રેસમાં પણ ફેરવાદીઓ અને નાફેરવાદીઓ વચ્ચેના વાદવિવાદોને



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



કારણે પરદેશી કાપડ સિવાયના બીજા બહિષ્કારો વિષે આગ્રહ ન રાખવાનું વાતાવરણ પેદા થવા માંડ્યું હતું. એટલે સરદારને લાગ્યું કે હવે શાળાઓ ઉપર નામનો સરકારી અંકુશ આવે છે તેની સૂગ રાખવાનો આ વખત નથી. શ્રી વકીલ અને મ્યુનિસિપલ સ્કૂલ્સ કમિટીના સેક્રેટરી શ્રી પ્રાણલાલ દેસાઈ વચ્ચે અવૈધ રીતે વાતો થઈ અને ભૂમિકા તૈયાર થઈ એટલે મિ. લૉરી બધું પાકું નક્કી કરવા અમદાવાદ આવ્યા અને મ્યુનિસિપાલિટી સાથે સમાધાન કર્યું. તેને પરિણામે તા. ૧૬–૯–’૨૪થી પ્રજાકીય પ્રાથમિક કેળવણી મંડળ તરફથી ચાલતી બધી શાળાઓ બંધ કરી દેવામાં આવી. મ્યુનિસિપાલિટીએ પ્રજાકીય પ્રાથમિક કેળવણી મંડળને જે દોઢ લાખની ગ્રાન્ટ આપી હતી તેમાં કેળવણી ખાતાએ કશો વાંધો ઉઠાવવો નહીં એવું ડિરેક્ટરે કબૂલ કર્યું. મ્યુનિસિપાલિટીના જૂના શિક્ષકો જેઓ મ્યુનિસિપાલિટીની નોકરી છોડી પ્રજાકીય પ્રાથમિક કેળવણી મંડળની શાળાઓમાં જોડાયા હતા તેમને ફરી પાછા મ્યુનિસિપાલિટીની નોકરીમાં લેવામાં આવ્યા. સમાધાનની શરતો મુજબ વચગાળાના સમયની તેમની કપાતે પગારે રજા ગણવામાં આવી અને તેમને પ્રમોશનમાં નુકસાની ન ખમવી પડે તેથી લગભગ અઢી વર્ષનો ‘ એડવાન્સ ઇન્ક્રીમેન્ટ ’ ( અગાઉથી પગારવધારો ) તેમને આપવામાં આવ્યો.

શ્રી પ્રાણલાલ દેસાઈની બાબતમાં કમિશનર મિ. પ્રૅટ ફરી પાછા ઝળક્યા. એમના પગારનો રૂા. ૨૦૦થી ૪૦૦નો ગ્રેડ કમિશનરે મંજૂર કર્યો ન હતો. સમાધાન કરતી વખતે સરદારે આગ્રહ કર્યો કે આ પ્રથમ મંજૂર થવો જોઈએ. અને તે પણ ૧૯૨૧ના માર્ચમાં, જ્યારથી શ્રી પ્રાણલાલ દેસાઈનો સરકારી નોકરીમાં રૂા. ૨૦૦નો પગાર થયો તે તારીખથી મંજૂર થવો જોઈએ. મિ. લૉરીએ જવાબ આપ્યો કે, “ તે મંજૂર કરાવી આપવાનું મારે માથે તમે ફરીથી આ બાબત કમિશનરને લખો.” એવું લખાણ કરવામાં આવ્યું એટલે કમિશનરે ગ્રેડ તો મંજૂર કર્યો પણ ‘સીંદરી બળે છતાં વળ ન મૂકે’ એ ઢબે કમિશનરે મંજૂરીના પત્રમાં લખ્યું કે :

> “ સ્કૂલ્સ કમિટીના સેક્રેટરીનો રૂા. ૨૨૫થી ૪૦૦નો પગાર મને વધારેપડતો લાગે છે. વળી શ્રી દેસાઈએ સરકારી નોકરીનું રાજીનામું આપી હંમેશને માટે મ્યુનિસિપાલિટીની નોકરી સ્વીકારી તે બદલ બક્ષિસ તરીકે તેમને આ પગાર આપવામાં આવે છે એવી મારી માન્યતા હોવાથી સને ૧૯૨૧માં મેં એ ગ્રેડ મંજૂર કર્યો નહોતો. આજે પણ મારો તો એ જ અભિપ્રાય કાયમ છે. અને તેથી હું પોતે તો એ ગ્રેડ મંજૂર કરવાની વિરુદ્ધ છું. પણ કેળવણી ખાતાના ડિરેક્ટર મને ખાસ આગ્રહ કરે છે કે મારે એ ગ્રેડ મંજૂર કરવો. તેથી એ આગ્રહને વશ થઈ, મારી પોતાની મરજી વિરુદ્ધ એ ગ્રેડ મારે મંજૂર કરવો પડે છે.”

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



આમ શાળાઓનું પ્રકરણ ઊકલી ગયું પણ સરકારે એ સહેલાઈથી ઊકલવા દીધું નહોતું મ્યુનિસિપાલિટીની બરતરફી પછી તુરત આ શાળાઓ ચલાવવામાં તા. ૧–૩–'૨૧, જ્યારથી મ્યુનિસિપાલિટીએ કેળવણીખાતાને પરીક્ષાઓ ન લેવા દેવાનો તથા નિરીક્ષણ ન કરવા દેવાનો ઠરાવ પસાર કર્યો ત્યારથી તે ૧૭–૧૨–'૨૧ સુધી જ્યારે કમિશનરના હુકમથી ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરે સ્કૂલ્સ કમિટીની ઑફિસનો કબજો લીધો, ત્યાં સુધીમાં થયેલા ખર્ચના ૧,૬૮,૬૦૦ રૂપિયા મ્યુનિસિપાલિટીના ઓગણીસ કાઉન્સિલરો જેમણે આવા ઠરાવો કરવામાં ભાગ લીધો હતો, તેમની પાસેથી વસૂલ કરવા તેમના ઉપર સરકારે અમદાવાદની ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં દાવો માંડ્યો. સરકારી વકીલની મુખ્ય દલીલએ હતી કે ઍક્ટની કલમ ૫૮ મુજબ ઘડેલા નિયમ ૨ તથા ૩નો તથા 'વર્નાક્યુલર માસ્ટર્સ કોડ' (ગુજરાતી શિક્ષકો માટેનો ધારો) ના નિયમ ૭ નો મ્યુનિસિપાલિટીએ ભંગ કર્યો હોવાથી તેણે શાળાઓ કાયદા મુજબ ચલાવી નથી અને તેથી કાયદાને બાજુએ રાખી નિશાળો ચલાવવામાં જે ખર્ચ થયું છે તે મ્યુનિસિપલ નાણાંનો ગેરઉપયોગ (misapplication) છે, જેને માટે ઓગણીસ કાઉન્સિલરો દરેક એકામતે એકાજુથે જવાબદાર છે. સરકાર તરફથી કેસ સરકારી વકીલ રા. બ. ગિરધરલાલ પારેખે ચલાવ્યો હતો. પ્રતિવાદીઓ તરફથી જુદા જુદા વકીલો રોકાયેલા હતા. જોકે સરદાર, બલુભાઈ, દાદાસાહેબ માવળંકર, ડૉ. કાનુગા, કૃષ્ણલાલ દેસાઈ તથા કાળિદાસ ઝવેરી–એટલાએ કોઈને વકીલ કર્યા નહોતા. પણ બધા જ પ્રતિવાદીઓ તરફથી દી. બ. હરિલાલભાઈએ દાવાનું કામ ચલાવ્યું હતું અને શ્રી દાદાસાહેબ તેમની મદદમાં હતા. હકીકતો વિષે તો કશો મતભેદ હતો જ નહીં.

સરકારી અંકુશ ફગાવી દઈ ચલાવેલી નિશાળો અંગે થયેલા ખર્ચને મ્યુનિસિપલ નાણાંનો ગેરઉપયોગ કહી શકાય કે કેમ અને તે નાણાં માટે પ્રતિવાદીઓને જવાબદાર ગણી શકાય કે કેમ એટલા જ કાનૂની સવાલનો જજને નિર્ણય કરવાનો હતો.

કેસમાં સ્કૂલ્સ કમિટીના સેક્રેટરી શ્રી પ્રાણલાલ દેસાઈની એકલાની જ જુબાની લેવાઈ અને તે પણ વાદી તરફથી. મ્યુનિસિપલ ઍક્ટ મુજબ ઘડવામાં આવેલા નિયમ નંબર ૨માં અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તકો અને શિક્ષકોના પગાર વિષેની બાબતો છે તથા ગુજરાતી શિક્ષકો માટેના ધારાની સાતમી કલમમાં મુલાકાતીઓને આવવા દેવા અને તેમની મુલાકાતની નોંધ રાખવી એ બાબતો છે. શ્રી પ્રાણલાલ દેસાઈએ પોતાની જુબાનીમાં કહ્યું કે, દાવાના સમય દરમિયાન શાળાઓની વ્યવસ્થાના ધોરણમાં કોઈ પણ ફેરફાર કરવામાં આવ્યો નહોતો. અભ્યાસક્રમ તથા પાઠ્યપુસ્તકો જે પહેલાં ચાલતાં હતાં તે જ ચાલુ રાખવામાં

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



આવ્યાં છે. શિક્ષકોને પણ નક્કી કરેલા દર મુજબ પગારો આપવામાં આવ્યા છે, શાળાઓ મુલાકાતીઓ માટે ખુલ્લી રાખવામાં આવતી, મુલાકાતીઓ મુલાકાતપોથીમાં જે નોંધ કરતા તેની નકલ સ્કૂલ્સ કમિટીની ઑફિસમાં મોકલવામાં આવતી અને ત્યાં તેની ફાઈલ રહેતી. આ ઉપરથી જજે ઠરાવ્યું કે નંબર ૨ નો તથા શિક્ષકો માટેના ધારાનો બિલકુલ ભંગ થયો નથી.

નિયમ નં. ૩ પ્રમાણે કેળવણી ખાતાના નિરીક્ષકોને શાળાની પરીક્ષાઓ લેવાનો તથા નિરીક્ષણ કરવાનો અધિકાર છે એ મ્યુનિસિપાલિટિએ ન કરવા દીધું, તે બાબતમાં જજે ઠરાવ્યું કે:

"તેનો ભંગ તેણે કર્યો છે એ સ્પષ્ટ છે. સરકારી નિરીક્ષકોને પરીક્ષા ન લેવા દીધી અને નિરીક્ષણ ન કરવા દીધું એ મ્યુનિસિપાલિટીનું કૃત્ય ગેરકાયદે હતું, પણ તેથી શાળાઓ ચલાવવાનું તેમનું કૃત્ય તેમના અધિકાર બહારનું ઠરતું નથી. શાળાઓ ચલાવવાની તો કાયદાએ જ તેમના ઉપર ફરજ નાખેલી છે, ખર્ચની એકેએક વિગત બજેટમાં પાસ કરાવીને, યોગ્ય અધિકારીની મંજૂરી મેળવીને તેમણે કરેલી છે. એટલે શાળાઓ ચલાવવાનું તેમનું કામ તો કાયદેસર જ હતું. માત્ર એ કાયદેસર કામને અમલમાં મૂકતાં તેમણે એક ગેરકાયદે કૃત્ય કર્યું. પણ તેથી પેલા કાયદેસર કામ પાછળ ખર્ચેલાં નાણાં પોતાના અધિકારની બહાર અને ખોટી રીતે ખર્ચેલાં છે એમ ન ગણાય."

આ નિર્ણયના સમર્થનમાં પોતાનાં કારણો આપતાં જજ જણાવે છે કે:

"આપણે મ્યુનિસિપલ ઍક્ટનું પૃથક્કરણ કરીએ તો જણાય છે કે કાયદાની મૂળ કલમોમાં તેમ જ તેની રૂએ ઘડવામાં આવેલા નિયમોમાં કારોબારી અમલદારોએ કેવી રીતે અંકુશ રાખવો તેની વિવિધ પદ્ધતિઓ તેમાં દર્શાવેલી છે તથા મ્યુનિસિપલ નોકરોએ પોતાની ફરજ કેવી રીતે બજાવવી તેની સૂચનાઓ પણ આપેલી છે. આમ ઍક્ટની કલમ ૧૭૩ પ્રમાણે કલેક્ટરને સત્તા આપેલી છે કે મ્યુનિસિપાલિટીનું કાંઈ પણ કામ ચાલતું હોય ત્યાં જઈને તેનું નિરીક્ષણ તે કરી શકે. હવે દાખલા તરીકે ધારો કે જનરલ બોર્ડના ઠરાવથી વૉટરવર્ક્સના કંપાઉન્ડમાં દાખલ થતાં અને તેનું નિરીક્ષણ કરતાં કલેક્ટરને રોકવામાં આવ્યા, તો શું વૉટરવર્ક્સ ઉપર કરવામાં આવતું તમામ ખર્ચ મ્યુનિસિપલ ફંડનો ખોટી રીતે કરેલો ઉપયોગ (misapplication) ગણાશે ? તે જ રીતે શાળાઓ ઉપર અંકુશ રાખવાના જે નિયમો ઘડેલા છે તેમાં બીજા નંબરનો નિયમ કહે છે કે મ્યુનિસિપલ શિક્ષકોને ઠરાવેલા દર પ્રમાણે પગાર આપવો જોઈએ. હવે નાણાંની તંગીને લીધે કોઈ મ્યુનિસિપાલિટી પોતાના શિક્ષકોને ઠરાવેલા દર કરતાં ઓછો પગાર આપી શકે — અને એવું તો ઘણીયે મ્યુનિસિપાલિટીઓમાં બને છે એ સૌ જાણે છે — તો શું તેના કાઉન્સિલરો ફંડના ગેરઉપયોગ માટે જવાબદાર ગણાશે ? બીજો દાખલો લઈએ. ગુજરાતી શિક્ષકો માટેના ધારાના

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



પહેલા પ્રકરણના ચોથા નિયમ પ્રમાણે શિક્ષકોની એ જોવાની ફરજ છે કે શાળામાં વિદ્યાર્થીઓ ચોખ્ખાં કપડાં પહેરીને અને ચોખ્ખાં બદન રાખીને આવે. પાંચમા નિયમમાં જણાવ્યું છે કે શાળાનું મકાન અને કંપાઉન્ડ સ્વચ્છ અને વ્યવસ્થિત રાખવા માટે હેડમાસ્તર જવાબદાર છે. પાંચમા પ્રકરણના આઠમા નિયમમાં લખેલું છે કે વર્ગના ઓરડામાં હેડમાસ્તરની સહી સાથેનું ટાઈમટેબલ ટિંગાડેલું હોવું જોઈએ. એવી દલીલ કરી શકાય ખરી કે ગુજરાતી માસ્તરો માટેનો ધારો, જેનો સ્પષ્ટ ઉલ્લેખ અંકુશો માટેના નિયમોમાંના બીજા નંબરના નિયમમાં કરવામાં આવ્યો છે, તેના કોઈ નિયમનો ભંગ કરવાથી પ્રાથમિક શાળાઓ સ્થાપવામાં અને નિભાવવામાં કરેલું ખર્ચ એ ફંડનો ગેરઉપયોગ ગણાય? આમ જોતાં, વિદ્વાન સરકારી વકીલે જોસપૂર્વક જે દલીલો કરી છે તેનો મથિતાર્થ આપણને બેહૂદી સ્થિતિએ લઈ જાય છે.

"પણ સરકારી વકીલે એવી દલીલ કરી છે કે કેળવણી ખાતાનો અંકુશ કાયમ રાખવો એ કાયદા પ્રમાણે જે પ્રાથમિક શિક્ષણ આપવાનું છે તેને માટે અનિવાર્ય છે, નહીં તો યોગ્ય પ્રકારનું શિક્ષણ અપાય તેની ખાતરી શી રહે? આનો ટૂંકો જવાબ એટલો જ છે કે કહેવાતું અયોગ્ય શિક્ષણ અપાઈ ચૂક્યું તેમાં કહેવાતું ગેરકાયદે થયેલું ખર્ચ કાઉન્સિલરો પાસેથી વસૂલ કરવાનો આ દાવો માંડ્યો છે, એ ગેરકાયદે ખર્ચ થતું અટકાવવાનો આ દાવો નથી. . . . ટ્રસ્ટફંડને નુકસાન પહોંચે એવી રીતે કાયદાનો ભંગ થતો અટકાવવા માટેના ઉપાયો લેવા, અને જે નાણાં ખર્ચાઈ ચૂક્યાં છે — ભલે તે ખોટી રીતે ખર્ચાયેલાં કહેવાતાં હોય — તે વસૂલ કરવાના ઉપાયો લેવા, એ બેમાં બહુ તફાવત છે. મ્યુનિસિપલ કાઉન્સિલરોએ કાયદાની વિરુદ્ધ જઈ સરકારી અંકુશો ફગાવી દીધા તેથી તેમણે ટ્રસ્ટના નિયમોનો ભંગ કર્યો એમ કદાચ કહેવાય. પણ એવો ભંગ થતો અટકાવવાનો ઉપાય તો મનાઈહુકમ મેળવવા માટે અરજી કરવી એ છે. જ્યારે ટ્રસ્ટના નિયમોના ભંગથી ટ્રસ્ટ-ફંડને નુકસાન પહોંચે ત્યારે જ ટ્રસ્ટીઓ અંગત રીતે જવાબદાર ગણાય છે. પ્રસ્તુત કેસમાં ટ્રસ્ટફંડને કશું નુકસાન પહોંચ્યું જ નથી. કારણ ફંડ કાયદેસર કામ માટે જ વપરાયું છે. એટલે કાઉન્સિલરોને અંગત રીતે જવાબદાર શી રીતે ગણવા એ મને સમજાતું જ નથી. . . . મને તો એમ લાગે છે કે મ્યુનિસિપલ ઍક્ટની ૫૮મી કલમની રૂએ અંકુશ રાખવાના જે નિયમો ઘડવામાં આવેલા છે તે માર્ગદર્શક છે, હુકમરૂપ નથી. મ્યુનિસિપાલિટી એ નિયમોનો ભંગ કરે એ જરૂર તેના અધિકાર બહારનું અને ગેરકાયદે ગણાય. તેમ છતાં મ્યુનિસિપાલિટીએ કરેલું ખર્ચ તેના અધિકાર અંદરનું છે અને ગેરકાયદે નથી.

"એટલે આ કેસને કોઈ પણ દૃષ્ટિએ જોઈએ, કલમની ભાષાની દૃષ્ટિએ જોઈએ અથવા તો મ્યુનિસિપલ ઍક્ટની સમગ્ર યોજનાની દૃષ્ટિએ જોઈએ, અથવા તો અમુક કૃત્યો અધિકાર બહારનાં ગણાય છે તેને લગતા સિદ્ધાંતની

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



દૃષ્ટિએ જોઈએ અથવા તો ટ્રસ્ટના અને નાણાંના ગેરઉપયોગના નિયમોની દૃષ્ટિએ જોઈએ, મને તો લાગે છે કે વાદીએ ખોટો ઉપાય લીધો છે અને તેનો દાવો કાયદેસર રીતે ટકી શકે એવો નથી.

"તેથી આ દાવો કાઢી નાખવામાં આવે છે. તેણે પ્રતિવાદીઓનું ખર્ચ આપવું અને પોતાનું પોતે ભોગવી લેવું."

કેસ બહુ રસાકસીવાળો હોઈ બન્ને પક્ષના વકીલોએ ખૂબ લંબાણથી દલીલો કરી હતી અને જજનું જજમેન્ટ પણ બહુ લાંબું હતું. મેં તો અતિશય ટૂંકાણમાં તેનો સાર જ ઉપર આપ્યો છે.

ડિસ્ટ્રિક્ટ જજે પોતાનો ચુકાદો તા. ૧૪–૪–'૨૩ના રોજ આપ્યો. ત્યાર પછી આ કેસ વિષે તા. ૨૨–૪–'૨૩ના 'નવજીવન'માં સરદારે એક લેખ લખ્યો. તેમાં તેઓ કહે છે:

". . . કાયદો અને વ્યવસ્થા (Law and order)ના નામથી અનેક પ્રકારની અનીતિ કરવાની સરકારને આદત પડેલી છે તે જ પ્રમાણે આ કામમાં કર્યું. જે ઓગણીસ સભાસદોએ કેળવણી ઉપરનો સરકારનો કાબૂ દૂર કરવા લડત ઉઠાવેલી તેમની પાસેથી કેળવણીની પાછળ 'ખોટી રીતે કરેલા' ખર્ચની રકમ વસૂલ કરવા દાવો કર્યો. પ્રાથમિક કેળવણી પાછળ જે ઘટતો ખર્ચ કરવા મ્યુનિસિપાલિટી કાયદાથી બંધાયેલી છે તે ખર્ચ કરવા માટે તેના સભાસદો પાસેથી લાખો રૂપિયાના દાવા કરવાની સરકારની હિંમત ચાલે અને તે પણ સુધારાના રાજ્યમાં — જ્યારે સ્થાનિક સ્વરાજ્યનું ખાતું પ્રજાકીય પ્રધાનના હાથમાં સોંપવામાં આવ્યું છે ત્યારે — તો સ્થાનિક સ્વરાજ્યના નામથી ચાલતા પાખંડનો વધુ પુરાવો શો જોઈએ?

"અમદાવાદમાં સરકારની હાર થઈ. કોર્ટે સરકારનો દાવો રદ કર્યો અને પ્રતિવાદીનું ખર્ચ સરકારે આપવું એમ ઠરાવ્યું. આથી કેટલાકને આશ્ચર્ય થાય છે. અન્યાયથી ટેવાયેલી પ્રજાને કોઈ વખત ન્યાયની ઝાંખી થાય ત્યારે નવાઈ લાગે એ સ્વાભાવિક છે. પણ આવા ક્વચિત્ થતા ન્યાયથી પ્રજા છેતરાય છે. ખરું જોતાં તો આ કેસમાં ન્યાય મેળવવાનો પ્રયત્ન થોડો જ હતો. આવો ઉઘાડો અન્યાય માગવા આવવાની હિંમત તો સરકારની જ ચાલે, કારણ એને સત્તાની હૂંફ છે. સરકારી વકીલે આ કેસ જેમ બને તેમ વહેલો ચલાવવા કોર્ટને અરજીઓ કરેલી. વહેલો ફેંસલો થયે સરકારને તો કાંઈ મળે એમ નહોતું. પણ સરકાર કેસમાં અસાધારણ હિત લે છે એવી કોર્ટના ઉપર અસર પાડવાની અને તેથી જેટલો લાભ ઉઠાવી શકાય તેટલો ઉઠાવવાની આ એક સામાન્ય રીત થઈ પડેલી છે. સરકારની પાસે ન્યાયખાતું છે. તેના વડા અધિકારીને હજારો રૂપિયાનો પગાર આપવામાં આવે છે. સરકારી ધારાશાસ્ત્રીને પણ મોટા પગાર મળે છે. અને સરકારી વકીલ વગર આ રાજ્યમાં કોઈ કોર્ટ હોતી જ નથી. આટલી બધી કાયદાની મદદ છતાં સરકારની આ દાવો કરવાની હિંમત કેમ ચાલી હશે? આ દાવામાં

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

થયેલો ખર્ચ અને પ્રતિવાદીને જે આપવો પડશે એ બધો ખર્ચ નાણાંનો સદુપયોગ ગણાશે કે દુરુપયોગ ( misapplication ) ગણાશે ? સરકારી વકીલને આવો ઉઘાડો અન્યાયી દાવો ચલાવવા બદલ મોટી ફી મળવાની છે એ પણ નાણાંનો સદુપયોગ ગણાશે કે ? નાણાંનો આવો સદુપયોગ કરનારી શાહુકારી ટોળી, પોતાના પૈસા પોતાનાં બાળકોની કેળવણીની પાછળ ખર્ચનારને પૈસાનો દુરુપયોગ કરનાર ઠરાવવાનો દાવો કરે એવું પાખંડ તો આ રાજ્યમાં જ ચાલે. જો સ્થાનિક સ્વરાજ્યનું ખાતું પ્રધાનના હાથમાં ન હોત તો આટલી હિંમત તો ન જ ચાલત.

“અમદાવાદમાં કર ભરનારાઓમાંથી કોઈને પોતાનાં નાણાંનો દુરુપયોગ કે ગેરવહીવટ થતો લાગતો નથી. કર ભરનારાઓને દાવો કરવાની સત્તા છે પણ કોઈ દાવો કરતું નથી. પ્રજાના પ્રતિનિધિઓએ પ્રજાની સંમતિથી જ ખર્ચ કરેલો અને સરકાર સામે લડત ઉપાડેલી એ વાતની સરકારને ચોક્કસ ખબર હતી. છતાં સરકારને કર ભરનારાઓના હિતની ખાતર આ દાવો કરવાનો ખોટો ઢોંગ કરવાની કેમ જરૂર પડી એ કોઈનાથી અજાણ્યું નહીં જ હોય.”

આટઆટલા ડિસ્ટ્રિક્ટ જજના અને લોકોના ઠોક પડ્યા છતાં સરકારે હાઈ કોર્ટમાં અપીલ કરી. ત્યાં એની અપીલ ખર્ચ સાથે કાઢી નાખવામાં આવી.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

# ૧૮

# નડિયાદ અને સુરત મ્યુનિસિપાલિટીની લડત

નડિયાદ અને સુરત મ્યુનિસિપાલિટીઓએ પણ સરકારના કેળવણી ખાતા સાથે અસહકારની લડત આ વખતે ચલાવી હતી. તેની સઘળી વિગતોમાં નહીં (કારણ તે વસ્તુ સ્વાભાવિક રીતે જ સ્થાનિક કાર્યકર્તાઓના હાથમાં રહે) પણ મુખ્ય મુદ્દાની બાબતમાં સરદારનું માર્ગદર્શન હતું. એટલે એ બંને મ્યુનિસિપાલિટીઓની લડતોનો હેવાલ અહીં ટૂંકમાં આપવો ઉચિત ગણાશે.

નડિયાદ મ્યુનિસિપાલિટીએ તો અમદાવાદ કરતાં પણ વહેલી લડત શરૂ કરી હતી. ૧૯૨૦ના ઑગસ્ટમાં અમદાવાદમાં મળેલી ગુજરાત રાજકીય પરિષદે અને સપ્ટેમ્બરમાં કલકત્તામાં મળેલી કૉંગ્રેસની ખાસ બેઠકે સરકાર સાથે અસહકાર કરવાના ઠરાવો પાસ કર્યા પછી તરત જ નડિયાદમાં શ્રી ગોકળદાસ દ્વારકાદાસ તલાટી તથા ફૂલચંદ બાપુજી શાહે નડિયાદ મ્યુનિસિપાલિટીની સઘળી શાળાઓને અસહકારી કરી નાખવા માટે લોકમત તૈયાર કરવા જુદા જુદા લત્તામાં સભાઓ કરવા માંડી. છેવટે તા. ૧–૧૦–’૨૦ના રોજ નડિયાદ મ્યુનિસિપાલિટીના કર ભરનારાઓની જાહેર સભામાં ઠરાવ કરવામાં આવ્યો કે:

> “કેળવણીની બાબતમાં અસહકાર કરવા માટે મ્યુનિસિપાલિટીને મળતી કેળવણીની ગ્રાંટ છોડી દેવા આ સભા મ્યુનિસિપાલિટીમાંના પોતાના પ્રતિનિધિઓને આગ્રહપૂર્વક વિનંતી કરે છે.”

મ્યુનિસિપાલિટીના સભ્યો એ ઠરાવ ઉપર વિચાર કરવા સંતરામ મહારાજના મંદિરમાં ભેગા થયા. તેમાં મ્યુનિસિપલ સભ્યો ઉપરાંત બીજા કાર્યકર્તાઓને પણ બોલાવવામાં આવ્યા હતા અને આ બાબતમાં દોરવણી આપવા સરદારને ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું. સરદારે મ્યુનિસિપલ કાયદાની બરાબર છણાવટ કરી અસહકારનો ઠરાવ કરવામાં સભ્યોએ કેટલી જવાબદારી ઉઠાવવાની છે તેનો અને સરકાર સાથેનો અસહકાર, લોકોનો કેટલો સહકાર મળે તો સફળ થાય તેનો ખ્યાલ આપ્યો અને સલાહ આપી કે, સભ્યો મક્કમ હોય અને લોકોના સાથની ખાતરી હોય તો આ પગલું ભરવું. પછી તા. ૮–૧૦–’૨૦ની મ્યુનિસિપલ બોર્ડની સભામાં શ્રી ફૂલચંદભાઈએ નીચેનો ઠરાવ રજૂ કર્યો:

> “કલકત્તાની હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસે અસહકારનો ઠરાવ પસાર કરેલો હોવાથી આ બોર્ડ ઠરાવ કરે છે કે સરકારને જણાવી દેવું જોઈએ કે અમે



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

પ્રાથમિક કેળવણી માટે સરકારની ગ્રાન્ટ લેવા ઇચ્છતા નથી અને અમારી પ્રાથમિક શાળાઓ સરકારના અંકુશ વિના ચલાવવા ઇચ્છીએ છીએ. માટે પ્રાથમિક કેળવણી માટે અમને અપાતી ગ્રાન્ટ સરકારે બંધ કરવી.”

આ ઠરાવ ૯ વિરુદ્ધ ૪ મતે પસાર થયો.

ખેડા જિલ્લાના કલેક્ટરે મ્યુનિસિપાલિટીની આર્થિક સ્થિતિ પ્રત્યે ધ્યાન ખેંચી ઠરાવનો ફરી વિચાર કરવાની સલાહ આપી. મ્યુનિસિપલ બોર્ડે ઠરાવ કરીને જણાવ્યું કે, “પહેલો ઠરાવ બધી બાજુનો વિચાર કરીને જ અમે કર્યો છે, લોકોમાં ઉઘરાણાં કરીને નાણાંની ગોઠવણ કરી લેવાનું અમે વિચાર્યું છે અને અત્યારની સમગ્ર પરિસ્થિતિ જોઈને કૉંગ્રેસે જે આદેશ આપ્યો છે તેનો હરકોઈ ભોગે અમલ કરવાનો અમારો નિરધાર છે. કર ભરનારાઓની ઇચ્છાને અનુસરીને જ અમે આ પગલું ભર્યું છે.” કેળવણી ખાતા તરફથી પૂછવામાં આવ્યું કે, “અત્યારે જે શિક્ષકો મ્યુનિસિપાલિટીની નોકરીમાં છે તેમને તમે રાખવા ઇચ્છો છો કે કેમ?” તેને જવાબ આપ્યો કે, “કેળવણી ખાતાથી સ્વતંત્ર રીતે જે શિક્ષકો પૂરેપૂરા મ્યુનિસિપાલિટીના નોકરો તરીકે રહેવા રાજી હોય તેમને અમે રાખવા ઇચ્છીએ છીએ.” આ બાબતની શિક્ષકો સાથે પણ ચોખવટ કરી અને જેમને સરકારી નોકરીમાં પાછા ફરવું હતું તેમને છૂટા કરી તેમની જગ્યાએ બીજા શિક્ષકોની ગોઠવણ કરી.

દરમિયાન ઉત્તર વિભાગના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરે શાળાઓમાં પરીક્ષા લેવા માટે તથા નિરીક્ષણ માટે પોતાના ઇન્સ્પેક્ટરોને તેઓ અમુક અમુક તારીખે મોકલશે એમ જણાવ્યું. તેમને મ્યુનિસિપાલિટીએ જવાબ આપ્યો કે, અમે પરીક્ષાઓ તો સ્વતંત્ર રીતે લઈ લીધી છે અને અમે સરકારનો અંકુશ સ્વીકારવા ઇચ્છતા નથી, માટે પરીક્ષાઓ માટે કે નિરીક્ષણ માટે તમારે આવવું નહીં કે કોઈ ઇન્સ્પેક્ટરને મોકલવા નહીં. વળી મ્યુનિસિપાલિટીની સ્કૂલ બોર્ડે શાળાઓનો અભ્યાસક્રમ પણ નવેસરથી રચ્યો અને બધી શાળાઓને ગૂજરાત વિદ્યાપીઠ સાથે જોડવાનો ઠરાવ કર્યો. મ્યુનિસિપાલિટીમાંથી પાછા ફરેલા શિક્ષકોને નડિયાદમાં જ રાખવાનું વચન આપેલું હોઈ અને તેઓ વફાદારીનો બદલો માગતા હોઈ તેમને સરકાર ગામડે મોકલી શકી નહીં. એટલે જોકે વિદ્યાર્થીઓના પ્રમાણમાં શિક્ષકોની સંખ્યા મોટી હતી અને તેમને પૂરું કામ આપી શકાય એમ નહોતું, છતાં બધા શિક્ષકોને નડિયાદમાં રોકી સરકારે પોતાને ખર્ચે જુદી શાળાઓ કાઢી. આમ સરકારે મ્યુનિસિપાલિટી સામે હરીફાઈ માંડી, પણ સરકારી શાળાઓમાં બાળકોની સંખ્યા બહુ જૂજ થઈ અને શિક્ષકો કામ વિનાના જેવા રહ્યા. એમની ખોટી સલાહથી કેળવણી ખાતાએ કલેક્ટરને જણાવ્યું કે, મ્યુનિસિપાલિટીની શાળાઓનાં ત્રણ મકાનો ઉપર સરકારનો હક ગણાય એમ છે. માટે એનો

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

કબજો લેવામાં આવે તો તેમાં સરકારી શાળાઓ બેસાડવામાં આવે અને મ્યુનિસિપાલિટીની અસહકારી શાળાઓને ધોકો પહોંચે. કલેક્ટરે તા. ૮–૩–'૨૧ના રોજ એ મકાનો તુરતાતુરત ખાલી કરી આપવાની મ્યુનિસિપાલિટીને નોટિસ આપી, પણ મ્યુનિસિપાલિટીએ એ મકાનો ઉપર પોતાનો હક રજૂ કરીને કબજો ન સોંપ્યો. એટલે કલેક્ટરે કાયદો ઊંચે મૂકી પોલીસની મદદથી શાળાઓનાં મકાનોનાં તાળાં તોડી જબરદસ્તીથી મકાનોનો કબજો લીધો. આ સંબંધમાં 'નવજીવન'ના પ્રતિનિધિને મુલાકાત આપતાં સરદારે જણાવ્યું કે :

"જે ત્રણ મકાનોનો કબજો સરકારે જબરાઈથી લીધો છે તે ત્રણ પૈકી એકે મકાન મારા જાણવા પ્રમાણે સરકારની માલકીનું નથી. એક મકાન 'ઇન્ફન્ટીસાઈડ ફંડ'માંથી બનાવેલું છે, બીજું મોટે ભાગે લોકોની મદદથી થયેલું છે અને ત્રીજા મકાનની માલકીના સંબંધમાં તકરાર છે. વળી આ મકાનો મ્યુનિસિપાલિટીને જે શરતોએ આપવામાં આવેલાં છે તે શરતોનો ભંગ થયેલો નથી. છતાં કબજો લેવાનો સરકારનો હક માનીએ તોપણ બાર કલાકની અંદર કબજો સોંપવાને મ્યુનિસિપાલિટીને નોટિસ આપવી અને તે પ્રમાણે જો કબજો ન મળે તો હથિયારબંધ પોલીસની મદદથી કબજો લેવો એ તો ખેડા જિલ્લામાં બહારવટિયાઓ જાસાના કાગળો બાંધી ધાડ પાડવાની ધમકી આપી લોકો પાસેથી પૈસા કઢાવે છે એવું છે. વાર્ષિક ભાડાચિઠ્ઠીથી મકાન ભાડે રાખનાર ભાડૂતને પણ ઓછામાં ઓછી એક મહિનાની નોટિસ મેળવવાનો અધિકાર હોય છે. જ્યારે લગભગ પાંત્રીસ વરસથી જે મકાનો બક્ષિસ આપ્યાનું કહેવામાં આવે છે એવાં મકાનોનો કબજો બાર કલાકની અંદર માગવો અને મ્યુનિસિપલ પ્રમુખને મ્યુનિસિપાલિટીનો મત લેવાનો સુધ્ધાં વખત ન આપવો એ યોગ્ય છે કે અયોગ્ય એ બાબતમાં કોઈના અભિપ્રાયની જરૂર મને લાગતી નથી. પરંતુ આ સરકાર આવું પગલું ભરે એમાં મને કાંઈ નવાઈ લાગતી નથી.સાધારણ રીતે યોગ્ય ગણાય એવાં કૃત્યો સરકાર આજકાલ ભાગ્યે જ કરે છે."

એ મુલાકાતમાં જ આગળ ચાલતાં સરદાર જણાવે છે :

"આ મકાનોનો કબજો લેવા સરકારે દીવાની કોર્ટમાં જવું જોઈતું હતું. પરંતુ સરકારે જબરાઈ કરી એટલે હાલ તો કબજો છોડયા સિવાય મ્યુનિસિપાલિટી પાસે બીજો માર્ગ ન હતો. અસહકારનો સિદ્ધાંત સ્વીકારેલો હોવાથી તે કોર્ટમાં જઈ મનાઈહુકમ મેળવી શકે એવી સ્થિતિમાં નહોતી. આ મકાનોનો કબજો લેવામાં સરકારનો હેતુ નડિયાદમાં ચાલતી અસહકારની ચળવળને ફટકો મારવાનો છે. પરંતુ નડિયાદના લોકો જો પોતાનાં બાળકોને સરકાર આ મકાનોમાં જે શાળા ખોલવા ઇરાદો રાખે છે તેમાં ન મોકલે તો સરકાર આ મકાનોનો કબજો લઈ કશો ફાયદો મેળવશે નહીં, એ દેખીતું છે." ('નવજીવન', ૧૩–૩–'૨૧)

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



સરદારે ઉપર જણાવ્યું છે તેમ જબરદસ્તીથી મકાનોનો કબજો લેવામાં સરકારનો હેતુ પાર પડ્યો નહીં અને સરકારી નિશાળો લગભગ ખાલી જેવી જ રહી. કેટલાક માસ વીત્યા બાદ સરકારને કોઈ ડાહ્યા માણસે સલાહ આપી હશે કે તમારું આ કૃત્ય તો તદ્દન કાયદા વિરુદ્ધ છે અને તે માનવાની એને સદ્‌બુદ્ધિ સૂઝી હશે એટલે પોતાની મેળે થઈને સરકારે આ મકાનો મ્યુનિસિપાલિટીને પાછાં સોંપ્યાં અને પોતાની શાળાઓ બીજે લઈ ગઈ.

દરમિયાન સરકારે બીજી ચાલ ચાલવાનો અખતરો કરી જોયો. તા. ૫–૪–'૨૧ના રોજ મુંબઈ સરકારે એક યાદી બહાર પાડી તેમાં નડિયાદ મ્યુનિસિપાલિટીની સઘળી પરિસ્થિતિનું વર્ણન કરી જણાવ્યું કે :

"મ્યુનિસિપાલિટીએ જે પ્રયોગ શરૂ કર્યો છે તેને વાજબી અજમાયશ ન મળે ત્યાં સુધી સરકાર વચ્ચે પડવા ઇચ્છતી નથી . . . જ્યાં સુધી મ્યુનિસિપાલિટી તેના ઉપર કાયદાએ નાખેલી ફરજ બજાવતી રહે ત્યાં સુધી તેનું ખર્ચ એ પોતાના ફંડમાંથી કરે એમાં કશી હરકત નથી. મ્યુનિસિપાલિટીનું આ કાર્ય વધાવી લેવા જેવું છે, કારણ એથી કેળવણી માટે ખર્ચવાની જે રકમ સરકાર પાસે બચશે તે ઓછા સમૃદ્ધ પ્રદેશોમાં વાપરી શકાશે. જોકે મ્યુનિસિપાલિટીએ આપવા ધારી છે તેવી કેળવણી નડિયાદનાં જે માબાપોને પોતાનાં બાળકો માટે નહીં જોઈતી હોય તેમને માટે સરકાર અલગ શાળાઓ ખોલે એ સ્વાભાવિક છે અને સરકાર આશા રાખે છે કે મ્યુનિસિપાલિટી પોતાને જે સ્વતંત્રતા મળી છે તેવી જ સ્વતંત્રતા એ શાળાઓને ભોગવવા દેશે."

આ યાદીએ મ્યુનિસિપાલિટીના અસહકારી સભ્યોમાં એવી માન્યતા બંધાવા દેવાને કારણ આપ્યું કે સરકારનો વરોધ આ પ્રયોગ સામે નથી, સરકારને એના તરફ દિલસોજી ન હોય તોપણ અણગમો તો નથી જ. જોકે સરકારના આવા વલણ પાછળ તેની ગણતરી તો એ હતી કે નાણાં અને વ્યવસ્થાની મુશ્કેલીઓને લીધે મ્યુનિસિપાલિટી સરકારની મદદ વિના સ્વતંત્ર રીતે શાળાઓ ઝાઝો વખત ચલાવી શકશે નહીં. પણ સરકારની એ ગણતરી ખોટી પડી. પ્રજામતનું માપ કાઢવામાં સરકાર અને મ્યુનિસિપાલિટી વચ્ચે લગભગ એક વરસ સુધી હરીફાઈ ચાલી. એમાં મ્યુનિસિપાલિટી થાકતી નથી એમ સરકારે જોયું એટલે એણે પોતાની ચાલ બદલી. તા. ૨૩–૯–'૨૧ના રોજ એક ઠરાવ બહાર પાડીને અમદાવાદ, નડિયાદ અને સુરત એ ત્રણે મ્યુનિસિપાલિટીઓને જણાવ્યું કે તમે સરકારી અંકુશ ફગાવી દઈ શાળાઓ પાછળ જે ખર્ચ કરો છો તે મ્યુનિસિપલ ફંડનો ગેરઉપયોગ (misapplication) છે, તેને માટે જે કાઉન્સિલરોએ સરકારી અંકુશ કાઢી નાખવાની તરફેણમાં મત આપ્યો છે તેઓ અંગત રીતે જવાબદાર છે. તેમને પોતાની સ્થિતિનો વિચાર કરવા

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ઑક્ટોબરની આખર સુધીનો વખત આપવામાં આવે છે. દરમિયાન કર ભરનારાઓમાંથી કોઈ પણ પોતાને જો એવી સલાહ મળે તો જવાબદાર કાઉન્સિલરો ઉપર દાવો લાવી શકે છે. ત્રણે મ્યુનિસિપાલિટીઓએ આ ઠરાવના લગભગ એકસરખા જ કડક જવાબ આપ્યા.

૧૯૨૧ના ડિસેમ્બરમાં સરકારે ત્રણે મ્યુનિસિપાલિટીઓને ચેતવણી આપી કે કેળવણી ખાતાનો કાબૂ નહીં સ્વીકારવામાં તમે ભૂલ કરેલી હોવાથી તા. ૧૭-૧૨-'૨૧ સુધીમાં તમારે પોતાની ભૂલ સુધારવી. નડિયાદ મ્યુનિસિપાલિટીને લાગ્યું કે, સરકારનો ઇરાદો કોઈ પણ ઉપાયે રાષ્ટ્રીય શાળાઓ તોડી પાડવાનો છે અને એ વચ્ચેની અથડામણમાં બાળકોની કેળવણી બગડશે, એટલે તેણે તા. ૧૬-૧૨-'૨૧ના રોજ બોર્ડનો ઠરાવ કરીને પોતાની શાળાઓ સ્થાનિક રાષ્ટ્રીય શિક્ષણ સમિતિને સોંપી દીધી તથા મ્યુનિસિપલ ફંડમાંથી તે સમિતિને રૂા. ૨,૫૦૦ની ગ્રાન્ટ આપવાનો ઠરાવ કર્યો. કલેક્ટરે આ ઠરાવને મ્યુનિસિપાલિટીના અધિકાર બહારનો ગણી તેનો અમલ થતો અટકાવ્યો અને ઉત્તર વિભાગના કમિશનરના હુકમથી તમામ મ્યુનિસિપલ શાળાઓનો વહીવટ કેળવણી ખાતાના અમલદારને સોંપાવ્યો અને તેના ખર્ચને માટે રૂા. ૯,૦૦૦ મ્યુનિસિપલ ફંડમાંથી આપવાનો હુકમ કર્યો. મ્યુનિસિપાલિટીની રાષ્ટ્રીય શાળાઓ જે હવે રાષ્ટ્રીય શિક્ષણ સમિતિના કબજામાં આવી હતી તેમાં ડિસેમ્બર આખરે અમદાવાદમાં કૉંગ્રેસ ભરાનારી હોઈ તા. ૧૭મીથી એક માસની રજા પાડવામાં આવી હતી, એટલે તેનો કબજો તો સરકાર ન લઈ શકી. પણ અત્યાર સુધી જે શાળાઓ સરકારને ખર્ચે ચાલતી હતી તે મ્યુનિસિપલ ફંડમાંથી ચલાવવાની સરકારે ગોઠવણ કરી. સરકારે નવ હજાર રૂપિયા મ્યુનિસિપાલિટી પાસે માગેલા. તે આપવાની મ્યુનિસિપાલિટીએ ના પાડી એટલે મ્યુનિસિપાલિટીની સિલક સરકારની સબ-ટ્રેઝરીમાં હતી તેમાંથી ત્રણ હજારની રકમનો પહેલો હપ્તો મ્યુનિસિપાલિટીને પૂછ્યાગાછ્યા વિના ઉપાડીને કેળવણી ખાતાના અમલદારને સોંપવામાં આવ્યો. સરકારનું આ પગલું મ્યુનિસિપાલિટીનું અપમાન કરનારું હોઈ તેની સામે અણગમો જાહેર કરવા તથા પ્રજામત પોતાની તરફેણમાં છે તેનો વિશેષ પુરાવો રજૂ કરવા મ્યુનિસિપાલિટીના અગિયાર અસહકારી સભાસદોએ ૧૯૨૨ના જાન્યુઆરીમાં રાજીનામાં આપ્યાં. ત્યાર પછી ફેબ્રુઆરીમાં ફરીથી પેટાચૂંટણી થઈ તેમાં લોકમત સ્પષ્ટ જણાઈ આવ્યો. કેળવણીની બાબતમાં સરકારી અંકુશ નહીં રાખવાના મતવાળા એ અગિયાર સભ્યો વગર હરીફાઈએ ચૂંટાઈ આવ્યા.

સને ૧૯૨૨ના એપ્રિલમાં મ્યુનિસિપલ બોર્ડની મુદત પૂરી થતી હોવાથી આખા બોર્ડની સામાન્ય ચૂંટણી નવેસરથી થઈ. તે ચૂંટણીમાં વીસ પ્રજાકીય સભાસદો ચૂંટવાના હતા. તે પૈકી ઓગણીસ સભાસદો અસહકારી કેળવણી

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



આપવાના વિચારના ચૂંટાઈ આવ્યા. આ નવા બોર્ડને પોતાનો અમલ શરૂ થતાં જ માલૂમ પડયું કે સરકાર તરફથી ચાલતી શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી જ થોડી હોવા છતાં અને કેટલીક શાળાઓમાં તો બિલકુલ સંખ્યા નહીં હોવા છતાં શિક્ષકોના પગાર તથા મકાનભાડાં વગેરેનો મોટો ખર્ચ નકામો કરવામાં આવે છે. માટે મ્યુનિસિપલ ફંડમાંથી એ ખર્ચ અપાતું બંધ કરવાનો ઠરાવ કરી કેળવણી ખાતાના અમલદારને તથા કમિશનરને તેની લેખી ખબર આપવામાં આવી. કમિશનરે પોતાના આપઅખત્યારથી સબ-ટ્રેઝરીમાંથી નવ હજાર પૈકી બાકી રહેલા ત્રણ હજાર ઉપાડી લઈને કેળવણી ખાતાના અધિકારીને સોંપી દીધા અને શાળાઓનું ખર્ચ ચાલુ રખાવ્યું.

રાષ્ટ્રીય શિક્ષણ સમિતિ તરફથી ચાલતી રાષ્ટ્રીય શાળાઓમાં લગભગ ૨,૩૦૦ વિદ્યાર્થીઓ હતા અને તેનું ખર્ચ પ્રજા પાસેથી કરવામાં આવતા ઉઘરાણામાંથી ચાલતું, જ્યારે સરકાર તરફથી મ્યુનિસિપાલિટીને ખર્ચે ચાલતી શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા કેળવણી ખાતા તરફથી મ્યુનિસિપાલિટીને જણાવ્યા પ્રમાણે ૩૯૧ની હતી. આમ પ્રજા ઉપર કર નાખી મ્યુનિસિપાલિટીએ ઉઘરાવેલા પૈસાનો દુરુપયોગ પ્રજાની ઇચ્છાની વિરુદ્ધ જઈ સરકાર કરી રહી હતી. નવા બોર્ડે રાષ્ટ્રીય શિક્ષણ સમિતિને રાષ્ટ્રીય શાળાઓ ચલાવવાના ખર્ચ માટે માસિક રૂ. ૯૦૦ આપવાનો ઠરાવ કર્યો. પ્રથમ રૂ. ૨,૫૦૦ આપવાનો ઠરાવ ગયા બોર્ડે કરેલો તે તથા દર માસે રૂ. ૯૦૦ આપવાનો નવા બોર્ડનો ઠરાવ, એ બંનેની વિરુદ્ધ સરકારે દીવાની કોર્ટનો કાચો મનાઈહુકમ મેળવી રાષ્ટ્રીય શિક્ષણ સમિતિને મદદ આપતાં મ્યુનિસિપાલિટીને અટકાવી. આ ઉપરાંત સને ૧૯૨૧ની ૧૫મી ફેબ્રુઆરીથી ૧૯૨૨ની ૫મી જાન્યુઆરી સુધીમાં સરકારી અંકુશ ફગાવી દઈને મ્યુનિસિપલ શાળાઓમાં કરેલા ખર્ચના રૂ. ૧૭,૦૬૭–૭–૦ માટે મ્યુનિસિપલ પ્રમુખ શ્રી ગોકળદાસ તલાટી અને બીજા દસ મળી કુલ અગિયાર સભ્યોને અંગત જવાબદાર ગણી તે રકમ તેમની પાસેથી મેળવવા સરકારે ૧૯૨૨ના એપ્રિલમાં દાવો કર્યો. આ સભાસદોએ પોતાની ફરજ બજાવતાં પ્રજાની ઇચ્છાનુસાર વાજબી ખર્ચ કરેલો હોવા છતાં તેમને કોર્ટમાં ઘસડવામાં આવેલા હોવાથી તેનો બચાવ કરવામાં જે ખર્ચ થાય તે મ્યુનિસિપાલિટીએ આપવું જોઈએ એવી માગણી આ અગિયાર પૈકીના એક સભાસદે કરેલી. તે ઉપરથી મ્યુનિસિપાલિટીએ તેને રૂ. ૫૦૦ સુધીનો ખર્ચ આપવા ઠરાવ કર્યો. પણ એ ઠરાવ મ્યુનિસિપાલિટીના અધિકાર બહારનો ગણી કલેક્ટરે રદ કર્યો.

ઉપર કોર્ટના જે કાચા મનાઈહુકમનો ઉલ્લેખ છે તે રદ થયો એટલે બોર્ડે રાષ્ટ્રીય શિક્ષણ સમિતિને વિનયમંદિર તથા મિડલ સ્કૂલના ખર્ચ માટે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



માસિક રૂ. ૯૦૦ની ગ્રાન્ટ આપવા ફરી ઠરાવ કર્યો. મ્યુનિસિપાલિટીના દફતર ઉપરથી જણાય છે કે તા. ૨૭–૧૦–’૨૨ સુધીમાં આ ગ્રાન્ટ પેટે કુલ રકમ રૂ. ૨,૨૦૦ની આપવામાં આવી હતી. પછી તો બધા પ્રજાકીય સભ્યો મ્યુનિસિપાલિટીમાંથી નીકળી ગયા એટલે આ ગ્રાન્ટ બંધ થઈ ગઈ.

૧૯૨૨ના ઑગસ્ટમાં સરકારે એવો હુકમ કર્યો કે સરકારના વહીવટ નીચે ચાલતી શાળાઓ મ્યુનિસિપાલિટીને સોંપી દેવી. મ્યુનિસિપલ ઍક્ટની કલમ ૫૮ મુજબ પ્રાથમિક કેળવણીની બાબતમાં પોતાની ફરજ અદા કરવાને સરકાર મ્યુનિસિપાલિટીને જવાબદાર ગણે છે, માટે ૧લી સપ્ટેમ્બર, ૧૯૨૨થી એ શાળાઓનો વહીવટ મ્યુનિસિપાલિટીએ કરવો, એવો હુકમ કર્યો. સરકારને બરાબર ખબર હતી કે છેલ્લી ચૂંટણીમાં પ્રજા તરફથી ચૂંટાઈ આવેલા તમામ સભાસદો પ્રજાનો ‘મૅન્ડેટ’ ( આદેશ ) લઈને ચૂંટાયેલા હતા. સરકારના અંકુશથી સ્વતંત્ર રીતે શાળાઓ ચલાવવાની તક તેમને મળે તો જ તેઓ શાળાઓ ચલાવવા ઇચ્છતા હતા. પણ સરકારે તો મ્યુનિસિપાલિટીની તિજોરીમાં નાણાં હતાં ત્યાં સુધી જોહુકમીથી તે ઉપાડી પોતાની મરજીમાં આવે તેમ ખર્ચ કર્યું, શિક્ષકોને વગર કામે પગાર આપ્યા, બાળકોને કેળવણી મળે છે કે નહીં અથવા બાળકો કેળવણી લેવા આવે છે કે નહીં તે જોવાની દરકાર ન કરી અને જ્યારે મ્યુનિસિપલ તિજોરીમાં નાણાં ખૂટી ગયાં અને શિક્ષકોના બે માસ ઉપરાંતના પગાર ચઢી ગયા ત્યારે એ બિનજરૂરી શાળાઓનું ખોટું અને નકામું ખર્ચ મ્યુનિસિપાલિટીને માથે નાખી તેને મુશ્કેલીમાં મૂકવાનો અને નાલાયક ઠરાવવાનો આ પેંતરો રચ્યો. એટલે મ્યુનિસિપાલિટીએ ઠરાવ કર્યો કે :

> “સરકારનાં ઉપર જણાવેલાં પગલાંથી સિદ્ધ થાય છે કે મ્યુનિસિપાલિટી એ સ્થાનિક સ્વરાજની સંસ્થા નથી પરંતુ પ્રજાને વધુ પરતંત્ર બનાવવાની સંસ્થા છે. અનુભવ ઉપરથી અમને લાગે છે કે મ્યુનિસિપાલિટીના સભાસદોને પ્રજાને પરતંત્ર બનાવવાના હથિયાર તરીકે સરકાર વાપરવા ઇચ્છે છે. પણ એવા હથિયાર થવા અમે પ્રજાકીય સભ્યો રાજી નથી. અમે પ્રજા તરફથી ચૂંટાયેલા સભ્યો સત્તાના કે માનના લોભથી મ્યુનિસિપાલિટીમાં આવ્યા નથી. અમારા વખતનો અને શક્તિનો ઉપયોગ બીજી પ્રજાકીય સંસ્થાઓને આપી પ્રજાની સેવા કરવાનો અવકાશ અમને ઘણો મળશે. માટે ચૂંટણી થયા પછી તેનું પહેલું વર્ષ પૂરું થતાં પહેલાં જ અમે દિલગીરીની સાથે મ્યુનિસિપાલિટી-માંથી છૂટા થઈએ છીએ. અમને ખાતરી છે કે સરકારને થોડા વખતમાં પોતાની ભૂલ સમજાશે.”

ઉપરનો ઠરાવ તા. ૧૭–૮–’૨૨ની જનરલ બોર્ડની મીટિંગમાં પસાર થયો અને વીસ પ્રજાકીય સભાસદો પૈકી સત્તર સભાસદોએ રાજીનામાં આપી

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



દીધાં. પણ તેમની જગ્યાએ નવા સભ્યોની ચૂંટણી થાય ત્યાં સુધી તેઓ મ્યુનિસિપાલિટીમાંથી છૂટા થયા નહોતા. નવેમ્બરની અધવચ સુધી તેઓ મ્યુનિસિપાલિટીમાં ચાલુ રહ્યા. સરકારે પોતાના તંત્ર નીચે ચાલતી શાળાઓ મ્યુનિસિપાલિટીને સોંપી દેવાનું કર્યું તે બાબતમાં એક નાની ઝપાઝપી આ ગાળામાં કેળવણી ખાતા અને કલેક્ટર સાથે તેમને થઈ. તા. ૨૫–૮–'૨૨ના રોજ કલેક્ટરે એક યાદી લખીને મ્યુનિસિપલ પ્રમુખને જણાવ્યું કે, “મેં કેળવણી-ખાતાના અમલદારને જણાવ્યું છે કે તેમની વ્યવસ્થા નીચે ચાલતી પાંચ નિશાળો તા. ૩૧મીએ તેમણે બંધ કરવી અને તેનો વહીવટ મ્યુનિસિપાલિટીને સોંપી દેવો.” મ્યુનિસિપલ પ્રમુખે ચીફ ઑફિસરને સૂચના આપી કે, “કેળવણી ખાતાના અધિકારીએ જે શાળાઓ બંધ કરી છે એ મ્યુનિસિપલ શાળાઓ તો હતી જ નહીં. એટલે એ શાળાઓમાં મ્યુનિસિપાલિટીની માલકીનો જે કાંઈ સરસામાન હોય તેનો ચાર્જ તમારે લઈ લેવો, શાળાઓનો બીજો ચાર્જ આપણે લેવાપણું નથી.” ચીફ ઑફિસરે એ પ્રમાણે કેળવણી ખાતાના અધિકારીને લખ્યું. તેનો એણે જવાબ આપ્યો કે, “મારી વ્યવસ્થાપૂરતી એ શાળાઓ બંધ થઈ છે. હવે મ્યુનિસિપાલિટી એને માટે જવાબદાર છે અને મારે કાંઈ કરવાપણું નથી.” એ શાળાઓમાં કામ કરતા શિક્ષકોએ તો વળી તોછડા અને ઉદ્ધત જ જવાબો આપ્યા. એટલે મ્યુનિસિપલ પ્રમુખે ચીફ ઑફિસરને સૂચના આપી કે, “આમ લખાપટ્ટી કર્યા કરવાથી તુમાર લાંબો ચાલશે, માટે પાંચે શાળાઓનાં મકાનોનો કબજો લઈ ત્યાં તાળાં મારી સીલ લગાડી દેવાં અને કેળવણી ખાતાના અધિકારીને લખવું કે સ્કૂલો બંધ કરી કાગળ લખીને ચાર્જ આપવાની તમારી રીત બરાબર નથી, માટે મ્યુનિસિપલ મિલકતનો રીતસરનો ચાર્જ આપવા તમારે બંદોબસ્ત કરવો. માસ્તરો તો બેપરવાઈથી ઉદ્ધત જવાબો આપે છે, માટે સ્કૂલોનાં મકાનોને તાળાં મારવાની અમને ફરજ પડી છે.” આ વસ્તુ તા. ૧૧–૯–'૨૨ના રોજ બની. એ શાળાઓમાં લગભગ પાંચસો બાળકો અને છત્રીસ શિક્ષકો હતા. બાળકોનાં માબાપોને જણાવી દેવામાં આવ્યું કે, “મ્યુનિસિપાલિટીએ પોતાની શાળાઓ સ્થાનિક રાષ્ટ્રીય શિક્ષણ સમિતિને સોંપી છે. અને તેઓ રાષ્ટ્રીય શાળાઓ ચલાવે છે, તેમાં તમારાં બાળકોને મોકલવાની સગવડ છે.” તે પ્રમાણે મોટા ભાગનાં બાળકો તેમાં ભણવા જવા પણ લાગ્યાં. પણ પેલા શિક્ષકો કામ વિના રખડતા રહ્યા. પછી સરકારે ૮–૧૧–'૨૨ના રોજ હુકમ બહાર પાડીને નડિયાદના મામલતદારને મ્યુનિસિપાલિટીના પ્રમુખ નીમ્યા અને તેમણે તા. ૧૬મીએ ચાર્જ લઈ એ શાળાઓ ઉઘાડી. આમ લગભગ બે મહિના શાળાઓ બંધ રહ્યા પછી આ પ્રકરણનો અંત આવ્યો.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



દરમિયાન પેટાચૂંટણીનું જે નાટક ભજવાયું તેનું વર્ણન ૨૨–૧૦–’૨૨ના ‘નવજીવન’માં ‘નડિયાદનું સ્થાનિક સ્વરાજ્ય’ નામના એક લેખમાં સરદારે આપ્યું છે, તે એમના શબ્દોમાં જ આપીશું :

“પ્રજાના ચૂંટાયેલા સત્તર સભાસદોએ રાજીનામાં આપ્યાં. . . . તેમની જગાઓ પૂરવા માટે એક પેટાચૂંટણી કરવામાં આવી. તેમાં સત્તરમાંથી નવ જગા માટે તો કોઈ ઉમેદવાર જ ઊભો ન થયો. આઠ જગ્યાઓ પુરાઈ તેમાં મ્યુનિસિપાલિટીના એક માજી પટાવાળાને અને બે અંત્યજ ભાઈઓને વગર હરીફાઈએ જવાની તક મળી.

“ખાલી રહેલી નવ જગાઓ માટે ફરી ચૂંટણી ન કરતાં પ્રજાકીય પ્રધાન સાહેબના રાજ્યમાં એ જગ્યાએ નવ સહકારીઓને શોધી કાઢી તેમને નીમી દઈને એ જગ્યાઓ પૂરી. અમદાવાદ અને સુરત મ્યુનિસિપાલિટીઓને બરતરફ કરીને મેળવેલા અનુભવ ઉપરથી કંઈક ડહાપણ આવ્યું હતું એટલે નડિયાદ મ્યુનિસિપાલિટીને બરતરફ કરતાં ડર લાગ્યો, તેથી આ નવો રસ્તો શોધી કાઢ્યો. સરકારે નીમેલા નવ સહકારીઓમાં કેટલાક ચુસ્ત સનાતનીઓ અને અસ્પૃશ્યતાના હિમાયતીઓ છે. અસહકારની પ્રવૃત્તિથી આમ અનાયાસે અસ્પૃશ્યતા દૂર કરવાના નવા માર્ગ નીકળી આવે છે.

“મ્યુનિસિપાલિટીના પ્રમુખ આ નવ જગાઓ પૂરવાનો સરકારનો હક કબૂલ રાખતા નથી અને તેમની મારફત મ્યુનિસિપાલિટીનું કામ લેવા ના પાડે છે. આ જગાઓ ચૂંટણીથી જ પુરાવી જોઈએ એવું તેમણે સરકારમાં લખાણ કર્યું છે. વળી કોઈ કર ભરનારાએ મ્યુનિસિપાલિટી સામે, આ નવ ગૃહસ્થો સામે દીવાની અદાલતમાં તેમને મ્યુનિસિપાલિટીના સભાસદો નહીં ગણવાનો દાવો કર્યો છે, અને તેમની સામે કોર્ટે કામચલાઉ મનાઈહુકમ કાઢ્યો છે. એટલે હાલ તો મ્યુનિસિપાલિટીનું કામ પાછું અટકી પડ્યું છે.

“આમ સ્થાનિક સ્વરાજ્યના રોજ કંઈક ને કંઈક નવા ભવાડા થાય છે અને સુધારાનું અને સરકારનું પોકળ ઉઘાડું પડતું જાય છે.”

અમદાવાદ અને સુરતની માફક નડિયાદ મ્યુનિસિપાલિટીને બરતરફ કરવામાં નહોતી આવી, પણ પ્રજા તરફથી ચૂંટાયેલા સત્તર સભ્યો મ્યુનિસિપાલિટી-માંથી નીકળી ગયા અને તેમની જગ્યાએ પ્રજાને નાપસંદ એવા ગમે તેવા માણસોને ગોઠવી દેવામાં આવ્યા તથા પ્રમુખ તરીકે સરકારે નડિયાદના મામલતદારની નિમણૂક કરી ત્યારથી વ્યવહારમાં તો નડિયાદ મ્યુનિસિપાલિટીની દશા બરતરફ થયેલી મ્યુનિસિપાલિટી જેવી જ થઈ હતી.

પછી સરદારની સલાહથી પ્રજાએ મ્યુનિસિપાલિટીને કર નહીં ભરવાની લડત શરૂ કરી. સુરતના શહેરીઓએ પણ આવા જ સંજોગોમાં ત્યાંની મ્યુનિસિપાલિટીને કર નહીં ભરવાની લડત ઉપાડી. ૧૯૨૩ના એપ્રિલમાં

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



બંને શહેરોમાં એ લડત ખૂબ જોસમાં આવી. તા. ૨૨–૪–’૨૩ના ‘નવજીવન ’માં ‘ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્ય ’ એ નામના એક લેખમાં સરદારે તેનું વર્ણન નીચે પ્રમાણે આપ્યું છે :

“ગુજરાતના સ્થાનિક સ્વરાજ્યની લડતનું નવું પ્રકરણ સુરત અને નડિયાદમાં જોરથી ચાલતું થયાના સમાચાર મળ્યા છે. બંને શહેરમાં કર ભરનારાઓએ કર ભરવાનું બંધ કર્યાને એક વર્ષ થવા આવ્યું. સુરતમાં સંખ્યાબંધ પાણીના નળ કાપી નાખ્યા છતાં લોકો નમ્યા નહીં. એટલે સરકારી મહેસૂલ ખાતાના અમલદારોને જપ્તીઓ કરી કર વસૂલ કરવાનું કામ સોંપવામાં આવ્યું. ત્યાં કેટલાક વખતથી જપ્તીનું કામ દરરોજ ચાલે છે. નડિયાદમાં તો મ્યુનિસિપાલિટીના પ્રમુખ જ મામલતદાર હતા. પરંતુ જપ્તીના કામમાં સરકાર રાજી થાય એટલી લોકો ઉપર સખ્તાઈ કરે એવા કઠણ હૃદયના તેઓ નહીં હોવાથી તેમની બદલી કરી નાખવામાં આવી છે. નવા મામલતદારનો અમલ શરૂ થયો છે. તે ઉપરાંત માસિક રૂ. ૩૦૦નું ખર્ચ મંજૂર કરી સરકારી મહેસૂલ ખાતાના ત્રણ અમલદારોને જપ્તીઓ કરવા રોકવામાં આવ્યા છે. કાયદો અને સુવ્યવસ્થાનું રાજ્ય પૂરજોસમાં ચાલી રહ્યું છે! જપ્તીઓ કરતી વખતે નથી પંચ રાખતા, કે નથી પંચાતનામાં કરતા, એટલું જ નહીં પણ જપ્તીમાં લીધેલા માલની પાવતી પણ આપવામાં આવતી નથી. શરીર ઉપરથી દાગીના મામલતદાર સાહેબ પોતે ઉતારે છે. ભાઈને ડેપ્યુટી કલેક્ટર થવાની ઉમેદ છે. પોલીસ ગેટો ઉપર હથિયારબંધ પોલીસ ગોઠવી દેવામાં આવી છે. બહારવટિયાઓ ડરથી રાતને વખતે મોં ઉપર બુકાનીઓ બાંધી ઉતાવળથી અને અવ્યવસ્થાથી પોતાનું કામ કરી લે છે. આ તો છચોક ધોળે દિવસે બેપરવાઈથી અને વ્યવસ્થાપૂર્વક કાયદાના નામથી કામ ચાલી રહ્યું છે. જોઈ લો ગુલામીની દશા! જપ્તી કરનારા આપણા, મામલતદાર આપણા, જપ્તીનો માલ ઉપાડનારા આપણા, મ્યુનિસિપાલિટીમાંથી રાજીનામાં આપનારાની જગ્યાએ ચડી બેસનારા પણ આપણા, અને જેની જપ્તીઓ થાય છે તે પણ બિચારા આપણા ભાઈઓ! આ બધા ખેલ ખેલાવનાર ખેલાડીને તો ત્યાં આવવાની જરૂર પણ પડતી નથી. નડિયાદના લોકો મક્કમ છે અને મક્કમ રહેશે તો સ્થાનિક સ્વરાજની લડતનો ફડચો તેમના લાભમાં જ આવશે. કર ભરવાની ના પાડવા ઉપરાંત પોતાની પોળો સાફ કરવાનું અને દીવાબત્તીનું કામ પણ લોકો ઉપાડી લે તો વહેલો ફડચો આવે.”

તા. ૨૯–૪–’૨૩ના ‘નવજીવન ’માં ‘નડિયાદમાં બેકાયદાપણાનો દોર ’ એ નામના લેખમાં મહાદેવભાઈ લખે છે :

“શ્રી વલ્લભભાઈએ ગયા અંકમાં નડિયાદ મ્યુનિસિપાલિટીના અમલદારોનાં કેટલાંક કૃત્યો વિષે ઇશારો કર્યો હતો. ત્યાર પછી અમે નડિયાદ જઈ આવ્યા. ત્યાં ચાલતી જપ્તીઓ જાતે જોઈ. શ્રી વલ્લભભાઈએ ધોળે દિવસે



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



નીકળેલા ધાડપાડુઓની સાથે તેમને સરખાવ્યા છે, તેમાં જરાય વધારેપડતી ભાષા તેમણે નથી વાપરી એમ અમે આંખે જોયું. એક ઠેકાણે એક ઘરવાળા પાસે ચૌદ આનાનો કર લેવાનો હતો. ત્યાં જપ્તી કરનાર નોકરો ઉપરાંત મોટી વાંસની ડાંગવાળા બાર પોલીસ સિપાઈઓ, તેના માથા ઉપર એક રિવૉલ્વરવાળો ફોજદાર અને તેમના રક્ષણ તળે ઊભા રહેલા મામલતદારને મેં જોયા. બીજું એવું જ એક ટોળું લઈને ડેપ્યુટી પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ ફરતા હતા. ત્રીજે ઠેકાણે એક ટોળું ઊભું હતું તેનો નાયક એક પઠાણ હતો એમ કહું તો ચાલે, કારણ કે લાઠીવાળા સિપાઈઓને વળી પઠાણની પણ જરૂર પડી એટલે તેમનો રક્ષક જ તે પઠાણ હતો એમ કહેવાય ના? એક છોકરો આ ધાડાને જોઈ વંદેમાતરમ્ બોલ્યો. તેને પકડીને પોલીસચોકીમાં પૂર્યો. અમે ત્યાં જઈ ચડયા છીએ એ જોઈને જ કદાચ એકાદ કલાક પછી તેને છોડી દીધો!

“મ્યુનિસિપલ કાયદામાં કયાંયે આવી ચડાઈને માટે ઠરાવ કરવામાં આવેલો હું જોતો નથી. તેમાં તો સાફ લખેલું છે કે, ‘વસૂલ કરવાના કરની રકમથી જપ્તી બહુ વધારે ન હોવી જોઈએ, એટલે કે જે મિલકત જપ્ત કરવામા આવે તેની કિંમત બને ત્યાં સુધી વસૂલ કરવાની રકમના જેટલી હોવી જોઈએ.’ ચાલુ જપ્તીઓમાં આ કલમને નેવે મૂકવામા આવી છે. આજે જ નડિયાદ મ્યુનિસિપલ પ્રમુખની સહીવાળું જાહેરનામું મળ્યું છે તેણે તો છચોક આ શરત ઉડાવી દીધી છે. તેમાં લખે છે કે:

“‘કેટલાક માણસો જપ્તીમાં ભંગારનાં વાસણો અને નજીવી કિંમતનો માલ આપે છે. પરંતુ તેથી પૂરતી રકમ આવવા સંભવ નથી. વાસ્તે આયંદે એક જપ્તી દીઠ રૂપિયા દસથી ઓછા કિંમતનો માલ જપ્તીમાં લેવામાં આવશે નહીં તે જાણવું.’

“નડિયાદની ગ્રામસમિતિ દરરોજ થતા બેકાયદાપણાની ટીપ બહાર પાડે છે. તેમાં લોકોએ પોતે જ પોતાની સહી સાથે આપેલાં બયાન રજૂ કરે છે. એક ઠેકાણે મામલતદાર સમજાવે છે કે:

“‘તમારા ભાઈ ડાહ્યાભાઈને સમજાવી મ્યુનિસિપલ વેરો ભરાવી દો તો હું તમારો ઇન્કમટૅક્સ ઓછો કરીશ. લોકોની વાદે શા સારુ ચડો છો? આમ સ્વરાજ મળવાનું નથી. તમે લોકો કર નહીં ભરો તો કાબૂલી લોકોને બોલાવી તેમને કન્ટ્રાક્ટ આપીશું. એટલે એ લોકો તમારી પાસેથી સતાવીને નાણાં લેશે.’

“બીજા એક ભાઈ લખે છે: ‘હું હેઠળ ઊતરતો હતો એટલામાં બે પોલીસવાળા અને મામલતદાર સાહેબ આવ્યા. તેમણે મને દાદર પરથી ઊતરતો જોઈ પોલીસવાળા પાસે મારા બે હાથ પકડાવ્યા, અને મોઢું અને ગળું દબાવરાવ્યું અને મારા ગળામાથી સોનાની બગલદાણાની સાંકળી તથા સોનાનો અછોડો બળાત્કારે કાઢી લીધાં, અને હાથની પહોંચી કાઢવા પ્રયત્ન કરતા હતા. પરંતુ હું બહાર બૂમો પાડતો

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



નીકળી ગયો એટલે ધમકાવીને ચાલ્યા ગયા.' એક બહેને હકીકત રજૂ કરી છે: 'ચીફ ઑફિસર, ઉમેદભાઈ અને રાજુમિયાં જપ્તી કરવા આવ્યા, અને મને ખસી જવાની ખબર આપ્યા વિના અને મારી સાસુને પણ કહ્યા વિના રોટલા મૂકવાની પિત્તળની કથરોટ ઉપાડી લીધી અને તરત જ ઉમેદભાઈ જપ્તી કારકુને મારી કેડમાં નાની છોકરી હતી છતાં પણ મને ધક્કો મારી નિસરણી સરસી ધકેલી મૂકી.' આનો ખુલાસો અબ્બાસ તૈયબજી સાહેબે મામલતદાર પાસે માગ્યો. તેનો મામલતદારે જવાબ આપ્યો : 'જાઓ, જાઓ, તમારા લોકો તો ગામનાં ગપ્પાં ઉપર આધાર રાખે છે.' કોઈ ઠેકાણે લીધેલી મિલકતમાથી અર્ધીની પહોંચ અપાય અને અર્ધી એમ ને એમ લઈ જવાય. કોઈ ઠેકાણે આવી રીતે લઈ જવામાં આવલી વસ્તુ મામલતદાર કહે છે કે પાછી મોકલવામાં આવી છે, પણ તેનો કશો પત્તો ન મળે.

"આમ સરકારની પ્રતિષ્ઠાનો સરસ ખ્યાલ તેના અમલદારો આપી રહ્યા છે. નડિયાદના લોકોને શાંતિની આવી સરસ તાલીમ મળી રહી છે એ માટે એમને ધન્યવાદ આપવો ઘટે છે. શાંતિની તાલીમમાં સરકારનો એકે કર ભવિષ્યમાં ન આપવાની તૈયારી રહેલી છે."

મ્યુનિસિપાલિટીને કર નહીં ભરવાની આ લડત એક વરસ ચાલી.

સરકારે ૧૯૨૨ના એપ્રિલમાં મ્યુનિસિપાલિટીના અગિયાર સભ્યો ઉપર જે દાવો માંડેલો તેનો ફેંસલો ૧૯૨૫ના જાન્યુઆરીમાં આવ્યો. કેસ ચાલતી વખતે સરકારી વકીલે પુરસીસ આપીને દાવાની રકમ રૂ. ૧૭,૦૬૭–૭–૦ હતી તે ઘટાડીને રૂ. ૧૨,૯૬૦–૧૫–૩ કરી. આ કેસનો ફેંસલો અપાયો તે વખતે અમદાવાદના મ્યુનિસિપલ કાઉન્સિલરો ઉપર માંડેલા કેસમાં હાઈકોર્ટમાં સરકારે અપીલ કરેલી તેનો ચુકાદો આવી ગયો હતો, પણ ડિસ્ટ્રિક્ટ જજે નડિયાદના કેસની હકીકતને અમદાવાદના કેસની હકીકતથી જુદા પ્રકારની ગણી. અમદાવાદની મ્યુનિસિપલ શાળાઓમાં અપાયેલા શિક્ષણના સ્વરૂપમાં કશો ફેરફાર કરવામાં આવ્યો હતો એવી સરકારની તકરાર ન હતી. એટલે જોકે કેળવણીખાતાને પરીક્ષાઓ ન લેવા દીધી અને નિરીક્ષણ ન કરવા દીધું છતાં મ્યુનિસિપાલિટીએ પ્રાથમિક શાળાઓ ચલાવીને પ્રાથમિક શિક્ષણ આપવાની પોતાની ફરજ તો અદા કરી જ હતી. જ્યારે નડિયાદના કેસમાં જજનો એવો અભિપ્રાય થયો કે મ્યુનિસિપાલિટીએ અભ્યાસક્રમમાં મહત્ત્વના ફેરફાર કરીને ખાસ કરીને ઉપલાં ત્રણ ધોરણમાં અંગ્રેજી, હિંદી અને ઉદ્યોગ દાખલ કરીને અને એ વિષયો દાખલ કરવા માટે અંકગણિત, ભૂમિતિ તથા ઇતિહાસભૂગોળના અભ્યાસક્રમમાં ભારે કાપ મૂકીને શિક્ષણનું સ્વરૂપ બદલી નાખ્યું હતું. નીચલાં ધોરણમાં પણ વિષયોમાં ઘણા ફેરફાર કર્યા હતા. તેમાં રાજદ્વારી બાબતો દાખલ કરી હતી. વળી વિદ્યાર્થીઓમાં દેશભક્તિ પેદા કરવા માટે અભ્યાસક્રમમાં જે રાષ્ટ્રગીતો દાખલ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



કર્યાં હતાં તે દેશભક્તિ પેદા કરવાને બદલે દ્વેષભાવને પોષણ આપે એવાં હતાં. આવી બધી દલીલ કરીને જજ એ નિર્ણય ઉપર આવ્યા કે મ્યુનિસિપાલિટીએ અભ્યાસક્રમમાં એવા મહત્ત્વના ફેરફાર કર્યા છે કે તેણે આપેલું શિક્ષણ ડિસ્ટ્રિક્ટ મ્યુનિસિપલ ઍક્ટ અનુસારનું પ્રાથમિક શિક્ષણ ન કહી શકાય, તેથી પ્રતિવાદી કાઉન્સિલરોએ મ્યુનિસિપલ ફંડનો ખોટો ઉપયોગ ( misapplication ) કર્યો છે. આમ તેમને જવાબદાર ગણી તેમના ઉપર રૂ. ૧૨,૨૯૬–૨–૦નું હુકમનામું કર્યું. એની સામે પ્રતિવાદી કાઉન્સિલરોએ હાઈકોર્ટમાં અપીલ કરી પણ અપીલમાં ડિસ્ટ્રિક્ટ જજનો ચુકાદો કાયમ રહ્યો.

તા. ૧૬–૧૨–’૨૧ના રોજ મ્યુનિસપાલિટીએ પોતાની શાળાઓ રાષ્ટ્રીય શિક્ષણ સમિતિને સોંપી દીધી ત્યારથી તે ૩૧–૫–’૨૫ સુધી એટલે લગભગ સાડાત્રણ વર્ષ સુધી અગિયાર પ્રાથમિક શાળાઓ રાષ્ટ્રીય શિક્ષણ સમિતિએ ચલાવી. લગભગ બે વરસ સુધી તો સરકારી શાળાઓ કરતાં એમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી વધારે રહી. પણ સ્વરાજ્ય પક્ષ હસ્તીમાં આવ્યા પછી નાફેરવાદી અને ફેરવાદીની ચર્ચાઓને લીધે અસહકારમાં ઓટ આવવા માંડી. એટલે તા. ૧–૬–’૨૫થી આ બધી શાળાઓ મ્યુનિસિપાલિટીને પાછી સોંપી દીધી. કુલ બત્રીસ શિક્ષકો જે અસહકારને માન આપી સરકારી શાળાઓમાં ન જતાં રાષ્ટ્રીય શાળાઓમાં રહ્યા હતા તેમની નોકરી આ ગાળાની કપાતે પગારે રજા ગણી જૂની નોકરી સાથે જોડી આપવામાં આવી. આને અંગે પ્રમોશન તથા પેન્શનના હકની બાબતમાં શિક્ષકોને કેટલુંક નુકસાન વેઠવું પડ્યું. છતાં ઠેઠ સુધી વળગી રહી તેમણે સારું કામ કર્યું એમ કહેવું જોઈએ.

આ પ્રાથમિક શાળાઓ ઉપરાંત નડિયાદની રાષ્ટ્રીય શિક્ષણ સમિતિ લોકમાન્ય તિલક વિનય મંદિર નામની એક માધ્યમિક શાળા પણ ચલાવતી હતી. એ બધી શાળાઓ ચલાવવામાં થયેલું ખર્ચ તથા દાવામાં હુકમનામું થયું તેના મળીને રાષ્ટ્રીય શિક્ષણ સમિતિએ કુલ પોણાબે લાખના આશરાનું ખર્ચ કર્યું. તે ગામમાં ઉઘરાણાં કરી, વેપારીઓ ઉપર લાગા નાખી તથા બહારગામ વસતા નડિઆદીઓમાં ફાળો કરી તેણે મેળવ્યા. નાણાં ઉઘરાવવામાં શ્રી ગોકળદાસ તલાટી તથા શ્રી ફૂલચંદ બાપુજી શાહ ઉપરાંત દરબાર સાહેબ ગોપાળદાસે તથા અબ્બાસ તૈયબજી સાહેબે સારી મદદ કરેલી.

હવે સુરત ઉપર આવીએ. સુરત મ્યુનિસિપલ બોર્ડનાં ત્રણ વર્ષ ૩૧–૩–’૨૦ના રોજ પૂરાં થતાં હતાં. પણ નવી ચૂંટણી કરવામાં કેટલીક સ્થાનિક મુશ્કેલીઓ હોવાથી જૂના બોર્ડની મુદત બે વખત છ છ મહિના કરીને કુલ એક વર્ષ લંબાવવામાં આવી અને ૧૯૨૧ના માર્ચમાં નવી ચૂંટણી થઈ. આ ચૂંટણી નવા દાખલ થયેલા મૉન્ટફર્ડ સુધારા અનુસાર થઈ, એટલે જૂનું

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



બોર્ડ ત્રીસ સભ્યોનું હતું તેને બદલે નવું બોર્ડ પચાસ સભ્યોનું થયું, જેમાં ચાળીસ પ્રજા તરફથી ચૂંટાયેલા અને દસ સરકાર તરફથી નીમવામાં આવેલા સભ્યો હતા. ચૂંટણી થઈ તે વખતે અસહકારની ચળવળ દેશમાં પૂરજોસમાં ચાલતી હતી. નડિયાદ તથા અમદાવાદ મ્યુનિસિપાલિટીઓએ પોતાની પ્રાથમિક શાળાઓની બાબતમાં અસહકાર શરૂ પણ કરી દીધો હતો. એટલે મ્યુનિસિપાલિટીમાં ચૂંટાઈને શાળાઓ મારફત અસહકાર કરવાની વાત ચૂંટણીના એક મુખ્ય મુદ્દા તરીકે કર ભરનારા મતદારો સામે સ્પષ્ટ રીતે રાખવામાં આવી હતી અને એ મુદ્દા ઉપર જ પ્રજાકીય ચાળીસ સભ્યો પૈકીના મોટા ભાગના સભ્યો ચૂંટાયા હતા. તેમાં દયાળજીભાઈ, કલ્યાણજીભાઈ, ડૉ. ઘિયા, એ મુખ્ય હતા. મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે શ્રી. મોહનનાથ કેદારનાથ દીક્ષિત ચૂંટાયા.

આ નવા બોર્ડે તા. ૪–૭–’૨૧ના રોજ શ્રી દયાળજીભાઈની દરખાસ્તથી નીચેનો ઠરાવ પસાર કર્યો :

> “સુરત મ્યુનિસિપાલિટી એવો ઠરાવ કરે છે કે નાગપુર મુકામે મળેલી રાષ્ટ્રીય કૉંગ્રેસના આદેશને માન આપવા ખાતર અને બાળકો અને બાળાઓની કેળવણી સ્વરાજપ્રાપ્તિને સારુ અનુકૂળ કરવા ખાતર મ્યુનિસિપાલિટીની શાળાઓને સરકારના અંકુશથી મુક્ત કરવી અને સરકાર તરફથી કેળવણી ખાતે જે મદદ મળે છે તેનો ઇન્કાર કરવો.
>
> “આ ઠરાવની નકલ સરકારની જાણ સારુ ઘટતી જગ્યાએ મોકલી આપવી.”

બીજે જ દિવસે મ્યુનિસિપલ શાળા સમિતિ (સ્કૂલ બોર્ડ)એ ઠરાવ કરીને સુરત વિભાગના ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરને ખબર આપી કે મ્યુનિસિપલ શાળાઓનું ઇન્સ્પેક્શન કરવાની આપે તસ્દી લેવી નહીં.

પછી મ્યુનિસિપાલિટી કેટલા શિક્ષકોને રાખવા ઇચ્છે છે તેની તપાસ કરી જે મ્યુનિસિપાલિટીના નોકર તરીકે મ્યુનિસિપલ શાળાઓમાં રહેશે તે પેન્શન વગેરેના હકો ખોઈ બેસશે એવી શિક્ષકોને કેળવણી ખાતા તરફથી ચેતવણી મળી. સરકારે પોતાને ખર્ચે જુદી શાળાઓ કાઢી અને મ્યુનિસિપલ શાળાઓ તોડવાના પ્રયત્નો કર્યા, વગેરે વિધિ નડિયાદ અને અમદાવાદ મ્યુનિસિપાલિટીઓની માફક અહીં પણ થયા. કુલ ૩૪૬ શિક્ષકોમાંથી ૨૭૨ શિક્ષકો સરકારી નોકરીમાં પાછા ફર્યા.

કલેક્ટરે તા. ૨૧–૭–’૨૧ના રોજ કાગળ લખીને મ્યુનિસિપલ ઠરાવની નકલ મુંબઈ સરકારને મોકલી આપી અને પુછાવ્યું કે, મને મ્યુનિસિપલ ઠરાવ કાયદા વિરુદ્ધ લાગે છે માટે મારે તે રદ કરવો કે કેમ તે બાબત મને સૂચના આપો. આ કાગળ ઉત્તર વિભાગના કમિશનર મારફત સરકારને દસેક દિવસે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



પહોંચ્યો હશે. સરકારે એમના કાયદાનિષ્ણાત (રીમેમ્બ્રન્સર ઑફ લિગલ અફેર્સ)નો અભિપ્રાય પુછાવ્યો, તે તા. ૮–૯–'૨૧ના રોજ એમણે નીચે પ્રમાણે આપ્યો :

"શાળાઓની વ્યવસ્થા, અંકુશ અને વહીવટની બાબતમાં મ્યુનિસિપાલિટીના અધિકારને મર્યાદામાં રાખવાની સત્તા ડિસ્ટ્રિક્ટ મ્યુનિસિપલ ઍક્ટની કલમ ૫૮ મુજબ ગવર્નર–ઇન–કાઉન્સિલને છે, અને તે માટે આ કલમની રૂએ નિયમો ઘડવામાં આવેલા છે. એટલે એ સ્પષ્ટ છે કે એ નિયમોનું પાલન કરવા મ્યુનિસિપાલિટી બંધાયેલી છે. જો મ્યુનિસિપાલિટી એ નિયમોનો ભંગ કરે તો કાયદા મુજબ તેના ઉપર નાખવામાં આવેલી ફરજો બજાવવામાં તેણે ચૂક કરેલી ગણાય. તેથી ઠરાવેલી મુદતની અંદર પોતાની ફરજ તે ન બજાવવા માંડે તો કલમ ૧૭૮(૨) મુજબ તેની સામે પગલાં લઈ શકાય."

આ ઉપરથી તા. ૨૦–૯–'૨૧ના રોજ સરકારે નીચે પ્રમાણે હુકમ કર્યો :

"ઉત્તર વિભાગના કમિશનરને વિનંતી કરવામાં આવે છે કે તેમણે ડિસ્ટ્રિક્ટ મ્યુનિસિપલ ઍક્ટની કલમ ૧૭૮માં જણાવી છે એવી તપાસ કરવી કે સુરત મ્યુનિસિપાલિટી તેની ઉપર આરોપવામાં આવેલી ચૂક માટે કસૂરવાન છે કે કેમ? અને પોતાની તપાસનું જે પરિણામ આવે તે શાં પગલાં લેવાં તેની ભલામણ સાથે સરકારને જણાવવું."

આ હુકમ પ્રમાણે તપાસ કરવાનું કમિશનરે તા. ૫–૧૦–'૨૧ના રોજ કાગળ લખીને સુરતના કલેક્ટરને સોંપ્યું. સુરતના કલેક્ટરે તા. ૨૬–૧૦–'૨૧ના રોજ મ્યુનિસિપલ પ્રમુખને કાગળ લખીને સરકારી હુકમની જાણ કરી, તેની સામે કાંઈ વાંધા હોય તો તા. ૩–૧૧–'૨૧ પહેલાં સરકારને અરજી કરવા જણાવ્યું અને તે દરમિયાન અમુક વિગતો પોતાને પૂરી પાડવાની સૂચના કરી. વચમાં દિવાળીની રજાઓ આવતી હોવાથી વાંધાઅરજીની મુદત લંબાવવા મ્યુનિસિપલ પ્રમુખે કલેક્ટરને લખ્યું અને મુદત તા. ૧૫–૧૧–'૨૧ સુધી લંબાવવામાં આવી. મ્યુનિસિપાલિટીએ તા. ૭–૧૧–'૨૧ના રોજ જનરલ બોર્ડના ઠરાવથી કલેક્ટરના કાગળનો જવાબ આપ્યો. એ ઠરાવમાં મ્યુનિસિપાલિટીનું વલણ બહુ સ્પષ્ટ રીતે રજૂ કર્યું :

તા. ૨૬–૧૦–'૨૧ના કલેક્ટરના કાગળ ઉપર પુખ્ત વિચાર કરીને આ બોર્ડ તેમને જણાવે છે કે :

૧. તપાસ વિષેના સરકારી હુકમની વિગતોને અભાવે અમે આ મુદ્દા ઉપર પૂરેપૂરી વાંધાઅરજી મોકલી શકીએ એમ નથી.

૨. કર ભરનારાઓના સ્પષ્ટ આદેશની વિરુદ્ધ ગયા વિના આ બોર્ડ તેમના પ્રતિનિધિ તરીકે સરકારી અંકુશ સ્વીકારી શકે નહીં. પોતાની

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



કેળવણીવિષયક નીતિની બાબતમાં આ બોર્ડે જેટલાં પગલાં ભર્યાં છે તે કર ભરનારાઓની ઇચ્છા ચોક્કસ જાણી લઈને જ ભર્યાં છે.

સુરત મ્યુનિસિપાલિટીની છેલ્લી ચૂંટણી વખતે મતદારો સામે મોટામાં મોટો પ્રશ્ન તમામ મ્યુનિસિપલ શાળાઓ રાષ્ટ્રીય બનાવવાનો હતો. હિંદુસ્તાનની વધારેમાં વધારે પ્રતિનિધિત્વ ધરાવતી અને વધારેમાં વધારે અધિકારવાળી સાર્વજનિક સંસ્થા હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસે ભલામણ કરી હતી કે, શાળાઓને રાષ્ટ્રીય બનાવવી, એ અત્યારે દેશની મોટામાં મોટી જરૂરિયાત છે. સુરતના શહેરીઓએ એ ભલામણ સ્વીકારી અને મ્યુનિસિપાલિટીમાં એ ભલામણનો અમલ કરવાનું વચન આપનારા મોટા ભાગના સભ્યોને ચૂંટ્યા. મતદારો પ્રત્યે વિશ્વાસઘાત કર્યાના આરોપમાં અમારે ન આવવું હોય તો ગમે તેટલાં જોખમ ખેડીને પણ આ ઠરાવ અમારે બને તેટલો વહેલો પસાર કરવો જોઈએ.

શાળાઓને રાષ્ટ્રીય બનાવવામાં મ્યુનિસિપાલિટીની એકમાત્ર ઇચ્છા, વિદ્યાર્થીઓમાં સ્વમાનની, સેવા કરવાની અને દેશને માટે સહન કરવાની ભાવના ઉત્પન્ન કરવાની તથા દેશના અત્યારના સંજોગોમાં વધારેમાં વધારે ઉપયોગી હોય એવી કેળવણી આપવાની છે.

મ્યુનિસિપાલિટી સુરતના શહેરીઓનો વિશ્વાસ ધરાવે છે એ તો સ્વીકાર્યા સિવાય તમારો છૂટકો જ નથી. કેટલાક વખતથી સુરત શહેરમાં સોળ સરકારી નિશાળો ખોલવામાં આવી છે. આ શાળાઓ મ્યુનિસિપલ શાળાઓની લગભગ લગોલગ એક જ લત્તામાં રાખવામાં આવી છે, ત્યાંના શિક્ષકો મ્યુનિસિપલ શાળાઓમાંથી વિદ્યાર્થીઓને ફોસલાવી પટાવી ભગાડવા માટે આકાશ પાતાળ એક કરી રહ્યા છે. અમારી શાળાઓની તેડાગર બાઈઓને મ્યુનિસિપાલિટી કરતાં વધારે પગારની લાલચો આપી ફોસલાવી લઈ જવામાં આવે છે. સરકારી શાળાઓમાં જોડાયેલા શિક્ષકો મ્યુનિસિપલ શાળાઓમાં છેલ્લા થોડા દિવસ રહ્યા તે દરમિયાન તેમણે વિદ્યાર્થીઓને ખોટાં સર્ટિફિકેટો કાઢી આપ્યાં જેથી તેઓ સરકારી શાળાઓમાં દાખલ થઈ શકે. આમ મ્યુનિસિપલ શાળાઓમાંથી વિદ્યાર્થીઓને ભગાડવાના ન શોભે એવા અનેકાનેક પ્રયત્નો કરવા છતાં આજ સુધીમા મ્યુનિસિપલ શાળાઓના ૮,૦૦૦ વિદ્યાર્થીઓમાંથી સરકારી શાળાઓ કેવળ ૮૦૦ વિદ્યાર્થીઓ મેળવવા પામી છે. તેમાંના મોટા ભાગના વિદ્યાર્થીઓ તો સરકારી નોકરોનાં અથવા તેમના કોઈ ને કોઈ રીતે આશ્રિતો હોય એવાનાં બાળકો છે. આ ઉપરથી એનો ભાગ્યે જ ઇન્કાર થઈ શકશે કે લોકોને સરકારી શાળાઓ ઉપર વિશ્વાસ નથી.

મ્યુનિસિપાલિટીએ જે કાંઈ કર્યું છે તે મતદારોના આદેશને વફાદારીથી અમલમાં મૂકવા માટે જ કર્યું છે. તે હજી પણ મતદારોનો વિશ્વાસ ધરાવે છે, અને તેણે કાયદાનો કશો ભંગ કર્યો નથી. તેઓ અંતઃકરણથી માને છે કે પોતાની ફરજ બજાવવામાં તેમણે કશી કસૂર કરી નથી અને આશા રાખે છે કે તેમના કૃત્યના ન્યાયીપણાની સરકાર કદર કરશે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



આ દરમ્યાન ત્રણે મ્યુનિસિપાલિટીઓને ચેતવણી આપનારો સરકારનો તા. ૨૩–૯–’૨૧નો હુકમ બહાર પડચો હતો. તેનો પણ અમદાવાદની માફક જ સુરતે કડક જવાબ આપ્યો હતો. ત્યાર પછી અમદાવાદ અને નડિયાદની માફક બધા પૂર્વવિધિ કરીને તા. ૧૭–૧૨–’૨૧ના રોજ સ્કૂલ બોર્ડનો તથા તમામ શાળાઓનો વહીવટ કેળવણી ખાતાના અધિકારીને સોંપી દેવાનો તથા તેના ખર્ચ માટે રૂ. ૫૦,૦૦૦ મ્યુનિસિપલ સિલકમાંથી તેમને ખાતે જમા કરવાનો કમિશનરે હુકમ કર્યો. તે પહેલાં જ તા. ૧૫–૧૨–’૨૧ના રોજ જનરલ બોર્ડે ઠરાવ કરીને બધી મ્યુનિસિપલ શાળાઓ સ્થાનિક રાષ્ટ્રીય કેળવણી મંડળને સોંપી દીધી તથા તેને ખર્ચ માટે રૂ. ૪૦,૦૦૦ આપવાનો ઠરાવ કર્યો. આ ઠરાવ કમિશનરે તા. ૧૬મીએ રદ કર્યો પણ તે હુકમ મ્યુનિસિપાલિટીના પ્રમુખને પહોંચે તે પહેલાં રૂ. ૪૦,૦૦૦ એ ચેકથી કેળવણી મંડળને આપી દેવામાં આવ્યા અને તેમણે બૅંકમાંથી ઉપાડી પણ લીધા.

કલેક્ટરે તા. ૧૭મીએ સાંજે છ વાગ્યે મ્યુનિસિપલ ઑફિસમાં જઈ શાળાઓને લગતા બધા મ્યુનિસિપલ રેકર્ડોનો કબજો લઈ તે પતરાંની પેટીઓમાં ભરી તેના ઉપર પોતાનાં સીલ માર્યાં. તા. ૨૦મીએ મ્યુનિસિપાલિટીએ સ્પેશિયલ જનરલ મીટિંગ બોલાવી પોતાના તા. ૪–૭–’૨૧ના ઠરાવને વળગી રહી કેળવણીની બાબતમાં સરકારની સત્તા અથવા અંકુશ માન્ય નહીં રાખવાનું પોતે ચાલુ રાખે છે એવો ઠરાવ કર્યો. કલેક્ટરે બળજબરીથી સ્કૂલ કમિટીનું દફતર કબજે કર્યું હતું તે સામે વિરોધ દર્શાવી તે પાછું સોંપી દેવાની વિનંતી કરી. રૂ. ૫૦,૦૦૦ની કમિશનરની માગણી અન્યાયી અને આપખુદ છે, તેવી માગણી કરવાની કમિશનરને સત્તા નથી અને રૂપિયા લેવા માટે બળજબરી કરવામાં આવશે તો લોકહિતને તેથી ભારે નુકસાન થશે અને મ્યુનિસિપાલિટીને માથે તેની જવાબદારી નહીં રહે એવો પણ ઠરાવ કર્યો. તા. ૧૭મીએ સરકાર ચાલુ શાળાઓનો કબજો ન લઈ શકે તે ખાતર તથા અમદાવાદની કૉંગ્રેસમાં ભાગ લેવા જે શિક્ષકોને જવું હોય તે જઈ શકે તે ખાતર તા. ૧૬મીથી મ્યુનિસિપલ શાળાઓમાં એક મહિનાની રજા પાડવામાં આવી. આવું બધું સરકારથી શી રીતે સહ્યું જાય ? એટલે કેળવણી ખાતાના અમલદારે પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ, સિટી મૅજિસ્ટ્રેટ અને હથિયારબંધ પોલીસની મદદથી નિશાળોનાં મકાનોનાં તાળાં તોડી તોડીને મકાનો તથા અંદર જે સરસામાન મળી આવ્યો તેનો કબજો લીધો.

બારડોલીમાં સત્યાગ્રહની લડત ઉપાડવાને અંગે સુરતમાં તા. ૩૧–૧–’૨૨ના રોજ કૉંગ્રેસ કારોબારી સમિતિની બેઠક મળી હતી. એ બેઠક થઈ ગયા પછી ગાંધીજીએ જાહેર સભામાં ભાષણ આપતાં કહ્યું :

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



“સુરતની મ્યુનિસિપાલિટીએ સરસ હિંમત બતાવી છે. શહેરીઓને ઘટે છે કે તેઓએ પ્રતિનિધિઓને પૂરેપૂરું જોર આપવું. તમે કેળવણીને સ્વતંત્ર કરી છે એટલું બસ નથી. આખી મ્યુનિસિપાલિટીને સ્વતંત્ર કરવી જોઈએ. એમાં તો જેલ વગેરેનો ભય પણ નથી. એમાં તો માત્ર બાહોશીની, આત્મવિશ્વાસની અને એકબીજાના વિશ્વાસની જરૂર છે. આપણાં પાયખાનાં, આપણા રસ્તા આપણે સાફ રાખીએ, આપણા ગરીબોને આપણે સંભાળીએ, આપણાં માંદાની આપણે સેવા કરીએ, તેને સારુ જોઈતા પૈસા આપણે એકઠા કરીએ અને તેનો શુદ્ધ વહીવટ રાખીએ.

“આમાં સરકાર કે સરકારના કાયદાની જરૂર જ શી હોય? દુર્ભાગ્યે આપણા પોતાનામાંથી આત્મવિશ્વાસ ખસી ગયો હતો. મહાજન અપ્રામાણિક થઈ ગયાં હતાં. પ્રજા પણ દાંડ થઈ હતી. તેમાં સરકાર ફાવી ગઈ. સુરતના શહેરીઓ સ્વેચ્છાએ પોતે જ નક્કી કરેલા હોય એવા કર મહાજનને આપે, અને મહાજન તેનો વહીવટ પ્રામાણિકપણે પૂરો હિસાબ રાખીને મેં બતાવી તેવી વસ્તુઓમાં કરે તો એ તમારી સ્વતંત્ર મ્યુનિસિપાલિટી થઈ. મહાજનનું બદનામ એટલે આજની મ્યુનિસિપાલિટી. સ્વાધીનતા વેચીને પરાધીનતા વહોરી લેવી એટલે સરકારની મ્યુનિસિપાલિટી.

“મારી ઉમેદ છે કે સુરતના શહેરીઓ પોતાના નિશ્ચય ઉપર મક્કમ રહેશે અને જે કંઈ પણ કર્યું છે તેના કરતાં વિશેષ કરીને સુરતને, ગુજરાતને અને હિંદુસ્તાનને દીપાવશે.” 14737

છેવટે તા. ૨૨-૨-’૨૨ના રોજ મુંબઈ સરકારે પોતાનો ઠરાવ બહાર પાડીને અમદાવાદ અને સુરત એ બંને મ્યુનિસિપાલિટીઓને બરતરફ કરી.

અમદાવાદ અને સુરતની અને ત્રીજી નડિયાદની એમ ત્રણે મ્યુનિસિપાલિટીના અસહકારી સભ્યો સરકારના કાયદાનો અમલદારો જે અર્થ કરે તેને આધીન થવાને બદલે કર ભરનારાની મરજીને અને કર ભરનારાઓના આદેશને માન આપવાનું વધુ પસંદ કરતા હતા, બલ્કે તેમ કરવાને તેઓ પોતાની પવિત્ર ફરજ સમજતા હતા. એટલે બેના સભ્યોએ બરતરફ થવાનું અને ત્રીજીના સભ્યોએ રાજીનામાં આપી તેમાંથી નીકળી જવાનું પસંદ કર્યું.

૧૯૨૨ના એપ્રિલમાં સરકારે સુરત મ્યુનિસિપાલિટીના પ્રમુખ અને બીજા ત્રીસ કાઉન્સિલરો ઉપર તા. ૪-૭-’૨૧થી તા. ૧૭-૧૨-’૨૧ સુધી સરકારના અંકુશ વિના ચલાવેલી શાળાઓ પાછળ ખર્ચેલા રૂ. ૬૭,૯૦૩-૬-૩ તથા રાષ્ટ્રીય કેળવણી મંડળને ગ્રાન્ટ તરીકે આપેલા રૂ. ૪૦,૦૦૦ મળી કુલ રૂ. ૧૦૭,૯૦૩-૬-૩નો મ્યુનિસિપલ ફંડનો ખોટો અને ગેરકાયદે ઉપયોગ કર્યો. છે એમ કહી દાવો કર્યો. આ મુદત દરમિયાન સરકારે જે શાળાઓ ચલાવી, — તેમાં જોકે વિદ્યાર્થીઓની સંખ્યા આઠસોની જ રહેતી અને મ્યુનિસિપલ શાળાઓમાં લગભગ સાત હજાર રહેતી છતાં — આઠસો વિદ્યાર્થીઓ ઉપર રૂ. ૬૦,૨૮૨ સરકારે ખર્ચ્યા

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



હતા. તેણે નાણાંનો એ સદુપયોગ કર્યો ! એ શાળાઓ જોકે સરકારે પોતાને ખર્ચે ચલાવી હતી છતાં બીજા વરસની મ્યુનિસિપલ કેળવણી ગ્રાન્ટમાંથી કમિટી ઑફ મૅનેજમેન્ટ પાસેથી સરકારે એ રકમ કાપી લીધી.

પછી નડિયાદની માફક સુરતે પણ સરકાર હસ્તક ગયેલી મ્યુનિસિપાલિટીને કર નહીં ભરવાની લડત ઉપાડી, જે ૧૯૨૩ના એપ્રિલમાં બહુ જોરમાં ચાલી. એનું થોડું વર્ણન અગાઉ ટાંકેલા સરદારના લેખમાં આવી ગયું છે. નાકરની લડત એકાદ વરસ ચાલી. દરમિયાન ૧૯૨૨ના જૂનમાં રાજદ્રોહી ભાષણ કરવા બદલ દયાળજીભાઈને એક વરસની સજા થઈ અને ૧૯૨૩ના જૂનમાં તે છૂટીને આવ્યા તે જ દિવસે કલ્યાણજીભાઈને એ જ આરોપસર બે વરસની સજા થઈ.

પોતાને શાળાઓ સોંપાયા પછી રાષ્ટ્રીય કેળવણી મંડળે ૫૪ પ્રાથમિક શાળાઓ ચલાવી. ૧૯૨૫માં મ્યુનિસિપાલિટી પ્રજાને પાછી સોંપાઈ ત્યાર પછી એ મ્યુનિસિપાલિટીને રાષ્ટ્રીય કેળવણી મંડળે શાળાઓ પાછી સોંપી દીધી. કુલ ૭૪ શિક્ષકો સરકાર સાથે અસહકાર કરીને રાષ્ટ્રીય કેળવણી મંડળમાં રહ્યા હતા. તેમને મ્યુનિસિપાલિટીએ પાછા લીધા અને અસહકારના ત્રણ વર્ષના ગાળાની કપાતે પગારે રજા ગણી તેમની નોકરી જૂની નોકરી સાથે જોડી આપી. આ ઉપરાંત રાષ્ટ્રીય કેળવણી મંડળે એક રાષ્ટ્રીય મહાવિદ્યાલય થોડો વખત ચલાવેલું અને એક રાષ્ટ્રીય વિનયમંદિર તો ૧૯૨૭ના એપ્રિલ સુધી ચલાવેલું.

સરકારે મ્યુનિસિપલ પ્રમુખ શ્રી મોહનનાથ કેદારનાથ દીક્ષિત અને બીજા ત્રીસ કાઉન્સિલરો ઉપર જે દાવો કરેલો તેનો ફેંસલો સુરતના ડિસ્ટ્રિક્ટ જજે ૧૯૨૪ના જૂનમાં આપ્યો. કેળવણી ખાતાના ઇન્સ્પેક્ટરોને પરીક્ષા ન લેવા દીધી અને નિરીક્ષણ ન કરવા દીધું એ ઉપરાંત યોગ્યતાવાળા શિક્ષકો મળી શકતા હોવા છતાં યોગ્યતા વિનાના (અનક્વૉલીફાઈડ) એવા ૧૩૭ શિક્ષકોને નોકરીમાં રાખ્યા, શાળાઓનો વખત અગિયારથી પાંચનો રાખવાને બદલે થોડા દિવસ સવારનો અને બપોરનો એમ બે વખતનો રાખ્યો, દરરોજ પ્રાર્થના પછી ‘સ્વરાજ કીર્તન’માંથી એક એક ગીત ગવડાવ્યું, શાળાઓમાં વિદ્યાર્થીઓ પાસે કંતાવરાવ્યું, એવાં બધાં કારણોએ મ્યુનિસિપલ કાઉન્સિલરોએ નાણાંનો ખોટો ઉપયોગ કર્યો એવી દલીલ સરકારી વકીલે કરી પણ જજે એવો નિર્ણય આપ્યો કે સરકારી વકીલ કહે છે એ બધું પોતે સાબિત કરી શક્યા નથી અને સાબિત થયું હોય તોપણ એ વસ્તુઓ એવી નથી કે જેથી મ્યુનિસિપલ કાઉન્સિલરોએ પ્રાથમિક શિક્ષણ આપવાની પોતાની ફરજમાં ચૂક કરી એમ ગણાય. વળી ઇન્સ્પેક્ટરોને શાળામાં પરીક્ષા તથા નિરીક્ષણ માટે ન આવવા દીધા એ કૃત્ય ગેરકાયદે હતું છતાં

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



તેમણે શાળાઓ ચલાવી છે તે તો તેમના અધિકારની અંદરનું જ છે. માટે શાળાઓ પાછળ તેમણે ખર્ચેલા રૂા. ૬૭,૯૦૩-૬-૩ વાજબી અને કાયદેસર ખર્ચેલા છે અને એ રકમ પૂરતો દાવો કાઢી નાખવામાં આવે છે, એમ જજે ઠરાવ્યું. પણ રાષ્ટ્રીય કેળવણી મંડળને શાળાઓ સોંપી તેના ખર્ચ માટે રૂા. ૪૦,૦૦૦ આપ્યા તે ખર્ચ મ્યુનિસિપાલિટીએ કાયદેસર રીતે નથી કર્યું માટે એ રકમનું જજે પ્રતિવાદી કાઉન્સિલરો ઉપર હુકમનામું કર્યું.

આ સંબંધમાં ગાંધીજી તા. ૧૫-૬-'૨૪ના 'નવજીવન'માં લખે છે :

"સુરતના બાવીસ માજી મ્યુનિસિપલ કાઉન્સિલરો ઉપર રૂપિયા ચાળીસ હજારનું હુકમનામું થયું છે એ બાવીસ ઉપર નથી થયું પણ આખી માજી મ્યુનિસિપાલિટી ઉપર થયું છે. બલ્કે મ્યુનિસિપાલિટી ઉપર પણ નથી, જે શહેરીઓ મ્યુનિસિપાલિટીની પાછળ હતા, જે મતદારોએ સભાસદોને ચૂંટ્યા હતા, તેમની ઉપર આ હુકમનામું થયું કહેવાય. એટલે તે પૈસાની જવાબદારી સુરતના અસહકારી શહેરીઓ ઉપર છે.

"અસહકારીની જવાબદારી પૈસા આપીને બસ થતી નથી. બાવીસ પ્રતિનિધિઓને જાતે જ પૈસા ભરવા પડે એવું તો સુરતના અસહકારીઓ ન જ થવા દે. પણ તેઓની જવાબદારી તો એ છે કે સરકાર એ હુકમ-નામાની બજવણી જ ન કરી શકે એવી સ્થિતિ લાવી મૂકવી. આનો ઉપાય તો કેવળ આ હુકમનામા પૂરતો સ્થાનિક સત્યાગ્રહ છે. એટલે કે શહેરીઓ સરકારને વિનયપૂર્વક લખે કે આ હુકમનામાની બજવણી સરકાર કરે તો શહેરીઓ તે તરફ પોતાની નાપસંદગી બતાવવા બીજા કરો નહીં ભરે. ચાળીસ હજારનો ઉપયોગ કાંઈ કોઈએ અંગત નથી કર્યો. એટલે પૈસા ભલે સરકાર વસૂલ કરે પણ તેની સાથે કર વસૂલ કરવાનો બોજો પણ વહોરે. બધા કરો આપવાનું બંધ કરવું મુશ્કેલ હોય તો જે બંધ કરવાલાયક જણાય તે કર બંધ કરે

"એવો અવસર હતો કે જ્યારે આ પગલું આપણે સહેલું માનતા હતા. હવે લોકોનો ઉત્સાહ મોળો પડચો છે એટલે આવું પગલું મુશ્કેલ લાગે. પણ ગુજરાતમાં બોરસદનો દાખલો તાજો છે તેથી એ પગલું મુશ્કેલ ન લાગવું જોઈએ."

આ ત્રણે મ્યુનિસિપાલિટીની લડત સાચા સ્થાનિક સ્વરાજ્ય માટેની હતી. તે આખા સ્થાનિક વહીવટ માટે નહીં પણ કેળવણી પૂરતી મર્યાદિત રાખવામાં આવી હતી. તે માટે ત્રણે સ્થળે શહેરીઓને તથા શિક્ષકોને કાંઈ ને કાંઈ ભોગ આપવો પડચો પણ તેમાંથી તેમને બહુ કીમતી તાલીમ મળી. લોકો મ્યુ-નિસિપાલિટીના કામમાં સક્રિય રસ લેતા થયા અને પોતાના કારભારના પોતે માલિક થઈ શકે છે એવો આત્મવિશ્વાસ તેમનામાં આવ્યો.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

## ૧૯

# લડતનો પડકાર, ચૌરીચૌરાનો હત્યાકાંડ અને ગાંધીજીની ગિરફતારી

આપણા દેશના સ્વાતંત્ર્યયુદ્ધના ઇતિહાસમાં સને ૧૯૨૧ની સાલ સુવર્ણ અક્ષરે કોતરાયેલી રહેશે. પોતે જાહેર કરેલી શરતોનું લોકો પાલન કરે તો એક જ વર્ષમાં હિંદુસ્તાનના લોકોના હાથમાં સ્વરાજ આવીને પડે એમ ગાંધીજીએ તેમને વચન આપ્યું હતું. એટલે લોકોના દિલમાં એક અનેરા ઉત્સાહનો અને આશાનો સંચાર થયો હતો. ખાદીના, અસ્પૃશ્યતાનિવારણના, હિંદુમુસલમાન એકતાના તથા અદાલતો, શાળાઓ તેમ જ ધારાસભાઓના બહિષ્કારના કાર્યક્રમ પાછળ લોકો જોસથી મંડી પડ્યા હતા. જૂનની ૩૦મી પહેલાં તિલક સ્વરાજ ફાળામાં કરોડ રૂપિયા એકઠા કરવાનો તથા કૉંગ્રેસને ચોપડે એક કરોડ સભ્યો નોંધવાનો કાર્યક્રમ પૂરો થયા પછી જુલાઈ માસમાં મહાસમિતિની બેઠક મુંબઈમાં થઈ. એ બેઠકમાં ઉત્સાહથી તરવરતા કેટલાક સભ્યોએ સત્યાગ્રહ શરૂ કરવાને ગાંધીજીને બહુ દબાણ કર્યું. સરકાર તરફથી એક પછી એક એવાં પગલાં લેવાતાં હતાં કે લોકો અકળાઈ ઊઠ્યા હતા. ઉત્તર હિંદુસ્તાનમાં જ્યાં ત્યાં કાર્યકર્તાઓ તથા સ્વયંસેવકોની ધરપકડો ચાલી રહી હતી. છતાં ગાંધીજીએ હજી ધીરજ રાખવાની સલાહ આપી. અને ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં વિલાયતી કાપડનો બહિષ્કાર પૂરો કરવાનું જણાવ્યું. ત્યાર પછી તા. ૩ તથા ૪ નવેમ્બરના રોજ દિલ્હીમાં મળેલી મહાસમિતિની બેઠકમાં સત્યાગ્રહની બાબતમાં નીચેનો ઠરાવ થયો :

> “આ વર્ષની આખર પહેલાં સ્વરાજ્ય સ્થાપવાના રાષ્ટ્રના નિશ્ચયને પૂરેપૂરો અમલમાં આણવાને હવે એક માસથી બહુ વધારે વખત નથી. અલીભાઈઓ અને બીજા નેતાઓ પકડાતાં અને કેદમાં પુરાતાં સંપૂર્ણ અહિંસાનું પાલન કરીને પ્રજાએ આત્મસંયમ માટેની પોતાની શક્તિ બતાવી આપી છે; અને સ્વરાજસ્થાપનાને માટે જરૂરી ગણાય એટલી તાલીમ લેવાને સારુ હજુ વધારે દુઃખ સહન કરવાની અને શાંતિ જાળવવાની શક્તિ બતાવવી એ રાષ્ટ્રને માટે ઇષ્ટ છે; તેથી મહાસમિતિ નીચેની શરતોએ દરેક પ્રાંતની પ્રાંતિક સમિતિને પોતપોતાની જવાબદારી પર અને પોતાને વિશેષ અનુકૂળ લાગે તેવી પદ્ધતિએ સત્યાગ્રહ (કરો આપવાનો ઇનકાર કરવાની હદ સુધી) શરૂ કરવાની સત્તા આપે છે.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



"૧. વ્યક્તિગત સત્યાગ્રહ કરનાર દરેક જણને સારુ જરૂરી શરત એ છે કે તેને કાંતતાં આવડવું જોઈએ અને અસહકારના કાર્યક્રમનો જે ભાગ તેને લાગુ પડતો હોય તેનું તેણે સંપૂર્ણ પાલન કરેલું હોવું જોઈએ. દાખલા તરીકે, તેણે પરદેશી કાપડનો પૂરેપૂરો ત્યાગ કરીને હાથે કાંતેલાં અને હાથે વણેલાં કપડાંનો અંગીકાર કર્યો હોવો જોઈએ; હિંદુ-મુસલમાનની એકતા ઉપર તેમ જ હિંદમાંની જુદા જુદા ધર્મ પાળતી કોમોની એકદિલી વિષે તેને શ્રદ્ધા હોવી જોઈએ; ખિલાફત અને પંજાબના અન્યાયો દૂર કરવા માટે અને સ્વરાજ સ્થાપવા માટે અહિંસાનું પાલન અનિવાર્ય છે એવી તેની દૃઢ માન્યતા હોવી જોઈએ; અને જો તે હિંદુ હોય તો પોતે અસ્પૃશ્યતાને હિંદી રાષ્ટ્રભાવના પરના એક કલંક રૂપ ગણે છે એમ તેણે પોતાના વર્તનથી સાબિત કરી આપવું જોઈએ.

"૨. સામુદાયિક સત્યાગ્રહને માટે એક એક જિલ્લો અથવા તાલુકો એક એકમ ગણાશે. જે જિલ્લો અથવા તાલુકો આવા એકમ તરીકે બહાર પડે તેની વસ્તીના ઘણા મોટા ભાગે પૂર્ણ સ્વદેશીનો સ્વીકાર કર્યો હોવો જોઈએ અને એ જિલ્લાની કે તાલુકાની કાપડને લગતી બધી જરૂરિયાત ત્યાંના જ લોકોને હાથે કંતાયેલા અને હાથે વણાયેલા કાપડમાંથી પૂરી પડતી હોવી જોઈએ. વળી સદરહુ જિલ્લા કે તાલુકાની વસ્તીના મોટા ભાગને અસહકારનાં બીજાં અંગો ઉપર શ્રદ્ધા હોવી જોઈએ અને તેઓ તેનું પાલન કરતા હોવા જોઈએ.

"કોઈ પણ સત્યાગ્રહી રાષ્ટ્રીય ફાળાઓનાં નાણાંમાંથી પોતાનો નિભાવ થશે એવી આશા ન રાખે. કેદ ભોગવતા સત્યાગ્રહીઓનાં કુટુંબનાં માણસોએ પણ કશી જાહેર મદદની આશા ન રાખતાં પીંજીને, કાંતીને કે વણીને અગર બીજી હરકોઈ રીતે પોતાનું ગુજરાન કરવાની તૈયારી રાખવી.

"કોઈ પણ પ્રાંતિક સમિતિની અરજી પરથી આ શરતોમાંની કોઈ પણ શરત ઢીલી કરવી મુનાસબ છે એવી ખાતરી કારોબારી સમિતિને થાય તો સત્યાગ્રહ માટેની શરતોમાં એવી છૂટછાટ મૂકવાની સત્તા આ મહાસમિતિ કારોબારી સમિતિને આપે છે."

આ ઠરાવ પસાર કરતી વખતે ગાંધીજીએ મહાસમિતિના સભ્યોને જણાવ્યું કે, કોઈ પણ પ્રાંતિક સમિતિ સત્યાગ્રહ કરવાની ઉતાવળ ન કરે પણ પોતે ગુજરાતના એક પસંદ કરેલા તાલુકામાં સામુદાયિક સત્યાગ્રહનો પ્રયોગ કરવાના છે તે નિહાળે અને એ પ્રયોગ ચાલે તે દરમિયાન પોતપોતાના પ્રાંતમાં પૂરેપૂરી શાંતિ જળવાય તેની તકેદારી રાખે. તે વખતના ૧૩મી નવેમ્બરના 'નવજીવન'માં 'એઠો બળવો' એ નામના લેખમાં આ ઠરાવ ઉપર ભાષ્ય રૂપે તેમણે લખ્યું છે:

"જોકે અખિલ ભારતીય મહાસમિતિએ પ્રાંતિક સમિતિઓને પોતપોતાના પ્રાંતમાં પોતાની જોખમદારી ઉપર સત્યાગ્રહ આદરવાની સત્તા આપી છે છતાં મને ઉમેદ છે કે દરેક પ્રાંત તેમાંના 'જોખમદારી' શબ્દ ઉપર

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



પૂરતું વજન મૂકી ફરી ફરીને વિચાર કરી જોશે અને કોઈ સહેલ સમજીને સત્યાગ્રહ શરૂ નહીં કરી દે. સત્યાગ્રહ આદરનાર જિલ્લા કે તાલુકા માટે જે શરતો મૂકવામાં આવી છે તે દરેકનો પૂરેપૂરો અમલ થવો જ જોઈએ. એ શરતોમાં હિંદુ-મુસલમાન એકતા, અહિંસા, સ્વદેશી અને અસ્પૃશ્યતાનિવારણનો ઉલ્લેખ કરવો પડચો છે, એનો અર્થ જ એ છે કે એ વસ્તુઓ આપણા પ્રજાકીય જીવનનું હજી અંગ નથી બની ગઈ. આમ જે વ્યક્તિ અગર સમૂહ હિંદુ-મુસલમાન એકતાને વિષે હજુયે શંકિત છે; પંજાબ, ખિલાફત અને સ્વરાજને સારુ અહિંસાની જરૂરિયાત હજી જેને હૈયે નથી બેઠી; જેણે હજી પૂર્ણ સ્વદેશીનો અંગીકાર નથી કર્યો; તેમનામાંના હિંદુઓ જો હજી અસ્પૃશ્યતા રૂપી પાપને પોતાનામાં નિભાવી રહ્યા છે, તો તે વ્યક્તિ અગર સમૂહ સત્યાગ્રહ આદરવાને અધિકારી નથી. સૌથી સરસ તો એ છે કે અધીરા ન બનતાં સબૂરી પકડી એક ચોક્કસ પ્રદેશમાં અખતરો શરૂ થાય તેને બાકીના બધા દેશે ધ્યાનપૂર્વક નિહાળવો.

"પણ જે વ્યક્તિને એમ લાગી જાય કે પોતાનાં સુખસગવડ કાયમ રાખવા ખાતર ઓછીવત્તી અન્યાયી એવી સરકારને તાબે થવું એ અધર્મ જોડે માંડવાળ કરવા સમાન છે, જેને સરકારની એવી શેતાનિયત વિષે શંકા નથી રહી, જેને એવા જાલિમની દયા ઉપર પોતાની કહેવાતી સ્વતંત્રતા ઘડીભર પણ નિભાવવી એ માથાનો ઘા થઈ પડે છે, તે તો નીતિનિયમોની હદમાં રહેતો છતો પોતાને જેલમાં પૂરવા સરકારને ફરજ પાડવા મથશે.

"એવો બળવાખોર સત્યાગ્રહી, રાજ્યની સત્તાને કશી વિસાતમાં ન ગણે. પોતે બહારવટિયો બને અને નીતિનો બાધ ન આવે એવા રાજ્યના પ્રત્યેક કાયદા સામે બહારવટું કરે. દાખલા તરીકે, તે સરકારના કર આપવા ના પાડે; પોતાના રોજના વહેવારની હરકોઈ બાબતમાં તેની આણ માનવાનો ઇનકાર કરે; રજા વગર દાખલ ન થવાને લગતા મનાઈ કાયદાનો તે ભંગ કરે; લશ્કરી સિપાહીઓને અત્યારની પરિસ્થિતિ સમજાવવા સારુ તેમની ડેરા છાવણીઓમાં વગર પરવાનગીએ દાખલ થવાને પોતાને સ્વતંત્ર સમજે; દારૂનાં પીઠા પરની ચોકીને વિષે નક્કી કરવામાં આવેલી મર્યાદાઓનું તે ઇરાદાપૂર્વક ઉલ્લંઘન કરે અને બાંધી આપેલી હદની અંદર પેસી દારૂડિયાઓને સમજાવે અને ન પીવા વીનવે. આ બધું કરવામાં પોતે કદી શરીરબળ ન વાપરે અને પોતાની સામે શરીરબળ વાપરવામાં આવે તોપણ કદી પોતે તેનો પ્રતિકાર ન કરે. હકીકતમાં, એવો સત્યાગ્રહી જેલ તેમ જ બીજા શરીરબળના પ્રયોગ પોતાની જાત ઉપર માગી લે."

ત્યાર પછી તા. ૧૩મી નવેમ્બરે સામુદાયિક સત્યાગ્રહ માટે કયો તાલુકો પસંદ કરવો તે નક્કી કરવા ગુજરાત પ્રાંતિક સમિતિની બેઠક થઈ. ખેડા જિલ્લાનો આણંદ તાલુકો અને સુરત જિલ્લાનો બારડોલી તાલુકો, એ બે ઉમેદવાર હતા અને સામુદાયિક સત્યાગ્રહ માટેની તડામાર તૈયારીઓ કરી રહ્યા

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

હતા. એ તાલુકાઓ વચ્ચે તીવ્ર હરીફાઈ હતી. પોતપોતાના કેસ બન્ને તાલુકાના પ્રતિનિધિઓએ પ્રાંતિક સમિતિની બેઠકમાં ખૂબ જોસભેર રજૂ કર્યા. જોકે તેમાં એકબીજા પ્રત્યે પૂરેપૂરો સદ્‌ભાવ હતો, કડવાશ કે ગુસ્સાનું નામનિશાન નહોતું. વયોવૃદ્ધ પૂજ્ય અબ્બાસ તૈયબજી સાહેબે આણંદનો કેસ રજૂ કરતાં ગાંધીજીને પ્રેમપૂર્ણ ઉપાલંભ આપતા હોય એવી વાણીમાં અતિશય નમ્રતાથી કહ્યું :

"હવે તમે કહેશો કે કઈ વધારે શરતો અમારે પૂરી કરવાની છે ? આ વખતે અમે તમને જતા કરવાના નથી. તમારી જે શરતો હોય તે સઘળીનું પૂરેપૂરું પાલન કરવા અમે તૈયાર છીએ. પણ તમારી સઘળી શરતો હવે એકસામટી કહી નાખો. તમે કહ્યું કે કરોડ રૂપિયા એકઠા કરો. અમે ગામડે ગામડે ભટકીને લોહીનું પાણી કરી તમને રૂપિયા એકઠા કરી આપ્યા કે નહીં ? તમે કહ્યું કે ખાદી લાવો. તેની ખાતરી મારી સામે જોઈને કરી લો. આટલી ઉંમરે તમારી એ વાત પણ માની. રેંટિયા અને ખાદી માટે લોકોને ઘેર ઘેર ભટકીને મારાં તો હાડકાં અને પાંસળાં ઢીલાં થઈ ગયાં છે. હવે તમે જાતે આવી અમારાં ગામડાં જોઈ લો. હજી કાંઈ બાકી રહેતુ હોય તો કહી નાખો. પણ બાબા, પાછળથી કાંઈ નવો તુક્કો કાઢી અમારી આશાઓ અને ઉત્સાહ ઉપર પાણી રેડશો તે નહીં ચાલે."

પોતાની કાલી કાલી ગુજરાતી ભાષામાં આવું બધું કહી બુઝુર્ગ અબ્બાસ સાહેબે છેવટે જણાવ્યું કે :

"સત્યાગ્રહનો વાવટો પ્રથમ ખેડા જિલ્લામાં ફરકેલો છે અને તેને અંગે આણંદ તાલુકાના લોકોને સત્યાગ્રહની તાલીમ મળેલી છે. એટલે સામુદાયિક સત્યાગ્રહ માટે પસંદગીમાં પ્રથમ આવવાનો તેનો ખાસ હક્ક અને અધિકાર છે."

બારડોલીનો કેસ શ્રી કલ્યાણજીભાઈએ પોતાની છટાદાર ઢબે રજૂ કર્યો. તેમણે એ દલીલ રજૂ કરી કે :

"અંગ્રેજો હિંદુસ્તાનમાં આવ્યા ત્યારે પ્રથમ સુરત બંદરે ઊતર્યા. સુરતમાં તેમણે પોતાની પહેલી કોઠી સ્થાપી અને સુરતમાંથી જ તેમણે ધીમે ધીમે પોતાના પંજા પહોળા કરી આખા હિંદુસ્તાનમાં પોતાની હકૂમત જમાવી. એટલે હવે તેમને જ્યારે વદાયગીરી આપવી છે ત્યારે એ સુરતમાં-થી જ મળે એ સઘળી રીતે યોગ્ય છે."

આ ચર્ચાને અંતે તૈયારીની દૃષ્ટિએ બંને તાલુકાની યોગ્યતા સ્વીકારવામાં આવી અને એવો નિર્ણય કરવામાં આવ્યો કે ગાંધીજી સરદારની સાથે બંને તાલુકામાં — પ્રથમ બારડોલીમાં અને પછી આણંદમાં ફરે અને બંને તાલુકા-ની તૈયારી જાતે જોઈ સામુદાયિક સત્યાગ્રહ કયા તાલુકામાં શરૂ કરવો એનો નિર્ણય એ બે મળીને કરે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



તા. ૧૭મી નવેમ્બરે મુંબઈમાં યુવરાજની પધરામણી થવાની હતી. તેના સ્વાગતનો કડક બહિષ્કાર કરવાનું કૉંગ્રેસે ઠરાવ્યું હતું. તે દિવસે મુંબઈમાં હાજર રહેવા મુંબઈ પ્રાંતિક કૉંગ્રેસ કમિટીના મંત્રીનો ગાંધીજી ઉપર આગ્રહભર્યો તાર આવ્યો. એટલે ગાંધીજીએ તા. ૧૭મીએ મુંબઈ જઈ તે જ દિવસે રાત્રે ત્યાંથી નીકળી તા. ૧૮માએ સવારે બારડોલી પહોંચવાનું નક્કી કર્યું. પણ મુંબઈમાં તો તા. ૧૭મીએ રમખાણો ફાટી નીકળ્યાં. તે બંધ થાય અને બધી કોમો વચ્ચે એકદિલી સ્થપાય ત્યાં સુધી ગાંધીજીએ ઉપવાસ કર્યા. પોતાના ઉપવાસ છૂટ્યા પછી ગાંધીજીએ સામુદાયિક સત્યાગ્રહ મુલતવી રખાવ્યો અને તે ક્યારે શરૂ કરવો એ નક્કી કરવાનું અમદાવાદની કૉંગ્રેસ ઉપર રાખ્યું. થનગની રહેલા બારડોલી તથા આણંદને આશ્વાસન આપતાં ગાંધીજીએ લખ્યું :

“હું જાણું છું કે તમારા દુઃખનો પાર રહ્યો નથી. તમે મોટી આશા રાખી હતી. તમે આ વર્ષમાં જ તમારા યજ્ઞથી, તમારી કુરબાનીથી સ્વરાજ મેળવવાની, મુસલમાન ભાઈઓનો અને પંજાબનો જખમ રૂઝવવાની અને અલીભાઈઓ ઇત્યાદિ કેદીઓને છોડાવવાની હામ ભીડી હતી. પણ ઈશ્વરે ધાર્યું હતું બીજું.

‘નીપજે નરથી તો કોઈ ન રહે દુઃખી.’

એવું સત્ય નરસિંહે ગાયું છે. આપણામાં નિપજાવવાની શક્તિ જ નથી. આપણે તો ઇચ્છીએ ને મહેનત કરીએ.

“મારા પરમ મિત્ર, પંજાબના સાથી, (અબ્બાસ સાહેબ તૈયબજી) જેમને મેં પંજાબના દુઃખે રોતા જોયા છે ને જેમણે આજે ઘડપણમાં જુવાન જેટલું કામ આદર્યું છે, જિંદગી આખી એશઆરામમાં રહેલ એવા જેમણે તમારે ને મારે સારુ એશઆરામ છોડ્યા છે ને તેમાં સુખ માની લીધેલ છે, તેમનું દુઃખ હું વિચારી રહ્યો છું. તેઓ પોતાના ખેડા જિલ્લાને ને તેમાંયે આણંદને જેલમાં તુરત નહીં મોકલી શકે એ તેમને ભારે દુઃખ લાગે છે. તેઓને અને તમને હું ખાતરી આપું છું કે ધીરજનાં ફળ મીઠાં જ આવશે.

“કશું ઢોળાઈ નથી ગયું. આપણે બાજી હારી નથી ગયા. આપણે તો દુઃખમાંથી સુખ નિપજાવી શક્યા છીએ. અશાંતિ થઈ ગઈ પણ તેમાંથી શાંતિ મેળવી લીધી છે એમ લાગે છે. ઈશ્વરે નાનું દુઃખ આપી મોટામાંથી આપણને ઉગારી લીધા છે.

“તમારી પાસેથી હું તો શુદ્ધમાં શુદ્ધ યજ્ઞ ઇચ્છું છું. ઈશ્વરના દરબારમાં શુદ્ધ બલિદાનનો જ સ્વીકાર છે. વણમાગ્યો જે વખત મળ્યો છે તેમાં આપણામાં હજી રહેલી બધી ખોડો કાઢી નાખો.”

સ્વરાજ પોતાના પુરુષાર્થથી જ મળી શકે એ સમજાવતાં ગાંધીજીએ લખ્યું:

“જેઓ એમ માની બેઠા છે અથવા જેઓએ એમ મનાવ્યું છે કે સ્વરાજ તો ગાંધી ગમે તેમ કરીને ડિસેમ્બર પહેલાં અપાવશે, તેઓ બંને

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

અજાણપણે પણ પોતાના ને દેશના દુશ્મન ગણાય. તેઓ સ્વરાજનો અર્થ જ નથી સમજ્યા. સ્વરાજ એટલે સ્વાશ્રય. મારે હાથેથી સ્વરાજ્ય લેવામાં તો કેવળ પરાશ્રય થયો. હું તો લેવાનો રસ્તો બતાવું છું. લેવું તે તો લોકોના જ હાથમાં રહ્યું. હું વૈદ રહ્યો, દવા બતાવું; ખાવાની રીતો, તેનાં અનુપાન, માપ વગેરે કહું; પણ છેવટે પુરુષાર્થ તો દરદીએ જ કરવો રહ્યો.

“મારે વિષેનો સર્વ ભ્રમ હું ટાળવા ઇચ્છું છું. હું અલ્પ પ્રાણી છું એમ લોકોને મનાવવા ઇચ્છું છું. . . . મારા બળથી, કાંઈ મળ્યું એમ લોકો માને તેના કરતાં તેઓએ પોતાના બળથી, પોતાની તપશ્ચર્યાથી, પોતાની આત્મશુદ્ધિથી જ જે મળ્યું તે મેળવ્યું એમ તેઓ માને અને એમ હોય એ જ ઇષ્ટ છે.”

પછી અમદાવાદની કૉંગ્રેસ થઈ. તેમાં સરકારની દમનનીતિના જવાબ તરીકે સત્યાગ્રહ શરૂ કરવાનો ઠરાવ થયો અને તે માટે ગાંધીજીને કૉંગ્રેસના સરમુખત્યાર નીમવામાં આવ્યા. તેમણે પોતાની સીધી દેખરેખ નીચે ગુજરાતમાં સામુદાયિક સત્યાગ્રહનો પ્રયોગ કરવાનું નક્કી કર્યું. હવે બારડોલી અને આણંદ એ બેમાંથી કયા તાલુકાની પસંદગી કરવી એ સવાલ સામે આવ્યો. બંને તાલુકાએ ખૂબ હોંશ અને ઉત્સાહપૂર્વક તૈયારી કરી હતી. પણ સરદારની રૂખ બારડોલી પર ઊતરી. તેમનું કહેવું એમ હતું કે ખેડા જિલ્લાના લોકો બાહોશ અને જુસ્સાવાળા ખરા, પણ ત્યાંની વસ્તીમાં એવું તત્ત્વ પણ છે જે વિશેષ ઉશ્કેરણીના પ્રસંગ આવતાં કાબૂમાં ન રહે અને તોફાન પર ચઢી જઈ આપણી બાજી બગાડે. જ્યારે બારડોલીના લોકો એકંદરે સરળ અને શાંત સ્વભાવના ગણાય. ગાંધીજીને પણ ૧૯૧૮માં ખેડા જિલ્લાનો કાંઈક અનુભવ થયેલો હતો, એટલે તેમણે સરદારની સલાહ સ્વીકારી લીધી. અને સ્વાતંત્ર્યના ધર્મયુદ્ધ માટે બારડોલી તાલુકાની આખરી પસંદગી થઈ. ત્યાંના લોકોએ સરકારી કેળવણીનો લગભગ પૂર્ણ બહિષ્કાર કર્યો હતો. તાલુકાનાં નાનાંમોટાં એંશી ગામમાંથી એકાવન ગામે રાષ્ટ્રીય શાળાઓ સ્થપાઈ ચૂકી હતી. લોકોએ ઘેરેઘેર રેંટિયા વસાવ્યા હતા અને ખૂબ સૂતર કંતાવા માંડ્યું હતું. આમ તેમણે સુંદર તૈયારી કરી હતી.

પોતાને ત્યાં સત્યાગ્રહનો યજ્ઞ મંડાવાનું નક્કી થયું એટલે જમીનમહેસૂલ નહીં ભરવાની બારડોલીએ તૈયારી કરવા માંડી. આ જોઈ તા. ૧૮–૧–’૨૨ના રોજ બારડોલી મુકામેથી ત્યાંના આસિસ્ટન્ટ કલેક્ટર શ્રી. શિવદાસાનીએ નીચે પ્રમાણેની સમજૂતી બહાર પાડી :

“હાલમાં સરકારધારો નહીં ભરવા સંબંધી લોકોની સહીઓ લેવામાં આવે છે. જે માણસને એવી સહી કરવી હોય તે મઝેથી કરે, તેવી સહી



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



કરવાને દરેકને છૂટ છે. પણ માત્ર સમજીને જ સહી કરે, એવી મારી લોકોને ભલામણ છે. જે માણસ સહી કરશે તેની પાસેથી કાયદા પ્રમાણે સરકાર-ધારો એકદમ ભરવા સંબંધી તેને કલેક્ટર તરફથી નોટિસ આપવામાં આવશે. તેણે એકદમ પૈસા ભરવા પડશે, કાં તો કિસ્તને વખતે પૈસા ભરાશે એવો જામીન આપવો પડશે. તેમ ન કરશે તો ખાતેદારની બધી જમીન કાયદા પ્રમાણે ખાલસા કરવામાં આવશે. પછી જોકે આખો તાલુકો એવું કરે, જે બનવા જોગ લાગતું નથી, તોપણ સરકારના પૈસા જવાના નથી. આ બારડોલી તાલુકાના ખેતરમાં માત્ર જે કપાસ ઊભેલો છે તેની કિંમત ઓછામાં ઓછી દસ લાખ થશે. સરકાર આ બધો કપાસ જો કોઈ એક મોટા બહારના વેપારીને વેચવા જાય તોયે સરકારને સાત-આઠ લાખથી ઓછી ઊપજ નહીં થશે. અને એવી પણ (લોકોને) ખાતરી હોવી જોઈએ કે પછી તે વેપારી ગમે તેવી રીતે પોતાનાં માણસ લાવી કપાસ વીણી લઈ જશે. આ તો ફક્ત કપાસનો પાક જે ખેતરમાં ઊભેલો છે તેની વાત છે. તે ઉપરાંત બધી જમીનો સરકારી થઈ જશે. આ આખા તાલુકાનો સરકારધારો ફક્ત પોણાચાર લાખ છે. માટે સરકારને લોકોનાં ઢોરઢાંખર અથવા બીજી કોઈ ખાનગી ચીજને હાથ લગાડવાની જરૂર નહીં પડશે. જે લોકો બધું ખોઈ બેસવા તૈયાર હોય તે ખુશીથી સહી કરે, પણ મારી તપાસમાં એમ લાગે છે કે, લોકોને આ બધું સમજાવવામાં આવતું નથી. ઊલટું લોકોને સહી કરવા બદલ આગ્રહ કરવામાં આવે છે. એમ કરવું ખોટું છે, કારણ લોકો સહી કરીને ફરી જશે, અને મારી જાણમાં છે કે ઘણાખરા ફૂટી જવાના છે. ખરી રીતે તો સહી કરવા માટે આગ્રહ કરતાં પહેલાં લોકોને કહેવું જોઈએ કે જે લોકો સહીઓ કરે છે તે લોકોએ પોતાના ગણોતિયા પાસેથી ગણોત માગવું ન જોઈએ. અને ગણોત બદલ જે કાંઈ ભાત અગર ઘાસ કે દાણો મળ્યું હોય તે પણ પાછું આપવું જોઈએ. વળી તે લોકો પૂરેપૂરા લાયક અને પ્રામાણિક ત્યારે જ કહી શકાય કે જ્યારે ગણોતિયાને પોતાની સહી કરવાથી જે નુકસાન થયેલું હોય તે ભરી આપે. કારણ સરકારધારો ભરવામાં ખાતેદારે કસૂર કરવાથી બિચારા ગણોતિયાને નુકસાન ભોગવવું પડે એ અયોગ્ય છે. મારી જાણ પ્રમાણે સહી લીધા પહેલાં લોકોને આવું કહેવામાં આવતું નથી.

"આ ધમકી અથવા ચેતવણી નથી; માત્ર સમજૂતી જ છે. એમ નથી કે સરકારને કોઈનો પાક કે જમીન જોઈએ છે. પણ સરકાર બધું ખેડૂતના ફાયદા માટે જ કરે છે. એને લીધે જ સરકારધારો એક માસ પાછળથી લેવાનો છે. આ તાલુકામાં કપાસનો પાક વધારે હોવાથી અને તે મોડેથી પાકવાથી ખેડૂતોને જાનેવારી અને માર્ચમાં સરકારધારો ભરવો એ અગવડ-ભરેલું લાગતું હતું. પણ જ્યારે લોકો સરકારધારો નહીં ભરવાની સહી કરે ત્યારે તો સરકારી અમલદારોને પગલાં લેવાં પડે અને ખાતેદારો પાસેથી બેઉ કિસ્ત એકદમ સાથે નોટિસ આપીને માગવી પડે."

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ગાંધીજીને આ સમજૂતીની ભાષા બહુ વિનયભરી લાગી. તેમણે એના ઉપર ટીકા કરતાં લખ્યું :

"સરકારી નોકરીમાં રહેતાં છતાં દેશી અમલદારો વિવેક વાપરતા થઈ જાય એ કંઈ વધારેપડતું નહીં ગણાય. પણ જો આ સમજૂતીની ભાષા અંગ્રેજ અમલદારે જોઈ સમજીને પસંદ કરી હોય તો એને હું મોટો ફેરફાર ગણું છું અને આપણી લડતનો શુભ આરંભ ગણું છું. . . . આ સમજૂતીને વધાવી લેવાની સાથે હું એટલું કહી જવા ઇચ્છું કે બારડોલી તાલુકાના એક પણ ખેડૂતને અજાણપણામાં રાખવામાં આવ્યો નથી. દરેક સ્ત્રીપુરુષને કહેવામાં આવ્યું છે કે સરકાર

૧. પાક બધો વેચી શકે છે.
૨. લાખોનો પાક કોડીને દામે લઈ શકે છે.
૩. ઢોરઢાંખર, વાસણકૂસણ પણ લઈ જઈ શકે છે.
૪. ઇનામી જમીન પણ ખાલસા કરી શકે છે.
૫. લોકોને જેલમાં મોકલી શકે છે.
૬. લોકોનો રેલ, તાર, ટપાલ વગેરે સાથેનો સંબંધ બંધ કરી બારડોલી તાલુકાને ઘેરો ઘાલી લોકોને તેમાં પૂરીને થકવવાનો પ્રયત્ન કરી શકે છે.

"આ બધા ઉપદ્રવ પૂરેપૂરી શાન્તિપૂર્વક લોકો સહન કરવા તૈયાર હોય તો જ લડે."

આગળ ઉપર લડત જ્યારે બંધ રાખવામાં આવી અને ત્યાર પછી માર્ચ મહિનામાં ગાંધીજીને પકડવામાં આવ્યા ત્યારે ઉપરની સમજૂતી કાઢનાર આસિસ્ટંટ કલેક્ટર શ્રી શિવદાસાનીએ પોતાની નોકરીનું રાજીનામું આપી દીધું હતું.

ગાંધીજીએ અને સરદારે તો બારડોલીની યોગ્યતા વિષે ખાતરી કરી લીધી હતી, છતાં વિશેષ ચોકસાઈની ખાતર બારડોલીની તૈયારીની બરાબર તપાસ કરવાનું કામ ગાંધીજીએ શ્રી વિઠ્ઠલભાઈ પટેલને સોંપ્યું. તેઓએ તા. ૨૪મી જાન્યુઆરીથી બારડોલીમાં પોતાનો મુકામ કરી ગામેગામ ફરી તપાસ કરવા માંડી. પછી તા. ૩૦મીના રોજ સત્યાગ્રહનો ઠરાવ કરવા બારડોલી તાલુકાની પરિષદ બોલાવવામાં આવી. બારડોલી તાલુકા સમિતિના પ્રમુખ શ્રી કુંવરજી વિઠ્ઠલભાઈ મહેતા સ્વાગત પ્રમુખ હતા. પરિષદનું પ્રમુખસ્થાન શ્રી વિઠ્ઠલભાઈ પટેલને આપવામાં આવ્યું હતું અને ગાંધીજી, સરદાર તથા કૉંગ્રેસ કારોબારીના જે સભ્યો તે વખતે બહાર હતા તેમણે એ પરિષદમાં હાજરી આપી હતી.

નામદાર વિઠ્ઠલભાઈએ પ્રમુખ તરીકેના પોતાના ભાષણમાં જણાવ્યું :

"હું આ પરિષદના પ્રમુખ તરીકે જ અહીં આવ્યો નથી. તાલુકામાં આવીને તપાસણી કરવી એ કામ પણ મને સોંપાયેલું છે. તે મુજબ હું અહીં

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

૨૪મી તારીખે આવ્યો છું. . . . સરકારી અમલદાર કહે છે કે તમે જે પ્રતિજ્ઞાપત્રમાં સહીઓ આપી છે તે વગર સમજ્યે આપી છે. પૂરી હકીકત તમારી આગળ રજૂ કર્યા વગર તમને છેતરીને સહીઓ કરાવી લેવામાં આવી છે. લગભગ સાઠ ગામડાંના માણસોને હું મળ્યો છું. તેમને પૂછીને મેં ખાતરી કરી છે કે તાલુકાના લોકોએ ૧૦૦માંથી ૯૯ સહીઓ તો પૂરું સમજ્યા પછી જ કરી છે. . . .”

પોતાની તપાસનું બ્યાન આપતાં તેમણે જણાવ્યું :

“આ તાલુકામાં ૮૭ હજારની વસ્તી છે. તેમાં લગભગ ૩૦ હજાર પાટીદાર, લગભગ ૪૫ હજાર દૂબળા તથા ઢોડિયા વગેરે રાનીપરજ, ત્રણેક હજાર મુસલમાન, ત્રણેક હજાર અનાવિલ બ્રાહ્મણ, બે હજાર વાણિયા અને બેએક હજાર અંત્યજ ભાઈબહેનો છે. . . . વાણિયા, બ્રાહ્મણ લડતની વિરુદ્ધ નથી, તેમ તરફેણમાં પણ નથી. પાટીદાર લોકોનો બાર આની ભાગ લડતમાં એકપગે સામેલ છે અને જેટલો ભોગ આપવો પડે તેટલો આપવા તેઓ તૈયાર છે. દૂબળા વગેરે વર્ગમાં કાર્યકર્તાઓએ હજી સુધી પ્રવેશ નથી કર્યો એ સાચું છે, જોકે પાટીદારો તેમની પાસેથી ગમે તેવું કામ લઈ શકે એવી તેમની સ્થિતિ છે. હિંદુ મુસલમાન અને બીજી કોમોની આપસમાં એકતાની બાબતમાં મને અહીં ન્યૂનતા નથી જણાતી. અસ્પૃશ્યતાનિવારણની બાબતમાં આ તાલુકાએ કરેલી પ્રગતિ મને સંતોષકારક ભાસી છે. હું જે ગામે ગયો ત્યાં ઊંચ વર્ણના સંખ્યાબંધ ભાઈઓ મારી સાથે અંત્યજવાસમાં આવ્યા હતા. તેમનામાં મેં કશાં સૂગસંકોચ ન જોયાં. રાષ્ટ્રીય શાળાઓમાં અંત્યજ બાળકોને દાખલ કરવાનું કામ હજુ ઓછું થયું છે, જોકે સવિનય ભંગને લંબાવવા જેટલું ઓછું તો નહીં કહું. આ નાના તાલુકામાં દારૂનાં પીઠાં તથા તાડીના માંડવા ઘણા કહેવાય — પણ પીનાર વર્ગ મોટે ભાગે દૂબળાનો છે. તેના પર અહીંના પાટીદારો અસર પાડી શકે તો એ બધાં પીઠાં અને માંડવા ખાલી રહે. આ તાલુકામાં શાંતિના ભંગની મને ઓછી બીક છે. તાલુકામાં ગુના ઓછા થાય છે. અહીંના લોકોમાં સરકાર દરબાર ચડવાની ઝાઝી ટેવ નથી. ઘણી તકરારો ઘરમેળે પતાવાય છે.”

પછી તાલુકાના લોકોને ઉદ્દેશીને કહ્યું :

“તમે જે કીર્તિ ખાટી ગયા છો એ કીર્તિની કિંમત તમારી પાસે હિંદુસ્તાન માગી શકે છે. જો તમે એ કીર્તિની કિંમત આપવા નાલાયક હો તો અત્યારથી તેવું કહી દેજો. એમ સ્પષ્ટ કહી દેશો તો તમારો આખા હિંદુસ્તાન પર ઉપકાર થશે. એક વાર રણે ચડયા પછી કાયર થઈ પાછી પાની કરવી તે કરતાં પહેલેથી જ નાલાયકી કબૂલ કરવી એમાં શૂરવીરતા છે.

“માટે ફરી ફરીને વિચાર કરજો. મામલતદાર કે આસિસ્ટંટ કલેક્ટર કે કલેક્ટર તમને ભલે કહે કે તમારી બીજી મિલકત, દાગીના કે ઢોરઢાંખર

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



સરકાર નથી લેવાની, માત્ર ખેતરોમાં ઊભો કપાસ જ દસ લાખનો છે, તેટલો જ વેપારીઓને આપી દેશે. પણ હું કહું છું કે તમારી જંગમ મિલકત લેવાનો સરકારને અધિકાર છે. એ ન લેવા જેટલી સરકાર દયાળુ હોય તો મારે એ નવી જ વાત શીખવાની રહી છે. સરકાર જમીનો ખાલસા નહીં કરે એ હું માની શકતો જ નથી. રીતે અને ગેરરીતે તમારી સામે આ યુદ્ધમાં હજાર તદબીર રચીને એ લડશે. તમને કેદમાં નાખશે, તમારું નસીબ હશે તો તમારી પર ગોળીઓ પણ ચલાવશે. આ બધું જો સહન કરવા તૈયાર હો તો જ લડાઈમાં ઊતરજો. ઈશ્વર સાક્ષી રાખીને મને જે સત્ય લાગે છે તે તમને કહું છું કે, એક તરફથી હિંદુસ્તાનને સ્વતંત્રતા અપાવવાનું કામ તમારે હાથે થશે, બીજી તરફથી તમારી મિલકત, તમારા જાન પાણીથી પણ સસ્તા કરવા પડશે. આખો બારડોલી તાલુકો નકશામાંથી ભૂંસાઈ જવા સંભવ છે, તેવી ગણતરી રાખીને કામ કરજો. કેટલાક કહેશે કે વિઠ્ઠલભાઈએ બહુ બિવડાવ્યા, પણ ચેતવવા ખાતર બહુ બીક બતાવવી એ સારી.”

ગાંધીજીએ પણ સત્યાગ્રહ કરવાને લાયક થવા માટે કેટકેટલી તૈયારીઓ કરવી જોઈએ અને તેમાં કેટલાં કેટલાં જોખમો ખેડવાનાં છે તે વિગતવાર સ્પષ્ટ ફોડ પાડીને લોકોને સમજાવ્યું. આ બધી ચોખવટ એટલા માટે કરવામાં આવી કે કોઈ અજાણપણામાં ન રહે અને સમજ્યા વિના હાથ ઊંચો ન કરે. ગાંધીજીએ સાફ કહ્યું કે, હાથ ઊંચો કર્યે કંઈ સ્વરાજ્ય નથી મળી જવાનું. જાતે મરીને, માલમિલકત ખુવાર કરીને, વાસણકૂસણ, ઢોરઢાંખર ગુમાવીને, પાયમાલ થઈને જ સ્વરાજ ઘેર આણવાનું છે. ગાંધીજી અને વિઠ્ઠલભાઈ બધું કરતા હતા એટલે સરદારને કાંઈ બોલવાપણું નહોતું. પણ તેમની તીણી નજર ચારે કોર ફરી રહી હતી અને તેમણે પારખી લીધું હતું કે આ તાલુકાના લોકોને બરાબર દોરવામાં આવે અને તેમનો વિશ્વાસ બેસી જાય તો તેમને ત્યાગ અને બલિદાનને રસ્તે બરાબર વાળી શકાય એમ છે. આ પારખનો ઉપયોગ તેમણે ૧૯૨૮માં બારડોલી સત્યાગ્રહની લડતમાં બરાબર કર્યો. લોકોએ ૧૯૩૦ તથા ૧૯૩૨ની લડતોમાં પણ સારો જવાબ આપ્યો.

ગાંધીજીએ પોતાના ભાષણના અંતમાં જણાવ્યું :

“કોઈ એમ ન માનીને બેસે કે હું અહીં રહેવાનો છું એટલે હું તમને બચાવી લઈશ. હું જ્યાં જાઉં છું ત્યાં તો ઊલટા ઉપદ્રવ જ થાય છે. આપણે બધા વલોવાઈ જઈએ છીએ. હું તમારી અંદર શાંતિ કરવા નથી આવ્યો પણ અશાંતિ ઉપજાવવા આવ્યો છું. અશાંતિ સિવાય શાંતિ નથી. પણ તે અશાંતિ આપણી પોતાની. આપણાં મન જ્યારે વલોવાઈ જશે, આપણે જ્યારે કષ્ટના અગ્નિમાં ખૂબ તપશું, ત્યારે જ ખરી શાંતિ પ્રાપ્ત કરી શકવાના છીએ.”

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

આટલી સમજૂતી અને ચેતવણી મળ્યા પછી પરિષદે નીચેનો ઠરાવ સર્વાનુમતે અને ખૂબ ઉત્સાહપૂર્વક પસાર કર્યો :

" સામુદાયિક સવિનય ભંગને સારુ કૉંગ્રેસે મુકરર કરેલી શરતો પૂરી રીતે સમજ્યા પછી બારડોલી તાલુકાની આ પરિષદ ઠરાવ કરે છે કે :

૧. આ તાલુકો સામુદાયિક સવિનય ભંગને સારુ તૈયાર છે.

૨. આ પરિષદ માને છે કે :

(૧) હિંદુસ્તાનનાં દુઃખોને દૂર કરવા સારુ હિંદુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી વગેરે કોમો વચ્ચે મિત્રતાની આવશ્યકતા છે.

(૨) મજકૂર દુઃખોનું ઔષધ શાંતિ, સબૂરી અને સહનશીલતા જ છે.

(૩) હિંદુસ્તાનની સ્વતંત્રતાને સારુ પ્રત્યેક ઘરમાં રેંટિયો ચલાવવાની અને બધાએ હાથે કાંતેલા સૂતરનાં હાથે વણેલાં કપડાંનો ઉપયોગ કરવાની આવશ્યકતા છે.

(૪) હિંદુઓ જ્યાં સુધી અસ્પૃશ્યતાનો સર્વથા ત્યાગ ન કરે ત્યાં સુધી સ્વરાજ્ય અશક્ય છે.

(૫) લોકોની ઉન્નતિને સારુ ને બંધનમાંથી છૂટવાને સારુ ગુસ્સો કર્યા વિના, માલમિલકત ખોવા, કેદમાં જવા કે જરૂર પડે તો જીવ આપવા લોકોએ તૈયાર થવાની આવશ્યકતા છે.

૩. આ પરિષદ ઉમેદ રાખે છે કે બારડોલી તાલુકાને પોતાનો ભોગ આપવાની પ્રથમ તક મળશે.

૪. આ પરિષદ કૉંગ્રેસ કારોબારી સમિતિને સૂચવે છે કે જો કારોબારી સમિતિ બીજો કંઈ પણ બંધનકારક ઠરાવ પસાર ન કરે તો, અગર રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સ ન ભરાય તો બારડોલી તુરત સામુદાયિક સવિનય ભંગ મહાત્મા ગાંધીજી અને પરિષદના પ્રમુખની સલાહ મુજબ શરૂ કરશે.

૫. આ પરિષદ ભલામણ કરે છે કે જેઓ કૉંગ્રેસે ઠરાવેલી શરતોનું પાલન કરવા તૈયાર હોય તેવા બારડોલી તાલુકાના રહેવાસીઓ બીજે ઠરાવ થતાં સુધી સરકારમહેસૂલ ન ભરે."

આણંદ તાલુકો સત્યાગ્રહની લડત ઉપાડવા માટે બારડોલી તાલુકાનો હરીફ હતો. પણ એ હરીફાઈ સુંદર અને બંનેને ઉન્નતિકર હતી. આણંદ તાલુકાના બુઝુર્ગ નાયક શ્રી અબ્બાસ સાહેબ તૈયબજી પોતાના તાલુકાને આવો અમૂલો લહાવો ન મળ્યો તે માટે મનમાં દિલગીર થયા હોય તો નવાઈ નહીં. પણ ખુશમિજાજી અને ખેલદિલીથી તેમણે પરિષદમાં બારડોલીને મુબારકબાદી અને દુવા આપી.

ટીકાકારો કહેવા લાગ્યા કે બારડોલીના લોકો તો ભોળા અને મોળા છે અને તેમનો વિશ્વાસ કરવામાં ગાંધીજી મોટી ભૂલ કરે છે. આનો

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

ગાંધીજીએ જે જવાબ આપ્યો તે સત્યાગ્રહી સેનાપતિની વૃત્તિ કેવી હોય તે સુંદર રીતે બતાવે છે :

"હું તો ભૂલ કર્યાં જ કરું છું ને ઈશ્વર સુધાર્યાં કરે છે. હજારો વાર લોકો મને ભૂલથાપ ખવડાવે તોપણ મારાથી અવિશ્વાસ કેમ થાય? જ્યાં સુધી વિશ્વાસ રાખવાનું જરા પણ કારણ જોઉં ત્યાં સુધી હું તો વિશ્વાસ જ રાખું. અવિશ્વાસનું ચોક્કસ કારણ મળ્યે વિશ્વાસ રાખવો એ મૂર્ખાઈ છે. પણ વહેમથી જ અવિશ્વાસ કરવો એ ઉદ્ધતાઈ અને નાસ્તિકતા છે. વિશ્વાસે તો વહાણ તરે છે.

"મને તો બારડોલીના લોકોએ એટલી નિખાલસપણે વાત કરી છે કે તેમનો અવિશ્વાસ કરવો એ મને પાપ લાગ્યું. હું અવિશ્વાસથી તેઓના પ્રતિનિધિઓ સાથે વાત કરવા બેઠો ને તેઓએ જ મારામાં વિશ્વાસ પેદા કર્યો.

"બારડોલીના માણસો સાદા છે, ભોળા છે. તેઓને કશા મોજશોખની દરકાર નથી. તેઓ તવંગર નથી, તેમ ભિખારી પણ નથી. તેઓ તોફાની નથી, તેમ નમાલા પણ નથી. તેઓ કજિયાખોર નથી, પણ પ્રેમાળ છે. તેમનામાં અંદર અંદર કજિયા કંકાસ નથી. તેઓએ અમલદાર વર્ગની સાથે મીઠાશ જાળવી છે. તેઓને સ્થાનિક દુઃખ ન હોઈ, તેમની લડવાની માગણી કેવળ નિઃસ્વાર્થ જ છે. તેઓએ યોગ્ય થવા ખૂબ પ્રયાસ કર્યો છે, પોતાની શક્તિ ચોરી નથી. તેઓ સ્વદેશીમાં સંપૂર્ણ નથી થયા, પણ સંપૂર્ણ થવા ઠીક પ્રયત્ન કરી રહ્યા છે. તેઓએ અસ્પૃશ્યતાને જેટલે દરજ્જે કાઢી છે તેટલી હિંદુસ્તાનના બીજા કોઈ ભાગમાં તે નથી નીકળી. તેથી હું માનું છું કે કોઈ પણ તાલુકો લાયક છે એમ ગણાય તો બારડોલી છે જ."

પછી તા. ૩૧મીએ સુરતમાં કોંગ્રેસ કારોબારી સમિતિની બેઠક મળી તેમાં મંજૂર કરાવીને ગાંધીજીએ વાઈસરૉયને તા. ૧લી ફેબ્રુઆરીએ એક લાંબો કાગળ લખ્યો. તેના છેલ્લા પૅરામાં જણાવ્યું કે :

"પણ બારડોલીમાં સવિનય ભંગનું કાર્ય ચાલુ થાય તે પહેલાં હિંદી સરકારના વડા સૂબા તરીકે આપને હું નમ્રતાપૂર્વક કહું છું કે આપની નીતિ છેવટને સારુ બદલો. જેઓને શાંતિમય પ્રવૃત્તિઓના સંબંધમાં પકડવામાં અથવા કેદ કરવામાં આવેલા છે તે બધા અસહકારી કેદીઓને છોડી દો. મુલકની અંદર જે જે શાંતિમય પ્રવૃત્તિઓ ચાલી રહી છે તેની વચ્ચે સરકાર જરા પણ નહીં આવે એવું ચોખ્ખી રીતે જાહેર કરો, પછી ભલે તે પ્રવૃત્તિઓ ખિલાફત, પંજાબ કે સ્વરાજ સંબંધી હોય, અને ભલે તે શાંત પ્રવૃત્તિઓ ફોજદારી ગુનાઓને લગતા અથવા દમનનીતિવાળા કોઈ પણ કાયદાની અંદર આવી જતી હોય. તે જ પ્રમાણે વર્તમાનપત્રો ઉપરનો બિનઅદાલતી બધો અંકુશ નીકળી જવો જોઈએ અને જે દંડ અથવા તો જપ્તીઓ કરવામાં આવેલાં છે તે પાછાં મળવાં જોઈએ. આ પ્રમાણે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



માગણી કરવામાં જ્યાં સભ્ય રાજનીતિ ચાલે છે તેમ ગણાય છે એવા દેશો કરતાં હું કંઈ વધારે માગણી કરતો નથી. જો આ જાહેરપત્ર પ્રગટ થયા પછી સાત દિવસની અંદર મારી માગણીનો સ્વીકાર કરવાનું આપ જાહેર કરશો તો જે કૉંગ્રેસીઓ કેદમાં છે તેઓ છૂટીને આખી વસ્તુસ્થિતિનો નવેસરથી વિચાર કરી શકે ત્યાં સુધી આક્રમણકારી સવિનય ભંગ મોકૂફ રાખવાની સલાહ આપવા હું તૈયાર છું. જો આ પ્રમાણે સરકાર મારી માગણીનો સ્વીકાર કરશે તો હું એમ માનીશ કે લોકમતને માન આપવાનો તેનો શુભ ઇરાદો છે, અને તેથી લોકોને હું એવી સલાહ આપીશ કે તેઓએ કોઈ તરફથી અંકુશ મુકાયા વિના જાહેર મતને વધુ કેળવવામાં રોકાઈ જવું અને એવો વિશ્વાસ રાખવો કે દેશની નિશ્ચિત થયેલી માગણીઓનો સ્વીકાર તે વડે થઈ શકશે. એમ થયા પછી જો કદાચ સરકાર સંપૂર્ણ નિષ્પક્ષ નીતિનો ત્યાગ કરે અથવા હિંદી પ્રજાના સ્પષ્ટ રીતે જણાઈ આવતા એવા બહુમતને માન ન આપે તો જ આક્રમણકારી સવિનયભંગ શરૂ કરવામાં આવે.”

સરકારે આ કાગળનો જવાબ વાળ્યો તેમાં પોતે નિર્દોષ હોવાનો દાવો કર્યો અને અસહકારીઓને દોષિત પુરવાર કરવાનો પ્રયત્ન કર્યો. દાખલા તરીકે, સભાબંધી અને વાણીબંધીની નોટિસો બાબત સરકારે જણાવ્યું કે અસહકારીઓની બદમાશીને લીધે જ એવી બંધી કરવી પડી છે. બીજા આક્ષેપોની બાબતમાં સરકારે આંખ આડા કાન કર્યા. ગાંધીજીએ સરકારના આ જવાબનો જવાબ આપ્યો, જેમાં સરકાર તરફથી કરવામાં આવેલી લૂંટના, મારપીટના, ખાદી બાળવાના, કૉંગ્રેસનાં કાર્યાલયો ઉપર રાતને વખતે ધાડ પાડવાના, વગેરે દાખલા ટાંકી બતાવ્યા. બીજી તરફથી બારડોલી તાલુકાના લોકો પ્રત્યે દરરોજ પત્રિકાઓ કાઢી તેમને તૈયાર કરવાની પ્રવૃત્તિ ચાલી રહી હતી. એટલામાં યુક્ત પ્રાંતમાં ગોરખપુર જિલ્લાના ચૌરીચોરા નામના ગામના લોકો તરફથી થયેલ હત્યાકાંડના ચોંકાવનારા ખબર આવ્યા. એ ગામમાં એક સરઘસ નીકળેલું. એ સરઘસની પાછળ રહેલા લોકોની પોલીસે સતામણી કરી અને ગાળો દીધી. લોકોએ બૂમો પાડી એટલે આગળ નીકળી ગયેલું ટોળું પાછું ફર્યું. પોલીસે એના ઉપર ગોળી ચલાવી. પણ થોડી વારમાં તેમની પાસેની કારતૂસો ખૂટી એટલે પોતાની સલામતીને ખાતર પોલીસો પોતાના થાણામાં ભરાઈ ગયા. ટોળાએ થાણું સળગાવ્યું. અંદર ભરાયેલા પોલીસ સિપાઈઓ જાન બચાવવા ખાતર બહાર આવ્યા તેવા જ વિકરાળ ટોળાએ તેમને પીંખીને ફાડી નાખ્યા અને તેમની છિન્નભિન્ન લાશોને ભભૂકતી આગમાં હોમી દીધી. કુલ ૨૧ પોલીસ સિપાઈઓ અને ફોજદારનો એક જુવાન છોકરો આમાં માર્યા ગયા. આના બચાવમાં એમ કહેવામાં આવ્યું કે લોકોના ટોળાની પોલીસે તે ઘડીએ પજવણી કરી એટલું જ નહોતું, પણ એ જિલ્લામાં પોલીસનો જુલમ અને ત્રાસ ચાલુ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



હતો અને તેથી લોકો ધૂંધવાયેલા હતા. ગાંધીજીને મન આ બચાવનો કશો અર્થ ન હતો. તેમને તો સ્પષ્ટ લાગ્યું કે પોલીસ તરફથી અગાઉ ચાહે તેવી પજવણી થઈ હોય તોપણ તેઓ જ્યારે નિરાધાર થઈ ગયા હતા અને લોકોના ટોળાની દયા પર આવી પડ્યા હતા ત્યારે તેમની આવી ઘાતકી રીતે હત્યા કરવી તેનો કોઈ રીતે બચાવ કરી શકાય જ નહીં. તેમાંય જ્યારે આપણે અહિંસાપરાયણ હોવાનો દાવો કરતા હોઈએ અને કેવળ શુદ્ધ સાધનો વડે જ સ્વતંત્રતા મેળવવાના ઉમેદવાર હોઈએ ત્યારે આવી ટોળાશાહી ચલાવીને ખુનામરકી કરવી અક્ષમ્ય જ ગણાય. નાનાં નાનાં છમકલાં તો બીજે પણ થોડાં થયાં હતાં. એટલે આવા હિંસામય વાતાવરણ વચ્ચે બારડોલીનો સામુદાયિક સવિનય ભંગ ન ચલાવી શકાય એ વિચાર તેમને તત્કાળ સ્ફુર્યો. તેમને કૉંગ્રેસે સરમુખત્યાર નીમ્યા હતા એટલે તેમને સવિનય ભંગ મોકૂફ રાખવાની સત્તા તો હતી, પણ કારોબારી સમિતિના જે જે સભ્યો બહાર હતા તેમની સાથે મસલત કરીને જે તે નિર્ણય જાહેર કરવો એ વિચારથી તા. ૧૧મી ફેબ્રુઆરીએ બારડોલીમાં કારોબારીની મીટિંગ બોલાવી. તે વખતની પોતાની મનોવ્યથાનું ગાંધીજી 'ઘરનો ઘા' એ નામના લેખમાં વર્ણન આપે છે :

> "'પણ હમણાં જ હજુ વાઈસરૉય સાહેબને લાંબોચોડો વિષ્ટિપત્ર લખી મોકલ્યો અને તેના જવાબનો પણ જવાબ વાળ્યો તેનું શું?' આમ સેતાન કાન આગળ ગણગણ્યો. મારી ભોંઠપને સીમા ન દેખાઈ. 'મોટા ડોળ કરીને સરકારને મોટી મોટી ધમકીઓ આપી, બારડોલીના લોકોને બડીબડી આશાઓ આપી, અને બીજે જ દિવસે આમ પાછી પાની! કેવડી ભારે મરદાનગી!' આમ સેતાન મારી પાસે સત્યનો અને તેથી ધર્મનો અને ઈશ્વરનો ઇન્કાર કરાવવા મથી રહ્યો હતો. મેં મારી શંકાઓ અને મારું દુઃખ કારોબારી સમિતિ આગળ તેમ જ જે સાથીઓને મેં મારી પાસે દીઠા તેમની આગળ રજૂ કર્યું. પહેલાં તો તેમનામાંના બધાને કંઈ મારું કહેવું હૈયે બેઠું નહીં. કેટલાકને કદાચ હજી પણ મારું કહેવું ગળે ઊતર્યું નથી. પણ ઈશ્વરે મને જેવા સમજુ અને દરિયાવ દિલના સાથીઓ અને જોડીદારો આપ્યા છે તેવા કદાચ ભાગ્યે જ કોઈને આપ્યા હશે. તેઓ મારી મુશ્કેલી સમજ્યા અને ધીરજથી મારું બધું કહેવું સાંભળ્યું."

તા. ૧૧મી તથા ૧૨મી ફેબ્રુઆરી, એ બે દિવસ કારોબારી સમિતિની બેઠક ચાલી. તેમાં પસાર થયેલા ઠરાવોના મુદ્દા નીચે પ્રમાણે છે :

૧. ચૌરીચોરાના અમાનુષી અત્યાચારો માટે ખેદ.

૨. સામુદાયિક સવિનય ભંગ પૂર્ણ અહિંસામય વાતાવરણ ઊભું થાય ત્યાં સુધી મુલતવી રાખવો. સરકારના મુલતવી રાખેલા કર ભરી દેવા. આક્રમણકારી સવિનય ભંગની તૈયારીઓ બંધ કરવી.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

૩. જેલ માગી લેવાની પ્રવૃત્તિઓ બંધ કરી કૉંગ્રેસની સામાન્ય પ્રવૃત્તિઓ ચલાવવી. સારા ચારિત્ર્યવાળા અને કૉંગ્રેસ સમિતિઓએ ખાસ પસંદ કરેલા લોકો પાસે જ દારૂનાં પીઠાં પર ચોકી કરાવવી. બીજી બધી ચોકી બંધ કરવી.

૪. સભાબંધીના કાયદાના ભંગને ખાતર જ સ્વયંસેવકનાં સરઘસો કાઢવાનું અને જાહેરસભાઓ ભરવાનું બંધ રાખવું. કૉંગ્રેસની ખાનગી સભાઓ ને સામાન્ય જાહેરસભાઓ ભરવાની છૂટ રાખવી.

૫. જમીનદારોની સાંથ ન અટકાવવા ખેડૂતોને સમજાવવા. કૉંગ્રેસની હિલચાલનો હેતુ જમીનદારના કાયદેસર હક્કો પર તરાપ મારવાનો નથી.

ઠરાવમાં ભવિષ્યનો કાર્યક્રમ પણ લોકોને આપ્યો :

૧. કૉંગ્રેસના ઓછામાં ઓછા એક કરોડ સભ્યો બનાવવા. સ્વરાજ્ય માટે સત્ય અને અહિંસાને અનિવાર્ય ગણનારને જ દાખલ કરવા.

૨. રેંટિયાની અને શુદ્ધ ખાદીની ઉત્પત્તિની પ્રવૃત્તિ વધારવી. દરેક કાર્યકર્તા શુદ્ધ ખાદી જ પહેરે ને ઉત્તેજનને ખાતર કાંતતાં પણ શીખી લે.

૩. રાષ્ટ્રીય શાળાઓ સ્થાપવી અને ચલાવવી. સરકારી શાળાઓ પર ચોકી ન કરવી.

૪. અંત્યજોની સ્થિતિ સુધારવી. પોતાનાં બાળકોને રાષ્ટ્રીય શાળાઓમાં મોકલવા તેમને સમજાવવા તથા બીજી સામાન્ય સગવડો કરી આપવી. તેમના પ્રત્યેનો અણગમો દૂર ન થયો હોય ત્યાં કૉંગ્રેસ તરફથી તેમને માટે અલાયદી શાળાઓ અને અલાયદા કૂવા કરી આપવા.

૫. દારૂ પીવાની ટેવવાળા લોકોમાં ઘેર ઘેર ફરી દારૂનિષેધની હિલચાલ ચલાવવી.

૬. શહેરોમાં અને ગામોમાં લવાદી પંચો સ્થાપવાં. તેના ચુકાદા પળાવવા માટે સામાજિક બહિષ્કારનો ઉપયોગ હરગિજ ન કરવો.

૭. એક સેવાખાતું ખોલવું, જે કશા ભેદ રાખ્યા વિના સર્વ કોમને માંદગી કે અકસ્માત વખતે મદદ આપે.

૮. તિલક સ્વરાજ ફાળો ચાલુ કરવો અને કૉંગ્રેસના દરેક સભ્યને તથા કૉંગ્રેસ પ્રત્યે સહાનુભૂતિ ધરાવનારને પોતાની ૧૯૨૧ની આવકનો સોમો ભાગ આપવા વિનંતી કરવી.

ગાંધીજીએ ચૌરીચોરાના દોષના પ્રાયશ્ચિત્ત તરીકે પાંચ દિવસના ઉપવાસ કર્યા. પ્રાયશ્ચિત્ત જાહેર કરવાની જરૂર ન હોય. પણ આ ઉપવાસ જાહેર કરવાનું ગાંધીજીએ એ કારણ આપ્યું કે જોકે એ ઉપવાસ એમને પોતાને સારુ પ્રાયશ્ચિત્ત હતા, પણ તેની સાથે ચૌરીચોરાના દોષિત લોકોને સારુ એ સજારૂપ પણ હતા. ગાંધીજીએ લખ્યું છે :

"પ્રેમની સજા એવી જ હોય. પ્રેમી દુભાય ત્યારે પ્રિયાને દંડતો નથી, પણ પોતે પીડા ભોગવે છે, પોતે ભૂખે પીડાય છે, પોતે માથું ફૂટે છે. પ્રિયજન સમજે કે ન સમજે એને વિષે એ નિશ્ચિંત રહે છે."

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

તા. ૨૫મી ફેબ્રુઆરીએ દિલ્હીમાં આ બાબત વિચાર કરવા મહાસમિતિની બેઠક થઈ. તેમાં કારોબારી સમિતિનો બારડોલીનો ઠરાવ થોડાક ફેરફાર સાથે પસાર થયો. પણ ગાંધીજીએ જોયું કે એ ઠરાવ મહાસમિતિના બહુ ઓછા સભ્યોને ખરેખર ગમ્યો હતો. ગાંધીજીને મત મળ્યા તે એમને પોતાને ખાતર મળ્યા હતા. એમના અભિપ્રાય તથા વિચારની સત્યતા સ્વીકારીને સભ્યોએ એમને મત નહોતા આપ્યા. તેથી એમને બહુ દુઃખ અને નિરાશા થયાં. પણ લોકોને અને બીજા નેતાઓને જુદાં કારણસર એમના કરતાં પણ વધારે દુઃખ અને નિરાશા થયાં હતાં. બારડોલીના લોકોની નાસીપાસીનો પાર ન હતો. ત્યાંના સ્વયંસેવકોએ એક વરસ થયાં રાત કે દિવસ જોયા વિના રખડી રખડીને આખા તાલુકાને તૈયાર કર્યો હતો. ખેડા જિલ્લો અને ખાસ કરીને આણંદ તાલુકો, એને ભલે સામુદાયિક ભંગનો લહાવો ન મળ્યો પણ તેઓ વ્યક્તિગત સવિનય ભંગ તો કરવાના હતા અને તે માટે તેમને મંજૂરી પણ મળી હતી. તે માટે જિલ્લામાંથી ઘણાએ જમીનમહેસૂલ નહોતું ભર્યું. તેમને એ રીતે નિરાશા થઈ. પણ આ લોકોને ગાંધીજી ઉપર અનન્ય શ્રદ્ધા હતી. એટલે એમનો બોલ તેમણે ઉપાડી લીધો અને એમની સલાહ પ્રમાણે રચનાત્મક કામમાં, ખાસ કરીને ખાદીમાં તેઓ લાગી ગયા. પણ મોટા રાજદ્વારી નેતાઓ અને રાજદ્વારી લડતના રસિયા જુવાનિયાઓને ગાંધીજીની આ વાત સમજવી વસમી હતી. તેમને એમ લાગતું હતું કે દેશના કોઈ પણ ભાગમાં હિંસક તોફાન થાય તો સામુદાયિક સવિનય ભંગની લડત અટકાવી દેવામાં આવે એ શરતે તો સામુદાયિક સવિનય ભંગ કોઈ દિવસ થઈ જ ન શકે. એવાં બે ચાર તોફાન તો યુક્તિપ્રયુક્તિ કરીને આપણા વિરોધીઓ અને સરકાર પણ ગમે ત્યાં અને ગમે ત્યારે ઊભાં કરી શકે. આપણે પ્રજા ઉપર ગમે તેટલો કાબૂ જમાવીએ તોપણ પ્રજામાં એવાં તત્ત્વો તો રહે જ, જેઓની પાસે સહેજે આવાં તોફાન કરાવી શકાય. લાલા લજપતરાય, પંડિત મોતીલાલ નેહરુ, વગેરે નેતાઓ જેઓ જેલમાં હતા તેમને ગાંધીજીના નિર્ણયથી બહુ આઘાત પહોંચ્યો. તેઓ ચિડાયા અને દિલ્હીની મહાસમિતિની બેઠક પહેલાં ગાંધીજીને કાગળ લખ્યો કે, આ નિર્ણય દેશને ભારે નુકસાન પહોંચાડશે, લોકો હિંમત હારી જશે અને દેશની તથા કૉંગ્રેસની આબરૂને મોટો ધક્કો પહોંચશે. જેલની અંદરના અને બહારના ઘણાને એમ લાગતું હતું કે, જે ઘડીએ આપણી સ્થિતિ ઘણી મજબૂત હતી, સરકારના દમનની લોકો ઉપર કશી જ અસર થતી નહોતી, એકેએક મોરચા ઉપર આપણો વિજય થતો જ દેખાતો હતો, વાઈસરૉયે પોતે જાહેરમાં કહ્યું હતું કે સરકાર મૂંઝાઈ ગઈ છે અને ગૂંચવાડામાં પડી છે, તે ઘડીએ લડત મોકૂફ રાખવામાં ગાંધીજીએ ભૂલ કરી.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



મુંબઈના ગવર્નર ૧૯૨૩ના નવેમ્બરમાં એક અંગ્રેજ સાથેની મુલાકાતમાં બોલેલા :

"છે તો આટલોકશો સૂકલકડી; પણ તેત્રીસ કરોડ હિંદી પ્રજા ઉપર એણે અધિકાર જમાવ્યો હતો. આખી પ્રજા એનો પડયો બોલ ઝીલી લેતી. દુન્યવી વાતોની એને પરવા જ ન મળે. હિંદુસ્તાનના આદર્શો અને ધર્મનો જ ઉપદેશ કર્યાં કરે. આદર્શોથી કોઈએ રાજ્ય કર્યાં છે? છતાં લોકોનાં દિલમાં એણે બરાબર સ્થાન મેળવ્યું. એ લોકોના પરમેશ્વર થઈ પડયા. હિંદુસ્તાનને કોઈક ને કોઈક તો પરમેશ્વર જોઈએ જ. પહેલાં તિલક હતા. પછી ગાંધી થયા. આવતી કાલે કોઈ ત્રીજો થશે. તેણે અમને ગભરાવી નાખ્યા. તેના કાર્યક્રમે અમારી બધી જેલો ભરી દીધી. પણ એમ લોકોને માણસ કેદમાં કયાં સુધી પૂર્યાં કરે, ખાસ કરીને જ્યાં વસ્તી તેત્રીસ કરોડની હોય ત્યાં? અને આગળનું પગલું જો લોકોએ ભર્યું હોત, જો કર આપવાની ના પાડી હોત, તો ખુદાને માલૂમ આજે અમે કયાં હોત! ગાંધીનો અખતરો આખી દુનિયામાં અપૂર્વ હતો અને મહા જબરદસ્ત હતો. એને અને ફતેહને એક તસુનું જ છેટું હતું. પણ લોકોના આવેશને એ અંકુશમાં ન રાખી શકયા. લોકોએ હિંસામાર્ગ ગ્રહણ કર્યો અને ગાંધીએ પોતાની લડત મોકૂફ રાખી."*

લડત એટલા કારણસર બંધ કરવામાં આવે કે દેશના એક ખૂણામાં ઉશ્કેરાયેલાં ટોળાંએ કેટલોક અત્યાચાર કર્યો, તે રાજદ્વારી દૃષ્ટિએ દેશને પાછો પાડનારું હતું, એમ ગાંધીજી સિવાયના સૌ નેતાઓને લાગતું હતું. શ્રી વિઠ્ઠલભાઈ જેઓ બારડોલીની લડતમાં શરૂથી રસ લેતા હતા તેમને લડત બંધ રાખવાની ગાંધીજીની વાત જરાયે રુચી નહોતી. એક માત્ર સરદારે અને રાજેન્દ્રબાબુએ વિરોધનો કે નિરાશાનો એક હરફ પણ ઉચ્ચાર્યા વિના જ્ઞાનયુક્ત શ્રદ્ધાપૂર્વક ગાંધીજીનો નિર્ણય માથે ચડાવ્યો હતો. જવાહરલાલે પોતાની જીવનકથામાં આ વસ્તુનું પૃથક્કરણ બહુ સુંદર રીતે કર્યું છે :

"સાચી હકીકત તો એ છે કે ૧૯૨૨ના ફેબ્રુઆરીમાં સવિનય ભંગની લડત બંધ રહી તે કેવળ ચૌરીચોરાને કારણે તો નહીં જ, જોકે ઘણા લોકો એમ જ માનતા હતા. ચૌરીચોરા તો એક છેવટનું નિમિત્ત થઈ પડયું. ગાંધીજી ઘણી વાર પોતાની અંતઃપ્રેરણાથી જ કામ લે છે. પ્રજાની સાથેના લાંબા અને નિકટ સંસર્ગને પરિણામે મોટા લોકનેતાઓને જે એક નવી દૃષ્ટિ ખૂલી જાય છે તેવી નવી દૃષ્ટિ એમને ખૂલી છે. આથી લોકોને શું લાગે છે, લોકો શું કહે છે, અને લોકો શું કરી શકશે તે તેઓ સહજ જોઈ શકે છે. આ સહજ દૃષ્ટિનો તેઓ ઉપયોગ કરે છે, તે પ્રમાણે જ પોતાનું કાર્ય ગોઠવે છે અને પાછળથી પોતાના આશ્ચર્યચકિત અને રોષે ભરાયેલા સાથીઓને

* 'નવજીવન' પુ ૫, તા. ૨૫-૧૧-'૨૩.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



સંતોષવાને માટે પોતાના નિર્ણયનાં કારણો આપવાનો પ્રયત્ન કરે છે. આ પ્રયત્ન ઘણી વાર અતિશય છીછરો હોય છે — જેમ અમને ચૌરીચૌરા પછીથી લાગ્યું હતું. તે વખતે જોકે ઉપરથી લડત બહુ જોશમાં દેખાતી હતી અને લોકોનો ઉત્સાહ સર્વત્ર ઊભરાતો જણાતો હતો તોપણ વાસ્તવમાં લડત છિન્નભિન્ન થઈ ગઈ હતી. વ્યવસ્થા અને નિયમપાલનનાં નામનિશાન રહ્યાં ન હતાં. આપણા ઘણાખરા સારા માણસો જેલમાં હતા,* અને આમવર્ગને આજ સુધીમાં સ્વતંત્ર રીતે કામ લેવાની કશી જ તાલીમ મળી ન હતી. સ્થિતિ એવી થઈ હતી કે ગમે તે અજાણ્યો માણસ કૉંગ્રેસ સમિતિનો કબજો લેવા માગે તો લઈ શકે. અનેક ન ઇચ્છવા જેવા માણસો અને શત્રુના આડતિયાઓ આગળ આવી ગયા હતા, અને કેટલીક કૉંગ્રેસ અને ખિલાફત સંસ્થાઓનો કબજો લઈ બેઠા હતા. આ લોકોને અટકાવવાનો કોઈ રસ્તો નહોતો.

"ગાંધીજીના મનમાં આ પ્રકારનાં કારણોએ અને વિચારોએ કામ કીધું હશે. તેમણે ગૃહીત ધરેલી વાતો સ્વીકારીએ અને અહિંસાની રીતે લડત લડવાની ઇષ્ટતા સ્વીકારીએ તો તેમનો નિર્ણય સાચો હતો. સડો અટકાવવાનું અને નવી રચના કરવાનું એમનું કામ હતું."

અત્યાર સુધી લડતની બાબતમાં પહેલ કરવાનું કૉંગ્રેસના અથવા ગાંધીજીના હાથમાં રહ્યું હતું. સરકારનો વિરોધ કરવાની તથા તેની ખોટી પ્રતિષ્ઠા તોડી નાખવાની નવી નવી યોજનાઓ તથા નવા નવા કાર્યક્રમો ગાંધીજી દેશ આગળ મૂકતા અને દેશ આખો તે વધાવી લેતો અને ઉપાડી લેતો. આ કાર્યક્રમો અને વિરોધો એવા નવીન અને મૌલિક પ્રકારના હતા કે તેને શી રીતે પહોંચી વળવું તેની સરકારને સૂઝ પડતી નહીં. એટલે તે ગમે તેવા વગર વિચાર્યાં દમન અને જુલમનાં પગલાં આંધળિયાં કરીને લેતી. પણ તેથી તો લોકોનો જુસ્સો અને વિરોધ ઊલટાનો વધતો. ગુજરાત સિવાયના બીજા પ્રાંતોમાંથી લગભગ સઘળા અસહકારી નેતાઓને પકડ્યા હતા છતાં ત્યાં ઉત્સાહ તલભાર પણ ઓછો નહોતો થયો, બલકે વધ્યો હતો. ગાંધીજી ખુલ્લંખુલ્લા આ સરકાર શેતાની છે અને તેનો નાશ કરવો જ જોઈએ એમ સેંકડો વાર કહી ચૂક્યા હતા, પણ તેમને પકડવાની તેની હિંમત નહોતી ચાલતી. કારણ તેમના પર હાથ નાખતાં જ હિંદી લશ્કર અને પોલીસમાં કદાચ બળવો ફાટી નીકળે એવી તેને ધાસ્તી લાગતી હતી. પણ તેમણે લડત મોકૂફ રાખવાનું જાહેર કર્યું અને નેતાઓમાં તથા પ્રજા વર્ગમાં કચવાટ અને નિરાશા ફેલાઈ, એટલે સરકારનું ચડી વાગ્યું. લૉર્ડ બર્કનહેડે પાર્લમેન્ટમાં ભાષણ કર્યું કે, 'બ્રિટિશ પ્રજા હજી જેવી

* ગુજરાતની સ્થિતિ આમાં અપવાદરૂપ ગણવી જોઈએ. કારણ ગુજરાતમાં ગાંધીજી ઉપરાંત સરદાર અને બીજા મુખ્ય કાર્યકર્તાઓ બહાર હતા.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ને તેવી ખડતલ છે. સૌ યાદ રાખે કે તેનાં કાંડાંબાવડાં સાબૂત છે.' હિંદને સત્વર જવાબદાર રાજ્યતંત્ર આપવું જોઈએ એવી વાત કરનારા મૉન્ટેગ્યુ સાહેબ પણ કશો આડપડદો રાખ્યા વિના સાફ સાફ બોલ્યા કે :

"જો અમારી સલ્તનતની સામે જ કોઈ ઊઠશે, જો હિંદ પ્રત્યેની જવાબદારી અદા કરવામાં બ્રિટિશ સરકારને કોઈ અટકાયત કરવા બહાર પડશે અને જાણે અમે હિંદમાંથી એમના પડયે બોલે ચાલી નીકળીશું એવી ભ્રમણામાં પડી જો કોઈ મનમાની માગણીઓ કરશે તો તેમ કરનારા ખત્તા ખાશે. દુનિયાની આ નિશ્ચયીમાં નિશ્ચયી પ્રજાને પડકારીને તેઓ ખાટી નહીં જાય. તેવાઓને ઠેકાણે લાવવાને બ્રિટિશ પ્રજા ફરી એક વાર પોતાનું બધું પુરુષાતન અને દૃઢ નિશ્ચયીપણું દેખાડી આપશે."

વાઈસરૉયને કાગળ લખીને સલ્તનતને ગાંધીજીએ આપેલા પડકારના મોડા મોડા અપાયેલા જવાબ તરીકે ઉપરનાં વાક્યો બોલાયેલાં હતાં એ સ્પષ્ટ દેખાય છે. ગાંધીજીએ ૨૩–૨–'૨૨ના 'યંગ ઇન્ડિયા'માં આનો સણસણતો જવાબ આપ્યો :

"લૉર્ડ બર્કનહેડ અને મિ. મૉન્ટેગ્યુ બંનેને ભાન નથી કે દરિયાપારથી જેટલા આણીને ઉતારી શકાય તેટલા બધા જ 'સાબૂત કાંડાંબાવડાંવાળા'-ઓનો ભેટો કરવા હિંદુસ્તાન આજ તૈયાર છે અને બ્રિટિશ પ્રજાને પડકાર તો આજનો નહીં પણ ૧૯૨૦ની કલકત્તાની કૉંગ્રેસે ખિલાફત, પંજાબ અને સ્વરાજની ત્રિવિધ માગણી પાર પાડયા વિના જંપીને ન બેસવાનો હિંદી પ્રજાનો નિશ્ચય જાહેર કર્યો તે દિવસથી જ અપાઈ ચૂક્યો છે. આમાં સલ્તનતની હસ્તીને જરૂર પડકાર છે અને બ્રિટિશ સલ્તનતના આજના હાકેમો, જો ભલીભલાઈએ એ સલ્તનતને, સરખા હકવાળા ભાગીદાર મિત્રો પોતાની મરજીમાં આવે ત્યારે ખાનદાનીની રીતે એકબીજાથી છૂટા પડી શકે એવી મુખત્યારીવાળી સ્વતંત્ર પ્રજાઓના એક પ્રજાસંઘમાં ફેરવી નાખવા તૈયાર ન થાય તો એ પણ નક્કી સમજવું કે, 'દુનિયાની સૌથી નિશ્ચયી પ્રજા'નું એ 'બધું પુરુષાતન અને દૃઢ નિશ્ચયીપણું' અને એ બધાં 'સાબૂત કાંડાંબાવડાં' હિંદુસ્તાનના અણનમ અને અફર ટેકને છૂંદવામાં નિષ્ફળ જવાનાં છે. . . . અને હિંદી રાષ્ટ્રે આદરેલા એ એકધારા ચાલી રહેલા યજ્ઞમાં ચૌરીચોરાના ગોઝારા બનાવે વિઘ્ન ન નાખ્યું હોત તો એ બ્રિટિશ સિંહ પણ પેટ ભરીને દેખત કે તેની સામે હિંદ શુદ્ધમાં શુદ્ધ લસલસતા શિકારોના કેવડા ગંજ કરી શકે છે. પણ પ્રભુને ઘેર તે મંજૂર નહોતું.

"છતાં હજી વેળા વહી નથી ગઈ. ડાઉનિંગ સ્ટ્રીટ અને વ્હાઈટ હૉલના હાકેમોને નાઉમેદ થવાનું જરાયે પ્રયોજન નથી. તેઓને તેમનું પુરુષાતન પૂરેપૂરું અજમાવી છૂટવાના રસ્તા મોકળા છે. . . ."

આમ સામસામે સાફ સાફ વાતો થઈ ગઈ અને સરકારે તા. ૧૦મી માર્ચે રાતે દસ વાગ્યે સાબરમતી આશ્રમમાંથી ગાંધીજીને પકડયા. તા. ૧૮મી

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

માર્ચે તેમનો કેસ ચાલ્યો. 'યંગ ઇન્ડિયા'ના ત્રણ લેખોને રાજદ્રોહી ગણી તેના લેખક તરીકે ગાંધીજી ઉપર અને છાપનાર તરીકે શંકરલાલ બૅંકર ઉપર રાજદ્રોહના આરોપ મૂકવામાં આવ્યા. બંનેએ એ આરોપ કબૂલ કર્યા. ગાંધીજીનો આ અદાલત આગળનો લેખી એકરાર જગતના અમર સાહિત્યમાં ઊંચું સ્થાન પામી ચૂક્યો છે. જ્યારે અદાલતમાં તેમણે પોતાનો એ લેખી એકરાર વાંચ્યો ત્યારે તો એવું દૃશ્ય થયું કે જાણે તેમના ઉપર રાજદ્રોહનો મુકદ્દમો ચાલવાને બદલે બ્રિટિશ સલ્તનત ઉપર પ્રજાદ્રોહનો મુકદ્દમો ચાલતો હોય. જજે પણ તેમને સજા ફરમાવતાં પોતાના હૃદયના ભાવ બહુ સુંદર રીતે વ્યક્ત કર્યા. તેમણે કહ્યું :

> "કાયદો માણસના વ્યક્તિત્વને ધ્યાનમાં લેતો નથી. પણ અત્યાર સુધીમાં જેમના કેસ મેં ચલાવ્યા તથા ભવિષ્યમાં જેમના કેસ મારે ચલાવવાના આવશે તેના કરતાં તમે જુદી જ કોટિના પુરુષ છો. તમારા કરોડો દેશવાસીઓ તમને પૂજ્ય ગણે છે ને રાજદ્વારી બાબતમાં તમારાથી ભિન્ન મત ધરાવનારાઓ પણ તમને ઉચ્ચ આદર્શવાળા સંત પુરુષ ગણે છે, તે વસ્તુ હું લક્ષ બહાર રાખી શકતો નથી. પણ અત્યારે મારી ફરજ તો તમારો વિચાર જેણે પોતાનો ગુનો કબૂલ કર્યો છે એવા એક કાયદાને અધીન મનુષ્ય તરીકે જ કરવાની છે. એટલે બાર વર્ષ અગાઉ આ જ કલમની રૂએ શ્રી બાળ ગંગાધર તિલકને છ વર્ષની આસાન કેદની સજા થયેલી તેમની હારમાં તમને ગણીને એટલી સજા તમને ફરમાવું છું. જોકે સાથે એટલું ઉમેરવા માગું છું કે ભવિષ્યમાં પરિસ્થિતિ બદલાતાં સરકાર તમને વહેલા છોડી મૂકશે તો મારા જેટલો આનંદ બીજા કોઈને નહીં થાય."

શ્રી શંકરલાલ બૅંકરને એક વરસની કેદ અને એક હજાર રૂપિયા દંડની સજા કરવામાં આવી.

પોતાને લોકમાન્ય તિલક મહારાજની કોટિમાં ગણવા માટે અને પોતાની સાથે અતિશય સભ્ય વર્તન ચલાવવા માટે ગાંધીજીએ કોર્ટનો આભાર માન્યો.

કોર્ટમાં હાજર રહેલા બધા ગાંધીજીને પ્રણામ કરીને વિદાય લેવા લાગ્યા એ દૃશ્ય અતિશય ઉત્કટ લાગણીવાળું હતું. કેટલાક તો પોતાની ઉપર કાબૂ ન રાખી શક્યા અને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા. ગાંધીજીએ હસતે વદને સૌને તેમને ઘટતું એક એક પ્રેમાળ વાક્ય અથવા શબ્દ કહી પ્રોત્સાહન આપ્યું. વદાયનું કામ પૂરું થતાં પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ ગાંધીજીને અને શંકરલાલ બૅંકરને સાબરમતી જેલમાં લઈ ગયા.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021

## ૨૦

# ગાંધીજીની ગિરફતારી પછી

ગાંધીજીને જેલમાં વિદાય કરીને આવ્યા પછી સૌ સાથીઓને હૃદયમાં જાણે સૂનકાર લાગવા માંડ્યો. છેલ્લા દોઢ વરસમાં ગાંધીજીએ એક પછી એક ઉપરાઉપરી એટલા કાર્યક્રમો આપ્યા હતા અને એ બધા કાર્યક્રમો એવા ગરમાગરમ હતા કે રાતદિવસ કામમાં મંડ્યા રહ્યા છતાં તેની ખુમારીમાં કોઈને થાક જેવું તો વર્તાયું જ નહોતું. જેલ જતી વખતે ગાંધીજી તો કહેતા જ ગયા હતા કે, 'મારા હાથમાં ખાદી મૂકો અને મારી પાસેથી સ્વરાજ લો.' પણ સરકારને લડત આપવાની ગરમીમાં રેંટિયો ચલાવવો એક વાત હતી અને તદ્દન ઠંડા વાતાવરણમાં રેંટિયો ચલાવવો એ જુદી વાત હતી. સરદાર ઉપર બોજ સૌથી વધારે હતો. ગાંધીજી બહાર હતા ત્યારે સરદાર કામ ઓછું નહોતા કરતા, પણ તેઓ પૂરેપૂરા નિશ્ચિંત રહી શકતા. હવે તો જુદી જુદી પ્રકૃતિના બધા સાથીઓને સાચવવાના હતા. દરેકને તેની તેની યોગ્યતા પ્રમાણે કામ આપવાનું હતું, લોકોનો ઉત્સાહ ટકાવી રાખવાનો હતો અને ભલે સરકારે ગાંધીજીને છ વરસની સજા કરી પણ સજાની મુદ્દત પૂરી થયા પહેલાં તેમને છોડાવી શકાય એવું વાતાવરણ પેદા કરવાનું હતું. સરદારની ગણના હજી મોટા નેતાઓમાં નહોતી થતી પણ તે વખતેય તે ગુજરાતના સૂબા તો કહેવાતા અને બીજા પ્રાંતો ગાંધીજીની ગેરહાજરીમાં ગાંધીજીને રસ્તે ચાલે કે નહીં, પણ ગુજરાત તો ગાંધીજીએ આપેલા કાર્યક્રમને વળગી જ રહે, રચનાત્મક કાર્યની જેટલી સંસ્થાઓ ચાલતી હતી તે એટલા જ જોસભેર ચાલતી રહે, અને પ્રસંગ આવ્યે ગાંધીજીની ગેરહાજરીમાં પણ ગુજરાત સવિનય ભંગની લડત લડી બતાવે એ તેમની અભિલાષા હતી. ગાંધીજી જેલમાં રહ્યા તે દરમિયાન કેવી કેવી મુસીબતો ઊભી થઈ અને તેમાંથી માર્ગ કાઢી ગુજરાતના ઉત્સાહનો પારો તેમણે કેવો ચઢતો રાખ્યો તે હવેની તેમની કારકિર્દીમાંથી આપણે જોઈશું.

સરદારને પોતાના મનમાં જવાબદારીનો બોજ ગમે તેટલો ભારે લાગ્યો હશે પણ ધીરવીર નાયકની માફક જરાયે ગભરાયા વિના તે બોજ હળવા ફૂલની માફક તેમણે ઉપાડી બતાવ્યો. ગાંધીજીની ગિરફતારીને બીજે જ દિવસે તેમણે ગુજરાતનાં ભાઈબહેનોને ઉદ્દેશીને નીચેનું નિવેદન બહાર પાડ્યું :

> "બ્રિટિશ સિંહને આજ સુધીમાં હિંદુસ્તાને અનેક શિકારનો ભોગ ધરાવ્યો છે. પણ આવો પવિત્ર શિકાર મળવાનું ભાગ્ય તો એને



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો
40/50

4/25/2021



માટે આ પહેલું જ છે. એ જીરવવો કંઈ સહેલ નથી. સને ૧૯૧૯ના એપ્રિલમાં અગાઉ એક વાર તેણે આ શિકારને સારુ પોતાનો પંજો નાખેલો, પણ જેવો નાખ્યો તેવો જ છોડી દેવો પડેલો. આ વખતે તો આપણે સિંહને સારી પેઠે છંછેડેલો છે. તેની આંખો ગુસ્સાથી વિકરાળ છે. કેટલાક દિવસ થયાં તે પોતાની કેશવાળી ફફડાવી રહેલ છે. પરંતુ હિંદુસ્તાનના ઋષિમુનિઓએ પોતાના તપોબળથી સેંકડો વિકરાળ સિંહોને ઘેટાંથી પણ ગરીબ બનાવી મૂક્યા છે. તે જ પ્રમાણે આ સિંહ પણ વહેલો મોડો આ મહાપુરુષના તપોબળ આગળ બકરી બની રહેવાનો છે એ વિષે શંકા નથી.

“ગુજરાતને માથે ભારે જવાબદારી છે. ગુજરાતની પરીક્ષાનો વખત હવે શરૂ થયો છે. અત્યારે આપણો ધર્મ શો છે એ ગાંધીજીએ પોતે ચોખ્ખે-ચોખ્ખી રીતે બતાવી દીધું છે. એમના પ્રત્યેની આપણી લાગણી બતાવી આપવાનો ખરો રસ્તો એમના નામની ‘જે’ બોલાવવાનો કે એમનાં દર્શનને માટે દોડાદોડ કરવાનો નહીં, પણ એમણે દોરી આપેલા ચતુર્વિધ પ્રજાકીય કાર્યક્રમને પાર ઉતારવામાં સૌએ પરોવાઈ જવાનો છે.

“આખું હિંદુસ્તાન એમને ભલે ઝટ ન સમજી શકે, પણ ગુજરાત કે જ્યાં એમણે પોતાનું જીવન પ્રત્યક્ષ રેડ્યું છે તેણે તો એમના કાચસમા પારદર્શક હૃદયના ઉદ્‌ગાર પડ્યા પહેલાં ઝીલી લેવા ઘટે અને તે પાર ઉતારવાની પોતાની લાયકાત સિદ્ધ કરી આપવી ઘટે.”

ગાંધીજીને સજા થયા પછી ‘નવજીવન’માં તેમણે ‘શ્રદ્ધાની કસોટી’ નામનો લેખ લખ્યો. તેમાં ગાંધીજીના સાથીઓ શું કરી શકે એમ છે તે બહુ સુંદર રીતે વર્ણવ્યું છે:

“કેટલાક કહે છે કે, ‘ગાંધીજી ગયા, હવે એના સાથીઓ શું કરશે? એમનામાં કોઈ એવી ચારિત્ર્યવાન કે શક્તિમાન વ્યક્તિ નથી કે એમનું વહાણ આગળ ચલાવી શકે.’ આ વાત તદ્દન સાચી છે. એમના સાથીઓ ભૂલોથી ભરેલા છે. એમની અને એમના સાથીઓની વચ્ચે ધરતી અને આભ જેવડું અંતર છે. એમના સાથીઓની ત્રુટિઓનો પાર નથી, અને એ સાથીઓની અપૂર્ણતાને પરિણામે જ ગાંધીજીને કારાગૃહવાસ કરવો પડ્યો છે. સાથીઓની વાણીમાં મીઠાશ નથી, સંયમ અને સહનશીલતાની ખામી છે. એવી એવી અનેક ખામીઓનું તેમને દરેકને પૂરેપૂરું ભાન છે.

“પરંતુ એક ઇમારત ચણનાર કડિયો જેમ તેના પ્લાન બનાવનાર ઇજનેરના જેટલી શક્તિ પોતામાં હોવાનો દાવો કરતો નથી, છતાં તે પ્લાન પ્રમાણે ઇમારત પૂરી કરવામાં મુશ્કેલી જોતો નથી, તેમ ગાંધીજીના સાથીઓ જો તેમનો ઘડેલો સ્વરાજની ઇમારતનો પ્લાન બરાબર સમજી ગયા હશે તો તે પ્લાન મુજબ ઇમારતનું કામ આગળ ચલાવતાં મૂંઝાશે નહીં.

“છતાં એમની મુશ્કેલીઓનો પાર નથી. એમની ત્રુટિઓ ઢાંકનાર હવે કોઈ રહ્યું નહીં. તોપણ પ્રજાનો ગાંધીજી ઉપરનો પ્રેમ અને એમના જેલ



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



જવાથી પ્રજાનાં દુભાયેલાં દિલ અને સ્વરાજની જાગ્રત થયેલી ભાવના, એ એમની મોટામાં મોટી મૂડી છે. ગાંધીજીની અહિંસાવૃત્તિ, એમનો પ્રેમ, એમની સમતા, એમનું સ્વરાજ માટેનું રટણ અને એમનો અથાગ પરિશ્રમ નજર સામે રાખી જો તેઓ દિનરાત શ્રમ કરશે અને ગાંધીજીએ દોરી આપેલો સ્વરાજનો ચતુર્વિધ કાર્યક્રમ પાર ઉતારશે તો તેઓ પોતાની બધી ત્રુટિઓ ઓળંગીને ગાંધીજીના નામને અને પોતાની વફાદારીને દીપાવશે એમાં સંદેહ નથી.”

સરદારની આ વાણીએ સાથીઓને ઉત્સાહિત રાખ્યા અને તેમની દોરવણીએ ગુજરાતને સીધા રાહ પર રાખ્યું. પણ કેટલાક પ્રાંતોમાં તો મૂળથી જ ગાંધીજીના કાર્યક્રમ ઉપર શ્રદ્ધા નહોતી, એટલે થોડી જ વારમાં કૉંગ્રેસની વીણામાંથી બસૂરા સૂર નીકળવા માંડ્યા. અસહકારની હિલચાલ શરૂ થઈ તે દિવસથી જ તેને વિષે મહારાષ્ટ્રના આગેવાનોમાં કચવાટ હતો. ખાસ કરીને ધારાસભાઓનો બહિષ્કાર તેમને ગમતો નહોતો. નવા સુધારા અમલમાં આવતાં ધારાસભામાં જવાની પોતાની ઘણાં વર્ષોની મુરાદ પૂરી થશે એવી એ નેતાઓએ આશા બાંધેલી. પણ ગાંધીજીનો અસહકાર આડે આવ્યો અને તેમની મુરાદ મનમાં રહી ગઈ. ધારાસભામાં ગયેલા નરમ પક્ષના નેતાઓએ જ્યારે સરકારની દમનનીતિને સીધો કે આડકતરો ટેકો આપવા માંડ્યો ત્યારે તેઓ કહેવા લાગ્યા કે અમે ધારાસભામાં ગયા હોત તો આવું થવા દેત નહીં. અમે સામા થાત, વાંધા ઉઠાવત અને તેમાં સફળ ન થાત તોપણ સરકારને દુનિયા આગળ ઉઘાડી તો પાડત જ. એટલે એપ્રિલ મહિનામાં પેણ મુકામે મહારાષ્ટ્રની બીજી રાજકીય પરિષદ મળી તેમાં કૉંગ્રેસના કાર્યક્રમમાં કેટલાક સુધારા સૂચવતો ઠરાવ શ્રી કેળકર લાવ્યા. એ ઠરાવ તો જોકે બહુમતીથી ઊડી ગયો કારણ લોકહૃદય ગાંધીજીને છોડી શકે એમ ન હતું. પણ અસહકારનો કાર્યક્રમ ફરી તપાસવાને એક સમિતિ નીમવાનો ઠરાવ તે પસાર કરાવી શક્યા. નાગપુરની પ્રાંતિક સમિતિએ અહિંસામય અસહકારનો ફરી વિચાર કરવા એક પેટા સમિતિ નીમી. તે તો એટલું કહેવાની હદ સુધી ગઈ કે અહિંસા અને આપભોગના સિદ્ધાંત ઉપર જ બધો ભાર મૂકવામાં તેમ જ રાષ્ટ્રકાર્યમાં દખલરૂપ થઈ પડે એટલી હદ સુધી નીતિ અને ધર્મના પાયા ઉપર રાજદ્વારી લડત લડવાની હિમાયત કરવામાં કૉંગ્રેસની આટલા દિવસ ચોખ્ખી દિશાભૂલ જ થઈ છે. જોકે આમજનતાનું કાળજું એટલું સાબૂત હતું કે જે દિવસે પેલી સમિતિનો આવો અભિપ્રાય બહાર પડ્યો તે જ દિવસે નાગપુરમાં મોટી જાહેરસભા થઈ અને તેમાં એ અભિપ્રાયને વખોડી કાઢવામાં આવ્યો. બંગાળનું વાતાવરણ પણ કાંઈક ડહોળાવા માંડ્યું હતું. દેશબંધુ દાસનાં પત્ની શ્રીમતી વાસંતીદેવીએ બંગાળની રાજકીય પરિષદમાં પોતાના ભાષણમાં જોકે અસહકારના આખા કાર્યક્રમની જોસભેર હિમાયત કરી છતાં

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



તેની સાથે એ પણ જણાવ્યું કે જરૂર જણાય તો ધારાસભાઓમાં પણ જઈને પ્રજાકીય લડત ધપાવવી જોઈએ. આમ આગળ ઉપર કોંગ્રેસમાં નાફેરવાદી અને ફેરવાદી એવા બે પક્ષ બંધાવાના હતા તેનાં પગરણ ગાંધીજી જેલમાં ગયા એના બીજા જ મહિનાથી મંડાયાં.

ત્યાર બાદ તા. ૨૫ તથા ૨૬ મેના રોજ આણંદ મુકામે છઠ્ઠી ગુજરાત રાજકીય પરિષદ પૂ. કસ્તૂરબાના પ્રમુખપણા નીચે ભરાઈ. તેમાં રચનાત્મક કામને વેગ આપવાના ઠરાવો પસાર કરવામાં આવ્યા. ધારાસભા અંગે દેશમાં ચર્ચા ચાલવા માંડી હતી એટલે તે સંબંધી નીચેનો ઠરાવ પરિષદે સર્વાનુમતે પસાર કર્યો :

> "ધારાસભાના બહિષ્કાર વિરુદ્ધ જે ચર્ચા દેશના કેટલાક ભાગમાં ચાલી રહી છે તે ઉપર પૂરતું વજન આપી તથા સંપૂર્ણ વિચાર કરી આ પરિષદ એવો ઠરાવ કરે છે કે ધારાસભામાં દાખલ થઈ રાજ્યવહીવટમાં ભાગ લેવો એ અસહકારના મૂળ સિદ્ધાંતની વિરુદ્ધ છે અને છેલ્લા અઢાર માસનો અનુભવ પણ બહિષ્કારના ઠરાવને વળગી રહેવામાં જ પ્રજાનું હિત છે એમ સ્પષ્ટ દેખાડી આપે છે."

પૂ. બાએ પોતાના ઉપસંહારના ભાષણમાં આ વિષે કહ્યું :

> "કેટલાક ધારે છે કે ધારાસભામાં જવાથી ફતેહ મળશે. તો શું આજ સુધી તમે ધારાસભામાં નહોતા ગયા? ત્યાં જઈને કાંઈ ઠરાવો કરવાનું તો તમારા હાથમાં નથી, તો ત્યાં જઈને શું કરશો? કાયદાનો ભંગ કરવાની કેટલાક વાતો કરે છે, પણ આપણામાં એટલી તૈયારી છે? જો આપણામાં તૈયારી હોત તો આપણા આટલા બધા ભાઈઓ જેલમાં છે તે જ વખતે વરઘોડા ન કાઢત, વિદેશી કપડાં પહેરીને લગ્ન ન કરત. અમદાવાદમાં તો બહુ વરઘોડા નીકળ્યા. જોકે અમદાવાદના લોકોએ તો ઘણું કર્યું છે. રેંટિયો એક પણ નહોતો, ત્યાં ઘણા રેંટિયા દાખલ કર્યા, ખાદી બનાવી અને બીજું ઘણું કામ કર્યું. પણ તે સાથે પરદેશી કપડાં પહેરીને કાઢેલા વરઘોડા પણ સરકારને બતાવ્યા. એના ફોટા વિલાયત ગયા, એવું બતાવવા કે ગાંધી શું કહે છે અને એના ભાઈઓ અને બહેનો શું કરી રહ્યાં છે, તે જુઓ!"

એટલામાં સુરતના સિંહ ગણાતા શ્રી દયાળજીભાઈ પાસે રાજદ્રોહી ભાષણ કરવા માટે એક હજાર રૂપિયાના જામીન માગવામાં આવ્યા. તેમણે સ્વાભાવિક રીતે જ જામીન ન આપ્યા એટલે તેમને એક વરસની સજા થઈ. ગાંધીજીના જેલ ગયા પછી 'યંગ ઇન્ડિયા'ના તંત્રી શ્રી શ્વેબ કુરેશી થયા હતા. તેમના ઉપર રાજદ્રોહી લેખ લખવા બદલ કેસ કરવામાં આવ્યો અને તેમની સાથે તેના પ્રકાશક તરીકે શ્રી વાલજીભાઈ દેસાઈને, મુદ્રક તરીકે શ્રી ભણુસાળીને અને છાપખાનાના વહીવટદાર તરીકે સ્વામી આનંદને પકડવામાં આવ્યા અને ચારેને એક એક વરસની સજા થઈ.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



જૂન મહિનામાં લખનૌમાં મહાસમિતિની બેઠક થઈ. તેમાં ચર્ચા થઈ તે ઉપરથી દેખાઈ આવ્યું કે મહાસમિતિના મોટા ભાગના સભ્યો સત્યાગ્રહની લડતનું ખરું રહસ્ય સમજ્યા નહોતા. રચનાત્મક કામ થાય કે ન થાય, સવિનય ભંગ શરૂ કરવાની અધીરાઈ તેઓ બતાવી રહ્યા હતા. પોતાને શાંત રચનાત્મક કામમાં રસ નહોતો એ વસ્તુ ઢાંકવાને માટે પ્રજા રચનાત્મક કામ માટે ઉત્સાહ નથી ધરાવતી એવી દલીલ તેઓ કરતા હતા અને સવિનય ભંગ ઉપાડવામાં આવે તો લોકોમાં ઉત્તેજના આવે એમ કહેતા હતા. છેવટે શ્રી વિઠ્ઠલભાઈની સૂચનાથી એક સમિતિ નીમવામાં આવી, જેણે દેશમાં ફરીને દેશની પરિસ્થિતિ જોઈ, કોઈ પણ પ્રકારના સવિનય ભંગ માટે દેશની તૈયારી કેટલી છે એ વિષે રિપોર્ટ કરવાનો હતો. આ સમિતિ ઓળખાઈ સવિનય ભંગ સમિતિને નામે, પણ દેશમાં તે જ્યાં ફરી ત્યાં તેને નિમિત્તે ધારાસભાપ્રવેશની ચર્ચા જ વધારે થઈ. આ બધા વિચારવંટોળમાંથી ગુજરાતને બચાવવા અને તેને ચોક્કસ દોરવણી આપવા જુલાઈ માસમાં સરદારે ‘ સિપાઈની ફરજ ’ એ નામનો લેખ લખીને સવિનય ભંગ સમિતિનો રિપોર્ટ બહાર પડે ત્યાં સુધી બીજી કાંઈ પણ ચર્ચા કર્યા વિના રચનાત્મક કામમાં જ મચ્યા રહેવાની ગુજરાતને સલાહ આપી.

આ વખતે ગુજરાતમાં રાષ્ટ્રીય કેળવણીનું કામ બીજા પ્રાંતોના પ્રમાણમાં વિશેષ સંગીન થતું હતું. ગૂજરાત વિદ્યાપીઠના મહાવિદ્યાલયમાં ૨૫૦ વિદ્યાર્થીઓ તાલીમ લેતા હતા. ગુજરાતનાં સઘળાં વિનય મંદિરો તથા કુમાર મંદિરોમાં વિદ્યાર્થીઓની સંખ્યા કુલ ૩૭,૦૦૦ જેટલી હતી. વિદ્યાપીઠના પુરાતત્ત્વ મંદિરના તથા મહાવિદ્યાલયના પુસ્તકાલયમાં ૭૫,૦૦૦ ઉપરાંત પુસ્તકો હતાં. આ બધું છતાં વિદ્યાપીઠનું પોતાનું મકાન ન હતું, તેથી ભારે અડચણ પડતી હતી. એટલે ત્યાર પછીની ગાંધીજીની જયંતી એટલે બીજી ઑક્ટોબર પહેલાં વિદ્યાપીઠના ફાળામાં રૂપિયા દસ લાખ કરી દેવાની ગુજરાતમાં તથા ગુજરાત બહાર વસતા ગુજરાતીઓ આગળ સરદારે ટહેલ નાખી. આખા દેશને સ્વરાજ્ય અપાવવા સામુદાયિક સવિનય ભંગનું બીડું ઝડપનાર ગુજરાત માટે આટલું કામ તો સહજ હોવું જોઈએ, એમ કહેતાં તેઓએ કહ્યું :

> “આપણી પાસે આપણી ભક્તિની બહુ જ હળવી કસોટી મુકાયેલી છે. આકરી કસોટીમાં માણસ નિષ્ફળ નીવડે તોપણ તેને તે એટલું લાંછન જેવું નથી હોતું. તેવી આકરી કસોટીમાં તે ઊતર્યો એ જ એને માટે પૂરતું ગૌરવ આપનારું છે. પણ કસોટી જેમ હળવી તેમ તેમાં નિષ્ફળતા આવે તો વધારે નીચું જોવાપણું રહે છે. સાતમા ધોરણવાળા વિદ્યાર્થીએ ત્રીજા ધોરણની પરીક્ષામાં બેસીને તો પહેલે નંબરે જ પાસ થવું જોઈએ. તે નાપાસ થાય તો તો તેણે ડૂબી જ મરવું પડે. નીચે નંબરે પાસ થાય તોયે નિશાળમાંથી શરમના માર્યા રજા જ લઈ લેવામાં તેની ઇજ્જત છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

"આપણે આ લડતમાં સાતમીના વિદ્યાર્થી છીએ. આપણે બારડોલીના સવિનય ભંગની લડત ઉપાડવા તૈયાર થયા હતા. આપણે માટે આખા ગુજરાતમાંથી દસ લાખ એકઠા કરવા એ ત્રીજીની પરીક્ષા જેવું જ છે. પરીક્ષા હળવી છે, પણ હળવી છે માટે જ આપણે તેમાં પાસ થવું જોઈએ, અને તે પણ ઊંચે નંબરે."

ગુજરાતીઓએ આ અપીલનો સારો જવાબ આપ્યો. બરાબર બીજી ઑક્ટોબરે ફાળામાં દસ લાખ રૂપિયા પૂરા થઈ ગયા. આ ફાળો ઉઘરાવવામાં શ્રી મણિલાલ કોઠારીએ બહુ ભારે મદદ કરીને રાષ્ટ્રભિક્ષુની ઉપાધિ મેળવી. મુંબઈનાં કેટલાંક ઉઘરાણાં બાકી હતાં ત્યાં સુધી રકમ અધૂરી હતી, પણ છેલ્લે દિવસે અમદાવાદમાંથી એક પોણા લાખનું મોટું દાન મળ્યું એટલે સરદારની અથવા ગુજરાતની ટેક જળવાઈ. આ દસ લાખમાં ચોથા હિસ્સાની, એટલે રૂપિયા અઢી લાખની સખાવત ગાંધીજીના પરમ મિત્ર રંગૂનવાળા ડૉ. પ્રાણજીવનદાસ મહેતાની હતી. એ રકમમાંથી ગૂજરાત વિદ્યાપીઠનું હાલનું મકાન બંધાયું છે.

વિદ્યાપીઠ ફાળાનું કામ પૂરું કરીને સરદારે તરત જ ગુજરાતને માટે બીજું કામ કાઢ્યું. પરદેશી કાપડ ઉપર આખા ગુજરાતમાં ચોકી કરવાનું કામ ઉપાડવા માટે ગુજરાત પ્રાંતિક સમિતિ પાસે તા. ૧૬-૧૦-'૨૨ની બેઠકમાં નીચે પ્રમાણે ઠરાવ કરાવ્યો :

"૧. ગુજરાતમાં પરદેશી કાપડ ઉપર ચોકી કરવાની જરૂર છે.

"૨. ચોકી કરવા ઇચ્છનાર સ્વયંસેવકે નીચે મુજબના પ્રતિજ્ઞાપત્ર ઉપર સહી કરવી જોઈએ :

"'સ્વયંસેવક સેનામાં જોડાઉં તે પહેલાં આ કામને માટે નિમાયેલી સમિતિને હું પુરવાર કરી આપીશ કે મારા કુટુંબની અંદર જેમના ઉપર હું કંઈ પણ અસર પાડી શકું તેવી સ્થિતિમાં હોઉં તેમની પાસેથી પરદેશી કાપડનો મેં સંપૂર્ણ ત્યાગ કરાવ્યો છે.'

"૩. સ્વયંસેવકની ઉંમર અઢારથી ઓછી હોવી જોઈએ નહીં."

સ્વયંસેવકો માટે અપીલ કરતાં સરદારે કહ્યું કે :

"'ગુજરાત પાસે પૈસો છે, વ્યવસ્થાશક્તિ છે, વિવેક છે, પણ ગુજરાતને કામદારોની એટલે સ્વયંસેવકોની ખોટ છે. જેને દેશદાઝ હોય તે તમામ ગુજરાતીઓએ પોતાનો એક એક છોકરો દેશસેવાના કામમાં આપી દેવો જોઈએ. ગુજરાત કાઠિયાવાડના સાચી દેશદાઝવાળા નવજવાનોએ ગાંધીજી જેલમાંથી છૂટે ત્યાં સુધી ફક્ત દેશસેવા કરવાની પ્રતિજ્ઞા લેવી જોઈએ. ગુજરાતની લાજ રાખવી હોય તો આળસ છોડો. નહીં તો કાળ જશે ને કહેવત રહી જશે કે જેને જગતે ઓળખ્યા એવા મહાત્મા ગાંધીજીને એક ગુજરાતે ન ઓળખ્યા."

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



તેમણે પરદેશી કાપડના વેપારીઓને પણ અપીલ કરી કે:

"ગુજરાતના કાર્યવાહકો ગુજરાતની અન્ય સેવાનું કામ છોડી તમારી દુકાનો ઉપર પહેરો ભરે એ શું તમે પસંદ કરશો ?

"મહાત્માજી જેલમાં છે ત્યાં સુધી પરદેશી કાપડનો વેપાર બંધ કરવા જેટલી હિંમત હજી પણ તમે નહીં કરો ? જો તમે પહેલ કરશો તો સંભવ છે કે આખો દેશ તમારું અનુકરણ કરશે અને મહાત્માજી જેલમાંથી વહેલા છૂટશે."

ચોકીનું કામ ખૂબ જ શાંતિ અને વિનયપૂર્વક કરવામાં આવે તે માટે સ્વદેશી સેનાના નિયમોની પત્રિકા પોતાની સહીથી છપાવીને બહાર પાડી. તેમાં કાપડ ખરીદવા આવતા ઘરાકોને વિનયથી અને આજીજીથી સમજાવવા, કાપડની દુકાન નજીક ઉપદેશ કરવાને બદલે રસ્તાને નાકે ઊભા રહી અથવા પાસેના ઘરવાળાની સહાનુભૂતિ મેળવી તેના ઓટલા ઉપર બેસી લોકોને સમજાવવા અને જાહેર રસ્તા ઉપર ભીડ ન થાય તેની કાળજી રાખવી એવી સૂચનાઓ હતી. વળી પોલીસ નામ પૂછે તો કશી ચર્ચા કર્યા વિના નામઠામ આપવું અને પકડવા ઇચ્છે તો પકડાઈ જવું એ પણ જણાવ્યું હતું. સૌથી મહત્ત્વની સૂચના તો એ હતી કે બીજાઓ તરફથી ગમે તેટલું તોફાન થાય તોપણ સ્વયંસેવકે શાંતિ જાળવવી અને કદાચ તેને મારપીટ થાય તોપણ તે શાંતિથી સહન કરવી. ગમે તેટલા ચીડવવામાં કે ઉશ્કેરવામાં આવે તોપણ કોઈ સ્વયંસેવકે ગુસ્સો કરવો નહીં કે મારપીટ કરવી નહીં.

તા. ૧લી ડિસેમ્બરે અમદાવાદમાંથી ચોકીની મંગળ શરૂઆત કરી. સવારે નગરકીર્તન રાખવામાં આવ્યું અને ત્યાર પછી તરત ખાદીવેચાણ કરવામાં આવ્યું. બપોરે ત્રણ વાગ્યે સરદાર, અબ્બાસ સાહેબ તથા ડૉ. કાનુગા હાથમાં ચોકીનાં પાટિયાં લઈને બજારમાં આવ્યા. તેમની પાછળ સ્વયંસેવકોની લાંબી હાર હતી. શ્રીમતી વિજયાલક્ષ્મી કાનુગાની સરદારી નીચે શહેરની અને આશ્રમની બહેનોએ રતનપોળના ખાસ સ્ત્રીઓના કાપડ બજારને ઘેરો ઘાલ્યો. કેટલાક કાપડિયા ખૂબ શરમાયા. ઘરાકો ઉપર પણ અસર થઈ. પછી તો આખા ગુજરાતમાં ગામેગામ ચોકી મંડાઈ ગઈ. કેટલાંક ગામોએ તો સ્વયંસેવકોની ભરતી ચાલતી હતી ત્યારથી જ પરદેશી કાપડ નહીં મંગાવવાની સહીઓ કરી આપી. અમદાવાદનાં કાપડ મહાજનોમાંથી કોઈએ છ માસ સુધી કોઈએ આઠ માસ સુધી અને કોઈએ નવ માસ સુધી, પરદેશી કાપડ નહીં મંગાવવાની કબૂલાત આપી. સુરત અને નડિયાદનાં મહાજનોએ એક વરસ સુધી પરદેશી કાપડ નહીં મંગાવવાની સહી કરી આપી. સુરત અને ભરૂચ જિલ્લાના કેટલાક તાલુકાગામના કાપડિયાઓએ એક વરસ સુધી અથવા કૉંગ્રેસના કાર્યક્રમમાં ફેરફાર ન થાય ત્યાં સુધી પરદેશી કાપડ ન ખરીદવાની

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



તથા નહીં વેચવાની પ્રતિજ્ઞાઓ કરી. જ્યાં આવી કબૂલત મળતી હતી ત્યાંથી ચોકીઓ ઉઠાવી લેવામાં આવતી હતી.

વેપારીઓ પરદેશી કાપડ ન મંગાવવાની આવી ટૂંકી ટૂંકી મુદતની પ્રતિજ્ઞા લે તેનો શો અર્થ, એવી ટીકાઓ કૉંગ્રેસના જ કેટલાક કાર્યકર્તા તેમ જ બીજા લોકો કરવા લાગ્યા. સરદારે આનો ખુલાસો અમદાવાદના માણેકચોકમાં થયેલી એક જાહેર સભામાં આપ્યો :

"ખરું જોતાં પરદેશી કાપડબહિષ્કારને સફળ કરવો એ લોકોનું એટલે કે આપણું કામ છે. આપણે પરદેશી કાપડ ખરીદ જ ન કરીએ તો વેપારીઓ કંઈ પરદેશી કાપડ લાવવાના નથી. . . . . એમને અત્યારે તો પોતાનો વેપાર છોડવો એ પ્રાણ નીકળવા જેટલું કઠણ લાગે છે. તેમની ઉપર ગુસ્સો કરવો એ ફોગટ છે. તેમની નબળાઈનો આપણે ખ્યાલ રાખવો જોઈએ. . . . . મારો પોતાનો આ કેટલાક દિવસ થયાં તેમનો જે અનુભવ છે તે પરથી તો હું તમને ખાતરી આપું છું કે જેટલી ગાળો આપણે કાપડિયા ભાઈઓને આપીએ છીએ, લુચ્ચા, પ્રપંચી, ચોર, ઠગ, વગેરે જે વિશેષણો તેમને માટે વાપરીએ છીએ, તે બધી ગાળો અને વિશેષણો તેમને માટે વાપરવા કરતાં આપણે પોતાને માટે વાપરીએ એ વધારે યોગ્ય છે. આપણે પોતે ગાંધીજીની 'જે' પોકારતા નહોતા? આપણે કાંઈ લાખોનો વેપાર નહોતો, ઘરમાં સો બસોનાં પરદેશી કપડાં હોય તેટલાં જ બાળવાનાં હતાં. ઘરમાં એક બે છોકરાં હોય તેમને જ સરકારી શાળામાંથી ઉઠાડી લેવાનાં હતાં. આપણાં પોતાનાં જ બાળકો જે રાષ્ટ્રીય શાળામાં ભણે છે તે શાળાઓને નિભાવવાને થોડીક રકમ આપવાની હતી. આપણે એકે વાનું પૂરુંપાધરું કર્યું છે? આપણે આપણો પોતાનો હિસાબ તપાસતા નથી, અને પારકાનો હિસાબ કરવા જઈએ છીએ.

"અત્યારે આપણી ફરજ છે કે વેપારીઓને તેમની શુભ શરૂઆતમાં ઉત્તેજન આપવું, તેઓ નિરાશ થાય એવું કાંઈ ન બોલવું. એટલી વારમાં આપણે સો દેશી કાપડ ઉપર ચઢી જઈશું તો તેઓ પરદેશી કાપડ શું કામ લાવશે ?"

હજી રચનાત્મક કામ વિષે લોકો કેટલું ઓછું સમજ્યા હતા તેનો ખ્યાલ આપવા એક નાનો પણ મહત્ત્વનો પ્રસંગ અહીં નોંધવાની લાલચ છોડી શકતો નથી. નવેમ્બર મહિનામાં કાઠિયાવાડ રાજકીય પરિષદ વઢવાણ મુકામે અબ્બાસ સાહેબના પ્રમુખપણા નીચે ભરાઈ. તેમાં અસ્પૃશ્યતાનિવારણનો ઠરાવ પણ પસાર કરવામાં આવ્યો. છતાં ગમતની વાત કરતાં એને આપણી શરમની વાત કહેવી જ વધારે યોગ્ય છે કે હરિજનો — એમને એ નામ તે વખતે નહોતું મળ્યું, તેઓ અંત્યજો કહેવાતા — તેમને માટે બેસવાની પરિષદમાં એક અલગ અસ્પૃશ્ય જગ્યા રાખવામાં આવી હતી. એક સ્વયંસેવક ભાઈ અંત્યજ પ્રતિનિધિઓ તથા

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



પ્રેક્ષકોને બીજાઓને ન અડવા અને તેમને માટે અલગ રાખેલા સ્થાને બેસવા સૂચનાઓ આપતા હતા. હરિજનો પણ ‘હા બાપુ હા’ કહીને તે સૂચનાનો અમલ કરતા સંકોચાઈને બેસતા હતા. સરદારના જોવામાં આ આવતાં જ તેઓ ઊઠીને હરિજનોની વચ્ચે જઈને બેઠા. દરબાર સાહેબ ગોપાળદાસ અને શ્રીમતી ભક્તિલક્ષ્મી પણ તેમને અનુસર્યાં. અને હરિજનોની વચમાં સરદાર પાસે જઈને બેઠાં. પછી તો હરિજનો માટેનું અલગ સ્થાન પરિષદમાં આકર્ષણનું કેન્દ્ર બની ગયું. સરદારે ત્યાંથી જ ઊભા થઈ પોતાનું ભાષણ કર્યું. આ ઘટના વિષે જરા પણ ઇશારો કર્યા વિના — ઇશારો શું કામ કરે ? એ વિષે તો એમનું મૌન જ વધારે અસરકારક હતું — કહ્યું કે :

> “કાઠિયાવાડના જુવાન વર્ગમાં વિશેષ શક્તિ છે. જ્યાં જાય છે ત્યાં પોતાની શક્તિનો પરિચય કરાવ્યા વિના તેઓ રહેતા નથી. તેમનામાં દેશભક્તિનો જુસ્સો છે. તેમના હાથમાં અને વૃદ્ધોના અંકુશમાં આ પરિષદનું ભવિષ્ય ઊજળું છે એમ માનવાને હરકત નથી.”

આમ સૌને રીઝવીને, લોકોની મુસીબતોની કદર કરીને અને તેમની નબળાઈઓ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવીને ગુજરાતને રચનાત્મક કામમાં આગળ ધપાવવાનો સરદાર પ્રયત્ન કરી રહ્યા હતા ત્યારે ધારાસભા બહિષ્કારની બાબતમાં નેતાઓના મનમાં શંકાકુશંકાઓ પેદા થવાથી દેશનું વાતાવરણ ડહોળાવા માંડ્યું હતું. જૂન મહિનામાં પંડિત મોતીલાલજી છૂટીને બહાર આવ્યા અને ઑગસ્ટ મહિનામાં દેશબંધુ દાસ બહાર આવ્યા. આ વખતે લખનૌની મહાસમિતિએ નીમેલી સવિનય ભંગ સમિતિ દેશમાં તપાસ અર્થે ભ્રમણ કરી રહી હતી. તેના સભ્ય શ્રી વિઠ્ઠલભાઈ ધારાસભાપ્રવેશને માટે લોકમત તૈયાર કરી રહ્યા હતા. પંડિત મોતીલાલજીને પણ આ સમિતિના સભ્ય બનાવવામાં આવ્યા. તેમનો ઝોક પણ ધીમે ધીમે ધારાસભા તરફ વળ્યો. દેશબંધુ દાસનો તો ૧૯૨૦-ની કલકત્તા કૉંગ્રેસ વખતથી જ એ વિચાર હતો કે, ધારાસભાનો બહિષ્કાર કરવાને બદલે ધારાસભામાં જઈને તેના સારા નઠારા સઘળા જ ઠરાવોનો વિરોધ કરી તેનું કામ અશક્ય કરી નાખવું, એ યુક્તિ વધારે સારી છે. નાગપુરની કૉંગ્રેસમાં ગાંધીજીના સમજાવ્યાથી તેમણે પોતાના વિચારો બદલીને અસહકાર-ના ઠરાવને પૂરેપૂરો ટેકો આપ્યો હતો. પણ ૧૯૨૧ના ડિસેમ્બરમાં લૉર્ડ રીડિંગની રાઉન્ડ ટેબલની સૂચના સ્વીકારી લેવા જેલમાંથી તેમણે ગાંધીજીને સંદેશો મોકલેલો અને ગાંધીજીએ તે સૂચના અસ્વીકાર્ય ગણી. વળી ૧૯૨૨ના ફેબ્રુઆરીમાં લડત મોકૂફ રાખવાના ઠરાવ સામે પણ તેમણે જેલમાંથી જ વિરોધ દર્શાવેલો. છતાં ગાંધીજીએ દિલ્હીની મહાસમિતિ પાસે એ ઠરાવ પસાર કરાવ્યો ત્યારથી ગાંધીજીની કાર્યપદ્ધતિ વિષે તેમના મનમાં અસંતોષ થયો હતો.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



જેલમાંથી બહાર આવતાં જ પોતાનો જૂનો વિચાર તેમણે જાહેર કર્યો કે ધારાસભાઓની બહાર રહીને આપણે તેને તોડી શકીશું નહીં, પણ અંદર જઈને તોડવી જોઈએ. સવિનય ભંગ તપાસ સમિતિએ તા. ૫–૧૧–'૨૨-ના રોજ પોતાનો રિપોર્ટ બહાર પાડ્યો. દેશ મોટા પાયા ઉપરના સામુદાયિક સવિનય ભંગ માટે અત્યારે તૈયાર નથી એ અભિપ્રાયમાં બધા સભ્યો એકમત થયા. જોકે તેમણે વિશેષમાં જણાવ્યું કે દેશના કોઈક ભાગમાં અમુક એક કાયદો તોડવાની કે અમુક એક કર આપવાનો ઇનકાર કરવાની જરૂર ઊભી થાય અને લોકોની તેને માટે તૈયારી હોય તો આવા મર્યાદિત સામુદાયિક સવિનય ભંગને પોતાની જવાબદારી ઉપર મંજૂરી આપવાની પ્રાંતિક સમિતિઓને સત્તા આપવી. ધારાસભાપ્રવેશ બાબત તરફેણમાં અને વિરુદ્ધમાં સરખા મત પડ્યા. હકીમ સાહેબ અજમલખાનજી, પંડિત મોતીલાલજી અને શ્રી વિઠ્ઠલભાઈ ધારાસભામાં જઈને તેના કામકાજમાં અડચણો નાખી તેને તોડવા પ્રયત્ન કરવાના મતના હતા અને ડૉ. અનસારી, શ્રી રાજાજી તથા શ્રી કસ્તૂરી રંગ આયંગર ધારાસભા બહિષ્કારના કૉંગ્રેસના કાર્યક્રમમાં કશો ફેરફાર ન કરવો એ મતના હતા. દેશબંધુ દાસ આ સમિતિના સભ્ય નહોતા. ગયા કૉંગ્રેસના વરાયેલા પ્રમુખ તરીકે તેઓ તટસ્થ રહે એવી અપેક્ષા રહે છતાં તેમણે જાહેર નિવેદન કાઢી ધારાસભાપ્રવેશની તરફેણમાં પોતાનો અભિપ્રાય જણાવ્યો અને ત્યાં જઈને નિરપવાદ પ્રતિરોધ જ કરતા રહીએ તો તેમાં અસહકારના સિદ્ધાંતનો કશો ભંગ થતો નથી એવી દલીલ કરી. પછી તા. ૨૦–૧૧–'૨૨ના રોજ કલકત્તામાં કૉંગ્રેસ કારોબારી તથા મહાસમિતિની બેઠકો થઈ તેમાં આ રિપોર્ટ રજૂ થયો. કારોબારીમાં પાછા ધારાસભાપ્રવેશ અને તેની વિરુદ્ધમાં સરખા મત થયા. મહાસમિતિની બેઠકમાં પહેલે જ દિવસે સરદાર ઠરાવ લાવ્યા કે, તપાસ સમિતિએ પોતાનો રિપોર્ટ બહાર પાડતાં બહુ વાર લગાડી છે અને ગયાની કૉંગ્રેસ હવે પાસે આવી છે, માટે રિપોર્ટ ઉપરનો નિર્ણય તેના પર છોડવો. છતાં ચાર દિવસ સુધી ચર્ચા કરીને છેવટે એ નિર્ણય જ મહાસમિતિને કરવો પડ્યો.

રાજાજીએ પોતાનો અંગત ખુલાસો બહાર પાડ્યો કે:

"મારી અંતરની માન્યતા છે કે જો કૉંગ્રેસ કોઈ પણ રૂપમાં ધારાસભાપ્રવેશનો સ્વીકાર કરે તો અસહકારનો અંત જ આવે. એકમતી કરવાની ખાતર મારાથી એ અંતરની માન્યતાને કેમ જતી કરી શકાય? હકીમ સાહેબ અને પંડિતજીનો હું અનુયાયી બનું એનાથી મારું ધન્યભાગ્ય બીજું શું હોય? પણ આ બાબત પરની મારી માન્યતા દાબી રાખવી ઉચિત છે એવું મારા અંતરાત્માનું હું સમાધાન ન કરી શક્યો."

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



સરદારે આ વિષેના પોતાના વિચારો પોતાની જ ઢબે પ્રગટ કર્યા. તા. ૮મી ડિસેમ્બરથી સુરતમાં પરદેશી કાપડ ઉપર ચોકી શરૂ થવાની હતી. તે માટે તા. ૭મીએ ત્યાં જાહેર સભા રાખી હતી. તેમાં એક ભાઈએ દુશ્મનના કિલ્લામાં પ્રવેશ કરી તેને સર કરવાની શ્રી વિઠ્ઠલભાઈની દલીલ વિષે સવાલ પૂછ્યો. સરદારે સમજાવ્યું કે :

“ધારાસભાપ્રવેશના હિમાયતી પટેલ સાહેબ જુબાની આપવા વિલાયત ગયા હતા એટલે ધારાસભાનું બંધારણ ઘટનારાઓ એમને ઓળખે છે. પટેલ સાહેબ જેવા ગૃહસ્થો ધારાસભામાં આવશે જ તેનો ખ્યાલ રાખીને એમને પહોંચી વળવાના તેમણે રસ્તા રાખેલા છે. દુશ્મનનો કિલ્લો ધારાસભામાં છે જ નહીં. કિલ્લો તો બહાર સર કરવાનો પડેલો છે. બહાર સર નહીં કરશો તો સો વર્ષ પણ ધારાસભા વિના આ તંત્ર ચાલી શકે એમ છે.”

ગયાની કૉંગ્રેસમાં ધારાસભાની વિરુદ્ધ અને તરફેણમાં મોટી ઝુંબેશ ચાલી. દેશબંધુ દાસે પોતાના પ્રમુખ તરીકેના ભાષણમાં કહ્યું :

“આ ધારાસભાઓ કાં તો સુધારવી કાં તો મિટાવવી જ રહી. અત્યાર સુધી આપણે ધારાસભાઓનો બહારથી બહિષ્કાર કર્યો છે. આપણે એ દિશામાં ઘણું કરી શકયા છીએ. ધારાસભાઓની પ્રતિષ્ઠા ખૂબ ઘટી ગઈ છે. દેશ જાણી ગયો છે કે ત્યાંની ખુરસીઓ શોભાવનારા કાંઈ પ્રજાના પ્રતિનિધિઓ નથી. છતાં ધારાસભાઓ હસ્તીમાં તો છે જ. એટલે કૉંગ્રેસની ફરજ છે કે તેનો અંદરથી વધારે અસરકારક બહિષ્કાર તે કરે. ધારાસભાઓ એ નોકરશાહીએ પોતાનું સ્વરૂપ ઢાંકવા ખાતર ધારણ કરેલો વેષ છે. તેના ઉપરથી આ ઢાંકણ કાઢી નાખી તેને ઉઘાડી પાડવી એ આપણું કર્તવ્ય છે. બહિષ્કારના વિચારમાં જ માત્ર એનાથી દૂર રહેવા કરતાં કાંઈક વિશેષ રહેલું છે. પરદેશી કાપડના બહિષ્કારનો અર્થ એ થાય છે કે આપણા બજારમાં પરદેશી કાપડ ન રહેવા પામે એવા ઉપાયો યોજવા. તે જ પ્રમાણે ધારાસભાના બહિષ્કારનો અર્થ એ થાય છે કે આપણા સ્વરાજ્યમાં આડે આવવા આ ધારાસભાઓ રહી શકે નહીં. ધારાસભાનો બહિષ્કાર ફતેહમંદ થયો ત્યારે જ કહેવાય કે જ્યારે તેમાં એવા સુધારા આપણે કરાવી શકીએ કે જેથી સ્વરાજ્યપ્રાપ્તિમાં આપણને તે અનુકૂળ થઈ પડે અથવા તો તેનો આપણે પૂરેપૂરો નાશ કરી નાખીએ. ધારાસભાઓનો એ રીતે બહિષ્કાર કરવાની હું દેશને સલાહ આપું છું. . . .

“લશ્કર દુશ્મનની ભૂમિમાં દાખલ થાય છે ત્યારે કાંઈ દુશ્મનનો તેણે સહકાર કર્યો ગણાતો નથી. તેમ આપણે નોકરશાહીના કિલ્લામાં દાખલ થવામાં તેની સાથે સહકાર નથી કરતા. કયા ઉદ્દેશથી આપણે દાખલ થઈએ છીએ તે ઉપર આ સવાલનો આધાર રહે છે.”

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021

Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો



સરદારે ધારાસભાપ્રવેશનો વિરોધ કરતાં પોતાના ભાષણમાં જણાવ્યું :

“હું કાંઈ આગેવાન નથી. હું તો એક સિપાહી છું. હું ખેડૂતનો દીકરો છું અને જીભાજોરીથી સ્વરાજ મળે એમ માનતો નથી. લુચ્ચાઈમાં સરકારને આપણાથી પહોંચી શકાય એમ નથી. . . . આપણે જો ધારાસભાની ચળવળમાં પડીશું તો લોકો વધારે ઠંડા પડી જશે અને કૉંગ્રેસ પ્રજાનો વિશ્વાસ ગુમાવી બેસશે. ધારાસભાની ચળવળ કૉંગ્રેસને વિનાશકારી થઈ પડશે. કૉંગ્રેસે અસહકાર પુકાર્યો ત્યાર પછી તેમાં ખેડૂતો ભળ્યા છે, મજૂરો દાખલ થયા છે અને સ્ત્રીઓ ભાગ લેવા લાગી છે. કારણ તેમને કામ કરવાનું અને ભોગ આપવાનું તેમાં ક્ષેત્ર છે. સુધારા થયા તે પહેલાં કેવા માણસો સાથે પોતાને કામ કરવાનું છે તે સરકાર જાણતી હતી. તેમની શક્તિને સરકાર ઓળખતી હતી એટલે તે પ્રમાણે જ સુધારા ઘડ્યા છે. ધારાસભાની આવી ચળવળ સો વર્ષ ચલાવો તોયે સ્વરાજ્ય મળનારું નથી.”

કેટલાક વક્તાઓએ પોતાનાં ભાષણોમાં એવી દલીલ કરી હતી કે કાં તો સવિનય ભંગ આદરો, નહીં તો ધારાસભાઓમાં જઈ સરકારને હંફાવો; રચનાત્મક કામનો જાપ જપવાથી કશું વળવાનું નથી. તેનો જવાબ આપતાં રાજાજીએ જણાવ્યું :

“સરકારની હિંસા સામે બહાદુરીપૂર્વક કષ્ટો વેઠીને જ આપણે લડત જીતી શકીએ એમ છીએ. ધારાસભાના ઓરડા એ આપણું સમરાંગણ નથી. હિંદુસ્તાનનો વિશાળ પ્રદેશ આપણું સમરાંગણ છે. કષ્ટો ઉઠાવવાની આપણી તત્પરતા અને આપણી તાકાત એ આપણાં શસ્ત્રો છે. . . .

“ધારાસભામાં જવું એ કેવળ નકામું જ હોત તોપણ હું તેનો વિરોધ ન કરત, પણ ધારાસભાની ચળવળ તો આપણા કામમાં સીધું નુકસાન કરનારી છે. સવિનય ભંગ અથવા તો ધારાસભાપ્રવેશ એ વિકલ્પનો વિચાર આપણી નિર્બળતા સૂચવનારો છે. ધારાસભાથી રચનાત્મક કામમાં કશી મદદ નથી થવાની અને સવિનય ભંગમાં પણ કશી મદદ નથી થવાની. અત્યાર સુધી આ ચર્ચાઓ કર્યાં કરવાને બદલે આપણે રચનાત્મક કામ વધારે જોસથી કર્યું હોત તો દેશ ક્યારનોયે સવિનય ભંગને માટે તૈયાર થઈ ગયો હોત. હજી પણ આપણે જોસથી કામ ચલાવીએ, આપણી પૂરી કસોટી થવા દઈએ અને સર્વસ્વનો ત્યાગ કરી છૂટીએ. . . .

“અત્યાર સુધી મહા મહેનત કરીને આપણે ધારાસભાની પ્રતિષ્ઠા તોડી શક્યા છીએ અને જે વાતાવરણ પેદા કરી શક્યા છીએ તેને જો આપણે બગાડી મારીશું અને નવો જ અખતરો લઈ બેસીશું તો કરી કમાણી બધી આપણે હાથે જ ધૂળ મેળવીને નવેસરથી બધી રચના કરવા બેસવું પડશે.”

છેવટે રાજાજીનો નીચેનો ઠરાવ બહુમતીથી પસાર થયો :

“આ સરકાર જે સંસ્થાઓ ઉપર પોતાની સત્તા જમાવીને બિનજવાબદાર રાજ્ય ચલાવી રહી છે તેનું નૈતિક બળ, ૧૯૨૦ની ચૂંટણીઓ વખતે કરવામાં

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



આવેલા ધારાસભાના બહિષ્કારને પરિણામે નાશ પામ્યું છે એટલા માટે; અને ધારાસભાની ચૂંટણીમાં ભાગ ન લેવો એ અહિંસાત્મક કાર્યક્રમનું મુખ્ય અંગ હોઈને આવતા વર્ષની ચૂંટણીઓમાં પણ હિંદુસ્તાનની પ્રજા કોઈ પણ જાતનો ભાગ ન લે એ જરૂરનું છે એટલા માટે; આ કૉંગ્રેસ આ ઠરાવથી એવી સલાહ આપે છે કે કૉંગ્રેસના કોઈ પણ સભ્યે ધારાસભાના ઉમેદવાર તરીકે ઊભા રહેવું નહીં અને કૉંગ્રેસની સલાહ વિરુદ્ધ ધારાસભાની ઉમેદવારી કરનારા કોઈ નીકળે તેને કોઈ પણ મતદારે મત આપવો નહીં, અને આ બાબતમાં મહાસમિતિ વખતોવખત જે સૂચનાઓ આપે તે પ્રમાણે તેમણે પોતાના બહિષ્કારનું સ્વરૂપ રાખવું.”

આમ ધારાસભાનો બહિષ્કાર કાયમ રહ્યો પણ લોકો હવે સવિનય ભંગ માટે અધીરા થવા માંડ્યા હતા. તે માટે સવિનય ભંગની તૈયારીનો નીચેનો ઠરાવ અબ્બાસ સાહેબ તૈયબજીએ રજૂ કર્યો :

“આ કૉંગ્રેસ પોતાના અભિપ્રાયને વળગી રહે છે કે જ્યારે આપખુદ, જુલમી અને પ્રજાની મર્દાનગીનું હરણ કરનારી રાજ્યસત્તાને સુધારવાના બધા ઇલાજો લેવાઈ ખૂટે ત્યારે શસ્ત્રયુદ્ધની અવેજીમાં સવિનય ભંગ એ એક જ સભ્ય અને અસરકારક ઇલાજ બાકી રહે છે. પ્રજામાં સ્વરાજ્યની તમન્ના વધારે ને વધારે પ્રગટેલી જોવામાં આવે છે અને આપણા રાષ્ટ્રીય ધ્યેયને હાંસલ કરવા માટે સવિનય ભંગ કરવો જ પડશે એમ પ્રજાને હૈયે વસી ગયું છે. વળી ઉશ્કેરણી અને ખિજવાટનાં ભારે કારણો મળ્યાં છતાં દેશમાં જરૂરી અહિંસાનું વાતાવરણ જળવાઈ રહ્યું છે; તેથી આ કૉંગ્રેસ બધા કાર્યકર્તાઓને આદેશ કરે છે કે આવતી તા. ૩૦મી એપ્રિલ પહેલાં નીચે પ્રમાણે તૈયારીઓ પૂરી કરવી :

“૧. કૉંગ્રેસ સમિતિઓ વધારવી અને તેને વધારે સંગઠિત અને મજબૂત કરવી.

“૨. સ્વરાજ્યફાળામાં ઓછામાં ઓછા ૨૫ લાખ રૂપિયા એકઠા કરવા.

“૩. અમદાવાદ કૉંગ્રેસમાં નક્કી થયેલી પ્રતિજ્ઞા પાળવા તૈયાર હોય એવા પચાસ હજાર સ્વયંસેવકો નોંધવા.”

કૉંગ્રેસમાં પોતાના મતથી વિરુદ્ધ ઠરાવ પસાર થયો એટલે કૉંગ્રેસનું અધિવેશન પૂરું થયા પછી દાસબાબુએ પોતાના પ્રમુખપદનું રાજીનામું આપી દીધું અને ધારાસભાપ્રવેશની તરફેણવાળાઓનો ‘સ્વરાજ પક્ષ’ નામનો નવો પક્ષ સ્થાપ્યો. પોતે એ પક્ષના નેતા નિમાયા અને પં૰ મોતીલાલજીને તેના મંત્રી નીમવામાં આવ્યા. એ બે ઉપરાંત હકીમ સાહેબ, શ્રી વિઠ્ઠલભાઈ પટેલ તથા શ્રી કેળકર તેના મુખ્ય આગેવાનો હતા. આ ‘સ્વરાજ પક્ષ’ મારફત કૉંગ્રેસમાં પોતાની બહુમતી કરવાનો તેઓ પ્રયત્ન કરવાના હતા, એટલે કૉંગ્રેસના પ્રમુખ તરીકે કાયમ રહેવું તેમને યોગ્ય ન લાગ્યું. જ્યારથી ધારાસભામાં જવાની

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

વાત નીકળી ત્યારથી કોંગ્રેસમાં ખેંચાખેંચી ચાલતી જ હતી, પણ હવે તો ખુલ્લંખુલ્લા બે પક્ષ પડી ગયા. લોકભાષામાં ધારાસભાવાદીઓ ‘ફેરવાદી’ કહેવાતા અને રચનાત્મક કાર્યક્રમને જ વળગી રહેનારા ‘નાફેરવાદી’ કહેવાતા. તેમના મુખ્ય આગેવાનો રાજાજી, ડૉ. અનસારી, રાજેન્દ્રબાબુ, શેઠ જમનાલાલજી તથા સરદાર હતા. કૉંગ્રેસમાં આ જાતના પક્ષો પડવાથી લોકોમાં બુદ્ધિભેદ થવા માંડ્યો અને કામમાં મંદતા આવવા લાગી. હજી ઘણા આગેવાનો અને કાર્યકર્તાઓ જેલમાં હતા અને પક્ષ પડ્યાની વાતો સાંભળી તેઓ દુઃખી થતા. જે આગેવાન છૂટીને બહાર આવતા તે બે પક્ષો વચ્ચે સમાધાની કરાવવાનો પ્રયત્ન કરતા. ગયા કૉંગ્રેસ પછી થોડા જ વખતમાં મૌલાના અબુલ કલામ આઝાદ અને બીજા કેટલાક નેતાઓ છૂટીને આવ્યા. તેમના સમાધાનના પ્રયાસોને પરિણામે ૧૯૨૩ના ફેબ્રુઆરીના છેલ્લા અઠવાડિયામાં અલ્લાહાબાદમાં કૉંગ્રેસ કારોબારી તથા મહાસમિતિની બેઠક થઈ. દાસબાબુએ રાજીનામું આપેલું હોવા છતાં કૉંગ્રેસે બીજા પ્રમુખની નિમણૂક નહોતી કરી એટલે સભાનું પ્રમુખસ્થાન દાસબાબુને જ આપવામાં આવ્યું. તેમાં સમાધાનીનો ઠરાવ થયો કે, ૩૦મી એપ્રિલ સુધી બંને પક્ષ ધારાસભાના પ્રશ્ન ઉપર મૌન સેવે; રચનાત્મક કામ, સ્વયંસેવકોની ભરતી અને સ્વરાજ ફાળો, એ કામમાં નવો સ્વરાજ પક્ષ જૂના પક્ષને મદદ કરે; અને ૩૦મી એપ્રિલ પછી બંને પક્ષ પોતપોતાને જેમ ફાવે તેમ કરે. આ સમાધાનની પાછળ ભાવ એ હતો કે નાફેરવાદીઓએ પોતાનો સવિનય ભંગની તૈયારીઓનો કાર્યક્રમ ૩૦મી એપ્રિલ પહેલાં પૂરો કરવાનો હતો; એટલા વખતમાં તેઓ દેશને સવિનય ભંગ માટે તૈયાર કરી શકે તો ધારાસભાઓમાં જવાનો સવાલ જ ન રહે. પંડિત મોતીલાલજીએ સ્પષ્ટ જણાવ્યું કે ઈશ્વર કરે ને બે મહિના પછી જ્યારે આપણે ફરી વિચાર કરવા ભેગા મળીએ ત્યારે દેશમાં એવી સ્થિતિ ઉત્પન્ન થયેલી હોય કે આપણે ફરી કશું વિચારવાનું જ ન રહે. પણ સવિનય ભંગની તૈયારીવાળો કાર્યક્રમ ૩૦મી એપ્રિલ પહેલાં પૂરો ન થઈ શક્યો. સ્વરાજ ફાળામાં પચીસ લાખને બદલે પંદર લાખ રૂપિયા એકઠા થયા અને સ્વયંસેવકોની સંખ્યા પચાસ હજારને બદલે આઠ હજાર જ થઈ. એટલે સ્વરાજ પક્ષે પોતાનો કાર્યક્રમ કૉંગ્રેસ પાસે સ્વીકારાવવાનો પ્રયત્ન કરવા માંડ્યો.

ફરી પાછા બેઉ પક્ષો પોતપોતાના મતનો પ્રચાર શરૂ કરશે એટલે ઝેર અને વિખવાદ ફેલાશે એવો ભય રાખવાનું કાંઈ કારણ નથી, એવું લોકોને સમજાવવા સરદારે ‘ઠાલો ભય’ નામનો લેખ ‘નવજીવન’માં લખ્યો. તેમાં જણાવ્યું :

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



"અલ્લાહાબાદમાં કોંગ્રેસના બંને પક્ષ વચ્ચે થયેલી સમાધાનીની મુદત આવતી કાલે પૂરી થશે. કાલથી બંને પક્ષ પાછા પોતપોતાના મતનો ખુલ્લો પ્રચાર કરતા થઈ જશે. કાયમનું સમાધાન અશક્ય હોવાનું તો સમાધાનના સ્વરૂપ ઉપરથી જ માલૂમ પડતું હતું. મતભેદ બહુ ઊંડા છે. એમાંથી એક પક્ષ પોતાનો પ્રામાણિક મત છોડી દઈ બીજા પક્ષને મળી જાય તો જ કાયમની એકતા થઈ શકે. પણ એવી એકતાથી નુકસાન જ થાય. બંને પક્ષ પોતપોતાની પ્રામાણિક માન્યતા ઉપર મક્કમ રહીને કામ કરે એમાં જ આખરે દેશને લાભ છે. એથી જ પ્રજા ઘડાશે.

"ધારાસભા બહિષ્કારનો પ્રચાર કરવાથી, અગર તો તેને અમલમાં મૂકવાને જે ઉપાયો લેવામાં આવે તેથી, કોંગ્રેસના ધારાસભામાં જનારા પક્ષ સામે અપ્રીતિ થશે એમ માનવાને કાંઈ કારણ નથી. જ્યાં પિતા પુત્ર વચ્ચે, ભાઈ ભાઈ વચ્ચે તથા મિત્ર મિત્ર વચ્ચે મતભેદ હોય ત્યાં એવો ડર રાખવાનું કંઈ કારણ જ ન હોય. છતાં એવું પરિણામ ન આવે તેને માટે જેટલી સાવચેતી રાખવી જોઈએ તેટલી બેઉ પક્ષ રાખશે એ વિષે મને કાંઈ શંકા નથી.

"પણ ધારાસભાના બહિષ્કાર વિષે તો કોંગ્રેસનો ઠરાવ અમલમાં મૂકવાને આપણે જલદ ઉપાયો લેવાની જરૂર જ ન પડે એવો સંભવ છે. સરકારે જ આપણું કામ સરળ કરી આપ્યું છે. મીઠા ઉપરનો કર વધારવામાં સરકારે જે રીતે કામ લીધું છે તે જોતાં ધારાસભાની નિષ્ફળતા વિષે હવે લોકોને થોડી જ શંકા રહી છે. ધારાસભાના સભાસદોએ વિરુદ્ધ મત આપ્યા. મતથી તો સરકારને હરાવી. બે વખત હરાવી. તોપણ વાઈસરૉય સાહેબે બહુમતીને ઠોકરે મારી. હવે ધારાસભાના સભાસદો ધારાસભાને છોડે એવી સૌ ઇચ્છા રાખે છે. તો આપણે ત્યાં જઈને પછી છોડવા કરતાં પહેલેથી જ કેમ ન છોડીએ? આપણે ત્યાં જઈને બહુમતીથી સરકારને હરાવીએ એ સિવાય બીજું શું કરી શકવાના હતા? હાલની ધારાસભાએ પણ એ તો ઘણી વખત કરી બતાવ્યું છે, છતાં જ્યારે જ્યારે સરકારને યોગ્ય લાગ્યું ત્યારે તેણે એમના મતની દરકાર નથી કરી. આવી સ્થિતિમાં ધારાસભાની નિષ્ફળતા વિષે મતદારોને સમજાવવાને ભારે ચળવળ કરવાની ભાગ્યે જ જરૂર પડે. એટલે ઝેર કે વિખવાદ થવાનો સંભવ નથી."

પછી મુંબઈમાં તા. ૨૫મી મેએ મહાસમિતિની બેઠક થઈ. તે વખતે જવાહરલાલજી છૂટીને બહાર આવ્યા હતા. તેમનું વલણ નાફેરવાદી હતું છતાં બે પક્ષ વચ્ચે સમાધાની થાય એમ તેઓ ઇચ્છતા હતા. નાફેરવાદીઓમાંથી ડૉ. અનસારી અને શ્રીમતી સરોજિની નાયડુ પણ સમાધાનીની તરફેણમાં હતાં. કેટલીક પ્રાંતિક સમિતિઓનો પણ અભિપ્રાય હતો કે સમાધાની થઈ જાય તો સારું. એટલે શ્રી પુરુષોત્તમદાસ ટંડન ઠરાવ લાવ્યા અને જવાહરલાલજીએ તેને ટેકો આપ્યો કે, 'ગયા કોંગ્રેસના ફરમાન મુજબ ચૂંટણીઓની વિરુદ્ધ પ્રચાર કરવાનું બંધ કરવું.' કોંગ્રેસના અધિવેશનમાં પાસ થયેલા ઠરાવને ઉથલાવી પાડનારો ઠરાવ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



મહાસમિતિ ન કરી શકે એ કારણે આ ઠરાવ નિયમ બહારનો છે એવો વાંધો લેવામાં આવ્યો. પણ પ્રમુખપદે દાસબાબુ હતા તેમણે ઠરાવ નિયમસરનો ગણ્યો, એમ કહીને કે ગયા કોંગ્રેસનો ઠરાવ તો કાયમ જ રહે છે, મહાસમિતિના ઠરાવથી એનો પ્રચાર જ બંધ કરવામાં આવે છે. થોડાક વધુ મતે ઠરાવ પસાર થઈ ગયો, એટલે ગયામાં ચૂંટાયેલી કારોબારીના સભ્યો, જેમાં સરદાર વગેરે બધા ચુસ્ત નાફેરવાદીઓ હતા તેમણે રાજીનામાં આપી દીધાં અને તેની જગાએ ચુસ્ત ફેરવાદીઓ પણ નહીં અને ચુસ્ત નાફેરવાદીઓ પણ નહીં પણ સમાધાનવાદીઓની કારોબારી ચૂંટવામાં આવી.

દાસબાબુ મુંબઈથી મદ્રાસના પ્રવાસે ગયા. ત્યાં એક ભાષણમાં લૉર્ડ રીડિંગ સાથેની સમાધાનીની વાતનો ઇશારો કરતાં તેમણે કહ્યું કે :

“એ વેળા સત્યાગ્રહથી સરકાર દબાઈ ગઈ હતી અને એણે નમી જઈને સમાધાની કરવા તૈયારી બતાવી હતી. હું જેલમાં હતો ત્યાં મારી પાસે શરતો મોકલવામાં આવી હતી. મેં એ મુખ્ય મથકે એટલે કે ગાંધીજીને મોકલી આપી. પણ તેમણે બધો છબરડો વાળ્યો અને હવે આપણને રેંટિયો ચલાવવાનું કહે છે.”

એ શરતોમાં કાંઈ માલ ન હતો અને ગાંધીજીએ તો લૉર્ડ રીડિંગની જાળમાં ફસાઈ જતાં એમને બચાવી લીધા હતા એ અગાઉના પ્રકરણમાં કહેવાઈ ચૂક્યું છે. આ આક્ષેપો વાંચી સરદારથી રહેવાયું નહીં. તેમણે દાસબાબુને જવાબ આપી તેમની નીતિ ઉઘાડી પાડી :

“જેલમાંથી છૂટ્યા પછી આજ આઠ મહિને વાઈસરૉય સાહેબે સમાધાનીની જે શરતો રજૂ કરી હતી તે કબૂલ નહીં રાખવામાં ગાંધીજીએ છબરડો વાળ્યો એવું કહેવાનો શો અર્થ ? શ્રી વિઠ્ઠલભાઈ જેવા દાસબાબુના અનુયાયીને આનો અર્થ સમજવો કઠણ પડે છે એ નવાઈ જેવી વાત છે. અર્થ બહુ સહેલો છે. પ્રજામતને પોતાના વિચાર તરફ ઘસડી જવા માટે પ્રજા ઝીલી શકે તેટલા ફટકા દાસબાબુ બહાર આવ્યા ત્યારથી સામા પક્ષને લગાવતા આવ્યા છે. જેલમાથી છૂટ્યા પછી થોડો વખત ધારાસભાના પ્રશ્ન વિષે મૌન ધારણ કર્યું; ધાર્મિક અને માર્મિક વ્યાખ્યાનો આપવાનું શરૂ કર્યું. કેટલાકને વહેમ પડ્યો કે શ્રી અરવિંદ ઘોષની માફક તેઓ કાંઈક એકાંતમાં જઈ બેસશે. પણ વખત આવ્યો કે તરત જ સવિનય ભંગ સમિતિના સભાસદો પૈકી શ્રી વિઠ્ઠલભાઈ અને તેમના સાથીઓએ ગબડાવેલા ગોળાને હાથ દીધા. કલકત્તામાં મળેલી મહાસમિતિમાં જેટલી ખેંચતાણ થઈ શકે તેટલી કરી અદબદ રાખ્યું. ગયાની કૉંગ્રેસમાં પૂરેપૂરું જોર અજમાવ્યું, છતાં પ્રતિનિધિઓએ મચક ન આપી એટલે ઉગ્ર રૂપ ધારણ કરી પ્રમુખસ્થાનેથી કૉંગ્રેસના ઠરાવ ઉપર પ્રહાર કર્યા, પ્રમુખપદનું રાજીનામું આપ્યું અને મહા-

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



સમિતિની બેઠક લટકતી મૂકીને ચાલી ગયા. કૉંગ્રેસ સામે પક્ષ ઊભો કર્યો, મુંબઈ આવી તેના ઠરાવો સામે હુમલા શરૂ કર્યા. પ્રજાને અપચો થતો જોઈ, વખત વિચારી અલ્લાહાબાદમાં બે માસનું મુનિવ્રત લીધું. મુંબઈમાં મળેલી છેલ્લી મહાસમિતિની બેઠકમાં જીત્યા એટલે વધારે આકરા ફટકા લગાવવાની હિંમત આવી. મદ્રાસ જઈ મહાત્માજી ઉપર આકરા આક્ષેપો મૂકવાનું શરૂ કર્યું. આઠ મહિના ઉપર આ વાત સાંભળવાને કોણ તૈયાર હતું? . .”

આ જ અરસામાં શ્રી વિઠ્ઠલભાઈએ એવો આક્ષેપ મૂકયો કે ગુજરાતના સૂબા મુંબઈ મહાસમિતિના ઠરાવને માન આપતા નથી. તેને કારણે કૉંગ્રેસની પ્રતિષ્ઠાનું ખેદાનમેદાન થતું આજ હું જોઈ રહ્યો છું. તેમને પણ સણસણતો જવાબ આપ્યો :

“પટેલ સાહેબ કહે છે કે, ‘હવે તો કાર્યકર્તાઓ અને આગેવાનોમાં મતભેદ થયો છે, એટલે આશા નથી કે ધારાસભાઓનો કબજો લઈ શકાય. ગુજરાત પ્રાંતિક સમિતિના પ્રમુખ જો મહાસમિતિના ઠરાવને માન આપતાં શીખે તો કામ થાય અને કૉંગ્રેસની પ્રતિષ્ઠા વધે. મહાત્મા ગાંધીજી પણ મહાસમિતિના ઠરાવોને માન આપતા હતા.’ વાત સાચી છે. પક્ષ આજના નથી પડયા. સ્વરાજ પક્ષ ઊભો કરનારાઓ એને માટે જવાબદાર છે. હજી પણ કૉંગ્રેસની પ્રતિષ્ઠા સાચવવી હોય તો એમણે સ્વરાજ પક્ષમાંથી હાથ ધોઈ નાખવા જોઈએ, ધારાસભાનો કબજો લેવાની ઉમેદ છોડી દેવી જોઈએ. ધારાસભામાં સ્વમાનથી કામ થઈ શકે એવી ગુજરાત પ્રાંતિક સમિતિની ખાતરી થશે ત્યારે તે તેમ કરવાનું ચૂકશે નહીં. ગુજરાત ગાંધીજીને પટેલ સાહેબ કરતાં વધારે ઓળખે છે. એમના પક્ષે તો ગાંધીજીનો જરૂર પૂરતો જ ઉપયોગ કર્યો છે, જ્યારે ગુજરાત યથાશક્તિ ગાંધીજીને પગલે ચાલવાનો પ્રામાણિક પ્રયત્ન કરે છે. ગુજરાતની અશક્તિ ગાંધીજી માફ કરશે, જગત માફ કરશે અને ઈશ્વર પણ માફ કરશે. અશક્તિ એ ગુનો નથી. પણ ગુજરાત વિશ્વાસઘાતનો ગુનો નહીં કરે. ગાંધીજી મહાસમિતિના ઠરાવોને માન આપતા એની ગુજરાતને યાદ દેવરાવવાની પટેલ સાહેબને કશી જરૂર નથી. ગુજરાતને ખબર છે કે ગાંધીજી બહાર હતા ત્યારે આખો દેશ એમનો પડતો બોલ ઝીલી લેતો હતો. આજે આગેવાનો જ કૉંગ્રેસના ઠરાવને માન આપતા નથી, અને બીજા પાસે પોતાના મતને અનુકૂળ ઠરાવને જ માન આપવાની માગણી કરે છે. પછી કૉંગ્રેસની પ્રતિષ્ઠા કેવી રીતે વધવાની?”


આમ બે ભાઈઓ વચ્ચે રાજદ્વારી બાબતમાં તીવ્ર મતભેદોને કારણે તીખો ઝઘડો ચાલતો પણ તેથી તેમના ભાઈભાઈ તરીકેના અંગત લાગણીના સંબંધમાં જરાયે ન્યૂનતા આવતી નહીં. જ્યારે જ્યારે વિઠ્ઠલભાઈ અમદાવાદ આવતા ત્યારે સરદારને ત્યાં જ ઊતરતા અને મોટાભાઈ તરીકે સરદાર એમનું બહુ માન રાખતા. જોકે બંને ભાઈઓને સીધી એકબીજા સાથે વાતો ચીતો કે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

14731

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો



ગુજરાતનું ગૌરવ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ચર્ચા કરવાની બહુ ટેવ જ નહોતી. એકબીજા વિષે જે કાંઈ કહેવું હોય તે ત્રીજા માણસને કહેતા. શ્રી વિઠ્ઠલભાઈ સરદારને વિષે હંમેશાં 'તમારા સૂબા' કે 'ગુજરાતના સૂબા' કહીને વાત કરતા અને સરદાર એમને વિષે 'નામદાર પટેલ' અથવા 'પટેલ સાહેબ' કહીને વાત કરતા. શ્રી વિઠ્ઠલભાઈને અંગ્રેજીમાં જેને 'પ્રેક્ટિકલ જોક' કહે છે તેવી અમલી મશ્કરી કરવાની બહુ ટેવ હતી. તેના ઘણા માણસો ભોગ બનતા અને કેટલીક વાર તેમની મશ્કરી એટલી હદ સુધી જતી કે તેનો ભોગ બનનાર એમનો દુશ્મન બની જતો. એવા કેટલાક દાખલા જાણીતા છે પણ આપણા વિષયને તે અપ્રસ્તુત છે. એક દિવસ અમદાવાદ આવેલા ત્યારે એવો એક નાનો પ્રયોગ સરદાર ઉપર કર્યો. ભદ્રમાં સરદાર જે મકાનમાં રહેતા ત્યાં સરદારના દીવાનખાનાના ઓરડાની બાજુના છજામાં પાયખાનું હતું. શ્રી વિઠ્ઠલભાઈ આવેલા એટલે કેટલાક મિત્રો મળવા આવ્યા હતા. વાતો ચાલતી હતી તે દરમિયાન સરદાર પાયખાને ગયા. થોડી વાર થઈ એટલે વિઠ્ઠલભાઈએ ઊઠીને બહારથી સાંકળ દઈ દીધી. પછી હાવકું મોં રાખીને અમને કહે, 'આ તમારા સૂબા! આટલી પાયખાનાની સાંકળ ખોલીને તો બહાર અવાતું નથી અને આખા દેશનું સ્વરાજ લેવું છે! પાછા અમે કહીએ છીએ તે માનતા નથી અને અમારી સાથે બાખડી બાંધે છે!' પછી અર્ધોએક કલાક પછી વિઠ્ઠલભાઈ સાંકળ ખોલી આવ્યા અને સરદાર જાણે કશું બન્યું જ ન હોય તેમ બહાર આવીને પોતાના કામમાં વળગ્યા.

મુંબઈની મહાસમિતિમાં જે ઠરાવ થયો તે કહેવાયો સમાધાનીનો ઠરાવ પણ એને લીધે તો બે પક્ષ વચ્ચે તીખાશ ઊલટી વધી. નાફેરવાદીઓ એમ કહેતા કે મહાસમિતિ કૉંગ્રેસની પેટા સંસ્થા હોઈ કૉંગ્રેસના મૂળ ઠરાવને ઉથાપી શકે નહીં, એટલે અમે તો કૉંગ્રેસના ઠરાવને જ વળગી રહીશું. એટલે સ્વરાજ પક્ષવાળાએ તજવીજ કરીને જુલાઈ મહિનામાં નાગપુરમાં મહાસમિતિની બેઠક બોલાવી અને મુંબઈ મહાસમિતિના ઠરાવને માન નહીં આપનારી પ્રાંતિક સમિતિઓ સામે શિસ્તનાં પગલાં લેવાનો ઠરાવ લાવ્યા. એમાં ખાસ હુમલો તામિલનાડ અને ગુજરાત ઉપર એટલે રાજાજી અને સરદાર ઉપર હતો. બંને પક્ષના કાયદાબાજોએ કાયદાના મુદ્દાની તકરારો કરી અને છેવટે શિસ્તનાં પગલાં લેવાનો ઠરાવ ૬૩ વિ૦ ૬૫ મતે ઊડી ગયો. નવેમ્બર માસમાં ધારાસભાની ચૂંટણીઓ થવાની હતી એટલે કૉંગ્રેસની ખાસ બેઠક બોલાવી તેમાં જે તે ચોક્કસ નિર્ણય થઈ જવો જોઈએ એમ હવે સ્વરાજ પક્ષને લાગ્યું. તા. ૧૦મી સપ્ટેમ્બરે દિલ્હીમાં કૉંગ્રેસ ભરવાનું નક્કી થયું. તે વખતે મૌલાના મહમદઅલી તથા લાલાજી જેલમાંથી છૂટીને બહાર આવ્યા. નાફેરવાદીઓને લાગ્યું કે આપણા પક્ષને એમનો મજબૂત ટેકો મળશે. પણ બંને સમાધાનવાદી નીકળ્યા. લાલાજી

સ–૧૭

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



માંદા હતા એટલે આ પ્રશ્નમાં સક્રિય ભાગ ન લઈ શક્યા. પણ મૌલાનાએ કોઈ પણ ભોગે સ્વરાજ પક્ષ સાથે સમાધાન કરવાનું નાફેરવાદીઓ ઉપર દબાણ કરવા માંડ્યું. તેમને નાખુશ કરવા એટલે આખી મુસલમાન જનતાને નાખુશ કરવી એવી તે વખતે સ્થિતિ હતી. દેશમાં ઘણી જગાએ હિંદુ મુસલમાન વચ્ચે બખેડા પણ શરૂ થઈ ગયા હતા. એટલે કૉંગ્રેસી મુસલમાનોને નારાજ કરવાનું બિલકુલ ઇષ્ટ નહોતું. રાજાજી ખરાબ તબિયતને લીધે આ ખાસ કૉંગ્રેસમાં આવી શક્યા ન હતા. એટલે સરદાર, રાજેન્દ્રબાબુ, જમનાલાલજી અને ગંગાધરરાવ દેશપાંડે, એમના ઉપર નાફેરવાદીઓએ શું કરવું તેનો નિર્ણય કરવાની જવાબદારી હતી. ચારેના હૃદયમાં ભારે મંથન ચાલી રહ્યું હતું. વળી મૌલાના મહમદઅલીએ સમાધાનીનો ઠરાવ રજૂ કરતાં પોતાના ભાષણમાં એવી વિચિત્ર અને ગૂઢ વાત કરી, જેને લીધે ઘણા પ્રતિનિધિઓ તર્કવિતર્કમાં પડી ગયા. તેમણે કહ્યું:

> “મને અસહકાર કરતાંયે મહાત્મા ગાંધી પર વધારે વિશ્વાસ છે. મહાત્મા ગાંધીએ કોઈ આધ્યાત્મિક યુક્તિથી યા તો તાર વિનાના સંદેશાથી મને નીચેનું ફરમાન મોકલ્યું છે કે, ‘તમે મારા કાર્યક્રમને વળગી રહો એવો મારો આગ્રહ નથી. હું તો હજી પણ મારા આખા કાર્યક્રમ વિષે મક્કમ છું. પણ દેશની સ્થિતિ જોતાં જો તમને બહિષ્કારની એકાદ બે વિગતો કાઢી નાખવા જેવી લાગે અથવા ઢીલી કરવા જેવી લાગે અથવા નવી વિગતો દાખલ કરવા જેવી લાગે તો હું દેશના પ્રેમને નામે તમને હુકમ કરું છું કે તમને યોગ્ય લાગે તે વિગતો કાઢી નાખજો, યોગ્ય લાગે તેવા ફેરફારો કરજો અને યોગ્ય લાગે તે નવી વિગતો દાખલ કરજો.’ ”

પ્રતિનિધિઓ વિચારમાં પડ્યા કે કોઈ પણ જાતનો સંદેશો જેલમાંથી મોકલવો એ તો ગાંધીજીના સિદ્ધાંતથી વિરુદ્ધ છે અને આ શું? પણ આ સંદેશામાં શું એવું નવું હતું? હકીકત એમ બની હતી કે ભાઈ દેવદાસ ગાંધીજીને મળવા ગયેલા, તે વખતે મૌલાનાના સંબંધમાં આવી મતલબની વાત થયેલી: “કેદી તરીકે મારાથી તમને કાંઈ સંદેશો ન અપાય. જ્યારે બીજાઓ મને સંદેશા મોકલતા ત્યારે હું તેમને ઠપકો આપતો. પણ હું મૌલાનાને એટલું કહું કે તમારી વફાદારી ઉપર હું મુગ્ધ છું. છતાં મારા તરફની વફાદારીને લક્ષ્ય ન સમજશો, દેશ તરફની વફાદારીને લક્ષ્ય માનજો. મારા વિચાર હું જતાં જતાં જણાવી ગયો છું, અને તે ઉપર કાયમ છું. પણ તમે જુદો માર્ગ ગ્રહણ કરશો તો તેથી આપણી વચ્ચેના પ્રેમને કશી આંચ આવવાની નથી.”

ભાઈ મહાદેવે તથા દેવદાસે મળીને સરદારને પૂછ્યા વિના આખી પરિસ્થિતિ વર્ણવનારો તાર રાજાજીને કર્યો અને તેનો તારથી જવાબ માગ્યો. આ જવાબ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

આવે તે પહેલાં જ સરદાર વગેરે નિર્ણય ઉપર આવી ગયા હતા કે મૌલાનાનો વિરોધ ન કરવામાં જ ડહાપણ છે, જોકે રાજેન્દ્રબાબુ અને સરદારે ખુલ્લી કોંગ્રેસમાં નાફેરવાદીની સ્થિતિની સ્પષ્ટતા કરવી. પહેલાં રાજેન્દ્રબાબુ બોલવા ઊભા થયા. તેમણે ગળગળે અવાજે કહ્યું:

"કોઈ પણ હેતુથી ધારાસભામાં જવાથી અસહકારનો સિદ્ધાંત પડી ભાંગે છે એમ હું માનું છું. પણ મારી ખાંધ કોંગ્રેસમા ભંગાણ પડાવવાની જવાબદારી લેવા જેટલી સધ્ધર નથી. એટલે હું આ ઠરાવનો વિરોધ નહીં કરું. હું દિલગીર છું કે એને મારાથી ટેકો પણ નહીં અપાય. પણ હું મારા અંતરના ઊંડાણમાંથી કહીશ કે ધારાસભામાં જવાથી અસહકારનો નાશ નથી થતો એ પુરવાર કરવાની જવાબદારી પંડિત મોતીલાલજી ઉપર રહેશે, સ્વરાજ પક્ષના ધુરંધર નેતા દેશબંધુ દાસ ઉપર રહેશે. આગળ વધીને કહું છું કે એ જવાબદારી સૌના કરતાં વધારે મૌલાના મહમદઅલીના સધ્ધર ખભા ઉપર રહેશે."

એમની પછી સરદાર બોલવા ઊભા થવા જતા હતા ત્યાં રાજાજીનો તાર આવ્યો. તે વાંચીને તેમનો જાણે અર્ધો ભાર હલકો થઈ ગયો. ઊભા થયા ત્યારે એ વીર યોદ્ધાની આંખ ભીની થયેલી દેખાતી હતી, અને તાર પકડેલો હતો તે આંગળીઓ ધ્રૂજતી હતી. અતિશય વિષાદમય અવાજે તેમણે બોલવા માંડ્યું:

"વડીલોની સાથે અત્યાર સુધી અમે લડત ચલાવી અને અમારી અલ્પ શક્તિ અને મતિ પ્રમાણે અસહકારનો વાવટો ફરકતો રાખ્યો. અમે તો બધા સિપાઈ રહ્યા. એકે નેતા અમારામાં છે નહીં. પણ અમારામાં એક માણસ ચોખ્ખા મગજનો, ચોખ્ખા વિચાર કરવાવાળો છે. તેણે પોતાની માંદગીના બિછાના પરથી સંદેશો મોકલ્યો છે તે હમણાં જ આવ્યો. તે કહે છે: 'બધી જ જવાબદારી મૌલાના મહમદઅલીની ખાંધે નાખો એવી મારી સલાહ છે. તેમને કશુંયે અણગમતું કરવાને મજબૂર ન કરો એમ ઇચ્છું છું. તેમનો સમાધાન માટે બહુ જ આગ્રહ હોય તો તેમ કરવા દો. મને ભાસે છે કે દેશને માટે કઠણ અનુભવમાંથી પસાર થવાનું લખેલું છે. દલીલો અને ચર્ચાઓ નકામી છે. હવે આપણે બીજાઓની આડે આવવાનું પ્રયોજન નથી. આપણે આપણાથી થયું તેટલું કરી ચૂક્યા. આપણે ઘણાને ગુમાવ્યા છે, હવે મૌલાના મહમદઅલીને આપણે નથી ગુમાવવા.' એનો શબ્દ અમને માન્ય છે.

"મેં મારા હૃદયનું મંથન કર્યું છે અને જોયું છે કે મૌલાનાને મદદ આપવાને મારાથી ઓછામાં ઓછું કંઈ પણ થઈ શકે એમ હોય તો તે એ છે કે મારે મારો વિરોધ ખેંચી લેવો. તેઓ કહે છે કે બે વરસની ગેરહાજરી પછી આવનારની સ્થિતિનો તમારે ખ્યાલ કરવો જોઈએ. બે વરસ સુધી બહાર રહેનારની મુશ્કેલીઓનો પણ અત્યાર સુધીમાં તેમને ખ્યાલ આવી ગયા

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



હશે. . . .હું જાણું છું કે મારા આ વલણથી સેંકડો જુવાનોનાં હૈયાં ચૂરેચૂરા થઈ જશે. આ સમાધાનથી અસહકારને મરમનો ઘા નહીં લાગે એ વાતની મને હજુ ખાતરી નથી થઈ. . . . .પણ આજે એકબીજા વિષે વહેમ છે, પ્રેમભાવ નથી. આ પ્રેમભાવ સ્થાપવાનો પ્રયત્ન છે. . . . .આ બન્ને વખત દેશના મોટા નેતાઓનો વિરોધ કરવો એ દુઃખદ કામ હતું. આજે એ વિરોધ છોડી દેવો પડે છે એ પણ એટલું જ દુઃખદ છે. છતાં હું તમને (નાફેરવાદીઓને) વિનંતી કરું છું કે તમે એ દુઃખદ સ્થિતિમાંથી પસાર થાઓ. હું તમામ જવાબદારી મૌલાના મહમદઅલીને માથે નાખું છું. મારા મિત્રો જમનાલાલજી અને ગંગાધરરાવ દેશપાંડે જેઓ આ બધો વખત વિરોધમાં અમારી સાથે સામેલ છે તેઓ પણ મારા જેવો મત ધરાવે છે. હવે બેસી જતાં છેવટમાં સ્પષ્ટ શબ્દોમાં કહું છું કે આ ઠરાવને અમે નથી ટેકો આપતા કે નથી તેનો વિરોધ કરતા.”

ઉપર પ્રમાણે કહીને ઠરાવ ઉપર મત લેવાય ત્યાં સુધી થોભ્યા વિના સરદાર કૉંગ્રેસ મંડપમાંથી ચાલ્યા ગયા. ગુજરાત આખું સમાધાનના ઠરાવની વિરુદ્ધ હતું પણ સરદારના ઉપલા ભાષણ પછી કોઈએ ઠરાવ ઉપર તરફેણમાં કે વિરોધમાં મત ન આપ્યો, જોકે મને કાંઈક એવો ખ્યાલ છે કે દરબાર સાહેબે અને ભાઈ મણિલાલ કોઠારીએ ઠરાવની વિરુદ્ધમાં હાથ ઊંચા કર્યા હતા. ઘણા પ્રતિનિધિઓ તટસ્થ રહ્યા એટલે બહુ મોટી બહુમતીથી ઠરાવ પસાર થયો. તેની મતલબ એ હતી કે, ‘જે કૉંગ્રેસીઓને ધારાસભામાં જવા સામે કોઈ પણ જાતનો ધાર્મિક અથવા બીજો વાંધો ન હોય તેઓને ધારાસભાના ઉમેદવાર તરીકે ઊભા રહેવાની અને આવતી ચૂંટણીઓમાં મત આપવાની છૂટ આપવામાં આવે છે, અને કૉંગ્રેસ ધારાસભાપ્રવેશ સામેની બધી ચળવળ બંધ કરે છે.’

આમ ધારાસભાના પ્રકરણનો અંત આવ્યો. ગયાની કૉંગ્રેસ સુધી સરદાર મહાસમિતિની બેઠકમાં કે કૉંગ્રેસમાં બોલતા જ ન હતા. અમદાવાદની કૉંગ્રેસમાં પોતાનું સ્વાગત ભાષણ તેમણે હિંદીમાં વાંચ્યું હતું. ગયાની કૉંગ્રેસમાં પહેલી જ વાર તેઓ હિંદીમાં બોલ્યા અને ત્યાર પછીની મહાસમિતિની બેઠકોમાં તેમને ઘણી વાર હિંદીમાં બોલવાના પ્રસંગ આવ્યા. તેમના હિંદી ભાષણમાં ગુજરાતી શબ્દો અને રૂઢિપ્રયોગો ઘણી વાર આવી જતા, છતાં હિંદીવાળા તેમ જ ઉર્દૂવાળા તેમના ભાષણનો શબ્દેશબ્દ સમજી શકતા. તેનું મુખ્ય કારણ તો એ હતું કે હિંદીમાં શબ્દ ન જડે ત્યારે તે માટે એમને સંસ્કૃતનો આશ્રય લેવાપણું હતું જ નહીં. હિંદી તથા ઉર્દૂ વક્તાઓએ તેવા પ્રસંગમાં જે શબ્દ વાપર્યો હોય તે ધ્યાનમાં રહી ગયો હોય તો તે વાપરતા નહીં તો ગુજરાતી જ શબ્દ વાપરતા, અને શ્રોતાઓ આગળપાછળના સંબંધ ઉપરથી તેનો અર્થ પકડી લેતા. આમ ધીમે ધીમે રાષ્ટ્રીય હિંદુસ્તાનીમાં તેમનું ગાડું સારી રીતે ચાલતું થઈ ગયું.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ગયા કૉંગ્રેસ પછી નવ મહિના સુધી ફેરવાદ અને નાફેરવાદના ઝઘડા ચાલ્યા. તે દરમિયાન ગુજરાતમાં શું શું બન્યું તે નોંધીને આ પ્રકરણ પૂરું કરીશું. ગયા કૉંગ્રેસના ઠરાવ પ્રમાણે એપ્રિલની ૩૦મી પહેલાં જે સ્વરાજ ફાળો કરવાનો હતો અને સ્વયંસેવકોની ભરતી કરવાની હતી તેમાંથી ગુજરાતને ભાગે ત્રણ લાખ રૂપિયાનો ફાળો અને ત્રણ હજાર સ્વયંસેવકોની ભરતી કરવાનું આવ્યું હતું. ગુજરાતમાંથી ત્રણ લાખ રૂપિયા એકઠા કરવાનું સરદારને કઠણ લાગતું ન હતું. પણ ગુજરાતની ખરી પરીક્ષા તો તે વખતના ઠંડા વાતાવરણમાં જ્ઞાનપૂર્વક કષ્ટો સહન કરનારા સ્વયંસેવકો મેળવવામાં હતી. તે માટે ભાઈ ઇન્દુલાલે ઉત્સાહપૂર્વક ગામડે ગામડે ભટકવા માંડ્યું અને ભારે જહેમત ઉઠાવી. તેમને એમ હતું કે ક્યારે ૩૦મી એપ્રિલ આવે અને સ્વયંસેવકોની સંખ્યા પૂરી કરી સવિનય ભંગની લડત શરૂ કરીએ. પણ સરકારે તે પહેલાં જ તેમના અડાસ ગામના ભાષણને રાજદ્રોહી ગણી તેમના ઉપર જામીન કેસ કર્યો અને તેમને એક વરસની સજા કરી. તે પહેલાં કાકાસાહેબ જેઓ પણ 'નવજીવન'માં સવિનય ભંગની તૈયારી માટે તેજ લેખો લખી રહ્યા હતા, તેમના પર સારી ચાલચલગતનો જામીન કેસ કરી તેમને એક વરસ માટે સરકારે પોતાના મહેમાન બનાવી દીધા હતા. સ્વરાજ્ય ફાળામાં તો ગુજરાતે ત્રણને બદલે સવાત્રણ લાખ રૂપિયા એકઠા કર્યા પણ સ્વયંસેવકોની ભરતી એપ્રિલ આખરે ત્રણ હજારને બદલે આઠસોની જ તે કરી શક્યું. છતાં જ્યારથી ઇન્દુલાલને સજા થઈ ત્યારથી ગુજરાતના કાર્યકર્તાઓની અધીરાઈ વધવા માંડી હતી. જોકે ઇન્દુલાલે જેલ જતાં પહેલાં જેટલા સ્વયંસેવકો મેળવેલા તેમાં આગળ વધુ ભરતી થતી નહોતી. તા. ૧૫-૧૬ એપ્રિલના રોજ મહાદેવભાઈના પ્રમુખપણા નીચે આમોદ ગામે ભરૂચ જિલ્લા પરિષદ થઈ. પોતાના ભાષણમાં તેમણે જણાવ્યું કે, હિંદુ મુસલમાન વચ્ચે વધતાં જતાં અંતર સાંધવા માટે, લોકોની કર્તવ્યવિમુખતા નિવારવા માટે અને રચનાત્મક કામને વેગ આપવા માટે એકમાત્ર સાધન વ્યક્તિઓનાં શુદ્ધ બલિદાન છે. એમ કહીને પરિષદ પાસે તેમણે ઠરાવ કરાવ્યો કે ૩૦મી એપ્રિલ પછી તરત જ વ્યક્તિગત પણ આક્રમણકારી સવિનય ભંગ શરૂ કરવા પ્રાંતિક સમિતિને વિનંતી કરવી.

સરદાર લગભગ દોઢેક મહિનાથી કૉંગ્રેસ કારોબારીએ નીમેલા પ્રતિનિધિ મંડળમાં ગુજરાતની બહાર ફરતા હતા. ત્યાંથી પાછા આવતાં તેમણે મહાદેવભાઈના પ્રમુખપણા નીચે પસાર થયેલો આ ઠરાવ જોયો અને કાર્યકર્તાઓની અધીરાઈ જોઈ એટલે 'કેસરિયાં કે આંધળિયાં' એ નામનો લેખ લખી જણાવ્યું કે :

"ગયાજીનો કાર્યક્રમ સવિનય ભંગની તૈયારી માટે છે. એ તૈયારી પૂરી કરવાનો વખત તો પૂરો થયો નથી, તે પહેલાં એ કામ હવે થઈ શકે તેવું નથી

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

એમ માની એટલેથી છોડી દઈ સવિનય ભંગને માટે ઉતાવળ કરવી તે કેસરિયાં નહીં પણ આંધળિયાં કરવા જેવું છે. હું જોઉં છું કે રચનાત્મક કામ કરનારા એએ પણ સ્વયંસેવકોનાં પ્રતિજ્ઞાપત્ર ભર્યાં છે. એમને જેલ જવાની ઉતાવળ આવી લાગે છે. પણ રચનાત્મક કામમાં રોકાયેલા એક પણ કાર્યવાહકને જેલમાં જવા દેવા હું ખુશી નથી. જેલ તો મારા જેવા રખડતા ભટકતા માટે અથવા તો જેને રચનાત્મક કામમાં શ્રદ્ધા નથી તેને માટે છે. એવાઓએ પણ જ્યાં સુધી પ્રાંતિક સમિતિએ પરવાનગી નથી આપી ત્યાં સુધી જેલમાં જવાનો પ્રયાસ કરવાના નથી.”

સરદારના આ લેખથી મહાદેવભાઈ, શ્રી મોહનલાલ પંડ્યા વગેરે કાર્યકર્તાઓના મનનું સમાધાન ન થયું, ઊલટો તેમનો અસંતોષ વધ્યો. તેમને રૂબરૂમાં સમજાવવાનો સરદારે પ્રયત્ન કર્યો જ. તે ઉપરાંત ‘શાંત વિચારની જરૂર’ એ લેખ લખીને જણાવ્યું કે:

“આપણું રચનાત્મક કામ ચાલુ રહે અને આપણામાંના કેટલાકના જેલ જવાથી એ કાર્યનો વેગ વધે તો જ સવિનય ભંગનો ઉપયોગ છે. બહાર આપણાથી કંઈ નથી થઈ શકતું માટે જેલમાં જઈ બેસવું એવું જો કોઈનું માનવું હોય તો એ માન્યતા ભૂલભરેલી છે.”

ખરી હકીકત તો એ હતી કે પ્રજાને સવિનય ભંગ દ્વારા ઘડવી હોય, પ્રજાને હિંમતવાન અને નીડર બનાવવી હોય તો સરદારને એમ લાગતું હતું કે આક્રમણકારી વ્યક્તિગત સવિનય ભંગ કરવાને બદલે લડતને કોઈ ચોક્કસ મુદ્દા પૂરતી જ પરિમિત રાખીને સામુદાયિક સવિનય ભંગ કરવાથી પ્રજાને વધારે કેળવી શકાશે. તે માટે જબલપુર અને નાગપુરમાં ઝંડા સત્યાગ્રહ શરૂ થયો હતો તે તરફ તેમનું ધ્યાન ખેંચાયું હતું. ત્યાં જરૂર પડતાં પહેલી તકે આપણે ગુજરાતમાંથી ટુકડીઓ મોકલી આપીશું એમ કહીને તથા એ પ્રમાણે પ્રાંતિક સમિતિ પાસે ઠરાવ કરાવીને થનગની રહેલા કાર્યવાહકોને શાંત પાડ્યા. જમનાલાલજી એ લડતના આગેવાન હતા. તેમની ગિરફતારી પછી એ લડતનું સંચાલન કરવાનું કૉંગ્રેસ કારોબારીએ સરદારને માથે નાખ્યું. નાગપુર ઝંડા સત્યાગ્રહની એ લડતનું વર્ણન જુદા પ્રકરણમાં આપીશું.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

## ૨૧

# નાગપુર ઝંડા સત્યાગ્રહ

આ લડતનું બીજ નંખાયું જબલપુરમાં. સને ૧૯૨૨ના ઑગસ્ટમાં સવિનય ભંગ તપાસ સમિતિ જબલપુર ગઈ તે વખતે ત્યાંની મ્યુનિસિપાલિટીએ એક ઠરાવ પાસ કરીને હકીમ અજમલખાન સાહેબને માનપત્ર આપ્યું અને મ્યુનિસિપલ હૉલ ઉપર રાષ્ટ્રધ્વજ ચઢાવ્યો. કેવળ આટલું જ બન્યું હોત તો તો કોઈનું ધ્યાન તે તરફ ન ખેંચાત. પણ મ્યુનિસિપાલિટી આગળ તે વખતે બીજા બે ઠરાવ રજૂ થયેલા કે મ્યુનિસિપાલિટી ઉપર યુનિયન જૅક ચઢાવવો અથવા યુનિયન જૅક અને રાષ્ટ્રધ્વજ સાથે સાથે ચઢાવવા. એ બંને ઠરાવ નામંજૂર થયા ને રાષ્ટ્રધ્વજ ચઢાવવામાં આવ્યો. એટલે પાર્લમેન્ટમાં એક સભ્યે સવાલ પૂછ્યો કે આ તો યુનિયન જૅકનું અપમાન છે, એટલે ભારતમંત્રી તે વિષે શાં પગલાં લેવા ધારે છે? ભારતમંત્રીએ જવાબ આપ્યો કે, ભવિષ્યમાં આવું ન બનવા પામે તેવી સૂચના આપવામાં આવશે અને તે વિષે તકેદારી રાખવામાં આવશે. પછી ૧૯૨૩ના માર્ચમાં કૉંગ્રેસ કારોબારીના પ્રતિનિધિમંડળમાં રાજાજી વગેરે જબલપુર ગયા. મ્યુનિસિપાલિટીમાં પહેલાંના જેવો જ ઠરાવ પાસ થયો પણ જિલ્લા મૅજિસ્ટ્રેટે તકેદારી રાખીને તે ઠરાવ રદ કર્યો અને ટાઉનહૉલ આગળ મેદાનમાં સભા ન ભરવામાં આવે તથા મ્યુનિસિપાલિટી ઉપર રાષ્ટ્રધ્વજ ન ચઢાવવામાં આવે તે માટે ત્યાં ૧૪૪મી કલમ લાગુ કરી.

તા. ૧૮મી માર્ચે ગાંધીજીની કારાવાસ સંવત્સરીને દિવસે પંડિત સુંદરલાલજીની સરદારી નીચે રાષ્ટ્રધ્વજ સાથે મોટું સરઘસ કાઢવામાં આવ્યું. પં. સુંદરલાલજી તથા બીજા દસ જણને પકડવામાં આવ્યા અને તેમની પાસેથી રાષ્ટ્રધ્વજ ઝૂંટવી લેવામાં આવ્યો. બીજે દિવસે એ બધાને છોડી મૂક્યા. તેમણે રાષ્ટ્રધ્વજ પાછો માગ્યો ત્યારે કહેવામાં આવ્યું કે એ તો જપ્ત કરવામાં આવ્યો છે માટે પાછો નહીં મળે. પં. સુંદરલાલજીએ વાંધો ઉઠાવ્યો કે આ તો રાષ્ટ્રધ્વજનું અપમાન છે અને એની ચિનગારીમાંથી પ્રચંડ આગ ભભૂકી ઊઠશે. પંડિતજીને પકડીને છ માસની સજા કરવામાં આવી.

તા. ૧૩મી એપ્રિલને દિવસે નાગપુરમાં રાષ્ટ્રધ્વજ સાથે મોટું સરઘસ કાઢવામાં આવ્યું અને જાહેર કરવામાં આવ્યું કે એ સરઘસ 'સિવિલ લાઈન્સ'માં થઈને સદર બજારમાં જશે અને ત્યાં સભા ભરવામાં આવશે. ડિસ્ટ્રિક્ટ કોર્ટ પાસે



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

ચાર રસ્તા આગળ જ્યાંથી સિવિલ લાઈન્સ શરૂ થાય છે ત્યાં જિલ્લા મૅજિસ્ટ્રેટ તથા પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ મોટી પોલીસફોજ સાથે હાજર હતા. તેમણે સરઘસને રોક્યું. સ્વયંસેવકોએ આગળ વધવાનો પોતાનો નિશ્ચય જાહેર કર્યો એટલે પોલીસ તેમના પર તૂટી પડ્યા. વાવટાના દાંડા વડે જ સ્વયંસેવકોને ખૂબ માર્યા અને નીચે પડી ગયા તેમને ઢસરડી રસ્તાની બાજુની ગટરમાં નાખ્યા. અસહકારી નહીં એવા એક બૅરિસ્ટર શ્રી દીક્ષિત ત્યાં થઈને પસાર થતા હતા તેમણે આ ભીષણ દૃશ્ય જોઈ ઘાયલ થયેલાઓને પોતાની મોટરમાં ઉપાડી લઈ ઇસ્પિતાલમાં પહોંચાડ્યા અને પોતે જોયેલી પોલીસના ઘાતકીપણાની હકીકત વર્તમાનપત્રોમાં આપી.

નાગપુર પ્રાંતિક સમિતિની કારોબારીએ ઠરાવ કર્યો કે કોઈ પણ સરિયામ રસ્તા ઉપરથી શાંતિપૂર્વક રાષ્ટ્રધ્વજ લઈને જવાનો પ્રજાને અધિકાર છે અને સરકાર તેમાં અંતરાય નાખે છે માટે તા. ૧લી મેથી તે માટે લડત આપવી અને જબલપુર તથા નાગપુર એ સ્થળને બદલે નાગપુર ઉપર જ શક્તિ કેન્દ્રિત કરવી. વર્ધાના શેઠ શ્રી જમનાલાલજીએ લડતની આગેવાની લીધી અને તેમની સૂચના પ્રમાણે પ્રતિજ્ઞાવાળા દસ દસ સૈનિકોને રોજ લડતને મોરચે મોકલવાનું નક્કી કર્યું. આ પ્રમાણે અઠવાડિયે એક રજાના દિવસ સિવાય અને ખાસ કારણસર રજા જાહેર કરવામાં આવી હોય તે સિવાય સ્વયંસેવકો મોકલવાનું અને ગિરફતારી વહોરી લેવાનું, ૧૮મી ઑગસ્ટે મનાઈ કરેલા વિસ્તારોમાંથી સ્વયંસેવકોનું સરઘસ રાષ્ટ્રધ્વજ સાથે બિનરોકટોક પસાર થયું અને કૉંગ્રેસનો વિજય થયો ત્યાં સુધી ચાલુ રહ્યું. આપણે જોઈશું કે આ સ્વયંસેવકોમાં સારા સારા વેપારીઓ, ખેડૂતો, વકીલો, દાક્તરો, અધ્યાપકો વગેરે હતા. કુલ ૧૭૪૮ જણે જેલની યાતનાઓ વેઠી. એક બાવીસ વર્ષનો બિહારી જુવાન જેલમાં ગુજરી ગયો અને લગભગ બધા જ જેલમાંના અમાનુષી વર્તનથી, વધારેપડતી મજૂરીથી અને ખરાબ ખોરાકથી ઓછાવત્તા પ્રમાણમાં તબિયત બગાડીને પણ રાષ્ટ્રધ્વજની શાન દુનિયા આગળ ઉજ્જ્વળ કરીને તેના હર્ષથી ફુલાતી છાતીએ અને ગર્વથી ઉન્નત શિરે બહાર આવ્યા.

લડતનો મુદ્દો બહુ સાફ હતો. રાષ્ટ્રધ્વજ લઈને અથવા તો રાજદ્વારી કે ધાર્મિક સ્વરૂપનો બીજો કોઈ પણ ધ્વજ લઈને શાંતિપૂર્વક, બીજા લોકોને હરકત ન થાય એ રીતે હરકોઈ સરિયામ રસ્તા ઉપરથી નાના કે મોટા વ્યવસ્થિત સરઘસના રૂપમાં જવાનો નાગરિકોનો મૂળભૂત હક દરેક સુધરેલા ગણાતા દેશોમાં સ્વીકારાયેલો છે. જે અરસામાં નાગપુરમાં આ લડત ચાલતી હતી તે વખતે ઇંગ્લંડમાં બોલ્શેવિક પક્ષના લોકો તેમનો લાલ વાવટો લઈને, સૂત્રો પોકારતા ખુદ પાર્લમેન્ટનાં મકાનો આગળથી જતા હતા અને તેનો કોઈ વાંધો નહોતું

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ઉઠાવતું. આપણા દેશમાં પણ રાષ્ટ્રધ્વજનાં સરઘસો બીજાં બધાં શહેરોમાં વગરબંધીએ ફરતાં. ખુદ નાગપુરમાં પણ રાષ્ટ્રધ્વજ લઈ ને સરઘસ બીજે બધે ફરે તેની સરકારને હરકત નહોતી. પણ ત્યાંની સિવિલ લાઈન્સમાં રાષ્ટ્રધ્વજ લઈને જવાનો પોતાનો હક સ્થાપિત કરવાની લડત ચલાવવાનો સ્થાનિક કૉંગ્રેસ કમિટીએ ઠરાવ કર્યો તે નાગપુરના ગોરા સિવિલિયનોથી ખમાયું નહીં અને ત્યાંના ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટે સરઘસબંધી તથા સભાબંધીનો હુકમ તા. ૧લી મેએ બહાર પાડ્યો. પ્રાંતિક સરકારે પણ તે જ દિવસે પોતાનાં પગલાંનો ખુલાસો કરતી એક યાદી બહાર પાડી.

આ ‘સિવિલ લાઈન્સ’ શું હતી? જેને ‘કૅન્ટોન્મેન્ટ’ કહેવામાં આવે છે એવો લશ્કરી છાવણીનો વિસ્તાર એ નહોતો જ. કેટલાક સુધરેલા ગણાતા લોકોનો એ લત્તો હતો. ત્યાં થોડા ગોરા અમલદારો અને પશ્ચિમી ઢબની રહેણીની ઓછાવત્તા પ્રમાણમાં નકલ કરનારા ઘણા હિંદીઓ રહેતા હતા. ગોરાઓની સંખ્યા તો સ્ત્રીઓ અને બાળકો ગણતાં બસોથી વધારે નહીં હોય. આ ગોરા ‘દેવ’ લોકોના મિથ્યા ઘમંડ અને તુમાખીને સરકાર પોષવા અને ઉત્તેજવા ઇચ્છતી હતી એ સરકારી યાદીમાં સ્પષ્ટ જણાઈ આવતું હતું. એ યાદીમાં લખેલું છે કે:

> “સ્વરાજ્યના ધ્વજની સામે સરકારને કશો વાંધો નથી પણ કેટલાક રાજનિષ્ઠ લોકોથી યુનિયન જૅકનું અપમાન દેખ્યું જતું નથી અને એમની લાગણી બહુ દુભાય છે. તેથી ત્યાં સ્વરાજ્યના ધ્વજ સાથેના સરઘસની બંધી કરવી જરૂરી લાગે છે.”

આમાં બે વસ્તુ ખોટી રીતે ગૃહીત કરી લીધેલી દેખાય છે: એક તો એ ‘સિવિલ લાઈન્સ’ એટલે કે ‘સભ્ય વસ્તી’માં જ સઘળા રાજનિષ્ઠ લોકો રહેતા હતા, અને બીજું, સ્વરાજ્યના ધ્વજના સરઘસથી ‘યુનિયન જૅક’નું અપમાન થતું હતું. આ લડતના સંચાલકોના સ્વપ્નામાં પણ યુનિયન જૅકના અપમાનનો ખ્યાલ નહોતો. તેમણે એ બાબત એક હરફ પણ ઉચ્ચાર્યો ન હતો, ન તો જબલપુરમાં, ન તો નાગપુરમાં. જ્યાં પહેલાં સરઘસોને મારઝૂડ કરીને વિખેરી નાખવામાં આવ્યાં હતાં ત્યાં પણ કોઈએ યુનિયન જૅક વિષે અપમાનજનક શબ્દો કે સૂત્રો પોકાર્યાં ન હતાં. અને સ્વરાજ્યના ધ્વજ સાથેના સરઘસથી યુનિયન જૅકનું અપમાન થતું હોય તો આ સભ્ય વસ્તીમાં જ શું કામ અપમાન થાય? શહેરમાં રાષ્ટ્રધ્વજ સાથે સરઘસો ફરતાં હતાં અને કેટલાંયે મકાનો ઉપર રાષ્ટ્રધ્વજ ફરકતા હતા. તેથી ત્યાં યુનિયન જૅકનું અપમાન કેમ નહોતું થતું? ત્યાં શું યુનિયન જૅકની હકૂમત નહોતી કે કોઈ રાજનિષ્ઠ લોકો રહેતા નહોતા? પણ આ તો ન્યાયની દલીલ થઈ. ગોરા અમલદારો પોતાના ગુમાનની

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



મસ્તીમાં ન્યાયનો વિચાર નહોતા કરી શકતા. નહીં તો સરકારી યાદીમાં આવી દલીલ કરવાનું તેના લેખકને સૂઝે ખરું કે, 'સ્વરાજ્યનો ધ્વજ જોઈને કેટલાક રાજનિષ્ઠ લોકો ઉશ્કેરાઈ જવાનો સંભવ છે અને તેથી શાંતિનો ભંગ થઈ બેસે એવો સરકારને ભય રહે છે?' આ વાક્યમાં રહેલા ધ્વનિને સ્પષ્ટ કરીએ તો આવો અર્થ થાય કે સિવિલ લાઈન્સ — સભ્ય વસ્તીમાં રહેનારા કેટલાક ફરેલા માથાના રાજનિષ્ઠ ગોરા લોકોનો પિત્તો ખસી જાય અને તે સ્વરાજ્યના ધ્વજ-વાળા સ્વયંસેવક પર હુમલો કરી બેસે અને શાંતિનો ભંગ થાય એ અટકાવવા સરકારને આ વિસ્તારમાં સરઘસસંબંધી અને સભાસંબંધીના હુકમો કાઢવા પડ્યા છે. વળી વધારે સ્પષ્ટતા કરીએ તો એ અર્થ થાય કે આવા બે પાંચ માથાભારે ગોરા લોકોને રોકવાની સરકારની તાકાત નથી, તેથી અહિંસાની પ્રતિજ્ઞાથી બંધાયેલા એવા સેંકડો સ્વયંસેવકોને તે રોકવા માગે છે અને ન રોકાય તો મારઝૂડ કરવા અથવા જેલમાં પૂરવા તૈયાર છે. સરકારી યાદીમાંની એક વસ્તુ હજી નોંધવા જેવી છે. સ્વરાજ્યના ધ્વજ સામે સરકારને હરકત નથી એ શબ્દોથી શરૂ થતા ખુલાસામાં આગળ તો એવું આવે છે કે, 'કોઈ મ્યુનિસિપલ કમિટી અથવા લોકલબોર્ડ પોતાના મકાન ઉપર સ્વરાજ્યનો ધ્વજ ચડાવવાનો ઠરાવ કરશે તો સરકાર એવું કૃત્ય સાંખી લેવાની નથી. આ ચેતવણી છતાં કોઈ સંસ્થા એવી હઠ પકડશે તો સરકાર પોતાની ગ્રાંટ બંધ કરીને પોતાની નાપસંદગી દર્શાવશે તથા પોતાને જરૂરી લાગે તેવાં બીજાં શિસ્તનાં પગલાં લેશે.' આ બધા ઉપરથી એટલું ચોખ્ખું દેખાય છે કે નાગપુરનો ઝંડા સત્યાગ્રહ એ એક તરફથી પોતાનો સાદો મૂળભૂત હક સ્થાપિત કરવાના લોકપ્રયત્નનો અને સામી બાજુથી તેને કચડી નાખવાના ગોરા તુમાખી અમલદારોના ઝનૂનનો દેવાસુર સંગ્રામ હતો.

અમુક ચોક્કસ મુદ્દા ઉપર મર્યાદિત માગણી માટેનો સરદારને જેવો જોઈતો હતો તેવો આ સત્યાગ્રહ હતો. એટલે ગુજરાત પ્રાંતિક સમિતિમાં તેમણે ઠરાવ કરાવ્યો કે નાગપુર મોકલવા માટે સૈનિકો તૈયાર રાખવા. તરત ખેડા જિલ્લાએ તો ૭૫ સૈનિકોની ટુકડી શ્રી મોહનલાલ પંડ્યાની સરદારી નીચે નાગપુર મોકલવા તૈયાર કરી દીધી. બીજા જિલ્લાઓ પણ તૈયારીમાં લાગી ગયા. તામિલ પ્રાંતે અને બિહારે પણ એવા જ ઠરાવો કર્યા. તા. ૨૫મીએ મુંબઈમાં મહાસમિતિની બેઠક થઈ તેમાં રાષ્ટ્રધ્વજની રક્ષા અર્થે નાગપુરમાં આદરેલા સત્યાગ્રહ માટે મધ્ય પ્રાંતના સ્વયંસેવકોને અભિનંદન આપનારો અને આખા હિંદુસ્તાનના તમામ સ્વયંસેવકોને બોલાવવામાં આવે કે તરત લડતમાં જોડાવાને સજ્જ રહેવાની સૂચના આપનારો ઠરાવ પસાર કરવામાં આવ્યો. મહાસમિતિની બેઠક પૂરી થયા પછી તરત રાજાજી, સરદાર અને બીજા કેટલાક

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



કાર્યકર્તાઓ લડતની પરિસ્થિતિ નિહાળવા અને સરકારના શબ્દોમાં આ ‘બધું કારસ્તાન’ રચનાર જમનાલાલજી સાથે મસલત કરવા નાગપુર ઊપડી ગયા.

બીજી તરફથી સરકારે પણ ઝેર વરસાવવા માંડ્યું હતું. નાગપુરનો કમિશનર સિવિલ લાઈન્સમાં રહેતો હતો. અને ત્યાંના સઘળા ગોરાઓનો આગેવાન હતો. આપણા રાષ્ટ્રીય ઝંડાની એને બહુ ભારે સૂગ હતી. સરઘસ સિવિલ લાઈન્સમાં પસાર થાય તો એનો બંગલો રસ્તામાં આવે જ એમ હતું. એ વારંવાર ધમકી આપતો કે મારા બંગલા આગળ સરઘસ આવશે તો હું એના ઉપર ગોળી ચલાવવાનો. મધ્ય પ્રાંતની સરકાર એનાથી ખૂબ ડરતી હતી. હિંદુસ્તાનના સનંદી નોકરોના મંડળનો એ મંત્રી હતો. આ મંડળ ગવર્નરો તથા વાઈસરૉયોને પણ ધારે તો ઉથલાવી પાડે એવી શક્તિ ધરાવતું. એટલે એવા મંડળના મંત્રી તરીકે સ્વાભાવિક રીતે જ એની લાગવગ બહુ જબરી હતી. વળી એ પોતે આ લડતને અંગે પ્રકાશનનું અને પ્રચારનું કામ સંભાળતો. એટલે એ શેનો બાકી રાખે? આગળ આપણે જોઈશું કે મુંબઈના ‘ટાઇમ્સ ઑફ ઇન્ડિયા’ અને કલકત્તાના ‘સ્ટેટ્સમેન’ના ખબરપત્રી તરીકે પોતે જ તેમાં લખવા માંડ્યું હતું. “આ લડત આખી કૃત્રિમ છે. કેવળ કાયદાભંગ માટે, યુરોપિયનોને પજવવા માટે, ગમે તેમ કરીને તોફાન ઊભું કરવા માટે એ ઉપાડવામાં આવી છે. એમને તો ગવર્નમેન્ટ હાઉસ ઉપર અને સેક્રેટરિયેટ ઉપર સ્વરાજ્યનો ધ્વજ ચઢાવવો છે. આવા હેતુથી લડવા નીકળેલા જુઠ્ઠા, લુચ્ચા-લફંગા, જંગલી અને રખડતાઓને જો કેવળ પકડીને જેલોમાં જ મોકલવામાં આવશે, અને તેમની સારી પેઠે ખબર નહીં લેવામાં આવે તો કાયદાથી સ્થાપિત રાજ્યતંત્ર ઊંધું વળશે,” એવી ચેતવણીનો સૂર ‘ટાઇમ્સ ઑફ ઇન્ડિયા’માંના લેખોમાં તેણે કઢાવ્યો. વળી આવા બદમાશોથી રાજનિષ્ઠ રૈયતને બચાવવાનો ઉપાય ગોળીબાર છે એવી સૂચના પણ કરાવી. પોતાના ગોરા જાતભાઈઓને ઉશ્કેરવા તેમને એવી સલાહ અપાવી કે મુસલમાનોની મસ્જિદ આગળ વાજાં વગાડવામાં આવે તો મુસલમાનોની લાગણી દુખાય તેમ ગોરાઓના લત્તામાંથી અથવા તેમની ક્લબ આગળથી સ્વરાજ્યનો વાવટો લઈ જવામાં આવે તો તેમની લાગણી દુખાવી જોઈએ. એના ડેપ્યુટી કમિશનરોએ જે જાહેરનામાં કાઢ્યાં તે તો તેમની અવળચંડાઈ અને કુટિલ નીતિના આબાદ નમૂના છે. સેવનીના ડેપ્યુટી કમિશનરનું જાહેરનામું જુઓ :

“લોકોને જાહેર થાય જે ખોટી ઉશ્કેરણીથી તમને નાગપુર મોકલવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. ત્યાં તમારે સભ્ય વસ્તીમાં રાષ્ટ્રીય કહેવાતો એવો વાવટો લઈને જવું પડશે અને પકડાઈ જવું પડશે. તમને સમજાવવામાં આવે છે કે આ આપણા દેશનો વાવટો છે અને દેશની ઇજ્જત જાળવવા ખાતર

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



તમારે એટલો ભોગ આપવો જોઈએ. પણ સાચી વાત શી છે એ તમે જાણો. આ વાવટો નથી તમારા દેશનો કે નથી તમારા બાપદાદાનો. એમણે કદી એવા વાવટા હોવાનું સાંભળ્યું નહોતું. એ ત્રણ વર્ષથી કૉંગ્રેસના કેટલાક બાબુઓએ રાજદ્વારી હેતુથી આ વાવટો ઉપજાવી કાઢ્યો છે. એ લોકો તમે જેલ જાઓ એમ ઇચ્છે છે. તેમાં એમનો હેતુ સરકાર જુલમી છે એમ બતાવી પોતાનો સ્વાર્થ સાધવાનો છે. એ નેતાઓ નાગપુરમાં સંતાઈ રહી અભણ ગામડિયાઓને ઘેટાં બકરાંની જેમ હાંકે છે. બિચારા ગામડિયાઓ જ્યારે પકડાય છે ત્યારે નેતાઓ ઘેર જઈ ને ખાઈપીને મોજ કરે છે અને નિરાંતે ઊંઘે છે. પણ વાવટો લઈને પકડાવાથી તમારું શું ભલું થવાનું છે? તમારો દંડ થશે એ નેતાઓ ભરવાના છે? જેલમાં જવાથી તમારી ખેતી રઝળશે તે એ નેતાઓ સંભાળવા આવવાના છે? તમે જેલમાં હો એ દરમિયાન તમારા કુટુંબનું એ ભરણપોષણ કરવાના છે?

"તમારે જાણવું જોઈએ કે ભોળા ખેડૂતોના છોકરાઓને જેલમાં મોકલવામાં આવે છે. પણ વેપારીઓ, વકીલો અને વિદ્વાનોના છોકરાઓ સરઘસમાં સામેલ થતા નથી. તેનું કાંઈ કારણ? કારણ એ જ કે એ લોકો ભણેલા હોઈ સમજે છે કે આ તો બેવકૂફી છે. આમાં તો ગરીબ બિચારા, અભણ, ભોળા લોકો નેતાઓનાં જાળાંમાં ફસાયા છે."

નરસિંગપુર જિલ્લાના ડેપ્યુટી કમિશનરનું 'ફરમાને આમ' તો તોછડાઈ અને હલકટાઈમાં આને ક્યાંય ચડી જાય છે. જુઓ :

### શહેનશાહ પંચમ જ્યૉર્જની જય
### ફરમાને આમ

"થોડા મહિના ઉપર પોતાને અસહકારી કહેવડાવનારા ગણ્યાગાંઠ્યા આદમીઓએ એક વાવટો કાઢ્યો. તેને તેઓ જબરદસ્તીથી જ રાષ્ટ્રીય વાવટો કહેવડાવવા લાગ્યા. પણ એ વાવટાને માનનારી જ્યારે કેવળ એક નાનકડી ટોળી જ છે ત્યારે સામાન્ય માણસ પણ સમજી શકશે કે તે રાષ્ટ્રીય વાવટો નથી અને તે રાષ્ટ્રીય વાવટો હોઈ શકતો નથી.

"સરકાર બહાદુર મામૂલી ઝંડાબાજીની બિલકુલ પરવા નથી કરતી. કોઈ પણ પ્રકારનો વાવટો લઈને કોઈ ફરે અથવા પોતાના મકાન ઉપર ચઢાવે તેમાં તે કદી આડે આવી નથી. પણ થોડા વખતથી કેટલાક માણસો અહિંસાને નામે આવા વાવટાને સરઘસમાં લઈ બૂમો પાડતા પાડતા નાગપુર 'સિવિલ લાઈન્સ' જ્યાં સરકારી અમલદારો રહે છે અને જ્યાં તેમની ક્લબ પણ છે ત્યાં તેમને તકલીફ આપવાને માટે બળજબરીથી જવા લાગ્યા છે. એવી જ રીતે કોઈ કોઈ વાર હિંદુઓ મુસલમાનોની મસ્જિદની સામે તોફાન કરવા માટે વાજાં વગાડે છે. આવાં અટકચાળાંથી ઝઘડા થવાનો સંભવ રહે છે. ભારે આશ્ચર્યની વાત એ છે કે આવા પ્રકારનાં તોફાનો અને અત્યાચારો

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



એ લોકો અહિંસા, આઝાદી અને સ્વરાજને નામે કરે છે. આવાં કારસ્તાનો અંગ્રેજી રાજ્યમાં શરૂઆતથી જ ગેરવાજબી ગણાયાં છે અને તેની મના છે. તેથી જ સરકારે એ કામને સિવિલ લાઈન્સમાં થવા દેવાની મના કરી છે. એ લોકો સિવિલ લાઈન્સ છોડીને બીજી કોઈ પણ જગ્યાએ વાવટો લઈ જઈ શકે છે. આ હુકમ થયો એટલે જે કમબખ્તો પોતાને નેતા કહેવડાવે છે અને જે બીજા લોકોને લડાવવામાં અને તોફાન મચાવવામાં જ મશગૂલ રહે છે, તેઓ કોણ જાણે કેવી દગાબાજીથી લોકોને બહેકાવીને એ હુકમ તોડવા માટે નાગપુર મોકલવા લાગ્યા છે.

"એ લોકો પોતાના ભલાભોળા ભાઈઓને ફસાવીને પોતે છૂટા રહે છે અને બીજાઓની મદદ લઈને સરકારને સતાવે છે. એ સીધાસાદા લોકોને બિચારાઓને જેલની સજા અને દંડ થાય છે. સૌ ભલા માણસો અફસોસ કરે છે કે આ ગરીબ લોકોને પેલાઓએ શા સારુ ફસાવ્યા? નરસિંગપુર જિલ્લામાંથી પચીસત્રીસ ગામડિયાઓને આ બદમાશોએ નાગપુર મોકલ્યા. ત્યાં એમને જેલ અને દંડની સજા થઈ અને એમની માલમિલકત લિલામ થવાનો વારો આવ્યો. એમ પણ સાંભળવામાં આવ્યું છે કે હજી બીજા કેટલાક ગામડિયાઓને નાગપુર મોકલવાના છે. હવે સરકાર બહાદુરના હુકમથી ૧૪૩, ૧૧૭, ૧૮૮ અને ૧૨૦ બ કલમો મુજબ પોલીસ તપાસ કરી રહી છે. અને જેમ જેમ એ તપાસમાં માલૂમ પડતું જશે તેમ તેમ એ કલમો પ્રમાણે લોકો ગિરફતાર થતા જશે. આયંદા કોઈ પણ શખ્સ ગુનો કરવાના ઇરાદાથી નાગપુર જવાનો હશે અથવા કોઈને પણ નાગપુર મોકલવાની કોશિશ કરતો હશે તેને તુરત જ ગિરફતાર કરવામાં આવશે. પણ સૌએ વિશ્વાસ રાખવો કે સરકારના હુકમોનો અમલ કરતાં અમે આવી રીતે ઠગાયેલા કમભાગીઓ ઉપર પહેલાંની માફક રહેમ રાખીશું અને દયા કરીશું.

"અમને સારી રીતે માલૂમ છે કે નરસિંગપુર જિલ્લામાં આવી બદમાસીથી ફસાનારા આદમી બહુ થોડા છે. પણ અમે જાણીએ છીએ કે ભલાભોળા, નાદાન ગામડિયા લોકો આ બાજીમાં ફસાય છે. એટલે અમે આ જાહેરનામાથી ખરી વાત લોકોને રોશન કરીએ છીએ.

"આયંદા જે લોકો કાનૂનભંગ કરશે તેના ઉપર કાયદેસર કામ ચાલશે પણ જેઓ કાનૂનની અંદર રહીને ચાલશે તેઓ પહેલાની માફક આઝાદ અને બેફિકર રહી શકશે જ. એટલે ભાઈઓ, દંગો અને તોફાનમસ્તી છોડી દો, આફતમાં ન પડો. આપણી સરકાર બહુ મજબૂત છે અને પોતાની પ્રજા ઉપર બહુ મહેર રાખનારી છે. તે હંમેશાં રૈયતના ભલાનો અને આઝાદીનો બંદોબસ્ત કરતી રહી છે. એ સરકારની સાથે લડવું ફોગટ છે. પણ જે કમબખ્ત લોકો ખોટી રીતે લડશે તેમને નુકસાન પહોંચશે, તેઓ આફતમાં આવી પડશે. માટે સરકારની સાથે હળીમળીને રહો અને આઝાદીની સાથે બેફિકર, ખુશ અને મજામાં રહો."

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



આવાં ફરમાનોમાં મધ્ય પ્રાંતના ગોરા સિવિલિયન અમલદારોના માનસનું પ્રતિબિંબ પડે છે. આવાં જાહેરનામાં અને વર્તમાનપત્રોમાં આવતા ઉશ્કેરનારા લેખો જોઈ સેક્રેટેરિયેટમાં કોઈ ડાહ્યા અમલદાર હશે તેને લાગ્યું કે આવો પ્રચાર કરવામાં તો બેવકૂફી થાય છે, સરકારની આબરૂ હલકી પડે છે અને લોકોને ઊલટું ઉત્તેજન મળે છે. એટલે એણે નાગપુરના કમિશનરને ખાનગી કાગળ લખીને ઠપકો આપ્યો. પણ પેલા સાહેબ એવા ઠપકાને ગાંઠે એવા નહોતા.

હવે સરકારી અમલદારોની પ્રવૃત્તિ છોડીને સ્વયંસેવકોની પ્રવૃત્તિ ઉપર આવું. ગુજરાતની પહેલી ટુકડી તા. ૧૧મી જૂને સુરતથી ઊપડી. જમનાલાલજીએ તા. ૧૮મી જૂને ગાંધીજીના કારાવાસ દિને સરકારને મોટો ભોગ ધરાવવાનો વિચાર રાખ્યો હતો અને તે પવિત્ર દિવસે બધા પ્રાંતો પોતપોતાના સત્યાગ્રહીઓનો ફાળો આપે એ હેતુથી દેશની સઘળી પ્રાંતિક સમિતિઓને આમંત્રણ આપ્યું હતું. તે આમંત્રણને માન આપી કર્ણાટકથી એક ટુકડી ડૉ. હાર્ડિકરની સરદારી નીચે અને તામિલનાડમાંથી શ્રી વરદાચારીની સરદારી નીચે સોળ સૈનિકોની એક ટુકડી નાગપુર પહોંચી હતી. ગુજરાતની ટુકડીમાંથી શ્રી ગોકુળદાસ તલાટી, રવિશંકર મહારાજ અને બીજાઓ મળી કુલ પંદર જણ તા. ૧૫મીએ સત્યાગ્રહ કરીને પકડાયા. તેમને દરેકને છ માસની સખત કેદ અને એક માસની સાદી કેદ થઈ.

શ્રી ભક્તિલક્ષ્મીબહેન ખેડાની ટુકડીને વળાવવા નાગપુર સુધી અને ત્યાં પણ જેલના ઝાંપા સુધી ગયાં હતાં. મૅજિસ્ટ્રેટે સજા ફરમાવી ત્યારે એમણે વિનોદ કર્યો કે, ‘ દરેકને છ છ લાડુ ખાંડના મળ્યા અને એક એક લાડુ ગોળનો મળ્યો. ’ શ્રી ભક્તિલક્ષ્મીબહેનની સાથે ખેડા જિલ્લાની બીજી પણ ત્રણ બહેનો ગઈ હતી. તેમને સત્યાગ્રહ કરી જેલમાં જવાની બહુ હોંશ હતી. પણ જમનાલાલજીએ તેમને મના કરી અને છાવણીનું રસોડું સંભાળવાનું કામ સોંપ્યું.

નાગપુરના ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટનો સિવિલ લાઈન્સમાં સરઘસબંધી અને સભાબંધી ફરમાવતો તા. ૧લી મેનો હુકમ એ મહિના માટેનો હોઈ હજી ચાલુ હતો. પણ નાગપુર શહેરમાં સૈનિકો વાવટા લઈને ફરતા તેમને રોકવા માટે તા. ૧૭મી જૂને પહેલા હુકમને બદલે બીજો હુકમ એ મહિનાને માટે કાઢવામાં આવ્યો, જેની રૂએ સરઘસબંધી અને સભાબંધી સિવિલ લાઈન્સ ઉપરાંત નાગપુર શહેરની આખી મ્યુનિસિપલ હદને લાગુ પાડવામાં આવી. તા ૧૮મી જૂને મોટા કાર્યક્રમનો કશો દેખાવ થતો રોકવાનો આમાં ઉદ્દેશ હોવો જોઈએ. તેથી જ જમનાલાલજી તથા ભગવાનદીનજીને તા. ૧૭મીએ સાંજે પકડી લીધા અને મધરાત પછી છાવણીને ઘેરો ઘાલી તા. ૧૮મીએ પરોઢિયે સાડાત્રણ વાગ્યે છાવણીમાં લગભગ અઢીસો જેટલા સૈનિકો હતા તે બધાને પકડી લીધા.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



એમાં વિનોબાજી પણ હતા. આ લોકો ઉપર કઈ કલમ લગાડવી એ પ્રશ્ન થઈ પડ્યો. જમનાલાલજી અને ભગવાનદીનજી ઉપર તો કાવતરું કરવાની વગેરે અનેક કલમો લાગુ પાડી. પણ સ્થાનિક તેમ જ બીજા પ્રાંતોમાંથી આવેલા સૈનિકોએ હજી કશો ગુનો કર્યો નહોતો, એટલે કઈ કલમ પ્રમાણે સજા કરવી એ મોટો પ્રશ્ન હતો. પણ સિવિલિયન અમલદારોનાં ભેજાં ફળદ્રુપ હતાં. તેમણે ૧૦૯મી કલમ શોધી કાઢી. જેને દેખીતી રીતે ગુજરાનનું કશું સાધન ન હોય અને જેને વિષે તે બદમાશ તથા ભામટો હોવાનો વહેમ જાય તેવાને માટે આ કલમ યોજાયેલી. ગુજરાનનું કાંઈ સાધન ન હોવું એ ગુનો નથી, પણ ભામટો એટલે રખડતો અને ગુજરાન મેળવવા જે મહેનત જ ન કરે તેવો, અને બદમાશ એટલે ગુજરાન મેળવવા અથવા બીજા હેતુ માટે લુચ્ચાઈ લફંગાઈ કરે તેવો, એવાને એ કલમ લાગુ પાડી શકાય. આ સૈનિકો જેમાંના ઘણા હાઈકોર્ટના વકીલો હતા, યુનિવર્સિટીની બબ્બે ડિગ્રીઓ ધારણ કરનારા હતા, વિદ્વાન અધ્યાપકો હતા અને આબરૂદાર ખેડૂતો તથા પ્રતિષ્ઠિત વેપારીઓ હતા અને જેમનો પરિચય થવાનો પ્રસંગ આવવો એ નાગપુરના અમલદારોએ પોતાનું અહોભાગ્ય સમજવા જેવું હતું, તેમને એ કલમ લાગુ પાડી ભામટાઓ અને બદમાશો ગણીને સજા કરવામાં આવી. આ કલમ લગાડવામાં સરકારનો એક બીજો હેતુ એ પણ હોઈ શકે કે કોઈક દિવસ વાવટાવાળા હુકમના ભંગ માટે સજા પામેલા સત્યાગ્રહીઓનો આંકડો કાઢવાનો પ્રસંગ આવે તો આ કલમવાળાને તેમાંથી બાતલ રાખી સત્યાગ્રહીઓની સંખ્યા ઓછી બતાવી શકાય.

જમનાલાલજી તથા બીજા આગેવાનો તેમ જ જમા થયેલા સૈનિકોને એકસામટા ઘેરીને પકડી લીધા છતાં સત્યાગ્રહી ધ્વજ-સૈનિકોનો પ્રવાહ ચાલુ રહ્યો. મધ્ય પ્રાંતના તેમ જ બીજા પ્રાંતના સૈનિકો નિયમિત આવતા તેમને હવે તો ૧૦૯ કલમ પ્રમાણે જ પકડી લેવામાં આવતા. આની સામે, તેમ જ જમનાલાલજી તથા ભગવાનદીનજીને તેઓ ગુનાનું કશું કૃત્ય કરે તે પહેલાં પકડી લીધા હતા તે બાબત વર્તમાનપત્રોમાં ખૂબ ટીકા થવા લાગી. એટલે સરકારે તા. ૨૮મી જૂનના રોજ એક યાદી બહાર પાડીને ખુલાસો કર્યો. તેમાં ભગવાનદીનજીને 'એક જાથુના કાયમી ચળવળિયા' તરીકે, 'રાજદ્રોહને માટે સજા પામેલા એક ગુનેગાર' તરીકે અને 'હડતાલો પડાવી નામચીન થયેલા એક શખ્સ' તરીકે વર્ણવ્યા. તેમનો નવો ગુનો એ બતાવવામાં આવ્યો કે તેમણે ભરસભામાં જાહેર કર્યું હતું કે રાષ્ટ્રીય વાવટો સરકારી મહેલ ઉપર ઉડાવવો જોઈએ. જમનાલાલજીનું વર્ણન એ કર્યું કે, 'શેઠ જમનાલાલ બજાજ વર્ધાના એક તવંગર મારવાડી અને ગાંધીના ચુસ્ત અનુયાયી' છે. જાણે કે એમ હોવું એ તેમનો ગુનો હોય! તેમનાં ભાષણોમાંથી આડાઅવળા ઉતારા લઈ તેમનો મોટો

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ગુનો એ કહેવામાં આવ્યો કે તેઓ સરકારને જબરા પડકાર આપતા હતા. વળી પોતાના ‘ તરુણ મહારાષ્ટ્ર ’ નામના મરાઠી પત્રમાં તેમણે લખ્યું છે કે, ‘ નાગપુરની લડત પૂરી થયા પછી સરકારના બીજા અન્યાયો તરફ સત્યાગ્રહીઓ પોતાનું ધ્યાન ફેરવશે, કારણ સત્યાગ્રહનો મૂળ ઉદ્દેશ જ સ્વરાજ મેળવવામાં પડતાં તમામ વિઘ્નો ટાળવાનો છે.’ છેક તાજેતરના ભાષણમાં તેમણે જાહેર કર્યું છે કે, ‘નાગપુર પછી બંગાળમાં અને મદ્રાસમાં આવી જ ચળવળો ઉપાડવાનો તેમનો વિચાર છે.’ એ યાદીમાં આગળ જણાવ્યું છે કે, ‘સ્વરાજના વાવટાને એ લોકો ખોટી ઉશ્કેરણી કરવાના અને બહારવટું ખેલવાના એક સાધન તરીકે વાપરે છે.’ ઉપસંહારમાં યાદી જણાવે છે કે, ‘ સત્યાગ્રહનો ખરો અર્થ તો સત્યનો આગ્રહ રાખવો એવો થાય છે. પણ નાગપુરમાં તો અજ્ઞાન અને અવળે માર્ગે ચઢેલા માણસોના હાથમાં ચોખ્ખું બહારવટું ઉશ્કેરવાનું એ એક ભૂંડું હથિયાર થઈ પડ્યો છે. સેંકડો ગરીબ અને અજ્ઞાન લોકોને, કેટલાકને પૈસાની લાલચ આપીને અને કેટલાકને તેઓ આપભોગ આપે છે એવું અંગત અને સૂક્ષ્મ રીતે સમજાવીને આ બહારવટામાં ભરતી કરવામાં આવ્યા છે.’

આ ખુલાસામાં દલીલને બદલે ગાળો જ દેખાય છે. મધ્ય પ્રાંતના તેમ જ બીજા પ્રાંતોના સ્વયંસેવકોની નામાવલિ જોતાં જ તેઓ પૈસાની લાલચથી અથવા બીજી સમજાવટથી કેટલા ભરમાય તેવા હતા તે દેખાઈ આવે છે.

તા. ૩જી જુલાઈએ ડૉ. ચંદુભાઈ દેસાઈની સરદારી નીચે ભરૂચ જિલ્લાની ૪૫ સૈનિકોની ટુકડી નાગપુર પહોંચી. શેની નાગપુર પહોંચી ? નાગપુર સ્ટેશન બે ત્રણ માઈલ છેટું રહ્યું ત્યાં અંજની નામના નાનકડા સ્ટેશને કે જેની નજીક જ નાગપુર જેલ આવેલી છે ત્યાં ગાડી થોભાવવામાં આવી. રેલના પાટાની બંને બાજુએ પોલીસ હારબંધ ગોઠવાઈ ગયેલી હતી. પોલીસ ટુકડીના વડાએ આવીને ડૉ. ચંદુભાઈને કહ્યું કે તમને અને તમારી ટુકડીને ગિરફતાર કરવામાં આવે છે. ૧૦૯ કલમ મુજબસ્તો. ગાડીમાંથી ઊતરી વરસતે વરસાદે એ ટુકડી કદમજોશ કરતી નાગપુર જેલમાં દાખલ થઈ ગઈ. પછી અમદાવાદથી બે ટુકડીઓ એક દયાશંકર ભટ્ટની સરદારી નીચે અને બીજી પરીક્ષિતલાલની સરદારી નીચે ઊપડી. આ બધી ટુકડીઓને નાગપુર સ્ટેશન પર ઊતરતાં જ ગિરફતાર કરવામાં આવી. આ દરમિયાન એક આંધ્રની, પાંચ બિહારની, બે સિંધની, બે મહારાષ્ટ્રની, એક પંજાબની, એક બંગાળની, બે કર્ણાટકની, બે સંયુક્ત પ્રાંતની, એક નિઝામ હૈદરાબાદની એમ ઉપરાઉપરી ટુકડીઓ પહોંચતી હતી અને ગિરફતાર થતી હતી.. મધ્ય પ્રાંતમાં તો નાગપુર સત્યાગ્રહ કરવા જનારને સ્ટેશનેથી જ ટિકિટ ન મળે એવો બંદોબસ્ત કરવામાં આવ્યો હતો અને તેઓ પગરસ્તે પણ નાગપુર ન પહોંચી શકે માટે નાગપુર શહેરની

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



આસપાસના પગરસ્તાઓ ઉપર પોલીસ બેસાડવામાં આવી હતી. અમદાવાદથી સુરેન્દ્રજીની સરદારી નીચે સાત જણની એક ટુકડી પગરસ્તે પ્રયાણ કરતી નીકળી પડી. ડૉ. ઘિયાની સરદારી નીચે સમસ્ત ગુજરાતની એક ૪૮ જણની ટુકડી તા. ૩૧મીએ નાગપુર પહોંચી અને પકડાઈ ગઈ. એક વખત તો ફક્ત એક જ માણસ વાવટો લઈને જતો હતો તેને પણ પોલીસે પકડ્યો. મૅજિસ્ટ્રેટને વિચાર થઈ પડ્યો કે આને શી રીતે સજા કરવી? પછી સરઘસની વ્યાખ્યા કરવામાં આવી કે બે માણસ સાથે સાથે અથવા એકની પાછળ બીજો જતો હોય અને એમાંથી એકના હાથમાં પણ વાવટો હોય તો એ સરઘસ કહેવાય.

હવે જરા જેલમાં ડોકિયું કરીએ. '૩૦–'૩૨માં અને '૪૨માં જેઓ જેલ ભોગવી આવ્યા છે તેમને નાગપુર જેલનો ખ્યાલ આવવો મુશ્કેલ છે. જેલમાં કેદીઓના વર્ગ પાડી નાખવામાં આવતા. જે કેદી વધારે કામ આપે એવો હોય તે પહેલા વર્ગમાં અને એથી ઓછું કામ આપે એમ હોય તે બીજા વર્ગમાં અને એથીયે ઓછું કામ આપી શકે એવાને ત્રીજા વર્ગમાં રાખતા. રવિશંકર મહારાજ તો પહેલા વર્ગમાં હોય જ. એમને પાકું પચીસ શેર એટલે આપણું સવા મણ દળવાનું આપવામાં આવતું. બીજા વર્ગવાળાને પાકું પંદર શેર એટલે આપણું પોણો મણ દળવાનું હતું. નડિયાદવાળા ગોકળદાસ તલાટી જેવા બીજા વર્ગમાં હતા. ત્રીજા વર્ગવાળાને શણ કૂટવાનું અને એવાં હળવાં ગણાતાં કામ આપવામાં આવતાં. બીજું મુખ્ય કામ પથરા ફોડવાનું હતું. તેના પણ વર્ગ પ્રમાણે જુદાં જુદાં માપ નક્કી કર્યાં હતાં. ખાવામાં એક વાર જુવારના રોટલા અને દાળ અને એક વાર જુવારના રોટલા અને ભાજી. દાળમાં દાળ શોધવા ડૂબકી મારવી પડે અને દાળને બદલે ઇયળ જડે. અને ભાજી એટલે છેક ઘરડાં થઈ ગયેલાં કોઈ પણ પાંદડાં. રોટલામાં કાંકરીનો શુમાર નહીં અને કાચા હોય તે જુદું. મોટી તકલીફ પાયખાનાની હતી. હારબંધ પાયખાનાં અને એને બારણું ન મળે. નિયમ પાંચ મિનિટમાં પતાવી નાખવાનો પણ ત્રણ મિનિટ થાય ત્યારથી વૉર્ડર ઊઠો ઊઠોની બૂમ મારવા માંડે. આ તો ત્યાંના નિયમની વાત થઈ. પણ મોટી પજવણી તો કેદીઓ પાસે માફી મંગાવવા માટે થતા વૉર્ડરના નિષ્ઠુર પ્રયત્નોની હતી. કોઈ કેદી જરાક ઢીલોપોચો જોવામાં આવે કે વૉર્ડરો તેને વળગતા: 'અબે, માફી શું કામ નથી માગી લેતો? હાલો મરી જઈશ.' એમ શરૂ કરીને બિવડાવવાની, પજવવાની, ત્રાસ આપવાની બધી યુક્તિઓ વૉર્ડરો વાપરતા. એમને એવી સૂચનાઓ જ અપાઈ હશે ને? માફી મંગાવવાના પ્રયત્નમાં તો જેલના દાક્તર પણ સારો ભાગ ભજવતા. એનામાં દયાનો છાંટો ન હતો. ગમે તે બીમારી હોય પણ એક જ શીશીમાંથી તે દવા પાતા. અને કોઈ પોતાની બીમારીની વાત કરવા



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



જાય તો તરત કહે : 'માંદો હતો તો અહીં શું મરવા આવ્યો છે? માફી કેમ માગી લેતો નથી?' આ ઉપરાંત નબળાપોચાને ગાળોથી નવાજવામાં આવે તે તો જુદું. વળી કામની વરદી પૂરી ન કરવા બદલ અથવા જેલમાં તો કેદીને કોઈ પણ ગુનામાં લાવી શકાય છે, તેવા ગુના બદલ હાથકડી, દંડાબેડી, આડીબેડી, તાટ કપડાં, અંધારી કોટડી, એવી એવી અનેક પ્રકારની સજાનો લાભ આપણા ભાઈઓને મળેલો. જ્યારે નાગપુર જેલમાં સંખ્યા વધી ગઈ ત્યારે સત્યાગ્રહી કેદીઓની ફેરબદલી આકોલાની જેલમાં કરવામાં આવેલી. ત્યાં પણ સ્થિતિ નાગપુર જેલ કરતાં સારી ન હતી, બલ્કે ખરાબ હશે. લડત કુલ ૧૧૦ દિવસ ચાલી. તેટલા વખતમાં ઝંડા સત્યાગ્રહીઓની સંખ્યા આશરે ૧૭૫૦ જેટલી થયેલી. તેમાંથી લગભગ ૨૦૦ જેટલા કેદીઓ પાસે માફી મંગાવવામાં જેલનું દુર્વર્તન સફળ થયેલું.

જમનાલાલજીની ગિરફતારી પછી તરત જ નાગપુરમાં કોંગ્રેસની મહાસમિતિની બેઠક બોલાવવામાં આવી. નાફેરવાદી અને સ્વરાજ પક્ષ વચ્ચે એ વખતે તીવ્ર મતભેદ ચાલતો હતો. બન્ને પક્ષના નેતાઓ આ બેઠકમાં હાજર હતા. ઝંડા સત્યાગ્રહને સર્વ પ્રકારે મદદ કરવાનો ઠરાવ નાફેરવાદી પક્ષ તરફથી લાવવામાં આવ્યો હતો. આ બેઠક ચાલતી હતી તે જ દિવસે જમનાલાલજીનો કેસ ચાલ્યો હતો અને ચુકાદો આવવાનો બાકી હતો. જો સ્વરાજ પક્ષવાળા આ ઠરાવનો વિરોધ કરે તો સરકાર ચળવળને દાબી દેવા કડકાઈથી કામ લે અને ઠરાવને ટેકો આપે તો બીજાઓની માફક જમનાલાલજીને પણ દોઢ બે મહિનાની થોડી સજા થાય. સ્વરાજ પક્ષે ઝંડા સત્યાગ્રહને વખોડી કાઢ્યો અને તે જ દિવસે જમનાલાલજીને લગભગ બે વર્ષની સખ્ત સજા કરવામાં આવી. આ પછી બીજે દિવસે કાંગ્રેસની કારોબારી (વર્કિંગ કમિટી) સમિતિની બેઠક થઈ. સ્વરાજ પક્ષવાળા તે વખતે ચાલી ગયા હતા.

કોંગ્રેસ કારોબારીએ સરદારને લડતનું સંચાલન સોંપ્યું. કારોબારીના ઠરાવને માન આપી ગુજરાતના કામની ગોઠવણ કરી તેઓ તા. ૨૨મી જુલાઈએ નાગપુર પહોંચ્યા. નાગપુર પહોંચતાં જ મધ્ય પ્રાંતની સરકાર એમને પકડી લેશે એવી વાયકા જોરથી ચાલી રહી હતી. સરદાર પહેલાં નાગપુર ગયેલા ત્યારે એમનો ઉતારો એક શ્રી ટીકેકરને ત્યાં હતો. પણ આ વખતે સરદાર નાગપુર પહોંચે તે પહેલાં શ્રી ટીકેકરને પકડવાનું વારંટ નીકળ્યું, એટલે એ પોતાનું ઘર બંધ કરી ગામડે ચાલી ગયા. એટલે જમનાલાલજીનાં પત્ની શ્રી જાનકીદેવીએ ધનતોલી જે નાગપુરનું એક પરું છે ત્યાં સરદાર માટે ઘર ભાડે રાખી એમના ઉતારાની ગોઠવણ કરી હતી. જમનાલાલજીને સખ્ત સજા કરી, ટીકેકર ચાલી ગયા અને સ્વયંસેવકોની છાવણી પર પોલીસે છાપો મારી તે કબજે કરી. એટલે નાગપુરમાં

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



સરદારને એકલે હાથે કામ લેવું પડ્યું. સ્થાનિક કાર્યવાહકો બધા જેલમાં હતા. અને નાગપુરમાં સ્વરાજ પક્ષનું જોર વધારે હતું. એ લોકો બધા જ આ લડતની વિરુદ્ધ હોવાથી નાગપુરની બહારથી જ બધી મદદ મેળવી સત્યાગ્રહ ચલાવવો પડ્યો. ગુજરાત બહાર કામ કરવા જવાનો તેમનો આ પહેલો જ પ્રસંગ હતો. જતાં પહેલાં ગુજરાતીઓ આગળ 'ભિક્ષાં દેહિ' કહેતાં જણાવ્યું કે,

"ગુજરાતનો વિયોગ કેટલા કાળને માટે થશે એ તો પ્રભુ જાણે. બીજા પ્રાંતની સેવા કરવાની મને તક મળશે એવો સ્વપ્ને પણ ખ્યાલ નહોતો. ગુજરાતની મને ચિંતા નથી. પરંતુ મધ્ય પ્રાતમાં જઈને હું શું કરી શકીશ તેની મને ભારે મૂંઝવણ થાય છે. . . . આપણને સૈનિકોની ખોટ નહીં પડે. દરેક પ્રાંત સંખ્યાબંધ સૈનિકો મોકલવા રાજી છે. પણ ત્યાંથી સૈનિકોને નાગપુર લાવવામાં લાખો રૂપિયા જોઈએ."

એમ કહી મારવાડીઓ અને ગુજરાતીઓને લડતમાં નાણાંની ભીડ જરા પણ ન પડવા દેવા તેમણે અપીલ કરી અને તેમની પાસેથી નાણાં ઉઘરાવવાનું કામ ભાઈ મણિલાલ કોઠારીને સોંપ્યું. નાગપુર પહોંચી બધી પરિસ્થિતિ તપાસી લીધી અને કામ વ્યવસ્થિત ગોઠવી દીધું. તે સંબંધમાં ત્યાંથી એક કાગળમાં લખ્યું છે:

"અહીં આવીને દરેક પ્રાંત માટે સ્વયંસેવકો મોકલવાની સંખ્યા અને તારીખો ગોઠવી તે તે પ્રાંતોને ખબર આપી દીધી છે. તે પ્રમાણે સ્વયંસેવકો આવતા રહેશે તો રોજ ઓછામાં ઓછા પચાસ સૈનિકો સ્ટેશન પર પકડાશે. ચાર પાંચ દિવસ રાહ જોઈ આ ક્રમમાં કાંઈ ફેરફાર કરવો યોગ્ય લાગશે તો કરશું."

પછી થોડા જ દિવસમાં શ્રી વિઠ્ઠલભાઈ પણ નાગપુર પહોંચી ગયા. એ વખતે નાગપુરમાં ધારાસભાની બેઠક થવાની હતી. ધારાસભા મારફત આ લડતને ટેકો મળે એ માટે સ્વરાજ પક્ષના પોતાના સાથીઓને મદદ કરવાના હેતુથી તેઓ નાગપુર આવેલા.

સુરતથી ડૉ. ઘિયાની સરદારી નીચે ગયેલી ટુકડી પકડાયા પછી ડૉ. કાનુગા અમદાવાદની એક ટુકડી લઈને જવા તૈયાર થયા અને પૂ. કસ્તૂરબા બહેનોની ટુકડી લઈને જવા તૈયાર થયાં. તા. ૧૮મી ઑગસ્ટે કારાવાસ દિને મોટો કાર્યક્રમ રાખવાનો હતો, તે દિવસે તમારે નાગપુર પહોંચવું, એવો વાયદો તેમને આપ્યો.

આ અરસામાં નાગપુરથી મહાદેવભાઈ ઉપર લખેલા એક કાગળમાં આખી પરિસ્થિતિનું સરદારે આબેહૂબ ચિત્ર આપ્યું છે:

". . . લડત બહુ જ સુંદર છે. જો પ્રજા એકમત થઈ શકે તો એક અઠવાડિયામાં સરકારનો નાકમાં દમ લાવી શકાય. પણ હમણાં તો છત્રીસ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

રાગનું વાજું વાગે છે, ત્યાં નાગપુરનો અવાજ કોણ સાંભળવા દે છે. તમામ અંગ્રેજી છાપાં તો વિરુદ્ધ અગર બેપરવા થઈ બેઠેલાં છે. આગેવાનો પોતપોતાના વિચારના મમતે ચઢેલા છે. સરકારની આ પ્રાંતમાં કડકાઈ ખૂબ છે. સ્થાનિક કાર્યવાહકો બધા જ પકડાઈ ગયા છે. અહીંની પ્રાંતિક સમિતિ તો પ્રથમથી જ અલગ રહેલી છે. આ સંજોગોમાં લડત લડવાની છે. દાસબાબુ વિરુદ્ધ થઈ બેઠેલા છે. કૉંગ્રેસ વર્કિંગ કમિટી તા. ૨૮મીએ રાખેલી તે મુંબઈથી વિઝાગાપટ્ટમ ધસડી ગયા. તારીખ પણ ફેરવી નાખી. વળી પાછી ઑલ ઇન્ડિયા કૉંગ્રેસ કમિટી રાખી; બધાને ત્યાં બોલાવવાનું કર્યું. આટલી બધી મુશ્કેલીઓ છતાં પાછું નાગપુર તરફ સૌનું લક્ષ ખેંચાય તેમ કરવાનું રહ્યું. સરકારને ખબર પડી ગઈ છે કે પાછું સળગ્યું. માણસો ગોઠવણ પ્રમાણે ખૂબ આવવા લાગ્યા છે. ત્રીજી તારીખે સી. પી. સરકારની એક્ઝિક્યૂટિવ કાઉન્સિલની મીટિંગ છે, અને છઠ્ઠીએ ધારાસભા છે. ધારાસભામાં આ સવાલ ચર્ચાવાનો તો છે જ, પણ કાંઈ ઉકાળી શકે એમ નથી. માત્ર સરકારને આપણી સામે બખાળા કાઢવાની તક મળશે. છતાં તે વખતે સરકારનો ઇરાદો જાણવાની આપણને પણ તક મળશે. ધારાસભાની બેઠક પહેલાં લડત ખતમ કરવાની જે ઉમેદ રાખતા હતા તેમાં તો ફાવ્યા નથી. આ બધું કાંઈ છાપી મારવાનું નથી. . . .

“આવતી અઢારમીને માટે એક સારી ટુકડી તૈયાર કરવાની છે. કેટલા મોકલવા એ પછી લખીશ. સુરતથી ચિનાઈ તો તૈયાર જ છે. એ આગેવાન થઈ શકે છે. સુરતમાં બીજા ૨૦–૨૫ સૈનિકો પણ છે. બીજા મેળવવા તજવીજ કરવાની છે.

“પૈસાને માટે એક બે અંકમાં હજી અપીલ કરવાની છે. સરસ અપીલ છાપીને મૂકજો. સૈનિકોની માગણી કર્યાં કરજો.

“મને હજી પકડે એમ લાગતું નથી. પહેલાં તો ખાસ કારણ નહોતું. હવે જાગતું થયું છે, એટલે વિચાર કરશે. પણ ધારાસભા પૂરી થતાં સુધી તો કાંઈ નહીં કરે એમ માનું છું. . . .

“દેવદાસને કેવળ છાપખાનામાં પૂરી મૂકવાનું ન કરશો. થોડો થોડો બહાર ફેરવજો. ગુજરાતને હજી એનું ઓળખાણ નથી થયું. તક જ મળી નથી.

“જેલમાં ચંદુભાઈ અને પંડ્યાને મળ્યો. બન્નેને સામાન્ય કેદીની માફક જ રાખ્યા છે. તેમની પાસે છાપખાનાનું કામ લે છે. આનંદમાં છે. અમલદારોની પ્રીતિ સંપાદન કરી છે. તબિયત મઝામાં છે.

“દેવદાસ અને તમે ઘેર જતા રહેજો. છોકરાંને સૂનું ન લાગે તે જોજો. મણિબહેન કેમ રોઈ એ હું સમજતો નથી. હવે તો રોવાનું હોય જ નહીં. એનામાં તો ખૂબ હિંમત છે. મધ્ય પ્રાંતમાં લોકોને જેલમાં જવાની સલાહ આપી, પછી રોવાય જ કેમ?

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



"પૂ. બાને કહેજો કે જેલની તૈયારી કરે. ગુજરાતની બહેનોને આવતી અઢારમીએ નાગપુર આવવાની એક અપીલ બહાર પાડી શકાય તો બાની સહીથી બહાર પાડો.

"સત્તરમીએ હુકમની મુદ્દત પૂરી થાય છે. એ જો પાછો લંબાવે તો અઢારમીએ સ્ત્રીઓનું બલિદાન શરૂ કરવું જોઈએ. દેશને જાગ્રત કરવાનો એ સરસ રસ્તો છે. આપણે તો સરકાર હુકમ લંબાવશે એમ જ માનવું જોઈએ. ન લંબાવે તો કેદીઓને શું મોઢું લઈ જેલમાં રાખી શકે?

"આશ્રમમાં સૌને યાદ કરજો. પૂ. બાને પ્રણામ કહેશો."

નાગપુરમાં એક દિવસ છૂટીને આવેલા કેટલાક કેદીઓના માનમાં સભા થઈ. છૂટનારાઓએ બહુ રોષથી ભરેલાં તીખાં ભાષણો કર્યાં. સરદાર સભામાં હાજર હતા. આ લડત વિનયપૂર્વક ચાલે એ સંભાળવા તો તેઓ ત્યાં હતા. પેલા ભાઈઓને અને તેમને નિમિત્તે આખી સભાને આપણી લડતના સિદ્ધાંતો સાફ સાફ સમજાવવાની સરદારે તક લીધી:

"આજે જેલમાંથી સજા ભોગવી આવેલા ભાઈઓએ આપણને કેટલીક વાતો કહી. એમના દિલમાં ભારે રોષ ભરલો છે. જેલમાં આપવામાં આવતાં કષ્ટો તેમણે સભ્યતા છોડીને આપણી આગળ કહ્યાં. અંદર જે અમાનુષી વર્તન ચાલી રહ્યું છે તેનું વર્ણન તેમણે બહુ આવેશમાં આવીને કર્યું.

"પણ આપણે આવું બોલીએ તો સરકારી નોકરોને મુકાબલે આપણે શા સારા? એ તો નોકરીમાં છે, આપણે સ્વતંત્ર છીએ. એ લોકોનો વિચાર કરવાને બદલે આપણે શું કર્યું તેનો વિચાર કરો. આપણે તેમને ગાળો દઈએ, તેમના દોષ જોઈએ, તે પહેલાં આપણે આપણો પોતાનો વિચાર કરી લેવો જોઈએ. આપણે લાયકાત મેળવી કર્તવ્યપરાયણ થવું એ જ આપણો ધર્મ છે.

"જેલમાંથી છૂટી આવેલા ભાઈઓને મારી સલાહ છે કે તેમણે પ્રજાને પ્રેમ અને ધર્મના પાઠ સમજાવવા. એ જ તમારું પરમ કર્તવ્ય છે. પરમાત્મા તમને આવાં સત્ય અને ધર્મનાં યુદ્ધો લડવાનું બળ આપો."

ઑગસ્ટના આરંભમાં મધ્ય પ્રાંતની ધારાસભાની બેઠક થઈ. તેમાં આ લડત વિષે ગવર્નર સાહેબે પોતાના પ્રારંભિક ભાષણમાં કહ્યું:

"જે લોકો સરકાર સાથે કોઈ પણ જાતનો સહકાર ન કરવાની ગાંઠ વાળી બેઠા છે તેવા લોકો તરફથી કાયદાભંગ ચાલી રહ્યો છે. . . . મારા જાણવા પ્રમાણે એકે સુધરેલો દેશ એવો નથી, જ્યાં સરઘસો લઈ જવાનો નિરંકુશ હક લોકોને હોય. જિલ્લા મૅજિસ્ટ્રેટે નાગપુરના મનાઈ કરેલા વિસ્તારમાં કોઈ પણ સરઘસને માટે પ્રતિબંધ કર્યો નથી, પોતાની રજા વિનાનાં સરઘસોનો પ્રતિબંધ કર્યો છે. તે એટલા જ હેતુથી કે તેથી લોકોના કોઈ પણ વર્ગની હેરાનગતિ ન થાય. આ હિલચાલને લીધે અવળે રસ્તે

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



દોરવાયેલા પુષ્કળ લોકોને કેદમાં પૂરવા પડ્યા છે તેથી સરકારને ખેદ થાય છે. પણ કાયદાની વ્યવસ્થિત અવગણનાનો સજા સિવાય બીજો ઉપાય નથી. આ સરકારને આ ચોખ્ખી સવિનય ભંગની હિલચાલ લાગે છે. સરકારની સત્તા ઉથલાવી નાખવાનો જ આ પ્રયત્ન છે. સરકારનો નિશ્ચય છે કે કાયદેસર સત્તાને આપવામાં આવેલા પડકારનો, તેને ઊંધી વાળવાના આ પ્રયત્નનો, પોતાનાં તમામ સાધનોથી પ્રતિકાર કરવો. સરકારને વિશ્વાસ છે કે સરકારની આ નીતિમાં કાયદાને માન આપનારા સૌ નાગરિકો, ધારાસભાના સભ્યો સુધ્ધાં, સરકારને ટેકો આપશે.”

ગવર્નર સાહેબે આવી સલાહ આપવા છતાં શ્રી વિઠ્ઠલભાઈના પ્રયાસથી ધારાસભામાં ઠરાવો આવ્યા કે (૧) રાષ્ટ્રધ્વજની લડતને અંગે જે મુકદ્દમા ચલાવવામાં આવે છે તે બધા પાછા ખેંચી લેવા અને નાગપુરની ટિકિટ લેતાં કોઈને અટકાવવા નહીં. (૨) ૧૪૪મી કલમ મુજબ નાગપુરમાં ઝંડાનાં સરઘસો અટકાવનારો હુકમ તરત પાછો ખેંચી લેવો. (૩) એ લડતને અંગે પકડાયેલા અને સજા ભોગવતા સઘળા કેદીઓને બિનશરતે છોડી મૂકવા. આ ઠરાવ ઉપર થયેલી ચર્ચાનો જવાબ આપતાં ગૃહમંત્રીએ સાફ જણાવ્યું કે, ‘વાવટાની સામે કોઈ વાંધો નથી, કોઈ પણ પ્રકારનાં સરઘસ કાઢવાની બાબતમાં નિયમો કરવાનું સુધરેલી સરકારનું કામ છે. જો રજા માગવામાં આવે તો સરઘસ લઈ જવાની જરૂર પરવાનગી મળે.’ તેમણે એ પણ ઉમેર્યું કે, ‘સરઘસબંધીના હુકમની મુદત આવતી ૧૭મીએ પૂરી થાય છે. તે દરમિયાન કશાં દંગાતોફાન ન થાય તો કાયદા પ્રમાણે પણ તે હુકમો ચાલુ રહી શકે નહીં.’ ઠરાવ ૩૧ વિ૦ ૨૭ મતે પસાર થયા. પણ જ્યાં સુધી સવિનભંગ બંધ ન થાય ત્યાં સુધી કોઈ પણ ઠરાવના અમલનો વિચાર ન થઈ શકે એમ કહી ગવર્નર સાહેબે પોતાની ખાસ સત્તાની રૂએ ધારાસભામાં બહુમતીથી પસાર થયેલા ઠરાવો રદ કર્યા. આમ શ્રી વિઠ્ઠલભાઈના પ્રયત્ન નિષ્ફળ જવાથી ધારાસભાવાદીઓ નિરાશ થયા.

ગવર્નર સાહેબ અને હોમ મેમ્બરે ધારાસભાના સભ્યોને તો ઉડાવ્યા, પણ બંનેને લાગવા માંડ્યું હતું કે લડતનું જોર વધતું જાય છે અને બહારથી પ્રતિષ્ઠિત લોકો આવી નાગપુરની જેલો ભરી રહ્યા છે, એટલે લડતનું સમાધાન થાય તો સારું. એટલે ત્યાંના ગૃહમંત્રી તરફથી ગવર્નર સાથે સરદાર તથા શ્રી વિઠ્ઠલભાઈની મુલાકાત તા. ૧૩મીએ ગોઠવવામાં આવી. બંને પક્ષે પોતપોતાનાં દૃષ્ટિબિંદુ સ્પષ્ટ કર્યાં, એથી આગળ કશુંયે મુલાકાતમાં નક્કી થયું નહીં. અને શ્રી વિઠ્ઠલભાઈએ સમાધાનીની ઉમેદ છોડી દીધી. સરઘસબંધીના હુકમની મુદત પૂરી થતાં સરકાર નવો હુકમ કાઢશે એમ ગવર્નરની મુલાકાતમાં ચોક્કસ લાગ્યું. વળી એમ પણ ચોક્કસ જણાયું કે નવો હુકમ કાઢતાંની સાથે સરદારને

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



જ પહેલા પકડવામાં આવશે. ધારાસભાની બેઠક પૂરી થયા પછી શ્રી વિઠ્ઠલભાઈને લાગ્યું કે હવે ત્યાં વધુ રોકાવાથી એમની સ્થિતિ કફોડી થશે અને પોતે કાંઈ કરી શકશે નહીં. એટલે ગવર્નરની સાથે મુલાકાત થઈ ગયા પછી તેમણે મુંબઈ પાછા જવાનો નિર્ણય કર્યો.

બીજી બાજુ, ધારાસભામાં જે ભાષણો થયાં હતાં તેમાં સત્યાગ્રહની લડતને ખોટા રૂપમાં વર્ણવવામાં આવી હતી અને લોકોમાં ગેરસમજૂતી થાય એવો પ્રચાર સરકાર તરફથી કરવામાં આવતો હતો. એટલે કૉંગ્રેસની નીતિ સાફ કરવાને ખાતર કારોબારી સાથે મસલત કરીને નવો હુકમ બહાર પડે તે પહેલાં સરદારે નીચે પ્રમાણે નિવેદન તા. ૧૬મીએ બહાર પાડ્યું :

"સરઘસસંબંધીનો હુકમ આવતી કાલ, તા. ૧૭મીએ ખલાસ થાય છે. તા. ૧૭મીએ હમેશની માફક ત્રણ જણની ટુકડી નહીં જતાં પાંચ જણાનું સરઘસ સિવિલ લાઈન્સમાંથી થઈને સદર બજાર જવા નીકળશે. રસ્તો, વખત અને બીજી બધી સૂચનાઓ સ્વયંસેવકોને જે નોટિસ મોકલવામાં આવી છે તેમાં બતાવેલાં છે. સ્વયંસેવકોને જો સત્તાવાળા રોકશે તો લડતનું નવું પાસું શરૂ થવાનું. પ્રજાને મારી વિનંતી છે કે કોઈએ અધીરા ન થવું, શું થાય છે તે જોવું. દરમિયાન, કેટલેક ઠેકાણે — સરકારના મનમાં પણ — કૉંગ્રેસના ધોરણ વિષે જે ખોટા ખ્યાલો અને ગેરસમજો ઊભાં કરવામાં આવ્યાં છે તેનો, કોંગ્રેસની કારોબારી સમિતિએ મને આપેલી સત્તાની રૂએ હું ખુલાસો કરવા ઇચ્છું છું.

"ખુદ મધ્ય પ્રાંતના ના૦ ગવર્નર સાહેબ જેવા માણસે આપણ અસહકારીઓ ઉપર એવું આળ ચઢાવેલું છે કે આપણે ગમે તે જાહેર રાહદારીના રસ્તાઓને કોઈ પણ જાતના અંકુશ વગર આપણાં સરઘસો માટે વાપરવાના, કોઈ પણ સુધરેલા દેશમાં નહીં સાંભળેલા એવા, હકનો દાવો કરીએ છીએ. કારોબારી સમિતિએ મને જાહેર કરવાનો હુકમ કર્યો છે કે એવું કશું નથી. રાહદારી અને સરઘસોને માટે કોઈ કાયદાની ખરેખરી જરૂર હોવા વિષે માણસ ઘડી માટેયે ઇનકાર ન કરી શકે. પણ નાગપુર સત્યાગ્રહની લડત વિષે હું સ્પષ્ટતા કરવા ઇચ્છું છું કે તે તો ગેરવાજબી બંધીઓ અને કાયદાના વ્યભિચારથી અંતરાતા અમારા જન્મસિદ્ધ હકનું રક્ષણ કરવા ખાતર જ શરૂ કરવામાં આવી છે. વિશેષમાં કારોબારી સમિતિએ મને એમ સ્પષ્ટ કરવાને પણ કહ્યું છે કે સરઘસોના યોજકોનો ઇરાદો પ્રજાના કોઈ પણ વર્ગને તકલીફ આપવાનો છે જ નહીં. આ બાબત અનેક જવાબદાર નેતાઓએ પોતાનાં ભાષણો અને લખાણોમાં સ્પષ્ટ કરેલી છે. નાગપુર ઝંડા સત્યાગ્રહ સમિતિએ પણ સત્યાગ્રહ શરૂ કરવામાં આવ્યો તે અગાઉ એપ્રિલ માસમાં પોતાની પહેલી જ પત્રિકા છપાવીને નાગપુરમાં છૂટથી વહેંચાવેલી તેમાં એ બાબત સ્પષ્ટપણે નમૂદ કરેલી છે. રાષ્ટ્રીય ઝંડાનાં સરઘસો યુનિયન જૅકનું અપમાન કરવાના આશયથી કાઢવામાં આવે છે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



એવું મધ્ય પ્રાંતના સરકારી સભ્યે કહેલું છે તેનો ભારપૂર્વક ઇનકાર કરવાનું પણ મને કારોબારી સમિતિનું ફરમાન છે.”

આ નિવેદન પ્રસિદ્ધ થવાથી ગવર્નરના ધારાસભાના ભાષણમાં સત્યાગ્રહની લડતના સંચાલકોની સામે જે ખોટા આરોપો મૂકવામાં આવ્યા હતા તે બધાનું પોકળ જાહેર થઈ ગયું અને સરકારી મંડળમાં ખળભળાટ થયો. બીજે દિવસે નવો મનાઈ હુકમ કાઢવાનો હતો તે ન કાઢવામાં આવે તો સરકારની હાર થાય, અને જો કાઢવામાં આવે તો લડત વધારે જોસથી ચાલે અને તેનો બોજો સરકાર ઉપર પડે એવી સ્થિતિ ઊભી થઈ. એટલે તા. ૧૬મીએ સાંજે જ ગૃહમંત્રી સરદારને મળ્યા અને સમાધાનની વાતો કરી. તેમણે સૂચવ્યું કે તા. ૧૮મીનું સરઘસ સિવિલ લાઈન્સમાંથી પસાર થવા દેવામાં આવે તો તમારે લડત બંધ કરવી. સરદારે કહ્યું કે એકલું સરઘસ પસાર થાય તેથી લડત બંધ થાય નહીં. લડતમાં જેટલા કેદીઓને જેલમાં પૂરવામાં આવ્યા છે તેમને છોડી મૂકવાની ખાતરી મળવી જોઈએ અને સરઘસ પસાર થયા પછી લડત બંધ કરવાનું જાહેર કરવામાં આવે પછી તરત જ કેદીઓ છૂટી જવા જોઈએ. આ બધી શરતો ગૃહમંત્રીને કબૂલ હતી અને સામસામે ખાનગી લખાણ થતા પહેલાં તેઓ ગવર્નરની સંમતિ લઈ આવ્યા. પછી તેમણે મધ્ય પ્રાંતની સરકાર તરફથી આ પ્રકારની શરતોનું પાલન કરવાની સરદારને લેખી ખાતરી આપી. આ સમજૂતી થઈ ગયા પછી ગૃહમંત્રીએ વિઠ્ઠલભાઈને છેવટના મળી લેવાની ઇચ્છા બતાવી. વિઠ્ઠલભાઈ તે જ દિવસે મેલમાં મુંબઈ જવા ઊપડવાની તૈયારીમાં હતા ત્યાં ગૃહમંત્રી તેમને મળ્યા અને સમાધાનીની બધી વિગતો તેમને જણાવી. સાથે સાથે બેઉ પક્ષ વચ્ચે એ પણ સમજૂતી કરવામાં આવી કે સમાધાનીનો પૂરો અમલ થઈ જતાં સુધી બેઉ પક્ષમાંથી કોઈએ છાપાંમાં કશી વાત બહાર પાડવી નહીં. આમ સમાધાન થયું એટલે સરદારે તાર કરીને બહારથી આવતા સૈનિકોને રોકયા. ડૉ. કાનુગાને તથા કસ્તૂરબાને પણ થોભી જવાના તાર કરી દીધા.

તા. ૧૭મીએ ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટના ૧૪૪ કલમ નીચેના મનાઈ હુકમની મુદત પૂરી થઈ અને સમજૂતીની રૂએ તે હુકમ ફરી ચાલુ ન કર્યો. પણ એને બદલે પોલીસ ઍક્ટની રૂએ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટનો એક હુકમ નીકળ્યો કે સિવિલ લાઈન્સમાંથી તેની રજા વિના કોઈ સરઘસ કાઢવું નહીં. આ હુકમ જોઈ સરદારને આશ્ચર્ય થયું. તેમને વિચાર આવ્યો કે બાજી બદલાઈ હશે કે શું? સરકાર નમતું આપવાને તૈયાર નહીં હોય? સરઘસ માટે ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટની પરવાનગી આપણે નહોતા માગતા તો પોલીસ સુપરિન્ટેન્ડેન્ટની પરવાનગી માગવાની તો શાની જ હોય? સરદારે વિચાર્યું કે આખી પરિસ્થિતિ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

14737

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો



નાગપુર તથા બોરસદની લડતોના વિજેતા

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

બદલાઈ છે માટે આપણે સિવિલ લાઈન્સમાંથી સરઘસ લઈ જવાના છીએ તેની પોલીસ સુપરિન્ટેન્ડેન્ટને અગાઉથી ખબર આપવી એ ઠીક છે. એટલે તા. ૧૮મીએ સરઘસ નીકળતા પહેલાં એને નીચે પ્રમાણે કાગળ લખ્યો.

આ કાગળ આગળ ઉપર ચર્ચાનો વિષય થઈ પડ્યો છે તેથી આખો શબ્દેશબ્દ અહીં આપ્યો છે :

"ધિ ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ ઑફ પોલીસ,
નાગપુર

"સાહેબ,

"આ ઉપરથી તમને હું ખબર આપું છું કે હું આજે તા. ૧૮મી ઑગસ્ટ, ૧૯૨૩ના રોજ શહેરમાં અને સિવિલ લાઈન્સમાં સરઘસ કાઢવાનો છું. સરઘસનો વખત અને માર્ગ છાપેલી સૂચનાઓમાં દર્શાવેલો છે તેની નકલ તમારી જાણ માટે આ સાથે મોકલું છું.

સેવક,
વલ્લભભાઈ ઝ૦ પટેલ"

## સરઘસને માટે સૂચનાઓ

૧. સરઘસના નાયકની પાસે રાષ્ટ્રીય ઝંડો હોય અને બીજા બધા સ્વયંસેવકો છાતી પર ઝંડાનો ચાંદ ધારણ કરે.

૨. જે રસ્તાઓ પરથી સ્વયંસેવકોનું સરઘસ પસાર થાય તે રસ્તાઓ પર જનારા આવનારાઓને કે આસપાસ રહેનારાઓને માઠું લાગે એવી વિનાકારણ ગીરદી ન કરવી.

૩. કચેરીના મકાનથી ખ્રિસ્તી દેવળ સુધી આપણા સરઘસના કાર્યકર્તાઓએ એવી જાતની વ્યવસ્થા રાખવી કે જેથી આપણા દેશના ગોરા વસનારાઓની લાગણીઓનો આપણે પૂરતો ખ્યાલ રાખીએ છીએ તે દેખાઈ આવે.

સરઘસનો રસ્તો — સરઘસ હમેશની માફક ઝંડા પુલ ઉપર થઈને જિલ્લા કચેરી, જ્યૂડિશિયલ કમિશનરની અદાલત અને સેક્રેટેરિયેટનાં મકાનો પાસેથી નીકળી, ચાર રસ્તાના ખૂણા પર આવેલા લાલ બંગલાની પાસે થઈ જમણા હાથની સડક પર થતું ત્યાંથી કમિશનરની ઑફિસની સામે થઈ તેલનખેડી તળાવની ઉત્તર તરફની સડકને રસ્તે સદર બજાર જાય.*

સમય — સરઘસ બપોરના બાર વાગ્યે રાષ્ટ્રીય ઝંડા સત્યાગ્રહ ઑફિસથી રવાના થશે અને બે વાગ્યાના સુમારે સદર બજાર પહોંચશે.

પોલીસ સુપરિન્ટેન્ડેન્ટના હુકમથી આજના પરિણામ વિષે સરદારના મનમાં થોડો વસવસો હતો. પણ શું કરવું તે વિચારવાનું સરકારનું કામ હતું. આપણો કાર્યક્રમ તો નિશ્ચિત હતો.

* જેને માટે સરઘસબંધી હતી તે બધો ભાગ આમાં આવી જાય છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

પોલીસ સુપરિન્ટેન્ડેન્ટનો આ હુકમ નીકળવાનું કારણ તો પાછળથી માલૂમ પડ્યું. પેલા નાગપુરના કમિશનરની આંખમાં ધૂળ નાખી સમાધાનીની બધી વાત એનાથી છૂપી રાખવાનો ગવર્નર અને ગૃહમંત્રીનો પેચ હતો. કમિશનર, પોતે જેમને બળવાખોરો માનતો હતો તેમની સાથે સમાધાન કરવાનો સખત વિરોધી હતો. સિવિલ લાઈન્સમાંથી સરઘસ પસાર થાય તો તેનો બંગલો રસ્તામાં આવતો જ હતો. અને તે વખતે સરઘસ ઉપર પોતે ગોળી ચલાવશે એવી ખુલ્લી ધમકી તેણે ઘણી વાર આપી હતી. તા. ૧૮મીનું સરઘસ નીકળ્યું ત્યારે કેટલાક અમલદારો એને સિવિલ લાઈન્સને બીજે છેડે જ્યાં ગોરાઓની ક્લબ હતી ત્યાં લઈ ગયા અને સરઘસ સિવિલ લાઈન્સમાંથી પસાર થઈ ગયું ત્યાં સુધી અગાઉથી ગોઠવ્યા પ્રમાણે તેને રમતમાં રોકી રાખ્યો.

નક્કી કર્યા પ્રમાણે બપોરના બાર વાગ્યે સો સ્વયંસેવકો સ્થાનિક નેતા પં૦ માખનલાલ ચાતુર્વેદીની સરદારી નીચે રાષ્ટ્રધ્વજ સાથે નીકળ્યા. નિયમિત અંતરે અને ગંભીર અવાજે મહાત્મા ગાંધીજી કી જય અને બીજાં રાષ્ટ્રીય સૂત્રો તેઓ પુકારતા ચાલતા હતા.

રેલવે પુલ જેને આ લડતને કારણે ઝંડા પુલ કહેવામાં આવતો અને જ્યાં પહોંચતાં જ સ્વયંસેવકોને પકડવામાં આવતા ત્યાં પોલીસની ટુકડી સજ્જ થઈને ઊભી હતી. પણ તેમણે કાંઈ કર્યું નહીં. ઝંડા ચોક જ્યાં અનેક સ્વયંસેવકોનાં બલિ ચઢ્યાં હતાં તે આવ્યો. ત્યાં પણ પોલીસની ટુકડી ઊભી હતી. ત્યાંથી પણ સરઘસ પસાર થઈ આગળ ચાલ્યું.

આખે રસ્તે પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ ઘોડેસવાર ટુકડી સાથે સરઘસની સાથે ચાલતો હતો. રસ્તાની બંને બાજુ પોલીસની હારો ગોઠવવામાં આવી હતી. તેમની વચ્ચે થઈને જયજયકારના પુકાર કરતું ઝંડા સરઘસ પત્રિકામાં સૂચવેલે રસ્તે થઈ સદર બજાર પહોંચી ગયું. વચમાં ખ્રિસ્તી દેવળ આવ્યું ત્યાં આગળ સ્વયંસેવકોએ પૂરેપૂરા ગાંભીર્ય સાથે શાંતિ રાખી. સદર બજારમાં સરઘસ વિસર્જન કરવામાં આવ્યું.

રાત્રે ટાઉન હૉલના મેદાનમાં પં૦ માખનલાલના પ્રમુખપણા નીચે જાહેરસભા થઈ. તેમાં પોતાની તબિયત ઠીક નહીં હોવાથી બહુ ટૂંકું ભાષણ આપતાં સરદારે જાહેર કર્યું કે :

> “રાષ્ટ્રીય ધ્વજની પ્રતિષ્ઠા આખરે કબૂલ કરવામાં આવી છે. જાહેર રસ્તાઓ ઉપરથી શાન્તિપૂર્વક અને વ્યવસ્થિત રીતે રાષ્ટ્રધ્વજ સાથે સરઘસ લઈ જવાનો આપણો હક આપણને પાછો પ્રાપ્ત થયો છે. આને હું સત્ય, અહિંસા અને તપનો વિજય માનું છું. એટલે ઈશ્વરકૃપાથી હવે હું જાહેર કરી શકું છું કે, નાગપુર સત્યાગ્રહનો આજના પુણ્ય દિવસે, મહાત્મા ગાંધીજીના

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ઉપદેશના ભાવ અને અક્ષર અનુસાર વિજયી અંત થાય છે. આજ સંધ્યાકાળથી આપણો ધ્વજ સત્યાગ્રહ રીતસર બંધ થયેલો હું જાહેર કરું છું.”

પછી જે વીર ભાઈઓ અને બહેનોએ દેશની ખાતર અને રાષ્ટ્રની ખાતર અને રાષ્ટ્રધ્વજની ખાતર દુઃખ વેઠ્યાં હતાં, તે વખતે પણ વેઠી રહ્યાં હતાં અને લડત આગળ ચાલી હોત તો વેઠવાને કમર કસી હતી તે સૌને અંતરના ઊંડાણમાંથી ધન્યવાદ આપ્યા અને જેમણે લડત ચલાવવામાં તથા તેનો વિજયી અંત આણવામાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ મદદ કરી હતી તેમનો જાહેર રીતે આભાર માન્યો. ત્યાર બાદ રાજેન્દ્રબાબુ જેઓ સરદારના પકડાઈ જવાની વાત સાંભળી નાગપુર આવી રહ્યા હતા તેમણે વિસ્તૃત વ્યાખ્યાન આપ્યું.

પણ લડતમાં વિજય મળ્યો તેથી સરદારની ઉપાધિઓનો અંત ન આવ્યો. ખરી રીતે તો પછી જ તેમની ઉપાધિઓ શરૂ થઈ. અત્યાર સુધી સૈનિકોને બોલાવી તેમને પકડાવી દેવાના હતા. એ કામ સહેલું ગણાય. પણ લડતમાં વિજય થયો એમ જાહેર કરતાંની સાથે લાગતાવળગતા અને ટીકાકારો એમની ઉપર તૂટી પડ્યા. પહેલાં તો પોલીસવાળા કહેવા લાગ્યા કે, ‘અમારી પરવાનગીથી અમારા બંદોબસ્ત પ્રમાણે જ અમે સરઘસને સિવિલ લાઈન્સમાંથી પસાર થવા દીધું છે.’ તોફાન અને મારઝૂડ કરવાને ટેવાયેલી પોલીસને સરઘસ શાંતિથી પસાર થયું તે ‘આરંભથી તે અંત સુધી સરઘસ તો એક સ્મશાન યાત્રા જેવું લાગ્યું. સરઘસમાંના ઘણા તો શું થઈ રહ્યું છે તે જાણતા જ ન હતા અને તેઓ પકડાવાના છે કે નહીં તેની પણ તેમને ખબર નહોતી.’ ‘પટેલે પોતાના ભાષણમાં સરકાર પાસે તે ઘણી વાર પહોંચેલા અને વાટાઘાટો કરેલી એ તો જણાવ્યું જ નથી. બધું જાણે પોતે મૂકેલી શરતો પ્રમાણે જ થયું હોય એવો દેખાવ કર્યો છે. આમાંથી તો લોકો એમ અનુમાન કરશે કે સરકાર હારી ગઈ અને પટેલે પોતાનો ધારેલો કાર્યક્રમ પાર ઉતાર્યો. હકીકત તો એ છે કે સરકારે પોતાના સઘળા જ મહત્ત્વના મુદ્દાનો અમલ કરાવ્યો છે. માટે સરકારે સ્પષ્ટ યાદી બહાર પાડીને પટેલના ભાષણનો વિરોધ કરવો જોઈએ.’

નાગપુરના કમિશનર અને જિલ્લાઓના ડેપ્યુટી કમિશનરો, એ બધા ગોરા સિવિલયનોને તો લડતનો વિજયી અંત આવ્યો એવા સરદારના ભાષણથી પોતાનું નાક કપાયું લાગ્યું અને કેદીઓને છોડવાની બાબતમાં સરકાર સામે વિરોધનો એવો જબરો વંટોળ ઊભો કર્યો કે પ્રાંતિક સરકાર અને સિવિલિયન અમલદારો વચ્ચેના ઝઘડામાં હિંદી સરકારને વચ્ચે પડવું પડ્યું.

ઍંગ્લો ઇન્ડિયન છાપાં નાગપુરની સરકાર ઉપર તૂટી પડ્યાં. ગવર્નરનું ધારાસભાનું ભાષણ ટાંકીને તેઓ લખવા મંડ્યાં કે, ‘આવું જબરું ભાષણ કર્યા

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

પછી અને અસહકારીઓ ખુલ્લી બડાશો હાંકતા હતા છતાં, કોંગ્રેસની કારોબારી સમિતિએ લડત ચલાવવા માટે નાગપુર મોકલેલા માણસને તે મળવા માટે બોલાવી જ કેમ શકે? અને મિ. વિઠ્ઠલભાઈ પટેલ તો એમના સત્યાગ્રહનો વિજય થયો છે અને એક અઠવાડિયામાં કેદીઓ છૂટી જશે એવી મુંબઈમાં વાતો કરે છે. જે ચળવળ ખુલ્લી રીતે ક્રાંતિકારી છે, તેમાં સક્રિય ભાગ લેવાના ગુના બદલ જેમને ફોજદારી અદાલતોમાં સજા થઈ છે તેમને બધાને એક સામટા છોડી મૂકવામાં આવે તો તો પ્રાંતિક સરકાર કફોડી સ્થિતિ ઊભી કરે, અસહકારીઓને એમની ચળવળમાં ઉત્તેજન મળે અને કાયદાને માન આપનારા લોકો નાસીપાસ થાય. સરકાર પોતાનો લખેલો કે બોલેલો શબ્દ પાળે, દેશમાં બરાબર બંદોબસ્ત રાખે અને ઇન્સાફ ટકાવી રાખે એટલી સરકાર પાસે અપેક્ષા રાખવાનો તેમને હક છે.'

આ તરફ લડતનો વિજય જાહેર થયા પછી નાગપુરની જેલોમાં જુદા જુદા પ્રાંતના લગભગ બે હજાર સત્યાગ્રહીઓ કેદમાં પડેલા હતા તેમના છૂટવાની રાહ આખો દેશ જોઈ રહ્યો હતો. નાગપુરના લોકો જેલને દરવાજે આંટા મારવા લાગ્યા હતા. શહેરમાં સત્યાગ્રહીઓના સ્વાગતની તૈયારીઓ ચાલી રહી હતી. ગૃહમંત્રીએ સરદારને કહેલું કે કેદીઓ છૂટતાં બે ત્રણ દિવસ લાગશે, કારણ હિંદી સરકારની મંજૂરી આવતાં એટલો વખત લાગે, એટલે સરદાર એ આશામાં હતા. એટલામાં તો તા. ૨૧મીએ સવારે ગૃહમંત્રી સરદાર પાસે ગવર્નરનો કાગળ લઈને આવ્યો. તેમાં વિઠ્ઠલભાઈએ મુંબઈમાં કરેલા ભાષણથી ઊભી થયેલી મુશ્કેલ પરિસ્થિતિની જવાબદારી સરદાર ઉપર મૂકવામાં આવી હતી. વિઠ્ઠલભાઈ મુંબઈના ભાષણમાં બોલેલા કે આપણો વિજય થયો છે અને કેદીઓ બે ત્રણ દિવસમાં છૂટી જશે. આ ભાષણથી પેલો કમિશનર ખૂબ છંછેડાયેલો અને એની ઉશ્કેરણીથી સિવિલિયન અમલદારોનું આખું મંડળ મધ્ય પ્રાંતની સરકારની સામે થયેલું અને તેઓએ કેદીઓને છોડવાનો વિરોધ કરેલો. ગવર્નરના કાગળનો સરદારે લાગલો જ જવાબ આપ્યો કે, શ્રી વિઠ્ઠલભાઈને સત્યાગ્રહની લડત સાથે કશો સંબંધ નહોતો. એ તો સ્વરાજ પક્ષના એક નેતા તરીકે ધારાસભાની મારફત પોતાનું કામ કરવા અહીં આવ્યા હતા. એટલે એમના કોઈ ભાષણ, નિવેદન કે કાર્ય માટે અમારી કશી જવાબદારી નથી એ વાત મેં તો પહેલેથી જ સ્પષ્ટ કરી હતી. વળી સરકાર સાથે થયેલી સમજૂતીની વિઠ્ઠલભાઈને જાણ કરવા માટે પણ ગૃહમંત્રી પોતે જ જવાબદાર છે. આ ઉપરાંત સત્યાગ્રહની હાર થયાનો, સત્યાગ્રહીઓ બિનશરતે શરણ થયાનો, પરવાનગી માગી તેમણે છૂપું છૂપું સરઘસ કાઢ્યાનો અને સરકારની દમનનીતિનો વિજય થયાનો એક લાંબો લેખ 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા'માં પ્રસિદ્ધ થયો છે તેની જવાબદારી તો

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



સરકારની જ છે. સરદારનો આ કડક જવાબ અને 'ટાઈમ્સ'નો લેખ જોઈ ગવર્નર અને ગૃહમંત્રી ઠંડાગાર થઈ ગયા અને કેદીઓને તાકીદે છોડવા માટે હિંદી સરકાર ઉપર તેમણે દબાણ કરવા માંડયું. બીજી તરફથી સિવિલિયન અમલદારોનું મંડળ ઠેઠ સેક્રેટરી ઑફ સ્ટેટ સુધી પહોંચ્યું. આ તકરારમાં અઠવાડિયું થઈ ગયું. પણ કેદીઓ ન છૂટયા એટલે દેશી છાપાંઓ સરદાર ઉપર ઊતરી પડયાં કે અસહકારી થઈને તેમણે ગવર્નરની મુલાકાત માગી, તેની સાથે વાટાઘાટો કરી અને જેને માટે આટલા દિવસ લડત ચલાવી, આટલા લોકોએ કષ્ટ વેઠયાં તે રાષ્ટ્રધ્વજના સરઘસ માટે છેવટે પોલીસ અધિકારીની પરવાનગી માગી. એમ કરીને તેમણે સિદ્ધાંતની માંડવાળ કરી છે અને કૉંગ્રેસની આબરૂ હલકી પાડી છે. સ્વરાજ પક્ષના મોટા મોટા નેતાઓ પણ લગભગ આવી જ ટીકા કરવા લાગ્યા.

ચોમેરના આ વંટોળમાં સરદાર કેવું સમતોલપણું જાળવી રહ્યા હતા તે તેમના તા. ૧–૯–'૨૩ના રોજ નાગપુરથી મહાદેવભાઈને લખેલા ખાનગી કાગળમાંથી દેખાય છે :

"પ્રિય ભાઈ મહાદેવ,

"હું ભારે લડતમાં રોકાઈ ગયો છું. આપણી જીતની મહત્તા લડતની ભીતરમાં ન હોય તેને સમજાય એવી નથી. હું હમણાં મોં પર તાળું લગાવી બેઠો છું. સરકાર મૂંઝાઈ ગઈ છે. એક અક્ષર બોલતી નથી. 'પાયોનિયર'ની એક કૉપી તમને જોવા મોકલું છું. તમારે ત્યાં 'ટાઈમ્સ'ના લીડરને રડે છે, પણ એ બધું ખોટું છે. ખરી વાત વખત આવ્યે જ કહેવાય. પણ આપણા લોકોને અધીરાઈ અને અવિશ્વાસ બહુ છે. . . . મેં મારું સ્ટેટમેન્ટ બહાર પાડી આપણી ફતેહ જાહેર કરી, ત્યાર પછી સરકારનો બોલવાનો ધર્મ રહ્યો. પણ તેનાથી બોલાતું નથી. 'પાયોનિયર'નો રોષ તમે જોઈ લેશો. મને લાગે છે કે વિઠ્ઠલભાઈએ કાચું કાપ્યું. એ મુંબઈમાં જે બોલી પડયા તેનાથી સિવિલ સર્વિસમાં ખૂબ તરખાટ થયો છે.

"અહીંના કમિશનરને મેં ખૂબ સકંજામાં લીધો છે. એના તરફ અહીંના ઘણા સિવિલિયનો છે. સિવિલ સર્વિસની એક ક્લબ છે, તે આખી સરકારની વિરુદ્ધ થઈ ગઈ છે. એમને આ કામમાં સરકારની પૂરેપૂરી હાર દેખાઈ ગઈ છે. તેઓ કેદીઓને છોડવાની વિરુદ્ધ પડયા હોય એમ જણાય છે. અહીં તો કાંઈ વિરોધ ચાલ્યો નથી. પણ ઇન્ડિયા સરકારે માથું મારીને મામલો હાથમાં લીધો છે. બધો કેસ ત્યાં ગયો છે. બહારની આપણી લડત કરતાં અંદરની એમની આ લડતનો રંગ જોઈને મને ખૂબ રસ આવે છે.

'કેસરી' અને 'મરાઠા' મારા ઉપર ગાળોનો વરસાદ વરસાવી રહ્યાં છે. છતાં હું મૂંગો બેઠો છું. જ્યાં સુધી આપણા કેદી છૂટે નહીં ત્યાં સુધી બોલવાનો નથી. અહીં કેટલા દિવસ થશે એ કહેવું મુશ્કેલ છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

"હવે ઇન્ડિયા સરકાર શું કરે છે તે જોવાનું છે. જો ન છોડે તો સ્થાનિક સરકારની આબરૂ અને ઈમાન જવાનાં, અને છોડે તો સિવિલિયનો છેડાવાના. આ બધી ખૂબ ખાનગી બાબતો તમારી જાણ માટે લખું છું. કોઈ જગ્યાએ જાહેર ન થવી જોઈએ.

"લડતમાં કેમ અને કેવી રીતે જીત મળી એ તો ત્યાં આવીને કહીશ. કેદી છૂટવા ઉપર થોડો જ જીતનો આધાર છે? વાવટો લઈ સરઘસ સિવિલ લાઈન્સમાં પેસી ગયું તેમાં આપણી જીત તો થઈ છે. હવે કેદી ન છૂટે તોપણ મને કાંઈ ચિંતા નથી. માત્ર સરકારની ઇજ્જત જવાની અને એ માટે મારી પાસે પૂરો મસાલો ભરેલો પડચો છે. સરકારનો છેવટનો નિર્ણય થાય તે ઉપર રાહ જોઈ બેઠો છું.

"ધારાસભાથી કેદીઓ છૂટે એવું માનનારા ગુજરાતમાં પડેલ છે એથી મને ખૂબ અચંબો થાય છે. ધારાસભા ન હોત તો મામલો ક્યારનો પતી ગયો હોત. જોજો કોઈને કહેતાં વિચાર કરજો. હમણાં મારા ત્યાં આવતા સુધી કશું છાપાંમાં ન જવું જોઈએ. નહીં તો વળી મામલો બગડશે. મને લાગે છે કે વિઠ્ઠલભાઈએ મુંબઈમાં ન બાફ્યું હોત તો તા. ૨૨મીએ કેદીઓને લઈ અહીંથી વિદાય થયો હોત.

"પેલા કમિશનરે 'ટાઈમ્સ' વગેરેને ખબરો મોકલી આપેલી કે આપણા તરફથી પરવાનગી મેળવવા પોલીસ સુપરિન્ટેન્ડેન્ટને અરજી અપાયેલ, એને મેં પકડી પાડચો છે. એની છૂપી લડત ઉઘાડી પાડીને એનું મોં બંધ કર્યું છે. 'પાયોનિયર'ને સરકાર સામે ઉશ્કેરનાર એ જ છે. આમ અહીં થોડા દિવસ કેદી વધારે રહે છે પણ સરકારની મૂંઝવણનો પાર નથી એવો રંગ જમાવ્યો છે. જોઈએ હવે શું થાય છે. બે ત્રણ દિવસમાં પાર આવવો જોઈએ. પણ જ્યાં બે સરકાર વચ્ચે રસાકસી ચાલી છે ત્યાં વખત કેટલો જાય એ શું કહેવાય? માટે બધા જરા ધીરજ રાખજો."

પણ આખા દેશમાં લોકોની અકળામણ વધતી જતી હતી. ઘણાને લાગતું હતું કે સરદારે ભારે થાપ ખાધી છે. છેવટે એમણે મધ્ય પ્રાંતની સરકારને નોટિસ આપી કે હવે ચોવીસ કલાકમાં કેદીઓ નહીં છૂટે તો સરકાર સામે વિશ્વાસઘાતનો આરોપ મૂકી તેમની સાથે થયેલો તમામ પત્રવ્યવહાર પોતે પ્રસિદ્ધ કરશે અને સત્યાગ્રહનું આંદોલન ફરીથી શરૂ કરવામાં આવશે, તેની જવાબદારી સરકારની રહેશે. આ ઉપરથી ગવર્નર અને ગૃહમંત્રીએ સેક્રેટરી ઑફ સ્ટેટને તાર કર્યો કે, જો કેદીઓને તાબડતોબ નહીં છોડવામાં આવે તો અમને બન્નેને રાજીનામું આપવાની ફરજ પડશે. સરદારની નોટિસના ચોવીસ કલાક તો સવારે પૂરા થતા હતા, તે પહેલાં રાત્રે બે વાગ્યે સરદારને ખબર આપવામાં આવી કે સરકારે કેદીઓને છોડી મૂકવાનો હુકમ કર્યો છે. પેલો કમિશનર લાંબી રજા ઉપર ચાલ્યો ગયો અને ત્યાંથી પાછો જ ન આવ્યો.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



તા. ૩જી સપ્ટેમ્બરે કૃષ્ણજન્માષ્ટમીને દિવસે તમામ સત્યાગ્રહી કેદીઓને છોડી મૂકવામાં આવ્યા. તેઓ રાષ્ટ્રધ્વજ સાથે સિવિલ લાઈન્સના બધા વિસ્તારમાં સરઘસમાં ફર્યા. સાંજે નાગપુરમાં મોટી જાહેરસભા થઈ તેમાં સરદારે પોતાનું ભાષણ લેખી નિવેદનના રૂપમાં વાંચી સંભળાવ્યું. તેમાં સત્યાગ્રહના સિદ્ધાંતોનું નિર્મળ નિરૂપણ કર્યું, પોતા ઉપર થતી ટીકાઓના ખુલાસા આપ્યા અને લડતનો માનભર્યો અંત આણવાની નાગપુર સરકારની ઇચ્છાની પણ કદર કરી. સત્યાગ્રહી લડતનો અભ્યાસ કરવા ઇચ્છનારાઓએ આખું ભાષણ તેમનાં ભાષણોના પુસ્તકમાંથી વાંચી જવા જેવું છે.* અહીં તો તેમાંથી કેટલાક ઉતારા જ આપીશું :

“મનાઈ કરેલા વિસ્તારમાંથી સરઘસ પસાર થઈ ગયું અને લડતમાં જીત થયાનું જાહેર કરવામાં આવ્યું કે તરત આખો દેશ અને ખાસ કરીને ઍંગ્લો ઇન્ડિયન પત્રો હરેક પ્રકારના જૂઠા, બુદ્ધિભેદ કરનારા અને કપટી હેવાલોથી ઊભરાઈ ચાલ્યાં. દેશી છાપાંઓમાં મધ્ય પ્રાંતોના ના૦ ગવર્નર સાથેની અમારી મુલાકાત સંબંધી ટીકા પણ કરવામાં આવી છે. આ મુલાકાત શી રીતે થવા પામી તેમાં મને પોતાને ઓછું જ મહત્ત્વ દેખાય છે. અસહકારીઓ બાહ્યાચારને વળગી રહેનારા છે એવી જે સામાન્ય માન્યતા છે તે પાયા વગરની છે. હું પોતે તો શિષ્ટાચારી આમંત્રણની રાહ પણ ન જોઉં, જો પરસ્પર સમજૂતીની સાચી ઇચ્છા સામા પક્ષમાં જોઉં તો. પણ છૂટ-છાટ મૂક્યાના કે કૉલકરાર થયાના જે હેવાલો ને અફવાઓ ફેલાયાં છે તેનો આજે હું આ સ્થાનેથી, ચોક્કસ શબ્દોમાં ઇન્કાર કરું છું. એવા હેવાલોમાં બિલકુલ સત્ય નથી. અમે સરકાર સાથે કશી બાંધછોડ નથી કરી, કશા કૉલકરાર નથી કર્યા, તેમ કશી બંધણી પણ આપી નથી. ગવર્નર સાથે મુલાકાત તા. ૧૩મી ઑગસ્ટના રોજ થયેલી. એકબીજાના મુદ્દાઓ એકબીજાને રૂબરૂ કહેવાની એનાથી અમને તક મળી એટલું જ.”

પરવાનગી માગવાના આક્ષેપનો નીચે પ્રમાણે ખુલાસો કર્યો :

“સાધારણ સંજોગોમાં સરઘસ માટે પરવાનગી માંગવામાં બાધ ન હોય. તેમ કરવાની કૉંગ્રેસની બંધી નથી. પણ આટલી હદે લડત ચડ્યા પછી પરવાનગી માગવા જવું મારે માટે અશક્ય હતું. સરકાર તલવારની ધારે આપણી પાસે અરજી કરાવવા મથતી હોય ત્યારે જો હું અરજી કરું તો કૉંગ્રેસનું નાક જાય. . . . ડિસ્ટ્રિક્ટ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટના હુકમની વિરુદ્ધ ૧૮મી તારીખે મેં કેવી યોજના ઘડી છે તેની મેં એમને ખબર આપી. તેની અંદર એવું કશું જ નથી જેથી એ ખબરને પરવાનગી માગ-

* ‘સરદાર વલ્લભભાઈનાં ભાષણો’, કિં. રૂ. ૫-૦-૦, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



વાની અરજી કહી શકાય. . . . કાર્યક્રમમાં મોટો અને અસાધારણ ફેરફાર કરવામાં આવે અને તે પણ આખી લડત શરૂ થયા બાદ આ પહેલી જ વાર અને તેની ખબર જો હું ન આપું તો હું મારી ફરજમાં ચૂકું એ વિષે મને શંકા નથી. ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટ રણક્ષેત્ર છોડીને ચાલ્યા ગયા પછી પોલીસ પર અણધાર્યો છાપો મારવો એ અઘટિત ગણાત. મારી મતિ પ્રમાણે આવા પ્રકારના યુદ્ધમાં અણધાર્યા હુમલાની છૂટ ન હોય. . . . આપણાં પગલાંથી સરકારને આ પ્રતિકૂળ લડતમાંથી નીકળી જવાની અનુકૂળતા મળી હોય તો હું પોતે તો એ વાતથી ખુશ થાઉં કે સિદ્ધાંતનો કશો ભોગ આપ્યા વિના મેં સરકારની અડચણ કંઈક અંશે દૂર કરી અને તેને આબરૂભેર પાછા હઠવાનો માર્ગ કરી આપ્યો. હું ફરીને કહું છું કે સરકારને અરજી કરવામાં નથી આવી તેમ તેની પાસેથી પરવાનગી કે છૂટ પણ નથી મેળવવામાં આવી.”

નાગપુરના કમિશનરનાં કરતૂતો ખુલ્લા પાડતાં તેઓ જણાવે છે :

“ ૧૮મી તારીખના બનાવોના જે કપટભર્યા અહેવાલો ફેલાયા છે તે બધાનું મૂળ શોધી કાઢવાનો હું પ્રયાસ કરતો હતો. એ શોધ કરતાં મને એક વિચિત્ર પુરાવો મળી ગયો છે. . . . કલકત્તાના ‘સ્ટેટ્સમૅન’ પત્રના તા. ૨૧મી ઑગસ્ટના અંકમાં નાગપુરના કમિશનરનો તા. ૧૯મીનો મૂકેલો તાર છપાયો છે. એનું મથાળું છે: ‘સત્યાગ્રહ બંધ થયો’ ‘આગેવાનો સત્તા આગળ નમી પડ્યા.’ ‘ટાઈમ્સ ઑફ ઇન્ડિયા’ના ખબરપત્રીનો તે જ તારીખનો તાર તે પત્રના ૨૦મી ઑગસ્ટના અંકમાં ‘સરકારની આણ કબૂલ કરી’ એ મથાળા નીચે છપાયો છે. એ તાર તે કમિશનરના તારની શબ્દેશબ્દ નકલ છે. એ બે તારો ભેગા કરીને વાંચતાં ‘ટાઈમ્સ ઑફ ઇન્ડિયા’નો ખબરપત્રી તે કમિશનર છે કે નાગપુરનો કમિશનર તે ‘ટાઈમ્સ ઑફ ઇન્ડિયા’નો ખબરપત્રી છે એ કળી શકવું મુશ્કેલ નથી. ‘ટાઈમ્સ ઑફ ઇન્ડિયા’ની પેઠે ‘અમારા ખબરપત્રી તરફથી’ એમ છાપવાને બદલે ‘નાગપુરના કમિશનર તરફથી મળેલો તાર’ એમ છાપવામાં ‘સ્ટેટ્સમૅને’ કરેલી ગફલતને લીધે કમિશનર સાહેબ ઉઘાડા પડી ગયા છે. આ સાબિતી મળ્યા પછી પણ કેટલોક વખત તો હું માની જ ન શક્યો કે આવા ખબર તેમણે મોકલાવ્યા હોય. તપાસ કરતાં મને માલૂમ પડ્યું કે એ વાત સાચી છે. મને ખાતરી આપવામાં આવી છે કે નાગપુરના કમિશનરે ‘સ્ટેટ્સમૅન’ પર જે ખબર મોકલ્યા તેવી ખબર આપવાની તેમને સત્તા આપવામાં આવી નહોતી. ઉપરાંત મેં એ પણ જોયું છે કે કમિશનરના વર્તમાનપત્રોના સંબંધ અને એને લગતી એમની પ્રવૃત્તિ પર કાબૂ રાખવાનું સામર્થ્ય મધ્ય પ્રાંતની સરકારમાં નથી. પહેલાં પણ આ લડતને લગતા જ એક પ્રસંગે સરકારના કામમાં તમારે માથું ન મારવું એવો હુકમ છતાં પોતાની આ જાતની પ્રવૃત્તિથી તેમણે સરકારને મુશ્કેલીમાં ઉતારી હતી. . . . તેમના કામથી સરકારને દિલગીરી થઈ છે એ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



વિષે મને શંકા નથી. છતાં એટલું કહેવાની તો મારી ફરજ મને લાગે જ છે કે અંતે તો સરકાર કમિશનરના કૃત્યની જવાબદારીમાંથી નથી જ છટકી શકતી.”

નાગપુર સરકારની કદર કરતાં તે કહે છે:

“સરઘસને પસાર થવા દીધા પછી તમામ કેદીઓને છોડી મૂકવાની સરકારની ધાર્મિક ફરજ હતી. અને એ ફરજ અદા કરવા માટે હું મધ્ય પ્રાંતની સરકારનો આભાર માનું છું. . . . લડતનો માનભર્યો અંત આણ-વાની સરકારની શુભ ઇચ્છા હતી એ હું એકદમ કબૂલ કરું છું.”

નિવેદનના અંતમાં તેઓ જણાવે છે:

“હું તમને સાચેસાચું કહું છું કે આપણી જીત થઈ છે તેનું માન મને બિલકુલ નથી. બધું માન તમે જેલમાં કષ્ટો અને યાતનાઓ સહન કરીને આવ્યા છો તેમને અને જેઓ આ લડતને અર્થે સહન કરવાને તૈયાર હતા તેમને છે, તેમ જ આખી લડત દરમિયાન અથાક શ્રમ લેનાર અને અદ્‌ભુત વ્યવસ્થા બતાવનાર નાગપુરની કૉંગ્રેસ સમિતિને છે. . . . નિર્મળતા અને નિર્ભયતાનાં સાધનોથી મંડાયેલા આ ધર્મયુદ્ધનું પ્રજા ભવિષ્યમાં ગૌરવ સાથે સ્મરણ કરશે અને આ ધર્મયુદ્ધ સત્ય, અહિંસા અને આપભોગનાં શસ્ત્રોની શ્રેષ્ઠતા વિષે પ્રજામાં વધારે શ્રદ્ધાનો સંચાર કરશે.”

આમ વિરોધીઓ અથવા બહારના ટીકાકારોને સરદારે ગૌરવભરી રીતે બરાબર જવાબો આપ્યા અને તે જવાબો આપવા સહેલા હતા. પણ સ્વરાજ પક્ષના પં૦ મોતીલાલજી જેવા આગેવાનોએ પણ સરદારે માંડવાળ કરી એવા આક્ષેપો કર્યા હતા એ ઘરનો ઘા દુઃસહ હતો. છતાં તેમને પણ જવાબ તો આપવો જ જોઈએ. નાગપુરથી છૂટી આવેલા સૈનિકોને માન આપવા અમદાવાદમાં મોટી જાહેરસભા થઈ તેમાં આ વિષે બોલવાની તેમણે તક લીધી. તેમણે વિનમ્ર ભાવે કહ્યું:

“પં૦ મોતીલાલજીએ મારા કામ ઉપર ટીકા કરી હોય તો હું તો તેમની આગળ બચ્ચું છું. તેમના ત્યાગની, તેમની દેશસેવાની કિંમત હું શી રીતે આંકી શકું? મારા જેવા કાચા સિપાઈની ભૂલ જણાય ત્યાં ભૂલ બતાવવાનો તેમના જેવા અનુભવીનો હક છે. પણ આ કામમાં શરૂઆતથી તે આખર સુધી મારા મોટા ભાઈ વિઠ્ઠલભાઈ મારી સાથે હતા. એક વિરુદ્ધ વિચારના આગેવાન પણ મારી સાથે છે એ વિચારથી મને સંતોષ હતો. આ લડતમાં જીત થઈ હોય, મગરૂર થવાનું કારણ મળ્યું હોય તો તેનું માન જેમણે કષ્ટો સહન કર્યાં અને જેઓ સહેવા તૈયાર હતા તેમને છે. પણ જીત ન મેળવી હોય, લડત બંધ કરવામાં ભૂલ થઈ હોય અને શરમાવા જેવું થયું હોય તો તેની જવાબદારી મારી છે. મેં લડત બંધ કરી તે મારી



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



પાસે સૈનિકો નહોતા તેથી નહીં. મારી પાસે તો છેલ્લે દિવસે પણ ૧૪૮ સૈનિકો હતા. વધારેને આવતા અટકાવવાનો મારે પ્રયત્ન કરવો પડતો, છતાં રોજ ને રોજ માણસો આવતા ને સ્ટેશન પર પકડાતા. મને પકડે તોપણ પંદર હજાર માણસો આવ્યે જાય એમ હતું તે સરકાર જાણતી હતી. એટલે મારે લડત સંકેલવાનું કાંઈ કારણ નહોતું.

"ખ્રિસ્તી લોકોના દેવળ આગળ શાન્તિ જાળવવી અને અંગ્રેજ લોકોના ઘર આગળ જઈને રાડો ન પાડવી એવી સૂચના સ્વયંસેવકોને આપવામાં મેં સભ્યતાને અનુસરીને કામ કર્યું છે. આપણે અંગ્રેજોને બતાવવું હતું કે તમારી વાજબી લાગણીઓની આડે આવવા અમે નથી માગતા. સરકારનું અસત્ય હતું તેટલાનો આપણે વિરોધ કર્યો. પણ સરકારી મકાનો પર ઝંડો ફરકાવવાનો આપણો ઇરાદો હોય તો હું કહું છું કે આપણે હારી ગયા.

"જેમની લડવાની રીત જુદી છે તેમને આમાં ભૂલ જણાય. હું તો ખેડાની લડતમાં નવ મહિના મહાત્માજીની સાથે હતો. તેઓ કાંઈ પણ પગલું ભરતાં પહેલાં સરકારને ખબર આપતા અને પછી પગલું ભરતા. હું જો પહેલેથી નાગપુરમાં હોત તો જરૂર અરજી કરીને પરવાનગી માગત. પણ સરકાર ના જ પાડત એનો ચોક્કસ પુરાવો મારી પાસે છે. છઠ્ઠી એપ્રિલે જબલપુરમાં સુંદરલાલને સિવિલ લાઈન્સમાં પરવાનગી વિના જતા રોક્યા ત્યારે તેમણે તરત જ અરજી લખી આપેલી. પણ તેમને ના પાડવામાં આવેલી. નાગપુરમાં તો પરવાનગીની વાત પાછળથી આવી. પહેલાં તો એક માણસ — એક બાઈ પણ — વાવટો લઈને ન જઈ શકતું. સરકારનો હુકમ કાયમ રહ્યો તેના છેલ્લા દિવસ અને છેલ્લી મિનિટ સુધી હું એની સામે લડ્યો. પણ જ્યારે મૅજિસ્ટ્રેટ ઘરમાં પેસી ગયા અને પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ આગળ આવ્યા ત્યારે તેમને મેં જણાવ્યું કે તમારી સાથે હવે આ રીતે લડશું. આટલા હજાર સૈનિકોને છોડ્યા પણ એકને પણ એમ કહેવાની હિંમત સરકારની નથી ચાલી કે હવે આવું ન કરશો. સરકાર જાણે છે અને દુનિયા જાણે છે કે આ લોકો ફરી આમ ને આમ જ કરવાના છે."

સરદારની ઉપરની ચોખવટથી જેઓ સમજવા ઇચ્છતા હતા તેઓ તો આખી પરિસ્થિતિ સમજ્યા અને તેમને સંતોષ થયો; પણ મધ્ય પ્રાંતના ગોરા સિવિલિયનો ખૂબ છંછેડાયા. આમે ગવર્નરે અને હોમ મેમ્બરે લીધેલા વલણથી તેઓ ઊકળી રહેલા તો હતા જ. એટલે તેમણે સેક્રેટરિયેટમાં દબાણ કરીને ચીફ સેક્રેટરી પાસે એક યાદી બહાર પડાવી અને તે યાદી પ્રમાણે પોલિટિકલ ડિપાર્ટમેન્ટનો સરકારી ઠરાવ તા. ૮–૯–'૨૩ના રોજ પ્રસિદ્ધ કરાવ્યો. સેક્રેટરિયેટમાં આ કારસ્તાનો ચાલતાં હતાં એટલે હોમ મેમ્બરે પોતાની સ્થિતિની સ્પષ્ટતા કરવા શ્રી વિઠ્ઠલભાઈની સાથે મળીને બંનેનું સંયુક્ત નિવેદન બહાર પાડ્યું. એ નિવેદન બરાબર હતું અને સરદારને એની સામે લવલેશ પણ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



વાંધો નહોતો. પણ પેલા સરકારી ઠરાવમાં, બનેલી બીનાઓને વિકૃત રૂપ આપી નીચે પ્રમાણે રજૂ કરવામાં આવી હતી :

"૧. નામદાર ગવર્નર સાથેની તા. ૧૩મી ઓગસ્ટની મુલાકાતમાં પટેલ બંધુઓ ગવર્નરના આમંત્રણથી મળવા ગયા હતા તે વાત ખોટી છે.

"૨. ત્યાર બાદ હોમ મેમ્બર સાથે થયેલી મુલાકાતોમાં હોમ મેમ્બરે શ્રી વલ્લભભાઈ પટેલને સ્પષ્ટ કહેલું કે અમુક અમુક શરતોએ જ મનાઈ કરેલા વિસ્તારમાં સરઘસ લઈ જવાની પરવાનગી આપવામાં આવશે અને તે માટે તમારે સ્થાનિક અધિકારીને અરજી કરવી પડશે. તે શરતો કબૂલ કરીને શ્રી વલ્લભભાઈ પટેલે અરજી કરી એટલે તેમને સરઘસ લઈ જવા દેવામાં આવ્યું.

"૩. ૧૮ મી ઑગસ્ટના સરઘસને જે શરતોએ જવા દેવામાં આવ્યું તેની વિરુદ્ધ જઈને છૂટેલા કેદીઓ નાગપુર ધ્વજ સત્યાગ્રહમાં ભાગ નહીં લેશે એવી કબૂલાત આપવાથી સરકારે રહેમ બતાવી કેદીઓને છોડી મૂકયા. એ કેદીઓમાં બહુ મોટા ભાગના તો ચળવળ વિષે કશું સમજતા નહીં એવા ખોટે રસ્તે દોરવાયેલા જુવાનિયાઓ હતા."

નાગપુરના પેલા કમિશનરની પીઠ થાબડવામાં ન આવે અને વર્તમાનપત્રો બાબતમાં એણે સરકારી નોકરના અધિકાર બહારની રમેલી મેલી રમતનો બચાવ ન કરવામાં આવે તો એ શેનો જંપે એટલે ઠરાવમાં તેને વિષે લખવામાં આવ્યું :

"નાગપુરના કમિશનર મિ. ક્લાર્કની સારી દોરવણી નીચે બધા અમલદારોએ પોતાનાં જવાબદારીવાળાં વધારાનાં કામોનો બોજો આ કસોટીના સમયમાં બહુ બાહોશીથી ઉઠાવ્યો છે તેની સરકાર ભારે કદર કરે છે. નાગપુરના કમિશનરને તો આ ચળવળને અંગે પ્રકાશનનું કામ પણ સોંપવામાં આવ્યું હતું."

એ તેમણે કેવી રીતે બજાવ્યું હતું એ તો સરદારે પોતાના નિવેદનમાં બરાબર ઉઘાડું પાડયું છે. છતાં ભલે તેની પીઠ થાબડી એની સાથે આપણે નિસ્બત નથી. સરદારે ઠરાવમાં કરેલા બીજા આક્ષેપોનો સચોટ જવાબ વાળ્યો અને એ રીતે આ લડતની કેટલીક બાબતો અંધારામાં રહી જાત તે પ્રકાશમાં આવી. તેમના જવાબના મુદ્દા નીચે ટૂંકમાં આપ્યા છે :

"શ્રી વિઠ્ઠલભાઈ પટેલ અને હોમ મેમ્બરે તેમના સંયુક્ત નિવેદનમાં કહ્યું છે તે સાચું છે કે બેમાંથી એકકે પક્ષે એકકે મુલાકાતનો કશો જ અહેવાલ પ્રસિદ્ધ કરવાનો નહોતો. પણ મધ્ય પ્રાંતની સરકારે મને એ બંધનમાંથી હવે મુક્ત કર્યો છે. નીચે જે હકીકતો આપું છું તેમાંથી એકનો પણ સરકાર ઇનકાર કરશે તો હું આખો પત્રવ્યવહાર પ્રગટ કરીશ, એટલું જ નહીં, પણ મુલાકાતોનો મને યાદ રહ્યો હશે એટલો બધો અહેવાલ પણ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



પ્રગટ કરીશ. સરકારે જે મુલાકાતોને ખાનગી રાખવાનું વચન આપેલું તે મુલાકાતોનો હેવાલ તેમાંની હકીકતોને મારી મચડીને તદ્દન ઊંધી રીતે રજૂ કરી તેણે વિશ્વાસનો ભંગ કર્યો છે. મધ્ય પ્રાંતની સરકાર વિષે મારા પર કાંઈક સારી છાપ પડી હતી. પણ હવે મને એના પર દયા છૂટે છે.

“પ્રથમ, ગવર્નર સાથેની મુલાકાત વિષે શ્રી વિઠ્ઠલભાઈ પર ચીફ સેક્રેટરીનો એક કાગળ આવ્યો. તેમાં પોતાને મળી પરિસ્થિતિની ચર્ચા કરવાનું અમને આમંત્રણ હતું. તે પ્રમાણે અમે બંને તેમને મળ્યા. વાતચીતમાં એવી સૂચના કરવામાં આવી કે અમારે ગવર્નરની મુલાકાત લેવી. અમે તેનો કશો જવાબ નહીં આપેલો. બીજે દિવસે શ્રી વિઠ્ઠલભાઈ ઉપર ચીફ સેક્રેટરીની ચિઠ્ઠી આવી કે જો તમારે ગવર્નરને મળવું હોય તો તેઓ સાહેબ તમને રેસિડેન્સીમાં આવતી કાલે સવારે અગિયાર વાગ્યે મળવા ખુશી છે. તે પ્રમાણે અમે મળવા ગયા. તેમની સાથે લગભગ ત્રણ કલાક સુધી આખી પરિસ્થિતિની ચર્ચા કરી. મુલાકાત માટે મોઢાની કે લેખી અરજી અમે કદી આપી નહોતી.

“બીજી વાત સરઘસની પરવાનગી વિષે. અમે પરવાનગી માટે અરજી આપી નથી તેનો પ્રત્યક્ષ પુરાવો પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ ઉપરનો મારો કાગળ છે. શ્રી વિઠ્ઠલભાઈ ધારાસભાની બેઠક થઈ તે પહેલાં હોમ મેમ્બરને મળેલા. હોમ મેમ્બરે વિઠ્ઠલભાઈને લખેલું કે કૉંગ્રેસ સમિતિ વતી કોઈ પણ માણસ ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટની પરવાનગી માગશે તો સરકાર સરઘસને પસાર થવા દેશે. અમે તરત જવાબ આપ્યો કે ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટના હુકમને લીધે તો આ સત્યાગ્રહનો જન્મ થયો છે. અમે એવી કંઈ અરજી કરી શકીએ એમ નથી. સરકારી ઠરાવમાં અમે પોલીસ સુપરિન્ટેન્ડેન્ટને અરજી કરી એવું જે સૂચન છે તે સાવ ખોટું અને કેવળ બુદ્ધિભેદ ઉત્પન્ન કરનારું છે.

“ત્રીજું, કેદીઓ છૂટ્યા પછી નાગપુર રાષ્ટ્રધ્વજની લડતમાં અમુક શરતોએ જ ભાગ લેશે એવી અમે કબૂલાત આપી એમ જે કહેવામાં આવ્યું છે તે તદ્દન પાયા વિનાનું છે અને દેખીતાં કારણોસર હેતુપૂર્વક કહેવામાં આવ્યું છે.

“એક પણ બાબત વિષે નહોતી સરકારે અમને કબૂલાત આપી, નહોતી અમે સરકારને કબૂલાત આપી. પહેલાં તો શ્રી વિઠ્ઠલભાઈ જ હોમ મેમ્બરને મળતા. પાછળથી હોમ મેમ્બરે ધારાસભાના પોતાના ભાષણમાં સ્પષ્ટ શબ્દોમાં વિષ્ટિને માટે લગભગ નોતરું આપ્યા જેવા ઉદ્‌ગારો કાઢ્યા તે જોઈને કૉંગ્રેસની કારોબારી સમિતિએ મને વિષ્ટિ કરવાની સલાહ આપી. ત્યારથી હું હોમ મેમ્બરને મળવા લાગ્યો. આ બધી મુલાકાતો પરસ્પર વિશ્વાસના તત્ત્વ પર ચાલેલી અને એ વાત બંને પક્ષ વચ્ચે અનેક વખત સ્પષ્ટ કરવામાં આવી હતી. પણ ચીફ સેક્રેટરીએ તો એ મુલાકાતોનો એકપક્ષી અને સત્યને મારીમચડીને વિકૃત અર્થ કર્યો છે. અમે લખેલા અને અત્યારે સરકારના

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



કબજામાં રહેલા **બધા** કાગળો (સરકારની મરજી પડે એટલા જ નહીં) પ્રસિદ્ધ કરવા સામેનો અમારો વાંધો અમે ઉઠાવી લઈએ છીએ, અને સરકારના અમલદારોના જે કાગળો અમારી પાસે છે તે અમે બહાર પાડીએ તેમાં એમને કશો વાંધો ન હોઈ શકે એવો અમે દાવો કરીએ છીએ.”

આમ સરકારને સાફ સાફ જવાબ આપી દઈ તેમના અમલદારોનાં મોં બંધ કરી દીધાં. તેઓ પછીથી કશું બોલ્યા નહીં. પણ જે રીતે આ લડતનો અંત આવ્યો તે રીત સત્યાગ્રહના સિદ્ધાંત પ્રમાણે જોકે સોએ સો ટકા શુદ્ધ હતી છતાં તે વખતે લોકોનો મોટો ભાગ એ સિદ્ધાંત સ્પષ્ટતાથી સમજ્યો નહોતો. આપણા કેટલાક નેતાઓ અને રાષ્ટ્રીય ગણાતાં વર્તમાનપત્રો પણ શંકાકુશંકાઓ ઉઠાવ્યાં કરતાં હતાં અને લડતમાં આપણી જીત થઈ કે કેમ તેની ચર્ચા કરતાં હતાં. પોતાને અસહકારી માનતા કેટલાક સુશિક્ષિત લોકોના મનમાં પણ એવો ખ્યાલ ભરાયેલો હતો કે સરકાર સાથે લડત ચાલતી હોય ત્યારે તેની સાથે વિષ્ટિ ચલાવવી એ શરણે જવા જેવું છે, તેમાં અસહકારના સિદ્ધાંતનો ત્યાગ થાય છે. છેક દક્ષિણ આફ્રિકાથી ગાંધીજી તો કહેતા અને કરતા આવ્યા હતા કે કોઈ પણ લડતમાં, અને હિંસાત્મક લડત કરતાં અહિંસાત્મક લડતમાં વિશેષે કરીને, તહનામાં, વાટાઘાટો, વિષ્ટિ અને કોલકરારને માનભર્યું સ્થાન છે. સત્યાગ્રહી પોતાનો સિદ્ધાંત અને સ્વમાન જાળવીને જેટલી થઈ શકે તેટલી સગવડ પ્રતિપક્ષીને કરી આપશે, તેની જેટલી અગવડો દૂર કરી શકાય તેટલી અગવડો દૂર કરવા પ્રયત્ન કરશે. પોતાના સિદ્ધાંત અને સ્વમાન સાચવીને તે સમાધાન માટે હમેશાં ઝંખતો હશે. વિજયનું માન પ્રતિપક્ષીને કેટલો નમાવ્યો તે ઉપરથી કાઢવાનું નથી પણ સત્ય કેટલું આગળ આવ્યું, લડનારાની શુદ્ધિ કેટલી થઈ, તેનું આત્મબળ કેટલું વધ્યું, તેનામાં આત્મવિશ્વાસ કેટલો આવ્યો એ ઉપરથી કાઢવાનું છે. આ લડતમાં આપણા સૈનિકોએ પોલીસ ખાતાના અને જેલ ખાતાના અમલદારો ઉપર જે સારી છાપ પાડી અને બહાર આવીને તેમણે જાહેરસભામાં સરદારને કહ્યું કે, ‘જેલના આકરા અનુભવો છતાં અમારો ઉત્સાહ લેશ પણ મંદ થયો નથી, બલ્કે વધ્યો છે. માટે સ્વરાજને માટે જેલનાં અથવા બીજાં કષ્ટો અમારે ફરી પાછાં વેઠવાનાં આવે એવાં કામ અમારે માટે જલદી જલદી કાઢજો,’ એમાં આ લડતની મોટામાં મોટી જીત હતી.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

## ૨૨

# બોરસદના બહારવટિયા અને હૈડિયા વેરો

નાગપુર પ્રકરણમાં સરકારની છેલ્લી યાદીનો જવાબ આપી સરદાર દિલ્હીની ખાસ મહાસભામાં ગયા. એ દરમિયાન બોરસદમાં સરદાર માટે એક બીજું કામ તૈયાર થઈ રહ્યું હતું. એ તાલુકામાં બહારવટિયાનો ત્રાસ બહુ વધી પડ્યો હતો અને ખૂન તથા લૂંટના ગુનાનું પ્રમાણ વધી ગયું હતું. પોલીસ એવા રિપોર્ટ કર્યા કરતી હતી કે લોકો બહારવટિયાઓને આશ્રય આપે છે અને છુપાવામાં મદદ કરે છે, એટલે એમને પકડી શકાતા નથી. લોકોનો સામો આક્ષેપ એવો હતો કે પોલીસ બહારવટિયા સાથે ભળી ગઈ છે અને એ જ લૂંટો કરાવે છે. સ્થાનિક અમલદારોનો અભિપ્રાય એવો હતો કે બહારવટિયાઓને પકડવા માટે તાલુકામાં વધારાની પોલીસ મૂકવી જોઈએ અને તેનું ખર્ચ લોકો ઉપર દંડ નાખીને વસૂલ કરવું જોઈએ. આ ઉપરથી સરકારે તા. ૨૫–૯–'૨૩ના રોજ ઠરાવ બહાર પાડીને રૂા. ૨૪૦,૦૭૪નો દંડ તાલુકા ઉપર નાખ્યો અને સોળ વર્ષથી ઉપરની ઉંમરનાં દરેક સ્ત્રી પુરુષ પાસેથી, ઘરડાં અને અપંગને પણ બાદ રાખ્યા વિના, જણ દીઠ રૂા. ૨–૭–૦ વસૂલ કરવાનું ઠરાવ્યું. લોકોએ આ દંડનું નામ હૈડિયા વેરો પાડ્યું. તેમને આ દંડ દાઝ્યા ઉપર ડામ જેવો લાગતો હતો. દિલ્હીની મહાસભામાંથી સરદાર અમદાવાદ આવ્યા કે તરત બોરસદના લોકો એમની પાસે ફરિયાદો કરતા ઊભરાવા માંડ્યા. તેમણે તા. ૨૦–૧૦–'૨૩ના રોજ પ્રાંતિક સમિતિની બેઠક બોલાવી અને આ 'પ્યુનિટિવ' — સજા-પોલીસની બાબતમાં સ્થળ ઉપર જઈ તપાસ કરી રિપોર્ટ કરવા શ્રી મોહનલાલ પંડ્યા તથા શ્રી રવિશંકર મહારાજની કમિટી નીમી. તેમણે તરત બોરસદ તાલુકામાં પહોંચી જઈ ગામેગામ ફરી બહુ ઝીણવટથી તપાસ કરી પોતાનો રિપોર્ટ તૈયાર કર્યો. દરમિયાન સરદારે પણ અમદાવાદ બેઠે તપાસ કરી લીધી. આખા ખેડા જિલ્લાના લોકોના તેમ જ સરકારી ખાતાંઓની તમામ ખૂંચખાંચોના તેઓ પાકા ભોમિયા હતા. એટલે સરકારની પોલ પકડી પાડતાં તેમને વાર ન લાગી. અને આપણો કેસ તદ્દન સાફ અને ચોટડૂક છે એવી તેમની પાકી ખાતરી થઈ ગઈ. પછી આ બાબતમાં શાં પગલાં ભરવાં એનો વિચાર કરવા તા. ૨–૧૨–'૨૩ના રોજ બોરસદ તાલુકાની પરિષદ બોરસદમાં બોલાવી. તેને આગલે દિવસે ગુજરાત પ્રાંતિક સમિતિની બેઠક પણ ત્યાં જ રાખી.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



કમિટીએ તપાસ એ કરવાની હતી કે આ બહારવટિયા કોણ છે? તેઓ શું કામ બહારવટે નીકળ્યા છે? તેઓ કેવા ગુના કરે છે? પોલીસ તેમને કેમ પકડી શકતી નથી? લોકોનું પોલીસ કેમ રક્ષણ કરતી નથી? સરકાર બધો દોષ રૈયતને માથે કેમ ઓઢાડે છે? લોકોને આ સજા-પોલીસ સામે કેટલો વિરોધ છે? લોકો દંડ ભરવા રાજી છે કે કેમ?

લોકોની કેફિયતો લઈ આ બધા મુદ્દા ઉપર વિગતોથી ભરપૂર રિપોર્ટ કમિટીએ રજૂ કર્યો. તેનો સાર નીચે મુજબ છે:

બાબર દેવા નામનો પાટણવાડિયો ગોળેલ ગામનો વતની હતો. ગુનાખોર કોમોને લગતા કાયદા (ક્રિમિનલ ટ્રાઇબ્સ ઍક્ટ) મુજબ તેને સવાર તથા સાંજ બે વખત પોલીસ આગળ હાજરી ભરવાની હતી. તેમાં કોઈ કારણસર એક દિવસ તેનું મીંડું પડયું અને તે બદલ છ માસ જેલમાં જવાનો પ્રસંગ ઊભો થયો. એટલે તે છટક્યો અને નાની નાની ચોરીઓ કરતાં તેણે રખડતા ફરવા માંડ્યું. પોલીસે ગામલોક ઉપર તેને પકડી આપવાનું દબાણ કરવા માંડ્યું. એક માણસ એની માને રોજ કહેવા લાગ્યો કે બાબર પકડાય તો આખા ગામ ઉપરથી ત્રાસ જાય. માએ છોકરાને આ બધી હકીકત કહી એટલે બાબરે જવાબ આપ્યો કે કાલે હું ઘેર રહીશ. પેલો માણસ તે દિવસે પણ આવ્યો એટલે બાબરે એનું નાક કાપી લીધું અને પોતે નાઠો. ત્યારથી એ બહારવટિયો બન્યો અને લૂંટો કરવા માંડી. પછી તો એ ઘોડી, બંદૂક વગેરે રાખતો થયો અને મોટી ટોળી જમાવી. તેણે કુલ પચીસેક ખૂન કરેલાં. લૂંટ કરવા માટે તો એને મારઝૂડ કે ખૂન કરવાના પ્રસંગ ક્વચિત જ આવતા, પણ પોલીસને કોઈ પોતાની બાતમી આપે છે એવી ખબર પડતાં કે એવો વહેમ આવતાં તે એવા માણસને સાફ કરી નાખતો. પોતાની સ્ત્રી અને કેટલાંક સગાં પોતાને પકડાવી દેવાના કાવતરામાં સામેલ છે એવો વહેમ આવતાં તેમનાં પણ ખૂન કરેલાં. બાતમી આપનાર અગર પુરાવો આપનાર કેટલાંકનાં તો બહુ ઘાતકી રીતે ખૂન કરેલાં. કોઈને ઝાડ સાથે ખીલા ઠોકી મારી નાખવામાં આવેલ, તો કોઈનું નાક કાપી લેવામાં આવેલ. આથી લોકો થથરી ગયા. પોલીસ તો એટલે સુધી ફૂટી ગઈ હતી કે બાતમીનો ઉપયોગ કરી બહારવટિયાઓને પકડવા જવાને બદલે તેમને અગાઉથી ચેતાવી દેતી અને કેટલીક વાર તો બાતમી આપનારનાં નામ પણ આપી દેતી. એના ઘણા દાખલા તેમણે પોતાના રિપોર્ટમાં આપ્યા. તેમાંનો એક નમૂના દાખલ અહીં આપું છું. એક રજપૂતે બયાન આપેલું કે નોંધણા અને અમલપર ગામની સીમમાં એક ખેતરમાં બાબર દેવા અને બીજા બહારવટિયા બેઠેલા હતા, તેમને બોરસદ તાલુકાના એક જથાના ફોજદારને તથા પોલીસ પાર્ટીને તે જગ્યાએ લઈ જઈને પાસેના જ ખેતરમાં

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



રહીને મેં બતાવ્યા અને કહ્યું કે પકડો એમને. એ લોકો સાત આદમી હતા અને પોલીસની સંખ્યા વધારે હતી છતાં પોલીસ ત્યાં ગઈ નહીં એટલું જ નહીં, પણ તેમને ચેતવીને નસાડી મૂકવાની પોલીસે યુક્તિ કરી. ખેતરમાં ઊભેલા એક ગરીબ ઢેડને ફોજદારે મારવા માંડ્યો. ઢેડે બૂમો પાડી કે, પોલીસ મને મારે છે. આ બૂમો સાંભળી બહારવટિયા ચેત્યા અને ત્યાંથી ભાગ્યા. પોલીસ બહારવટિયાઓ સાથે મળી ગઈ હતી એમ કહીએ તો ચાલે. બાતમી આપવા ખાતર પ્રજાનાં કેટલાંયે માણસ મરાયાં, છતાં નવાઈની વાત એ હતી કે પોલીસમાંથી કોઈ મરાયું નહોતું. મોટા મોટા અમલદારોનું બહારવટિયા આગળ કાંઈ ચાલતું નહીં તેનો એક દાખલો તેમણે રિપોર્ટમાં આપ્યો છે. એક ફર્સ્ટક્લાસ મૅજિસ્ટ્રેટ વાસદથી બોરસદ જતા હતા ત્યાં વાટમાં બહારવટિયો મળ્યો. મૅજિસ્ટ્રેટ પાસે બંદૂક હતી તે બહારવટિયાએ થપ્પડ મારીને પડાવી લીધી. જાન બચાવવા મૅજિસ્ટ્રેટ સાહેબે કાલાવાલા કર્યા ને કહ્યું કે હું તો કારકુન છું.

બાબર દેવા ઉપરાંત અલી નામનો બોરસદ ગામનો એક મુસલમાન બહારવટિયો પણ તે વખતે લૂંટો ચલાવતો હતો. એ પણ પહેલાં તો બહારવટિયો નહોતો. જમીનની કાંઈક તકરારમાં તેણે બોરસદ ગામની સીમમાં કેરીઓની તકરારમાં ભરબપોરે એક વકીલનું ખૂન કરેલું ને પછી નાઠેલો, તે બહારવટિયો થયો. ઉત્તરસંડાનો એક માણસ તેનો સાગરીત હતો, તે એની લૂંટનો માલ રાખતો અને તેને આશ્રય આપતો. પોલીસની લાલચથી કહો કે બીકથી આ માણસ ફૂટ્યો અને એણે દગો કરીને અલીને પકડાવી દીધો. પણ પછી એ ગભરાયો એટલે એણે અલીને છોડાવવાની એક યુક્તિ કરી. અલી કાચી જેલમાં હતો ત્યાં એની સાથે સંતલસ કરીને પોલીસને કહ્યું કે, જો અલીને અહીંથી નાસી જવા દઈએ તો એ બાબરિયાને પકડાવી આપવા કબૂલ થાય છે. પોલીસને આ પેચ પસંદ પડ્યો અને અલીને છટકી જવાની ગોઠવણ કરી આપી. બહાર નીકળ્યા પછી અલીએ બાબરને ફસાવવા માટે અમુક જગ્યાએ મળવા બોલાવ્યો, પણ બાબરને કાવતરાની ગંધ આવી ગઈ હતી એટલે એ ત્યાં ગયો જ નહીં. અલીએ પોલીસને કહ્યું કે, બાબર મારા ઉપર વહેમાયો છે, પણ મને લૂંટો ચલાવવા દો એટલે એનો વહેમ નીકળી જશે અને હું એને પકડાવી દઈશ. પોલીસે આ વાત સ્વીકારી એટલે અલીને તો લૂંટો કરવાનો પરવાનો મળ્યો. તેમાંથી પોલીસને પણ સારી રીતે ભાગ મળવા લાગ્યો, એટલે એમણે તો એને બંદૂકો અને કારતૂસો પણ પૂરાં પાડવા માંડ્યાં.

હવે સજા-પોલીસ તાલુકામાં શું કરતી હતી તેનો રિપોર્ટ જોઈએ. ઘણુંખરાં ગામે ઓછામાં ઓછા પાંચ પોલીસના માણસ મૂક્યા હતા. મોટાં

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ગામોમાં વધારે હતા. તેમનો ત્રાસ ગામડાંમાં ઘણો હતો. રિપોર્ટમાં લખ્યું છે કે, આસોદર ગામમાં અમે પહોંચ્યા ત્યારે જોયું કે સવારથી પાંચ પોલીસ, એક જમાદાર અને બાર ઢેડ સીમમાં નીકળી પડેલા હતા. તેઓ ઘાસના પૂળાની ગંજી દેખે ત્યાંથી પૂળા લેતા હતા. પાટીદારના પાંચ અને બારૈયાના ત્રણ લેવાનો નિયમ કર્યો હતો. પૂળા સારા કડબના લેતા. આમ લગભગ દોઢસો પૂળા ભેગા કર્યા. અમે તેની નોંધ કરી. ગામમાં એક માણસ શાક વેચવા બેસતો, તેની પાસેથી આ લોક રોજ શાક લેતા. આજે વધારે માગ્યું અને પેલાએ આપવાની ના પાડી એટલે એને દંડો માર્યો. વાઘરીઓની વાડીએથી દરરોજ પાંચ શેર જેટલું શાક લાવતા. કોઈ વાર આપવાની ના પાડે તો ગાળો દેતા. કુંભારવાડામાં પણ એમનો ભારે ત્રાસ હતો. દરરોજ દસબાર બેડાં પાણી ભરવાના કુંભાર લોકોના વારા કર્યા હતા.

રિપોર્ટને અંતે જણાવ્યું હતું કે :

"તાલુકાનાં ઘણાં ગામે અમે જાતે ફર્યા અને ખૂબ બારીક તપાસ કરી. આ તપાસને અંતે અમારા હૃદયની ખાતરી થઈ છે કે પ્રજાનો મોટો ભાગ, ઘણો મોટો ભાગ, તદ્દન નિર્દોષ છે. . . . બહારવટિયા રાતે લૂંટે છે, પોલીસ ધોળે દિવસે લૂંટે છે, અને આ કાયદેસર ગણાતી લૂંટની સાથે પ્રજાને મેશનો ચાંલ્લો કરે છે. સરકાર કહે છે કે પ્રજા બહારવટિયાને સંઘરે છે, તેમને આશરો આપે છે, તેમને ખાવાનું આપે છે. પ્રજા કહે છે કે પોલીસ ફૂટેલી છે, બહારવટિયાઓને બંદૂકો આપે છે, ટોટા પૂરા પાડે છે અને લૂંટના માલમાંથી ભાગ પડાવી ખિસ્સાં તર કરે છે."

સરદારે આ દંડનો ઇતિહાસ અને દંડની બાબતમાં નીચેથી ઉપર સુધીના અમલદારોના રિપોર્ટો મેળવ્યા હતા. તેનો સાર તાલુકા પરિષદના પોતાના ભાષણમાં કહેલો તે ઉપરથી આખા કેસનો ખ્યાલ આવે છે :

"જ્યારથી બાબર બહારવટે ચડ્યો ત્યારથી એક પોલીસ થાણું સરકારે ગોળેલ ગામે મૂકેલું. ત્યાર પછી પોલીસનો એવો રિપોર્ટ થયો કે ખડાણા અને જોગણ નામના બે ગામના પાટણવાડિયા અને બારૈયા બાબર દેવાની ટોળીને મદદ કરે છે, એટલે એ ગામે થાણાં બેસાડવામાં આવ્યાં. અને તેનું ખર્ચ દંડ તરીકે એ બે ગામો ઉપર લાદ્યું. આ સજા-પોલીસે લોકોનું કેવું રક્ષણ કર્યું તે જુઓ. જોગણ ગામમાં જ બાબર દેવાએ શીભાઈ નામના માણસનું તેના ઉપર બાતમી આપવાનો વહેમ જવાથી ધોળે દિવસે ખૂન કર્યું. છતાં પોલીસનો રિપોર્ટ કાયમ રહ્યો કે, લોકો બહારવટિયાઓની બાતમી આપતા નથી ગોળેલમાં તો બહારવટિયાઓએ એક વાર પોલીસના માણસો ઉપર જ હુમલો કર્યો અને પોલીસ ડરીને દબાઈ ગઈ. આવી સજા-પોલીસ પ્રજાનું શું રક્ષણ કરી શકે? ખડાણા અને જોગણના લોકો કલેક્ટર પાસે ગયા અને કહ્યું કે આ વેરો અમારાથી ભરાતો નથી. મામલતદારે પણ રિપોર્ટ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



કર્યો કે આ લોકોની સ્થિતિ એવી છે કે તેમની પાસેથી વેરો વસૂલ કરવો અશકય છે. લોકોની દાંડાઈ નથી પણ તેમનામાં ભરવાની શક્તિ જ નથી. જો તગાદો કરીશું તો લોકો ગામ છોડી ચાલ્યા જશે. પોલીસ સુપરિન્ટેન્ડેન્ટે મામલતદારથી જુદા પડી એવો રિપોર્ટ કર્યો કે વધારાની પોલીસનાં થાણાં હજી કાયમ રાખવાં જોઈએ. કારણ : (૧) બાબર દેવા અને તેની ટોળી હજી પકડાઈ નથી; (૨) જોગણમાં થયેલા શીભાઈના ખૂનનો કોઈ પુરાવો આપતું નથી, તેથી કેસ થઈ શકતો નથી; (સરદારની ટીકા : પોલીસ ત્યાં બેઠી છે તે પુરાવો આપી શકતી નથી અને સરકાર પ્રજા પાસે પુરાવો માગે છે!) (૩) બાબરને જોગણના પાટણવાડિયા પોતાનાં ખેતરમાં આશરો આપે છે અને તેને ખાવાપીવાની મદદ કરે છે; (૪) બાબર ખડાણામાં આવે છે, છતાં એ ગામના લોકો કશી બાતમી આપતા નથી; અને, (૫) ત્યાં પોલીસનો આટલો જાપ્તો ન હોત તો ખડાણાના કેટલાયે પાટણવાડિયા બાબરની ટોળીમાં ભળ્યા હોત. આ રિપોર્ટ વાંચીને કલેક્ટરે ત્રીજો જ રિપોર્ટ કર્યો. તેણે કહ્યું : આ ત્રણ જ ગામમાં થાણાં રાખવાથી કાંઈ લાભ નથી, કારણ, ત્યાંના લોકોને સજા–પોલીસના રક્ષણની કશી જરૂર નથી. પણ આખા બોરસદ તાલુકામાં ગુના ખૂબ વધ્યા છે અને બહારવટિયાની સંખ્યા પણ વધી છે, માટે તેની તજવીજ કરવી જોઈએ. અમારી અને પોલીસ સુપરિન્ટેન્ડેન્ટની એક કૉન્ફરન્સ આ બાબતમાં વિચાર કરવા મળી હતી. અમે માનીએ છીએ કે આ ત્રણ જ ગામનો કંઈ દોષ નથી, તાલુકામાં એવાં ઘણાં ગામ છે જે બાતમી આપતાં નથી. પાછા એ જ કલેક્ટર સાહેબ કહે છે કે લોકો કેવળ ડરને કારણે જ ખબર નથી આપતા. કમિશનર સાહેબને પોલીસ સુપરિન્ટેન્ડેન્ટનાં જ કારણો પાયાદાર જણાયાં અને વધુ એક વર્ષ માટે સજા–પોલીસનો દંડ પેલા બે ગામ ઉપર કાયમ રાખ્યો.”

કલેક્ટર અને પોલીસ સુપરિન્ટેન્ડેન્ટની જે કૉન્ફરન્સ થઈ તેમાંથી આખા તાલુકા ઉપર સજા-પોલીસ બેસાડવાની વાત ઊભી થઈ લાગે છે. પણ આ અન્યાયી દંડ નાખતાં પહેલાં સરકારે પોતાના બચાવની પાળ બાંધવાનો એક ઉપાય કર્યો. મુંબઈ સરકારના ખબર ખાતાના વડાને આણંદ અને બોરસદ તાલુકાની મુલાકાતે મોકલવામાં આવ્યો. ત્યાર પછી થોડા જ દિવસમાં ‘ટાઈમ્સ ઑફ ઇન્ડિયા’માં ત્રણ ચાર દિવસ સુધી ખેડા જિલ્લાના બહારવટિયાને લગતા લેખો આવ્યા. તેમાં લોકોનો દોષ કાઢવામાં આવ્યો. સને ૧૯૧૮માં ખેડા જિલ્લામાં ચાલેલી સત્યાગ્રહની લડતને પણ એમાં સંડોવવામાં આવી, એમ કહીને કે એ કાયદાભંગની ચળવળને લીધે જિલ્લામાં ગુનાનું પ્રમાણ વધી ગયું. સરદારે પરિષદમાં જ એનો જવાબ આપતાં જણાવ્યું કે, બોરસદ અને આણંદ તાલુકાનાં છેલ્લાં ત્રીસ વર્ષનાં ગુનાપત્રકો તપાસશો તો માલૂમ પડશે કે ગાંધીજી ખેડા જિલ્લામાં રહ્યા અને સત્યાગ્રહની લડત ચાલી તે દરમિયાન જિલ્લામાં

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ઓછામાં ઓછા ગુના થયા છે. સરદારે બીજી વાત એ કહી કે, 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા'ના લેખો વાંચતાં જ જણાય છે કે ખબર ખાતાના વડાએ એ લેખો મોકલેલા હોવા જોઈએ અને તેને નાગપુરના કમિશનર જેવા જ કોઈ સ્થાનિક અમલદારે તે પૂરા પાડેલા હોવા જોઈએ, અગર તો તેમાંની બધી હકીકતો એવા કોઈ અમલદાર પાસેથી મળેલી હોવી જોઈએ. 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા'ના લેખો પ્રગટ થયા પછી તરત જ સજા-પોલીસ મૂકવાના સરકારના હુકમ બહાર પડ્યા.

સરકારી અમલદારોના ઉપલા રિપોર્ટો ઉપરાંત પોલીસ સુપરિન્ટેન્ડેન્ટે તમામ ફોજદારો અને જમાદારો ઉપર અલીની બાબતમાં એક ખાનગી સર્ક્યુલર મોકલેલો તે પણ સરદારે પકડ્યો. તેમાં એવી સૂચના હતી કે અલી બાબર દેવાને પકડી આપવાનો છે માટે તેની લૂંટો વગેરે બાબતમાં ચસમપોશી રાખવી. પંડ્યાજી અને રવિશંકર મહારાજે પોતાના રિપોર્ટમાં લોકોના કહેવા ઉપરથી આ વાત લખી હતી પણ સરદાર તો ચોક્કસ પુરાવો કબજે કરીને બેઠા હતા, એટલે સરકારને તેઓ બરાબર પડકાર આપી શક્યા.

લડતની વિગતોમાં ઊતરતાં પહેલાં આ ભૂમિમાં બહારવટિયાઓનો પાક કેમ થયાં કરતો હતો એ જોઈએ:

ખેડા જિલ્લામાં મહી નદીના કાંઠા ઉપરનાં ગામોમાં પાટણવાડિયા અને બારૈયા કોમની વસ્તી છે. વધારે બહારવટિયા એ કોમોમાંથી પેદા થયા છે. પાટણવાડિયા અને બારૈયા પોતાને ક્ષત્રિય કહેવડાવે છે. એ કોમના આગેવાન માણસો નાનીમોટી ઠકરાતોવાળા હતા, અને બીજા માણસો રાજા રજવાડાંમાં સિપાહીગીરી કરતા, વગેરે જૂના ઇતિહાસમાં આપણે નહીં ઊતરીએ. છેલ્લાં પોણોસો કે સો વર્ષના ઇતિહાસ પરથી તો એમ લાગે છે કે જેમ જેમ તેમની જમીન અંગ્રેજી રાજ્યમાં કોર્ટ કચેરીના કાયદાની મદદથી બિનખેડૂત શાહુકારો અને ખેડૂત પાટીદારોના હાથમાં જતી ગઈ તેમ તેમ તેઓ ધંધા વિનાના બનવા લાગ્યા. મૂળે આ કોમ ઝનૂની, સાહસી અને લડાયક તો ખરી જ. એટલે સહેજ કારણ મળતાં ચોરી અને લૂંટફાટ તરફ વળી જતાં તેમને વાર લાગતી નહીં. આર્થિક કારણ ઉપરાંત સામાજિક અન્યાયને કારણે પણ ઉશ્કેરાઈ જઈ તેઓ તોફાનને રસ્તે ચઢી જતા. આવાં વિવિધ કારણોસર આ કોમોમાંથી બહારવટિયાઓ કેવી રીતે પેદા થતા તેની વાતોનો ભંડાર રવિશંકર મહારાજ, જેમણે પોતાના પૂર્વજીવનમાં આ કોમના ગોરનું ને ઉત્તર જીવનમાં તેમના ગુરુનું કામ પુષ્કળ કર્યું છે અને હજી કરી રહ્યા છે એમની પાસે પુષ્કળ છે. અનેક વેળા તેમની પાસેથી સાંભળેલી જુદી જુદી વાતોમાંથી થોડા ટુચકા અહીં આપ્યા છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



એક બારૈયો દેવાદાર સ્થિતિમાં ગુજરી ગયો. તેના જુવાન છોકરા પાસે શાહુકાર ઉઘરાણી કરે ત્યારે પેલો છોકરો કહે કે મારા બાપનું દેવું છે તે મારે દૂધે ધોઈને આપવું છે. મજૂરી કરી તેમાંથી થોડુંઘણું બચાવીને દેવા પેટે કંઈક કંઈક આપતો પણ ખરો. પછી એનાં લગ્ન થયાં. તે વખતે જૂના શાહુકારે એને પૈસા ન ધીર્યા એટલે લગ્ન માટે એણે બીજા શાહુકારનું કરજ કર્યું. જૂના શાહુકારે વિચાર્યું કે આણે નવો શાહુકાર કર્યો અને હવે મારા પૈસા ભરવાનો નહીં. એટલે એણે દાવો કરીને હુકમનામું મેળવ્યું. પેલો પરણીને વહુ લઈને ઘેર આવ્યો તે વખતે જ એને ઘેર હુકમનામાની જપ્તી લઈને તે આવ્યો, એવી આશાથી કે આ વખતે એના ઘરમાં ઘરેણુંગાંઠું કંઈક હશે, તે લેવાનો સારો લાગ મળશે. ઘર પર ટાંચ લગાવી વાણિયો બેલિફની સાથે અંદર પેઠો. સામે વળગણી ઉપર એક સરસ ભાતવાળી રેશમી ઓઢણી અને રેશમી ચણિયો લટકતાં હતાં તે વાણિયાએ જોયાં અને એની દાઢ સળકી. પેલા જુવાન બારૈયાએ આ લૂગડાં ખાસ શોખથી વહુ માટે લીધાં હતાં. વાણિયાની આંખ જોઈ બારૈયો સમજી ગયો કે એની દાનત પેલાં લૂગડાં પર છે. એણે વાણિયાને ચેતવ્યો કે શેઠ, ઘરમાંથી બધું ઉસરડીને લઈ જાઓ પણ આ લૂગડાંને જો હાથ અડાડ્યો છે તો તે ઘડીએ કાં તો તમે નહીં કાં તો હું નહીં, જોયા જેવી થશે. વાણિયો જપ્તી કરવા માટે બેલિફ અને ચાર પાંચ માણસ લઈને આવેલો અને આ તો એકલો હતો. એટલે રોફમાં બોલ્યો કે, લેવા આવ્યો છું તે શું એમ ને એમ પાછો જઈશ? એમ કહી તે ચણિયો લેવા ગયો અને તેની સાથે જ ઘરમાં એક ખૂણામાં ધારિયું પડ્યું હતું તે ઉઠાવીને પેલાએ વાણિયાનું ડોકું ટચકાવી નાખ્યું. જપ્તી કરવા વાણિયાની સાથે બીજા માણસો આવ્યા હતા તેમાંથી કોની મગદૂર કે વીફરેલા અને ધારિયા સાથે ઊછળેલા આ જુવાન ઠાકોર ભાયડાની સામે ઊભો રહે? તેઓ બધા આઘાપાછા થઈ ગયા. અને ધારિયા સાથે બારૈયો નાઠો તે ભરાયો મહી નદીનાં કોતરોમાં. એ બન્યો બહારવટિયો. આ કાંઠાનો પ્રદેશ પહાડી નથી પણ ત્યાં મહી નદીનાં કોતર એટલાં ઊંડાં અને વાંકાંચૂકાં છે કે બહારવટિયાઓને તે પહાડી પ્રદેશના જેટલું જ રક્ષણ આપે છે. કોતરોથી અજાણ્યા પોલીસોની મગદૂર નથી કે બહારવટિયાને પકડવા ત્યાં જાય. પણ ત્યાં સંતાઈ રહીને ગુજરાનની કંઈક વ્યવસ્થા તો કરવી જ જોઈએ. એટલે આવી રીતે નાઠેલો માણસ ચોરી અને લૂંટફાટનું કામ કરતી કોઈ જૂની ટોળીમાં સામેલ થાય છે અને વધારે બાહોશ અને પરાક્રમી હોય તો નવી ટોળી બનાવે છે.

સમાજમાં ચાલતાં ઊંચનીચપણાનાં અભિમાન પણ બહારવટિયા પેદા કરવામાં કારણભૂત બને છે. બોરસદ તાલુકામાં કેટલાંક ગામ એકલા બારૈયા કે

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021

Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો



પાટણવાડિયાની વસ્તીવાળાં, કેટલાંક ગામ મોટે ભાગે પાટીદારની વસ્તીવાળાં અને કેટલાંક ગામ મિશ્ર વસ્તીવાળાં છે. ગામમાં જે કોમની વસ્તી વધારે હોય તે કોમનું જોર ત્યાં હોય છે. ઓછી વસ્તીવાળી કોમના લોકો એમની સાથે હળીમળીને અથવા કાંઈક દબાઈ ચંપાઈને રહે છે. પાટીદાર અને બારૈયાની મિશ્ર વસ્તીવાળા એક ગામમાં બારૈયાની જાન આવી. જે ગામમાંથી બારૈયાની જાન આવેલી તે એકલા બારૈયાની વસ્તીવાળું હતું અને બારૈયા કોમમાં આગેવાન ગણાતું. જાનમાં આવેલા ઘરડિયા બારૈયા હાથમાં હૂકો પકડી ગગડાવતા ગગડાવતા ગામમાં ફરવા નીકળ્યા. હૂકાની નેહને ચાંદીની ખોળીઓ ચઢાવેલી. પોતાના ઘર આગળથી બારૈયાઓને આમ હૂકો પકડીને જતા જોઈ ગામના મુખી જે પાટીદાર હતા તેમનાથી રહેવાયું નહીં. તેઓ બેઠા બેઠા તડૂક્યા : ‘ કયા ગામનાં કોળચાં ફાટ્યાં છે? અમારા ગામમાં આવા વેશ નહીં ચાલે.’ પેલા બારૈયા આગળ ચાલ્યા ગયા પણ જેને ઘેર જાન આવેલી તે બારૈયાને થયું કે પટેલ કાંઈ નવાજૂની કરશે. એટલે એ પટેલને ઘેર જઈ ખુશામત કરી, કાલા-વાલા કરી તેમને શાંત પાડી આવ્યો. પણ પેલા ગામના બે ત્રણ બારૈયાઓએ આ સાંભળ્યું હતું તેમની આંખમાં ખુન્નસ ભરાયું. બીજે દિવસે સવારે વરકન્યા સાથે જાન વદાય થઈ. તે જ રાતે પેલા બારૈયા જુવાનિયાઓ પેલે ગામ મુખીને ઘેર ઊપડ્યા. તેનાં બારણાં તોડી ઘરમાં પેઠા અને પેલા અપમાન વચનો બોલનાર મુખીને મારી નાખી નાઠા. ત્યારથી એ બન્યા બહારવટિયા.

બહુ અશરાફ માણસને પણ બહારવટિયા થવું પડેલું એવો આ કેસ છે. ગામમાં વાણિયાના છોકરાનું લગ્ન હતું. રાતે એનું ફૂલેકું ફરવા નીકળ્યું. તેમાં દારૂખાનું ફોડવામાં આવ્યું. તેનાથી એક બારૈયાના ઝૂંપડાને આગ લાગી ને બધું બળી ગયુ. લગ્નના ઉત્સાહમાં વાણિયાએ કહ્યું કે તારું ઝૂંપડું હું બંધાવી આપીશ, તું કશી ફિકર ચિંતા કરીશ નહીં અને ફરિયાદ કરવા જઈશ નહીં. આ વાત વૈશાખ કે જેઠમાં બનેલી. પેલો બારૈયો રોજ વાણિયાને કહે, તમે મને લાકડું અને બીજો સરસામાન આણી આપો અને મહેનત હું કરીશ. ચોમાસા પહેલાં મારી ઝૂંપડી થઈ જાય તો મારે આશરો રહે. વાણિયો રોજ વાયદા કરે અને આશા આપે. છેવટે ચોમાસું માથે આવ્યું ત્યાં સુધી વાણિયાએ કાંઈ ન કર્યું. પેલાએ આડાંઅવળાં લાકડાં ગોઠવીને રાંધી ખાવા જેટલું કરેલું અને મહા અગવડે દહાડા કાઢતો હતો. એક રાતે ગાજવીજ સાથે ખૂબ વરસાદ થયો. પણ ઢાંકણ બરાબર નહોતું એટલે રાતે બધાં પલળ્યાં અને નાનાં બાળકોએ રોકકળ કરી. બારૈયો તો ખૂબ અકળાયો. સવાર પડી એટલે ભીને દદડતે કપડે વાણિયા પાસે ગયો અને કંઈક આકળા સાદે વાણિયાને કહ્યું, રોજ વાયદા કરો છો પણ મારે ઘેર આવીને મારાં બચ્ચાં છોકરાંના હાલ તો જુઓ. વાણિયે ખંધાઈથી

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



હસતે હસતે કહ્યું, એવાં તે ઝૂંપડાં કોઈ બંધાવી આપતું હશે ? કહ્યું હશે પણ તુંયે ગાંડો ને તે આટલા દિવસ બેસી રહ્યો ! વાણિયાની નફટાઈ ઉપર પેલા બારૈયાને રોમ રોમ ક્રોધ વ્યાપી ગયો. ઘેર જઈ ધારિયું લઈને બહાર નીકળ્યો. વાણિયો ઘરબહાર નીકળ્યો એટલે લાગ મળતાં જ તેને ટચકાવ્યો. ત્યાંથી નાસીને એણે ચોરી અને લૂંટફાટ કરવા માંડી.

શ્રી મેઘાણીએ સોરઠના બહારવટિયાનાં જે વર્ણનો આપ્યાં છે તે જોતાં કાઠિયાવાડના બહારવટિયાઓ સાથે ખેડા જિલ્લાના બહારવટિયાઓને સરખાવી શકાય કે કેમ એ વિચાર આવે છે. ટેક, ખાનદાની અને શૂરવીરતામાં કદાચ કાઠિયાવાડના બહારવટિયા ચઢે. અલબત્ત, જેઓ કાંઈ ઊંચા ઉદ્દેશથી બહારવટે નીકળ્યા હોય તેઓ જ. બાકી ખેડા જિલ્લાના બહારવટિયાઓ પણ પોતાના વર્તનના અમુક નીતિનિયમો તો રાખતા જ. જે વખતે બહારવટિયાનો ઉપદ્રવ વધારે ચાલેલો છે તે વખતે પણ એમના તરફથી કોઈ સ્ત્રી ઉપર અત્યાચાર થયાનો કેસ બન્યો નથી. કોઈ એકલી સ્ત્રી જતી હોય તેને પણ તેઓ લૂંટતા નહીં. બાબર દેવા તો કોઈ ગામે જાય ત્યાં નિશાળિયાઓને દૂધ પિવડાવતો, બ્રાહ્મણોને જમાડતો અને કોઈ બ્રાહ્મણ ગરીબ હોય તો તેની દીકરી પણ પરણાવી આપતો. આવાં કાર્યોથી પોતાને પુણ્ય પ્રાપ્ત થાય છે એમ આ બહારવટિયા માનતા. તેથી જનતામાં તેઓ લોકપ્રિય થતા, એ લાભ તો તેમને પ્રત્યક્ષ મળતો.

આર્થિક અને સામાજિક અન્યાયને કારણે બહારવટિયા બન્યાના ઉપર દાખલા આપ્યા. પણ એવાં કારણે જેઓ બહારવટિયા બન્યા છે તેમની સંખ્યા બહુ મોટી નથી. બહારવટિયાનો પાક ઊભો કરનારું અને ગુનાની સંખ્યા વધારનારું મોટું કારણ તો બ્રિટિશ સરકારનો ‘ક્રિમિનલ ટ્રાઇબ્સ એક્ટ’— ગુનાખોર કોમને લગતો કાયદો હતો. ખેડા જિલ્લાની આખી ઠાકોર કોમને આ કાયદો લાગુ પાડવામાં આવ્યો હતો. એ કાયદા પ્રમાણે એ કોમનાં તમામ પુખ્ત વયનાં માણસોને, — પુરુષોને તેમ સ્ત્રીઓને — સવારસાંજ હાજરી આપવાની ફરજ પાડવામાં આવતી. વળી કોઈ જગ્યાએ એક ગુનાનો બનાવ બન્યો કે સંખ્યાબંધ માણસો ઉપર જામીનકેસ કરવામાં આવતા. પેલા બિચારા જામીન ક્યાંથી લાવી શકે ? એટલે પછી એમને સજા કરી જેલમાં મોકલવામાં આવતા. માણસ ગુના કરવાની વૃત્તિવાળો ન હોય તોપણ ગુના કરવાની વૃત્તિ લઈને તે જેલમાંથી બહાર આવતો. હાજરીના ત્રાસથી કંટાળીને પણ ઘણા લોકો નાસતા ફરતા અને પછી ગુજરાન ચલાવવા ખાતર ચોરી અને લૂંટફાટનો ધંધો તેઓ લઈ બેસતા. નવા અમલદારો આવે તે કોઈ આમને સુધારવાની કોશિશ કરતા નહીં પણ વધારે સખ્તાઈ કરવા જતા અને તેમાંથી વધારે ગુનેગારો નિપજાવતા.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



હવે આપણે મૂળ મુદ્દા ઉપર જઈએ. તા. ૧લી ડિસેમ્બરે બોરસદમાં પ્રાંતિક સમિતિની બેઠક થઈ તે પહેલાં સરકારનો કેસ ખોટો અને અન્યાયી પુરવાર કરવા માટે સરદાર પાસે પૂરતો મસાલો એકઠો થઈ ગયો હતો. પંડ્યાજી તથા રવિશંકર મહારાજે પણ ખૂબ મહેનત લઈ લોકો પાસેથી વિગતો મેળવી સુંદર રિપોર્ટ તૈયાર કર્યો હતો. પણ બેઠક શરૂ થતાં પહેલાં સરદારે એમના રિપોર્ટ ઉપર ખૂબ ઝીણવટથી ઊલટતપાસ કરી અને તેમાં બંને જણને એવા ગૂંચવ્યા કે રવિશંકર મહારાજને તો ઘડીભર મનમાં થઈ ગયું કે અમારી મહેનતની કદર કરવાની તો બાજુએ રહી પણ અમે આટલી માહિતી લઈ આવ્યા છીએ તેના ઉપર આ તો અવિશ્વાસની નજરે જુએ છે. તે દિવસ સુધી સરદારનો એમને નિકટનો પરિચય નહીં થયેલો. એટલે મનમાં ગાંઠ વાળી કે આવા કડક માણસ સાથે આપણને કામ કરવું ફાવશે નહીં. પણ પછી પ્રાંતિક સમિતિની બેઠકમાં સરદારે જે ભાષણ કર્યું, રિપોર્ટની જે પ્રશંસા કરી અને જે ઠરાવ રજૂ કર્યો તે જોઈ રવિશંકર મહારાજ સમજ્યા કે આપણને જે સવાલો પૂછેલા તે તો આપણને બરાબર કસીને ખાતરી કરી લેવા માટે જ હતા. ઘડી પહેલાં સરદાર સાથે કામ ન પાડવાની જે મનમાં ગાંઠ વાળતા હતા તે ઘડી પછી સરદારના પરમ ભક્ત બની ગયા. આજે તેઓ સરદારના વધારેમાં વધારે વિશ્વાસુ સાથીઓમાં અગ્રણી પદ ભોગવે છે અને ગુજરાતમાં તેમના હાથપગ બનીને બેઠા છે, અથવા બેઠા છે શાના? હાથપગ બનીને ફર્યાં કરે છે.

પ્રાન્તિક સમિતિની બેઠકમાં નીચે પ્રમાણે ઠરાવ પસાર કરવામાં આવ્યો :

“મુંબઈ સરકારે ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૨૩ના નં. ૩૮૨૮ના ઠરાવથી બોરસદ તાલુકાનાં ૮૮ ગામ અને આણંદ તાલુકાનાં ૧૪ ગામ પર રૂ. ૨,૪૦,૦૭૪નો દંડ આકારી વધારાની પોલીસ નાખી છે, તે સંબંધમાં આ સમિતિએ નીમેલી કમિટીનો રિપોર્ટ વાંચી તેમ જ તેમની હકીકત સાંભળી આ સમિતિ ઠરાવ કરે છે કે સરકાર પ્રજાનું બહારવટિયાના ત્રાસથી રક્ષણ કરવાને કેવળ અશક્ત નીવડેલી છે. પ્રજાનું રક્ષણ કરવું અને તેને માટે જોઈતો પોલીસનો બંદોબસ્ત કરવો એ સરકારની ફરજ છે. એ ફરજ અદા કરવાને બદલે નિર્દોષ પ્રજા ઉપર જૂઠાં તહોમત મૂકી જે દંડ નાખવામાં આવ્યો છે તે તદ્દન અન્યાયી અને જુલમી છે. તેથી આ સમિતિ આ અન્યાયની સામે લડત ચલાવવાની, પ્રજાને એ દંડ નહીં ભરવાની અને તેમ કરતાં વેઠવું પડતું દુઃખ શાંતિથી સહન કરી પોતાનું સ્વમાન જાળવવાની સલાહ આપે છે.”

બીજે દિવસે આખા બોરસદ તાલુકાની પરિષદ થઈ. તે માટે તૈયારી આઠ જ દિવસની હતી. છતાં લોકોની ઠઠ ભારે હતી. આખો મંડપ ખીચોખીચ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ભરાયો હતો. જેટલાં માણસ મંડપમાં હતાં તેટલાં જ બહાર હતાં. દંડ નાખવામાં આવેલા દરેક ગામેથી પ્રતિનિધિઓ આવ્યા હતા. સરદારે પોતાના ભાષણમાં સમિતિના રિપોર્ટની વિગતો તથા પોતે મેળવેલી હકીકતો જણાવી કહ્યું :

"બહારવટિયાને મદદ કરવા માટે લોકો પર દંડ મૂકવામાં આવ્યો છે. પણ સરકારે બહારવટિયાને મદદ કરી તેના હાથમાં બંદૂકો આપી તેનો શો દંડ કરવો ? તેનો દંડ તો એક ઈશ્વર કરનાર છે. સરકારનાં પાણી વળતાં હોવાં જોઈએ; તેનો દિવસ આથમતો હોવો જોઈએ; નહીં તો એને આમ ખૂનીની દોસ્તી કરવી પડે નહીં. હથિયારો હાથમાં આવ્યા પછી એ માણસે કેટલાં બધાં ખૂન અને લૂંટો કર્યાં તે સરકાર ન જાણતી હોય એમ ન જ બને. સરકારનો હેતુ બાબરને અલીની મદદથી પકડવાનો હશે, પણ લોકોને શી ખબર કે સરકારનો હેતુ શો છે? સરકારે જાહેર કરવું જોઈએ કે તેણે ભૂલ કરી છે. અલીએ જે જે અત્યાચારો ગરીબ પ્રજા ઉપર કર્યા છે તેની જવાબદારી સરકારની જ છે."

દંડમાંથી કોને બાતલ રાખ્યા છે તે ગણાવે છે :

"જેમનો ગુનામાં વધારેમાં વધારે હાથ છે, વધારેમાં વધારે મદદ છે તેમને બાતલ કર્યા છે. સરકારી નોકરોની ફરજ ગુનેગારોને પકડવાની છે. પણ તેઓ દંડમાંથી બાતલ. પાદરીઓને બાતલ રાખ્યા છે. તેમને તો બહારવટિયાના સોબતી કહે તો સરકાર સામે બંદૂક લઈને ઊભા થાય. પણ તેમના હાથ નીચેના ખ્રિસ્તી ઢેડની આપણા જેવી જ સ્થિતિ છે. મુખી અને રાવણિયા બહારવટિયાના હાથથી બચ્યા છે તે પણ દંડમાંથી બાતલ છે. ખરી હકીકત એવી છે કે એકેએક રાવણિયો અને એકેએક પોલીસ પટેલ બાબર ક્યાં હોય છે તે જાણતો હોય છે, પણ તેને પકડવાની કોઈની હિંમત ચાલતી નથી. આવા બધાને બાતલ રાખ્યા છે પણ ધારાસભામાં જનારાઓની દશા આપણા જેવી જ છે. એ પણ લૂંટારાના સોબતી !"

પછી દંડ ન ભરવામાં કઈ દૃષ્ટિ રાખવી જોઈએ તે સમજાવે છે :

"અઢી રૂપિયાનો બચાવ થશે એવા હલકા ખ્યાલથી દંડ ન ભરવો હોય તો આ લડતમાં પડવામાં માલ નથી. આપણે ચોર લૂંટારાના સાથી નથી, ચક્રવર્તી સરકારને પણ આપણને એવું કહેવાનો હક નથી, એમ લાગતું હોય તો જ લડત ઉપાડજો. પછી ભલે સરકાર બે રૂપિયાને બદલે દસ રૂપિયાનો માલ લઈ જાય. લૂંટારાના સોબતી કહેવાઈને સરકારને અઢી રૂપિયા આપવા તે કરતાં તો બહારવટિયા લૂંટી જાય તે સારું. અમે ઇમાનદાર, આબરૂદાર માણસ છીએ, લૂંટારાના સોબતી નથી, એટલે દંડ નથી ભરવાના, છતાં બહારવટિયા આવીને જેમ લઈ જાય છે તેમ જોઈએ તો તમે આવીને લઈ જાઓ, આવી સમજણ હોય તો જ લડત ઉપાડજો."

સરકાર સાથે લડવા માટે અહિંસા અનિવાર્ય છે તે ઉપર પછી ભાર મૂકે છે :

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

“ લડત દરમિયાન સરકારના માણસો અને તમારા વિરોધીઓ તમને ભરમાવી તોફાને ચઢાવવાનો પ્રયત્ન કરશે. તમે તોફાને બિલકુલ નહીં ચઢશો. આ મહાત્માજીના રસ્તાની લડત છે. તેમાં ધારિયાંનું કે લાકડીનું કામ નથી. તેમાં આપણા બરડાનું જ કામ છે. તેના ઉપર સરકાર ભલે મારવું હોય તેટલું મારી લે. તમે ગાળ દેશો કે લાકડી ચલાવશો તો તેની પાસે બહુ સત્તા છે. બહારવટિયાને તે નથી પકડી શકતી પણ તમને તો એ તરત પકડી લેશે. કોઈને ગાળ દેવામાં કે મારવામાં મોટાઈ નથી. ધર્મને ખાતર દુ:ખ સહન કરવામાં મોટાઈ છે.”

લડતની બધી શરતો અને જોખમો સમજાવ્યા પછી, એ બધું કબૂલ કરીને લોકોએ કર ન ભરવાનો નિશ્ચય સર્વાનુમતે એવો ઠરાવ પસાર કરીને જાહેર કર્યો કે, તાલુકાની સમસ્ત નિર્દોષ પ્રજા ઉપર જૂઠાં તહોમત મૂકી જે દંડ નાખવામાં આવ્યો છે તે તદ્દન અન્યાયી અને જુલમી છે. એ અન્યાયની સામે લડત ચલાવવા આ પરિષદ પ્રજાને એ દંડ નહીં ભરવાની અને તેમ કરતાં વેઠવાં પડતાં દુ:ખ શાંતિથી સહન કરી પોતાનું સ્વમાન જાળવવાની સલાહ આપે છે.

તરત જ સરદારે લડત માટે સૈનિકોની અપીલ કરતાં જણાવ્યું કે, પ્રજા ઉપરના આ આફતના વખતમાં તેની પડખે ઊભા રહી તેની સેવા કરવાની તક ગુજરાતના નવજુવાનોને મળી છે. નાગપુર સુધી વહારે દોડનારા ગુજરાતના જુવાનો પોતાના જ પ્રાંતમાં પીડાતા ભાઈઓને વીલા ન મૂકી શકે.

મોટા ભાગના સ્વયંસેવકો તાલુકામાંથી મળી રહ્યા અને લડતનો વ્યૂહ ગોઠવાયો. સ્વયંસેવકોની ટુકડીઓ પાડી નાખવામાં આવી અને દરેક ટુકડીને અમુક અમુક ગામોના જથા વહેંચી આપવામાં આવ્યા. આખી લડતની સમજૂતી આપવા માટે તથા લોકોએ શું શું કરવાનું છે, કેવા સાવધાન રહેવાનું છે, અંદર અંદરના કજિયા કંકાસ કાંઈ હોય તો ભૂલી જઈ એકસંપીથી ગામનું રક્ષણ કરવાનું છે, અને એ બધું પૂરેપૂરી શાંતિ જાળવીને કરવાનું છે તેની પત્રિકાઓ તાલુકાના મુખ્ય મથક બોરસદથી કાઢવામાં આવતી. પહેલી પત્રિકા સરદાર અને દરબાર ગોપાળદાસભાઈની સંયુક્ત સહીથી કાઢવામાં આવેલી અને પછીની પત્રિકાઓ દરબાર સાહેબની સહીથી અથવા પંડ્યાજીની સહીથી નીકળતી. પહેલી પત્રિકામાં લોકોને શાંતિ અને ખામોશ રાખી દુ:ખો સહન કરવાનું સરદારે બરાબર પ્રોત્સાહન આપ્યું :

“ લીધેલી પ્રતિજ્ઞા બરાબર પાળી તમે તમારું સ્વમાન જાળવજો. સરકાર તેના સ્વભાવ પ્રમાણે તમારા ઉપર ક્રોધે ભરાશે, જપ્તીઓનો જુલમ કરશે, ઢોર છોડી જશે, અઢી રૂપિયા માટે પચીસ રૂપિયાની



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

કિંમતની ચીજ જપ્ત કરીને લઈ જશે. એ બધું તમે શાંતિથી અને સબૂરીથી ખમી લેજો, પણ સરકારના માણસોને તમારે હાથે એક પાઈ પણ આપશો નહીં, કોઈ પણ જાતનું તોફાન કરશો નહીં. સરકાર અસત્ય અને અનીતિને માર્ગે ચઢેલી છે. તમારી તરફ સત્ય છે, તેની સાથે તમે અહિંસાનું પાલન કરશો તો જરૂર તમારી ફતેહ થશે. સત્ય અને અહિંસાનું પાલન કરનાર કદી હારે જ નહીં. ઈશ્વર તમને શાંતિથી દુઃખ સહન કરવાની શક્તિ આપો.”

મોહનલાલ પંડ્યા જુવાન સ્વયંસેવકની માફક ઘોડે બેસીને આખા તાલુકામાં ફરી વળ્યા અને બધાં થાણાં ઉપર સ્વયંસેવકો બરાબર ગોઠવાઈ ગયા છે કે કેમ તે જોઈ આવ્યા. એમનું મુખ્ય કામ ઘોડા ઉપર બેસી આખા તાલુકામાં ફરવાનું હતું. રવિશંકર મહારાજને કાંઠાનાં અઢાર ગામ, જેમાં એકલી પાટણવાડિયા અને બારૈયા કોમની જ વસ્તી છે, તે સોપ્યાં હતાં. એ તો રોજ વહેલી પરોઢથી કે રાત સુધીમાં અઢારે ગામ ફરી વળતા અને બધાં ગામે આલબેલ પોકારી આવતા. તગ બોરસદ મિશ્ર વસ્તીવાળું મોટું ગામ, ત્યાં મામલતદાર મુનસફની કચેરી, તાલુકાના પોલીસ અમલદારો પણ ત્યાં રહે અને અમલદારો સાથે બેઠક રાખનારા લોકોની સંખ્યા પણ ગામમાં ઠીક ઠીક, એટલે એ કેવો જવાબ આપશે એ વિષે કાર્યકર્તાઓના મનમાં વસવસો રહેતો. સરદારે તો તાલુકા પરિષદની આગલી રાતે બોરસદ ગામના વતનીઓની સભા કરીને એમને સારી પેઠે સમજાવ્યા હતા કે:

“આ લડતની ગંભીરતાનો વિચાર કરજો. જો અંદર અંદર લડવું હોય તો પહેલેથી જ લડતનું માંડી વાળજો. બોરસદને માથે મોટી જવાબદારી છે. તમે કરશો તેમ બીજાં ગામડાંવાળા કરશે. તમે જો પાણીમાં બેસી જશો તો બીજા બધાનું બગડશે. . . . બે ત્રણ રૂપિયામાં મોટી વિસાત છે એમ નથી. આપણે કાંઈ ભિખારી નથી કે બે ત્રણ રૂપિયા ફેંકી ન દઈ શકીએ. પણ સરકાર તો લૂંટારાના સાથી કહી આપણી પાસેથી લેવા માગે છે. સરકાર પોતાની ગરીબાઈ કબૂલ કરે, પોતાની સત્તા પરવારી ગઈ છે એમ જાહેર કરે, તો આપણી મેળે આપણો બંદોબસ્ત કરી લેવા આપણે તૈયાર છીએ.”

આના જવાબમાં અમે પણ લડવા માટે મક્કમ છીએ એમ બોરસદના વતનીઓએ કહેલું, અને તે પ્રમાણે તેઓએ સારું મક્કમપણું બતાવ્યું. લોકોએ જ્ઞાતિવાર એકઠા થઈને ઠરાવ કર્યા કે, કોઈએ દંડ ભરવો નહીં અને જે કોઈ જપ્તી થયેલો માલ હરાજીમાં રાખે તેનો રૂ. ૫૦ દંડ લેવો. પંચરાઉ વસ્તીવાળાં બીજાં મોટાં ગામોએ પણ આવી જ જાતના ઠરાવ કર્યા.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



સામી બાજુ સરકારે પણ તાલુકામાંનું પોતાનું સઘળું બળ એકઠું કરી જપ્તીઓનો મારો શરૂ કરી દીધો. મામલતદારની કચેરીનું બીજું બધું કામ મોકૂફ રાખી બધા કારકુનોને જપ્તીના કામમાં રોકી દીધા. લોકોને બિવરાવવાની દૃષ્ટિએ વધારાની પોલીસનો પણ બંદૂકો સાથે ઉપયોગ કરવા માંડ્યો. આ પોલીસને લોકોના રક્ષણ માટે રાખવામાં આવ્યાનું કહેવામાં આવેલું. તેનો ઉપયોગ સરકારના અન્યાયી હુકમની બજાવણી માટે અને જપ્તી કારકુનોના રક્ષણ માટે કરવામાં આવ્યો. જોકે જપ્તી કારકુનોને કશા રક્ષણની જરૂર નહોતી. લોકોએ આ લડત પૂરતી તો અહિંસાની પ્રતિજ્ઞા લીધી જ હતી.

જપ્તીના રિપોર્ટો ગામડાંમાંથી મુખ્ય મથકે આવવા લાગ્યા. તેમાંથી તારવીને થોડા દાખલા નીચે આપ્યા છે :

૧. એક લુહાણા ગૃહસ્થને રૂ. ૪–૧૪–૦ ભરવાના હતા તેને ત્યાંથી પેટલાદ મિલનો રૂ. ૧૦૦નો શૅર જપ્તીમાં લીધો.

૨. રાસમાં એક પાટીદારને રૂ. ૭–૫–૦ ભરવાના હતા તે માટે પંદર દિવસ ઉપર જ વિયાયેલી દોઢસો રૂપિયાની કિંમતની ભેંસ તેની કિંમત રૂ. ૧૦૦ આંકીને લીધી.

૩. દાવોલમાં એક પાટીદારની ભેંસ છોડવા માંડી પણ ભેંસ મારકણી હતી એટલે ન છોડી શક્યા.

૪. દાવોલમાં મામલતદાર જેઓ મુસલમાન છે તે ઘરમાં પેસી અંદરથી ઘી અને તેલની બરણીઓ જાતે બહાર કાઢી લાવ્યા. મુખી, મતાદાર અને રાવણિયાએ ઠરાવ કર્યો છે કે કોઈના ઘરમાં પેસી કોઈ વસ્તુ આપણે જાતે લેવી નહીં.

૫. નાપામાં જપ્તી કારકુને મુખીને એક ઘરમાં જઈ વાસણો લાવવાનું કહ્યું. મુખીએ જણાવ્યું કે મારું કામ ઘર બતાવવા માટે તમારી સાથે ફરવાનું છે. અમારી ફરજ વાસણો કાઢવા માટે ઘરમાં પેસવાની નથી

૬. એ જ ગામમાં બે ઘેરથી દૂઝણી ભેંસો પાડીઓને ઘેર રાખી જપ્તીમાં લીધી.

૭. અલારસા ગામમાં મામલતદારે જપ્તીમાં કોઠીઓમાંથી દાણા કાઢીને લીધા. એક પાટીદારની કોઠીમાંથી દાણા કાઢતાં કલ્લાંની બે જોડ રૂ. ૯૯ની નીકળી તે રૂ. ૭–૫–૦ના વેરા બદલ જપ્તીમાં લીધી. ઠાકરડાઓને બોલાવીને મામલતદારે કહ્યું : 'તમારામાં આ વેરો ભરવાની તાકાત ન હોય તો ચોરી કરો અગર કોઈને ત્યાંથી વ્યાજે લાવો અગર લૂંટી લાવો ! ગમેતેમ કરો પણ અમારો વેરો ભર્યા સિવાય છૂટકો નથી. તમારી જમીનો અને ઘરો હરાજ થશે અને તમે ગરીબ લોકો ખુવાર થશો. માટે વેરો ભરી દો.' ઠાકરડાઓએ મામલતદારની સમજૂતી ગ્રહણ ન કરી.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



૮. વીરસદ ગામમાં રાવણિયાઓએ ઘરમાં પેસવાની ના પાડી. સર્કલ ઇન્સ્પેક્ટર જાતે માલ કાઢવા ઘરમાં પેઠા. આખા દિવસમાં સાત જપ્તીઓ થઈ શકી. પંચાતનામાં કે પહોંચની કંઈ વિધિ થતી નથી.

૯. દેવાણના ઠાકોરે સ્વયંસેવકોને જણાવ્યું કે તમારે અહીં આવવાની જરૂર નથી. હું એક પૈસો પણ ભરાવા દઈશ નહીં. મેં તો કલેક્ટરને લખી દીધું છે કે મારાં ગામોનું રક્ષણ હું કરું છું. તમારી પોલીસની મારે જરૂર નથી અને મારી પ્રજા એક પૈસો પણ ભરશે નહીં.

૧૦. એક પેન્શનરે વેરો ભરવાનું નાપસંદ કરીને જપ્તી કરાવવાનો લહાવો લીધો.

૧૧. બોદાલમાં મામલતદાર પધાર્યા. મુખી ખેતરમાં હતા. તેમણે મુખીને બોલાવવા માણસ મોકલ્યો. એના જવાબમાં મુખીએ કહેવડાવ્યું કે મારું કામ પૂરું કરીને આવું છું, ત્યાં સુધી ચોરામાં બેસો. મામલતદાર મુખી મતાદાર તથા રાવણિયાના ઠરાવનું જાણતા હતા. તેમણે રાવણિયાઓને કહ્યું કે તમારે જપ્તીઓનો માલ ઉઠાવવો પડશે, જપ્તીઓ કરવા ઘરમાં દાખલ થવું પડશે, સરકારી નોકરોનું પાણી ભરવું પડશે અને લાકડાં તથા જોઈતી વસ્તુઓ લાવી આપવી પડશે. રાવણિયાઓએ કહ્યું કે અમે આ વખતે એમાંનું કશું કરવાના નથી. તમારે નોકરીમાંથી કાઢી મૂકવા હોય તો ખુશી છીએ. અમે આવો અન્યાયી વેરો ઉઘરાવવાના હુકમને માનવાના નથી. એટલામાં મુખી આવ્યા.

મામ૦ — ગામમાં કેમ ચાલે છે?

મુખી — ગામ મક્કમ છે. હૈડિયાવેરો ભરવાની ના પાડે છે.

મામ૦ — ક્યારના આવ્યા છીએ તોપણ તમારા હિસાબમાં જ નહીં, કેમ?

મુખી — ના સાહેબ, મારે મન તો કલેક્ટર સાહેબ અને આપ બધા અમલદારો સરખા જ છે.

મામ૦ — ચાલો અમારી સાથે જપ્તીઓ કરવા આવો છો ને?

મુખી — ના સાહેબ, હું સરકારી મહેસૂલની જપ્તી અથવા જંગલનાં લાકડાંની હરાજી કરવાની હોય તો કરી શકું. આવા અન્યાયી વેરાની જપ્તીઓ હું કરી શકું એમ નથી. મારા ભાઈઓનાં ગળા પર છરી ફેરવી શકીશ નહીં.

મામ૦ — કોઈ ગામના મુખી ગામલોકથી ડરતા નથી અને તમે કેમ ડરો છો?

મુખી — અમારા ગામમાં એક બાપની પ્રજા છે. મારે ગામ સાથે પેઢીઓથી વહેવાર છે. અમારા ભાઈઓ કરતાં સરકાર મોટી નથી.

મામ૦ — જો તમારાથી ના બને તો રાજીનામું આપો.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

મુખી૦ — અમારી પાંચ સાત પેઢીમાં આવો વેરો અમે જોયો નથી. આવો વેરો ઉઘરાવવા આવવાનું મારાથી નહીં બને.

મામ૦ — તો તમને સસ્પેન્ડ કરવામાં આવે છે.

સાંજે ગામે ભેગા થઈ ઠરાવ કર્યો કે મુખી તથા રાવણિયાઓની જગ્યા ગામમાંથી કોઈએ લેવી નહીં.

૧૨. સુણાવ ગામમાં સર્કલ ઇન્સ્પેક્ટર તલાટી, મુખી તથા રાવણિયાઓને લઈ જપ્તી કરવા નીકળ્યા. એક ઘર આગળ ગયા ત્યાં પુરુષવર્ગ હાજર નહોતો. સ્ત્રીઓને પૂછતાં જવાબ મળ્યો કે, 'આ રહ્યું ઘર. હાથમાં આવે તે લઈ જાઓ.' સર્કલ ઇન્સ્પેક્ટરે રાવણિયાઓને વાસણ લાવવા કહ્યું. તેઓએ ચોખ્ખી ના પાડી. સર્કલે કહ્યું, 'આમ કેટલાં ઘરમાં વાસણ લાવવા નહીં પેસો?' રાવણિયાઓએ હિંમતથી કહ્યું, 'કોઈના ઘરમાં નહીં પેસીએ.' સર્કલે પૂછ્યું, 'હું લાવી આપું તે ઓરામાં લઈ જશો?' એની પણ પેલાઓએ ના પાડી. સર્કલે કહ્યું, 'આખા તાલુકામાં કોઈ ગામના રાવણિયા આટલી હદે પહોંચ્યા નથી. લોકોના ઘરમાં ન પેસે પણ બહાર માલ લાવી આપે તે ઉપાડે તો છે જ. આવી પહેલ તાલુકામાં તમે જ કરો છો માટે સહન કરવું પડશે.' રાવણિયાઓએ જવાબ આપ્યો, 'અમે નોકરી છોડી દઈશું. શાહુકાર લોકો પૈસાની લાલચથી ગમે તે કરે. અમારે શું? અમારે અહીં કે બીજે મજૂરી જ કરવી છે ને? અમે તો ડરીએ પણ નહીં અને ડગીએ પણ નહીં.' પછી મુખીને ઘરમાં પેસવાનું કહેતાં તેણે જવાબ આપ્યો, 'હું ગામનો ધણી છું. મને આબરૂ વહાલી છે. લોકોના ઘરમાંથી વાસણો કાઢવાનું અને ઊંચકવાનું કામ મારું નથી.' સર્કલે મુખી અને રાવણિયાના લેખી જવાબો લીધા. પછી મજૂરની શોધ કરી પણ કોઈ મળ્યું નહીં એટલે ઓરામાં પાછા ફર્યા.

જપ્તીઓનું કામ શરૂ થયું કે થોડા જ દિવસમાં લોકોએ એક નવો પેંતરો રચ્યો. ગામને પાદરે ઝાડ પર મોટું નગારું લઈને સ્વયંસેવક બેસે અને જપ્તીવાળાને આવતા દેખે કે વગાડવા માંડે, જે સાંભળીને લોકો ઘર બંધ કરી તાળાં દઈ ઢોરને લઈ સીમમાં ચાલ્યા જાય. ઘરમાં સ્ત્રીવર્ગ રહે તોપણ બારણે તાળું દીધેલું હોય. ગામના છોકરાઓ ગામમાં ગાતા ગાતા ફરે 'ના ભરશો રે ના ભરશો, અન્યાયી વેરો ના ભરશો.' બોરસદ જેવાં મોટાં ગામોમાં તો લડત ચાલી એટલા બધા દિવસ દહાડે બધાં ઘર તાળાંબંધ રહેતાં અને રાતે બધો વહેવાર ચાલતો. સ્થળે સ્થળે કિટ્સન દીવા અને સ્વયંસેવકોનો ચોકીપહેરો ગોઠવી દેવામાં આવતો. બજાર પણ રાતે ઊઘડતું અને બહેનો પાણી ભરવા પણ રાતે જતી.

આમ જપ્તીમાં કશી સફળતા ન મળી એટલે મામલતદારે કેટલાંક ગામે વેરો નહીં ભરનારાની જમીન ખાલસા કરવાની નોટિસો કાઢી. તરત જ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



સરદારે પોતાની અને દરબાર સાહેબની સહીથી પત્રિકા કાઢી. તેમાં જણાવ્યું કે:

"અમુક મુદતની અંદર વેરો નહીં ભરાય તો ખાતેદારોની જમીન ખાલસા કરવાની મામલતદારે નોટિસો કાઢી છે. અમે માનતા નથી કે સરકારને મામલતદારના આ કામની ખબર હોય. એ ચાર રૂપિયાનો દંડ વસૂલ કરવાને ખાતર જ્યારે જમીનો ખાલસા થશે ત્યારે બહારવટિયાની અને આ રાજ્યની નીતિમાં કશો ફેર નહીં રહે. બાબર દેવાની ટોળી જાન લેવાની ધમકી આપી લોકો પાસે પૈસા કઢાવે છે. સરકારના અમલદારો આ જુલમી અને અન્યાયી વેરો વસૂલ કરવા માટે જે જમીન ઉપર પ્રજાની જાન નભી રહેલ છે તે જમીન પડાવી લેવાની ધમકી આપે છે. . . . મામલતદાર સાહેબે તમને જે ધમકી આપી છે તેની કલેક્ટર સાહેબને ખબર જ નહીં હોય એમ અમે માનીએ છીએ. આ દંડને ખાતર જમીન ખાલસા થઈ શકે જ નહીં. છતાં જો સરકાર એવા નિશ્ચય ઉપર આવે કે આવા દંડને ખાતર પણ ખેડૂતોની જમીન ખાલસા થઈ શકે તો આપણે સરકારનાં આવાં પગલાંને વધાવી લેવું જોઈએ. સરકાર જેમ વધારે ને વધારે અન્યાય કરશે તેમ તેનાં વળતાં પાણી વહેલાં થશે. ગુસ્સે થવાનાં અનેક કારણો મળ્યા છતાં જે શાન્તિથી પ્રજાએ જપ્તીઓનું કામ ચાલવા દીધું છે તેને માટે લોકોને અમે મુબારકબાદી આપીએ છીએ."

એક દિવસે પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ, આસિસ્ટન્ટ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ, પોલીસ ઇન્સ્પેક્ટર વગેરે પોલીસ અમલદારો બે મોટરો લઈ દાવોલ ગામે ગયા. તેમને ગામ લોકો સાથે થયેલો સંવાદ લોકોની દૃઢતા બતાવે છે:

સ૦ — તમો કાંઈ અરજ કરવા માગો છો ?

જ૦ — ના, સાહેબ. અમારે તમને કાંઈ ફરિયાદ કરવાની નથી.

સ૦ — કેમ ? તમારા ગામે હાલમાં શાન્તિ તો છે ને ?

જ૦ — હા, સાહેબ.

સ૦ — તમારા ગામમાં પોલીસ ફાળો ઉઘરાવ્યો કે નહીં ?

જ૦ — અહીં મામલતદાર સાહેબ આવેલા તેમણે ગામમાંથી જપ્તીઓ કરી વાસણ તથા અનાજના કોથળા લઈ ચોરામાં નાખ્યા છે.

સ૦ — આટલી જપ્તીઓ થયા છતાં તમે વેરો કેમ ભરતા નથી ?

જ૦ — આ અન્યાયી વેરો ભરવા અમે રાજી નથી.

સ૦ — આ વેરો નહીં ભરો તો અમે પોલીસ ઉઠાવી લઈશું.

જ૦ — જેમ સરકારને ઠીક લાગે તેમ કરે. એને મુલકમાં બંદોબસ્ત રાખવાનો છે તે એક પોલીસથી રાખે કે સો પોલીસથી રાખે.

સ૦ — તમારે શાંતિ જોઈએ છે કે નહીં ?

જ૦ — અમારે ને તમારે બન્નેને શાન્તિની જરૂર છે. શાન્તિથી બંનેને સુખ છે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



સ૦ — પણ વેરાના પૈસા નહીં ભરો તો તમોને શાન્તિ શી રીતે મળશે ? ગાડીમાં જેવા પૈસા ખરચે તેવી બેસવાની જગ્યા મળે. તેવું જ રક્ષણનું સમજી લેવું. તમે જો પૈસા નહીં ભરો તો તમોને રક્ષણ પણ તેવું જ મળશે.

આ લડત કુલ પાંચ અઠવાડિયાં ચાલી. તેમાં છેવટના ભાગમાં તો આવી આકરી અને કડવી લડતને પણ લોકોએ સંતાકૂકડીની રમત જેવી સહેલી અને સરસ બનાવી દીધી હતી. તાલુકામાં જપ્તીના કામ માટે એકઠાં કરવામાં આવેલાં મુલકી અને પોલીસ અમલદારોનાં ટોળાં ઉપર પણ લોકોના ખુશ-મિજાજની અસર થવા માંડી હતી અને તેઓ કિન્નો ભૂલવા લાગ્યા હતા. લોકોની સાવધાની અને સમયસૂચકતાથી તેઓ થાકયા હતા ખરા, પણ એને પહોંચી વળવાના ઉપાયો યોજવામાં તેઓ પણ મમતે ચઢ્યા હતા અને તેમાં હારતા ત્યારે પણ તેઓને રસ પડતો હતો. મોટા મોટા અમલદારો ચોરીચૂપકીથી કોઈ ગામના ઉપર છાપો મારવા નીકળી પડે, તેઓ તે ગામે પહોંચે તે પહેલાં તો સત્યાગ્રહી સેનાના દૂતોને ખબર પહોંચી ગયા હોય. પેલા અમલદાર દૂરથી આવતા દેખાય કે તરત ઝાડ પર ઢોલ વાગવા માંડે અને તે ગામે પહોંચે એટલે ઢોલ વાગતું બંધ થઈ ગયું હોય અને આખા ગામનાં બારણાં પણ ભડાભડ બંધ થઈ ગયાં હોય. પેલા વીલે મોઢે ગામમાં ફરે અને થાકીને લોકોનાં ઘરને ઓટલે બેસે. કોઈ વાર સરકારી માણસો લોકોને ભોળવવા માટે સ્વયંસેવકનો વેશ ધારણ કરી ધોળી ખાદીનાં પહેરણ અને ધોળી ટોપી પહેરી લોકોને ઘેર જાય. લોકો બિચારા ભોળવાઈને આવકાર આપે. એટલામાં ખરા સ્વયંસેવકો આવી પહોંચે અને લોકોને ચેતાવે. પેલા ઉઘાડા તો પડી જાય પણ ઘરમાં પેસી ચૂકયા હોય એટલે જપ્તી કરવા માંડે. પણ જપ્તીમાં શું મળે ? ઘરમાં ચીજો એવી ઠેકાણે કરી દીધેલી હોય કે પેલાઓને કશો પત્તો જ લાગે નહીં. ઘણા લોકોએ તો તાંબાપિત્તળનાં વાસણ વગે કરી દઈને માટીનાં બેડાંએ પાણી ભરવા માંડ્યું હતું અને માટીનાં હાંલ્લાંમાં રાંધતા હતા. કોઈ જગાએ એવું બનતું કે ઘરનાં બારણાં કાંઈ કારણસર ઉઘાડવા જાય કે તરત જપ્તી અમલદાર અંદર દાખલ થવા જાય, ઘરની બહાદુર સ્ત્રી ફડાક દઈને બારણું ઢાંકવાનું કરે એટલે પેલાનો એક પગ અંદર ને એક પગ બહાર રહી ગયો હોય અને બારણાની ધક્કાધક્કી થાય એવી લીલા ચાલે. આમાં કોઈ વાર જપ્તી અમલદાર ફાવે તો કોઈ વાર પગ બહાર કાઢતાં પણ એને નવ નેજાં થાય. પોતાના ખેતરમાં પાકેલા કપાસની ગાંસડી માથે મૂકી કોઈ ખેડૂત વેચવા જતો હોય તેને જપ્તીવાળો અટકાવે અને કહે કે, ‘લઈ ચાલો ગાંસડી થાણે.’ એટલામાં ધોળી ટોપીવાળા સ્વયંસેવકો ત્યાં પહોંચી જાય. તે કહે કે, ચાલો,

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



સત્યાગ્રહ થાણે. ગાંસડી ત્યાં રાખો. પેલો ખેડૂત સ્વાભાવિક રીતે જ સત્યાગ્રહ થાણે રાજી થઈને જાય. બીજે દિવસે એના ઉપર ચોરીનું તહોમત મુકાય. પોલીસોમાં બહારવટિયાને પકડવાની છાતી તો હતી જ નહીં, છતાં કાંઈ કામગીરી તો બતાવવી પડે એટલે સીમમાં સૂતેલા કોઈને પકડે અને મારઝૂડ કરે. બાકી સત્યાગ્રહ શરૂ થયો ત્યારથી તાલુકામાં ગુના થતા બંધ થઈ ગયા હતા, બહારવટિયાઓ પણ તાલુકામાં રહ્યા હોય તો ઠંડા પડી ગયા હતા અથવા તાલુકા બહાર જતા રહ્યા હતા. કચેરીઓમાં માખી મારવી પડે એવી દશા થઈ હતી. એટલે કેવળ મુકદ્દમા ચલાવવાનો દેખાવ કરવા ખાતર કોઈનો ચોરા પાસે પેશાબ કરવા માટે પંદર રૂપિયાનો દંડ કરવામાં આવે, તો કોઈ સભ્ય ગૃહસ્થનાં અંગ ઉપરનાં બટન અસભ્ય રીતે ઉતારવા જતાં મામલતદારને અટકાવવા માટે તે ગૃહસ્થ ઉપર કેસ ઊભો કરવામાં આવે. આવી પજવણીમાંથી પણ લોકો વિનોદ મેળવતા અને આ બધી ગમ્મતની વાતો એક ગામથી બીજે ગામ ફેલાતી.

અત્યાર સુધી મુંબઈ સરકાર આમાં નહોતી પડી. પણ લડત આગળ ચાલી એટલે પોતે નાખેલા વેરાના સમર્થનમાં ખબર ખાતાના વડા તરફથી તેણે એક યાદી બહાર પડાવી. તેમાં સત્યાગ્રહી કહેવાતામાંથી કોઈકે અયોગ્ય અને ગેરકાયદે રીતે સરકારના ખાનગી તુમારો મેળવ્યા બાબત તથા લોકોમાં પોલીસને મદદ કરવાની બિલકુલ વૃત્તિ જ ન હોવા બાબત તથા બહારવટિયાઓને સંતાડવા અને રક્ષણ આપવા બાબત પ્રજા ઉપર આક્ષેપો કર્યા હતા. વળી તેના સમર્થનમાં પોલીસ સુપરિન્ટેન્ડેન્ટનો એક લાંબો ૭૭ પેરાનો રિપોર્ટ જોડ્યો હતો. આ યાદીનો તા. ૨૩મી ડિસેમ્બરે સરદારે બહુ સખત જવાબ આપ્યો. તેમણે જણાવ્યું કે :

> “ પેલા તુમારો ગમે તેટલા ‘ખાનગી ’ હશે પણ આ કેસની અંદર તે ઘણા મહત્ત્વના છે. ખબર ખાતાના વડાએ સરકાર ઉપર અને પ્રજા સામે તુમારિયાંનો મોટો થોકડો ફેંકી આ કેસ ઉપર અજવાળું પાડવાનો જે પ્રયત્ન કર્યો છે તેના કરતાં અમે જે તુમારોની વાત કરીએ છીએ તે આ કેસ ઉપર વધારે અજવાળું પાડે છે. એ તુમારોમાં સરકારી અમલદારોએ પોતે સરકારનું જે પોગળ કબૂલ કરેલું છે તે જો અમે પ્રગટ ન કરીએ તો અમે અમારી ફરજમાંથી ચૂક્યા કહેવાઈએ. છતાં અમે તો આ સરકારે પોતે જ આ યાદીમાં જે કાગળો પ્રગટ કર્યા છે તેમાંથી પણ એવું બતાવી શકીએ તેમ છીએ, જેથી સરકારનો આખો કેસ ઊડી જાય.”

પછી પોલીસ સુપરિન્ટેન્ડેન્ટના આખા જિલ્લાના રિપોર્ટમાંથી બોરસદ તાલુકામાં જ બનેલા એવા કેસો ચૂંટી કાઢ્યા, જેમાં લોકોએ પોલીસને મદદ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



કરવાનો યત્ન કરેલો, તે માટે જાનનાં જોખમ વહોરેલાં અને જાન પણ ખોયેલા. પોલીસ સુપરિન્ટેન્ડેન્ટના શબ્દોમાં જ તે નીચે આપ્યા છે:

૧. ઝાડ સાથે ખીલા ઠોકીને અને ગોળીઓથી વીંધી જે બિચારાને મારી નાખવામાં આવ્યો છે તે બાતમી આપનાર હતો.

૨. મરનારના કોઈ કુટુંબીએ પોલીસને મદદ કરેલી તેના ફળરૂપ આ ખૂન હતું.

૩. એક મુસલમાને બહારવટિયા સામે શાહેદી પૂરેલી તેના પર હુમલો કરી તેનું નાક કાપી છોડી મૂકવામાં આવ્યો.

૪. બકોર પોલીસ જોડે મળી ગયો છે એવી શંકા પડવાથી બાબરે તેને ઠાર કર્યો.

૫. બેડવા ગામના લોકોએ બહારવટિયાઓનો સામનો કરવાનું સાહસ કર્યું, પણ પેલાઓએ ગોળીબાર કર્યો ને બે માણસોને મારી નાખ્યા.

૬. એક પાટીદારે બહારવટિયાની સામે થવાનું સાહસ કર્યું પણ તેને છરી ભોંકીને મારી નાખ્યો.

૭. બાબર દેવાએ બંજેડામાં એક બાતમી આપનારનું ખૂન કર્યું.

૮. બહારવટિયાઓએ હથિયારો સાથે ચાર ગામડાં ઉપર છાપો માર્યો પરંતુ તેઓ વીખરાઈ ગયા. (લોકો સામા થયા હશે તેથી જ વીખરાયા હશે ને? ભલી ભલાઈથી તો નહીં જ વીખરાયા હોય ને?)

૯. એક દરજી બહારવટિયાની સામે થયો, તેના સાહસના ફળરૂપે તેને કેટલાક જખમ થયા.

૧૦. પોલીસને બાતમી આપનાર ઉપર બાબરે કિન્નો લીધો ને તેને ઘાતકી રીતે જખમી કર્યો.

૧૧. એક કુંભારને ક્રૂર રીતે છાતીમાં ઘા કર્યો, (અલબત્ત એ કારણે નહીં જ કે તેની પાસે પૈસા હતા. કાં તો તે બાતમીદાર હોવો જોઈએ, કાં તો સામા થવાની તેણે હિંમત કરી હોવી જોઈએ).

૧૨. બાતમી આપ્યાની શંકા ગઈ તેથી તેઓને મારી નાખ્યા.

૧૩. સુણાવના લોકો બહાર નીકળ્યા અને બાબર દેવાની પાછળ પડચા.

૧૪. ત્રણ કાછિયાઓ ઉપર હુમલો કરી તેમને ગોળીથી ઠાર કર્યા. (અલબત્ત એ લોકોની તિજોરીઓ તર હતી તેથી નહીં જ. એ બાતમીદાર હોવાનો શક ગયો હશે તેથી જ.)

પોલીસ સુપરિન્ટેન્ડેન્ટે સજા-પોલીસ બેસાડવાની જરૂર પુરવાર કરવા માટે તૈયાર કરેલા રિપોર્ટમાંથી લોકોએ સામા થવાના તેમ જ જાનને જોખમે બાતમી આપ્યાના આટલા દાખલા હોવા છતાં ઉત્તર વિભાગના કમિશનર સાહેબે સજા-પોલીસ બેસાડવાની તરફેણમાં મત આપતાં એમ કહેવાની ધૃષ્ટતા કરેલી કે, 'સામાન્ય લોકોની બાતમી આપવાની અથવા પોલીસને મદદ કરવાની વૃત્તિ અહીં

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



એટલી ઓછી છે કે તેનો સુમાર નહીં.' જો ઉપર આપેલી હકીકત લોકોની 'નાહિંમત'નો, 'મદદ કરવાની મરજી ન હોવાનો' પુરાવો હોય તો એ સરકારી અમલદારોનો શબ્દકોશ કોઈ જુદો જ હોવો જોઈએ.

સરદારે સરકારી રિપોર્ટની બીજી કેટલીક ત્રુટિઓ પ્રત્યે પણ ધ્યાન ખેંચ્યું. રિપોર્ટમાં દર્શાવવામાં આવેલા કેસો ઉપરાંત સંખ્યાબંધ કેસો એવા હતા જેમાં માણસોએ બહારવટિયા સામે બહાદુરી બતાવેલી તથા તેમની બાતમી આપેલી. વળી બાતમી મળ્યા છતાં પોલીસે એ બાતમીનો કશો ઉપયોગ નહોતો કર્યો એવા કેસો તો સ્વાભાવિક રીતે જ રિપોર્ટમાં નોંધાયેલા નહોતા. ગયા ઑક્ટોબર માસમાં ખબર ખાતાના વડાએ 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા'ના ખાસ ખબરપત્રી તરીકે જે કેસોનો ઉલ્લેખ કરેલો હતો તે પણ આ રિપોર્ટમાં નોંધવામાં આવ્યા નહોતા. 'બાબર તેની બાતમી આપનારાઓનાં વેર વાળ્યા વિના છોડતો નથી,' તથા 'પોલીસને બાતમી આપનારાઓ પર તેનો ગુસ્સો એટલો બધો કહેવાય છે કે તે પોતાનાં નજીકનાં સગાંઓને પણ છોડતો નથી' એમ હોવા છતાં લોકોએ તો બાતમી આપવાની હિંમત કરી હતી.

સરકારી યાદી આગળ કહે છે કે, 'સવાલ માત્ર એટલો જ છે કે વધારાની પોલીસનો ખર્ચ આખા ઇલાકાના કર ભરનારા ઉપર પડવા દેવો કે જે તોફાની ભાગના લોકોએ આ પોલીસ મૂકવાની જરૂર ઊભી કરી છે તેમણે વેઠવો જોઈએ?' એના જવાબમાં સરદાર કહે છે કે, સવાલ એ નથી. સવાલ તો એ છે કે લોકોની દાદ ફરિયાદ સાંભળ્યા વિના એમને દંડવા કે કેમ? તાલુકાના શાંતિપ્રિય લોકોની આબરૂ ઉપર આ રીતે કલંક ચોંટાડવું કે કેમ? બહારવટિયાઓની વારંવાર થયેલી ફતેહથી જિલ્લાના કાયદાનું પાલન કરનારા દબાઈ ગયેલા લોકોને આવી જુલમી રીતે દંડવા કે કેમ એ સવાલ તો છે.

સરકારી યાદીની વધુ સખત ઝાટકણી તો સરદાર હવે કાઢે છે: સરકારની વિરુદ્ધ જતા કેટલાક કાગળોમાંની હકીકત બહાર પાડવાનો અમને હક ન હતો એવો વાંધો યાદીમાં ઉઠાવવામાં આવ્યો છે. પરંતુ અમે તેના ઉપર જે ગંભીર આરોપો મૂક્યા છે તે બાબત તે ચૂપકી જ પકડે છે. આટઆટલા બાતમીદારો પર ગોળીબારો થયા અથવા તેનાં ખૂન થયાં પણ પોલીસનો વાળ સરખો વાંકો નથી થયો તેનું કાંઈ કારણ હશે ને? આટઆટલી બાતમી પોલીસને મળી છતાં કેમ મુખ્ય બહારવટિયાઓને પોલીસ આજ સુધી પકડી શકી નહીં? લોકો તો સરકાર ઉપર આરોપ મૂકે છે કે સરકારે પોતે જ અનેક ખૂનો કરનાર બહારવટિયા સાથે ભળી તેને હથિયાર અને દારૂગોળો પૂરો પાડ્યો તથા લૂંટો અને ખૂનો કરતો તેણે જ તેને છૂટો ફરવા દીધો.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



છેવટમાં સરદાર લોકોના દિલનો સવાલ રજૂ કરે છે કે, જિલ્લામાં અથવા તાલુકામાં ગુનાબાજીની દશા પ્રવર્તી રહી છે તેને માટે જવાબદાર કોને ગણવા ? પોતે એનો ઉત્તર આપે છે કે, અમને તો જરાયે શંકા નથી કે સરકાર જ દોષપાત્ર છે. તેણે વાવ્યું છે તેવું જ તે લણે છે. તેણે જ એક પ્રાણવાન, ઉદ્યમી અને ખેતી કરનાર કોમને 'ગુનાબાજ'નો ચાંલ્લો ચોંટાડ્યો અને એવી રીતે તેને હલકી પાડી રોજ ને રોજ હાડછેડ કરી નિરાશાની છેક છેલ્લી ધાર ઉપર પહોંચાડી. ગુનાબાજ કોમોને લગતા કાયદા (ક્રિમિનલ ટ્રાઇબ્સ ઍક્ટ) પ્રમાણે હાજરી લેવી અને ક્રિમિનલ પ્રોસીજર કોડ પ્રમાણે જામીન લેવા એ સરકારના હાથમાં સહેલાં અને સસ્તાં સાધન થઈ પડ્યાં છે. કેટલાક અમલદારો પોતાના વધારેપડતા ઉત્સાહમાં આ કાયદાનો અમલ દુરુપયોગની હદ સુધી કરે છે. એક અમલદાર ખૂબ અકળાઈને કકળાટ કરે છે કે, 'પરિસ્થિતિને પહોંચી વળવા સારુ લાંબો વિચાર કરીને અને કાળજીપૂર્વક ગણતરી કરીને ઉપાયો સૂચવાયા હતા. ઘણા જિલ્લા મૅજિસ્ટ્રેટોનો પણ એ યોજનાને મજબૂત ટેકો હતો. છતાં વિવિધ કારણોને લીધે એ યોજના મંજૂર ન થઈ. બીજી તરફથી ધારાળાઓની ગુનાબાજી તો ચાલુ જ રહી, એટલે આ દરખાસ્તો ફરી ને ફરી રજૂ કરવી રહી.' એક અમલદાર કબૂલ કરે છે કે આ ગુનાબાજીનું કારણ આર્થિક છે. પરંતુ તેની સાથે તેને લાગે છે કે એ કારણ સહેલાઈથી દૂર થઈ શકે એવું નથી. એક બીજો અમલદાર વળી એમ કહે છે કે આપણે પૂરતા કડક નથી થયા, વધારેપડતી નરમાશ બતાવીએ છીએ. ગુનાબાજ કોમને લગતા કાયદા મુજબ જ, પણ આપણા બળ અને આપણા નિરધારનો તેમને પરચો દેખાય એવા ઉપાયો યોજવા જોઈએ. સરદાર કહે છે કે આ બધા અમલદારો ગોથાં ખાય છે. હાજરીના ઉપાયમાંથી જ ગુના વધ્યા છે. રોગ કરતાં ઉપાય વધુ ખરાબ લેવાયા છે અને હાજરીથી જે બાકી રહ્યું તે જામીન કેસોએ પૂરું કર્યું છે. એવા જિલ્લાની કલ્પના કરો જેમાં એક વરસમાં અઢારસો જેટલા જામીન કેસો થયા હોય. સહેજસાજ શક પડ્યો કે કરો જામીન કેસ. પેલો બાપડો શું કરે ? તેને એમ થાય કે કાયમ પોલીસની નજર નીચે રહેવું તેના કરતાં જેલ વહોરી લેવી એ બહેતર છે.

લોકોની ગરીબીનું ઓસડ કરવાની સરકારે ના પાડી અને એ કોમનો નૈતિક સુધારો કરવાની તો તેનામાં તાકાત જ નહોતી. એટલે સરકાર ગુનાખોરને લગતા કાયદાની અને જામીનગીરીની કલમોની વાડમાં જ બંધાઈ રહી. સજા-પોલીસ મૂકવામાં આવી એ પોતાની જાત પર આવીને ભરેલું તેનું આખરી પગલું હતું. આમ પોતાના જવાબનો ઉપસંહાર કરતાં સરદાર કહે છે કે :

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



"અમને નથી લાગતું કે આ પ્રશ્નનું યોગ્ય નિરાકરણ શી રીતે કરવું જોઈએ તે બાબતમાં અમારા વિચારોની ચર્ચા અમારે આ પ્રસંગે કરવી જોઈએ. અમે એટલું જ કહીશું કે કસાયેલા અનુભવી સ્વયંસેવકોને એ કોમની વચ્ચે ગામેગામ બેસાડી દેવાનો અમારો નાનો સરખો પ્રયોગ સારાં પરિણામ બતાવી રહ્યો છે. તેઓ સચ્ચાઈ, શાંતિ અને ખાદીનો સંદેશો ઘેરઘેર પહોંચાડે છે. સરકાર જો આ પ્રદેશમાંથી ખસી જાય — અને માનમાં રહીને ખસી જવું એ જ તેને માટે ઉચિત છે — તો અમે પ્રજાની વચ્ચે રહીને શાંતિ અને વ્યવસ્થાના પાલનની જવાબદારી ઘણી ખુશીથી ઉપાડીશું."

ઉપરનો જવાબ આપ્યા પછી સરદાર કૉંગ્રેસના અધિવેશનમાં ભાગ લેવા કોકોનાડા જવા ઊપડ્યા. મુંબઈમાં બોરસદની લડત વિષે તેમણે જાહેર ભાષણ આપ્યું. સરકારી યાદી અને તેના જવાબમાં કહેલી સરકારનાં કરતૂતોની બધી વાત સાંભળી લોકોમાં પ્રકોપ જાગ્યો. સરદારે સાફ સાફ કહ્યું કે :

"સરકારના ખાનગી કાગળો મેં મેળવ્યા છે અને તેમાંથી સરકારની મેલી ચાલ મેં બહાર પાડી છે. કાયદામાં તે ગુનો ગણાતો હોય તો સરકાર મારી ઉપર કેસ ચલાવો હું માનું છું કે હું એને પહોંચી વળી શકીશ. પણ સરકારી અમલદારોએ એક બહારવટિયાને પકડવાનું માન ખાટવા બીજા બહારવટિયાનો આશરો લીધો, તેને બંદૂકો અને કારતૂસો પૂરાં પાડ્યાં, તેને લૂંટો અને ખૂનો કરવા દીધાં, એ સરકાર ઉપરના મારા જાહેર આરોપનો સરકાર શો જવાબ આપે છે? આવી રીતે સરકારે પ્રજાનો દ્રોહ કર્યો, તેનો કેસ સરકાર ઉપર કોણ ચલાવે? બહારવટિયાના સાથી તો પોતે છે, છતાં ચોર કોટવાળને દંડે એમ નિર્દોષ પ્રજાને બહારવટિયાની સાથી કહી તેમની પાસેથી દંડ લેવા સરકાર નીકળી છે!"

આ ભાષણ મુંબઈનાં એકેએક છાપામાં મોટાં મથાળાં સાથે છપાયું. મુંબઈના ગવર્નર સર લેસ્લી વિલ્સન બોરસદની લડત શરૂ થયા પછી નવા જ આવેલા હતા. તેઓ પોતાની સરકાર ઉપરનો આવો ગંભીર આરોપ જાહેરમાં મુકાયેલો જોઈ ચોંક્યા. તેમણે હોમ મેમ્બરને જાતે બધી તપાસ કરવા બોરસદ મોકલ્યા. કાં તો સરકારે દંડ રદ કરી પોતાની ભૂલ કબૂલ કરવી જોઈએ, કાં તો સરદારને પકડી તેમના ઉપર કેસ ચલાવવો જોઈએ, એ સ્થિતિ ઊભી થઈ હતી.

હોમ મેમ્બર સર મોરિસ હેવર્ડ તા. ૪–૧–'૨૪ના રોજ બોરસદ પહોંચ્યા. તેમણે પ્રથમ તો ઉત્તર વિભાગના કમિશનર, જિલ્લાના કલેક્ટર તથા બધા મૅજિસ્ટ્રેટો અને પોલીસ અમલદારો પાસેથી બધી વિગત જાણી લીધી અને પછી એ બધા અમલદારોની રૂબરૂ તાલુકાના આગેવાનોની મુલાકાત ગોઠવી. સ્થાનિક અમલદારોએ પોતાને અનુકૂળ લાગ્યા તેવા વીણી વીણીને દોઢસોએક આગેવાનોને આમંત્રણ આપ્યાં હતાં. તેમણે અગાઉથી મળીને પોતાના પ્રતિનિધિ તરીકે એક

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



જ માણસ — બોરસદના શ્રી રામભાઈ વકીલ વાત કરે એવું નક્કી કર્યું. વળી આ આગેવાનોનો મોટો ભાગ અંગ્રેજી નહીં જાણતો હોવાથી શ્રી રામભાઈએ બધી વાત ગુજરાતીમાં જ કરવી એમ પણ ઠરાવ કર્યો. પણ સાહેબના બંગલા આગળ તો અઢી ત્રણ હજાર લોક એકઠું થઈ ગયું હતું. સાહેબે અંદરથી કહેવડાવ્યું કે બધા વ્યવસ્થિત બેસી જાય અને શાંતિ રાખે તો ભલે ત્યાં બેસે. લોકો તરત સભાના રૂપમાં ગોઠવાઈ ગયા. આ સભામાં દરબાર સાહેબ, પંડ્યાજી, રવિશંકર મહારાજ કે બીજા કોઈ કાર્યકર્તા ગયા નહોતા. આમંત્રિત આગેવાનો બોરસદના વિનય મંદિરમાં બેઠા હતા ત્યાંથી ‘ સાહેબ બંગલે બોલાવે છે ’ એવો સંદેશો મળતાં વ્યવસ્થિત સરઘસના રૂપમાં ત્યાં પહોંચ્યા. જતાંવેંત તેમણે પોતાના પ્રતિનિધિની નિમણૂકની અને ગુજરાતીમાં બોલવાની વાત જાહેર કરી અને તે સાહેબે કબૂલ રાખી. હોમ મેમ્બરને ગુજરાતી આવડતું ન હતું એટલે તે અંગ્રેજીમાં બોલે તે લોકોને ગુજરાતીમાં સમજાવવાનું અને શ્રી રામભાઈ ગુજરાતીમાં જવાબ આપે તે સાહેબને સમજાવવાનું દુભાષિયાનું કામ કમિશનર સાહેબે કર્યું. જે સવાલ જવાબ થયા તેમાં લોકોની હિંમત, દૃઢતા અને વિનોદવૃત્તિ પણ દેખાઈ આવે છે.

હોમ મેમ્બરે શરૂઆત કરી કે નાο ગવર્નર સાહેબ નવા જ આવેલા છે, તેઓ તમારી ચળવળમાં બહુ રસ લે છે. પણ આજ સુધી પ્રજા તરફથી કાંઈ અરજી કરવામાં આવી નથી એ નવાઈની વાત છે.

શ્રી રામભાઈએ જવાબ આપ્યો કે, અરજી કરવાની રીતમાં પ્રજા વિશ્વાસ ગુમાવી બેઠી છે. પ્રજાએ અનેક બાબતોમાં પહેલાં બહુ અરજીઓ કરેલી, પણ તેમને દાદ મળી નથી. એટલે થાકીને અરજી કરવાનું છોડી દીધું છે. પણ આવા મોટા પ્રશ્નમાં સરકાર અજાણ રહે અને અરજીની અપેક્ષા રાખે તો તો સરકાર પોતાની ફરજ ચૂકે છે એમ ગણાય. એટલામાં એક ભાઈએ શ્રી રામભાઈની રજા લઈને જણાવ્યું કે આ બાબતમાં તાલુકામાંથી ચાર અરજીઓ સરકારને કરવામાં આવી છે. કલેક્ટરે અને કમિશનરે એ વાત કબૂલ રાખી.

પછી સાહેબે જણાવ્યું કે, વધારાની પોલીસથી તાલુકામાં શાંતિ સ્થપાઈ છે એટલે ઘણો વખત હવે વધારાની પોલીસ રાખવી પડશે નહીં અને બધો સવાલ ટૂંકામાં પતી જશે. 14737

તેના જવાબમાં શ્રી રામભાઈએ વધારાની પોલીસના ત્રાસના, કનડગતના તથા તેનો ઉપયોગ લોકોને ધમકાવવા તથા ડરાવવાના કામમાં થતો હોવાના દાખલા આપ્યા. એટલે સાહેબે જણાવ્યું કે આવી બાબતમાં લોકોએ અધિકારીઓને ફરિયાદ કરવી જોઈએ. શ્રી રામભાઈએ જણાવ્યું કે ફરિયાદ કરવાનું કોઈ ઠેકાણું રહ્યું નથી. એમ કહી સામે બેઠેલા ડેપ્યુટી પોલીસ સુપરિન્ટેન્ડેન્ટને

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

બતાવી બોલ્યા : આ સાહેબ બે દિવસ ઉપર જ નીસરાયા ગામના લોકોને ધમકાવી આવ્યા છે કે વેરો ભરી દો, નહીં તો બહારવટિયા ઝલુંદ ગામે આવ્યા છે તેમને તમારે ગામ મોકલીશું, તે તમને લૂંટી લેશે. એટલે પેલા પોલીસ અમલદારે પોતાનો બચાવ કરવા માંડ્યો કે મેં તો એમ કહેલું કે વેરો ભરી દો, જો તમારે ગામેથી વધારાની પોલીસ ઊઠી જશે તો બહારવટિયા આવીને તમારું ગામ લૂંટી લેશે. નીસરાયાના એક ભાઈએ તરત ઊભા થઈને કહ્યું કે અમારે ગામે પોલીસનું થાણું છે જ નહીં. એટલે શ્રી રામભાઈએ કહ્યું કે તો તો શેષ વાત બહારવટિયાને મોકલવાની જ સાચી ઠરે છે.

એટલામાં એક જણે ઊભા થઈને કહ્યું કે ફરિયાદ તે કોને કરે? અને શી કરે? અમારા આંકલાવ ગામમાં ચાર દિવસ ઉપર આ સામે બેઠા છે તે મામલતદાર સાહેબનો ચોરામાં મુકામ હતો. એક માણસે એક ઠેકાણે પેશાબ કર્યો તેનો મામલતદાર સાહેબે પંદર રૂપિયા દંડ કર્યો. હવે થોડા જ વખત ઉપર એની પાસે જ એમનો પોતાનો ઘોડો મૂતરેલો હતો અને આગલી રાત્રે એઓ પોતે જ એ જગાએ ઝાડે ફરવા બેઠા હતા! આ સાંભળી બધા અમલદારો અને આખી સભા ખડખડાટ હસી પડી. બે જ જણ હસ્યા નહોતા : પેલા પકડાઈ ગયેલા ડેપ્યુટી પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ અને આ ફજેત થયેલા મામલતદાર.

અમલદારોનો આવો ફેસ્તો થતો જોઈ સાહેબે એ વાત પડતી મૂકી અને બહારવટિયાઓ કેમ પકડાય એની ચર્ચા ઉપાડી. શ્રી રામભાઈએ જણાવ્યું કે હમણાં જેવું પોલીસ ખાતું છે તેનાથી તો બહારવટિયા પકડાવાને બદલે નવા ઊભા થવાની દહેશત છે. જ્યારે અલી બહારવટિયો પહેલી વાર પકડાયો ત્યારે સરકારી ખબરખાતા તરફથી એમ જાહેર થયેલું કે ઉત્તરસંડાના જંગલમાંથી અલી નામના બહારવટિયાને પકડવામાં આવ્યો છે. અમે તો સૌ જાણીએ છીએ કે ઉત્તરસંડામાં જંગલનું નામનિશાન નથી. પણ એ અલીના સાગરીત એક પાટીદારે પોતાનું ગામ બહાર એક મકાન છે ત્યાંથી એને દગો કરીને પકડાવેલો. અને એ પણ જગજાહેર છે કે આ સામે બેઠેલા મગનલાલ ફોજદાર એ અલિયા બહારવટિયાના તેમ જ ઉત્તરસંડાના પેલા પાટીદારના દિલોજાન દોસ્ત છે. ઉત્તરસંડાના પાટીદારે અલીને પકડાવ્યો અને પોલીસ સાથે મળીને એને છોડાવ્યો એ પણ સૌ જાણે છે. એ ત્રણના કૂંડાળામાં મગનલાલ ફોજદારને અને બહારવટિયાને સંબંધ હોય એ દીવા જેવું સ્પષ્ટ છે. તે ઉપરાંત મગનલાલ ફોજદારનાં કેટલાંય પોગળ અહીં બેઠેલા આ ડેપ્યુટી કલેક્ટર મિ. ગાંધી આગળના એક કેસમાં ખુલ્લાં પડ્યાં હતાં. એટલે મગનલાલ ફોજદાર કેવા છે તે હકીકત જાણવી હોય તો પૂછો મિ. ગાંધીને.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



એ તો મગનલાલની વિરુદ્ધ હકીકત કહેવા પોતાની ખુરશીમાંથી ઊભા થઈ ગયા. પણ હોમ મેમ્બરને આ દેખાવ ગમ્યો નહીં. તેમણે કહ્યું કે ડેપ્યુટી કલેક્ટરને જે કહેવાનું હશે તે મને કહેશે. તમારે જે કહેવાનું હોય તે કહો. એટલે શ્રી રામભાઈએ કહ્યું કે ડેપ્યુટી કલેક્ટર સાહેબ આપને જે કહેશે તે જ સભાના તમામ માણસોને કહેવાનું છે. તમારા જ અમલદારોએ બહારવટિયા ઊભા કર્યા હોય અને તેમને તેઓ પકડતા ન હોય તો તેનો દંડ અમારી પાસેથી માગવાનો શાનો હોય? આવી સડેલી પોલીસને દૂર કરો તો વગર પોલીસે પણ બહારવટિયા ઠેકાણે પડી જાય એમ છે. તેઓ સુધરવા માગે છે એવા કાગળો આ ચળવળ પછી તેઓ સત્યાગ્રહ છાવણીમાં લખતા થયા છે.

આમ પોલીસની વિરુદ્ધ ઘણી હકીકત કહેવામાં આવી. પછી બહારવટિયા-ઓની બાબતમાં પોલીસે કેટલાં કામ કર્યાં છે તે સભાને જણાવવા ડી. એસ. પી.-ને કહેવામાં આવ્યું. ત્રીસ ચાળીસ માણસોના નામનું ઓળિયું તેઓ કરી લાવ્યા હતા તે તેમણે વાંચવા માંડ્યું. 'મશહૂર બહારવટિયા અમુક પકરા ગયા,' 'મશહૂર બહારવટિયા અમુક મારા ગયા.' તેઓ વાંચી રહ્યા એટલે શ્રી રામભાઈએ કહ્યું કે આ સાહેબે જેટલાં નામ વાંચ્યાં તેમાં કોઈ મશહૂર પણ નથી અને કોઈ બહારવટિયો પણ નથી. તેમાંનો એક પણ બહારવટિયા તરીકે જાણીતો હોય તો પૂછો આ સભાને.

આ બધો રંગ જોઈને સાહેબે આ મુલાકાત બંધ કરવાનું જણાવ્યું એટલે શ્રી રામભાઈએ બધા લોકોની વતી છેવટમાં જણાવ્યું કે લોકોની આ બધી વાત સાંભળી સરકાર આ વેરો રદ કરવાના ઠરાવ ઉપર આવે તો પહેલાં ઘણી વાર બન્યું છે તેમ આ વખતે એમ નહીં થવું જોઈએ કે લોકો ગરીબ છે, વેરો ભરી શકે એમ નથી, અમને આજીજી કરે છે માટે અમે આ વેરો જતો કરીએ છીએ. અમે એવા ગરીબ નથી કે આટલો વેરો ભરવાના પૈસા અમારી પાસે ન હોય. પણ અમારી વાત ન્યાયની છે અને સરકારની વાત અન્યાયની છે, માટે આ વેરાની એક પાઈ પણ સરકારને ન આપવી એવો અમારો નિશ્ચય છે. જપ્તીઓ બંધ કરાવી પોતાની તપાસનું પરિણામ સરકારની પાસે રજૂ કરવાનું કહી હોમ મેમ્બરે સભા બરખાસ્ત કરી.

સભાને બીજે દિવસે પોલીસનાં ગુણગાન કરવા માટે સ્થાનિક અમલદારો થોડાક પોતાના ફાવતા માણસોને હોમ મેમ્બર પાસે લઈ ગયા. એ તમામને તો તેઓ એક જ પ્રશ્ન પૂછતા કે, ગઈ કાલની સભામાં તમે હાજર હતા? પેલા 'હા' કહે તો તેને તરત જ વિદાય આપતા. સરકારનો અન્યાય છે એવી તેમને પ્રતીતિ થઈ ગઈ હતી. તેઓ મુંબઈ પહોંચ્યા પછી તરત તા. ૮–૧–'૨૪ના રોજ મુંબઈ સરકારે નીચેની પ્રેસ નોટ બહાર પાડી:

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



બોરસદ તાલુકાના લોકોને ખરચે ત્યાં વધારાની પોલીસ રાખવાની આવશ્યકતા છે કે કેમ, તેની નાo ગવર્નરે હોમ ડિપાર્ટમેન્ટના સભ્ય મારફતે ખાસ તપાસ કરાવી છે. નાo ગવર્નરની વિનંતીથી હોમ મેમ્બરે છેલ્લા થોડાક દિવસ દરમિયાન ખેડા જિલ્લાની જાતે મુલાકાત લીધી હતી. નાo ગવર્નરે, આ તપાસ વિષે પોતાની કારોબારી કાઉન્સિલ સાથે મસલત ચલાવી છે, જેને પરિણામે તેઓ એવા નિર્ણય પર આવ્યા છે કે લોકોના રક્ષણ માટે તેમ જ બહારવટિયાઓનો પીછો પકડીને તેમને દબાવી દેવા માટે વિશેષ ઉપાયો લેવા સારુ તાલુકાની સામાન્ય પોલીસ ઉપરાંત વધારાની પોલીસની મજબૂત ટુકડીઓ હજી થોડોક વખત રાખવી પડશે.

પરંતુ, સાથે સાથે, આ ટુકડીઓના ખર્ચ માટે નાખવામાં આવેલો વધારાનો વેરો લોકોને પાછો આપી દેવાને માટે સબળ કારણો છે, એવો તેઓ નામદારનો નિર્ણય થયો છે. વળી એ પણ સાચું છે કે, અત્યાર સુધી એકંદરે લોકો બહારવટિયાને પકડવામાં ઉદાસીન રહ્યા, તે ઘણુંખરું કેટલાક જાણીતા મુખ્ય બહારવટિયાઓની દુષ્ટ અને અમાનુષી રીતોને લીધે જ છે. વળી આ વખતે વરસાદની મોસમ કેટલેક અંશે નિષ્ફળ જવાને લીધે વધારાની પોલીસના નિભાવને માટે વેરો ભરવાનું પણ, કેટલાક લોકોને મુશ્કેલ પડે એમ છે. આ બધું જોઈને અત્યારે જે વધારાની પોલીસ મૂકેલી છે તેનું ખર્ચ ચાલુ વર્ષમાં સરકારની સામાન્ય આવકમાંથી જ આપવાનું નાo ગવર્નરે ઠરાવ્યું છે. અને આવતા વર્ષમાં એને કાયમ રાખવા માટે ધારાસભા પાસે એના ખર્ચની માગણી કરવામાં આવશે.

આ તાલુકાના લોકો લાંબા વખત સુધી ત્રાસદાયક ગુનાઓના ભોગ થઈ પડેલા છે, અને તેમને વધારાની પોલીસનો અનુભવ અત્યાર સુધીમાં થઈ ચૂક્યો છે, એટલે બહારવટિયાઓને દબાવી દેવા માટે હવે પછી લેવાનાં પગલાંમાં ખરા દિલથી સહાય અને સહકાર કરીને, સરકારની આ ઉદાર નીતિનો તેઓ ઘટતો જવાબ વાળશે એવો નાo ગવર્નરને વિશ્વાસ છે.

સરકારની યાદી બહાર પડી કે તરત જ સરદારે પત્રિકા બહાર પાડીને લડત બંધ થયેલી જાહેર કરી. તેમાં લખ્યું:

“સત્ય, અહિંસા અને તપનો ફરીથી એક વાર વિજય થયો છે. આ વિજય આપણી લડત જેટલી ન્યાયની હતી તેટલી જ ત્વરાથી થયો છે, એ વિશેષ આનંદની વાત છે. આ વિજય અપૂર્વ છે, કારણ કે આ વખતે ઉભય પક્ષનો વિજય થયો છે. સરકારે પોતાની ભૂલનો ખુલ્લા દિલથી અને હિંમતથી સ્વીકાર કર્યો છે. થયેલી ભૂલને પ્રતિષ્ઠાની ખાતર કોઈ પણ ભોગે વળગી રહેવાની પરાપૂર્વની રૂઢિ છોડી, નિર્દોષ અને કચરાયેલી પ્રજાને દોષિત અને દુ:ખી કરવાના મહા અપરાધમાંથી બચી જઈ, સત્યનો સ્વીકાર કરી, સરકારે પોતે પણ વિજય મેળવી લીધો છે. આવું ભારે નૈતિક બળ બતાવનાર નવા ગવર્નર સર લેસ્લી વિલ્સનને અમે ખરા અંત:કરણથી મુબારકબાદી ન આપીએ તો અમે અમારા કર્તવ્યમાંથી ચૂકીએ.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



"વસૂલ થયેલો દંડ અને જપ્તીમાં લેવાયેલો માલ પાછો આપવાનું અને વધારાની પોલીસનું ખર્ચ સરકારે ભોગવી લેવાનું ઠરાવ્યું, તેમાં આપણો વિજય સમાયેલો નથી. આપણી ઉપરનું કલંક સરકારે પાછું ખેંચી લીધું તેમાં આપણો વિજય છે ખરો. પણ ખરેખરો વિજય તો તેની મહત્તા સમજવામાં અને તે પચાવવાની શક્તિમાં રહેલો છે. સરકાર હંમેશાં પોતાની ભૂલ કબૂલ કરતાં ડરે છે. શુદ્ધ શસ્ત્રોથી અન્યાયની સામે થનાર પ્રજાને પણ નમ્યું આપવામાં સરકાર પોતાને જોખમ માને છે. આ પહેલો પ્રસંગ છે જ્યારે સરકારે પોતાની ભૂલનો વગર સંકોચે જાહેર એકરાર કરી સત્યાગ્રહ શસ્ત્રથી લડતી પ્રજાને નમતું આપી એ લડત રાજમાન્ય છે એમ સ્વીકાર્યું છે. સરકારની આ સભ્યતાનો દુરુપયોગ નહીં થાય એને માટે શબ્દોથી ખાતરી આપવી તે કરતાં ભવિષ્યના વર્તનથી બતાવી આપવું એ વધારે યોગ્ય ગણીશું."

પછી સરકારની યાદીમાં રહેલી એક મહત્ત્વની ત્રુટિનો ઉલ્લેખ કરતાં કહ્યું:

"સરકારે પોતાની રીતનો અમલ બોરસદના ધારાળાઓ ઉપર વર્ષોનાં વર્ષો સુધી અજમાવ્યો, તેનું પરિણામ અવળું આવ્યું છે. સરકારનો હેતુ શુદ્ધ હતો તેનો અમે ઇનકાર કરતા નથી, પરંતુ પરિણામ બૂરું આવ્યું છે તે સરકારથી અજાણ્યું નથી. આ દુઃખી કોમની સાથે સહાનુભૂતિથી અને મીઠાશથી કામ લેવાની જરૂર છે. એક બે ખૂની અને લૂંટારુઓને પકડવામાં જે સંખ્યાબંધ માણસોએ પોતાના પ્રાણ ખોયા છે, તેમનાં કુટુંબો પ્રત્યે દિલાસાનો એક પણ શબ્દ સરકારના કોઈ પણ તુમાર કે પત્રિકામાં અમારા જોવામાં આવ્યો નથી, તેથી અમને ખૂબ દર્દ થયું છે. સરકારી પ્રેસનોટના છેલ્લા પૅરેગ્રાફના જવાબ પૂરતો નાછૂટકે આટલો ઉલ્લેખ કરવાની અમને જરૂર પડી છે."

સરકારી પ્રેસનોટ સીંદરી બળે પણ વળ ન મૂકે એના જેવી તો હતી જ. છતાં મહાદેવભાઈએ 'નવજીવન'માં લખ્યું છે કે:

"એની ભાષાને ચૂંથવાનો પ્રયત્ન કરવો એમાં આપણી શોભા ન હોય. પ્રજાને માથેનું કલંક ધોવાય છે એટલું આપણે માટે પૂરતું છે. નવા ગવર્નર સાહેબે અસાધારણ દૃઢતા અને ન્યાય કરવાની તત્પરતાનો રંગ દેખાડી રાજકર્તા મંડળમાં નવી ભાત પાડી છે."

'સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા' જેવા સહકારી પત્રને પણ સરકારી પ્રેસનોટમાં પૂરતી મધુરતા ન જણાઈ. તેણે લખ્યું કે:

"લોકોની ઉદાસીનતા ધાડપાડુઓના ત્રાસને આભારી હતી એમ સરકાર કબૂલ કરે છે, પણ ખરી રીતે ઉદાસીનતા લોકોની હતી કે પોલીસની એનો ક્યાં વિચાર કરે છે? વેરો રદ કરવાને માટે સરકારે મોસમ નબળી



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



હોવાનું કારણ જણાવ્યું છે, પણ તે કારણ ન આપ્યું હોત તો કેવું સારું થાત? પોતાની મૂર્ખાઈને તેણે માધુર્યથી સુધારવી જોઈતી હતી.”

બીજા સહકારી પત્ર ‘ટ્રિબ્યુને’ અસહકારીઓની સારી કદર કરી. તેણે લખ્યું:

“અસહકારીઓએ સત્યાગ્રહ બંધ કરી દીધો છે, એટલું જ નહીં પણ તેમના નેતાઓએ સરકારને ધન્યવાદ આપ્યો છે અને તે ઉપરાંત કહ્યું છે કે સરકારની સભ્યતાનો દુરુપયોગ ન થાય એમ અમે વર્તનથી બતાવી આપીશું. કોણ કહેશે કે અસહકારીઓ અવળા અને કદી સમાધાન ન કરે એવા જક્કી છે?”

આવા સંપૂર્ણ અને શીઘ્ર થયેલા વિજયથી કાર્યકર્તાઓ અતિ ઉત્સાહમાં આવી જાય તે સ્વાભાવિક હતું. પણ સરદાર તે વખતે પોતાના મગજનું સમતોલપણું કેવી રીતે જાળવી રહ્યા હતા અને સત્યાગ્રહના સિદ્ધાંતોની કેવી ઊંડી સમજ બતાવી રહ્યા હતા તથા તે આચારમાં મુકાય તેનો પ્રયત્ન કરી રહ્યા હતા તે એમના દરબાર સાહેબ તથા પંડ્યાજી ઉપર લખેલા નીચેના કાગળ ઉપરથી તથા વિજયોત્સવ વખતે આપેલા નમ્રતાપૂર્ણ ભાષણ ઉપરથી દેખાઈ આવે છે:

તા. ૧૧–૧–’૨૪

પ્રિય ભાઈ ગોપાળદાસભાઈ તથા મોહનલાલ પંડ્યા,

તમારી પત્રિકા તથા ભાષણ હમણા ભાઈ ભાસ્કર લઈને આવ્યા. આ પ્રસંગે મને ધર્મસંકટ આવ્યું છે. મને લાગે છે કે બંને લેખો આપણી લડત અને જીતના અવસરને પ્રતિકૂળ છે. સત્યાગ્રહી જીતને પ્રસંગે પ્રતિપક્ષીને હારની ચોટ ન લાગવા દે તો જ સત્યાગ્રહ સમજ્યા ગણાય. આપણે આ લેખો પ્રસિદ્ધ કરીશું તો આપણી જીતની મહત્તા ગુમાવી બેસીશું એવો મને પાકો ભય છે. એટલે આ વખતે અત્યંત દુઃખથી તમારી બેઉની ઉપરવટ થઈ એ લેખો છાપવાની વિરુદ્ધ પડી મારી પાસે જ રાખી મૂકું છું. મને ચોક્કસ ખાતરી છે કે મારી સલાહ થોડા વખત પછી તમે સાચી માનશો. આ પ્રસંગે આપણે સરકારી અમલદારોની વિરુદ્ધ એક પણ શબ્દ ન બોલીએ એમા જ આપણી શોભા છે. માત્ર આપણી પોતાની નબળાઈઓ તપાસી લઈએ અને પ્રજાને આગળ ચઢાવવાનો શુદ્ધ પ્રયોગ શરૂ કરીએ તો જ આપણે જીત્યા ગણાઈએ.

આવતી કાલની સભામાં જે સંગીતનો કાર્યક્રમ રાખ્યો હોય તેમાં માત્ર ઈશ્વરભજન અને પ્રસંગને અનુકૂળ, જેવાં કે ‘રામબાણ વાગ્યાં હોય તે જાણે’ એવાં જ ભજન રાખીએ તો સારું. મને વિશ્વાસ છે કે તમે મારી સલાહ ઉદારતાથી માની લેશો. વિશેષ રૂબરૂ મળીશ ત્યારે ખુલાસો કરીશ.

જાન્યુઆરીની બારમી ને શનિવારે બોરસદમાં સત્યાગ્રહની લડતની પૂર્ણાહુતિનો મોટો ઉત્સવ થયો. લોક તો કીડીઓની માફક ઊભરાતું હતું. અમદાવાદ અને

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

મુંબઈથી પણ ઘણું માણસ ઉત્સવમાં ભાગ લેવા ત્યાં આવી પહોંચ્યું હતું. લડતનો આરંભ કરવાની સભામાં પાંચસાત હજાર લોક આવ્યા હતા. પણ આ પૂર્ણાહુતિની સભામાં પચીસથી ત્રીસ હજાર લોક હશે. લડતમાં જેટલો પુરુષોએ હિસ્સો લીધો હતો તેટલો જ સ્ત્રીઓએ લીધો હતો અને સભામાં પણ કાંઈ નહીં તો ચોથા ભાગની બહેનો હતી. તેમાં અઢારે વર્ણનાં માણસો ભેગાં થયાં હતાં. મોટા મોટા થોભિયાવાળા અને પોતાની મોટાઈનો ફાંકો રાખનારા પાટીદારો, હુક્કો ગગડાવતા કદાવર બાંધાના અને હાથમાં લાંબી ડાંગવાળા બારૈયા અને પાટણવાડિયા તથા મોટા ફેંટાવાળા મગરૂર મોલેસલામ ગરાસિયા એમાં ખાસ ધ્યાન ખેંચતા હતા.

લડતમાં તો ઈશ્વરકૃપાથી આપણને વિજય મળ્યો પણ હવે આપણું કર્તવ્ય શું છે એ સમજાવતાં સરદારે ગંભીર વાણીમાં સભાને સંબોધીને કહ્યું:

"તમારો હવે એક જ ધર્મ હોઈ શકે. જો તમે સાચો વિજય મેળવ્યો હોય તો હવે તમારે સરકારના દોષો સામે જોવાનું છોડી દેવું અને તમારી પોતાની નબળાઈઓનો જ વિચાર કરવો. સરકાર સાથે તમારો નાનો કજિયો પતી ગયો, પણ આપણો મોટો કજિયો હજી ઊભો છે. તે માટે સરકાર સાથે બાથ ભીડવાને આપણે તૈયાર ન હોઈએ ત્યાં સુધી તેના દોષ જોવાનું છોડી દઈએ. સરકાર સાથે છેવટનો મુકાબલો કરવાની તૈયારી માટે આપણે પોતાની નબળાઈઓ જલદી તપાસી લેવી અને તેને દૂર કરવી એ જ આપણો તાત્કાલિક ધર્મ છે.

"આ ટૂંકી લડત દરમિયાન તમે કેટલો આકરો ભોગ આપ્યો છે, કેટલી હિંમત બતાવી છે, કેવો સંપ રાખ્યો છે, કેટલો ઉત્સાહ બતાવ્યો છે, એ બધું કર્યું ત્યારે જ તમે માગતા હતા તે બધું મેળવી શક્યા. એમાં દરબાર સાહેબની કે પંડ્યાજીની કે મારી કોઈની બુદ્ધિથી કે ચાતુરીથી આ બધું તમે મેળવ્યું નથી. પણ આજે જેલમાં બેઠેલા મહાન તપસ્વીએ ચીંધી દીધેલા માર્ગે ચાલવાથી આ ફતેહ મળેલી છે. હજી તો એમના આપણી ઉપર ચઢેલા ઋણનું વ્યાજ જ આપણે પાછું વાળ્યું છે. પણ મુખ્ય ઋણ અદા નથી કર્યું. તેમણે આપેલો પાઠ આપણે બરાબર શીખ્યા હોત, તેમની કહેલી બધી વાતો આપણે પચાવી હોત તો આજે બહારવટિયા આપણી વચ્ચે હોત જ ક્યાંથી?

"આપણી લડત પૂરી થઈ છે. તેને સંકેલવામાં જે કાંઈ બાકી રહ્યું હોય તેમાં બને તેટલી મીઠાશથી તમારે કામ લેવું. તમારામાંથી કોઈએ સરકારથી ડરીને, નબળાઈથી દંડના પૈસા ભર્યા હોય અથવા સરકારને જપ્તી કરવાની સગવડ કરી આપી હોય તેમને દંડવાનો કે ત્રાસ આપવાનો વિચાર તમે છોડી દેજો. મેં જાણ્યું છે કે તમે વિજયની ઉજાણી કરવાના છો. તે ભલે કરો. પણ મારી સલાહ છે કે તમારી ઉજાણીમા જપ્તી કરવા આવનારાઓને

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



તથા પોલીસને પણ ભાગ લેવા નોતરજો. તેમની સાથે તમારે હવે કાંઈ લડત રહી નથી. તલાટી, મુખી, રાવણિયા, પોલીસ સૌની સાથે મહોબત કરજો. તેમણે કરેલી જપ્તીઓ ભૂલી જજો.

“આ સાલ આ તાલુકામાં વરસાદ કમી થયો છે. આનાવારી ગણવામાં આપણી અને સરકારની વચ્ચે મતભેદ છે. સરકાર મહેસૂલ લેવાની દૃષ્ટિએ આનાવારી આંકે છે, આપણે ન આપવાની દૃષ્ટિએ આંકીએ છીએ. આ મતભેદ તો રહેવાનો જ. પણ આ સાલે ન ભરીએ તો આવતી સાલ બેવડું મહેસૂલ ભરવું પડે. આપણે એક લડત પૂરી કરી છે એટલે ચાલુ સાલમાં આ બીજી લડત ઉપાડવી એ ઠીક નથી. હાલ આપણે મળેલી લડતના લાભને બરોબર કાયમ કરીએ એ જરૂરનું છે. માટે એ બાબતમાં કલેક્ટરનો જેવો હુકમ હોય તે પ્રમાણે મહેસૂલ ભરી દેવું એવી મારી તમને સલાહ છે. ગમતી સલાહ તો સૌ માને પણ ન ગમતી સલાહ પણ તમે માનતા થશો ત્યારે સ્વરાજ્ય સ્થપાવું સંભવિત થશે. માત્ર તમને રુચે એટલું જ અમારું કહ્યું તમે માનો તો તો આપણે પડ્યા જ છીએ. અમે સીધે રસ્તે જ લડનારા છીએ એવી સરકારને ખાતરી કરી આપો.”

તાત્કાલિક કર્તવ્ય વિષે આટલું કહીને પછી કાયમના કર્તવ્યનું વિવેચન કર્યું :


“આપણી વચ્ચે ચોર લૂંટારા ન રહી શકે તે માટે આપણાં ગામોમાં ધાર્મિક, પવિત્ર વાતાવરણ પેદા કરવું જોઈએ, એ લોકોને આપણે સીધે રસ્તે ચઢાવવા જોઈએ. અહીંના શાહુકારોને હું કહું છું કે લૂંટનો ત્રાસ તમને સૌથી વધારે પડ્યો છે અને એ ચાલુ રહેશે તો ભવિષ્યમાં પણ તમારે જ વધારે વેઠવો પડશે. માટે લૂંટો ન થાય એવાં કામ કરવામાં તમારે જ વધારે રસ લેવો જોઈએ. તમારા હૃદયમાં રામ રાખીને તમારો ધંધો રોજગાર કરો. પ્રજાના રોષનાં કારણ તપાસો. સરકારની પોલીસ તમને રક્ષણ નહીં આપી શકે. એ તો ગુનો થયા પછી તેની નોંધ કરવા આવશે. તમારી પાસે પુરાવા માગશે. એમાં તમને ફાયદો નહીં પણ નુકસાન જ થશે. સરકારની પદ્ધતિ એવી છે કે એ તમારું રક્ષણ નહીં કરી શકે. માટે જો તમે પ્રભુનો ડર નહીં રાખો અને ગરીબનો પૈસો ખેંચવાની જ દાનત રાખશો તો તેનો બદલો પણ તમને એવો જ મળી રહેવાનો. ગરીબ જોડેના વેપારમાં પ્રભુનો ડર રાખી વાજબી નફો જ લેજો અને તેમને ચૂસવાનો વિચાર છોડજો. કોઈ પણ માણસને ગુનો કે બહારવટું કરવાની હોંશ નથી, પણ એ શાહુકારોના જુલમથી કંટાળીને જ એવા ધંધા કરવા માંડે છે. એ લોકો પ્રત્યે સહાનુભૂતિ રાખવાની જરૂર છે, એ ગુનેગાર થતા અટકે એ આપણે જોવાનું છે.”

પછી બહારવટિયાને સંદેશો આપતાં કહ્યું કે :

“બાબર દેવાને તમારામાંનો કોઈ પણ જાણતો હોય, કોઈને પણ તેની સાથે ભેટો કરવાનો કે વાતો કરવાનો પ્રસંગ આવે તો તેને કહેજો

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો



સરદારશ્રીના હસ્તાક્ષર : જુઓ પૃ. ૩૩૩

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



કે તારું બહારવટું એ બહારવટું નથી. બંદૂકડી લઈને ભાગતા ફરવું અને નિર્દોષને લૂંટવા અને મારવા એમાં બહારવટું નથી. સાચા બહારવટિયાને હથિયારની જરૂર ન હોય. બહારવટું તો ઢસાના દરબારનું છે, બહારવટું તો ગાંધીજીનું છે. જે માણસ નિઃશસ્ત્રને સતાવે, લોકોને લૂંટે અને ખૂનો કરે તે માણસ તો કોમને કલંકરૂપ છે.

"હું જો બહારવટિયાને મળું તો તેને આટલી જ વાત કહું : તારે માટે જીવવું ફોગટ છે. તું ગોળાથી મરીશ, ફાંસીએ ચઢીને મરીશ, ઠોકર ખાઈને મરીશ, કોઈ પણ એક રીતે તો જરૂર મરવાનો છે. આટલાં પાપ કર્યા પછી પોલીસ થાણા પર જઈ અથવા પોલીસ સુપરિન્ટેન્ડેન્ટને બંગલે જઈ ગુનાની કબૂલાત કરી પશ્ચાત્તાપ કર કે જેથી પાપ પાછું ઠેલાય. જમના દૂતથી કોઈ પણ સંતાયેલો રહી શકવાનો નથી. તે તો દુનિયાના પડ ઉપર કોઈ પણ ઠેકાણેથી તને શોધી કાઢશે. ગુનો કબૂલ કરીને ફાંસીને લાકડે લટકવામાં બહાદુરી છે, બાકી આમ નાસતા ફરવામાં અને સંતાતા રહેવામાં તો કાયરતા જ છે."

બોરસદની સભા થઈ ગયા પછી ચાર દિવસ સરદાર બોરસદ તાલુકાનાં બીજાં ઘણાં ગામોએ ફર્યા અને પોતાનો સંદેશો લોકોને સંભળાવ્યો. દરબાર સાહેબ, પંડ્યાજી, રવિશંકર મહારાજ તથા બીજા લગભગ બત્રીસ ભાઈઓએ બોરસદ તાલુકામાં જુદે જુદે ગામે થાણાં નાખી, તાલુકાને સ્વરાજની લડત માટે તૈયાર કરવાની પ્રતિજ્ઞા લઈ આસન જમાવી બેસી જવાનો પોતાનો નિરધાર જાહેર કર્યો, અને તાલુકામાં કામ કરવા માંડ્યું. ખાસ કરીને પંડ્યાજી તથા રવિશંકર મહારાજે બોરસદના બારૈયા તથા પાટણવાડિયા કોમમાંથી ચોરી, લૂંટ વગેરે ગુના કરવાની વૃત્તિ નાબૂદ થાય તે માટે ભગીરથ પ્રયત્ન આદર્યો. એમના પ્રયાસોને પરિણામે એ કોમો ઠીક ઠીક આત્મશુદ્ધિને પંથે ચઢી ગણાય.

બોરસદ સત્યાગ્રહની પૂર્ણાહુતિ પછી સરકાર સાથે સત્યાગ્રહનો એક નાનો પ્રસંગ બન્યો તેની નોંધ અહીં જ કરી લઈશું. બોરસદની લડત શરૂ થઈ તે પહેલાં વરસેક દહાડા ઉપરથી નડિયાદથી વડોદરા સ્ટેશનો વચ્ચે રેલવેની માલગાડી-માંથી ચોરીના પ્રસંગો ખૂબ બનવા લાગ્યા હતા. ગુડ્ઝ ટ્રેનમાં જે ઉઘાડાં વૅગન હોય છે તેના ઉપર કોઈ પણ બે સ્ટેશન વચ્ચે ચાલતી ગાડીએ રાતને વખતે માણસો ચઢી જતા. તેઓ વૅગનમાંથી કોથળા અને પાર્સલો પાડી નાખતા તે તેમના સાગરીતો નીચે ઊભા હોય તે ઉપાડી જતા. ગુડ્ઝ ટ્રેન લાંબી હોય એટલે ડ્રાઇવર કે ગાર્ડને આની ખબર પડતી નહીં. ગુડ્ઝ ટ્રેનમાંથી માલ પાડવાનું કામ ઘણુંખરું બારૈયા અને પાટણવાડિયા લોકો કરતા અને એ ચોરીનો માલ લાઈન ઉપરનાં ગામોમાં ઊજળી ગણાતી વસ્તીના કેટલાક લોકો રાખતા.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



આ લોકોએ પોલીસને પણ ફોડેલી. આ ચોરી કહો કે લૂંટ, એ પકડાવી મુશ્કેલ હતી અને જેમ જેમ ચોરી કરનારા ફાવતા ગયા તેમ તેમ એવા ગુનાનું પ્રમાણ વધતું ગયું. લાઈન ઉપરનાં ગામોમાં માલગાડીઓમાંથી પાડેલો, ખાંડના થેલા, કાપડની ગાંસડીઓ અને એવો બીજો માલ ધૂમ વેચાવા માંડ્યો. ખાંડ રૂપિયાની મણ અને જાત જાતનાં ફેન્સી કપડાં પાણીને મૂલે વેચાય. લોકોને પણ એનો ચસકો લાગ્યો. માલ ચઢાવનારાઓ રેલવે ઉપર ફરિયાદ કરવા લાગ્યા. રેલવેએ આ લાઈન ઉપર પોતાની પોલીસ વધારી. પણ તેથી કાંઈ વળ્યું નહીં. છેવટે સરકારે લાઈન ઉપરનાં ગામોમાં સજા (પ્યુનિટિવ) – પોલીસ મૂકી અને એ બધાં ગામો ઉપર તેનો દંડ નાખ્યો. આ ચોરીઓમાંથી લાભ ઉઠાવનારાઓએ તો આ પોલીસને પણ ફોડી. ગુના કરનારા તો અમુક જ માણસો હોય અને દંડ ગામના દરેક માણસને ભરવાનો આવે, એટલે લોકોમાં ઊહાપોહ થયો. ગામોની આબરૂ સમાજમાં હલકી પડવા માંડી અને થોડા વખતમાં તો એવી સ્થિતિ થઈ કે એ ગામોના છોકરાઓને કન્યા મેળવવામાં પણ મુશ્કેલી પડવા માંડી. આનો કાંઈ ઉપાય થવો જોઈએ એમ વિચારી ગામના સારા માણસોએ પ્રાંતિક સમિતિને અરજી કરી. સરદારે કહ્યું કે, ‘આ જાતનો એક પણ ગુનો ન થાય એની બાંયધરી આપવા દરેક ગામના આગેવાનો તૈયાર થતા હોય તો જ હું વચમાં પડું. બારૈયા અને પાટણવાડિયાની જવાબદારી તમે કદાચ એકદમ ન લઈ શકો, પણ આ ચોરીનો માલ તો ઉજળિયાત ગણાતી કોમના લોકો રાખે છે. એ લોકો ચોરીનો માલ રાખતા બંધ થઈ જશે તો પેલા લોકોને ઉત્તેજન નહીં મળે, એટલે એ લોકો ચોરી કરતા બંધ થઈ જશે. સરકાર સાથે લડવું હોય તો આપણી પ્રજા ઉપર આપણો પાકો કાબૂ હોવો જોઈએ. આપણે બંદોબસ્ત કર્યા છતાં કોઈ ચોરી કરે તો તેને ઉઘાડો પાડવાની આપણી તૈયારી હોવી જોઈએ.’ પછી શ્રી મોહનલાલ પંડ્યાને એ ગામોમાં તપાસ કરવા મોકલ્યા. પંડ્યાજીએ ગામેગામ સભાઓ કરી બંદોબસ્તના ઠરાવો કરાવવાનું શરૂ કર્યું. પણ તેમાં ચોરીનો માલ રાખનારા હરામખોર લોકોએ ગચ્ચાં નાખવા માંડ્યાં. દંડના તો પોતાને વરસ દહાડે દસબાર રૂપિયા ભરવાના આવે અને ચોરીના માલમાંથી તો ઘણો વધારે લાભ થાય. આમ કરતાં કરતાં દંડનું ત્રીજું વરસ આવ્યું. સરકારે વધુ સખ્તીના ઉપાયો લેવા માંડ્યા. ચોરીનો માલ પકડવા માટે જપ્તીઓ શરૂ કરી. તેમાં નિર્દોષ માણસોને ત્યાં પણ જપ્તીઓ થવા લાગી. લોકો હવે વધુ અકળાયા. આમ દંડ અને જપ્તીઓ ચાલુ જ રહે તો તેમની આબરૂ સમાજમાં રહે જ નહીં. પંડ્યાજીના પ્રચારની પણ અસર થઈ હતી. છેવટે દંડવાળાં ગામના લોકોની આણંદ મુકામે સભા થઈ. તેમાં સરદારને બોલાવવામાં આવ્યા. સરદારે લોકોને ખૂબ સમજાવ્યું કે, આપણે વ્યક્તિ તરીકે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



નિર્દોષ અને શુદ્ધ હોઈએ એટલું બસ નથી, આપણી આસપાસના સમાજની બદીઓ નાબૂદ કરવાની આપણામાં તાકાત હોવી જોઈએ. ગામના સારા માણસો ઢાંકપિછોડો ન કરતાં આવા ગુના કરનારા માણસોને ઉઘાડા પાડે તો તેમની ગુના કરવાની હિંમત જ ન ચાલે. તમારામાંથી ઘણાએ દંડની સામે અરજીઓ કરી હશે પણ એ અરજીઓ પાછળ ગુના અટકાવવાની જવાબદારી લેવાની આપણી તૈયારી હોવી જોઈએ. તો જ આપણે સરકારને પડકાર કરી શકીએ. એની પોલીસથી કશું થઈ શકતું નથી એ તો આપણે જોઈએ છીએ. આ ઉપરથી ગામેગામ પાકો બંદોબસ્ત કરવાના ઠરાવો થયા અને પોતાના ગામમાં ચોરીનો માલ જરા પણ ન આવે એની જવાબદારી તે તે ગામના આગેવાનોએ લીધી. પછી સરદારે ઉત્તર વિભાગના કમિશનરને કાગળ લખ્યો. તેમાં જણાવ્યું કે આ ગામોમાં લગભગ ત્રણ વરસથી સજા–પોલીસ મૂકીને સરકાર લોકો ઉપર તેનો દંડ નાખતી આવી છે. ચોરીનો માલ પકડવા તેણે જપ્તીઓ પણ કરવા માંડી છે. છતાં તેનું કશું પરિણામ આવ્યું નથી અને ઊલટાની નિર્દોષ માણસોની કનડગત વધી છે. આવી સામાજિક બદીનો ઉપાય પોલીસ અને દંડ નથી પણ ગામેગામ પ્રતિષ્ઠિત આગેવાન માણસોને વિશ્વાસમાં લેવા એ છે. મેં મારા સ્વયંસેવકો મારફત એ કામ શરૂ કરી દીધું છે અને હવે આ પ્રકારની ચોરીઓ નહીં થાય એવી મારી ખાતરી થઈ છે તથા તે જાહેર કરવાની સ્થિતિમાં હું છું. માટે સજા–પોલીસનો દંડ કાઢી નાખવા તથા જપ્તીમાં લેવાયેલો માલ તે તે આસામીને પાછો સોંપી દેવા મારી વિનંતી છે. બોરસદમાં પોલીસથી કાંઈ ન થઈ શક્યું પણ અમારા સ્વયંસેવકોના પ્રયાસથી બહારવટિયાઓનો ત્રાસ નાબૂદ કરી શકાયો છે એ અનુભવ તાજો જ છે. અને અહીં પણ લોકો ઉપર અને કાર્યકર્તાઓ ઉપર વિશ્વાસ મૂકવામાં આવશે તો સારાં પરિણામ આવશે એની હું ખાતરી આપું છું. એમ છતાં દંડ કાઢી નહીં નાખવામ આવે તો એ દંડ નહીં ભરવાનો સત્યાગ્રહ કરવાની મારે આ ગામોને સલાહ આપવી પડશે.

કમિશનરનો મુકામ તે વખતે ભરૂચ હતો. તેને આ કાગળ આપવા અને તેની સાથે વાચચીત કરવા ખેડા જિલ્લા સમિતિના પ્રમુખ તરીકે અબ્બાસ સાહેબ તૈયબજી ભરૂચ ગયા. કાગળ વાંચીને કમિશનરે કહ્યું કે, આ કાગળમાંનું છેલ્લું વાક્ય કાઢી નાખો એટલે દંડ રદ કરવાની ભલામણ સાથે હું કાગળ મુંબઈ સરકારને રવાના કરીશ. અબ્બાસ સાહેબે જવાબ આપ્યો કે, ગુજરાત પ્રાંતિક સમિતિના પ્રમુખનો કાગળ હું તો તમને આપવા આવ્યો છું. તેમાંથી એક વાક્યનો તો શું પણ કોઈ શબ્દનો અથવા તો કાનામાત્રાનો પણ ફેરફાર કરવો એ મારા અધિકાર બહારનું છે. આ કાગળ ઉપરથી સરકારને ભલામણ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



કરવાનો કે બીજો જે વિધિ તમારે કરવો હોય તે કરો પણ દંડ નાબૂદ થવો જોઈએ. કારણ, અમારા પ્રયત્નોથી ગુના થતા અટક્યા છે અને ભવિષ્યમાં નહીં થાય એની અમે જવાબદારી લઈએ છીએ.

કમિશનર વસ્તુસ્થિતિ સમજી ગયા અને થોડા જ વખતમાં દંડ કાઢી નાખવાના તથા જપ્તીમાં લેવાયેલો માલ તે તે આસામીને પાછો સોંપી દેવાના હુકમો નીકળ્યા. ધનુષ્યટંકારથી જ કામ પતી ગયું, બાણ ચઢાવવાની જરૂર પડી નહીં.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

## ૨૩

# ગૃહજીવનમાં ડોકિયું

સરદારને ગૃહજીવન જેવું અત્યારે તો જાણે કશું રહ્યું જ નથી. ગાંધીજીની સાથે ખેડા જિલ્લાની સત્યાગ્રહની લડતમાં ઝંપલાવ્યું ત્યારથી કુટુંબને માટે કમાવાના, છોકરાંને વિલાયતની કેળવણી આપવાના, વગેરે વિચારોને તેમણે તિલાંજલિ આપી દીધી. કુટુંબ પ્રત્યેની લાગણી, કુટુંબને મદદરૂપ થવાની વૃત્તિ તેમનામાં પહેલેથી જ હતી. આજે દેશ એમનું કુટુંબ બન્યો છે અને દેશને માટે કામ કરનારા સાથીઓ એમના કુટુંબીજનો બન્યા છે. પહેલાં સગાંસંબંધીનું નાનું કુટુંબ હતું તે આજે બહુ બહોળું બન્યું છે. પણ મૂળ સંસ્કાર તો એ જ છે. ઉત્તરોત્તર એ વિશુદ્ધ અને વિશાળ થતા ગયા છે.

વિદ્યાભ્યાસ બહુ ગરીબીમાં, કુટુંબ ઉપર બની શકે તેટલો ઓછો બોજો નાખીને કર્યો. વકીલ થયા પછી પ્રૅક્ટિસ શરૂ કરી તે વખતે ઘર વસાવવાનું પણ પાસે કાંઈ સાધન ન હતું. એટલે વાસણકૂસણ અને બીજી ઘરવખરી દેવું કરીને નડિયાદની ગુજરીમાંથી તથા બ્રાહ્મણો પાસેથી મરણ પાછળ મળેલી સજ્જામાંનાં ખરીદેલાં. ગોધરામાં વકીલાત શરૂ કરી એટલામાં ત્યાં પ્લેગ ચાલ્યો એટલે થોડા મહિના ગાંઠના રોટલા ખાઈને ત્યાં રહેવું પડ્યું. એવી સ્થિતિમાં પણ પોતાને ઘરની ફિકર કેટલી રહેતી તે ત્યાંથી તા. ૧૬–૩–’૦૧ના રોજ મોટાભાઈને લખેલા નીચેના કાગળમાંથી જણાઈ આવે છે:

મુ નરસીભાઈ,

અત્રે પ્લેગનું જોર વધવા માંડ્યું છે. રોજના દસ કેસ થાય છે અને ઉંદર બહુ પડે છે. તેથી હજી બહુ જોરથી પ્લેગ ચાલશે એવો સંભવ છે. હાલ કોર્ટમાં બિલકુલ કામ નથી. તેમ પ્લેગને લીધે હવે બે ત્રણ મહિના સુધી કંઈ ચાલવાનો સંભવ નથી. માટે હાલમાં ઘરનું ખર્ચ ખાઈને બેસી રહેવાનું છે. પણ તેથી ફિકર કરશો નહીં. હું પાસ થયો છું એટલો ઈશ્વરનો ઉપકાર માનવાનો છે. વરસ સારાં આવશે એટલે બિલકુલ અડચણ પડવાની નથી. માટે મારા તરફની બિલકુલ ફિકર કરશો નહીં. મારું અત્રે સારું ચાલે એટલે મારો ત્યાં આવવાનો વિચાર હતો, પણ હાલ તો તેમ કાંઈ બનવાનું નથી. પણ મારાથી આખરે બનશે એટલી મદદ હું તમને કરીશ. ઘરના તરફની મને હમેશ લાગણી થાય છે. પાસ થવાથી ચિંતા ઓછી થઈ છે. તમને હું શી રીતે મદદ કરું, એ વિચાર રાતદિવસ આવે છે. મારા ઉપર ઈશ્વરની મહેરબાની



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



હોવાથી મારા વિચાર આવા ખરાબ વખતમાં સારા રહ્યા છે. તો કોઈ વખત પણ મારી સારી સ્થિતિ આવશે ત્યારે તમને, ખાતરી થશે. હાલ તો હું લાચાર છું. પ્લેગનું જોર વધશે તો કાશીભાઈને મોકલી દેવાનો વિચાર છે.

તમારે ત્યાંની ખબર અંતર લખતા રહેશો.

મુ. પિતાજીને બરાબર સંભાળજો. એ જ. કામકાજ લખશો.

લિ. સેવક,
વલ્લભના દંડવત્

ઘરની આર્થિક મુસ્કેલીઓનો ઉપરના કાગળમાંથી ખ્યાલ આવે છે. ત્રણ વર્ષમાં જ કમાઈને કુટુંબનું દેવું વાળવામાં સરદાર મદદ કરે છે તથા કાશીભાઈના અભ્યાસની ચિંતા કરે છે તે ઓરસદથી તા. ૧૫–૧–'૦૪ના રોજ લખેલા નીચેના કાગળ ઉપરથી જણાય છે :

મુ. નરસીભાઈ,

આપનો પત્ર આજ રોજ મળ્યો છે. મારા ખાનગી કામે નડિયાદ જવાનું હતું તેથી કાગળ લખેલો રહેવા દીધો હતો. પણ અચાનક કામ પ્રસંગે જવાનું બંધ રહ્યું તેથી મેં ગઈ કાલે જ નડિયાદ ડુંગરભાઈ ઉપર કાગળ મોકલ્યો છે. તેથી તેમણે આજે નારણભાઈને રૂપિયા આપ્યા હશે અને નહીં આપ્યા હોય તો કાલે આપશે. પણ તમારે આટલી બધી ઉતાવળ હશે એનો મને બિલકુલ ખ્યાલ નહીં. વ્યાજ સુધ્ધાંત રૂપિયા આપવાનું લખી દીધું છે. એટલે તમારે એ બાબત વધારે ફિકર કરવા જેવું નથી. બહેનની જણસો ગીરો મૂકવા સુધી તમે લખ્યું એ તમને છાજતું નથી. તેમ છતાં તમે મુરબ્બી છો અને તમને ઠીક લાગ્યું તે ખરું. મેં તો રૂપિયા આપવાનું લખી દીધેલું છે. મેં કંઈ તમો લખો છો તેવી મશ્કરી કરવાનું ધાર્યું નથી. એકાદ બે દિવસમાં તમારા ઉપર રૂપિયા પહોંચ્યાનો કાગળ આવશે. વળી તમો લખો છો કે અમારે દેવું છે. તો તમારે દેવું એ અમારે જ દેવું એમ હું સમજું છું. તો તમારે કોનું કોનું અને કેટલું કેટલું દેવું છે તે મને તાકીદે લખી જણાવશો કે હું બનતી ત્વરાએ તેમાંથી તમને મુક્ત કરીશ કે જેથી તમારે દુઃખમાંથી છૂટા થવાય.

બીજું તમને લખવાનું કે તમારે આજથી હવે ખેતી બિલકુલ કરવી નહીં. ફક્ત ઘરના ખર્ચનો હિસાબ રાખવો અને જેટલું ખર્ચ થાય તેટલું અમારી પાસે માગી લેવું. આથી તમારે બિલકુલ માઠું લગાડવાનું નથી. કારણ, ખેતીથી તમારાં બંને ભાઈઓનાં* શરીર તદ્દન ખરાબ થઈ જાય છે એટલું જ નહીં પણ તેમાં તમારે ઘણું જ ગધ્ધાવૈતરું કરવું પડે છે અને તેમાં એટલો બધો ફાયદો નથી. માટે તમો આજથી જે કંઈ ખર્ચ કરો

* બે ભાઈઓ એટલે સૌથી મોટા શ્રી સોમાભાઈ તથા બીજા શ્રી નરસીભાઈ. ખેતી છોડી દેવાની સલાહ છતાં શ્રી નરસીભાઈએ છેવટ સુધી ખેતી છોડી નહોતી.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



તેનો હિસાબ દરેક મહિને અમારા તરફ મોકલજો અને અમો દર મહિને પૈસા ચૂકવી દઈશું.

બીજું ચિ. કાશીભાઈ ત્યાં આવેલો છે તેને તાકીદે અહીં મોકલજો. એને સમજણ પાડશો કે હવે ઉંમર થયા પછી રખડતા ફરવું એ સારું નથી. માટે કાળજી રાખી અભ્યાસ કરે. નડિયાદ છોડી એ શા કારણથી ત્યાં આવ્યો એ કંઈ સમજાતું નથી. અમારે એને મુંબઈ મોકલવાનો વિચાર છે. માટે તમો એને અત્રે મોકલશો.

મુ. સોમાભાઈને તાવ મટયો ના હોય તો અત્રે આવશે તો દવા વગેરેનું સાધન મળશે તેથી સારો આરામ થશે. વળી તાવ મટયો હોય તો પણ થોડો વખત અહીં રહેશે તો શરીર સુધરશે. માટે અહીંયાં મોકલશો.

એ જ, કામકાજ લખશો.

આણંદથી પાયા આવ્યા કે નહીં તે લખશો. લાકડું મોકલવા ગોધરે કાગળ લખ્યો છે.

લિ. સેવક,
વલ્લભભાઈ

ઉપરના કાગળમાં લખ્યા પ્રમાણે પૈસા મોકલવાનું શરૂ કરી દીધાનું નીચેના કાગળ ઉપરથી જણાય છે :

આણંદ, તા. ૨૪

મુ. ભાઈ શ્રી નરસીભાઈ,

આ સાથે રૂ. ૧૦૦ અંકે સો મોકલ્યા છે તે પહોંચ્યાનો જવાબ તુરત લખજો અને લાડબાઈની * ખબર મોકલશો. એમને મરડો થયો હતો તે હવે મટયો હશે. આવતી કાલે મારે બોરસદ જવું છે માટે બનશે તો આવતે રવિવારે આવીશ. એ જ.

લિ. સેવક,
વલ્લભભાઈ

પછી બૅરિસ્ટર થવા માટે પોતાને બદલે વિઠ્ઠલભાઈને જવા દીધા અને ત્યાંનું એમનું બધું ખર્ચ ઉપાડયું તથા ઘેર પોતે કુટુંબક્લેશ વેઠ્યો. ભાભીને ખાતર પત્નીને બે વરસ પિયરમાં રાખ્યાં. વિલાયત જવાની અગાઉ પત્ની ગુજરી ગયાં ત્યારે સગાંવહાલાં તથા મિત્રોના ઘણા આગ્રહ છતાં ગૃહિણીથી બનેલું ઘર ફરી રચવાનો વિચાર સુધ્ધાં ન કર્યો. કરમસદનાં ઘરબાર અને જમીનની ત્યાં રહેલા બે મોટા ભાઈઓએ જે કાંઈ વ્યવસ્થા કરી તેમાં તો પહેલેથી જ તેમણે કદી માથું માર્યું જ નથી. પણ તેમને બને તેટલી મદદ જ કરી છે અને નાના ભાઈની કેળવણીની પણ કાળજી રાખી છે.

---

* માતુશ્રીને લાડબાઈ કહેતા હતા તે અગાઉ કહેવાઈ ગયું છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



વકીલાત કરતા ત્યારથી જ બન્ને બાળકોને વિલાયતની કેળવણી આપવાનો વિચાર હોઈ, વિલાયત ગયા ત્યારે એમને મુંબઈમાં સેન્ટ મેરીઝ હાઈસ્કૂલમાં દાખલ કર્યાં. ત્યાં બોર્ડિંગ ન હતી એટલે એ સ્કૂલની એક અંગ્રેજ બાઈ શિક્ષિકાને ત્યાં એમને બોર્ડર તરીકે મૂક્યાં. બન્નેએ ત્યાં વિલાયતી ઢબનો પોશાક પહેરવા માંડ્યો. મણિબહેન કહે છે કે, 'અમારાં બૂટ, મોજાં, હેટ તથા બીજાં કપડાં વાઈટવે તથા ઈવાન્સ ફ્રેઝરને ત્યાંથી ખરીદવામાં આવતાં. અમારે માટે એક ખ્રિસ્તી આયા રાખવામાં આવેલી. એની સાથે કોઈ કોઈ વાર રવિવારે દેવળમાં જતાં. શિક્ષિકાઓ સાથે તો અમારે અંગ્રેજીમાં જ વાત કરવાની હતી પણ અમને ભાઈબહેનને અંદર અંદર પણ અંગ્રેજીમાં વાત કરવાની ફરજ પાડવામાં આવતી. એ અંગ્રેજ બાઈને ત્યાંથી ઘેર આવ્યા પછી પણ જ્યારે અમારે એકબીજાને કાગળ લખવાનો પ્રસંગ આવતો ત્યારે અમે અંગ્રેજીમાં કાગળ લખતાં. આમ બધી રીતે અમને વિલાયતી ઢબની કેળવણી આપવાનો પ્રયત્ન ચાલતો.' એકેક વર્ષ અંગ્રેજ બાઈને ત્યાં રહ્યા પછી ડાહ્યાભાઈને ઉટાંટિયો થઈ આવ્યો એટલે વિઠ્ઠલભાઈ બન્ને બાળકોને પોતાને ઘેર લઈ આવ્યા. સરદારના વિલાયતથી પાછા આવ્યા પછી પણ બન્ને ભાઈબહેન ઘણો વખત મુંબઈમાં વિઠ્ઠલભાઈ પાસે રહેલાં.

સરદારના વિલાયતથી લખેલા થોડા કાગળો મળ્યા છે, તે કુટુંબ પ્રત્યેના ભાવથી અને માતાપિતા પ્રત્યેની ભક્તિથી ઊભરાતા છે. કેમ કાગળ લખતા નથી એવા મોટાભાઈના ઠપકાના જવાબમાં નીચેનો કાગળ લખેલો જણાય છે. વળી પોતે બધાને ખબર આપ્યા વિના એકાએક વિલાયત જવા ઊપડી ગયા તેનો પણ ખુલાસો કર્યો છે :

લંડન, તા. ૧૬-૧૨-'૧૦

મુ. ભાઈશ્રી નરસીભાઈ,

આપનો પત્ર મળ્યો છે. ચિ. કાશીભાઈને હું કાગળ લખતો હતો. અને ઘેર ખબર આપવા તથા ઘરની ખબર લખવા વારંવાર લખેલું. પરંતુ એમનો કંઈ જવાબ આવતો નથી.

મારી તબિયત સારી છે. ઘરની ખબર વારંવાર લખતા રહેશો. મણિને માટે મેં ડાહીબાને કાગળ લખ્યો છે અને મુંબઈ પણ કાગળ લખ્યો છે. એટલે મણિ ડાહીબાની પાસે* રહેશે.

નવો કાયદો× અમલમાં આવવાથી લાચારી સાથે મારે ઉતાવળ કરી અહીં આવવાની જરૂર પડી. નહીં તો ફરી મારાથી આવવાનું બની શકે તેમ

* મુંબઈની નિશાળમાં લાંબી રજાઓ પડે તે વખતે મણિબહેન ડાહીબાની પાસે રહેતાં.

× અહીંના એલએલ. બી. જ બૅરિસ્ટરની પરીક્ષા આપી શકે એવો કાયદો.


Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

COMMON ROOM,
MIDDLE TEMPLE, E C



સરદારશ્રીના હસ્તાક્ષર : જુઓ પૃ. ૩૩૩

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal

4/25/2021



નહોતું. હું ધારું છું કે તમને બધાંને તેથી માઠું લાગ્યું હશે. પરંતુ મારાથી પછીથી આવવાનું બને તેમ નહોતું તેથી ઉતાવળ કરવી પડી. હવે ઈશ્વર કરશે તો વખત જતાં વાર લાગશે નહીં અને ફરીથી તમારાં બધાંનાં તથા માતાપિતાનાં દર્શનનો ભાગ્યશાળી થઈશ.

હું ત્યાં હતો ત્યાં સુધી મારાથી બન્યું તેટલું ઘર તરફ તેમ જ બધી તરફ લક્ષ આપેલું. હાલ તો મારાથી કંઈ થઈ શકે તેમ નથી.

માતાપિતાને મારા પ્રણામ કહેશો. વારંવાર પત્ર લખશો. એ જ

લિ. આપનો સેવક,
વલ્લભભાઈના દંડવત્

વિલાયત પહોંચ્યા પછી થોડા જ મહિનામાં એક પરીક્ષા આપી. તેના પરિણામની ખબર આપતાં લખે છે :

લંડન, તા. ૧૯–૧–'૧૧

સુ. ભાઈ નરસીભાઈ,

ચિ. ભાઈ કાશીભાઈ બિલકુલ કાગળ લખતા નથી અને ઘર તરફની કંઈ ખબર મળતી નથી માટે તમે વારંવાર પત્ર લખતા રહેશો. તેમ કાશીભાઈ આવે તો તેમને પણ કાગળ લખવા કહેશો.

મારી એક પરીક્ષા થઈ ગઈ. તેમાં હું પહેલે નંબરે પાસ થયો છું. સુ. પિતાશ્રી તથા માતુશ્રીને મારા નમસ્કાર કહેશો.

મારી તબિયત સારી રહે છે. આ તરફની કંઈ ચિંતા કરશો નહીં. ઈશ્વર કરશે તો બે વરસ પૂરાં થતાં વાર લાગશે નહીં અને હું આપનાં સર્વેનાં દર્શનનો ભાગ્યશાળી થઈશ.

ભાઈ કાશીભાઈનું હવે સાધારણ ઠીક ચાલતું હશે. સર્વેને સંભારજો. એ જ

લિ. આપનો સેવક,
વલ્લભભાઈના દંડવત્

છેલ્લી પરીક્ષા પાસ થયા પછી લખે છે :

મિડલ ટેમ્પલ, ઈ. સી,
તા. ૭–૬–'૧૨

સુ. નરસીભાઈ,

મારી પરીક્ષા પૂરી થઈ છે. હું પહેલા વર્ગમાં પાસ થયો છું. એટલે હવે છ માસ જલદી આવવાનું થશે. આવતા જાનેવારી માસમાં હું પાછો આવી જઈશ. હવે ઘણો વખત નથી. ઈશ્વરકૃપાથી છ માસ જલદી આવવાનો લાભ મળ્યો છે. માતાપિતાને આ સમાચારથી વાકેફ કરશો.

તમો સર્વે ખુશીમાં હશો. એ જ

લિ. સેવક,
વલ્લભના દંડવત્ પ્રણામ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

લંડન, તા. ૨૨-૮-'૧૨

મુ. નરસીભાઈ,

આપનો પત્ર મળ્યો છે. પરીક્ષાનું પરિણામ જણાયા પછી હું ગામડાંઓમાં ફરવા ગયો હતો. તે હવે લંડનમાં પાછો આવ્યો છું. હવાના ફેરફારથી અને અભ્યાસમાંથી મુક્ત થવાથી મારી તબિયતમાં ઘણો જ સુધારો થયો છે. મુ. માતાપિતાના શુભ સમાચાર જાણી આનંદ થયો છે. હવે પાછા આવવાને પાંચ માસ રહ્યા છે. ચોક્કસ દિવસ હજી નક્કી નથી. નક્કી થયેથી તમને ખબર લખીશ. સર્વે સગાસંબંધીઓને મારી કુશળતાના સમાચાર કહેશો. અને સર્વેના સુખસમાચાર વારંવાર લખતા રહેશો. માતાપિતાને મારા દંડવત્ પ્રણામ કહેશો. એ જ

લિ. સેવક,
વલ્લભના દંડવત્ પ્રણામ

દેશમાં આવી અમદાવાદમાં બૅરિસ્ટરી શરૂ કર્યા પછી અમદાવાદના પોતાના ઘરનું ખર્ચ, મુંબઈમાં વિઠ્ઠલભાઈના ઘરનું ખર્ચ તથા કરમસદ નાણાં મોકલવાનાં, એ બધો ભાર જ્યાં સુધી પ્રૅક્ટિસ ચાલુ રાખી ત્યાં સુધી ઉપાડ્યો. ૧૯૧૮ના ખેડા સત્યાગ્રહ વખતે પ્રૅક્ટસ છએક મહિના બંધ કરેલી. ફરી શરૂ કરી એટલામાં રોલૅટ સત્યાગ્રહ આવ્યો એને કારણે કેટલોક વખત બંધ રહી. પછી વળી શરૂ કરી ન કરી ત્યાં અસહકાર આવ્યો એટલે કાયમની છોડી. પ્રૅક્ટિસ સારી ચાલતી એટલે સરદાર પૈસાની કશી પરવા જ રાખતા નહીં. બહુ ખર્ચાળ ઢબે રહેતા અને આખા કુટુંબનો ભાર ઉપાડતા, એટલે જ્યારે પ્રૅક્ટિસ કાયમની છોડી ત્યારે પાસે ખાસ કશો ધનસંગ્રહ નહોતો. છતાં કમાણી છોડવી એ એમને મન મોટી વાત નહોતી. એ તો તૃણવત્ હતી. એમણે જે મોટો ત્યાગ કર્યો એ તો બાળકોને વિલાયત મોકલી લાંબા અભ્યાસ કરાવવાની તથા તેમની ભવિષ્યની કારકિર્દીની મોટી મોટી યોજનાઓ મનમાં ઘડી રાખી હતી તે સઘળી જતી કરી, એ હતો. મણિબહેન ૧૯૧૮માં જ અમદાવાદ આવી ગયાં હતાં અને પ્રોપ્રાયટરી હાઈસ્કૂલમાં દાખલ થયાં હતાં. ડાહ્યાભાઈ એ અસહકાર શરૂ થયા પછી મુંબઈની શાળા છોડી. તેઓ પણ અમદાવાદ આવી પ્રોપ્રાયટરી હાઈસ્કૂલમાં દાખલ થયા.

સને ૧૯૧૪માં પિતાશ્રીનું અવસાન થયું તે વખતનો શ્રી વિઠ્ઠલભાઈનો લખેલો એક કાગળ મળી આવે છે. મરણ પાછળના રીતરિવાજોમાં સુધારા કરવાની બાબતમાં વિઠ્ઠલભાઈ કેવું કડક વલણ રાખતા અને એ બાબતમાં સરદારના વિચારો વિષે પોતે શું ધારતા તેનો એ કાગળ ઉપરથી ખ્યાલ આવે છે :

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

વાંદરા, તા. ૨૧

ભાઈ સોમાભાઈ, નરસીભાઈ તથા કાશીભાઈ,

ઈશ્વરને જે ગમ્યું તે ખરું. બધાંને એ જ રસ્તે જવાનું છે. ઈશ્વર તેમના આત્માને શાન્તિ આપો એવી મારી અંતઃકરણપૂર્વક પ્રાર્થના છે.

તમોએ મને આવવાનું લખ્યું. મારે આવવાને કાંઈ જાતનો વાંધો નથી. પરંતુ જો મારા કહ્યા પ્રમાણે થાય તો જ મારે આવવું, નહીં તો મારે આવવું નહીં જોઈએ. મારી ઇચ્છા પ્રમાણે તમો બધા વર્તવાના હો તો હું જરૂર તમો તારથી અગર કાગળથી ખબર આપશો કે તરત આવીશ. પરંતુ જો તમારી ઇચ્છાનુસાર જ કરવાનું હોય અને નવા જમાનાનો તુચ્છકાર કરવો હોય તો મારે હવે કોઈની સાથે કાંઈ લેવાદેવા નથી. ઈશ્વરને જેમ ગમતું હશે તેમ થશે. ભાઈ વલ્લભભાઈ કાંઈક તમારા મતને મળતા થશે. તો તેમની સલાહ પ્રમાણે ચાલશો. મારો કાંઈ આગ્રહ નથી અને મારે આવવું પણ નથી. પણ જો તમારા તરફથી તુરત ખબર મળશે કે બધું કામ મારી સલાહ પ્રમાણે જ થશે તો હું તુરત ત્યાં આવીશ. માટે તુરત જવાબ લખશો.

લિ. સેવક,
વિઠ્ઠલભાઈ

સાંસારિક રીતરિવાજોમાં સુધારો કરવાની બાબતમાં સરદાર કાંઈ વિઠ્ઠલભાઈથી પાછા પડે એવા નહોતા. પણ વિઠ્ઠલભાઈ કડક અને અંતિમ વલણ અખત્યાર કરતા ત્યારે સરદાર સમાજને અને કુટુંબીજનોને બને તેટલાં સાથે લઈને આગળ વધવાનું પસંદ કરતા, એટલો બે ભાઈઓના સ્વભાવમાં ફેર હતો.

અમદાવાદમાં બૅરિસ્ટરી કરતા ત્યારે સરદાર ઘરમાં બહુ ઓછો વખત ગાળતા. સવારનો વખત કેસનાં કાગળિયાં જોવામાં જતો અને મ્યુનિસિપાલિટીમાં ગયા ત્યાર પછી તેનાં કાંઈ ને કાંઈ કામને અંગે શહેરમાં ફરવા જવાનું બનતું. બપોરનો વખત કોર્ટમાં જાય અને ત્યાંથી ક્લબમાં જતા તે સાડાઆઠ નવ વાગે ઘેર આવતા. ગાંધીજીની સાથે સંબંધમાં આવ્યા પછી ગુજરાત ક્લબમાં જવાનું બહુ ઓછું કરી નાખ્યું હતું. પણ મ્યુનિસિપાલિટીમાંના સાથીઓ જેમાંના ઘણા જ્યારે અસહકારની ચળવળ ચાલી ત્યારે તેમાં ભળ્યા હતા તેઓએ એક નાની ખાનગી ક્લબ કાઢી હતી. તેમાં દરરોજ સાંજે જતા. ત્યાં શહેરની સાર્વજનિક પ્રવૃત્તિઓની તથા મ્યુનિસિપલ કામની યોજનાઓ વિચારાતી અને ઘડાતી. પછીથી તો રાતે વાળુ કરવાનું પણ ઘેર ન રાખતા અને બચુભાઈ (કૃષ્ણલાલ દેસાઈ) અથવા ડૉ. કાનુગાને ત્યાં જ વાળુ કરી લેતા એટલે ઘેર આવવાનું બહુ મોડું થતું. મણિબહેન અને ડાહ્યાભાઈ અમદાવાદ રહેવા આવ્યાં ત્યાર પછી પણ સરદારનું સમયપત્રક તો ઉપર

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



પ્રમાણે જ ચાલુ રહ્યું. ડાહ્યાભાઈ સરદાર સાથે બોલતા અને કોઈ કોઈ વાર ગેલ કરતા એમને વળગતા, પણ મણિબહેન એક શબ્દ પણ એમની સાથે બોલતાં નહીં અને સરદાર પણ એમની સાથે વાત કરતા નહીં. એટલે સુધી કે મણિબહેનને સરદારની સામે આવતાં પણ સંકોચ થતો. સરદાર સવારે દીવાનખાનામાં આંટા મારતા હોય ત્યારે મણિબહેન નહાઈ ધોઈને પાસેના ખંડના બારણામાં આવીને ઊભાં રહે. સરદાર એમને પૂછે કે, 'કેમ છે' અને મણિબહેન જવાબ આપે કે, 'સારું છે.' આખા દિવસમાં બે વચ્ચે આટલો સંવાદ થતો. પછી બીજે દિવસે સવારે પાછાં મણિબહેન મોં બતાવે અને એ જ સંવાદ થાય. મા નાનપણમાં ગુજરી ગયેલાં અને સરદાર સાથે હોઠ ખૂલ્યા જ નહીં એટલે મણિબહેનને તો માતાપિતાનાં હેત કે લાડનો લહાવો મળ્યો જ નહીં. સદ્‌ભાગ્યે પડોશમાં જ દાદાસાહેબ માવળંકર રહેતા. તેમનાં માતુશ્રી મણિબહેનની ખૂબ સંભાળ રાખતાં અને દાદાસાહેબનાં પ્રથમ પત્ની સાથે પણ મણિબહેનનો જીવ બહુ મળી ગયેલો હતો. મણિબહેન આખો દિવસ દાદાસાહેબને ઘેર જ ગાળતાં. ત્યાં મણિબહેનને કુટુંબની હૂંફ અને છાંયો મળ્યાં. જોકે બંને બાળકોને પિતા તરફથી સ્વતંત્રતા પાર વિનાની મળી હતી અને એ સ્વતંત્રતા આપનાર પિતાના મૂક પ્રેમમાંથી હૂંફ પણ તેઓએ મેળવી હશે. છતાં આપબળે જ ઘડાયેલા સરદારે પોતાનાં બાળકો પણ આપમેળે જ ઘડાય એમ માન્યું હોવું જોઈએ. ઘણાં માબાપો પોતાનાં બાળકોની કેળવણી અને ઘડતરની વધારેપડતી ચિંતા અને ખટપટ કરી ઊલટાં તેમના વિકાસમાં દખલરૂપ બને છે તેના કરતાં તો સરદારે આપેલી આ સ્વતંત્રતા ખોટી ન ગણાય.

બોરસદની લડત પૂરી થયા પછી સરદાર કરમસદ ગયેલા ત્યારે સરદારનાં માતુશ્રીએ મણિબહેનનાં લગ્નની બાબતમાં સરદાર સાથે કરેલો સંવાદ મહાદેવભાઈએ 'નવજીવન'માં પાત્રોનાં નામ લખ્યા વિના આપ્યો છે. તેમાં પોતાનાં બાળકો પ્રત્યેના સરદારના વલણનું સુંદર ચિત્ર મળે છે :

> એક મોટા ખંડમાં ઝીણો સરખો દીવો બળતો હતો. એક કોરે ત્રણેક છોકરાં (શ્રી કાશીભાઈનાં) ખૂબ ઓઢીને ભેગાં સૂતાં હતાં, અને બીજી કોરે અંદરના ઓરડાના બારણા આગળ એંશીએક વર્ષનાં સૂકલકડી શરીરનાં એક ડોશી બેઠાં હતાં. ભીંતની સાથે ગાદી તકિયા મૂકેલા હતા, અને સામે નાનકડી બુકકેસ ઉપર કાયદાનાં થોડાં ચોપડાંઓ પડેલાં હતાં.
>
> પચાસેક વર્ષના દીકરા દાદર ચઢી 'કેમ બા' કરી તકિયે બેઠા. ડોશીમાની આંખે ઝાઝું દેખાતું ન હતું. "કોણ ભાઈ? . . . ભાઈ? આવો, છોકરાં સારાં છે?" કહી ડોશીએ આવકાર આપ્યો.
>
> દીકરાએ જવાબ આપ્યો : "હા, સૌ સારાં છે."


Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

14737

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો



રેલસંકટ વખતે નડિયાદમાં  પૃ. ૩૪૧

ડાબી બાજુએથી : શ્રી વિઠ્ઠલભાઈ, શ્રી સોમાભાઈ, માતુશ્રી, શ્રી નરસીંભાઈ, સરદાર,
(ઊભેલા) શ્રી કાશીભાઈ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



"ગાંધીજી છૂટી ગયા. બહુ સારું થયું. મને તો દરરોજ થયાં કરતું કે, એમને કેવી રીતે છોડાવાય? કેવી રીતે છોડાવાય? પણ સરકારે છોડયા."

"હા."

"અહીં એ કયારેક આવશે?"

"હજી ઇસ્પિતાલમાં થોડા દહાડા રહેવું પડશે." દીકરાએ ટૂંકામાં પતાવ્યું.

"અંદર રગ ઉપર ગૂમડું થયું હતું તેથી કાપવું પડયું, કેમ? બહુ દુઃખી થયા હશે?"

"હાસ્તો."

". . . ભાઈ હમણાં કયાં છે?"

"દિલ્હીમાં સરકાર સાથે લડે છે. જનમથી તોફાની સ્વભાવ તે કાંઈ જાય?"

ડોશીમાએ હકાર કે નકારમાં ડોકું ન ધુણાવ્યું. કંઈક અન્યાય થતો હોય એમ માની ચૂપ જ બેસી રહ્યાં. પછી થોડીક વાર રહીને બોલ્યાં:

"અહીં રહેશો?"

"ના, કાલે જવું છે."

"જુઓને, બધાનું સારું થયું. અહીં પણ લોકોનું સારું થયું.. ગાંધીજીયે છૂટયા. હવે ઘરમાંયે . . ."

વાકય પૂરું થાય તે પહેલાં દીકરાએ તે વાકય ઉપાડી લીધું:

"ઘરમાંયે સારું કરો. એટલે . . . બહેનને સારુ હવે તપાસ કરો, કેમ?"

"હાસ્તો, મારી હવે ભગવાન પાસે કશી માગણી નથી. એટલું એક કામ થઈ જાય એટલે થયું."

"ભાગ્યમાં લખ્યું હશે તેમ થશે."

ભાગ્યમાં લખેલું ન માનનાર દીકરાનો ઢોંગ ડોશીમા જોઈ શકયાં. એટલે તરત જ બોલ્યાં:

"તે તો થશેસ્તો. પણ આપણે કાંઈ દલાલ થયા વિના ચાલે એમ છે?"

દીકરા ચૂપ રહ્યા. એ વિષય દીકરાને પસંદ નથી એમ સમજી ડોશીમાએ પાછી બીજી વાત કાઢી. "પેલા તમારી સાથે મોટી દાઢીવાળા ડોસા* આવતા હતા તે નથી આવ્યા?"

"ના, ઘેર રહ્યા છે."

દીકરાએ ભાગ્યમાં લખેલું હશે તેમ થશે એમ બોલી તો નાખેલું, પણ એમનું મન તો વિચારે ચઢયું હતું. તેઓ ડોશીમાના સવાલના જવાબ યાંત્રિક રીતે આપ્યે જતા હતા, મનમાં તો માએ પૂછેલી જ વસ્તુનો વિચાર કરી રહ્યા હતા.

* અબ્બાસ સાહેબ તૈયબજી.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ડોશીમા પાછાં બોલ્યાં : “. . . બહેન તો આવીને ચાલી ગઈ. પણ . . ભાઈ તો આ વેળા ઘણુ દહાડા રહ્યો. શી એની મીઠી વાણી ! આખો દિવસ બોલ બોલ કર્યાં જ કરે. આખો દિવસ કલ્લોલ કર્યાં કરે.” આટલી પ્રસ્તાવના કરીને દીકરાનું મન પાછું પહેલી જ વાત સાંભળવાને માટે ડોશીમાએ તૈયાર કર્યું.

“ જાણે . . . ભાઈની તો કશી ચિંતા નથી. પણ . . . બહેનની ચિંતા થયાં કરે છે. ભગવાને મને આટલો વખત જિવાડી તે જાણે એ માટે જ નહીં હોય ? . . . બહેનને પરણાવીને પછી હું મરીશ એવું લાગે છે. એ વિના બીજી કશી તૃષ્ણા હવે રહી નથી.”

દીકરા ચૂપ જ રહ્યા. એટલે પાછી વાત બદલવાનો ડોશીમાએ ડોળ કર્યો.

“ બંને નિશાળે જાય છે કે ?”

“ હા.”

“ બંનેની પરીક્ષા ક્યારે છે ?”

. . . ભાઈ મૂંઝાયા. આસપાસ બેઠેલા સૌ હસવા લાગ્યા. પોતાનાં છોકરાં કઈ પરીક્ષામાં બેસવાનાં છે તેની તેમને ખબર નહોતી. એટલે ડોશીમાએ ટકોર કરી :

“ આખા મુલકની ખબર રાખો છો અને પોતાનાં છોકરાંની નહીં ?”

“ છોકરાં હવે મોટાં થયાં. પોતે પોતાનું સંભાળી લે.”

સામે એક છોકરો બેઠો હતો તેને ઉદ્દેશીને ડોશીમા બોલ્યાં : “ જો, ભાઈ સાંભળ. કાકા શું કહે છે ? તમારે તમારું સંભાળવું જોઈએ.”

મેં ( મહાદેવભાઈએ ) કહ્યું : “ હવે અમદાવાદ આવીને રહો ની.”

“ રહું, ભાઈ. પણ પેલાં નાનાં ( કાશીભાઈનાં બાળકો ) સૂતાં છે ને, તેમને કોણ સાચવે ?”

એંશી વરસનાં ડોશીમા મા વિનાનાં પેલાં બાળકોની સંભાળ રાખતાં હતાં અને દીકરાને રાંધી ખવરાવતાં હતાં.

આખરે સૌ ઊઠ્યા. દીકરાએ કહ્યું :

“ ત્યારે ઊઠીએ છીએ.” એટલે ડોશીમા બોલ્યાં :

“ . . . ભાઈને કહેજો ની. તે ક્યાંક જોઈ રાખશે.”

“ કેમ, એમને શા સારુ કહેવું ?”

“ તમે તો છોકરાં શું ભણે છે તેય જાણતા નથી તો દીકરીને માટે વર શી રીતે શોધવાના હતા ?”

સૌ હસતા હસતા નીચે ઊતર્યા. ઘડીક પછી તો ડોશીમાના દીકરાને હજારોની સભા આગળ ભાષણ આપવાનું હતું.

પણ મણિબહેન અને ડાહ્યાભાઈ પરત્વે સરદારનું સ્થાન ગાંધીજીએ બરાબર લીધું હતું અને સરદાર એ જાણતા હતા, એટલે નિશ્ચિંત હતા.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



બંને બાળકો શું ભણે છે, પરીક્ષામાં કેવું કરે છે એ બધું ગાંધીજી મણિબહેનને પૂછી લેતા. ડાહ્યાભાઈ ગાંધીજી સાથે બહુ વાતો ન કરતા તેમ પત્રવ્યવહાર પણ ન રાખતા. પણ મણિબહેન ગાંધીજીને વારંવાર મળતાં રહેતાં તથા તેમની સાથે પત્રવ્યવહાર પણ રાખતાં. વિદ્યાપીઠના સ્નાતક થયા પછી શું કરવું એ બાબતમાં ગાંધીજીની દોરવણી તેમને મળ્યાં કરતી. ડાહ્યાભાઈને દાક્તરીનો અભ્યાસ કરવો હોય તો હકીમ અજમલખાન સાહેબની તિબ્બી કૉલેજમાં જવાની અને ઇજનેર થવું હોય તો કોઈ મોટા કારખાનામાં કામ કરતે કરતે ઇજનેરી શીખવાની ગાંધીજીએ સૂચના કરેલી અને અભ્યાસ માટે પરદેશ જવું હોય તો તેની ગોઠવણ કરી આપવા પણ કહેલું. બિરલાની કોઈ મિલમાં ગોઠવવાની વાત આવેલી પણ ડાહ્યાભાઈ કાપડની મિલમાં કામ કરે એ ગાંધીજીને પસંદ નહોતું. આમ અનેક વિચારો થયા. પણ ડાહ્યાભાઈએ પોતે જ વીમાની લાઈન પસંદ કરી અને તેમાં આપમેળે જ પોતાની ગોઠવણ કરી લીધી. પોતાને માટે કન્યાની પસંદગી પણ ડાહ્યાભાઈએ પોતે જ કરી લીધી હતી. લગ્નનો દિવસ નક્કી કરવાનો વખત આવ્યો ત્યારે ડાહ્યાભાઈએ ગાંધીજીને કહ્યું કે, 'મણિબહેન મોટાં છે માટે એમનાં લગ્ન થઈ ગયા પછી હું પરણીશ.' ગાંધીજીને મણિબહેને કહ્યું કે, 'મારા લગ્ન માટે ડાહ્યાભાઈ બેસી રહેશે તો એને બેસી જ રહેવું પડશે. કારણ મારે પરણવું નથી.' પછી સાબરમતી આશ્રમમાં ગાંધીજીની હાજરીમાં જ સને ૧૯૨૫ના માર્ચમાં ડાહ્યાભાઈનાં લગ્ન થયાં. એ વિષે ગાંધીજીએ 'નવજીવન'માં લખ્યું છે :

> "શ્રી વલ્લભભાઈના પુત્ર ચિ. ડાહ્યાભાઈ તથા શ્રી કાશીભાઈ અમીનની દીકરી ચિ. યશોદાનાં તો સ્વેચ્છાએ થયેલાં લગ્ન ગણાય. બંનેએ એકબીજાને શોધ્યાં ને પોતાની ઇચ્છાએ પણ વડીલોની સંમતિ લઈ વિવાહનો નિશ્ચય કર્યો. . . . પાટીદાર કોમને સારુ આ આદર્શ લગ્ન કહી શકાય. બંને જાણીતાં કુટુંબ છે. શ્રી કાશીભાઈ ખર્ચ કરવા ધારે તો કરી શકે તેમ હતા. છતાં ઇરાદાપૂર્વક વિના ખર્ચે લગ્ન કરવાનો તેમણે નિશ્ચય કર્યો અને કેટલેક અંશે તેમના નાતીલાઓનો રોષ વહોરી લીધો. મારી ઉમેદ તો એવી છે કે એવાં લગ્ન બીજા પાટીદારો કરે અને બીજી ન્યાતો પણ કરે ને ઘણા ખર્ચના બોજામાંથી નીકળી જાય. તેમ કરે તો ગરીબને શાંતિ થાય અને ધનિક પોતાની ઇચ્છાનુસાર દેશસેવાના અથવા ધર્મના કાર્યમાં દ્રવ્ય વાપરે."

અસહકારની શરૂઆતમાં મુંબઈની સ્કૂલ છોડી ડાહ્યાભાઈ અમદાવાદ આવ્યા. ત્યાર પછી થોડા વખતમાં ગાંધીજીએ પરદેશી કપડાંની હોળી કરાવી તેમાં પોતાનાં તમામ કપડાં બાળી નાખી બન્ને ભાઈબહેને ખાદી ધારણ કરી. ખાદીમાં પણ મણિબહેને તો સફેદ સિવાય બીજી ખાદી વાપરી જ નથી.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



સાડી પણ રંગીન કિનારવાળી કદી પહેરી નથી. પોતાની પાસે થોડા દાગીના હતા તે પણ ગાંધીજીને ઉતારી આપ્યા. ગાંધીજીએ સલાહ આપેલી કે સ્વરાજ્ય મળતાં સુધી ન પરણવું એવો સંકલ્પ તું કરે તો સારું. મણિબહેને એ સલાહ માની એટલું જ નહીં પણ કાયમ કુંવારું જીવન ગાળવાનો સંકલ્પ કર્યો. પહેલેથી જ કઠણ અને સાદું જીવન ગાળવા તરફ એમનું વલણ હતું. તેમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતી રહી છે અત્યારે વખતોવખત ઉપવાસ તથા બીજાં અનેક પ્રકારનાં વ્રત તેઓ નિયમિત રીતે કરે છે. કેટલાંય વર્ષોથી દરરોજ કાંતવાનો નિયમ પણ બહુ ચીવટપૂર્વક પાળે છે અને પોતાનાં તથા સરદારનાં કપડાં થાય એટલું સૂતર તેઓ કાંતે છે.

ગાંધીજી ઇચ્છતા હતા કે મણિબહેન સ્ત્રીસેવાના કામમાં પડે. જમનાલાલજીની ઇચ્છા વર્ધામાં મહિલા વિદ્યાલય કાઢવાની હતી. ગૂજરાત વિદ્યાપીઠમાં સ્નાતક થયા પછી તે માટે થોડો વખત વર્ધા રહેલાં. પછી ગાંધીજીએ તાલીમ માટે તેમની સુપરત શ્રી દેવધરને કરી અને એમણે એમને પૂનાના સેવા સદનમાં રાખ્યાં. પછી એકાદ વરસ સાબરમતી આશ્રમમાં રહેલાં. ત્યાં બહેનોનું મંડળ હતું તેના મંત્રી તરીકે કામ કર્યું. '૨૭ના રેલસંકટ વખતે છએક મહિના માતરમાં મારી સાથે કામ કર્યું. બારડોલી સત્યાગ્રહની લડત પછી તેમને પિતાની સેવાનું કામ જડી ગયું. ત્યારથી આજ સુધી તેમાં જ ઓતપ્રોત છે અને તેમાં જ જીવનની સાર્થકતા અને ધન્યતા અનુભવી રહ્યાં છે. સરદારની સેવા તેઓ અનન્ય ભક્તિથી અને કુશળતાથી કરે છે. કઈ ઘડીએ સરદારને શું જોઈશે તે તેમના માગ્યા વિના અગાઉથી વિચારી લઈ હાજર રાખે છે. તેમની તબિયતની બહુ કાળજીપૂર્વક સંભાળ રાખે છે. નાહક કોઈ વધારેપડતો શ્રમ કે ત્રાસ ન આપે તેની ખડે પગે સખ્ત ચોકી કરે છે. આ ચોકી કરવામાં સરદારની મુલાકાત લેવા ઇચ્છનારાઓ સાથે તારતમ્ય કરવા જતાં તેમને ઘણી વાર આકરા પણ થવું પડે છે અને મુલાકાતીઓની સારી પેઠે ઇતરાજી વહોરવી પડે છે. સરકારી કામો ઉપરાંત સાર્વજનિક સંસ્થાઓ તથા ટ્રસ્ટોનાં ઘણાં કામો સરદાર પાસે હોય છે. તેનો પત્રવ્યવહાર સાચવવો, ફાઈલો રાખવી, ભાષણોની નોંધો કરી લેવી, એવાં બધાં કામ પણ મણિબહેન બાહોશીથી કરે છે. આટલી ઉંમરે અને આવી તબિયતે સરદાર આટલું કામ કરી શકે છે તેમાં મણિબહેનની સેવાશુશ્રૂષા તથા ચોકીનો ફાળો ઘણો મોટો છે.

સરદારે મણિબહેનને બિલકુલ નહીં અને ડાહ્યાભાઈને પણ બહુ થોડું રમાડેલા. પણ તેથી બાળકોને રમાડવાનું તેમને નથી ગમતું એમ નથી. મણિબહેન તથા ડાહ્યાભાઈને નહીં રમાડવામાં તો પોતાનાં છોકરાંને વડીલોના દેખતાં

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

ન બોલાવાય એ જૂનો રિવાજ પણ કારણ હશે. બાકી તંદુરસ્ત અને તોફાની બાળકો સાથે ધિંગામસ્તી કરતી વખતે સરદાર એમનું મોટપણ ભૂલી જાય છે. પોતાના પૌત્રો, ભત્રીજાના છોકરાઓ અથવા મિત્રનાં છોકરાં, એમની સાથે રમવાની તક તેઓ જતી કરતા નથી. એમને કૂદાવવાં, ગલોટિયાં ખવડાવવાં, એમની સાથે સંતાકૂકડી રમવી, મુક્કાબાજી કરવી, એ એમનો ખાસ શોખનો વિષય છે. બાળકો સાથે પોતે રમતા હોય ત્યારે બાળકોને બધું રમણભમણ કરવામાં તેમના ઉત્તેજનને લીધે મણિબહેનની વસ્તુઓની ગોઠવણ, વ્યવસ્થા, સાફસૂફી બધું બાજુએ રહી જાય છે. બાળકો સાથે તોફાનમસ્તી કરવી એ સરદારનું એક મોટામાં મોટું મનોરંજન છે.

વિઠ્ઠલભાઈ તથા સરદારે પોતપોતાની કારકિર્દી શરૂ કરી ત્યારથી અથવા તેઓ અભ્યાસ કરતા ત્યારથી બધા ભાઈઓને સાથે રહેવાનું ભાગ્યે જ બન્યું હતું. કરમસદ પણ તેઓ ક્વચિત જ જતા, અને તે પણ જાહેર કામને અંગે જવાનું થાય ત્યારે જ. ૧૯૨૭માં ગુજરાતના રેલસંકટ વખતે વિઠ્ઠલભાઈ વડી ધારાસભાના પ્રમુખ હતા અને તેઓ નડિયાદ આવીને રહ્યા હતા તે વખતે માતુશ્રી અને પાંચે ભાઈઓ પરિવાર સમેત લગભગ એક મહિનો નડિયાદ ભેગા રહ્યા હતા. ત્યારે ઘણે વર્ષે માતુશ્રીએ અને સઘળા ભાઈઓએ ગૃહજીવનનો લહાવો લીધેલો. પાંચે પુત્રોથી વીંટળાયેલાં વૃદ્ધ માતુશ્રીનો તે વખતનો ફોટો આ પુસ્તકમાં આપેલો છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

## ૨૪

# કોકોનાડા, ગાંધીજીની મુક્તિ અને સ્વરાજ પક્ષ

બોરસદની લડત ચાલુ હતી અને કોકોનાડા કોંગ્રેસ આવી. લડતનું તંત્ર એવું ચોક્કસ ગોઠવાઈ ગયું હતું કે સરદારને બોરસદ છોડીને આઠ દસ દિવસ બહાર જવામાં અડચણ આવે એમ નહોતું. જોકે કોકોનાડામાં કાંઈ ભારે કામ થવાની આશા નહોતી. દિલ્હી મહાસભામાં પરવાનગી મળી એટલે સ્વરાજ પક્ષે ધારાસભાની નવેમ્બર માસમાં થયેલી ચૂંટણીઓમાં ભાગ લીધો હતો અને તેમાં બંગાળમાં એમને ઠીક ફતેહ મળી હતી. બીજા પ્રાંતોમાં તેઓ ચોક્કસ બહુમતી મેળવી શક્યા નહોતા છતાં ઠીક સંખ્યામાં ચૂંટાયા હોઈ ધારાસભાઓમાં એક ગણનાયોગ્ય પક્ષનું સ્થાન તેમણે પ્રાપ્ત કર્યું હતું. વડી ધારાસભામાં બીજા સ્વતંત્ર પક્ષો સાથે મળીને સરકાર સામે તેઓ ઘણી વાર બહુમતી કરી શકતા.

૧૯૨૩નું કોંગ્રેસનું લગભગ આખું વર્ષ અંદર અંદરની લડાલડીમાં ગયું હતું એમ કહીએ તો ચાલે. કાર્યકર્તાઓ એનાથી કંટાળી ગયા હતા. એટલે કોકોનાડામાં સૌના દિલમાં એટલું તો ચોક્કસ હતું કે હવે લડાલડી કરવી નથી. સૌની પરમ ઇચ્છા કોંગ્રેસનું ભવિષ્યનું કામ નિર્વિઘ્ને ચાલતું થાય એવું વાતાવરણ જમાવવાની હતી. છતાં નાફેર પક્ષના કેટલાક વધુ ઉત્સાહી ભાઈઓ એવા હતા જે દિલ્હી કોંગ્રેસના ઠરાવને આ કોંગ્રેસ પાસે રદ કરાવવા ઇચ્છતા હતા. એટલે રાજાજીએ પોતાનું વલણ સ્પષ્ટ કર્યું કે દિલ્હીના ઠરાવને ફેરવવાનો ઝઘડો કરવાની જરૂર નથી. ધારાસભામાં ગયેલાઓને પાછા બોલાવવા એ પણ આવશ્યક નથી. પણ ધારસભાપ્રવેશને અંગે જે વાતો અને ચર્ચાઓ થઈ ગઈ છે તેથી દેશના વાતાવરણમાં ખળભળાટ થયો છે અને કોંગ્રેસની નીતિ વિષે કાંઇક બુદ્ધિભેદ થયો છે માટે કોંગ્રેસની નીતિ તેમ જ કાર્યક્રમમાં કાંઈ ફેર પડ્યો નથી એ સ્પષ્ટ કરવાની બહુ જ આવશ્યકતા છે. તે માટે એમણે દેશબંધુ દાસ સાથે મસલત કરી અને એમની સંમતિ મેળવી નીચેનો ઠરાવ કોંગ્રેસમાં રજૂ કર્યો. દાસબાબુએ એને ટેકો આપ્યો અને એ પસાર થયો. રાજાજી અને દાસબાબુએ મળીને એ ઠરાવ ઘડેલો હોઈ એ સમાધાનીનો ઠરાવ કહેવાયો. આ રહ્યો એ ઠરાવ :

> ‘‘ કલકત્તા, નાગપુર, અમદાવાદ, ગયા અને દિલ્હીની કોંગ્રેસોએ પસાર કરેલા અસહકારના ઠરાવોનો આ કોંગ્રેસ ફરીથી સ્વીકાર કરે છે.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



“ધારાસભાપ્રવેશને લગતા દિલ્હીની કૉંગ્રેસે પસાર કરેલા અસહકારના ઠરાવને લીધે ત્રિવિધ બહિષ્કારની કૉંગ્રેસની નીતિમાં કંઈ ફેરફાર થાય છે કે નહીં એવી શંકા ઊભી થયેલી હોવાથી આ કૉંગ્રેસ ઠરાવે છે કે એ બહિષ્કારના સિદ્ધાંત અને નીતિ જેમનાં તેમ કાયમ જ રહે છે.

“વધુમાં, આ કૉંગ્રેસ જાહેર કરે છે કે મજકૂર બહિષ્કારના સિદ્ધાંત અને નીતિ એ તો રચનાત્મક કાર્યક્રમના પાયારૂપ છે, તેથી બારડોલીમાં ઠરાવેલો રચનાત્મક કાર્યક્રમ પાર પાડવાનો તથા સવિનય ભંગને માટે તૈયાર થવાનો આ કૉંગ્રેસ દેશને આગ્રહ કરે છે.

“આપણા ધ્યેયને બનતી ઝડપથી પહોંચી વળાય એટલા માટે આ બાબત તાત્કાલિક પગલાં લેવાની આ કૉંગ્રેસ પ્રત્યેક પ્રાંતિક સમિતિને સૂચના કરે છે.”

આ કૉંગ્રેસની મસલત સમિતિમાં કૉંગ્રેસનું ધ્યેય બદલી તેમાં ‘સંપૂર્ણ સ્વાતંત્ર્ય’ એ શબ્દો ઉમેરવા એવો ઠરાવ પણ આવેલો. તેના મુખ્ય કારણમાં કેનિયામાં હિંદીઓનું થતું અપમાન અને તેમને થતા અન્યાય, એ આપવામાં આવેલું. સરદારે આ ઠરાવનો વિરોધ કરતાં કહ્યું :

“મને સંપૂર્ણ સ્વાતંત્ર્ય ગમતું નથી, એમ નથી; પણ અમદાવાદની કૉંગ્રેસે મૌ૦ હજરત મોહાનીનો આ મતલબનો ઠરાવ ફેંકી દીધો, ત્યારના કરતાં તો આજે આપણે કેટલાય વધારે નબળા છીએ. કેનિયામાં હિંદીઓનું અપમાન મહાત્માજીને જેલમાં રાખવાના દેશના અપમાન કરતાં મોટું નથી. લાગણીઓને વશ થવામાં વ્યવહારુ દૃષ્ટિ આપણે ભૂલવી ન જોઈએ.”

કોકોનાડાથી પાછા આવ્યા પછી તા. ૧૨મી જાન્યુઆરીને દિવસે જ્યારે બોરસદના વિજયનો ઉત્સવ ઊજવાતો હતો તે જ રાતે ગાંધીજીને યરોડા જેલમાંથી પૂનાની સાસૂન હૉસ્પિટલમાં લાવી ‘ઍપેન્ડિસાઇટિસ’નું ઑપરેશન કરવામાં આવ્યું અને તા. ૫મી ફેબ્રુઆરીએ તેમને બિનશરતે છોડી મૂકવામાં આવ્યા. સરદાર ગાંધીજીને મળવા પૂના ગયા ત્યારે ‘આવો બોરસદના રાજા’ એ શબ્દોમાં તેમણે એમનું અભિનંદન કર્યું. સરદારના દિલમાં પણ એટલો આત્મસંતોષ હતો કે જ્યારે બાકીના આખા દેશમાં ઓછાવત્તા પ્રમાણમાં ઝઘડાનું અને નિરુત્સાહનું વાતાવરણ હતું ત્યારે ગુજરાતમાં તેઓ શિસ્ત, સંપ અને ઉત્સાહ જાળવી રહ્યા હતા અને ગુજરાતને ગાંધીજીનું સ્વાગત કરવા યોગ્ય સ્થિતિમાં તેઓ રાખી શક્યા હતા. તેની સાથે માથા ઉપરથી ચિંતાનો મોટો બોજ હવે ઊતરી ગયો તેની શાંતિ પણ તેઓ અનુભવી રહ્યા હતા. ગાંધીજી જ્યારે ગુજરાતમાં પધારે ત્યારે એમને ચરણે ધરવાની ફૂલપાંખડીમાં ગુજરાતે દસ લાખ રૂપિયા કરવા તથા તે ઉપરાંત રચનાત્મક કામનાં ઓછામાં ઓછાં ત્રણ ક્ષેત્ર જ્યાં કાર્યકર્તાઓ એ ઉદ્દેશથી બેઠેલા જ હતા, તે એવાં તૈયાર કરવાં કે ત્રણમાંથી કયું

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



પસંદ કરી પોતાનો પ્રયોગ તેમાં અજમાવવો એ નક્કી કરવું ગાંધીજીને મુશ્કેલ પડે, એવી અપીલ તેમણે ગુજરાતને કરી.

સાસૂન હૉસ્પિટલમાંથી દાક્તરે મુક્તિ આપી એટલે મિત્રોના આગ્રહથી આરામ અને હવાફેર માટે ગાંધીજી જૂહુ જઈ ને રહ્યા. તા. ૬ઠ્ઠી એપ્રિલથી તેઓશ્રીએ 'નવજીવન' અને 'યંગ ઇન્ડિયા'માં લખવાનું શરૂ કર્યું. તે જ અંકમાં પોતાના કારાવાસ દરમિયાન ગુજરાતની અને સરદારની કામગીરી વિષે તેમણે લખ્યું :

"ગુજરાતનો છેલ્લાં બે વર્ષનો ઇતિહાસ ગુજરાતીને શોભાવનારો છે. જે ગુજરાતને શોભાવે તે હિંદુસ્તાનને શોભાવે. આપણી પ્રવૃત્તિ એવી છે કે તેમાંની જે વસ્તુ એક પ્રાંતને લાભ દે તે સમસ્ત હિંદુસ્તાનને લાભ આપે. તેથી જેટલે અંશે ગુજરાત ચડ્યું છે તેટલે અંશે આખો દેશ ચડ્યો છે. વલ્લભભાઈની કાર્યદક્ષતા દરેક અંગમાં જોઈ શકાય છે. જેવા તે, તેવા તેમના સાથીઓ. બોરસદ સત્યાગ્રહ એ સાત્ત્વિક ઉદ્યમનો ઉજ્જ્વળ દાખલો છે.

"બોરસદ સત્યાગ્રહ ખેડાના સત્યાગ્રહથી ઘણે અંશે ચડી જાય છે. ખેડાની જીત કેવળ માનની જીત હતી. અમદાવાદના મજૂરોના સત્યાગ્રહની જીતને મારા ઉપવાસની ઝાંખપ હતી, કેમ કે તે ઉપવાસનું અયોગ્ય દબાણ મિલમાલિકો ઉપર પડ્યું હતું.

"બોરસદમાં સત્યાગ્રહનો જ પૂર્ણ વિજય થયો. તેમાં માન અને અર્થ બંને સચવાયાં અને જીત મળવામાં બીજાં કોઈ યોગ્ય કે અયોગ્ય સાધનનું મેળવણ થયું જ નહીં.

"કોઈ એમ ન ધારી લે કે સંજોગ અનુકૂળ હતા તેથી જીત થઈ, કેમ કે ગવર્નર સારા નીવડ્યા. ગવર્નરને ન્યાય કરવા સારુ આપણે અવશ્ય તેમને ધન્યવાદ આપીએ. પણ સૂબો કઠણ હૃદયનો હોત તો તે કંઈ બોરસદના શુદ્ધ આગ્રહને દાબી શકત કે? શ્રદ્ધાળુ એટલું માને કે સાત્ત્વિક પ્રવૃત્તિને ચલાવનાર સાત્ત્વિક વૃત્તિના હોય તો સંજોગો એની મેળે અનુકૂળ થઈ જાય છે. સત્યાગ્રહની રીત એ છે કે વિરોધીને મિત્ર બનાવવો એટલે કે સાત્ત્વિક સંજોગો ઉત્પન્ન કરવા.

"જો બોરસદનો સત્યાગ્રહ કરીને ગુજરાતે આરામ લીધો હોત તોપણ કોઈ આંગળી ચીંધત નહીં. પણ સત્યાગ્રહીને આરામ કેવો? તેની 'વેકેશન' તેનો નિત્ય નવો ઉદ્યમ છે. સત્યાગ્રહનો અર્થ અંતરદર્શન પણ કરી શકાય. બોરસદમાં લોકોએ અંતરદર્શન કર્યું એટલે જોયું કે બોરસદ ઉપર સજા અર્થે પોલીસ બેસાડી તેમાં કંઈક દોષ પોતાનો પણ હતો. એક દોષ જોતાં બીજા પોતાની મેળે દેખાઈ આવે છે. તેથી હવે ત્યાં આંતર-સુધારણાનું કામ થઈ રહ્યું છે. સરકારની સામે ઝૂઝવા કરતાં આ કામ વધારે કીમતી તેમ જ કઠિન છે. સરકારની સામે લડીને જય મેળવવો એ નીંદણ ક્રિયા હતી. હવે પાકને ઉગાડવાની ને ઉતારવાની મહેનત કરવી તેમાં વધારે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



મુશ્કેલી છે, તેમ જ વધારે મુદ્દતની જરૂર છે. એ કામ પણ સુંદર ચાલી રહ્યું છે એમ હું સાંભળું છું. એ કામની પૂર્ણતામાં બોરસદ તાલુકાના વતનીઓની તેમ જ સ્વયંસેવકોની શક્તિ અને લાયકાતની આંકણી રહેલી છે.”

તા. ૧૩મી મેના રોજ બોરસદમાં સાતમી ગુજરાત રાજકીય પરિષદની બેઠક શ્રી કાકાસાહેબના પ્રમુખપણા નીચે થઈ. તેની જ સાથે શ્રી મામાસાહેબ ફડકેના પ્રમુખપણા નીચે અંત્યજ પરિષદ થઈ તથા શ્રી રવિશંકર મહારાજના પ્રમુખપણા નીચે ઠાકોર પરિષદ થઈ. એ પરિષદોમાં ગાંધીજી આવશે એમ આશા રાખવામાં આવેલી. પણ મિત્રોએ અને દાક્તરોએ એમને જૂહુ છોડવા ન દીધું. બોરસદની પરિષદને તેમણે પ્રેરક સંદેશો મોકલી આપ્યો. તેમાં બોરસદની પ્રજાને કહ્યું :

“બોરસદે ગુજરાતને શોભાવ્યું છે. બોરસદે સત્યાગ્રહ કરી, ભોગ આપી, ત્યાગ કરી, પોતાની અને હિંદુસ્તાનની સેવા કરી છે. બોરસદે જમીન સાફ કરી. ચણતર કરવાનું બાકી છે ને તે કઠણ કામ છે. તે કામ થઈ રહ્યું છે એમ હું જાણું છું. તે પૂરું તો ત્યારે થયું કહેવાય જ્યારે બોરસદ તાલુકો હાથે કાંતેલી ખાદી સિવાય બીજું કાપડ ન વાપરે, ન ખરીદે; તેની હદમાં એક પણ પરદેશી કે મિલના કાપડની દુકાન ન હોય; તાલુકામાં કોઈ દારૂ, ગાંજો, અફીણ ન પીએ, કોઈ ચોરી વ્યભિચાર ન કરે, તાલુકાનાં બાળકો અને બાલિકાઓ, પછી ભલે તે અંત્યજનાં હો કે બીજાં, રાષ્ટ્રીય શાળાઓમાં ભણતાં હોય, તાલુકામાં કજિયા ફિસાદ હોય નહીં અને કદાચ હોય તો તેનો નિકાલ પંચ મારફત થાય, હિંદુમુસલમાન ભાઈ સમાન થઈને રહે, અંત્યજનો કોઈ તિરસ્કાર ન કરે. આ કરવા ધારીએ તો સહેલું છે. એટલું બોરસદ કરે તો હિંદને સ્વરાજ અપાવે એમ મારી ખાતરી છે. એમ કરવાની પ્રતિજ્ઞા તેઓ લે. એ પ્રતિજ્ઞા લેવાનું તમારામાં બળ હો એમ ઇચ્છું છું. પ્રતિજ્ઞા તો જ લેવી જો પાળવાનો પૂરો આગ્રહ હોય. તેના પાલન પાછળ હરિશ્ચંદ્રના જેટલો જ આગ્રહ હોવો જોઈએ. નહીં તો ન લેવી એ ડહાપણ છે.”

પરિષદમાં ઠરાવો આ સંદેશાને અનુસરીને થયા. દરબાર સાહેબના પર ગાંધીજીના સંદેશાની ઊંડી અસર થઈ હતી. તેમને રાતે ઊંઘ ન આવી. પોતાના સાથી કાર્યકર્તાઓને રાતે એક વાગ્યે જગાડ્યા. તેમની સાથે ખૂબ ચર્ચા કરી અને બોરસદમાં દટાઈ જઈ તાલુકાને સ્વરાજની લડત માટે તૈયાર કરવાનો પોતાનો સંકલ્પ તેમની આગળ જાહેર કર્યો. તેમની સાથે દસેક મરણિયા તૈયાર થયા. પરિષદમાં ઠરાવ થયો તેમાં ગુજરાતનાં અમુક ક્ષેત્રો અને કોમોની સર્વદેશીય સેવા કરી તેમને સ્વરાજ્ય માટે તૈયાર કરવાનાં જે ભાઈબહેનોએ આજીવન વ્રત લીધાં તેમને અભિનંદન આપવામાં આવ્યાં. પણ સરદાર એમ લાગણીના આવેશમાં ખેંચાઈ જાય એમ નહોતું. બોરસદનું ક્ષેત્ર કેટલું કઠણ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



હતું તેનો એમને પૂરેપૂરો ખ્યાલ હતો. એટલે ત્યાંના લોકોને તથા કાર્યકર્તાઓને સાવધાન કરવા હૃદયમાં સોંસરા ઊતરી જાય એવા શબ્દોમાં તેમણે કહ્યું:

"બોરસદે આ ઠરાવનો સ્વીકાર કરતાં ખૂબ વિચાર કરવો ઘટે છે. બોરસદને હું જેટલું ઓળખું છુ તેટલું અહીં ભેગા થયેલામાંથી એક પણ જણ ન ઓળખતો હશે. બોરસદની શક્તિનીયે મને ખબર છે. બોરસદની ખોડ અને એબો પણ હું પૂરી જાણું છું. કુંદનની અંદર કાજળના ડાઘ જોવાની વૃત્તિવાળા અહીં પડેલા છે. એ બોરસદે ઠરાવ કરતાં પહેલાં ખૂબ વિચારી લેવું જોઈએ."

ચેતવણીનો આ ગંભીર સૂર કાઢવા ઉપરાંત તેમણે પોતાના ભાષણમાં એક બીજી મોટી વાત એ કહી કે:

"ગાંધીજીને બહાર આવ્યા પછી એમ લાગે છે કે દેશ નિરાધાર દશા ભોગવે છે, એ દુઃખદ સ્થિતિ છે. ગાંધીજીને આપણે બધી ચિંતામાંથી મુક્ત કરવા જોઈએ. આ પ્રમાણે ઠરાવ કરીને આપણું કાર્ય ગાંધીજીને પૂછવા ગયા વિના પૂરું કરીએ તો જ આપણે તેમને નિશ્ચિંત કરી શકીએ. ગુજરાતને હું વીનવું છું કે તે પોતાનાં દુઃખ ગાંધીજી પાસે લઈને ન જાય. તેમને બીજાં અપરંપાર દુઃખોની ચિંતા પડી છે." *

પરિષદમાં બીજો એક મહત્ત્વનો ઠરાવ દેશસેવાનું જીવનવ્રત લેનારાઓના એક પ્રાંતિક સેવામંડળની યોજના ઘડી કાઢી તે પ્રાંતિક સમિતિ આગળ રજૂ કરવા એક નાની સમિતિ સરદારના પ્રમુખપણા નીચે નીમવાનો હતો. એ યોજનાએ મૂર્તરૂપ ન પકડ્યું. પણ ગાંધીજીએ રજૂ કરેલા સેવાના આદર્શોથી પ્રભાવિત થયેલો અને સરદારની મદદ તથા હૂંફથી પોષાયેલો એક સેવકવર્ગ તો ગુજરાતમાં નિર્માણ થયો જ હતો. આજે પણ એ સેવકો જુદી જુદી

* ગાંધીજી જેલમાંથી બહાર આવ્યા કે તરત એમના ઉપર પ્રશ્નોની ઝડી વરસી રહી હતી. અમુક કર્યું તે બરાબર થયું કહેવાય? અમુક કરીએ એ બરાબર છે? હવે અમે શું કરીએ? આપના કાર્યક્રમમાંથી કાંઈ પરિણામ લાવી શકાય એમ તો લાગતું નથી, પણ આપની ઉપર શ્રદ્ધા છે એટલે એ કામને વળગી રહું છું, એ બરાબર છે ને? વગેરે. આવા આવા સવાલો જૂના અને પીઢ ગણાતા કાર્યકર્તાઓ પણ પૂછવા મંડ્યા હતા. ગાંધીજીએ એ વિષે 'યંગ ઇન્ડિયા'માં 'હૃદય શોધક' (હાર્ટ સર્ચર) એ નામનો લેખ લખી તેમાં પોતાનું દુઃખ વ્યક્ત કર્યું હતું: "દેશ આવી નિરાધાર દશા ભોગવે તે કરતાં તો એમ થાય છે કે આખી સજા પૂરી કરવાનું થયું હોત એ જ સારું થાત, અથવા એમ થાય છે કે આશ્રમનો એક ખૂણો શોધી ત્યાં પડ્યો પડ્યો કાંતવા, પીંજવાનું અને વણવાનું કામ કર્યા કરું અને બાળકો સાથે ખેલ્યાં કરું. દેશ મને ભૂલી જઈ પોતાનો સ્વતંત્ર વિચાર કરી લે અને સ્વતંત્ર રીતે પોતાનો ઉદ્ધાર કરી લે." એવા તેમના ઉદ્‌ગારોને અનુલક્ષીને સરદારે ઉપરની વિનવણી ગુજરાતને કરી હતી.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



સંસ્થાઓના આશ્રય નીચે કામ કરે છે. એ બધામાં ઠીક ઠીક એકરાગ અને કુટુંબભાવના છે. ગુજરાતના આ સેવકવર્ગમાં કુટુંબભાવના પ્રગટાવવામાં અને પોષવામાં ગાંધીજીની સાથે સરદારનો હિસ્સો ઘણો મોટો છે.

ગાંધીજી બહાર આવ્યા કે તરત નાફેરવાદીઓ અને સ્વરાજ પક્ષ વચ્ચેના ઝઘડામાં તેમને પડવું પડ્યું. જૂહુમાં બંને પક્ષના નેતાઓ સાથે તેમણે ખૂબ વાતો કરી. બે વરસમાં જે બની ગયું હતું તે સમજી લીધું અને બન્ને પક્ષનાં દૃષ્ટિબિંદુ સમજવા પ્રયત્ન કર્યો. પંચવિધ બહિષ્કારવાળા અસહકારની નીતિ વિષે તેમના વિચારોમાં બે વરસના કારાવાસ દરમિયાન રતીભાર પણ ફરક પડ્યો નહોતો. સરકારના હૃદયપરિવર્તનનું એક પણ નિશાન તેમને દેખાતું ન હતું. સને ૧૯૨૩ના સપ્ટેમ્બરમાં ગાંધીજી સાથે મુલાકાતની પરવાનગી મેળવવા મિ. ડ્રૂ પિયર્સન નામના એક અંગ્રેજ ગૃહસ્થ મુંબઈના ગવર્નર પાસે ગયા હતા ત્યારે ગવર્નરે જે ઉદ્‌ગારો કાઢેલા તેમાંથી પ્રગટ થતા સરકારના માનસમાં કશો ફરક પડ્યો નહોતો. પેલા ભાઈએ પરવાનગીની વાત કાઢી ત્યાર પછી થયેલો સંવાદ નીચે આપ્યો છે :

> "બિલકુલ અશક્ય", તે નામદારે મારી વાતને કાપી જ નાખી. "ગાંધીને કેદ કરવાની એક જ રીત છે, તે એ કે તેમને જીવતા દાટવા. જો અહીં આવીને લોકોને એમના ઉપર પડાપડી કરવા દઈએ તો એ તો મહાત્મા બની જાય, અને જેલ એ દુનિયા માટે મક્કા બની જાય. ગાંધીને માથે કાંટાનો મુગટ પહેરાવવા કંઈ તેમને કેદ નથી કર્યા."
>
> "છ વર્ષની મુદ્દત પૂરી થતાં પહેલાં ગાંધી છૂટવાનો કાંઈ સંભવ ખરો કે?" એમ મેં પૂછ્યું ત્યારે તેમણે ભારપૂર્વક કહ્યું :
>
> "હું અહીં છું ત્યાં સુધી તો નહીં જ. હા, મારી મુદ્દત ડિસેમ્બરમાં પૂરી થાય છે. હું વિલાયત પાછો ફરું ત્યાર પછી ભલે તેઓ એવું જે કરવું હોય તે કરે."

એટલે ગાંધીજી છૂટેલા તે એમને વધુ વખત 'જીવતા દાટવાની' જરૂર સરકારને નહીં લાગેલી તેથી જ. દેશના મોટા ભાગમાં નાફેરવાદીઓનો લોકો ઉપરનો કાબૂ ઓછો થવા માંડ્યો હતો. તેમના અને સ્વરાજ પક્ષ વચ્ચેના ઝઘડાથી લોકો કંટાળી ગયા હતા. છતાં ગાંધીજી જ્યાં સુધી જેલમાં હોય ત્યાં સુધી લોકમાનસ ઉપર એની એક અસર રહેતી કે આપણે કાંઈક કરવું જોઈએ. એટલે સરકારને એમ લાગ્યું હશે કે હવે વખત એવો આવ્યો છે જ્યારે કેદી ગાંધી કરતાં મુક્ત ગાંધી ઓછો જોખમકારી છે. સ્વરાજ પક્ષવાળા ધારાસભાઓમાં સરકારે રચેલા ક્ષેત્ર ઉપર અને સરકારે બાંધેલી વાડોની અંદર લડવા ગયા હતા. ત્યાં એમને પહોંચી વળવું પોતાને માટે રમત વાત છે એ સરકાર

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

બરાબર જાણતી હતી. એને એ પણ ખાતરી હતી કે પોતાના કારભારમાં જરાયે અડચણ આવે એટલે દરજ્જે નાફેરવાદીઓનો પંચવિધ બહિષ્કાર અથવા અસહકાર હવે લોકોમાં ચાલવાનો નથી. એટલે જ ગાંધીજીને છોડયા હોવા જોઈએ. નવી ઊભી થયેલી મુશ્કેલીઓની વચ્ચે ગાંધીજીને આખી રચના નવેસરથી કરવાની હતી. બહાર આવ્યા ત્યારે તેમનો વિચાર કૉંગ્રેસને ચુસ્ત અસહકારની નીતિમાં દૃઢ કરવાનો હતો.

જૂહુમાં સ્વરાજ પક્ષના નેતાઓ સાથે ધારાસભાપ્રવેશની બાબતમાં ચાલેલી ચર્ચાને અંતે ગાંધીજીએ 'ધારાસભાઓ અને અસહકાર' એ નામની એક છાપાં જોગી યાદી બહાર પાડીને સ્પષ્ટ કર્યું કે:

"સ્વરાજ પક્ષના મિત્રો સાથે સહમત થવાની મારી બધી ઉત્સુકતા અને બધા પ્રયત્નો છતાં તેમની દલીલો મારે ગળે ઊતરી નથી. અમારી વચ્ચેના આ મતભેદ માત્ર ગૌણ વસ્તુઓના અને વિગતોના છે એમ પણ નથી. અમારી વચ્ચે સિદ્ધાંતોનો જ મતભેદ છે એમ જોઉં છું. મેં કલ્પેલા અસહકારમાં ધારાસભાપ્રવેશને સ્થાન નથી એ અભિપ્રાયને હું હજી જેવો ને તેવો વળગી રહું છું. અમારી વચ્ચેનો આ મતભેદ માત્ર અસહકારની વ્યાખ્યા કે અર્થ કરી બતાવવાના ભેદોનો છે એવું પણ નથી. અસહકારીએ સ્વીકારવાની દૃષ્ટિ અગર વૃત્તિને લગતો આ મતભેદ છે જેને પરિણામે આજે દેશ આગળ રહેલા મુદ્દાના પ્રશ્નોના ઉકેલમાં ફેર પડે છે."

પંડિત મોતીલાલજી અને દાસબાબુએ આ યાદીના વિરોધમાં પોતાની યાદી બહાર પાડી.*

પછી 'કૉંગ્રેસનું તંત્ર' એ નામનો લેખ લખીને કૉંગ્રેસના હોદ્દેદારો તરીકે પંચવિધ બહિષ્કારનો અમલ ન કરનારા કોઈ અર્થાત્ સ્વરાજ પક્ષવાળા ન રહી શકે એવો પોતાનો અભિપ્રાય ગાંધીજીએ જાહેર કર્યો:

"કૉંગ્રેસનું તંત્ર ચલાવનારાઓમાં ખિતાબવાળાઓ, સરકારી શિક્ષકો, વકીલો કે કાયદાશાસ્ત્રીઓ, ધારાસભાના સભ્યો તેમ જ પરદેશી બલકે દેશી મિલોનું પણ કાપડ વાપરનારા અગર તો તેવા કાપડનો વેપાર ચલાવનારાઓને સ્થાન ન હોઈ શકે. આવા લોકો કૉંગ્રેસમાં બેશક રહી શકે, પણ કૉંગ્રેસના કારોબારી મંડળના સભ્ય તેઓ ન જ થઈ શકે, થવા પણ ન દેવા જોઈએ. તેઓ પ્રતિનિધિ બનીને કૉંગ્રેસના ઠરાવો કરાવવામાં પોતાના આગ્રહની અસર ભલે પાડે. પણ એક વાર કૉંગ્રેસની નીતિ નિશ્ચિત થઈ ગઈ એટલે પછી જે કોઈ એ નીતિમાં માનનાર ન હોય તેમણે મારા અભિપ્રાય મુજબ તો તેનાં કારોબારી મંડળોની બહાર જ રહેવું જોઈએ. મહાસમિતિ તેમ જ કૉંગ્રેસનો કારોબાર ચલાવનારી બધી જ સ્થાનિક

* જુઓ શ્રી પટ્ટાભિકૃત 'હિસ્ટરી ઑફ ધિ કૉંગ્રેસ' પહેલી આવૃત્તિ, સને ૧૯૩૫ની, પા. ૪૫૪ થી ૪૬૩.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



સમિતિઓ એ આવાં મંડળો કહેવાય અને તેના કાર્યવાહકો એ જ હોય કે જેઓ કૉંગ્રેસની નીતિમાં પૂરા દિલથી માનનારા હોય અને તેનો તનમનથી અમલ કરવા તૈયાર હોય.”

આ ઉપરથી કોઈને એવી શંકા જાય કે ગાંધીજી સ્વરાજ પક્ષીઓને નાફેરવાદીઓ કરતાં ઊતરતા ગણે છે તો તે બરાબર નથી એ સ્પષ્ટ કરવા ગાંધીજી એ લેખમાં આગળ જણાવે છે :

“હું ખાતરી આપવા ઇચ્છું છું કે આવો વિચાર મારા સ્વપ્નામાંયે કદી હોય જ નહીં. ચડિયાતાપણાનો કે ઊતરતાપણાનો સવાલ જ અહીં નથી. બે પક્ષો વચ્ચે સ્વભાવ કે પ્રકૃતિનો ભેદ છે. મેં તો માત્ર કૉંગ્રેસનાં કારોબારી મંડળો વધુ અસરકારક ઢબે કઈ રીતે કામ કરી શકે એટલી જ વાત ઉપર દૃષ્ટિ રાખીને લખ્યું છે. વધુ લોકપ્રિય હોય તો કૉંગ્રેસનાં બધાં મંડળો એમનાં જ બધાં માણસોને હાથે ચાલવાં જોઈએ. . . . નાફેરવાદીઓ ફેરવાદીઓને, તેઓ પોતાનાથી જુદા વિચાર ધરાવે છે એટલા જ કારણસર જો પોતાનાથી કોઈ પણ રીતે ઊતરતા ગણે તો તેઓ પોતાનો ધર્મ ચૂકે.”

બે પક્ષ વચ્ચેના આ મતભેદનો નિવેડો લાવવા મહાસમિતિની બેઠક તા. ૨૭મી જૂને અમદાવાદમાં બોલાવવામાં આવી. અમદાવાદ મ્યુનિસિપાલિટીનું નવું મકાન તાજું જ બંધાયેલું હતું. તેના ગાંધીહૉલનું વાસ્તુ મહાસમિતિની બેઠકથી થયું એમ કહી શકાય. ગાંધીજીનો વિચાર કૉંગ્રેસને ધારાસભાઓને માર્ગેથી વાળી પ્રજામાં સંગીન રચનાત્મક કામ કરી, પંચવિધ બહિષ્કારને ઉગ્ર રૂપ આપી સામુદાયિક સવિનય ભંગ માટે તૈયાર કરવાનો હતો. તે માટે લોકમત કેળવવા સારુ પોતાના ઠરાવોનો ખરડો અગાઉથી બહાર પાડ્યો તથા મહાસમિતિના સભ્યોને ઉદ્દેશીને એક જાહેર પત્ર પણ લખ્યો. તેમાં પોતાના અસહકારનો તાત્ત્વિક અર્થ બહુ સુંદર રીતે સમજાવ્યો :

“જો સરકારી નિશાળો, અદાલતો અને ધારાસભાઓ વિષે આપણને મોહ થાય એવું તેમાં કશું હોય તો આપણો વિરોધ એ તંત્રની સામે ન થયો પણ તંત્ર ચલાવનારાઓની સામે થયો. અસહકાર આથી વધુ ઉન્નત હેતુને માટે યોજાયો છે. જો આપણો આશય એટલો જ હોય કે સરકારી ખાતાંઓમાં અંગ્રેજોની જગ્યાઓ આપણા લોકો ભરી મૂકે, તો હું કબૂલ કરું છું કે આ બહિષ્કારો નિરર્થક જ નહીં, પણ હાનિકર્તા છે. સરકારની નીતિનો અંતિમ હેતુ આપણને જંગલા બનાવી મૂકવાનો દેખાય છે, અને આપણે જંગલા બન્યા કે લાગલા જ આપણા અંગ્રેજ શેઠો રાજની લગામ આપણા હાથમાં સોંપી દેશે. તેઓ સુખે આપણને તેમના આડતિયા તરીકે સ્વીકારશે. આ પ્રાણઘાતક ક્રિયામાં મને કશો રસ ન જ હોઈ શકે, સિવાય કે તેની સામે મારું બધું બળ વાપરીને લડવું. મારું સ્વરાજ આપણી

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



સંસ્કૃતિનો આત્મા અખંડ રાખવામાં રહેલું છે. આપણી સંસ્કૃતિમાં અનેક નવી વસ્તુઓ ઉમેરવાની મારી અભિલાષા છે, પણ તે આપણા દેશને ભાવતી આવે એવી જ. પશ્ચિમની પાસેથી કરજ લેતાં હું અચકાઉં એમ નથી, પણ તે ત્યારે જ લઉં જ્યારે વ્યાજ સાથે વ્યાજ ધોઈને એ પાછું વાળવાની મારામાં શક્તિ આવે.”

ગાંધીજીના સઘળા ઠરાવો ઉપર મહાસમિતિમાં બંને પક્ષે બહુ છૂટથી ચર્ચા કરી. ગાંધીજીનો એક ઠરાવ એવો હતો કે પંચવિધ બહિષ્કારનો ખુદ અમલ કરનારા જ કોઈ પણ કૉંગ્રેસ કમિટીના સભ્ય થઈ શકે. એમાં ‘કોકો-નાડાના ઠરાવનો અપવાદ બાદ કરીને’ એ શબ્દો બહુમતીથી ઉમેરવામાં આવ્યા. એટલે ધારાસભાઓમાં જનારા સ્વરાજ પક્ષવાળાઓ કૉંગ્રેસ કમિટીઓમાં રહી શકે એવું થયું. બીજો ઠરાવ એક ગોપીનાથ સહાએ અર્નેસ્ટ ડે નામના અંગ્રેજનું ખૂન કરેલું તે ખૂનને વખોડી કાઢનારો હતો. તેના ઉપર તો ખૂબ જ ચૂંથણાં થયાં. દાસબાબુને કૉંગ્રેસની અહિંસાની નીતિ સામે વાંધો ન હતો છતાં ગોપીનાથ સહાના કૃત્યમાં રહેલી દેશભક્તિ અને બહાદુરીની તેઓ કદર કરવા માગતા હતા અને બીજા કેટલાક તો એથીયે આગળ જતા હતા. ગાંધીજીનો ઠરાવ ફક્ત આઠની બહુમતીથી પસાર થયો. પોતાનો ઠરાવ બિલકુલ ઊડી જાય તેનું એમને દુઃખ ન હતું. દુનિયામાં હિંસાનો માર્ગ પ્રચલિત છે અને પ્રતિષ્ઠિત પણ ગણાય છે એ વાત તેમને કબૂલ હતી. પણ એક તરફથી અહિંસાની પ્રતિજ્ઞા લેવી અને બીજી તરફથી હિંસાની વાતો કરવી એ તેમને મંજૂર નહોતું. તેમણે સભાને કહ્યું : ‘તમારે સમશેર જ ખેલવી હોય તો ભલે ખેલો. તે વખતે હું તમારી સાથે નહીં હોઉં. પણ તમે ખરી રીતે ખેલશો તો હું હિમાલયમાં જઈને ત્યાંથી તમને ધન્યવાદ મોકલીશ. પણ અહીં તમે જે ખેલ કર્યા છે તેથી તો હું ત્રાસું છું.’ તેમનો ત્રીજો ઠરાવ એવો હતો કે જુદી જુદી કૉંગ્રેસ કમિટીઓના દરેક સભ્યે દરરોજ અર્ધો કલાક કાંતવું અને પ્રતિમાસ પોતે જાતે કાંતેલું સરખું અને વળદાર એવું બે હજાર વાર સૂતર કૉંગ્રેસના લવાજમ તરીકે આપવું. સ્વરાજ પક્ષવાળાઓએ આ ઠરાવનો સખત વિરોધ કર્યો અને એવો પણ આક્ષેપ કર્યો કે કૉંગ્રેસમાં હોદ્દાના સ્થાન ઉપરથી અમને કાઢવા માટે જ આવા આવા ઠરાવો લાવવામાં આવ્યા છે. એમ કહીને આ ઠરાવ ઉપર મત લેવાતાં પહેલાં સભા છોડીને તેઓ ચાલ્યા ગયા. ઠરાવ ઉપર મત ગણતાં ૬૭ વિ૦ ૩૭ થયા. આ જોઈને ઠરાવમાં જે શિક્ષા ભાગ હતો કે જે સભ્ય દર મહિનાની ઠરાવેલી તારીખે સૂતર આપવાનું ચૂકશે એણે પોતાની જગ્યાનું રાજીનામું આપેલું ગણાશે, એ ગાંધીજીએ રદ કરાવ્યો. એમ કહીને કે, સભા છોડી જનારાઓના મત પણ વિરોધમાં પડ્યા

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

હોત તો શિક્ષાનો ભાગ ઊડી જવાનો સંભવ હતો. ગાંધીજીના આ ઉદાર પગલાની સ્વરાજ પક્ષે તેમ જ તમામ વર્તમાનપત્રોએ ભારે પ્રસંશા કરી.

સ્વરાજ પક્ષવાળાના ચાલ્યા ગયા પછી સભા કાંઈક ઠઠ્ઠા મશ્કરી ઉપર ચઢી. પંચવિધ બહિષ્કારનો જાતે અમલ કરવાવાળો ઠરાવ કેટલાકને કઠતો હતો અને એને વિષે કચવાટ પણ હતો. ગોપીનાથ સહાવાળા ઠરાવ ઉપર જે જાતની ચર્ચા થઈ તેથી ગાંધીજી ઊકળી તો રહ્યા જ હતા, એમનું હૈયું ભરાઈ આવ્યું હતું. તેઓ ઉપસંહાર રૂપે મહાસમિતિને સંબોધીને બોલતા હતા એટલામાં એક સભ્યની કૉંગ્રેસના સિદ્ધાંતની ઉપેક્ષા કરતી ટીકાથી બહુ વખતથી રોકાઈ રહેલાં એમનાં આંસુ નીકળી પડ્યાં. બોલતાં બોલતાં તેમનો કંઠ રૂંધાઈ ગયો. પણ તત્ક્ષણ સાવધ થઈ પોતાના અંતરના ઉદ્‌ગાર કાઢ્યા :

"હું સીધો માણસ છું અને સીધા માણસ સાથે કામ લેવા માગું છું. પણ તમે બધા ટેઢા રહ્યા. કૉંગ્રેસ એ કાંઈ જેવી તેવી ચીજ નથી. એ હવે કોઈ ભીખ માગનારી સંસ્થા રહી નથી. મુખ્યત્વે કરીને આંતરિક બળ વધારીને આદર્શને પહોંચવાને માટે યોજાયેલી આત્મશુદ્ધિની એ એક સંસ્થા છે. તમે એને જેવી બનાવશો તેવી એ બનશે. તમે સાચા બનવા ઇચ્છતા હો તો ગામડાંમાં જાઓ. તમે મારી પાસેથી ગધ્ધાની માફક વૈતરું લઈ શકશો, પણ તે સીધાપણાથી, ટેઢાઈથી નહીં. તમે મને ફોલસાવી શકો ખરા, પણ હું જ્યારે જોઉં કે તમે મને વેચી રહ્યા છો, તો પછી હું ખુદાનો આશરો લઉં, અને તમારી પાસે ઊભો ન રહું."

આ શબ્દોની અસર વીજળીના જેવી થઈ. જેઓ આડુંઅવળું બોલ્યા હતા તેઓએ પોતાની ભૂલ કબૂલ કરી માફી માગી અને સૌની વતી માફી માગતા કૉંગ્રેસના પ્રમુખ મૌ૦ મહમદઅલી રોતા રોતા ગાંધીજીના ચરણોમાં પડ્યા. આમ તે વખતે તો વાતાવરણ નિર્મળ થયું. સૂતર આપવાના ઠરાવમાંથી શિક્ષા ભાગ કાઢી નાખી સ્વરાજ પક્ષવાળાઓને પણ ગાંધીજી મનાવી શક્યા. પણ સૌ કેટલા પાણીમાં છે એનો તાગ ગાંધીજીને આ બેઠકમાંથી મળી ગયો. 'હાર્યો અને હણાયો' (ડિફીટેડ ઍન્ડ હમ્બલ્ડ) એ નામનો લેખ 'યંગ ઇન્ડિયા'માં લખી પોતાની ગ્લાનિ વ્યક્ત કરી અને ભવિષ્યના કાર્યક્રમની રૂપરેખા આપી.

આ બેઠકમાં સરદારને ગાંધીજીના 'અંધ અનુયાયી'નો ઇલકાબ મળ્યો. એ અંધ અનુયાયી છે કે દેખતા અનુયાયી છે એ તો જગત હવે જોઈ શક્યું છે. પણ આ બેઠકમાં તેમણે એવો ભાગ ભજવ્યો હતો ખરો. મહાસમિતિના મેજબાન તરીકે નાની નાની ઘણી વસ્તુઓ ઉપર તેમને ધ્યાન રાખવાનું રહેતું. અને સરદારની મહેમાનગીરી એટલે બાદશાહી તો હોય જ. એ બાબત સૂચનાઓ આપવા કેટલીક વાર તો સભામાંથી તેમને બહાર પણ જવું પડતું. છતાં ગાંધીજી પોતાના ઠરાવ ઉપર બોલતા હોય ત્યારે હાજર હોય કે નહીં પણ દરેક ઠરાવને

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021



ટેકો આપતી વખતે હાજર થઈ જતા. શી ચર્ચા થઈ છે એ ન સાંભળી હોય તોપણ ગાંધીજીના ઠરાવને મારો ટેકો છે એમ આવીને કહેતા. પાછળના આચરણથી તેમણે બતાવ્યું કે તેમનો ટેકો કેવળ શાબ્દિક નહોતો પણ અમલી હતો. મહાસમિતિના કામમાંથી પરવાર્યા પછી તા. ૧૨મી જુલાઈએ ગુજરાત પ્રાંતિક સમિતિની બેઠક બોલાવી તેમાં તેમણે ઠરાવ કરાવ્યો કે, કૉંગ્રેસ કમિટીના દરેક સભ્યે નિયમિત કાંતવું અને પ્રતિમાસ એને બદલે ત્રણ હજાર વાર સૂતર આપવું તથા વધીને પાંચ હજાર સુધી પહોંચવું. વળી મહાસમિતિના મૂળ ઠરાવમાં જે શિક્ષાનો નિર્બંધ હતો તેને ગુજરાત પ્રાંતિક સમિતિએ આવશ્યક ગણ્યો.

હવે કૉંગ્રેસમાં સ્વરાજ્ય પક્ષને બને તેટલી અનુકૂળતા કરી આપવાની નીતિ ગાંધીજીએ શરૂ કરી. હિંદુમુસલમાન એકતાને માટે સપ્ટેમ્બરમાં ગાંધીજીએ એકવીસ દિવસના ઉપવાસ કર્યા. ત્યાર પછી કાંઈક શક્તિ આવી એટલામાં દાસબાબુનો કલકત્તાથી તાર આવ્યો કે સ્વરાજ પક્ષની કાઉન્સિલની સભામાં અગત્યની મસલતો કરવાની છે તેમાં તમે ન આવો તે ન ચાલે. સરકારે તે વખતે બંગાળમાં ભારે દમન ચલાવવા માંડયું હતું અને દાસબાબુના ઘણા સાથીઓને કેવળ શંકા ઉપરથી ગિરફતાર કર્યા હતા. એ વખતે કૉંગ્રેસમાં બે પક્ષ ન હોય એ પણ જરૂરનું હતું. ગાંધીજીએ કલકત્તામાં સ્વરાજ પક્ષે જે માગ્યું તે આપીને એની સાથે તહનામું કર્યું. નીચેની વસ્તુઓ તેમણે માન્ય રાખી :

૧. પરદેશી કાપડના બહિષ્કાર સિવાયનો અસહકારનો આખો કાર્યક્રમ પ્રજાકીય કાર્યક્રમ તરીકે કૉંગ્રેસે મુલતવી રાખવો.

૨. કૉંગ્રેસ બંધારણના એક અંગ તરીકે કૉંગ્રેસ તરફથી સ્વરાજ પક્ષે વડી અને પ્રાંતિક ધારાસભાઓમાં કામ કરવું.

૩. કૉંગ્રેસ કમિટીઓના સભ્યો માટે તેઓ કૉંગ્રેસના કામમાં રોકાયેલા હોય તે વેળાએ જ ખાદી પહેરવાની ફરજિયાત હોય.

૪. એવા સભ્યોએ આપવાનું સૂતર બીજા પાસે કંતાવેલું હોય તોપણ ચાલે.

પાંચ જ મહિના ઉપર અમદાવાદની મહાસમિતિ વખતનું ગાંધીજીનું વલણ ક્યાં ને આ તહનામા વખતનું વલણ ક્યાં? પણ ગાંધીજી આપવા બેસતા ત્યારે કદી જરાયે સંકોચ રાખતા નહીં. સામો માણસ લેતાં થાકે. આ તહનામું બેલગામની કૉંગ્રેસમાં જ્યાં પોતે જ પ્રમુખ હતા ત્યાં તેમણે મંજૂર કરાવ્યું. વિશેષમાં કૉંગ્રેસના સભાસદ માટે ચાર આનાનું લવાજમ હતું તેને બદલે પોતાનું અથવા બીજાનું કાંતેલું ચોવીસ હજાર વાર સૂતરનું લવાજમ દાખલ કર્યું. આમ ગાંધીજીના પ્રમુખપણા નીચેની બેલગામની કૉંગ્રેસમાં શ્રમમતાધિકાર (લેબર ફ્રેન્ચાઈઝ)નું તત્ત્વ દાખલ થયું. બેલગામની મહાસભા પછી ગાંધીજીએ ગુજરાતમાં

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

થોડો પ્રવાસ કરેલો. તેમાં ગુજરાતીઓને સંબોધીને તેમણે કહ્યું કે, 'કોઈ ગુજરાતી કાંતવાના ઠરાવમાં આપેલી છૂટનો લાભ લેનાર નીકળે એવું જોવા હું નથી ઇચ્છતો.' સરદાર ગુજરાતના પ્રવાસમાં તો ગાંધીજીની સાથે હોય જ. તેઓ દરેક સભામાં કેટલા જાતે કાંતીને કૉંગ્રેસના સભ્ય થવા ઇચ્છે છે તે પૂછતા અને બરાબર હિસાબ લેતા. પણ આ મતાધિકાર લાંબો વખત ન ચાલ્યો. ધારાસભાઓ મારફત જે કાંઈ થોડું મળે તેની લાલચ લોકોથી છોડી શકાતી નહોતી. અને કૉંગ્રેસ પણ ધારાસભાઓ તરફ વધુ ને વધુ ઢળતી જતી હતી. એટલે ૧૯૨૫ના ઑક્ટોબરમાં પટણામાં મહાસમિતિની બેઠકમાં ગાંધીજીના પ્રમુખપણા નીચે અને તેમની સંમતિથી ઠરાવ કરવામાં આવ્યો જેને પરિણામે કૉંગ્રેસ જાતે જ ધારાસભાઓનો કાર્યક્રમ સ્વરાજ પક્ષ મારફતે ચલાવે એમ નક્કી થયું. એમ કહી શકાય કે કૉંગ્રેસ સ્વરાજ પક્ષને સોંપી દેવામાં આવી. સભ્ય લવાજમમાં એકલું સૂતર હતું તેમાં ફેરફાર કરીને વરસ દહાડે ચાર આના અગર તો બે હજાર વાર જાતે કાંતેલું સૂતર, એમ ઠરાવવામાં આવ્યું. અલબત્ત કૉંગ્રેસના આ કાર્યક્રમમાં ગાંધીજીને, સરદારને તથા બીજા ચુસ્ત નાફેરવાદીઓને રસ નહોતો રહ્યો. ગાંધીજીની સૂચનાથી કૉંગ્રેસના છત્ર નીચે પણ આંતરિક વ્યવસ્થામાં તથા નાણાંની બાબત પરિપૂર્ણ સ્વતંત્ર એવા અખિલ ભારતીય ચરખા સંઘની સ્થાપના કરવામાં આવી અને ગાંધીજીએ પોતાનું બધું લક્ષ એને ખીલવવામાં આપવા માંડ્યું. સરદાર બધો વખત અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં અને ગુજરાતની રચનાત્મક કામ કરનારી સંસ્થાઓને પોષવામાં આપતા. કેવળ રાજદ્વારી દૃષ્ટિએ જોઈએ તો ૧૯૨૪થી ૧૯૨૮નાં ચાર વર્ષ દેશમાં મંદીનાં ગણાય. હિંદુસ્તાનને કેવા રાજદ્વારી સુધારા આપવા જોઈએ તે વિષે હિંદુસ્તાનની પરિસ્થિતિ નજરે જોઈ તથા રાજદ્વારી નેતાઓ સાથે મસલત કરી રિપોર્ટ કરવા માટે ૧૯૨૮ના આરંભમાં સાઈમન કમિશન આપણા દેશમાં આવ્યું. તેમાં કોઈ હિંદીને રાખવામાં આવ્યો ન હતો એટલે તેનો બહિષ્કાર કરવામાં આવ્યો. તે દેશવ્યાપી અને સફળ થયો ત્યારે કાંઈક જાગૃતિ આવી. પણ દેશમાં નવચેતન અને આત્મશ્રદ્ધા ફરી પ્રગટ્યાં તે તો બારડોલીના જમીનમહેસૂલ સત્યાગ્રહમાં સરદારે મેળવેલા અપૂર્વ વિજયથી.



Gandhi Heritage Portal

4/25/2021

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

3/50

4/25/2021

# ૨૫

# મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે

સને ૧૯૨૪ની શરૂઆતમાં કમિટી ઑફ મૅનેજમેન્ટની મુદત પૂરી થઈ અને અમદાવાદ મ્યુનિસિપાલિટી માટે કાઉન્સિલરોની ચૂંટણી થઈ. આ ચૂંટણી નવા મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારા પ્રમાણે થઈ. એટલે એમાં મ્યુનિસિપલ બોર્ડ ૬૦ સભ્યોની હતી, જેમાં ૪૮ ચૂંટાયલા અને ૧૨ સરકારનિયુક્ત સભાસદો હતા. ૪૮ ચૂંટાયેલા સભાસદોમાંથી ૧૦ મુસલમાનો માટેની અનામત બેઠકો હતી. કૉંગ્રેસમાં ફેરવાદી અને નાફેરવાદી એમ બે પક્ષો પડી ગયેલા હોવાને લીધે દેશનું રાજદ્વારી વાતાવરણ બહુ ડહોળાઈ ગયેલું હતું. જોકે નાગપુર તથા બોરસદની વિજયી લડતોને લીધે ગુજરાતના વાતાવરણમાં એવી મંદી નહોતી આવી. તોપણ એ ધ્યાનમાં રાખવું જોઈએ કે એ બેય જગ્યાઓએ સરકારની ભૂલોને લીધે લડતો આપી શકાઈ હતી અને તે પણ સ્થાનિક મુદ્દા ઉપર જ હતી. બાકી સ્વરાજના મોટા મુદ્દા ઉપર કાંઈ થઈ શકે એવું દેશનું વાતાવરણ તે વખતે નહોતું. રચનાત્મક કાર્યો દ્વારા લોકોની શક્તિ વધારવી એ જ ઉપાય હતો. સરદાર ગુજરાતમાં રચનાત્મક કાર્યોમાં ખૂબ મદદ કરતા જ હતા. તે ઉપરાંત અમદાવાદનું મ્યુનિસિપલ કામ તેઓ સહેલાઈથી કરી શકે એમ હતું એટલે એમણે અમદાવાદ મ્યુનિસિપાલિટીનો કારભાર પોતાના હાથમાં લેવાનું નક્કી કર્યું. એ જ નીતિને અનુસરીને પંડિત જવાહરલાલ અને રાજેન્દ્રબાબુ અલ્લાહાબાદ અને પટણા મ્યુનિસિપાલિટીઓમાં દાખલ થયા હતા અને તે તે મ્યુનિસિપાલિટીઓના પ્રમુખ બન્યા હતા. ત્યાંની પોતાની કામગીરીનાં વર્ણન પોતપોતાની જીવનકથાઓમાં તેમણે આપ્યાં છે.

સરદારને મ્યુનિસિપલ કામના પાછલા અનુભવ ઉપરથી ખાતરી થઈ ગઈ હતી કે પોતાના પક્ષમાં ચોખ્ખી બહુમતી વિના મ્યુનિસિપલ કામ કરવામાં ઘણી મુશ્કેલીઓ આવતી હતી અને ઘણો વખત નિરર્થક ચર્ચાઓમાં બરબાદ થતો હતો. એટલે તેમણે પોતાના કાર્યક્રમને ટેકો આપે એવા પોતાના પક્ષના ઉમેદવારો શહેરના દરેક જિલ્લામાંથી ઊભા કર્યા આ પક્ષે કુલ ૪૮માંથી આશરે ૩૫ બેઠકો કબજે કરી. સને ૧૯૨૪ના ફેબ્રુઆરીમાં આ પક્ષ મ્યુનિસિપાલિટીમાં અધિકાર ઉપર આવ્યો ત્યારથી આજ સુધી વચમાં એકાદ વર્ષ સિવાય જુદા જુદા સ્વરૂપમાં તે અધિકાર ઉપર રહ્યો છે. આ પક્ષ અસ્તિત્વમાં આવવાથી



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



મ્યુ સપાલિટીનું કામ સારું અને ઝડપી થયું છે અને તેણે લોકોનો સારો વિશ્વાસ સંપાદન કર્યો છે. આ પક્ષની કાર્યનીતિના મુખ્ય મુદ્દા નીચે પ્રમાણે ગણાવી શકાય :

૧. સ્થાનિક સ્વરાજ્ય દેશના મોટા સ્વરાજ્યના પ્રથમ પગથિયારૂપ હોઈ સ્વરાજ્યની તાલીમની દૃષ્ટિએ મ્યુનિસિપલ વહીવટનું સંચાલન કરવું એ બહુ મહત્ત્વનું છે. એ વહીવટ શુદ્ધ અને ન્યાયી ધોરણે, આમ વર્ગનાં સુખસગવડ અને આબાદી માટે અને કોઈ પણ પ્રકારના વગવસીલા વગર બાહોશીથી ચલાવવો જોઈએ.

૨. મ્યુનિસિપાલિટીના સભ્યને માટે મોટામાં મોટી લાયકાત લોકોનો વિશ્વાસ અને નીડરપણે લોકહિતનું પ્રતિનિધિત્વ કરવાની શક્તિ, એ હોવાં જોઈએ.

૩. સ્વરાજ્યનું તત્ત્વ સ્થાપિત કરવા માટે મ્યુનિસિપાલિટીનો કારોબારી વહીવટ ચલાવતી તમામ કમિટીઓમાં ચૂંટાયેલા સભ્યો જ આવવા જોઈએ. સરકારનિયુક્ત સભ્યોને તેમાં સ્થાન ન હોઈ શકે.

૪. મ્યુનિસિપલ બોર્ડની સ્વતંત્રતા ખીલવવા માટે સરકારનો કાબૂ બની શકે તેટલો ઓછો કરાવવો.

૫. કેળવણીની બાબતમાં મ્યુનિસિપાલિટીનું સ્વાતંત્ર્ય વધારવું.

૬. મ્યુનિસિપાલિટીના દરેક કામમાં સ્વદેશીની ભાવનાને ઉત્તેજન આપવું.

૭. સરકારી અમલદારોની નાહકની વધી પડેલી પ્રતિષ્ઠાને તેને યોગ્ય સ્થાને લાવી મૂકવી અને રાષ્ટ્રના ખરા પ્રતિનિધિઓની પ્રતિષ્ઠા વધારવી. દાખલા તરીકે, ગવર્નરો અને બીજા સરકારી અમલદારોને માનપત્રો આપવાને બદલે અથવા તેમના માનમાં સમારંભો કે મિજલસો કરવાને બદલે લોકપ્રિય આગેવાનોને તેવું માન આપવું.

૮. અમદાવાદ જેવા વધતા જતા શહેર માટે પાણી, ગટર, રસ્તા તથા દીવાબત્તીની સગવડો બની શકે તેટલી વધારેમાં વધારે શાસ્ત્રીય અને આધુનિક ઢબે કરવી.

૯. મ્યુનિસિપલ શાળાઓનાં મકાનો શાસ્ત્રીય દૃષ્ટિએ પૂરેપૂરી સગવડવાળાં બંધાવવાં તથા બાળકોને માટે રમત ગમતની સગવડો શહેરમાં સ્થળે સ્થળે કરવી.

૧૦. છેલ્લામાં છેલ્લી ઢબનાં શાસ્ત્રીય સાધન સગવડોવાળી હૉસ્પિટલો શહેરમાં સ્થાપવી.

૧૧. મ્યુનિસિપાલિટીનો બધો વહીવટ સ્વભાષામાં ચલાવવો. એટલે કમિટીઓનાં ભાષણો તથા ઠરાવો સ્વભાષામાં કરવાં. જનરલ બોર્ડના ઠરાવો

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



અંગ્રેજીમાં કરવાનું સરકાર તરફથી ફરજિયાત હતું તે પણ ગુજરાતીમાં કરવાની છૂટ ૧૯૨૫માં મેળવી.

૧૨. મ્યુનિસિપાલિટીના હરિજન નોકરો માટે રહેવાનાં સારાં મકાનોની સગવડ કરવી.

આ બધો કાર્યક્રમ પહેલેથી લેખી રૂપમાં ઘડવામાં આવ્યો હતો એમ કહેવાનો આશય નથી, પણ પોતાના પક્ષના સઘળા કાઉન્સિલરો આગળ સરદારે વાતોચીતો અને ચર્ચાઓમાં આ બધી યોજનાઓ વિચારેલી, અને એ યોજનાઓ પ્રમાણે જ તેમણે કામ કરવા માંડેલું. એક જ કામ ઉપર બેઠેલા એક માણસની આખી જિંદગીમાં આ સઘળો કાર્યક્રમ પાર ન પાડી શકાય એવો મોટો હતો અને તેમાં અનેક મુશ્કેલીઓ હતી એ સરદારના ખ્યાલ બહાર નહોતું. આપણા દેશનાં શહેરોની સ્થિતિ અને તેમાંય અમદાવાદ જેવા મધ્યયુગમાં સ્થપાયેલા શહેરની સ્થિતિ તથા લોકોની આદતો સરદાર પૂરેપૂરી જાણતા હતા. સને ૧૯૨૭માં પહેલી સ્થાનિક સ્વરાજ પરિષદના પ્રમુખપદેથી ભાષણ આપતાં આપણાં શહેરોનું તેમણે આબેહૂબ વર્ણન કર્યું છે :

> "આપણાં શહેરો નથી શહેરોમાં ને નથી ગામડાંમાં. શહેરોમાં વસતાં છતાં અરધા લોકો તો ગ્રામજીવન ગાળતા હોય એવી દશામાં છે. અરધાં મકાનોને પાયખાનાં નથી. પોતાના ઘરનો કચરો નાખવાની જગ્યા નથી. સાંકડી ગલીઓમાં અને ગીચ વસ્તી વચ્ચે રહેવા છતાં ઢોર રાખે છે. કેટલાયે રબારીઓ ગાયોનાં ટોળાં શહેરો વચ્ચે રાખે છે. રસ્તાઓ પર ઠેકઠેકાણે ટોળેટોળાં ઢોર આથડતાં હોય છે. સામાન્ય રીતે લોકો આરોગ્ય અને સફાઈના નિયમો જાળવવામાં અતિશય શિથિલ છે અને આવી બાબતમાં નથી સ્વધર્મ સમજતા કે નથી પાડોશીધર્મ જાણતા. પોતાના ઘરનો કચરો પડોશીને બારણે ફેંકવામાં કશું ખોટું માનતા નથી. મેડાની બારીએથી કે છજામાંથી કચરો નાખતાં કે પાણી ઢોળતાં અચકાતા નથી. આપણી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ જોતાં ને આપણાં શહેરોમાં પ્રવેશ કરતાં પરદેશીઓને કોઈ જગ્યાએ સ્વરાજનું ચિહ્ન માલૂમ પડે એવું નથી. ગમે ત્યાં થૂંકવાની, ગમે ત્યાં લઘુશંકાએ બેસવાની, ગમે ત્યાં ગંદકી કરવાની લોકોને ટેવો છે. ગામડાંની સ્થિતિ શહેરો કરતાં સારી નથી. કોઈ પણ ગામમાં પેસો તો ઉકરડાના ઢગલા પડેલા નજરે પડશે. ગામના તળાવની આસપાસ ગામનું પાયખાનું બની ગયેલું હોય છે. ગામના કૂવાની આજુબાજુ કીચડ થાય છે અને પાણી સડે છે. આવી સ્થિતિમાં સરકારની સામે જોઈને બેસી રહેવું એને હું મહાપાપ ગણું છું."

ઉપર શહેરનું જે વર્ણન આપ્યું છે તે આપણાં બધાં શહેરોને લાગુ પાડીને કરેલું છે અને તે બરાબર પણ છે; પણ એ કરતી વખતે એમની નજર સામે તો

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



બરાબર અમદાવાદનું જ ચિત્ર રમી રહેલું હોવું જોઈએ. અમદાવાદમાં હવે તો ઘણા સુધારા થયા છે. અમદાવાદની મ્યુનિસિપાલિટી તરફથી શહેરમાં નાના મોટા કેવા બગીચા કર્યા છે, કેવી સડકો કરી છે અને તેની બંને બાજુએ કેવાં ઝાડ ઉછેરવા માંડ્યાં છે એ બધું મને બતાવવા અમદાવાદના મ્યુનિસિપલ એન્જિનિયરે સને ૧૯૪૧માં પોતાની સાથે શહેરની અંદરના તેમ જ બહારના ભાગમાં બે ત્રણ દિવસ મને બહુ ફેરવ્યો હતો. ત્યારે એમણે વાતવાતમાં મને કહેલું કે, અમદાવાદના રસ્તા અને બીજી રોનક અમે આધુનિક ઢબની કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ, પણ મોટા ભાગના શહેરીઓનું માનસ અને તેમની ટેવો હજી મધ્યકાલીન ઢબની છે અને તેથી અમને બહુ મુશ્કેલી પડે છે. આ સ્થિતિ ૧૯૪૧માં હતી અને આજે ૧૯૫૦માં પણ કાંઈ બહુ બદલાઈ ગઈ નથી, તો ૧૯૨૪માં જ્યારે અમદાવાદની સૂરત બદલી નાખવાના કામનો સરદારે આરંભ કર્યો ત્યારે સરદાર સામે મુશ્કેલીઓના પહાડ કેવડા મોટા હશે તેની વાચક કલ્પના કરી લે.

અમદાવાદની નવરચનાના કામની વિગતોમાં ઊતરતાં પહેલાં જૂના વખતના ચાલ્યા આવતા કેટલાક પ્રશ્નોની પતાવટની નોંધ પ્રથમ કરી લઉં. શાળાઓને અંગે પડેલા ઝઘડાના સમાધાનની વિગતો પાછલા એક પ્રકરણમાં આપી ચૂક્યો છું. અમદાવાદ મ્યુનિસિપાલિટીનો સરકાર સાથે એક જૂનો ઝઘડો તો અમદાવાદના વૉટરવર્ક્સ માટે મ્યુનિસિપાલિટીને પૂછ્યાગાછ્યા વિના સરકારે એક ત્રણ લાખ રૂપિયાનું મોટું એન્જિન ખરીદ્યું હતું તે બાબતનો હતો. અગાઉના એક પ્રકરણમાં આપણે જોઈ ગયા છીએ કે અમદાવાદમાં પાણીની અગવડ દૂર કરવા માટે મુંબઈ સરકારના ઇજનેર ખાતા તરફથી એક મોટી યોજના ઘડી કાઢવામાં આવી હતી, પણ તેનાથી શહેરનું પાણીનું દુઃખ દૂર થયું ન હતું. આ યોજનામાં એક વધારાનું એન્જિન ગોઠવવાનો સમાવેશ થતો હતો. મુંબઈ સરકારે ૧૯૧૪–૧૫ની સાલમાં એક ઠરાવ કરેલો કે યોજના પૂરી થતાં એક નવું એન્જિન મ્યુનિસિપાલિટીને જોઈએ એવી જાતનું અને તેને અનુકૂળ આવે એવું મ્યુનિસિપાલિટીની સલાહ લઈને મંગાવી ગોઠવી આપવું. પછી મ્યુનિસિપાલિટીની સલાહ લીધા સિવાય અને એન્જિન અનુકૂળ આવશે કે નહીં તેની તપાસ કર્યા સિવાય સરકારના ઇજનેર ખાતા તરફથી એક એન્જિન વિલાયતથી ત્રણ લાખ રૂપિયાના ખર્ચે મંગાવવામાં આવ્યું. મ્યુનિસિપાલિટીને તો એની પાસે રૂપિયા માંગવામાં આવ્યા ત્યારે એની ખબર પડી. એણે તા. ૨૭–૩–'૨૦ની જનરલ બોર્ડની મીટિંગમાં ઠરાવ કર્યો કે, સરકારે જે એન્જિનનો ઑર્ડર આપ્યો છે તેની જાત, તેની શક્તિ વગેરે વિષે મ્યુનિસિપાલિટીને કાંઈ પૂછ્યુંગાછ્યું નથી, અત્યારે મ્યુનિસિપાલિટી પાસે જે એન્જિન છે તે કરતાં

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



એ બમણું પાણી ખેંચી શકે એવું છે. પણ ચાલુ એન્જિન જેટલું પાણી ખેંચી શકે છે એટલું પાણી પણ કૂવામાં હોતું નથી. વળી સરકારની મોટી યોજનાથી કૂવાઓમાં પાણીનો પુરવઠો ખાસ નહીં વધે એમ ચોક્કસ દેખાય છે. માટે એવું એન્જિન ઉપયોગમાં આવવાનું જ નથી. માટે સરકારને વિનંતી કરવી કે મ્યુનિસિપાલિટીને કેટલી શક્તિનું અને કેવા પ્રકારનું એન્જિન અનુકૂળ આવશે તે એની સાથે સલાહ મસલત કરીને નક્કી કરવામાં આવે નહીં ત્યાં સુધી તેણે એન્જિન ખરીદવું નહીં. આમ છતાં પોતે આપેલો ઑર્ડર સરકારે કાયમ રાખ્યો અને એન્જિન આવીને પડ્યું. આ એન્જિન એવું હતું કે બીજી કોઈ મ્યુનિસિપાલિટીને પણ ખપમાં ન આવે. એટલે સને ૧૯૨૨-૨૩ના પોતાના બજેટના ખરડામાં એન્જિનના રૂપિયા ત્રણ લાખ અમદાવાદ મ્યુનિસિપાલિટીને ગ્રાન્ટ તરીકે આપવાનું સરકારે વિચાર્યું. પણ એટલામાં મ્યુનિસિપાલિટી બરતરફ થઈ અને ધારાસભાએ બજેટમાંની આ રકમ નામંજૂર કરી. મુંબઈ સરકારે કમિટી ઑફ મૅનેજમેન્ટ પાસે એ રૂપિયાની માગણી કરી. કમિટીને પણ એના ઇજનેરોએ સલાહ આપી કે એન્જિન ઉપયોગમાં આવે તેવું નથી. એટલે તેણે પોતાના વાંધા, પોતાની મુશ્કેલીઓ વગેરે દર્શાવી એન્જિનની કિંમત આપવાની બાબતમાં ગાળા ચાવ્યા. આમ એન્જિન સરકારને ત્યાં પડ્યું રહ્યું અને વર્ષ પૂરું થવા આવ્યું. સરકારના બજેટ ઉપર ધારાસભાએ મોટી કાતર મૂકેલી એટલે નાણાં ખૂટ્યાં. એકેએક ખાતામાં તાણાતાણ થવા માંડી. એટલે આખરે ભૂખી બિલાડી બચ્ચાંને ખાય તેવો ધંધો તેણે આદર્યો. કમિટીને કેળવણી ખાતાની ગ્રાન્ટના સિત્તેર હજાર રૂપિયા આપવાનું મંજૂર થયેલું તે રૂપિયા એણે અટકાવ્યા અને એન્જિનની કિંમતના રૂપિયા મ્યુનિસિપલ કમિટી આપે તો જ આ ગ્રાન્ટ આપવી એવો હુકમ કર્યો.

નવા બોર્ડની ચૂંટણી થયા પછી તેની પાસે સરકારે એન્જિનની કિંમત માગવા માંડી. એણે તો કાયદાનો પ્રશ્ન ઉઠાવ્યો કે એન્જિન માટે મ્યુનિસિપાલિટીની કશી જવાબદારી છે જ નહીં. સરકારે આ પ્રશ્નનો નિકાલ કરવા ત્રણ જણ — એક્ઝિક્યૂટિવ એન્જિનિયર, ઉત્તર વિભાગના કમિશનર મિ. પેન્ટર અને મ્યુનિસિપલ પ્રમુખ સરદાર, એમનું પંચ નીમવાની દરખાસ્ત મૂકી. આવી સરકારી બહુમતીવાળી કમિટી ઉપર કામ કરી મ્યુનિસિપાલિટીને બાંધી નાખવા સરદારે ના પાડી. પણ મિ. પેન્ટરે કહ્યું કે, 'તમે એમ શું કામ માનો છો કે આ પંચમાં સરકારી બહુમતી છે? બધા સરકારી અમલદારો કાંઈ સરકારનું જ ખેંચતા નથી.' ત્યારે સરદારે પંચમાં રહેવા હા પાડી, પણ ચોખવટ કરી કે, 'જે ક્ષણે મને એમ લાગશે કે આમાં ન્યાયનું વલણ નથી તે જ ક્ષણે હું પંચમાંથી નીકળી જઈશ. હું મ્યુનિસિપલ પ્રમુખ તરીકે નહીં, પણ એક વ્યક્તિ તરીકે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



આમાં આવું છું.' મિ. પેન્ટરે આ વાત સ્વીકારી. પંચનો ફેંસલો મ્યુનિસિપાલિટીની તરફેણમાં આવ્યો અને એન્જિન સરકારને માથે પડ્યું.

બીજો જૂનો ઝઘડો કૅમ્પના પાણી બાબતનો હતો. લગભગ સને ૧૯૦૦ની સાલથી અમદાવાદ મ્યુનિસિપાલિટી પાસેથી દર હજાર ગૅલનના અઢી આનાના દરે કૅમ્પને પાણી પૂરું પાડવાની ગોઠવણ સરકારે કરાવેલી. શહેરમાંના કર ભરનારા જેમના પૈસાથી પાણીની વ્યવસ્થા ઊભી કરવામાં આવેલી તેમની પાસેથી દર હજાર ગૅલનના આઠ આના લેવામાં આવતા. આમ કૅન્ટોન્મેન્ટવાળા મફત દાખલ પાણી લેતા હોવા છતાં ત્યાં રહેનારા મોટા મોટા સરકારી અમલદારો હોઈ વૉટરવર્ક્સના ઇજનેરને દબડાવી એવી વ્યવસ્થા રખાવતા કે શહેરમાં પાણીની ગમે તેવી બૂમો પડતી હોય પણ કૅન્ટોન્મેન્ટમાં ચોવીસે કલાક જોસબંધ પાણી મળતું રહે. સરદારે ૧૯૨૦માં મ્યુનિસિપાલિટીમાં ઠરાવ પાસ કરાવેલો કે કૅન્ટોન્મેન્ટવાળા પાસેથી પાણીના દર તથા બીજું ખર્ચ વરાડે લેવું. આની સામે એ લોકોએ એવો મુદ્દો ઉઠાવ્યો કે અમારે તો મ્યુનિસિપાલિટી સાથે ત્રીસ વર્ષનો કરાર થયેલો છે અને તેથી મ્યુનિસિપાલિટી અમને પાણી એ જ દરે આપવાને બંધાયેલી છે. આમ વાત તકરારમાં પડી અને પછી તો મ્યુનિસિપાલિટી બરતરફ થઈ. ફરી ચૂંટાઈને આવતાં જ સરદારે મૅનેજિંગ કમિટી પાસે તા. ૨૨-૪-'૨૪ના રોજ નીચેનો ઠરાવ કરાવ્યો અને તેને જનરલ બોર્ડે બહાલી આપી :

"૧. કૅન્ટોન્મેન્ટના સત્તાવાળાઓને નોટિસથી ખબર આપવી કે તેઓએ ૧૯૨૦-૨૧ના વર્ષથી તે અત્યાર સુધી દર એક હજાર ગૅલન પાણીના આઠ આના લેખે વધારાની રકમ આપવી જ પડશે.

"૨. ઉપર મુજબ રકમ નહીં આપવામાં આવે તો પાણી પૂરું પાડવાનું તરત જ બંધ કરવામાં આવશે.

"૩. તે કર વસૂલ કરવા માટે સલાહ મળ્યા મુજબ બીજાં કાયદેસર પગલાં લેવામાં આવશે.

"૪. રીમેમ્બરન્સ ઑફ લીગલ ઍફેર્સના અભિપ્રાય પ્રમાણે કૅમ્પમાં એટલે મ્યુનિસિપલ હદની બહાર મ્યુનિસિપાલિટીએ પાણી આપવું એ ગેરકાયદે છે તેથી કૅન્ટોન્મેન્ટના સત્તાવાળાઓને ખબર આપવી કે નોટિસ આપ્યા બાદ છ મહિનાની આખર પછી જો તેઓ એક હજાર ગૅલનના આઠ આના કરતાં વધારે આપશે તોપણ તેમને પાણી પૂરું પાડવાનાં સાધનો કાઢી નાખવામાં આવશે."

આ ઠરાવ મુજબ તેમને નોટિસ આપવામાં આવી ત્યારે કૅન્ટોન્મેન્ટના સત્તાવાળાઓએ વધારાના દરની રકમ પોતાનો વિરોધ નોંધાવીને ભરી તો દીધી પણ તે પાછી મેળવવા મ્યુનિસિપાલિટી સામે દાવો માંડ્યો અને દાવાનો નિકાલ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ન થાય ત્યાં સુધી તેમના પાણીના નળ ન કાપી નાખવામાં આવે એવો મનાઈ-હુકમ માગ્યો. કોર્ટે એ પક્ષોની દલીલ સાંભળી મનાઈહુકમ આપવાની ના પાડી ત્યારે છેવટે મ્યુનિસિપાલિટી સાથે તા. ૨૯–૮–’૨૪ના રોજ સમાધાન કર્યું. તેમાં પોતાનું સ્વતંત્ર વૉટરવર્ક્સ બાંધી લેવા માટે મ્યુનિસિપાલિટીએ આપેલી છ મહિનાની મુદતને બદલે બાર મહિનાની મુદત તેમને આપવામાં આવી. આમ આ પ્રકરણ પત્યું.

આ ગાળામાં મ્યુનિસિપાલિટીએ કરેલાં કેટલાંક નોંધપાત્ર કામો અહીં જ ગણાવી જાઉં. ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતકો તેમ જ વિનીતોને બીજી કોઈ પણ સરકારમાન્ય યુનિવર્સિટીના ગ્રૅજ્યુએટો તથા મૅટ્રિકની બરાબરના મ્યુનિસિપાલિટીએ ગણવાનો ઠરાવ પસાર થયો. ગાંધીજી જેલમાંથી છૂટીને તથા ગંભીર માંદગીમાંથી સાજા થઈને લાંબા સમય પછી અમદાવાદમાં પાછા પધાર્યા તે વખતે મ્યુનિસિપાલિટી તરફથી એમને માનપત્ર આપવામાં આવ્યું. નવા બંધાયેલા મ્યુનિસિપલ હૉલનું નામ ગાંધી હૉલ રાખ્યું અને તે વાપરવાની શરૂઆત ત્યાં કૉંગ્રેસની મહાસમિતિની બેઠક ભરીને કરી. હિંદના દાદા સ્વ૦ દાદાભાઈ નવરોજજીની યાદગીરી જાળવી રાખવા શહેરમાં ચાલતા દાદાભાઈ નવરોજજી પુસ્તકાલય અને વાચનાલય, એ સંસ્થાનો તમામ વહીવટ મ્યુનિસિ-પાલિટીએ પોતાને હસ્તક લીધો અને તેને હમેશાં નિભાવવાનું સ્વીકાર્યું. લોકમાન્ય તિલકની મૂર્તિ વિક્ટોરિયા ગાર્ડનમાં મૂકી. મ્યુનિસિપલ હદમાં પ્રાથમિક કેળવણી ફરજિયાત કરવાનો ઇરાદો જાહેર કર્યો અને નિશાળે જવા યોગ્ય બાળકોનું વસ્તીપત્રક કરવાનું નક્કી કર્યું.

અમદાવાદ શહેરની તાત્કાલિક અને મોટામાં મોટી જરૂરિયાત તો પાણીની તંગીનો બની શકે તે ઉકેલ કરવાની, શહેરમાં ગટરો બધે નહોતી ત્યાં નાખી દેવાની અને શહેરની વસ્તીની તેમ જ રસ્તાઓ ઉપર અવરજવરની ભીડ ઓછી કરવા માટે શહેરનો વિસ્તાર વધારવાની તથા નવા રસ્તા બનાવવાની હતી. સરદારે પ્રમુખ થયા પછી તરત આ કામો હાથ ધર્યાં અને તેનો ઝડપી ઉકેલ આણવાની તજવીજ કરવા માંડી. સવારમાં વહેલા ઊઠીને મ્યુનિ-સિપલ ઇજનેરને સાથે લઈ શહેરમાં જ્યાં ગટરો નંખાતી હોય ત્યાં, વૉટરવર્ક્સ ઉપર તથા બીજાં કામો ચાલતાં હોય ત્યાં, એ તપાસવા નીકળી પડતા તે બાર વાગ્યે ઘેર આવતા. પછી ત્રણ વાગ્યા પહેલાં પાછા મ્યુનિસિપલ ઑફિસમાં જઈ કામનાં કાગળિયાં જાતે વાંચી જતા તથા જુદાં જુદાં ખાતાંના અમલદારોને રૂબરૂ બોલાવી તેમની સાથે સલાહમસલત કરતા તથા તેમને સૂચનાઓ આપતા. કોઈ પણ મ્યુનિસિપાલિટીમાં વધારેમાં વધારે મહત્ત્વનું અંગ મ્યુનિસિપલ ઇજનેર અને તેની ઑફિસ છે. એટલે સરદાર એ ખાતાને હંમેશ જાગ્રત

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



રાખતા અને તેને પોતાથી બની શકે તેટલી સઘળી મદદ અને ટેકો આપતા. તાબેના ગણાતા માણસો સાથેનું તેમનું વર્તન બરાબરિયાના જેવું રહેતું તેથી માણસોને કામ કરવાની હોંશ અને ઉત્સાહ રહેતાં. પોતે પણ નવરાશના વખતમાં કલાક બે કલાક મ્યુનિસિપાલિટીનું કામ કરવું અથવા કાગળિયાં ઉપર સહીઓ કરી આવવી એવા કામ કરનારા નહોતા, પણ બધો વખત મ્યુનિસિપાલિટીનાં અને બીજાં સેવાનાં કામમાં આપતા. એટલે તેનો ચેપ મ્યુનિસિપાલિટીના અમલદારો, નોકરો તેમ કાઉન્સિલરોને પણ લાગતો. જે કામ હાથમાં આવે તેનો બધી બાજુએથી તેઓ વિગતવાર અભ્યાસ કરી લેતા. વળી નવી નવી યોજનાઓ કરવામાં તેમની દૃષ્ટિ બહુ વિશાળ હતી. ગમે તેવી મોટી યોજના હોય પણ શહેરને હિતકારી હોય તો તેઓ હિંમતપૂર્વક તે હાથ ધરતા. તેમના કામમાં એક મોટી ખૂબી એ હતી કે તેમાં વગવસીલાનું જરા પણ ચાલતું નહીં. પોતાની કામ કરવાની ધગશ અને બાહોશીને લીધે તેઓ પોતાના બધા સાથીઓ — પછી તે મ્યુનિસિપલ અમલદાર હોય કે કાઉન્સિલર, તેમનો આદર, પ્રેમ અને વફાદારી સંપાદન કરી શકેલા. પોતાના સાથીઓ પ્રત્યે પણ તેઓ એવો જ ભાવ રાખતા. તેમની કાંઈ મુશ્કેલી હોય તો તેની બરાબર કદર કરતા. પરિણામે મ્યુનિસિપાલિટીમાં વફાદાર અને બાહોશ અમલદારો તથા કાર્યકર્તાઓનું તેઓ એક જૂથ ઊભું કરી શક્યા અને અમદાવાદ મ્યુનિસિપાલિટીનો વહીવટ દેશમાં પંકાયો.

અમદાવાદ શહેરનું કોટની અંદરના ભાગનું ક્ષેત્રફળ ૧૨૦૦ એકર છે. તેમાંથી માત્ર ૪૨૫ એકરમાં જ ગટરો હતી. તેને બદલે આખા શહેરમાં ગટરો નાખી દેવાની યોજના કરી અને તે પોતાની ચાર વર્ષની કારકિર્દીમાં જ પૂરી કરી. ગટરોમાંથી પાણી પંપ કરીને ખેતીના ઉપયોગમાં વાપરવા માટે જમાલપુર દરવાજા બહાર એક પમ્પિંગ સ્ટેશન અને તેની પાસે સુએજ ફાર્મ હતું. તેમાં નવાં એન્જિનો તથા બીજાં સાધનો લાવી ખૂબ વધારો કર્યો. ગટરોની સાથે લોકોને વાપરવાના પાણીની છૂટ હોય તો જ તેનો ઉપયોગ છે. તે માટે નદીનું પાણી વૉટરવર્કસના કૂવા પાસે વાળવાની તથા તે ચોખ્ખું કરી પીવા લાયક બનાવવાની સેનિટરી કમિટીના ચૅરમન તરીકે ૧૯૨૦માં જે યોજના કરી હતી તેમાં જરૂરી સુધારાવધારા કરી સરકારમાં તે મંજૂર કરાવી અમલમાં મૂકી. તેને અંગે નદીના પટમાં નવા કૂવા ખોદાવવાનું, વૉટરવર્કસમાં નવું એન્જિન લાવવાનું, શહેરમાં પાણી પહોંચાડવા માટેની પાઇપો નાની હતી તે બદલીને મોટી મુકાવવાનું વગેરે કામો ઉપાડ્યાં. વૉટરવર્કસ અને ગટરોની આ સંયુક્ત યોજના માટે સરકારની મંજૂરી મેળવી શહેરમાંથી સાડીપિસ્તાળીસ લાખ રૂપિયાની લોન ઊભી કરી. આ બધાં કામમાં પાછળથી બીજી કોઈ ખામીઓ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ન કાઢે અથવા નુકતેચીની ન કરે તે માટે મુંબઈ સરકારના સેનિટરી ઇજનેરને વખતોવખત આમંત્રણ આપી બોલાવતા અને તેની પાસે થયેલું કામ તપાસરાવતા. બોર્ડના સઘળા મેમ્બરો તેમને મળી શકે તે માટે બોર્ડની મીટિંગમાં પણ તેમને બોલાવતા. તા. ૧૧–૧૨–'૨૬ની આવી એક મીટિંગના રિપોર્ટના નીચે આપેલા પ્રસ્તુત ભાગ ઉપરથી આ બાબતમાં સરદારની કાર્યપદ્ધતિનો ખ્યાલ આવે છે :

"મુંબઈ સરકારના સેનિટરી એન્જિનિયર મિ. મૅડોક્સ તથા અમદાવાદના એક્ઝિક્યૂટિવ એન્જિનિયર મિ. તૈયબજીનું મીટિંગમાં સ્વાગત કર્યા પછી મ્યુનિસિપલ પ્રમુખ સાહેબે મીટિંગની તારીખ સુધીમાં થયેલાં કામોનો ટૂંક ખ્યાલ આપ્યો અને પછી જે યોજના પ્રમાણે કામો ચાલતાં હતાં તેની સંગીનતા વિષે તથા એ યોજનાનો અમલ બરાબર થઈ રહ્યો છે કે કેમ તે વિષે બોર્ડના સભ્યો આગળ પોતાનો અભિપ્રાય જણાવવા તેમને વિનંતી કરી. મિ. મૅડોક્સે ઊભા થઈને કહ્યું કે, આ કામોનું નિરીક્ષણ કરવાની અગાઉ પણ મને તક મળેલી છે. આ યોજનાની વિગતો તથા તેના ખર્ચનો અંદાજ સરકારે મંજૂર કર્યો તે પહેલાં હું કાળજીપૂર્વક તપાસી ગયો છું અને આ વખતે બે દિવસ સુધી બધે ફરીને મેં બધાં કામો બરાબર તપાસ્યાં છે. તે ઉપરથી હું કહેવાની સ્થિતિમાં છું કે બોર્ડે જે નીતિ અખત્યાર કરી છે તે સંગીન છે અને બધાં કામોનો અમલ મ્યુનિસિપલ એન્જિનિયરે બહુ સંતોષપૂર્વક કર્યો છે. પછી તેમણે જણાવ્યું કે સભ્યો મને હવે જે કાંઈ સવાલો પૂછશે તેના જવાબ હું આપીશ. તે ઉપરથી કેટલાક સભ્યોએ સવાલો પૂછ્યા અને તેના એમણે સંતોષકારક ખુલાસા આપ્યા. ત્યાર પછી એ બંને ગૃહસ્થોનો આભાર માનવામાં આવ્યો."

શહેરમાંની ગિરદી ઓછી કરવા માટે એલિસબ્રિજ ટાઉન પ્લૅનિંગ તથા કાંકરિયા ટાઉન પ્લૅનિંગ સ્કીમો ખીલવવા માંડી. બીજી તરફથી કાળુપુર રિલીફ રોડ બનાવવાની અને કોટ તોડી પાડવાની યોજનાને આગળ ધપાવવા માંડી. આ બે યોજનાઓની સામે લોકોમાં બહુ વિરોધ જાગ્યો. કાળુપુર રિલીફ રોડ સામેનો વિરોધ તો જેમનાં મકાન કપાઈ જતાં હોય તેઓ પોતાનું મકાન લાઈનદોરીમાં ન આવે તે માટે અથવા આવી ગયા પછી તેનો બદલો વધારે મળે તે માટે અંગત કારણે હતો. તે ઉપરાંત અમદાવાદમાં પોળબંધી ઢબે રહેવાની પદ્ધતિ છે અને આ યોજનાથી કેટલીક પોળો કપાઈ જતી હતી અને ઉઘાડી પડી જતી હતી તે કારણે કાંઈક સાર્વજનિક વિરોધ પણ હતો. શહેરને ફરતો કોટ તોડી પાડવા સામે પણ લોકોનો વિરોધ, અમારી પોળો તથા અમારાં ઘર ઉઘાડાં પડી જશે અને અમારું રક્ષણ જતું રહેશે એ કારણે હતો. કોટ એ અમદાવાદના મુસલમાન સુલતાનોનું એક મોટું સ્મારક છે અને સ્થાપત્ય કળાનો એક નમૂનો છે, એ પણ એક દલીલ હતી. પણ આ કોટ કાઢ્યા

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



સિવાય અમદાવાદની વસ્તીની ગૂંગળામણ મટે એમ ન હતું એ ઉઘાડી વાત હતી. એટલે આ વિરોધથી જરા પણ ડગ્યા સિવાય એ બંને યોજનાઓ તેમણે આગળ ધપાવી. જોકે ટાઉન પ્લૅનિંગની તેમ જ આ યોજનાઓ અમલમાં મૂકી શકે તેટલો વખત મ્યુનિસિપાલિટીમાં તેમનું રહેવાનું બન્યું નહીં. એ બધી યોજનાઓનો અમલ પાછળથી ધીમે ધીમે થયો.

સરકારી સિવિલ હૉસ્પિટલના તથા મેડિકલ સ્કૂલના વહીવટમાં પ્રજા વધારે રસ લેતી થાય અને પ્રજાનો તેના ઉપર કાબૂ આવે એ હેતુથી અને સરકારે પોતાની એવી નીતિ છે એમ જાહેર કરેલું હોવાથી એ વહીવટ મ્યુનિસિપાલિટીને સોંપવાની સરદારે માગણી કરેલી. પણ લાંબા પત્રવહેવાર પછી સરકારનો જવાબ આવ્યો કે એનો વહીવટ મ્યુનિસિપાલિટીને સોંપવો સલાહભરેલું જણાતું નથી.

સને ૧૯૨૧ની યાદગાર કૉંગ્રેસ નદીપાર ભરાઈ હતી તે સ્થળે, ખાસ કરીને જ્યાં કૉંગ્રેસની બેઠક માટે મંડપ બાંધવામાં આવ્યો હતો તે સ્થળે, કૉંગ્રેસની બેઠકના સ્મારક તરીકે કાંઈક મોટું લોકોપયોગી કામ થાય એવી સરદારની પહેલેથી ઇચ્છા હતી. તે માટે ત્યાં એક જનરલ હૉસ્પિટલ બાંધવા માટે શેઠ વાડીલાલ સારાભાઈના ટ્રસ્ટીઓ પાસેથી આશરે રૂપિયા સાડાપાંચ લાખનું અને એક પ્રસૂતિગૃહ બાંધવા માટે શેઠ ચૂનીલાલ નગીનદાસ ચિનાઈ પાસેથી આશરે રૂપિયા દોઢ લાખનું એમ બે મોટાં દાન સરદારે મેળવ્યાં અને તે મ્યુનિસિપાલિટી પાસે સ્વીકારાવી તે માટે નદીને કિનારે આવેલી ૨૧ એકર જમીન લૅન્ડ ઍક્વિઝિશન ઍક્ટ મુજબ મેળવી આપવા સરકારમાં લખાણ કરવાનો ઠરાવ પસાર કરાવ્યો.

વળી આ સંસ્થાઓના પ્રારંભિક ખર્ચમાં સંગીન મદદ આપવા સરકારને લખવાનું પણ ઠરાવવામાં આવ્યું.

આ બંને કામો સરદારે મ્યુનિસપાલિટી છોડ્યા પછી પૂરાં થયાં. આજે શહેરની એક મોટી જરૂરિયાત પૂરી પાડી શહેરને કલ્યાણરૂપ એ થઈ પડેલાં છે.

સરદારની આ વખતની મ્યુનિસિપલ પ્રવૃત્તિઓમાં એક જ મ્યુનિસિપલ અમલદાર શ્રી ભગત તરફથી જુદી જાતનો અને કાંઈક વિરોધી સૂર નીકળતો હતો. આમ તો સરદારના જીવનચરિત્રમાં તેની નોંધ લેવાની પણ કાંઈ જરૂર ન ગણાય. પણ સરદારે અમદાવાદ મ્યુનિસિપાલિટી છોડી તેમાં એ ભાઈ નિમિત્ત બન્યા. સરદારની રાષ્ટ્રને ખૂબ ઉપયોગી અને અતિશય તેજસ્વી કારકિર્દી ઉપર તો તેની કશી અસર પડી નહીં, બલ્કે વિશાળ ક્ષેત્રમાં કાર્ય કરવા માટે તેઓ છૂટા થયા. પણ અમદાવાદ શહેર તેમની પ્રત્યક્ષ મ્યુનિસિપલ સેવાથી વંચિત થયું એ એક મોટો ગેરલાભ થયો.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



મ્યુનિસિપલ કાઉન્સિલર શ્રી ગોવર્ધનભાઈ ઈશ્વરભાઈ પટેલે શ્રી ભગતની મ્યુનિસિપલ કારવાઈ સંબંધી ઘણા સવાલો પૂછ્યા હતા અને તેની બધી હકીકત મ્યુનિસિપાલિટીનાં જૂનાં દફતરમાંથી તારવી કાઢી તા. ૧૦–૯–’૨૬ની જનરલ બોર્ડની મીટિંગમાં મ્યુનિસિપલ ઉપપ્રમુખ શ્રી બલુભાઈ ઠાકોરે વિગતવાર આપી હતી તેમાંથી સારરૂપે નીચેનું લીધું છે.

સને ૧૯૨૫માં એક વર્ષ અજમાયશ ખાતર ‘પ્રોબેશનર’ તરીકે શ્રી ભગતને ચીફ ઑફિસર તરીકે નીમવામાં આવેલા. તેમણે તે વખતના મ્યુનિસિપલ એન્જિનિયર શ્રી ગોરેની સામે લખાણ કરીને કેટલાક સખત આક્ષેપો કર્યા. મ્યુનિસિપલ એન્જિનિયર ચીફ ઑફિસરના જેટલા જ દરજ્જાના અમલદાર ગણાય, અને તેની સામે આવા આક્ષેપ થાય એ ગંભીર બાબત ગણાય. એટલે મ્યુનિસિપલ પ્રમુખ તરીકે સરદારે આ બાબતની તપાસ હાથ પર લીધી અને એ તપાસમાં પોતાને મદદ કરવા માટે મ્યુનિસિપાલિટીના માજી પ્રમુખ સર રમણભાઈને વિનંતી કરી. એમણે એ ખુશાથી સ્વીકારી. એ તપાસમાં એમ માલૂમ પડ્યું કે શ્રી ભગતે કરેલા આક્ષેપો તદ્દન બિનપાયાદાર છે અને શ્રી ભગતનું શ્રી ગોરે પ્રત્યેનું વર્તન ઉદ્ધત, ઉતાવળિયું અને ગેરવાજબી છે. આટલું જ હોત તો તો શ્રી ભગતને સમજાવી તેમને ઠેકાણે રાખવાનો પ્રયત્ન કરવામાં આવત. પણ શ્રી ભગત પહેલાં જ્યારે ચીફ ઑફિસરના પર્સનલ આસિસ્ટન્ટના હોદ્દા પર હતા તે વખતથી તેમના વર્તન અને તેમનાં કેટલાંક કામોને લીધે મ્યુનિસિપાલિટીમાં ભારે અસંતોષ હતો. તેઓ પોતાના તાબાના માણસો પ્રત્યે તેમ જ બીજાં ખાતાંના હોદ્દેદારો પ્રત્યે બહુ અસભ્ય અને તોછડું વર્તન ચલાવતા. એક વખત તો એક જિલ્લા ઇન્સ્પેક્ટરે પોતાની ઉપર શ્રી ભગતે હુમલો કર્યાની ફરિયાદ પણ સિટી મૅજિસ્ટ્રેટની કોર્ટમાં કરી હતી, અને તેમાં તેમને દોષિત પણ ઠરાવવામાં આવ્યા હતા, જોકે અપીલમાં તેઓ નિર્દોષ ઠર્યા હતા. એક સેસ કલેક્શન સુપરિન્ટેન્ડેન્ટે પોતાની સતત સતામણીની અને પોતાને ખરાબ કરવાની ધમકી આપ્યાની ફરિયાદ ચીફ ઑફિસરને કરેલી અને તેમાં ચીફ ઑફિસરે શ્રી ભગતની વર્તણૂક વખોડી કાઢી હતી. એક મ્યુનિસિપલ કમિશનર મિ. ભાવેએ શ્રી ભગતની પોતાના ઉપરી પ્રત્યે નહીં છાજતી વર્તણૂક અને ઉદ્ધતાઈ માટે પોતાના પર્સનલ આસિસ્ટન્ટ તરીકેનું કામ એને આપવાની ના પાડી હતી. છેવટે બોર્ડે આ બાબતનો એવી રીતે નિકાલ કર્યો હતો કે પ્રમુખ સર રમણભાઈ, ઉપપ્રમુખ તથા સરદાર એ ત્રણ જણ જેવો મુસદ્દો કરે તે પ્રમાણેની લેખી માફી શ્રી ભગતે માગવી. આ માફીનો મુસદ્દો અને તેને લગતા કાગળો ફાઈલમાંથી કાઢી લીધા હોય એમ જણાય છે. એક મ્યુનિસિપલ એન્જિનિયર શ્રી મલીકે ભગતની ચારે બાજુ કાદવ ઉડાડવાની

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



અને મ્યુનિસિપલ નોકરોનું અપમાન કરવાની ટેવ સામે સખત રીતે ફરિયાદ કરેલી. ચીફ ઑફિસરે શ્રી ભગતનું વર્તન વખોડી કાઢ્યું હતું. એના પણ મૂળ કાગળો ગુમ થાય છે. અમદાવાદના કલેક્ટર મિ. ચેટફિલ્ડે શ્રી ભગતની બિનવફાદારીને કારણે અમુક મુદ્દત સુધી તેના પગારનો વધારો અટકાવવાનો હુકમ કરેલો. આ કાગળો પણ ફાઈલમાંથી કાઢી લેવામાં આવ્યા હોય એમ જણાય છે. આ બધા કરતાં પણ તેમના વર્તનમાં ગંભીર રીતે વાંધાપડતું તો એ હતું કે મ્યુનિસિપાલિટી સામે મુસલમાનોની ઉશ્કેરણી થાય એવા કિસ્સા તેઓ ઊભા કરતા, કેટલાંક ઊંચાં ગણાતાં મુસલમાન ખાનદાનોનો એવો આગ્રહ રહેતો કે તેમનાં મુડદાં શહેરમાં જ દટાય. આ વસ્તુ શહેરની સુખાકારીને નુકસાનકારક હોઈને સને ૧૯૨૧થી મ્યુનિસિપાલિટીના પેટા કાયદામાં સુધારો કરીને એ પ્રથા બિલકુલ બંધ કરવામાં આવી હતી. છતાં શ્રી ભગત એક વરસ ચીફ ઑફિસરના હોદ્દા ઉપર પ્રોબેશનર તરીકે રહ્યા ત્યારે શહેરમાં મુડદાં દાટવાના આવા ચાર દાખલા તેમણે બનવા દીધા. જ્યારે ચોથો દાખલો બન્યો ત્યારે તો ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટે મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે સરદારને ખાનગી સૂચના આપી કે, આ શી રીતે બનવા પામ્યું તેની તપાસ કરાવી મને હકીકત જણાવો. સાધારણ રીતે જ આ બધી ખબર ચીફ ઑફિસરને પડે. તેણે એ ખાનગી સૂચના ઉઘાડી પાડી નાખી અને તપાસનો મુખ્ય આશય ભાંગી પડે એવી રીતે તેનો ઉપયોગ કર્યો. તેની વર્તણૂક વહેમ ઉપજે એવી જણાવાથી સરદારે જાતે તપાસ હાથ ધરી. તપાસ દરમ્યાન કેટલાક કાઉન્સિલરો અને મ્યુનિસિપલ હોદ્દેદારોના પુરાવા પરથી તથા હેલ્થ ખાતાના રજિસ્ટર પરથી માલૂમ પડ્યું કે શ્રી ભગતે આ દટણક્રિયાની બાબતમાં પોતાનો ગુનો સાબિત કરતા અમુક કાગળોનો નાશ કર્યો છે.

શ્રી ભગતના આ જાતના વર્તનનું પરિણામ એ આવતું હતું કે બોર્ડમાં કેટલાક મુસલમાન સભ્યોમાં સરદાર સામે વિરોધી ભાવ પેદા થતો અને શહેરમાં પણ કોમી લાગણી ઉશ્કેરાય એવું વાતાવરણ ઊભું થતું.

એટલે સરદારે નક્કી કર્યું કે શ્રી ભગતને ચીફ ઑફિસરની જગા પર કાયમ કરવા નહીં. શ્રી ભગતે કાયમ થવા માટે મુસલમાન સભાસદો તથા કેટલાક સરકારનિયુક્ત સભાસદો સાથે મળી જઈ ખટપટો કરવા માંડી. એટલે સરદારે તેમને ચીફ ઑફિસરની જગાએથી ખસેડી તેમની અસલ પર્સનલ આસિસ્ટન્ટ ટુ ધિ ચીફ ઑફિસરની જગાએ પાછા મૂક્યા અને મુંબઈ કૉર્પોરેશનમાંથી શ્રી શેટે નામના ગૃહસ્થને બોલાવી તેમને ચીફ ઑફિસર નીમ્યા. પોતાના વાજબી હક ઉપર તરાપ મારી દ્વેષબુદ્ધિથી મ્યુનિસિપાલિટી પોતાને

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



અન્યાય કરવા માગે છે અને મ્યુનિસિપાલિટીનો ઇરાદો ગેરકાયદે છે એ પ્રકારનો સિવિલ કોર્ટમાં દાવો કરી શ્રી ભગતે મ્યુનિસિપાલિટી ઉપર મનાઈ-હુકમ આણ્યો કે તેમની અરજી ધ્યાનમાં લીધા વગર મ્યુનિસિપાલિટી ચીફ ઑફિસરની નિમણૂક કરે નહીં. આથી સરદારને અને ઘણા મ્યુનિસિપલ કાઉન્સિલરોને બહુ ખોટું લાગ્યું.

એટલામાં ૧૯૨૭માં મ્યુનિસિપાલિટીની નવી ચૂંટણી થઈ. તેમાં શેઠ અંબાલાલ સારાભાઈ તથા શેઠ કસ્તૂરભાઈ સરકારનિયુક્ત સભ્યો તરીકે બોર્ડમાં આવ્યા. શેઠ અંબાલાલે પોતાનો એક નવો પક્ષ રચ્યો, જેમાં સરદારના પક્ષમાંથી કેટલાક લોકો ભળ્યા એટલે સરદાર જે બહુમતી ભોગવતા તે કાંઈક ઓછી થઈ. ત્રીજો પક્ષ મુસ્લમાનોનો અને સરકારનિયુક્ત સભાસદોનો હતો. ચીફ ઑફિસર મિ. શેટેને ૧૯૨૮ની શરૂઆતમાં મુંબઈ મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં ડેપ્યુટી કમિશનરની જગ્યા મળવાથી તેઓ મુંબઈ પાછા ગયા. એટલે મ્યુનિસિ-પાલિટીએ ચીફ ઑફિસરની જગ્યા માટે વર્તમાનપત્રોમાં જાહેરખબર આપી. તેને માટે ત્રણ ઉમેદવારો હતા : શ્રી એચ. એલ. દીવાન, શ્રી મોરારજીભાઈ દેસાઈ (જેઓ તે વખતે સરકારી નોકરીમાં હતા) અને શ્રી ભગત. સરદારનો પક્ષ શ્રી દીવાનને નીમવાના મતનો હતો જ્યારે અંબાલાલભાઈનો પક્ષ શ્રી દીવાનને ન લાવવાના મતનો હતો. પરંતુ તેમાંના ઘણાની મરજી ભગતને પણ લાવવાની નહોતી, તેથી એ પક્ષે મોરારજીભાઈની હિમાયત કરી હતી. પણ છેવટે પક્ષ તરીકે તટસ્થ રહી પોતાના પક્ષના સભાસદોને વ્યક્તિગત ફાવે તેમ મત આપવાની તેમણે છૂટ આપી હતી. ત્રીજો પક્ષ સંગીન રીતે શ્રી ભગતની તરફેણમાં હતો. આ બધી વાટાઘાટો દરમિયાન સરદારે જણાવ્યું હતું કે જો શ્રી ભગતને ચીફ ઑફિસર નીમવામાં આવશે તો હું મ્યુનિસિપાલિટીમાં રહીશ નહીં. છેવટે અંબાલાલભાઈના પક્ષે મુશ્કેલી ઊભી કરી. તેમનામાંથી કોઈએ શ્રી દીવાનને તો મત આપ્યો જ નહીં, પણ શ્રી ભગતને મત આપનારા તેઓમાંથી કોઈ નીકળ્યા હશે. છતાં એક જ મતની વધુમતીથી શ્રી ભગતની ચીફ ઑફિસર તરીકે નિમણૂક થઈ. તરત જ સરદારે મ્યુનિસિપાલિટીમાંથી રાજીનામું આપી દીધું. તા. ૧૮–૪–'૨૮ની જનરલ બોર્ડની મીટિંગમાં શેઠ અંબાલાલ સારાભાઈના નીચેના ઠરાવથી એ સ્વીકારવામાં આવ્યું :

> "પ્રમુખનું રાજીનામું બહુ દિલગીરી સાથે સ્વીકારતાં આ બોર્ડ તેમને ખાતરી આપે છે કે બોર્ડનો વિશ્વાસ તેઓ ધરાવે છે. વળી પોતાની કારકિર્દી દરમિયાન આ મ્યુનિસિપાલિટીની જે ભારે સેવાઓ તેમણે કરી છે તેની આ બોર્ડ કદર કરે છે."

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



તે વખતે બારડોલીનો સત્યાગ્રહ શરૂ થઈ ચૂક્યો હતો અને સરદારે બધો વખત બારડોલીમાં જ રહેવાની જરૂર હતી. એટલે મ્યુનિસિપાલિટીના કામમાંથી છૂટ્યા એ સરદાર માટે તો ઇષ્ટાપત્તિ સમાન થયું.

સને ૧૯૨૭ના જુલાઈ માસમાં સુરત મુકામે પહેલી સ્થાનિક સ્વરાજ પરિષદ થયેલી તેના પ્રમુખપદેથી સ્થાનિક સ્વરાજના તંત્રને કેવી કેવી મુશ્કેલીઓ હોય છે અને સરકાર તેમાં મદદ કરવાને બદલે ઊલટા કેવા વિશેષ બોજા તેના ઉપર નાખે છે તેનું અમદાવાદ મ્યુનિસિપાલિટીના પોતાના જાતઅનુભવને આધારે તેમણે સરસ વર્ણન કર્યું છે. તેમાંથી કેટલાક ફકરા ટાંકી આ પ્રકરણ પૂરું કરીશું :

"સ્વચ્છ અને પૂરતા પાણીની, સારી ગટરોની, સાંકડા અને ગલીચ રસ્તાઓ ખુલ્લા કરવાની, સારા રસ્તાઓની, હવાઅજવાળાવાળાં શાળાઓનાં મકાનોની, બાળકોની રમવાની જગ્યાઓની, સફાઈ સુધારવાની, મ્યુનિસિપાલિટીની ઑફિસનાં મકાનોની, દવાખાનાનાં મકાનોની, બજારોની, કતલખાનાંની, એવી એવી તાત્કાલિક જરૂરિયાતની ચોમેરથી બૂમ પડે છે; જ્યારે નાણાંને અભાવે ઘણીખરી મ્યુનિસિપાલિટીઓ પીડાય છે અને એમાંનું કાંઈ કરી શકતી નથી."

* * *

"સ્થાનિક સ્વરાજ્યનું તંત્ર ચલાવવામાં સૌથી વધારે મહત્ત્વનો પ્રશ્ન તેની આર્થિક મુશ્કેલીના ઉકેલનો છે. આ સવાલે સુધારાના અમલ પછી જ વધારે ગંભીર સ્વરૂપ પકડેલું છે. તે પહેલાં સ્થાનિક સ્વરાજની જવાબદારીઓ ઓછી હતી. સરકારનો કાબૂ વિશેષ પ્રમાણમાં હોવાથી સ્થાનિક અમલદારોની અને સરકારની સહાનુભૂતિ રહેતી હતી. પ્રજા મોટે ભાગે તેમને જવાબદાર ગણતી હતી. આ ઉપરાંત દરેક મહત્ત્વના કાર્યમાં નાણાંની મદદ મળતી હતી. પાણીની, ગટરની, શહેર સુધરાઈની, લોકોપયોગી મકાનોની, શાળાનાં મકાનોની અને એવી એવી દરેક જાહેર ઉપયોગી યોજનાઓમાં સરકાર પોતાનો ફાળો નિયમસર આપતી હતી. આવી તમામ મદદ સુધારાનો અમલ શરૂ થયા પછી બંધ કરવામાં આવી છે. આ સંબંધમાં હું મારો પોતાનો અમદાવાદ મ્યુનિસિપાલિટીનો અનુભવ આપની પાસે રજૂ કરીશ. પાણી અને ગટરની યોજના અમલમાં મૂકવા માટે અમે રૂપિયા પિસ્તાળીસ લાખની લોન સરકારની મંજૂરીથી લીધેલી છે. તેમાં સરકારના ઠરાવ પ્રમાણે અરધી મદદ સરકારે આપવી જોઈએ. તે મદદની અરજી આજ ચાર વર્ષથી અધ્ધર લટકે છે. પૂનામાં ભાંબુર્ડા નગરરચનાની યોજનામાં સરકારે સોળ લાખ રૂપિયા ખરચી યોજના શરૂ થતાં પહેલાં પુલ બંધાવ્યો. તે ઉપરથી અમદાવાદ મ્યુનિસિપાલિટીએ તેના જ જેવી એલિસબ્રિજની નગરરચનાની યોજના તૈયાર કરીને જે શરતોથી પૂનામાં પુલ બાંધ્યો તે શરતોથી અમદાવાદમાં

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



પુલ બાંધી આપવાની મંજૂરી માટે યોજના મોકલી આપી. તે સરકારમાં બે વરસથી પડેલી છે. અમદાવાદ મ્યુનિસિપાલિટીએ મ્યુનિસિપલ ઑફિસ, વરસાદના પાણીની ગટરો, લૅબોરેટરી, મીટ માર્કેટ, શાક માર્કેટ, શાળાનાં મકાનો નગરવિસ્તારની યોજનાઓ વગેરે મોટાં મોટાં કામો લાખો રૂપિયા ખરચીને છેલ્લાં ત્રણ વર્ષમાં કર્યાં. પણ સરકાર પાસેથી એક રાતી પાઈ મળી નથી અને મળવાની ઉમેદ પણ નથી.”

* * *

“સને ૧૯૨૪માં સરકારે એક ઠરાવ બહાર પાડચો કે દરેક મ્યુનિસિપાલિટીએ પોતાના ખરચના સાડાચાર ટકા દાક્તરી મદદ પાછળ ખર્ચવા જોઈએ. અને તે પ્રમાણે કોઈ મ્યુનિસિપાલિટી કરતી નથી માટે હવે પછી તેમ કરવું અને જો તેમ ન કરે તો સરકારી ઇસ્પિતાલોને તેટલી રકમ પૂરી કરી આપવા પૂરતી ગ્રાન્ટ આપવી. મૂળ મુદ્દો મ્યુનિસિપાલિટી પાસેથી મદદ રૂપે પૈસા કઢાવવાનો હોવા છતાં તેના ઉપર ઢાંકપિછોડો કરવા માટે સાથે સાથે એ ઠરાવમાં એવું જણાવ્યું કે મ્યુનિસિપાલિટીઓ પોતાની ઇસ્પિતાલો કાઢે એ ઇચ્છવા યોગ્ય છે. અને જો કોઈ મ્યુનિસિપાલિટી તેમ કરશે તો સરકાર તેને યોગ્ય મદદ આપી ઉત્તેજન આપશે. અને વળી જો કોઈ મ્યુનિસિપાલિટી સિવિલ હૅાસ્પિટલની વ્યવસ્થા લેવાને તૈયાર થશે તો તે પણ સોંપશે. આ ઉપરથી અમદાવાદ મ્યુનિસિપાલિટીએ સિવિલ હૅાસ્પિટલ પોતાને સોંપવાની માગણી કરી, તેની એક યોજના રજૂ કરી ને સરકારની શરતો ઘણીખરી કબૂલ કરી. આ માગણીને સ્થાનિક અમલદારોએ મજબૂત ટેકો આપ્યો. છતાં બે વર્ષ સુધી પત્રવ્યવહાર ચાલ્યા પછી ધાર્યું હતું તેમ સરકારે સિવિલ હૅાસ્પિટલ સોંપવાની ના પાડી. હવે મ્યુનિસિપાલિટીએ પોતાની સ્વતંત્ર ઇસ્પિતાલ કાઢવાની યોજના કરી, તેમના પોતાના વચન પ્રમાણે ગ્રાન્ટ માગી છે તેનું શું પરિણામ આવે છે તે જોવાનું રહ્યું છે. આમ દરેક દિશામાં સ્થાનિક સંસ્થાઓ પાસેથી આડકતરી રીતે પૈસા કઢાવવા તજવીજ ચાલતી રહે છે. પ્રધાનના હસ્તકના ખાતામાં આ સંસ્થાઓ સરકારી અમલદારોની સહાનુભૂતિ ગુમાવી બેઠેલી છે અને ત્રિશંકુની દશામાં આવી પડેલી છે.”

* * *

“પ્રધાનસાહેબે લોન લઈ મોટાં મોટાં કામ કરવાની સલાહ આપેલી છે. લોન કેવી રીતે લેવી તે બતાવ્યું નથી. શું સરકાર મ્યુનિસિપાલિટીઓને લોન આપવા તૈયાર છે? આ વિષે પણ મારો અનુભવ કડવો છે. સરકાર પાસે મેં ગયે વરસે જ માત્ર સાડાતેર લાખની પાંચ ટકાના વ્યાજે લોન માગી. સરકાર ચાર ટકા વ્યાજે લોન મેળવી શકે છે. તેને એક ટકો ચોખ્ખો નફો રહેતો હતો. છતાં તે આપવાની સરકારે ના પાડી અને પછી અમે તે લોન બજારમાંથી મેળવી.”

* * *

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



"વળી લોનનું વ્યાજ આપણે વધારે આપવું પડે છે. અમદાવાદને પ્રથમ સાડાછ ટકાની લોન લેવાની મંજૂરી આપી તે વખતે તે ઉપરનો ઇન્કમ ટૅક્સ માફ કરવા મ્યુનિસિપાલિટીએ માગણી કરી તેની પણ ના પાડવામાં આવી."

* * *

"અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ કમિટીની ફરજિયાત કેળવણીની યોજના ત્રણ વરસથી સરકારની અભરાઈએ પડેલી છે. જેટલી યોજનાઓ જાય છે તેટલી બધી એક પછી એક નંબર વાર તેના ઉપર ગોઠવાય છે. અને આ યુગમાં તેમાંની કોઈ મંજૂર થાય એવી આશા ઓછી છે."

* * *

"સરકાર પોતાની આર્થિક સ્થિતિ તંગ હોવાની બૂમ પાડે છે. પણ તેના વહીવટના લખલૂટ ખર્ચમાં ઘણી દિશામાં કાપકૂપ થઈ શકે એમ છે. એમાંનું કશું કરવામાં આવતું નથી. પ્રાથમિક કેળવણીનો વહીવટ સ્થાનિક સંસ્થાઓને સોંપી દીધા પછી ઇન્સ્પેક્ટરો, ડેપ્યુટી ઇન્સ્પેક્ટરો વગેરેની ઑફિસોના ખરચા રાખવાની કશી આવશ્યકતા નથી. ખુદ ડિરેક્ટરની ઑફિસ કાઢી નાખવામાં આવે તોપણ કાંઈ વાંધા જેવું નથી. જે ઑફિસમાંથી પોતાના ખાતાના વહીવટનો હેવાલ બબ્બે વરસ સુધી બહાર ન પડે તેવી ઑફિસની ઉપયોગિતા કેટલી હશે એ વિષે સ્વાભાવિક રીતે જ શંકા ઉત્પન્ન થાય છે. સ્વતંત્ર કેળવણી સરકારની મદદ સિવાય પ્રજા પોતાને ખરચે કરે એ સરકારને ગમતું નથી. કેળવણી ઉપરનો અંકુશ છોડવો નથી અને પોતામાં કેળવણી આપવાની શક્તિ છે નહીં."

* * *

"સરકારના પબ્લિક વર્ક્સ (બાંધકામ) ખાતામાં વહીવટનું ખર્ચ પચાસથી સાઠ ટકા જેટલું આવવા માંડ્યું છે. દરેક જિલ્લામાં એક્ઝિક્યુટિવ એન્જિનિયર, સબ ડિવિઝનલ ઑફિસરો, ઓવરસિયરો અને ઑફિસ ખરચ વગર કામે સરકાર ઉપર ચઢ્યાં કરે છે. તેમની પાસે કામ લેવાને સરકારની પાસે નાણાં નથી. દરેક જિલ્લામાં એકાદ પોલીસ લાઈનની કોટડીઓ અગર તો કાંઈ ચોરા ચોરીઓનાં નાનાં નાનાં મકાનો બાંધવા સિવાય બીજું કામ નથી. ઘણીખરી સ્થાનિક સંસ્થાઓ પોતાના સ્વતંત્ર ઇજનેરો રાખી શકતી નથી. જિલ્લાની સ્થાનિક સંસ્થાઓ અને જિલ્લાના પબ્લિક વર્ક્સનું કામ ભેગું કરવામાં આવે તોપણ પબ્લિક વર્ક્સ ખાતાને પૂરતું કામ મળે નહીં. છતાં જો કોઈ સંસ્થા પબ્લિક વર્ક્સ ખાતા મારફતે કામ કરાવવા માગણી કરે તો તેની પાસે પચીસ ટકા જેટલો આકરો ખાતાખર્ચ માગવામાં આવે છે. બબ્બે જિલ્લાઓનાં કામ ભેગાં કરીને ચલાવે તોપણ ચાલી શકે એવું છે. કેટલીક જગ્યાએ સ્થાનિક સંસ્થાઓની સાથે ગોઠવણ કરી લઈ કામ ચલાવી શકાય એમ છે."

* * *



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

"અગાઉની માફક પોતાના કામમાંથી પરવારી નવરાશને વખતે સાંજના કલાક બે કલાક હાજરી આપ્યે આ સંસ્થાઓનો કારભાર ચલાવી શકાય એમ રહ્યું નથી. શુદ્ધ નિષ્ઠાથી સેવા કરનારને આ સંસ્થામાં પોતાનો બધો જ વખત આપવો પડે છે. તેને માથેરાન કે મહાબળેશ્વર જવું પોસાય એમ નથી. તેમને આરામ લેવાને અવકાશ જ નથી."

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021

# ૨૬

# ગુજરાતમાં રેલસંકટ

સને ૧૯૨૭ના જુલાઈમાં ગુજરાત કાઠિયાવાડના ઘણા ભાગમાં, તે વખતે હયાત માણસોની યાદદાસ્તમાં ન હોય તેવું વરસાદ અને વાવાઝોડાનું ભયંકર તોફાન થયું અને તેણે ગુજરાતની આખી વાડી વેડીને ખેદાનમેદાન કરી નાખી. તા. ૨૩મી જુલાઈ ને શનિવાર રાતથી મુશળધાર વરસાદ શરૂ થયો તે તા. ૨૯મી ને શુક્રવારે બંધ થયો. રવિવારે સૌને લાગ્યું કે આ વખતની હેલી જબરી છે, અને થોડા વખતમાં રહી જશે. પણ તે દિવસે સાંજથી વરસાદની સાથે જબરો પવન ફૂંકાવા લાગ્યો. વાયુ અને વરુણનું પ્રચંડ તાંડવ મંડાયું ત્યારે લોકોને ખ્યાલ આવવા લાગ્યો કે આ કાંઈ સાધારણ ઉત્પાત નથી. રવિવાર રાતથી સરદાર ચિંતા કરવા લાગ્યા કે લોકો ઉપર સખ્ત આફત ઊતરી જણાય છે. તેમને ઊંઘ ન આવી અને શહેરના જુદા જુદા લત્તાની કેવી હાલત છે તે જોવાના ખ્યાલથી મધરાતે બાર વાગ્યે ઘરની બહાર નીકળ્યા. વદ અગિયારશની અંધારી રાત હતી. ભયંકર ગાજવીજ અને વાવાઝોડા સાથે ધોધમાર વરસાદ પડતો હતો. તેમાં રિચીરોડ (હાલના ગાંધી રોડ) ઉપરથી આમતેમ વીજળીના ઝબકારામાં તથા રસ્તા ઉપર ટમટમતી બત્તીઓના પ્રકાશમાં જે કાંઈ જોઈ શકાય તે જોતા જોતા એકલા પસાર થતા હતા. વિચાર આવ્યો કે સાથે કોઈને લીધા હોય તો સારું. એટલામાં શ્રી હરિલાલ કાપડિયાનું ઘર આવ્યું. તેઓ મસ્કતી મારકેટના એક વેપારી હતા, બહાદુર માણસ હતા અને આવા સંકટના વખતમાં સાહસ ખેડીને કામ કરે એવા હતા. સરદારે એમનાં બારણાં ખખડાવ્યાં. પેલા ભાઈએ બારણાં ઉઘાડચાં તો સરદારને દદડતે કપડે ઊભેલા જોયા. અત્યારે આવામાં ક્યાંથી એમ પૂછવા માંડયું તો સરદાર કહે: ‘પહેલાં ચા કરી દે. પછી વાતો કરીએ.’ કાપડિયાએ સરદારનાં કપડાં બદલાવ્યાં અને ચા બનાવવાની તજવીજ કરવા માંડી એટલે સરદાર કહે, ‘આ તો ભારે તોફાન લાગે છે. તેમાં શહેરની શી દશા થઈ હશે તે જોવા ફરવા નીકળવું જોઈએ.’ કાપડિયાનું મકાન ઊંચું અને ત્રણ બાજુથી ખુલ્લું હતું એટલે વરસાદ અને પવનના સપાટામાં બાજુની ભીંત તૂટી પડવાનો ઘરમાં બધાંને ભય લાગતો હતો. છતાં એ સરદાર સાથે ફરવા નીકળવા તૈયાર થયા. રાતના લગભગ ત્રણ વાગ્યાથી પરોઢિયે અજવાળું થયું ત્યાં સુધી ફરીને શહેરમાં ક્યાં ક્યાં પાણીનો મારો વધારે છે



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



અને પાણીનો નિકાલ કરવા માટે ક્યાં ક્યાં તોડફોડ કરવી પડે એમ છે એ જોઈને બન્ને જણ સીધા મ્યુનિસિપલ એન્જિનિયરને ઘેર ગયા. એને સૂતો ઉઠાડ્યો અને એને સાથે લઈ મ્યુનિસિપાલિટીમાં ગયા. ત્યાંથી બધે ફોન કરી સ્ટાફના માણસો, મુકાદમો અને મજૂરોને એકઠા કર્યા. ક્યાં ક્યાં નાળાં, સડકો વગેરે તોડાવીને પાણીને માર્ગ કરી આપવાની જરૂર છે એની યુદ્ધપરિષદની ઢબની ચર્ચા કરી, સૌને કામની સોંપણી કરી દીધી. આ સોમવારની સાંજથી ઘરો પડવાની શરૂઆત થઈ. તેને લીધે રસ્તા બંધ ન થઈ જાય એ પણ જોવાનું હતું. આ ત્રણ ચાર દિવસ સરદારે અને મ્યુનિસિપલ એન્જિનિયર શ્રી ગોરેએ દિનરાત પલળતે શરીરે અને દદડતે કપડે શહેરમાં ચારે તરફ ઘૂમીને પાણીનો સવેળા નિકાલ ન કર્યો હોત તો શહેરની કોણ જાણે શી દશા થાત. એમ કહી શકાય કે સરદારની સમયસૂચકતાએ અને શ્રી ગોરેની ઇજનેરી બુદ્ધિએ તથા એ બન્ને ઉપરાંત મ્યુનિસિપલ ઇજનેરી ખાતાના આખા સ્ટાફની તનતોડ મહેનતે શહેરને ઘણે દરજ્જે બચાવી લીધું.

આવા ભારે તોફાનમાં આખા ગુજરાતની શી દશા થઈ હશે તેની ચિંતા સરદાર આ બધો વખત કર્યા જ કરતા હતા. પણ મુશળધાર વરસાદ પડ્યા કરતો હતો, રેલગાડીઓ આવતી બંધ થઈ ગઈ હતી એટલે ટપાલ આવે નહીં, અને ઘણી જગાએ તારનાં દોરડાંને નુકસાન પહોંચ્યું હતું એટલે તારનું પણ ઠેકાણું ન હતું. બહારના કશા સત્તાવાર કે વિગતવાર સમાચાર મળતા નહોતા. આવી સ્થિતિમાં ક્યાં અને કેવી રીતે મદદ પહોંચાડવી તેની કશી સમજ પડે એમ નહોતું. એકલા અમદાવાદ શહેરમાં છ હજાર ઉપર ઘર પડી ગયાં હતાં. તેનું બધું ઠીકઠાક કરવા માટે અને બીજાં સંખ્યાબંધ ઘરો પડું પડું થઈ રહ્યાં હતાં તેને ટેકોટાબો કરવા માટે લાકડું જોઈએ, તેના ભાવ અને સુથાર કડિયાના રોજ એટલા વધી ગયા હતા કે એ આ ભાવો ઉપર અંકુશ શી રીતે રાખવો એ સરકારી અમલદારો અને આગેવાનો માટે ચિંતાનો એક વિષય થઈ પડ્યો હતો.

અમદાવાદમાં થયેલી હોનારત પરથી તથા આ ભયંકર સંકટથી ગુજરાત કાઠિયાવાડ ઉપર કેવી આફત ઊતરી હતી તેના આછાપાતળા સમાચાર ઉપરથી, પછીના રવિવારના ‘નવજીવન’માં સંકટગ્રસ્તોને મદદ માટે સરદારે નીચેની અપીલ બહાર પાડી :

> “ગયા અઠવાડિયામાં થયેલી અનરાધાર વૃષ્ટિએ ગુજરાત કાઠિયાવાડને એકાએક અણધાર્યા સંકટમાં ઉતારી દીધાં છે. ગામનાં ગામ તણાયાં છે અગર પાણીમાં ડૂબ્યાં છે. લોકો ભૂખ્યાતરસ્યા બેસી રહ્યા છે, એવી છૂટીછવાઈ ખબરો આવે છે. ટપાલ, રેલવે, તાર બધું જ લગભગ બંધ હોવાને લીધે બહાર-

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ગામોની ખરી હકીકત શી છે અગર જાનમાલની ખુવારી કેટલી થઈ છે તેની કશી સત્તાવાર હકીકતો અહીં સુધી પહોંચી શકે એવો વહેવાર હજી ચાલુ થયો નથી. પરંતુ અમદાવાદ શહેરની જે સ્થિતિ થઈ પડી છે તે ઉપરથી તેમ જ બહારગામથી આવતી ચોંકાવનારી વાતો ઉપરથી ચોમેર ફરી વળેલા સંકટનો કંઈક ખ્યાલ કરી શકાય તેમ છે.

“અમદાવાદમાં વરસાદની વાર્ષિક સરેરાશ ત્રીસ ઇંચની ગણાય છે, જ્યારે આ વખતે અત્યાર સુધીમાં સિત્તેર ઇંચ વરસાદ પડી ચૂક્યો છે. આમાંનો બાવન ઇંચ એકલા ગયા અઠવાડિયામાં જ પડ્યો છે. આવી અતિવૃષ્ટિ છેલ્લાં પચાસ વર્ષમાં થઈ હોય એવું કોઈના સ્મરણમાં નથી. અમદાવાદમાં જ હજારો લોકો ઘરબાર વગરના થઈ પોતાની માલમિલકત છોડી પહેર્યે લૂગડે બહાર નીકળ્યા છે. મજૂરો અને ગરીબ લોકોના લત્તા પાણીમાં ડૂબ્યા છે. આવામાં ગામડાંના લોકોની, તેમનાં ખેતરોની અને વાવેતરની સ્થિતિનો ખ્યાલ કરતાં હૃદય કંપે છે.

“સંકટનો ખરો ખ્યાલ તો રેલવે ટપાલ ઇત્યાદિ વહેવાર ચાલુ થાય અને ચોમેરની હકીકતો મળે ત્યારે જ આવે. પણ આ સંકટ લગભગ આખા ગુજરાત કાઠિયાવાડ ઉપર એકાએક તૂટી પડ્યું છે એમ માનવાને કારણ છે.

“ગુજરાતે તેમ ગુજરાત બહાર વસતા ગુજરાતીઓએ અત્યાર સુધી બીજા પ્રાંતોના સંકટનિવારણાર્થે અનેક વેળા છૂટે હાથે મદદ કરી છે. દયાધર્મ ગુજરાતની પ્રજાનો વિશેષ ગુણ મનાયો છે. તેઓ આ ઘરની આફતને વખતે પ્રજાના સંકટનિવારણાર્થે તાત્કાલિક મદદ કરવામાં પાછા નહીં પડે એવી મને પૂરી આશા છે. . . .”

એટલામાં ખેડાના કલેક્ટરનો સંદેશો અમદાવાદના કલેક્ટર ઉપર આવ્યો કે આખું ખેડા શહેર ચારે બાજુએ પાણીથી ઘેરાઈ ગયું છે. માઈલો સુધી જળજળાકાર જ દેખાય છે. ખેડા શહેરનો જિલ્લા સાથેનો સંબંધ તૂટી ગયો છે. શહેરમાં અનાજ અને રોજની જરૂરની વસ્તુઓના ભાવ બેહદ વધી ગયા છે. અમે નિરુપાય છીએ માટે મદદ મોકલો. અમદાવાદના કલેક્ટર વિચારમાં પડ્યા, કારણ સરકારી કામકાજના બધા વિધિ રહ્યા દીર્ઘસૂત્રી. તેમણે પોતાની મુશ્કેલીની સરદારને વાત કરી. તેમણે તાબડતોબ ઘઉં, ચોખા, ખાંડ, ઘાસલેટ વગેરે જરૂરી વસ્તુઓનું એક વૅગન ભરાવીને મહેમદાવાદ સ્ટેશને રવાના કર્યું. તેની સાથે શ્રી. મણિલાલ તેલી તથા ચાર સ્વયંસેવકોને મોકલ્યા તથા સઘળો માલ કોઈ પણ રીતે ખેડા પહોંચતો કરવાની મહેમદાવાદના મામલતદારને સૂચના અપાવી. ખેડાના કલેક્ટરે શ્રી તેલી સાથે સરદાર ઉપર કાગળ મોકલીને આભાર માન્યો અને ગરીબ લોકોની દયાજનક દશામાં આ વસ્તુઓ આશીર્વાદ સમાન થઈ પડશે એમ જણાવ્યું.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



સરદારે તરત નક્કી કરી નાખ્યું કે ગુજરાતમાં અનુકૂળ મથકો સાથે સંબંધ બાંધી સંકટગ્રસ્ત પ્રદેશમાં જોઈતી મદદ કરવા સ્વયંસેવકો ગોઠવી દેવા. તેમની પાસે અનુભવી અને તાલીમ પામેલા તથા ગુજરાતના ખૂણેખૂણાના ભોમિયા એવા કાર્યકર્તાઓ અને સ્વયંસેવકો તૈયાર હતા. તા. ૨૯મીએ વરસાદ બંધ થયો ત્યાર પછી ચાર જ દિવસમાં એટલે તા. ૩જી પહેલાં સ્વયંસેવકો આખા સંકટગ્રસ્ત પ્રદેશમાં રેલવે લાઈનથી અથવા પાકી સડકથી દૂર છેક ખૂણાનાં ગામડાંમાં ઘૂંટણસમાં અને કેડસમાં પાણી ખૂંદી અથવા કેડે તૂમડાં બાંધી નદીનાળાં ઓળંગી ગામેગામ પહોંચી ગયા. તેઓએ સંકટગ્રસ્ત પ્રદેશો નજરે નિહાળી વિગતો મોકલવા માંડી ત્યારે આફતનો ઠીક ચિતાર આવ્યો. લોકોનાં ઘરબાર, માલમતા, ઢોરઢાંખર, ખેતીવાડી બધું જ કેટલીક જગાએ તણાઈ ગયું હતું. ઊંચે આભ અને નીચે પાણી વચ્ચે કોઈએ ઝાડે વળગીને તો કોઈએ ઊંચા ઓટલાવાળા ચોરા કે ધર્મશાળાઓનો આશ્રય લઈને, કોઈએ પડોશીના ઘરનો આશ્રય લઈને અને તેનુંય ઘર પડી જતાં બન્નેએ વળી ત્રીજાનો આશ્રય લઈને પ્રાણની રક્ષા કરી હતી. નીચાણના પ્રદેશનાં જે ગામો આખાં ને આખાં ડૂબ્યાં ત્યાંની વસ્તીને કેવળ ઝાડનો જ આશ્રય લેવો પડ્યો હતો. એવા પ્રદેશમાં તો જેમ જેમ પાણી ચઢતાં ગયાં તેમ તેમ લોકો ઘર છોડી નીકળતા ગયા. જેમને વખત મળ્યો તેમણે ઝાડ પર ખાટલા બાંધ્યા અને ત્યાં પોતાનાં બાળબચ્ચાં લઈને બેઠા. જેમને એવો વખત ન મળ્યો તેઓ એમ ને એમ ઝાડ પર ચઢી ગયા. લોકોએ પોતાનાં ઢોરઢાંખર છોડી મૂક્યાં, જેથી તેઓ પણ પોતાને ફાવે તેમ પ્રાણની રક્ષા કરી શકે. અને ઝાડ ઉપર પાંચ પાંચ દિવસના ઉપવાસ કરીને નિરાંતે બેસવાનું તો નહોતું જ. પોતાનાં દરોમાં પાણી ભરાઈ જવાથી તેનો ત્યાગ કરી રેલમાં તણાતાં સર્પાદિ પ્રાણીઓને પણ ઝાડનો જ આશ્રય રહ્યો હતો. પોતાના ફૂંફાડાથી ફફડાવી મારે એવા સર્પો પણ કુદરતના આ કોપ આગળ રાંક બની પોતાનો જીવ બચાવવા ઝાડની ડાળીઓને વીંટળાઈ પડ્યા રહ્યા. એમની સાથે જ કેટલીક જગ્યાએ તો લોકોને ત્રણ ત્રણ અને ચાર ચાર દિવસ અને રાત ગાળવાં પડેલાં. ઢાઢર નદીના કાંઠા પરના એક ગામની પાસેના પરામાં માત્ર સાત ભીલ ખેડૂતોનાં છાપરાં હતાં અને તેમાં બધાં મળીને ૬૧ માણસો રહેતાં. પરામાં એક સમડીનું ઝાડ અને બે નાની લીમડીઓ હતી. તેના ઉપર ચડી આ ૬૧ જીવો જેમતેમ બાઝી રહ્યા. ચાર દિવસ તો આવી નોધારી હાલતમાં એ લોકો ટક્યાં. પણ પાંચમે દિવસે બાળકો અને બુઢ્ઢાં, ઠૂંઠવાયેલાં અને નિર્જીવ જેવાં ટપોટપ ખરી પડવા લાગ્યાં અને તણાઈ ગયાં. એ રીતે ૬૧માંથી ૩૧ ગયાં. ધોળકા તાલુકાના એક ગામમાં નાનાંમોટાં ૧૮ માણસ આવી રીતે તણાઈ ગયાંનો

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

અહેવાલ મળેલો. આવી આફતમાં કેટલાક બહાદુર લોકોએ પોતાને જીવને જોખમે રેલમાં તણાતા લોકોને બચાવ્યાના પણ અનેક દાખલા મળ્યા. તેમાં બી. બી. ઍન્ડ સી. આઈ. રેલવેના ડિસ્ટ્રિક્ટ ટ્રાફિક સુપરિન્ટેન્ડેન્ટ મિ. મોરલીએ તથા ધોળકા તાલુકાના ધીંગડા ગામના તાલુકદારે લગભગ પચાસ જીવો બચાવ્યાના કિસ્સા નોંધાયા છે.

આટલું છતાં પ્રજા બાવરી કે બેહોશ બની ગઈ નહોતી. કુદરતની આંખ ફરેલી જોતાં શાંત હિંમતથી પોતાની અને પોતાના ગામની રક્ષા કરવામાં તે ગૂંથાઈ ગઈ. આત્મરક્ષાને સારુ જરૂરી હતી તેટલી શક્તિ રોકી, બચી તેટલી શક્તિથી પડોશનાં ગામોને લોકોએ મદદ કરી. તેમા લોકોએ ન્યાતજાતના ભેદ વિસાર્યા, બ્રાહ્મણ, વાણિયા, પાટીદાર વગેરે મહાજનોએ પોતાના મહોલ્લાઓમાં પોતાના વાડીવંડા ખુલ્લા મૂકી તેમાં ઢેડભંગીઓને રાખ્યા, ઢાંક્યા અને દિવસો સુધી ખીચડીઓ ખવડાવી. ગામેગામ હરિજન વસ્તીની હાડમારીનો પાર નહોતો. સામાન્ય રીતે તેમના વાસ ગામબહાર, ગામથી દૂર, અલગ જગ્યાએ હોય છે. ઘણાંખરાં ગામે આ રેલ દરમ્યાન હરિજનવાસો અને ગામ વચ્ચેનો સંબંધ તૂટી ગયો હતો. વળી તેમનાં કાચાં ઘર અથવા ઝૂંપડાં આવા તોફાન સામે ટકી ન શકે. એટલે એ લોકોને પોતાનાં પડી ગયેલાં ઝૂંપડાંના ટિંબા ઉપર બેસી દિવસો અને રાતો ગાળવી પડેલી. ગામલોકોએ બની શક્યું ત્યાં ત્રાપા બાંધી કે બીજી ગોઠવણ કરી આ લોકોને ગામમાં આણી પોતાનાં ઘરોમાં અથવા ધર્મશાળાઓમાં આશરો આપ્યો હતો. જ્યાં હરિજનવાસો ઊંચાણવાળી જગ્યાએ હતા ત્યાં ગામલોકોએ એ વાસોનો પણ આશ્રય લીધો હતો. જેમ સવર્ણ હરિજન વચ્ચેના તેમ જ હિંદુ મુસલમાન વચ્ચેના ભેદ પણ રેલસંકટ આગળ વીસરાઈ ગયા હતા. કેટલાંય ગામોમાં મહાદેવોમાં, મંદિરોમાં, અપાસરાઓમાં લોકોએ મુસલમાનોને આશરો આપ્યો હતો. એક મુસલમાન ફકીર પોતાનું ઘર નહીં રહેવાથી કેટલાય દિવસો સુધી મહાદેવમાં રહ્યો હતો. એક મરજાદી મંદિરમાં છેક ભીતર સુધી મુસલમાનો અને હરિજનોને સ્થાન આપવામાં આવ્યું હતું. ત્યાં તમામ કોમોએ સાથે મમરા ચણા ફાકયા અને ખીચડી ખાધી. બાર બાર વરસથી ગાંધીજી ગુજરાતને જે પાઠ આપી રહ્યા હતા તે અત્યારે ફળેલો દેખાતો હતો. માનવબંધુતા અને સ્વાશ્રયના આ દાખલા જળપ્રલયની એ આફતનું એક મહામૂલું અંગ ગણાય.

ગુજરાત કાઠિયાવાડના કેટલા ભાગમાં રેલ ફરી વળી હતી તેનો ચોક્કસ વિસ્તાર હવે નક્કી કરી શકાયો. ઉત્તરમાં સિદ્ધપુર, પાટણ, ભાલુસણા તથા સતલાસણ વગેરે ગામોની આસપાસના પ્રદેશથી માંડીને ઝીંઝુવાડા સુધી અને તેનાથી થોડા પ્રમાણમાં ઠેઠ પાલણપુર સુધી રેલ ફરી વળી હતી. પશ્ચિમમાં

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



વઢવાણથીયે આગળ ધ્રાંગધ્રા, મૂળી, સાયલા અને ચૂડા સુધીનો પ્રદેશ તારાજ થયો હતો તથા વાંકાનેર અને રાજકોટ સુધી રેલની અસર પહોંચી હતી. દક્ષિણમાં રેલના નુકસાનની હદ નર્મદા નદી સુધી ગણાય. અને પૂર્વમાં ગોધરાથીયે આગળ છેક પિપલોદ સુધી નુકસાન થયું હતું. પરંતુ જળપ્રલયનું વધારે જોર ખેડા જિલ્લામાં અને વડોદરાની આસપાસના પ્રદેશમાં હતું. સંકટ-નિવારણના કામમાં ગુજરાત પ્રાંતિક સમિતિની મદદમાં વડોદરા રાજ્ય પ્રજામંડળ, અમદાવાદ જિલ્લા સંકટનિવારણ સમિતિ, સૌરાષ્ટ્ર સેવા સમિતિ, વઢવાણ સેવા સમાજ, સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટી તથા રામકૃષ્ણ મિશન વગેરે સંસ્થાઓ હતી. પણ સઘળું કામ સરદારની પ્રેરણાથી અને તેમણે નક્કી કરેલા ધોરણ પ્રમાણે ચાલતું. આ ઉપરાંત અમદાવાદ અને મુંબઈનાં અનેક વેપારી મહાજનોએ પણ સારી મદદ કરેલી. તાર અને આગગાડીઓના વ્યવહાર શરૂ થતાં જ સખીદિલ અને દાનવીર ધનિકો પોતે અથવા તેમના માણસો ગુજરાત કાઠિયાવાડના સંકટગ્રસ્ત વિસ્તારોમાં મદદ કરવા નીકળી પડ્યા. કેટલાકની ઇચ્છા પોતાને હાથે અન્નવસ્ત્રનાં દાન કરવાની હતી. પણ તેઓ ઘણુંખરું સ્ટેશન નજીકનાં તથા સડક ઉપરનાં ગામોએ પહોંચી શકતા. એટલે તેવાં ગામોએ મદદ બેવડાઈ અથવા ત્રેવડાઈ જવા માંડી. આ જોઈ સરદારે દાનવીર ધનિકોને વિનંતી કરી કે આમ તો સખાવતનો ઉદ્દેશ સરતો નથી માટે દાનીઓ પ્રાંતિક સમિતિને નાણાં મોકલી આપે અને જેમને પોતાને હાથે જ પૈસો ખર્ચવો હોય તેઓ સમિતિનાં મથકોની કે જાણીતા સ્થાનિક કાર્યકર્તાઓની મદદ લઈ જ્યાં જરૂર હોય ત્યાં વ્યવસ્થિત રીતે દાન કરે.

કાર્યકર્તાઓ તમામ સંકટગ્રસ્ત વિસ્તારમાં ફરી વળ્યા તે ઉપરથી સંકટના સ્વરૂપનો તથા વિસ્તારનો બરાબર ખ્યાલ આવી ગયો હતો. વળી સાધન વિનાનાં થઈ પડેલાંઓને અનાજ વગેરે અપાવી તેમણે તાત્કાલિક મદદ પણ પહોંચાડી દીધી હતી. પણ હવે ખેડૂતો તથા બીજી વસ્તી આ સંકટના ધામાંથી ફરી બેઠી થાય અને પગભર થાય તે માટે તેમને કેવી મદદ કરવી તેની વ્યવસ્થિત યોજના કરવાની જરૂર હતી. તે માટે સરદારે તા. ૧૧મી ઑગસ્ટે આણંદ મુકામે કાર્યકર્તાઓની મીટિંગ બોલાવી. તેમાં મુંબઈના સર પુરુષોત્તમદાસ પણ હાજર રહ્યા હતા. આ સભામાં નક્કી થયા પ્રમાણે રાહતનું કામ બધે સરખા ધોરણે ચાલ્યું. આખા ગુજરાતમાં એકંદરે નીચે પ્રમાણે કામ થયું :

૧. જેઓ બિલકુલ સાધનહીન દશામાં આવી પડ્યા હતા તેમને સફત અનાજ તથા કપડાં આપવાની વ્યવસ્થા કરવામાં આવી. તેની સાથે એ સંભાળ રાખી કે પારકાની મદદ વિનાકારણ લેવાની વૃત્તિને પોષણ ન મળે. તેમ કરવા માટે બને તેટલા વહેલા તેઓ પગભર થઈ જાય તેમ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



કરવાનું હતું. જેઓ પોતાની ખેતી કરતા હોય તેમને નવો પાક આવે ત્યાં સુધી મદદ આપવામાં આવી અને જેઓ ખેતી ન કરતા હોય તેમની પાસેથી તૂટી ગયેલા રસ્તા સમારવાનું તથા ગાડાં ફરી શકે એવા બનાવવાનું કામ કરાવીને મદદ આપવામાં આવી. અલબત્ત અતિશય વૃદ્ધ, અપંગ તથા નાનાં બાળકોને એમ ને એમ મદદ આપવામાં આવી. આવી મદદ બહુ જ ગરીબ પ્રદેશોમાં લગભગ ત્રણ મહિના સુધી આપવી પડી. પણ ઘણી જગાએ તો મદદ આપવાનું બે મહિનામાં જ પતી ગયું. મફત મદદનું કુલ ખર્ચ રૂ. ૧,૮૬,૦૦૦ થયું.

૨. સરદારનો ખાસ આગ્રહ હતો કે જેમાં વાવેતર થઈ શકે એમ હોય એવી એક ચાસ જમીન પણ વાવેતર વિના ન રહેવી જોઈએ. મોટે ભાગે ફરી વાવેતર સૂંઢિયા (ઢોરને ખાવાના જુવારના પૂળા)નું જ થઈ શકે એમ હતું. તેને માટે બીની વ્યવસ્થા કરવાની જરૂર હતી. બીની અછત હોય ત્યારે એના ભાવ આસમાને ચઢી જાય છે એવો પાછલાં વરસોનો અનુભવ હતો. સરકાર પાસે ફક્ત એક હજાર મણ સૂંઢિયાનું બી હતું. તે તેમણે રૂ. ૪–૧૨–૦ના મણના ભાવે ખરીદેલું હતું અને તેથી ઓછે વેચવા તેઓ તૈયાર નહોતા. એટલે પ્રાંતિક સમિતિએ એક પેટા કમિટી નીમી તેની મારફત બી ખરીદવાનો પ્રબંધ કર્યો. સરેરાશ રૂ. ૩–૧૨–૦એ મણ બી ખરીદવામાં આવ્યું અને મણે બાર આના રાહત આપી ખેડૂતને ત્રણ રૂપિયે મણ વેચ્યું. સમિતિ તરફથી લગભગ ત્રીસ હજાર મણ સૂંઢિયું વેચાયું. આ અનુભવથી પ્રોત્સાહિત થઈ શિયાળુ બીની — મુખ્યત્વે ઘઉં અને ચણાના બીની વ્યવસ્થા પણ સમિતિ તરફથી કરવામાં આવી. સૂંઢિયું, ઘઉં, ચણા વગેરે થઈને સમિતિએ કુલ એંસી હજાર મણ બી ઓછા ભાવે વેચ્યું અને તેમાં સાઠ હજાર રૂપિયાની રાહત આપી. સમિતિએ ઉત્તમ પ્રકારનું બી પૂરું પાડ્યું તેને પરિણામે બીમા સારો સુધારો થયો એ કાયમી ફાયદો થયો. સરકારે બી માટે ખેડૂતોને તગાવી આપી હતી પણ તગાવીની રકમ રોકડ ન આપતાં એવી વ્યવસ્થા કરવામાં આવી કે એટલા રૂપિયાની સમિતિના મથક ઉપર તેઓ ચિઠ્ઠી આપે અને એમને એટલી કિંમતનું બી સમિતિની દુકાનમાંથી મળે. કેટલાક ખેડૂતો મૂર્ખાઈથી બી માટે મળેલી તગાવી બીજાં કામમાં વાપરી નાખે છે, એ વસ્તુ આ વ્યવસ્થાથી અટકી અને બધા ખેડૂતોને સારું બી કિફાયત ભાવે મળ્યું.

૩. રેલમાં જેમના બળદ મરી ગયા હતા અને જેઓ પાસે બળદ ખરીદવાનું સાધન ન હતું તેમને બળદ ખરીદવા માટે લોન આપવામાં આવી. આ રકમ લગભગ બધી જ વસૂલ થઈ.

૪. અનાજના ભાવો ચઢી ન જાય તે માટે સસ્તે ભાવે અનાજ તથા કપાસિયા વેચવાની દુકાનો કાઢવામાં આવી. અનાજ તથા કપાસિયાનું વેચાણ ખૂબ થયું. કુલ નુકસાની રકમ ૫૨,૦૦૦ની થઈ.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

૫. ઘણાં સ્થળે તણાઈ ગયેલાં ઢોરનાં મડદાં તથા પલળીને બગડી ગયેલું તેમ જ દટાઈ ગયેલું અનાજ સડયાં કરતું હતું. આને લીધે દુર્ગંધ મારતી હતી. સાબરમતી આશ્રમના તથા વિદ્યાપીઠના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓએ ગામેગામ આ સફાઈનું કામ ઉપાડી લીધું. ઢોરનાં મડદાં તથા સડતું અનાજ દાટી દીધું. જ્યાં પાણીનાં મોટાં ખાબોચિયા ભરાયાં હતાં ત્યાં પાણીના નિકાસનો માર્ગ કર્યો. નિકાસ ન થઈ શકે એમ હતું ત્યાં પાણીમાં જંતુનાશક દવાઓ નાખી. ચોમાસામાં ગાડાં ન ચાલી શકે તેથી કચરાની ગાડીઓ તેઓએ જાતે ખેંચી. ગંધ મારતી નીકો પણ તેમણે સાફ કરી.

૬. ભાદરવા મહિનામાં તાવનો ઉપદ્રવ આપણા દેશમાં લગભગ બધે જ હોય છે. આ સાલ મરડાનો ઉપદ્રવ પણ થયેલો. તાવની અને મરડાની નક્કી કરેલી દવાઓ સ્વયંસેવકોને આપવામાં આવતી. તે તેઓ ગામેગામ વહેંચતા. કેટલાંક મથકોએ તો રીતસર દવાખાનાં જ ચલાવવાં પડેલાં. સામાન્ય રીતે દુકાળ કે રેલની પછી રોગચાળો ફાટી નીકળે છે. પણ સ્વયંસેવકોના પ્રયાસોને લીધે ગુજરાતમાં એવું કશું બનવા ન પામ્યું. તા. ૨૯મી ઑગસ્ટ, ૧૯૨૭ના ‘ટાઈમ્સ ઑફ ઇન્ડિયા’ના અંકમાં તંત્રીએ પોતાની નોંધમાં જણાવ્યું કે, ‘ગયું રેલસંકટ જનસુખાકારીના આંકડામાં કશો ફેર પાડી શક્યું નથી તે માટે ગુજરાતને ધન્યવાદ ઘટે છે.’ તા. ૩૦મી ઑક્ટોબરના અંકમાં એ જ પત્રના પૂનાના ખબરપત્રીએ અગાઉના આંકડા સરખાવીને લખ્યું કે, ‘રેલસંકટને લીધે સંકટગ્રસ્ત વિસ્તારના કોઈ પણ ભાગમાં પાછલાં વર્ષો કરતાં મરણપ્રમાણ વધવા પામ્યું નથી.’

૭. અનાજ, બિયાવું, દવાઓ વગેરેની સાથે કપડાં પણ છૂટથી વહેંચવામાં આવ્યાં તથા જે ગરીબ માણસો બિલકુલ ઘરબાર રહિત થઈ ગયા હતા તેમને માથે કામચલાઉ ઢાંકણ થાય તે માટે મદદ આપવામાં આવી હતી. બધા પ્રકારની મદદમાં ગુજરાત પ્રાંતિક સમિતિને કુલ રૂપિયા પાંચ લાખનું ખર્ચ થયું હતું. આ ઉપરાંત જે સંસ્થાઓ તથા શાહુકારોએ બારોબાર મદદ વહેંચી તે જુદી.

આ સંકટના નિવારણ અર્થે સરદારે તાબડતોબ વ્યવસ્થા ઊભી કરી, તેને મુકાબલે સરકાર નિશ્ચેષ્ટ જેવી પડી રહી હતી. વૃષ્ટિ બંધ થયા પછી આઠેક દિવસે જ્યારે જિલ્લા કલેક્ટરોના તાલુકાઓ અને ગામો સાથે વ્યવહાર જોડાયા ત્યારે તાલુકા અમલદારોને નુકસાનીનાં પત્રકો તૈયાર કરવાના હુકમો મળ્યા. ઉત્તર વિભાગના કમિશનર રેલ વખતે પૂના હતા ત્યાંથી તા. ૪થી ઑગસ્ટે અમદાવાદ આવ્યા. ત્યાર પછી તેમણે તાલુકા દીઠ બબ્બે હજાર રૂપિયા મફત મદદના અને પંદર પંદર હજાર રૂપિયા તગાવી લોનના મંજૂર કર્યા. સરકારનું તંત્ર સામાન્ય રીતે જે મંદ ગતિએ ચાલે છે તે પ્રમાણે મામલતદારોનાં નુકસાનીનાં પત્રકો તૈયાર થાય અને પછી મદદ વહેંચાય ત્યાં સુધી લોકો બેસી

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



રહે તો મોતની જ વારી આવે. એટલે સરદારે કમિશનર સાહેબને જણાવી દીધું કે, ‘તમે આ સંકટને નાનુંસૂનું ન ગણો, લોકોને અન્નવસ્ત્રની અને એવી બીજી તાત્કાલિક રાહત આપવાની છે તેની ચિંતા ન કરો, એ અમે બરાબર જોઈ લઈશું. પણ લોકોની ધોવાઈ ગયેલી ખેતી નવેસરથી થઈ શકે તે માટે તથા તારાજ થયેલાં ઘરબાર ફરી ઊભાં કરવા માટે ભારે મદદની જરૂર પડશે. જેને લોકસંસ્થાઓ તથા ખાનગી વ્યક્તિઓથી ન જ પહોંચી શકાય, તેનો વિચાર કરો અને તે માટે સરકારને તૈયાર કરો.’

આવા સંકટને પ્રસંગે રૈયતને મદદ કરવા માટે મુંબઈ સરકાર પોતાની વાર્ષિક આવકમાંથી અમુક ટકા દુકાળનિવારણ ફંડ માટે અનામત રાખતી. તેનું અઢી કરોડ રૂપિયા જેટલું ભંડોળ એકઠું થયેલું હતું. આમાંથી મોટી રકમ આ સંકટનિવારણ માટે સરકારે કાઢવી પડશે એમ સરદારે મુંબઈ સરકારને લખ્યું ત્યારે એકાઉન્ટન્ટ જનરલે એવો મુદ્દો કાઢ્યો કે ભંડોળ દુકાળનિવારણ માટે છે અને આ તો રેલસંકટ છે માટે એમાંથી કશી મદદ ન થઈ શકે! પછી મુંબઈ સરકારના નાણામંત્રી સર ચૂનીલાલ મહેતા સંકટની પરિસ્થિતિ જોવા નડિયાદ આવ્યા અને સરકારી અમલદારો તથા સંકટનિવારણનું કામ કરતા મુખ્ય કાર્યકર્તાઓને મળ્યા. તેમણે ખાતરી આપી કે દુકાળનિવારણના અનામત ફંડમાંથી મદદ આપી શકાશે, એટલે એ ચર્ચા અટકી.

સંકટ જેમ મોટું હતું તેમ રાહતનું કામ પણ બાહોશીપૂર્વક ગોઠવાઈ ગયું હતું. એ બધું જોવા મુંબઈના ગવર્નર ૮મી સપ્ટેમ્બરથી ૧૫મી સપ્ટેમ્બર સુધી એક અઠવાડિયું ગુજરાતમાં ફર્યા. તેમણે ઘણાં ગામડાં તથા સંકટનિવારણનાં મથકો જોયાં. લોકો સાથે છૂટથી વાતો કરી ખરી સ્થિતિનો ખ્યાલ મેળવવાનો તેમણે પ્રયત્ન કર્યો. પ્રજાનાં દુઃખનો તેમને બરાબર ખ્યાલ આવ્યો અને સરકાર તરફથી ઘટતી મદદ આપવાનું તેમણે લોકોને આશ્વાસન આપ્યું. ગુજરાતના ખેડૂતોએ રેલ દરમ્યાન જે હિંમત અને બહાદુરીથી પોતાનો બચાવ કર્યો હતો તેની તેઓએ તારીફ કરી. રેલ પછી જે ઉદ્યમ અને ખંતથી તેઓ પોતાનાં વેરણછેરણ થઈ ગયેલાં ખેતરોને સમારી ફરી વાવેતર કરવા લાગી ગયા હતા તે જોઈ તેઓ આશ્ચર્યચકિત થયા. વરસાદ બંધ થતાંની સાથે જ સરદારના મોંમાંથી શબ્દ નીકળતાં સંકટનિવારણનું આખું તંત્ર ખડું થઈ ગયું હતું અને ગામડે ગામડે રાહતનું કામ ગોઠવાઈ ગયું હતું, એ તો તેમને એક ચમત્કાર જ લાગ્યો. ખૂબી તો એ હતી કે અન્નવસ્ત્રની તંગીની કે બીજી પ્રાથમિક રાહતની કોઈએ તેમની પાસે માગણી જ ન કરી. મોટાં ભારે નુકસાનો થયાં હતાં તે માટે વ્યાજના હળવા દરે લોનની માગણી લોકોએ કરી.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



તા. ૨૦મી સપ્ટેમ્બરે ના૦ શહેનશાહ તરફથી રેલસંકટનિવારણ અર્થે રૂ. ૨,૦૦૦ની મદદ જાહેર કરવામાં આવી અને ભારતમંત્રી લાર્ડ બર્કનહેડે દસ પાઉન્ડ સંકટનિવારણ ફંડમાં મોકલી આપ્યા.

હવે મકાન વગેરે માટે સરકાર કેવી શરતોએ લોન આપવાનું કરે છે તે જાણવા લોકો અધીરા થવા માંડ્યા હતા. સરદાર તો સરકારને હલાવી જ રહ્યા હતા. છેવટે એની યોજના વિચારવા માટે બૉમ્બે સેન્ટ્રલ ફ્લડ રિલીફ કમિટીના સભ્યોને તેમ જ સરદાર તથા ઠક્કર બાપાને તારથી પૂના બોલાવવામાં આવ્યા. તા. ૨૭–૯–'૨૭ના રોજ બપોરે એક વાગે સર ચૂનીલાલ મહેતાને બંગલે મીટિંગ થઈ. તેમાં લોનની શરતોનો ખરડો નક્કી થયો. દરેક આસામીની નુકસાનીનો અંદાજ કરી તેને આપવાની લોનની રકમ નક્કી કરવામાં સરકારી અમલદારની સાથે પ્રાંતિક સમિતિનો એક એક પ્રતિનિધિ રહે એવું નક્કી કરવામાં આવ્યું. બે વચ્ચે મતભેદ પડે તો તેનો નિર્ણય ઉપરી સરકારી અમલદાર તથા ઠક્કર બાપા કરે એમ ઠરાવ્યું. સરકારે એક કરોડ ત્રીસ લાખ રૂપિયા સુધીની લોન આવી રીતે આપવી એમ પણ ઠરાવ્યું. વધુમાં વધુ લોન રૂપિયા બે હજારની અને ભરપાઈ કરવાની મુદત વધુમાં વધુ દસ વર્ષની રાખવામાં આવી. ઓછામાં ઓછો વાર્ષિક હપ્તો રૂા. ૨૦નો ઠરાવ્યો. દલિત કોમોના ગરીબ વર્ગના માણસોને માટે મફત મદદના રૂપિયા દસ લાખ નક્કી કરવામાં આવ્યા અને વધુમાં વધુ રૂા. ૫૦ સુધીની મફત મદદ આપવાનું નક્કી થયું. તા. ૩૦મીના રોજ સરકારે આ ખરડો મંજૂર કર્યો અને એ પ્રમાણે જાહેરાત કરવામાં આવી.

વરસાદ બંધ થયા પછી તરત તા. ૩જી ઑગસ્ટના રોજ મુંબઈમાં સેન્ટ્રલ ફ્લડ રિલીફ કમિટીની સ્થાપના થઈ હતી. એ ફંડમાં સાડાતેર લાખ રૂપિયા એકઠા થયા હતા. તેમાંથી ગુજરાતમાં મદદ આપવા માટે તેમણે કેટલીક યોજનાઓ બનાવી. પણ ગુજરાત પ્રાંતિક સમિતિ તરફથી આખા સંકટગ્રસ્ત પ્રદેશમાં રાહતનું કામ ગોઠવાઈ ગયું હતું અને નાણાં પણ તેમને જોઈએ તેટલાં પ્રાંતિક સમિતિ તરફથી મળતાં હતાં, એટલે બૉમ્બે સેન્ટ્રલ ફંડનાં નાણાં ખર્ચાવાને માટે અવકાશ ન રહ્યો. એને લીધે એ ફંડના દાતાઓમાં કશી ગેરસમજ ઊભી થવા ન પામે એટલા માટે એના મંત્રી સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસ અને સરદારની સહીથી એક સંયુક્ત નિવેદન બહાર પાડવામાં આવ્યું. તેમાં જણાવ્યું કે અનાજ, કપડાં, બિયાવું, દવા વગેરે તાત્કાલિક મદદ પૂરતા પ્રમાણમાં ગુજરાત પ્રાંતિક સમિતિ તરફથી અપાઈ છે. હવે તારાજ થયેલા ભાગોની પુનઃરચના કરવાનું કામ કરવાનું છે. ઘરો ફરી બાંધવાના સંબંધમાં સરકારે મદદ કરવાની પોતાની નીતિ જાહેર કરી છે તે પ્રમાણે લોકોને

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



લોનો તથા દલિત વર્ગના ગરીબ લોકોને મફત મદદ મળશે. પણ મધ્યમ વર્ગના ગરીબ માણસો જેમની પાસે કોઈ જાતની જામીનગીરી ન હોય તેમને સરકાર તરફથી મદદ મળી શકે એમ નથી. આવાઓને મદદ આપવાનું સેન્ટ્રલ ફંડે માથે લીધું છે. આ ઉપરાંત ધર્મશાળાઓ, મંદિરો, મસ્જિદો, લાઇબ્રેરીનાં મકાનો, હરિજનોના કૂવા વગેરેને નુકસાન પહોંચ્યું છે તે સમરાવવામાં તથા ગામતળ બદલવા માટે જમીન મેળવવાની હોય તેમાં સેન્ટ્રલ ફંડ મદદ કરશે. સેન્ટ્રલ ફંડ કઈ એજન્સી મારફત આ કામ કરે એનો વિચાર કરતાં લાગે છે કે પ્રાંતિક સમિતિના કાર્યકર્તાઓ મારફત જ એ કામ કરવું સઘળી રીતે યોગ્ય છે એમનામાંથી થોડાંકનાં નામ લઈએ તો ભરૂચમાં ડૉ. ચંદુલાલ દેસાઈ, વડોદરામાં ડૉ. સુમન્ત મહેતા, આણંદમાં ઠક્કર બાપા, માતરમાં શ્રી નરહરિ પરીખ, ડાકોરમાં શ્રી મોહનલાલ પંડ્યા, નડિયાદમાં શ્રી લક્ષ્મીદાસ પુરુષોત્તમ, એવા વિશ્વાસપાત્ર અને અનુભવી કાર્યકર્તાઓ ગોઠવાઈ ગયા છે ત્યારે સેન્ટ્રલ ફંડ તરફથી બીજા માણસો ન જ મોકલી શકાય. આવા કાર્યકર્તાઓ કરતાં સારાની વાત તો કોરે રહી, પણ આમના જેવા સાચા અને વિશ્વાસપાત્ર બીજા કાર્યકર્તાઓ સેન્ટ્રલ ફંડને મળવા અશક્ય છે એટલે સેન્ટ્રલ ફંડે પોતાની તરફનું બધું કામ એમની મારફત કરવાનું નક્કી કર્યું છે.

સેન્ટ્રલ ફંડ તરફથી ઘરો બાંધવાની મફત મદદ માટે ખેડા જિલ્લામાં લગભગ સવાત્રણ લાખ રૂપિયા અપાયા અને વડોદરા રાજ્યમાં એક લાખ એકત્રીસ હજાર રૂપિયા અપાયા. તે ઉપરાંત સારી રકમનો સિમેન્ટ મફત વહેંચવામાં આવ્યો. વળી વડોદરા રાજ્યમાં તો તાત્કાલિક પ્રાથમિક મદદ માટે સેન્ટ્રલ ફંડ તરફથી ચાલીસેક હજાર રૂપિયા ખર્ચાઈ ચૂક્યા હતા. ગામતળની જમીન મેળવી આપવા માટે, ધર્મશાળા વગેરે સાર્વજનિક મકાનોની દુરસ્તી માટે તથા હરિજનોના કૂવા સમરાવી આપવામાં સેન્ટ્રલ ફંડ તરફથી લગભગ પંચોતેર હજાર રૂપિયા મદદ આપવામાં આવી.

બાંધકામ સારુ રોકડ રૂપિયાની મદદ આપવામાં આવે અને લોકોને વાજબી ભાવે માલ ન મળી શકે તો મદદનો મોટો ભાગ વેપારીઓના નફામાં ચાલ્યો જાય. તે માટે પ્રાંતિક સમિતિ તરફથી મકાન બાંધકામનો સામાન વેચવાની દુકાનો ખોલવાની યોજના ઘડી કાઢવામાં આવી અને એ કામ એક પેટાસમિતિની દેખરેખ નીચે વડોદરાના કંટ્રાક્ટર શ્રી મગનભાઈ શંકરભાઈ પટેલને સોંપવામાં આવ્યું. તે એમણે પ્રામાણિકપણે અને બાહોશીથી યશસ્વી રીતે પાર ઉતાર્યું. બિયાવું આપવામાં અનુભવ થયો હતો કે તગાવીની રોકડ રકમ આપવાને બદલે એટલી રકમની પ્રાન્તિક સમિતિની બીની દુકાન ઉપર ચિઠ્ઠી આપવાથી તગાવીની રકમ બીજા કામમાં વાપરી નાખવાની લોકોને

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



લાલચ રહેતી નથી અને સસ્તે દરે તેમને ખિયાવું મળે છે. એ અનુભવ ઉપરથી આ વખતે પણ સરકાર તરફની લોન તથા સરકાર તરફની અને સેન્ટ્રલ ફંડ તરફની મફત મદદ પૂરેપૂરી રોકડી ન આપતાં અમુક રકમ રોકડી અને અમુક રકમ બાંધકામના સામાનની દુકાન ઉપર ચિઠ્ઠીના રૂપમાં આપવાનું નક્કી કરવામાં આવ્યું. આ વ્યવસ્થાને લીધે વેપારીઓની નફાખોરી-માંથી લોકો બચી ગયા. એકલા ખેડા જિલ્લામાં લગભગ અઢાર લાખ રૂપિયાનો માલ ચિઠ્ઠીઓથી અને લગભગ આઠ લાખ રૂપિયાનો માલ રોકડેથી સમિતિની દુકાનોએથી વેચાયો. માલ લેનારાઓને બજારભાવ કરતાં એકંદરે વીસથી પચીસ ટકાનો બચાવ થયો એવો અંદાજ છે.

રાહતનું તમામ કામ કોમ કે ધર્મના ભેદભાવ વિના કરવામાં આવ્યું હતું. પણ રાહતનું કામ ચાલતું હતું તે અરસામાં કેટલીક જગ્યાએ હિંદુ મુસલમાન વચ્ચે બીજાં કારણોસર ઘર્ષણ થયેલાં અને તેથી અમને સમિતિ તરફથી બરાબર રાહત મળતી નથી એવા આક્ષેપો કરી કેટલાક મુસલમાનોએ અલાયદી મદદની અપીલ કરી. આ ઉપરથી મુંબઈથી શેઠ ઇબ્રાહીમભાઈ કરીમભાઈ અને શ્રી લક્ષ્મીદાસ રવજી તેરસી તપાસ કરવા માટે ખેડા જિલ્લામાં આવ્યા. નડિયાદ, ખેડા, માતર, મહેમદાવાદ વગેરે મથકોનાં રાહતનાં પત્રકો અને મદદની વિગતોના આંકડા તપાસતાં તેમની ખાતરી થઈ કે જરાયે ભેદભાવ વિના દરેક કોમને મદદ કરવામાં આવે છે. વસ્તીના પ્રમાણમાં મુસલમાન તથા ખ્રિસ્તી કોમને વધુ મદદ મળી છે એ તેમણે આંકડા ઉપરથી જોયું. બીજું તેમણે એ પણ જોયું કે જિલ્લાની મુસ્લિમ રિલીફ કમિટી ઊભી કરવામાં આવી છે પણ તેના હિસાબનું બરાબર ઠેકાણું નથી અને રાહત આપવાનું પણ ચોક્કસ ધોરણ નથી. તેમ છતાં મુસલમાનોના સંતોષની ખાતર પ્રાંતિક સમિતિ તરફથી સત્યાગ્રહાશ્રમવાળા ઇમામસાહેબની મુસલમાનોની ફરિયાદો તપાસવા માટે ખાસ નિમણૂક કરવામાં આવી.

આ વખતે શ્રી વિઠ્ઠલભાઈ વડી ધારાસભાના પ્રમુખ હતા. ગુજરાતમાં રેલ ફરી વળ્યાના સમાચાર જાણ્યા ત્યારથી જ ગુજરાતમાં આવી બની શકે તે સેવા કરવા તેઓ ઉત્સુક હતા. પોતાના નામથી સંકટનિવારણ ફંડ પણ તેમણે ખોલ્યું હતું. ધારાસભાની બેઠક પૂરી થતાં જ તેઓ સિમલા છોડી તા. ૨૭મી સપ્ટેમ્બરે નડિયાદ આવી પહોંચ્યા અને એક અદના સ્વયંસેવક તરીકે ગુજરાત પ્રાંતિક સમિતિના પ્રમુખ શ્રી વલ્લભભાઈના હાથ નીચે કામ કરવા પોતે આવ્યા છે એવું જાહેર કર્યું. બીજે જ દિવસથી શ્રી દાદુભાઈ દેસાઈ તથા ઇમામ સાહેબ અબ્દુલકાદર બાવઝીરને સાથે રાખી સંકટગ્રસ્ત પ્રદેશમાં તેમણે ફરવા માંડ્યું. સામાન્ય રાહતનું કામ તો બરાબર ચાલતું જ હતું પણ ભારે નુકસાન

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



થવાથી જ્યાં મોટી મદદ આપવાની હતી તે કામમાં તેમણે લક્ષ પરોવ્યું. કેટલીક જગ્યાએ નદી આખાં ને આખાં ખેતરો જ તાણી ગઈ હતી. તેમના માલિકોને રાહત આપવાની જરૂર હતી. કેટલીક જગાએ એકરો ને એકરો ખેતીની જમીન ઉપર 'દડ ફૂંકાયો' હતો એટલે કે નદીની રેતીના પાંચથી દસ ફૂટના થર બાઝી ગયા હતા અને વર્ષો સુધી આ ખેતરો ખેતીના ઉપયોગમાં ન આવે એવાં થઈ ગયાં હતાં. કેટલીક જગાએ નદીકાંઠાના ખેતરોમાંના કૂવા આખા ને આખા નદીની રેતીથી પુરાઈ ગયા હતા. શ્રી વિઠ્ઠલભાઈએ આવાં નુકસાનો તરફ સરકારનું વિશેષ ધ્યાન ખેંચ્યું અને આ બધું નજરે જોવા વાઈસરૉયને સંકટગ્રસ્ત પ્રદેશમાં બોલાવ્યા. તેઓ સાહેબ અને લેડી અર્વિન ડિસેમ્બરની ૧૧મી તારીખે ગુજરાતમાં આવ્યાં. એક દિવસ અમદાવાદ જિલ્લાને અને એક દિવસ ખેડા જિલ્લાને તેઓએ આપ્યો અને બે દિવસમાં બન્ને જિલ્લાઓનાં જેટલાં મથકે ફરી શકાય તેટલાં મથકે ફર્યાં. તા. ૧૨મીએ સાંજે શ્રી વિઠ્ઠલભાઈએ નડિયાદમાં વાઈસરૉયના માનમાં ગાર્ડન પાર્ટી આપી, તેમાં સંકટનિવારણનું કામ કરનારા મુખ્ય મુખ્ય કાર્યકર્તાઓ તથા ગુજરાતના ધારાસભ્યોને આમંત્રણ આપ્યું. વાઈસરૉયે તેમાં કહ્યું કે, 'બધું જોઈને તથા સાંભળીને મારી ખાતરી થઈ છે કે ગુજરાત પ્રાંતિક સમિતિના સ્વયંસેવકો સંકટગ્રસ્ત પ્રદેશમાં વખતસર ન પહોંચી ગયા હોત તો આ જળપ્રલયમાં જાનની ખુવારી પ્રમાણમાં નજીવી છે તેને બદલે ઘણી ભયંકર થઈ હોત. આ ખુવારી અટકાવવાનું માન પ્રાંતિક સમિતિના સ્વયંસેવકોને ઘટે છે.'

બહુ નીચાણ પ્રદેશમાં આવેલાં જે ગામો રેલને લીધે આખાં ને આખાં તણાઈ ગયાં હતાં તેનાં ગામતળ બદલવાની જરૂર હતી. મહેમદાવાદ તાલુકામાં ૧૦૪ ઘરની વસ્તીવાળું દંતાવા નામનું ગામ નવી જગાએ ગામની તેમ જ ઘરોની શાસ્ત્રીય રચના કરીને સ્વ૦ મગનલાલ ગાંધીએ વસાવવાની યોજના કરી. તેનું ખાતમુહૂર્ત શ્રી વિઠ્ઠલભાઈને હાથે કરાવ્યું અને ગામનું નામ વિઠ્ઠલપુર રાખ્યું. આવાં પાંચ છ બીજાં ગામનાં ગામતળ પણ બદલવામાં આવ્યાં અને ત્યાં નવાં ગામોની રચના થઈ.

ગાંધીજી આ બધો વખત માંદગીને કારણે બૅંગલોરમાં હતા. ગુજરાતમાંથી કેટલાકે તેમને તાર કરેલા કે ગુજરાતના આ સંકટની વેળાએ તમારે ગુજરાતમાં આવવું જોઈએ. તેમણે સરદારને તાર કરીને પૂછ્યું કે, આવું? સરદારે જવાબ આપ્યો કે, તમે દસ વર્ષ થયાં અમને જે તાલીમ આપતા રહ્યા છો તે અમે કેવી પચાવી છે અને તેનો અમલ કેવો કરીએ છીએ તે જોવું હોય તો ન આવશો. તે ઉપરથી તેઓ રોકાયા. સરદાર સાથે અને બીજા કાર્યકર્તાઓ સાથે તેમનો પત્રવ્યહાર તો ચાલતો જ હતો. તે ઉપરાંત 'નવજીવન'માં લેખો

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



લખીને લોકોને તેઓ આશ્વાસન આપી રહ્યા હતા અને સ્વયંસેવકોને માર્ગદર્શન કરી રહ્યા હતા. મદદ માટે નાણાંની અપીલ કરતાં તેમણે લખ્યું :

"હું દોડી આવવાજોગો નથી રહ્યો. આ તરફ (દક્ષિણ)નાં મહાપૂરોનો જેમને ખ્યાલ છે તેઓ અત્યારે ગુજરાતનાં ગામેગામ કેવાં ખાવા ધાતાં હશે એ કંઈક કલ્પી શકે એમ છે. ખેડા જિલ્લાનો બાહોશ અને મહેનતુ ખેડૂત ત્યાંની આબાદીનો આધારસ્તંભ છે. તેનાં ઘરમાલ તારાજ થાય અને ગામડાંની ભાગોળો તેનાં કીમતી ઢોરોની લાશોથી ગંધાઈ ઊઠે એ ચિતાર હૃદયભેદક છે.

"કરોડોનું નુકસાન તત્કાળ ભરપાઈ કરવાને માણસની ગમે તેટલી મહેનત પણ અસમર્થ છે. કરોડોની કિંમતનાં પાક, ઢોર, ઘરવખરી તથા બી નાશ પામ્યાં. ખેડૂતોએ મહામહેનતે ખેતરોમાં પૂરેલાં કીમતી ખાતર સમુદ્રમાં જઈ સમાયાં. એ ખોટ કોણ પૂરી શકે ? પણ જેણે પોતાનું સર્વસ્વ ગુમાવ્યું છે, તેના જખમ પર પ્રેમ અને આશ્વાસનનો એક બોલ પણ દવારૂપ છે. મને આશા છે, મારી આ અપીલ જેના જેના વાંચવામાં આવે તે મદદ કર્યા વિના નહીં રહે.

"સંકટનિવારણનું કામ ગુજરાત પ્રાંતિક સમિતિ હેઠળ ચાલી રહ્યું છે. વલ્લભભાઈ પાસે અનુભવી અને તાલીમ પામેલા, ગુજરાતનાં ગામેગામના ભોમિયા કાર્યકર્તાઓ અને સ્વયંસેવકો પડ્યા છે. તેથી દાન આપવા ઇચ્છનારાઓએ કોઈ જાતનો અંદેશો રાખવાનું કારણ નથી. . . . અત્યારે જે વહેલું આપશે તેણે બમણું આપ્યા બરાબર લેખાશે."

વિદ્યાર્થીઓને સંબોધીને તેમણે બીજા એક લેખમાં લખ્યું :

"વિદ્યાર્થીઓ સંકટનિવારણમાં જાતમહેનતનો ફાળો સરસ રીતે આપી રહ્યા છે એ વાંચીને મારું હૃદય ફૂલે છે. . . . મારી ઉમેદ છે કે કોઈ વિદ્યાર્થી એમ નહીં માનતો હોય અથવા વિદ્યાર્થિની એમ નહીં માનતી હોય કે, 'ભણતર છોડીને આ ઉપાધિમાં કયાંથી પડયાં.' એમ મનમાં ઉદ્વેગ થાય તો એ સેવા શરમે અને કમને કરી ગણાય, ને એટલી કાચી."

દાનનો સદુપયોગ થાય, લોકો લાલચુ ન બને અને સ્વયંસેવકો વિચારપૂર્વક બધું કામ કરે એ વિષે તેમની સૂચનાઓ બહુ કીમતી છે :

"છેક ગરીબ રહી જાય અને બળિયા લઈ જાય એ ભયથી પણ બચવાનું છે. જોકે તાણ છતાં મદદ નહીં જ લેનારાના સુંદર દાખલા મારી પાસે અત્યારથી જ આવવા લાગ્યા છે. તોપણ મદદ મળે છે તેથી લઈ લેનારા પડ્યા જ છે એમ હું પૂર્વના અનુભવ ઉપરથી જાણું છું. જ્યાં આપવાની જરૂર ન હોય ત્યાં ખોટી દયાથી, ડરથી કે શરમથી એક કોડી પણ ન આપવાનો નિયમ એટલે જ આવશ્યક છે જેટલો લાયકને ગમે તે ભોગે મદદ પહોંચાડવાનો છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

"આવે ભયાનક પ્રસંગે માણસનું મન બહુ ઉદાર થાય છે, ને માગે તેને તે આપવા ઇચ્છે છે. આવા અમર્યાદિત દાનથી લોકોનું ભલું થાય છે એમ હું નથી માનતો. સામાન્ય નિયમ તો એ છે કે સૌએ પોતપોતાની ઉપર આવી પડેલું દુઃખ ઉપાડી લેવું. જો બધા પોતપોતાનો બોજો ઊંચકી લે તો આ જગતમાં અપંગ બહુ થોડા જ નીકળે. પણ ઘણા માણસો અનેક પ્રકારે બીજાની ઉપર બોજારૂપ થઈ પડે છે અને અધિકાર કરતાં વધારે ભોગ ભોગવે છે. તેથી જ દરિદ્રી અને અપંગની મોટી સંખ્યા જોવામાં આવે છે. એટલે આવે પ્રસંગે ખરી અને મોટામાં મોટી મદદ તો થોડા જ દિવસો સુધી કરવાની હોય છે. જેની પાસે ખાવા પહેરવાનું ન હોય તેને થોડી મુદતને સારુ તે પહોંચાડવું. પછી તો સહુને તેમનો માર્ગ બતાવવાનું રહે છે. જેના હાથપગ સાજાતાજા છે તેને પૈસાનું દાન ઘણે ભાગે ન જ હોય."

નવરચના બાબત તેમણે લખ્યું :

"મહાપ્રલયો પછી તો નવી જ સૃષ્ટિ રચાય છે. આ પ્રલય મહાપ્રલયમાં ભલે ન ખપે પણ જાત તો એ જ છે. તેથી જો સ્વયંસેવકો સુધારક હોય, જ્ઞાની હોય, ધીરજવાન હોય તો નવી સૃષ્ટિ પણ રચે. લોકોની બૂરી આદતો હોય તેનો હોમ કરવા તેમને લલચાવે. ઘરો બાંધવામાં નવા વિચારો દાખલ કરાવે. જે ગામો ઉજ્જડ થઈ ગયાં છે તે જેમ તેમ પાછાં ઊભાં થાય, તેને બદલે તેની નવી સુવ્યવસ્થિત રચના થાય. જ્યાં વખતોવખત રેલો આવતી હોય તેવાં ગામો ખસેડીને બીજે નવાં વસાવાય.

"પણ આ કામ એક હાથે ન થાય. તેમાં સમાજનાં અગ્રગણ્ય અને ડાહ્યાં સ્ત્રીપુરુષોની સલાહ ને પ્રવૃત્તિ હોય. એમાં તો રાજ્યસત્તાનો પણ શુદ્ધ સહકાર જોઈએ.

"મારી પ્રાર્થના તો વલ્લભભાઈની અને એવા પ્રકારની ટુકડીઓને ઉદ્દેશીને છે."

ગાંધીજીની આ સલાહની લોકો ઉપર તેમ જ કાર્યકર્તાઓ ઉપર સારી અસર થઈ અને નવરચનાનું કામ બને તેટલું સુવ્યવસ્થિત કરવાનો પ્રયત્ન થયો.

મુંબઈ સરકારના નાણામંત્રી સર ચૂનીલાલ મહેતાએ ધારાસભામાં સંકટનિવારણને અંગે થયેલા ખર્ચનો હિસાબ રજૂ કરતાં પોતાના ભાષણમાં સરદારની સમયસૂચકતા, બાહોશી અને વ્યવસ્થાશક્તિની બહુ તારીફ કરી અને ગાંધીજીની ગેરહાજરીમાં તેમના સ્થાનને સારું દીપાવ્યું એમ જાહેર કર્યું. કાર્યકર્તાઓ અને સ્વયંસેવકોએ જે શિસ્ત અને કુશળતા બતાવી, તે પણ ગાંધીજીની આટલાં વર્ષની તાલીમનું સુપરિણામ છે એમ સ્વીકાર્યું.

સરકારે મિ. ગૅરેટને રેલ સંકટનિવારણના ખાસ અમલદાર નીમ્યા હતા. તેને અંગે મુખ્ય મુખ્ય કાર્યકર્તાઓના તેઓ ઠીક ઠીક પરિચયમાં આવ્યા. અસહકારીઓ સરકાર સામે ધાંધલ ઊભું કરવાની જ પ્રવૃત્તિ કરે છે એવી



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



માન્યતા સામાન્ય રીતે સરકારી અમલદારોની તે વખતે હતી. પણ સરદારના મ્યુનિસિપલ કાર્યનો એ લોકોને અનુભવ હતો અને તેને અંગે કેટલાકની સાથે તેમને મીઠી મૈત્રીનો સંબંધ પણ થયો હતો. આ કામમાં તો સરકારી અમલદારો સાથે તમામ કાર્યકર્તાઓએ સુંદર સહકાર કર્યો હતો અને પોતાની વ્યવસ્થાશક્તિની તેમણે એમના ઉપર ખૂબ છાપ પાડી હતી. એટલે મિ. ગૅરેટે એક વાર સરદારને પૂછ્યું કે, ‘આટલા સારા કામ માટે તમને અને તમારા મુખ્ય મુખ્ય સાથીઓને સરકાર કાંઈ માનચાંદ એનામત કરે એવી ભલામણ હું કરું તો તેમાં તમને કશો વાંધો છે?’ સરદાર આ સાંભળી ખડખડાટ હસ્યા. તેમણે જવાબ આપ્યો કે, મારા સાથીઓ તો તમારા માનચાંદથી બાર ગાઉ દૂર ભાગે એવા છે. સેવાનાં કાર્યોમાં જ એમને આનંદ છે. એમને તો કીર્તિ કે જાહેરાત પણ નથી જોઈતી.

સરદારે અને એમના સાથીઓએ આ કાર્ય લોકપ્રીત્યર્થે અથવા આત્મસંતોષને અર્થે જ કર્યું હતું. સરદારથી માંડીને નાનામાં નાના સ્વયંસેવકની મોટામાં મોટી અને ઊંડામાં ઊંડી ઇચ્છા એ હતી કે ગાંધીજી જેઓ બૅંગલોરમાં માંદગીને બિછાને હતા અને જેમનો આત્મા ગુજરાતના પીડિતો માટે દ્રવી રહ્યો હતો તેમણે આટલાં વર્ષોથી હૃદય નિચોવી નિચોવીને આપેલી તાલીમને બરાબર દીપાવવી. તેથી જ સ્વયંસેવકોએ ઉપરથી જે હુકમ આવ્યો તે હુકમનો અમલ કરવા વિષે કોઈ દિવસ આનાકાની નહોતી કરી. સરદારે પણ હુકમ છોડવામાં સંકોચ નહોતો રાખ્યો અને તેની સાથે સાધનો પૂરાં પાડવામાં પણ મણા નહોતી રાખી. મથકો ઉપર જેમને બેસાડ્યા હતા તેમને જાણે કોરી ચેકબુકો આપી દીધી હતી. તેમની પેન્સિલથી લખેલી ચિઠ્ઠી એમને મધરાતે મળી હશે તો તે વખતે ઊઠીને પણ સરદારે નાણાં મોકલ્યાં હતાં. તેમના દિલમાં એક જ લગની હતી કે આખા સંકટગ્રસ્ત વિસ્તારમાં કોઈ અનાજ વિના ભૂખ્યું ન રહે, કપડાં વિના ટાઢે ન મરે અને બી કે ખેતીનાં સાધન વિના એક ચાસ પણ જમીન વાવેતર વિનાની ન રહે. તેમની આ અભિલાષા અક્ષરશઃ પાર પડી અને તે ઉપરાંત પડી ગયેલાં ઘરો ફરી ઊભાં કરવાનું અને બિલકુલ નાશ પામી ગયેલાં ગામડાંની નવરચનાનું કામ પણ થયું.

ગુજરાતમાં આ વખતે જેવો જળપ્રલય થયો તેવા અથવા તેથી વિશેષ વિનાશકારી કુદરતના કોપ પહેલાં ઘણા થયા હશે પણ તેને માટે રાહતનું કામ જેવું વ્યવસ્થિત અને વિશાળ પાયા ઉપર આ વખતે થયું તેવું પહેલાં કદાચ નહીં થયું હશે. આ કામથી રાહતકાર્યની એક નવી પ્રણાલિકા શરૂ થઈ અને બિહારના વિકરાળ ભૂકંપ વખતે ગુજરાતના કાર્યકર્તાઓએ ત્યાં જઈ પોતાના અનુભવનો લાભ બિહારને આપ્યો.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

૨૭

# બારડોલી સત્યાગ્રહ

## ૧

સને ૧૯૨૧ની અમદાવાદની કૉંગ્રેસ પછી સ્વરાજને માટે બારડોલી તાલુકામાંથી સામુદાયિક સવિનય ભંગની લડત ઉપાડવા ધારેલી તે બંધ રહ્યા પછી અને ગાંધીજીના પકડાયા પછી સરદારે પોતાના સાથીઓ દ્વારા રચનાત્મક કાર્ય જોસથી ચાલુ રાખી કોક દિવસ બારડોલીને જ સત્યાગ્રહ માટે તૈયાર કરવાનાં સ્વપ્નાં સેવ્યાં હતાં. જોકે વાતાવરણ ધીમે ધીમે ઠંડું પડતું જતું હતું અને કાંઈક નિરાશા પણ વ્યાપવા માંડી હતી. છતાં એ વાતાવરણની પરવા કર્યા વિના કસાયેલા સેવકો તાલુકાના જુદા જુદા ભાગમાં થાણાં સ્થાપી, અડંગા નાખીને પડ્યા હતા અને આ ભૂમિને ગાંધીજીએ સત્યાગ્રહને માટે પસંદ કરી હતી એ વાતનું સ્મરણ લોકોમાં જાગ્રત રાખતા હતા. છેવટે ૧૯૨૮માં જમીનમહેસૂલ-વધારાના પ્રશ્ન ઉપર સરકારને પડકાર આપવાની તક પ્રાપ્ત થઈ તે સરદારે વધાવી લીધી અને લોકો પાસે એવો સફળ સત્યાગ્રહ કરાવ્યો જેની વીજળીક અસર આખા દેશ ઉપર પડી અને લોકોમાં નવી આશા અને નવા ઉત્સાહનો સંચાર થયો.

મુંબઈ ઇલાકામાં દર ત્રીસ વર્ષે ખેડૂતોની આર્થિક સ્થિતિની તપાસ કરી જમીનમહેસૂલના આકારમાં સુધારો કરવાની રીત પ્રચલિત હતી. બારડોલી તાલુકાની છેલ્લી જમાબંધી સને ૧૮૯૬માં થઈ હતી. એટલે ચાલતી પ્રથા પ્રમાણે સને ૧૯૨૬માં એમાં સુધારો કરવાનો સમય આવી પહોંચ્યો હતો. એ વેળાના સુરતના એક ડેપ્યુટી કલેક્ટર શ્રી જયકરને આકારણી અમલદાર નીમવામાં આવ્યા. તેમણે જમીનમહેસૂલના ચાલુ દરમાં પચીસ ટકાનો વધારો સૂચવ્યો. વળી ૨૩ ગામોને નીચલા વર્ગમાંથી ઉપલા વર્ગમાં ચઢાવવામાં આવ્યાં. એટલે એ ગામો ઉપર ઉપલા વર્ગના વધારે મહેસૂલનો તથા મહેસૂલના વધારેલા દરનો એમ બેવડો માર પડ્યો. આમ આખા તાલુકાનું મહેસૂલ ૩૦ ટકા વધી ગયું. ચાલુ મહેસૂલ રૂ. ૫,૧૪,૭૬૨ હતું તેને બદલે રૂ. ૬,૭૨,૨૭૩ કરવાની ભલામણ થઈ. આ ભલામણનાં કારણો તેમણે નીચે પ્રમાણે જણાવ્યાં હતાં :

૧. ગઈ જમાબંધી પછી ટાપ્ટી વેલી રેલવે નવી ખોલવામાં આવી છે અને તાલુકામાં અનેક પાકા નવા રસ્તાઓ થયા છે.



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

૨. વસ્તીમાં ૩૮૦૦નો વધારો થયો છે.

૩. ખેતીવાડીનાં સાધનો, ગાડાં અને દૂઝણાં ઢોરની સંખ્યામાં વધારો થયો છે.

૪. અનેક પાકાં મકાનો વધ્યાં છે.

૫. રાનીપરજ લોકોની સ્થિતિમાં કેળવણી અને દારૂનિષેધની પ્રવૃત્તિથી સુધારો થયો છે.

૬. અનાજ અને કપાસના ભાવમાં અસાધારણ ઉછાળો આવ્યો છે.

૭. ખેતીની મજૂરી બમણી વધી ગઈ છે.

૮. જમીનની કિંમતમાં તેમ જ ગણોતના દરમાં વધારો જ થતો જાય છે.

૯. ત્રીસ વરસ ઉપર જમીનમાંથી ઉત્પન્ન થતા પાકની કિંમતમાં સને ૧૯૨૪ના ભાવ પ્રમાણે રૂપિયા પંદર લાખનો વધારો થયો છે.

બારડોલી તાલુકા સમિતિએ આ રિપોર્ટનો જવાબ તૈયાર કરવા એક કમિટી નીમી. હું તેનો પ્રમુખ હતો. રિપોર્ટનો અભ્યાસ કરી તથા તાલુકામાં ફરી, આકારણી અમલદારે જણાવેલી હકીકતોને ખોટી પાડનારો પુરાવો અમે ભેગો કર્યો. 'નવજીવન'માં એક લેખમાળા લખી મેં રિપોર્ટની વિસ્તીર્ણ સમાલોચના કરી અને વધારાની ભલામણો માટે આપેલાં સઘળાં કારણોના ચોક્કસ રદિયા આપી તે પાયા વિનાનાં પુરવાર કર્યાં.

સરકારની જમીનમહેસૂલ ઠરાવવાની પદ્ધતિ કોઈ ચોક્કસ ધોરણ ઉપર રચાયેલી નથી એવી ટીકાઓ લોકનેતાઓ તેમ કેટલાક સરકારી અમલદારો તરફથી ઘણાં વર્ષોથી થયાં કરતી હતી. તેથી સને ૧૯૦૨માં એક વિસ્તૃત યાદી બહાર પાડીને સરકારે જાહેર કર્યું હતું કે ખેતીના ચોખ્ખા નફાના ૫૦ ટકા કરતાં જમીનમહેસૂલ વધારે હોવું જોઈએ નહીં. આ ધોરણ ઉપર પણ બહુ ટીકાઓ થઈ. એટલે ૧૯૨૪માં મુંબઈ સરકારે એક કમિટી નીમી. તેણે વધુમતે ભલામણ કરી કે ખેડૂતને જે ચોખ્ખો નફો થાય તેના ૨૫ ટકા જેટલો સરકારધારો હોવો જોઈએ. પણ સરકારે વધુમતીની ભલામણો માન્ય ન રાખી અને ઠરાવ્યું કે, 'ચોખ્ખા નફાનો ૫૦ ટકા જેટલો સરકારધારો લેવાની 'ચાલુ' પદ્ધતિને વળગી રહેવું જોઈએ.' પણ ખેતીનો ચોખ્ખો નફો શી રીતે ઠરાવવો એ કૂટ પ્રશ્ન હતો. એકંદરે ખેતી એ નફાનો નહીં પણ ખોટનો ધંધો છે. પણ જેમાં કરોડો લોકોને કામ મળે એવા બીજા કોઈ ઉદ્યોગને અભાવે લોકો નાછૂટકે ખેતીને વળગી રહે છે અને અધભૂખ્યા રહી કંગાળ અને દેવાદાર દશામાં પોતાનું જીવન વિતાવે છે.

તે વખતે મિ. ઍન્ડર્સન નામના ગૃહસ્થ સેટલમેન્ટ કમિશનર હતા. તેમનું કહેવું એમ હતું કે હિંદુસ્તાન જેવા વિશાળ દેશમાં ખેતી કરવાની પદ્ધતિ,

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



મજૂરી આપવાની રીત વગેરે બાબતોમાં એટલી બધી વિવિધતા છે કે પોતાની ખેતીમાં ખેડૂતને કેટલું ખર્ચ થયું એ નક્કી કરવું બહુ મુશ્કેલ છે. અને ખેતીનું ખર્ચ ન ગણી શકાય તો ખેતીનો ચોખ્ખો નફો શી રીતે તારવી શકાય? માટે ગણોતે અપાતી જમીનના ગણોતને જ ખેતીનો ચોખ્ખો નફો ગણવો જોઈએ. મહેસૂલમાં તેમને વધારો તો કરવો જ હતો પણ તે માટે શ્રી જયકરની દલીલો ચાલે એવી તેમને ન લાગી. શ્રી જયકરના રિપોર્ટ ઉપર તેમનો મુખ્ય સપાટો એ હતો કે:

"હું દિલગીર છું કે એમણે જમીનના પાકની કિંમત કેટલી વધી જાય છે એના ઉપર જ બધો આધાર રાખ્યો છે. . . . તે જણાવે છે કે તાલુકાની ખેતીના કુલ ઉત્પન્નમાં લગભગ પંદર લાખ જેટલો વધારો થયો છે, અને એ જણાવ્યા પછી તેમની બુદ્ધિમાં ઉદય થતો જણાય છે કે એમ કહેવાનો કશો અર્થ નથી. કારણ એવી રીતે ખેતીનું ખર્ચ પણ પંદર લાખ વધ્યું હોય તો વધારે મહેસૂલ લેવાનો કોઈ આધાર રહેતો નથી. વારુ, પણ ખેતીનું ખર્ચ, પંદર નહીં પણ સત્તર લાખ વધ્યું હોય તો તો મહેસૂલ ઓછું કરવું જોઈએ, વધારવાની તો વાત જ બાજુએ રહી. . . . આમ તેઓ કિલ્લાનો મુખ્ય દરવાજો જ ખુલ્લો રાખે છે, એટલે કોઈને હુમલો કરવો હોય તો ઘડીકમાં એના કાચા કિલ્લા ઉપર તૂટી પડી તેને સર કરી શકે એમ છે. ખેતીનું ખર્ચ ખેતીના ઉત્પન્ન કરતાં વધ્યું છે એમ કોઈ બતાવી દે એટલે શ્રી જયકર પાસે કશો જવાબ જ રહેતો નથી. આ સમજ્યા પછી જ કદાચ સમજાશે કે મહેસૂલઆકારણી ખેતીના ખર્ચ, ઉત્પન્ન અને તેના ભાવ ઉપર ન બાંધી શકાય પણ ગણોત ઉપર જ બાંધી શકાય."

આમ કહીને ઍન્ડર્સન સાહેબે શ્રી જયકરનો આખો રિપોર્ટ ફેંકી દીધો. માત્ર ગણોતના આંકડાવાળી પુરવણી, જે પછીની તપાસમાં ભારે બેદરકારીથી તૈયાર કરેલી અને અનેક ભૂલોવાળી સાબિત થઈ, તે તેમણે આંખો મીંચીને સ્વીકારી અને તેમાંય એક બાબતમાં તો તેઓ ભીંત ભૂલ્યા. શ્રી જયકરે પોતાની પુરવણીમાં સાત વર્ષનાં ગણોતો લીધાં હતાં અને સાતે વર્ષમાં ગણોતે અપાયેલી જમીનનો સરવાળો ૪૨,૯૨૩ એકર થતો હતો. એટલે ખરી રીતે તો દર વર્ષે છ હજાર એકર જમીન ગણોતે અપાતી હતી. પણ ઍન્ડર્સન સાહેબે એવી ગણતરી કરી કે તાલુકાની કુલ જમીન ૧,૨૭,૦૦૦ એકર છે તેમાંથી ૪૩,૦૦૦ એકર જમીન ગણોતે અપાય છે, એટલે કે આખા તાલુકાની ત્રીજા ભાગ જેટલી જમીન ગણોતે અપાય છે. આમાં આધભાગે અને બીજી રીતે અપાતી જમીન ઉમેરીને તેમણે હિસાબ કાઢ્યો કે કુલ જમીનની અડધોઅડધ જમીન ગણોતે અપાય છે!

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



આવા ખોટા હિસાબ ઉપર મંડાણ રચી તેમણે કુલ ૨૯ ટકાના વધારાની ભલામણ કરી. આમ સરકારની આગળ બે ઢંગધડા વગરના રિપોર્ટો જઈને પડ્યા. સને ૧૯૨૭ના જુલાઈ મહિનામાં સરકારે એક ઠરાવ બહાર પાડ્યો. તેણે સેટલમેન્ટ કમિશનરની સૂચના પ્રમાણે ગામોનું નવું વર્ગીકરણ બહાલ રાખ્યું અને સેટલમેન્ટ ઑફિસરની માલના વધેલા ભાવની દલીલ સ્વીકારી. સેટલમેન્ટ કમિશનરે સૂચવેલો ૨૯ ટકાનો વધારો અને સેટલમેન્ટ ઑફિસરે સૂચવેલો ૩૦ ટકાનો વધારો, એ બેને બદલે ૨૨ ટકા વધારો ઠરાવ્યો. તેનું કારણ એ જણાવ્યું કે કપાસના ભાવમાં ભવિષ્યમાં થનારો ઘટાડો ધ્યાનમાં લેવો જોઈએ.

બન્ને રિપોર્ટમાં કરવામાં આવેલી દલીલોનો લોકપક્ષ તરફથી નીચે પ્રમાણે જવાબ હતો:

૧. સેટલમેન્ટ કમિશનર મિ. ઍન્ડર્સને તો તાલુકામાં ડોકિયું પણ કર્યા વિના ઑફિસમાં બેઠે પોતાનો રિપોર્ટ તૈયાર કર્યો હતો. પણ સેટલમેન્ટ ઑફિસર શ્રી જયકરે પણ તાલુકામાં લોકોને મળ્યા વિના, તેમની પાસેથી કશી હકીકત જાણ્યા વિના, લોકોને પોતાની વાતો સંભળાવવાની તક આપ્યા વિના, તાલુકાના ગામોએ ઘોડા દોડાવી ઉપલકિયા નજરે જે દેખાયું તે ઉપરથી પોતાની આકારણીના દરો નક્કી કર્યા હતા.

૨. ટાપ્ટી વેલી રેલવેથી ગામડાંને ફાયદો થયો તે કારણે શ્રી જયકરે કેટલાંક ગામડાંના વર્ગો ચઢાવ્યા અને મિ. ઍન્ડર્સને તેમની દલીલને ટેકો આપ્યો પણ ૧૮૯૬માં જમાબંધી કરતી વેળાએ તે વખતના સેટલમેન્ટ ઑફિસરે રેલવેની વાત ધ્યાનમાં લઈને તે ગામોના દર વધાર્યા જ હતા. પોતાના રિપોર્ટમાં તેમણે સ્પષ્ટ લખ્યું છે:

> “બી. બી. સી. આઈ. રેલવેના એજન્ટ પાસેથી મને ખબર મળી છે કે ટાપ્ટી લાઈન આવતે વર્ષે આ જ સમયે શરૂ થશે. ગમે તેમ હો, પાંચ વરસ પછી બારડોલી સુરતની સાથે રેલવેથી જોડાશે એમ માનવામાં કશી અડચણ નથી. અને આ આકારણી દાખલ થયા પછી ત્રીસ વર્ષ ચાલશે, માટે જમીનના આકારના દર નક્કી કરતી વખતે ભવિષ્યમાં થનારી રેલવેના ફાયદા ધ્યાનમાં લેવામાં વાંધો નથી.”

૩. બારડોલી તાલુકાના પાકા નવા રસ્તાઓ વિષે તો કશું કહેવા જેવું જ નથી. આજે ૧૯૫૦માં જે પાકી સડકો કહેવાય છે તે ગામડાંની ગરેડો કરતાં બહુ ચઢે એવી નથી. કેટલાંય વર્ષ ઉપર એક આકારણી અમલદારે લખ્યું હતું કે એ રસ્તા ‘માણસ અને પશુનાં કાળજાં તોડે એવા’ છે. બારડોલી તાલુકો જ્યારથી આપણા હાથમાં આવ્યો છે ત્યારથી એ બહુ ભારે મહેસૂલ ભરતો

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



આવ્યો છે, તેનો વિચાર કરીને પણ આપણે ત્યાં સારા રસ્તા કરવા જોઈએ. ૧૯૨૬ સુધી તો એવો કોઈ સારો રસ્તો બારડોલી તાલુકામાં થયો ન હતો.

૪. તાલુકાની વસ્તીમાં ત્રીસ વર્ષમાં ૩૮૦૦નો વધારો થયો, એ વધારો કહેવાતો હશે ?

૫. ઢોરમાં એકલી ભેંસોની સંખ્યા થોડી વધી હતી પણ બળદની સંખ્યામાં ઘટાડો થયાનું શ્રી જયકરે પણ કબૂલ કર્યું હતું.

૬. પાકાં નવાં મકાન મોટે ભાગે લોકોએ આફ્રિકાથી ધન કમાઈ લાવીને બાંધ્યાં હતાં.

૭. રાનીપરજ લોકોમાં કેળવણી અને દારૂનિષેધની ચળવળ લોકોએ ચલાવી તેથી શું તેમના ઉપર ૨૨ ટકા મહેસૂલ વધારવું ? હકીકતમાં તો એ લોકો ઉપર કરજનો બોજો વધતો જતો હતો અને લોકો જમીન ખોતા જતા હતા.

૮. માલના ભાવ લડાઈને કારણે ૧૯૧૮ પછી વધવા માંડ્યા હતા પણ ૧૯૨૫ પછી ઘટવાના શરૂ પણ થઈ ગયા હતા.

૯. ખેતીનું ખર્ચ બમણું નહીં પણ ચાર ગણું વધ્યું હતું. જે બળદ જોડના સો રૂપિયા પડતા તેના ૧૯૨૫-૨૬માં ચારસો પડતા. જે ગાડાં પચાસ કે પોણોસો રૂપિયે થતાં તેના દોઢસો આપવા પડતા. જે દૂબળો પચીસ કે ત્રીસ રૂપિયે કામે બંધાતો તે બસો કે ત્રણસો રૂપિયે પણ નહોતો મળતો.

૧૦. જમીનની કિંમતમાં લડાઈ પછીનાં વરસોમાં વધારો થયો હતો ખરો, પણ ગામેગામ થયેલાં વેચાણની તપાસ કરતાં મોટા ભાગનાં વેચાણ પરદેશથી કમાઈ આવેલા લોકોએ કરેલાં જોવામાં આવ્યાં હતાં. સેટલમેન્ટ રિપોર્ટમાં પરદેશની કમાણીનો ઉલ્લેખ સરખો નહોતો.

૧૧. ગણોતના દાખલાઓમાંથી વેચાણ ગારો જેમાં વ્યાજને ગણોત તરીકે ગણવામાં આવ્યું હોય, જમીનમાં ખાતર નાખવાથી અથવા બીજો સુધારો કરવાથી વધુ ગણોત ઊપજ્યું હોય, પોતાના ખેતરની નજીકનું જ ખેતર ખેડૂત ગણોતે રાખે તેના ચાલુ દર કરતાં વધુ પણ આપે, એવાં એવાં કારણોએ ભારે ગણોતો ઊપજ્યાના દાખલાની બરાબર તપાસ કરી તે બાદ કરવાં જોઈએ અને શુદ્ધ ગણોત તારવવાં જોઈએ. પણ સેટલમેન્ટ ઑફિસરે આવી કશી તપાસ કરી નહોતી.

બારડોલી તાલુકા સમિતિએ નીમેલી તપાસ સમિતિએ રિપોર્ટની એકેએક દલીલના ઉપર પ્રમાણે રદિયા આપ્યા અને વધારો તો શું પણ ચાલુ દર પણ વાજબી નથી એ ખેડૂતોના આવકખર્ચના આંકડા આપી બતાવ્યું. ધારાસભામાંના પોતાના પ્રતિનિધિઓને આગળ કરી લોકો રેવન્યુ મેમ્બરની પાસે ડેપ્યુટેશન લઈ ગયા. સરકારનો ઠરાવ બહાર પડ્યા પછી તાલુકાના ખેડૂતોની એક પરિષદ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



રા૦ સા૦ દાદુભાઈ દેસાઈના પ્રમુખપણા નીચે થઈ અને વધારાની રકમ ન ભરવાનો ઠરાવ કર્યો. આ બધાની કશી અસર ન થઈ અને ફીસના હપ્તા નવા દર પ્રમાણે વસૂલ કરવાના તલાટીઓ ઉપર હુકમ નીકળ્યા.

૨

આ સંજોગોમાં લોકોએ શું કરવું ? તેઓ સરદાર પાસે ગયા. પણ તેમણે જવાબ આપ્યો કે ધારાસભાના સભ્યો તમને દોરી રહ્યા છે ત્યાં તેમના કામમાં વચ્ચે પડવું એ મને શોભે નહીં. ધારાસભાના સભ્યોએ લોકોને સાફ કહી દીધું કે અમારાથી હવે કશું થાય એમ નથી અને હવે તમારે બીજું જે કાંઈ કરવું હોય તે કરો. આમ તેમની સલાહ અને સંમતિ મેળવીને લોકો ફરી પાછા સરદાર પાસે ગયા. આ વખતે તેમની સાથે તાલુકા સમિતિના મંત્રી ખુશાલભાઈ તથા બારડોલી તાલુકાના બીજા કાર્યકર્તાઓ શ્રી કુંવરજીભાઈ, કલ્યાણજીભાઈ, કેશવભાઈ વગેરે હતા. સરદારે શાંતિથી તેમની વાત સાંભળી, કંઈક આશા આપી અને કહ્યું: 'તમે પાછા બારડોલી જાઓ, એકલો વધારો જ નહીં, પણ આખું મહેસૂલ ન ભરવા ખેડૂતો તૈયાર હોય અને તેમ કરતાં છેક ફના થવા તૈયાર હોય તો હું આવવા ખુશી છું. તમે આખા તાલુકામાં ફરી વળો અને લોકો શું કહે છે તથા કેટલા તૈયાર છે તેની તપાસ કરી મને જણાવો.'

આ વાત તા. ૨૦મી જાન્યુઆરીના અરસામાં બની. ફીસનો હપ્તો ૫મી ફેબ્રુઆરીથી શરૂ થતો હતો. એટલે આઠદસ દિવસમાં જ તપાસ કરવાની હતી. રાત કે દિવસ જાણ્યા સિવાય આખો તાલુકો કાર્યકર્તાઓ ખૂંદી વળ્યા અને ઘણાંખરાં ગામોનો અભિપ્રાય જાણી લઈ તેઓ પાછા અમદાવાદ આવ્યા. આ વખતે તેઓ પોતાની સાથે દરબાર સાહેબ તથા પંડ્યાજીને અને રવિશંકર મહારાજને પણ લાવ્યા હતા. સરદારની સાથે બધું મંડળ આશ્રમમાં ગાંધીજી પાસે ગયું. સરદારે ગાંધીજીને કહ્યું કે પોતે કેસ તપાસી ગયા છે અને લડત વાજબી લાગે છે. સરદારે નિશ્ચય કરી લીધો છે એમ જાણતાની સાથે જ ગાંધીજી બોલ્યા: 'ત્યારે મારે તો એટલું જ ઇચ્છવું રહ્યું કે વિજયી ગુજરાતનો જય હો.'

તા. ૪થી ફેબ્રુઆરીએ સરદાર બારડોલી પહોંચ્યા. તે દિવસે તેમના પ્રમુખપણા નીચે આખા તાલુકાના ખેડૂતોની પરિષદ રાખવામાં આવી હતી. તેમાં ૮૦ ગામના નાનેથી મોટા ખેડૂતો આવ્યા હતા. બધાની ખૂબ ચકાસણી કરી જોયા પછી સરદારે જાહેર ભાષણમાં તેમને ગંભીર ચેતવણી આપી:

"મારી સાથે ખેલ ન થાય. બિનજોખમી કામમાં હું હાથ ઘાલનારો નથી. જેને જોખમ ખેડવાં હોય તેની પડખે હું ઊભો રહીશ. ૧૯૨૧માં આપણી કસોટી થવાની હતી, પણ ન થઈ. હવે સમય આવ્યો છે. પણ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



તમે તૈયાર છો? આ એક તાલુકાનો પ્રશ્ન નથી; અનેક તાલુકાઓ અને અનેક જિલ્લાઓનો છે. તમે હારશો તો બધાનું ભાવી બગડશે.”

આવી આવી વાતો સંભળાવી, શાંતિથી બધાં જોખમોનો વિચાર કરી નિશ્ચય કરવા માટે લોકોને સાત દિવસની મુદત આપી સરદાર પાછા અમદાવાદ આવ્યા, અને તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરીએ ગવર્નરને વિગતવાર કાગળ લખ્યો. તેમાં જણાવ્યું:

“મારી વિનંતી એટલી જ છે કે લોકોને ન્યાય આપવા ખાતર સરકાર ઓછામાં ઓછું એટલું કરે કે નવી આકારણી પ્રમાણે મહેસૂલ વસૂલ કરવાનું હમણાં મુલતવી રાખે અને આખો કેસ નવેસરથી તપાસી જાય. એ તપાસમાં લોકોને પોતાનો કેસ રજૂ કરવાની તક આપવામાં આવે અને સરકાર ખાતરી આપે કે લોકોની રજૂઆતને પૂરતું વજન આપવામાં આવશે. . . . આ લડત તીવ્ર સ્વરૂપ પકડે તેવો સંભવ છે. પણ તે અટકાવવી આપના હાથમાં છે. રૂબરૂ મળવા જેવું લાગે તો બોલાવો ત્યારે આપને મળવા આવવા હું તૈયાર છું.”

ગામોનું નવું વર્ગીકરણ કરી કેટલાંક ગામોને ઉપલા વર્ગમાં ચઢાવી તેનું જમીનમહેસૂલ ૫૦થી ૬૦ ટકા વધાર્યું હતું તેમાં સરકારે કેટલીક કાયદાની ભૂલો કરી હતી. એ તરફ પણ એ જ કાગળમાં તેનું ધ્યાન ખેંચ્યું. આ કાગળનો એક ટૂંકો ને ટચ જવાબ ગવર્નરના પ્રાઇવેટ સેક્રેટરીએ લખ્યો કે તમારો કાગળ નિકાલ માટે મહેસૂલ ખાતા તરફ રવાના કરવામાં આવ્યો છે. તા. ૧૧મી સુધી મહેસૂલ ખાતાનો જવાબ ન આવ્યો એટલે ખેડૂતોને વિચાર કરવા આપેલી મુદત પૂરી થતાં તા. ૧૨મીએ સરદાર બારડોલી પહોંચ્યા. લોકો સાથે પેટ ભરીને ચર્ચા કરી. એકેએક ગામના માણસોને ફેરવી ફેરવીને સવાલો પૂછ્યા. તેમના જવાબોમા સાચનો રણકાર, પાકી દૃઢતા અને મક્કમ નિશ્ચય દેખાયો. છતાં સરદારે વધુ ચેતવણી આપી:

“આ લડતમાં ભારે જોખમો રહેલાં છે. જોખમભરેલું કામ ન કરવું એ સારું, પણ કરવું તો હરકોઈ ભોગે પાર ઉતારવું. હારશો તો દેશની લાજ જશે. મજબૂત રહેશો તો આખા દેશને લાભ પહોંચાડશો. વલ્લભભાઈ જેવો લડનારો મળ્યો છે તેના જોરે લડશું એવું મનમાં હોય તો લડશો જ મા. કારણ તમે જો તૂટી પડયા તો સો વરસ સુધી નથી ઊઠવાના એ ખચીત માનજો. આપણે જે ઠરાવ કરવો છે તે ઠરાવ તમારે જ કરવાનો છે. માટે પૂરો વિચાર કરીને, બરાબર સમજીને જે કરવા ધારો તે કરશો.”

તા. ૪થી તથા તા. ૧૨મીની સભાઓમાં ચોર્યાસી તાલુકાના પણ ઘણા ખેડૂતો આવ્યા હતા. કારણ, એ તાલુકામાં પણ નવી આકારણી થઈ હતી અને જમીનમહેસૂલના દરમાં વધારો થયો હતો. સરદારે તેમની સાથે પણ ખૂબ વાતો કરી અને તેમને સમજાવ્યા:

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

“ બારડોલીનો સત્યાગ્રહ કેવળ બારડોલીને જ મદદ નહીં કરે, ચોર્યાસીનું કામ અનાયાસે થશે. અમારાથી આજે બે તાલુકાને પહોંચાય એવી સ્થિતિ નથી. . . . વળી, તમારે ત્યાં ૪૦–૫૦ ટકા જેટલા ખાતેદારો તો સુરત રાંદેરના ધનાઢ્ય માણસો છે. એમના ઉપર કલેક્ટર કમિશનરનું દબાણ પણ ચાલી શકે. એ લોકો ઝટ પૈસા ભરી દે અને પછી તમે લોકો ગભરાઈ જાઓ. હું તમને આમ ખાડામાં કેમ ઉતારું ? આપણી પિછોડી જોઈને જ સોડ તાણવી જોઈએ. બાકી બારડોલીનું જે થશે તે તમારું પણ થવાનું જ એમ ચોક્કસ માનજો. ”

ચોર્યાસીના લોકો આ વાત સમજી ગયા. પછી સરદાર જાહેર સભામાં ગયા અને બધી વસ્તુ સભાને વિસ્તારથી સમજાવી. તેનો સાર ભાગ નીચે આપ્યો છે:

“ મેં સરકારને કાગળ લખ્યો હતો. તેમાં નિષ્પક્ષ પંચ નીમી તપાસ કરવાની માગણી કરી હતી. સરકારનો જવાબ આવી ગયો છે કે તમારો કાગળ રેવન્યુ ખાતામાં વિચાર અને નિકાલ માટે મોકલ્યો છે. એ જવાબ જ ન કહેવાય. સરકારનો જમીનમહેસૂલનો કાયદો ભારે અટપટો અને ગૂંચવણ-ભરેલો છે. એ એવી રીતે ઘડેલો છે કે સરકાર તેનો જ્યારે જેવો ધારે તેવો અર્થ કરી શકે. જુલમીમાં જુલમી રાજ્યમાં હોય એવો એ કાયદો છે. . . . એ કાયદા પ્રમાણે તો ખેડૂતને ખેતીમાં જે ચોખ્ખો નફો રહે તેના ઉપર મહેસૂલ આકારવાનું ધોરણ મૂકેલું છે. પણ ખેડૂતને ચોખ્ખો નફો થતો હોય તો ને ? એટલે સેટલમેન્ટ કમિશનરે ગણોતને જ ચોખ્ખો નફો ગણી, એના દર વધ્યા છે એટલી જ બીના ઉપર નવી આકારણી ઠરાવી છે. . . . તેમાં પણ કાયદાની અનેક ભૂલો કરી છે. . . . સરકારને તો ઓણસાલ જ નવી આકારણીનો અમલ કરવાની ઉતાવળ હતી. તેણે ધાર્યું કે જમીનમહેસૂલના કાયદાની ઝીણવટો ભાગ્યે જ કોઈ સમજતું હશે, એટલે આપણે જેમ કરીશું તેમ ચાલશે. . . . મારા કાગળનો નિકાલ થતાં સુધી હપ્તો મુલતવી રાખ-વાનું કહ્યું, પણ સરકાર એ થોડું જ મોકૂફ રાખે ? . . . આ સ્થિતિમાં મારે સરકારને વધુ શું કહેવાપણું હોય ? આપણે બધા જ ઉપાયો અજમાવી ચૂક્યા. હવે છેવટનો એક જ ઉપાય બાકી રહ્યો છે. તે બળની સામે બળનો છે. સરકાર પાસે હકૂમત છે, તોપબંદૂક છે, પશુબળ છે. તમારી પાસે સાચનું બળ છે, દુ:ખ સહન કરવાની શક્તિ છે. આવાં આ બે બળનો મુકાબલો છે. . . . સરકારની વાત અન્યાયની છે અને તેની સામે થવું એ ધર્મ છે, એ વાત તમારા અંતરમાં ઊગી ગઈ હોય, તો તમારી સામે સરકારની બધી શક્તિ કશું કામ કરી શકવાની નથી. તેમને લેવું છે પણ દેવાનું તમારે છે. ભરવું ન ભરવું એ તમારી ઇચ્છાની વાત છે. તમે એમ ઠરાવો કે અમે રાતી પાઈ ભરનાર નથી, આ સરકાર મરજીમાં આવે તે કરો, જપ્તીઓ કરો, જમીનો ખાલસા કરો, અમે આ આકારણી સ્વીકારતા નથી તો તે લેવાનું સરકારથી કદી બની શકવાનું નથી. . . . આ રાજ્ય પાસે એવું કોઈ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



સાધન નથી કે તમારો નિશ્ચય તોડાવી શકે ને તમને ભાંગી શકે. પણ કોઈના ચઢાવવાથી, કોઈના કે મારા જેવા ઉપર આધાર રાખીને નિશ્ચય ન કરશો. તમારા જ બળ ઉપર ઝૂઝવું હોય, તમારી જ હિંમત હોય, આ લડત પાછળ ખુવાર થઈ જવાની તમારામાં શક્તિ હોય તો જ આ કામ કરજો. . . . જે નિશ્ચય કરો તે ઈશ્વરને હાજર સમજીને પાકે પાયે કરજો કે પાછળથી કોઈ તમારા તરફ આંગળી ન ચીંધે. પણ જો તમારા મનમાં એમ હોય કે મીણનો હાકેમ પણ લોઢાના ચણા ચવડાવે, ત્યાં આવડી મોટી સત્તા સામે આપણું શું ગજું, તો તમે આ વાત છોડી જ દેજો. જો તમને લાગે કે જે રાજ્ય કોઈ રીતે ઇન્સાફની વાત કરવા તૈયાર નથી તેની સામે ન લડવું ને પૈસા ભરી દેવા તેમાં આપણી ને આપણાં બાળબચ્ચાંની બરબાદી જ થાય છે, એટલું જ નહીં પણ આપણું સ્વમાન પણ જાય છે, તો જ તમે આ લડત માથે લેજો. . . . આ કંઈ લાખ સવાલાખના વધારાનો કે ત્રીસ વરસના સાડત્રીસ લાખનો સવાલ નથી, પણ સાચજૂઠનો સવાલ છે, સ્વમાનનો સવાલ છે. આ સરકારમાં ખેડૂતનું કોઈ કદી સાંભળે નહીં એ પ્રથાની સામે આમાં થવાનું છે.”

પરિષદમાં ધારાસભાના ત્રણ સભ્યોએ હાજરી આપી હતી. તેઓએ પોતાના ભાષણમાં જણાવ્યું કે અમારાથી લઈ શકાય તેટલાં પગલાં અમે લઈ ચૂક્યા, અને તેમાં ન ફાવ્યા એટલે હવે સત્યાગ્રહને પંથે દોરી શકે એવા નેતાને તમને સોંપતાં અમને આનંદ થાય છે.

પછી પરિષદે અનાવલા, પાટીદાર, વાણિયા, પારસી, મુસલમાન, રાનીપરજ, એમ બધી કોમોના પ્રતિષ્ઠિત ખાતેદારોના ટેકાથી સત્યાગ્રહનો નીચેનો ઠરાવ પસાર કર્યો :

**બારડોલી તાલુકાના ખાતેદારોની આ પરિષદ ઠરાવ કરે છે કે અમારા તાલુકામાં લેવામાં આવતા મહેસૂલમાં સરકારે જે વધારો લેવાનો જાહેર કર્યો છે તે અયોગ્ય, અન્યાયી અને જુલમી છે એમ અમારું માનવું છે; એટલે જ્યાં સુધી સરકાર ચાલુ મહેસૂલને પૂરેપૂરા મહેસૂલ તરીકે લેવા, અગર તો નિષ્પક્ષ પંચ મારફતે આ આંકણી ફરી તપાસવા તૈયાર ન થાય ત્યાં સુધી સરકારને મહેસૂલ મુદ્દલ ન ભરવું; અને તેમ કરતાં સરકાર જપ્તી, ખાલસા વગેરે જે કંઈ ઉપાયો લે તેથી પડતાં સઘળાં કષ્ટો સહન કરવાં.**

**જો વધારા વિનાના ચાલુ મહેસૂલને પૂરેપૂરા મહેસૂલ તરીકે લેવા સરકાર કબૂલ થાય તો તેટલું મહેસૂલ બિનતકરારે તુરત ભરી દેવું.**

આમ સંગ્રામ મંડાયા. તાલુકામાં કોઈ નબળા પોચા હોય તેને ઉત્સાહિત કરવા, કોઈ સ્થળે જુદી જુદી કોમો વચ્ચે મેળ ન હોય તો મેળ કરાવી એક

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

સંપ રાખવા, સરકારી અમલદારો કોઈ જગાએ ખેડૂતોને ફોસલાવી પટાવી, કોઈ જગાએ ડર બતાવી, કોઈ જગાએ ઝેરી પ્રચાર કરી મહેસૂલ વસૂલ કરવા તજવીજ કરી રહ્યા હતા તેની સામે લોકોને સાવધાન રાખવા સ્થળે સ્થળે છાવણીઓ ખોલી દેવામાં આવી અને ત્યાં કલ્યાણજીભાઈ, કુંવરજીભાઈ, કેશવભાઈ, ખુશાલભાઈ, ડૉ. ત્રિભુવનદાસ વગેરે તાલુકાના ચુનંદા કાર્યકર્તાઓને ગોઠવી દેવામાં આવ્યા. બીજા કાર્યકર્તાઓ પણ બારડોલીમાં ઊતરી પડ્યા. અબ્બાસ સાહેબ તૈયબજી, ડૉ. ચંદુભાઈ દેસાઈ, દરબાર સાહેબ, મોહનલાલ પંડ્યા, રવિશંકર મહારાજ, ગોરધનદાસ ચોખાવાળા, ઇમામ સાહેબ, ડૉ. સુમન્ત મહેતા તથા સૌ. શારદાબહેન, એમણે બારડોલીમાં પહોંચી જઈ જુદાં જુદાં થાણાં સંભાળી લીધાં. શ્રી મણિલાલ કોઠારી લડત માટે નાણાં એકઠા કરવાના કામમાં મંડી પડ્યા. જુગતરામભાઈ અને કલ્યાણજીભાઈએ પ્રકાશન ખાતું સંભાળી લીધું અને એકે પોતાની કસાયેલી કલમ વડે અને બીજાએ ફોટો ખેંચવાની પોતાની કાબેલિયત વડે એ શોભાવ્યું. પાછળથી પ્રકાશન ખાતામાં શ્રી પ્યારેલાલજી જોડાયા અને તેમણે અંગ્રેજી વિભાગ કુશળતાથી સંભાળી લીધો. પ્રકાશન ખાતા તરફથી નીકળતી પત્રિકાઓ લોકોનો રોજનો ખોરાક થઈ પડી અને મુંબઈનાં દૈનિકપત્રો રોજ રોજ એ પત્રિકાઓ આખી ને આખી ઉતારવા લાગ્યાં. કાઠિયાવાડથી પણ એક ટુકડી શ્રી ફૂલચંદભાઈ, તેમનાં પત્ની શ્રી શારદાબહેન, ભાઈ શિવાનંદ તથા શ્રી રામનારાયણ ના૦ પાઠકની આવી પહોંચી. તેમણે ટૂંકાં અને તરત મોઢે ચઢી જાય એવાં સત્યાગ્રહી ગીતોની રમઝટથી આખા તાલુકાને ગજાવી મૂક્યો. ચોરે અને ચકલે, ખેતરોમાં અને શેરીઓમાં આબાલવૃદ્ધ સૌ એ ગીતો લલકારવા લાગ્યાં :

અમે લીધી પ્રતિજ્ઞા પાળશું રે
ભલે કાયાના કટકા થાય — અમે૦

* * *

ડંકો વાગ્યો લડવૈયા શૂરા જાગજો રે
શૂરા જાગજો રે, કાયર ભાગજો રે — ડંકો૦

* * *

માથું મેલો સાચવવા સાચી ટેકને રે
સાચી ટેકને રે, સાચી ટેકને રે — માથું૦

મુસલમાન વર્ગમાં ઉત્સાહ લાવવાનું કામ પાક મુસલમાન ઇમામ સાહેબે ઉપાડી લીધું. પોતાની બાર વરસની ઉંમરથી તેઓ એક પણ રોજો ચૂક્યા નહોતા. લડત દરમ્યાન રમજાન મહિનો આવ્યો. તે વખતે ખૂબ ફરવાનું હોવા છતાં તેમણે રોજા રાખ્યા અને રોજા છતાં બારડોલીથી વાલોડ સુધી જઈ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

મસ્જિદમાં વાયજ આપી આવતા. આની અસર મુસલમાન ભાઈઓ ઉપર અજબ થઈ. તેઓએ પણ સત્યાગ્રહ પ્રતિજ્ઞા ઉપર સહીઓ આપી.

આવી લડત બહેનોના પૂરા સાથ અને ઉત્સાહ વગર ચાલી શકે નહીં. જપ્તીમાં તેમની સંપાડેલી ઘરવખરી જાય, જતન કરીને સાચવેલી ભેંસો જાય તે વખતે બહેનો જો મૂળ વસ્તુ સમજેલી ન હોય તો તેમનો જીવ ઝાલ્યો ન રહે. તેઓ ઢીલી પડી જઈ ઘરમાં કંકાસ લઈ બેસે તો પુરુષોનું કશું ચાલે નહીં. પણ બારડોલીની આ લડતમાં બહાદુરી બતાવવામાં, ભોગ આપવામાં અને કષ્ટો વેઠવામાં બહેનોએ ભાઈઓ કરતાં જરાયે પાછી પાની ન કરી, બલ્કે આગળ વધી. તેનું શ્રેય ગામેગામ અને ઘેરેઘેર ફરી તેમને શૂર ચડાવનાર કાર્યકર્તા બહેનો મીઠુબહેન, ભક્તિબહેન, શારદાબહેન વગેરેને ઘટે છે.

સરદારને તો તાલુકાના ખૂણેખૂણામાં શું બને છે તેના ઉપર નજર રાખવાની હતી. પોતાની સાથે ચોવીસે કલાક રહી મદદ કરનાર મંત્રીની તેમને ખાસ જરૂર હતી. એ કામ સ્વામી આનંદે સંભાળી લીધું અને શોભાવ્યું.

આમ થોડા જ દિવસમાં લડતના વ્યૂહનો પોલાદી કોઠો ગોઠવાઈ ગયો. લડત શરૂ થતાંની સાથે મહા મહિનો હોવાથી લગનગાળો આવ્યો. લોકોને થયું કે સત્યાગ્રહ તો કરવાનો છે જ પણ જરા લગન મહાલી લઈએ! આમ લોકોને બેફામ બનેલા જોતાં સરદારે પત્રિકા કાઢીને તરત એમને ચેતવ્યા :

> “તમે લગ્નો લઈ બેઠા છો તે બધાં ટૂંકમાં પતાવવાં પડશે. લડાઈ લડવી હોય તો લગન મહાલવાનું ન પોસાય. કાલ સવારે ઊઠીને તમારે ઊગ્યાથી આથમ્યા સુધી ઘરને તાળાં મારી ખેતરમાં ફરતા રહેવું પડશે, છાવણી જેવી જિંદગી ગાળવી પડશે. બાળક, વૃદ્ધ, પુરુષ, સ્ત્રી, સૌ આ સ્થિતિ સમજે. ગરીબ તવંગર બધા વર્ગ અને બધી કોમ એકરાગ થઈ એક ખોળિયે પ્રાણ હોય તેમ વર્તે. રાત પડ્યે જ સૌ ઘેર આવે. આવું થવું જોઈશે. જપ્તીઓનો માલ ઉપાડવા સરકારને એક માણસ પણ શોધ્યો ન જડે એવી આખા તાલુકાની હવા થઈ જવી જોઈએ. જપ્તી અમલદાર કોઈ ખભે ઊંચકીને વાસણો લઈ જનારો મેં હજી જોયો નથી. સરકારી અમલદારો તો અપંગ હોય છે. પટેલ, મુખી, વેઠિયો, તલાટી કે કોઈ, સરકારને મદદ ન કરે ને ચોખ્ખું સંભળાવી દે કે મારા ગામની અને તાલુકાની લાજઆબરૂ સાથે મારી લાજઆબરૂ છે. તાલુકાની આબરૂ જાય તો મુખીપણું શા ખપનું? તાલુકો ઘસાય, અપંગ થાય એમાં પટેલનું હિત નથી. આપણે આખા તાલુકાની હવા એવી કરી મૂકીએ કે તેમાં સ્વરાજની ખુશબો આવે, ગુલામીની બદબો નહીં. સરકારની સામે ઝૂઝવાના ટેકનું તેજ સૌના ચહેરા પર દેખાઈ આવવું હોય. હું તમને ચેતવણી આપું છું કે હવે રમતના છંદમાં, મોજશોખમાં ઘડી પણ ન રહો, જાગ્રત થાઓ . . . આજે ગુજરાતની

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ઇજ્જત તમારા હાથમાં છે. આપણે હાથેથી એક દમડી સરકારને નથી આપવી એ નિશ્ચયમાં કાયમ રહેજો. નહીં તો જીવ્યું ન જીવ્યું થઈ જશે અને તાલુકો કાયમના બોજામાં પડશે.”

૩

તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરીએ સરદારે સરકારને લખેલા કાગળનો જવાબ આખરે તા. ૧૭મી ફેબ્રુઆરીએ આવ્યો. તેમાં જણાવવામાં આવ્યું :

“નવી આકારણીને મંજૂરી આપતા સરકારી ઠરાવમાં કહેલું છે કે બીજી આકારણી થતા સુધીનાં વર્ષોમાં આ તાલુકાનો ઇતિહાસ સતત વધતી જતી આબાદીનો હશે એ કથનને નામદાર ગવર્નર ભારપૂર્વક વળગી રહે છે. છેલ્લાં ત્રીસ વર્ષનો બારડોલી અને ચોર્યાસી તાલુકાઓનો ઇતિહાસ આ આગાહીનું પૂરતું સમર્થન કરે છે. . . . હવે નવી આકારણી પ્રમાણે વસૂલાત કરવાનું મુલતવી રાખવા, અથવા આકારણીનો ફરી વિચાર કરવા, અથવા બીજી કોઈ જાતની રાહત આપવા સરકાર તૈયાર નથી. આ પ્રમાણે જાહેર કરવા છતાં બારડોલીના લોકો પોતાની જ બુદ્ધિએ ચાલીને અથવા **બહારનાઓની શિખવણીને વશ થઈને** મહેસૂલ ભરવામાં કસૂર કરશે તો જમીન-મહેસૂલના કાયદા અનુસાર જે પગલાં લેવાં જોઈએ તે લેતાં ગવર્નર અને તેની કાઉન્સિલને જરા પણ સંકોચ નહીં થાય અને તેને પરિણામે નહીં ભરનારાઓ જાણીબૂજીને જે નુકસાનમાં ઊતરશે તે માટે સરકાર જવાબદાર નહીં ગણાય.”

સરદાર વગેરે કાર્યકર્તાઓને ‘બહારના’ કહ્યા એટલે ઉપરના કાગળનો જવાબ આપ્યા વિના તેઓ ન રહી શક્યા. જવાબમાં સરકારે લોકોને આપેલી ધમકી માટે આભાર માનીને તેમણે જણાવ્યું :

“તમે મને અને મારા સાથીઓને ‘બહારના’ ગણતા જણાઓ છો. હું મારા પોતીકા લોકોને મદદ કરી રહ્યો છું અને તમારાં પોગળો ઉઘાડાં પાડું છું એના રોષમાં તમે એ વાત ભૂલી જાઓ છો કે જે સરકારની વતી તમે બોલો છો તેના તંત્રમાં મુખ્યપદે બહારના જ લોકો ભરેલા છે. હું તમને કહી જ દઉં કે જોકે હું મને પોતાને હિંદુસ્તાનના કોઈ પણ ભાગ જેટલો જ બારડોલીનો પણ રહીશ સમજું છું છતાં ત્યાંના દુઃખી રહીશોનો બોલાવ્યો જ હું ત્યાં ગયો છું અને કોઈ પણ ક્ષણે મને રજા આપવાનું એમના હાથમાં છે. એમના હીરને અહોરાત ચૂસનાર અને તોપબંદૂકના જોરે પરદેશીઓથી ચાલતા આ રાજ્યતંત્રને પણ તેટલી જ સહેલાઈથી વિદાય દેવાનું એમના હાથમાં હોત તો કેવું સારું !”

સરકારના રેવન્યુ ખાતાના મંત્રી મિ. સ્માઇથ આ જવાબ વાંચીને બહુ ઉશ્કેરાયા. તેમણે આગલા પત્રને પણ ટપી જાય એવો બીજો નફટ કાગળ સરદારને લખ્યો :

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



"બારડોલીની પ્રજાએ દેવાળું નથી કાઢ્યું, તેમ તે દેવાળું કાઢવાની અણી ઉપર પણ આવેલી નથી. તાલુકાની વસ્તી વધી છે અને હજી પણ વધતી જ જાય છે અને દેવાળાનું એક પણ ચિહ્‌ન નજરે દેખાતું નથી. . . હું સ્પષ્ટ કરું છું કે આ કાગળની માફક પેલા કાગળમાં પણ નામદાર ગવર્નર અને તેમની કાઉન્સિલના જ પાકા વિચારો મૂકવામાં આવ્યા હતા અને એ નિર્ણય છેવટનો છે એમ આપ સમજશો. . . . હજી આ સંબંધી વિશેષ પત્રવ્યવહાર કરવાની તમને જરૂર લાગે તો જિલ્લાના કલેક્ટર મારફત પત્રવ્યવહાર કરશો."

સરકારની સંમતિ લઈને સરદારે આખો પત્રવ્યવહાર વર્તમાનપત્રોને પ્રસિદ્ધિ માટે આપ્યો અને તે સાથે કાગળ લખ્યો, તેમાં સરકારની આડાઈને બરાબર ઉઘાડી પાડી. સત્યાગ્રહનો ઉદ્દેશ કેટલો પરિમિત હતો તે સમજાવતાં તેમણે જણાવ્યું:

"બારડોલી સત્યાગ્રહનો હેતુ પરિમિત છે. જે બાબત વિવાદાસ્પદ છે એમ આ પત્રવ્યવહારથી પ્રગટ થાય છે તે બાબતમાં નિષ્પક્ષ પંચ માગવાનો સત્યાગ્રહીઓનો હેતુ છે. લોકો તો કહે છે કે મહેસૂલ વધારવાને માટે કશું જ કારણ નથી. પણ એ આગ્રહ રાખવાને બદલે મેં તો નિષ્પક્ષ પંચની જ લોકોની અનિવાર્ય માગણી ઉપર આગ્રહ રાખ્યો છે. સેટલમેન્ટ ઑફિસરના રિપોર્ટના વાજબીપણાનો મેં ઇનકાર કર્યો છે, તેમ સેટલમેન્ટ કમિશનરે જે ધોરણે કામ લીધું છે તે ધોરણના વાજબીપણાનો પણ મે ઇનકાર કર્યો છે. સરકારની ઇચ્છા હોય તો એની તપાસ કરીને મને ખોટો ઠરાવે."

પણ રેવન્યુ ખાતાના મુખ્ય અમલદારો તો એ ગુમાન રાખીને ફરતા હતા કે જમીનમહેસૂલની બાબતમાં અમારા નિર્ણયની આડે આવવાનો કોઈને અધિકાર નથી. લોકો પોતાના કાંઈ વાંધા કે મુશ્કેલીઓ હોય તે અમને જણાવે. અમે તેના ઉપર વિચાર કરીએ, તપાસ કરીએ અને ત્યાર પછી છેવટના હુકમ કાઢીએ તે બ્રહ્માના અક્ષર. એની સામે કોઈની તકરાર ન ચાલે. સર્વ-સત્તાધિકારી સરકાર અને તેના હુકમોનું પાલન કરવા બંધાયેલી રૈયત, એ બેની વચ્ચે પંચ કેવું? ખેડા જિલ્લાની લડત વખતે કમિશનર પ્રૅટ સાહેબ આ જ વચનો બોલતા હતા. અહીં એક વસ્તુ ખાસ નોંધવા જેવી છે, કે રેવન્યુ ખાતાના મંત્રી મિ. સ્માઈથ સરદારની સાથે આ તુમાખીભર્યો પત્રવ્યવહાર ચલાવી રહ્યા હતા અને તેમને તથા તેમના સાથીઓને 'બહારના' કહી તેમનું અપમાન કરતા હતા, બરાબર તે જ વખતે (તા. ૨૦ મી ફેબ્રુઆરી, ૧૯૨૮ના રોજ) નાણાં ખાતાના મંત્રી સર ચૂનીલાલ મહેતા એ 'બહારના'ની રેલસંકટ-નિવારણને અંગે તેમણે તથા તેમના સાથીઓએ કરેલી સેવાની ભારે તારીફ કરી રહ્યા હતા. આ રહ્યા તેમના શબ્દો: "આજે મહાત્મા ગાંધીને અતિશય

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



આનંદ થતો હશે કે ગામડાંમાં સમાજસુધારા અને લોકસેવાનાં કામ કરનારા સેવાવ્રતીઓનું મંડળ ઊભું કરવાના તેમના પ્રયાસને સારી સફળતા મળી છે, . . . અને તેમની ગાદી શ્રી વલ્લભભાઈ પટેલે સારી રીતે સાચવી છે." પણ નાણાં ખાતાના મંત્રી રેવન્યુ ખાતાના મંત્રીની હઠ નહીં છોડાવી શક્યા હોય.

'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા' જેવાં ઍન્ગ્લો-ઇન્ડિયન પત્રોએ પોતાનો ભાગ ભજવવામાં બાકી ન રાખી. હજી ગઈ કાલે તો તેઓ સરદારના રેલસંકટ-નિવારણના ઉત્તમ કાર્યની પ્રશંસા કરતાં હતાં. તેઓ હવે "સરકારને મદદ કરવાને બદલે સરકારને ગૂંચવનારી અને સરકારના તંત્રને અટકાવી પાડનારી હિલચાલના 'નેતા' તથા 'ગેરકાયદે' હિલચાલમાં ગુજરાતના ખેડૂતોને ઉત્તેજન આપીને તેમની ભયંકર અસેવા કરનાર" તરીકે સરદારને ભાંડવા લાગ્યાં. આ લડતનો ઉદ્દેશ બહુ પરિમિત છે એમ સરદારે સ્પષ્ટ કર્યું હતું છતાં કેટલાંક વર્તમાનપત્રો તેને 'જૂના બારડોલી કાર્યક્રમના પુનરુદ્ધાર તરીકે' તથા 'સવિનય ભંગની અને નાકરની લડત તરીકે' વર્ણવવા મંડ્યાં. 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા'એ બીજું એક જૂઠાણું એ ચલાવ્યું કે ગાંધીજી આ લડતમાં ભાગ નહોતા લેતા કારણ તેમને એ પસંદ નહોતી. હકીકત એ હતી કે રેલસંકટની જેમ આ વખતે પણ સરદારે જ ગાંધીજીને બારડોલી આવવાની ના કહી હતી અને અમે લડત કેવી ચલાવીએ છીએ તે સાબરમતી બેઠે બેઠે નિહાળવાનું કહ્યું હતું. ગાંધીજી જાહેરમાં લડતને આશીર્વાદ આપી ચૂક્યા હતા અને 'યંગ ઇન્ડિયા' તથા 'નવજીવન'માં પ્રસંગોપાત્ત લેખો લખી લડતને માર્ગદર્શન તથા ઉત્તેજન આપતા હતા. સરદાર અને સરકાર વચ્ચેનો પત્રવ્યવહાર 'નવજીવન'માં છાપતાં ગાંધીજીએ લખ્યું :

"આ પત્રવ્યવહાર એક દૃષ્ટિએ દુ:ખદ પ્રકરણ છે. હું જ્યાં સુધી જોઈ શકું છું ત્યાં સુધી તો શ્રી વલ્લભભાઈએ રજૂ કરેલી હકીકતો ને તેની ઉપર રચેલી દલીલોમાં ક્યાંયે ઊણપ નથી. સરકારના ઉત્તરમાં ચાલાકી, ઉડાઉ-જવાબી અને તોછડાઈ છે. આમ અમલ માણસને આંધળો બનાવે છે, ને તેના અભિમાનમાં તે મનુષ્યત્વ ખોઈ ભાન ભૂલી જાય છે.

"સત્યાગ્રહના કાનૂન પ્રમાણે વલ્લભભાઈએ સરકારની સાથે વિનયવિષ્ટિ કરી : 'તમે ખોટા ન હો એમ સંભવે, લોકોએ મને ભોળવ્યો હોય એમ બને. પણ તમે પંચ નીમો અને તેની પાસે ઇન્સાફ કરાવો. તમારી ભૂલ ન જ થાય એવો દાવો તમે ન કરો.' આ વિષ્ટિનો અનાદર કરવાની ગંભીર ભૂલ કરીને સરકારે લોકોને માટે સત્યાગ્રહ કરવાનો માર્ગ સાફ કરી આપ્યો છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો



"પણ સરકાર તો કહે છે કે વલ્લભભાઈ તો પરાયા છે, બહારના છે, પરદેશી છે. એ અને એમના પરદેશી સાથીઓ જો બારડોલી ન ગયા હોત તો લોકો મહેસૂલ ભરી જ દેત, એવો તેના કાગળનો ધ્વનિ છે. ઊલટો ચોર કોટવાળને દંડે છે. બારડોલી જ્યાં લગી હિંદુસ્તાનમાં છે ત્યાં લગી વલ્લભભાઈને કે કાશ્મીરથી માંડી કન્યાકુમારી લગીમાં રહેનાર અને કરાંચીથી માંડી દીબ્રુગઢ લગીમાં રહેનાર કોઈ પણ હિંદીને બહારનો કેમ કહેવાય, તે નથી વલ્લભભાઈ સમજતા કે નથી આપણામાંના બીજા કોઈ સમજી શકવાના. પરદેશી, પરાયા, બહારના તો સરકારના અંગ્રેજ અમલદારો છે, અને વધારે સ્પષ્ટ રીતે કહીએ તો આ પરાઈ, બહારની સરકારના બધા અમલદારો છે, પછી તે ધોળા હોય કે કાળા . . . . આ પરાઈ સરકાર વલ્લભભાઈ જેવાને બારડોલી પરત્વે 'પરદેશી' કહે એ કેવી વક્રતા? ધોળે દીએ અંધારું થયું ગણાય. આવાં જ કારણે મારા જેવાએ સરકારને વફાદાર રહેવામાં પાપ સમજી અસહકાર સાધ્યો. જ્યાં અવિનય આટલી હદ સુધી પહોંચે ત્યાં ન્યાયની આશા શી રાખવી?"

લડતનો પહેલો ભડાકો સરકારે તા. ૧૫મી ફેબ્રુઆરીએ કર્યો. જે તાલુકામાં મહેસૂલ ન ભરવા માટે ચોથાઈ દંડની નોટિસો ભાગ્યે જ આપવામાં આવતી ત્યાં વાલોડ અને બાજીપરાના પંદર પ્રતિષ્ઠિત વણિક સજ્જનો ઉપર દસ દિવસમાં નવું મહેસૂલ ભરી દેવાની નોટિસ કાઢવામાં આવી. પછી પચાસ સાઠ વણિકો ઉપર નોટિસોનો મારો થયો. સરકારે વાણિયાઓને પોચા માની પહેલો હુમલો એમના ઉપર કર્યો. 'ઇગિતપુરી કનસેશન'ના નામથી ઓળખાતી કેટલીક છૂટછાટો સરકારે જાહેર કરી હતી, તેની રૂએ જેમનું મહેસૂલ પચીસ ટકાથી વધારે વધ્યું હોય તેમને દર પચીસ ટકે બે વરસ સુધી વધારો ન ભરવાની છૂટ જાહેર થઈ હતી. તેની લાલચ લોકોને બતાવવામાં આવી. લોકો ઉપર ત્રાસ ગુજારી તેમને બિવરાવી દેવા માટે બેડકૂવા નામના ગામમાં તલાટીએ એક રાનીપરજ ખેડૂતને મુક્કાપાટુ મારી પૈસા કઢાવ્યા. ત્યારે એક ડેપ્યુટી કલેક્ટરે એક ગામના વૃદ્ધ વણિક શેઠને પોતાને ત્યાં બોલાવી ખુશામત કરવા માંડી કે, 'મારા માનની ખાતર તો કંઈક આપો. જાઓ, ફક્ત એક રૂપિયો ભરો.' ડોસાએ જવાબ આપ્યો, 'તમારે માટે માન તો ઘણુંયે છે. પણ અમારે ગામમાં રહેવું ખરું ને! ગામે ઠરાવ કર્યો છે કે કોઈએ કીસ ભરવી નહીં.' સરદારને આ કિસ્સાની ખબર પડી એટલે પેલા શેઠને કહેવડાવ્યું કે, 'તમારે એવો જવાબ આપવો'તો ને કે મારા પ્રત્યે આટલો ભાવ બતાવો છો તો મારા માનની ખાતર તું રાજીનામું આપી દે. દુઃખને વખતે રૈયતને પડખે ઊભો રહે તે અમલદાર, બાકીના બધા તો હવાલદાર.'



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો
1/52

બારડોલી તાલુકાના લોકોની સાખ ‘સુંવાળા’ હોવાની હતી. અમલદારોએ ધારેલું કે જરાક લાલ આંખ કરીશું એટલે મહેસૂલ તો લોકો ચોરામાં આવીને આપી જશે. પણ તેમને બરાબર જાગ્રત અને ટટ્ટાર રાખવા કાર્યકર્તાઓ અને સ્વયંસેવકોની છાવણીઓ બરાબર ગોઠવાઈ ગઈ હતી. એટલે લોકોએ અમલદારોની ધાકધમકી, મારઝૂડ અને પ્રપંચો સામે ઠીક ટક્કર ઝીલવા માંડી. સરદાર તેમની નાડ પારખતા ગયા અને તેમને પચે એવી દવા આપતા ગયા તથા ધીમે ધીમે તેની માત્રા વધારતા ગયા. લડતની શરૂઆતના દિવસોના એક ભાષણમાં લોકોને લડતનો રંગ ચઢાવતાં તેમણે કહ્યું :

> “સરકાર કહે છે, તમે સુખી છો. મને તો તમારાં ઘરોમાં નજર નાખતાં તમે બીજા જિલ્લાના ખેડૂતો કરતાં સુખી હો એવું કશું જોવા મળ્યું નથી. હા, તમે ડરી ડરીને સુંવાળા થઈ ગયા છો ખરા. તમને તકરારટંટો આવડતાં નથી. એ તમારો ગુણ છે. પણ તેથી અન્યાયની સામે થવાની ચીડ પણ આપણામાં ન રહે એવા સુંવાળા ન થઈ જવું જોઈએ. એ તો બીકણપણું છે. આ તાલુકામાં રાતના બાર એક વાગ્યે હું ફરું છું. પણ મને કોઈ ‘કોણ’ એમ પૂછતું નથી. રવિશંકર તો કહે છે કે આ તાલુકાનાં ગામોમાં અજાણ્યાને કૂતરું પણ ભસતું નથી અને ભેંશ શિંગડું મારવા પણ આવતી નથી! આ તમારી અસરાફી જ તમને નડી છે. માટે આંખમાં ખુમારી આવવા દો અને ન્યાયને માટે તથા અન્યાયની સામે લડતાં શીખો.”

૪

એટલામાં એક અમલદાર વાલોડના બે વણિક ખાતેદારોને પોતાની પ્રપંચજાળમાં ફસાવવામાં ફાવ્યા. ઘરમાં સહેજે હાથ આવે એવી રીતે નાણાં રાખીને જપ્તી થવા દેવાની સલાહ તેમણે માની અને મહાલકારીને એકના ઘરમાંથી રૂ. ૧,૫૦૦ની અને બીજાના ઘરમાંથી રૂ. ૭૮૫ની નોટો સહેજે મળી રહી. વાલોડના લોકોને આ વાતની ખબર પડતાં તેમના પ્રકોપનો પાર ન રહ્યો અને એ બે જણનો આકરો બહિષ્કાર કરવાનો તેમણે નિશ્ચય કર્યો. સરદારને આ વાતની ખબર પડતાં તેઓ મોડી રાતે વાલોડ પહોંચ્યા. લોકોને શાંત પાડતાં તેમણે કહ્યું :

> “તમને આ કૃત્યથી બહુ રોષ ચઢ્યો છે એ સ્વાભાવિક છે, પણ રોષના આવેશમાં કશું કરશો નહીં. ટેકા દઈને તમે જેમને ઊભા રાખવા મથશો તે ઠેઠ સુધી કેમ ચાલશે? . . . આપણે સરકાર જોડે લડવા નીકળ્યા છીએ. આપણા જ નબળા માણસો સાથે અત્યારે આપણે લડવું નથી. એમની સાથે લડીને તમે શું કરશો? . . . હું સાંભળું છું કે હજી બીજા બે ચાર આવા નબળા છે. તેમને સંભળાવી દો કે પ્રતિજ્ઞા તોડી ભરવું

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



હોય તો સીધી રીતે ભરી દો. આ ભાઈઓ જેવા પ્રપંચ કરશો તેમાં તો સરકાર પાસે આપણી આબરૂ જવાની.

"મારી તમને એટલી જ વિનંતી છે કે આ કિસ્સાથી આપણે ધડો લઈએ અને આપણી પોતાની જાતને વિષે વધારે જાગ્રત રહીએ, આપણા ભાઈઓ માટે વધારે કાળજી રાખીએ. આ કિસ્સાને ચેર ચેર કરવામાં કાંઈ સાર નથી. ગંદી ચીજને ચૂંથીએ તો તેમાંથી બદબો જ છૂટયાં કરે. ડાહ્યો માણસ તેના ઉપર ખોબો ભરી ધૂળ નાખે અને આગળ જાય. એમાંથી સારું પરિણામ નીપજે."

લોકો શાંત તો પડ્યા. પણ એમને લાગ્યું કે આ લોકોને એમ ને એમ જવા દઈશું તો બંધારણ નબળું પડશે. માટે એમની પાસે પ્રાયશ્ચિત્ત કરાવવું. એમાંથી એક જણે લોકોની વાત માની અને પ્રાયશ્ચિત્ત તરીકે સત્યાગ્રહની લડતના ફાળામાં રૂ. ૮૦૦નું દાન કર્યું. બીજા વણિક સજ્જનને સમજતાં થોડી વાર લાગી, પણ છેવટે તેમણે પણ રૂ. ૬૫૧ પ્રાયશ્ચિત્ત તરીકે દાનમાં આપ્યા. આ અને બીજા દાખલાથી લોકો કંઈક હદ ઓળંગવા લાગ્યા. બહિષ્કારનું શસ્ત્ર જ એવું છે કે એમાં વિવેકની મર્યાદા ચાતરી જવાનો હંમેશ ભય રહે છે. અત્યાર સુધી તાલુકાનું કડોદ ગામ લડતમાં નહોતું જોડાયું. ત્યાંના વણિકો મોટા ખાતેદારો હતા અને તેઓ આસપાસનાં બીજાં ગામોમાં પણ જમીન ધરાવતા. તેઓ આ બધી જમીનોનું મહેસૂલ ભર્યે જતા હતા. પહેલાં તો લોકોએ ઠરાવ કર્યો કે આવા માણસોની જમીન ગણોતે ન ખેડવી. પછી ઠરાવ કર્યો કે કોઈ પણ મજૂરને એમને ત્યાં કામ કરવા ન જવા દેવા. પછી આગળ વધીને ઠરાવ કર્યો કે કડોદ ઠેકાણે ન આવે ત્યાં સુધી આખા ગામની સાથે સદંતર અસહકાર કરવો. બીજાં ગામોએ પણ ન્યાતનાં અથવા ગામનાં પંચો આકરા બહિષ્કારના ઠરાવો કરવા લાગ્યાં. આ નવા પવનને મર્યાદામાં રાખવાને માટે ગાંધીજીને બહિષ્કારના શસ્ત્ર વિષે સાવચેતીની નીચે પ્રમાણે નોંધ લખવી પડી:

"જેઓ સરકારધારો ભરવા તૈયાર થાય છે તેમની સામે બારડોલીના સત્યાગ્રહીઓ બહિષ્કારનું શસ્ત્ર વાપરવા તૈયાર થઈ જતા સાંભળ્યા છે. બહિષ્કારનું શસ્ત્ર જલદ છે. મર્યાદામાં રહીને સત્યાગ્રહી તે વાપરી શકે છે. બહિષ્કાર અહિંસક તેમ હિંસક પણ હોઈ શકે છે. સત્યાગ્રહીથી અહિંસક બહિષ્કાર જ વપરાય. અત્યારે તો હું બંને બહિષ્કારનાં થોડાં ઉદાહરણો જ આપવા ઇચ્છું છું :

"સેવા ન લેવી તે અહિંસક બહિષ્કાર. સેવા ન દેવી એ હિંસક બહિષ્કાર.

"બહિષ્કૃતને ત્યાં જમવા ન જવું, તેને ત્યાં વિવાહાદિના પ્રસંગોમાં ન જવું, તેની સાથે સોદો ન કરવો, તેની મદદ ન લેવી એ અહિંસક બહિષ્કાર.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



"બહિષ્કૃત માંદો હોય તો તેની સારવાર ન કરવી, તેને ત્યાં દાક્તર ન જવા દેવો, તેને ત્યાં મરણ થાય તો મરણક્રિયામાં મદદ ન કરવી, તેને કૂવા મંદિર વગેરેના ઉપયોગથી દૂર કરવો, એ હિંસક બહિષ્કાર છે. ઊંડો વિચાર કરતાં માલૂમ પડશે કે અહિંસક બહિષ્કાર લાંબો સમય નભી શકે છે. તે તોડાવવામાં બહારની શક્તિ કામ નથી કરી શકતી. હિંસક બહિષ્કાર લાંબો વખત ન ચાલે. તેને તોડવામાં બહારની શક્તિનો પુષ્કળ ઉપયોગ થઈ શકે. હિંસક બહિષ્કાર લડતને છેવટે નુકસાન જ કરે છે. આવા નુકસાનના દાખલા અસહકારના યુગમાંથી ઘણાય આપી શકાય છે. પણ આ પ્રસંગે મેં ભેદ પાડી બતાવ્યો છે, તે જ બારડોલીના સત્યાગ્રહીઓને અને સેવકોને સારુ બસ હોવું જોઈએ."

આ નોંધની ઘણી સારી અસર થઈ. લોકો બહિષ્કારની મર્યાદા સમજ્યા અને તેનું પાલન કરવા લાગ્યા.

સરકારનાં ચોથાઈ દંડનાં અને જપ્તીનાં પીળાં પતાકડાંની લોકો ઉપર કશી અસર ન થઈ. એટલે હવે વધુ જલદ ઉપાયો લેવા જોઈએ એમ સરકારી અમલદારોને લાગવા માંડ્યું. તા. ૨૬મી માર્ચે બાજીપરાના શેઠ વીરચંદ ચેનાજીને અને વાલોડના સાત મોટા ખાતેદારોને બારણે નોટિસો ચોંટાડવામાં આવી કે તા. ૧૨–૪–'૨૮ પહેલાં મહેસૂલ નહીં ભરી દો તો તમારી જમીનો ખાલસા કરવામાં આવશે. શેઠ વીરચંદે મહાલકારીને કાગળ લખ્યો કે, 'આખા મહાલમાં મને આપે નબળામાં નબળો ધારીને ખાલસા નોટિસ માટે પ્રથમ પસંદ કર્યો હશે. પણ ન્યાય ન મળે ત્યાં સુધી તાલુકામાં હવે કોઈ પૈસા ભરનાર નથી અને હું પણ ભરવાનો નથી. . . . આપણે મહોબત છે, બહુ ઘરોબો છે અને એકકઉઠકનો સંબંધ છે એ હકથી આપના હિતેચ્છુ તરીકે હું આપને સલાહ આપું છું કે ખેડૂતોની જમીન ખાલસા કરવાનું કામ આપને હાથે થવાનું હોય તો એવી નોકરીમાંથી છૂટા થઈ જવું એ શોભાભરેલું છે.' વાલોડના સાત વણિકોએ સરદારને કાગળ લખીને ખાતરી આપી કે, 'નોટિસ અને જપ્તીના મારાની પહેલી શરૂઆત અમારા ગામ ઉપર કરવામાં આવેલી હતી, પરંતુ તેમાં જેમ સરકારને નિષ્ફળતા મળી છે તેમ આ ખાલસાની નોટિસની બાબતમાં પણ સરકારને નિષ્ફળતા જ મળશે એ વિષે આપ નિશ્ચિંત રહેશો.' આ વણિકોને અભિનંદન આપવા માટે મળેલી સભામાં સરદારે લોકોને હજી વધુ આકરી લડત માટે તૈયાર થવાનું કહ્યું :

"આ લડતમાં હું ફક્ત તમારા થોડા પૈસા બચાવવા ખાતર નથી ઊતર્યો. બારડોલીના ખેડૂતોની લડત મારફત હું તો ગુજરાતના તમામ ખેડૂતોને પાઠ આપવા માગું છું કે આ સરકારનું રાજ્ય કેવળ તમારી નબળાઈ ઉપર જ ચાલે છે. એક તરફથી તો વિલાયતથી મોટું કમિશન

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



(સાઈમન કમિશન) પ્રજાને શી રીતે જવાબદાર તંત્ર આપવું તેની તપાસ કરવા આવ્યું છે, બે વરસમાં મુલકી ખાતું લોકોને સોંપી દેવાની વાતો ચાલે છે અને બીજી તરફથી અહીં જમીનો ખાલસા કરવાની સરકાર બાજી ગોઠવે છે. એ બધા ખાલી તડાકા છે. ખેડૂતના દીકરાને એમાં ડરવાનું કારણ નથી. એને તો વિશ્વાસ હોવો જોઈએ કે આ જમીન અમારા બાપદાદાની હતી અને અમારી જ રહેશે. ખેડૂતની જમીન એ તો કાચો પારો છે. આ સ્થિતિમાં જે લેશે તેને ફૂટી નીકળશે. દસ વરસ ઉપર દેશમાં સુધારાનું તંત્ર નહોતું ત્યારે પણ ખેડા જિલ્લામાં એક વીઘું જમીન સરકારથી ખાલસા થઈ શકી નહોતી તો હમણાં થઈ શકશે? નાહકનાં દફતરો બગાડે છે. એમ જમીનો ખાલસા થશે ત્યારે તો આ કચેરીના મકાનમાં મહાલકરી નહીં રહેતો હોય, ને અહીં અંગ્રેજનું રાજ્ય નહીં હોય, પણ લૂંટારાનું રાજ્ય હશે. હું તો કહું છું કે લૂંટારાને આવવા દો. આવા વાણિયાના રાજ્યમાં રહેવા કરતાં તેના રાજ્યમાં રસ પડશે. તાલુકાના લોકોને હું કહું છું કે કોઈ ડરો નહીં. દોઢ મહિનામાં તમારામાં કેટલો ફેર પડી ગયો તે તપાસો. પહેલાં તમારા ચહેરા પર કેટલી ભડક અને ફફડાટ હતાં? એકબીજા જોડે બેસતા પણ નહીં. અને આજે? આજે મહાલકરી તો માત્ર આ ડેલાનો જ અધિકારી છે. મકાનની બહાર તેનો અમલ રહ્યો નથી. હજી જુઓ તો ખરા. આમ ને આમ ચાલ્યું તો વખત ગયે એને ચપરાસી પણ નહીં મળે.”

ખાલસા નોટિસમાં આપેલી તા. ૧૨મી એપ્રિલની મુદત આવી પહોંચી. સરકારી અમલદારો આશા રાખી બેઠા હતા કે ખાલસાની ધમકીથી લોકો ડરી જશે. તેમની મનોદશાના ભણકારા ‘ટાઈમ્સ ઑફ ઇન્ડિયા’એ તે અરસામાં લખેલા એક લેખમાંનાં આ વાક્યોમાંથી મળે છે :

“સત્યાગ્રહની લડતનું જોર ઓછું થતું જણાતું નથી. ખાલસાની નોટિસો અપાઈ ગઈ છે, પણ જમીનમહેસૂલના કાયદા પ્રમાણે જમીન ખાલસા કરવાની રીત એટલી અટપટી છે કે સરકારનાં પગલાંનું પ્રત્યક્ષ પરિણામ દેખાતાં કદાચ થોડાં અઠવાડિયાં વીતે. થોડી જંગમ મિલકત જપ્ત કરવામાં આવી છે ખરી પણ તેની કશી અસર નથી. સરકારે જમીન ખાલસા કરવાની જે ધમકી આપી છે તેથી ખેડૂતો ડરશે ખરા, અને સત્યાગ્રહથી પોતે ધારેલાં ફળ આવતાં નથી એમ તેઓ જોશે ત્યારે આખી લડત કડડડભૂસ કરતી તૂટી પડશે.”

પણ અમલદારોની એ આશા દહાડે દહાડે વ્યર્થ જતી હતી. બારડોલીમાં નવી જ રોનક નજરે પડતી હતી.

## ૫

હવે બારડોલીની બહાર પણ અસર પડવા માંડી હતી. પૂનામાં બારડોલી માટે ખાસ સભા ભરવામાં આવી અને સત્યાગ્રહીઓને સફળતા ઇચ્છવામાં

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



આવી. મુંબઈના પ્રેસિડેન્સી ઍસોસિયેશન જેવા વિનીત પક્ષના મંડળનું પણ બારડોલી પ્રત્યે ધ્યાન ખેંચાયું અને મંડળની ખાસ બેઠકમાં નીચે પ્રમાણે ઠરાવ પસાર કરવામાં આવ્યો :

"બારડોલી, શાસ્તી, અલીબાગ વગેરે તાલુકાઓમાં સરકારી હુકમો દ્વારા મહેસૂલ વધારવાની નીતિ મુંબઈ સરકાર આદરી રહી છે તેને માટે આ મંડળની કાર્યવાહક સમિતિ સખત નાપસંદગી બતાવે છે, અને જણાવે છે કે જમીનમહેસૂલ કમિટીએ ભલામણ કર્યા મુજબ આખરી અવાજ ધારાસભાનો હોવો જોઈએ. એટલે આ સભા આગ્રહ કરે છે કે મુંબઈ ઇલાકામાં લૅન્ડ રેવન્યુ કોડનો સુધારો કરી જમીનમહેસૂલનો આખો પ્રશ્ન ધારાસભાની હકૂમતમાં ન મુકાય ત્યાં સુધી મહેસૂલ વધારવાનું બંધ કરવું."

પણ સરકારે આથી ચેતવા ના પાડી. એણે તો પોતાનો જ કક્કો ખરો કરવાના પ્રયત્નો કરવા માંડ્યા. લોકોને ફોસલાવવા તથા ફોડવાના પ્રયત્નો કરવા, ધમકીઓ આપવી, ખોટી સમજ પાડવી એ તેમનાં માન્ય થઈ પડેલાં સાધનો હતાં. 'ફલાણા ભાઈએ પૈસા ભરી દીધા, તમે કેમ હજી બેઠા છો, હવે તો ભરવા જ પડશે,' એમ કહીને ભોળા ખેડૂતોને ભોળવવા અમલદારોએ પ્રયત્ન કરવા માંડ્યા.. મહાલકરી પટેલને કહે, 'વેઠિયા ન લાવી આપે તો તારે વેઠ કરવી પડશે.' કોઈ તલાટી બિચારો ધોબીના હપ્તાના થોડા આના પોતાના ખિસ્સામાંથી ભરી દે — એ આશાએ કે પેલાની પાસે કપડાં ધોવરાવી વસૂલ કરી લઈશું.

બીજી બાજુ સરદાર પોતાની વીર વાણી વડે ખેડૂતોને મર્દાનગીના રંગ ચઢાવી રહ્યા હતા. મહાદેવભાઈ લખે છે :

"મેં તો ચાર વરસ પર બોરસદમાં એ રણે ચડેલા સરદારની સાથે ચોવીસે કલાક ગાળ્યા હતા. ત્યાર પછી પણ ઘણી વાર તેમને બોલતા સાંભળ્યા હતા. પણ આ વેળા એમની વાણીમાં જે તેજ ભાળ્યું, આંખમાંથી કેટલીક વાર જે વહ્નિ વરસતો જોયો તેવો કદી નહોતો જોયો. લોકોની જમીન ખાલસા થાય તેમાં જાણે પોતાના શરીરના કટકેકટકા થતા હોય અને જે તીવ્ર વેદના થતી હોય તે વેદનાથી ભરેલા તેમના ઉદ્ગારો નીકળતા હતા. એ ભાષણોની તળપદી ભાષા, તેમાં ક્ષણેક્ષણે ઝબકી ઊઠતા, ભૂમિમાંથી પાકેલા, ભૂમિની સુગંધ ઝરતા પ્રયોગોએ ગામડિયાઓને હલાવવા માંડ્યા. અંગ્રેજીના સ્પર્શ વિનાનું, સ્વતંત્ર જોમવાળું, એમનું ભાષા ઉપરનું પ્રભુત્વ આ સભાઓમાં પ્રગટ થતું મેં પહેલું ભાળ્યું."

ભાષાની મગદૂર અને ભાષાની લહેજત સાહિત્યના રસિયાઓને સરદારનાં બારડોલીનાં ભાષણોમાં જોવા મળે છે. ખેડૂતો ભૂલી ન શકે એવી થોડી ગામડી ઉપમાઓ જુઓ :

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



જંગલમાં કોઈ ગાંડો હાથી રૂમે અને તેની હડફેટમાં જે કોઈ આવે તેને છૂંદી નાખે એવી મદમત્ત આજે આ સરકાર બની છે. ગાંડો હાથી મદમાં માને છે કે જેણે વાઘસિંહોને માર્યા છે એવા મને આ મગતરાનો શો હિસાબ છે? પણ હું મગતરાને સમજાવું છું કે એ હાથીને રૂમવું હોય એટલું રૂમી લેવા દે અને પછી લાગ જોઈને એના કાનમાં પેસી જા.

* * *

મોટા ઘડામાંથી સંખ્યાબંધ ઠીકરીઓ બને છે. છતાં તેમાંની એક ઠીકરી આખા ઘડાને ફોડવા પૂરતી છે. ઘડાથી ઠીકરી શા સારુ ડરે? ફૂટવાનો ભય કોઈએ રાખવો જોઈએ તો તે ઘડાએ રાખવાનો છે. ઠીકરીને શો ભય હોઈ શકે?

* * *

હું તો તમને કુદરતનો કાયદો શીખવવા માગું છું. તમે બધા ખેડૂતો હોવાથી જાણો છો કે જ્યારે થોડા કપાસિયા જમીનમાં દટાઈ, સડી નાશ પામે ત્યારે ખેતરમાં ઢગલાબંધ કપાસ પેદા થાય છે. આપ મૂઆ વિના સ્વર્ગે જઈ શકાય તો જ કેવળ ધારાસભામાં ઠરાવ પસાર કર્યે આપણને મુક્તિ મળી શકે.

* * *

જો ઘેટાંમાંથી જ તેને સાચવનારો ઘેટા નહીં નીકળે તો શું એ વિલાયતથી સાચવનારા લાવી શકશે? લાવી શકે તોય તેને પોસાય નહીં. એ કાંઈ અઢી આનામાં રહે નહીં, આવાં છાપરાંમાં રહે નહીં. એને બંગલા જોઈએ, બગીચા જોઈએ; એનો ખોરાક જુદો, એની હાજતો જુદી; એને જુદો ધોબી જોઈએ, જુદો ભંગી જોઈએ. એ રીતે તો સરકારને માથા કરતાં મૂંડામણ મોંઘું પડી જાય. દર ગામે બબ્બે અંગ્રેજ રાખે તો આ તાલુકાના પાંચ લાખ વસૂલ કરતાં કેટલા ગોરા રાખવા જોઈએ અને તેનું કેટલું ખર્ચ પડે તેની ગણતરી કરવી મુશ્કેલ નથી.

* * *

દૂધ પાણી ભળે એટલે બેઉ એક રંગ થાય છે ને કદી છૂટાં પડતાં નથી. દૂધ ઊકળે છે ત્યારે પાણી દૂધને બચાવવા નીચે જઈ પોતે પહેલું બળે છે અને દૂધને ઉપર કાઢી તેનો બચાવ કરે છે. એટલે તરત દૂધ પાણીનો બચાવ કરવા પોતે ઊભરાઈ આગમાં પડીને આગને હોલવવા મથે છે. એ જ પ્રમાણે આજે ખેડૂત શાહુકાર એક થજો, એકબીજાની વહારે ધાજો, એમાં કોઈ ફાચર ન મારી શકે એ સંભાળજો.

* * *

મને શરૂઆતમાં કોઈ કોઈ ખેડૂત કહેતા કે આ ઝઘડામાં ઊતરીને જોખમમાં પડવા કરતાં સવારમાં બે કલાક વહેલા ઊઠી વધારે મજૂરી કરીશું. આવા માણસોએ જગત ઉપર જીવવાનું શું કામ છે? તેઓ માણસરૂપે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



બળદનું જીવન ગુજારે એ કરતાં મરીને બળદનો જ જન્મ ધારણ કરે. ગુજરાતની પ્રજાને હું તેજસ્વી જોવા ઇચ્છું છું. . . . હું ગુજરાતીઓને કહું છું કે શરીરે તમે ભલે દૂબળા હો, પણ કાળજું વાઘસિંહનું રાખો, સ્વમાન ખાતર મરવાની તાકાત હૃદયમાં રાખો. એ બે વસ્તુઓ લાખો ખરચતાં તમે મેળવી ન શકો તે આ લડતમાં તમે સહેજે મેળવી રહ્યા છો. તમને સાક્ષાત્ લક્ષ્મી ચાંલ્લો કરવા આવી છે. તમારાં ધન્યભાગ્ય છે કે તમારા ઉપર આ વધારો નાખ્યો છે.

સરદાર ખેડૂતોને ટટ્ટાર થવાનું, મરદ બનવાનું, ટેક જાળવવાનું, સ્વમાન માટે લડવાનું જે શિક્ષણ આપી રહ્યા હતા તેનું વર્ણન રવિશંકર મહારાજે આ લડત વખતના એક ભાષણમાં બહુ સરસ કર્યું છે: –

"હું એક વાર કંઈક કામસર ગાંધીજીની પાસે ગયો હતો. તે વખતે વિદ્યાપીઠની સ્થાપના કરવાના વિચારો ચાલતા હતા, અને ગુજરાતનું વિદ્વાન મંડળ ગાંધીજી સાથે બેસીને મહાવિદ્યાલયના આચાર્યપદે કોને નીમવા તેની ચર્ચા ચલાવી રહ્યું હતું. મારા જેવાને તો એમાં શી સમજણ પડે? પણ તે વખતે સાંભળેલું મને યાદ રહી ગયું છે. વલ્લભભાઈએ કહેલું કે 'બીજો કોઈ ન મળે તો મને આચાર્ય બનાવજો, છોકરાઓને ભણેલું ભુલાવી દઈશ.' એ સાંભળી ગાંધીજી અને આખું મંડળ હસી પડેલું. પણ મને ખબર પડી ગઈ કે બીજા હસ્યા અને ગાંધીજી હસ્યા તેમાં તફાવત હતો. જ્યારે બીજાઓ મશ્કરી સમજીને હસ્યા, ત્યારે ગાંધીજી તો એમ સમજીને હસ્યા હતા કે વલ્લભભાઈ કહે છે એ જ તદ્દન ખરી વાત છે.

"એ વખતે જેના આચાર્યપદની લાયકાતને હસી કાઢવામાં આવી હતી તે જ આચાર્યે આજે બારડોલી તાલુકાની ૮૮ હજાર પ્રજાને ભણાવવાની શાળા કાઢી છે. . . . સરકાર કે જેણે રાષ્ટ્રીયતાનું ભાન ભુલાવ્યું, તેને ભૂલવાના પાઠ અપાઈ રહ્યા છે. ખોટું ભણેલું ભૂલેલા એક ગુરુ પાસે સાચું ભણીને જે આચાર્યપદે આરૂઢ થયા છે એવા પુરુષ આ રાષ્ટ્રીય શાળાના આચાર્ય છે. અબ્બાસ સાહેબ અને પંડ્યાજી જેવા તેના ઉપાધ્યાયો છે. હું તો આ ભવ્ય શાળાનો એક ક્ષુદ્ર તેડાગર છું."

આ અરસામાં વલ્લભભાઈનું નામ ખેડૂતોના સરદાર પડ્યું. કોઈકના મોંમાંથી એ નામ નીકળ્યું અને જેણે જેણે એ સાંભળ્યું તેણે તેણે એ ઉપાડી લીધું. અને કેમ ન ઉપાડી લે? જેણે જેણે બારડોલીની લડત વખતનાં એમનાં ભાષણો સાંભળ્યાં અને વાંચ્યાં તેણે તેણે ખેડૂતને માટે લીધેલો એમનો ભેખ જોયો, ખેડૂતને માટે ઊકળતું એમનું હૈયું ઓળખ્યું, ખેડૂતોનાં દુઃખોનું એમનું જ્ઞાન જાણ્યું. ખેડૂત કેવાં કષ્ટ ખમી ખેતી કરે છે અને ખેડૂત ઉપર ક્યાં ક્યાંથી, કઈ કઈ જાતના માર પડે છે તેનું અનુભવજ્ઞાન તેમના જેવું કોને હશે અને તેની રજૂઆત તેમના જેવી બીજું કોણ કરી શકે એમ હતું? એ વિષે મહાદેવભાઈએ લખ્યું છે:

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



“દેશનું કેન્દ્ર ખેડૂત છે એ મહા સત્ય વલ્લભભાઈમાં ૧૯૧૭-૧૮માં ગાંધીજીએ જાગ્રત કર્યું, પ્રગટ કર્યું એમ કહું, કારણ ઊંડે ઊંડે એ છુપાયેલું તો હતું જ. પણ એ પ્રગટ થતાંની સાથે જ વલ્લભભાઈમાં જેવું એ ભભૂકી ઊઠયું તેવું ભાગ્યે જ કોઈનામાં ભભૂકી ઊઠયું હશે. ખેડૂત નહીં એવા તત્ત્વ-દર્શીએ ખેડૂતનું સ્થાન ક્યાં છે, ખેડૂતની સ્થિતિ કેવી છે, તેને ઊભો કરવાનું સાધન કયું છે એ કહી દીધું. જેનું હાડેહાડ ખેડૂતનું છે એવા તેના શિષ્ય સાનમાં એ ત્રણે વાત સમજી ગયા અને દ્રષ્ટાના કરતાં પણ વિશેષરૂપે એનું રહસ્ય લોકો આગળ ખોલી બતાવ્યું. . . . ખેડૂતની પહેલી સેવા કરવાની તક તેમણે ખેડાની મહેસૂલી લડતમાં સાધી, પછી બોરસદમાં સાધી, પણ બારડોલીમાં જે અવસર આવ્યો તે અપૂર્વ હતો.

“ખેડૂત વિષેના ઉદ્‌ગારો તેમનાં બારડોલીનાં ભાષણોમાં જેટલા જોવા મળે છે તેટલા અગાઉના કોઈ ભાષણમાં જોવાના નથી મળતા. ખેડામાં તો તેઓ ગાંધીજીની સરદારી નીચે સિપાહી હતા, એટલે ઝાઝું બોલતા જ નહોતા. બોરસદની લડત હતી તો ખેડૂતોની જ લડત, પણ તે ખેડૂતમાત્રના સામાન્ય દુઃખમાંથી ઊઠેલી લડત નહોતી. બોરસદનો પ્રશ્ન વિશિષ્ટ હતો, અને એ વિશિષ્ટ પ્રશ્નને અંગેનાં જ ભાષણો ત્યાં થતાં. પણ જમીનમહેસૂલનો પ્રશ્ન એ જ ખેડૂતોનો મુખ્ય પ્રશ્ન છે, એટલે ગુજરાતના ખેડૂતોની સેવા કરવી હોય તો તે જમીનમહેસૂલના કૂટ પ્રશ્નનો નિકાલ કરેલે જ થઈ શકે એવો એમનો જૂનો નિશ્ચય હતો. એ સેવાની તક એમને બારડોલીએ આપી. બારડોલી-વાળા જ્યારે એમને બોલાવવા આવ્યા ત્યારે ભાઈ નરહરિના લેખો એમણે વાંચેલા હતા. ગાંધીજીએ જ્યારે એમને પૂછયું કે, બારડોલીના ખેડૂતોની ફરિયાદ સાચી છે એવી તમને ખાતરી છે? ત્યારે તેમણે કહેલું કે, નરહરિના લેખો ન વાંચ્યા હોત તોયે મને તો ખાતરી જ હતી. કારણ, હિંદુસ્તાનમાં અને ખાસ કરીને ગુજરાતમાં જમીનમહેસૂલની વિટંબણા વિષે ખેડૂતોની ફરિયાદ સાચી જ હોવી જોઈએ એવી મારી ગળા સુધી ખાતરી છે.”

ખેડૂત ઉપરના નિરવધિ પ્રેમની પાછળ સરદારના દિલમાં રહેલી ભાવના તેઓ વારંવાર કહી સંભળાવે છે: ‘કણબી કેડે ક્રોડ કણબી કોઈ કેડે નહીં’ અને ‘ઓ ખેડૂત તું ખરે જગતનો તાત ગણાયો.’ તેઓ વારંવાર કહે છે કે દુનિયામાં ખરા પેદા કરનાર વર્ગ ખેડૂત અને મજૂર છે. બાકીના બધા ખેડૂતો અને મજૂરો ઉપર જીવનારા છે. એ પેદા કરનારાઓની સ્થિતિ સૌથી ઉત્તમ હોવી જોઈએ તેને બદલે આપણે સૌથી અધમ કરી છે. પોતાની અંતર્વેદના વ્યક્ત કરતાં એક ભાષણમાં તેમણે કહ્યું:

“આખું જગત ખેડૂત ઉપર નભે છે. દુનિયાનો નિર્વાહ એક ખેડૂત અને બીજો મજૂર એ બે ઉપર છે. છતાં સૌથી વધારે જુલમ કોઈ સહન કરતા હોય તો આ બે છે. કારણ તેઓ બંને મૂંગે મોઢે જુલમ સહન

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



કરે છે. હું ખેડૂત છું, ખેડૂતના દિલમાં પેસી શકું છું, અને તેથી તેને સમજાવું છું કે તેના દુઃખનું કારણ એ છે કે પોતે હતાશ થઈ ગયો છે, આવડી મોટી સત્તા સામે આપણું શું વળે એમ માનતો થઈ ગયો છે. સરકારને નામે એક ધગડું આવીને પણ એને ધમકાવી જાય, ગાળ ભાંડી જાય, વેઠ કરાવી જાય. સરકાર ઇચ્છા આવે એટલો કરનો બોજો તેના ઉપર નાખે છે. વરસોની મહેનત કરી ઝાડ ઉછેરે તેના પર વેરો, ઉપરથી વરસાદનું પાણી ક્યારીમાં પડે તેના ઉપર જુદો વેરો, કૂવો ખોદી ખેડૂત પાણી કાઢે તો તેના પર પણ સરકાર પૈસા લે. વેપારી ટાઢે છાંયે દુકાન માંડી બેસે તેને બે હજાર વાર્ષિક આવક સુધી કશો કર નહીં; પણ ખેડૂતને વીઘું જમીન જ હોય, તેની પાછળ બળદ રાખતો હોય, ભેંસ રાખતો હોય, ઢોર સાથે ઢોર થતો હોય, ખાતરપૂંજો કરતો હોય, વરસાદમાં ઘૂંટણ સમા પાણીમાં વીંછીઓ વચ્ચે હાથ ઘાલીને તે ભાતની રોપણી કરે, તેમાંથી ખાવાનું ધાન પકવે; દેવું કરીને બી લાવે, તેમાંથી થોડો કપાસ થાય તે પોતે બૈરીછોકરાં સાથે જઈને વીણે, ગાલ્લીમાં નાખીને તે વેચી આવે, આટલું કરીને પાંચ પચીસ તેને મળે તો તેટલા ઉપર પણ સરકારનો લાગો !”

બીજે એક ઠેકાણે કહ્યું :

“ખેડૂત ડરીને દુઃખ વેઠે ને જાલિમની લાતો ખાય એની મને શરમ આવે છે. મને થાય છે કે ખેડૂતને રાંકડા મટાડી ઊભા કરું ને ઊંચે માથે ફરતા કરું. એટલું કરીને મરું તો મારું જીવ્યું સફળ માનું.”

## ૬

લોકોમાં આવેલી અજબ જાગૃતિ જોઈ તેથી ચેતીને ન્યાય આપવાનો વિચાર કરવાને બદલે સરકારે વધુ સખ્તાઈ કરવાનો નિશ્ચય કર્યો. ઉત્તર વિભાગના કમિશનર મિ. સ્માર્ટ દરિયાકિનારે હવા ખાતા હતા ત્યાંથી તેમને સુરત જવાના અને ત્યાં મુકામ કરવાના હુકમ મળ્યા. કલેક્ટર પાસેના રાજ્યમાં એક ટેકરી પર હવા ખાતા હતા તેમને પણ ટેકરી પરથી ઊતરવાના હુકમ મળ્યા. ખૂબીની વાત તો એ છે કે તાલુકામાં આટઆટલું થતું હોવા છતાં જિલ્લા કલેક્ટરને હજી સુધી બારડોલીમાં જવાની જરૂર જણાઈ નહોતી. તેઓ પોતાના ડેપ્યુટીનાં ચશ્મે જ બધું જોતા હતા. પણ ઉપરથી હુકમ મળ્યા એટલે તાલુકામાં ગયા. ત્યાં જઈને જોયું તો બધી દુકાનો બંધ, બધાં ઘરનાં બારણાં બંધ. કોઈ અમલદારની આડું ફરકે નહીં. પછી ગામડે જવાનો વિચાર કર્યો. પોલીસના માણસો ભાડાની મોટર લેવા ગયા. મોટરવાળાએ કહ્યું કે મોટર રોકાયેલી છે. એટલે તેમનું લાઈસિન્સ લઈ લેવામાં આવ્યું. માંડ સાંજે સરભોણ ગામે પહોંચ્યા. જુવાનિયાઓએ ધડાંગ ધડાંગ ઢોલ વગાડચાં, અને કલેક્ટર ગામમાં પ્રવેશ કરે તે પહેલાં તમામ ઘેર બારણાં ધડાધડ બંધ થઈ ગયાં અને શેરીઓ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



સૂનકાર થઈ ગઈ. કલેક્ટરે પટેલોને બોલાવ્યા. તેમણે જવાબ આપ્યો કે લોકો અમારું સાંભળે એમ નથી. લોકોને ખાલસાની કે કશાની પણ પડી નથી. પછી તલાટીઓની સભા કરી તેમને સમજાવ્યું કે ગામના નકશા ઉપર જમીનના એવા અનુકૂળ જથા પાડો જેથી ખરીદનારાઓને આખા જથામાં જમીન આપી શકાય. આટલી કામગીરી બજાવી તેઓ સુરત રવાના થયા અને 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા'વાળાને મુલાકાત આપી :

> "ઘણા ખેડૂતો જમીનમહેસૂલ આપવાને તૈયાર છે, પણ એ લોકોને દુર્ભાગ્યે આગ, રંજાટ અને બહિષ્કારની ધમકીઓ આપવામાં આવે છે. બહારથી આવેલા અને જેમને ગામમાં ઘર નથી અને સીમમાં ખેતર નથી એવા અસહકારીઓએ આપેલી ખોટી સલાહ ખેડૂતો જો માનશે તો આખરે જે નુકસાન વેઠવું પડશે તે આ કમનસીબ ખેડૂતોને જ વેઠવું પડશે. આ અસહકારી નેતાઓની લડતને પરિણામે તાલુકામાં રમખાણ થવાનો દરેક સંભવ રહે છે."

રૈયતના એક પણ માણસને મળ્યા વિના કલેક્ટર સાહેબ મુલાકાતમાં આવું હડહડતું જૂઠાણું કહી શક્યા!

પછી જપ્તીનો દોર શરૂ થયો અને તેમાં ભેંસો પકડવી એવા હુકમ છૂટ્યા. ચાલુ મામલતદારને ઢીલા ગણી તેમની બીજા દૂરના તાલુકામાં બદલી કરવામાં આવી અને કડક થવાની જેમણે બડાશ મારી હશે એવા મામલતદારને બારડોલીમાં મૂકવામાં આવ્યા. ત્રણ જપ્તી અમલદારોને લોકોનાં ઘર તોડવાના, વાડા ભાંગવાના વગેરે ખાસ અધિકારો સાથે નીમવામાં આવ્યા. એ જપ્તી અમલદારોની મદદમાં મુંબઈમાં મવાલી ગણાતા લેભાગુ પઠાણોને ત્યાંથી ખાસ લાવવામાં આવ્યા. આની સામે લોકોએ પોતાનું સંગઠન વધુ મજબૂત કરવા માંડ્યું અને અમલદારોનો કડક બહિષ્કાર કરવા માંડ્યો. બહિષ્કારની બાબતમાં યોગ્ય મર્યાદા સાચવવાની ચેતવણી ગાંધીજી શરૂઆતમાં જ આપી ચૂક્યા હતા. છતાં સરદારે ફરી ચેતવ્યા કે અમલદારો કાંઈ આપણા દુશ્મન નથી. એ બિચારા હુકમને તાબે થઈને આવ્યા છે. એમને સીધુંપાણી ન આપવાં અથવા દૂધ, શાક, ધોબી, હજામ ન મળે તેમ કરવું અથવા દવા વગેરે જિંદગીની જરૂરિયાતો અટકાવવી, એ સત્યાગ્રહ નહીં પણ ઘાતકીપણું છે. હા, જપ્તીના કામમાં તેમને કોઈ જાતની મદદ ન કરવી. ગાડી કે મજૂર કે પંચ એવું કશું આપવાની સાફ ના કહેવી. બીજી અગત્યની સલાહ સરદારે એ આપી કે જપ્તીનું કામ ચાલતું હોય ત્યારે ત્યાં લોકોએ ટોળે ન થવું. કારણ સરકારનો ઇરાદો તોફાન કે મારામારી કરાવવાનો હોય તો લોકો ટોળે થવાથી પોતાનો ઇરાદો તે બર લાવી શકે. કલેક્ટરે મુલાકાતમાં ડરની વાત કરી હતી તેનો

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

જવાબ આપતાં તેમણે કહ્યું કે, કોઈને રૂપિયા ભરવા હોય અને ડર લાગતો હોય તો મારી પાસે આવો, હું મામલતદારને ત્યાં તમારી સાથે આવીશ અને કોઈ તમારા પર ઘા કરવા આવશે તો તેને પહેલો મારા માથા પર ઘા કરવા કહીશ. આ ખામોશીની સલાહ સાથે સરદારે પોતાના સિવાય બીજા કોઈ પણ જણે ભાષણ ન કરવાનો હુકમ કાઢ્યો, સ ત્યાગ્રહી ગીતો ગવાતાં.હતાં તે પણ બંધ કર્યાં, જેથી આ અમલદારો ઉશ્કેરણીનું કશું બહાનું ન કાઢી શકે.

આ તરફ જપ્તીઅમલદારોએ તો માઝા જ મૂકી. ગમે ત્યારે, કશી ચોકસી કર્યાં વિના, માલિક કોણ છે તેની તપાસ કર્યાં વિના, ખાતેદારોની સાથે બિનખાતેદારોનાં ઢોર પણ જપ્તીમાં લેવા માંડ્યાં. રોજ ઢગલો ઢોર પકડાય, પણ એની માવજત કોણ કરે? તેને વેળે વેળે પાણી કોણ પાય? ભેંસો પકડવા અને સાચવવા માટે પેલા પઠાણોને ભાડે રાખેલા. બારડોલીમાં પકડાયેલી એક ભેંસ બરાડા પાડતી થાણામાં મરી ગઈ! ખાતેદાર નહીં એવા એક ગરીબ દરજીની ત્રણ ભેંસો પકડીને થાણામાં ગોંધી દીધી. પેલો છોડાવવા ગયો એટલે મહાલકરી કહે: 'તમારી ભેંસોને બે દિવસ અમારે રાખવી પડી છે અને ઘાસચારો નાખવો પડ્યો છે માટે એનો ખરચ આપી ભેંસો લઈ જાઓ!' પેલો કહે: 'આ તો ઊલટો ન્યાય. તમે મને નુકસાની આપો કે ઊલટો દંડો?' આ ભેંસોને હરાજીમાં રાખનાર તાલુકામાંથી કોઈ મળતું નહીં, એટલે બહારથી ખાટકીઓને સમજાવીને લાવવા માંડ્યા. થાણામાં ભેંસો તડકામાં પાણી વિના ટળવળે, બરાડા પાડે અને તેનાં પાણીને મૂલે લિલામ થાય, એ જોઈ બારડોલીના એક દયાળુ વણિક ગૃહસ્થે મામલતદારને કહ્યું: 'આ બિચારી ભેંસોને બરાબર ઘાસચારો અને પાણી મળે તે માટે હું થોડું દાન આપવા ઇચ્છું છું.' મામલતદારે જવાબ આપ્યો: 'સરકાર પાસે તિજોરીમાં પૂરતાં નાણાં છે. તમારી મદદની જરૂર નથી.'

પોતાનાં બાળકો જેટલાં વહાલાં પશુઓ ઉપર ગુજરતો ત્રાસ ખેડૂતોથી જોયો જતો ન હતો. ગમે તેમ થાય તોપણ ભેંસોને આવી રીતે રિબાવા ન દેવી એ વિચારથી આખા તાલુકાએ કારાગૃહ બનવાનો નિશ્ચય કર્યો. જપ્તી ન થઈ શકે તે માટે રાતદિવસ બારણાં બંધ રાખ્યાં અને ઘરમાં માણસો અને ઢોરો કેદમાં પુરાયાં. ઢોરને પાણી પણ ઘેર લાવીને પાવામાં આવે. જેમનાં સગાંવહાલાં ગાયકવાડીમાં હતાં તેમણે પોતાનાં ઢોર ગાયકવાડીમાં મોકલી દીધાં અને છોકરાંને દૂધછાશ પીતાં બંધ કર્યાં. પણ બધાં ઢોર કાંઈ એમ મોકલી શકાય? એટલે સૌએ કારાગૃહવાસ પસંદ કર્યો. સરદારે એક જ વિનોદથી લોકોને પેટ પકડીને હસાવ્યા અને તેમનું દુઃખ ભુલાવ્યું: 'ઓહો! તમારી ભેંસો તો ઘરમાં ને ઘરમાં રહી ગોરી મડમડીઓ બની જવા માંડી છે!'

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



જે રીતે ભેંસોની નામની કિંમતે કહેવાતી હરાજી થતી હતી, તે રીતે રાચરચીલાં અને બીજી મિલકત પણ સરકારી પટાવાળા, પોલીસ તથા પઠાણોને નામની કિંમતે આપી દેવામાં આવતી. લિલામ કરનારા અમલદારોએ જાતે આવી વસ્તુ ખરીદેલી એવા દાખલા પણ બનેલા. દોઢસો દોઢસો અને બસો રૂપિયાના પગાર ખાનારા મામલતદારના દરજ્જાના અમલદારોને મવાલી પઠાણોની સાથે ભેંસોની શોધમાં ઊકળતા તાપમાં ભટકતા જોઈને સ્વેચ્છાએ કારાગૃહવાસ ભોગવતા લોકોને પણ રમૂજ આવતી હતી. ભેંસો પકડવા માટે વધારેપડતી દોડાદોડી કરનારા એક અમલદારનું નામ સરદારે 'ભેંસડિયો વાઘ' પાડેલું.

વાલોડના દારૂના પીઠાવાળા દોરાબજી શેઠના રૂ. ૩૧૪–૧૪–૫ના ખાતા બદલ બે હજારની કિંમતનો માલ જપ્ત કર્યો અને દુકાને તાળાં લગાવ્યાં. પછી વળી જપ્તીવાળાને ભાન આવ્યું એટલે તાળાં ખોલી નાખ્યાં. છતાં દોરાબજી શેઠે દુકાન ચલાવવાની બંધ રાખી એટલે એમને દબડાવવા માંડ્યા કે, 'દુકાન કેમ ચલાવતા નથી? દુકાન નહીં ચલાવો તો સજા થશે.' દોરાબજી શેઠે કહ્યું કે જપ્ત થયેલાં પીપો દુકાનમાંથી ન ખસેડવામાં આવે ત્યાં સુધી હું દુકાન ચલાવવા માગતો નથી, અને દુકાન બંધ રહેવાથી મને જે ખોટ જશે તે માટે સરકાર જવાબદાર ગણાશે. દુકાનની અંદરનાં પીપો બહુ મોટાં અને ખસેડાય એવાં નહોતાં. એટલે દુકાનની બહાર પડેલાં ખાલી પીપો જપ્ત કર્યાં અને તેમાં પેલાં મોટાં પીપોમાંનો દારૂ ભરવા માંડ્યો. પણ બહાર પડેલાં પીપો કાણાં નીકળ્યાં અને કેટલોય દારૂ જમીન ઉપર ઢળ્યો. પછી બીજે ક્યાંકથી પીપો લાવ્યા અને તેમાં દારૂ ભરી એ પાણીને મૂલે હરાજ કર્યો. લોકો વિનોદ કરવા લાગ્યા: 'સાલાં પીપો પણ સવરાજમાં ભળ્યાં!' આટલું બધું નુકસાન કર્યા છતાં જપ્ત માલની હરાજીમાંથી ઊપજેલાં નાણાં બાદ કરતાં સરકારે રૂ. ૧૪૪–૬–૮ની રકમ દોરાબજી શેઠના જમીનમહેસૂલ ખાતે બાકી કાઢી અને તેને માટે એમની રૂપિયા ત્રીસથી પાંત્રીસ હજારની જમીન ખાલસા કરવામાં આવી! આ કિસ્સામાં એક બીજી નોંધવા જેવી વસ્તુ એ હતી કે જે દારૂની દુકાનમાં જપ્તી થઈ તેના માલિક એકલા દોરાબજી જ નહીં પણ તેમનાં સાસુ બાઈ નવાજબાઈ પણ હતાં. તેમણે પણ ભારે હિંમત બતાવી અને આખી લડતમાં ઠેઠ સુધી અડગ રહ્યાં. ઘણા દારૂવાળાઓને તો લડવાનો મોકો જ ન મળ્યો. કારણ તેમને રોજ વકરો થાય તેના પૈસા સરકારી તિજોરીમાં મોકલવા પડે. સરકાર એ પૈસા દારૂ ખાતે જમા કરવાને બદલે મહેસૂલ ખાતે જમા કરી દે. અફીણના ઇજારાવાળાઓનું પણ આવું બનતું. પણ સરકાર આવી રીતે નાણાં ઉચાપત કરે તેને કોણ ગુનો કહે?

આબકારી ખાતાના અમલદારો આમ સતામણી કરવા લાગ્યા એટલે ખેતીવાડી ખાતું પણ શું કામ પાછળ પડે? એ ખાતું કહેવાય તો ખેડૂતોના

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



કલ્યાણ માટે ખોલેલું, પણ એય સરકારનું હથિયાર બન્યું. તાલુકાના કેટલાક ખેડૂતો ખેતીવાડી ખાતામાંથી કપાસનું બી લઈને પોતાનું રૂ ખેતીવાડી ખાતા મારફત જ વેચતા હતા. એ રૂ જિનોમાં ખેડૂતોને ખાતે અનામત રાખી સારો ભાવ આવે ત્યારે ખાતું વેચી આપતું. આવા રૂની ઘણી ગાંસડી એક જિનમાં પડેલી હતી. મામલતદારે એના ઉપર ટાંચ લગાવી અને ડિરેક્ટર ઑફ ઍગ્રિકલ્ચરને લગભગ ૭૩,૦૦૦ જેટલા રૂપિયા ખેડૂતોને મહેસૂલ પેટે જમા કરી દેવાનો હુકમ થયો. પણ કયા ખેડૂતો તેની કોઈ ને ખબર નહોતી! નામ તો પાછળથી મેળવી લેવાય પણ પોણો લાખ રૂપિયા મહેસૂલના તો જમા થયા કહેવાય! બંદૂકવાળાઓની બંદૂકનાં લાઇસન્સ, મહેસૂલ ન ભરવા માટે લઈ લેવામાં આવ્યાં અને પેન્શનરોને પેન્શન ખોવાની ધમકી મળી. કેળવણી ખાતાના અને વૈદકીય ખાતાના અમલદારો મારફત એમના હાથ નીચેના નોકરો, જેઓ ખાતેદારો હતા, તેમના ઉપર દબાણ કરવામાં આવ્યું.

સરકારના આ બધા ધમપછાડાની કશી અસર થતી દેખાતી નહોતી. એટલે ડૂબતો માણસ તણખલું પકડવા જાય તેમ સરકારે કલેક્ટર અને પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ મારફતે બે વિચિત્ર હુકમો છ મહિનાની મુદતના કઢાવ્યા. પહેલો હુકમ ‘ભાડૂતી વાહનો અને બળદગાડાં હાંકનાર’ને સમજાવનારને તથા ‘સરકારી નોકરને અને બીજાને ત્રાસ કરનાર અથવા ત્રાસ આપવા ભેગા થનાર’ને ગુનેગાર ઠરાવતો હતો. અને બીજો હુકમ ‘જાહેર રસ્તા નજીક અથવા મહોલ્લામાં અથવા જાહેર જગ્યામાં’ ઢોલ વગેરે વગાડવાને ગુનો ઠરાવતો હતો. તોપ, બંદૂક અને દારૂગોળાનો દમામ રાખનારી સરકાર ઢોલ નગારાંથી ડરી ગઈ એમ કહીને સરકારને વગોવવાની સરદારને તક મળી અને લોકોને સલાહ આપી કે, ‘હવે ઢોલ વગાડવાનું અને શંખ ફૂંકવાનું બંધ કરો. આપણાં ઢોલશંખથી સરકાર ડરી ગઈ છે. આપણો ધર્મ તો લોકોને મહેસૂલ ન આપવાનું સમજાવવાનો છે. એ ધર્મ ન છોડવો. આવાં જાહેરનામાં કાઢી સરકાર આપણને ફસાવવા માગે છે તેમાં આપણે નથી ફસાવું.’ એવામાં વાલોડમાં સરકારી થાણાની સામે જ સભા ભરાઈ હતી ત્યાં સરદારનું ભાષણ પૂરું થવા આવ્યું તે વખતે થાણામાં પૂરેલી ભેંસોના બરાડા સંભળાવા લાગ્યા. સરદારને વળી કહેવાની તક મળી: ‘સાંભળો, આ ભેંસોની રાડો. રિપોર્ટરો લખી લો. રિપોર્ટ કરજો કે વાલોડના થાણામાં ભેંસો ભાષણ કરે છે. આપણાં ઢોલનગારાંના અવાજોથી આ રાજ્ય ઊંઘું વળતું હતું, હવે આ ભેંસોની રાડો સાંભળો. આ રાજ્ય કેવું છે એ હજી તમે ન સમજતા હો તો આ ભેંસો રાડો પાડીને તમને કહે છે: આ રાજ્યમાંથી ઇન્સાફ મોં સંતાડી નાસી ગયો છે.’

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



આવા હાસ્યવિનોદોથી લોકોનાં કષ્ટ સરદાર ભુલાવી દેતા હતા. તેમને રીઝવતા, હસાવતા પણ તેની સાથે મુળ મુદ્દો નજર આગળથી ખસવા દેતા નહીં. એટલે આટલો વિનોદ કરી લઈ ને લોકોને નીચેનાં ગંભીર વચનો કહ્યાં:

"હું જાણું છું કે આખો દિવસ તમારે બારણાં અડકાવીને માણસ અને ઢોર બધાંએ પુરાઈ રહેવું તમને વસમું લાગે છે. તમે તમારાં ઢોર અને મિલકત સરકારને લૂંટી જવા દેવા તૈયાર છો. પણ મારે તમને સમજપૂર્વક દુઃખ સહન કરતાં શીખવવું છે ને તમને ઘડવા છે. તે સિવાય આ બાહોશ અને ચાલાક સરકાર સામે આપણે ન ફાવીએ. મારે તમને દેખાડવું છે કે સો રૂપિયાની નોકરી માટે જનોઈ પહેરેલો બ્રાહ્મણ હાથમાં દોરડાં ઝાલીને ખાટકીને દેવાનાં ઢોર પકડવા ફરે છે. આપણા જ માણસોને, ઊંચ વરણના લોકોને આ રાજ્યતંત્ર કેવા રાક્ષસો બનાવે છે એ તમને મારે દેખાડવું છે."

૭

સરકારે ઉપર જણાવેલા મનાઈહુકમો કાઢ્યા પછી કોઈ પણ બહાને કાર્યકર્તાઓને પકડવા માંડ્યા. પહેલો હાથ રવિશંકર મહારાજ ઉપર નાખ્યો. એક ગાડાવાળાને તેની ઇચ્છા વિરુદ્ધ સરકારી કામે વેઠે લઈ જવામાં આવતો હતો. મહારાજે તેને સમજાવ્યો કે તું ડરીશ નહીં અને તારી જવાની ઇચ્છા ન હોય તો જઈશ નહીં. પોલીસવાળા ગાડામાં ચઢી જઈ જબરદસ્તી કરવા લાગ્યા એટલે મહારાજે કહ્યું કે ગાડું પડતું મૂકી મારી સાથે ચાલી આવ. આ જોઈ બીજા બે ગાડાંવાળા હિંમત કરી ત્યાંથી ચાલી ગયા. મહારાજના આ ગુના બદલ તેમને પાંચ મહિના દસ દિવસની સખ્ત કેદની સજા થઈ. ગાંધીજીએ તા. ૩૦–૪–'૨૮ના રોજ રવિશંકર મહારાજને વધામણીનો કાગળ લખ્યો:

"તમે નસીબદાર છો. જે ખાવાનું મળે તેથી સંતુષ્ટ, ટાઢતડકો સરખાં, ચીંથરાં મળે તો ઢંકાઓ ને હવે જેલમાં જવાનું સદ્‌ભાગ્ય તમને પહેલું. જો ઈશ્વર અદલાબદલી કરવા દે ને તમે ઉદાર થઈ જાઓ તો તમારી સાથે જરૂર અદલાબદલી કરું. તમારો ને દેશનો જય હો."

સરદારે ભાષણમાં કહ્યું:

"હજારો બારૈયા પાટણવાડિયાનાં જીવન સુધારનાર, મારા કરતાં ઘણા વધારે પવિત્ર, એ ઋષિને પકડીને સરકાર માનતી હશે કે મારી પાંખ કપાઈ જશે. સરકાર મારી પાંખો કાપવા માગે છે પણ મારે પાંખો ઘણી છે. સરકારને ન્યાય ન કરવો હોય તો મને પકડ્યે જ છૂટકો છે. હું સરકારને જણાવું છું કે મારી પાંખો તો જેમ વરસાદમાં ઘાસ ફૂટી નીકળે છે તેમ નવી ને નવી ફૂટતી જવાની છે."

પછી ભાઈ ચિનાઈને મામલતદારને કામમાં અટકાયત કરવા માટે અને વેઠિયાઓને ધમકી આપવા માટે એમ બે આરોપો મૂકી પકડવામાં આવ્યા

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



અને બન્નેની થઈને આઠ મહિના વીસ દિવસની સખ્ત કેદની સજા કરવામાં આવી. કાઠિયાવાડથી આવેલા બે વીરો ભાઈ શિવાનંદ તથા ભાઈ અમૃતલાલને તથા વાલોડના જ રહીશ એવા ત્યાગી કાર્યકર્તા ભાઈ સન્મુખલાલને તેડાં આવ્યાં. ભાઈ સન્મુખલાલ ઉપર આરોપ એવો હતો કે એક શખ્સના ઘરમાંથી તલાટી, રેવન્યુ પટાવાળો તથા જપ્તી અમલદાર જુવારની ત્રણ ગુણો જપ્તીમાં લેતા હતા તે વખતે જપ્તીનું કામ નહીં કરવાનું સમજાવવાના હેતુથી આરોપીએ તલાટીને અને સરકારી પટાવાળાને સામાજિક બહિષ્કારથી નુકસાન પહોંચાડવાની ધમકી આપી. ભાઈ શિવાનંદ તથા અમૃતલાલ સામે એક પ્રચંડ પઠાણે ફરિયાદ નોંધાવેલી કે શિવાનંદે તેના ઉપર ધસારો કર્યો અને અમૃતલાલ મારવા ગયા. ભાઈ સન્મુખલાલને છ મહિનાની સખ્ત કેદની સજા તથા ભાઈ શિવાનંદ તથા અમૃતલાલને નવ નવ મહિનાની સખ્ત સજાઓ કરવામાં આવી.

થોડા દિવસ પછી વાંકાનેર નામના એક ગામમાંથી ઓગણીસ જણને ડેપ્યુટી કલેક્ટરનો સામાન લઈને જતાં ત્રણ ગાડાંને રોકવા માટે અને ટંટોફિસાદ કરવા માટે પકડવામાં આવ્યા. તેમાં એક ગૂજરાત વિદ્યાપીઠનો વિદ્યાર્થી, એક સરદારની મોટરનો ક્લિનર અને બીજા સત્તર ખેડૂતો હતા. પણ તેમની સામે કશો પુરાવો તો હતો જ નહીં. એક માણસ જેની પાસે ઝાંખું બળતું એક ફાનસ હતું તે, એ ફાનસના પ્રકાશથી બધા આરોપીને ઓળખી શક્યો ! આ પુરાવા ઉપર મૅજિસ્ટ્રેટની પણ બધા આરોપીઓને સજા કરવાની હિંમત ન ચાલી. પાંચને કોર્ટમાં ઓળખાવી ન શકવાને લીધે આરોપ મૂક્યા વિના છોડી દેવા પડ્યા અને ત્રણને પાકા પુરાવાને અભાવે નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવ્યા. બાકીના અગિયારને બે ગુના ઉપર છ છ મહિનાની સખત કેદની અને સાપરાધ બળ વાપરવાને માટે એક એક મહિનાની સાદી કેદની સજા થઈ. આ નાટક પૂરતું ન હોય તેમ આ ભાઈઓને જેલમાં લઈ જતાં બબ્બેના જોડકામાં દોરડે બાંધ્યા અને હાથમાં બેડીઓ પહેરાવી. વાંકાનેરના તલાટીથી આ દૃશ્ય જોયું ન ગયું અને તેણે પોતાની પચીસ વરસની નોકરીનું રાજીનામું આપ્યું.

સરકારે આ કાર્યકર્તાઓને અને ખેડૂતોને પકડી કશા કાંદા ન કાઢ્યા. રવિશંકર મહારાજનું થાણું સંભાળવા ડૉ. સુમન્ત મહેતા અને શ્રીમતી શારદાબહેન આવી પહોંચ્યાં. તેમણે સરભોણમાં પડાવ નાખ્યો. મોતાની શ્રી ચિનાઈની છાવણી ડૉ. ઘિયા અને શ્રીમતી ગુણવંતબહેને આવીને સંભાળી લીધી અને કાઠિયાવાડના કાર્યકર્તાઓનું સ્થાન લેવા શ્રી અમૃતલાલ શેઠ અને શ્રી બળવંતરાય મહેતા સ્વયંસેવક તરીકે આવીને ઊભા. આ ઉપરાંત ભાઈ રામદાસ ગાંધી, કુમારી મણિબહેન પટેલ તથા શ્રી જેઠાલાલ રામજી કામ કરવા આવી પહોંચ્યાં. સરદારને પણ હવે અમદાવાદ જવા આવવાની પંચાત રહી નહોતી. ત્યાંના

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



મિત્રોએ મ્યુનિસિપાલિટીનું પ્રમુખપદ તેઓ છોડે એવી પેરવી કરી હતી. ઈશ્વરે જ તેમ કરવાને તેમને પ્રેર્યા એમ કહીએ તો ચાલે. કારણ સરદારની તાલુકામાં ચોવીસે કલાકની હાજરીની જરૂર રહે એવો સમો હવે આવ્યો હતો.

વૈશાખના ધોમ ધખતા હતા અને તેની સાથે સરકાર પણ રુદ્ર રૂપ ધારણ કરતી જતી, પ્રજાની તરેહ તરેહની છેડતી કરી તેને ચીડવી રહી હતી અને તે તોફાને ચડે તો આપણે ફાવી જઈએ એમ માનતી હતી. બરાબર એન વખતે સરદારે લોકોને એન ચેતવણી આપી :

"આપણી ઉપર બિલકુલ આળ ન આવે એ સંભાળજો. કોઈ મર્યાદા છોડશો નહીં. ગુસ્સાનું કારણ મળે તોપણ અત્યારે ખામોશ પકડી જજો. મને કોઈ કહેતું હતું કે ફોજદારે અમુક માણસને ગાળ દીધી. હું કહું છું કે એનું મોઢું ગંદુ થયું. આપણે શાંતિ પકડી જવી. અત્યારે તો મને કોઈ ગાળ દે તોપણ હું સાંભળી રહું. આ લડતને અંગે તમે ગાળો પણ ખાઈ લેજો. એટલે એ પોતે જ પોતાની ભૂલ સમજી જશે. પોલીસનો કે બીજો કોઈ અમલદાર તેની મર્યાદા છોડે છતાં તમે તમારી મર્યાદા ન છોડશો. તમારી વહાલામાં વહાલી વસ્તુ લૂંટી જાય તોપણ કશું ન બોલશો. હિંમત ન હારશો, પણ સામા હસજો. . . . તેજ, બહાદુરી અને તેની સાથે હું માગું છું તેવો વિનય — ખાનદાની —, આ કમાણી આપણને અમથી કોઈ દિવસ મળવાની નહોતી. તે આ લડતમાંથી આ તાલુકાના ખેડૂતો મેળવો એ જ ઈશ્વર પાસે હું માગું છું."

અને છેવટે એમણે લોઢું અને હથોડાની ઉપમા આપી તે બારડોલી તાલુકામાં જ્યાં ત્યાં પરિચિત થઈ ગઈ :

"આ વખતે સરકારનો પિત્તો ઊછળ્યો છે. લોઢું ગરમ થાય છે ત્યારે લાલચોળ થાય છે અને તેમાંથી તણખા ઊડે છે. પણ લોઢું ભલે ગમે તેટલું ગરમ થાય, હથોડાએ તો ઠંડા જ રહેવું ઘટે. હથોડો ગરમ થાય તો પોતાનો જ હાથો બાળે. લોઢાનો ઇચ્છાપૂર્વક ઘાટ ઘડવો હોય તો હથોડાને ગરમ થવું ન પાલવે. માટે ગમે તેવી આપત્તિમાં આપણે ગરમ ન જ થઈએ."

14737

૮

આ બધું ચાલતું હતું ત્યારે ઉત્તર વિભાગના કમિશનર કેવી મનોદશા ધરાવતા હતા તે તેમણે સુતરના એક દાક્તરને લખેલા કાગળમાંનાં નીચેનાં વાક્યોમાંથી જાણવા મળે છે :

"લોકોના ઉપર જીવનારા અને તેમને આડે રસ્તે દોરનારા આ ખેડાના ચળવળિયાનાં ધાડાંથી ગરીબ બિચારા ખેડૂતો પાયમાલ ન થાય તે માટે મારા જેટલી બીજાને ચિંતા ન હોય. . . . જે કોઈ ગામ પોતાનો વર્ગ



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો
17/52

4/25/2021



ખોટી રીતે ચડાવી દેવામાં આવ્યો છે એમ માનવાને યોગ્ય કારણો બતાવી આપે તેનો કેસ તપાસવા માટે હું તૈયાર છું, પણ તે એવી શરતે કે આખા તાલુકા અને મહાલનો જે વીસ ટકા જેટલો વધારો થયો છે તે નહીં આપવાની વાત છોડી દેવામાં આવે.

“મહેસૂલ વસૂલ કરવા માટે સરકાર બને તેટલા દરેક ઉપાય લેવાનું માંડી વાળી શકે નહીં. એમ ન થાય તો કાયદાપૂર્વક થયેલી દરેક આકારણીનો વિરોધ કરવામાં આવે. આજના બારડોલીના ચળવળિયાઓ તે જ માણસો છે જેમણે ૧૯૧૮માં ખેડા જિલ્લામાં કર નહીં ભરવાની લડત ઉપાડેલી. જેઓ મહેસૂલ આપવા ઇચ્છે છે તેમને તે આપતાં અટકાવવા માટે તેમણે લગભગ ખેડાના જેવી જ યુક્તિઓ અહીં અજમાવી છે, એટલે કે મહેસૂલ ભરવા ઇચ્છનારા લોકોને ન્યાત બહાર મૂકવાની, સામાજિક બહિષ્કારની અને દંડની ધમકીઓ આપવામાં આવે છે.

“ખેડા જિલ્લાના પાંચ તાલુકાઓમાંથી આ ચળવળિયાઓ આવ્યા છે. એ તાલુકાઓની નવી આકારણી રેલને કારણે બે વર્ષ માટે મુલતવી રાખવામાં આવી છે. છેલ્લા સાત કે આઠ મહિનામાં ખેડા જિલ્લામાં રેલસંકટનિવારણ માટે સરકારે લગભગ એક કરોડ જેટલા રૂપિયા ધીર્યા છે. જો આ ચળવળિયાઓ બારડોલીમાં ફતેહમંદ થાય, તો તો પછી ખેડા જિલ્લામાં સરકારી મહેસૂલ અને તગાવીની વસૂલાતનું કામ જોખમમાં જ આવી પડે.”

ખેડા જિલ્લાના રેલસંકટનો કમિશનર સાહેબે ઉલ્લેખ કર્યો છે તે સંબંધમાં સરદારનું વલણ કેટલું બધું સરકારને મદદરૂપ હતું તે અગાઉના સરદારના એક ભાષણમાંથી મળી રહે છે. તે અહીં આપવું ઠીક થશે:

“ખેડા જિલ્લામાં રેલ આવી ને લોકોને માથે મહા દુ:ખ આવી પડ્યું ત્યારે બહારથી ખૂબ મદદ આવી. સરકારે પણ બન્યું તેટલું કર્યું. એ બધાને પરિણામે ખેડૂતો પોતાનો પાક ઊભો કરી શક્યા હતા. પછી જ્યારે હપ્તાનો વખત આવ્યો ત્યારે મને કેટલાક એવી સૂચના કરવા લાગ્યા કે આવી આફતને કારણે ઓણસાલ જમીનમહેસૂલ માફ થાય તો સારું. મેં કહ્યું કે, ના. જ્યાં હું જોઉં છું કે સરકાર પોતાનું બનતું કરે છે, દોષ રહેતો હોય તો તે સરકારની ખોટી દાનતનો નથી, પણ સ્થાનિક અમલદારો જેઓ ઉદારતાનાં કામ કરવાને ટેવાયેલા નથી, તેમનો જ છે, ત્યાં એવી વાત થાય જ કેમ? તેથી મેં તે વખતે તમામ ખેડૂતોને કહ્યું કે તમારા ખેતરમાં ઈશ્વરકૃપાથી પાક્યું છે તો મહેસૂલ ભરી દેવું એ તમારો ધર્મ છે. કરોડ રૂપિયાની લોન લઈએ છીએ તે દેવું તમારે જ માથે છે. વળી સરકાર દસ લાખ રૂપિયા મફત આપે છે. તે ઉપરાંત લોકોએ પંદરવીસ લાખ રૂપિયાની મદદ કરી છે. સરકારે પણ મને કે કમને થઈ શકે તેટલી મદદ કરી છે. આવા સંજોગોમાં તેની સાથે કજિયો કરવો એ આપણને શોભતું નથી. હું

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



અભિમાન નથી કરતો પણ જે સત્ય હકીકત છે તે કહું છું કે જો સમિતિનાં માણસોએ વખતસર મદદ ન કરી હોત અને તરત બી પૂરું પાડયું ન હોત તો સરકારને આ વર્ષે ગુજરાતના જમીનમહેસૂલમાં ૫૦ થી ૬૦ લાખનું નુકસાન થવાનું હતું. આમ છતાં જ્યારે મેં બારડોલી તાલુકાના ખેડૂતની વાત લખી કે એમને અન્યાય થયો છે, ખેડૂત કેટલાક પાયમાલ થઈ ગયા છે એ જણાવ્યું અને ગુજરાતમાં એક બે ઊભા રહ્યા હશે તેમનેય તમારું સ્ટીમરોલર કચડી નાખશે એમ કહ્યું ત્યારે મને જવાબ આપે છે કે, 'તું તો બહારનો છે!'"

અગાઉ એક વાર કલેક્ટરે લોકોની ઉપર આગ અને રંજાડના આરોપો મૂક્યા હતા તેવા કમિશનરે ન મૂક્યા તે માટે એક જાહેર ભાષણમાં સરદારે તેમનો આભાર માન્યો, અને તેની સાથે એ યાદ દેવડાવ્યું કે જો આ 'ચળવળિયા' પ્રલયપીડિત ગુજરાતની વહારે ન ધાયા હોત અને તેમને પોતાના જીવને જોખમે અન્નવસ્ત્ર, વાવવાનાં બી વગેરે વખતસર ન પહોંચાડ્યાં હોત તો સરકારનું તંત્ર ભાંગી પડ્યું હોત. વળી એમ પણ જણાવ્યું કે, આ જ 'ચળવળિયા' હતા તો સરકારે આપેલાં નાણાંનો સદ્વ્યય થયો અને ઘણે ઠેકાણે સસ્તાં બી તથા બાંધકામનો સરસામાન સમિતિની દુકાનોએથી મળ્યો. એને લીધે જ સરકાર પૈસા બચાવી શકી.

વિપરીત બુદ્ધિથી પ્રેરાયેલા કમિશનરના આ કાગળથી દેશમાં ભારે ખળભળાટ થયો. ગાંધીજીએ 'નવજીવન'માં એક લેખ લખી કમિશનરની બરાબર ખબર લીધી અને લડતના મુદ્દાની ફરી ચોખવટ કરી. તેમણે સ્પષ્ટતા કરી કે બારડોલીના લોકો એવો આગ્રહ કરતા જ નથી કે તેમની જ વાત સ્વીકારવામાં આવે. તેમની માગણી તો એટલી છે કે તેમની ફરિયાદ કેટલી સાચી છે તેની તપાસ કરવાને માટે એક સ્વતંત્ર અને નિષ્પક્ષ પંચ નીમવામાં આવે અને પંચ જે ચુકાદો આપે તેનો અમલ કરવામાં આવે. કાર્યકર્તાઓની બદનક્ષી કરનારા કમિશનરના આક્ષેપો વિષે તેમણે લખ્યું :

"કાર્યકર્તાઓને 'બારડોલીના લોકો ઉપર જીવનારા અને તેમને અવળે માર્ગે દોરનારા ચળવળિયાનું ટોળું' કહીને વર્ણવવામાં આવ્યા છે. આ અપમાન એવું છે કે વધારે સારા વખતમાં અને પ્રજાને પોતાના બળનું ભાન હોત તો કમિશનરની પાસે જાહેર માફી મગાવવામાં આવત. તેમને હું ખબર આપું છું કે જેમને તે ક્રોધ અને સત્તાના મદમાં 'ચળવળિયાઓનું ટોળું' કહે છે તેઓ પ્રજાના આબરૂદાર સેવકો છે, જેઓ પોતાની સેવા બારડોલીને મોટો ત્યાગ કરી આપી રહ્યા છે. આમાં બૅરિસ્ટર વલ્લભભાઈ પટેલ ઉપરાંત વયોવૃદ્ધ અબ્બાસ તૈયબજી સાહેબ પણ છે. તેઓ પણ બૅરિસ્ટર છે અને એક વાર વડોદરામાં મુખ્ય ન્યાયાધીશ હતા. આમાં ઇમામસાહેબ બાવઝીર

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

છે, જેઓ ફકીર જેવા છે અને બારડોલીની પાસે કોડીની તેમને સ્પૃહા નથી. વળી ડૉ. સુમન્ત મહેતા અને તેમનાં તેમના જેવાં જ સંસ્કારી પત્ની શ્રીમતી શારદાબહેન છે. ડૉ. સુમન્તની તબિયત તો કેટલોક સમય થયાં બહુ નબળી છે, પણ તેઓ પોતાના આરોગ્યના મોટા જોખમે બારડોલી ગયા છે. આ ચાર ખેડાનાં નથી એ કમિશનર સાહેબને રોશન થાય. આ પછી ઢસાના દરબાર સાહેબ અને તેમનાં ભડ પત્ની ભક્તિબા છે. બંનેએ દેશને માટે પોતાના રાજ્યનો ભોગ આપ્યો છે. તેઓ બારડોલીના લોકો ઉપર પેટ ભરતાં નથી. આ ઉપરાંત ડૉ. ચંદુલાલ અને ડૉ. ત્રિભુવનદાસ ત્યાં કામ કરી રહ્યા છે. તેઓ પણ ખેડાના નથી. આ ઉપરાંત ફૂલચંદ શાહ અને તેમનાં પત્ની તથા તેમના સાથી શિવાનંદ જે હવે તો જેલમાં પહોંચ્યા છે તે પણ ખેડાના નથી. કેટલાંયે વર્ષોથી મૂંગી સેવાને તેમણે પોતાનાં જીવન અર્પણ કર્યાં છે. આ બધાં અને બીજાં જેમનાં નામો આપી શકું છું તેઓ બારડોલીની હાય સાંભળીને ત્યાં ગયાં છે. જો કમિશનરમાં આબરૂનો છાંટો પણ હોય તો તેમણે આ સજ્જનો અને સન્નારીઓની સ્વેચ્છાએ માફી માગવી જોઈએ. . . .

"સરકારને હું ખાતરી આપું છું કે જો 'ચળવળિયાઓ' ફાવશે તો ખેડાની તગાવી વસૂલ થવામાં કશી મુશ્કેલી નહીં આવે. એ નહીં ભરાય તો તે વસૂલ કરવા માટે 'ચળવળિયાઓ'ના સરદાર વલ્લભભાઈ પટેલ તેમને વગર પગારના કલેક્ટર મળી રહેશે. પણ સાચી વાત તો એ છે કે જો 'ચળવળિયાઓ' ફાવશે તો ઉત્તર વિભાગના કમિશનરે લોકોના માનવંતા સેવકોનું અપમાન કરવાની અને જૂઠાણાં બોલવાની હિંમત ધરી છે તેવી હિંમત સરકારી અમલદારો નહીં ધરી શકે, અને બારડોલીના વધારા જેવા ભયંકર, અયોગ્ય અને અન્યાયી વધારા સામે લોકોને કંઈક દાદ મળશે."

કમિશનરના કાગળથી અને ગાંધીજીએ આપેલા તેના જવાબથી બારડોલી હિંદુસ્તાનમાં ગવાવા માંડ્યું. પણ સરદારને બારડોલીની લડત વ્યાપક નહોતી બનાવવી. રાજાજી અને ગંગાધરરાવ દેશપાંડે આ અરસામાં જ અમદાવાદ આવ્યા હતા. તેમને બારડોલી જવાનું બહુ મન હતું. પણ ગાંધીજીએ તેમને રોક્યા અને તેથી સરદાર બહુ રાજી થયા. આ જ અરસામાં મગનલાલ ગાંધીનો દેહાંત થયો અને સરદારને ગાંધીજીને મળવા અમદાવાદ આવવાની ઇચ્છા થઈ. તેમને પણ ગાંધીજીએ રોક્યા, એમ કહીને કે, 'તમારાથી આજે બારડોલી ન છોડાય, પણ મારી હાજરી તમારા ખીસામાં સમજજો.' પણ ગાંધીજી બારડોલી જાય તો બારડોલીની વધારે પ્રસિદ્ધિ થાય અને ઢગલો માણસો બારડોલીમાં ઊતરી પડે એ સરદાર નહોતા ઇચ્છતા.

ધારાસભાના સભ્યોને લાગ્યું કે હવે આપણે કંઈક કરવું જોઈએ. તેમણે ગવર્નરને વિનંતી કરીને લખ્યું: 'તમે સરકારી અમલદાર તરફથી તપાસ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



થાય એવી મોળી માગણી પણ ન સ્વીકારો એ આશ્ચર્ય છે. અમારે રાજીનામું આપવું પડશે.' ગવર્નરના ખાનગી મંત્રીએ તેમને બનાવતાં લખ્યું: 'ભલા માણસ, સરકારી અમલદાર મારફત તપાસની પણ ના પાડવાનું તમે લખો છો એ ખોટી વાત છે.' પેલા ભલા સભ્યોને લાગ્યું કે આ તો સમાધાનની બારી ખૂલી. એમણે તરત જવાબ આપ્યો: 'આપ સરકારી અમલદાર મારફતે તપાસ કરાવવા ખુશી છો એ જાણીને અમને આનંદ થાય છે. જો એટલું આપ કરો તો અમે શ્રી વલ્લભભાઈ પાસે એવી તપાસ સ્વીકારાવવા પ્રયત્ન કરીએ.' પેલા ખંધા મંત્રીએ લીલું શ્રીફળ પકડાવ્યું: 'અરે, રામ રામ ભજો, કોણે એવી તપાસ કમિટી નીમવાનું વચન આપ્યું? એવી સમજ તમારી થઈ હોય તો તમારી ભૂલ છે.' ઉદ્ધતાઈની કમાલના આ નમૂના પછી ગુજરાતના નવ ધારાસભ્યોએ રાજીનામાં આપ્યાં. પોતાના પત્રમાં તેમણે જણાવ્યું:

"જ્યારે સરકાર પોતાની જવાબદારીનું ભાન ભૂલી કાયદાનો ગંભીર ભંગ કરે છે, અને બારડોલીના લોકો જેવા ઉત્તમ અને નરમ લોકોને છૂંદવાનો પ્રયત્ન કરે છે, ત્યારે સરકારની મનસ્વી નીતિના વિરોધ તરીકે ધારાસભાનાં અમારાં સ્થાનનાં રાજીનામાં આપવાની અમને અમારી ફરજ લાગે છે."

તે વખતે કૉંગ્રેસની કારોબારીની બેઠક મુંબઈમાં થઈ. સરદાર અને એમના સાથીઓને 'લોકોના ઉપર જીવનારા, તેમને આડે રસ્તે દોરનારા, ખેડાના ચળવળિયાનાં ધાડાં' તરીકે કમિશનરે વર્ણવ્યા હતા તે આખા દેશને માથાના ઝાટકા જેવું લાગ્યું હતું. કારોબારીએ નીચેનો ઠરાવ પસાર કરીને દેશમાં ભભૂકી ઊઠેલી લોકલાગણીનો પડઘો પાડ્યો:

"બારડોલી તાલુકામાં થયેલો મહેસૂલવધારો અન્યાયી છે અને ખોટા તથા અયોગ્ય આધારો પર સૂચવાયેલો છે. તે સંબંધમાં તપાસ કરવાને એક નિષ્પક્ષ અને સ્વતંત્ર કમિટી નીમવી એવી બારડોલીના સત્યાગ્રહીઓની માગણી ન સ્વીકારી મુંબઈની સરકાર તેમની સામે જે પગલાં લઈ રહી છે તેની સામે અડગ બહાદુરીથી ટક્કર ઝીલવાને માટે કૉંગ્રેસની આ કારોબારી સમિતિ બારડોલીના સત્યાગ્રહીઓને ધન્યવાદ આપે છે;

"અને બારડોલીના સત્યાગ્રહીઓની પડખે ખરે ટાંકણે અને મોટા ભોગો આપીને ઊભા રહેવાને માટે શ્રી વલ્લભભાઈ પટેલ અને તેમના સાથીઓનો આભાર માને છે; અને મુંબઈ સરકારની મનસ્વી નીતિની સામે વિરોધ તરીકે મુંબઈની ધારાસભાના જે સભ્યોએ પોતાના સ્થાનનાં રાજીનામાં આપ્યાં છે તેમને ધન્યવાદ આપે છે;

"વળી, મુંબઈની સરકારે સત્યાગ્રહીઓને દબાવવાને માટે જે ગેરકાયદે અને વધારેપડતાં પગલાં લીધાં છે તેની સખત નાપસંદગી જાહેર કરે છે;

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

"મુંબઈના ઉત્તર વિભાગના કમિશનરે સુરતના એક દાક્તરને લખેલો પત્ર આ સમિતિએ વાંચ્યો છે. તેની અંદર કમિશનરે શ્રી વલ્લભભાઈ પટેલ, અબ્બાસ સાહેબ તૈયબજી અને ડૉ. સુમન્ત મહેતા જેવા પ્રજાના કસાયેલા અને વિશ્વાસપાત્ર સેવકોને 'લોકોના ઉપર જીવનારા, તેમને આડે રસ્તે દોરનારા, ચળવળિયાઓનાં ધાડાં' તરીકે વર્ણવ્યા છે અને બીજાં પણ ઘણી અતિશયતાભરેલાં એવાં વચનો છે, જે લગભગ જૂઠાણાં કહેવાય, એ કાગળને આ સમિતિ અતિશય અપમાનભરેલો અને એક ઊંચો હોદ્દો ધરાવનાર અમલદારને ન છાજતો માને છે. તેથી આ સમિતિ મુંબઈ સરકારને કહે છે કે એ કમિશનરની પાસે એ કાગળ માટે જાહેર માફી મંગાવીને તે ખેંચી લેવાનો હુકમ કરવો અને તેમ ન કરે તો તેને બરતરફ કરવો;

"વિશેષમાં, આ સમિતિ મુંબઈ સરકારને વિનંતી કરે છે કે તેણે સત્યાગ્રહીઓની નિષ્પક્ષ અને સ્વતંત્ર તપાસ માટેની વાજબી માગણીને સ્વીકારવી; આ લડતે અખિલ ભારતીય સ્વરૂપ પકડયું છે એટલે પ્રજાને આ સમિતિ આગ્રહ કરે છે કે તેમણે સત્યાગ્રહીઓને તન, મન અને ધનથી મદદ કરવી."

સરદાર કારોબારીની બેઠક વખતે મુંબઈ ગયા હતા. સૌએ તેમને ખૂબ જ આવકાર આપ્યો. તેમણે ઇચ્છયું હોત તો એ બધાને બારડોલી ખેંચી લઈ જઈ શકત પણ તેમણે કોઈને આગ્રહ ન કર્યો. છતાં ડૉ. અનસારી અને મૌલાના શૌકતઅલી બારડોલી ગયા. તેઓ સત્યાગ્રહીઓની શિસ્ત અને સંગઠન જોઈ બહુ ખુશ થયા. પારસી ખાતેદારો ઉપર ગુજરેલા ત્રાસની વાતોથી ખેંચાઈ શ્રી ભરૂચા અને શ્રી નરીમાન બારડોલી આવ્યા. બારડોલીમાં પઠાણોનો ત્રાસ જોઈ તેમના ઉપર એટલી અસર થઈ કે શ્રી નરીમાને પોતાના એક ભાષણમાં સરકારની દમનનીતિ ઉપર સખ્ત પ્રહારો કર્યા:

"આપણને કહેવામાં આવે છે કે બ્રિટિશ રાજ્યમાં શાન્તિ અને વ્યવસ્થા સ્થપાયાં છે અને ચોર, ડાકુ અને પીંઢારાનું નામ નથી રહ્યું. બીજે ગમે તેમ હોય, બારડોલીમાં આજે પઠાણ અને મવાલીનું રાજ્ય છે. મુંબઈમાં જે પઠાણોની હિલચાલ ઉપર ચોવીસ કલાક પોલીસ ચોકી રાખે છે તેમાંથી આ પઠાણોને અહીં બોલાવ્યા છે. આ ભાડૂતી પઠાણો લાવીને સરકારે પોતાની લાજ જેટલી ખોઈ છે તેટલી બીજી કોઈ પણ રીતે ન ખોઈ હોત."

૯

તા. ર૭મી મેએ સુરત જિલ્લા પરિષદ સુરતમાં શ્રી જયરામદાસ દોલતરામના પ્રમુખપણા નીચે ભરાઈ. આવી પરિષદ સુરતના લોકોની જાણમાં અગાઉ કદી ભરાઈ નહોતી. બારડોલીના સત્યાગ્રહ વિષે લોકોનો કેટલો ઉત્સાહ હતો તે જાણવાને માટે આ અપૂર્વ દૃશ્ય પૂરતું હતું. બારડોલીના ગામડાં નજરે જોયા વિના પ્રમુખપદ લેવું શ્રી જયરામદાસને ઠીક નહીં લાગેલું, એટલે તેમણે ઘણાં

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

ગામડાં જોયાં અને ત્યાં જે જે જોયું તેનો તાદૃશ ચિતાર પોતાના ભાષણમાં ઉતાર્યો. આ રહ્યા તેમના કેટલાક સૂચક ઉદ્ગારો : 'સરકાર શા સારુ ઉઘાડું કહી નથી દેતી કે અમે નર્યા પશુબળ ઉપર અને સત્તાના જોર ઉપર ખડા છીએ? જે વસ્તુનો નીતિની દૃષ્ટિએ કશો બચાવ થઈ શકે એમ નથી તેનો જૂઠાણાંવાળી અને ભ્રામક દલીલોથી બચાવ કરવામાં શું હાંસલ છે?' પઠાણ-રાજની ઝાટકણી કાઢતાં તેમણે કહ્યું : 'ધોળે દહાડે પઠાણે ચોરી કર્યાના બનાવ પછી એક દિવસ પણ તેમને તાલુકામાં રાખવા એ આ સરકારને માટે અત્યંત શરમભરેલું છે.' બારડોલી તાલુકામાં ચાલી રહેલા સિતમોનું અને તાલુકાની ભવ્ય શાંતિનું વર્ણન આપી તેમણે જણાવ્યું : 'સરકારી ચશ્માં ઉતારી તાલુકાના કોઈ પણ ગામડામાં ફરી આવો. બારડોલીનાં ખેડૂતો, સ્ત્રીઓ, બાળકો સૌ કોઈ આ આગેવાનો અને પ્રજાસેવકો ઉપર કેટલાં મરી ફીટે છે! મુંબઈ સરકારની જુલમ-નીતિનો કાળો ડાઘ જેમ તેના તંત્રમાં કાયમ રહેવાનો છે તેમ તેના જવાબદાર વડા અમલદારોની પ્રજાસેવકો પ્રત્યેની ઉદ્ધતાઈનું આ ન ધોવાય એવું કલંક પણ તેની તવારીખમાં કાયમ રહેશે.'

હવે બારડોલીમાં મહેમાનોની ભરતી ચડવા જ લાગી. શીખ નેતા સરદાર મંગલસિંગ બારડોલીની લડત જાતે જોવા આવ્યા અને બારડોલીનાં ગુણગાન કરવા લાગ્યા. પંજાબ પ્રાંતિક સમિતિએ લડતનો અભ્યાસ કરવા ડૉ. સત્યપાલને મોકલ્યા. શેઠ જમનાલાલ બજાજ પોતાને બારડોલીના યાત્રાળુ ગણીને ધન્ય માનવા લાગ્યા. મહારાષ્ટ્રથી શ્રી જોષી અને પાટસ્કર તટસ્થ ભાવે બધું જોવા આવ્યા. તેઓ અસહકારી નહોતા પણ ખેડૂતોને માટે ઉપાડેલી લડત જોવાનો અને સત્યાગ્રહ કેવી રીતે ચલાવાય છે તે નિહાળવાનો તેમને રસ હતો. બારડોલીથી પાછા વળતાં શ્રી જોષીએ એક અંગ્રેજ કવિનું પ્રસિદ્ધ વચન ટાંકીને કહ્યું : 'ઠેકડી કરવા આવ્યા હતા, પણ સ્તુતિ કરતા જઈએ છીએ.' આમ સરદાર ઇચ્છે કે ન ઇચ્છે બારડોલી જગબત્રીશીએ ચડયું.

સરદારે અત્યાર સુધી નાણાં માટે જાહેર માગણી કરી નહોતી. ખર્ચ માટે બારડોલી તાલુકામાંથી જ દસેક હજાર રૂપિયા મળ્યા હતા. બહારથી થોડાં વણમાગ્યાં દાન આવતાં હતાં. પણ હવે બહારથી તાલુકાની મદદે આવતા સ્વયંસેવકોની સંખ્યા વધતી જતી હતી. બહારથી સંખ્યાબંધ ખેડૂતો અને કાર્યકર્તાઓ લડતની રચના જોવા અને રહસ્ય સમજવા આવતા હતા. એટલે લડતનું ખર્ચ ગુજરાત અને બૃહદ ગુજરાત આપે એવી સરદારે માગણી કરી અને ખાસ પ્રયત્ન વિના જોઈતાં નાણાં આવવા માંડયાં.

જેમ જેમ બારડોલીનું બળ વધતું જતું હતું તેમ તેમ સરકારની અકળામણ વધતી જતી હતી. મે મહિનાનો તાપ સરકારથીયે સહન ન થયો. તેણે જોયું

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

કે એક્કે પાસો સીધો પડતો નથી એટલે તેણે યુદ્ધપરિષદ બોલાવી. તેમાં બે ગુજરાતી પ્રધાનો હતા. તેઓને સમાધાનીની ઉત્કંઠા વધારે હતી. કમિશનર અને સેક્રેટરીઓની પહેલી શરત એ હતી કે વધારા સાથેનો સરકારધારો પહેલો ભરી દેવામાં આવે તો ફરી તપાસ માટે સરકારી અમલદાર નીમવાનો વિચાર થાય. એક પ્રધાન દી૦ બ૦ હરિલાલભાઈ દેસાઈ સરદારના જૂના મિત્ર હતા. તેમણે માની લીધું કે વલ્લભભાઈ આ તો સ્વીકારી લેશે. એટલે તેમણે એ પ્રમાણે કાગળ લખ્યો. સરદારે તારથી જવાબ આપ્યો કે, 'પંચ નિમાય તે પહેલાં વધારાનું મહેસૂલ આપવું અશક્ય છે. જૂનું મહેસૂલ ભરી દેવામાં આવે, જોકે તે પણ સ્વતંત્ર, ખુલ્લી તપાસ જાહેર થાય, તેમાં પુરાવો રજૂ કરવાની અને સરકારી અમલદારોની ઊલટતપાસ કરવાની લોકોના પ્રતિનિધિઓને છૂટ હોય, ખાલસા કરેલી જમીન પાછી આપવામાં આવે અને સત્યાગ્રહી કેદીઓને છોડી દેવામાં આવે ત્યાર પછી.' સમાધાનીનો આ પ્રયત્ન જન્મતાં જ મરણ પામ્યો અને સરકારી મહારથીઓ નવાં શસ્ત્રાસ્ત્રો સાથે રણે ચઢ્યા.

તા. ૩૧મી મેના રોજ સરકારે 'બારડોલી અને વાલોડ મહાલના ખાતેદારોને જાહેરનામું' બહાર પાડ્યું. તેમાં જણાવ્યું કે, 'સરકારી ઉપાયોમાંથી વ્યવસ્થિત રીતે છટકી જવું, ઘરોને તાળાં વાસી રાખવાં, પટેલો અને વેઠિયાઓને બહિષ્કાર કરવાની અને ન્યાતબહાર મૂકવાની ધમકી' આપવી એવાં લોકોનાં ગુનાઈત કૃત્યોથી જપ્તીનું કામ અકારથ નીવડ્યું એટલે પછી સરકાર શું કરે? 'અનિચ્છાએ અમારે જમીન ખાલસા કરવી પડી અને ભેંસો તથા જંગમ મિલકતની જપ્તી કરવી પડી અને પઠાણોની મદદ લેવી પડી.' પણ તેમાં ખોટું શું? 'પઠાણોનું વર્તન તો દરેક રીતે નમૂનેદાર છે એ વિષે સરકારની ખાતરી છે.' તેમાં ખેડૂતોને ફરી ચેતવણી આપવામાં આવી: 'તેમની જમીન સરકારી ખરાબા તરીકે દફતરે ચઢાવી દેવામાં આવશે. . . . અને આવી રીતે લઈ લીધેલી જમીન તેમને કદી પાછી આપવામાં નહીં આવે.' 'આવી ૧૪૦૦ એકર જમીનનો નિકાલ થઈ ચૂક્યો છે, અને બીજી ૫૦૦૦ એકરનો યથાકાળે નિકાલ કરી દેવામાં આવશે.' વળી, 'આજ સુધીમાં એક લાખ રૂપિયા તાલુકા અને મહાલના મહેસૂલ પેટે સરકાર વસૂલ કરી ચૂકી છે, . . . ઘણા લોકો ભરવાને આતુર છે પણ સામાજિક બહિષ્કાર અને ન્યાતબહાર મૂકવાની તથા દંડની ધમકીને લીધે એ લોકો પાછા પડે છે; એટલે જો ૧૯મી જૂન સુધીમાં લોકો મહેસૂલ ભરી દેશે, તો તેમની પાસેથી ચોથાઈ દંડ લેવામાં નહીં આવે.'

અનેક અસત્યો અને અર્ધસત્યોવાળા આ જાહેરનામાને સરકારની નાદારીની એક નવી જાહેરાત તરીકે લોકોએ ગણી કાઢ્યું. ભવિષ્યવાણી જેવાં

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



લાગતાં નીચેનાં વચનોથી સરદારે લોકોને ખાલસાનો અને જમીન વેચવાનો ડર ન રાખવા પ્રોત્સાહિત કર્યા :

"યાદ રાખજો કે સત્યને ખાતર ખુવાર થવા બેઠા છે તે જ આખરે જીતવાના છે. જેમણે અમલદારો જોડે ફૂંડાળાં કર્યાં હશે તેમનાં મોં કાળાં થવાનાં છે. એમાં મીનમેખ ફરક પડવાનો નથી. જાણજો કે તમારી જમીન તમારાં બારણાં ખખડાવતી તમારે ત્યાં પાછી આવવાની છે અને કહેવાની છે કે હું તમારી છું."

થોડા દિવસ સુધી તો પોતાનાં ભાષણોમાં સરકારી જાહેરનામાંનાં જૂઠાણાં અને ધમકીઓનાં પોકળ ઉઘાડાં પાડી સરદાર સરકારની આબરૂના કાંકરા કરવા લાગ્યા :

"સરકાર કહે છે કે ૧૪૦૦ એકર જમીન તેણે વેચી નાખી છે અને હજી ૫૦૦૦ એકર વેચવાના છે. સરકારના મહેસૂલઆકારણી કમિશનર કહે છે કે જમીનની કિંમત આકારના ૧૨૩ ગણી થઈ છે. વેચેલી જમીનની એટલી કિંમત લીધી છે કે ઓછીવત્તી તે સરકાર જાહેર કરે. જેટલી કિંમતે જમીન સરકારે વેચી હોય, તે પ્રમાણે મહેસૂલ ઠરાવે. . . .

"એ જમીન રાખનારાઓની સામે તો પારસી ભાઈઓ અને બહેનોની ટુકડીઓ ઊભી રહેશે અને કહેશે : મારો ગોળીઓ અને પચાવો જમીન. તમે જમીનમાં હળ મૂકો તે પહેલાં અમારાં લોહીની નીકો વહેરાવવી પડશે અને અમારાં હાડકાંનું ખાતર કરવું પડશે. . . .

"જાહેરનામામાં પઠાણોની ચાલચલગતને 'દરેક રીતે નમૂનેદાર' કહી છે, તો કરોને તમે એનું અનુકરણ. તમારા અમલદારોને કહી દો કે એ પઠાણો જેવી નમૂનેદાર ચાલ ચાલો, પછી તમારે કોઈની સારી ચાલના જામીન લેવાપણું જ નહીં રહે. . . .

"સરકારને આપણું સંગઠન ખૂંચે છે. ખેડૂતોને મારી સલાહ છે કે તમને દગો દે તેને બિલકુલ જતો ન કરો. તેને કહી દો કે આપણે એક હોડીમાં ઝુકાવ્યું છે. તેમાં તારે કાણું પાડવું હોય તો તું હોડીમાંથી ઊતરી જા, અમારે ને તારે વહેવાર નહીં. આ સંગઠન અમારા રક્ષણ માટે છે, કોઈને દુઃખ દેવા માટે નથી. સ્વરક્ષા માટે સંગઠન ન કરવું એ આપઘાત કરવા બરાબર છે. વૃક્ષને વાડ કરી બચાવીએ છીએ, ગેરુ લગાવીને ઊધઈથી બચાવીએ છીએ, તો આવડી જબરી સરકાર સામે લડત માંડી છે તેમાં ખેડૂત પોતાના રક્ષણ માટે વાડ શા સારુ ન કરે? . . . તમે કાંઈ કોઈની રોજી છીનવી લેતા નથી. તમે તો માત્ર એની સાથે સંબંધ છોડો છો, એની સેવા લેવી બંધ કરો છો. એવો બહિષ્કાર કરવાનો પ્રત્યેક સમાજનો જન્મસિદ્ધ હક છે.

"સરકાર કહે છે કે પહેલાં પૈસા ભરી દો. ચોર્યાસી તાલુકાએ ભરી જ દીધા છે તો. તેથી તમે તેને કયો ઇન્સાફ આપ્યો? . . .

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

"જપ્તીનો માલ રાખનારા અને જમીન રાખનારા મળ્યા છે એવી જાહેરનામામાં બડાશ હાંકવામાં આવી છે. મળ્યા તો કોણ મળ્યા છે? માલ રાખનારા તમારા જ પટાવાળા અને પોલીસ, અને ભેંસો રાખનારા એક બે ખાટકી ખુશામત કરીને સુરતથી લાવ્યા તે. અને જમીન રાખનારા સરકારના ખુશામતિયા અને સરકારી નોકરના સગા, તેમની કેવી આબરૂ છે તે જગત જાણે છે."

દેશમાં આ જાહેરનામા ઉપર સખત ટીકા થઈ અને દરેક પ્રાંતનાં વર્તમાનપત્રો બારડોલીની ખબરોથી ભરાવા લાગ્યાં. નામદાર વિઠ્ઠલભાઈ પટેલ આ સમયે વડી ધારાસભાના પ્રમુખ હતા અને ગુજરાત તરફથી ચૂંટાયેલા સભ્ય તરીકે તેઓ આખી લડતનો રસથી અભ્યાસ કરતા હતા. તેમણે આખી વસ્તુસ્થિતિ વાઈસરૉય આગળ રજૂ કરી અને આ સંબંધમાં પોતાના વિચારો જણાવ્યા. એટલામાં મુંબઈ સરકારનું ઉપર જણાવેલું જાહેરનામું બહાર પડ્યું. એટલે તરત જ તેમણે ગાંધીજીને એક પત્ર લખ્યો. તેની સાથે લડતના ફાળામાં રૂ. ૧૦૦૦નો ચેક મોકલ્યો તથા લડત ચાલે ત્યાં સુધી દર માસે એ રકમ મોકલતા રહેવાનું વચન આપ્યું. વડી ધારાસભાના પ્રમુખસ્થાને રહીને આ રાજકીય ગણાતી અને સરકાર સામે બંડ તરીકે વગોવાયેલી લડતને માટે સક્રિય સહાનુભૂતિ તેમણે દાખવી તેથી ઘણાને સાનંદાશ્ચર્ય થયું અને કેટલાકને એ વાત ખૂંચી પણ ખરી. ગાંધીજીએ લખ્યું : 'શ્રી વિઠ્ઠલભાઈ પટેલનો પત્ર જોઈ કોનું હૃદય નહીં ઊછળે?' સાચે જ એ પત્રથી બારડોલીમાં તેમ બહાર ઘણાનાં હૃદય ઊછળ્યાં. મુંબઈના શ્રી નરીમાન અને બાલુભાઈ દેસાઈ, કરાંચીના શ્રી નારણદાસ બેચર તથા હૈદરાબાદના શ્રી જયરામદાસે મુંબઈની ધારાસભામાંથી પોતાનાં સ્થાનનાં રાજીનામાં આપ્યાં. સુરતની પરિષદમાં શ્રી જયરામદાસે તા. ૧૨મી જૂનનો દિવસ બારડોલી દિન તરીકે ઊજવવાની સૂચના કરી હતી અને કૉંગ્રેસના પ્રમુખે તેને વધાવી લીધી હતી. એ દિન આવે તે પહેલાં બારડોલી તાલુકાના ૬૩ પટેલો અને ૧૧ તલાટીઓએ રાજીનામાં આપી દીધાં. જ્યારથી લડત શરૂ થઈ ત્યારથી પટેલ તલાટીઓ ઉપર સરદારના મીઠા પ્રહાર પડ્યાં જ કરતા હતા :

"આ રાજ્યરૂપી ગાડાંને બે પૈડાં છે : એક પટેલ અને બીજો તલાટી. અથવા સરકારની ગાલ્લીના એ બે બળદ છે. રાતદિવસ આ બળદ ખૂબ ફટકા ખાય છે, ગાળો ખાય છે. પણ સરકાર કોઈ કોઈ વાર થોડો ગોળ ચોટાડે છે તે મીઠો લાગે છે એટલે માર અને ગાળ બધું ભૂલી તેઓ ગાડું ખેંચે છે."

ગાંધીજીએ આ પટેલતલાટીઓને ધન્યવાદ આપ્યા અને જણાવ્યું કે એમનાં જેવાં બલિદાન જ આખરે આપણને સ્વરાજ અપાવશે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

બારડોલી દિન આખા દેશમાં ખૂબ ઉત્સાહથી ઊજવાયો. બારડોલીના લોકોએ ચોવીસ કલાકનો ઉપવાસ અને પ્રાર્થના કર્યાં. મુંબઈના યુવકોએ ઘેરેઘેર ફરી ઉઘરાણું કર્યાં. અમદાવાદના મજૂરોએ આના આનાની રસીદો કાઢી દોઢ હજાર રૂપિયા એકઠા કર્યા. બારડોલીના સત્યાગ્રહ કાર્યાલયમાં તો ચેક અને મની-ઑર્ડરનો વરસાદ વરસ્યો. આ બધાં સ્વેચ્છાથી આવતાં દાનો ઉપરાંત કેટલાક દાતાઓ પાસે મણિલાલ કોઠારી જેવા ભિક્ષુ પહોંચ્યા. તેમણે મુંબઈના બૅરિસ્ટરો અને વકીલો પાસે મોટી મોટી રકમો કઢાવી. સારો ચેક ન આપો તો તમારી મોટરકાર આપો, અને તે આપી ન દો તો લડત ચાલે ત્યાં સુધી વાપરવા આપો. આમ કરીને તાલુકામાં કાર્યકર્તાઓને ફરવા માટે તેમણે ચાર મોટરકાર મેળવી અને સત્યાગ્રહ ફાળાને બે લાખ સુધી પહોંચાડચો.

૧૦

અત્યાર સુધીમાં ખાલસા નોટિસોની સંખ્યા પાંચ હજાર ઉપર પહોંચી. હવે સરકારે ખાલસા થયેલી જમીન છાનીછપની વેચવાને બદલે જાહેર લિલામથી વેચવાના ઢોંગ આદર્યા. ગામેગામ લોકોએ ઠરાવ કર્યા કે આવી રીતે જમીન રાખનારની જમીન કોઈએ ખેડવી નહીં અને મજૂરીની કે બીજી કોઈ પ્રકારની મદદ કરવી નહીં. બારડોલી બહારના એક પારસીએ થોડી જમીન ખરીદી. તેમની કોમના અને શહેરના માણસોએ તેમના કડક બહિષ્કારના ઠરાવ કર્યા. સરદારે ‘બારડોલી દિન’ નિમિત્તે બારડોલીમાં ભાષણ કરતાં આવા જમીન ખરીદનારાઓને આકરી ચેતવણી આપી :

> “કોઈ પણ ખેડૂતની કે શાહુકારની એક ચાસ પણ જમીન જ્યાં સુધી ખાલસા થયેલી રહેશે ત્યાં સુધી આ લડતનો અંત નથી. તેના ઉપર તો હજારો ખેડૂતો પોતાનાં માથાં આપશે. એ કાંઈ ધર્મરાજાનો ગોળ લૂંટાતો નથી કે ભરૂચ જઈ એક ઘાસલેટવાળા પારસીને લાવ્યા કે જે જેમ ફાવે તેમ લૂંટ મારી શકે. આ તો ખેડૂતનું લોહી પીવા આવવાનું છે. તેમ કરનારનો ઇનસાફ પણ પ્રભુ આ જિંદગીમાં કેવો કરે તે ન ભૂલજો. મફતમાં જમીન લેવા આવનારની દશા પેલા નાળિયેર લેવા જનારા લોભિયા બ્રાહ્મણના જેવી થવાની તે ખચીત માનજો.”

મોતાના એક સજ્જનને ડેપ્યુટી કલેક્ટરે અનેક વાર સમજાવ્યા: ‘તમારી વાડીનાં ફળ ખાધાં છે, એ વાડીને હરાજ કરાવવાનું મારાથી શે બને? માટે મહેરબાની કરીને મહેસૂલ ભરી દોની. કોઈને જરાય ખબર નહીં પડવા દઉં.’ પેલા સજ્જન અડગ રહ્યા. એટલે એક વૃદ્ધ પેન્શનરને આ અમલદારે કહ્યું, તમારા મિત્રે તેમના તરફથી પૈસા ભરી દેવાનું તમને કહ્યું છે. પેલા પેન્શનર ભોળવાયા નહીં અને તપાસ કરી જોઈ તો વાત ખોટી નીકળી. મોતામાં જઈને

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

સરદારે પોતાની અનેક સચોટ ઉપમાઓમાંની એક વાપરીને પેલા અમલદારને ગામમાં ભોંય ભારે પડે એમ કર્યું:

"બે જાતની માખી હોય છે. એક માખી દૂર જંગલમાં જઈ ફૂલોમાંથી રસ લઈ આવી મધ બનાવે છે. બીજી માખી ગંદા ઉપર જ બેસે છે અને ગંદકી ફેલાવે છે. એક માખી જગતને મધ આપે છે, ત્યારે બીજી ચેપ ફેલાવે છે. આ ચેપી માખીઓ તમારે ત્યાં કામ કરી રહી છે એમ સાંભળ્યું છે. એ માખીને તમારી પાસે આવવા દેશો જ નહીં. ગંદકી અને મેલ જ તમારામાં ન રાખશો કે તમારી પાસે એ માખીઓ આવે."

બારડોલીમાં આ લડતને માટે ખાસ રેસિડેન્ટ મૅજિસ્ટ્રેટ નીમવામાં આવ્યા હતા. તાલુકામાં ગુના તો થતા જ નહોતા. કોઈ ગુના કરતું હોય તો પોલીસના માણસો, સરકારે આણેલા પઠાણો અને સરકારી અમલદારો જ કરતા હતા. પણ તેથી કાંઈ મૅજિસ્ટ્રેટને આળસુ બેસવા દેવાય? કલેક્ટર સાહેબ બારડોલી આવ્યા હતા. તેમની હિલચાલની દેખરેખ રાખવા એક સ્વયંસેવક સરકારી બંગલાથી થોડે છેટે રસ્તાની સામી બાજુએ બેઠો હતો. કલેક્ટરને આ ન ગમ્યું. એને બોલાવી મંગાવ્યો અને ફોજદારને સોંપ્યો. તેણે ચેતવણી આપી સ્વયંસેવકને છોડી મૂક્યો. દરમ્યાન તેની જગ્યા વિદ્યાપીઠના વિદ્યાર્થી દિનકર મહેતા અને બીજા એક સ્વયંસેવકે લીધી. એ બંનેને પકડવામાં આવ્યા. એટલે એમની જગ્યા જેમને ચેતવણી આપીને રજા આપવામાં આવી હતી તે જ સ્વયંસેવકે લીધી, એટલે એને પણ પકડ્યો. પણ એમને કલમ કઈ લગાડવી? જાહેર રસ્તા ઉપર રખડતા રઝળતા ભામટાવાળી કલમ તૈયાર હતી. ત્રણે જુવાનોને રૂ. ૫૦ દંડ નહીં તો બે માસની સજા કરવામાં આવી. મૅજિસ્ટ્રેટે જજમેન્ટમાં લખ્યું: 'આ આરોપીઓ બારડોલીમાં સરકારી બંગલા આગળ કલેક્ટરનો મુકામ હતો ત્યારે રઝળતા અને જતા આવતાને અટકાવ કરતા માલૂમ પડ્યા હતા.' પણ કોનો અટકાવ થયો હતો? કેવો અટકાવ થયો હતો? એના પુરાવાની કશી જરૂર નહોતી! ત્રણે જણે દંડ ન ભરતાં જેલમાં જવાનું પસંદ કર્યું. બીજે દિવસે સંખ્યાબંધ સ્વયંસેવકો જેલ જવાની અનાયાસે લાધેલી આ તકનો લાભ લેવા ત્યાં ભેગા થયા, પણ તેમને કોઈએ પકડ્યા નહીં.

નાની ફરોદ નામના ગામના રહીશ ભવાનભાઈ હીરાભાઈ નામના ગરીબ ગાય જેવા ખેડૂત ઉપર જપ્તીદારને અટકાવવા માટે બારણાં બંધ કરવાનો અને તેને ઈજા પહોંચાડવાનો આરોપ મૂકવામાં આવ્યો. તેની વીર પત્નીએ કહ્યું કે, આવો ગુનો કોઈએ કર્યો હોય તો મેં કર્યો છે, બારણાં મેં ઢાંક્યાં હતાં. છતાં તેને ન પકડવામાં આવી અને ભવાનભાઈને છ માસની સખ્ત કેદની સજા

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



કરવામાં આવી. પતિને જેલમાં વિદાય દેતી વખતે એ વીરાંગનાએ જે શબ્દો ઉચ્ચાર્યા તે નોંધવા જેવા છે:

"જો જો, હો. ઢીલો બોલ ન નીકળે. જેલરને કહેજો કે તારાથી દેવાય તેટલું દુઃખ દે. મારી સામે કે છોકરાં સામે જોવાનું ન હોય. હિંમત રાખજો. અને ખખડાવીને જવાબ દેજો. શું કરું? મારા ઉપર કેસ નહીં માંડયો, નહીં તો બતાવી દેતે. મણ દળવા આપે તો દોઢ મણ દળીને ફેંકી દેતે. મારા ધણી જેલમાં જવા તો તૈયાર છે પણ જરા ઠંડા સ્વભાવના એટલે બોલતાં નહીં આવડે. આવે વખતે તો એવા જવાબ દેવા જોઈએ કે સરકારમા હોય તેટલા બધાને યાદ રહી જાય."

બારડોલીની બહેનોની આવી વીરતા અને હિંમતનો ફાળો આ લડતમાં ઘણો મોટો હતો.

ખેડા સત્યાગ્રહના દિવસોમાં સરકારનું ખબર ખાતું ખૂલ્યું નહોતું. બોરસદ સત્યાગ્રહમાં તેનાં કંઈક દર્શન થયાં હતાં. પણ આ વખતે તો તેને પત્રિકાઓ કાઢવાનું શૂર ચઢયું હતું. અને તેમાં રોજ રોજ સરકારની ઇજ્જત ઉઘાડી પાડનારા નમૂના બહાર પડયે જતા હતા. એક પઠાણ મીઠું ચોરતાં પકડાયો ત્યારે ખબર ખાતાના અમલદારે કહ્યું: 'પોલીસને જણાયું છે કે આ કેસ ખોટા કેસમાં ગણવો જોઈએ.' એક પઠાણે એક સત્યાગ્રહી ઉપર છરી લઈને હુમલો કર્યો ત્યારે હુમલાનો તો ઇનકાર ન કરવામાં આવ્યો પણ કહેવામાં આવ્યું કે છરી ભોંકવાનો ઇરાદો નહોતો. એક પઠાણ કૂવા ઉપર નાગો ઊભો હતો ત્યારે કહેવામાં આવ્યું કે પઠાણનો હેતુ મલિન નહોતો. પછી જ્યારે આ 'નમૂનેદાર ચાલ'વાળા પઠાણોને તાબડતોબ તાલુકામાંથી ખસેડવાનો હુકમ થયો ત્યારે ખબર ખાતાએ લખ્યું: 'હવે વરસાદની મોસમ શરૂ થઈ એટલે પઠાણોની જરૂર થોડી જ રહેવાનો સંભવ છે.' વળી તેણે દલીલ કરી: 'વાણિયા પઠાણોને ચોકીદાર રાખે છે તેની સામે તો કોઈ કાંઈ કહેતું નથી. તો પછી સરકાર પઠાણોને રાખે તેમાં શો દોષ?' કલેક્ટર સાહેબ 'ખેડૂતોને શુભ વચનો' કાઢતા હતા. તે વળી આ ખબર ખાતાને પણ ટપી જાય એવાં હતાં. એ શુભ વચનોમાં સરદાર અને તેમના સાથીઓને 'દુરાગ્રહી' વિશેષણની નવાજેશ કરવામાં આવી. તેમને 'બારડોલી તાલુકામાં જેમને ગુમાવવાની બિલકુલ જમીન નથી એવા પરદુઃખોત્પાદક ઋષિઓ' કહ્યા. ખાલસા જમીન પચાવતાં પહેલાં સ્વયંસેવકોના લોહીની નીકો વહેશે અને તેમનાં હાડકાનાં ખાતર થશે એવું સરદારે કહેલું તે ઉપર લખ્યું:

"હવે તો તત્ત્વજ્ઞાન અને શાંતિના પાઠો પણ વીસરાવા માંડયા છે. શાંતિની વાતો હવે શાંત થવા માંડી છે અને લડાઈ અને લોહીલુહાણના ગંભીર ધ્વનિ એ પરદુઃખોત્પાદક ઋષિઓને મુખેથી કાને પડવા માંડયા છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ગોળીબાર અને હાડકાનાં ખાતરો વગેરે વાતો શાંતિના ઉપાસકોને મુખેથી નીકળવા લાગી છે.”

## ૧૧

શ્રી કનૈયાલાલ મુનશી તે વખતે મુંબઈ ધારાસભાના સભ્ય હતા. તેમણે ગવર્નરને કાગળ લખીને વીનવ્યા કે તેઓ બારડોલીની બાબતમાં વચ્ચે નહીં પડે તો મુદ્દો છે તે કરતાં બદલાઈ જશે અને બહુ મોટું રૂપ ધારણ કરશે. પોતાના કાગળના આરંભમાં તેમણે જણાવેલું કે પોતે બંધારણીય ઉપાયોમાં માનનાર તરીકે કાગળ લખે છે, ‘કર ન ભરનાર અસહકારી તરીકે નહીં.’ ગવર્નરે તેમને લાંબો ઉત્તર આપ્યો. તેમાં જણાવ્યું કે, ‘બારડોલીમાં સવિનય ભંગનું શસ્ત્ર ઉગામીને સરકારને દબાવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે.’ ‘લોકોની તકરાર પછી ફરી તપાસ થઈ ચૂકી છે. કારણ રેવન્યુ મેમ્બર મિ. રૂ રજા ઉપર ગયા ત્યારે મિ. હૅચ નામના અતિશય અનુભવી રેવન્યુ અમલદાર તેમની જગ્યાએ આવ્યા. તેઓ નિષ્પક્ષ બુદ્ધિથી બધા કાગળો તપાસી ગયા છે અને તેમની ખાતરી થઈ છે કે ગણોતો વગેરે બાદ કરીએ તોપણ માલના ભાવ, જમીનની વેચાણ કિંમત વગેરે ધ્યાનમાં લેતાં સરકારે જે વધારો સૂચવ્યો છે તે જોઈતો હતો તે કરતાં ઓછો છે. જો ફરી તપાસ કરવામાં આવે તો મહેસૂલ કશું ઓછું થવાને બદલે ઊલટું વધારે વધવાનું પરિણામ આવશે. હું તમને ખાતરી આપું છું કે સરકારનો એક પણ સભ્ય એવો નથી કે જેની ખાતરી ન થઈ હોય કે સરકારે વધારેલું મહેસૂલ ન્યાયી જ નહીં પણ ઉદારતાભર્યું છે.’ એટલે શ્રી મુનશીએ જવાબ આપ્યો કે, ‘આપ નામદાર કહો છો એ વાત સાચી હોય તો સ્વતંત્ર તપાસ કમિટી નીમીને પોતે ન્યાયી અને ઉદાર છે એવું પ્રજા પાસે કબૂલ કરાવવાની તક સરકાર શા સારુ નથી લેતી?’ હવે ગવર્નરે સરકારના મનમાં ખરું શું હતું તે જણાવ્યું. ‘તમે સૂચવો છો તેમ સરકાર રાજ-વહીવટ ચલાવવાનો પોતાનો નિર્વિવાદ અધિકાર કોઈ સ્વતંત્ર કમિટીને શા સારુ સોંપી દે? દરેક રીતે પરિસ્થિતિને પહોંચી વળવાને હું ઇંતેજાર છું. પણ કોઈ પણ સરકાર ખાનગી શખ્સોને પોતાની લગામ સોંપી દઈ ન જ શકે. એવું થવા દે તો સરકાર સરકારના નામને લાયક ન રહે.’

આ વિચિત્ર વિધાનના જવાબમાં ગાંધીજીએ ફરી એક વાર લોકપક્ષનું સત્ય સ્વરૂપ વ્યક્ત કરનારો લેખ લખ્યો અને સરકારે ધારણ કરેલી ખોટી વૃત્તિને ઉઘાડી પાડી :

> “ગવર્નર સાહેબ કહે છે કે રાજ્ય અને પ્રજાની વચ્ચે સ્વતંત્ર તપાસ હોય જ નહીં. આમ કહીને તેઓ સાહેબ લોકોની આંખમાં ધૂળ નાખે છે. સ્વતંત્ર તપાસ પણ સરકારી તપાસ હશે. ન્યાય ખાતું કારોબારી ખાતાથી

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



સ્વતંત્ર છે છતાં તે પણ સરકારી ખાતું છે. કમિટીની નિમણૂક લોકો કરે એમ કોઈએ માગ્યું નથી. પણ તટસ્થ અમલદારો પાસે જેમ અદાલતોમાં તપાસ ચાલે છે તેમ બારડોલીના મહેસૂલના કેસની તપાસ થાય એવી લોકોની માગણી છે. આમાં સરકારને રાજ્યની લગામ છોડી દેવાની વાત નથી, પણ જોહુકમી, નાદીરશાહી છોડી દેવાની વાત અવશ્ય છે. જો લોકોને સ્વરાજ્ય મળવું છે ને તેમણે તે મેળવવું છે તો આ નાદીરશાહીનો સર્વથા નાશ થવો જ છે.

"આ દૃષ્ટિએ બારડોલીની લડતે હવે વ્યાપક સ્વરૂપ પકડ્યું છે અથવા આપણા સદ્‌ભાગ્યે સરકારે તેને વ્યાપક સ્વરૂપ આપ્યું છે.

"સત્યાગ્રહનું શસ્ત્ર ગેરકાયદે છે એવી શ્રી મુનશીની કબૂલત દુઃખકર છે. તે હવે અંકાઈ ગયેલું શસ્ત્ર ગણાય. દક્ષિણ આફ્રિકામાં જ્યારે તેનો ઉપયોગ થયો ત્યારે લૉર્ડ હાર્ડિંગે તેનો બચાવ કર્યો હતો. ચંપારણમાં બિહારની સરકારે તેનો સ્વીકાર કરી કમિટી નીમી હતી. બોરસદમાં શ્રી વલ્લભભાઈએ એ જ શસ્ત્રનો ઉપયોગ કર્યો, ને હાલના જ ગવર્નર સાહેબે તેને માન આપી લોકોને દાદ આપી હતી. હવે તે શસ્ત્ર કેમ કાયદાવિરુદ્ધ ગણવું તે ન સમજાય તેવું છે.

"પણ સત્યાગ્રહ કાયદા વિરુદ્ધ હોય કે ન હોય એ અત્યારે પ્રસ્તુત સવાલ નથી. લોકોની માગણી વાજબી હોય, તો લોકોની માગણી કરવાની રીત ગમે તેવી હોય તેથી તેની યોગ્યતા ઓછી નથી થતી."

ગવર્નરનો જવાબ ચુસ્ત બંધારણવાદીને સંતોષ આપે એવો નહોતો. શ્રી મુનશીએ એ વાતને એટલેથી ન છોડી. તેમણે ગવર્નરની મુલાકાત લીધી અને એ મુલાકાતથી પણ જ્યારે એમને સંતોષ ન થયો ત્યારે તેમણે બારડોલી જઈ વસ્તુસ્થિતિ નજરે નિહાળવાનો નિશ્ચય કર્યો. તેમણે બારડોલીમાં આવીને ઘણાં ગામની મુલાકાત લીધી, ઘણી સભાઓમાં હાજરી આપી, ઘણાં સ્ત્રીપુરુષો સાથે વાતચીત કરી અને એ તપાસને પરિણામે 'પોતાનો વિરોધ દર્શાવવાનો અતિશય ગંભીર પ્રકાર અખ્ત્યાર કરવાની દુઃખદાયક આવશ્યકતા ઊભી થયેલી' તેમને લાગી. તેમણે તા. ૧૭મી જૂને ગવર્નરને એક વીરતાભર્યો કાગળ લખ્યો જે આ લડતના ઇતિહાસમાં એક મહત્ત્વના દસ્તાવેજ તરીકે રહી જશે. દેશનાં તમામ પત્રોમાં એ છપાયો. એ પત્રમાંથી થોડાક ફકરા નીચે આપ્યા છે :

"ત્યાં ૮૦,૦૦૦ સ્ત્રી, પુરુષો અને બાળકો સુસંગઠિત વિરોધ કરવાની અડગ વૃત્તિથી બેઠેલાં છે. આપના જપ્તીઅમલદારને હજામ મેળવવા માટે માઈલો સુધી રવડવું પડે છે. આપના એક અમલદારની મોટર કાદવમાં ખૂંચી ગઈ હતી તે, આપના કહેવા પ્રમાણે 'લોકો ઉપર જીવનાર ચળવળિયો' શ્રી વલ્લભભાઈ ન હોત તો ત્યાંની ત્યાં જ રહી હોત. શ્રી ગાર્ડા, જેને હજારોની કિંમતની જમીન પાણીને મૂલે વેચી દેવામાં આવી છે તેને એના ઘર માટે ઝાડુ કાઢનાર ભંગી મળતો નથી. કલેક્ટરને રેલવે સ્ટેશન ઉપર એક વાહન પણ મળતું નથી, સિવાય કે શ્રી વલ્લભભાઈ તેની પરવાનગી

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

આપે. મેં જે થોડાં ગામડાંની મુલાકાત લીધી તેમાં એક પુરુષ કે એક સ્ત્રી મને એવી નથી મળી જે પોતે પસંદ કરેલા વલણ માટે દિલગીર હોય, યા તો પોતે સ્વીકારેલા ધર્મમાર્ગમાં ડગુમગુ હોય. . . . સરકારી અહેવાલોમાં એમ જણાવવામાં આવ્યું છે કે આ ચળવળ તો ઊભી કરેલી બનાવટી ચળવળ છે અને લોકો ઉપર એમની મરજી વિરુદ્ધ ઠસાવવામાં આવી છે એ નરમમાં નરમ શબ્દોમાં કહું તો સાવ ખોટું છે. લોકોને થથરાવી નાખવાના આપની સરકારના પ્રયત્નોની લોકો ઠેકડી કરે છે. . . . આ બધું હું એવી આશાથી લખું છું કે મારા જેવાના અંગત અનુભવો જાણીને આપ નામદારના અને આપની સરકારના હૃદયમાં કંઈ નહીં તો વસ્તુસ્થિતિની જાતતપાસ કરવાની ઇચ્છા જાગે. . . . પોતાનાં વહાલાં ઢોર લૂંટાઈ જતાં બચાવવા માટે સ્ત્રી, પુરુષો અને બાળકો આ ઢોરો સાથે ત્રણ ત્રણ મહિના થયાં પોતાનાં નાનાં અને અનારોગ્ય ઘરોમાં પુરાઈ રહ્યાં છે. ખાલી અને નિર્જન થઈ ગયેલાં ગામોમાં થઈને હું પસાર થયો ત્યારે ત્યાં એક ચકલું ફરકતું નહોતું, માત્ર રસ્તાના અમુક અમુક નાકે લોકોએ પહેરેગીરો ગોઠવેલા હતા. રખે જપ્તી અમલદાર આવતો હોય એવા ભયથી સ્ત્રીઓ બારીઓના સળિયામાંથી કોઈ કોઈ ઠેકાણે નજર કરતી જોવામાં આવતી હતી. જ્યારે તેમની ખાતરી થઈ કે હું જપ્તીઅમલદાર નહોતો ત્યારે તેમણે પોતાના મકાનનાં બારણાં ઉઘાડ્યાં અને મને અંદર લીધો. જ્યારે મેં એ ઘરોમાંનું અંધારું, છાણ-વાસીદું અને દુર્ગંધ જોઈ, જપ્તી અમલદારોની નિષ્ઠુરતાનો ભોગ થવા દેવા કરતાં રોગથી પીળાં પડી ગયેલાં, ચાંદાંવાળાં, દુઃખી એવાં ઢોરો જોયાં, તેમની સાથે એક જ ઓરડામાં ગોંધાઈ રહેવાનું બહેતર સમજતાં સ્ત્રી, પુરુષો અને બાળકોની પોતાના વહાલા ઢોર ખાતર હજી પણ લાંબો સમય આ કારાગૃહવાસ સ્વીકારી લેવાની દૃઢ પ્રતિજ્ઞા સાંભળી, ત્યારે મારે વિચારવું જ પડ્યું કે જપ્તીની આ નિષ્ઠુર નીતિની કલ્પના કરનારનો, એનો અમલ કરનારની કડકાઈનો અને એની મંજૂરી આપનાર રાજનીતિનો જોટો મધ્યકાલીન યુગના ઇતિહાસનાં પાનાં સિવાય બીજે ક્યાંય જડવો મુશ્કેલ છે.

“. . . કાયદાનો કેવળ શબ્દાર્થ કરીને ગણવામાં આવતા ગુનાઓ માટે અસાધારણ સખ્ત સજાઓ, ગર્વિષ્ઠ જાહેરનામાંની ગર્જનાઓ તથા સરકારનાં ખાંડાંના ખખડાટથી પ્રજામાં ઉપહાસ વિના બીજું કશું નીપજતું નથી.”

પોતાના પત્રના અંતભાગમાં બારડોલીના પ્રશ્ન ઉપર ધારાસભામાં સરકારને મળેલી બહુમતીનું પોકળપણું તેઓ દર્શાવે છે અને કહે છે કે કોઈ પણ રીતે બહુમતી મેળવીને સરકારે હરકોઈ બંધારણવાદીને સરકારપક્ષમાં ઊભા રહેવું મુશ્કેલ કરી મૂક્યું છે. અને તેથી ‘ધારાસભામાંથી મારી જગ્યાનું રાજીનામું આપીને મારા આખા પ્રાંતવ્યાપી મતદારમંડળને (કારણ તેઓ મુંબઈ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ધારાસભાના સભ્ય હતા) અપીલ કરી આ મુદ્દા ઉપર પોતાનો નિર્ણય જાહેર કરવાનું સૂચવવું એ જ જવાબ મારે આપવાનો રહે છે.’

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



શ્રી મુનશી પોતાની જગ્યાનું રાજીનામું આપીને સંતોષ માની બેસી ન રહ્યા. લોકોને દબાવવાના જે ઉપાયો યોજવામાં આવ્યા હતા તેની કાયદાની દૃષ્ટિએ તપાસ કરવા તેમણે એક સમિતિ નીમી. આ તપાસમાં મદદ કરવા સરકારને પણ તેમણે નોતરી, પણ સરકારે આમંત્રણ ન સ્વીકાર્યું. પુષ્કળ પ્રમાણમાં મળેલા અને જેની સામે વાંધો ન ઉઠાવી શકાય એવા જ પુરાવાના આધાર ઉપર પોતાના નિર્ણયો બાંધવાની સમિતિએ ખાસ કાળજી રાખી.

## ૧૨

સર પુરુષોત્તમદાસ ઠાકોરદાસ અને હિંદી વેપારીઓની ચેમ્બર ઑફ કૉમર્સના બીજા સભ્યોએ હવે સમાધાન કરાવવા પ્રયત્ન કર્યો. સત્યાગ્રહીઓની ઓછામાં ઓછી માગણી શી છે તે નક્કી કરી લેવા તેઓ ગાંધીજીને સાબરમતી આશ્રમમાં મળવા ગયા અને ત્યાં સરદારને પણ હાજર રહેવા વિનંતી કરી. ગાંધીજીને મળ્યા પછી સર પુરુષોત્તમદાસ, શ્રી મોદી તથા શ્રી લાલજી નારણજી ડેપ્યુટેશનના રૂપમાં ગવર્નરને મળવા પૂના ગયા. ગવર્નર સાહેબનો ઓછામાં ઓછો એટલો આગ્રહ તો હતો જ કે ખેડૂતોએ વધારેલું મહેસૂલ પ્રથમ ભરી દેવું જોઈએ અથવા છેવટે કોઈ ત્રાહિત વ્યક્તિએ વધારા જેટલી રકમ સરકારી તિજોરીમાં અનામત મૂકવી જોઈએ, ત્યાર પછી જ ફરી તપાસ કરવામાં આવે. પછી સર પુરુષોત્તમદાસ સરદારને મળ્યા. બન્નેને લાગ્યું કે સરકાર અને સત્યાગ્રહીઓ વચ્ચે કાંઈ મેળ ખાય તેમ નથી. પરિણામે શ્રી લાલજી નારણજીએ ધારાસભામાંથી પોતાની જગ્યાનું રાજીનામું આપ્યું. તેમાં સ્પષ્ટ જણાવ્યું કે, લોકોની નિષ્પક્ષ તપાસની માગણી સ્વીકારતાં પહેલાં વધારેલા દર પ્રમાણે મહેસૂલ ભરી દેવાની તેમની પાસે માગણી કરવી એ તદ્દન ખોટું છે.

આવી સમાધાનીની વાતોથી લોકો પોતાના નિરધારમાં જરાયે ઢીલા ન પડે તે માટે સરદાર તેમને વારંવાર સંભળાવતા :

> “કેરીનું ફળ કવખતે તોડશો તો તે ખાટું લાગશે અને દાંત અંબાઈ જશે. પણ તેને પાકવા દઈશું તો તે આપોઆપ ખરી પડશે અને અમૃતસમું લાગશે. હજી સમાધાનીનો વખત આવ્યો નથી. સમાધાની ક્યારે થાય? જ્યારે સરકારની મનોદશા બદલાય, જ્યારે તેનો હૃદયપલટો થાય, ત્યારે સમાધાની થાય. ત્યારે આપણને લાગે કે તેમાં કંઈ મીઠાશ હશે. હજી તો સરકાર ઝેરવેરથી તળે ઉપર થઈ રહી છે.”

મિત્રોને પણ તેમણે વારંવાર સંભળાવ્યું હતું કે ઉતાવળ ન કરો, પ્રજામાં આટલું ચેતન આવ્યું છે તેના ઉપર પાણી ન રેડો.

હવે વિનીત દળના નેતાઓને લાગ્યું કે તેમણે પણ આ લડતનો અભ્યાસ કરી પોતાનો અભિપ્રાય જાહેર કરવો જોઈએ. જૂનના ત્રીજા અઠવાડિયામાં



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

પંડિત હૃદયનાથ કુંઝરુ, 'સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા'ના તંત્રી શ્રી વઝે તથા ઠક્કર બાપા બારડોલી આવ્યા. નવી આકારણી આર્થિક દૃષ્ટિએ વાજબી છે કે કેમ એટલી જ તપાસ તેમને કરવી હતી. એટલે સરકારની દમનનીતિ વિષે, લોકોના સંગઠન વિષે અથવા બારડોલીમાં ચાલતા રચનાત્મક કામ વિષે, એ કશું જોવાની તેમણે સાભાર ના પાડી. લૅન્ડ રેવન્યુ કોડ તથા સેટલમેન્ટ મૅન્યુઅલની રૂએ આ આકારણી કેટલે દરજ્જે વાજબી છે તેની પ્રત્યક્ષ તપાસ ઘણાં ગામોએ ફરીને તેમણે કરી અને તેઓ એ અભિપ્રાય ઉપર આવ્યા કે, 'ફરી તપાસની માગણી સંપૂર્ણ રીતે ન્યાયી છે,' અને 'વીરમગામ તાલુકાની થયેલી નવી આકારણીનો ફરી વિચાર કરવાનું સરકારે બહાર પાડ્યું છે એટલે બારડોલીની આકારણીનો પણ ફરી વિચાર કરવાનો કેસ જવાબ ન આપી શકાય એવો મજબૂત બને છે.' શ્રી વઝેએ એક વિશેષ નોંધ બહાર પાડી જેમાં તેમણે 'બારડોલીની વર્તમાન લડત શુદ્ધ આર્થિક લડત છે અને સામુદાયિક સવિનય ભંગના એક અંગરૂપ નથી' એ વસ્તુ ઉપર ખાસ ભાર મૂક્યો :

> "મારી તપાસથી મને સંતોષ થયો છે કે આ પ્રવૃત્તિના સંચાલકો, બારડોલીના ખેડૂતોને જે ક્રૂર અન્યાય થયેલા છે તે દૂર કરવા માટે પોતાથી બને તેટલો પ્રયત્ન કરવા ઉપરાંત બીજા કોઈ પણ હેતુથી આ લડત આગળ ચલાવવા પ્રેરાયેલા નથી. આ લડતમાં વ્યાપક રાજદ્વારી હેતુ બિલકુલ નથી, છતાં તેવા હેતુનું સરકાર આરોપણ કરે છે તે અતિશય ગેરવાજબી અને અન્યાયી છે."

આ ત્રણ ગૃહસ્થોનો રિપોર્ટ તેમની શાંત, તટસ્થ વિચારસરણીને છાજે એવો હતો. તેમાં નકામી એક પણ વિગત નહોતી કે એક પણ વિશેષણ નહોતું. જુદા જુદા રાજદ્વારી પક્ષના નેતાઓ ઉપર તેની બહુ અસર થઈ. બરાબર આ વખતે ભાઈ મણિલાલ કોઠારી આખા દેશમાં ફરી વળ્યા. તેઓ અનેક પક્ષના નેતાઓને મળ્યા. તેમને બારડોલીના કેસથી અને બારડોલીની પરિસ્થિતિથી વાકેફ કર્યા અને પોતાના વિચારો બહાર પાડવા વિનંતી કરી. એનું પરિણામ સુંદર આવ્યું. એક પછી એક આ નેતાઓએ પોતાના વિચારો વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ કર્યા અને પ્રજાને એ સંબંધમાં વિચાર કરતી કરી મૂકી. પંડિત મોતીલાલ નેહરુએ છાપાં જોગી એક લાંબી યાદીમાં કહ્યું :

> "હું એમ સમજ્યો છું કે મુંબઈ સરકાર ફરી તપાસ આપવા તો તૈયાર છે, પણ તપાસ આપતાં પહેલાં વધારેલું તમામ મહેસૂલ ભરાઈ જવું જોઈએ એવો આગ્રહ રાખે છે. સરકારનું આ વલણ બહુ વિચિત્ર લાગે છે. જો વધારો પ્રથમ દર્શને જ ખોટો અને અન્યાયી હોય અને તેનો ફરી વિચાર થવાની જરૂર હોય તો એ વધારો વસૂલ કરવાની માગણી કરવી એ તદ્દન અજુગતું અને ન્યાયવિરુદ્ધ છે."

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



સર અલી ઇમામે પોતાનો મત જાહેર કર્યો કે, બારડોલીમાં ઊભી થયેલી ગંભીર પરિસ્થિતિનું નિરાકરણ 'બન્ને પક્ષના પ્રતિનિધિઓવાળી તપાસસમિતિ નિમાય તો જ આવી શકે.' શ્રી ચિંતામણિનો અભિપ્રાય એટલો જ અસંદિગ્ધ હતો. તેમણે કહ્યું :

"જનસ્વભાવ એટલો આડો અથવા ઊંધમુધિયો ન જ હોય કે આટલા બધા ગરીબ માણસો આવી જબરદસ્ત સરકાર જેની મરજી એ જ કાયદો છે અને જેનો કાયદો ઘણી વાર તેના અવિવેકનો સભ્ય પર્યાય છે, તેની સામે વિના કારણ લડત ઉપાડે, જે લડતમાં તેમને લાભ કશો નથી પણ ગુમાવવાનું સર્વસ્વ છે. . . . તપાસ આપવામાં આવે તે પહેલાં વધારેલું મહેસૂલ ભરી દેવાની સરકાર માગણી કરે છે તે તો એક ફારસ જ છે."

આથી આગળ વધીને તેમણે જાહેર કર્યું કે, બારડોલીનો સત્યાગ્રહ 'કાયદેસર ચળવળ'ના અર્થની અંદર આવી શકે છે અને વિનીત પક્ષના સિદ્ધાન્તોથી તે જરાયે અસંગત નથી. સર તેજ બહાદુર સપ્રૂએ કહ્યું :

"સરકારની પ્રતિષ્ઠા ખાતર મને તો આવશ્યક જણાય છે કે મહેસૂલના વધારાના સંબંધમાં બારડોલીના લોકોની જે ફરિયાદ છે તેને વિષે જ નહીં, પણ મહેસૂલ વસૂલ કરવા માટે તથા પરિસ્થિતિને પહોંચી વળવા માટે લેવામાં આવેલાં પગલાંના સંબંધમાં જે આક્ષેપો થાય છે તે વિષે પણ તપાસ કરવા એક સ્વતંત્ર સમિતિ નિમાવી જોઈએ."

વિદુષી એસન્ટને પણ બારડોલી સત્યાગ્રહના ન્યાયીપણા વિષે કશી શંકા જણાઈ નહીં અને તેમણે લડતને ટેકો આપ્યો.

આખા દેશનાં હિંદી વર્તમાનપત્રો તો સત્યાગ્રહીઓની તરફેણમાં જ હતાં. ઍંગ્લો-ઇન્ડિયન પત્રોમાં મુંબઈના 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા'ના અપવાદ સિવાય બીજાં ઘણાંખરાં વર્તમાનપત્રો તટસ્થ અથવા મૌન હતાં. પરંતુ અલ્લાહાબાદના 'પાયોનિયરે' અને કલકત્તાના 'સ્ટેટ્સમૅને' નોકરશાહીનો હંમેશાં પક્ષ કરવાની ઍંગ્લો-ઇન્ડિયન પત્રોની બેહૂદી પ્રથા આ વખતે તોડી અને બન્નેએ બારડોલી સત્યાગ્રહને ટેકો આપ્યો. 'પાયોનિયરે' લખ્યું :

"મુખ્ય મુદ્દો કબૂલ કરવો જ જોઈએ કે બારડોલીની લડતનો કોઈ પણ નિષ્પક્ષ નિરીક્ષક એ નિર્ણય પર આવ્યા વિના રહી શકે એમ છે જ નહીં કે ન્યાય ખેડૂતોના પક્ષમાં છે. નિષ્પક્ષ ન્યાયસમિતિ આગળ વધારેલા મહેસૂલની તેમની માગણી ન્યાયી અને વાજબી છે."

## ૧૩

બારડોલીમાં હવે કટોકટીની સ્થિતિ આવી રહી હતી. લોકોના ઉત્સાહનું પૂર તો વધતું જ જતું હતું. સુરત જિલ્લા પરિષદનો ઉલ્લેખ આગળ આવી

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ગયો છે. ભરૂચમાં શ્રી નરીમાનના, નડિયાદમાં શ્રી ખાડિલકરના અને અમદાવાદમાં શ્રી કેલકરના પ્રમુખપણા નીચે જિલ્લા પરિષદો ભરાઈ. ભરૂચમાં સરદારે કહ્યું : ‘જો સરકારની દાનત જમીન પર હોય તો હું તેને ચેતવું છું કે આવતી મોસમે હું એક છેડેથી બીજે છેડે તાલુકો સળગાવી દઈશ, પણ એક પૈસો એમ ને એમ નહીં આપવા દઉં.’ અમદાવાદમાં કહ્યું : ‘તમને ગુમાન હશે કે આપણી પાસે રાવણ કરતાં વધારે સામર્થ્ય છે. પણ રાવણ બાર મહિના સુધી એક વાડીમાં પૂરેલી અબળાને વશ ન કરી શક્યો, અને એનું રાજ્ય રોળાઈ ગયું. અહીં તો એંશી હજાર સત્યાગ્રહીઓ છે. એમની ટેક છોડાવી શકનાર કોણ છે?’ જ્યાં સરદાર જવાના હોય, ત્યાં લોકો ઘેલા થઈ તેમને સાંભળવા જતા હતા. શ્રીમતી શારદાબહેને તેમને વિષે બોલતાં કહેલું : ‘તેમનો એકેએક બોલ અંતરના ઊંડાણમાંથી જ આવતો લાગે છે. વલ્લભભાઈ ઈશ્વરી પ્રેરણાથી બોલે છે. પરિસ્થિતિ તેમને વાચા આપે છે, અને સાંભળનારને ઉચ્ચ ભૂમિકામાં લઈ જાય છે.’

લોકજાગૃતિના આ ચઢતા પૂરે ઘણાઓને તેમની ઘોર નિદ્રામાંથી જગાડ્યા. ‘ટાઈમ્સ ઑફ ઇન્ડિયા’ પણ જાગ્યું. તેણે પોતાના ખાસ ખબરપત્રીને બારડોલી મોકલ્યો.

મહાદેવભાઈ લખે છે :

“કોઈ પાપીને પુણ્ય ખૂંચે, સ્વચ્છંદીને સંયમ ખૂંચે, અવ્યવસ્થિતને વ્યવસ્થા ખૂંચે, સ્વાર્થીને ત્યાગ ખૂંચે તેમ ‘ટાઈમ્સ’ના આ ખબરપત્રીને પોતાની ટેકને માટે ખુવાર થવા બેઠેલા ખેડૂતોનો નિશ્ચય ખૂંચ્યો, પડ્યો બોલ ઉઠાવી લેનારા સ્વયંસેવકોની શિસ્ત અને તાલીમ ખૂંચી, પોતાના સરદારની આંખમાંનો પ્રેમ જોઈ ઘેલી બનનારી વીરાંગનાની ભક્તિ ખૂંચી. તેણે તો એમ માન્યું હતું કે બારડોલીના ૨૫૦ સ્વયંસેવકો લોકોના પૈસે તાગડધિન્ના કરતા હશે; સ્વરાજથાણામાં પડ્યાપડ્યા ઊંઘતા હશે. પણ તેની આંખ બારડોલીમાં આવીને ઊઘડી ગઈ. વલ્લભભાઈની ગેરહાજરીમાં પણ આશ્રમમાં તો તેણે કામ, કામ ને કામ જ જોયું. સ્વયંસેવકો પણ રેંજીપેંજી નહીં, કઠણ જીવન ગાળનારા જોયા. ઘણા જૂના જોગીઓ જોયા. વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ જોયા. આશ્રમમાં તેણે જાડીપાતળી રોટલી અને ભાતદાળ અને કેવળ રાત્રે જ શાક મળતાં જોયાં. ગાંધીજીનો દીકરો રામદાસ પણ આ રસોડે લુસલુસ ખાઈ લઈ કામ પર જવાને તૈયારી કરતો જોયો. આ બધું જોઈને એ બિચારો શું કરે? એણે આંખો ચોળી, લોકો કેટલું કષ્ટ સહન કરી રહ્યા છે, તે પણ તેણે જોયું. તેણે કહ્યું: ‘બેશક, બારડોલીનાં ગામડાં ભયંકર તાવણીમાંથી પસાર થયાં છે. આખો દિવસ બંધ રહેતાં ઘરોમાં પોતાનાં ઢોરઢાંખર સાથે સ્ત્રી-પુરુષો અઠવાડિયાંનાં અઠવાડિયા સુધી શી રીતે ભરાઈ રહી શક્યાં હશે! મળમૂત્રના ત્રાસથી કેમ કોઈ રોગચાળો ફાટી નીકળ્યો નહીં હોય એ વિષે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



તેણે તાજુબી બતાવી. ઢોરોની દુર્દશા, તેમના શરીર પર પડેલાં પાઠાં, તેમને થયેલા અનેક રોગો વગેરે જોઈને તે થથરી ગયો. પણ તેનું રહસ્ય સમજવાની એનામાં શક્તિ ન હતી. એટલે જ તેણે જડતાથી ટીકા કરી કે વલ્લભભાઈએ આ ઢોરો ઉપર અત્યાચાર કર્યો છે.''

આ ખબરપત્રીએ પોતાના લેખનાં મથાળાં આવાં કર્યાં હતાં : 'બારડોલીના ખેડૂતોનો બળવો', 'બારડોલીમાં બોલ્શેવિઝમ', વગેરે. સરકારને એણે ચેતવણી આપી : 'વલ્લભભાઈને બારડોલીમાં સોવિયેટ રાજ્ય સ્થાપવું છે, અને એ લેનીનનો ભાગ ભજવી રહ્યો છે, અને જ્યાં સુધી એ માણસનો પ્રભાવ ચાલુ રહેશે ત્યાં સુધી બારડોલીમાં શાંતિ થવી અશક્ય છે.' પણ એના લેખોમાંની સત્ય, અસત્ય અને કલ્પનાઓના ગોળાઓથી ભરેલી વિગતોમાંથી કેટલીક સાચી હકીકત સહેજે તરી આવતી હતી. તેમાંથી આ ધ્વનિ નીકળતો હતો : 'વલ્લભભાઈ પટેલે તાલુકાના મહેસૂલીતંત્રના સાંધેસાંધા ઢીલા કરી નાખ્યા છે. એંશી પટેલો અને ઓગણીસ તલાટીઓએ રાજીનામાં આપ્યાં છે; અને હવે જે રડ્યાખડ્યા રાજીનામાં આપ્યા વિના બેઠા છે, તે વફાદાર છે એમ માનવાનું કારણ નથી. વલ્લભભાઈએ લોકોને એવા તો બહેકાવી મૂક્યા છે કે કોઈ માનતું જ નથી કે મહેસૂલવધારો સરકાર કદી લઈ શકે.' આ ઉપરાંત તાલુકાનું આશ્ચર્યકારક સંગઠન, સ્ત્રીઓની અજબ ભક્તિ, સ્વયંસેવકોની કડક શિસ્ત, છાવણીઓની સુંદર વ્યવસ્થા, લોકોની અપાર વિટંબણા, એ બધાનો પણ એના લેખમાંથી ખ્યાલ આવતો હતો.

આ લેખોનું એક પરિણામ એ આવ્યું કે બ્રિટિશ સિંહ તેની નિદ્રામાંથી જાગ્યો. લૉર્ડ વિન્ટરટને આમની સભામાં બારડોલીના સત્યાગ્રહની સમીક્ષા કરતાં જણાવ્યું કે, શ્રી વલ્લભભાઈને થોડી સફળતા મળી છે ખરી, પરંતુ હવે જે ખેડૂતો મહેસૂલ નથી ભરતા તેમના ઉપર કાયદેસર પગલાં લેવાવા માંડ્યાં છે. સર માઈકલ ઓડવાયર બોલ્યા કે, 'કાયદો પૂરા જોસથી અમલમાં મુકાવો જોઈએ.' ૧૩મી જુલાઈએ મુંબઈના ગવર્નરને વાઈસરૉયને મળવા સિમલા જવું પડ્યું. ત્યાં જવામાં જ રખેને પ્રજા એમ કહે કે, 'નમી ગયા,' તેથી સરકારી ખબરખાતાએ લખ્યું કે, 'ગવર્નર સાહેબની સ્પષ્ટ ફરજ કાયદાનું સર્વોપરીપણું કાયમ રાખવાની છે. પણ શહેનશાહના પ્રતિનિધિ તરીકે તેમની ફરજ એ જોવાની પણ છે કે ઘણા લોકો ઉપર ભારે સંકટ અને ત્રાસ ન પડે.'

ગવર્નર સાહેબ જ્યારે નામદાર વાઈસરૉય સાથે સિમલામાં મસલત ચલાવી રહ્યા હતા, ત્યારે સરદાર અમદાવાદની જિલ્લા પરિષદમાં મોટી મેદની સમક્ષ ભાષણ આપી રહ્યા હતા. આ પરિષદના મંડપમાં જ સરદારને કમિશનર તરફથી આમંત્રણ મળ્યું કે ગવર્નર સાહેબ તા. ૧૮મીએ સવારે સુરત આવે છે અને

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



બારડોલી સત્યાગ્રહીઓના બાર પ્રતિનિધિઓ સાથે તેઓ સુરત મુકામે ગવર્નર સાહેબને મળે. સરદારે આ આમંત્રણ તરત સ્વીકાર્યું અને પોતાની સાથે અબ્બાસ સાહેબ તૈયબજી, સૌ. શારદાબહેન મહેતા, સૌ. ભક્તિલક્ષ્મી દેસાઈ, કુમારી મીઠુબહેન પીટીટ અને શ્રી કલ્યાણજીભાઈ મહેતા — એટલાને લઈ ૧૮મીની સવારે તેઓ ના. ગવર્નરને મળ્યા. દિવસમાં બે વખત ત્રણ ત્રણ કલાક ગવર્નરની સાથે વાતો થઈ. વધારેલું મહેસૂલ ખેડૂતો પ્રથમ ભરી દે, અથવા તેમના તરફથી કોઈ ત્રાહિત માણસ વધારા જેટલી રકમ સરકારી તિજોરીમાં અનામત મૂકે એ બાબતમાં ગવર્નર બહુ જ મક્કમ જણાયા. બીજા મુદ્દાઓ ઉપર પણ મુશ્કેલી હોય એમ લાગ્યું અને સમાધાનની શક્યતા ન જણાઈ. એટલે સરદારે ગવર્નરને વિનંતી કરી કે સરકારને જે શરતો કબૂલ હોય તે લખી મોકલે એટલે પોતાના સાથીઓ સાથે મસલત કરીને તેનો જવાબ તેઓ આપશે. સમાધાનની આવશ્યક શરતો સરકારે નીચે પ્રમાણે જણાવી:

૧. આખું મહેસૂલ એકદમ ભરી દેવામાં આવે; અથવા જૂના અને નવા મહેસૂલના તફાવતની રકમ ખેડૂતોના તરફથી કોઈ પણ વ્યક્તિ સરકારી તિજોરીમાં અનામત મૂકે.

૨. જમીનમહેસૂલ નહીં ભરવાની ચળવળ એકદમ બંધ કરવામાં આવે.

જો આ બે શરતો સ્વીકારવામાં આવે તો આંકડાની ગણતરીમાં અમલદારોએ ભૂલ કરેલી હોવાના જે આક્ષેપો છે એ સંબંધમાં ખાસ તપાસ કરવાનાં પગલાં લેવા સરકાર તૈયાર રહે. એ તપાસ આ કેસ સાથે બિલકુલ સંબંધ નહીં ધરાવતા એવા કોઈ રેવન્યુ અમલદાર મારફત થાય, અથવા તો રેવન્યુ અમલદાર સાથે એક ન્યાયખાતાનો અમલદાર પણ હોય, અને હકીકત કે આંકડા સંબંધી કાંઈ મતભેદ પડે તો ન્યાયખાતાના અમલદારનો નિર્ણય આખરનો ગણાય.

આ શરતોમાં વિપરીત બુદ્ધિ સિવાય કશું જોવામાં આવતું ન હતું. નહીં તો ‘આંકડાની ગણતરીની તપાસ’ એવી ઘેલી વાત કરે? અને વધારાના પૈસા અનામત મૂકવાની માગણીને તો દેશમાં વિનીતપક્ષના એકે નેતાએ પણ ટેકો નહોતો આપ્યો. ‘પાયોનિયર’ અને ‘સ્ટેટ્સમેન’ જેવાં અંગ્રેજી છાપાંઓએ પણ ટેકો નહોતો આપ્યો. ગાંધીજીએ એ વિષે કહ્યું: ‘સરકારી હૃદય જ પીગળ્યું નથી; તો પરિવર્તનની વાત જ ક્યાં કરવી? એ હૃદય તો પથ્થરથીયે કઠણ બની ગયું છે.’ પણ સત્યાગ્રહીથી તો સંધિનો એકે માર્ગ જતો ન કરાય. એટલે સરદારે પોતાની શરતો જણાવી:

૧. સત્યાગ્રહી કેદીઓ છૂટવા જોઈએ.

૨. ખાલસા જમીન, પછી તે વેચાઈ ગઈ હોય કે માત્ર સરકારમાં દાખલ થઈ હોય, બધી તેના ખરા માલિકોને પાછી મળવી જોઈએ.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



૩. ભેંસો, દારૂ વગેરે જે જંગમ મિલકત લોકોની ફરિયાદ પ્રમાણે હસવા જેવી કિંમતે વેચી નાખવામાં આવી છે તેની બજાર કિંમત તેના માલિકોને મળવી જોઈએ.

૪. બરતરફી તેમ જ બીજી જે કંઈ સજા આ લડતને અંગે કરવામાં આવી હોય તે પાછી ખેંચી લેવાવી જોઈએ.

૫. તપાસ સમિતિમાં ભલે સરકારી અમલદારો જ હોય; પણ એ તપાસ ખુલ્લી, નિષ્પક્ષ અને ન્યાયની અદાલતમાં થાય છે એવા સ્વરૂપની હોવી જોઈએ. એ તપાસ સમિતિ આગળ લોકોને પોતાની ઇચ્છા હોય તો વકીલ મારફત પોતાનો કેસ રજૂ કરવાની છૂટ હોવી જોઈએ.

દરેકેદરેક રાજદ્વારી પક્ષના નેતાઓ તેમ જ લગભગ આખા હિંદુસ્તાનનાં હિંદી તેમ જ 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા' સિવાયનાં ઍંગ્લો ઇન્ડિયન વર્તમાનપત્રો સત્યાગ્રહીઓની તરફેણમાં હતાં. 'લીડરે' સરકારની શરતોને 'બારડોલીના ખેડૂતોને નામોશીથી નમી જવાની માગણી' તરીકે વર્ણવી. 'ન્યૂ ઇન્ડિયા'એ સૂચવ્યું કે, 'બર્કનહેડ જો પોતાની હઠ પકડી રાખે અને પોતાની આડાઈ ચાલુ રાખે તો તેને ઠેકાણે લાવવા પાર્લમેન્ટમાં ચળવળ કરવી.' 'હિંદુ' પત્રે લખ્યું કે, 'ગવર્નરે સમાધાન કરવાની ઉત્તમ તક ફેંકી દીધી,' અને 'પાયોનિયરે' તો સરકારની શરતોને 'ઘોડા આગળ ગાડી' મૂકવા જેવી ઊંધી કહી.

છતાં ગવર્નર સર લેસ્લી 'કાયદા અને બંધારણ'નો વાવટો ઊંચો રાખવાના પોતાના કાર્યમાં મંડ્યા રહ્યા. તા. ૨૪મી જુલાઈએ ધારાસભા ખુલ્લી મૂકતાં તેઓએ જ્વાળામુખીના ઊકળતા રસ જેવું ધગધગતું ભાષણ કર્યું. તેમાં એ તારીખથી ચૌદ દિવસની અંદર સુરત જિલ્લાના પ્રતિનિધિઓ સરકારે આપેલી શરતો નહીં સ્વીકારે તો પરિણામો બહુ ભયંકર આવશે એવી ધમકી આપી. તેમણે કહ્યું કે :

> "બારડોલીમાં થયેલી નવી આકારણીના ન્યાયીપણા કે અન્યાયીપણાનો મુદ્દો હોવાને બદલે જો મુદ્દો એ હશે કે, 'શહેનશાહના સામ્રાજ્યના અમુક ભાગમાં શહેનશાહનો હુકમ ચાલે કે નહીં,' તો સરકાર પાસે જેટલું બળ છે તે બળથી એ મુદ્દાને પહોંચી વળવા સરકાર તૈયાર છે. પરંતુ જો એટલો જ પ્રશ્ન તપાસવાનો હોય કે નવી આકારણી ન્યાયી છે કે અન્યાયી તો સરકાર તરફથી બહાર પડેલી યાદીમાં જણાવ્યા પ્રમાણે આખા કેસની સંપૂર્ણ, ખુલ્લી અને સ્વતંત્ર તપાસ કરવા સરકાર તૈયાર છે. પણ સરકારનું માગતું આખું મહેસૂલ ભરાઈ જવું જોઈએ અને ઉપાડેલી લડત પૂરેપૂરી બંધ થઈ જવી જોઈએ; ત્યાર પછી જ એ બને."

તેમણે ઉમેર્યું કે :

> "એટલું સ્પષ્ટ કરવાની મારી ફરજ છે કે જો આ શરતોનો સ્વીકાર નહીં થાય અને તેને પરિણામે સમાધાની નહીં થાય તો કાયદાનો સંપૂર્ણ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



અમલ કરવા માટે પોતાને જે ઇષ્ટ અને આવશ્યક જણાશે તે પગલાં સરકાર લેશે અને સરકારની કાયદેસરની સત્તાનું સર્વ રીતે પાલન થયેલું જોવા માટે પોતાના તમામ બળનો તે ઉપયોગ કરશે.”

તે જ દિવસે આમની સભામાં ઉચ્ચારેલું લૉર્ડ વિન્ટરટનનું ભાષણ રૉઈટરના તારસમાચારથી પ્રસિદ્ધ થયું. તેમાં સર લેસ્લીના ભાષણને પ્રેરનારો કોણ હતો તે ઉઘાડું પડતું હતું:

“ મુંબઈની ધારાસભામાં આજે બારડોલીના સંબંધમાં જે શરતો સર લેસ્લી વિલ્સને રજૂ કરી છે, તેનું પાલન નહીં થાય તો કાયદો અમલમાં મૂકવા માટે અને ત્યાંની ચળવળને ચગદી નાખવા માટે મુંબઈ સરકારને હિંદી સરકારનો પૂરેપૂરો ટેકો છે. કારણ, એ શરતો ન સ્વીકારાય તો એ ચળવળનો એટલો જ અર્થ થાય છે કે તે સરકારને દબાવવા માટે ચલાવવામાં આવે છે, નહીં કે લોકોના વાજબી દુ:ખોની દાદ મેળવવા માટે.”

આ ધગધગતા અંગારમાં અહિંસક ચળવળની સફળતાથી અંગ્રેજ લોકોના દિલમાં કેટલો ક્રોધ વ્યાપ્યો હતો તેનું માપ દેખાતું હતું. શ્રી વલ્લભભાઈને તો પોતાની જાતને અભિનંદન આપવા માટે પૂરતું કારણ હતું કે જે ૮૦,૦૦૦ માણસોનું નેતૃત્વ પોતે સ્વીકાર્યું હતું તેમના તરફથી એક પણ હિંસાનું કૃત્ય થયા વિના સરકારને પોતાનું ખરું સ્વરૂપ પ્રગટ કરી દેવાની તેમણે ફરજ પાડી. ધમકીથી ભરેલાં આ ભાષણોના જવાબમાં તેમના જેટલું જ અંગાર વર્ષાવતું આહ્‌વાન તેઓ બહાર પાડી શકતા હતા, અને સરકારને જે ફાવે તે કરી નાખવા અને મગદૂર હોય તો આ ચળવળને ચગદી નાખવા પડકાર કરી શકતા હતા. પણ પોતાની શક્તિનું જેટલું તેમને જ્ઞાન હતું તેટલી જ તેમનામાં નમ્રતા હતી. એટલે તેમણે તો છાપાં જોગી એક ટૂંકી યાદી જ બહાર પાડી. તેમાં પોતાની માગણી ફરી સ્પષ્ટ કરીને તેમણે સંતોષ માન્યો અને લોકોને ચેતવણી આપી કે પોકળ શબ્દોથી કોઈએ દોરવાઈ ન જવું, અથવા ભાષણમાંની ધમકીઓથી અસ્વસ્થ ન થવું. યાદીમાં તેમણે જણાવ્યું:

“મારે કબૂલ કરવું જોઈએ કે નામદાર ગવર્નરના ધમકીભરેલા આવા ભાષણની મેં અપેક્ષા નહોતી રાખી. પણ એ ધમકીઓને બાજુએ રાખીને એ ભાષણમાં જાણ્યે કે અજાણ્યે જે ગોટાળો ઉત્પન્ન કરવાનો ઇરાદો જણાય છે તે હું દૂર કરવા માગું છું. ગવર્નર સાહેબના કહેવાનો સાર એ છે કે જો લડતનો હેતુ સવિનય ભંગ હોય તો સરકાર પાસે જેટલું બળ છે તેટલા બળથી પોતે તેનો મુકાબલો કરવા ઇચ્છે છે. પરંતુ જો ‘પ્રશ્ન માત્ર નવી આકારણીના ન્યાયીપણા કે અન્યાયીપણાનો હોય તો’ ‘પૂરું મહેસૂલ સરકારને ભરી દેવામાં આવે અને ચાલુ લડત બંધ થાય ત્યાર પછી આખા કેસની તેઓ પોતાના જાહેરનામામાં જેની રૂપરેખા આપી છે તેવી સંપૂર્ણ,

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ખુલ્લી અને સ્વતંત્ર તપાસ કરાવવા તૈયાર છે.' હું એ દર્શાવવા ઇચ્છું છું કે લડતનો હેતુ સવિનય ભંગ કરવાનો નહોતો અને નથી જ. હું જાણું છું કે સવિનય ભંગના કાયદેસરપણા વિષે તથા ડહાપણ વિષે બધા પક્ષનો એક અભિપ્રાય નથી. એ બાબત મારો પોતાનો અભિપ્રાય દૃઢ છે. પરંતુ બારડોલીના લોકો સવિનય ભંગ કરવાનો હક સ્થાપિત કરવાની લડત લડતા નથી. તેઓ તો સવિનય ભંગની રીતે — અથવા તેઓએ સ્વીકારેલી રીતને જે નામ આપવામાં આવે તે રીતે — પોતા ઉપર થયેલો મહેસૂલનો વધારો સરકાર પાસે રદ કરાવવા, અથવા થયેલો વધારો ખોટી રીતે થયેલો સરકારને ન લાગતો હોય તો સત્ય શોધી કાઢવા માટે નિષ્પક્ષ અને સ્વતંત્ર તપાસ કરાવવા માટે લડે છે. એટલે પ્રશ્ન તો કેવળ નવી આકારણીના ન્યાયીપણાનો જ છે. અને સરકાર જો એ 'પ્રશ્નની સંપૂર્ણ, ખુલ્લી અને સ્વતંત્ર તપાસ' કરવા માગતી હોય તો તેઓ પોતે જ જે વસ્તુ સ્વીકારે છે તેનું તેમાંથી સ્પષ્ટ રીતે ફલિત થતું પરિણામ તેઓએ સ્વીકારવું જ જોઈએ. એટલે કે, જે વધારા માટે તકરાર છે તે ભરાવી દેવાનો આગ્રહ ન રાખવો જોઈએ અને લડત શરૂ થઈ તે પહેલાં જે સ્થિતિ હતી તે સ્થિતિમાં લોકોને મૂકવા જોઈએ. વળી, 'સંપૂર્ણ, ખુલ્લી અને સ્વતંત્ર તપાસ'ને 'પ્રગટ થયેલા જાહેરનામામાં જેની રૂપરેખા આપી છે' એવું વિશેષણ વાક્ય લગાડવામાં આવે છે તે સંબંધમાં લોકોને હું ચેતવું છું. એ વાક્ય બહુ ભયંકર છે, કારણ સુરતની યાદીમાં 'સંપૂર્ણ, ખુલ્લી અને સ્વતંત્ર તપાસ'નું વચન નથી. પણ તપાસની એક મશ્કરીનો જ ઉલ્લેખ છે. સુરતની યાદીમાં તો બહુ જ મર્યાદિત તપાસનો વિચાર દર્શાવેલો છે. ન્યાયખાતાના અમલદારની મદદથી રેવન્યુ અમલદાર સરવાળા બાદબાકીની અને હકીકતની ભૂલો તપાસે એ 'સંપૂર્ણ, ખુલ્લી અને સ્વતંત્ર તપાસ'થી એક જુદી જ વસ્તુ છે. એટલે હું આશા રાખું છું કે ગવર્નરે પોતાના ભાષણમાં આપેલી ધમકીઓથી અસ્વસ્થ થયા વિના લોકમત મેં દર્શાવેલા માત્ર એક જ મુદ્દા પર એકાગ્ર રહેશે."

ગાંધીજીએ પણ 'યંગ ઇન્ડિયા'માં લેખ લખીને સરદારની માગણીનું વાજબીપણું અને સરકારપક્ષનું ખોટાપણું સ્પષ્ટ કર્યું. લેખના અંતમાં તેમણે જણાવ્યું :

"હું તો એમ પણ સૂચવવા માગું છું કે આથી જો જરા પણ થોડું તે (સરદાર) માગે અથવા સ્વીકારે તો તેમણે ભારે વિશ્વાસભંગ કર્યો ગણાય. આબરૂભર્યું સમાધાન કરવાની તેમની તત્પરતા અને ન્યાયપરતા તેમની પાસે આટલી ઓછામા ઓછી માગણી કરાવે છે. નહીં તો જમીનમહેસૂલની સરકારની આખી નીતિનો પ્રશ્ન તેઓ ઉપાડી શકે છે, અને પોતાના કાંઈ પણ દોષ વિના છેલ્લા ચાર ચાર માસ થયાં લોકો જે સિતમ વેઠી રહ્યા છે તેને માટે નુકસાની પણ માગી શકે છે.

"સરકારની આગળ બે જ માર્ગ પડેલા છે : આખા દેશના લોકમતને માન આપી શ્રી વલ્લભભાઈની માગણી સ્વીકારે, અથવા પોતાની જૂઠી પ્રતિષ્ઠા

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ઊંચી રાખવા દમનનીતિના દોર છૂટા મૂકે. હજી વખત વહી ગયો નથી. હું તો સરકારને સત્યનો માર્ગ સ્વીકારવાની વિનંતી કરું છું.”

આમ સરકારે વિકરાળ કાળિકાનું રૂપ ધર્યું હતું. લશ્કરી અમલદારો બારડોલીમાં આવીને લશ્કરી રચના કેવી રીતે થાય તે જોઈ ગયા હતા. લશ્કરનો પડાવ આવે તેને ચોમાસામાં રહેવાને માટે સરસામાન, ટારપોલિન વગેરે સુરતથી બારડોલી ચડવાની વાટ જોવાતી હતી. ગાંધીજીએ પણ લોકોને આટલો બધો તાપ અસહ્ય થઈ પડે તો શું થાય એ પ્રશ્ન પોતાના મન સાથે પૂછીને પોતે જ જવાબ આપ્યો હતો : ‘જો ત્રાસ અસહ્ય થઈ પડે તો લોકોએ જેને પોતાની જમીન માની છે તેનો ત્યાગ કરી હિજરત કરવી જોઈએ. જે ઘરો કે લત્તામાં પ્લેગના ઉંદર પડ્યા હોય કે કેસ થયા હોય છે, તેનો ત્યાગ કરવો એ ડહાપણ છે. જુલમ એક જાતનો પ્લેગ છે. એ જુલમ આપણને ક્રોધ કરાવે અથવા નબળા પાડે એવો સંભવ હોય તો જુલમનું સ્થાન છોડીને ભાગવું એ ડહાપણ છે.’ પણ આપણે જોશું કે ખેડૂતો તો બારડોલીને મોટો અભેદ કિલ્લો બનાવીને તેમાં સુરક્ષિત બેઠા હતા.

બારડોલી બહાર સ્થિતિ જુદી હતી. ગવર્નરની અને અર્લ વિન્ટરટનની ધમકીએ બારડોલી બહાર કેટલાક વર્ગોને ચીડવ્યા હતા તો કેટલાકને ડરાવી દીધા હતા. ગરમ દળે તો ગવર્નરના ભાષણને હર્ષભેર વધાવી લીધું — એ કારણે કે હવે સત્યાગ્રહીઓની ઉત્તમોત્તમ કસોટી થવાનો અને સ્વરાજની મોટી લડતનો અવસર આવશે. આ ઇચ્છા સરદાર શાર્દૂલસિંહ કવીશ્વરે ગાંધીજીને લખેલા એક ખુલ્લા પત્રમાં પ્રકટ પણ કરી દીધી. તેમણે ગાંધીજીને સલાહ આપી કે શ્રી વલ્લભભાઈએ બારડોલી સત્યાગ્રહને મર્યાદિત રાખ્યો છે તે વ્યવહારવિરુદ્ધ લાગે છે, માટે હવે તો આખા દેશમાં સવિનય ભંગની હિલચાલ શરૂ થવી જોઈએ.

બીજી બાજુએ પ્રજાનો અમુક વર્ગ ગભરાઈ ગયો હતો. તેમને થયું કે હવે તો કોણ જાણે કેવો ભયંકર હત્યાકાંડ આવી પડશે. એટલે અત્યાર સુધી જેઓ લડતને ટેકો આપતા હતા અને લોકોની માગણીને વાજબી ગણતા હતા તેઓ પણ ભાવિ વાદળાંથી ડરી ગયા. આ વર્ગનો મત આગ્રહપૂર્વક જાહેર કરનાર મુંબઈના એક પ્રસિદ્ધ વર્તમાનપત્રના તંત્રી હતા. જેમણે જણાવ્યું કે શ્રી વલ્લભભાઈ પટેલ જણાવે છે કે બારડોલીમાં સવિનય ભંગની વાત જ નથી, છતાં સર લેસ્લી વિલ્સને જે ભય બતાવ્યો છે તે ભય સાચો છે એટલે શ્રી વલ્લભભાઈએ ગવર્નરે આપેલી શરત કબૂલ કરવી.

‘યંગ ઇન્ડિયા’માં ગાંધીજીએ આકળા બનેલા ગરમ વર્ગને અને ડરી ગયેલા નરમ વર્ગને નીચે પ્રમાણે ચેતવણી આપી :

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



"સરદાર શાર્દૂલસિંહ કવીશ્વરની સૂચના વિષે વલ્લભભાઈ શું કહેશે તેની મને ખબર નથી. પણ બારડોલીની સહાનુભૂતિની ખાતર મર્યાદિત સત્યાગ્રહ કરવાનો પણ સમય આવ્યો નથી. બારડોલીએ હજી તાવણીમાંથી પસાર થવાનું છે. જો છેવટની તાવણીમાંથી એ નીકળશે અને સરકાર છેલ્લી હદ સુધી જશે તો સત્યાગ્રહને હિંદુસ્તાનમાં ફેલાતો અટકાવવાની અથવા બારડોલી સત્યાગ્રહનો હેતુ સંકુચિત છે તેને બદલે વિસ્તૃત થતો અટકાવવાની વલ્લભભાઈની કે મારી મગદૂર નથી. પછી તો સત્યાગ્રહની મર્યાદા એ કેવળ આખા દેશની આત્મબલિદાન અને કષ્ટસહનની શક્તિથી બંધાશે. જો એ મહાપ્રયોગ આવવાનો જ હશે તો તે સ્વાભાવિક રીતે જ આવશે, અને તેને ભલો ભૂપ પણ અટકાવી શકવાનો નથી. પણ સત્યાગ્રહનું રહસ્ય હું જે રીતે સમજ્યું છું તે રીતે તો શ્રી વલ્લભભાઈ અને હું સરકારની ગમે તેટલી ઉશ્કેરણી છતાં બારડોલી સત્યાગ્રહને તેની મૂળ મર્યાદામાં જ રાખવાને બંધાયેલા છીએ — પછી ભલેને એ ઉશ્કેરણી એ મર્યાદા ઓળંગવાનું વાજબી ઠરાવે એટલી બધી હોય. સાચી વાત એ છે કે સત્યાગ્રહી સદાયે માને છે કે, ઈશ્વર તેનો સાક્ષી છે, ઈશ્વર તેને દોરી રહ્યો છે. સત્યાગ્રહીઓનો નેતા પોતાના બળ પર નથી ઝૂઝતો પણ પ્રભુના બળ ઉપર ઝૂઝે છે. તે અંતરાત્માને વશ વર્તે છે. એટલે ઘણી વાર બીજાને જે શુદ્ધ વ્યવહાર લાગે છે તે તેને ઇંદ્રજાળ લાગે છે. હિંદુસ્તાન ઉપર આજે તુમુલમાં તુમુલ લડત ઝઝૂમી રહી છે તે ઘડીએ આવું લખવું મૂર્ખાઈભરેલું અને સ્વપ્નદર્શી લાગે. પણ મને જે ઊંડામાં ઊંડું સત્ય લાગે છે તે જો હું પ્રગટ ન કરું તો દેશનો અને મારા આત્માનો હું દ્રોહી બનું. જો બારડોલીના લોકો વલ્લભભાઈ માને છે એવા સાચા સત્યાગ્રહી હોય તો સરકાર ગમે તેટલાં શસ્ત્ર ધરાવતી હોય તોપણ બધું કુશળ જ છે. જોઈએ છીએ શું થાય છે. માત્ર સમાચારનીમાં રસ લેનારા ધારાસભાના સભ્યોને અને બીજાઓને મારી વિનંતી છે કે બારડોલીના લોકોને બચાવવાની આશામાં તેમણે એક્કે ભૂલભરેલું પગલું ન ભરવું. જેને રામ રાખે તેનો કોઈ વાંકો વાળ કરી શકવાનું નથી."

સરદાર પકડાશે જ એમ હવે સૌ કોઈ માનતું હતું. તેઓ પકડાય પછી તેમની ગાદી લેવાને બદલે તેઓ પકડાય તે પહેલાં ત્યાં પહોંચી જઈ તેમની પાસેથી હુકમ લેવાનું ગાંધીજીએ બહેતર માન્યું. તા. ૨જી ઑગસ્ટે તેઓ બારડોલી પહોંચ્યા. ત્યાં તેમણે જોયું કે બારડોલી વિષે બારડોલી બહાર જેટલી વાતો થઈ રહી છે તેના સોમા ભાગની બારડોલીમાં થતી નહોતી. સૌ ભાઈઓ અને બહેનો રામભરોસે બેઠાં હતાં અને સરદારનો પડચો બોલ ઉપાડવાને માટે તૈયાર હતાં. ગાંધીજીએ આવીને તેમને ઊલટાં વધારે વલ્લભભક્ત બનાવ્યાં.

## ૧૪

એટલામાં સરદારને રા૦ સા૦ દાદૂભાઈનું પૂનાથી તેડું આવ્યું. એ તેડાનો તાર ગુજરાતના ધારાસભ્યોને નામે કરવામાં આવ્યો હતો. તેમાં નાણાંમંત્રી

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



સર ચૂનીલાલ મહેતાના અતિથિ થવાનો આગ્રહ હતો. એટલે એ તેડામાં સર ચૂનીલાલની સૂચના અથવા સંમતિ હોવી જ જોઈએ. સરદાર સમાધાનીની વાતોથી કંટાળ્યા હતા પણ સત્યાગ્રહીથી સમાધાનીની ના પડાય નહીં એટલા ખાતર તેઓ ગયા. સાથે સાથે તારથી ર૦ સા૦ દાદૂભાઈને જણાવ્યું : ‘છાપાં વગેરેમાંથી તો કોઈની કાંઈ કરવાની દાનત હોય એવું દેખતો નથી. છતાં ગુજરાતના સભ્યોના બોલાવ્યા આવવું જોઈએ એટલે આવું છું.’ પૂનામાં સમાધાનીની જે ભાંજગડ થઈ તેમાં સરદારના સ્વભાવની એક બહુ ઉમદા બાજુ વ્યક્ત થાય છે. તે આખી જ ભાંજગડ મહાદેવભાઈના શબ્દોમાં નીચે આપી છે :

“૩જી અને ૪થી ઑગસ્ટે સર ચૂનીલાલ મહેતાને ત્યાં શું બન્યું તે બધું આપવું શક્ય નથી, શક્ય હોય તોપણ આપવું શોભે એમ નથી. પણ મુખ્ય હકીકત સંક્ષેપમાં સૌના ન્યાયની ખાતર અને સત્યની ખાતર આપવી જોઈએ. સરકારને ખબર પડી ગઈ હતી કે અલ્ટિમેટમ તો તેણે સુરતના સભ્યોને આપ્યું હતું, પણ છેવટે સુલેહ કરવાની હતી તો શ્રી વલ્લભભાઈ સાથે. સુરતના સભ્યો અને તેમની સાથે કામ કરી રહેલા બીજા સભ્યોએ આખર સુધી કશું વચન આપવાની અથવા શ્રી વલ્લભભાઈને કશા વચનથી બાંધવાની ના જ પાડી, એ વસ્તુ એમને શોભાવનારી હતી. સર ચૂનીલાલને ત્યાં વાટાઘાટો ચાલ્યાં કરતી હતી ત્યારે જ સૌને લાગી ગયું હતું કે સમાધાની કરવાની ઉત્કંઠા સુરતના સભ્યો કરતાં સરકારની ઓછી નહોતી, પણ સરકારનો હાથ ઊંચો રહે એવી કંઈક શબ્દજાળ શોધવાની ભાંજગડ જરા જબરી હતી. એક સીધો સાદો ખરડો શ્રી વલ્લભભાઈએ તૈયાર કર્યો, પણ તે સર ચૂનીલાલને પસંદ ન પડ્યો. તેઓ સરકારના બીજા સભ્યોની સાથે ચર્ચા કરી રહ્યા હતા. રાત્રે તેઓ એક કાગળનો ખરડો લઈને આવ્યા, જે સુરતના સભ્યો સરકારને લખે એવી તેમની સૂચના હતી :

“અમને કહેવાને આનંદ થાય છે કે અમે સરકારને ખબર આપવાની સ્થિતિમાં છીએ કે નામદાર ગવર્નરે તેમના ૨૪મી જુલાઈના ભાષણમાં કહેલી શરતો પૂરી કરવામાં આવશે.”

“વલ્લભભાઈએ કહ્યું : ‘જે સભ્યો આ કાગળ ઉપર સહી કરશે તે શી રીતે એમ કહી શકે કે શરતો પૂરી કરવામાં આવશે, જ્યારે તપાસ-સમિતિ નીમવામાં આવે એ પહેલાં એ શરતો તો પૂરી કરવાની છે? એમણે તો એમ કહેવું જોઈએ ના કે શરતો પૂરી કરવામાં આવી છે? અને તેમ એ લોકો શી રીતે કહી શકે? કારણ, શરતો પૂરી કરવાની તો અમારે છે. અને અમે તો આ તપાસસમસિતિ ન મળે ત્યાં સુધી જૂનું મહેસૂલ પણ આપવાને તૈયાર નથી.”

“‘એની તમારે શી ફિકર છે?’ સર ચૂનીલાલે કહ્યું : ‘એટલો કાગળ સહી કરીને મોકલવામાં આવે એટલે થયું. એ સભ્યોને એટલો કાગળ મોકલવાને વાંધો ન હોય તો પછી એ શરતો કેવી રીતે, કોણ, ક્યારે પૂરી

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



કરશે તેની ભાંજગડમાં તમારે પડવાની જરૂર નથી. તમે તમારી મેળે તપાસ-સમિતિ જાહેર થાય પછી જ જૂનું મહેસૂલ ભરજો.' "

મહાદેવભાઈ આગળ કહે છે: આ સફાઈ અમારી સમજ કે બુદ્ધિની બહાર હતી. સરદારની સાથે આ પ્રસંગે સ્વામી આનંદ અને હું હતા. રાત્રે સૂતા પહેલાં સર ચૂનીલાલને કહી દીધું કે આવું કાંઈ લખી આપી શકાય નહીં. પણ કેમે ઊંઘ ના આવે. છેવટે સવારે ચાર વાગ્યા પહેલાં હું ઊઠચો, સરદારને જગાડચા અને કહ્યું: 'મને સર ચૂનીલાલના પેલા ખરડામાં કશું જ લાગતું નથી. તેમાં નથી આપણે બંધાતા, નથી સુરતના સભ્યો બંધાતા. સરકારને નાકનો સવાલ થઈ પડચો છે. અને સરકાર માને કે આથી એનું નાક રહે છે તો ભલે એનું નાક રહેતું.'

વલ્લભભાઈ: 'પણ એમાં જૂઠાણું છે તે?'

મેં કહ્યું: 'છેરતો, પણ તે સરકારના તરફથી છે.'

વલ્લભભાઈ: 'આપણે સરકાર પાસે સત્યનો ત્યાગ કરાવીએ છીએ એમ નહીં?'

મેં કહ્યું: 'ના, સરકાર સત્યનો ત્યાગ કરે છે અને એમાં એને શ્રેય લાગે છે. એને લાગે તો લાગવા દો. આપણે એને કહીએ કે આમાં સત્યનો ત્યાગ થાય છે.'

વલ્લભભાઈ: 'ત્યારે તું સર ચૂનીલાલને સાફ સાફ કહેશે કે એ લોકો સત્યનો ત્યાગ કરે છે? પણ જો તું જાણે! મને આ લોકોની બાજીમાં ખબર પડતી નથી. એવાં કૂંડાળાં શા સારુ કરતા હશે? બાપુ શું કહેશે? સ્વામી, તું શું ધારે છે?'

સરદારની આ ઘડીની તત્ત્વનિષ્ઠા, અમારા જેવા નાનકડા સાથીઓનો પણ અભિપ્રાય જાણવાની ઇચ્છા, અને 'આપણે જે કરીએ છીએ તે વિષે બાપુ શું ધારશે?' એ વિષેની અપાર ચિંતા જોઈને સરદાર મારે માટે જેટલા પૂજ્ય હતા તેથીયે અધિક પૂજ્ય બન્યા. લડત દરમિયાન ઘણી વાર તેઓ કહેતા, 'આ મુત્સદ્દીઓનાં જૂથમાં હું સીધો ભોળો ખેડૂત ન શોભું, એમની કળા મને ન આવડે,' એ શબ્દો મને બહુ યાદ આવ્યા. મેં કહ્યું: 'બાપુ પણ સરકારને આટલો લૂખો લહાવો લેવો હોય તો જરૂર લેવા દે. સરકારને નામ સાથે કામ છે, આપણને કામ સાથે કામ છે.'

સ્વામી કહે: 'મારો પણ એ જ મત છે.'

છેવટે વલ્લભભાઈ કહે: 'પણ સુરતના સભ્યો આના ઉપર સહી કરશે?'

મેં કહ્યું: 'કરશે, સર ચૂનીલાલ મહેતા કહેતા હતા કે તેમને એ વિષે શંકા નથી.'

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



વલ્લભભાઈ : ‘ભલે ત્યારે, તેઓ સહી કરે તો કરવા દો. પણ તારે તો સર ચૂનીલાલને સાફ કહી દેવાનું કે આમાં સરકારને હાથે સત્યનો ત્યાગ થાય છે.’

હું ગયો, સર ચૂનીલાલની સાથે વાતો કરી. તેમને કંઈ એ વાત નવી નહોતી. તેમણે કહ્યું : ‘તમે તમારી સ્થિતિની ચોખવટ કરો એ બરોબર છે. સરકારને પણ હું એ જણાવીશ.’ એટલામાં શ્રી વલ્લભભાઈ આવ્યા. તેમણે વળી પાછી એની એ જ વાત ફોડ પાડીને કહી અને જણાવ્યું : ‘સરકારને આવા અર્થહીન પત્રથી સંતોષ થશે એમ મને લાગતું નથી, પછી તો તમે જાણો.’

સર ચૂનીલાલને કશી શંકા જ નહોતી. તેઓ રાજી થયા. ભગવાનની જેમ સરકારની ગતિ અગમ્ય છે. શ્રી વલ્લભભાઈએ કહ્યું કે સુરતના સભ્યો એ કાગળ લખવાને રાજી હોય તો મને વાંધો નથી. એટલે તરત જ સમાધાન નક્કી થયું.

સર ચૂનીલાલ મહેતાને વિષે બે શબ્દ અસ્થાને ન ગણાય. સર ચૂનીલાલને બીજા કોઈ પણ જણ કરતાં સરકારના મનની વિશેષ ખબર હતી, એટલે તેઓ બધું જોઈ વિચારીને અને સમજીને જ કરતા હતા. આ અણીને વખતે તેમની દેશભક્તિ તરી આવી હતી, અને સરકાર પ્રતિષ્ઠાના ભૂતને વળગતી ઉઘાડી પડે એ ભોગે પણ આ પ્રકરણનો અંત આણી બારડોલીના ખેડૂતને ન્યાય મળે એ વિષે તેઓ આતુર હતા. સરકાર કાંઈ થોડી જ આ પહેલી વાર ઉઘાડી પડવાની હતી !

પણ જો સરકાર પ્રતિષ્ઠાની માયાને વળગી સંતોષ માનવાને તૈયાર હતી, તો શ્રી વલ્લભભાઈ તત્ત્વના સત્ય વિના સંતોષ માને એમ નહોતું. તેમને તો સંપૂર્ણ, સ્વતંત્ર, ન્યાયપુરઃસર તપાસ જોઈતી હતી. આટલું કરવાને તો સરકાર તૈયાર હતી જ, પણ ત્યાંયે પ્રતિષ્ઠાની માયા વળગેલી હતી જ. પેલો કાગળ લખવામાં આવે કે તરત જ તપાસ તો જે શબ્દોમાં શ્રી વલ્લભભાઈએ માગી હતી તે જ શબ્દોમાં — બળજોરીનાં કૃત્યોની તપાસ બાદ કરીને તેના તે જ શબ્દોમાં — જાહેર થશે એમ નક્કી થયું, અને તલાટીઓને પાછા લેવા બાબત, જમીન પાછી આપવા બાબત અને કેદીઓને છોડવા બાબત સુરતના સભ્યો રેવન્યુ મેમ્બરને એક શિરસ્તા મુજબ કાગળ લખે એટલે તરત ઘટતું કરવામાં આવશે એમ ઠર્યું. છેવટનો નુકસાનીના બદલા વિષેનો ભાગ કાગળમાં લખવાનો નહોતો, પણ સરકારી રાહે ઘટતું કરવામાં આવશે એમ ઠર્યું. શ્રી વલ્લભભાઈને આથી વધારે કશું જોઈતું નહોતું. તેમને તો કામની સાથે વાત હતી, નામની સાથે વાત નહોતી.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

સર ચૂનીલાલ મહેતાની વિનંતીથી રા૦ બ૦ ભીમભાઈ વગેરે કેટલાક સભ્યો સુરતના કલેક્ટરને મળી સત્યાગ્રહીઓની વેચાયેલી જમીન મૂળ માલિકોને નામે ચડાવી દેવડાવવા માટે સુરત ગયા. સુરતના જે કલેક્ટરે ઘણી વાર પોતાનાં ‘શુભ વચનો’માં કહેલું કે વેચેલી અને ખાલસા થયેલી જમીન કદી પાછી આપવામાં નહીં આવે, તેની આ ટાંકણે જ સરકારે બીજા જિલ્લામાં બદલી કરી. નવા કલેક્ટર મિ. ગૅરેટને આ કામ કરવામાં કશો બાધ આવે તેમ નહોતું. તેણે બે ત્રણ ખરીદનારાઓ હતા તેમને બોલાવ્યા અને તેમને સમજાવીને તથા દબાવીને કુલ રૂપિયા બાર હજારમાં જમીન ખરીદેલી તેટલા રૂપિયા પાછા આપી તેમની પાસે જમીન છોડાવી લીધી. જે દિવસે સુરતના સભ્યોએ પેલો કાગળ લખ્યો તે જ દિવસે ગાંધીજીએ અને સરદારે જે શબ્દોમાં માગેલી હતી તે જ શબ્દોમાં તપાસસમિતિ નીમવાનું જાહેર થયું. સભ્યોના બીજા કાગળના જવાબમાં રેવન્યુ મેમ્બરે લખ્યું કે બધી જમીન પાછી આપી દેવામાં આવશે, બધા કેદીઓ છૂટી જશે અને તલાટીઓ ઘટતા શબ્દોમાં અરજી કરે એટલે તેમને પાછા નોકરી ઉપર ચડાવવામાં આવશે. આટલું થયું એટલે સરદારે પોતાનો સંતોષ જાહેર કર્યો અને જાહેર રીતે સરકાર સુધ્ધાં સૌનો આભાર માન્યો. ખેડૂતોને ઉદ્દેશીને તેમણે પત્રિકા કાઢી. તેમાં જણાવ્યું કે, ‘આપણી ટેક જાળવવા સારુ આપણે ઈશ્વરનો પાડ માનીએ, આપણે હવે જૂનું મહેસૂલ ભરવાનું છે. વધારો ભરવાનો નથી. જૂનું મહેસૂલ ભરવાની તૈયારી સૌ કરી મૂકશો. ભરવાનો સમય મુકરર થયે જાણ કરીશ.’ બીજે જ દિવસે બધા કેદીઓને છોડી દેવામાં આવ્યા. તલાટીઓને પાછા લેવાની અરજી સરદારે જ ઘડી આપી. તે કલેક્ટરને ગમી એટલે તરત જ તેમણે નિમણૂકના હુકમ કાઢ્યા. આ થયું એટલે લોકોનો ધર્મ જૂનું મહેસૂલ ભરી દેવાનો હતો. એક મહિનાની અંદર તેમણે બધું મહેસૂલ ભરી દીધું.

સરદારની ત્રણ સફળ લડતોમાંની ભારેમાં ભારે આ લડત હતી; સ્વરાજને પંથે તેમણે નાખેલા મજલ દાખવનારા સ્તંભોમાંનો આ ત્રીજો સ્તંભ. નાગપુર સત્યાગ્રહમાં માત્ર એક હક સાબિત કરવાનો હતો તે સાબિત થયો. બોરસદની લડતના જેવી શીઘ્ર ફળદાયી અને સંપૂર્ણ સફળતાભરી તો એકે લડત થઈ નથી. પણ એ સ્થાનિક પ્રકારની હતી અને દોઢ જ માસમાં પૂરી થઈ. એટલે દેશમાં ઘણાએ એને વિષે કશું જાણ્યું નહોતું. પણ બારડોલી સત્યાગ્રહ અપૂર્વ કહેવાય. કારણ તેણે દેશનું જ નહીં પણ સામ્રાજ્યનું ધ્યાન ખેંચ્યું હતું અને લોકોની માગણીના ન્યાયીપણા અને મર્યાદાને લીધે એણે આખા દેશની સહાનુભૂતિ મેળવી હતી. આ સત્યાગ્રહનો વિજય ઇતિહાસમાં અનેક કારણોને લીધે અપૂર્વ હતો : મુખ્ય એ કારણે કે બારડોલીને સત્યાગ્રહના પ્રથમ ક્ષેત્ર તરીકે ગાંધીજીએ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



પસંદ કરવામાં ભૂલ કરી ન હતી એ સિદ્ધ થયું; બીજું, હિંદુસ્તાનમાં રાંકમાં રાંક ગણાતા લોકોએ વિજય મેળવ્યો; ત્રીજું એ કે, લડતને છૂંદી નાખવાને પ્રતિજ્ઞાબદ્ધ થયેલી સરકારને પ્રતિજ્ઞાના પંદર દિવસની અંદર એ લોકોએ નમાવી; ચોથું એ કે, રેવન્યુ ખાતામાં મોટા માંધાતા પણ માથું ન મારી શકે એવા નોકરશાહીના સિદ્ધાંત છતાં સરકારને નમવું પડ્યું; પાંચમું એ કે, ત્રણ ત્રણ ચાર ચાર વર્ષની રાષ્ટ્રીય નિરાશા અને પાદવીઓ પછી આવો મોટો વિજય પ્રાપ્ત થયો; છઠ્ઠું એ કે, સત્યાગ્રહના નાયકે પ્રતિષ્ઠાના ભૂતનો ત્યાગ કરી તત્ત્વ તરફ જ તાણ્યું હતું; અને છેલ્લું એ કે, જે ગવર્નર કેટલોક સમય પોતાના હાથ નીચેના માણસોનું જ સંભળાવ્યું સાંભળતા હતા અને હિંદી પ્રધાનનું કહ્યું કરતા જણાતા હતા તેમણે સમાધાની કરવામાં પોતાથી થાય તેટલું કર્યું. પેલા અર્થહીન કાગળથી એમણે સંતોષ માન્યો તે પણ કદાચ શાંતિ પ્રીત્યર્થે જ હોય. આ કારણે ગાંધીજી અને વલ્લભભાઈએ પોતાના લેખોમાં અને ભાષણોમાં સત્યાગ્રહીઓને તેમ જ ગવર્નરને ધન્યવાદ આપવાનું ઉચિત ધાર્યું.

૧૯૨૪માં આ જ ગવર્નરે હિંદુસ્તાનમાં આવતાંની સાથે બોરસદનું સમાધાન કરાવ્યું હતું. આ વખતે નોકરશાહીની જાળમાં તેઓ ફસાયેલા હશે એટલે લડત લંબાઈ. છતાં છેવટે તેમાંથી તેઓ છૂટી શક્યા. બ્રિટિશ ગવર્નરોને પણ કેટલાં બંધનો અને મર્યાદાઓમાં રહી કામ કરવું પડતું એનો ખ્યાલ આપણામાંથી બહુ થોડાને હોય છે. છતાં એ બંધનો સર લેસ્લી તોડી શક્યા એ તેઓની મહત્તા બતાવે છે.

## ૧૫

સમાધાનની વાત દેશમાં વીજળીની જેમ ફરી વળી. સરદાર ઉપર અભિનંદનના તારો વરસ્યા અને દેશનાં સઘળાં વર્તમાનપત્રોમાં તેમની પ્રસંશાના લેખો ઊભરાયા. એ બધાનો અહીં ઉલ્લેખ કરવો શક્ય નથી.


આમ સમાધાન તો થયું પણ નોકરશાહીને તે પસંદ નહોતું. તેમણે જૂઠાણાંનો ધોધ વહેવરાવ્યો* અને સત્યાગ્રહ દરમિયાન જે ખેડૂતો પાસેથી

* ૧૯૨૯ની 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા'ની 'ઈયર બુક'માં બારડોલીની લડત વિષે આવું લખ્યું છે : "બારડોલીના ખેડૂતોએ નવી આકારણી પ્રમાણે જમીન મહેસૂલ ભરવાની ના પાડી અને કેટલાક રાજદ્વારી નેતાઓની ઉશ્કેરણીથી બંધારણીય રાજસત્તા સાથે બાકરી બાંધી પણ સરકારે તેમને છેવટની ચેતવણી (અલ્ટિમેટમ) આપી એટલે તેઓ વેળાસર નમી પડ્યા." નવા ગવર્નરે ૧૯૨૯માં પોતાના ભાષણમાં કહ્યું : 'સુરતના ધારાસભ્યોએ વધારાનું મહેસૂલ ભરવાની બાંયધરી આપી એટલે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો



બારડોલી સત્યાગ્રહ પછી

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ચોથાઈ દંડ વસૂલ કરવામાં આવ્યા હતા તે પાછા આપવાની બાબતમાં મુશ્કેલી ઊભી કરી. જે સત્યાગ્રહીઓની જંગમ મિલકત જપ્ત થઈ નહોતી અને જેમણે સમાધાની થઈ ત્યાં સુધી એકે કોડી ભરી નહોતી તેમને આ ચોથાઈ દંડ આપવાનો નહોતો; તો જેમના ઉપર લડત દરમિયાન જપ્તીઓ થઈ હતી અને જેમણે ઢોરઢાંખર ખોયાં હતાં તેમણે શા સારુ ચોથાઈનો દંડ આપવો જોઈએ? આ ઉપરાંત તપાસ કમિટીમાં નીમવાના અમલદારોનાં નામોમાં પણ સર ચૂનીલાલ મહેતા સાથે સરદારને થયેલી વાતમાં આ અમલદારોએ ફેરફાર કર્યો અને જુદાં નામો જાહેર કર્યાં. સરદારને તેની સામે પણ વાંધો હતો. છતાં સરદારે રેવન્યુ મેમ્બરને જણાવ્યું કે એક વાર અમલદારોની નિમણૂક જાહેર થયા પછી તે ફેરવવાની સરકારની મુશ્કેલી હું સમજી શકું છું. પણ આ ચોથાઈ દંડ પાછો આપવાનું ન બને તો તો સત્યાગ્રહીઓ તપાસ સમિતિ વિના ચલાવી લેશે. એટલે ફરી ગવર્નરને વચ્ચે પડવું પડ્યું. તેમણે કહ્યું કે ચોથાઈ દંડની બાબતમાં કશી મુશ્કેલી નહીં આવે, માત્ર શ્રી વલ્લભભાઈએ કમિટીની નિમણૂક સ્વીકારવી જોઈએ. ફરી એક વાર સિદ્ધ થયું કે ગવર્નર જ્યારે શાંતિને માટે ઉત્સુક હતા ત્યારે તેમના સલાહકારો મુશ્કેલીઓ જ ઊભી કરતા હતા. ચેતતો નર સદા સુખી એ સૂત્રને અનુસરીને સરદારે રેવન્યુ મેમ્બરને કાગળ લખીને જણાવ્યું કે: ‘કમિટીની નિમણૂક તો હું સ્વીકારું છું પણ તે એવી સ્પષ્ટ શરતે કે તપાસ દરમિયાન કોઈ પણ વખતે મને લાગે કે કામ ન્યાયપુરઃસર ચાલતું નથી અથવા તપાસને અંતે મને એમ લાગે કે કમિટીનો નિર્ણય પુરાવામાંથી નીકળી શકે એવો નથી અને અન્યાયી છે તો સરકારને પાછી લડત આપવાની મને છૂટ રહેશે.’

પછી બારડોલીમાં, સુરતમાં અને ગુજરાતનાં બીજાં શહેરોમાં વિજયની ઉજવણી ચાલી. એનાં દૃશ્યો જેવાં ભવ્ય હતાં તેવાં જ પાવક હતાં. નાગપુર અને બોરસદના વિજય વખતે ગાંધીજી જેલમાં હતા પણ આ વખતની સભાઓમાં ગાંધીજી હાજર હોય એટલે સરદારને બહુ મૂંઝવણ થતી. તેમની સમક્ષ માનપત્રો લેવાં એ એમને ભારે વસમું લાગતું. બારડોલીમાં તેમણે સાફ કહ્યું, માનપત્ર આપવાનો સમય જ હજી નથી આવ્યો, એ તો ૧૯૨૨ની પ્રતિજ્ઞાનું પાલન

---

તપાસ નીમવામાં આવી.’ તપાસ કમિટીનો રિપોર્ટ બહાર પડ્યા પછી આઠ મહિને રેવન્યુ મેમ્બર બોલ્યા: ‘ઝઘડાનું મોં કાળું કરવાની ખાતર જ સરકારે તપાસ કમિટીની ભલામણો સ્વીકારી. બાકી કમિટીએ એકઠી કરેલી અને સ્વીકારેલી હકીકતો ઉપરથી તો, તેઓ જે નિર્ણય ઉપર આવ્યા તેથી ઊલટા જ નિર્ણય ઉપર આવી શકાય તેમ હતું.’



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



થશે ત્યારે જ આવવાનો છે. માનપત્ર લેવાની પોતાની લાયકાત નથી એમ જણાવતાં તેમણે કહ્યું :

"અહિંસાના સિદ્ધાંતનું પાલન કરનારા તો હિંદુસ્તાનમાં છૂટાછવાયા અજ્ઞાત ઘણાયે પડ્યા છે. તેમના ભાગ્યમાં જાહેરાત નથી. જે પૂરું પાલન નથી કરતા તેમના ભાગ્યમાં જાહેરાત આવી પડી છે. અહિંસાના પાલનની વાત કરવી એ જ મારે માટે તો નાને મોઢે મોટી વાત કરવા જેવું છે — કોઈ માણસ હિમાલયની તળેટીએ બેસીને તેના શિખરે પહોંચવાની વાત કરે તેના જેવું છે. પણ કોઈ કન્યાકુમારી આગળ બેસીને તે શિખરે પહોંચવાની વાત કરે તેના કરતાં તળેટીએ બેસીને એ વાત કરે તે કંઈક વધારે ડાહ્યો કહેવાય એટલું જ. બાકી હું તો ગાંધીજીની પાસેથી ભાંગ્યોતૂટ્યો મેળવેલો સંદેશો તમારી આગળ મૂકું છું. તેટલાથી જ જો તમારામાં પ્રાણ આવ્યા, તો જો હું પૂરો પાળનારો હોત તો ૧૯૨૨ની પ્રતિજ્ઞા પાળીને આપણે બેસી ગયા હોત."

આ વિજયથી આપણે ફુલાઈ ન જઈએ, વિરોધીની પણ જેટલી કદર કરવા જેવી હોય તેટલી કરીએ, અને આપણી જૂની પ્રતિજ્ઞા ન ભૂલીએ, એ વિષેનાં ગાંધીજીનાં નીચેનાં વચનો બારડોલી તાલુકાએ અને સૌ કોઈએ હમેશ યાદ રાખવા જેવાં છે :

"અનેક વાર સરદારે તમને તેમ જ સરકારને સંભળાવ્યું હશે કે જ્યાં સુધી સરકારી અમલદારોનો હૃદયપલટો નહીં થાય ત્યાં સુધી સમાધાન થવું શક્ય નથી. હવે સમાધાન થઈ શક્યું છે તો ક્યાંક હૃદયપલટો થયો જ હશે. સત્યાગ્રહી એવો ગર્વ સ્વપ્ને પણ ન કરે કે પોતાના બળથી તેણે કાંઈ કર્યું છે. સત્યાગ્રહી એટલે તો શૂન્ય. સત્યાગ્રહીનું બળ એ ઈશ્વરનું બળ છે. તેના મોમાં એ જ હોય : 'નિર્બલ કે બલ રામ.' સત્યાગ્રહી પોતાના બળનું અભિમાન છોડે તો જ ઈશ્વર તેને મદદ કરે. ક્યાંક હૃદયપલટો થયો હોય તેને માટે ઈશ્વરનો આપણે આભાર માનીએ. પણ તે આભાર પણ પૂરતો નથી.

"એ હૃદયપલટો ગવર્નર સાહેબનો થયો એમ પણ આપણે માનવું જોઈએ. જો તેમનો હૃદયપલટો ન થયો હોત તો શું થાત? જે કંઈ થાત તેનું આપણને તો કશું દુઃખ નહોતું. આપણે તો પ્રતિજ્ઞા લીધેલી હતી, અને ભલે તોપ લાવે તોપણ આપણને તેની ચિંતા નહોતી. આજે જયનો ઉત્સવ કરીએ, હર્ષ મનાવીએ એ ક્ષંતવ્ય છે. પણ તે સાથે તેને સારુ જવાબદાર ગવર્નર છે એમ હું તમને મનાવવા ઇચ્છું છું. જો તેમણે તેમના ધારાસભાના ભાષણમાં બતાવી તે જ અકડાઈ કાયમ રાખી હોત અને નમતું ન આપ્યું હોત, અને જો તે ઇચ્છત કે બારડોલીના લોકને ગોળીબારથી ઉડાડી દેવા તો તે આપણને મારી શકત. તમારી તો પ્રતિજ્ઞા હતી કે તે મારવા આવે તોપણ તમે સામે મારવાના નથી; મારવાના નથી તેમ પૂઠ પણ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

બતાવવાના નથી, તમે તેમની ગોળી સામે લાકડી કે આંગળી સરખી ઉપાડવાના નથી. તમારી એ પ્રતિજ્ઞા હતી. એટલે ગવર્નર ઇચ્છયું હોત તો બારડોલીને જમીનદોસ્ત કરી શકત. તેમ કરવાથી બારડોલીનો તો જય જ થાત, પણ તે જુદા જ પ્રકારનો જય હોત. તે જય ઊજવવા આપણે જીવતા ન હોત; આખું હિંદુસ્તાન, આખું જગત તેની ઉજવણી કરત. પણ એટલું કઠણ હૃદય આપણે કોઈમાં — અમલદારમાં પણ — ન ઇચ્છીએ. આ બારડોલી તાલુકાની જંગી સભા કે જ્યાં ૧૯૨૨ની મહાન પ્રતિજ્ઞા લેનારા ભેગા થયા છો, ત્યાં આ વાત આપણે રખે ભૂલીએ.”

સરદારે પોતાના અમદાવાદના ભાષણમાં જે આત્મનિરીક્ષણ કર્યું છે તથા આટઆટલાં કષ્ટો વેઠનાર બારડોલીના ખેડૂતોની તથા પોતાના વફાદાર અને શિસ્તબદ્ધ સાથીઓની જે કદર કરી છે તે પણ સદા યાદ રહી જાય એવી છે:

“તમે અમદાવાદના શહેરીઓ તરફથી માનપત્ર આપ્યું તેમાં મને ગાંધીજીના પટ્ટશિષ્ય તરીકે વર્ણવેલો છે. હું ઈશ્વર પાસે માગું છું કે મારામાં એ યોગ્યતા આવે. પણ હું જાણું છું, મને બરાબર ખબર છે કે મારામાં એ નથી. એ યોગ્યતા મેળવવા માટે મારે કેટલા જન્મ લેવા જોઈએ એ મને ખબર નથી. સાચે જ કહું છું કે તમે પ્રેમના આવેશમાં જે અતિશયોક્તિભરેલી વાતો મારે માટે લખી છે તે ન ગળી શકાય એવી છે. તમે સૌ જાણતા હશો કે મહાભારતમાં દ્રોણાચાર્યને એક ભીલ શિષ્ય હતો, જેણે દ્રોણાચાર્ય પાસેથી એક પણ વાત સાંભળી નહોતી. પણ ગુરુનું માટીનું બાવલું કરી તેનું પૂજન કરતો અને તેને પગે લાગી દ્રોણાચાર્યની વિદ્યા શીખેલો. જેટલી વિદ્યા એણે મેળવી હતી એટલી દ્રોણાચાર્યના બીજા કોઈ શિષ્યે મેળવી નહોતી. એનું શું કારણ? કારણ કે એનામાં ગુરુ પ્રત્યે ભક્તિ હતી, શ્રદ્ધા હતી, એનું દિલ સ્વચ્છ હતું, એનામાં લાયકાત હતી. મને તમે જેનો શિષ્ય કહો છો તે ગુરુ તો રોજ મારી પાસે પડેલા છે. એમનો પટ્ટશિષ્ય તો શું, અનેક શિષ્યોમાંનો એક થઈ શકું એટલી પણ યોગ્યતા મારામાં નથી એ વિષે મને શંકા નથી. એ યોગ્યતા જો મારામાં હોત તો તમે ભવિષ્યને માટે મારે વિષે જે આશાઓ બતાવી છે તે મેં આજે જ સિદ્ધ કરી હોત. મને આશા છે કે હિંદુસ્તાનમાં એમના ઘણા શિષ્યો જાગશે, જેમણે એમનાં દર્શન નહીં કર્યાં હોય, જેમણે એમના શરીરની નહીં પણ એમના મંત્રની ઉપાસના કરી હશે. આ પવિત્ર ભૂમિમાં કોક તો એવો જાગશે જ. કેટલાક લોકો કહે છે કે ગાંધીજી ચાલ્યા જશે ત્યારે શું થશે? હું એ વિષે નિર્ભય છું. એમણે પોતે કરવાનું હતું તે કરી લીધું છે. હવે જે બાકી રહેલું છે તે તમારે ને મારે કરવાનું છે. આપણે એ કરીશું તો એમને તો કશું કરવાનું રહેલું નથી. એમને જે આપવાનું હતું તે એમણે આપી દીધું છે. હવે આપણે એ કરવાનું રહેલું છે. બારડોલીને માટે મને માન આપો છો તે મને ઘટતું નથી. કોઈ અસાધ્ય રોગથી પીડાતો દર્દી પથારીવશ હોય, આ દુનિયા ને પેલી દુનિયા વચ્ચે ઝોલાં ખાતો હોય, તેને

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021



કોઈ સંન્યાસી મળે, તે જડીબુટ્ટી આપે અને એ માત્રા ઘસીને પાવાથી દર્દીના પ્રાણ સ્વસ્થ થાય, એવી દશા હિંદુસ્તાનના ખેડૂતોની છે. હું તો માત્ર એક સંન્યાસીએ જે જડીબુટ્ટી મારા હાથમાં મૂકી તે ઘસીને પાનાર છું. માન જો ઘટતું હોય તો તે જડીબુટ્ટી આપનારને છે. કંઈક માન પેલા ચરી પાળનાર દર્દીને ઘટે છે, જેણે સંયમ પાળ્યો અને તેમ કરીને હિંદુસ્તાનનો પ્રેમ મેળવ્યો. બીજા કોઈને માન ઘટતું હોય તો મારા સાથીઓને છે, જેમણે ચકિત બનાવે એવી તાલીમ બતાવી છે, જેમણે મને કદી પૂછ્યું નથી કે કાલે તમે કયો હુકમ કાઢશો ? આવતી કાલે તમે શું કરવાના છો? ક્યાં જવાના છો ? કોની સાથે સમાધાનની વાતો કરવાના છો ? ગવર્નરના ડેપ્યુટેશનમાં કોને કોને લઈ જવાના છો? પૂને જઈને શું કરવાના છો? જેમણે મારા પર જરાયે અવિશ્વાસ નથી રાખ્યો, સંપૂર્ણ વિશ્વાસ રાખ્યો છે અને તાલીમ બતાવી છે, એવા સાથીઓ મને મળ્યા છે. એ પણ મારું કામ નથી. આવા સાથીઓ પાક્યા છે, જેમને સારુ ગુજરાત મગરૂર છે, તે એમનું કામ છે. આમ જો આ માનપત્રમાંનાં વખાણ વહેંચી આપવામાં આવે તો બધાં વખાણ બીજાને ભાગે જાય અને મારે ભાગે આ કોરો કાગળ જ રહે એમ છે.”

## ૧૬

તપાસસમિતિ કેવી રીતે નિમાઈ અને સરદારે તે કેવી શરતે સ્વીકારી તે અગાઉ કહેવાઈ ગયું છે. તા. ૧લી નવેમ્બરથી ન્યાયખાતાના અમલદાર મિ. બ્રૂમફિલ્ડ અને રેવન્યુ ખાતાના અમલદાર મિ. મૅક્સવેલ પોતાના કામ ઉપર ચડ્યા. પાંચમી તારીખે શ્રી ભૂલાભાઈ દેસાઈએ તેમની આગળ લોકપક્ષનું વિવેચન કર્યું. પ્રારંભિક તૈયારી કર્યાં પછી તપાસનું કામ ૧૪મી નવેમ્બરે શરૂ થયું તે જાન્યુઆરી મહિનાની આખર તારીખે બારડોલીમાં અને ફેબ્રુઆરીની આખર તારીખે ચોર્યાસી તાલુકામાં પૂરું થયું. ચોર્યાસી તાલુકાના લોકોને સરદારે કહેલું કે, ‘બારડોલીના ખેડૂતો જે દુ:ખ ખમશે તેને પરિણામે જો ન્યાય મળશે તો તેનો લાભ તમને પણ મળવાનો છે.’ આ વચનો સાચાં પડ્યાં. બારડોલીની સાથે ચોર્યાસીને પણ પોતાને થયેલો અન્યાય સાબિત કરવાની તક મળી. બારડોલીમાં પચાસ ગામો અને ચોર્યાસીમાં વીસ ગામોની તપાસ કરવામાં આવી.

લોકો તરફથી હકીકત રજૂ કરવાનું કામ સરદારે મહાદેવભાઈ, રામનારાયણ પાઠક તથા મને સોંપ્યું હતું. અમારી મદદમાં શ્રી મોહનલાલ પંડ્યા, કલ્યાણજી-ભાઈ, ચોખાવાળા વગેરે પુષ્કળ ભાઈઓ હતા. અમારાં પત્રકોની અને બીજી તૈયારીઓ જોઈને અમલદારોને અદેખાઈ થતી અને ઘણી વાર કહેતા : ‘તમારા જેવી તૈયારી અમારી પાસે નથી. સરકારે એવી સગવડ અમને નથી આપી. તમને તો આખો તાલુકો મદદ કરવાને તૈયાર છે.’ પોતાનો રિપોર્ટ સરકારને રજૂ કરતાં અમલદારોએ જે કાગળ લખ્યો છે તે કાગળમાં તેમણે અમારી

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



સાથેના પોતાના સંબંધને 'અતિશય મીઠા સંબંધ' તરીકે વર્ણવ્યો છે, અમે આપેલી મદદને 'કીમતી મદદ' ગણી છે અને લોકોની વૃત્તિ 'તદ્દન વિરોધ વિનાની અને આશા નહોતી રાખી એટલો સહકાર આપવાની' કહી છે.

તપાસ કમિટીનું કામ સરકારી હુકમમાં નીચેના શબ્દોમાં નિયત કરવામાં આવ્યું હતું:

"એક મહેસૂલી અધિકારી અને બીજા ન્યાયખાતાના અધિકારી એમને તપાસ સોંપવામાં આવશે, એ બે વચ્ચે મતભેદના પ્રસંગે ન્યાયખાતાના અધિકારીનો મત નિર્ણયાત્મક ગણાશે; તપાસની શરતો નીચે પ્રમાણે રહેશે:

"સદરહુ અમલદારોએ બારડોલી તાલુકાના અને વાલોડ મહાલના તથા ચોર્યાસી તાલુકાના લોકોની નીચેની ફરિયાદની તપાસ કરી રિપોર્ટ કરવો:

"(ક) એ તાલુકાઓમાં કરવામાં આવેલો મહેસૂલવધારો લૅંડ રેવન્યુ કોડ પ્રમાણે વાજબી નથી;

"(ખ) સદરહુ તાલુકાઓ વિષે જે રિપોર્ટો બહાર પડેલા છે તેમાં સરદહુ વધારાને વાજબી ઠરાવવા પૂરતી હકીકત નથી, અને કેટલીક હકીકત ખોટી છે;

"અને જો એ અમલદારોને સદરહુ ફરિયાદ વાજબી માલૂમ પડે તો જૂના મહેસૂલમાં કેટલો વધારો અથવા ઘટાડો થવો જોઈએ તે જણાવવું.

"તપાસ સંપૂર્ણ, ખુલ્લી અને સ્વતંત્ર થનાર હોવાથી લોકોને તેમના પ્રતિનિધિઓની, કાયદાના સલાહકારો સુધ્ધાંની મદદથી જુબાનીઓ આપવાની ને તપાસવાની છૂટ રહેશે."

શ્રી ભૂલાભાઈ દેસાઈએ પોતાની પ્રારંભિક ચર્ચામાં જણાવ્યું હતું કે સેટલમેન્ટ ઑફિસર શ્રી જયકર અને સેટલમેન્ટ કમિશનર મિ. ઍન્ડર્સનની ભલામણો ગણોતના આંકડાને આધારે કરવામાં આવી છે એ લૅન્ડ રેવન્યુ કોડની ૧૦૭મી કલમ પ્રમાણે બરાબર નથી. એ કલમમાં તો જમીનમાંથી થતા ચોખ્ખા નફા ઉપર જ મહેસૂલ નક્કી કરવાનું ઠરાવ્યું છે. અને ચોખ્ખો નફો તો ખેડૂતને થતા ઉત્પન્નમાંથી તેને થતો ખર્ચ બાદ કરીને જ કાઢી શકાય. વળી ગણોતની ઉપર આધાર ત્યારે જ રખાય જ્યારે સેટલમેન્ટ મેન્યુઅલ પ્રમાણે ગણોતે આપેલી જમીનનું પ્રમાણ બહુ મોટું હોય. મિ. ઍન્ડર્સને બારડોલી તાલુકામાં ૩૩ ટકાથી તે ૫૦ ટકા સુધી જમીન ગણોતે અપાય છે એમ કહ્યું છે તે તદ્દન કપોલકલ્પિત છે, માંડ છ-સાત ટકા જમીન ખરી ગણોતે અપાય છે.

પહેલે જ દિવસે આફવા નામનું ગામ તપાસ્યું તો ત્યાંના ગણોતના આંકડામાં ભારે ગોટાળો જણાયો. સેટલમેન્ટ મેન્યુઅલ પ્રમાણે શુદ્ધ ગણોતના આંકડા જુદા તારવવા જોઈએ. શ્રી જયકરનો દાવો એવો હતો કે એમણે બધાં જ ગણોત તપાસેલાં છે અને તેમાંથી શુદ્ધ ગણોત તારવેલાં છે. અમે તપાસ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



કરનારા અમલદારોને બતાવી આપ્યું કે શ્રી જયકરના આંકડા તો તારવી કાઢ્યા વિનાના કુલ ગણોતના આંકડા કરતાં પણ વધારે છે. તેમણે પોતાના શિરસ્તેદાર પાસે ફરીથી બધાં દફતર તપાસાવીને કુલ ગણોતનો આંકડો કઢાવ્યો. અમારા બતાવ્યા પ્રમાણે એ આંકડા કરતાં શ્રી જયકરના રિપોર્ટનો આંકડો વધારે હતો. આમ પ્રથમ ગ્રાસે મક્ષિકા જોઈને અમલદારો ચેત્યા ખરા, પણ ન્યાયનો સિદ્ધાંત છે કે ન્યાયધીશે હંમેશા ગુનેગારને નિર્દોષ માની લઈને જ તપાસ કરવી જોઈએ. એ ન્યાયને અનુસરીને શ્રી જયકરે અને મિ. ઍન્ડર્સને બરાબર તપાસ કરી નથી એમ તેમને મનાવતાં અમને પંદર દિવસ લાગ્યા. વળી મિ. બ્રૂમફિલ્ડ એમ માનતા જણાયા કે ખેડૂતો તો જૂઠું જ બોલે. એક ગામે જ્યારે અમે કહ્યું કે અહીં કશી તપાસ થઈ જ નથી એટલે મિ. બ્રૂમફિલ્ડ કહે, ‘હા, એમ ખેડૂતો કહે છે, જગતમાં બધે જ ખેડૂતો એવી વાતો કરે છે.’ અમે કહ્યું: ‘તેઓ સાચા છે કે ખોટા એ તપાસવાની તમારી ફરજ છે.’ એટલે તેમણે પૂછ્યું: ‘ત્યારે શું આ ગામે શ્રી જયકર આવેલા જ નહીં?’ અમે કહ્યું: ‘અમે કહીએ તે કરતાં તમે જ ખેડૂતોને પૂછી જુઓ.’ એટલે તેમણે લોકોને પૂછ્યું. પટેલ તલાટી બન્નેએ જવાબ આપ્યો: ‘સાહેબ, જયકરનું મોં જ કોણે જોયું છે?’ એટલે મિ. બ્રૂમફિલ્ડે પૂછ્યું: ‘આ લોકો જાણે છે તો ખરાને કે જયકર કોણ છે?’ એટલે લોકોએ કહ્યું: ‘જયકર પ્રાન્ત અમલદાર હતા એમ સાંભળ્યું છે પણ એમનું મોં જોયું હોય તો ખબર પડે ને કે એ કોણ હતા?’ પછી તો દરેક ગામે મિ. બ્રૂમફિલ્ડ અહીં જયકર આવેલા કે નહીં એ સવાલ પૂછતા. અને ઘણે ઠેકાણે ‘અહીં કોઈ આવ્યું જ નથી કે કશી તપાસ થઈ જ નથી’ એવા જવાબ મળતા. વળી તારવ્યા વિનાના ગણોતના આંકડા અને શ્રી જયકરના કહેવાતા તારવેલા આંકડા પણ શિરસ્તેદાર પાસે તેઓ ગણાવતા. એકંદરે એમને જયકરના આંકડા ઢંગધડા વિનાના લાગ્યા. આવા આંકડા ઉપર આધાર રાખી સેટલમેન્ટ કમિશનર મિ. ઍન્ડર્સને પોતાની ભલામણો કરી હતી. અમુક ગણોતો અમુક ગામોએ જઈને પોતે તપાસ્યાં છે, એમ મિ. ઍન્ડર્સને પોતાના રિપોર્ટમાં લખ્યું છે તે ગણોતો એ સાહેબે પણ નહોતાં તપાસ્યાં એમ તપાસમાં માલૂમ પડ્યું.

અમે બધે ખેતીના નફાતોટાનો હિસાબ આપતા હતા. એ આંકડામાં ખોટ આવતી જોઈને અમલદારોને મૂંઝવણ થવા માંડી. બેત્રણ ગામોએ અમારી તેમણે ખૂબ ઊલટતપાસ કરી, ખેડૂતોની ઊલટતપાસ કરી અને એક દૂબળાને પણ તપાસ્યો, એ હેતુથી કે દૂબળાની ઉપર જે ખર્ચ બતાવવામાં આવે છે તે બરાબર છે કે નહીં. પણ આ ઊલટતપાસથી તેઓ અમારા હિસાબમાંથી એક કાંકરી પણ ખેરવી શક્યા નહીં. એટલે એક દિવસ અમારી સાથે બહુ નિખાલસપણે ચર્ચા કરી:

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

સાહેબો : ‘ખેડૂતોને ખોટ જાય છે એ ધારો કે માની લઈએ, પણ એટલી જ જમીન એ ગણોતે આપતો હોય તો તેને ફાયદો થાય, એટલે મહેસૂલ તેની ઉપર શા માટે ન લેવું ?’

અમે : ‘પણ સાચી વાત એ છે કે એમ ખેડૂતો પોતાની જમીન ગણોતે આપતા નથી, અને બધા ગણોતે આપે તો ગણોતે લે કોણ ?’

‘પણ જે આપે તેને તો ફાયદો થાય છે જ ના ?’

‘પણ એ કેટલા આપે છે એ જ પ્રશ્ન છે. આપ જો અમને સિદ્ધ કરી આપો કે ૮૦થી ૯૦ ટકા ખેડૂતો જમીન ગણોતે આપે છે, તો તમે ભલે તેમના ગણોત ઉપર કર લો.’

‘પણ ગણોત ઉપર મહેસૂલની ગણતરી કરવાનો અમને પણ મોહ રહ્યો નથી. અમારું કહેવું તો એ છે કે આકારને માટે કાંઈક આધાર તો જોઈએ જ ના ? તમે નફાતોટાની ગણતરી કરો છો તે ગણતરી બરોબર કરવી અને તપાસવી એમાં તો કેટલાય દિવસો જાય અને એ કેટલી કડાકૂટનું કામ ?’

‘એના કરતાં વધારે કડાકૂટનું કામ ગણોતો તપાસવાનું તમને નથી લાગતું ? અને છતાં ગણોતો તો વિશ્વાસપાત્ર મળતાં નથી !’

‘પણ અમે ક્યાં ગણોતના આધારને વરેલા છીએ. અમે તો કહીએ છીએ કે આવી ગણતરી કરવામાં તો દરેક ગામડે બેત્રણ અઠવાડિયાં રહેવું જોઈએ.’

‘એ તો રહેવું જ પડે તો. સેટલમેન્ટ ત્રીસ વર્ષને માટે કરવું એ કંઈ રમત વાત છે ? એને માટે ગામેગામ અને ખેતરે ખેતરે તપાસ કરવી જોઈએ.’

‘એ વાત તો સાચી. પણ એને માટે કેટલા માણસ જોઈએ, સરકારને પગાર કેટલા આપવા પડે ?’

‘એ તો આપ જાણો. આપની આગળ તો અમે હકીકત મૂકી. એના ઉપર આપ વધારે વિચાર કરજો.’

અત્યાર સુધીમાં સાહેબોને અમારે વિષે વિશ્વાસ પડવા માંડ્યો હતો. અમે જે ખુલાસા આપતા તે એમને મદદ કરવા માટે આપવામાં આવતા હતા એવી તેમની ખાતરી થઈ. રિપોર્ટમાં અમને પક્ષકાર ગણવાને બદલે તેમણે પોતાના સાથી કાર્યકર્તાઓ કહ્યા છે. અને અમારે વિષે નીચે પ્રમાણે નોંધ કરી છે :

> “આ સજ્જનોએ પોતાની રીતે ઘણી ઉપયોગી માહિતી ભેગી કરીને અમને રજૂ કરી, તે ઉપરાંત એઓ ગણોત અને વેચાણના બધા દાખલા આગળથી નોંધી રાખતા, અને દરેક કિસ્સા વિષે એટલી વિગતવાર ખબર

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

મેળવી રાખતા કે અમને ઘણી વાર તેમની મદદથી સાચી અને ચોક્કસ માહિતી મળી શકી, જે એમ ને એમ ન જ મળી શકી હોત. ખરા દિલથી અને નિષ્પક્ષ ભાવે આપવામાં આવેલી આ મદદ આ તપાસમાં અમને ખરી મૂલ્યવાન થઈ પડી એમ કબૂલ કરતાં અમને આનંદ થાય છે.”

શ્રી જયકરે પોતાના રિપોર્ટમાં લખ્યું હતું કે ૧૯૦૧થી ૧૯૨૫નાં બધાં ગણોતો તેણે ચાળીને સાફ કરીને ઉતાર્યાં છે. અમલદારોને અનુભવે જણાયું કે થોડાં વર્ષનાં ગણોતોની માહિતી મેળવતાં આટલો સમય જાય છે તો પચીસ વર્ષની માહિતી આટલા ટૂંક સમયમાં મેળવવી જ અશક્ય છે. થોડાંક ગામોમાં તો તેમણે ઘડિયાળ રાખીને જોયું. વાંકાનેર ગામમાં છેલ્લાં સાત વર્ષનાં એકત્રીસ ગણોતો તપાસતાં તેમને પાંચ કલાક લાગ્યા. વાલોડમાં ચોવીસ ગણોત તપાસતાં બે કલાક. ડિંડોલીમાં અગિયાર ગણોત તપાસતાં બે કલાક. સૂપામાં નવ ગણોત તપાસતાં દોઢ કલાક લાગ્યો હતો. બીજી તરફથી ખેતીના નફાતોટાના અમારા હિસાબને અમલદારો જરાય ખોટો પાડી શકયા ન હતા. એટલે છેવટે ગણોત ઉપર આધાર રાખવાનો સહેલો માર્ગ તેમણે સ્વીકાર્યો. દરેક ગામનાં ગણોતમાંથી જુદાં જુદાં કારણસર વધારેપડતાં અથવા અનાર્થિક કહી શકાય એવાં ગણોત તેમણે છોડી દીધાં. અને ગામમાંથી શુદ્ધ અથવા આર્થિક કહી શકાય એવું એક પણ ગણોત મળી આવે તો તેને એટલા પ્રદેશની ખેતીનો ચોખ્ખો નફો ગણવો એવા નિર્ણય ઉપર તેઓ આવ્યા. વળી અમુક મહેસૂલ તો તાલુકાએ આપવું જ જોઈએ એ નક્કી હતું એટલે તાલુકા ઉપર ૬ ટકાનો કુલ વધારો ઠરાવ્યો. પણ તેની સાથે ન વપરાતા કૂવા ઉપર, કયારીના ઉપયોગ માટે ન આવતી જમીન ઉપર, ભાઠાં તથા બાગાયત તરીકે ગણાતી પણ વાસ્તવિક રીતે એવી ન હોય તેવી જમીન ઉપર મહેસૂલ ઓછું કરવાની ભલામણ કરી. એટલે એકંદરે તાલુકાને ભરવાના મહેસૂલમાં થોડો પણ ઘટાડો થયો. રિપોર્ટનો ખંડનાત્મક ભાગ મહેસૂલ આકારણીની દૃષ્ટિએ અમૂલ્ય ગણાય એવો છે. પણ રચનાત્મક ભાગ તેવો જ નબળો અને પાયા વિનાનો છે, કારણ મહેસૂલ ઠરાવવાનું કોઈ ચોક્કસ ધોરણ તેઓ બતાવી શકયા નથી. આ તપાસના પરિણામનો સાર નીચે પ્રમાણે આપી શકાય :

**આર્થિક પરિણામ :** બારડોલી અને ચોર્યાસી તાલુકામાં સરકારે ૧,૮૭,૪૯૨ રૂપિયાનો મહેસૂલવધારો ઠોકી બેસાડયો હતો તે ઓછો કરી તપાસ અમલદારોએ ૪૮,૬૪૮નો વધારો ઠરાવ્યો, એટલે બંને તાલુકા મળીને લોકોને દર વર્ષે લગભગ એક લાખ ચાળીસ હજારનો લાભ થયો. એટલે ત્રીસ વર્ષને માટે ૪૫ લાખ રૂપિયાનો લાભ થયો.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

આ ઉપરાંત તાલુકાનાં ઘણાં ગામોમાં —

૧. ન વપરાતા કૂવા માટે સરકાર કર લે છે તે તપાસ દરમ્યાન બહાર આવ્યું અને તે રદ થવાની ભલામણ થઈ;

૨. ક્યારીના ઉપયોગ માટે ન આવતી જમીન જરાયત તરીકે દાખલ કરવામાં આવે એવી ભલામણ થઈ, એટલે એ જમીન જે ઘણાં વર્ષ થયાં એવડો સરકારધારો ભરતી હતી તે અન્યાય દૂર થાય એવી ભલામણ થઈ;

૩. કેટલાંક ગામોમાં 'ભાઠાં'ની જમીન તરીકે ચાલતી અને 'બાગાયત' તરીકે ચાલતી જમીન ઉપર બાવળ અને ઘાસ ઊગેલાં હતાં. તેવી જમીન 'ભાઠાં' અને 'બાગાયત' તરીકે ન ગણવામાં આવે એવી ભલામણ થઈ.

**નૈતિક પરિણામ:** લોકોએ કરેલી બધી ફરિયાદ સાચી પડી અને લોકોના તેમ જ તેમના પ્રતિનિધિઓની પ્રામાણિકતા જગત આગળ સિદ્ધ થઈ. તપાસને પરિણામે કેટલીક વાતો સ્પષ્ટ રીતે બહાર આવી:

૧. સરકારના જવાબદાર અમલદાર જેને સરકારે વલ્લભભાઈ સાથેના પોતાના પત્રવ્યવહારમાં 'રેવન્યુ ખાતાના અનુભવી અમલદાર' તરીકે વર્ણવ્યા હતા તે અમલદારે તપાસ નહોતી કરી, એટલું જ નહીં પણ જે ૭૦ ગામ કમિટીએ તપાસ્યાં તેમાંના એકે ગામમાં ગણોતો તપાસ્યાં નહોતાં છતાં એ તપાસ્યાં છે એવું જૂઠાણું એણે રિપોર્ટમાં જાહેર કર્યું, એ જૂઠાણાથી સેટલમેન્ટ કમિશનરને અવળે રસ્તે દોરવ્યા અને સરકારને ઊંધે પાટે ચડાવી મનાવ્યું કે આવા ઠાવકા દેખાતા આંકડા ઉપર સેટલમેન્ટનો આધાર રાખી શકાય. (રિપોર્ટ, પૅરા ૪૩)

૨. મિ. ઍન્ડર્સને પણ જૂઠાણું નહીં ચલાવ્યું તો ભયંકર બેદરકારી બતાવી. જે ગામોએ જઈને અમુક ગણોતો તપાસ્યાં એમ એ કહે છે તે ગણોત પણ એણે તપાસ્યાં નહોતાં. અડાજણનું જે ગણોત ગયા પ્રકરણમાં નોંધવામાં આવ્યું છે, અને જેમાં ૨૭ ગુંઠાની જમીનના ટુકડાના ૫૦ રૂપિયા ગણોત આવતું હતું તે ગણોત મિ. ઍન્ડર્સને પોતાના રિપોર્ટમાં નોંધ્યું છે, પણ તેને માટે જે ખુલાસો હતો તેની નોંધ નથી લીધી, એટલે કશી તપાસ નહોતી જ કરી. ખરડ, છિત્રા અને કુવાડિયા ગામે સાહેબ ગયા હતા છતાં ત્યાં પણ તેમણે નોંધેલાં ગણોતો કમિટીને જોવાનાં ન મળ્યાં! એટલે મિ. ઍંડર્સને પણ શ્રી જયકરના કરતાં ઓછી બેદરકારી નથી બતાવી.

(રિપોર્ટ, પૅરા ૩૬)

૩. મહાલકારી અને અવલકારકુને અમલદારો આગળ પુરાવો આપ્યો તેથી પણ સિદ્ધ થયું કે સેટલમેન્ટ અમલદારે કશી દેખરેખ રાખી નહોતી કે તપાસ કરી નહોતી; ગણોતનાં પત્રકો બધાં જ તલાટીઓએ તાલુકાકચેરીમાં બેઠાં બેઠાં કીધાં હતાં, અને તેના ઉપર અવલકારકુને પોતે પણ નજીવી જ દેખરેખ રાખી હતી (રિપોર્ટ, પૅરા ૪૨). સામાન્ય રીતે સરકારમાં કેટ

Gandhi Heritage Portal

4/25/2021



અંધેર ચાલે છે એ આમ સ્વતંત્ર તપાસથી જણાયું. એટલું જ નહીં પણ સરકારી અમલદારોની જુબાની ઉપરથી પણ જણાયું. (રિપોર્ટ, પૅરા ૪૧)

ગણોત નોંધવાની હાલ જે પ્રથા છે તે તદ્દન નકામી છે, તેમાંથી ગણોતની કશી વિગત મળતી નથી. પહાણીપત્રકોમાં ભારોભાર ભૂલો હોય છે અને એ જરાય વિશ્વાસપાત્ર પત્રક નથી. (રિપોર્ટ, પૅરા ૩૮)

૫. ગણોતના આંકડાનો ઉપયોગ કરવાની ચાલુ રીત પણ ખોટી છે અને એની ઉપરથી અનુમાન બાંધવાની રીત ખોટી છે. (રિપોર્ટ, પાનાં ૩૫-૪૨)

સરકારનાં દફતર જે સામાન્ય રીતે લોકોને જોવાના મળતાં નથી, પણ આ તપાસને અંગે અમને જોવા મળ્યાં હતાં તે કેવાં ખોટાં હોય છે તે આ તપાસમાં બહાર આવ્યું. બારડોલીને પરિણામે આખા પ્રાંતનો સવાલ ઊભો થયો અને લોકોમાં ઉત્સાહ તથા આત્મશ્રદ્ધા પ્રગટ્યાં. એ બારડોલી સત્યાગ્રહનું મોટામાં મોટું ફળ ગણાય.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

# ૨૮

# ૧૯૨૫થી ૧૯૨૮ની રાજકીય પરિસ્થિતિ

સને ૧૯૨૫ના સપ્ટેમ્બરમાં પટણાની મહાસમિતિની બેઠકમાં કૉંગ્રેસનું આખું તંત્ર ગાંધીજીએ સ્વરાજ પક્ષને સોંપી દીધું અને ત્યાર પછીની કાનપુરની કૉંગ્રેસમાં તે અનુસાર ઠરાવ કરાવ્યો. છેક ૧૯૨૨માં જ્યારથી બારડોલીનો સામુદાયિક સવિનય ભંગ બંધ કરાવી સ્વરાજ્યની વિશેષ તૈયારી માટે રચનાત્મક કાર્યક્રમ તેમાંયે વિશેષે કરીને ખાદીનો કાર્યક્રમ ગાંધીજીએ દેશ આગળ મૂક્યો અને કાર્યકર્તાઓને ગામડાંમાં દટાઈ જવાની સૂચના કરી ત્યારથી જ દેખાવા માંડ્યું હતું કે દેશના સુશિક્ષિત વર્ગનો ટેકો તેમને નથી. ૧૯૨૪માં જેલમાંથી બહાર આવ્યા પછી અમદાવાદની મહાસમિતિની બેઠકમાં કૉંગ્રેસને પોતાને માર્ગે દોરવાનો તેમણે પ્રયત્ન કર્યો અને તેમને બહુમતી પણ મળી, છતાં એ બહુમતી મિથ્યા હતી તે તેઓ જોઈ શક્યા. પછી અનેક વાટાઘાટોને પરિણામે ૧૯૨૫ની કાનપુરની કૉંગ્રેસમાં સ્વરાજ પક્ષને બધું તંત્ર સોંપી દીધા પછી નવા સ્થપાયેલા અ૦ ભા૦ ચરખા સંઘના કામમાં જ પોતાનો વધુ વખત ગાંધીજી આપવા લાગ્યા. કૉંગ્રેસના બીજા નેતાઓ ધારાસભાની ભાંજગડમાં પડ્યા હતા ત્યારે સરદાર, રાજાજી, રાજેન્દ્રબાબુ અને જમનાલાલજી ગાંધીજીને પૂરો સાથ આપી રહ્યા હતા.

પછી તો ધારાસભાવાદીઓમાં પણ ધીમે ધીમે મતભેદો ઊભા થવા માંડ્યા. ૧૯૨૫ના જૂનમાં દેશબંધુ દાસના દેહાન્ત પછી આખા પક્ષનો ભાર પં૦ મોતીલાલજી પર આવી પડ્યો. તેઓ શિસ્તના બહુ આગ્રહી હતા અને દિલ્હીની વડી ધારાસભામાં પોતાના પક્ષ ઉપર તેઓ સારો કાબૂ રાખી શક્યા હતા. ધારાસભામાંના બીજા બિનસરકારી પક્ષોનો સહકાર સાધી સરકારને કેટલીક મહત્ત્વની બાબતમાં તેઓ શિકસ્ત પણ આપી શક્યા હતા. પરંતુ પ્રાંતોમાં સ્થિતિ જુદી હતી. ઘણી જગાએ તો સ્વરાજપક્ષનું બળ બહુ ઓછું હતું અને કેટલીક જગાએ ગણનાપાત્ર હતું ત્યાં ઘણા સભ્યોને એમ લાગતું કે સરકારને હાજી હા કરનારા લોકો હોદ્દા પર આવી જાય છે તેને બદલે આપણે જ હોદ્દા લઈએ તો દેશનું કંઈક કામ થઈ શકશે. કેટલાકને છેક પ્રધાનપદાની નહીં તો સરકારી કમિટીઓ ઉપર નિમાવાની લાલચ પણ વળગવા માંડી હતી. આમ અંદર જઈને અસહકાર કરવાની મૂળ વૃત્તિ એકંદરે નબળી



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

પડવા માંડી હતી. બીજી તરફથી કૉંગ્રેસમાં એક સ્વાતંત્ર્ય સંઘ (ઇન્ડિપેન્ડન્સ લીગ)ની સ્થાપના થઈ હતી અને કૉંગ્રેસના ધ્યેયમાં 'સ્વરાજ' શબ્દ હતો તે બદલી 'સંપૂર્ણ સ્વાતંત્ર્ય' એ શબ્દ દાખલ કરવાના પ્રયાસો તેના તરફથી થતા હતા. સ્વાતંત્ર્ય મેળવવાની શક્તિ કાંઈ વધી હતી તેમ નહોતું. પણ બ્રિટિશ સામ્રાજ્ય સાથેનો સંબંધ બિલકુલ તોડી નાખવો એવી સ્પષ્ટ જાહેરાત તેઓ કરવા માગતા હતા. ૧૯૨૬ની ગૌહત્તીની કૉંગ્રેસમાં એ ઠરાવ લાવવામાં આવ્યો. ત્યાં જોકે પાસ ન થઈ શક્યો, છતાં ત્યાર પછીની ૧૯૨૭ની મદ્રાસની કૉંગ્રેસમાં એ ઠરાવ પસાર થયો. આ ઉપરાંત મદ્રાસ કૉંગ્રેસમાં બીજા બે બહુ મહત્ત્વના ઠરાવો પસાર થયા. ૧૯૨૭ના નવેમ્બરમાં વાઈસરૉયે જાહેર કર્યું કે બ્રિટિશ પાર્લમેન્ટ તરફથી સર જૉન સાઈમનના પ્રમુખપણા નીચે એક કમિશન નીમવામાં આવ્યું છે જે હિંદુસ્તાનમાં આવી સરકારી અધિકારીઓ તથા લોકનેતાઓને મળી તથા દેશમાં બધે ફરી જાતે તપાસ કરી રિપોર્ટ કરશે કે મૉન્ટ-ફર્ડ સુધારાના અમલને પરિણામે કેટલું કામ થઈ શક્યું છે, બ્રિટિશ હિંદુસ્તાનમાં કેળવણીની તથા લોક-પ્રતિનિધિત્વ ધરાવતી સંસ્થાઓની પ્રગતિ કેટલી થઈ છે અને હિંદુસ્તાનના રાજ્યબંધારણમાં જવાબદાર રાજ્યતંત્રનો સિદ્ધાન્ત કેટલે દરજ્જે દાખલ કરી શકાય એમ છે. આ કમિશનમાં એક પણ હિંદી સભ્યને રાખવામાં આવ્યો ન હતો. તેથી કૉંગ્રેસ સિવાયના બીજા તમામ રાજદ્વારી પક્ષો પણ કમિશનથી નારાજ હતા. કૉંગ્રેસની માગણીઓ તો આ કમિશનથી જરા પણ સંતોષાતી નહોતી. એટલે મદ્રાસની કૉંગ્રેસમાં આ સાઈમન કમિશનનો સખ્ત બહિષ્કાર કરવાનો અને એ જે જે શહેરોની મુલાકાત લે ત્યાં તેની સામે વિરોધ દર્શાવનારા દેખાવો કરવાનો ઠરાવ પસાર થયો. સાઈમન કમિશનના બહિષ્કારના નકારાત્મક કામની સાથે તેની અવેજીમાં ચોક્કસ રચનાત્મક કામ પણ કૉંગ્રેસે કરવું જોઈએ એટલા માટે એક સ્વરાજની યોજના ઘડી કાઢી તેમાં બની શકે તેટલા બીજા રાજદ્વારી પક્ષોની સંમતિ મેળવવાનો કૉંગ્રેસે ઠરાવ કર્યો. તે માટે નીમેલી કમિટીના પંડિત મોતીલાલ નેહરુને પ્રમુખ નીમ્યા. આ ઠરાવને લીધે કૉંગ્રેસે એ જ બેઠકમાં થોડી જ વાર પહેલાં પસાર કરેલા પૂર્ણ સ્વાતંત્ર્યના ઠરાવની અવાસ્તવિકતા સ્પષ્ટ દેખાઈ આવી.

દેશમાં સાઈમન કમિશનનો પ્રવાસ અને નેહરુ કમિટીની કામગીરી એ સાથે સાથે ચાલ્યાં. સાઈમન કમિશન હિંદુસ્તાનને કિનારે મુંબઈ બંદરે ૩–૨–'૨૮ના રોજ ઊતર્યું. દેશભરમાં તે દિવસ એના બહિષ્કાર દિન તરીકે ઊજવાયો. ગામેગામ અને શહેરેશહેર મોટાં સરઘસો નીકળ્યાં. તેમાં વિદ્યાર્થી-વર્ગે બહુ જ ઉત્સાહ બતાવ્યો. 'સાઈમન, ગો બૅક' (સાઈમન, પાછા જાઓ)ના

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

પોકારોથી વિદ્યાર્થીઓએ આખા દેશને ગજવી મૂક્યો. આ કમિશને આખા હિંદુસ્તાનમાં ફરી સર જૉન સાઈમનના શબ્દોમાં 'દેશના જુદા જુદા ભાગમાં તમામ કોમો તથા વર્ગો સાથે અંગત સંપર્ક સાધીને' તા. ૩૧મી માર્ચે મુંબઈનો કિનારો છોડ્યો. કમિશને ખરી રીતે લોકોનો સંપર્ક સાધ્યો હોય તો એટલો જ હતો કે જ્યાં જ્યાં તે ગયું ત્યાં લોકોનાં ટોળેટોળાં કાળા વાવટા સાથે એની સામે વિરોધી દેખાવો કરવા ઊલટતાં હતાં અને તેમને વિખેરવા માટે તેના ઉપર પોલીસ લાઠી ચાર્જ કરતી હતી. પંજાબમાં લાલા લજપતરાય ઉપર લાઠીના સખ્ત પ્રહાર થયા હતા. તેને કારણે તેઓ પથારીવશ થયા અને તેમાંથી ઊઠવા ન પામ્યા. યુક્ત પ્રાતમાં જવાહરલાલજીને પણ પોલીસની લાઠીના થોડા ફટકાનો સ્વાદ ચાખવો પડેલો. આ બે પ્રસંગોએ સાઈમન કમિશનને વધુ ફિટકારને પાત્ર બનાવ્યું.

આ બધો વખત નેહરુ કમિટી પોતાનું કામ કરી રહી હતી. ફેબ્રુઆરી અને માર્ચમાં બે સર્વપક્ષી બેઠકો થઈ. ત્રીજી સર્વપક્ષી બેઠક મેમાં થઈ અને તેણે મોતીલાલજીને રાજ્યબંધારણની યોજનાનો છેવટનો મુત્સદ્દો તૈયાર કરવાનું કામ સોંપ્યું. ઑગસ્ટની આખરમાં લખનૌ મુકામે સર્વપક્ષી પરિષદની છેલ્લી બેઠક નેહરુ કમિટીના રિપોર્ટ ઉપર વિચાર કરવા મળી. તેમાં પૂર્ણ સ્વતંત્રતાનું ધ્યેય રાખનારાં રાજદ્વારી મંડળો ઉપર કશું બંધન ન રાખતાં આખી પરિષદ 'ડુમિનિયન સ્ટેટસ'ના ઠરાવમાં એકમત થઈ. પંડિત મોતીલાલજીનો ખાસ આગ્રહ હતો કે પોતાનો રિપોર્ટ અખંડ સ્વીકારાવો જોઈએ. અમુક ભાગ સ્વીકારાય અને અમુક ભાગ છોડી દેવામાં આવે એ તેમને માન્ય ન હતું.

ડિસેમ્બરમાં કલકત્તામાં ભરાનારી કૉંગ્રેસમાં પં૦ મોતીલાલજીનું નામ પ્રમુખ તરીકે સૂચવાયું હતું, પણ તેઓ આનાકાની કરતા હતા. બારડોલીના વિજયી વીર તરીકે સરદારનું નામ છૂટથી બોલાતું હતું અને ઇન્ડિપેન્ડન્સ લીગના ઉત્સાહી અને યુવાન આગેવાન તરીકે યુવાન વર્ગ જવાહરલાલનો આગ્રહ કરતો હતો. પણ બંગાળે પં૦ મોતીલાલજી સિવાય બીજા પ્રમુખને સ્વીકારવાની ના પાડી. દેશની આગળ ભારે રાજદ્વારી મહત્ત્વના પ્રશ્નો આ કૉંગ્રેસમાં આવવાના હતા તેનો નિકાલ પં૦ મોતીલાલજી જેવા અનુભવી મુત્સદ્દી જ કરી શકે એમ તેને લાગતું હતું. છેવટે બધા સંજોગોનો વિચાર કરી પં૦ મોતીલાલજીએ પ્રમુખપદનો સ્વીકાર કર્યો. જોકે પોતાના જ પ્રિય પુત્ર 'ડુમિનિયન સ્ટેટસ'ની તેમની યોજનાને પસંદ કરતા નહોતા અને બહુ મોટો યુવાન વર્ગ તેનો વિરોધ કરશે એવી આગાહી તો એમને હતી જ. આ બધા રાજકારણમાં ગાંધીજી રસ નહોતા લેતા છતાં પં૦ મોતીલાલજીને એમના ઉપર ભારે શ્રદ્ધા હતી અને ગાંધીજી પણ મોતીલાલજી ઉપર ફિદા હતા. મોતીલાલજીએ ગાંધીજીને

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



આગ્રહપૂર્વક લખ્યું : ‘મને પ્રમુખની ખુરશીમાં બેસાડીને, મારા માથા ઉપર કાંટાનો મુગટ પહેરાવીને, મારું સંકટ દૂર બેઠા બેઠા જોશો મા.’ ગાંધીજી નેહરુ રિપોર્ટને એ વર્ષનું એક મોટું કાર્ય ગણતા હતા, ખાસ કરીને એટલા માટે કે દેશનો એકેએક પક્ષ એના ઉપર એકત્ર થયો હતો. આ ઉપરાંત મિત્રધર્મ તો હતો જ. એટલે તેમણે પંડિતજીને લખી દીધું : ‘તમે કહેશો તે દિવસે સેવામાં હાજર થઈશ અને તમે કહેશો તે દિવસે રજા લઈશ.’ તેની જ સાથે તેમણે મન સાથે નિશ્ચય કરી લીધો કે નેહરુ રિપોર્ટ એક અખંડ અને અખંડ્ય માગણી તરીકે દેશ તરફથી સરકાર આગળ રજૂ કરવામાં આવે અને સરકાર ચોક્કસ ઠરાવેલી મુદતની અંદર તેનો સ્વીકાર ન કરે તો એ અસ્વીકારનો ઉચિત જવાબ વાળવો જોઈએ. જવાહરલાલજી, શ્રી શ્રીનિવાસ આયંગર, સુભાષબાબુ અને દેશનો જુવાન વર્ગ તો સંપૂર્ણ સ્વાતંત્ર્યની જ ધૂનમાં હતો. ગાંધીજીએ બધાને ખૂબ સમજાવ્યા અને એમને ગમશે એમ ધારીને કૉંગ્રેસ પાસે એવો ઠરાવ કરાવવાનું સૂચવ્યું કે નેહરુ રિપોર્ટ એ સમસ્ત દેશની માગણી હોઈ તેને આ કાંગ્રેસ વધાવી લે છે અને એ માગણી મેળવવાને તે તત્પર છે એમ વાઈસરૉયને જાહેર કરે છે; વાઈસરૉયને એ માગણી સ્વીકારી લેવા બે વર્ષની મુદત આપવી, એટલામાં તે કાંઈ ન કરે તો દેશે અહિંસાત્મક એવો સંપૂર્ણ અસહકાર જાહેર કરવો અને જોઈએ તો સંપૂર્ણ સ્વાતંત્ર્ય પણ જાહેર કરવું. પણ જવાહરલાલજીને તો સ્વાતંત્ર્ય માટે એ મિનિટ પણ થોભવું અશક્ય લાગતું હતું, ત્યાં બે વર્ષ તેઓ શેના જ સ્વીકારે ? ગાંધીજીની દલીલ એ હતી કે આપણે સ્વાતંત્ર્ય તો લેવું જ છે, પણ તે લેવાને માટે કામ પણ કરવું છે ના ? કામ જ મોટી વાત છે. જવાહરલાલજીનો જવાબ એ હતો કે એ હું સમજું છું. આપના જેવાને મારે કશું કહેવાનું નથી. પણ લોકોનું માનસ ઘડવા માટે ધ્યેય બહુ મહત્ત્વની વસ્તુ છે. વળી ‘સંપૂર્ણ સ્વાતંત્ર્ય’ પક્ષને એ પણ ખૂંચતું હતું કે સ્વાતંત્ર્યના યુદ્ધે ચઢનારા આપણે વાઈસરૉય પાસે કશી માગણી લઈને કેમ જઈ શકીએ ? વાત એટલી કસ પર ચઢી કે કૉંગ્રેસમાં ભાગલા પડી જવાનો ભય ઊભો થયો. તે ટાળવાની ખાતર પોતાને નહોતું ગમતું છતાં ગાંધીજીએ પોતાના ઠરાવમાં વાઈસરૉયને માગણીવાળો ભાગ કાઢી નાખ્યો અને મુદત માટે બેને બદલે એક વર્ષ કર્યું. ‘સંપૂર્ણ સ્વાતંત્ર્ય’-વાળા તત્કાળ તો રીઝ્યા અને મસલત સમિતિમાં શ્રી શ્રીનિવાસ આયંગરે જ ગાંધીજીના ઠરાવને ટેકો આપ્યો અને તે ભારે બહુમતીથી પસાર થયો. પણ બીજે દિવસે કાંગ્રેસના અધિવેશન પહેલાં જ ખબર પડી કે આ સમાધાનથી ‘સંપૂર્ણ સ્વાતંત્ર્ય’વાળા કોઈને સંતોષ થયો ન હતો. શ્રી શ્રીનિવાસ આયંગરને લાગ્યું કે આ સમાધાન સ્વીકારવામાં પોતે મોટી ભૂલ કરી છે, સુભાષબાબુએ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



સમાધાન સ્વીકાર્યું હતું પણ દિલની શ્રદ્ધા વિના. એટલે મસલત સમિતિમાં કબૂલ રાખેલા ઠરાવ ઉપરની શાહી સુકાય તે પહેલાં જ સુભાષબાબુએ ઠરાવને અવમાન્ય કર્યો અને પ્રમુખને નોટિસ આપી કે કૉંગ્રેસમાં પોતે ઠરાવનો વિરોધ કરશે. 'સંપૂર્ણ સ્વાતંત્ર્ય'ની મોટી મોટી વાતો કરનારાઓની આવી ચંચળ વૃત્તિ જોઈ ગાંધીજીને ભારે દુઃખ થયું. સ્વાતંત્ર્યવાદીઓએ સમાધાનીને ફગાવી દીધા પછી ગાંધીજી પોતાના મૂળ ઠરાવ ઉપર જઈ શકતા હતા. પણ સમાધાનમાં નક્કી થયા પ્રમાણેનો જ પોતાનો ઠરાવ તેમણે કૉંગ્રેસમાં રજૂ કર્યો :

"સર્વપક્ષી સમિતિના રિપોર્ટમાં જે બંધારણ સૂચવ્યું છે તેનો પૂરો વિચાર કર્યા પછી આ કૉંગ્રેસ તે બંધારણને હિંદુસ્તાનના રાજકીય અને કોમી પ્રશ્નોના નિવારણના એક મોટા ઉપાય તરીકે વધાવી લે છે. એ ભલામણો લગભગ એકમતે થઈ છે તે માટે નેહરુ કમિટીને કૉંગ્રેસ ધન્યવાદ આપે છે; અને મદ્રાસ કૉંગ્રેસનો સ્વાતંત્ર્યનો ઠરાવ કાયમ રાખતાં છતાં એ બંધારણને દેશની રાજકીય ઉન્નતિમાં એક મહત્ત્વનું પગલું ગણે છે, કારણ એની ઉપર દેશના સર્વે મહત્ત્વના પક્ષોનું વધારેમાં વધારે ઐક્ય મેળવી શકાયું છે.

"દેશમાં કાંઈ અણધાર્યા સંજોગો ઉત્પન્ન ન થાય અને આ બંધારણને બ્રિટિશ પાર્લમેન્ટ ૩૧મી ડિસેંબર ૧૯૨૯ સુધીમાં પૂરેપૂરું સ્વીકારે તો કૉંગ્રેસ તેની ઉપર કાયમ રહેશે; પણ જો તે ન સ્વીકારે તો કૉંગ્રેસ અહિંસાત્મક અસહકાર જાહેર કરશે અને સરકારને કર ન આપવાની અને એવી જ બીજી ભલામણો દેશને કરશે.

"આ ઠરાવને બાધ ન આવે એવી રીતે કૉંગ્રેસને નામે સ્વાતંત્ર્યના ધ્યેયનો પ્રચાર કરવામાં કશો વાંધો નથી."

સુભાષબાબુએ બ્રિટિશ સંબંધ તોડ્યા વિના ન જ ચાલે એ મતલબનો સુધારો આ ઠરાવ ઉપર રજૂ કર્યો અને પંડિત જવાહરલાલે તેને ટેકો આપ્યો. ગાંધીજીની હૃદયવ્યથાનો પાર નહોતો. ઠરાવ ઉપર બન્ને પક્ષનાં ભાષણો થઈ ગયા પછી પોતાના છેવટના ભાષણમાં ગાંધીજીએ અતિશય દર્દભરી વાણીમાં જે શબ્દો કહ્યા તે કાયમને માટે હૃદયમાં કોતરી રાખવા જેવા છે. પહેલાં હિંદીમાં કહ્યું :

"આ નેહરુ રિપોર્ટ આપણા નેતાઓની કૃતિ છે, મદ્રાસ કૉંગ્રેસમાંથી એની ઉત્પત્તિ છે, એમાં સરકારનો જરા પણ હાથ નથી અને એનું નામ ગમે તે હોય પણ તેમાં આઝાદીનો પટ્ટો છે — આજને માટે તો છે જ, કાલને માટે છે કે નહીં તે નથી જાણતો. પણ અત્યારે તમારી આગળ તો મારે આબરૂ અને સ્વમાનની વાત કરવી છે. કોઈ પણ દેશ પોતાની આબરૂ, પ્રતિજ્ઞા, સત્ય છોડે તો તે સ્વાતંત્ર્ય — 'ઇન્ડિપેન્ડન્સ' માટે લાયક નથી રહેતો. મને મહા દર્દ એ છે કે કાલે તમે જે સમાધાનીનો ઠરાવ સ્વીકાર્યો હતો તે આજે છોડી દો છો. મારા દિલનો ઠરાવ તો બીજો હતો, પણ તમને

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

નવજુવાનોને રાજી રાખવા માટે ક્યાં સુધી જવું તેનો વિચાર કરી મેં સમાધાનીનો ઠરાવ સ્વીકાર્યો. ભાઈ સુભાષ બોઝે કહ્યું કે ડુમિનિયન સ્ટેટસનો ઠરાવ કરીને આ બુઢ્ઢાઓ આપણો ઝંડો નીચે પાડવા ભેગા થયા છે. જો તમને એમ લાગતું હોય તો તમે પ્રમુખને દૂર શા સારુ નથી કરતા ? બીજા પ્રમુખ શોધો, જે તમારો ઝંડો ઊંચો રાખે. હું તમારો ઝંડો નીચે પાડતો હોઉં તો મારી ઉપર થૂંકો. હું બુઢ્ઢો થયો છું, મારા દાંત પડી ગયા છે. પણ ૧૯૨૦માં સોનાનો હતો તે હવે પિત્તળનો થઈ ગયો છું એમ તમે માનતા હો તો મને લાત મારીને કાઢી મૂકો. પણ આ તો આબરૂનો સવાલ છે. અંગ્રેજીમાં જેને ‘ઓનર’ કહે છે તેનો સવાલ છે. તમે પૂર્ણ સ્વાતંત્ર્યની વાત કરો છો અને ઘડી પહેલાં આપેલું વચન તોડો છો એ કેમ સાંખી શકાય?”

પછી બંગાળી નવજવાનોને ચેતવણી આપતાં અંગ્રેજીમાં કહ્યું :

“તમે સમજતા હશો કે આ વાણિયો તમારી લાગણીઓ સમજી શકતો નથી, તો એ ભૂલ છે. તમે સમાધાન કર્યું તે ખોટું કર્યું એમ લાગતું હોય, તેમાં કાંઈ પાપ થઈ ગયું એમ લાગતું હોય તો તમારે તેનું પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ. એ પ્રાયશ્ચિત્ત ઠરાવમાં સુધારો મૂકવાથી ન થાય. તમારાથી માત્ર વિચારની ભૂલ થઈ હોય એમ તમને લાગે તો તમને એ શોભે કે એ ભૂલને વળગી રહો, પણ તમારી આબરૂને ન ડુબાવો. મને તમે હરાવો એ મને બહુ ગમે છે, પણ તમારી આબરૂ, તમારી વિવેકબુદ્ધિ હણાય તેથી મારા હૃદયમાં ખંજર ભોંકાય છે. તમને ગુલામી અસહ્ય થઈ પડી છે, તેમ મને પણ અસહ્ય છે. પણ કલુષિત વાતાવરણ, કુસંપ, વિવેકની શૂન્યતા, કાર્યદક્ષતાની શૂન્યતા એ મને વધારે અસહ્ય છે, તમને પણ વધારે અસહ્ય હોવાં જોઈએ. જો તમે શુદ્ધિ કરો, નિયમપાલન શીખો, આખો રચનાત્મક કાર્યક્રમ પાર પાડો તો સ્વરાજ્ય તો હસ્તામલકવત્ છે.”

ઠરાવો ઉપર મતોની ગણતરી કરતાં મધરાત થઈ ગઈ. ૧૩૦૦ વિ૦ ૯૦૦ મતે ગાંધીજીનો ઠરાવ પસાર થયો. મતગણતરી બરાબર થાય છે કે નહીં એ જોવાની જવાબદારી કૉંગ્રેસના સેક્રેટરી તરીકે જવાહરલાલજીની હતી. ગાંધીજીના પક્ષ તરફથી બહુમતી મેળવવા કશો પ્રયત્ન જ થયો ન હતો. પણ સ્વાતંત્ર્યવાદીઓએ તો પોતાના પક્ષમાં મતો ખેંચી જવા ભારે ધાંધલ કર્યું. ઘડીભર તો કૉંગ્રેસનું વાતાવરણ દૂષિત થયું. કેટલાક જુવાનિયાને જ્યારે મતોની ગોલમાલ કરતા જોયા ત્યારે જવાહરલાલજી જોકે એ પક્ષના હતા છતાં તેની સામે એમનો પુણ્યપ્રકોપ સળગી ઊઠ્યો અને ગેરરીતો અટકાવવા તેમણે તનતોડ પ્રયત્નો કર્યા. રાજાજી, સરદાર વગેરે સાથીઓ ગાંધીજીને એ ઠરાવ રજૂ કરવા પહેલેથી ના જ પાડતા હતા. તેમનું કહેવું એ હતું કે ઠરાવને બહુમતી મળશે તોપણ એક મોટા પક્ષને એ પસંદ ન હોઈ, કશું કામ નહીં થઈ શકે. પણ ગાંધીજીને તો એક અગ્રગણ્ય પક્ષ ફરી જાય એ વસ્તુ જ અસહ્ય હતી

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



એટલે ઠરાવ કરતાં પણ આબરૂ અને વિવેકના મુદ્દાને જ મહત્ત્વ આપી તેમણે ઠરાવ રજૂ કર્યો અને દેશને એક વર્ષ પછી સ્વાતંત્ર્યની લડતમાં દોર્યો.

આ કૉંગ્રેસની વઢવાડો અને તકરારોમાં એક રમૂજી પ્રસંગ નોંધવા જેવો બન્યો. બારડોલીના સત્યાગ્રહીઓને ધન્યવાદ આપનારો ઠરાવ પ્રમુખ તરફથી જ રજૂ થયો, કારણ તેમાં કોઈના મતભેદનો પ્રશ્ન જ નહોતો. પ્રમુખે ઠરાવ વાંચી સંભળાવ્યો એટલે હજારો પ્રતિનિધિઓ અને પ્રેક્ષકોએ સરદારનાં દર્શનની માગણી કરી. સરદાર બહુ સંકોચ સાથે પોતાને સ્થાને ઊભા થયા. પણ એટલાથી લોકોને સંતોષ ન થયો અને સરદારને વ્યાખ્યાન મંચ પર લાવવામાં આવે એવો તેમણે આગ્રહ ધર્યો. સરદાર ત્યાં જતા નહોતા એટલે છેવટે તેમને ઘસડીને ત્યાં લઈ જઈ ઊભા કરવામાં આવ્યા. અનેક ક્ષણો સુધી તેમના અભિનંદનના અને વિજયના ધ્વનિથી મંડપ ગાજી રહ્યો. સરદારે નીચેનાં બે હિંદી વાક્યોમાં સભાનો આભાર માન્યો :

"બારડોલીકે કિસાનોંકો આપને ધન્યવાદ દિયા ઇસ લિયે મૈં આપકા બહુત આભાર માનતા હૂં. અગર આપ ઉનકા સચ્ચા ધન્યવાદ કરતે હો તો મૈં ઉમ્મિદ કરતા હૂં કિ આપ બારડોલીકા અનુકરણ કરેંગે."

પણ વધારે રમૂજ તો મસલત સમિતિની બેઠકમાં થઈ હતી. સરદારને ધન્યવાદ આપનારો જે ઠરાવ ત્યાં રજૂ કરવામાં આવ્યો તેમાં 'સરદાર વલ્લભભાઈ' એ શબ્દો હતા. સ્વાતંત્ર્યવાદીઓ સામ્યવાદના સિદ્ધાંતમાં માનનારા હોઈ કોઈ પણ જાતના ઇલકાબ તો ન જ સ્વીકારે પણ લોકોએ નવાજેલાં માનવાચક નામો પણ તેમને મંજૂર નહોતાં એટલે તેમણે એવો આગ્રહ કર્યો કે ઠરાવમાં 'સરદાર વલ્લભભાઈ'ને બદલે 'શ્રી વલ્લભભાઈ' લખવામાં આવે. સરદાર તે વખતે મસલત સમિતિમાં હાજર નહોતા નહીં તો પોતે જ આ સુધારાને ટેકો આપત. જ્યારે આ સુધારાના ખુશખબર તેમને આપવામાં આવ્યા ત્યારે હર્ષથી તેઓ બોલ્યા : 'સારું થયું, કૉંગ્રેસે મારી સરદારી છીનવી લીધી!'

આમ '૨૮ની કૉંગ્રેસમાં '૩૦ની લડતનો પાયો નંખાયો. નેહરુ યોજનાને ઉડાવી દઈ પૂર્ણ સ્વાતંત્ર્યના ઠરાવનો જ આગ્રહ કરનારાને પોતાના ઠરાવની જવાબદારીનો ખ્યાલ કેટલો હશે તે કહેવું કઠણ છે. કારણ સ્વાતંત્ર્યનો ઠરાવ તો કૉંગ્રેસમાં પહેલાં અનેક વાર આવી ચૂક્યો હતો અને '૨૭ની મદ્રાસની કૉંગ્રેસમાં પસાર પણ થયો હતો. પણ એ ઠરાવ પસાર કરનારાઓએ તેના અમલ માટે ગંભીરપણે કશી યોજના કે કાર્ય કર્યું ન હતું, જ્યારે આ ઠરાવમાં તો '૨૯ના ડિસેમ્બરની ૩૧મી પહેલાં નેહરુ યોજના પ્રમાણેનું બંધારણ ન મળે તો સીધી લડત આપવાની પ્રતિજ્ઞા હતી. એટલે ગાંધીજી, સરદાર વગેરે એ તૈયારીમાં મચી પડ્યા.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

## ૨૯

# ૧૯૨૯નું તૈયારીનું વર્ષ

બારડોલીમાં સત્યાગ્રહની લડત ચાલતી હતી ત્યારે જ સુરત જિલ્લામાં અને તેની આસપાસનાં દેશી રાજ્યોના પ્રદેશમાં મદ્યપાનનિષેધની પ્રવૃત્તિ ચલાવવા માટે એક મંડળ સ્થાપવામાં આવ્યું હતું. સરદાર એના પ્રમુખ હતા અને શ્રી મીઠુબહેન પીટીટ એનાં મંત્રી હતાં.

બારડોલીની લડત વખતે બહેનોમાં તેઓ ફરતાં ત્યારે જ તેઓ જોઈ ગયાં હતાં કે, સુરત જિલ્લા જેવી દારૂતાડીની બદી દેશમાં બીજે નહીં હોય. દારૂનાં પીઠાંના ઘણા માલિકો પારસી ભાઈઓ છે એ પણ એમણે જોયું. તેથી તેમણે આખા સુરત જિલ્લામાં મદ્યપાનનિષેધનું કાર્ય કરવાનો નિશ્ચય કર્યો. તેમના સાહસથી જ આ મંડળ સ્થપાયું હતું.

લડત દરમ્યાન મદ્યપાનનિષેધનું ઘણું કામ થયું અને લડત પૂરી થયા પછી તો જિલ્લાના સઘળા કાર્યકર્તાઓ મુખ્યત્વે આ કામમાં જ રોકાયા. જિલ્લાની રાનીપરજ કોમમાં તથા કોળી કોમમાં આ પ્રવૃત્તિને લીધે નવું જીવન આવ્યું. જેમ જેમ દારૂનિષેધની પ્રવૃત્તિ વધતી ગઈ તેમ તેમ પારસી ખાતેદારો રાનીપરજ લોકો પાસે વેઠ અને સસ્તી મજૂરી કરાવતા તેની સામે પણ વિરોધ થવા માંડ્યો. પારસી ખાતેદારો અકળાવા માંડ્યા અને દારૂનિષેધનું કામ કરનારા રાનીપરજ કાર્યકર્તાઓ ઉપર તેમણે હુમલા કરવા માંડ્યા. સરદાર અવારનવાર રાનીપરજની સભાઓમાં જતા પણ આ મારામારીઓનું સાંભળ્યા પછી એ રાંક પ્રજામાં બળ ઉત્પન્ન કરવા માટે તેમણે એમના પ્રદેશમાં વધારે ફરવા માંડ્યું. વડોદરા રાજ્યના કેટલાક અમલદારો દારૂનિષેધ પ્રવૃત્તિની વિરુદ્ધ વલણ રાખી દારૂવાળા પારસીઓને મદદ કરતા તે જોઈ વડોદરા રાજ્યને તેમણે ચેતવણી આપી :

> “તમારા રાજ્યની સાથે મારે લડાઈ નથી. મારું લડાઈનું ક્ષેત્ર જુદું જ છે. અંગ્રેજ સરકારની સાથે લડતો હું ક્યારે પરવારીશ એ જ મને ખબર નથી. બ્રિટિશ રાજ્યમાં થયેલી જાગૃતિની અસર વડોદરા ઉપર થયા વિના રહેવાની નથી. એટલે તમે નાહકના લોકને છંછેડ્યા વિના રહેમથી કામ લેવાનું કરો, અમલદારોને દારૂવાળાઓ સાથે સંતલસમાં કામ કરતા અટકાવો અને દારૂવાળાઓ સાથે અમને અમારો હિસાબ કરી લેવા દો.”

રાનીપરજની રાંકડી પ્રજાને સરદારે સલાહ આપી કે દારૂવાળાઓ માર મારે અથવા બીજો ત્રાસ ગુજારે તો તેમનાથી ન ડરતાં સામા થજો અને તેમને



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



સામા મારીને પણ આત્મરક્ષણ કરજો. દારૂવાળા કે બીજા ઉજળિયાત ખાતેદારની સામે ન જ થવાય; તે મારે, ગાળ દે અથવા વહુ દીકરીની લાજ લે તોપણ જોયાં કરવું; એ જાતની બીક જે કોમમાં અનેક વર્ષો થયાં ઘર કરી બેઠેલી હતી તે કોમને આવી સલાહ આપવાનું સરદારને વ્યવહારુ લાગ્યું. એ કોમમાં જ્યારે પોતાના બળનું ભાન થશે ત્યારે તેમને અહિંસાનું શિક્ષણ આપવાનો વખત આવશે; ત્યાં સુધી તેમને બહાદુર બનવાનો, શરીર અને લાજઆબરૂની ઉપર હુમલો થયે તેનો સીધો પ્રતિકાર કરવાનો ઉપદેશ આપવો એ જ સરદારને યોગ્ય લાગ્યું.

એપ્રિલ માસમાં ઉનાઈ ગામ જ્યાં ઊકળતા પાણીના કુંડ છે અને જે યાત્રાનું સ્થળ ગણાય છે ત્યાં એક મોટી રાનીપરજ પરિષદ થઈ. તેમાં ભાષણ આપતાં દેશી રાજ્યોની આબકારી નીતિ વિષે સરદારે કહ્યું:

"અહીં વડોદરા અને વાંસદા રાજ્યની હદ ભેગી થાય છે. વડોદરાના રાજ્યમહેલથી માંડીને તે ગરીબની ઝૂંપડી સુધી દારૂએ સત્યાનાશ વાળ્યું છે. ગરીબ લોકોને વ્યસની બનાવી તેમના વ્યસનીપણા દ્વારા રાજ્યની ઊપજ વધારવાની નીતિ જે રાજ્યની હોય તે રાજ્યમાં અને તેના રાજકુટુંબમાં સુખ અને શાન્તિ શી રીતે હોઈ શકે? વાંસદાના રાજા બહુ ભલા છે એમ સાંભળું છું. પણ દારૂની ઊપજ ઓછી થાય ત્યારે એમની શ્રદ્ધા ઢીલી થઈ જાય છે. મહુડાં એમનો ઈશ્વર છે. બીજો કોઈ ઈશ્વર છે એવી એમને શંકા થવા લાગે છે. જે રાજ્યોને ઈશ્વર ઉપર વિશ્વાસ નથી, રૈયત દારૂતાડી છોડી દેશે તો મહેસૂલનું શું થશે એવી ફિકર જે રાજ્યને થાય છે એ રાજ્યની મને દયા આવે છે."

પછી રાજ્યોને ચેતવણી આપી:

"આ રાજ્યો આપણી દારૂનિષેધ પ્રવૃત્તિથી ડરે છે. એ કેમ ડરે છે તે હું સમજતો નથી. એ રાજ્યોની સાથે લડાઈ કરવી એ હું મારે માટે નાનમ માનું છું. વાંસદાના અંગૂઠા જેવડા રાજ્યને તો એક અમારું ધારાળું બહારવટું કરીને વશ કરે. તેની સાથે લડવામાં હું મારી શક્તિ શેનો ખર્ચું? મારું કામ તો બ્રિટિશ સામ્રાજ્ય સાથે લડવાનું છે. મેં મારું ક્ષેત્ર નક્કી કરી રાખેલું છે. પણ રાજ્યો યાદ રાખે કે તેમના અમલદારો પ્રજાને ત્રાસ આપશે તો તે હું એક ઘડીભર પણ સાંખી લેવાનો નથી."

પારસી કોમનો અહીં બહિષ્કાર થાય છે એવા ખોટા ગપગોળાથી મુંબઈના પારસીઓ અકળાઈ ઊઠ્યા હતા. સભામાં ઘણાં પારસી ભાઈબહેનો હાજર હતાં, તેમને ઉદ્દેશીને સરદારે કહ્યું:

"હું મુંબઈના પારસીઓને ખાતરી આપું છું કે અહીંનાં જંગલમાં વસતો એક પણ પારસી સીધી રીતે ચાલતો હશે તો તેના ઉપર બહિષ્કાર

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

કે બીજા કોઈ પણ પ્રકારનો ત્રાસ થતો અટકાવવાની જોખમદારી લેવાને હું તૈયાર છું. મુંબઈનાં છાપાંમાં જે ફરિયાદો આવે છે તેમાં કશું વજૂદ નથી. મારે દુઃખ સાથે જણાવવું જોઈએ કે જે લોકો ફરિયાદ કરે છે તેઓ પારસી નથી, પણ પારસી કોમને નામોશી લગાડનારા છે. તેમનાં કૃત્યોની કેટલીક વસ્તુઓ મારી જાણમાં છે તે હું જાહેર કરવા માગતો નથી. જ્યાં સુધી આ પ્રવૃત્તિમાં પારસી કોમનાં રત્ન જેવાં મીઠુબહેન અને બીજા પારસી ભાઈઓ જોડાયેલા છે ત્યાં સુધી આવાં ખોટાં બુમરાણોથી હું ડરતો નથી. . . . પીઠાંવાળા પારસીઓની સતામણી તો કોરે રહી, પણ પીઠાંવાળાઓ દારૂનિષેધની પ્રવૃત્તિ કરનારને અનેક રીતે સતાવે છે એ હું જાણું છું. મારે જાહેર કરવું જોઈએ કે બારડોલી સત્યાગ્રહ પછી આજ સુધીમાં કોઈ પણ પારસીનો બહિષ્કાર થયો જ નથી. કોઈ ને ત્યાં માણસો મજૂરીએ જવાની આનાકાની કરતા હશે, પણ એવા ખાતેદારો પોતાના મજૂરો પ્રત્યે લાયક વર્તન નહીં રાખતા હોય. પાક પરવરદિગાર પારસી કોમને સદ્બુદ્ધિ આપે અને તેમને આ ધંધામાંથી છોડવે એવી હું પ્રાર્થના કરું છું.”

બારડોલી સત્યાગ્રહના વિજય પછી જમીનમહેસૂલની તપાસ કમિટીનું કામ ચાલતું હતું તે વખતે તા. ૩૧મી જાન્યુઆરીએ ગુજરાતમાં સખ્ત હિમ પડ્યું હતું. કેટલીક જગાએ મોટાં ઝાડ પણ એ હિમથી બળી ગયેલાં તેથી એને ખેડૂતોએ લકડિયું હિમ કહેલું. ખેડૂતોને આશ્વાસન આપવા અને સરકારને જમીનમહેસૂલ મુલતવી રાખવાનો આગ્રહ કરવા સરદારે ‘નવજીવન’માં ‘ગેબી માર’ એ નામનો લેખ લખ્યો:

“ગયે વર્ષે ગુજરાતે કદી નહીં જોયેલો એવો જળપ્રલય જોયો, આ વર્ષે કદી નહીં જોયેલી એવી ઠંડી જોઈ. આખા ગુજરાતમાં ચોમેરથી ખેડૂતો બૂમ પાડે છે. સોના જેવો લાખો રૂપિયાનો કપાસ અને તમાકુનો પાક સદંતર બળીને ખાખ થઈ ગયો. શાકભાજી અને ફળઝાડ પણ બળી ગયાં. બાવળ જેવા કઠણ ઝાડ પણ બળી ગયાં ત્યાં ખેતીવાડીનું પૂછવું જ શું? કોઈ કોઈ જગ્યોએથી માણસો અને ઢોર ઠરીને શબવત્ થઈ ગયાના ખબર આવ્યા છે.

“ખેડૂતો આ વખતના ગેબી મારથી મૂઢ બની ગયા છે. રેલસંકટના કરતાં આ વખતનું દુઃખ તેમને કારમું લાગ્યું છે. કારણ કે પૂરેપૂરી મહેનત અને ખર્ચ કર્યા પછી છેક તૈયાર થયેલો પાક એક જ રાતમાં નાશ થઈ ગયો અને મોંમાં આવેલો કોળિયો દૈવે ઝડપી લીધો!

“આ વખતે મહેસૂલ લેવાનો વિચાર કરવો એ ખેડૂતના લોહીનું છેલ્લું ટીપું ચૂસવા સમાન થઈ પડવાનું છે. મારી ઉમેદ છે કે સરકાર આ વખતે ગુજરાતના ખેડૂતોની સાથે ઉદારતાથી કામ લેશે.

“ગુજરાતના ખેડૂતોને મારી સલાહ છે કે ગમે તેવી આફતમાં પણ હિંમત હારવી નહીં. ઈશ્વરને આપણી વધુ કસોટી કરવી હશે એમ માની સાવધ થઈ કોઈ પણ પ્રકારે આવતી મોસમ ભેગા થઈ જવાનો પ્રયત્ન કરવો.”

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



આ ચેતવણી છતાં અમલદારોએ તો એમની રીત પ્રમાણે, મહેસૂલ વસૂલ કરી શકાય એવા આનાવારીના આંકડા તૈયાર કરવા માંડ્યા. હિમના માર ઉપરાંત અમદાવાદ અને ખેડા જિલ્લાના કેટલાક ભાગમાં તીડ પડ્યાં હતાં અને તેથી પણ નુકસાન થયું હતું. ખેડાના કલેક્ટર સાથે સરદારે પત્રવ્યવહાર કર્યો તેમાં કલેક્ટરે કબૂલ કર્યું કે, 'લોકોને બહુ નુકસાન થયું છે અને પૂરતી રાહત આપવા હું મારાથી બનતું બધું કરીશ. મામલતદારો તરફથી આનાવારીઓની હું રાહ જોઉં છું.' અમદાવાદ જિલ્લામાં દક્ષિણ દસક્રોઈ અને ધોળકા તાલુકામાં પરિસ્થિતિ વધુ વિકટ હતી. છેવટે સરકારની રાહત બહાર પડી. પણ તે પૂરતી નહોતી. મિ. મૅક્સવેલ જે બારડોલીની તપાસ સમિતિમાં હતા તેઓ તે વખતે મુંબઈ સરકારના રેવન્યુ મેમ્બર હતા. તેમને સરદારે લખ્યું અને ખાસ કરીને માતર તથા મહેમદાવાદ તાલુકામાં પૂરતી રાહત આપી ખેડૂતોને ઊભા રાખવાની તેમની મારફત ગવર્નરને વિનંતી કરી. પૂરેપૂરી મહેસૂલમુલતવી માટેનો ચોખ્ખો કેસ હતો પણ મોટી લડત નજીકમાં જ આવતી હતી તે વખતે આવી નાની લડતમાં પડવાથી લોકોનું ધ્યાન મુખ્ય વાત ઉપરથી ખસી જાય એમ સરદારને લાગતું હતું. એટલે પત્રવ્યવહાર દ્વારા સરકાર પર દબાણ કરીને સરકાર પાસેથી બની તેટલી વધુ રાહત ખેડૂતોને અપાવરાવી.

માર્ચની આખર તારીખોમાં પાંચમી કાઠિયાવાડ રાજકીય પરિષદ મોરબીમાં ભરાઈ. સરદારની પરિષદના પ્રમુખ તરીકે વરણી થઈ. પરિષદના સંબંધમાં સાધારણ રીતે એવી પરિપાટી નક્કી થઈ હતી કે પરિષદ જે રાજ્યમાં ભરાય તે રાજ્યની લેખી નહીં તો ગર્ભિત પરવાનગીથી પરિષદ ભરાય. એમ છતાં એ જ પરિષદને ટાણે અને એ જ પરિષદને સ્થાને યુવકોએ રાજ્યની પરવાનગી વિના યુવક પરિષદ ભરવાનું નક્કી કર્યું હતું. પરિષદના સંચાલકોનો ખૂબ જ આગ્રહ હતો કે ગાંધીજીએ તો પરિષદમાં હાજરી આપવી જ. તેઓની ગેરહાજરીમાં પરિષદ ભરવાની તેમની હિંમત નહોતી ચાલતી. એનું કારણ કદાચ યુવકોની આ ધમાલ પણ હોય. ગાંધીજીએ મોરબીમાં યુવકોના આગેવાનો સાથે ખૂબ વાતો કરી. કોઈ પણ રાજ્યની પરવાનગી લેવાની જરૂર ન હોવી જોઈએ, ગાંધીજીને કે સરદારને પૂછવાની પણ આવશ્યકતા ન હોવી જોઈએ, રાજ્યોની અંગત ટીકા ન કરવા વિષે લેખી ખુલાસો આપવાની પણ જરૂર ન હોવી જોઈએ, એ દલીલ યુવકોના આગેવાનોની હતી. ગાંધીજીએ તેમને સમજાવતાં જણાવ્યું કે, 'યુવકો ખીલે, બળવો કરવાની શક્તિ મેળવે એ મને પ્રિય લાગે છે. તેમનાં ઉપર જણાવેલાં બધાં વિધાન મને માન્ય છે. પણ ભૂમિતિનું એક પદ છોડી દેવાય તો આખો સિદ્ધાન્ત જેમ તૂટી પડે, તેમ આ વિધાન કરનાર એક મુખ્ય પદ વીસરી જાય છે એટલે આ બધાં વિધાન અસ્થાને ઠરે છે. એ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

મુખ્ય પદ એ છે કે યુવકો પોતાની પરિષદ કાઠિયાવાડ રાજકીય પરિષદના દિવસોમાં અને એને મુકામે ભરવા ઇચ્છે છે. તમારી પરિષદ તમે જૂનાગઢમાં ભરો કે ગોંડલમાં ભરો તો મારે કે સરદારે વચમાં પડવાપણું ન હોય. અહીં પણ તમે મહિના માસ પછી તમારી પરિષદ ભરી શકો છો. પણ આજે રાજકીય પરિષદ અહીં ભરાય છે તેનો લાભ લેવા ઇચ્છો છો અને છતાં તેની મર્યાદાઓ સ્વીકારવા તૈયાર નથી એ અનુચિત છે. બ્રિટિશ રાજ્યમાં અને અહીં સ્થિતિ જુદી છે. આ રાજાઓ પોતે પરાધીન છે, ડરકણ છે. તેમની મર્યાદાઓ આપણે સમજવી જોઈએ. જો પરિષદ ભરવાનો મોહ રાખવો જ હોય તો તેમની પરવાનગી લેવાની શરત પણ કબૂલ રાખવી જોઈએ. આ રાજાઓ ગમે તેવા હશે પણ તે દેશી રાજાઓ છે, આપણામાંના જ છે. તેમને કોઈ કાળે સુધારી શકીશું એ વિશ્વાસ રહ્યાં જ કરે છે.' આમ વાત દોઢેક કલાક ચાલી. પરિણામે એમ ઠર્યું કે ગાંધીજીની ઇચ્છા પડે તેવી રીતે અને તેવા રૂપમાં તેમણે મહારાજા સાહેબ સાથે યુવક પરિષદની વાત કરી લેવી અને તે કાઠિયાવાડ રાજકીય પરિષદના અંગ તરીકે ભરવી. પણ કોઈક કારણથી આ વાત ફરી ગઈ અને યુવકો રાત્રે સ્ટેશને કૂચ કરી મોરબી છોડી ગયા. સરદારનું ઉપસંહારનું ભાષણ વિશેષે આ સંજોગોને ઉપલક્ષીને થયું.

સરદારે પરિષદના પ્રમુખ તરીકે જે લેખી ભાષણ કર્યું તે સુંદર તો હતું જ પણ પરિષદને અંતે ઉપસંહારમાં જે ભાષણ કર્યું તે એને ટપી જાય એવું હતું. પરિષદને પ્રજાનો પૂરેપૂરો સાથ હોવો જોઈએ એ વસ્તુ ઉપર તેમાં એમણે બહુ ભાર મૂકીને જણાવ્યું કે, પરિષદની પાછળ પ્રજા ન હોય તો બોલેલું બધું વ્યર્થ જાય. આપણે જે બોલીએ એમાં બળ હોવું જોઈએ. રાજાઓની ખાલી નિંદા કરીએ તેથી કાંઈ વળે નહીં. કેવળ નિંદાથી હાર્યો હોય એવા રાજાનો એકે દાખલો જગતમાં નથી. એથી તો રાજા નફટ થાય છે. રાજાની ઉપર અસર કરવી હોય તો એના સહવાસમાં આવવું જોઈએ, રાજ્યની સેવા કરવી જોઈએ. પણ આજે તો રાજાથી આપણે ભાગીએ છીએ. રાજાની પાસે બધી વસ્તુની આશા રાખી આપણે પોતે કશું કરતા નથી. તેથી નથી આપણે રાજાની કે નથી પ્રજાની સેવા કરવાના. આમ કહીને પોતાના ભાષણમાં કેટલાંક વચનો તેમણે એવાં કહ્યાં, જેમાં પોતાની સ્થિતિનું, પોતાની શક્તિનું અને પોતાની મર્યાદાઓનું સુંદર ચિત્ર તેમણે આપ્યું. એ ફકરા અહીં ઉતાર્યા છે :

"તમે મારી પાસે મોટી આશા રાખી છે. કારણ થોડા જ વખત ઉપર બારડોલીમાં કાંઈક વિશ્વાસ ઉપજાવે એવું કામ થયું છે. પણ મારા દિલની વાત કહું ? તમારા કાઠિયાવાડમાં તો દીવા તળે અંધારું છે. હું જો કાંઈ શીખ્યો છું, મારામાં જો કાંઈ શક્તિ છે એમ તમે માનતા હો તો જે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



વ્યક્તિ આજે કાઠિયાવાડને અને હિંદુસ્તાનને દોરે છે, તેની પાસેથી શીખ્યો છું અને તેની પાસેથી એ શક્તિ મેળવી છે. બારડોલીમાં મારી પોતાની શક્તિથી કાંઈ થયું હોય એવી માન્યતા ઊંડે ઊંડે પણ મારા મનમાં નથી અને ક્યાંય તે છુપાયેલી હોય તો પ્રભુ તે કાઢી નાખે એવી હંમેશાં તેની પાસે મારી માગણી છે. હું તો એક નિમિત્તમાત્ર હતો. આજે કાઠિયાવાડમાં જન્મેલો હોત અને કાઠિયાડમાં જ સેવા કરતો હોત તો શું કરી શક્યો હોત તે નથી કહી શકતો. મારો અને ગાંધીજીનો એવો સંબંધ થઈ ગયો છે કે એમના વિચારમાં અને મારા વિચારમાં કાંઈ ભેદ નથી હોતો, પણ વર્તનમાં તો આકાશપાતાળનો ભેદ પડ્યો છે. તેમના પગ પાસે બેસવા જેવા થવા માટે કેટલા ભવ લેવા પડશે તે પ્રભુ જાણે. પણ તેમની પાસેથી જે વસ્તુ મેળવેલી તે મેં બારડોલીના લોકો આગળ રજૂ કરી. તે વસ્તુ આજે કાઠિયાવાડના લોકોને આપી શકાય? જેને ત્રિદોષનો વ્યાધિ થયેલો હોય તેને મીઠાઈ આપી શકાય? કાઠિયાવાડને ત્રિદોષનો વ્યાધિ છે. ત્રિદોષવાળો માણસ લૂગડાં ખેંચે, લવરી કરે, તેને પોતાનું ભાન નથી હોતું. એવા માણસને મીઠાઈ આપવા જઈએ તો તેના પ્રાણ જાય. ડાહ્યો માણસ એવા રોગવાળાને માટે બીજો ઉપાય શોધે. બ્રિટિશ હિંદમાં રહેવા છતાં, જ્યાં બોલવા ઉપર અંકુશ અહીં કરતાં ઓછા છે એવા વાતાવરણમાં રહેતો હોવા છતાં તમને સાચે જ કહું છું કે જાહેરસભામાં વ્યાખ્યાન કરવાનો મને કંટાળો છે. બહુ બોલવાથી લાભ કરતાં હાનિ વધારે થાય છે. કાઠિયાવાડને આજે જરૂર ઓછું બોલવાની અને શું બોલવું તે શીખવાની છે. . . .

"તમારી પાસે જે ગુણો છે તેમાં કાંઈક વધારો કરું તો જ તમારી સેવા થાય. એટલે તમારી એબો જે દેખાતી હોય તે મારે પ્રેમભાવે વર્ણવવી જોઈએ. તમારી જીભની મીઠાશ મારામાં હોત તો તમને પ્રેમભાવે તમારી એબો કહી સંભળાવત. પણ હું તો ખેડૂત રહ્યો. એક ઘાએ બે ટુકડા કરવાની મારી જન્મની ટેવ છે. એટલે તમને કહું છું કે વિવેક અને ખુશામદમાં ભેદ પાડવાની ટેવ પાડો.

"હું વૃદ્ધ નથી, તેમ જુવાન નથી. પણ વૃદ્ધાવસ્થાના અને યુવાવસ્થાના સંગમના તટ ઉપર બેઠેલો છું. મને જુવાનોના ખેલ ખેલવાનું મન થાય છે, પણ વૃદ્ધોનો અનુભવ મને સંયમ પણ શીખવે છે. જુવાનીના ઉત્સાહમાંથી જે પ્રેરણા મેળવું છું તેની સાથે વૃદ્ધોનો અનુભવ પણ જોડવા માગું છું. વૃદ્ધોની હાંસી કરનાર બાપનો વારસો ઉડાવી દે છે. આજે બળવાની બૂમો આખા દેશમાં સાંભળું છું. પણ રાડો પાડનારાએ એ બળવો કર્યો નથી જાણ્યો. બળવો કરનારા મૂંગા રહે છે. પોતાનું જોશ પોતામાં ભરી રાખે છે અને વખત આવ્યે જ તે બહાર કાઢે છે. . . .

"મને ઘણા ગાંધીજીનો આંધળો ભક્ત કહે છે. હું ઇચ્છું છું કે સાચે જ અંધભક્ત થવાની મારામા શક્તિ હોય. પણ તે નથી. હુ તો સામાન્ય બુદ્ધિનો દાવો કરનારો છું. મારામા સમજશક્તિ પડેલી છે. મેં જગત પણ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ઠીક ઠીક જોયું છે. એટલે સમજ્યા વિના એક હાથની પોતડી પહેરીને ફરનારાની પાછળ ગાંડો થઈને ફરું એવો હું નથી. મારી પાસે ઘણાને ઠગીને ધનવાન થાઉં એવો ધંધો હતો. પણ તે છોડ્યો. કારણ હું એ માણસ પાસે શીખ્યો કે ખેડૂતનું કલ્યાણ એ ધંધો કરીને ન થાય. એ એને માર્ગે જ થાય. તેઓ હિંદુસ્તાનમાં આવ્યા ત્યારથી હું એમની સાથે છું. અને આ ભવમાં તો એમની સાથેનો સંબંધ છૂટે એમ નથી. આમ છતાં મારા કામમાંથી હું એમને દૂર રાખું છું. કારણ આપણે આપણી શક્તિ ખોઈ બેઠેલા છીએ, તે હમેશાં એમના તરફ જોઈને બેસી રહીએ તો આવવાની નથી. હમેશાં દરેક સ્થાને એમની આશા રાખીએ તો આપણું કામ કેમ ચાલે? મૈસૂરમાં તેઓ માંદા હતા ત્યારે અનેક જણે એમને તાર કરેલા કે પ્રલય-નિવારણના કામ માટે ગુજરાતમાં આવો. એમણે મને તાર કર્યો કે, 'આવું?' મેં એમને લખ્યું કે દસ વર્ષ થયાં તમે ગુજરાતને જે મંત્ર આપ્યો છે તે પચ્યો છે કે નહી તે જોવું હોય તો આવશો નહીં. બારડોલીમાં પણ મારા જેલમાં પુરાયા પછી જ એમને આવવાનું મેં કહેલું. . . .

"આપણામાં તાલીમ અને વ્યવસ્થાની ખામી છે, સિપાઈગીરીની ખામી છે. આપણને હુકમ ઉઠાવવાની ટેવ નથી પડી. આ વ્યક્તિસ્વાતંત્ર્યના જમાનામાં આપણે સ્વચ્છંદને સ્વતંત્રતા માની બેઠા છીએ. હિંદુસ્તાનનું દુ:ખ, કાઠિયાવાડનું દુ:ખ આગેવાનના અભાવનું નથી, આગેવાનો અનેક થઈ પડ્યાનું છે, સિપાઈગીરીના અભાવનું છે. કાઠિયાવાડના નવયુવકોને ઈશ્વર એ શક્તિ આપો."

અત્યાર સુધી સરદારની પ્રવૃત્તિનું ક્ષેત્ર મુખ્યત્વે ગુજરાત જ હતું. નાગપુર ઝંડા સત્યાગ્રહનું સંચાલન તેમણે યશસ્વી રીતે કર્યું હતું. પણ ગુજરાતની આમજનતા સાથે, ખાસ કરીને ખેડૂત વર્ગ સાથે તેઓ જેવા ઓતપ્રોત થઈ ગયા હતા તેવા ઓતપ્રોત થવાનો ત્યાં પ્રસંગ નહોતો આવ્યો. બીજા પ્રાંતોની જનતાને મળવાનો પણ તેમને પ્રસંગ નહોતો આવ્યો. દર વર્ષે કૉંગ્રેસમાં જાય ત્યારે બીજા પ્રાંતના લોકોને મળવાનું થાય, પણ તે પ્રતિનિધિઓને તથા કાર્યકર્તાઓને જ. પણ બારડોલીના વિજયને લીધે બીજા પ્રાંતની જનતા, ખાસ કરીને ખેડૂતો તેમના પ્રત્યે આકર્ષાયા. વળી મુંબઈ ઇલાકામાં આ અરસામાં ઘણા તાલુકાઓમાં, દા. ત. મહારાષ્ટ્રના બાગલાણ, માલેગાંવ, વસઈ, પાલગઢ, દેવગઢ વગેરે તાલુકાઓમાં જમીનમહેસૂલમાં વધારો કરવાની પેરવી થઈ રહી હતી. એટલે મે મહિનામાં મહારાષ્ટ્રની રાજકીય પરિષદ થઈ. તેમાં પ્રમુખ તરીકે સરદારની વરણી થઈ. સરદારને થયું કે મહારાષ્ટ્ર એટલે તો 'પૉલિટિશ્યન' લોકોનું કેન્દ્ર અને તેમની પરિષદનો વ્યાખ્યાનમંચ એટલે તો પંડિતોનો અખાડો, ત્યાં મારું શું ચાલશે? પણ ગાંધીજીએ કહ્યું કે, 'તમારે જવું જ જોઈએ,' એટલે તેમણે પ્રમુખપદનો સ્વીકાર કર્યો.


Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



વીર યોદ્ધાઓ (૧૯૨૯)

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



આ પરિષદ ભરાવાની તો હતી નાશિકમાં, પણ તે વખતે ત્યાં પ્લેગ ચાલ્યો એટલે ઉપનગર જિલ્લાના શ્રી જયસુખલાલ મહેતા, શ્રી. ગોકુળભાઈ ભટ્ટ, શ્રી વાંદરેકર વગેરેના પ્રયાસથી પરિષદના સ્થળ તરીકે વાંદરાની પસંદગી કરવામાં આવી. સરદારને આ કંઈક અનુકૂળ થયું કારણ વાંદરા એટલે મહારાષ્ટ્ર-ગુજરાતનું સંગમસ્થાન ગણાય. ચાલતા આવેલા રિવાજ પ્રમાણે સરદાર પોતાનું ભાષણ અંગ્રેજીમાં લખી ગયા હતા અને જમીનમહેસૂલની નીતિ તે વખતનો સળગતો પ્રશ્ન હોઈ તેના ઉપર સરદારે ખૂબ વિસ્તાર કર્યો હતો. જમીન-મહેસૂલના વધારા સામે મહારાષ્ટ્રમાં હિલચાલ તો ઊપડી હતી પણ સરકાર સામે કેવી રીતે લડત ચલાવવી એ સંબંધે ત્યાંના પંડિતો જે યોજનાઓ કરતા હતા તે બહુ અવહેવારુ હતી. તેના ઉપર ટીકા કરતાં સરદારે પોતાના લેખી ભાષણમાં કહ્યું :

"સરકારે ઠરાવેલા ધારામાંથી એક રૂપિયો ઓછો ભરવો અથવા વધારા પૂરતી રકમ ન ભરવી, એવી સલાહ રૈયતને આપવાનું વલણ તમારા પ્રાંતમાં જણાય છે. આવી સલાહના મૂળમાં બધું મહેસૂલ ન આપવાથી રૈયતને જે નુકસાન અને કષ્ટ ઉઠાવવું પડે છે તે ગરીબ રૈયતને ન ઉઠાવવું પડે એ જ ઉદ્દેશ હોય એમ લાગે છે. પણ આ સલાહમાં એક ગેરલાભ તો એ રહેલો છે કે તમે ખરેખર લડવા ઇચ્છો છો એમ માનવાને જ કોઈ તૈયાર નથી થતું, અને આખરે તે સંતાકૂકડીની રમત જેવું થઈ જાય છે. જો આખી આકારણી અન્યાયી હોય તો વધારો જ અન્યાયી છે એમ કેવી રીતે કહેવાય ? વધારા સાથેનું આખું મહેસૂલ અન્યાયી છે એટલે આખું મહેસૂલ ન આપવું એ જ સયુક્તિક કહેવાય અને એ જ અસરકારક પણ થઈ પડે. હું નમ્રતા-પૂર્વક સૂચવું છું કે આવી લડતોમાં આર્થિક નુકસાનનો વિચાર જ ન કરાય. આપણા રાંક અને ગુલામડા જેવા બની ગયેલા ખેડૂતોને મર્દ બનાવવા હોય તો તેમનામાં સ્વેચ્છાપૂર્વક ભોગ આપવાની અને કષ્ટ સહન કરવાની શક્તિ કેળવવી જોઈએ."

અનેક તાલુકાઓમાં સૂચવાઈ રહેલા મહેસૂલના વધારા કેવા આપખુદ છે એ વિષે તેમણે કહ્યું :

"ધારાસભાના બબ્બે ઠરાવ થયા છતાં અનેક તાલુકાઓમાં વધારા થયે જ જાય છે. મહેસૂલની આંકણી કેવી રીતે કરવી તે ઠરાવવા માટે એક કમિટી નિમાઈ હતી. પણ તે કમિટીની બહુમતીની ભલામણોને સરકાર ઘોળીને પી ગઈ અને રેવન્યુ ખાતાની એક ચંડાળ ચોકડીની સૂચનાઓ સરકારે સ્વીકારી. મહેસૂલની બાબતમાં રૈયત જરાયે હાથ નાખે એ જ આ ચોકડીને ખટકે છે. એ લોકોનાં કારસ્તાનની સામે આપણે બરાબર ઝૂઝવું જોઈએ અને એમની ખો ભુલાવવી જોઈએ."

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ભાષણ વંચાઈ રહ્યા પછી મસલત સમિતિની બેઠક થઈ. ગુજરાતની પરિષદોમાં તો ઠરાવો ઘડવાનાં આવાં કામ સહેજમાં ઊકલી જાય. પણ અહીં તો બાલની યે ખાલ કાઢનારાં ભેજાં હતાં. પણ સરદાર પોતાના વિનોદથી એ બધાને પહોંચી વળ્યા. મહારાષ્ટ્રના ખરા કાર્યકર્તા વર્ગને તથા લોકોને તો એ બહુ ગમ્યું. એક જણે પૂછ્યું : 'ખાદીનો કોટ પહેર્યો હોય પણ ધોતિયું મિલનું હોય તો ચાલે કે?' સરદારે તરત જવાબ આપ્યો : 'જે અર્ધી ખાદી પહેરે તે અર્ધો વોટ આપે!' નિયમિત ખાદી પહેરનાર ક્વચિત્ ખાદી ન પહેરે તો ચલાવી લેવાય એવો ઠરાવનો અર્થ કરવાની ચર્ચા ચાલતી હતી તેમાં એક ભાઈએ પૂછ્યું : 'રોજ ખાદી પહેરતો હોય પણ ક્વચિત્ એટલે આજે ખાદી ન પહેરી હોય તો એ નિયમિત ખાદી પહેરનાર ન ગણાય?' સરદાર કહે : 'મારી પાસે તો જે સિક્કો મૂકવામાં આવે તેને હું ખખડાવી જોઉં, એ બોદો વાગે તો મારે મન એ બોદો જ છે.' અસ્પૃશ્યતાના ઠરાવમાં 'હિંદુ ધર્મ ઉપર જે કલંકરૂપ છે' એ શબ્દો ઉપર શાસ્ત્ર અને ભાષાના વિદ્વાન મહારાષ્ટ્રીઓએ ખૂબ ઊહાપોહ કરી. એક ભાઈએ પૂછ્યું : 'એ હિંદુ ધર્મ ઉપર શી રીતે કલંક કહેવાય?' એટલે સરદારે કહ્યું : 'ત્યારે ઇસ્લામ ઉપર કલંક કહેવાય? કે ખ્રિસ્તી ધર્મ ઉપર? તમે એમ કહેતા હો તો એમ લખીએ.' ધારાસભામાં જનારા નેહરુ રિપોર્ટ અને કોંગ્રેસના કાર્યક્રમનો સ્વીકાર કરનારા હોવા જોઈએ એવી મતલબના ઠરાવનો વિરોધ કરતાં એક ભાઈ કહે : 'એ ધારાસભાનો કાર્યક્રમ જ શા સારુ જોઈએ?' સરદાર કહે : તમારે તો નથી જવું ના? જે જાય તેને માટે આ ઠરાવ છે. જવું હોય તેમને ભલે જવા દો.' આમ કોઈને ઉડાવીને તો કોઈને રીઝવીને તેમણે કામ સરસ રીતે આટોપ્યું.

ઉપસંહારનું ભાષણ તેમણે ગુજરાતીમાં કર્યું. એ લખેલું નહોતું એટલે સૌને વધારે રસ પડ્યો. તેમણે મુખ્ય વાત એ કરી કે :

"મારો આ ત્રણ દિવસનો અનુભવ બહુ મીઠો થયો છે. મહારાષ્ટ્રને ધારતો હતો તે કરતાં જુદું જોઉં છું. હું ઘરમાં ઊભો હોઉં એમ લાગે છે. મહારાષ્ટ્રનો ત્યાગ, મહારાષ્ટ્રની તપશ્ચર્યા, મહારાષ્ટ્રની સંસ્કૃતિ, એની સાથે ગુજરાતની વ્યવહાર બુદ્ધિ જોડાવાની જરૂર છે. જ્યારે શિવાજીની જરૂર હતી ત્યારે ભગવાને શિવાજીને મોકલ્યા, લોકમાન્યની જરૂર હતી ત્યારે લોકમાન્ય મળી રહ્યા, આજે આ વાણિયા રાજ્યની સાથે લડી લેવાને વાણિયા નાયકની જરૂર છે. તે ભગવાને ગુજરાતમાં ગાંધીજીને મોકલીને આપણને આપ્યા છે. કહે છે કે એક પક્ષી ઝાડ ઉપર છે અને એક પક્ષી શિખર ઉપર છે; જેને જ્યાં ઊડવું હોય ત્યાં ઊડે, જેને જે માર્ગ લેવો હોય તે લે. એ વાત ખોટી છે. આપણે બધા ખાડામાં પડેલા છીએ. એમાંથી નીકળવાનો એક જ માર્ગ લેવાનો છે. એકબીજાના પગ ખેંચવા જઈશું તો પડવાના છીએ. ગાંધીજીની

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



શિખામણને તો તમે સાધુની શિખામણ કહી નાખી દો છો. હું સાધુ નથી. હું તો વહેવાર સમજનારો છું. હું કાંઈ મફત ઘરબાર છોડી, ઉલાળિયો કરીને બેસું એવો નથી. હું તો ઍસેમ્બ્લીના પ્રમુખને પણ કહું છું કે શા સારુ ત્યાં નકામા પાણી વલોવો છો? અહીં આવો, ને ગામડામાં બેસી કામ કરો. આપણે સરકારના સાંધેસાંધા ઢીલા કરી નાખીએ. ત્યાં પાર્લમેન્ટરી પ્રોસીજર વાંચીને ઍસેમ્બ્લીની આગળ દસ ટાઇપ પાનાનું રૂલિંગ વાંચો અને પેલો હડેડાટ કરતો આવીને ઊભો રહે ને કહે, તમારું રૂલિંગ તમારી પાસે રહ્યું, મારે તો કાયદો કરવો છે. તેમાં તમારું કશું નહીં ચાલે.”

હિંસા કરવી હોય તો તેમાં પણ છૂટાંછવાયાં ખૂન કર્યે કે બૉમ્બના ધડાકા કર્યે સફળતા ન મળે. હિંસાને સફળ કરવા માટે તો યોજના અને વ્યવસ્થા જોઈએ. એ ભેદ ઉપરાંત, ખરો સવાલ તો કાયરપણાનો અને બહાદુરીનો છે એ સમજાવ્યું :

“શ્રી જયરામદાસે એક રસ્તો બૉમ્બનો છે અને બીજો અહિંસાનો છે, એમ કહ્યું. પણ એ બરાબર નથી. એક રસ્તો હિંસાનો અને બીજો અહિંસાનો છે. હિંસાને સફળ કરવા માટે પણ યોજના જોઈએ, વ્યવસ્થા જોઈએ. આપણી પાસે એવી યોજનાપૂર્વકની હિંસા કરવાનાં સાધન કે શક્તિ ક્યાં છે? જો એ શક્તિ ને સાધન હોત તો તમે એવા ભોળા નથી કે ગાંધીજીનું માનીને બેસી રહેત. ગાંધીજીએ હિંદુ-મુસલમાનની એકતાની વાત કરીને લોકોને ફસાવ્યા એમ ઘણા કહે છે. હું કહું છું કે જેઓ મુસલમાનોને હાથે માર ખાય છે તેઓ પોતાનું કાયરપણું ઢાંકવાનું ઓઠું શોધવાની ખાતર ગાંધીજીનું નામ લે છે. ગાંધીજીએ કોઈને બાયલા થવાની કે ભાગવાની સલાહ આપી નથી. તેમણે તો છાતી કાઢીને મરી જવાની અથવા દુશ્મનનો મુકાબલો કરી તેને મારવાની વાત કરી છે. તમારામાં તાકાત હોય તો લડીને પુરવાર કરી આપો. હા, પીઠ પાછળ કોઈને ઘા કરીને મારવો એ બહાદુરીનું કામ નથી.”

છેવટે, કલકત્તા કૉંગ્રેસના ઠરાવનો અમલ કરવા માટે દેશને સવિનય કાયદાભંગ માટે તૈયાર કરવા પાછળ આખું વર્ષ તૈયારી કરવી જોઈતી હતી તેને બદલે એક તરફથી ધારાસભાઓની ચૂંટણીઓના વંટોળમાં દેશને સપડાવ્યો અને બીજી તરફથી ‘પૂર્ણ સ્વાતંત્ર્ય’ અને ‘ડુમિનિયન સ્ટેટસ’ના ઝઘડામાં દેશને ભેરવ્યો એ કમનસીબ બીના છે, એમ જણાવીને સલાહ આપી કે :

“આજે તો ‘ઇન્ડિપેન્ડન્સ’ કે ‘ડુમિનિયન સ્ટેટસ’ બેમાંથી એકે મળે તેમ નથી. તો એ કેમ મળતું નથી એનાં કારણ શોધો ને. આપણે મેડા ઉપર ચડવું છે, તો ઝટ ચડવાનો પ્રયત્ન કરવાને બદલે અર્ધે સુધી ચડવું છે કે ઠેઠ ચડવું છે એની તકરાર શા સારુ કરો છો? અર્ધે તો ચડો. પછી જેને આગળ જવું હોય તેને આગળ જવા દેજો. આપણા અધીરા જુવાનોની

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



અધીરાઈ મને ગમે છે. પણ એ અધીરાઈ તેઓ કામમાં દેખાડતા હોય તો કેવું સારું! જેને 'રેવોલ્યૂશન' કરવું છે તે માણસો પ્લેટફૉર્મ ઉપર ચડીને બરાડા:પાડતા હશે? માટે વાદવિવાદ છોડો અને અમારી સાથે કામમાં ભળો."

બારડોલીની લડતમાં સફળતા મળ્યા પછી બીજા તાલુકાઓમાં પણ જમીનમહેસૂલના વધારાનો વિરોધ કરવાની જાગૃતિ લોકોમાં આવી. મુંબઈ ઇલાકાના ઘણા તાલુકાઓમાં આ અરસામાં જ મહેસૂલની નવી આંકણી થઈ હતી અને વધારા સૂચવાયા હતા એ અગાઉ કહેવાઈ ગયું છે. તેની સામે ચળવળ ચલાવવા આખા ઇલાકાની એક લૅન્ડ લીગ સ્થાપવામાં આવી. ખેડૂતોના આર્થિક પ્રશ્નને લગતું જ કામ કરનારી આ સંસ્થા હોઈ તેમાં સઘળા પક્ષના માણસો સભ્ય થયા હતા. સરદાર તેના પ્રમુખ હતા, નરસોપંત કેળકર સેક્રેટરીઓમાંના એક હતા અને સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીના ઘણા મેમ્બરો પણ તેના સભ્યોમાં હતા. તેની એક મીટિંગ પૂનામાં થઈ તેમાં ઠરાવવામાં આવ્યું કે જમીન-મહેસૂલનો આંકડો ઠરાવવાનું કેવળ મહેસૂલ ખાતાના અધિકારીઓના હાથમાં છે અને તેઓ મહેસૂલમાં વધારો કેમ કરવો એ દૃષ્ટિએ જ વિચાર કરતા હોય છે એ બરાબર નથી. જમીનમહેસૂલની આખી નીતિનો નવેસરથી વિચાર થવો જોઈએ. માટે લૅન્ડ લીગ તરફથી એક પ્રતિનિધિમંડળે ગવર્નરને મળી જે જે તાલુકાઓમાં મહેસૂલની નવી આંકણી થઈ છે અને વધારા સૂચવાયા છે તે બધા સ્થગિત કરવા વિનંતી કરવી જોઈએ અને કેટલાક તાલુકાઓ જે મૂળે ગરીબ છે અથવા આકરી જમીનમહેસૂલની નીતિને પરિણામે જે ગરીબ બની ગયા છે તે તાલુકાઓનું મહેસૂલ ઘટાડવું જોઈએ. ગુજરાતમાં માતર તાલુકાનો કેસ એવો હતો કે બીજાં કારણો સાથે સરકારની ભારે બોજારૂપ મહેસૂલનીતિને લીધે એ તાલુકો પાયમાલ થઈ ગયો હતો. એ વિષે સરદારે સરકાર સાથે લાંબો પત્રવ્યવહાર ચલાવ્યો. આ જ વખતે ગૂજરાત વિદ્યાપીઠ તરફથી માતર તાલુકાની આર્થિક તપાસ કરવામાં આવી. તેમાં એની બેહદ કંગાલિયત આંકડા સાથે પુરવાર થઈ. એટલામાં '૩૦ની નિમક સત્યાગ્રહની લડત આવી પડી અને સરદાર તથા બીજા કાર્યકર્તાઓ જેલમાં પુરાઈ ગયા. છતાં સરદારના પત્રવ્યવહારનું પરિણામ તો આવ્યું જ. જમીનમહેસૂલ બાબત તપાસ કરવા સરકારે એક ખાસ અમલદાર નીમ્યો અને માતર તાલુકાના જમીન-મહેસૂલમાં ૨૫ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો.

અત્યાર સુધી સરદારની મહત્ત્વાકાંક્ષા એટલી જ જણાય છે કે ગુજરાત બરાબર સંભાળીને બેસવું અને ગાંધીજીની ઇચ્છા પ્રમાણે તેને સામુદાયિક સવિનય ભંગની લડતને માટે પરિપૂર્ણ તૈયાર કરવું. પણ બારડોલીમાં જે યશ તેમણે સંપાદન કર્યો તેણે તેમને ગુજરાતની બહાર ખેંચવા માંડ્યા. મહારાષ્ટ્ર રાજકીય

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



પરિષદના પ્રમુખપદને તો તેમણે પૂરેપૂરું શોભાવ્યું અને મહારાષ્ટ્રના કૉંગ્રેસ આગેવાનોની શંકાકુશંકાઓ દૂર કરવામાં સારો હિસ્સો આપ્યો. હવે રાજાજી એમને આગ્રહ કરવા લાગ્યા કે તામિલનાડમાં આવી અમારા ખેડૂતોને બારડોલીનો ચેપ લગાડો. તે માટે વેદારણ્ય નામના છેક દક્ષિણના પ્રાચીન સ્થળે તામિલનાડ રાજ્કીય પરિષદ ઑગસ્ટની આખરમાં થવાની હતી તેને નિમિત્ત બનાવ્યું અને તેનું પ્રમુખપદ સ્વીકારવા સરદારને વિનંતી કરી. પ્રમુખપદ માટે આગ્રહ કરવામાં કૉંગ્રેસ પાસે સંપૂર્ણ સ્વાતંત્ર્યનું ધ્યેય રખાવવાના અતિ આગ્રહવાળા શ્રી શ્રીનિવાસ આયંગર પણ હતા. સરદારને જ્યારે ખબર પડી કે તેમણે જ મદ્રાસ પ્રાંતિક સમિતિ પાસે ચાર મહિના પછી ભરાનારી લાહોર કૉંગ્રેસને સ્વરાજ્યને બદલે સ્વાતંત્ર્યનું ધ્યેય રાખવાનો આગ્રહ કર્યો છે અને તામિલ પ્રાંતિક પરિષદ પણ તેમને કૉંગ્રેસનું ધ્યેય બદલાવવા માટે જ ભરવી હતી ત્યારે તેમણે જવાબ આપ્યો કે તામિલ પ્રાંતમાં આવીને મારે વિખવાદ વધારવો નથી. હું ત્યાં આવું તો તટસ્થ અથવા નિષ્ક્રિય પ્રમુખ રહી શકું નહીં. એટલે હું ન આવું એ જ યોગ્ય છે. એટલે રાજાજીએ ગાંધીજીને લખ્યું કે આખો પ્રાંત સરદારની રાહ જુએ છે અને સરદારે આવવું જ જોઈએ. ગાંધીજીએ જવાની સલાહ આપી એટલે સરદારને ફરજ પડી.

રાજાજીએ સરદારને વહેલા બોલાવી એક દિવસ એમના આશ્રમમાં રાખ્યા. આશ્રમમાં એમનું ખાદીકામ, દારૂનિષેધનું કામ, અસ્પૃશ્યતાનિવારણનું કામ એ બધું જોઈ રાજાજીની મુશ્કેલીઓનો અને તેનો ઉકેલ આણવાની એમની અદ્ભુત કર્તૃત્વશક્તિનો ખ્યાલ આવ્યો. સાંજે એક મોટા ટોળાએ આશ્રમમાં આવીને રાજાજીની સાથે વઢવેડ કરવા માંડી. વાતો તામિલમાં ચાલતી હતી એટલે કશું સમજાતું ન હતું અને રાજાજી તેમની સાથે ખૂબ હસીને ઠઠ્ઠામશ્કરી કરીને વાતો કરતા હતા એટલે તેમના દિલનું દર્દ જોઈ શકાતું નહોતું. પણ એ લોકો વીખરાયા પછી રાજાજીએ બધી વાત કરી: 'એમની સાથે મજાક કરીને મેં એમને વિદાય તો કર્યા, પણ કેવી આફત આવી રહી છે તે હું જાણું છું. અંત્યજોને ભેળવીને, નાતજાતને એકાકાર કરીને, અમે ધર્મનું સત્યાનાશ વાળી રહ્યા છીએ અને તેથી ચારપાંચ વર્ષ થયાં વરસાદ આવતો નથી, માટે અમારો બહિષ્કાર કરવો જોઈએ એવો આસપાસનાં ગામડાંએ નિશ્ચય કર્યો છે. એ લોકો બહિષ્કાર કરશે તો ગેરલાભ એમને જ છે, પણ એ શી રીતે સમજે?' રાજાજીની સ્થિતિ સૂડી વચ્ચે સોપારી જેવી તો એ રીતે હતી કે ત્યાંનો બ્રાહ્મણેતર પક્ષ એમને એ રીતે ગાળો દેતો હતો કે એ તો સુધારાના શત્રુ છે અને ન્યાતજાતનાં બંધનો કાયમ રાખવા માંગે છે!'

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



સરદારને તામિલ પ્રાંતમાં બોલાવવાનો લોકોનો ઉત્સાહ કેવો હતો તે ત્યાંનાં શહેરો કરતાં ગામડાંમાં વધારે દેખાયું. રાજાજીના આશ્રમથી વેદારણ્ય જતાં રસ્તામાં બે ત્રણ તાલુકા આવતા હતા. દરેક તાલુકાગામે તાલુકા બોર્ડ અને મ્યુનિસિપાલિટીએ સરદારને માનપત્રો આપ્યાં અને તેમાં ગાંધીજીના અગ્રગણ્ય શિષ્ય તરીકે અને બારડોલી સત્યાગ્રહના મહાન વિજેતા તરીકે તેમનો ઉલ્લેખ કર્યો.

વેદારણ્ય પહોંચ્યા પછી સરદારે શ્રી શ્રીનિવાસ આયંગરને વીનવ્યા કે પરિષદમાં નાહક વિરોધ શા માટે કરાવો છો? ચાર મહિના રાહ જુઓ અને લાહોરમાં જે થાય તે થવા દો. પણ શ્રી આયંગરે તો લાહોરને માટે ભૂમિકા તૈયાર કરવા માટે જ આ પરિષદ ભરાવી હતી. એટલે તેઓ પૂર્ણ સ્વાતંત્ર્યનો ઠરાવ પરિષદમાં લાવ્યા અને પરિષદને આખરી નોટિસ આપી દીધી કે: ‘મને મત નહીં આપો તો જાહેરજીવનમાંથી ફારગ થવાની મને ફરજ પાડશો. આપણા નેતાઓનાં તો ભવન ફરી ગયાં છે. તેમને શીખવવા માટે શાળા કાઢવાની જરૂર છે, વગેરે.’ મત લેતાં પહેલાં સરદારે ભાષણ કર્યું તેમાં કહ્યું:

“આ ઠરાવના ઉપર જે રસાકસીથી ચર્ચા થઈ છે તે ઉપરથી તમે સમજશો કે હું અહીં આવવાની કેમ ના પાડતો હતો. મને આ ઠરાવમાં જરાયે રસ નથી. કલકત્તામાં શ્રી શ્રીનિવાસ આયંગરે અને શ્રી સુભાષ બાબુએ મળીને સમાધાનીનો ઠરાવ કરાવ્યો છે. એ મુજબ તો બધા વાદવિવાદને તાળાં મારી એક વર્ષ સુધી કામ કરી જરૂર પડે તો દેશને મોટી લડત માટે તૈયાર કરવાની આપણે પ્રતિજ્ઞા લીધી છે. એ તૈયારીની વાત તો દૂર રહી અને આજે ચાર મહિના અગાઉથી કૉંગ્રેસને ધ્યેય બદલવાની ભલામણ કરવા તમે અધીરા થઈ ગયા છો, એ શું? ધ્યેય ન બદલવાને વાંકે તમે કશું કામ ન કરી શકતા હો તો જરૂર ધ્યેય બદલો. પણ તમારી પ્રાંતિક સમિતિએ તો ધારાસભાની ચૂંટણી બાબતમાં ઠરાવ કરવાની તમારા પ્રાંતને સ્વતંત્રતા મળે એવી માગણી કરી છે. તો શું તમારે આ સરકારની ધારાસભામાં પણ જવું છે અને પૂર્ણ સ્વતંત્રતા પણ લેવી છે? આ સ્પષ્ટ વિરોધ તમે કેમ જોઈ કે સમજી શકતા નથી? મને તમારા કામનો દ્વેષ નથી, તમારા પ્રાંતની કીર્તિ બગાડવા નહીં પણ મારાથી બની શકે તો વધારવા હું અહીં આવ્યો છું. આપણે માની લઈએ કે ખાદીથી સ્વરાજ ન મળે, દારૂનિષેધથી ન મળે કે અસ્પૃશ્યતાનિવારણથી ન મળે. ત્યારે શું ધ્યેય બદલવાથી સ્વરાજ્ય મળી જશે? સ્વરાજ્ય મેળવવાની રીત વિષે તકરાર હોય એ સમજાય. મુંબઈથી મદ્રાસ કયે રસ્તે જવું એ વિષે મતભેદ હોઈ શકે. પણ મદ્રાસ જવું કે નહીં એ વિષે જ તકરાર કરીને બેસી રહીએ તો તો ક્યાંય ન જવાય. ગાંધીજીએ તો તૈયારીનાં બે વર્ષ રાખ્યાં હતાં પણ શ્રી શ્રીનિવાસ આયંગરે અને તેમના સાથીઓએ બેનું એક વરસ કરાવ્યું. હવે કલકત્તાનો ઠરાવ મુલતવી રખાવવાની તમારી દાનત હોય તો તેમ કરો. તેમ કરવાના જ આ ચાળા મને તો

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

દેખાય છે. હું દિલગીર છું કે મારે આટલું તમને કહેવું પડે છે. પણ તમે મને બોલાવ્યો છે એટલે મારાથી મૂંગા મૂંગા બધું જોયાં ન કરાય. એવો સંભવ છે કે બીજા અનુભવી નેતાઓ જેટલું દૂર હું ન જોઈ શકતો હોઉં. બાકી મને તો ચોખ્ખું લાગે છે કે હજી જે ચાર મહિના રહ્યા છે તેમાં તામિલ પ્રાંતને જેટલું શૂરાતન બતાવવું હોય તેટલું બતાવી શકે છે અને લાહોરમાં જે કરાવવું હોય તે કરાવી શકે છે. પણ આજે શા સારુ અધીરા થાઓ છો?"

આ ભાષણની ચમત્કારિક અસર થઈ અને શ્રી શ્રીનિવાસ આયંગરનો ઠરાવ ૬૭ વિ૦ ૧૭૫ મતે ઊડી ગયો. શ્રી શ્રીનિવાસ આયંગરે તો આવું બનશે એમ સ્વપ્ને પણ ધારેલું જ નહીં. આ ઠરાવ આમ ઉડાડી દેવામાં સરદારને આનંદ નહોતો, કોઈને આનંદ ન હોય. સ્વાતંત્ર્ય કોને ન જોઈએ? પણ એ ઠરાવ તો ખોટી ધમકી હતી, તેની પાછળ સંગીન કાર્ય નહોતું. ઠરાવની પાછળ વિચારની સ્પષ્ટતા નહોતી એટલું જ નહીં પણ અસંગતિ હતી. આમ આચાર અને વિચારની સ્વચ્છતાની ખાતર જ સરદારે 'પૂર્ણ સ્વાતંત્ર્ય'ના ઠરાવનો વિરોધ કરવાનું અપ્રિય કામ કર્યું.

વેદારણ્યમાંથી રાજાજીએ સરદારને તામિલ પ્રાંતમાં ખૂબ ફેરવ્યા. મદ્રાસમાં તો લગભગ એકેએક કૉલેજમાં એમનાં ભાષણ થયાં. સરદારને અંગ્રેજીમાં બોલવાનો અણુગમો છે. મહાદેવભાઈ આ પ્રવાસમાં એમની સાથે હતા. તેઓ લખે છે કે:

"એમની અંગ્રેજી ભાષામાં પ્રૌઢી નહોતી, શબ્દોનું ચાતુર્ય નહોતું. સરદારે અંગ્રેજી બોલવાની કળા ખીલવી નથી, ઊલટું અંગ્રેજી ભૂલવાનો પ્રયત્ન કર્યો છે. છતાં એમની અંગ્રેજી વાણીમાં — ભલેને કોઈ વાર અંદર વ્યાકરણની ભૂલો થતી હોય, તેવી વાણીમાં — બારડોલીના ખેડૂતોએ એમની તળપદી ગુજરાતી વાણીમાં જે ચમત્કાર જોયો હતો તે જ ચમત્કાર મદ્રાસની અંગ્રેજી-રસિક આલમે જોયો. આનું રહસ્ય અન્યાયની સામે લડવાની એમની અદ્ભુત શક્તિમાં અને ક્ષણે ક્ષણે ભભૂકી ઊઠતી એમની દેશભક્તિમાં હતું. હૃદયના ઊંડાણમાંથી નીકળતી એમની વાણી સાંભળનારાનાં હૃદયમાં સોંસરી પેસી જતી હતી. એમની ભાંગીતૂટી અને વ્યાકરણશુદ્ધિની પરવા ન કરનારી પણ જ્વાળામુખીના રસ જેવી ધગધગતી વાણી સામાઓને ધગાવી મૂકતી હતી."

બીજી વાત એ હતી કે કોઈની પણ શરમ રાખ્યા વિના સીધેસીધું એ કહી દેતા તે લોકોને બહુ ગમતું. તેમનાં બધાં ભાષણોનો અર્ક મહાદેવભાઈએ નીચે મુજબ આપ્યો છે:

"જે કાર્યક્રમ એક જ વરસ સુધી દેશ આગળ રાખવામાં આવ્યો અને જેના વેગે આપણે આકાશમાં ઊડી અવનવાં સ્વપ્નાં જોયાં, જેના પરિણામે

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



સ્વરાજ લગભગ મોં આગળ આવીને ઊભું હતું, જે કાર્યક્રમે એવું વાતાવરણ ઊભું કર્યું હતુ કે માણસ પાપ કરતાં, ખોટું કરતાં સહેજે ડરતો હતો, તે કાર્યક્રમ એક જ વરસમાં બંધ પડ્યો. ત્યાર પછી નવો કાર્યક્રમ દેશની આગળ આવ્યો. એ છ વર્ષ થયાં ચાલ્યાં કરે છે. એને પરિણામે આપણે જરાયે આગળ વધ્યા નથી. પણ આપણા દેશમાં ઝઘડા વધ્યા છે, પક્ષો વધ્યા છે અને વાતાવરણ દૂષિત થયું છે. ધારાસભાને ભાંગવાની નેમથી તેમાં ગયેલાના આજે ધારાસભાએ ચૂરેચૂરા કર્યા છે. અને આજે તો તમારા પ્રાંતમાં ધારાસભામાં જઈને પ્રધાનપદાં લેવાની વાતો ચાલે છે, અમુક પક્ષને હાંકી કાઢવાની વાતો ચાલે છે અને સાથે સાથે 'ઇન્ડિપેન્ડન્સ' મેળવવાની વાતો ચાલે છે. સરકાર ભોળી નથી કે તમારી આવી વાતોથી છેતરાય. તમારે ત્યાં જમીનમહેસૂલનીતિ ફેરવવાને માટે તમે વહેલામાં વહેલી ચળવળ કરેલી. પાર્લમેન્ટે જમીનમહેસૂલને ધારાસભાના નિર્બંધ નીચે લાવવાની ભલામણ કર્યે દસ વર્ષ થઈ ગયાં. પણ આજે તમારી સરકાર ખુશાખુશાલ જમાબંધી વધાર્યે જાય છે. એનું કારણ શું? એનું કારણ એ કે આપણે અંદર અંદર સારી પેઠે લડી રહ્યા છીએ. સરકાર કહે છે, ભલેને લડતા. અંદર અંદર લડતા બંધ પડશે ત્યારે આપણી સાથે લડવાની એમને ફુરસદ મળશે ને? હું તમને કહું છું કે તમારા ઝઘડા એક વર્ષને સારુ ભૂલી જાઓ અને જમીનમહેસૂલની નીતિ ફેરવવાને સંગઠન કરો. આજે તમારા નેતાઓ સ્વતંત્રતાની બૂમો પાડે છે. પણ શી રીતે, શું કામ કરીને સ્વતંત્રતા મેળવવી એની કોઈને પડી નથી. ગાંધીજીને પ્રમુખપદે સ્થાપવા છે, પણ ગાંધીજીનો રેંટિયો કોઈને જોઈતો નથી. આ વીસમી સદીમાં જે શહેરમાં પોણોસો મિલોનાં ભૂગળાં ધુમાડા કાઢી રહ્યાં છે તે જ શહેરની પાસે નદીને સામે કિનારે બેસીને જે માણસ પોતાના રેંટિયા ઉપર સૂતરના તાર કાઢે છે એને વિષે તમે શું ધારો છો? તમે એને પાગલ ધારતા હો તો એનું પ્રમુખ તરીકે નામ સૂચવનારા તમે વધારે પાગલ નથી શું? પણ એ પાગલ નથી. એનું વ્યવહારજ્ઞાન મારા તમારા કરતાં વધારે છે. આપણે આજે નહીં તો કાલે એણે બતાવેલા માર્ગ ઉપર જ આવવાના છીએ."

મદ્રાસ પ્રાંતમાં બ્રાહ્મણ બ્રાહ્મણેતરના ઝઘડા પુષ્કળ ચાલતા હતા. આજે પણ ચાલે છે. સરદારને એ પ્રશ્ન ઉપર બોલવું જ પડ્યું. અબ્રાહ્મણોને એક ઠેકાણે કહ્યું:

"તમને બ્રાહ્મણોનો શા સારુ દ્વેષ થાય છે? એ બ્રાહ્મણોએ તમારું શું બગાડ્યું છે? તેના કરતાં બીજા બ્રાહ્મણોએ તમારું બન્નેનું બગાડ્યું છે તેની તમને ખબર છે? પાંચ હજાર માઈલ દૂરથી આવીને જે માણસો રાજ્ય કરે છે તે બ્રાહ્મણ થઈ બેઠા છે. તેમને કોઈ વર્ણ નથી છતાં તમે 'બ્રાહ્મણો' અને 'અબ્રાહ્મણો' બન્ને તેમને 'બ્રાહ્મણો' તરીકે પૂજો છો, તેમની સવાર સાંજ ખુશામત કરો છો. તમારે એ બ્રાહ્મણોની સાથે લડવું છે કે નહીં? એ બ્રાહ્મણોને તમારી

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

ઉપર શિરજોરી કરતા અટકાવવા છે કે આ બ્રાહ્મણોને અટકાવવા છે? આ બ્રાહ્મણોએ તમારું બહુ બગાડ્યું છે એમ માની લઈએ. પણ પેલા બ્રાહ્મણો જેટલું તો નથી જ બગાડ્યું. અને આ બ્રાહ્મણો તમારા કરતાં ઊંચા છે? શા માટે તમે તમને એમના કરતાં ઊંચા નથી માનતા? જે માણસ ખેતી કરી અનાજ પકવે છે તે આખી દુનિયામાં ઊંચામાં ઊંચો છે. હું એ જ જાતિમાંથી આવેલો છું. તમે પણ એ જ જાતિના છો. તમે શા સારુ તમને નીચા માનો? જ્યાં રામાનુજ જેવાએ અબ્રાહ્મણ ગુરુ કર્યા, જ્યાં ગાંધીજી જેવા અબ્રાહ્મણની આગળ ભલભલા માંધાતા જેવા બ્રાહ્મણોની ગરદન ઝૂકે છે, ત્યાં તમે એ બ્રાહ્મણોના ઊંચાપણાથી શા સારુ ડરો છો?"

બીજે એક સ્થળે અધીરા અબ્રાહ્મણોને કહ્યું :

"બધું તોડવા બેઠા છો, પણ એને સ્થાને એવું ચિરસ્થાયી કશું મૂકવાની શક્તિ ન હોય તો ન તોડશો. . . . તમારે ચાર આનામાં લગ્ન કરવાં હોય તો સુખે કરો, પણ ચાર મિનિટમાં લગ્ન કરવાની વાત કરો છો ત્યારે હું ધ્રૂજું છું. ભલે તમારે બ્રાહ્મણ ન જોઈએ. પણ એ ગંભીર વિધિના સાક્ષી કોઈક તો જોઈશે જ ને? . . . તમને ભાન છે ખરું કે વિધિમાત્રનો નાશ કરવાથી કોઈ બદમાશ ગમે તેવા પ્રતિષ્ઠિત માણસની છોકરી ઉપાડી જઈને પાંચ સાક્ષી ઊભા કરીને કહેશે કે, 'આ મારી સ્ત્રી છે,' તો તમે શું કરશો?"

આ સાંભળતાં અબ્રાહ્મણોને પણ જાણે થથરાટી છૂટી. સરદારની આવી વાતોની સામાન્ય અબ્રાહ્મણ સમાજ ઉપર બહુ સારી અસર થઈ. પણ તેમનાં છાપાંઓ સરદાર ઉપર રોષે ભરાયાં. તેમના તો ધંધા ઉપર તરાપ પડતી હતી ને! એક વૃદ્ધ ખેડૂત તો સરદારનાં ભાષણો ઉપર એવો આફરીન થઈ ગયો કે એમની સાથે પ્રવાસમાં જ ફરવા લાગ્યો. 'આજ સુધી અમારાં દુઃખો અને અમારી મુશ્કેલીઓ જાણનારો આવો કોઈ જોયો નથી અને અમને બધું બરાબર સમજાવી અમારામાં જાગૃતિ આણનાર પણ કોઈ આવ્યો નથી.' એમ કહેતો જાય અને સરદારનાં ભાષણો સાંભળી સાંભળીને ઘેલો થતો જાય.

આ પ્રવાસમાં ગુજરાતીઓ સરદારને ખોળી કાઢવાનું ચૂક્યા નહોતા. મદ્રાસ, ત્રિચિનાપલી, સેલમ, મદુરા બધે જ સ્થળોએ તેઓ ભેગા થયા. સરદાર તેમને ટૂંકી સલાહ આપતા :

"ગુજરાતને શોભાવો. જ્યાંથી પૈસા કમાઓ છો તે પ્રદેશના હિતમાં સંપૂર્ણ રસ લો, તેની સેવા કરો. ખાદી વિષે એટલો પ્રેમ કેળવો કે દૂરથી ખાદીની ધોળી ટોપી. અને ખાદીનો આખો પોશાક પહેરેલા જોઈને એમ જ થઈ જાય કે આ તો ગુજરાતી જ હશે."



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

તામિલનાડથી પાછા ફરતાં બે દિવસ પણ કર્ણાટકમાં રોકાઈને જવાનો શ્રી ગંગાધરરાવ દેશપાંડેનો બહુ આગ્રહ હતો. તેમણે કર્ણાટકમાં ખેડૂત સંઘો સ્થાપવા માંડ્યા હતા અને તે કામમાં સરદારની મદદ તેઓ ઇચ્છતા હતા. ધારવાડથી બેલગામ સુધીના બે દિવસના પ્રવાસમાં તેમણે દસ સભાઓ ગોઠવી હતી. આવી સભાઓમાં કર્ણાટકની સાથે મહારાષ્ટ્રની પણ એક કુટેવનું મહાદેવભાઈએ સરસ વર્ણન કર્યું છે. ગમે તેવી સભા હોય પણ પ્રમુખની દરખાસ્ત મૂકનાર અને તેને ટેકો આપનાર, એ જ પ્રમાણે વ્યાખ્યાતાના આભારની દરખાસ્ત મૂકનાર અને ટેકો આપનાર અને અંતે પ્રમુખના આભારની દરખાસ્ત મૂકનાર અને ટેકો આપનાર એમ ઓછામાં ઓછા છ જણ તો સ્થાનિક બોલનારા થાય, આ બધું સાંગોપાંગ થવું જોઈએ. એની સાથે પાછું માનપત્ર હોય. તે કાનડીમાં વંચાય, તેથી સંતોષ કેમ થાય ? જેને માનપત્ર આપવાનું હોય તેને માટે અંગ્રેજી કર્યું હોય. અને અંગ્રેજી કરી આપનારને એ અંગ્રેજીમાં વાંચવાની હોંસ થાય. વળી મહારાષ્ટ્રી શ્રોતાઓ માટે મરાઠી કર્યું હોય તે પણ ત્યાં વંચાય. હારતોરા દરેક મંડળે જુદા જુદા આપવાના હોય. કોણ પહેલું હાર પહેરાવે તેની હુંસાતુંસી થાય. હાર પહેરાવતી વખતે મહેમાનને કહેવામાં આવે : ‘આ હાર કૉંગ્રેસ કમિટી તરફથી, આ હાર યુવક સંઘ તરફથી’ વગેરે. આખા દિવસનો એક જ કાર્યક્રમ હોય તો તો આ બધું ચાલે. પણ અહીં તો બે દિવસમાં દસ સભાઓ કરવાની હતી. કોને ટાળવાનું કે ટૂંકાવવાનું કહી શકાય ? આનો પાર નહીં આવે એમ જોઈ સરદારે લગામ પોતાના હાથમાં લીધી. એક સ્થળે બે મંડળો ઝઘડો કરતાં હતાં કે પહેલાં સરદાર અમારે ત્યાં આવીને માનપત્ર લે. સરદારને ખબર પડી એટલે તેમણે મોટરમાં બેઠે બેઠે જ કહી દીધું : ‘જાહેરસભામાં આવો, બધાં માનપત્ર ત્યાં લઈશ.’ યુવકોએ મોટરને ઘેરી વળીને ‘સત્યાગ્રહ’ આરંભ્યો. સરદાર મોટરમાંથી ઊતરી પડવા જતા હતા ત્યાં તો મોટરના પગથિયા ઉપર ઊભા રહી એક જણે માનપત્ર ઝટ ઝટ વાંચી નાખ્યું અને હાર તથા માનપત્ર એમના ઉપર ફેંક્યાં. એમ સૌથી પહેલું માનપત્ર આપવાનો લહાવો એણે લીધો ! બીજે સ્થળે આવી જ પડાપડી અને ‘સત્યાગ્રહ’ પાનસોપારી માટે થયો. સરદારે કોઈની પણ પાનસોપારી લેવાની ના પાડી અને ભાષણ આપવાની પણ ના પાડી. એટલું જ કહ્યું કે, ‘તમે જ્યારે લડી ઝઘડીને પરવારો ત્યારે મને ભાષણ આપવા બોલાવજો. ત્યાં સુધી તમે સત્યાગ્રહ વિષે કશું સાંભળવાને લાયક નથી.’

પણ ગામડાંમાં ખેડૂતોની સભાઓ ઉત્તમ થઈ. દરેક ઠેકાણે સરકારી અમલદારોનો ભય છોડવાની; જપ્તી, જેલ વગેરેનો ભય છોડવાની અને પરદેશી કાપડ, દારૂતાડી અને અદાલતો છોડવાની વાત કરી. એક સભામાં સરદારે

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



ખેડૂતોને પૂછ્યું : ' તમારા પ્રતિનિધિઓ ધારાસભામાં જઈ ને એકબીજા સાથે લડવાનો ધંધો કરે છે અને બહાર તમને લડાવે છે એ સારું કે? હવે તમે એમના લડાવ્યા લડશો?' ખેડૂતોએ જવાબ આપ્યો : ' હવે અમે એમનું કહેલું ન સાંભળીએ. એમણે અમારું કહેલું સાંભળવું પડશે.' એટલે સરદારે સલાહ આપી : " તો તેમને કહેજો કે ખેડૂત સંઘમાં જોડાઓ ને ન જોડાવાના હો તો તેનું કારણ આપો. જો ન જોડાય તો માનજો કે એ સરકારથી ડરનારા છે, સરકારના પક્ષના છે. એમને પૂછજો કે, ' તમે સરકારનું હિત ચાહો છો કે અમારું?' એક ઠેકાણે પૂછ્યું : ' તમારા પ્રતિનિધિઓ ચીકોડી અને અંગાડી શા સારુ લડે છે?' ખેડૂતો કહે : ' પોતાના સ્વાર્થ માટેસ્તો.' ' તો એવાને તમે શા સારુ પસંદ કરો છો?' ખેડૂતો કહે : ' એવી સલાહ આપનારા તમારા સિવાય બીજા કોઈ હજી મળ્યા નથી.'

સરદારની સોંસરી, તડ ને ફડ કરનારી વાણીમાં શ્રી ગંગાધરરાવને પોતાના મૂળ ગુરુ તિલક મહારાજની વાણીના ભણકારા સંભળાયાં, સરદારની આંખમાં તેમણે લોકમાન્યનું તેજ અને લોકમાન્યની ' ચીડ ' ભાળી. તામિલ-નાડમાં જ્યારે સરદાર ભાષણ કરતા હતા ત્યારે એક વાર રાજાજીએ પણ કહેલું: ' આ તો જાણે તિલક મહારાજ બોલે છે.' મહાદેવભાઈએ કહ્યું : ' આ શોધ પહેલી મેં કરી છે.' પછી પોતાના ' વીર વલ્લભભાઈ ' પુસ્તકમાં પોતે સરદારને અનેક રીતે તિલક મહારાજ સાથે સરખાવ્યા છે એ વાત કરી. એમાં એમણે લખ્યું છે :

> "વલ્લભભાઈ સાથે બહુ રહ્યા પછી, તેમની બોલચાલ, તેમનું હાસ્ય, તેમનું તેજ, તેમના રાગ અને આવેશ જોયા પછી, તિલક મહારાજનું વધારે સ્મરણ થાય છે. . . . અવળી છાપ પાડવાની વિશેષતા પણ તિલક મહારાજ અને વલ્લભભાઈમાં સમાન છે. ઉપરથી બન્ને જેટલા અભિમાની લાગે તેટલા જ અંતરથી નિરભિમાન, ઉપરથી જેટલા રુક્ષ અને પરુષ લાગે તેટલા જ અંતરથી સૌમ્ય અને મૃદુ, ઉપરથી જેટલા અટપટા અને અભેદ્ય લાગે તેટલા જ અંતરથી સરળ અને ઋજુ, ઉપરથી જેટલા ઊંડા જણાય તેટલા જ બન્ને અંતરથી અળગા."

અલબત્ત, મહાદેવભાઈએ સાથે સાથે જ કબૂલ કર્યું છે કે, ' આ સામ્યનો વિચાર કરતાં તિલક મહારાજની અગાધ વિદ્વત્તા અને વિપુલ શાસ્ત્ર-જ્ઞાનને હું ઘડીક વાર બાજુએ રાખું છું.' પછી આગળ કહે છે :

> " પણ તિલક મહારાજ લોકમાન્ય બન્યા તે એમની અગાધ વિદ્વત્તાએ નહીં કે ઊંડા શાસ્ત્રજ્ઞાને નહીં, પણ અન્યાયની સામે ઝૂઝવાની એમની અપાર શક્તિને લીધે, તેમના અપૂર્વ ત્યાગને લીધે, લોકોનાં દુ:ખ જાણી

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



લોકોનાં અંતરમાં પ્રવેશ કરવાની તેમની જાદુઈ શક્તિને લીધે. આ ત્રણે વસ્તુઓ વલ્લભભાઈમાં એટલી જ ભરી છે એમ ગુજરાતે બારડોલીની લડતમાં સવિશેષે જાણ્યું. લોકમાન્ય પણ જ્યારે આમવર્ગ આગળ ઊભા રહેતા ત્યારે તેઓ તેમની વિદ્વત્તા ન ઠાલવતા, પણ આમવર્ગના જ એક માણસ તરીકે ઊભા રહી તેમની જ ભાષા બોલતા. બારડોલીનાં અનેક ભાષણો જોઈશું તો તિલક મહારાજનાં અહમદનગર અને બેલગામનાં પેલાં ઐતિહાસિક ભાષણોના તેમાં ભણકારા સંભળાશે.''

તિલક મહારાજના ઉદ્‌ગારો જુઓ :

“સરકાર આપણને અધિકાર આપે છે તે કૂંડામાં આપણે તે પ્રમાણે છોડ રોપીએ છીએ. પણ મોટાં વૃક્ષ કરવાં હોય તો તો બીજ બહાર મોકળી જમીનમાં વાવવાં જોઈએ. કૂંડાંનાં ઝાડ રૂપાળાં લાગે, પણ તે નાજુક; લાંબા દિવસ ટકનારાં નથી હોતાં. . . . દેશ પાસે કર કેટલા વસૂલ કરવા તે અમને સમજાય કે તમને વધારે સમજાય? . . . લડાઈ ઉપર કેટલા પૈસા ખર્ચવા તે બાદશાહ નથી ઠરાવતો, પણ મુખ્ય પ્રધાન ઠરાવે છે. તેની ભૂલ થાય છે તો તે રાજીનામું આપે છે, અને તેને રાજીનામું આપવાની ફરજ પાડવામાં સરકારનો ગુનો નથી થતો. . . . આપણને સ્વરાજ મળે તેથી અંગ્રેજનું રાજ બૂડે એમ નથી. . . . અમારે જે જે દરવાજે બહાર નીકળવું હોય તે તે દરવાજા રોકીને નોકરશાહી ઊભી છે. તેને ધક્કો મારીને અમારે બહાર નીકળવું છે. તેની આડખીલી અમને ન જોઈએ. આડખીલી તો ખરી જ. ઉપરાંત પાછા મોટા મોટા પગાર! . . . 'તમારે માટે વિલાયતની ઠંડી હવા છોડીને અહીં આવ્યા છીએ,' એમ અંગ્રેજ અમલદાર કહે છે. પણ તને અહીં બોલાવ્યો હતો કોણે?”

હવે સરદારના આ શબ્દો લો :

“સરકાર એટલે કોણ? સરકાર એટલે કલેક્ટર? સરકાર એટલે મામલતદાર? કે ફોજદાર કે તલાટી? આ બધા મળીને સરકાર બનેલી છે, એટલે એનો ક્યાં પત્તો લાગે? કોઈ એક વ્યક્તિ નથી એટલે આપણે કોને સરકાર માનીએ? આપણે પોતે જ ભ્રમથી અમુક એક જણને સરકાર માનીએ છીએ અને તેનાથી ડરીએ છીએ. પણ તમારે ડરવાનું કશું કારણ નથી. તમે કોઈની ચોરી નથી કરી. તમે લૂંટફાટ નથી કરી. મારામારી કરી નથી. ડરવાનું શું કારણ હોય? . . . પાંચ હજાર માઈલથી આવેલા વાણિયાથી તમે શા માટે ડરો? તમે આ દેશના જ વતનીઓ પોતાના ઘરમાં બેઠા પરદેશી વાણિયાથી ડરો? રાજ્ય કરનારા પરદેશી તો સુરતથી અહીં (બારડોલી) આવતા પણ નથી. એ ત્યાં જ બેસીને મહાલકરીને અને મામલતદાર અને ડેપ્યુટી કલેક્ટરને કહે છે કે તમે લોકોને સમજાવો, દબાવો. એ પોતે તો કોઈ દરિયાકાંઠે કે શીતળ ટેકરી ઉપર હવા ખાતા હશે.”

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



આ શબ્દો અને તેની પહેલાંના ઉતારાના શબ્દો જુદા જુદા ભાષણકર્તાના છે એમ કોઈને લાગે ખરું?

ડિસેમ્બર મહિનામાં સરદારે બિહારનો પંદર દિવસનો પ્રવાસ કર્યો. ગાંધીજીના પ્રથમ શિષ્ય તરીકે એમની પાછળ બિહારીઓ ઘેલા થયા. તામિલનાડમાં સરદારને ઓછું માન નહોતું મળ્યું. પણ બિહારનું માન ગાંધીજી પ્રત્યેની ભક્તિના ભણકારારૂપ હતું. ચંપારણમાં જેમ ગાંધીજીએ ઉગાર્યા તેવી જ રીતે ગાંધીજીના આ શિષ્ય તેમને બીજી આફતોમાંથી ઉગારશે એવી શ્રદ્ધાથી હજારો કિસાનોના ટોળાં તેમને સાંભળવા આવતાં. કિસાનોના પરિશ્રમ ઉપર જીવતા અને વિષયવિલાસમાં પૈસા બરબાદ કરતા જમીનદારો, ગરીબતવંગર વચ્ચે પડેલો મોટો સમુદ્ર, કિસાનની પામરતા, ભીરુતા અને નિરાશા એ બિહારનું એક દુઃખ; જમીનદારોના જાતજાતના જુલમથી કિસાનોને ભોગવવી પડતી વિટંબણાઓ એ બીજું દુઃખ; અને સ્ત્રીઓનો પરદો, પુરુષો અને સ્ત્રીઓ વચ્ચે જ નહીં, પણ સ્ત્રીઓ ને સ્ત્રીઓ વચ્ચે પણ, એ બિહારનું ત્રીજું દુઃખ. આ ત્રણે દુઃખોના નિવારણના ઉપાયો વિષે સરદારને ત્યાં બોલવાનું થયું.

બ્રજકિશોરબાબુ બીમાર હતા અને રાજેન્દ્રબાબુ પણ પથારીવશ હતા. એટલે સરદારના આખા પ્રવાસની વ્યવસ્થા બાબુ અનુગ્રહ નારાયણ સિંહના હાથમાં હતી. પ્રવાસ દરમ્યાન સરદાર વધારેમાં વધારે કિસાનોને મળી શકે એવી યોજના કરવામાં આવી હતી. મોંઘીરમાં પ્રાંતિક પરિષદ રાખવામાં આવી હતી અને તે ઉપરાંત ચંપારણ જિલ્લા પરિષદ, સીતામઢી જિલ્લા પરિષદ તથા ગયા જિલ્લા પરિષદ, એમ ત્રણ જિલ્લા પરિષદો ખાસ સરદારને માટે જ રાખવામાં આવી હતી. આ બધી પરિષદોના પ્રમુખ થવાને સરદારને વિનંતી કરવામાં આવી પણ તેમણે પ્રથમથી જ ના પાડી. એટલે બીજા પ્રમુખ નીમવામાં આવ્યા. પણ તેઓ બે કે ત્રણ મિનિટ જ બોલતા. એક પ્રમુખે કહ્યું :

> "અહીં હું પ્રમુખપદે બેઠો છું પણ અહીં બોલવાનો અધિકાર સરદાર વલ્લભભાઈને જ છે. એમણે કંઈક કામ કરી બતાવ્યું છે. આપણે ગાંધીજીને આગ્રહ કરીને સરદારને બિહારમાં ખેંચી લાવ્યા છીએ, અને એમનો સંદેશો આપણે મેળવવાનો છે."

ચંપારણ જિલ્લા પરિષદના પ્રમુખે કહ્યું :

> "આપણે સરદાર પાસેથી સંદેશો મેળવીને તેમની મારફત ગાંધીજીને એટલું કહેવડાવીએ કે અમે 'ઇન્ડિપેન્ડન્સ' કે 'ડુમિનિયન સ્ટેટસ'માં કશું સમજતા નથી. અમે તો અમારો કેસ તમને બાર વર્ષ ઉપર સોંપ્યો હતો. એ કેસ આજે પણ તમારા જ હાથમાં છે. તમને અમે એટલું કહીએ છીએ કે

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



'ઇન્ડિપેન્ડન્સ' કે 'ડુમિનિયન સ્ટેટસ' વિષે અમને કશું ન પૂછતાં અમને તમારો હુકમ મોકલજો. એ હુકમ પાળવાને માટે અમે તૈયાર બેઠા છીએ."

સરદારે આ પરિષદોમાં અને બીજી સભાઓમાં દોઢ દોઢ કલાક ભાષણો કર્યાં. તેમનાં હિંદી ભાષણોમાં ગુજરાતી શબ્દો પણ આવે, કેટલાક શબ્દો લોકો નહીં પણ સમજતા હોય, પણ તેનો ભાવ તેમની આંખમાંથી તેઓ પકડી લેતા હતા. ત્રણેક ઠેકાણે તો બ્રજકિશોરબાબુને માંદા માંદા પણ સભામાં આવવાનું મન થઈ ગયું. સરદારનાં ભાષણો સાંભળી તેઓ બોલ્યા: 'અમારા ખેડૂતોને આ જ જોઈતું હતું. નિર્ભયતાનો મંત્ર તમે જે રીતે આપો છો તે રીતે ભાગ્યે જ બીજા કોઈ આપી શકે. મને તો લાગે છે અમારી કિસાન આલમને સળગાવીને જ અહીંથી તમે જશો.' તેમનાં ભાષણોમાંથી થોડા ફકરા અહીં ઉતારીશું :

"ચંપારણનો ઇતિહાસ હિંદુસ્તાનના સ્વાતંત્ર્યના ઇતિહાસમાં પહેલું અને અમૂલ્ય પ્રકરણ રોકશે. એ ઇતિહાસના રચનારા તમે ડરપોક શેના હો ? પણ તમારે ત્યાં સત્યાગ્રહ થઈ ગયો છે એમ તમારાં મોં નથી બતાવતાં. એ સત્યાગ્રહનાં પરિણામો તો મોજૂદ છે. ગળીવાળા ગોરાઓનું પગલું અહીં રહ્યું નથી. અને તેમણે નાખેલા અયોગ્ય કરવેરાનું પણ નામનિશાન રહ્યું નથી. છતાં તમારામાંથી ડર ગયો હોય એમ જણાતું નથી. બળદ મોટરથી ભડકે તેમ તમે સરકારના અને જમીનદારના માણસથી ભડકો છો. સરકારનાં અને જમીનદારનાં માણસને બે માથાં કે ચાર હાથ છે શું? ડરવાનું તે તમારે હોય કે એને હોય? તમે તો જગતના અન્નદાતા છો. તમારા જેટલા પવિત્ર જગતમાં કોણ છે? તમે નિર્દોષ છો એમ હું નથી કહેતો. પણ જગતમાં ઓછામાં ઓછો પાપી મનુષ્ય જે પોતાના પરસેવાની રોટી ખાય છે તે છે. તમે તો તમારા પરસેવાની રોટી પૂરી ખાધા વિના પારકાનાં પેટ ભરો છો. તમે ન હો તો જગત એક ઘડીભર નભી ન શકે, અને જગત ન નભે તો જમીનદાર તો નભે જ શાનો ?"

પરદા વિષે બોલતાં એક સ્થળે કહ્યું :

"ગાંધીજી તમને આશીર્વાદ આપે છે. હું તમને ગાળો આપવા આવ્યો છું. તમને શરમ નથી કે તમારી સ્ત્રીઓને પરદામાં રાખીને તમે પોતે જ અર્ધાંગવાયુથી પીડાઓ છો ? એ સ્ત્રીઓ કોણ છે ? તમારી મા, બહેન, પત્ની. એમને પરદામાં રાખીને તમે માનો છો કે તમે એમના શિયળની રક્ષા કરી શકશો? એમનો એવડો અવિશ્વાસ શો ? કે તમારી ગુલામી તેઓ બહાર આવીને જુએ તેથી તમે ભડકો છો ? તમે એને ગુલામ પશુડી જેવી રાખી છે, એટલે એની ઓલાદ તમે પણ ગુલામ પશુ જેવા રહ્યા છો. બારડોલીમાં મેં લોકોને કહેલું કે તમારાં બૈરાંને મને મળવાની અને વાતો કરવાની છૂટ ન આપો તો મારે સત્યાગ્રહ નથી કરાવવો. બૈરાં સમજી ગયાં. સભામાં આવવા લાગ્યાં અને થોડા વખત પછી તો સભામાં પુરુષો જેટલી જ સ્ત્રીઓ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

આવતી હતી. ઘેર જઈને તમારાં બૈરાંને હું કહું છું તે સંભળાવજો અને કહેજો કે ગુજરાતથી એક ખેડૂત આવ્યો હતો તે વાત કરતો હતો કે તમે બહાર ન નીકળો તો આપણે માટે કદી સુખ નથી. મારું જો ચાલતું હોય તો બધી બહેનોને કહું કે આવા બીકણ અને બાયલાઓની સ્ત્રીઓ બનવા કરતાં એમને છેડા ફાડી આપો.”

‘ક્રાન્તિની જય’ના પોકાર કરનારા યુવકોને કહ્યું :

“એક વાર ક્રાન્તિ કરો, પછી જય બોલાવો. જે વસ્તુ નથી તેની જય શી બોલાવવી? હા, એક ક્રાન્તિની જય બોલાવાય. તમારે ત્યાં ચંપારણમાં ‘રેવોલ્યુશન’ થયું હતું. એ રેવોલ્યુશનથી તમે દેશવિદેશમાં જાણીતા થયા. એનો અર્થ પણ ખેડૂતો સમજે. એટલે તમારે નવા રાષ્ટ્રધ્વનિની જરૂર હોય તો બોલોને ‘ચંપારણના સત્યાગ્રહનો જય.’ એ ધ્વનિ ખેડૂતોને જેવા હલાવશે તેવો બીજો કોઈ ધ્વનિ નહીં હલાવી શકે. અને તમે ક્રાન્તિ, ક્રાન્તિ શું કરો છો? તમે તમારા જીવનમાં તો ક્રાન્તિ કરી નથી. જૂના વહેમો અને રીતરિવાજોને તમે વળગી રહેલા છો. પડદો તોડવાની તો તમારી હિંમત નથી. ચાલુ શાળાઓ અને કૉલેજોમાં જઈને તમારે ક્રાન્તિ કરવી છે, તે શી રીતે થવાની છે? ‘મહાત્મા ગાંધીજીકી જય’ના ધ્વનિમાં જે ક્રાન્તિની જય સંભળાય છે તેવી બીજા કયા ધ્વનિમાં સંભળાય છે? કારણ, મહાત્માજી ક્રાન્તિનો અવતાર છે.”

સરદારના જે સંદેશાથી ત્યાંના જમીનદારો ગભરાટમાં પડ્યા તે તો આ હતો. તેમાં ખરો ક્રાન્તિનો ધ્વનિ હતો:

“તમારી અને સરકારની વચ્ચે આ દલાલો ક્યાંથી આવીને બેઠા છે? એમના બાપદાદા જમીન ખેડવા ગયા હતા કે રળવા ગયા હતા? કોણે એમના હક યાવચ્ચંદ્રદિવાકરૌ સાબિત કરી આપ્યા છે? એ સરકારને અમુક જ રકમ આપ્યાં કરે અને તમારી પાસેથી લેવાનું મહેસૂલ વધાર્યે જ જાય, એ કોના ઘરનો કાયદો છે? શા સારુ તમે એ કાયદાને માનો છો? શા સારુ તમારા પેટનો ખાડો પુરાય નહીં ત્યાં સુધી તમે એને કશું આપવાને તૈયાર થાઓ છો? તમે તમારા ખાવા પૂરતું જોઈએ એટલું જ અનાજ પકવીને બેસી રહોને, એટલે એ લોકોને ખબર પડી જશે. જ્યાં જ્યાં અન્યાય લાગે ત્યાં ત્યાં સામે થાઓ. તમારા નેતાઓ સાથે વાતો કરો, સંગઠન કરો, એક થાઓ અને દરેક અન્યાયી કર આપવાની ના પાડો. બારડોલીના ખેડૂત પાસે બીજી તાકાત નહોતી. ‘ના’ પાડીને બેસી રહેવાની તેમનામાં તાકાત હતી. તેમને મરણનો ડર નહોતો, જમીન જવાનો ડર નહોતો, જેલ જવાનો ડર નહોતો. શા સારુ તમે મરણથી ડરો? જમીનદાર અમર થઈને આવ્યો છે? એક વાર મરવું છે તે મરવું છે. પણ તેની કૂંચી નથી સરકારના હાથમાં કે નથી જમીનદારના હાથમાં. કેવળ ઈશ્વરના જ હાથમાં છે. અને જેલનો

Gandhi Heritage Portal

4/25/2021



ડર શા સારુ? તમે અહીં બહાર રહો છો તેના કરતાં તો ત્યાં સુખમાં રહેવાનું છે. તમને અહીં જીવતા રાખવાને કોઈ દવા ન આપે, દૂધ ન આપે. ત્યા માંદા પડો તો તમને દૂધ મળે, દવા મળે. સારા હશો તો કામ કરી ત્રણ ટંક ખાવાનું પામશો. શા સારુ તમે જમીનદારના ગુલામ બનો? શા સારુ તમે એને તાબે થાઓ? તમે તમારું અનાજ પકવો અને સુખે ખાતાં શીખો. . . . તમારી જમીન ઉપર તમને જમીનદાર ઝાડ ન ઉછેરવા દે, તમારી જમીન બીજાને નામે કરી આપતાં જમીનની કિંમતના પચીસ પચાસ ટકા જેટલી સલામી આપવી પડે, એ કોના ઘરનો ન્યાય? તમારે વિષે ધારાસભામાં કાયદો થઈ રહ્યો છે એમ સાંભળું છું. એ કાયદા ઉપર જરાય આધાર ન રાખશો. તમે જે કરશો તે જ કાયદો થવાનો છે. માત્ર તાકાત કેળવો, સંગઠન કરો, એકઠા થાઓ. . . . તમે તમારી માગણીઓ ડાહ્યા નેતાઓ પાસે નક્કી કરાવી તેટલી આપવાની જમીનદારોને ફરજ પાડો. નહીં તો તેમને કહી દો કે તમને કોડી ન મળે અને દાણો અનાજ ન મળે.”

સરદાર આ રીતે આમજનતાને લડતને માટે તૈયાર કરી રહ્યા હતા ત્યાં લાહોર કૉંગ્રેસનું અધિવેશન આવી રહ્યું.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021

# ૩૦

# પૂર્ણસ્વાતંત્ર્યનો ઠરાવ

૧૯૨૯ના ડિસેમ્બરમાં લાહોર ખાતે મળનારા કૉંગ્રેસના અધિવેશનમાં મહત્ત્વના અને કટોકટીના નિર્ણયો લેવાના હતા. ધારાસભાઓ ઉપરથી પં૦ મોતીલાલજીનો પણ વિશ્વાસ પૂરેપૂરો ઊડી ગયો હતો. તેમને ચોક્કસ લાગતું હતું કે તમામ કૉંગ્રેસીઓએ ધારાસભાઓમાંથી રાજીનામાં આપીને નીકળી જવું જોઈએ. તો પછી કરવું શું? ડુમિનિયન સ્ટેટસ કે પૂર્ણસ્વાતંત્ર્ય, એમાંથી કોઈ પણ ધ્યેય રાખો, એ ધ્યેયે સત્વર પહોંચવા માટે સવિનય કાયદાભંગ વિના બીજો કોઈ માર્ગ નહોતો. એવા વખતમાં કૉંગ્રેસનું સુકાન ગાંધીજી જ બરાબર સંભાળી શકશે એમ વડીલ નેતાઓને લાગતું હતું. પ્રાંતોની ભલામણો જોઈએ તો દસ પ્રાંતો ગાંધીજીની તરફેણમાં હતા, પાંચ સરદારની તરફેણમાં અને ત્રણ જવાહરલાલજીની તરફેણમાં હતા. પણ ગાંધીજીએ પ્રમુખ થવાની ચોખ્ખી ના પાડી દીધી. યુવક વર્ગ પં૦ જવાહરલાલજીને પ્રમુખ બનાવવા ઇચ્છતો હતો. પ્રમુખની વરણી કરવા માટે જ સપ્ટેંબરની આખરે ખાસ બોલાવવામાં આવેલી લખનૌની મહાસમિતિમાં યુવક વર્ગ તરફથી એક ભાઈએ કહ્યું પણ ખરું કે:

"ગાંધીજી પોતે જ કહે છે કે પ્રમુખપદ ન સ્વીકારવાનો મેં નિશ્ચય કર્યો છે તો શા સારુ આપણે એમને પજવીએ? એમની શિસ્ત આપણને બહુ આકરી પડે છે, એમના કાર્યક્રમનો અમલ આપણાથી થતો નથી, આપણે નાહકનો એમના નામનો દુરુપયોગ કરીએ છીએ. જવાહરલાલજી જ યુવકોને દોરવાની શક્તિ ધરાવે છે, એટલે એમને નીમવા એ જ સારું છે."

બંને પક્ષની વાત સાંભળી ગાંધીજીએ કહ્યું:

"હું દિલગીર છું કે કૉંગ્રેસનું પ્રમુખપદ સ્વીકારવાની હોંશ કે ઊલટ મને નથી થતી. હું મારી અંગત નબળાઈઓ આગળ નથી કરતો, પણ પ્રમુખ થઈને દેશની સેવા કરવાની મારી અશક્તિ જોઉં છું. હું પ્રમુખ થાઉં તો જ અમુક વસ્તુ થાય એ ભ્રમ છે. સરકાર એવી મૂરખ નથી કે હું પ્રમુખ હોઉં તો અમુક નીતિ સ્વીકારે અને હું પ્રમુખ ન થાઉં તો પોતાની નીતિ બદલે. આજે તમારો લહિયો થઈને તમે જે કામ સોંપશો તે કરીશ, પણ તમારો સારથિ નથી થઈ શકતો. . . . અમુક માણસ — પછી તે ગમે તેટલો મોટો કેમ ન હોય તોપણ — પ્રમુખપદ લેવાની ના પાડે એટલે કામ ન ચાલે એ મનોદશામાંથી આપણે નીકળી જવું જોઈએ. મોટાનાના સૌ આવશે ને જશે,



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો
41/52

પણ હિંદુસ્તાન સ્વતંત્ર થશે અને સૂર્યચંદ્ર તપશે ત્યાં સુધી હિંદુસ્તાન પણ રહેશે એ વિષે મને શંકા નથી.”

ગાંધીજીના આ શબ્દો પછી તેમને આગ્રહ કરવાનો સવાલ જ ન રહ્યો. પછી સરદારનું નામ સૂચવાયું. એમણે તો તરત કહી દીધું કે: ‘જ્યાં સેનાપતિ જવાની ના પાડે છે ત્યાં હું સિપાઈ જવાની શી રીતે હિંમત કરું?’ આખરે જવાહરલાલજીનું જ નામ સભા આગળ રહ્યું અને સર્વાનુમતે તેમની વરણી થઈ. ગાંધીજીએ ‘યંગ ઇન્ડિયા’માં ‘યુવકોની કસોટી’ નામનો લેખ લખ્યો. તેમાં જણાવ્યું:

“યુવકોની હવે કસોટી થવાની છે. આ વર્ષ યુવકોની જાગૃતિનું હતું. સાઈમન કમિશનના બહિષ્કારની જ્વલંત સફળતામાં તેમનો ખરેખર મોટો હિસ્સો હતો. જવાહરલાલની પ્રમુખ તરીકે ચૂંટણી થઈ છે એ યુવકોની સેવાની કદર તરીકે ભલે મનાય. પણ નવજવાનો કેવળ પોતાના જૂના વિજય ઉપર ન જીવે. રાષ્ટ્ર પોતાનું લક્ષ્ય સિદ્ધ કરે તે પહેલાં તેમણે કેટલીયે મજલ કાપવી પડશે. . . . જવાહરલાલ એકલા થોડું જ કરી શકે એમ છે. નવજવાનોએ એમના હાથપગ બનવું પડશે, આંખકાન બનવું પડશે. યુવકો આ વિશ્વાસને લાયક નીવડો.”

વાઈસરૉય લૉર્ડ અર્વિન બ્રિટિશ પ્રધાનમંડળ સાથે મસલત કરવા વિલાયત ગયા હતા ત્યાંથી તા. ૨૫મી ઑક્ટોબરે પાછા હિંદ આવ્યા. તેમણે તા. ૩૧મી ઑક્ટોબરે પોતાનું જાહેરનામું બહાર પાડ્યું. તેના ઉપર વિચાર કરવા માટે પં૦ મોતીલાલજીએ કૉંગ્રેસ કારોબારીની મીટિંગ તા. ૧લી નવેમ્બરે દિલ્હીમાં બોલાવી. બીજા પક્ષના નેતાઓ પણ વાઈસરૉયના જાહેરનામા ઉપર વિચાર કરવા દિલ્હીમાં એકઠા થયા. વાઈસરૉયે પોતાના જાહેરનામામાં કહ્યું કે, શહેનશાહતી સરકારને એમ લાગે છે કે સાઈમન કમિશનનો રિપોર્ટ બહાર પડે અને શહેનશાહતી સરકાર પાર્લમેન્ટ સમક્ષ પોતાની દરખાસ્તો વિચારણા માટે રજૂ કરે તે પહેલાં તેણે બ્રિટિશ હિંદના અને દેશી રાજ્યોના પ્રતિનિધિઓને મળી લઈ છેવટની દરખાસ્તોમાં કેટલે સુધી તેમની સંમતિ મેળવી શકાય એમ છે એ જાણી લેવું આવશ્યક છે. નરમ પક્ષના નેતાઓને તો આ જાહેરનામાથી પૂરો સંતોષ હતો. ઇંગ્લંડમાં તે વખતે મજૂર સરકાર હતી તેને તેઓ મહત્ત્વ આપતા હતા. સર સી. પી. રામસ્વામી, જેઓ તાજા જ વિલાયતથી વિમાનમાં આવ્યા હતા તેમણે એવો મત આપ્યો કે હિંદી વજીર અંતઃકરણપૂર્વક હિંદુસ્તાનને સ્વતંત્ર કરવા ઇચ્છે છે, પણ ખાસ પરિસ્થિતિને લીધે પોતાની ઇચ્છાઓનો અમલ કરી શકતા નથી. માટે તેમને હિંદુસ્તાન તરફથી પૂરો ટેકો મળવો જોઈએ. સર તેજબહાદુર સપ્રુએ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



વાઇસરૉયની સાચદિલીની ખોળાધરી આપી અને કહ્યું કે અત્યારે મળેલી તકનો પૂરો ઉપયોગ કરી લેવામાં નહીં આવે તો હિંદુસ્તાન ભારે થાપ ખાશે. સૌની વાત સાંભળી લીધા પછી ગાંધીજીએ કહ્યું કે હિંદી વજીર અથવા તો વાઇસરૉયની પ્રામાણિકતા કે નિખાલસપણા વિષે આપણે શંકા ન ઉઠાવીએ, પણ આપણે આપણી શરતો સ્પષ્ટ કરવી જોઈએ. હિંદુસ્તાનને ડુમિનિયન સ્ટેટસ તરત જ આપવું જોઈએ એ અભિપ્રાય નરમ દળના નેતાઓ અનેક વાર જાહેર કરી ચૂક્યા છે. કૉંગ્રેસનો કલકત્તાનો ઠરાવ તો આપણી આગળ છે જ. જો એનાથી એક તસુ પણ આપણે પાછા હઠીએ તો દેશનો ભારે વિશ્વાસઘાત થાય. ડુમિનિયન સ્ટેટસ ક્યારે સ્થપાવું જોઈએ અથવા સ્થપાવું જોઈએ કે નહીં એની ચર્ચા કરવાપણું હવે હોય જ નહીં. એ સ્થાપવાના ઉપાયો યોજવા પરિષદ ભરાતી હોય તો જ આપણે તેમાં જઈ શકીએ. મજૂર સરકારની સ્થિતિનો વિચાર કરવો અથવા તેની દયા ખાવી એ હિંદુસ્તાન માટે અપ્રસ્તુત છે. એમ કહીને એમણે પરિષદમાં ભાગ લેવા માટે નીચેની ચાર શરતો રજૂ કરી :

૧. તમામ રાજદ્વારી કેદીઓને છોડી મૂકવામાં આવે.

૨. ડુમિનિયન સ્ટેટસ ક્યારે આપવું એની ચર્ચા માટે નહીં પણ હિંદુસ્તાનના ડુમિનિયન બંધારણની યોજનાનો વિચાર કરવા પરિષદ હોય.

૩. પરિષદમાં કૉંગ્રેસને પ્રધાનપદ આપવામાં આવે.

૪. પરિષદ પછી કાયદો કરીને જે આપવાનું છે તેના ભાવ અને તત્ત્વનો અમલ આજથી જ કરવામાં આવે, જેથી લોકોને એમ લાગે કે સ્વરાજનો નવયુગ આજથી શરૂ થઈ ગયો છે. નવું બંધારણ તો એ હકીકતની નોંધ કરવા પૂરતું હોય.

કૉંગ્રેસ સિવાયના બીજા પક્ષોને આ વસ્તુનો ઘૂંટડો ઉતરાવતાં વાર લાગી. છતાં આશ્ચર્ય એ હતું કે સર તેજબહાદુર સપ્રુ વગેરેએ આ શરતો વંચાવી લીધી અને તે અનુસાર ખરીતો ઘડાયો એમાં બધા નેતાઓએ સહી કરી. એ ખરીતો સંયુક્ત ખરીતો ('જૉઇન્ટ મૅનિફેસ્ટો')એ નામે ઓળખાયો.

આ સંયુક્ત ખરીતા ઉપર ભાષ્ય કરતાં ગાંધીજીએ લખ્યું કે :

"ખરા ડુમિનિયન સ્ટેટસનો અમલ થવા માંડે તો હું તો ડુમિનિયન બંધારણની પણ પરવા ન કરું. એટલે કે, બ્રિટિશ પ્રજાનું સાચું હૃદય-પરિવર્તન થાય, હિંદુસ્તાન મુક્ત અને સ્વમાનયુક્ત રાષ્ટ્ર થાય એ જોવાનો તેનામાં સદ્ભાવ પ્રગટે અને હિંદમાં આવેલા અમલદારોમાં સેવાની સાચી ભાવના જાગે. આનો અર્થ એ થયો કે પોલાદની સંગીનોને બદલે લોકોના સદ્ભાવ ઉપર તેઓ ભરોંસો રાખતા થાય. અંગ્રેજ પુરુષો અને સ્ત્રીઓ પોતાના જાનમાલની સલામતી માટે શસ્ત્રસજ્જ કિલ્લાઓને બદલે પ્રજાના સદ્ભાવ ઉપર આધાર રાખવા તૈયાર છે? જો તૈયાર ન હોય તો બીજા કશા ડુમિનિયન

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

સ્ટેટસથી મને સંતોષ થાય એમ નથી. ડુમિનિયન સ્ટેટસનો મારો ખ્યાલ એવો છે કે જો મારી એવી ઇચ્છા થાય તો આજે જ બ્રિટિશ સંબંધ તોડી નાખવાની મારી પાસે સત્તા હોવી જોઈએ. બ્રિટન અને હિંદ વચ્ચેના સંબંધના નિયમનમાં બળજબરી જેવું કશું હોવું જોઈએ નહીં.

“સંભવ છે કે હું જે અર્થો કાઢું છું તેની મન્જૂર સરકારે કદી કલ્પના પણ ન કરી હોય. આવો અર્થ કાઢવામાં સંયુક્ત ખરીતાનો તાણીતૂસીને વધારેપડતો અર્થ મેં કર્યો છે એમ હું તો માનતો નથી. છતાં ધારો કે આ બધા અર્થોનો ભાર ખરીતો ખમી શકે એમ ન હોય તોપણ ઇગ્લંડના તેમ જ હિંદમાંના મિત્રો પ્રત્યે મારી ફરજ છે કે મારી વાતનો મૂળ મુદ્દો મારે તેમની આગળ સ્પષ્ટ કરવો જોઈએ.”

વાઈસરૉયના જાહેરનામામાં કાંઈ બહુ વાત કહી નાખી નહોતી. છતાં એના ઉપર પણ પાર્લમેન્ટમાં ભારે શોરબકોર મચ્યો. હિંદી વજીરે એના ખુલાસામાં જે કહ્યું તે ઉપરથી હિંદુસ્તાનમાં બહુ નિરાશા ફેલાઈ. પાર્લમેન્ટમાં થયેલી ચર્ચા ઉપર વિચાર કરવા તા. ૧૬મી નવેમ્બરે અલ્લાહાબાદમાં ફરી સર્વપક્ષી પરિષદ મળી અને તેની સાથે કૉંગ્રેસ કારોબારીની બેઠક પણ થઈ. વાઈસરૉયના આવા દમ વિનાના જાહેરનામાથી પોમાઈ જઈ કૉંગ્રેસ નેતાઓ આમ દોડાદોડી કરે તેમાં જવાહરલાલજી તથા સુભાષબાબુને કૉંગ્રેસની કાકલૂદી જણાતી હતી. એટલે કૉંગ્રેસ કારોબારી કશો નિર્ણય કરે તે પહેલાં જ તેમણે બન્નેએ પોતાનો વિરોધ દર્શાવવા કારોબારીમાંથી રાજીનામાં આપ્યાં. પં૦ મોતીલાલજી પણ પાર્લમેન્ટની ચર્ચાથી બહુ ગુસ્સે થયા હતા. કેટલાક વૃત્ત-વિવેચકો વાઈસરૉયને સૂચવવા લાગ્યા કે લાહોર કૉંગ્રેસ ભરાય તે પહેલાં તેણે એવું કાંઈક જાહેર કરવું જોઈએ, જેથી નેતાઓને એમ ન લાગે કે આપણે કૉંગ્રેસમાં ખાલી હાથે જઈએ છીએ. નરમ દળના નેતાઓ લંડનમાં ભરાનારી પરિષદને ગોળમેજી પરિષદ કહેતા હતા અને તેમાં જવા માટે તલપાપડ થઈ રહ્યા હતા. જોકે વાઈસરૉયે પોતાના જાહેરનામામાં કે ત્યાર પછી ગોળમેજી શબ્દ વાપર્યો ન હતો. એમણે તો લંડન પરિષદ એમ જ કહ્યું હતું અને પરિષદને અંગે ખાસ કશું વચન પણ આપ્યું ન હતું. પણ સર તેજબહાદુર સપ્રુ બહુ ઇચ્છતા હતા કે વાઈસરૉય તથા ગાંધીજી અને પં૦ મોતીલાલજીની મુલાકાત થાય અને તેમાંથી કાંઈક રસ્તો નીકળે. છેવટે તા. ૨૩મી ડિસેમ્બરે મુલાકાત ગોઠવાઈ. વાઈસરૉય દક્ષિણ તરફ ગયા હતા ત્યાંથી તે જ દિવસે દિલ્હી આવ્યા. તેઓ દિલ્હી આવતા હતા તે વખતે નવી દિલ્હી એક જ માઈલ રહ્યું હતું ત્યાં તેમની ટ્રેનની નીચે બૉમ્બનો ધડાકો થયો. વાઈસરૉય સહેજમાં બચી ગયા. તેમના ભોજનના સલૂનને નુકસાન થયું અને

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



એક નોકરને ઈજા થઈ. મુલાકાતમાં ગાંધીજી અને પં૰ મોતીલાલજી ઉપરાંત બીજાં દૃષ્ટિબિન્દુ રજૂ કરવા માટે જનાબ ઝીણા, સર તેજબહાદુર તથા શ્રી વિઠ્ઠલભાઈ પટેલને પણ બોલાવવામાં આવ્યા હતા. સવારમાં જ જીવને જોખમકારક અકસ્માતમાંથી પસાર થયેલા હોવા છતાં વાઈસરૉયે નેતાઓનું બહુ પ્રસન્નતાપૂર્વક, હાર્દિક સ્વાગત કર્યું. પોણો કલાક તો ઑમ્બની વાત ચાલી. પછી વાઈસરૉયે કહ્યું : 'બોલો ક્યાંથી શરૂ કરીશું? કેદીઓની મુક્તિનો પ્રશ્ન લઈએ?' ગાંધીજીએ કહ્યું કે, 'પૂર્ણ ડુમિનિયન સ્ટેટસના પાયા ઉપર જ પરિષદનું કામ ચાલવું જોઈએ. એ બાબતની અમારે તમારી પાસેથી ખાતરી જોઈએ છે.' વાઈસરૉયે કહ્યું કે, 'મારા જાહેરનામામાં સરકારની જે સ્થિતિ સ્પષ્ટ કરેલી છે તેથી આગળ કશું વચન હું આપી શકું નહીં. વળી તમે ડુમિનિયન સ્ટેટસનું ચોક્કસ વચન માગો છો તે આપીને પરિષદનું આમંત્રણ આપવાની સ્થિતિમાં હું નથી.'

વાઈસરૉયે આટલી સ્પષ્ટતા કર્યા પછી કોઈ પણ જાતની વધુ આશા રાખવાનો પ્રશ્ન જ રહ્યો નહીં. સરકારની સાથે મરણિયો જંગ ખેલી લીધા વિના છૂટકો જ નથી એવી દૃઢ પ્રતીતિના વાતાવરણમાં લાહોર કૉંગ્રેસની બેઠક જવાહરલાલજીના પ્રમુખપણા નીચે થઈ, અને ગયા વર્ષની કલકત્તા કૉંગ્રેસમાં કરેલા સંકલ્પને અનુસરીને પૂર્ણ સ્વાતંત્ર્યનો ઠરાવ તેમાં પસાર થયો.

## પૂર્ણસ્વાતંત્ર્યનો ઠરાવ

"વાઈસરૉય સાહેબના તા. ૩૧મી ઑક્ટોબરના જાહેરનામાના જવાબમાં કૉંગ્રેસી અને બીજા નેતાઓએ પ્રગટ કરેલા ડુમિનિયન સ્ટેટસ બાબતના સંયુક્ત ખરીતા વિષે કારોબારીએ લીધેલા પગલાને આ કૉંગ્રેસ બહાલ રાખે છે, અને વાઈસરૉય સાહેબે સ્વરાજની રાષ્ટ્રીય હિલચાલનું સમાધાન કરવા માટે કરેલા પ્રયત્નોની કદર કરે છે.

"પણ ત્યાર પછી બનેલી સઘળી ઘટનાઓને તથા ગાંધીજી, પં૰ મોતીલાલજી અને બીજા નેતાઓની વાઈસરૉય સાથે થયેલી છેલ્લી મુલાકાતને ધ્યાનમાં લઈને, આ કૉંગ્રેસનો એવો અભિપ્રાય થાય છે કે સરકારે બોલાવવા ધારેલી ગોળમેજી પરિષદમાં વર્તમાન સંજોગોમાં કૉંગ્રેસ ભાગ લે તેથી કશો લાભ થવાનો નથી.

"એટલે ગયે વર્ષે કલકત્તાની બેઠકમાં પસાર કરેલા ઠરાવને અનુસરીને આ કૉંગ્રેસ જાહેર કરે છે કે કૉંગ્રેસના બંધારણમાં સ્વરાજ શબ્દ છે તેનો અર્થ પૂર્ણસ્વાતંત્ર્ય એવો કરવો. વધુમાં આ કૉંગ્રેસ એમ જાહેર કરે છે કે નેહરુ કમિટીના રિપોર્ટમાં આલેખેલી બંધારણની યોજના આખી હવે રદ થાય છે અને આશા રાખે છે કે હવે પછી હિંદુસ્તાન સંપૂર્ણ સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરે તે માટે સઘળા કૉંગ્રેસીઓ પોતાની તમામ શક્તિ કેન્દ્રિત કરશે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



"સ્વાતંત્ર્યના સંગ્રામનો વ્યૂહ રચવાના પ્રારંભિક પગલા તરીકે અને કૉંગ્રેસની નીતિ પોતાના બદલાયેલા ધ્યેયને બને તેટલી અનુરૂપ બનાવવાના હેતુથી આ કૉંગ્રેસ, કાંગ્રેસીઓને અને રાષ્ટ્રીય હિલચાલમાં ભાગ લેતા બીજાઓને સૂચવે છે કે તેમણે ભાવી ચૂંટણીઓમાં સીધી કે આડકતરી રીતે ભાગ ન લેવો અને જે કૉંગ્રેસીઓ ધારાસભાઓમાં તથા તેની કમિટીઓમાં કામ કરતા હોય તેમને ફરમાન કરે છે કે તેમણે પોતાની જગ્યાઓનું રાજીનામું આપી દેવું.

"આ કૉંગ્રેસ પ્રજાને અપીલ કરે છે કે તેણે કૉંગ્રેસનો રચનાત્મક કાર્યક્રમ આગળ ધપાવવો અને મહાસમિતિને સત્તા આપે છે કે જ્યારે તેને યોગ્ય લાગે ત્યારે અમુક પસંદ કરેલાં ક્ષેત્રોમાં અથવા બીજે જરૂર જણાય તો ત્યાં પોતાને આવશ્યક લાગે એવી સાવચેતી રાખીને તેણે કાયદાના સવિનય ભંગની તથા નાકરની લડતો શરૂ કરવી."

આમ લાહોરની કૉંગ્રેસમાં રણદુંદુભિ વાગ્યાં. જે મહાન જંગમાં સર્વસ્વનો ભોગ આપી ઝંપલાવવાનું હતું તેની એક સૂચક પૂર્વતૈયારી તરીકે સરદારે પોતાનું અમદાવાદનું ઘર કાઢી નાખ્યું. એ ઘર હતું તો ભાડાનું જ, માલકીનું નહોતું; પણ તેમ કાઢી નાખી તેઓ અનિકેત બન્યા અને સારા હિંદુસ્તાનને પોતાનું ઘર માન્યું. બારડોલી સત્યાગ્રહની લડત પછી બારડોલી આશ્રમ પ્રત્યે તેમની વિશેષ મમતા બંધાઈ હતી. એટલે ગુજરાતમાં હોય ત્યારે બારડોલી આશ્રમને પોતાનું રહેવાનું મુખ્ય સ્થાન રાખતા. '૩૦ ના આરંભથી તે '૩૪ની આખર સુધીનાં લડતનાં પાંચ વરસ તો સરકારની જેલ જ ઘર બની ગયું હતું. તે વખતે બારડોલી આશ્રમ પણ સરકારને કબજે પડ્યો હતો. પછીથી સરદારનું ગુજરાતમાં રહેવાનું ઓછું થતું ગયું અને સારા દેશમાં ફરવાનું આવી પડ્યું.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021

# સૂચિ


**અમદાવાદ** ૭૪, ૧૩૦–૩, ૧૩૪, ૧૫૦–૧, ૧૫૪–૫, ૩૭૧–૩; –ના મજૂરોની લડત ૧૨૧–૪; ૦પ્રજાકીય કેળવણીમંડળની શાળાઓ ૧૯૨–૪; ૦પ્રજાકીય પ્રાથમિક કેળવણીમંડળની સ્થાપના ૧૯૦; –માં ’૨૧ની કૉંગ્રેસ ૧૮૨–૯

અમદાવાદ મ્યુનિસિપાલિટી ૪૫ ઇ૦, ૩૫૪ ઇ૦; ૦કૅમ્પ વિસ્તારના પાણીનો ઝઘડો ૫૭, ૩૫૯–૬૦; ૦ગટરોની યોજના ૩૬૦, ૩૬૧; –ના કાઉન્સિલરો પર કેસ ૧૯૫–૯; –ની બરતરફી ૧૮૦; –નો અસહકારનો ઠરાવ ૧૬૧; –નો અસહકારમાં ફાળો ૧૬૧–૮૧; ૦પાણીની વ્યવસ્થા ૫૯–૬૪; –માં સરદાર ચૂંટાયા ૪૭; ૦રિલીફ રોડ ૬૪, ૩૬૨; ૦વૉટરવર્ક્સના ઍંજિનનો ઝઘડો ૫૭, ૩૫૭–૯; ૦શુક્કર તળાવનો ઝઘડો ૪૮–૯; ૦શ્રી ભગતનો સવાલ અને સરદારનું રાજીનામું ૩૬૩–૬; ૦સરકારે જુદી શાળાઓ કાઢી ૧૬૬

અમન સભાઓ ( Leagues of Peace and Order ) ૧૫૨–૩

અમૃતસર ૧૩૦, ૧૩૧, ૧૩૩

અર્વિન, લૉર્ડ ૪૯૦

અલી ઇમામ, સર ૪૩૫

અલી બહારવટિયો ૨૯૬

અલીભાઈઓ ૧૫૫

અસહકાર ૧૪૦ ઇ૦; –ના ઠરાવનો વિરોધ ૨૪૨ ઇ૦

અંબાલાલ સારાભાઈ, શેઠ ૩૬૬

આઝાદ, અબુલ કલામ ૧૫૮

આણંદ ૧૯–૨૦, ૨૨૨, ૨૨૩, ૨૨૪

આફવા ૪૫૩

આયંગર, શ્રી શ્રીનિવાસ ૪૭૮

આસર, આનંદી ૧૫૫, ૧૫૬

ઇમામસાહેબ ૩૯૬

ઍન્ડર્સન, મિ. ૩૮૮–૯, ૪૫૩, ૪૫૭

કચ્છ ૧૫૫–૬

કડોદ ૪૦૩

કપડવંજ ૮૨

કરમસદ ૩, ૪, ૫, ૯, ૧૧, ૧૦૩, ૩૩૬–૮

કર્ઝન, વાઈલી ૩૫

કર્ણાટક ૪૮૨–૩

કલકત્તા ૧૫૮

કલેક્ટર, અમદાવાદ ૬૪–૫

કલેક્ટર, ખેડા ૮૦, ૮૮, ૧૧૬

કલ્યાણજીભાઈ ૨૨૩

કસ્તૂરભાઈ, શેઠ ૩૮

કાઠિયાવાડ રાજકીય પરિષદ ( પાંચમી ) ૪૬૯–૭૨

કાર્માઇકલ ૮૮

કાલેલકર, કાકાસાહેબ ૧૮૫

કાશીભાઈ શામળભાઈ ૧૬

કાળા કાયદા, જુઓ ‘ રોલૅટ કાયદા ’

કીચલુ ૧૩૦

કૃષ્ણદાસ ૧૫૬

કૅમ્પ ૫૭, ૩૫૯–૬૦

કેળકર, શ્રી ૨૪૨, ૨૫૨

કોકોનાડા ૩૪૨–૩

કોઠારી, શ્રી મણિલાલ ૨૪૫, ૪૨૭

કૉંગ્રેસ ૧૩૭–૮, ૧૪૬–૭, ૧૪૮–૯, ૧૫૭, ૧૮૨–૯, ૩૪૨–૩, ૪૬૦, ૪૬૧–૫, ૪૮૯–૯૪

ક્લાર્ક, મિ., નાગપુરનો કમિશનર ૧૬૭, ૨૮૨, ૨૮૪, ૨૮૮–૯

ખિલાફત ૧૩૮–૯, ૧૪૨–૩

ખેડા ૧૯, ૩૯–૪૦, ૩૭૩, ૪૧૮




Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

47/52

ખેડા સત્યાગ્રહ ૭૬–૧૨૦; ૦આનાવારી કાઢવાની પદ્ધતિમાં મતભેદ ૯૪–૬; ૦કપડવંજના મામલતદારનો સર્ક્યુલર ૮૨; ૦ખેડાના કલેક્ટરનો સર્ક્યુલર ૮૮; ૦ખેડૂતોની અરજી ૭૮–૯; ૦ગવર્નરને છેલ્લી વિનંતી ૯૬; ૦ગામોની આનાવારીની તપાસ ૯૩–૪; ગાંધીજી ખેડા આવ્યા ૯૩; ૦ગાંધીજીનો આનાવારીની ફેર તપાસ કરવાનો નિર્ણય ૯૩; ૦ગાંધીજીની છેલ્લી વિનંતી ૯૭; –ના મુદ્દાની સમજણ ૧૦૦–૧; –નો અંત ૧૧૬; –નો આરંભ ૯૮–૯; ૦પાક નિષ્ફળ ગયો ૭૭; ૦પ્રજાને વિઘોટી ભરવાનું મુલતવી રાખવાની સલાહ ૮૪; ૦પ્રૅટની મુલાકાત ૮૫–૬; ૦પ્રૅટનું ભાષણ ૧૦૪–૮; ૦પ્રૅટને સરદારનો જવાબ ૧૦૭–૮; ૦મહેસૂલમુલતવીની માગણી ૭૯–૮૦; ૦મુંબઈ સરકારની યાદી ૮૮; –માં ભાગ લેવા ગાંધીજી આવ્યા ૯૦; ૦વિઘોટી ન ભરવાની સલાહ ૮૪; ૦સરકાર તરફથી મામૂલી મહેસૂલ મુલતવી ૮૦; ૦સરકારનો જુલમ ૮૦–૧

ગાના ૧૭

ગાંધી, કસ્તૂરબા ૨૪૩

ગાંધીજી ૧૧, ૫૮, ૬૭, ૬૮–૯, ૭૧, ૮૩, ૮૬–૭, ૯૦, ૯૧, ૯૮–૯, ૧૦૦–૧, ૧૦૩, ૧૧૦, ૧૧૧, ૧૧૩, ૧૨૭, ૧૫૫–૬, ૧૫૮, ૨૩૮–૯, ૩૩૪–૫, ૩૪૩, ૩૪૮–૫૩, ૪૧૯, ૪૬૧–૪, ૪૯૧–૨

ગાંધી, દેવદાસ ૨૫૮

ગુજરાત ૧૫

ગુજરાત રાજકીય પરિષદ ૭૦–૨

ગુજરાત સભા ૬૬–૭૫, ૮૩–૪

ગુલાબરાજા ૨૯–૩૦

ગૂજરાત વિદ્યાપીઠ ૧૪૬, ૨૪૪–૫, ૩૬૦

ગૅરેટ, મિ. ૩૮૫–૬

ગોધરા ૧૮, ૭૦

ચંદાવરકર, સર નારાયણ ૧૪૪

ચાતુર્વેદી, માખનલાલ ૨૮૨

ચિંતામણિ, શ્રી ૪૩૫

ચૌરીચોરા ૨૩૨

છોટાલાલ માસ્તર ૧૩–૪

જબલપુર ૨૬૩

જમીનદારો ૪૮૭–૮

જયકર, શ્રી ૩૮૭, ૩૮૯, ૪૫૩

જલિયાંવાલા બાગ ૧૩૩

જાનકીદાસજી ૩૦

ઝીણા, કાયદે-આઝમ ૬૬, ૭૧, ૧૪૮

ઠાકોર, શ્રી ચિમનલાલ ૪૩, ૪૫, ૪૬

ડાયર, જનરલ ૧૩૯

ડાયર, મિ. ૫૩–૪

ડુંગરભાઈ મૂળજીભાઈ ૧૬, ૧૮

ડેવિસ, મિ. જી. ૩૪

તામિલનાડ ૪૭૭–૮૧

તિલક, લોકમાન્ય ૬૬–૭, ૭૧, ૧૧૨–૩, ૪૮૩–૪

તૈયબજી, અબ્બાસ સાહેબ ૧૪૯, ૨૨૩, ૨૫૨, ૩૨૭, ૩૬૨

દરબારસાહેબ ૩૪૫–૬

દાસ, દેશબંધુ ૧૫૮–૯, ૧૮૬, ૨૪૮–૯, ૨૫૦, ૨૫૨, ૨૫૩, ૨૫૫–૬, ૩૫૦–૧

દિલ્હી ૧૩૦

દેસાઈ, જીજીભાઈ વસ્તાભાઈ [આજા] ૬

દેસાઈ, ડુંગરભાઈ [મામા] ૬, ૧૪

દેસાઈ, પ્રાણલાલ કિરપારામ ૧૬૭, ૧૯૪

દેસાઈ, ભૂલાભાઈ ૪૫૨, ૪૫૩

દેસાઈ, મહાદેવભાઈ ૬, ૪૨, ૨૬૧, ૪૩૬

દેસાઈ, શ્રી કૃષ્ણલાલ ૮૫

દ્વૈપ ૮૦–૧

દોરાબજી શેઠ ૪૧૩

ધારાસભાની ચૂંટણી ૧૪૭

ધારાસભા પ્રવેશ ૨૪૨–૩, ૨૪૮–૬૨, ૩૪૮

ધિંગરા ૩૫

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

નડિયાદ ૬, ૧૧, ૧૨, ૧૬, ૪૪, ૧૩૨, ૧૩૩–૪, ૧૩૬, ૨૦૦–૧૨, ૨૪૬, ૩૨૫–૮, ૩૮૩
નરવણે માસ્તર ૧૪
નરસિંગપુર ૨૬૮
નાગપુર ૧૪૮
નાગપુર સત્યાગ્રહ ૨૬૩–૯૩; ૦કેદીઓની મુક્તિમાં વિલંબ ૨૮૪–૭; જમનાલાલજીની ધરપકડ ૨૭૦; ૦જેલનો વર્તાવ ૨૭૩–૪; ૦નરસિંગપુરના ડે૦ કમિશનરનું 'ફરમાને આમ' ૨૬૮–૯; ૦સમાધાન ૨૮૦; ૦સરદારનું સંચાલન ૨૭૪–૯૩; ૦સરદારનો પોલીસ સુપરિ૦ને પત્ર ૨૮૧; ૦સેવનીના કમિશનરનું જાહેરનામું ૨૬૭–૮
નીલકંઠ, સર રમણભાઈ ૪૫, ૪૭, પર
નેહરુ કમિટી ૪૬૧
નેહરુ, પં. જવાહરલાલ ૨૩૬, ૪૬૨, ૪૯૩
નહેરુ, પં. મોતીલાલ ૨૫૨–૩, ૨૮૯–૯૦, ૪૩૪, ૪૫૯, ૪૬૧, ૪૮૯
પટેલ, કાશીભાઈ [ભાઈ] ૬, ૭, ૯,
પટેલ, જોરાભાઈ ભાઈબાભાઈ ૩૨
પટેલ, ઝવેરબા [પત્ની] ૧૭, ૨૨
પટેલ, ઝવેરભાઈ [પિતા] ૩–૬, ૧૦, ૩૩૪
પટેલ, ડાહીબા [બહેન] ૭
પટેલ, ડાહ્યાભાઈ [પુત્ર] ૨૨, ૨૩, ૧૫૪, ૩૨૨, ૩૩૬, ૩૩૯–૪૦
પટેલ, નરસિંહભાઈ [ભાઈ] ૭
પટેલ, મગનભાઈ ચતુરભાઈ ૩૫, ૪૫
પટેલ, મણિબહેન [પુત્રી] ૨૨, ૨૩, ૧૫૪, ૩૩૨, ૩૩૬, ૩૩૯–૪૦
પટેલ, લાડબાઈ [માતા] ૩, ૬, ૩૩૬–૮
પટેલ, વલ્લભભાઈ ૦અમદાવાદ કૉંગ્રેસની વ્યવસ્થા ૧૮૨–૮૯; ૦અમદાવાદમાં બૅરિસ્ટર તરીકે ૩૭; ૦અ૦ મ્યુ૦માં ચૂંટાયા ૪૭; ૦અ૦મ્યુ૦માં જોડાવાનું નિમિત્ત–મિ૦ શિલિડી ૪૬; ૦અ૦મ્યુ૦ના પ્રમુખ ૩૫૪–૬૬ ૦અ૦ મ્યુ૦ના પ્રમુખપદનું રાજીનામું ૩૬૬; ૦અ૦મ્યુ૦ મારફત અસહકારની લડત ૧૬૦–૮૧; ૦અ૦ મ્યુ૦માં પાણીની વ્યવસ્થા ૫૯–૬૪; ૦અંગ્રેજીનો શોખ ૧૨; ૦કર ન ભરનારાઓ પાસે કર ભરાવવાનું પ્રકરણ (અ૦ મ્યુ૦) ૫૪–૫; ૦કરમસદનું જીવન ૪; ૦કર્ણાટકમાં ૪૮૨–૩; કોર્ટની ફેરબદલી ૧૯–૨૦, ૦ખાદી શરૂ કરી ૧૫૪; ૦ખેડાની લડતમાં ઝુકાવ્યું ૮૪; ૦ગવર્નર, નાગપુર સાથે મુલાકાત ૨૭૮; ૦ગોધરાથી બોરસદ આવ્યા ૧૮; ૦ચુસ્ત નાફેરવાદી ૨૪૮–૬૨; ૦ડિસ્ટ્રિક્ટ પ્લીડર થયા ૧૬; ૦તામિલનાડનો પ્રવાસ ૪૭૭–૮૧; ૦દારૂનિષેધની પ્રવૃત્તિ ૪૬૬–૮; ૦નડિયાદ હાઈસ્કૂલનાં તોફાન ૧૨–૩; ૦નાગપુર સત્યાગ્રહનું સંચાલન ૨૭૪–૯૩; –નાં ભાંડુઓ ૭; નાં લગ્ન ૧૭; –ની ઊલટતપાસના નમૂના ૪૦–૨; –ની કર્તવ્યબુદ્ધિ ૨૨; –ની જન્મતારીખ ૧૦; –ની તિલક સાથે સરખામણી ૪૮૩–૫; –ની વકીલાતના પ્રસંગો ૨૩–૩૦; –ની હાજરજવાબી ૩૦; –નું ગૃહજીવન ૩૨૯–૪૧; –નું મનોરંજન ૩૪૧; –ને બદલે વિઠ્ઠલભાઈ વિલાયત ગયા ૨૧; –નો જન્મ–નડિયાદમાં ૬; –નો વિદ્યાભ્યાસ ૧૦–૭; ૦પત્નીનું અવસાન ૨૨; ૦પરદેશી કાપડ પર ચોકી ૨૪૫–૭; ૦પશ્ચિમનો સુધારો ૧૫૨; ૦પહેરામણીની પ્રથા વિષે ૧૭; ૦પાછા દેશમાં ૩૭; ૦પિતાની મુલાકાત ૩–૪; ૦પોતાના જીવન વિષે ૧૫; ૦પ્લેગમાં સપડાયા ૧૮; ૦બારડોલી સત્યાગ્રહનું સંચાલન ૩૯૨–૪૪૭; ૦બિહારમાં ૪૪૪–૭; ૦બૅરિસ્ટર તરીકે ૩૮–૪૨; ૦બોરસદ સત્યાગ્રહનું સંચાલન ૨૯૪–૩૨૫; ૦બ્રિજની શરત ૪૩; ૦મહારાષ્ટ્ર રાજકીય પરિષદના પ્રમુખ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

૪૭૧–૫; ૦માતપિતાનો ધાર્મિક વારસો ૭–૮; ૦માર્શલ લૉ વખતે શાંતિકાર્ય ૧૩૧–૨; મિ. મેકાસેનો વિરોધ ૫૧–૪; ૦રેલવેમાં થતી ચોરી અટકાવી ૩૨૫–૮; ૦રેલસંકટમાં રાહતકાર્ય ૩૭૪–૮૬; ૦વકીલાત ૧૮–૩૧; ૦વડોદરાની હાઈસ્કૂલમાં તોફાન ૧૩–૪; ૦વાડિયા (વૉટરવર્કર્સનો ઇજનેર)નું પ્રકરણ ૫૫–૭; ૦વિદ્યાભ્યાસ કાળની ગરીબાઈ ૧૧–૨; ૦વિલાયત જવાની તૈયારી ૨૦–૧; ૦વિલાયત જવા રવાના ૨૩; વિલાયતમાં અભ્યાસ ૩૨–૬; ૦વેઠવારાની પદ્ધતિની નાબૂદી ૭૨–૩; ૦શાળામાં તોફાન ૧૨–૪; ૦સહનશક્તિનો નમૂનો ૮–૯; ૦સુઘડતાની ટેવ ૯; ૦સૈન્યભરતીના કામમાં ૧૨૫–૬; ૦સ્વરાજની કલ્પના ૧૫૧–૨

પટેલ, વિઠ્ઠલભાઈ [ભાઈ] ૬, ૭, ૧૦, ૧૮-૯, ૨૧, ૨૨, ૨૩, ૩૭, ૭૯–૮૦, ૨૨૭–૯, ૨૪૯, ૨૫૦, ૨૫૨, ૨૫૬–૭, ૨૭૫, ૨૭૮, ૨૮૦, ૨૮૪, ૩૩૪–૫, ૩૮૨–૩, ૪૨૬

પટેલ, શિવાભાઈ ૪૫, ૫૧–૨, ૬૬

પટેલ, સોમાભાઈ [ભાઈ] ૭

પરદો ૪૮૫

પરાંજપે, સર રઘુનાથ ૧૭૧–૨

પરીખ, શંકરલાલ ૧૦૨

પંજાબ ૧૩૦, ૧૩૩, ૧૩૭–૮, ૧૪૨–૩

પંડ્યા, શ્રી મોહનલાલ ૭૬–૭, ૧૧૯

પાટીલ, શ્રી ગોવિંદરાવ ૪૫, ૬૬

'પાયોનિયર' ૪૩૫

પારેખ, ના૦ ગોકુળદાસ ૭૯

પારેખ, રા૦ બ૦ ગિરધરલાલ ૧૯૫

પાલ, બિપિનચંદ્ર ૩૫

પિકેટિંગ ૧૫૩–૫

પિયર્સન, ડૂ ૩૪૭

પુરુષોત્તમ ઠાકોરદાસ, સર ૪૩૩

પૂર્ણસ્વાતંત્ર્યનો ઠરાવ ૪૯૩–૪

પેટલાદ ૧૧, ૧૨

પ્રેટ, મિ. ૫૦–૪, ૭૨–૩, ૮૫–૬, ૯૨, ૯૬, ૯૭, ૧૦૪–૮, ૧૧૧, ૧૧૪, ૧૬૮ ઇ૦, ૧૯૪

બર્કનહેડ, લૉર્ડ ૨૩૭–૮

બજાજ, જમનાલાલ ૨૬૪, ૨૭૦–૨

બાબર દેવા ૨૯૫–૬

બારડોલી ૨૨૨–૫, ૨૨૭–૩૧

બારડોલી સત્યાગ્રહ ૩૮૭–૪૬૫; ૦આખો જિલ્લો: કારાગૃહ ૪૧૨; ૦કમિશનરનો પત્ર અને તેનો જવાબ ૪૧૭–૨૦; ૦કૉંગ્રેસનો ઠરાવ ૪૨૧–૨; ૦ખેડૂતોની સભા ૩૯૨–૩; ૦ગવર્નરની ધમકી ને તેનો જવાબ ૪૩૯–૪૧; ૦ગાંધીજી આવ્યા ૪૪૩; ૦જપ્તી ૪૧૧-૨; ૦જૂનું મહેસૂલ ભર્યું ૪૪૭; ૦ 'ટાઈમ્સ ઑફ ઇંડિયા'નો ખબરપત્રી બારડોલીમાં ૪૩૬–૭; ૦તપાસ સમિતિની નિમણૂક ૪૪૮–૯; ૦તપાસ સમિતિનું કાર્ય ૪૫૨–૭; ૦ધારાસભાના સભ્યોની બનાવટ ને તેમનાં રાજીનામાં ૪૨૦–૧; ૦મહેસૂલમાં વધારો ૩૮૭-૯૦; ૦મહેસૂલ વધારવાનાં કારણોનો પ્રજાનો જવાબ ૩૯૦–૧; ૦મુનશીનો ગવર્નરને કાગળ ૪૩૧–૨; ૦વિનીત પક્ષના આગેવાનો બારડોલીમાં ૪૩૪; ૦વિષે અલી ઇમામનો અભિપ્રાય ૪૩૫; ૦વિષે 'પાયોનિયર' ૪૩૫; ૦વિષે મોતીલાલ નહેરુ ૪૩૪; ૦વિષે વિનીતો ૪૩૪; ૦વિષે શ્રી ચિંતામણિ ૪૩૫; ૦વિષે શ્રી સપ્રુ ૪૩૫; ૦સત્યાગ્રહનો ઠરાવ ૩૯૫; ૦સત્યાગ્રહીઓની જમીન પરત ૪૪૭; ૦સમાધાન માટે સરકારની અને સરદારની શરતો ૪૩૮–૯; ૦સમાધાની ૪૪૪-૬; ૦સમાધાનીના અમલમાં સરકાર તરફથી

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021



મુશ્કેલી ૪૪૮–૯; ૦સરકારના વિચિત્ર હુકમો ૪૧૪; ૦સરકારનો સુલેહનો નિષ્ફળ પ્રયત્ન ૪૨૩–૪; ૦સરકાર સાથે પત્રવહેવાર ૩૯૮–૯;૦સરકારી આંકડાની પોકળતા જણાઈ ૪૫૩–૭;૦ સરકારી જાહેરનામું અને તેનો જવાબ ૪૨૪–૬; ૦સરદારની ગવર્નર સાથે મુલાકાત ૪૩૦–૮; ૦સરદારની શરતો વિષે ગાંધીજી ૪૪૧–૨; ૦સર પુરુષોત્તમ ઠાકુરદાસનો સમાધાનનો નિષ્ફળ પ્રયત્ન ૪૩૩

બારેજડી ૪૪
બિહાર ૪૮૪
બેન્જામિન, ડૉ. જોસેફ ૫૧, ૬૯–૭૦
બેસન્ટ, મિસિસ ૬૭, ૪૩૫
બૅંકર, શ્રી શંકરલાલ ૧૨૯
બોચાસણ ૪, ૫
બોઝ, સુભાષચંદ્ર ૪૬૧–૨
બોરસદ ૩, ૧૮, ૧૯–૨૦, ૨૯, ૩૦, ૩૧
બોરસદ સત્યાગ્રહ ૨૯૪-૩૨૮; ૦જપ્તી સામે ઉપાય ૩૦૯; ૦તપાસ સમિતિનો હેવાલ ૨૯૫–૭; –નો અંત ૩૨૦–૧; –નો વિજયોત્સવ ૩૨૨–૩; ૦સજા-પોલીસ ૨૯૪; ૦સરકારનો ખાનગી પરિપત્ર ૨૯૯; ૦સરકાર સામે આક્ષેપ ૩૧૬; ૦સર મૉરિસ હેવર્ડની બોરસદની મુલાકાત ૩૧૬–૯; ૦હૈડિયા વેરાની ઉત્પત્તિ ૨૯૪; ૦હૈડિયા વેરો ન ભરવાની સલાહ ૩૦૩; ૦હૈડિયા વેરો પરત કરવાનો સરકારનો નિર્ણય ૩૨૦
બ્રૂમફિલ્ડ, મિ. ૪૫૨, ૪૫૩–૪
બ્રોકર, શ્રી ૪૩

ભગત, શ્રી ૩૬૩–૬
ભગવાનદીનજી ૨૭૦–૧
ભવાનભાઈ હીરાભાઈ ૪૨૮–૯
ભાવે, વિનોબા ૨૭૧

મજમુદાર, ત્રંબકરાય ૪૨
મણિલાલ ભગુભાઈ ૪૨, ૪૮
મદ્રાસ ૪૬૦
મહમદઅલી, મૌલાના ૨૫૭–૮
મહાદેવિયા, ચંદુલાલ ૪૬
મહાનંદ ૧૩
મહારાષ્ટ્ર રાજકીય પરિષદ ૪૭૨–૬
મહેતા, ડૉ. પ્રાણજીવનદાસ ૨૪૫
મહેતા, સર ચૂનીલાલ ૩૮૫, ૪૪૪–૬
મંગળદાસ ગિરધરદાસ ૬૧
માઇકલ ઓડવાયર ૧૩૯
માતર ૪૭૬
માલવિયાજી ૧૫૮
માવળંકર, દાદાસાહેબ ૩૮–૪૦, ૪૨, ૫૧–૩, ૮૫–૬, ૩૩૬
માસ્ટર, મિ. ૫૦
મિન્ટો, લૉર્ડ ૭૬
મુનશી, કનૈયાલાલ ૧૦, ૪૩૦–૩
મુનશી, ફતેહમહમદ ૪૮
મુંબઈ ૧૩૨, ૧૫૭, ૨૨૪
મૂર, સેન્ટ જ્યૉર્જ ૬૪
મેકાસે, મિ. ૫૧–૪
મૅક્સવેલ, મિ. ૪૫૨
મોડાસા ૧૫
મૉન્ટેગ્યુ, મિ. ૭૪, ૨૩૮

યજ્ઞપુરુષદાસજી ૩–૫
યાજ્ઞિક, ઇન્દુલાલ ૨૬૧
યુવરાજ ૧૫૭–૮, ૧૮૬

રવિશંકર, મહારાજ ૨૯૪, ૩૦૩, ૪૦૮, ૪૧૫
રાજાજી ૨૪૯, ૨૫૧, ૨૫૯, ૪૭૭
રાજેન્દ્રપ્રસાદ ૨૫૯
રામભાઈ, શ્રી ૩૧૭–૯
રામસ્વામી, સર સી. પી. ૪૯૦
રાવળ, શ્રી રવિશંકર ૧૮૫
રેલસંકટ ૩૭૧–૮૬; ૦સરકારી રાહત ૩૭૮–૮૦; સેન્ટ્રલ રિલીફ ફંડ ૩૮૦–૨

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સરદાર વલ્લભભાઈ : ભાગ પહેલો

4/25/2021




રોલૅટ કાયદા ૧૨૮–૩૬

લજપતરાય, લાલા ૪૬૦
લાહોર ૧૩૦, ૪૮૯–૯૪
લેઉવા પાટીદારો ૫
લૅન્ડ લીગ ૪૭૬
લેસ્લી વિલ્સન, સર ૩૧૬, ૪૩૭–૮, ૪૩૯–૪૦, ૪૪૮
લૉરી, મિ. ૧૯૩–૪

વઝે, શ્રી ૪૩૪
વડતાલ ૪
વડોદરા ૧૩–૪, ૩૨૫–૮, ૪૬૬
વઢવાણ ૨૪૭
વાડિયા, શ્રી ૪૩, ૫૫–૭
વાલોડ ૪૦–૨
વાસંતીદેવી ૨૪૨, ૪૪૦
વાંકાનેર ૪૧૬
વિદેશી વસ્ત્રની હોળી ૧૫૩
વિન્ટરટન, લૉર્ડ ૪૩૬
વીરચંદ શેઠ ૪૦૪
વીરમગામ ૧૩૧, ૧૩૪
વુડ, કલેક્ટર ૨૯–૩૦
વેઠની પ્રથા ૭૦, ૭૨–૩

શાર્દૂલસિંહ, કવીશ્વર ૪૪૨–૩
શાહ, ભૂલાભાઈ રૂપજી ૯૯–૧૦૦
શિલિડી, મિ. ૪૫–૬, ૪૯–૫૦
શિવદાસાની, શ્રી ૨૨૫, ૨૨૭
શ્રદ્ધાનંદ, સ્વામી ૧૩૦

સજા-પોલીસ ૨૯૬–૮
સત્યપાલ, ડૉ. ૧૩૦
સપ્રુ, સર તેજબહાદુર ૪૩૫, ૪૯૦-૯૧
સહા, ગોપીનાથ ૩૫૦
સાઈમન કમિશન ૪૬૦–૬૧
સુરત ૨૪૬, ૪૨૨–૩
સુરત મ્યુ૦ ૧૯૦, ૨૧૨–૯
સુંદરલાલજી ૨૬૩
સેતલવાડ, સર ચિમનલાલ ૧૩૫–૬
સેવની ૨૬૭
સોબાની, ઉમર ૧૨૯
સ્કૉટ, સર બેસિલ ૩૬, ૩૭
સ્થાનિક સ્વરાજ્ય પરિષદ ૩૬૭–૭૦
સ્વરાજ્ય પક્ષ ૩૫૦–૨, ૪૫૯, ૪૬૦

હકીમ, અજમલખાન ૧૩૦, ૧૮૭, ૨૬૩
હરિલાલભાઈ, દી૦ બ૦ ૪૫, ૫૦, ૫૨ ૬૩, ૧૮૫
હંટર કમિટી ૧૩૭-૯
હેવર્ડ, સર મોરિસ ૩૧૬–૯
હોલ્કર, મલ્હારરાવ ૬


---

14737

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
52/52